# શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ

# શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ

લેખિકા
ડૉ. સરયુબહેન આર. મહેતા
એમ. એ., પીએચ. ડી.

પ્રકાશક
શ્રેયસ પ્રચારક સભા
એ. એમ. મહેતા ઍન્ડ કું.,
શરફ મેન્શન, બીજે માળે,
૩૨, પ્રિન્સેસ સ્ટ્રીટ.
મુંબઈ–૪૦૦ ૦૦૨

પ્રકાશક

શ્રેયસ પ્રચારક સભા,
શરફ મેન્શન, બીજે માળે,
૩૨, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ – ૪૦૦ ૦૦૨

પ્રથમ આવૃત્તિ, જાન્યુઆરી ૧૯૭૦
બીજી આવૃત્તિ, ઓગસ્ટ ૧૯૮૩
ત્રીજી આવૃત્તિ, નવેમ્બર ૧૯૮૭

સર્વ હક્ક લેખકને સ્વાધીન

પ્રાપ્તિસ્થાન

(૧) એ. એમ. મહેતા એન્ડ કું.
શરફ મેન્શન, બીજે માળે,
૩૨, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ – ૪૦૦ ૦૦૩
ફોન નં. ૩૧૩૯૮૭

(૨) જયંતિભાઈ ભીમાણી,
પ્રકાશ જ્વેલર્સ; નવા નાકા રોડ,
રાજકોટ–૩૬૦ ૦૦૧
ફોન નં. ૨૪૧૭૫

(૩) જયંતિલાલ ત્રિકમલાલ સંઘવી,
૫૦ બી સ્થાનકવાસી જૈન સોસાયટી,
નારણપુરા રેલ્વે ક્રોસીંગ પાસે, વાડજ,
અમદાવાદ ૩૮૦ ૦૧૩
ફોન નં. ૪૦૦૦૩૦; ૪૬૫૯૫૭

મુદ્રક : વિજયકુમાર એન. શેઠ, પ્રિન્ટવેલ દૂધેશ્વર, પુનાજી એસ્ટેટ, ઘોબીઘાટ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧



શ્રીમદ્ રાજચંદ્ર

જન્મ: કાર્તિક સુદ પૂર્ણિમા, સં. ૧૯૨૪ દેહવિલય: ચૈત્ર વદ ૫, સં. ૧૯૫૭

## અર્પણ

શ્રીમદ્ રાજચંદ્ર જેવા સમર્થ જીવનતત્ત્વવેત્તાનો

મને બાળપણમાં જ પરિચય કરાવી

તેમના પ્રતિની શ્રદ્ધાનું સિંચન કરનાર

**મારાં પરમપૂજ્ય માતા-પિતાને**

**આ ગ્રંથ પ્રેમપૂર્વક અર્પણ કરતાં**

**હું ધન્યતા અનુભવું છું.**

**—સરયુ રજની મહેતા**

# પ્રથમ આવૃત્તિનું પ્રાક્કથન

શ્રીમદ્ રાજચંદ્રે પોતાના ટૂંકા જીવનમાં જે આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત કરી હતી તેનો પરિચય કરવાની મને નાની વયે અભિલાષા જાગી હતી. તેમનાં વચનોનું સામાન્યપણે વાચન કરવાના સંસ્કારો તો મારાં પૂ. માતા-પિતા તરફથી મળ્યા હતા, પણ વિશેષપણે રસ લેવાનું બન્યું ન હતું. પણ કોઈક વખતે તે અભિલાષા પૂર્ણ કરવાની ભાવના મારામાં રહ્યા કરતી. પોતાની નાની વયમાં જ તેમણે ખીલવેલ સ્મરણશક્તિ, કવિત્વશક્તિ, અવધાનશક્તિ, જ્યોતિષજ્ઞાન વગેરે મારા આકર્ષણનો મુખ્ય વિષય હતાં. એવું તે શું હતું કે બાળવયથી જ આ બધી અસામાન્ય ગણાય તેવી શક્તિઓ તેમનામાં ખીલી હતી ? – એ મારી જિજ્ઞાસાનો મુખ્ય પાયો હતો.

પરમકૃપાળુ ભગવાનની કૃપાથી એ જિજ્ઞાસા સંતોષવાનો સમય પણ આવ્યો. ઈ. સ. ૧૯૬૦માં હું એમ. એ. થઈ. પછી ક્યારેક પીએચ. ડી. કરવાના વિચાર પણ આવી જતા, પરંતુ કોઈ નક્કર પાયો બંધાયો ન હતો. મારા અધ્યાપક ડૉ. રમણભાઈ શાહ મને પીએચ. ડી. માટે પૂછતા ત્યારે હું ઉત્તર આપતી કે, "રમણભાઈ, તમે પીએચ. ડી. માટે માર્ગદર્શક નિમાશો ત્યારે તમારી સૌથી પહેલી શિષ્યા હું થઈશ." ઈ. સ. ૧૯૬૩માં ડૉ. રમણભાઈ મુંબઈ યુનિવર્સિટીમાં પીએચ. ડી. ના માર્ગદર્શક નિમાયા. તેમણે એ સમાચાર મને આપ્યા, અને મારો પીએચ. ડી. કરવાનો વિચાર આકાર પામ્યો. સૌ પ્રથમ "શ્રીમદ્ રાજચંદ્રના જીવન અને સાહિત્ય"ને વિષય તરીકે પસંદ કરવાનો વિચાર આવ્યો, પણ માર્ગદર્શકનો જ અભિપ્રાય પૂછવો યોગ્ય માની એ વિચાર મેં મનમાં શમાવ્યો. પણ, આશ્ચર્યની વાત એ જ હતી કે, ડૉ. રમણભાઈએ મને આ પ્રમાણે સૂચવ્યું, "સરયુબહેન, શ્રીમદ્ રાજચંદ્રમાં તમને રસ છે. મને પણ તેમનો અભ્યાસ થાય એવી ઇચ્છા છે, તો તે વિષય પસંદ થાય તો સારું, નહિતર બીજા અનેક વિષયો છે તેમાંથી પસંદ કરો." આથી મને ખૂબ સંતોષ થયો. "ભાવતું'તું ને વૈદે બતાવ્યું", એવો આવકારદાયક જોગાનુજોગ બની આવ્યો; અને એ પ્રમાણે ઈ. સ. ૧૯૬૩ના નવેમ્બરમાં પીએચ. ડી. માટે વ્યવસ્થિત અભ્યાસ શરૂ કર્યો.

આરંભમાં તો ખૂબ આનંદ આવ્યો. પણ જેમ જેમ અભ્યાસ વધતો ગયો તેમ તેમ સમજાતું ગયું કે હું તો સાવ નાનકડી નાવ લઈને મહાસમુદ્ર તરવાની હામ ભીડી બેઠી છું ! કરવું શું ? મારી મર્યાદાઓ અને તેમનું જ્ઞાન સ્પષ્ટ સમજાતાં ગયાં. ક્યારેક તો આ મર્યાદાઓથી અકળાઈને ઉપાડેલું કાર્ય છોડી દેવાની વૃત્તિ પણ આવી જતી. પરંતુ પરિચિત વ્યક્તિઓના પ્રોત્સાહનથી કાર્ય ધીરે ધીરે આગળ વધતું હતું. તેમાંથી શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યેનો અર્પણભાવ વધ્યો. તેથી મનોમન તેમને જ વિનંતી કરતી કે "હે પ્રભુ, હવે તો તમે કરો તે સાચું, ગજા વગરનું કાર્ય ઉપાડ્યું તો છે, છતાં સારું કાર્ય હોવાથી છોડું પણ કેમ ? માટે એ પૂરું કરવાનું બળ તમે જ આપો." અને મારે કહેવું જોઈએ કે, મારી એ વિનંતીના ફળરૂપે, મને યોગ્ય બળ મળતું ગયું.

એ વર્ષના ગાળામાં મહાનિબંધ ( થિસીસ ) પૂર્ણ થયો અને નવેમ્બર ૧૯૬૫માં એ તપાસણી માટે યુનિવર્સિટીને સોંપ્યો. પ્રભુકૃપાએ તે પાસ થયો અને આજે તો એ છપાઈને પ્રગટ પણ થાય છે. પરંતુ અભ્યાસકાળ દરમ્યાન એટલું તો સમજાઈ ગયું કે જેટલું લખાયું છે તેનાથી અનેકગણું શ્રીમદ્‌નાં વચનોમાં ગર્ભિત છે. અને તે પણ જેમ જેમ આત્મદશા ઊંચી આવે તેમ તેમ જ સમજાય એમ છે.

શ્રીમદે પોતાની હયાતી દરમ્યાન "ભાવનાબોધ", "મોક્ષમાળા", "સ્ત્રીનીતિબોધક" અને "પુષ્પમાળા" સિવાયની કોઈ પણ કૃતિને પ્રસિદ્ધિ આપી ન હતી. આ સાહિત્ય તેમના અન્ય સાહિત્ય સાથે સંશોધિત કરીને, તેમની હયાતી બાદ, તેમના ભાઈ શ્રી મનસુખભાઈએ "પરમશ્રુત પ્રભાવક મંડળ" તરફથી વિ. સંવત ૧૯૬૧માં પ્રગટ કર્યું હતું. આ આવૃત્તિ દેવનાગરી લિપિમાં પ્રગટ થઈ હતી.

તે પછી વિ. સંવત ૧૯૭૦માં "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથની બીજી આવૃત્તિ મનસુખભાઈએ ગુજરાતી લિપિમાં પ્રગટ કરી. વિ. સં. ૧૯૮૦માં એની ત્રીજી આવૃત્તિનું કાર્ય ચાલુ થયું, પણ તે પૂર્ણ થાય તે પહેલાં જ શ્રી મનસુખભાઈનું અવસાન થયું. એટલે અપૂર્ણ રહેલું એ કાર્ય તેમના ભાણેજ શ્રી હેમચંદ ટોકરશી મહેતાએ પૂર્ણ કર્યું. આ પછી વિ. સં. ૧૯૮૨માં આ ગ્રંથની દેવનાગરી લિપિમાં બીજી આવૃત્તિ પ્રગટ થઈ. આ બધી આવૃત્તિઓ "પરમશ્રુત પ્રભાવક મંડળ" તરફથી પ્રગટ થઈ હતી. તે પછી વિ. સં. ૧૯૯૧-૯૨માં શ્રી હેમચંદ ટોકરશી મહેતાએ શ્રીમદ્‌ના સાહિત્યને સાત ખંડમાં વિભાજિત કરી પાંચમી આવૃત્તિ પ્રગટ કરી. અને વિ. સં. ૧૯૯૭માં આ સાહિત્યની છઠ્ઠી આવૃત્તિ પણ શ્રી હેમચંદભાઈએ પ્રગટ કરી.

તે પછી આ બધું સાહિત્ય "શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ – અગાસ"ને સોંપવામાં આવ્યું. તે અને નવું સંશોધન કરીને શ્રીમદ્‌નું બીજું કેટલુંક સાહિત્ય પણ "શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ – અગાસ" તરફથી શ્રી બ્રહ્મચારી ગોવર્ધનદાસજીએ "શ્રીમદ્ રાજચંદ્ર" આ. ૧માં વિ. સં. ૨૦૦૭માં પ્રગટ કર્યું. અને એ ગ્રંથનું પુનર્મુદ્રણ શ્રી રાવજીભાઈ દેસાઈએ તે જ સંસ્થા તરફથી વિ. સં. ૨૦૨૦માં પ્રગટ કર્યું.

આમ શ્રીમદ્‌ના સાહિત્યની વિવિધ આવૃત્તિઓ પ્રગટ થતી રહી છે. એ સાહિત્યના જુદા જુદા દૃષ્ટિકોણથી અભ્યાસ કર્યો હોવાથી આ મહાનિબંધમાં કેટલીક વાર મુદ્દાઓનું પુનરાવર્તન ટાળી શકાયું નથી. એથી એ દોષની નમ્રતાપૂર્વક ક્ષમા યાચું છું.

બહુ ઓછા મહાનિબંધોને તરત જ ગ્રંથરૂપે પ્રકાશિત થવાનું સદ્‌ભાગ્ય મળે છે. મારા આ મહાનિબંધને એવું સદ્‌ભાગ્ય સાંપડ્યું એ પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રની જ કૃપાનું ફળ છે, એમ હું માનું છું. ભારતીય દર્શનો અને જૈન આગમોના જાણીતા વિદ્વાન પંડિતવર્ય મુરબ્બી શ્રી દલસુખભાઈ માલવણિયાએ મારા પ્રત્યેની ભલી લાગણીથી પ્રેરાઈને, આ મહાનિબંધ પ્રગટ કરવાની

અમદાવાદના સુપ્રસિદ્ધ શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટને ભલામણ કરી; અને એ ભલામણને આવકારીને શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટે, શ્રીમદ્‌ની જન્મશતાબ્દીના એક સંભારણારૂપે, આ મહાનિબંધ પ્રગટ કર્યો. આ માટે મુરબ્બી શ્રી દલસુખભાઈનો તેમ જ શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટના ધર્માનુરાગી સંચાલકોનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

શ્રીમદ્‌ના સ્ફટિક સમા નિર્મળ જીવનને અને એમની હૃદયસ્પર્શી રચનાઓને સમજવામાં આ ગ્રંથ યત્કિંચિત્ પણ ઉપયોગી થઈ પડશે તો મારો આ શ્રમ કૃતકૃત્ય થયો માનીશ. બાકી, આ મહાનિબંધનું સર્જન કરતાં કરતાં મને સ્વ-પરના વિચાર-ચિંતન કરવાનો જે અલ્પ-સ્વલ્પ લહાવો મળ્યો છે, એ તો ક્યારેય ન વીસરી શકાય એવો છે. એવું સદ્‌ભાગ્ય મને પુનઃ પુનઃ પ્રાપ્ત થાઓ, એ જ પ્રાર્થના.

જ્ઞાનપંચમી, વિ. સં. ૨૦૨૬
૧૩, મોરબી હાઉસ
ગોવા સ્ટ્રીટ, મુંબઈ – ૧

—સરયુ ર. મહેતા

# બીજી આવૃત્તિનું પ્રાક્કથન

શ્રીમદ્ રાજચંદ્રની જન્મશતાબ્દીના સંભારણા રૂપે "શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ" ગ્રંથ ઇ. સ. *૧૯૭૦માં શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ તરફથી પ્રગટ થયો હતો. આ ગ્રંથને સદ્‌વાચકો* તરફથી ઘણો સારો આવકાર મળતાં ટૂંકા ગાળામાં જ આ દળદાર ગ્રંથ અપ્રાપ્ય બની ગયો હતો. લાંબા સમય સુધી આ ગ્રંથ અનુપલબ્ધ રહેતાં વાચકો તરફથી તેની માગણી સતત ચાલુ રહી હતી. પરિણામે તેનું ફરીથી પ્રકાશન કરવું જરૂરી બન્યું.

આ જરૂરિયાતને પૂરી કરવાની જવાબદારી મુંબઈની શ્રી શ્રેયસ પ્રચારક સભાએ સ્વીકારી લીધી અને ગ્રંથનું પુનર્મુદ્રણ શરૂ થયું અને એમ કરતાં પહેલી વખતે રહેલા અલ્પ મુદ્રણદોષોને સુધારી લેવાનો પ્રયત્ન પણ કર્યો છે. આશા છે કે આ વખતે જે કોઈ મુદ્રણદોષો રહી જવા પામ્યા હોય તેને સુજ્ઞ વાચકો સુધારી લેવા પ્રયત્ન બનશે.

આ ગ્રંથમાં ઘણી પાદનોંધ અપાયેલી છે. તેમાં વારંવાર નોંધાયેલો "એજન" શબ્દ ઘણા વાચકગણને મૂંઝવી ગયો જણાયો છે. અંગ્રેજીમાં "IBID" શબ્દનો આ પર્યાયવાચક શબ્દ છે. તેનો ઉપયોગ આ પ્રમાણે સમજવા સર્વ વાચકોને વિનંતી છે:

એક અવતરણ એક ગ્રંથમાંથી લેવામાં આવ્યું હોય અને તે પછીનું અવતરણ તે જ ગ્રંથમાંથી લેવાયું છે એવું સૂચવવા માટ "એજન" શબ્દ મુકાય છે. પૃષ્ઠ નંબર જુદા જુદા હોવાથી એ આંક સાથે આપવામાં આવ્યા છે. ઉદા. ત. પહેલા પ્રકરણની નોંધ ૪ તથા ૫ જુઓ. ૫ મી નોંધ આ પ્રમાણે છે – "એજન પૃ. ૨૦૪." આ સૂચવે છે કે ૫ મી નોંધનું અવતરણ "શ્રીમદ્ રાજચંદ્ર અગાસ આ. ૧" ના પૃ. ૨૦૪ પરથી લેવામાં આવ્યું છે. ૪ થી નોંધના અનુસંધાનમાં ૫ મી નોંધ જોવી જોઈએ. એટલે કે જે નોંધ 'એજન' શબ્દ સૂચવે તેના પહેલાંની નોંધમાં જે ગ્રંથ નોંધાયો હોય તે ગ્રંથમાંથી પ્રસ્તુત અવતરણ લેવાયું છે એમ સમજવું.

આશા છે કે આ ખુલાસાથી વાચકને વાચનની સરળતા વધશે.

આ ગ્રંથ ધર્મજિજ્ઞાસુ વાચકો સમક્ષ શ્રી શ્રેયસ પ્રચારક સભા તરફથી પ્રસ્તુત કરતાં આનંદ અનુભવાય છે. અને સાથે સાથે આ કાર્યને સફળતાપૂર્વક પાર પાડવામાં જેમણે જેમણે પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ રીતે સાથ આપ્યો છે તે સહુનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનું છું.

તા. ૧૫–૮–૧૯૮૩
૧૩, મોરબી હાઉસ,
ગોવા સ્ટ્રીટ, ફોર્ટ,
મુંબઇ – ૪૦૦ ૦૦૧

— સરયૂ રજની મહેતા

# ત્રીજી આવૃત્તિનું પ્રાક્કથન

શ્રીમદ્ રાજચંદ્રની જન્મશતાબ્દીના સંભારણા રૂપે "શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ" ગ્રંથ ઈ. સ. ૧૯૭૦માં શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થયો હતો. આ મહાનિબંધને શ્રીમદ્ રાજચંદ્રના અનુયાયીઓ તથા ભક્તજનો તરફથી સારો આવકાર મળતાં તેની નકલો ટૂંકા ગાળામાં અપ્રાપ્ય બની ગઈ. ઈ. સ. ૧૯૮૩માં, ઘણા લાંબા અપ્રાપ્તિના કાળ પછી આ ગ્રંથ શ્રી શ્રેયસ પ્રચારક સભાના ઉપક્રમે લભ્ય બન્યો. ફરીથી તે ગ્રંથની માંગ રહેતાં આ ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરવાનું સદ્‌ભાગ્ય ઈ. સ. ૧૯૮૭માં પ્રાપ્ત થયેલ છે.

સર્વ ધર્મજિજ્ઞાસુ વાચકો સમક્ષ આ ગ્રંથની નકલો શ્રી શ્રેયસ પ્રચારક સભા તરફથી ઉપસ્થિત કરતાં આનંદ અનુભવાય છે. સાથે સાથે આ કાર્યને સફળતાપૂર્વક પાર પાડવામાં જેમણે જેમણે પ્રત્યક્ષ તેમજ પરોક્ષ ફાળો આપ્યો છે તે સહુનો ઉપકાર માનું છું. અને સહુને કૃપાળુદેવની અનન્ય કરુણાની પ્રસાદી પ્રાપ્ત થાય તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરું છું.

શ્રીમદ્ રાજચંદ્રના જીવન તથા કવનનો અભ્યાસ, અભ્યાસી જીવોને આત્મશાંતિ અને આત્મવિશુદ્ધિ અર્થે ઉપકારક નીવડે એ જ ભાવના સાથે...

સં. ૨૦૪૪, કાર્તિકી પૂનમ,
તા. ૫-૧૧-'૮૭
૧૩, મોરબી હાઉસ,
ડૉ. સુંદરલાલ બટલ પથ,
મુંબઈ – ૪૦૦ ૦૦૧

—સરયુ રજની મહેતા

# પ્રકાશકનું નિવેદન

પરમઉપકારી, આત્મસાધક સંતપુરુષ શ્રીમદ્ રાજચંદ્રની જન્મશતાબ્દીના પુણ્ય પ્રસંગ નિમિત્તે, એમના જ મંગલમય જીવન અને હૃદયસ્પર્શી સાહિત્યનું દર્શન કરાવતો આ દળદાર ગ્રંથ શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થાય છે, એનો અમને ખૂબ આનંદ છે. એ મહાપુરુષની પ્રેરક અને પવિત્ર સ્મૃતિને આવા સાહિત્ય-સુમનનું અર્ઘ્ય અર્પણ કરવાનો અમને અવસર મળ્યો, એ અમારું મોટું સદ્ભાગ્ય છે.

કાજળની કોટડીમાં રહેવા છતાં, નિષ્કલંક રહી શકે એવી વ્યક્તિઓ દુનિયામાં બહુ વિરલ હોય છે. પરમ પૂજનીય શ્રીમદ્ આવા જ એક વિરલ સત્પુરુષ થઈ ગયા. તેઓ જીવનભર સંસારમાં રહ્યા, અથવા કહીએ કે સંસારીને વેશે રહ્યા, પણ અંતર તો એમનું એક આદર્શ ત્યાગી, વૈરાગી, તપસ્વી જેવું હતું. એમની જીવનભાવનામાં આત્મતત્ત્વને પામવાની ઉત્કટ તાલાવેલી ભરી હતી, અને એમનો સમગ્ર વ્યવહાર નિર્ગ્રંથપણા તરફની ધર્મરુચિથી સભર હતો.

પરમાર્થ અને પરમાનંદને પામવાની પોતાની ઉત્કટ ઝંખનાનું વર્ણન કરતાં શ્રીમદે પોતે જ કહ્યું છે કે :—

> "રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે. આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે, સ્વપ્ન પણ એ જ છે, ભય પણ એ જ છે, ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે, ચલન પણ એ જ છે, આસન પણ એ જ છે. અધિક શું કહેવું ? હાડ, માંસ અને તેની મજ્જાને એક જ એ જ રંગનું રંજન છે. એક રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે, અને તેને લીધે નથી કંઈ જોવું; ગમતું, નથી કંઈ સૂંઘવું ગમતું, નથી કંઈ સાંભળવું ગમતું, નથી કંઈ ચાખવું ગમતું કે નથી કંઈ સ્પર્શવું ગમતું, નથી બોલવું ગમતું કે નથી મૌન રહેવું ગમતું, નથી બેસવું ગમતું કે નથી ઊઠવું ગમતું, નથી સૂવું ગમતું કે નથી જાગવું ગમતું, નથી ખાવું ગમતું કે નથી ભૂખ્યું રહેવું ગમતું, નથી અસંગ ગમતો કે નથી સંગ ગમતો, નથી લક્ષ્મી ગમતી કે નથી અલક્ષ્મી ગમતી એમ છે; તથાપિ તે પ્રત્યે આશાનિરાશા કંઈ જ ઊગતું જણાતું નથી. તે હો તોપણ ભલે અને ન હો તોપણ ભલે. એ કંઈ દુઃખનાં કારણ નથી. દુઃખનું કારણ માત્ર વિષમાત્મા છે, અને તે જો સમ છે તો સર્વ સુખ જ છે. એ વૃત્તિને લીધે સમાધિ રહે છે. તથાપિ બહારથી ગૃહસ્થપણાની પ્રવૃત્તિ નથી થઈ શકતી, દેહભાવ દેખાડવો પાલવતો નથી, આત્મભાવથી પ્રવૃત્તિ બાહ્યથી કરવાને કેટલોક અંતરાય છે. ત્યારે હવે કેમ કરવું ? કયા પર્વતની ગુફામાં જવું અને અલોપ થઈ જવું, એ જ રટાય છે. તથાપિ બહારની અમુક સંસારી પ્રવૃત્તિ કરવી પડે છે. તે માટે શોક તો નથી, તથાપિ સહન કરવા જીવ ઇચ્છતો નથી. પરમાનંદ ત્યાગી એને ઇચ્છે પણ કેમ ?" (શ્રી સોભાગભાઈ ઉપર લખેલ પત્રમાંથી; આંક ૧૩૩માંથી.)

આ ઉપરથી શ્રીમદ્ પ્રત્યે અંતરમાં સહેજે એવી ભાવોર્મિ જાગે છે કે, સાચે જ તેઓ, સંસાર-વ્યવહાર અને વેપાર-વણજની કાજળની કોટડીમાં જીવનભર રહેવા છતાં, તદ્દન નિષ્કલંક જીવન જીવી ગયા, અને જળકમળની જેમ સૌની વચ્ચે છતાં સૌથી અલિપ્ત એવું ઊર્ધ્વગામી જીવન જીવવાનો એક જ્વલંત આદર્શ બતાવતા ગયા !

આમ જોઈએ તો અમૃતતત્ત્વ એ કલ્પનાશીલ અને અજરઅમરપણાના આશક કો ખુમારીદાર કવિની કલ્પના જ લેખાય છે. તોપણ દુનિયાને એનું કેટલું બધું આકર્ષણ છે ! ઘડપણ અને મરણથી પર થવાનું કોને ન ગમે ભલા ? અને છતાં એ અમૃતતત્ત્વને પામીને અજર-અમર બનનારાને તો વિશ્વમાં હજી પણ શોધવાના જ રહે છે ! પણ આમ થવાનું કારણ માનવી દેહથી અજર-અમર બનવાની ઝંખનામાં ને ઝંખનામાં જે સાચેસાચ જરા અને મૃત્યુથી સદા-સર્વથા અલિપ્ત છે, એ તત્ત્વને નથી પિછાની શકતો, એ છે. આત્મતત્ત્વ એ જ અમૃતતત્ત્વ છે. આત્મા ન ક્યારે વૃદ્ધ થાય છે, ન એને કદી મૃત્યુ સ્પર્શી શકે છે. જરા અને મરણ એ તો દેહને જ સ્પર્શે છે, દેહનો જ એ સ્વભાવ છે. અને અમૃતતત્ત્વ સમું આ આત્મતત્ત્વ તો દેહે દેહે ભર્યું પડ્યું છે — ભલે પછી એ દેહ કંથવા, કીડી કે કુંજરનો હોય કે દેવ યા મનુષ્યનો હોય. પણ જે પોતાની અંદર જ રહેલું છે એને માનવી ઓળખી શકતો નથી, અને જે બહારથી ક્યારેય મળી શકે એમ નથી એની પાછળ ફાંફાં માર્યા કરે છે : સંસારની આ જ માયા અને ગૂઢતા છે; અને એને ભેદીને આગળ વધનારા બહુ ઓછા છે. જેઓ એ માયા અને ગૂઢતાનાં પડોને ખસેડીને આત્મતત્ત્વનું દર્શન કરે છે, અને એ તત્ત્વનો સાક્ષાત્કાર કરવા પુરુષાર્થ આદરે છે, તેઓ જ અમૃતરસનો આસ્વાદ માણી શકે છે. અને જેઓ એક વાર પણ આત્મસાધનાના અમૃતરસનો આસ્વાદ પામે છે, એમને સંસારના બીજા બધા રસો ફીકા લાગે છે. શ્રીમદ્ રાજચંદ્રના જીવનની અને એમની સાધનાની આ રીતે જ મુલવણી થવી ઘટે છે. એમને આત્મતત્ત્વના અમૃત સિવાય કશાયની ખેવના ન હતી. એ તત્ત્વને પામવા જ તેઓ જીવ્યા અને જીવનભર ઝઝૂમ્યા. એમના આત્મધર્મપરાયણ જીવનની આ જ અપૂર્વ સિદ્ધિ !

શ્રીમદ્નું આયુષ્ય તો માત્ર ૩૩ વર્ષ જેટલું ટૂંકું હતું, પણ સતત જાગ્રત રહીને પળપળનો ઉપયોગ કરી જાણનારને પોતાના જીવનને સફળ બનાવવા માટે લાંબા કે ટૂંકા આયુષ્યનો કોઈ ભેદ નથી રહેતો. જેને આપણે ટૂંકું આયુષ્ય કહીએ છીએ એમાં પણ એ જીવનસાધક સંતે કેટલું મનોમંથન કર્યું, કેટલું વાચન-મનન કર્યું, કેટલું બધું એકાંત મૌન અને ધ્યાન કર્યું, કેટલો વેપાર અને સંસાર-વ્યવહાર નભાવ્યો, કેટલી બધી તપ-ત્યાગ-સંયમની સાધના કરી, કેટલા બધા આત્મજિજ્ઞાસુઓને માર્ગદર્શન કરાવ્યું ! અને આ બધા સાથે, એમણે જુદા જુદા વિષયને લગતા, ગદ્ય અને પદ્ય, કેટલા બધા સાહિત્યનું સર્જન કર્યું ! શ્રીમદ્ની આ જીવનસિદ્ધિ આત્માની અનંત શક્તિ અને શાશ્વત સંપત્તિની પ્રતીતિ કરાવવા સાથે ભગવાન મહાવીરે વારંવાર ઉદ્બોધેલ અપ્રમત્તતાનું પ્રેરક ઉદાહરણ બની રહે એવી છે.

શ્રીમદ્‌ની આ વિરલ જીવનસિદ્ધિનું થોડું-ઝાઝું દર્શન કરાવવું એ આ ગ્રંથરત્નનો ઉદ્દેશ છે. અને એ ઉદ્દેશ સારી રીતે સફળ થયો છે એમ, ગ્રંથમાંની વિવિધ પ્રકારની વિપુલ અને સુસંકલિત સામગ્રી જોતાં, સહેજે સમજી શકાય છે. એનું કારણ એ છે કે, આ ગ્રંથ એ શ્રીમતી ડૉ. સરયુબહેન રજનીકાંત મહેતાએ મુંબઈ યુનિવર્સિટીમાં પીએચ.ડી.ની ડિગ્રી માટે રજૂ કરેલ મહાનિબંધ (Thesis) હોઈ એમાં ઝીણવટ અને ચોકસાઈપૂર્વક શ્રીમદ્‌ના સમગ્ર જીવનનું — એટલે કે એમના સંસારવાસનું, એમની ઉત્કટ આત્મસાધનાનું અને એમના વિપુલ સાહિત્યસર્જનનું—મર્મસ્પર્શી- આધારભૂત અને સર્વગ્રાહી અવલોકન કરવામાં આવ્યું છે.

શ્રીમતી સરયુબહેન એક સંશોધક વિદુષી હોવા સાથે, ભક્તહૃદયા ભગિની છે, અને શ્રીમદ્‌ પ્રત્યે તેઓ વિશેષ ધર્મરાગ અને ભક્તિ ધરાવે છે, એટલે આ મહાનિબંધ માત્ર સંશોધનની શુષ્ક વિગતોના અને નીરસ ઐતિહાસિક માહિતીઓના સંગ્રહરૂપ બનવાને બદલે ચીવટભર્યા સંશોધન, હૃદયસ્પર્શી ભક્તિ અને સરળ-મધુર લેખનશૈલીના ત્રિવેણીસંગમરૂપ બન્યો છે, અને તેથી એ વિશેષ વાચનક્ષમ, રસસભર અને આકર્ષક બની શક્યો છે : આ ગ્રંથની આ ધ્યાનપાત્ર વિશેષતા છે. અને તેથી શ્રીમદ્‌ના જીવન અને કાર્યનો પરિચય આપતાં, અને એમના જીવન અને કવનના સુગમ પરિચય દ્વારા ધર્મતત્ત્વના અમૃતરસની લહાણ કરવાનો પ્રયાસ કરતાં અત્યાર સુધીમાં જે નાનાં-મોટાં સંખ્યાબંધ પુસ્તકો પ્રગટ થયાં છે, એમાં આ ગ્રંથ પોતાનું આગવું, ગૌરવભર્યું, વિશિષ્ટ સ્થાન મેળવી શકશે એમાં શક નથી.

એક પૂજનીય વ્યક્તિના કલ્યાણકામી જીવનનું સુરેખ દર્શન કરાવતા આવા ઉત્તમ કોટિના ગ્રંથના પ્રકાશનના અમે નિમિત્ત બની શક્યા એનો અમને વિશેષ આહ્‌લાદ છે. આ ગ્રંથ અમારી વાચનમાળાના ઇતિહાસમાં એક શોભાયમાન વિશિષ્ટ સીમાસ્તંભરૂપ બની રહેશે, એ હકીકત પણ અમારા માટે ગૌરવ લેવા જેવી છે.

અમારા સહૃદય મિત્ર અને જાણીતા વિદ્વાન પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયાની ભલામણથી શ્રીમતી ડૉ. સરયુબહેને આ ગ્રંથ પ્રગટ કરવાની અમને અનુમતિ આપી. આ માટે અમે શ્રી દલસુખભાઈ માલવણિયાના અને શ્રીમતી સરયુબહેનના ખૂબ ખૂબ આભારી છીએ.

અમારા ધર્માનુરાગી મુરબ્બી શ્રીયુત પોપટલાલ સાંકળચંદ શાહે, શ્રીમદ્‌ પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને, આ મહાનિબંધ વાંચી જઈને કેટલાંક ઉપયોગી સૂચનો કર્યાં છે. અમારા મિત્ર શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ બધું લખાણ તપાસીને મુદ્રણને યોગ્ય કરી આપ્યું છે. ભાઈ શ્રી હસમુખલાલ અમૃતલાલ પરીખે આ ગ્રંથનાં પ્રૂફો તપાસ્યાં છે. સુપ્રસિદ્ધ ચંદ્રિકા પ્રિન્ટરીએ આનું સ્વચ્છ-સુઘડ મુદ્રણ કરી આપ્યું છે. અને ડી. કદ્રેકર ઍન્ડ બ્રધર્સે આ ગ્રંથનું બાઇન્ડિંગ કરી આપ્યું છે. આ સૌનો અમે આભાર માનીએ છીએ.

ભાવનાશીલતાથી પ્રેરાઈને શ્રીમતી સરયુબહેને આ ગ્રંથની પોતાની રૉયલ્ટીની રકમ જતી કરી છે; ઉપરાંત, તેઓના સસરા સ્વર્ગસ્થ શ્રી મનસુખલાલ જીવરાજ મહેતાના શ્રેય નિમિત્તે, શ્રી મનસુખભાઈના

સુપુત્રો તરફથી, આ ગ્રંથમાં પંદરસો રૂપિયાની સહાય મળી છે. આને લીધે આ ગ્રંથની કિંમત ૭ રૂપિયા જેટલી ઓછી રાખવાનું શક્ય બન્યું છે. આવી ભાવના અને ઉદારતા દાખવવા બદલ અમે શ્રીમતી સરયુબહેનને તથા શ્રી મનસુખભાઈના સુપુત્રોને હાર્દિક ધન્યવાદ આપીએ છીએ.

ઇચ્છા તો હતી કે આવા સુંદર ગ્રંથનું યથાર્થ મૂલ્યાંકન કરતી કોઈ સહૃદય વિદ્વાનની અભ્યાસ-પૂર્ણ પ્રસ્તાવના મળે; એમ થઈ શક્યું હોત તો એ સોના અને હીરાના સંયોગ જેવું થાત. પણ સંજોગવશાત્ એમ ન થઈ શક્યું, એટલે આવી પ્રસ્તાવના વગર જ આ ગ્રંથ પ્રગટ થાય છે. જ્યાં ગ્રંથ પોતે જ પોતાની વાતને પ્રતીતિકર રીતે રજૂ કરવાની ક્ષમતા ધરાવતો હોય ત્યાં ભલે એ ગ્રંથ પોતે જ પોતાની વાત વાચકોના અંતર સુધી પહોંચાડતો : આવા સંતોષ અને સમાધાનની લાગણી સાથે અમે આ ગ્રંથ ધર્મજિજ્ઞાસુઓની સેવામાં રજૂ કરીએ છીએ.

અમદાવાદ – ૭

**— લાલભાઈ મણિલાલ શાહ**

કાર્તકી પૂનમ : શ્રીમદ્‌નો જન્મદિન,
વિ. સં. ૨૦૨૬

## અનુક્રમણિકા


**વિભાગ પહેલો : શ્રીમદ્ રાજચંદ્રના જીવનની રૂપરેખા**

**પ્રકરણ ૧ : શ્રીમદ્ રાજચંદ્ર — જીવનરેખા ... ... ... ૩**

જાગૃતિનો કાળ-૧, જન્મ, માતાપિતા, બાલ્યકાળ-૫, જાતિસ્મરણજ્ઞાન-૧૦, શ્રીમદ્‌ની અવધાન શક્તિ-૧૬, શ્રીમદ્ જ્યોતિષી તરીકે-૩૦, શ્રીમદ્ કવિ, તેમનું સાહિત્ય-૩૫, શ્રીમદ્‌ને પ્રગટેલાં અવધિજ્ઞાન તથા લબ્ધિઓ-૪૨, શ્રીમદ્‌નું ભાષાજ્ઞાન તથા ગ્રંથાભ્યાસ-૪૬, શ્રીમદ્‌નો ગૃહસ્થાશ્રમ-૫૧, શ્રીમદ્ ક્રાંતિકારી-૫૯, શ્રીમદ્ વેપારી તરીકે-૬૪, શ્રીમદ્‌નું વ્યક્તિત્વ-૭૪, શ્રીમદ્‌ને સમ્યગ્દર્શન થયું હતું ?-૮૦, શ્રીમદ્‌નું અંતિમ વર્ષ-૮૮, શ્રીમદ્‌નું ધાર્મિક વલણ-૯૨, શ્રીમદ્‌ના અંગત પરિચયમાં આવનાર મહત્ત્વની વ્યક્તિઓ-૧૦૦, શ્રીમદ્‌ની ચમત્કારિક શક્તિઓ તથા સ્મરણીય પ્રસંગો-૧૦૨.

**વિભાગ બીજો : શ્રીમદ્‌નું કિશોરાવસ્થાનું સાહિત્ય**

**પ્રકરણ ૨ : ભાવના બોધ ... ... ... ૧૨૮**

ભાવનાબોધ-૧૨૮, અનિત્યભાવના-૧૩૨, અશરણભાવના-૧૩૩, એકત્વભાવના-૧૩૬, અન્યત્વભાવના-૧૪૦, અશુચિભાવના-૧૪૨, નિવૃત્તિબોધ, સંસારભાવના-૧૪૫, આશ્રવભાવના-૧૪૭, સંવરભાવના-૧૪૯, નિર્જરાભાવના-૧૫૦, લોકસ્વરૂપભાવના-૧૫૦.

**પ્રકરણ ૩ : "મોક્ષમાળા" ... ... ... ૧૫૨**

સમ્યગ્દર્શન-૧૫૭, સમ્યગ્જ્ઞાન-૧૬૦, સમ્યક્‌ચારિત્ર-૧૬૯, સહાયભૂત પાઠો-૧૭૫, "મોક્ષમાળા"નાં કથાદૃષ્ટાંત-૧૭૯, "મોક્ષમાળા"ની પદ્યરચનાઓ-૧૮૭, "મોક્ષમાળા"માં જૈનધર્મથી અન્યૂનાધિકપણું-૧૯૪, "મોક્ષમાળા"નું બાલાવબોધપણું-૧૯૫.

**પ્રકરણ ૪ : પ્રકીર્ણ રચનાઓ ... ... ૧૯૯**

સ્ત્રીનીતિબોધક વિભાગ ૧-૧૯૯, ધર્મેતર પદ્યકૃતિઓ-૨૧૧, અવધાન કાવ્યો-૨૨૦, ધર્મને લગતાં કાવ્યો-૨૨૩, દ્વાદશાનુપ્રેક્ષા-૨૩૦, જીવાજીવવિભક્તિ-૨૩૩, મુનિ સમાગમ-૨૩૪, સ્વરોદયજ્ઞાન પરની ટીકા-૨૩૬, જીવતત્ત્વ સંબંધી વિચાર-૨૩૭, "પુષ્પમાળા"-૨૩૭, સાતસો મહાનીતિનાં વાક્યો વચનસપ્તશતી-૨૦૪, "વચનામૃત"-૨૪૧, પ્રકીર્ણ બોધવચનો-૨૪૨.

## વિભાગ ત્રીજો : શ્રીમદ્‌ની કિશોરાવસ્થા પછીની તત્ત્વવિચારણા - પદ્યમાં

**પ્રકરણ ૫ : “આત્મસિદ્ધિશાસ્ત્ર”** ... ... ૨૪૯

“આત્મસિદ્ધિશાસ્ત્ર”ની રચના માટેનું નિમિત્ત–૨૫૦. “આત્મસિદ્ધિશાસ્ત્ર”ના મનનનો અધિકારી વર્ગ, શ્રીમદ્‌ની દૃષ્ટિએ–૨૫૧. શ્રીમદે ગણેલા અધિકારીઓ પર “આત્મસિદ્ધિ”નો પડેલો પ્રભાવ–૨૫૩ “આત્મસિદ્ધિશાસ્ત્ર”ની ગ્રંથમાં પ્રસિદ્ધિ–૨૫૫. “આત્મસિદ્ધિશાસ્ત્ર”ના અનુવાદો અને અભ્યાસ–૨૫૬. “આત્મસિદ્ધિશાસ્ત્ર”માં વસ્તુનિરૂપણશૈલી–૨૫૯. મંગલાચરણ–૨૬૧. ગ્રંથરચનાનો હેતુ–૨૬૩. મોક્ષમાર્ગ ક્યારે પમાય ?–૨૬૪. સદ્‌ગુરુમાહાત્મ્ય–૨૬૫. મતાર્થી જીવનાં લક્ષણો–૨૬૯. આત્માર્થી જીવનાં લક્ષણો–૨૭૨. આત્માનાં ૭ પદ–૨૭૪. પ્રથમ પદ : આત્મા છે-૨૭૮. બીજું પદ : આત્મા નિત્ય છે–૨૮૨. ત્રીજું પદ : આત્મા કર્તા છે–૨૮૬. ચોથું પદ : આત્મા ભોક્તા છે–૨૮૯. પાંચમું પદ : મોક્ષ છે–૨૯૧. છઠ્ઠું પદ : મોક્ષનો ઉપાય છે–૨૯૩. શિષ્યને બોધબીજની પ્રાપ્તિ–૨૯૮. ઉપસંહાર–૩૦૦. “આત્મસિદ્ધિ” ષડ્‌દર્શનનો સાર- ૩૦૩. “આત્મસિદ્ધિશાસ્ત્ર”ની મૌલિકતા–૩૧૦, “આત્મસિદ્ધિશાસ્ત્ર”ની લોકભોગ્યતા ૩૧૨.

**પ્રકરણ ૬ : અપૂર્વ અવસર** ... ... ૩૧૪

પૂર્વ વિભાગ–૩૨ , (નિર્ગ્રંથ થવાની ભાવના–૩૨૦, નિર્ગ્રંથનાં લક્ષણો–૩૨૩, સમ્યગ્દર્શન–૩૨૭, નિર્ગ્રંથનું આત્મચારિત્ર–૩૨૯) ઉત્તરવિભાગ–૩૫૬, (કેવળજ્ઞાનનું સ્વરૂપ, કેવળીની દશા–૩૬૧, મોક્ષનું વર્ણન–૩૬૭, ઉપસંહાર–૩૭૧.)

**પ્રકરણ ૭ : પ્રકીર્ણ પદ્યરચનાઓ** ... ... ... ૩૭૭

શ્રીમદ્‌ના હિંદી રચનાઓ–૩૭૯. અંગત સ્થિતિસૂચક રચનાઓ–૩૮૯, મોક્ષમાર્ગનું નિરૂપણ કરતી રચનાઓ–૩૯૪, જડ-ચેતનનો ભેદ બતાવતી રચનાઓ-૪૦૩, ‘જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો’–૪૦૬, પ્રભુ પ્રત્યે દીનત્વ–૪૦૯, અંતિમ સંદેશો–૪૧૧.

## વિભાગ ચોથો : શ્રીમદ્‌ની કિશોરાવસ્થા પછીની તત્ત્વવિચારણા – ગદ્યમાં

**પ્રકરણ ૮ : શ્રીમદ્‌ની તત્ત્વવિચારણા - પત્રોમાં** ... ... ૪૧૯

દુઃષમકાળ–૪૨૧, સંસાર–૪૨૨, સુખદુઃખ–૪૨૪, મનુષ્યદેહ, શરીર–૪૨૫. કર્મ–૪૨૭, કષાય–૪૨૯, જીવના દોષ-૪૩૧, પરિગ્રહ–૪૩૩, પ્રમાદ-અપ્રમાદ–૪૩૩, વ્યવહારશુદ્ધિ-૪૩૪, આત્મા–૪૩૫, આત્મા એક કે અનેક ?–૪૩૬, ધર્મ ૪૩૭, કલ્યાણ–૪૩૮, ત્યાગ, સર્વસંગપરિત્યાગ–૪૩૮, તપશ્ચર્યા–૪૪૦, ઇન્દ્રિયજય–૪૪૦, વૈરાગ્ય–૪૪૧, અસંગતા–૪૪૨, ધ્યાન–૪૪૨, સત્સંગ, સત્શાસ્ત્ર–૪૪૩, મુમુક્ષુ, મુમુક્ષુતા–૪૪૪, સદ્‌ગુરુની આવશ્યકતા–૪૪૫, સત્પુરુષ-જ્ઞાની કોણ ?–૪૪૬,

સત્પુરુષને ઓળખે કોણ ?–૪૪૭, સત્સંગમાં આવશ્યક વસ્તુઓ–૪૪૭, સત્પુરુષની, જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાનું ફળ–૪૪૮, જ્ઞાનીની અવજ્ઞાનું ફળ–૪૫૦, સત્સંગની દુર્લભતા-તેના વિયોગે જીવનું કર્તવ્ય–૪૫૦, ભક્તિ–૪૫૧, સમ્યક્દર્શન–૪૫૩, ક્ષાયિક સમકિત આ કાળે સંભવે ?–૪૫૬, સમ્યગ્દષ્ટિને સિદ્ધિઓ સાથેનો સંબંધ–૪૫૬, મિથ્યાદષ્ટિ–૪૫૭, સમ્યગ્દર્શનનું માહાત્મ્ય–૪૫૭, જ્ઞાનીની દશા, સ્વરૂપ–૪૫૮, જ્ઞાની-અજ્ઞાની વચ્ચેનો ભેદ–૪૫૯, જ્ઞાનઅને તેના પ્રકાર–૪૬૦, કેવળજ્ઞાન–૪૬૧, જ્ઞાન, વિવેકજ્ઞાન–૪૬૩, જાતિ સ્મરણજ્ઞાન, પુનર્જન્મ–૪૬૪, મોક્ષ–૪૬૪, પંચમહાવ્રત–૪૬૬, મુનિના આચાર–૪૬૬, ષડ્દર્શનમીમાંસા–૪૬૭, જૈનધર્મ–૪૬૮, જૈન માર્ગ પ્રગટ કહેવાને યોગ્ય કોણ ?–૪૬૮, શ્રીમદ્‌ની દષ્ટિએ જૈન ધર્મની વર્તમાન સ્થિતિ–૪૬૮, શ્રીમદ્‌ની મતમતાંતર વિશેની દૃષ્ટિ–૪૬૯, જગતનું સ્વરૂપ–૪૭૦, ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધ–૪૭૧.

**પ્રકરણ ૯ : રોજનીશી, નોંધપોથી ઇત્યાદિ .. ... ૪૭૪**

સમુચ્ચય વયચર્યા–૪૭૫, શ્રીમદ્‌ના સ્વહસ્તાક્ષરની નોંધબુક–૪૭૬, રોજનીશી–૪૭૮, આભ્યંતર પરિણામ અવલોકન–૪૮૨, હસ્તનોંધ ૧–૪૮૨, હસ્તનોંધ ૨–૪૮૫, હસ્તનોંધ ૩–૪૮૬.

**પ્રકરણ ૧૦ : પ્રકીર્ણ ગદ્યરચનાઓ ... .. ૪૮૮**

પ્રતિમાસિદ્ધિ–૪૮૯, સંયતિધર્મ–૪૯૩, પંચાસ્તિકાય–૪૯૪, દ્રવ્યસંગ્રહની ગાથાઓનો અનુવાદ–૫૦૦, ૭ પદનો પત્ર–૫૦૦, આનંદઘનજીની સ્તાવનાવલિ-વિવેચન–૫૦૨, "સમયસાર" નાટકની ગાથાની સમજણ–૫૦૫, આઠ યોગદૃષ્ટિની સજ્ઝાયની કડીની સમજણ–૫૦૬, મોક્ષસિદ્ધાંત–૫૦૭, દ્રવ્યપ્રકાશ–૫૦૭, જૈનમાર્ગવિવેક–૫૦૮, શીર્ષક વિનાના અપૂર્ણ લેખો–૫૦૮, સુવચનો–૫૦૯.

**પ્રકરણ ૧૧ : શ્રીમદ્‌ના ઉપદેશની લેવાયેલી નોંધો ... .. ... ૫૧૪**

ઉપદેશનોંધ–૫૧૫, ઉપદેશછાયા–૫૨૦, વ્યાખ્યાનસાર–૧–૫૩૦, વ્યાખ્યાનસાર ૨–૫૩૪.

**વિભાગ પાંચમો : શ્રીમદ્‌નો સ્વ-પર આત્મવિકાસમાં ફાળો**

**પ્રકરણ ૧૨ : શ્રીમદ્‌નો ક્રમિક આત્મવિકાસ ... ... ... ૫૪૧**

તબક્કો પહેલો : મંથનકાળ–૫૪૨, તબક્કો બીજો : વીતરાગમાર્ગ પ્રતિનું વલણ–૫૪૪, તબક્કો ત્રીજો : સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ–૫૫૨, તબક્કો ચોથો : કેવળ લગભગ ભૂમિકા–૫૬૬.

**પ્રકરણ ૧૩ : શ્રીમદ્‌નો અન્ય વ્યક્તિઓ પર પડેલો પ્રભાવ ... ... ૫૭૩**

શ્રીમદ્ અને જૂઠાભાઈ–૫૭૪, શ્રીમદ્ અને મનસુખભાઈ–૫૭૮, શ્રીમદ્ અને ગાંધીજી–૫૮૨, શ્રીમદ્ અને અંબાલાલભાઈ–૫૯૨, શ્રીમદ્ અને લઘુરાજ સ્વામી–૬૦૧, શ્રીમદ્ અને સોભાગભાઈ–૬૨૧.

**પ્રકરણ ૧૪ : વિહંગાવલોકન** ... ... ... ૬૩૫

પરિશિષ્ટ ૧. શ્રીમદ્‌ના–મંદિરો–આશ્રમો–જ્ઞાન પ્રચારક મંડળો ... ... ... ૬૪૫
પરિશિષ્ટ ૨. શ્રીમદ્‌ની જીવનતવારીખ ... ૬૫૯
પરિશિષ્ટ ૩. શ્રીમદ્‌નું સાહિત્ય ... ... ... ૬૬૦
પરિશિષ્ટ ૪. શ્રીમદ્દે અવગાહેલ ગ્રંથોની યાદી ... ... ... ૬૬૨
પરિશિષ્ટ ૫. શ્રીમદ્‌ની કાળાનુક્રમે ક્ષેત્રસ્થિતિ ... ... ... ૬૬૩
પરિશિષ્ટ ૬. શ્રીમદ્ રાજચંદ્રનું વંશવૃક્ષ ... ... .. ૬૬૪
પરિશિષ્ટ ૭. સંદર્ભગ્રંથસૂચિ ... ... ... ૬૬૫

**સૂચિ** ... ... ... ૬૭૨

૧. વિશેષનામો ... ... ૬૭૨
૨. ગ્રંથો ... ... ૬૭૬
૩. સામયિકો તથા વર્તમાનપત્રો ... ... ૬૮૦
૪. વિષયો ... ... .. ૬૮૦

# શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ

卐

## પ્રકરણ ૧

# જીવનરેખા

ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં બ્રિટિશ સત્તાનો ઘણો ઝડપી વિકાસ થયો. માત્ર વેપાર અર્થે હિંદમાં આવેલી અંગ્રેજ પ્રજાએ ભારતના રાજકારણમાં પણ પ્રવેશ કર્યો, અને પોતાની સત્તા ઝડપથી વધારવા માંડી. એ અરસામાં ઇંગ્લૅંડમાં ઔદ્યોગિક ક્રાંતિ થઈ રહી હતી, તેથી તેને માટે જરૂરી કાચો માલ મેળવવા તથા કારખાનામાં ઉત્પન્ન થયેલો માલ ખપાવવા તેમને માટે હિંદ જેવું સંસ્થાન હોવું ખૂબ જરૂરી હતું. બીજી બાજુ હિંદના રાજવીઓમાં સંપ અને મુત્સદ્દીગીરીનો અભાવ નજરે પડતો હતો. ટૂંકા સ્વાર્થની જ નજરે જોતા રાજવીઓએ દેશનું હિત વિસારે પાડ્યું હતું. તેથી તેઓને અંદરોઅંદર લડાવી મારી પોતાની સત્તા વધારવાનું કામ અંગ્રેજો માટે સહેલું બની ગયું.

લૉર્ડ ડેલહાઉઝીએ ખાલસાનીતિ અખત્યાર કરીને બ્રિટિશ સામ્રાજ્યની સત્તા ઘણી વધારી દીધી, પણ તેમ કરતાં કરતાં તેણે દેશી રાજાઓને પાયમાલ કર્યા, તથા તેમના હકો ડુબાડ્યા; જેથી તેઓમાં અસંતોષ વ્યાપ્યો.

બીજી બાજુ આ વેપારી પ્રજાએ પોતાની સત્તાનો ઉપયોગ ભારતનો વેપાર આંચકી લેવા માટે કર્યો. હિંદમાંથી જ સસ્તા ભાવે કાચો માલ લઈ, તેને પોતાનાં કારખાનાંઓમાં શુદ્ધ બનાવી અથવા તેમાંથી ચીજવસ્તુઓ તૈયાર કરી હિંદને જ વેચવા દ્વારા એણે હિંદના હુન્નર–ઉદ્યોગોનો નાશ કર્યો. પરિણામે લાખો કારીગરો બેકાર બન્યા અને ભૂખમરા આદિને લીધે પ્રજામાં પણ અસંતોષ વ્યાપ્યો.

વળી, આર્થિક ક્ષેત્રે થયેલી પોતાની બરબાદીનો ખ્યાલ પણ હિંદને હવે સવિશેષપણે આવવા લાગ્યો હતો. કારીગરોની રોજી તૂટતાં, તેઓ ખેતીવાડી તરફ વળ્યા. ત્યાં પણ ભારે મહેસૂલ આદિને કારણે તેમને મુશ્કેલીઓ નડતી હતી. વળી કાચો માલ બ્રિટન જતો, અને તૈયાર થયેલો માલ ત્યાંથી અનેકગણી કિંમતે હિંદમાં પાછો આવતો. એ રીતે હિંદની અઢળક લક્ષ્મી બ્રિટનમાં ખેંચાઈ જતી હતી. આમ આર્થિક ક્ષેત્રે પણ આ સમય હિંદનો શોષણકાળ જ હતો.

વળી, હિંદમાં ઇંગ્લૅંડથી ધર્મપ્રચારકો આવીને ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા લાગ્યા, અને હિંદીઓને ધર્મપરિવર્તન કરવા સમજાવવા લાગ્યા. ધર્મ પર થયેલું આ આક્રમણ લોકોને વસમું લાગ્યું, અને અંગ્રેજો ધર્મપરિવર્તન કરાવવા માટે જ હિંદમાં આવ્યા છે તેવી ભયની લાગણી લોકોમાં પેસતાં, તેમનો પણ અસંતોષ વધ્યો.

આ બધાં ઉપરાંત લશ્કરમાં ઘણો વિશેષ અસંતોષ હતો. હિંદી સૈનિકોની કોઈ

ગણતરી નહોતી. તેમનાં સુખ–સગવડ માટે કોઈ ઉપાય યોજાતા નહોતા. અને વળી, સૈનિકોને વટલાવવા ગૌમાંસ ખવડાવવામાં આવે છે એવી અફવા ફેલાઈ હતી, તેને લીધે તે અસંતોષ આસમાને પહોંચ્યો હતો.

આમ બ્રિટિશ રાજશાસને વેરેલી ધાર્મિક, આર્થિક, સામાજિક અને રાજકીય બરબાદીના પરિણામથી ચોંકેલી પ્રજાએ ઈ. સ. ૧૮૫૭માં બળવો પોકાર્યો. અનેક જગ્યાએ સ્વાતંત્ર્ય-સંગ્રામ શરૂ થયો. પણ પૂરી એકતા, શક્તિ, અનુભવ વગેરેના અભાવથી તે દબાઈ ગયો. તેનું તાત્કાલિક પરિણામ એ આવ્યું કે સઘળો વહીવટ રાણી વિકટોરિયાની હકૂમત હેઠળ આવ્યો અને પ્રજાનાં દુઃખ દૂર કરવાનો ઢંઢેરો રાણીએ ઈ. સ. ૧૮૫૮માં પિટાવ્યો. આમ આ સમય રાજકીય અંધાધૂંધીનો હતો.

આ રીતે અંગ્રેજોના અમલથી આપણું સમગ્ર રાષ્ટ્રજીવન ચૂંથાઈ ગયું હતું. પરંતુ બળવા પછી રાષ્ટ્રજીવનના ઘડતર માટે ચોગરદમ વિવિધ પ્રવૃત્તિઓ શરૂ થવા લાગી હતી, અને અંગ્રેજોએ આપેલી કેળવણીના પ્રતાપે રાષ્ટ્રના પુનરુત્થાનની શરૂઆત થઈ હતી. આગળ જતાં અંગ્રેજ શાસને આપેલી કેળવણી હિંદને વરદાનરૂપ થઈ.

ઈ. સ. ૧૮૫૭માં મુંબઈ, મદ્રાસ અને કલકત્તા યુનિવર્સિટીની સ્થાપના થઈ, અને આપણા યુવાનો અંગ્રેજી કેળવણી પામીને બહાર નીકળવા લાગ્યા. ઈ. સ. ૧૮૫૭ આસપાસના સંક્ષોભકાળનો એક દસકો વીત્યા પછી હિંદમાં સંસારસુધારો, દેશની આબાદી, કેળવણી અને ધર્મોદ્ધારનાં બીજ વવાવાની શરૂઆત થઈ હતી.

૧૯મી સદીના પૂર્વાર્ધમાં પ્રજા નિરક્ષર અને વહેમી બની ગઈ હતી. સામાજિક રૂઢિઓ એટલી પ્રબળ બની ગઈ હતી કે લોકો તેની વિરુદ્ધ જઈ શકતા નહોતા. તેઓ સંકુચિત દુનિયામાં વસતા હતા, અને કૂપમંડૂક જેવી એમની દશા હતી. તેમાંથી લોકોને છોડાવવા અંગ્રેજી સંસ્કૃતિનો સંપર્ક પામેલા યુવાનો કટિબદ્ધ થયા, અને સામાજિક ક્ષેત્રે સુધારાનો પવન ફૂંકાયો. સં. ૧૮૨૯માં સતી થવાનો રિવાજ રાજા રામમોહનરાયે બંધ કરાવ્યો. કન્યા–કેળવણી પર ભાર મુકાવા લાગ્યો. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, રમાબાઈ રાનડે, નર્મદાશંકર, દાદાભાઈ, સયાજીરાવ ગાયકવાડ વગેરેએ કન્યા–કેળવણીનો સારો પ્રચાર કર્યો.

સર જમશેદજી તાતા જેવાએ ઔદ્યોગિક ક્ષેત્રે પહેલ કરી. હિંદની અઢળક લક્ષ્મી પરદેશમાં ઘસડાતી જોઈ, હિંદમાં કારખાનાં નાખવાની તેમણે શરૂઆત કરીને લક્ષ્મીને દેશમાં જ રાખવાનો પુરુષાર્થ ઉપાડ્યો.

ધર્મક્ષેત્રે પણ સુધારણાના પ્રયાસો ચાલુ થયા હતા. બ્રિટિશ અમલ દરમ્યાન લોકોમાં આવેલી સાંપ્રદાયિકતાની જડ કાઢવા રાજા રામમોહનરાય વગેરે આગળ આવ્યા. અંધશ્રદ્ધાળુ લોકોએ અપનાવેલ કુરૂઢિઓ, વહેમો સામે તેમણે જેહાદ જગાડી; અને સને ૧૮૨૮માં બ્રાહ્મસમાજની સ્થાપના થઈ. તેમાં શિક્ષિત બંગાળીઓ જોડાતાં, તે વિવિધલક્ષી સુધારાનું કેન્દ્ર બન્યું.

બ્રાહ્મસમાજની અસર હિંદના બીજા ભાગોમાં પણ થઈ. મુંબઈ, ગુજરાત વગેરે જગ્યાએ તેણે "પ્રાર્થનાસમાજ"નું રૂપ લીધું. જસ્ટિસ મહાદેવ ગોવિંદ રાનડે અને ડૉ. ભાંડારકર તેના આદ્યસંસ્થાપક હતા. તેમણે પ્રાર્થનાનું મહત્ત્વ વધાર્યું, અને સાથે સાથે સમાજસુધારો, કેળવણી વગેરે કાર્યો પણ ઉપાડચાં.

આર્યસમાજીઓ બ્રાહ્મસમાજી કરતાં થોડા આગળ વધ્યા. તેમણે વેદધર્મ અને વૈદિક સંસ્કૃતિ એ જ સાચાં એવો પ્રચાર કર્યો. એના પ્રણેતા હતા સ્વામી દયાનંદ સરસ્વતી. પ્રથમ મુંબઈ અને પછી પંજાબમાં તેમણે "આર્યસમાજ"ની સ્થાપના કરી. તેમણે નાતજાતના ભેદ, સ્ત્રીઓની ગુલામી દશા વગેરે હિંદુ ધર્મના સડાઓ દૂર કરવાની પ્રવૃત્તિ ઉપાડી.

એ જ અરસામાં પૂર્વ બંગાળમાં રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદના પ્રયત્નો ચાલુ થયા હતા. તેઓને મન વેદની સંસ્કૃતિનું મૂલ્ય ઘણું હતું. છતાં દુનિયાના ધર્મો પ્રત્યે તેમને સદ્ભાવ હતો. રામકૃષ્ણના મઠો ઠેર ઠેર સ્થાપવાની હિલચાલ શરૂ થઈ હતી. રામકૃષ્ણના શિષ્યો પૈકી સ્વામી વિવેકાનંદ જગપ્રસિદ્ધ થયા હતા.

એ જમાનાની આધ્યાત્મિક પ્રવૃત્તિમાં થિયોસૉફીનું પણ સ્થાન છે. તેની થોડી શરૂઆત બળવા પછીના દશકામાં થઈ ગઈ હતી.

આ અરસામાં એટલે કે બળવા પછી લગભગ ૧૦-૧૨ વર્ષે, લોકમાન્ય તિલક, ગોપાલકૃષ્ણ ગોખલે વગેરે હિંદના રાજકીય ક્ષેત્રમાં ભાગ લેનાર આપણા નેતાઓનો કેળવણી-કાળ ચાલતો હતો. ગુજરાતમાં સુધારકયુગ અને પંડિતયુગનો એ સમન્વય કાળ હતો. એવા સમયે, મહાત્મા ગાંધીજીના જન્મ પહેલાં લગભગ પોણા બે વર્ષે, કાઠિયાવાડના મોરબી નજીકના વવાણિયા બંદર નામના નાના ગામના એક વણિક કુટુંબમાં, વિ. સં. ૧૯૨૪ના કાર્તકી પૂનમ અને રવિવાર તા. ૯–૧૧–૧૮૬૭ના રોજ શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ થયો હતો. આ ઉપરથી જોઈ શકાય છે કે શ્રીમદ્નો જન્મ ૧૮૫૭ના ઐતિહાસિક બળવા પછી દશ વર્ષે, સામાજિક, આર્થિક, ધાર્મિક વગેરે સુધારાના કાળમાં થયો હતો.[૧]

## જન્મ, માતાપિતા, બાલ્યકાળ

પૂર્વના યોગી જેવા આ મહાનુભાવનો જન્મ માતા દેવબાઈની કૂખે વણિક કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ રવજીભાઈ પંચાણભાઈ મહેતા હતું. શ્રીમદ્ને એક નાના ભાઈ તથા ચાર બહેનો હતાં, તેમાં એક બહેન મોટાં અને ત્રણ બહેન તેમનાથી નાનાં હતાં. ભાઈનું નામ મનસુખભાઈ તથા બહેનોનાં નામ અનુક્રમે શિવકુંવરબાઈ, ઝબકબાઈ, મેનાબાઈ અને જીજીબાઈ હતાં.

૧. આજથી લગભગ ૯૦૦ વર્ષ પહેલાં, વિ. સં. ૧૧૪૫માં, એટલે કે ગુર્જરેશ્વર કુમારપાલના સમયમાં, "કલિકાલસર્વજ્ઞ"નું બિરુદ ધરાવનાર મહાન શ્રીમદ્ હેમચંદ્રાચાર્યનો જન્મ પણ કાર્તકી પૂર્ણિમાએ ધંધુકામાં થયો હતો.

શ્રીમદ્‌ના[૨] પિતામહ પંચાણભાઈ મોરબી તાબેના માણેકવાડામાં રહેતા હતા. વિ. સં. ૧૮૯૨માં પોતાના ભાઈઓથી જુદા થઈ પોતાની મિલકત લઈ, તેઓ વવાણિયા આવ્યા, અને ત્યાં મકાન ખરીદીને વસ્યા. એ જ મકાનમાં શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ થયો. પંચાણભાઈના ભાયાતો આજે પણ માણેકવાડામાં હયાત છે. પંચાણભાઈએ વવાણિયામાં વહાણવટાનો ધંધો ચાલુ કરવાની સાથે વ્યાજવટાવનો ધંધો પણ ચાલુ કર્યો હતો, જેનાથી તેમની મહેતા અટક શરૂ થઈ.

પંચાણભાઈને પુત્રો જીવતા ન હતા, તેથી કોઈના કહેવાથી વવાણિયાથી એક માઈલ દૂર આવેલા રવીચિદેવીના સ્થાનકની તેમણે બાધા રાખી. ત્યાર બાદ વિ. સં. ૧૯૦૨માં તેમને ત્યાં પુત્રનો જન્મ થયો. તે પુત્રનું નામ રવીચિદેવીના નામના આધારે રવજીભાઈ રાખવામાં આવ્યું. પંચાણદાદાએ ૯૮ વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું. તેઓ વૈષ્ણવ ધર્મ પાળતા હતા.

રવજીભાઈએ ૧૪ વર્ષની વયથી વેપારમાં ઝંપલાવ્યું. તેમને વ્યાજ વટાવના ધંધાને લીધે આજુબાજુનાં ગામડાંમાં ફરવાનું થતું. તે ઉપરાંત તેઓ વવાણિયાના તેમ જ અન્ય જગ્યાઓના ઠાકોરજીના મંદિરમાં વાર્તા–વિનોદાર્થે જતા. ડાયરાઓમાં પણ તેઓ હાજરી આપતા. તેઓ પણ વૈષ્ણવ ધર્મ પાળતા. તેઓ ઘણા સેવાભાવી હતા.

રવજીભાઈનાં લગ્ન માલિયાનિવાસી રાઘવજીભાઈની પુત્રી દેવબાઈ સાથે થયેલાં. કેટલાક તેમનું નામ મોંઘીબાઈ પણ આપે છે. દેવબાઈ જૈનકુળમાંથી આવ્યાં હોવાને લીધે જૈન સંસ્કાર લાવ્યાં હતાં. તેઓ તે ધર્મ પાળતાં. તેઓ પણ તેમના પતિ રવજીભાઈની જેમ ઘણાં સેવાભાવી હતાં.

આ સેવાભાવી દંપતીને કુળદીપક પુત્રનાં માતાપિતા થવાની આશિષો કેટલીક મહત્ત્વની વ્યક્તિઓ તરફથી મળી હતી, તે જાણવું રસપ્રદ છે.

રવજીભાઈ સાધુસંતોની નિસ્વાર્થભાવે સેવા કરતા. તે પ્રમાણે તેમણે એક ફકીરની પણ લાંબા સમય સુધી સેવા કરી હતી. તેમની સેવાથી પ્રસન્ન થઈ ફકીરે રવજીભાઈને આશિષ આપી કે તેઓ એક દીર્ઘાયુષી તથા પ્રતાપશાળી પુત્રના પિતા થશે. ફકીરે એક દિવસે રવજીભાઈને સવારમાં બોલાવ્યા હતા. હવે બન્યું એવું કે તે જ દિવસે રવજીભાઈને ત્યાં મહેમાન આવ્યા, તેથી તેઓ ધર્મસંકટમાં મુકાયા. જો તેઓ મહેમાનની પૂરી આગતાસ્વાગતા કર્યા પછી ફકીર પાસે જાય તો ઘણા મોડા પહોંચે અને એમ ને એમ જાય તો અતિથિધર્મ લાજે. આથી મહેમાનનું કામકાજ ઝટપટ પતાવી તેઓ ફકીર પાસે જવા નીકળ્યા. ત્યાં પહોંચ્યા ત્યારે તેમની ધારણા કરતાં વિશેષ મોડું થઈ ગયું હતું. તેમને જોઈ ફકીર બોલ્યા કે :—

૨. શ્રીમદ્ રાજચંદ્ર તેમના ભક્તો અને અનુયાયીઓમાં "શ્રીમદ્", "કૃપાળુદેવ", "પરમ-કૃપાળુદેવ", "સાહેબજી" વગેરે નામથી જ ઓળખાય છે. આથી આ મહાનિબંધમાં પણ તેમનું પૂરું નામ "શ્રીમદ્ રાજચંદ્ર" ન લખતાં, તેમને માટે "શ્રીમદ્" એ ટૂંકા નામનો જ ઉપયોગ કર્યો છે.

"रवजी, तुम बहोत मोडा आया. अच्छा रवजी, तेरेकु दो लडका होयगा. एक बडा नाम निकाले अैसा होगा. दूसरा भी ठीक अच्छा होगा. दोनु लडका तुमारा और इनका बोत अच्छा नाम निकालेगा अैसा होगा. પણ रवजी, तुम बहोत मोडा आया. वखत चला गया. इनका आयुष्यमें फेर पडेगा अैसा मालूम होता है. रवजी, अब इस दुनियासे चला जाता हुं, तुम घर पर जाओ. तेरा भला होगा."

પછી રવજીભાઈ ઘેર આવ્યા. બીજે દિવસે તપાસ કરી તો ફકીર હતા નહિ. મોડા જવા માટે તેમને ખૂબ અફસોસ થયો.[૩]

રવજીભાઈને ત્યાં એક વૃદ્ધ આડતિયા અવારનવાર આવતા હતા. એક વખત તેઓ રવજીભાઈને ત્યાં આવ્યા પછી સખત બીમાર થઈ ગયા. તે વખતે દેવબાઈએ ખૂબ જ સેવાભાવથી તેમની ચાકરી કરી. તે સેવાથી પ્રસન્ન થઈને આડતિયાએ "તમને પ્રભાવશાળી પુત્ર પ્રભુ આપે" એવી અંતરની આશિષ દેવબાઈને આપી. ઇતિહાસ કહે છે કે એ આશિષ ફળી હતી.

દેવબાઈએ તેમનાં સાસુ–સસરાની પણ ખૂબ જ સેવાચાકરી કરી હતી. મુશ્કેલીના સમયમાં તેમણે પોતાનાં ઘરેણાં પણ સાસુ–સસરાને આપી દીધાં હતાં. આ બંને વડીલો દેવબાઈ પર ખૂબ પ્રસન્ન રહેતાં, અને દેવબાઈને તેઓ દેવી જ માનતાં. તેઓ બંને દેવબાઈની કૂખે પ્રતાપશાળી રત્ન પાકે તેવી અંતરની આશિષો વારંવાર આપતાં.

સેવા દ્વારા બાંધેલા પુણ્યના પ્રતાપથી આ દંપતીને ત્યાં વિ. સં. ૧૯૨૪માં, કાર્તકી પૂનમે, શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ થયો.

શ્રીમદ્‌ને જન્મનું નામ લક્ષ્મીનંદન આપવામાં આવ્યું હતું, પરંતુ વિ. સં. ૧૯૨૮માં, તેમની ચાર વર્ષની વયે, તે નામ બદલીને તેમને રાયચંદ–રાજચંદ્ર નામ આપવામાં આવ્યું હતું, જે કાયમ રહ્યું હતું.

શ્રીમદ્‌નું બાળપણ આનંદમાં વીત્યું હતું. રમતગમત તથા બાળચેષ્ટાઓમાં તેમનો સાત વર્ષ સુધીનો સમય પસાર થયો હતો. તેમ છતાં નિખાલસતા, તેજસ્વિતા, સ્મરણ-શક્તિ વગેરે કેટલાક ગુણો તેમનામાં તે વયે પણ પ્રગટ થયા હતા. પોતાના સાત વર્ષની વય સુધીના કાળ વિશે શ્રીમદ્ "સમુચ્ચયવયચર્યા"માં લખે છે કે :—

"સાત વર્ષ સુધી એકાંત બાળવયની રમતગમત સેવી હતી. એટલું મને તે વેળા માટે સ્મૃતિમાં છે કે વિચિત્ર કલ્પના—કલ્પનાનું સ્વરૂપ કે હેતુ સમજ્યા વગર—મારા આત્મામાં થતી હતી. રમતગમતમાં પણ વિજય મેળવવાની અને સહજ રાજેશ્વર જેવી ઊંચી પદવી મેળવવાની પરમ જિજ્ઞાસા હતી. વસ્ત્ર પહેરવાની, સ્વચ્છ રાખવાની,

૩. અહીં જણાવ્યા પ્રમાણે રવજીભાઈને બે પુત્રો થયા હતા, તે સુવિદિત છે. આ વાત વિશે તેઓ વવાણિયામાં ઘણાને વિગતથી જણાવતા હતા. તે પરથી ઘણાએ તે વિશે નોંધ લીધી છે. તે માટે જુઓ "શ્રીમદ્ રાજચંદ્ર અર્ધશતાબ્દી સ્મારક ગ્રંથ", પૃ. ૫૫.

ખાવાપીવાની, સૂવાબેસવાની, બધી વિદેહી દશા હતી. છતાં હાડ ગરીબ હતું. તે દશા હજુ બહુ સાંભરે છે. અત્યારનું વિવેકી જ્ઞાન તે વયમાં હોત તો મને મોક્ષ માટે ઝાઝી જિજ્ઞાસા રહેત નહિ, એવી નિરપરાધી દશા હોવાથી પુનઃ પુનઃ તે સાંભરે છે."[૪]

સાત વર્ષની વયે શ્રીમદ્દે અભ્યાસ કરવાની શરૂઆત કરી હતી. તેમની સમજણશક્તિ અને સ્મરણશક્તિ એ વયે પણ એટલી તીવ્ર હતી કે તેમણે બે વર્ષના સમયમાં ગુજરાતી સાતે ચોપડીનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો, એટલું જ નહિ, જે વ્યક્તિ પાસેથી તેમણે શિક્ષણ લેવાની શરૂઆત કરી હતી, તે વ્યક્તિને અભ્યાસ પૂરો કર્યા પછી તે ચોપડીનો બોધ કર્યો હતો. તેમનું વાચન પણ વિશાળ હતું. જે પુસ્તક હાથમાં આવે તે તેઓ ઝડપથી વાંચી જતા, અને તેનો બોધ સ્મૃતિમાં ગ્રહી લેતા. તેમની આવી અદ્‌ભુત સ્મૃતિ માટે અન્ય વ્યક્તિઓ તેમના તરફ ખૂબ માનની નજરે જોતી. પોતાની શક્તિ વિશે તેમણે લખેલી "સમુચ્ચયવયચર્યા"માં લખ્યું છે કે:—

"સાત વર્ષથી અગ્યાર વર્ષ સુધીનો કાળ કેળવણી લેવામાં હતો. આજે મારી સ્મૃતિ જેટલી ખ્યાતિ ભોગવે છે, તેટલી ખ્યાતિ ભોગવવાથી તે કંઈક અપરાધી થઈ છે, પણ તે કાળે નિરપરાધી સ્મૃતિ હોવાથી એક જ વાર પાઠનું અવલોકન કરવું પડતું હતું, છતાં ખ્યાતિનો હેતુ ન હતો, એટલે ઉપાધિ બહુ ઓછી હતી. સ્મૃતિ એવી બળવત્તર હતી કે જેવી સ્મૃતિ બહુ જ થોડા મનુષ્યોમાં આ કાળે, આ ક્ષેત્રે હશે. અભ્યાસમાં પ્રમાદી બહુ હતો. વાતડાહ્યો, રમતિયાળ અને આનંદી હતો. પાઠ માત્ર શિક્ષક જે વેળા વંચાવે તે જ વેળા વાંચી તેનો ભાવાર્થ કહી જતો. એ ભણીની નિશ્ચિંતતા હતી. તે વેળા પ્રીતિ—સરળ વાત્સલ્યતા—મારામાં બહુ હતી. સર્વથી એકત્વ ઇચ્છતો, સર્વમાં ભ્રાતૃભાવ હોય તો જ સુખ, એ મને સ્વાભાવિક આવડ્યું હતું. લોકોમાં કોઈ પણ પ્રકારથી જુદાઈના અંકુરો જોતો કે મારું અંતઃકરણ રડી પડતું. તે વેળા કલ્પિત વાતો કરવાની મને બહુ ટેવ હતી. આઠમા વર્ષમાં મેં કવિતા કરી હતી, તે પાછળથી તપાસતાં સમાપ હતી.

અભ્યાસ એટલી ત્વરાથી કરી શક્યો હતો કે જે માણસે મને પ્રથમ પુસ્તકનો બોધ દેવો શરૂ કર્યો હતો, તેને જ ગુજરાતી કેળવણી ઠીક પામીને તે જ ચોપડીનો પાછો બોધ મેં કર્યો હતો. ત્યારે કેટલાક કાવ્યગ્રંથો મેં વાંચ્યા હતા. તેમ જ અનેક પ્રકારના બોધગ્રંથો—નાના—આડાઅવળા—મેં જોયા હતા, જે પ્રાયે હજુ સ્મૃતિમાં રહ્યા છે. ત્યાં સુધી મારાથી સ્વાભાવિક રીતે ભદ્રિકપણું જ સેવાયું હતું; હું માણસજાતનો—બહુ વિશ્વાસુ હતો; સ્વાભાવિક સૃષ્ટિરચના પર મને બહુ પ્રીતિ હતી."[૫]

શ્રીમદ્ પોતાની સ્મરણશક્તિને લીધે ઘણી ત્વરાથી અભ્યાસ પૂરો કરી શક્યા હતા. વળી, હોશિયાર હોવાને કારણે, તેઓ અન્ય વિદ્યાર્થીઓનું વર્ગકામ લેતા, અને એ રીતે વર્ગશિક્ષકનું કાર્ય પણ કરતા. પરંતુ તેમનામાં સ્વાભાવિક રીતે રહેલા નિખાલસતા,

---

૪. "શ્રીમદ્ રાજચંદ્ર" અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૦૩.

૫. એજન, પૃ. ૨૦૪.

ભદ્રિકતા, સરળ વાત્સલ્ય, વિશ્વાસુપણું આદિ ગુણોને લીધે તેઓ વિદ્યાર્થીવર્ગના પણ એટલા જ પ્રીતિપાત્ર હતા. વિદ્યાર્થીઓની તેમના પર કેવી પ્રીતિ હતી, તે વિશે આપણને નીચેના પ્રસંગ પરથી જાણવા મળે છે.

એક વખત શ્રીમદ્દને શિક્ષકે ઠપકો આપ્યો. તેથી તેઓ બીજે દિવસે શાળાએ ન ગયા. બીજા વિદ્યાર્થીઓએ જાણ્યું કે રાયચંદભાઈ શાળાએ ગયા નથી, તેથી તેઓ પણ શાળાએ ન જતાં રાયચંદભાઈ પાસે ગયા. શ્રીમદ્ તેમને લઈ ખેતરમાં ગયા અને ત્યાં ઝાડના છાંયા નીચે તેમને પાઠ શીખવાડવા લાગ્યા. શિક્ષકે શાળામાં કોઈ વિદ્યાર્થીને ન જોયો, તેથી તેમ બનવાનું કારણ તેમણે વિચાર્યું. વિચારતાં તેમને આગલે દિવસે રાયચંદભાઈને આપેલો ઠપકો યાદ આવ્યો. તેથી તેઓ તેમની શોધમાં ખેતરે ગયા, અને બધાને મનાવી શાળામાં લઈ આવ્યા.

શાળાનો અભ્યાસ છોડ્યા પછી શ્રીમદ્ અન્ય પુસ્તકોનો ઘેર રહીને નિયમથી અભ્યાસ કરતા. અંગ્રેજી શીખવાની શરૂઆત પણ તેમણે કરી હતી. અને સામાન્ય વાંચવા–લખવા પૂરતું જ્ઞાન મેળવી તે ભાષાનો અભ્યાસ પણ છોડ્યો હતો. સંસ્કૃત, અર્ધમાગધી અને હિંદી ભાષાઓ પર તેમણે સ્વતંત્ર રીતે અભ્યાસ કરીને સારો એવો કાબૂ મેળવ્યો હતો. પરંતુ કોઈ પણ શાસ્ત્રીય કહી શકાય એ પ્રકારનો અભ્યાસ, તીવ્ર સ્મરણશક્તિ તથા સમજશક્તિ હોવા છતાં, તેમણે કર્યો ન હતો. આ બધાંનું કારણ બાળવયથી જ તેમનામાં આવેલી વૈરાગ્યવૃત્તિનું હતું. તેથી અભ્યાસ ન થવા બદલ તેમને કદી અફસોસ થયો નહોતો.[૬]

અભ્યાસ છોડ્યા પછી તેર વર્ષની ઉંમર સુધી શ્રીમદ્દે પોતાનો સમય ગ્રંથવાચનમાં, વિવિધ ભાષાનાં ગ્રંથાવલોકનમાં, લોકસમુદાયમાં બેસી વાર્તા-વિચારણા કરવામાં તથા અન્ય એવાં કાર્યોમાં પસાર કર્યો હતો. એ અરસામાં તેમણે "પ્રવીણસાગર" જેવા ગ્રંથો તથા રામ ઇત્યાદિનાં ચરિત્રો વગેરેનું વાચન કર્યું હતું. આ ઉપરાંત શ્રીમદ્દે પોતાના પિતામહ પાસેથી કૃષ્ણ-કીર્તનનાં પદો, જુદા જુદા અવતારોના ચમત્કારોના પ્રસંગો બાળવયમાં સાંભળ્યા હતા. તે બધાથી પ્રભાવિત થઈને શ્રીમદ્દે બાળવયમાં રામદાસજી નામના સાધુ પાસે બાળલીલામાં કંઠી બંધાવી હતી. તેઓ કૃષ્ણનાં દર્શન કરવા માટે દરરોજ જતા હતા. આમ બાળવયમાં તેમનામાં વૈષ્ણવ સંપ્રદાયનો રંગ વિશેષ હતો. સમય પસાર થતાં તેમને વવાણિયામાં જૈનોનો સંગ વધ્યો હતો. તેમના સંગમાં તેમને જૈનધર્મનાં પ્રતિક્રમણસૂત્ર, સામાયિકસૂત્ર તથા અન્ય ગ્રંથો વાંચવા મળ્યા. તે ગ્રંથોની ઉચ્ચ ભાવનાને લીધે શ્રીમદ્દને જૈનધર્મમાં પ્રીતિ વધી. તેવામાં તેમણે બંધાવેલી કંઠી તૂટી ગઈ, પરંતુ તેમણે તે ફરીથી બંધાવી નહિ. આ પ્રસંગ, તેમના જણાવ્યા પ્રમાણે, લગભગ તેમની તેર વર્ષની ઉંમરે બન્યો હતો.

તેર વર્ષની વય પછીથી તેઓ તેમના પિતાની દુકાને બેસતા, અને ત્યાંનું કામકાજ સંભાળતા. ફુરસદના સમયમાં તેમણે કાવ્યના અનેક ગ્રંથો વાંચ્યા હતા. કેટલીક વખત

૬. વિશેષ વિગત માટે જુઓ આ પ્રકરણનો "શ્રીમદ્દનું ભાષાજ્ઞાન તથા શાસ્ત્રાભ્યાસ" વિભાગ.

તેઓ પદ્યની રચના પણ કરતા. કચ્છ દરબાર તેમને બોલાવે ત્યારે, કેટલોક ઉતારો કરી આપવા, તેઓ તેમને ઉતારે પણ જતા, કારણ કે તેમના અક્ષર ઘણા સુંદર હતા. શ્રીમદ્ દુકાને બેસતા તે કાળ વિશે તેઓ પોતાની "સમુચ્ચયવયચર્યા"માં લખે છે કે :—

> "હું મારા પિતાની દુકાને બેસતો અને મારા અક્ષરની છટાથી કચ્છ દરબારને ઉતારે મને લખવા બોલાવે ત્યારે હું ત્યાં જતો. દુકાને મેં નાના પ્રકારની લીલાલહેર કરી છે, અનેક પુસ્તકો વાંચ્યાં છે, રામ ઇત્યાદિકનાં ચરિત્રો પર કવિતાઓ રચી છે, સંસારી તૃષ્ણાઓ કરી છે; છતાં કોઈને મેં ઓછોઅધિકો ભાવ કહ્યો નથી કે ઓછું, અધિકું તોળી દીધું નથી, એ મને ચોક્કસ સાંભરે છે."૭

પોતાની વૃત્તિઓ અન્ય જગ્યાએ રમતી હોવા છતાં, પોતાની ફરજમાં જરા પણ ચૂક ન આવવા દેવાની, કર્તવ્યપાલનની બુદ્ધિ શ્રીમદ્‌માં બાળવયથી જ હતી. તે આપણે ઉપરના અવતરણમાં જોઈ શકીએ છીએ. તેઓ બાળવયથી જ પીઢ બની ગયા હતા.

સાત વર્ષની વયે તેમને જાતિસ્મરણજ્ઞાનની શરૂઆત થઈ હતી, જે જ્ઞાન પછીથી વર્ધમાન થતું ગયું હતું. તેની સાથે તેમની સ્મરણશક્તિ, અવધાનશક્તિ, જ્યોતિષનું જ્ઞાન, કવિત્વશક્તિ વગેરે શક્તિઓમાં પણ વધારો થયો હતો. વળી, ૨૨ વર્ષની વયે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ્યા હોવા છતાં, વ્યાપારમાં પડચા હોવા છતાં; અને તે વિશેનું પૂર્ણ કર્તવ્યપાલન કરતા હોવા છતાં શ્રીમદ્‌ની અંતરંગશ્રેણી તો આત્માર્થ પ્રતિની જ રહી હતી. અને તેથી તેમણે વીશ વર્ષની વય પછીથી પોતાની પ્રત્યેક શક્તિઓને અંતરમાં શમાવી દીધી હતી. તે શક્તિઓ બતાવતા જાહેર પ્રયોગો તેમણે બંધ કરી દીધા હતા.

આ બધી શક્તિઓ શ્રીમદ્‌માં ક્યારે, કેવી રીતે અને કેટલા પ્રમાણમાં ખીલી હતી તે વિશે જોઈએ.

## જાતિસ્મરણજ્ઞાન

**જાતિસ્મરણજ્ઞાન** એટલે પોતાના પૂર્વભવોનું જ્ઞાન. બાલ્યકાળમાં જે કંઈ અનુભવ્યું હોય, જોયું હોય તેની સ્મૃતિ મોટપણે ઘણાને રહેતી નથી, તો કોઈકને રહે પણ છે. સ્મૃતિ ન હોય છતાં બાલ્યકાળ કે ગર્ભવાસ છે તે નિશ્ચિત છે, તે પ્રમાણે પોતાના પૂર્વભવનું જ્ઞાન જીવોને હોય કે ન હોય, પણ પૂર્વભવ છે તે નિશ્ચિત છે. આગળનો દેહ છોડતી વખતે અજ્ઞાનનાં આવરણને લીધે, બાહ્ય ચીજમાં જીવ રહી જવાને લીધે તથા બીજાં અનેક કારણોસર જીવને પોતાના પૂર્વભવની સ્મૃતિ રહેતી નથી. તેનો અર્થ એ નથી કે પૂર્વભવ નથી. જો સ્મૃતિ આડેનું પડળ ખસી જાય તો પૂર્વના ભવ કે ભવોનું જ્ઞાન થાય છે. આ જ્ઞાન એટલે શું તે વિશે "વ્યાખ્યાનસાર"માં શ્રીમદ્‌નાં વચનો મળે છે કે :—

૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૦૫.

"'જાતિસ્મરણજ્ઞાન' એ મતિજ્ઞાનનો ભેદ છે...પૂર્વપર્યાય – દેહ છોડતાં વેદનાના કારણને લઈને, નવો દેહ ધારણ કરતાં ગર્ભાવાસને લઈને, બાલપણમાં મૂઢપણાને લઈને અને વર્તમાન દેહમાં અતિલીનતાને લઈને પૂર્વ પર્યાયની સ્મૃતિ કરવાનો અવકાશ જ મળતો નથી, તથાપિ જેમ ગર્ભાવાસ તથા બાલપણું સ્મૃતિમાં રહે નહિ તેથી કરીને તે નહોતાં એમ નથી, તેમ ઉપરનાં કારણોને લઈને પૂર્વ પર્યાય સ્મૃતિમાં રહે નહિ તેથી તે નહોતાં એમ કહેવાય નહિ. જેવી રીતે આંબા આદિ વૃક્ષોની કલમ કરવામાં આવે છે તેમાં સાનુકૂળતા હોય તો થાય છે, તેમ જો પૂર્વ પર્યાયની સ્મૃતિ કરવાને સાનુકૂળતા (યોગ્યતા) હોય તો 'જાતિસ્મરણજ્ઞાન' થાય. પૂર્વ સંજ્ઞા કાયમ હોવી જોઈએ. અસંજ્ઞીનો ભવ આવવાથી 'જાતિસ્મરણજ્ઞાન' ન થાય."[૮]

જાતિસ્મરણજ્ઞાનવાન પાછળના ભવ કેવી રીતે દેખે છે? એ વિશે પોતાના એક અંતેવાસી શ્રી સોભાગભાઈને વિ. સં. ૧૯૫૧ના શ્રાવણ વદી ૧૧ના રોજ શ્રીમદ્દે લખેલું કે :—

"નાનપણે કોઈ ગામ, વસ્તુ આદિ જોયાં હોય, અને મોટપણે કોઈ પ્રસંગે તે ગામાદિનું આત્મામાં સ્મરણ થાય છે તે વખતે, તે ગામાદિનું આત્મામાં જે પ્રકારે ભાન થાય છે, તે પ્રકારે જાતિસ્મરણજ્ઞાનવાનને પૂર્વભવનું ભાન થાય છે. કદાપિ આ ઠેકાણે પ્રશ્ન થશે કે, 'પૂર્વભવમાં અનુભવેલાં એવાં દેહાદિનું આ ભવમાં ઉપર કહ્યું તેમ ભાન થાય એ વાત યથાતથ્ય માનીએ તોપણ પૂર્વભવમાં અનુભવેલાં એવાં દેહાદિ અથવા કોઈ દેવલોકાદિ નિવાસસ્થાન અનુભવ્યાં હોય તે અનુભવની સ્મૃતિ થઈ છે, અને તે અનુભવ યથાતથ્ય થયો છે, એ શા ઉપરથી સમજાય?' તો એ પ્રશ્નનું સમાધાન આ પ્રમાણે છે: અમુક અમુક ચેષ્ટા અને લિંગ તથા પરિણામ આદિથી પોતાને તેનું સ્પષ્ટ ભાન થાય છે, પણ બીજા કોઈ જીવને તેની પ્રતીતિ થવા માટે તો નિયમિતપણું નથી. કવચિત્ અમુક દેશમાં, અમુક ગામ, અમુક ઘેર, પૂર્વે દેહ ધારણ થયો હોય અને તેનાં ચિહ્નો બીજા જીવને જણાવવાથી તે દેશાદિનું અથવા તેના નિશાનાદિનું કંઈ પણ વિદ્યમાનપણું હોય તો બીજા જીવને પણ પ્રતીતિનો હેતુ થવો સંભવે, અથવા જાતિસ્મૃતિજ્ઞાનવાન કરતાં જેનું જ્ઞાન વિશેષ છે તે જાણે. તેમ જ જેને જાતિસ્મૃતિજ્ઞાન છે, તેની પ્રકૃત્યાદિને જાણતો એવો કોઈ જીવ પણ જાણે કે આ પુરુષને તેવા કંઈ જ્ઞાનનો સંભવ છે, અથવા જાતિસ્મૃતિ હોવી સંભવે છે, અથવા જેને જાતિસ્મૃતિજ્ઞાન છે, તે પુરુષના સંબંધમાં કોઈ જીવ પૂર્વભવે આવ્યો છે, વિશેષ કરીને આવ્યો છે તેને તે સંબંધ જણાવતાં કંઈ પણ સ્મૃતિ થાય તો તેવા જીવને પણ પ્રતીતિ આવે."[૯]

શ્રીમદ્‌ને પણ આ પ્રકારનું જ્ઞાન હતું, અને તે થવાની શરૂઆત તેમને સાત વર્ષની ઉંમરે થયેલી. પછીથી આ જ્ઞાનમાં ઉત્તરોત્તર વધારો થયો હતો. "સમુચ્ચયવયચર્યા"ના લેખમાં જાતિસ્મરણજ્ઞાન થયેલું કે નહિ, થયેલું તો ક્યારે, ક્યા પ્રસંગથી તે જ્ઞાનની શરૂઆત થઈ, વગેરે વિશે કશો ઉલ્લેખ નથી. તે પછીનાં લખાણોમાં પણ તે વિશે માહિતી

૮. એજન, પૃ. ૭૬૭. ૯. એજન, પૃ. ૪૭૯.

મળતી નથી. પણ તેમના મિત્રો સાથેના વાર્તાલાપમાં કે તેમને સીધો પ્રશ્ન પૂછનાર વ્યક્તિને તેના ઉત્તરમાં તે જ્ઞાન ક્યારે, કેવા પ્રસંગે થયેલું તે તેમણે જણાવ્યું હતું.

કચ્છના રહીશ ભાઈ પદમશીભાઈ ઠાકરશી વિ. સં. ૧૯૪૧થી શ્રીમદ્‌ના સમાગમમાં આવ્યા હતા. તેમણે એક વખત મુંબઈમાં શ્રીમદ્‌ને જાતિસ્મરણજ્ઞાન કયા પ્રસંગે થયેલું તે બાબત પૂછ્યું હતું. તેના ઉત્તરમાં શ્રીમદ્દે એ આખો પ્રસંગ જણાવ્યો હતો. તેનો સાર આ પ્રમાણે છે:—શ્રીમદ્ સાત વર્ષની વયના હતા તે વખતે વવાણિયામાં અમીચંદભાઈ નામના સદ્‌ગૃહસ્થ, જેઓ શ્રીમદ્ પર ખૂબ વહાલ રાખતા હતા, તેઓ સર્પ કરડવાથી અચાનક ગુજરી ગયા. આ વાત સાંભળી, શ્રીમદ્દે ઘેર આવી તે બાબત તેમના પિતામહને પૂછ્યું. ગુજરી જવા બાબત કહેવાથી નાનો બાળક ગભરાઈ જશે એમ ધારી તેમના પિતામહે તે વાત ટાળવા બીજી અનેક આડીઅવળી વાતો કરી, પણ શ્રીમદ્ તો વારંવાર તે બાબત ભૂલ્યા વિના પૂછવા લાગ્યા. આથી તેમના પિતામહે કહ્યું કે અમીચંદભાઈ ગુજરી ગયા તે વાત સાચી છે. શ્રીમદ્દે એ પછી 'ગુજરી જવું' એટલે શું તે જાણવા તીવ્ર જિજ્ઞાસા દર્શાવી. તેમની તે જિજ્ઞાસા સંતોષવા પિતામહે સમજાવ્યું કે ગુજરી જવું એટલે જીવ નીકળી જવો, પછી શરીર હાલીચાલી ન શકે, બોલી ન શકે, ખાઈ પી ન શકે. તેથી તે શરીરને સ્મશાનમાં બાળી દેશે.

એ સમજ્યા પછી શ્રીમદ્ છૂપી રીતે તળાવ પર ગયા. ત્યાં બે શાખાવાળા એક બાવળના ઝાડ પર ચડીને તેમણે જોયું તો એક ચિતા બળતી હતી, અને તેની આસપાસ અનેક માણસો બેઠા હતા. તે જોઈ તેમને વિચાર થયો કે આવા સારા માણસને બાળવા એ કેવી ક્રૂરતા કહેવાય? આમ શા માટે કરતા હશે?......વગેરે ઊંડી વિચારણામાં તેઓ ઊતરી ગયા અને તે વખતે આવરણ તૂટી જતાં તેમને પૂર્વજન્મનું જ્ઞાન થયું. જે બાવળના વૃક્ષ પર તેમને આ જ્ઞાન થવાની શરૂઆત થઈ હતી, તે આજે પણ વવાણિયામાં મોજૂદ હોવાનું કહેવાય છે.

પદમશીભાઈએ તે વિશે વધુ જાણવા જિજ્ઞાસા દર્શાવી તો શ્રીમદ્દે ટૂંકમાં જ જણાવ્યું કે ત્યાર બાદ જૂનાગઢનો કિલ્લો જોયો ત્યારે તેમાં ઘણો વધારો થયો હતો. પૂર્વજન્મમાં અનુભવેલાં દુઃખોની સ્મૃતિ થતાં તેમનો વૈરાગ્ય દિવસે દિવસે વધતો ગયો હતો.

તેમને સાત વર્ષની વયે થયેલા જાતિસ્મરણજ્ઞાનનો સબળ પુરાવો આપણને તેમના લખાણમાંથી સ્પષ્ટ રીતે મળતો નથી, પરંતુ વિ. સં. ૧૯૫૩ની સાલમાં તેમણે અંગત પ્રસંગો જણાવતું એક કાવ્ય રચ્યું હતું, જે હાથનોંધમાં જોવા મળે છે. તેમાં એક પંક્તિ છે કે, "ઓગણીસસેં ને એકત્રીસે, આવ્યો અપૂર્વ અનુસાર રે."[૧૦] સાત વર્ષની કુમળી વયમાં આવેલો અપૂર્વ અનુસાર એ જાતિસ્મરણજ્ઞાન હોઈ શકે એવું અનુમાન ઉપરનો પ્રસંગ જાણ્યા પછી કરી શકાય. પણ આ પંક્તિ એ જ જ્ઞાનની સૂચક છે, એવો અભિપ્રાય આપી શકાતો નથી.

---

૧૦. એજન, પૃ. ૮૦૧.

પૂર્વજન્મની ખાતરી આપતું એક પદ્ય તેમણે વિ. સં. ૧૯૪૫માં રચેલું મળે છે, જેમાં તેમણે લખ્યું છે કે:—

> "લઘુ વયથી અદ્‌ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ;
> એ જ સૂચવે એમ કે ગતિ આગતિ કાં શોધ?
> જે સંસ્કાર થવો ઘટે અતિ અભ્યાસે કાંય,
> વિના પરિશ્રમ તે થયો, ભવશંકા શી ત્યાંય?"[૧૧]

આ ઉપરાંત શ્રીમદ્‌ના કેટલાક પત્રોમાંનું લખાણ પણ તેમને થયેલા જાતિસ્મરણજ્ઞાનની ખાતરી આપે છે. વિ. સં. ૧૯૪૯ના કારતક વદ ૧૨ના રોજ તેમણે કૃષ્ણદાસ આદિ મુમુક્ષુભાઈઓને લખ્યું હતું કે:—

"પુનર્જન્મ છે—જરૂર છે, એ માટે 'હું અનુભવથી હા કહેવામાં અચળ છું.' એ વાક્ય પૂર્વભવના કોઈ જોગનું સ્મરણ થતી વખતે સિદ્ધ થયેલું લખ્યું છે. જેને, પુનર્જન્માદિ ભાવ કર્યા છે, તે પદાર્થને કોઈ પ્રકારે જાણીને તે વાક્ય લખાયું છે."[૧૨]

વિ. સં. ૧૯૪૮ના વૈશાખ માસમાં શ્રીમદ્દે પોતાના અનુરાગી મુનિશ્રી લલ્લુજી મહારાજને લખેલું કે:—

"સત્સંગનું અત્યંત માહાત્મ્ય પૂર્વભવે વેદન કર્યું છે, તે ફરી ફરી સ્મૃતિરૂપ થાય છે અને નિરંતર અભંગપણે તે ભાવના સ્ફુરિત રહ્યા કરે છે."[૧૩]

વિ. સં. ૧૯૪૬ના પ્રથમ ભાદરવા સુદ ૬ના રોજ શ્રીમદ્દે ધર્મેચ્છક ભાઈઓને વિસ્તારથી લખેલું કે:—

"અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પવિકલ્પનું રટણ ન કર્યું હોય, અને એ વડે સમાધિ ભૂલ્યો ન હોય. નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે અને એ મહાવૈરાગ્યને આપે છે."

"વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી? બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં કે અન્યથા કરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું? અર્થાત્ એમ જાણવું જોઈતું હતું, છતાં ન જાણ્યું એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે."

---

૧૧. એજન પૃ. ૧૯૫.

૧૨. એજન, પૃ. ૩૬૧, આંક ૪૨૪.

૧૩. એજન પૃ. ૩૩૨.

"વળી સ્મરણ થાય છે કે જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક પદાર્થો—સ્ત્રીઆદિક—તે અનંતવાર છોડતાં, તેનો વિયોગ થયાં અનંત કાળ પણ થઈ ગયો, તથાપિ તેના વિના જિવાયું એ કંઈ થોડું આશ્ચર્યકારક નથી. અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો તે તે વેળા તે કલ્પિત હતો. એવો પ્રીતિભાવ કાં થયો? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે."

"વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં, જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરું, તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસીપણે, નાના જંતુપણે શા માટે જન્મ્યો? અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડ્યું! અને તેમ કરવાની તો ઇચ્છા નહોતી! કહો, એ સ્મરણ થતાં આ ક્લેષિત આત્મા પરત્વે જુગુપ્સા નહીં આવતી હોય? અર્થાત્ આવે છે."

"વધારે શું કહેવું? જે જે પૂર્વના ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું, તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે. ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દૃઢત્વ આત્મામાં પ્રકાશે છે."[૧૪]

આ અવતરણ પણ તેમના પૂર્વભવના જ્ઞાન હોવાની સાક્ષી પૂરે છે. એ જ પ્રમાણે વિ. સં. ૧૯૪૭ના કારતક સુદ ૧૪ના રોજ શ્રીમદ્દે શ્રી સોભાગભાઈને લખેલાં નીચેનાં વચનો તેમના જ્ઞાન વિશે સારો પ્રકાશ પાડે છે:—

"ઉપશમ અને ક્ષપક એ બે જાતની શ્રેણી છે. ઉપશમમાં પ્રત્યક્ષ દર્શનનો સંભવ નથી, ક્ષપકમાં છે. પ્રત્યક્ષ દર્શનના સંભવને અભાવે અગ્યારમેથી જીવ પાછો વળે છે. ઉપશમ શ્રેણી બે પ્રકારે છે: એક આજ્ઞારૂપ, એક માર્ગ જાણ્યા વિના સ્વાભાવિક ઉપશમ થવા રૂપ. આજ્ઞારૂપ પણ આજ્ઞા આરાધન સુધી પતિત થતો નથી. પાછળનો ઠેઠ ગયા પછી માર્ગના અજાણપણાને લીધે પડે છે. **આ નજરે જોયેલી આત્માએ અનુભવેલી** વાત છે. કોઈ શાસ્ત્રમાંથી નીકળી આવશે, ન નીકળે તો કંઈ બાધ નથી. તીર્થંકરના હૃદયમાં આ વાત હતી, એમ અમે જાણ્યું છે."[૧૫]

શ્રીમદ્દને જાતિસ્મરણજ્ઞાન હોવાની પ્રતીતિ આપતાં આ બધાં વચનો સાથે એમના એક અનુરાગી, ખંભાતના શ્રી છોટાલાલ માણેકચંદને થયેલો શ્રીમદ્દનો આ બાબતનો અનુભવ નોંધવા જેવો છે. તે તેમના જ શબ્દોમાં જોઈએ:—

"સં. ૧૯૪૬ના આસો વદમાં પરમકૃપાળુદેવ ખંભાત પધાર્યા ત્યારે અંબાલાલભાઈના મકાનમાં ઊતર્યા હતા. હું ત્યાં ગયો તે વખતે કૃપાળુદેવ મકાનમાં વચલા હોલમાં બિરાજ્યા હતા, અને કૃપાળુદેવની સમીપે લાલચંદભાઈ વગેરે ઘણા ભાઈઓ બેઠા હતા. હું કૃપાળુદેવની સન્મુખ દર્શન કરીને ઊભો રહ્યો કે સાહેબજીએ મને જણાવ્યું: 'અમે તમને જોયા છે.' હું જે જે સ્થળોએ, ગામોએ ગયેલો તેનાં નામ

૧૪. એજન, પૃ. ૨૨૧. ૧૫. એજન, પૃ. ૨૫૦.

દઈ પૂછ્યું કે 'આ સ્થાને આ ગામે મને જોયો છે?' સાહેબજીએ કહ્યું કે ના, ત્યાં નહીં. મેં સાહેબજીને કહ્યું કે 'આ સ્થળો કે ગામો સિવાય મારા ધારવા મુજબ હું કોઈ ઠેકાણે ગયો નથી.' સાહેબજીએ જણાવ્યું, 'અમે તમને જોયેલા છે.' મેં પૂછ્યું, 'આપે મને ક્યારે જોયેલો?' તે વખતે સાહેબજી મૌન રહ્યા. અનુમાનથી મેં ધાર્યું કે સાહેબજીએ પૂર્વભવમાં મને જોયો હશે."[૧૬]

જાતિસ્મરણજ્ઞાન એ આત્માની નિર્મળતા સૂચવે છે. અને તે નિર્મળતાની તરતમતા અનુસાર પૂર્વભવોનું જ્ઞાન હોય છે. આપણે જોયું તેમ, તેમને આ જ્ઞાન થવાની શરૂઆત માત્ર સાત વર્ષની ઉંમરે ચિતા જોવાથી થઈ હતી. તે વખતે તેમને અંતરમાં ઊહાપોહ થયો હશે કે આવું કંઈક જોયું છે. ક્યાં જોયું હશે તેની વિચારણામાં ઊંડા ઊતરતાં તેમને પૂર્વ-ભવની સ્થિતિ જોવામાં આવી હશે. કેટલીક વ્યક્તિઓના જણાવવા મુજબ તે વખતે તેમને પોતાની પૂર્વભવની સાધુદશા પ્રત્યક્ષ થઈ હતી, અને પોતે આત્મકલ્યાણની સાધના કરતાં કરતાં તે દેહ છોડચો હતો, એવી સ્મૃતિ થઈ હતી. તે પછી જ્યારે જ્યારે આત્મામાં સ્થિર થવાય કે અન્ય કોઈ નિમિત્તે પ્રશ્ન ઊઠે ત્યારે તેના સમાધાનરૂપે તેમને પૂર્વભવો પ્રત્યક્ષ થતા ગયા હતા. અને શ્રીમદ્‌ના જણાવવા મુજબ આ જ્ઞાનનો ઘણા મોટા પ્રમાણમાં વધારો તો તેઓ જૂનાગઢનો કિલ્લો જોવા ગયા ત્યારે, અને ઈડરમાં ત્યાંના પહાડોમાં વિચર્યા ત્યારે થયો હતો. પૂર્વના કેટલાક ભવોમાં તેઓ એ જગ્યાએ સાધકરૂપે રહ્યા હતા તે જણાવતાં વચનો તેઓએ લલ્લુજી મહારાજ આદિ મુનિઓને કહ્યાં હતાં. ઈડરના પહાડોમાં મુનિઓ સાથે શ્રીમદ્ થોડો વખત રહ્યા હતા તે વખતે તેમણે તેઓ પૂર્વભવમાં કઈ જગ્યાએ, કઈ રીતે બેસતા, રહેતા વગેરે વિશેનું વર્ણન પણ કરી બતાવ્યું હતું. અને પૂર્વભવોની સ્મૃતિને જ કારણે શ્રીમદ્‌ને તેમની આ ભવની જન્મભૂમિ વવાણિયા કરતાં ગુજરાતનાં વનોમાં અને પહાડોમાં વિશેષ શાંતિ લાગતી હતી. પોતે ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના અંતેવાસી શિષ્ય હતા, અને લઘુશંકા કરવા જેટલો પ્રમાદ કરવાથી આટલું ભવભ્રમણ વધી ગયું હતું. આ પ્રસંગ તેમણે ઈડરમાં મુનિઓને પ્રમાદ ન કરવાનો બોધ આપતી વખતે જણાવ્યો હતો.[૧૭]

આ પ્રમાણે તેઓ કોઈ કોઈ વખત પોતાના પૂર્વભવોની વાત શ્રી સોભાગભાઈ, લલ્લુજી મહારાજ, અંબાલાલભાઈ આદિ ગણીગાંઠી વ્યક્તિઓને કહેતા. પરંતુ તેઓ એ સર્વને પણ તે પ્રગટ ન કરવાનો અનુરોધ કરતા. આથી તેમને પૂર્વના ઘણા ભવોનું જ્ઞાન હોવા છતાં આપણી પાસે તેમના પૂર્વભવ વિશેની ખાસ કોઈ માહિતી નથી. તેમના મુદ્રિત લખાણ પરથી તો, તેમને જાતિસ્મરણજ્ઞાન હતું એટલું જ આપણે સિદ્ધ કરી શકીએ છીએ. પણ તે જ્ઞાન કેટલા ભવનું, કયા પ્રકારનું હતું, એ વિશે જાણવા માટે તો તેમના ભક્તોએ જણાવેલ માહિતી પર જ આધાર રાખવો પડે છે.

આ જાતિસ્મરણજ્ઞાને તેમના જીવનમાં સૌથી મહત્ત્વનું કાર્ય કર્યું તે સંસારથી વૈરાગ્ય

૧૬. "શ્રીમદ્ રાજચંદ્ર અર્ધશતાબ્દી સ્મારક ગ્રંથ" પૃ. ૧૦૨.
૧૭. "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા" પૃ. ૧૮૬.

અપાવવાનું. પૂર્વે જીવ કેવું કેવું ભોગવીને આવ્યો છે તે જાણવાથી તેમને આત્માના અસ્તિત્વની અને નિત્યત્વની પૂર્ણ ખાતરી થઈ ગઈ હતી. વળી સંસારનું પરિભ્રમણ કેવું હોય છે તેનો ચિતાર પણ તેમને સ્પષ્ટ થયો હતો, આથી સંસારથી તેમને પ્રબળ વૈરાગ્ય ઉત્પન્ન થવામાં જાતિસ્મરણજ્ઞાન એ મહત્ત્વનું નિમિત્ત હતું.

બાળવયથી જ શ્રીમદ્‌ની અનુકરણશક્તિ અને સ્મરણશક્તિ અદ્ભુત હતી. તેઓ કંઈ સારું જુએ, નવું જુએ, તેને ગ્રહણ કરવાની, શીખી લેવાની તીવ્રતા ધરાવતા હતા. પરિણામે તેવી કોઈ પણ વસ્તુ તેઓ પ્રબળ ક્ષયોપશમ વડે થોડા સમયમાં સાંગોપાંગ શીખી જતા હતા, અને જેમની પાસે તે વિદ્યા જોઈ હોય તેનાથી ઘણો વધારે વિકાસ તેઓ સાધી લેતા હતા. અવધાન, જ્યોતિષ આદિની બાબતમાં આમ જ બન્યું હતું.

## શ્રીમદ્‌ની અવધાનશક્તિ

એકસાથે અનેક વસ્તુ ભૂલ વિના કરવાની અને યાદ રાખવાની શક્તિને અવધાનશક્તિ કહેવામાં આવે છે. આ શક્તિના બે પ્રકાર છે :—

૧. કેળવેલી અવધાનશક્તિ અને ૨. ધારણા રૂપ અવધાનશક્તિ.

કોઈ વ્યક્તિએ એકસાથે અમુક સંખ્યા સુધીનાં કાર્યો કરવાની શક્તિ કેળવી હોય તો તે કેળવેલી શક્તિ કહેવાય છે. આ પ્રકારમાં તે વ્યક્તિની કાર્યશક્તિ સામાન્ય પ્રકારનાં જ કાર્યોમાં ગતિ કરી શકે છે, કઠિન પ્રકારનું કોઈ કામ આવે તો તે વ્યક્તિની મતિ કામ કરતી નથી. જેટલી સંખ્યા સુધી તે એકીસાથે કામ કરી શકે તે સંખ્યાના અવધાન તરીકે તેને ખ્યાતિ મળે છે. આમ તેઓ અષ્ટાવધાની, બારઅવધાની, સોળઅવધાની શતાવધાની આદિ વિવિધ નામે ઓળખાય છે. આ પ્રકારમાં વ્યક્તિ સો કે તેથી વધુ અવધાન સુધી કામ કરી શકે છે, પણ અહીં શક્તિ કેળવવી પડતી હોવાને લીધે તેના અવધાનની સંખ્યામાં ધીરે ધીરે વધારો થાય છે, અને સામાન્ય રીતે શતાવધાન સુધી તે પહોંચે છે.

ધારણા એ મતિજ્ઞાનનો એક ભેદ છે. શાસ્ત્રમાં જ્ઞાનના પાંચ પ્રકાર બતાવાયા છે. તે પાંચ પ્રકાર તે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ. તેમાં મતિજ્ઞાનના ચાર વિભાગ છે : અવગ્રહ – Perception ઈહા – Conception અવાય – Decision અને ધારણા – Retention. ભક્તિભાવ અને શ્રદ્ધા વધે ત્યારે ધારણા આવે છે. ધારણામાં પૂર્વના સંસ્કારને લીધે વ્યક્તિ નિશ્ચયપૂર્વક કામ કરી શકે છે. ધારણારૂપ અવધાનશક્તિમાં વ્યક્તિને સત્ય વસ્તુ પ્રત્યક્ષ હોય છે. અને તીવ્ર સ્મરણશક્તિ સ્વયંસ્ફુરિત હોય છે. તેથી ગમે તેવાં કઠિન કાર્યો તે એકીસાથે કરી શકે છે. વળી, ધારણામાં તેના અવધાનની સંખ્યા બહુ જલદી અને તાત્કાલિક પરચાથી આગળ વધે છે. આથી સામાન્ય વ્યક્તિને તો આટલા પ્રશ્નો એકીસાથે હલ કઈ રીતે થાય છે તે પ્રશ્ન જ મૂંઝવે છે.

આમ કેળવેલી કરતાં ધારણારૂપ અવધાનશક્તિનો પ્રયોગ ઘણી ઊંચી કક્ષાનો હોય છે.

શ્રીમદ્ રાજચંદ્રે પણ મોરબી, જામનગર, બોટાદ, વવાણિયા મુંબઈ આદિ સ્થળોએ અવધાનના પ્રયોગો સફળતાપૂર્વક કર્યા હતા. તેમણે કરેલા પ્રયોગો કેવા હતા, તથા તેમની અવધાનશક્તિ કયા પ્રકારની હતી તે વિશે જોઈએ.

વિ. સં. ૧૯૪૦ આસપાસ મોરબીમાં શાસ્ત્રી શંકરલાલ મહેશ્વર ભટ્ટ અષ્ટાવધાનના પ્રયોગો જાહેરમાં કરી બતાવતા હતા. એટલે કે તેઓ આઠ બાબતો એકસાથે ધ્યાનમાં રાખી, ભૂલ વગર તે આઠ બાબતો ફરીથી કહી કે કરી બતાવતા હતા. એ જ અરસામાં મુંબઈમાં પણ પંડિત ગટ્ટુલાલજી અષ્ટાવધાનના પ્રયોગો કરતા હતા. આ સમયે હિંદમાં, જાણવા મુજબ, આ બે જ પુરુષો ચમત્કારી સ્મરણશક્તિવાળા ગણાતા હતા.

વિ. સં. ૧૯૪૦માં ૧૬ વર્ષની વયે શ્રીમદ્‌ને મોરબી આવવાનો પ્રસંગ બનેલો. તે વખતે શાસ્ત્રી શંકરલાલના અવધાનના પ્રયોગ મોરબીના ઉપાશ્રયમાં થયા હતા. એ અવધાન અવલોકવા આવવાનું આમંત્રણ શ્રીમદ્‌ને પણ મળ્યું હતું.

શ્રીમદ્ ઉપાશ્રયમાં ગયા. અને ત્યાં પોતાની અદ્‌ભુત સ્મરણશક્તિ દ્વારા અવધાન કઈ રીતે થાય તે તેમણે જાણી લીધું. બીજે જ દિવસે ખાનગીમાં મિત્રો સમક્ષ તેમણે નવા નવા વિષયો લઈ અષ્ટાવધાન કરી બતાવ્યાં, અને પછીના જ દિવસે બે હજાર પ્રેક્ષકો સમક્ષ, તે જ ઉપાશ્રયમાં, તેમણે બાર અવધાન સફતાપૂર્વક કરી બતાવ્યાં. અત્યાર સુધી શ્રીમદ્ કવિ તથા વિદ્વાન તરીકે જાણીતા હતા, પણ આ પ્રયોગથી તેઓ તેમની અદ્‌ભુત સ્મરણશક્તિ માટે પણ સન્માનિત થયા. તે પછી તેમણે મોરબીની હાઈસ્કૂલમાં પણ બાર અવધાનનો પ્રયોગ કરી બતાવ્યો હતો, જે માટે તેમને ઇનામ પણ મળ્યું હતું.

આ પ્રસંગ પછી થોડા વખતે શ્રીમદ્‌ને જામનગર જવાનું થયું હતું. ત્યાં પણ તેમણે વિદ્વાનો સમક્ષ બાર અને સોળ અવધાનો વિધિથી કરી બતાવ્યાં હતાં. તે જોઈ બધા પ્રેક્ષકો ખૂબ પ્રસન્ન થયા હતા. જામનગરમાં બે વિદ્વાનો વર્ષોથી મહેનત કરવા છતાં અવધાન કરવામાં સફળતા મેળવી શકતા નહોતા, તેથી શ્રીમદ્‌ની આ વિશિષ્ટ શક્તિ જોઈને તેમણે ખૂબ પ્રસન્નતા બતાવી હતી.

ત્યાર પછી બોટાદમાં પોતાના એક લક્ષાધિપતિ મિત્ર સમક્ષ તેમણે બાવન અવધાન કર્યાં હતાં. આ ઉપરાંત જેતપુર, અમદાવાદ આદિ સ્થળોએ પણ અવધાનના પ્રયોગો કર્યા હતા અને સૌથી વધારે પ્રયોગો તેમણે મુંબઈમાં વિ. સં. ૧૯૪૨ આસપાસ કર્યા હતા. એવા એક પ્રયોગનો નિર્દેશ તેમણે પ્રો. રવજીભાઈ દેવરાજભાઈ ઉપરના પત્રમાં કર્યો છે. વિ. સં. ૧૯૪૩માં પ્રોફેસર પરના પત્રમાં "એક કલાકમાં સો શ્લોક સ્મરણભૂત રહી શકે?" એવા પ્રશ્નના ઉત્તરમાં અવધાનનો ઉલ્લેખ કરતાં તેમણે લખ્યું છે કે :—

> "પંડિત ગટ્ટુલાલજી મુંબઈનિવાસીનાં અવધાનો સંબંધી આપે બહુએ વાંચ્યું હશે. એઓ પંડિતરાજ અષ્ટાવધાન કરે છે, તે હિંદ પ્રસિદ્ધ છે."

"આ લખનાર બાવન અવધાન જાહેરમાં એક વખત કરી ચૂક્યો છે અને તેમાં તે વિજયવંત ઊતરી શક્યો છે, તે બાવન અવધાન :—

| | |
|---|---|
| " ૧ ત્રણ જણ સાથે ચોપાટે રમ્યા જવું. | ૧ |
| " ૨ ,, ,, ,, ગંજીફે ,, ,, | ૧ |
| " ૩ ,, ,, ,, શેતરંજ ,, ,, | ૧ |
| " ૪ ઝાલરના પડતા ટકોરા ગણતા જવું. | ૧ |
| " ૫ સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર મનમાં ગણ્યા જવું. | ૪ |
| " ૬ માળાના પારામાં લક્ષ આપી ગણતરી કરવી. | ૧ |
| " ૭ આઠેક નવી સમસ્યાઓ પૂર્ણ કરવી. | ૮ |
| " ૮ સોળ નવા વિષયો વિવાદકોએ માગેલા વૃત્તમાં અને વિષયો પણ માગેલા રચતા જવું. | ૧૬ |
| " ૯ ગ્રીક, અંગ્રેજી, સંસ્કૃત, અરબી, લૅટિન, ઉર્દૂ, ગુર્જર, મરેઠી, બંગાળી, મરુ, જાડેજી, આદિ સોળ ભાષાના ચારસેં શબ્દો અનુક્રમ વિહીનના કર્મ કર્તા સહિત પાછા અનુક્રમ સહિત કહી આપવાં. વચ્ચે બીજાં કામ પૂર્ણ કર્યે જવાં. | ૧૬ |
| "૧૦ વિદ્યાર્થીને સમજાવવો. | ૧ |
| "૧૧ કેટલાક અલંકાર વિચાર. | ૨ |
| | ૫૨ |

"આમ કરેલાં બાવન અવધાનની લખાણ સંબંધે અહીં આગળ પૂર્ણાહુતિ થાય છે."[૧૮]

એ પછી ઉપરના પત્રમાં શ્રીમદ્દે જણાવ્યું હતું કે તેમની આ શક્તિ જોઈને કોઈ વિદ્વાને ગણતરી કરી હતી કે એક કલાકમાં ૫૦૦ શ્લોક સ્મરણમાં રહી શકે છે.

આ બાવન અવધાનોનાં કાર્યો કે વિગતોમાં શ્રીમદ્ ફેરફાર કરતા. કેટલીક વાર એથી વધારે કે ઓછાં અવધાનો પણ તેઓ કરતાં. તેમણે વધુમાં વધુ શતાવધાન સુધીના પ્રયોગો કર્યા હતા, જેથી તેઓ "શતાવધાની કવિ રાયચંદભાઈ"ના નામે પણ ઘણી જગ્યાએ ઓળખાતા હતા.[૧૯]

વિ. સં. ૧૯૪૨માં શ્રીમદ્ મુંબઈ આવ્યા ત્યારે તેમણે બહોળા પ્રમાણમાં અવધાનના પ્રયોગો જાહેરમાં કરી બતાવ્યા હતા, જેની નોંધ અનેક વર્તમાનપત્રોએ લીધી હતી. પરિણામે શ્રીમદ્‌ની ઘણી ખ્યાતિ થઈ હતી. આ બધાં વર્તમાનપત્રોમાં "મુંબઈ સમાચાર", "The Times of India", "જામેજમશેદ", "The Indian spactator" વગેરે મુખ્ય હતાં.

૧૮. 'શ્રીમદ્ રાજચંદ્ર' અગાસ, આવૃત્તિ ૧, પૃ. ૧૭૪.

૧૯. શ્રીમદે શતાવધાન કર્યાં હતાં એમ કહેવાય છે, પણ જેમ તેમણે કરેલ બાવન અવધાનની ઝીણવટભરી વિગત મળે છે તેમ, તેમણે કરેલા એ શતાવધાનની વિગત મળતી નથી.

શ્રીમદ્દના અવસાન પછી થોડા દિવસે, ઈ. સ. ૧૯૦૧ના ૨૦ એપ્રિલના "મુંબઈ સમાચાર"ના અંકમાં પ્રગટ થયેલ શ્રીમદ્દની અવસાન નોંધમાં અઢાર વર્ષની વયે તેમણે કરેલા બાવન અવધાનના એક પ્રયોગની વિગત, તેમની કુશળતા દર્શાવવા માટે છપાઈ હતી. તે વાંચતાં શ્રીમદ્ અવધાનના પ્રયોગો કઈ રીતે કરતા તેનો અમુક અંશે ખ્યાલ આવી શકશે. "મુંબઈ સમાચાર"માં લેવાયેલી નોંધ આ પ્રમાણે હતી :—

"મર્હુમ પ્રસિદ્ધ જૈન તત્ત્વવેત્તા અને શતાવધાની કવીશ્વર શ્રીમાન રાયચંદ રવજીભાઈ, જેમને લગતી કેટલીક વિગત ગયા બુધવારના મુંબઈ સમાચારમાં આપવામાં આવી છે. તેઓ એકીવખતે સો કામ કેવી રીતે કરતા હતા તેનો ખ્યાલ આપવા માટે તેઓએ કરી બતાવેલાં બાવન અવધાનોને લગતી વિગત અમો હેઠળ આપીએ છીએ."

"બાવન કામ : ચોપાટે રમતા જવું, શેતરંજે રમતા જવું, ટકોરા ગણતા જવું, માળાના પારા ગણતા જવું, ગંજીફે રમતાં જવું, સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર આપેલા ગણતા જવું, સોળ ભાષાઓના અક્ષરો યાદ રાખતા જવું, બે કોઠામાં આડાઅવળા અક્ષરથી કવિતાઓ માગેલા વિષયની કરાવતા જવું, આઠ ભિન્ન ભિન્ન માંગેલી સમસ્યાઓ પૂર્ણ કરતા જવું, સોળ જુદા જુદા માગેલા વૃત્તોમાં માગેલા વિષયો તૈયાર કરાવતા જવું, એમ બાવન કામની શરૂઆત એકવખતે સાથે કરવી, એક કામનો કંઈક ભાગ કરી બીજા કામનો કંઈક ભાગ કરવો, પછી ત્રીજા કામનો કંઈક કરવો, પછી ચોથાનો કંઈક ભાગ કરવો, પછી પાંચમાંનો એમ બાવને કામનો થોડો થોડો ભાગ કરવો, ત્યાર પછી વળી પાછું પહેલા કામ તરફ આવવું અને તેનો થોડો ભાગ કરવો, બીજાંનો કરવો, ત્રીજાંનો કરવો, એમ સઘળાં કામ પૂર્ણ થતાં સુધી કર્યા જવું. એક સ્થળે ઊંચે આસને બેસીને એ બધાં કામમાં મન અને દૃષ્ટિ પ્રેરિત કરવી, લખવું નહિ કે બીજી વાર પૂછવું નહિ. અને સઘળું સ્મરણભૂત રાખી એ બાવને કામ પૂર્ણ કરવાં, તે અથ ઇતિ આ પ્રમાણે ગણાય છે."

"૧. ચોપાટે રમતા જવું : ત્રણ જણ બીજા ચોપાટે રમતા હતા તેની સાથે ચોપાટે રમતાં જતાં અને વચ્ચે બીજાં એકાવન કામ કરતાં જતાં છેવટે લીલી, પીળી, લાલ અને કાળી એ ચારે રંગની સોગઠીઓ ધ્યાનમાં રાખી કહી આપી હતી, ચોપાટ વચ્ચેથી ઉપાડી લેવામાં આવી હતી.

"૨. ગંજીફે રમતા જવું : ચોપાટનો પાસો નાંખ્યા પછી બીજા ત્રણની સાથે કવીશ્વર ગંજીફે રમતા જતા હતા અને છેવટે પોતાનાં તેરે પત્તાં કહી આપ્યાં હતાં. એ પત્તાં કવિને એક વાર જોવા આપી લઈ લેવામાં આવ્યાં હતાં.

"૩. શેતરંજે રમતા જવું : તે જ વખતે શેતરંજ રમવા બીજા એક જણની સાથે ચિત્ત પરોવ્યું હતું. અવધાનની સમાપ્તિ વખતે વચ્ચેથી ઉપાડી લીધેલી શેતરંજનાં પાળાં, ઊંટ, અશ્વ, હાથી અને વજીર, બાદશાહ નંબર વાર કહી આપ્યાં હતાં.

"૪. ઝાલરના ટકોરા ગણવા: એ વખતે એક માણસ બહાર ઊભો રહીને ઝાલરના ટકોરા વગાડતો હતો. તે કવિએ સઘળા સ્મરણભૂત રાખી છેવટે કહી આપ્યા હતા.

"૫. પડતી ચણોઠી ગણવી: કવિને વાંસે વચ્ચે વચ્ચે તે કામની સાથે ચણોઠીઓ નાખવામાં આવતી હતી, તે કેટલી થઈ તે અવધાનની સમાપ્તિએ કવિએ કહી આપી હતી.

"૬થી ૯. બાદબાકી, ગુણાકાર, ભાગાકાર અને સરવાળા કવિને તે કામોની સાથે ગણવા આપ્યા હતા, જે કવિએ મનમાં રાખીને છેવટે તેના જવાબ ગણી આપ્યા હતા.

"૧૦. એક જણ હાથમાં માળાના પારા ફેરવતો જતો હતો જેમાં કવિએ દૃષ્ટિ પરોવી હતી તે માળા વચ્ચેથી અધૂરી મૂકવામાં આવી હતી. છેવટે કવિએ તેના પારા કેટલા થયા તે કહી આપ્યું હતું.

"૧૧થી ૨૬. જુદી જુદી ભાષાઓના શબ્દો – સોળ ભાષાના શબ્દો સોળ જણાને વહેંચી આપવામાં આવ્યા હતા. જ્યારે બીજાં કામો કવિ કરતાં જતાં હતાં, ત્યારે વચ્ચે વચ્ચે એકેકો શબ્દ અનુક્રમ વિના કવિને કાને મૂકવામાં આવતો હતો, પ્રથમ ત્રીજો અરબીનો કહેવાતો હતો, પછી ૪૧૭મો લૅટિનનો કહેવાતો, બીજો સંસ્કૃતનો કહેવાતો પછી ૪૧૮મો ઉર્દૂનો કહેવાતો હતો. આમ અવિચ્છિન્ન અક્ષરો કવિને કહેવામાં આવ્યા હતા. સઘળા કહેવાઈ રહ્યા પછી અવધાનની સમાપ્તિએ ભાષાવાર કવિએ કહી આપ્યા હતા. સંસ્કૃતનો એક અક્ષર ચોથો હોય અને એક પાંચસોમાંનો હોય એ બંનેને તેમણે ક્યાંય પણ લખ્યા સિવાય અંતઃકરણમાં ગોઠવી શ્લોકબંધ કહી દીધા હતા.

સંસ્કૃત, ગુજરાતી, મરાઠી, હિંદી, અંગ્રેજી, પંજાબી, કર્ણાટકી, બંગાળી, મારવાડી, ગ્રીક, ઉર્દૂ, જાડેજી, અરબી, ફારસી, દ્રાવિડી અને સિંધી — એમ સોળ ભાષાના શબ્દો અપાયેલા હતા. એ ભાષાઓના શબ્દોના વિલોમ સ્વરૂપનાં એક-બે દૃષ્ટાંત અહીં આપ્યાં છે:

"સંસ્કૃતનું વિલોમ સ્વરૂપ."

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| स्ति | क्तो | ष्णा | स्व | स्व | र्गं | स्ति | क्तः | तृ | क्ष | बं |
| हि | वि | यो | वि | वा | को | ष | नु | र | रो | का |
| धो | या | को | मु | ष | गी | कः | रा | वा | त्रि | प |
| म | कि | यः | दं | धो | न | हः | वि | र | ये | दे |

"સંસ્કૃતનું ખરું સ્વરૂપ" — કવિએ કહી આપ્યું તેઃ

> चंचो हि को यो विषयानुरागी, को वा विमुक्तो विषये विरक्तः ।
> को वास्ति घोरो नरकः स्वदेहः तृष्णाक्षयः स्वर्गपदं किमस्ति ।।

"ગુજરાતીનું વિલોમ સ્વરૂપ"

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ત | ત્નો | ષ્ટિ | ના | આ | જુ | આ | સૃ | શો |
| જે | પ | દ | એ | ય | જો | થી | ર | સુ |
| ને | ભિ | ઇ | નં | ઙ | વાં | થા | છે | છે |

"ગુજરાતીનું ખરું સ્વરૂપઃ

"આપના જેવાં રત્નોથી હજુ સૃષ્ટિ સુશોભિત છે, એ જોઈને આનંદ થાય છે.

"જાડેજીનું વિલોમ સ્વરૂપ"

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ય | મું | લો | તે | જી | જા | તા | ધિ | વા |
| ડે | ચો | જા | જી | ન | ય | ઙ | ચે | મ |
| અ | હી | મુ | ન | સા | કે | હી | રો | પ |
| ઠી | તો | ક | તો | પો | ર | ન | | |

"કવિએ આનું મૂળસ્વરૂપ કહી આપ્યું તેઃ

"મુંજા ધિલોજાન હતે અચે ન તો, મૂકે હી ઠીક પડે ન તો, પોય તોજી મરજી, હી સારો ચોવાય ?

"અહીં તો અમે માત્ર ત્રણ ભાષાનાં લોમવિલોમ સ્વરૂપ આપી શકયા છીએ, પરંતુ પોતે જાણતા નહોતા એવી સોળ ભાષાના શબ્દોને વિલોમરૂપ મટાડી ખરા રૂપમાં મૂકેલા હતા.

"૨૭–૨૮. બે જણા બે વિષયો કોષ્ટકમાં આડાઅવળા અક્ષરોથી માગેલા પૂરા કરાવવા ઇચ્છા ધરે, તે કવિ કેવા રૂપમાં પૂર્ણ કરતા તેનો એક નમૂનો અહીં આગળ આપ્યો છે. માગનાર જે અક્ષર માગે તે આપી કવિ તે કાવ્ય પૂર્ણ કરતા.

"કવિતા ને હિમ્મત – ભુજંગી :

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૩ ભ | ૧૬ લી | ૩૨ કાં | ૪૬ નિ | ૮ સા | ૧૯ સા | ૩૬ ધ | ૩૪ રે | ૧૧ તું | ૨૩ ક | ૨૧ વિ | ૨૦ તા ? |
| ૧૦ પ | ૧૮ ડી | ૩૧ શો | ૭ ક | ૪૪ માં | ૨૭ કે | ૨ મ | ૩૭ તું | ૩૫ કા | ૧૨ વ્ય | ૪૦ ગી | ૩૮ તા ? |
| ૨૮ ઉ | ૨૬ વે | ૩૦ જો | ૧૫ મ | ૬ ને | ૪૩ જો | ૩ ડ | ૪૨ તાં | ૧૩ ઉ | ૪૫ ર્ષ | ૨૨ દે | ૪૭ જે, |
| ૯ હૈ | ૧૭ પા | ૪૮ તું | ૨૫ ક | ૨૯ રી | ૫ મુ | ૪ જ | ૪૧ સં | ૧૪ ભા | ૧ ળ | ૩૯ લે | ૨૪ જે. |

"અક્ષર ઉપર જે આડાઅવળા આંકડા મૂક્યા છે તે પ્રમાણે અક્ષરો મંગાયા હતા, તેમાંથી કવિતા થઈ ગઈ હતી.

"૨૯ થી ૩૬. આઠ જુદી જુદી સમસ્યાઓ આપી હતી. તેની વચ્ચે વચ્ચે એકેકી કડી લખાવીને પૂર્ણ કરી હતી. છેવટે આઠે સમસ્યાઓ કવિએ બોલી દેખાડી.

"૩૭ થી ૫૨. સોળ જણાઓએ જુદા જુદા સોળ વિષયોની જુદા જુદા વૃત્તમાં કવિતા માગી હતી, અને છેવટે તે પાછી સોળે નવી કવિતાઓ કવિને મોઢે થઈ ગઈ હતી, તે કવિએ કહી બતાવી હતી. શીઘ્ર કવિતાના બે-ત્રણ નમૂના આપીએ છીએ : 'ચંદ્રના રથને હરણિયાં શા માટે જોડયાં છે? તે માટે તર્ક દોડાવવો, અને ઉપરની બે કડી પછી વાણિયા ઉપર ઉતારવી' એ વિષય.

શાર્દૂલવિક્રીડિત

"અંગે શૌર્ય દમામ નામ ન મળે, સત્તા રહી ના જરી!
પ્રેમી કાયરતા તણો અધિક છે, શાસ્ત્રે કથા એ ખરી,
ભાગી જાય જરૂર તે ભય ભર્યો, રે! દેખતાં કેસરી,
તે માટે રથ ચંદ્રને હરણિયાં જોડી દીધાં શ્રીહરિ!

"કજોડાં માટે હિંદુઓને તિરસ્કાર:

મનહર

"ફૂળ મૂળ પર મોહી, શૂળ હાથે કરી રોપો,
મૂલ થકી ધૂળ કેમ? કરો નિજ બાલિકા,

કરો છો કસાઈ થકી એ સવાઈ આર્યભાઈ,
નક્કી એ નવાઈની ભવાઈ સુખટાળિકા,
ચેતો ચેતો ચેતો રે ચતુર નર ચેતો ચિત્ત,
બાળો નહીં હાથે કરી બાળ અને બાળિકા,
અરે! રાયચંદ કહો, કેમ કરી માને એહ,
ચડી બેઠી જેને કાંધે, ક્રોધ ધરી કાળિકા?

"કવિનું પોતાનું નામ તેમના પિતાજી સહિત આવે અને એક દોહરામાં મહાત્માને પ્રણામ થાય" તે વિષય.

દોહરો

"શાચે યશ ચંદ્રોદયે રહે વધુ જીવિ નામ,
તેવા નરને પ્રેમથી, નામ કરે પરણામ.

"અવધાનોમાં "ચોપાટને તિરસ્કાર" એ વિશે ભુજંગી આપ્યો હતો, જે અહીં આપેલ છે":

"કર્યું રાજ્ય તેં ધર્મનું ધૂળધાણી, વળી ફેરવ્યું કૌરવો શીરપાણી!
તજી તું પ્રતાપે નળે નિજ રાણી, હવે જોઈ ચોપાટ તારી કમાણી!"

"એ જ અવધાનમાં "વંઝ્યાપુત્ર મારવાને કોઈ ચાલ્યો જાય છે" એ સમસ્યા પૂર્ણ કરવાની હતી, તે આવી રીતે પૂર્ણ કરી હતી:

મનહર-કવિત

પ્રેમ ધરી પૂછ્યું એક, કવિ કને કામિનીએ
ખલકનો ખેલ અહા, અજબ દેખાય છે,
સર્વને સંતાનસુખ, સંસારમાં સાંપડે છે,
એ જ માટે વંઝ્યાતણો, જીવ તલખાય છે,
કહો કવિરાય એનું કૃપાથી કારણ મને,
કહે કવિ ક્યાંથી થાય? એનું આમ થાય છે,
ઉદર પ્રવેશ પહેલાં, પ્રભુને ત્યાંથી પડાવી,
વંઝ્યાપુત્ર મારવાને, કોઈ ચાલ્યો જાય છે."[૨૦]

"મુંબઈ સમાચાર"માં સને ૧૯૦૧ના એપ્રિલે પ્રગટ થયેલા ઉપરના લેખ* પરથી શ્રીમદ્દે પ્રાપ્ત કરેલી શક્તિનો આપણને કંઈક ખ્યાલ આવે છે. શ્રીમદ્ વિ. સં. ૧૯૪૨

૨૦. "શ્રીમદ્ રાજચંદ્ર," આવૃત્તિ ૫, પૃ. ૪૭૧.
* એજન, વિભાગ ૧, પૃ. ૪૭૫.

આસપાસ મુંબઈ આવ્યા હતા, અને મુંબઈમાં તેમણે અવધાનના કેટલાક પ્રયોગો જાહેરમાં કર્યા હતા. તે પ્રયોગો વિશે હિંદના અગ્રગણ્ય વર્તમાનપત્રોએ લેખો કે નોંધો પ્રગટ કરી હતી, જેમાં 'The Indian Spectator', 'The Times of India', 'મુંબઈ સમાચાર', 'જામે જમશેદ' વગેરેનો સમાવેશ થાય છે. આ વર્તમાનપત્રોએ આપેલી શ્રીમદ્દના અવધાનના પ્રસંગો સંબંધી કેટલીક નોંધ જોઈએ.

શ્રીમદ્દે કરેલા અવધાનના પ્રયોગો સંબંધે The Indian Spectator પત્રના તા. ૨૮ નવેંબરના ૧૮૮૬ના અંકમાં નીચે પ્રમાણે નોંધ લેવાઈ હતી :—

"We have had a visit from a young, Prodigy, Shatavadhani Kavi Shri Raichandra Ravji, an inhabitant of Vavania, between Kutch and Morvi. Mr. Raichandra is a Bania by caste, a versifier by birth and by birth also a Shatavadhani. That is one whose mnemonic powers will perform, We suppose 100 different functions at one and the same time. He knows no other language but the Gujarati and yet he can exercise his marvellous powers on sixteen different languages at one sitting. We shall be glad to introduce him to earnest inquiries."[૨૧]

"મુંબઈ સમાચાર" પત્રે ૩જી ડિસેંબર ૧૮૮૬ના અંકમાં શતાવધાન સભા વિશે આ પ્રમાણે નોંધ લખી હતી :—

**"યાદદાસ્તશક્તિના એક તરુણ હિંદુએ કરી બતાવેલા ચમત્કારો"**

"કાઠિયાવાડના મોરબી સંસ્થાનના ગામ વવાણિયાના રહીશ કવિ રાયચંદ રવજીભાઈની અવધાનશક્તિના ચમત્કારો જોવાને અત્રેની થીઓસોફીકલ સોસાયટી તરફથી એક ખાનગી મેળાવડો કરવાનું આમંત્રણ થયું હતું. તે મુજબ સોસાયટીવાળા મકાનમાં ગઈ પરમ દિવસે સાંજે સાડા પાંચ કલાકે હિંદુ, મુસલમીન, યુરોપિયન, પારસી વગેરે જુદી જુદી જાતિના ગૃહસ્થો રૂબરૂ તેમણે તે કરી બતાવ્યા હતા. ઠેરવેલ વખતે કાઠિયાવાડી સાદા પોશાકમાં કવિ રાયચંદ આવી પુગતાં તાળીઓના અવાજથી તેઓને વધાવી લેવામાં આવ્યા હતા. સાંજના કલાક છને સુમારે તેમણે પોતાનું કાર્ય શરૂ કરતાં જણાવ્યું હતું કે, દુનિયામાં માણસજાત યાદદાસ્તશક્તિ, કાવ્યશક્તિ અને હસ્તચમત્કૃતિ માટે વખણાય છે. આ ત્રણમાંની પહેલી બેનું મને સહેજસાજ જ્ઞાન છે, અને છેલ્લીથી હું બિનવાકેફ છું. હસ્તશક્તિનો તીર, બાણ, તલવાર, બંદૂક વગેરેમાં સમાસ થાય છે, કે જેમાં હિંદુઓમાં જાણીતા થઈ ગયેલા પાંડવો મશહૂર છે. સ્મરણશક્તિ વિશે હું પણ કંઈક જાણું છું. તે મારી અલ્પશક્તિ જેટલું તમે ગૃહસ્થો હજુર કહી સંભળાવીશ."

૨૧. એજન, પૃ. ૪૭૫.

"તે પછી સભાના ગૃહસ્થોને વાકેફ કરવામાં આવ્યા હતા કે જુદી જુદી આઠ ભાષાઓનું એકેક જણે એવું વાકય બનાવવું કે જેમાં છ શબ્દો આવે. તે મુજબ સ્પેનીશ, અંગ્રેજી, જર્મન, ફ્રેંચ, લેટિન, ઝંદ, સંસ્કૃત અને બંગાળી ભાષા જાણનાર જુદા જુદા ગૃહસ્થોએ એક કાગળના કટકા પર આગમચથી છ છ શબ્દોનું વાકય લખી રાખ્યું હતું અને નવમી ફારસી ભાષા રહી જવાથી તેની માગણી થતાં તે પણ મંજુર રખાઈ હતી."

કવિરાજે તે પછી જણાવ્યું કે, 'જુદી જુદી ભાષા ધરાવનાર એકેક શખસે પોતાના છ છ બોલના વાકયનો એકેકો બોલ અવારનવાર ગમે તેમ તેમને કહી સંભળાવવો. અનુક્રમે તે વાકયોના શબ્દો કહેવાની કશી અગત્ય નથી. જુદા જુદા શબ્દો જુદી જુદી ભાષામાં બોલશે તે હું લક્ષમાં લઈ કાગળ પર લખ્યા મુજબ વાકયોના અનુક્રમે શબ્દો છેવટે તમને કહી સંભળાવીશ. તેમ જ વળી અધવચમાં હું જુદા જુદા બે રાગની કવિતા રચીશ. એકેક લીટી જોડી મારું લક્ષ તેમાં પણ દોરવીશ.' અત્રે સભાના એક ગૃહસ્થ તરફથી એવી માગણી થઈ કે એક કવિતામાં '**રુસ્તમજી**' નામ તથા બીજીમાં આજની સભાનું વર્ણન આવે એવી મતલબ સમાવવી. કવિરાજે તે સ્વીકારી જણાવ્યું કે, 'પહેલી કવિતાની લીટી હું એવી બોલીશ કે તેમાં **રુસ્તમજી** નામ આવી જશે.' તે પછી કવિરાજે સ્થિર ચિત્તથી અવધાન તથા શીઘ્ર કવિતાનું કામ શરૂ કર્યું. જુદી જુદી ભાષા લખનાર ગૃહસ્થો પોતે લખી રાખેલાં વાકયોના અનુક્રમ તોડી છૂટક છૂટક શબ્દો કહેતા હતા. તે કવિ યાદ રાખતા હતા ને તે કવિતા પણ કર્યે જતા હતા. સઘળા શબ્દો પૂરા થતાં અકબંધ વાકયોમાં તેઓ નીચે મુજબ બોલી ગયા :

"૧. અંગ્રેજી – હેવ યુ એવર બિન ઈન બોમ્બે ?
"૨. સ્પેનીશ – કે કુવાનટેસ પાલા બરાસ પોઇડેઉસ્ટડાસે.
"૩. જર્મન – ઈસ્ટ યુ બડર ઓ રોગ ટુ કુગ.
"૪. ફ્રેંચ – બા ફાઝી લીટે ડેલરે હમે એસ્ટ.
"૫. ઝંદ – મજીરા તાશ વહીશતાય શ્રી એશતાચ વા આહુઈરીશ, જરથુશ તરીશ.
"૬. સંસ્કૃત – ધઉતા ધરી પાણી રાચમય સપવિત્ર ઉપહુબ ?
"૭. લૅટિન – એસે આડમીરાબી લેમ મેનટેસ હુજુસ જુવેનીસ.
"૮. બંગાલી – અપના કે ગી આશય જઈશ ખા મોટા બીયા છેન.
"૯. ફારસી – અખરો અનાર અસલ મરહુમ ખૂબ બરાયે.

તાળીઓ

એ પછી પહેલી કવિતામાં

ભુંજગી

"રહ્યા છો મહાજોગને જાળવીને, ભલો બોધ ભાખો તથાપિ ભવીને,
નથી રાગ કે દ્વેષ કે માન કાંહી, વધુ શું વખાણું અહો રાય આંહી ?"

શાર્દૂલ

"રુચિ લોક સમસ્તની મન સજી વિદ્યાવિલાસે ગઈ,
તેથી સુજ્ઞ સમાજ આ અવસરે, તે વક્ષે ગાજી રહી,
થાતાં દર્શન આપનાં જ મુજને, આનંદ ભારે થયો,
આપે આ મુજ શક્તિને નિરખતાં, હું સારથક થઈ ગયો."

"અત્રે કવિરાજે જણાવ્યું કે, 'તમો સાહેબોએ સૂચવેલાં નવ અવધાન તથા જોડેલી કવિતાઓ અનુક્રમે કહી સંભળાવી. મારું આજનું કાર્ય તમો ગૃહસ્થો હજૂર પૂરું થયું છે.' તાળીઓ...

"ઉપલી ભુજંગી છંદની પંક્તિઓમાં આજની સભાનું વર્ણન તેમ જ શાર્દૂલની પહેલી લીટીમાં ૧, ૭, ૯, ૧૨મા હરફોથી માગ્યા મુજબ રુસ્તમજી નામ આવે છે.".....૨૨

શ્રી 'જામે જમશેદ પત્ર' ઉપર પ્રમાણે વર્ણન આપતાં એ જ તારીખના પોતાના અંકમાં લખે છે કે:—

"એકેક બોલ પોતાના મનમાં ઠસાવવા સારુ લગભગ એકેક મિનિટ લેતા હતા. વળી તે અરસામાં કવિતા પણ જોડતા અને એકેકી લીટી લખાવતા. લોગેજોગે જુદી જુદી ભાષાના શબ્દો બોલનારમાંનું કોઈ ભૂલ ખાઈ જતું, તો તરત જ તેણે ભૂલ કરી છે એવું તેઓ કહી આપતા હતા. જુદી જુદી ભાષાનાં વાકયો નીચેના ગૃહસ્થોએ ગોઠવ્યાં હતાં.

અંગ્રેજી, સ્પેનીશ, જર્મન — મી. વાઈ હાઉસ, યુનાઈટેડ સ્ટેટ્સના કાઉન્સેલ જનરલ

ફ્રેંચ — એક ફ્રેંચ ગૃહસ્થ
લેટિન — મી. દલાલ
ફારસી — મી. ખોદાવક્ષ શીરમહમદ
સંસ્કૃત — મી. જનાર્દન ડી. કાલીલકર
ઝંદ — મી. રુસ્તમજી કેરસાજી મોદી
બંગાળી — ડૉકટર રાય

એ ગૃહસ્થોએ એકેક બોલ ગૂંચવણભરી રીતે હેરફેર કહ્યા પછી આ યુવાન ગૃહસ્થે કાંઈ પણ ભૂલચૂક વગર આખાં વાકયો મોઢેથી રજૂ કર્યાં હતાં.[૨૩]

શ્રીમદ્‌ના એ કાર્યક્રમમાં દેશીવિદેશી મોટી મોટી વ્યક્તિઓ ઉપસ્થિત રહી હતી

૨૨. "શ્રીમદ્ રાજચંદ્ર" (ભાગ ૧, પૃ. ૪૭૧)
૨૩. એજન, ભાગ ૧, પૃ. ૪૭૩.

તે એ પ્રસંગનું મહત્ત્વ દર્શાવે છે. વળી છાપાંમાં એ વિશે માત્ર સમાચારો કે લેખો જ નહિ, અગ્રલેખો પણ આવ્યા હતા, જે શ્રીમદ્‌ની એ શક્તિથી તેઓ કેટલા પ્રભાવિત થયા હશે તે દર્શાવે છે. "મુંબઈ સમાચાર" પત્રે પોતાના તા. ૫–૧૨–૧૮૮૬, માગશર સુદ ૮, સં. ૧૯૪૩ના અંકમાં નીચે મુજબ અગ્રલેખ આપ્યો હતો :–

**"અદ્‌ભુત સ્મરણશક્તિ તથા કવિત્વશક્તિ ધરાવનાર એક જવાન હિંદુની અત્રે પધરામણી અને તેના તરફથી થતા શતાવધાનના પ્રયોગ.**

"મોરબીથી કવિ શ્રી રાયચંદજી રવજીભાઈ નામનો માત્ર ૧૯ વરસની વયનો એક હિંદુ ગૃહસ્થ અત્રે આવી સ્મરણશક્તિ તથા કવિત્વશક્તિનાં જે અદ્‌ભુત કૃત્યો કરી દેખાડે છે, તેનાથી વાંચનારાઓને અમે વાકેફ કરતા રહીએ છીએ. એવી મહાન શક્તિના પુરુષો એકથી વધારે આવી ગયા છે, અને ખુદ મુંબઈમાં શીઘ્રકવિ પંડિત ગટુલાલજી તેવી શક્તિ ધરાવનાર તરીકે જાણીતા છે, પણ હમણાં આવેલો સદરહુ પુરુષ તેઓ કરતાં ચડતી શક્તિનો કહેવાય છે, એટલે બીજાઓ જ્યારે અષ્ટાવધાન એટલે એકી વેળા આઠ પ્રકારના પ્રયોગો કરી બતાવે છે, ત્યારે આને શતાવધાની એકસો પ્રયોગો કરી દેખાડનારો સમજવામાં આવે છે. તેમનામાં રહેલી શક્તિની મોટી ખૂબી એ છે કે, તેઓ એકી વેળા અનેક બાબત પોતાના મનમાં યાદ રાખી તથા રચી શકે છે, અને તે બાબત જેમ સહેલી, તેમ કવિતા, ગણિત અને ભાષાના સરખી અઘરી પણ હોય છે. ગમે તેવા કઠણ છંદમાં તેઓ બોલ બોલતાં કવિતા રચે છે, ગમે તેવી અજાણી અને પારકી ભાષામાં કહેલા ઉલટપાલટ શબ્દોનાં વાક્યોને સરખાં ગોઠવી આપે છે, અને તે સઘળું એકબીજાની સાથે વચે વચે કરે છે.

"એ શક્તિઓ ખરે જ અદ્‌ભુત અને અસાધારણ છે. અને તે કેમ ખીલે છે તથા કામે લાગે છે તેની તપાસ કરવાની તથા તેનો લાભ લેવાની તજવીજ કરવી જોઈએ. આટલું તો ખરું છે કે એવી શક્તિ કુદરતની એક બક્ષીસ માત્ર છે, અને તે કોઈ જ ભાગ્યશાળી ગૃહસ્થને અર્પણ થયેલી હોય છે, પણ તે ખીલી કે વધી શકે નહિ અને માણસજાતના કારોબાર તથા વ્યવહારમાં આવી શકે કે નહિ તે નક્કી કરવાની જરૂર છે. કેટલીક તરફથી એવું માનવામાં આવે છે કે તે તેવા ઉપયોગમાં આવી શકે નહિ, અને જો લેવા માંગે તો તેનું બળ ઓછું થતું જાય. આમાં કેટલી સચ્ચાઈ રહી છે તે પણ શોધી કાઢવું જોઈએ. આવા પુરુષો અત્યાર સુધી હિંદુ કોમમાંથી જ મળી આવે છે. મોહમેડન, પારસી વગેરે કોમમાંથી મળી આવતા નથી તેનું કારણ શું? શું એવા પુરુષો ચોક્કસ જાતમાં જ જન્મે છે? અથવા વંશપરંપરા ઉતરે છે? એ સર્વ બાબતોની તપાસ કરતાં અગત્યના ખુલાસા મળશે ... "[૨૪]

"The Times of India"એ પોતાના તા. ૨૪–૧–૧૮૮૭ના અંકમાં બીજી એક સભા વિશે આ પ્રમાણે નોંધ લખી હતી :–

---

૨૪. "શ્રીમદ્ રાજચંદ્ર", ભાગ ૧, પૃ. ૪૧૯.

"Exhibition of Mnemonic Powers : A large number of native gentlemen assembled on Saturday at Framji Cowasji Institute to witness an exhibition of the mnemonic powers of a Young Hindu, named Raichandra Ravjibhai of about 19 years of age. Dr. Peterson presided on the occasion. Ten gentlemen of the different caste and creeds were selected from the audiance to form a committee, and they all wrote out sentences composed of six words into as many different languages. Each one then gave in his turn one word of their sentence, often times varying the order of the words. After a time the young Hindu reproduced to the surprise of his audiance the entire sentences giving the order of words from memory. The young man also seemed to have, a remarkable sense of perception by touch or feeling. He was first shown about a dozen books of various sizes and was informed of the names of those books. The man was then blindfolded and he gave out the names of each of these books by feeling it, as it was placed in his hands. Dr. Peterson congratulated the young Hindu on the wonderful mnemonic powers, he seemed to be gifted with and presented with a gold medal on behalf of the jain community. "[૨૫]

"ગુજરાતી" પત્રે આ જ સભાનું વર્ણન આપતાં તા. ૨૩મી જાન્યુઆરીના અંકમાં લખ્યું હતું કે :—

"ગઈ કાલે સાંજે અત્રેના ફરામજી કાવસજી ઇન્સ્ટીટયૂટમાં કાઠિયાવાડના શીઘ્રકવિ રાયચંદ્ર રવજીએ શતાવધાન પ્રયોગ કરી બતાવ્યો હતો. શરૂઆતમાં સિંધી, તેલુગુ, કાનડી, મરાઠી, સંસ્કૃત, જર્મન, ફારસી, ફ્રેંચ, પોર્ટુગીઝ એ દશ ભાષાનાં છ છ શબ્દનાં દશ વાક્યો ઉત્તરોત્તર આડાઅવળાં કહી બતાવેલાં તે કવિએ સ્મરણમાં રાખી મી. પીટરસનના પ્રમુખપણા નીચે યથાર્થ કહી સંભળાવી સભાને રંજન કરી હતી. કવિની અદ્‌ભુત સ્મરણશક્તિથી હરકોઈ અચરતીની નજરે જોતું હતું. પહેલો પ્રયોગ પૂરો થતાં વાર કવિએ વિધાનવિધિ વચ્ચે રચેલી કવિતા નીચે પ્રમાણે કહી સંભળાવી હતી :

"સભાસદો અહીં મળ્યા, મહાન જે સુભાગીયા,
પ્રભા સરસ્વતી તણી, પ્રમુખરૂપ આ ભણી."

"ત્યાર બાદ મી. પીટરસને કવિની ટૂંકમાં પ્રશંસા કરી જૈનમંડળ તરફથી તેઓને એક સોનાનો ચાંદ ભેટ આપ્યો અને બીજા કેટલાક ગૃહસ્થોએ પણ યથાશક્તિ ભેટો

૨૫. "શ્રીમદ્ રાજચંદ્ર" ભાગ, ૧, પૃ. ૪૭૩.

આપી હતી. પ્રયોગના બીજા ભાગમાં આંખે પાટા બાંધીને ચોપડીઓ ઓળખી કાઢી, અને ત્યાર બાદ હર્ષના પોકારો વચ્ચે પ્રયોગ પૂરો કરી કવિ એક રસિલું ભાષણ કરી વિધાનવિધિ વિશે તથા સ્મરણશક્તિની કેળવણી વિશે થોડું બોલ્યા હતા. સભામાં આશરે બસો ગૃહસ્થો બિરાજ્યા હતા. અને કવિએ પોતાની અદ્દભુત શક્તિ બતાવી સર્વ કોઈને સાનંદાશ્ચર્ય પમાડયા હતા."[૨૬]

તા. ૨૪–૧૨–૧૮૮૭ના "જામે જમશેદ"માં પણ એ અહેવાલ છપાયો હતો. તેમાં જણાવ્યું છે :—

"આ સભામાં સ્મૃતિમાં રાખેલા દશ ભાષાના શબ્દો અર્ધી કલાકમાં મનન કર્યા હતા, એ પછી કમિટીના ગૃહસ્થોએ વારાફરતી પોતાનાં વાક્યોના બોલો હેરફેર રીતે કવિને કહ્યા હતા અને તે થોડી થોડી વાર મનમાં છૂટા તેમણે ગોખ્યા હતા. વળી તે જ વખતે તેમણે એક કવિતાના છૂટા છૂટા અધૂરા બોલો એક જણને લખાવ્યા હતા. અર્ધો કલાક એ રીતે ગોખવા પછી સભાની જોસભેર તાળીઓ વચ્ચે સઘળાં વાક્યો બરાબર બોલી ગયા હતા. ડોકટર પીટરસને પોતાને આ અખતરાથી બેહદ અચરતી પામેલા જણાવ્યા હતા."[૨૭]

વર્તમાનપત્રોમાં આવેલી શ્રીમદ્દના અવધાનના પ્રયોગોની હકીકત વાંચતાં તેમની અદ્દભુત શક્તિનો આપણને કંઈક ખ્યાલ આવે છે. આ ઉપરાંત "ધી ટાઇમ્સ ઓફ઼ ઇન્ડીઆ", "બોમ્બે ગેઝેટ", "જામે જમશેદ" આદિ પત્રોમાં સાભિપ્રાય મુખ્ય લેખો તથા બીજી સભાનાં છ વર્ણનો પ્રગટ થયેલાં, પણ તે બધાં હાલ ઉપલબ્ધ નથી. એ જ રીતે, તે સમયના હાઈ કોર્ટના ચીફ જજ સર ચાર્લ્સ સારજંટ, મી. ટર્નર વગેરે ઘણા યુરોપિયન તથા દેશી અગ્રેસરોએ શ્રીમદ્દને આપેલા અભિનંદનપત્રો હાલમાં ઉપલબ્ધ નથી. તે બધું જો આજે પ્રાપ્ત હોત તો શ્રીમદ્દની આ અદ્દભુત શક્તિ પર થોડો વિશેષ પ્રકાશ પડી શકત.

આજે જેટલી માહિતી મળે છે, તે પરથી પણ આપણે એવો અભિપ્રાય બાંધી શકીએ કે શ્રીમદ્દની અવધાનશક્તિ ધારણારૂપ હતી. પહેલી વાર અવધાન જોતાંની સાથે જ તેમણે તે શીખી લીધાં હતાં. વળી તેને બીજે જ દિવસે કશા પણ વિશેષ પ્રયત્ન વિના બાર અવધાન સફળતાપૂર્વક કરી બતાવ્યાં હતાં. તે પછી સોળ, બાવન અને શતાવધાન સુધીના પ્રયોગો તેમણે વિશાળ મેદનીમાં સફળતાપૂર્વક કર્યા હતા. લોકોએ માગેલા વૃત્તમાં તથા માગેલા વિષયમાં શીઘ્ર પદ્યરચના કરવી, સોળમાંથી પંદર અજાણી ભાષાઓના વિલોમ સ્વરૂપે અપાયેલા શબ્દો સરખી રીતે ગોઠવીને પ્રત્યેક ભાષાનાં વાક્યો રચી કહી બતાવવાં, ગણિતના અટપટા કોયડા ઉકેલવા, એ વગેરે કઠિન કાર્યો કરવાં તે કોઈ સાધારણ શક્તિવાળાનું કામ નથી. આવાં કાર્યો કરવાની શક્તિ કેળવી શકાય તેના કરતાં સ્વયંભૂ જ વિશેષ હોય છે. વળી શ્રીમદ્દ અવધાનની સંખ્યામાં જે ઝડપથી વધારો કરી શક્યા હતા તે ઝડપ પણ

૨૬. એજન, ભાગ ૧, પૃ. ૪૭૪.

૨૭. એજન, ભાગ ૧, પૃ. ૪૭૫.

તેમની શક્તિ કેળવેલી નહોતી તે જ સૂચવે છે. આ પરથી આપણે નિઃશંક નક્કી કરી શકીએ કે શ્રીમદ્‌માં ખીલેલી અવધાનશક્તિ કેળવેલી નહોતી, પણ "મતિજ્ઞાન"ની ધારણા-શક્તિને આધારરૂપ હતી, એટલે તેમની એ શક્તિ ઘણા ઊંચા પ્રકારની હતી.

આવી અદ્‌ભુત શક્તિ હોવા છતાં માત્ર વીસ વર્ષની વયથી એટલે કે સં. ૧૯૪૩થી (સને ૧૮૮૭થી) તેમણે અવધાનના પ્રયોગો જાહેરમાં કરવા છોડી દીધા હતા, અને તે શક્તિને પોતાના અંતરમાં સમાવી દીધી હતી. આ પ્રયોગો તેમને પરમાર્થમાર્ગમાં વિઘ્નરૂપ લાગતાં, તેમણે તેને ત્યાજ્ય ગણી, તેનાથી મળતી કીર્તિ અને ધનનો મોહ પણ રાખ્યાં નહોતાં. એટલું જ નહિ પણ સર ચાર્લ્સ સારજંટ જેવાએ તો તેમને યુરોપમાં આ પ્રયોગો બતાવી કીર્તિ સંપાદન કરવાની ભલામણ કરી હતી, ત્યારે પરદેશમાં હિંદુ આચારવિચાર સચવાય નહિ એવું કહી તે માગણી વિનયપૂર્વક નકારી હતી. અને એ દ્વારા દેશવિદેશની ખ્યાતિનો મોહ પણ છોડયો હતો. માણસ સામાન્ય રીતે ધન અને કીર્તિ મેળવવા માટે વલખાં મારતો હોય છે, ત્યારે શ્રીમદ્‌ ૨૦ વર્ષની નાની વયમાં, યોગવિભૂતિની જેમ, તેને ત્યાજ્ય ગણી આત્માની ઉચ્ચ દશાનું એક શિખર સર કરે છે. પંડિત સુખલાલજીએ એક લેખમાં તેમના વિશે યોગ્ય જ લખ્યું છે કે :—

> "બીજા કેટલાક અવધાનીઓની પેઠે એમનાં અવધાનોની સંખ્યા કેવળ નંબરવૃદ્ધિ ખાતર યથાકથંચિત્‌ વધેલી ન હતી. બીજી અને ખાસ મહત્ત્વની વિશેષતા તો એ હતી કે, તેમની અવધાનશક્તિ બુદ્ધિવ્યભિચારને લીધે જરાય વંધ્ય બની ન હતી. ઊલટું એમાંથી વિશિષ્ટ સર્જનબળ પ્રગટયું હતું, જે અન્ય અવધાનીઓમાં ભાગ્યે જ દેખાય છે. ખાસ વાત તો એ છે કે એટલી અદ્‌ભુત અવધાનશક્તિ, કે જેના દ્વારા હજારો અને લાખો લોકોને ક્ષણ માત્રમાં આંજી અનુગામી બનાવી શકાય, આસાધારણ પ્રતિષ્ઠા અને અર્થલાભ સાધી શકાય, તે હોવા છતાં પણ તેમણે તેનો પ્રયોગ યોગવિભૂતિઓની પેઠે ત્યાજ્ય ગણી, તેનો ઉપયોગ અંતર્મુખ કાર્ય ભણી કર્યો, જેમ બીજા સાધારણ માણસથી થવું શકય નથી."[૨૮]

## શ્રીમદ્‌ જ્યોતિષી તરીકે

શ્રીમદ્‌ને અવધાની તરીકે જેવી સફળતા મળી હતી, તેવી જ સફળતા જ્યોતિષી તરીકે પણ મળી હતી. શ્રીમદ્‌ે એક શોખ તરીકે જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ કરવાની શરૂઆત નાની વયથી જ કરી હતી, અને તેનું ઊંડું જ્ઞાન પ્રાપ્ત કરવાની મહેચ્છા ઉગાડવા માટેનું નિમિત્ત તેમને શ્રી શંકર પંચોળી પાસેથી મળી ગયું હતું.

વિ. સં. ૧૯૪૨માં શ્રીમદ્‌ મુંબઈ આવ્યા, તે પહેલાં તેઓ તેમના બનેવી રા. ચત્રભુજ બેચર પાસે જેતપુર ગયા હતા. તે સમયે જેતપુરમાં શ્રી શંકર પંચોળી નામે વિદ્વાન જ્યોતિષી રહેતા હતા. તેમને ચત્રભુજભાઈએ શ્રીમદ્‌ને કયા સ્થળે, કયારે કેટલી અર્થપ્રાપ્તિ

૨૮. "શ્રી રાજચંદ્રનાં વિચારરત્નો", પૃ. ૧૫૫.

થશે તે સંબંધમાં પ્રશ્ન કર્યો હતો, કારણ કે તે અરસામાં શ્રીમદ્દની આર્થિક સ્થિતિ ઘણી સાંકડી હતી. શ્રી પંચોળીએ પ્રશ્નકુંડલી બનાવીને મુંબઈ તરફનું પ્રયાણ અને અમુક સમયમાં સારો દ્રવ્યલાભ થશે તેવું ફળ કહ્યું હતું. શ્રીમદ્દનું મુંબઈ તરફનું પ્રયાણ તો થયું પણ કહેલી મુદતમાં જણાવેલો દ્રવ્યલાભ ન થયો. આ બાબત શ્રીમદ્દે મુંબઈથી રા. ચત્રભુજ બેચરને તા. ૫–૧૧–૧૮૮૬ સં. ૧૯૪૩ના કારતક સુદ ૯ના રોજ લખ્યું હતું કે, "શંકર પંચોળીએ લીધેલું પ્રશ્ન હજુ સુધી પરિણામભૂત થયું નથી. થયે લખીશ. વિજય ઉત્તમ થયો છે."[૨૯] અર્થાત્ શ્રી શંકર પંચોળીએ ભાખેલ ભવિષ્ય સંપૂર્ણ સત્ય નહોતું નીવડયું.

જ્યોતિષ એ ગ્રહાચારના સતત અવલોકન પરથી ઘડાયેલું શાસ્ત્ર છે. તેમાં કોઈ વ્યક્તિના જન્મસમયે કે પ્રશ્ન કર્યો હોય તે સમયે ગ્રહોની જે પ્રમાણે સ્થિતિ હોય તે પ્રમાણે કાગળ ઉપર ઉતારીને કુંડલી બનાવવામાં આવે છે. અને તે પરિસ્થિતિ પરથી ગણિત કરીને ફળાદેશ અર્થાત્ ભવિષ્યમાં બનનારા પ્રસંગોની આગાહી કરવામાં આવે છે. તેમાં જેમ તે શાસ્ત્રનાં ગણિત અને ફળશ્રુતિ વિશેનો અભ્યાસ વધારે તેમ ફળાદેશ સત્ય આવે છે. અહીં શ્રી પંચોળીએ કહેલ ફળ અમુક પ્રમાણમાં જ સાચું આવ્યું, તેથી સંપૂર્ણપણે સત્ય આવે તેવી કક્ષાનું જ્યોતિષનું જ્ઞાન મેળવવાની શ્રીમદ્દની વૃત્તિ પ્રબળ બની.

ઉપરના પત્રમાં "વિજય ઉત્તમ થયો છે" તે વચન તેમના અવધાન સંબંધે છે. મુંબઈમાં તેમણે એ અરસામાં ભરીસભામાં શતાવધાનના પ્રયોગો સફળતાથી કરી બતાવ્યા હતા. એ સભામાં વિદ્વાનો, પંડિતો, જ્યોતિષીઓ આદિ અનેક અગ્રગણ્ય વ્યક્તિઓ પણ હતી. કેટલાક વિદ્વાન જ્યોતિષીઓ તેમની ચમત્કારિક અવધાનશક્તિ જોઈ તેમના તરફ આકર્ષાયા હતા. અને એ વિદ્વાનો દ્વારા શ્રીમદ્દને પોતાનો જ્યોતિષનો અભ્યાસ વધારનારાં સાધનો પ્રાપ્ત થયાં. દશ વિદ્વાનોએ મળી શ્રીમદ્દના ગ્રહ જોયા, અને તેને પરમેશ્વર ગ્રહ ઠરાવ્યા. તે વિશે શ્રીમદે તેમના બનેવીને વિ. સં. ૧૯૪૩ના માગશર વદ ૧૨ના પત્રમાં લખેલું કે, "મારા ગ્રહ દશ વિદ્વાનોએ મળી પરમેશ્વર ગ્રહ ઠરાવ્યા છે...વૈરાગ્યમાં ઝીલું છઉં.. તમારા ગ્રહ વળતીએ અહીં બીડશો."[૩૦]

આવા જ્યોતિષીઓનાં નિમિત્ત પામી શ્રીમદ્દે પોતાનો અભ્યાસ ઘણો વધાર્યો. જેમના દ્વારા તેમને જ્ઞાન મળ્યું તેમના કરતાં પણ તેઓ ઊંડા અભ્યાસી બન્યા. અને તે એટલે સુધી કે વર્તમાનકાળે અપરિચિત એવી સંસ્કૃત, માગધી આદિ ભાષામાં લખાયેલા ગ્રંથોનો બોધ પણ તેઓ પામ્યા હતા. વળી એ સમયે તેમ જ આજે પણ અપ્રાપ્ય ગણાતો ભદ્રબાહુસ્વામીકૃત "ભદ્રબાહુસંહિતા" નામનો સંસ્કૃતમાં રચાયેલો જ્યોતિષનો મનનીય ગ્રંથ તે સમયે તેઓ અવગાહી ગયા હતા.

શ્રીમદ્દના "ભદ્રબાહુસંહિતા" ગ્રંથ અવલોકવા વિશે ભરૂચના વતની શ્રી અનુપચંદ

૨૯. "શ્રીમદ્ રાજચંદ્ર જીવનરેખા", પૃ. ૨૫.
૩૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૬૫.

મલુકચંદે "પ્રશ્નોત્તરચિંતામણિ"ના વર્તમાન કાળે આયુષ્ય કેટલું હોય? તેના ૧૨૧મા પ્રશ્નના ઉત્તરમાં લખ્યું છે કે :—

"કોઈ પુરુષનું આયુષ્ય એકસો વીશ કરતાં અધિક વર્ષનું પણ હોય, તે વાત શતાવધાની શા. રાયચંદ રવજીભાઈએ "ભદ્રબાહુસંહિતા"માં જોઈ હતી; તેમાં તેમના કહેવામાં એવું હતું કે જેનો ધન લગ્નમાં જન્મ હોય, ચોથે મીનનો ગુરુ હોય, અને ૧૧મે તુલાનો શનિ અને શુક્ર હોય, ગ્રહ અંશે કરીને બળવાન હોય, આઠમે કોઈ ગ્રહ ન હોય અને શુક્ર કે શનિની દશામાં જન્મ હોય, એવી રીતનો યોગ હોય તો બસેં ને દશ વર્ષનું આયુષ્ય તેનું હોય. ઇત્યાદિ."[૩૧]

શેઠ અનુપચંદ મલુકચંદ એક વયોવૃદ્ધ, સ્થિતિચુસ્ત જૈન હતા. તેમને જ્યોતિષનો પણ સારો અભ્યાસ હતો. વિ. સં. ૧૯૪૫ના માગશર અને અષાડ માસમાં શ્રીમદ્ તેમની ૨૧ વર્ષની વયે ભરૂચમાં તેમને ત્યાં રહ્યા હતા, તે સમયની ઉપર જણાવેલી "ભદ્રબાહુસંહિતા" વિશેની વાત છે.

વિ. સં. ૧૯૪૩ના આસો માસમાં જેતપુરમાં શ્રી શંકર પંચોળીને, જેમણે શ્રીમદ્દની પ્રશ્નકુંડલી બનાવી હતી, તેમને જ્યોતિષનો નષ્ટ વિદ્યાનો પ્રયોગ બતાવીને શ્રીમદ્દે આશ્ચર્યચકિત કરી દીધા હતા. જ્યોતિષમાં નષ્ટવિદ્યાનો એવો પ્રકાર છે કે સાલ, માસ, તિથિ, સમય વગેરે વિનાની સાચી કુંડલી પરથી તે કુંડલીનાં સાલ, માસ, તિથિ, વાર, સમય વગેરે સાચાં કહી દેવાં. શ્રી પંચોળીને શ્રીમદ્દની આ શક્તિ જોઈ બહુ આશ્ચર્ય થયું હતું. અને તેમણે જણાવ્યું હતું કે નષ્ટવિદ્યાનો પ્રયોગ કરવો એ તો બ્રાહ્મણની અમૂલ્ય વિદ્યા છે. તેના જાણકાર ભાગ્યે જ હોય છે. તેવા એક જ જાણકાર તે સમયે હતા તેમ શ્રી પંચોળી કહેતા હતા. અને તે જાણકાર પણ તે વખતે કાશી રહેતા હતા. આથી શ્રી પંચોળીએ શ્રીમદ્દને આ વિદ્યા શીખવવાની કૃપા કરવા વિનંતી કરી હતી. તેના પ્રત્યુત્તરમાં શ્રીમદ્દે જણાવેલું કે આ વિદ્યા શીખવાડી શકાય તેવી નથી. વળી તે ગણિતનો વિષય હોવાથી અતિશય સ્મરણશક્તિ અને ચિત્તની એકાગ્રતા તથા સ્થિરતા માંગે છે, તેથી તે શીખવા માટે બળવાન ઉપાદાન જોઈએ.

શ્રીમદ્ હસ્ત, મુખ, આદિનું અવલોકન કરીને — અર્થાત્ સામુદ્રિક શાસ્ત્રથી — પણ જ્યોતિષ જોઈ શકતા હતા.

શ્રીમદ્દના જ્યોતિષના જ્ઞાનની ખ્યાતિ ધીરે ધીરે પ્રસરતી ગઈ, અને તેથી તેમના એ જ્ઞાનનો લાભ તેમનાં સગાં-સંબંધી, સ્નેહી, આપ્તજનો વગેરે ખૂબ છૂટથી લેવા લાગ્યાં. શ્રીમદ્ તેમના જ્ઞાનનો લાભ પણ શકય હોય ત્યાં સુધી બધાંને આપતા. શ્રીમદ્દના આવા એક સ્નેહીજન, મોરબીના શ્રી છોટાલાલ રેવાશંકર અંજારિયાએ શ્રીમદ્દના જ્ઞાનનો પોતાને થયેલ અનુભવ વર્ણવતાં લખ્યું હતું કે :—

૩૧. "શ્રીમદ્ રાજચંદ્ર જીવનરેખા" પૃ. ૨૭.

"મારા પોતા માટે તેમ જ કોઈ પ્રસંગે તેમના પોતા માટે જ્યોતિષનાં ફળ, ભૂત અને ભવિષ્યનાં એવાં બતાવ્યાં છે કે હું અજબ થાઉં છું. ખુદ ઝવેરી રેવાશંકરભાઈ વકીલાત કરતા, અને વેપારમાં પડવા તેમને સ્વપ્ને પણ વૃત્તિ ન હતી. અને તે વખતે સહેજ કરજવાન હતા. તેમની કુંડલી જોઈ તેમને વેપારમાં અત્યંત લાભ છે, બલ્કે લક્ષાધિપતિ થવાનો યોગ છે, એમ જણાવી વકીલાત છોડી મુંબઈ જવા પ્રેરણા કરી. આજે તેઓ વીસ લાખના આસામી ગણાય છે."[૩૨]

શ્રીમદ્‌ને જ્યોતિષની બાબતમાં ફળાદેશ પૂછનારાઓની સંખ્યા વધતી જ ગઈ, અને તેથી તે પ્રવૃત્તિ પોતાને ઇષ્ટ પરમાર્થમાર્ગમાં વિઘ્નરૂપ લાગવા લાગી. આથી અવરોધરૂપ લાગતી એ પ્રવૃત્તિને કલ્પિત ગણી વિ. સં. ૧૯૪૭થી શ્રીમદ્દે ત્યાજ્ય ગણી. ત્યાર પછીથી તેઓ કોઈ પણ વ્યક્તિને એ બાબતમાં કશો ઉત્તર આપતા નહિ, અને જેમ બનવાનું છે તેમ જ બને છે એમ જણાવી પૂછનાર વ્યક્તિના મનનું સમાધાન તેઓ કરતા.

જ્યોતિષની બાબતમાં વૈરાગ્ય આવવાનું એક બીજું નિમિત્ત પણ શ્રીમદ્‌ને મળ્યું હતું. વિ. સં. ૧૯૪૫માં અમદાવાદમાં શેઠ દલપતભાઈ ભગુભાઈને વંડે શ્રીમદ્દે અવધાનના પ્રયોગો કર્યા હતા. ત્યાં તેમના જ્યોતિષના જ્ઞાનનો અનેક વ્યક્તિઓએ લાભ લીધો હતો. તેમાં કોઈ માંદગીને બિછાને પડેલી વ્યક્તિને અંગે તેમને પૂછવામાં આવ્યું, અને તેનું અનિષ્ટ જોઈ તેમને બહુ દુઃખ થયું. તે વખતે તો પૂછનારને સાચો જવાબ આપ્યો, અને કહ્યું કે, "અમારે શું આવા દુઃખદ સમાચાર આપવા?" આવા પ્રસંગોને લીધે તેમની જ્યોતિષ પ્રતિની ઉપેક્ષા વધતી ગઈ હતી.

શ્રીમદ્‌ના પરમાર્થસખા અને પરમસ્નેહી શ્રી સોભાગભાઈની આર્થિક સ્થિતિ વિ. સં. ૧૯૪૭થી ખૂબ સાંકડી હતી. સોભાગભાઈ ભક્તિમાન, સરળ જીવ હતા. તેઓ આર્થિક મુશ્કેલીથી અકળાઈને શ્રીમદ્‌ને જ્યોતિષ જોઈ પોતાનું ભાવિ જણાવવા વારંવાર વિનવતા હતા, અને એ બાબતમાં માર્ગદર્શન પણ આપવા કહેતા. પરંતુ શ્રીમદ્ તેમને દરેક વખતે પૂર્વે ઉપાર્જન કરેલું કર્મ સમભાવે વેદી લેવા તથા જ્યોતિષ સંબંધી વિકલ્પ પણ ન કરવા પત્રમાં ઉપદેશતા. શ્રીમદ્‌નાં શ્રી સોભાગભાઈને લખેલાં એવા કેટલાંક વચનો નીચે આપ્યાં છે, જે પરથી તેમને આવેલો જ્યોતિષ બાબતનો વૈરાગ્ય જોઈ શકાશે.

"આજે આપનું જન્માક્ષર સહ પત્ર મળ્યું. જન્માક્ષર વિશેનો ઉત્તર હાલ મળી શકે તેમ નથી."[૩૩] ફાગણ વદ ૩, ૧૯૪૭ના પત્રમાંથી.

"આપે જ્યોતિષાદિકની પણ હાલ ઇચ્છા કરવી નહીં, કારણ કે તે કલ્પિત છે, અને કલ્પિત પર લક્ષ નથી."[૩૪] — ફાગણ વદ ૮, ૧૯૪૭ના પત્રમાંથી.

૩૨. "શ્રીમદ્ રાજચંદ્ર અર્ધશતાબ્દી સ્મારક ગ્રંથ" પૃ. ૧૦૦

૩૩. "શ્રીમદ્ રાજચંદ્ર" અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૭૫.

૩૪. એજન. પૃ. ૨૭૫.

"જ્યોતિષને કલ્પિત કહેવાનો હેતુ એવો છે કે તે વિષય પારમાર્થિક જ્ઞાને કલ્પિત જ છે, અને પારમાર્થિક જ સત્ છે, અને તેની રટના રહે છે."૩૫
ફાગણ વદ ૧૧, ૧૯૪૭ના પત્રમાંથી.

"જ્યોતિષ જેવા કલ્પિત વિષયનો સાંસારિક પ્રસંગમાં નિસ્પૃહ પુરુષો લક્ષ કરતા હશે કે કેમ ? અને અમે જ્યોતિષ જાણીએ છીએ અથવા કંઈ કરી શકીએ છીએ એમ ન માનો તો સારું, એવી હાલ ઇચ્છા રહે છે."૩૬ – ચૈત્ર સુદ ૧૦, ૧૯૪૭ના પત્રમાંથી.

વિ. સં. ૧૯૪૭માં આમ અનેક વખત શ્રીમદે સોભાગભાઈને જ્યોતિષ સંબંધી કંઈ પણ જણાવવા ના લખી હતી. આમ છતાં સખત મૂંઝવણ વખતે સોભાગભાઈ કંઈક કરવા શ્રીમદ્‌ને વારંવાર લખતા, અને તેમનું હૃદય શ્રીમદ્‌નું માર્ગદર્શન ઇચ્છતું. તે વખતે શ્રીમદ્ પરમાર્થને લગતા પ્રશ્નોના વિગતથી ઉત્તરો આપતા, એને જ્યોતિષાદિ બાબતમાં કેવળ મૌન રહેવા તેમને ભલામણ કરતા. આ શિરસ્તો વિ. સં. ૧૯૪૭ પછી પણ તેમના સંબંધમાં જોવા મળે છે :

"જ્યોતિષાદિ વિદ્યા કે અણિમાદિ સિદ્ધિ એ માયિક પદાર્થો જાણી આત્માને તેનું સ્મરણ પણ ક્વચિત જ થાય છે. તે વાટે કોઈ વાત જાણવાનું કે સિદ્ધ કરવાનું ક્યારેય યોગ્ય લાગતું નથી, અને એ વાતમાં કોઈ પ્રકારે હાલ તો ચિત્તપ્રવેશ પણ રહ્યો નથી."૩૭ –મહા વદ, ૧૯૪૮ના પત્રમાંથી.

ક્યારેક કોઈ જ્યોતિષનો ગ્રંથ સોભાગભાઈના વાંચવામાં આવે તો તે વિશેની વિગત તેઓ શ્રીમદ્‌ને લખતા. તેવી બાબત વિશે પણ શ્રીમદ્ તો ઉદાસીન જ હતા. આવા કોઈ પત્રના ઉત્તરમાં શ્રીમદે વિ. સં. ૧૯૪૮ના ફાગણ સુદ ૧૪ના પત્રમાં સોભાગભાઈને લખ્યું હતું કે :—

"જ્યોતિષની આમ્નાય સંબંધી કેટલીક વિગત લખી તે વાંચી છે. ઘણો ભાગ તેનો જાણવામાં છે. તથાપિ ચિત્ત તેમાં જરાય પ્રવેશ કરી શકતું નથી, અને તે વિશેનું વાંચવું, સાંભળવું કદાપિ ચમત્કારિક હોય, તોપણ બોજારૂપ લાગે છે. થોડી પણ તેમાં રુચિ રહી નથી."૩૮

શ્રીમદ્‌ના પરમ અનુયાયી તથા ઉપકારી એવા શ્રી સોભાગભાઈને પણ તેઓ જ્યોતિષનો કંઈ પણ ઉપયોગ કરવાની વિનયથી આટઆટલી વખત ના કહી દે છે, તે જ સૂચવે છે કે શ્રીમદ્‌ને જ્યોતિષશાસ્ત્ર પ્રતિ કેટલો વૈરાગ્ય આવી ગયો હશે ! અને પરમાર્થ-માર્ગમાં એ કેવું વિઘ્નરૂપ તેમને લાગ્યું હશે !

---

૩૫. એજન, પૃ. ૨૭૫.

૩૬. એજન, પૃ. ૨૮૦, આંક ૨૩૩.

૩૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૩૧૭.

૩૮. એજન, પૃ. ૩૨૧, આંક ૩૩૦.

શ્રીમદ્‌ના ચિત્તની ઉદાસીનતા પણ જોવા જેવી છે. જ્યોતિષાદિ તેમને ચમત્કારિક લાગતાં નથી, કદાપિ ચમત્કારિક હોય તોપણ તે બોજારૂપ લાગે છે! દેહાધ્યાસ ટળ્યો હોય તેવી તેમની આંતરિક આચરણા અહીં જોવા મળે છે. શ્રીમદ્દે પોતાની આંતરિક સ્થિતિ વર્ણવતાં, વવાણિયાથી વિ. સં. ૧૯૪૬ના બીજા ભાદરવા સુદ બીજે સોભાગભાઈને લખ્યું હતું કે :—

..."તથાપિ બહારથી ગૃહસ્થપણાની પ્રવૃત્તિ નથી થઈ શકતી, દેહભાવ દેખાડવો પાલવતો નથી, આત્મભાવથી પ્રવૃત્તિ બાહ્યથી કરવાને કેટલોક અંતરાય છે. ત્યારે હવે કેમ કરવું? કયા પર્વતની ગુફામાં જવું અને અલોપ થઈ જવું, એ જ રટાય છે. તથાપિ બહારથી અમુક સંસારી પ્રવૃત્તિ કરવી પડે છે. તે માટે શોક તો નથી, તથાપિ સહન કરવા જીવ ઇચ્છતો નથી! પરમાનંદ ત્યાગી તેને ઇચ્છે પણ કેમ? એ જ કારણથી જ્યોતિષાદિક તરફ હાલ ચિત્ત નથી. ગમે તેવાં ભવિષ્યજ્ઞાન અથવા સિદ્ધિઓની ઇચ્છા નથી. તેમ તેઓનો ઉપયોગ કરવામાં ઉદાસીનતા રહે છે. તેમાં પણ હાલ તો અધિક જ રહે છે."૩૯

શ્રીમદ્‌ની કેટલી બધી ઉદાસીનતા! શ્રીમદ્ કરતાં ઓછે અંશે નિષ્ણાત પણ પ્રથમ પંક્તિના ગણાય, તે રીતે પૂજાય અને તેને ઘેર તો પૈસાની રેલ ચાલે, છતાં જ્યોતિષ-શાસ્ત્રમાં વિપુલ જ્ઞાન ધરાવનાર શ્રીમદ્ એ જ્ઞાનને અપરમાર્થરૂપ ગણી ગૌણ કરે છે, ત્યાગે છે અને પછીથી કદી પણ તે તરફ જોતા પણ નથી. શ્રીમદ્‌ની એ ઉદાસીનતા કેવી હતી તેનો ખ્યાલ તેમણે વિ. સં. ૧૯૪૭ના ફાગણ સુદ ૫ મે સોભાગભાઈને લખેલાં નીચેનાં વચનો પરથી પણ આવી શકશે :—

"ઉદયકાળ પ્રમાણે વર્તીએ છીએ. ક્વચિત્ મનોયોગને લીધે ઇચ્છા ઉત્પન્ન હો તો ભિન્ન વાત, પણ અમને તો એમ લાગે છે કે આ જગત પ્રત્યે અમારો પરમ ઉદાસીનભાવ વર્તે છે. તે સાવ સોનાનું થાય તોપણ અમને તૃણવત્ છે. અને પરમાત્માની વિભૂતિરૂપે અમારું ભક્તિધામ છે."૪૦

ઉચ્ચ કોટિના અને આત્માર્થની ઉચ્ચ કક્ષાએ પહોંચેલા પુરુષના આચરણમાં જ આવી શકે તેવું આ વર્તન છે. સાચા પરમાર્થ લક્ષે જ આમ બની શકે. ધન્ય તેમની ઉદાસીનતા, ધન્ય તેમનો મનોનિગ્રહ!

## શ્રીમદ્ કવિ : તેમનું સાહિત્ય

શ્રીમદ્ જ્યોતિષી, અવધાની વગેરે તરીકે ખ્યાતિ પામ્યા તે સાથે કવિ તરીકે પણ નાની વયથી જ પ્રશંસા પામ્યા હતા. તેમની રચનાઓથી પ્રભાવિત થયેલા લોકો તરફથી તેમને "સાક્ષાત્ સરસ્વતી"નું બિરુદ પણ મળ્યું હતું. તે વિશે શ્રીમદ્દે પ્રો. રવજીભાઈ

૩૯. એજન, પૃ. ૨૨૫, આંક ૧૩૩.

૪૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૭૦.

દેવરાજને લખ્યું હતું કે, “આપ ગમે તે ભાષાના સો શ્લોક એક વખત બોલી જાઓ તો તે પાછા તેવી જ રીતે યાદીમાં રાખી બોલી દેખાડવાની સમર્થતા આ લખનારમાં હતી. અને તે માટે તથા અવધાનોને માટે ‘સરસ્વતીનો અવતાર’ એવું ઉપનામ આ મનુષ્યને મળેલું છે.”૪૧ શ્રીમદ્‌થી પ્રભાવિત થયેલા તેમના મિત્ર શ્રી વિનયચંદ પોપટભાઈ દફતરીએ તેમના વિશે વિ. સં. ૧૯૪૩માં “સાક્ષાત્ સરસ્વતી” નામે એક પુસ્તક લખ્યું હતું. તેમાં શ્રીમદ્‌ની ૧૯ વર્ષની વય સુધીની પ્રવૃત્તિની પ્રશંસા કરી હતી.

શ્રીમદ્દે પોતાના લેખનકાર્યની શરૂઆત પદ્યરચનાથી કરી હતી. માત્ર આઠ વર્ષની વયે તેમણે પહેલી પદ્યરચના કરી હતી, જે પાછળથી તપાસતાં સમાપ હતી, તે તેમણે પોતે જ જણાવ્યું છે. નવ વર્ષની વયે તેમણે પદ્યમાં નાનાં રામાયણ તથા મહાભારત રચ્યાં હોવાનું કહેવાય છે. ૧૧ વર્ષની વયથી તો તેઓ માસિકો અને વર્તમાનપત્રોમાં કાવ્યો તથા લેખો મોકલતા થઈ ગયા હતા. વળી નિબંધની હરીફાઈઓમાં કેટલાંક ઇનામો પણ તેમણે મેળવ્યાં હતાં. ૧૨ વર્ષની વયે ત્રણ દિવસમાં “ઘડિયાળ” વિશે ત્રણસો કડીઓ તેમણે રચી કહેવાય છે. “નમિરાજ” ગ્રંથ, “સાર્વજનિક સાહિત્ય”નો ગ્રંથ, “કાવ્યમાળા” આદિની રચના તેમણે કરી હોવાનો ઉલ્લેખ પણ મળે છે. પરંતુ ૮થી ૧૨ વર્ષની વય સુધીમાં તેમણે લખેલાં બધાં લખાણમાંથી હાલમાં કોઈ પણ લખાણ ઉપલબ્ધ નથી. પરંતુ આ બધી માહિતી પરથી એટલું તારણ નીકળી શકે છે કે તેમની લેખનશક્તિ બહુ જ નાની વયથી ખીલી હતી, અને તેમાં મોટો ભાગ પદ્યરચનાઓનો હતો. તેમ છતાં ગદ્ય પર પણ તેમનો સારો કાબૂ હશે તેવું અનુમાન આપણે, તેમને મળેલાં નિબંધ હરીફાઈનાં ઇનામોને આધારે કરી શકીએ. તેમના આ સાહિત્યસર્જનને આધારે તેઓશ્રી લોકોમાં નાની વયથી જ “કવિ” તરીકેની ખ્યાતિ પામ્યા હતા.

શ્રીમદ્‌નું હાલમાં ઉપલબ્ધ છે તે લખાણ તેમની ૧૫ વર્ષની વય પછીથી રચાયેલું છે. તેનાં કદ અને વિવિધતા તપાસતાં તે પણ કંઈ ઓછું નથી. શ્રીમદ્‌ના ઉપલબ્ધ સાહિત્યના બે વિભાગ પાડી શકાય છે. વીસ વર્ષની વયે તેમણે જાહેર જીવનનો ત્યાગ કર્યો તે વર્ષ તેમના સાહિત્યના ક્ષેત્રમાં પણ વિભાગીય વર્ષ બની જાય છે. તેમ થવાનાં કેટલાંક કારણો છે. શ્રીમદ્દે ધર્મને લગતી તથા ધર્મેતર એમ બે પ્રકારની કૃતિઓની રચના કરી છે, તેમાં ધર્મને લગતું સાહિત્ય ઘણું છે, અને ધર્મેતર સાહિત્ય માત્ર વીસ વર્ષની વય પહેલાં જ રચાયેલું જોવા મળે છે. વીસ વર્ષ પહેલાં રચાયેલી તેમની કેટલીક કૃતિઓ જેવી કે ભાવનાબોધ, મોક્ષમાળા, સ્ત્રીનીતિબોધક આદિ — તેમની હયાતીમાં જ, તેમની તે વય સુધીમાં, પ્રગટ થઈ ગઈ હતી; ત્યારે વીસ વર્ષની વય પછીથી રચાયેલી કૃતિઓને તેમણે પ્રસિદ્ધિ આપી ન હતી. તે બધું સાહિત્ય તેમના અવસાન પછી પ્રગટ થયું હતું. આમ શ્રીમદ્‌ના સાહિત્યના “વીસ વર્ષ પહેલાંનું” અને “વીસ વર્ષ પછીનું” એમ બે સ્પષ્ટ વિભાગ પડી જાય છે.

વીસ વર્ષની ઉંમર સુધીમાં તેમણે કાવ્યો, ગરબીઓ, નિબંધો, સંવાદો, લેખો, વાર્તા

૪૧. એજન, પૃ. ૧૩૪, આંક ૧૮.

વગેરે ક્ષેત્રમાં કલમ ચલાવી છે. તેમાંની કેટલીક કૃતિઓ પૂર્ણ થયેલી છે, તો કેટલીક અપૂર્ણ રહેલી છે.

સ્ત્રીઓને સુધરવા ઉપયોગી થાય તેવા હેતુથી તેમણે ગરબીમાં રચેલું "સ્ત્રીનીતિબોધક" આજે પણ થોડું શિક્ષણ પામેલી સ્ત્રીને ઘણું ઉપયોગી થાય તેવું પુસ્તક છે. તેમાં સદ્ગુણ મેળવવા અને દુર્ગુણોથી મુક્ત થવા માટે સરળ ભાષામાં સ્ત્રીઓને શિખામણ આપેલી છે. વિ. સં. ૧૯૪૦માં પ્રગટ થયેલું શ્રીમદ્દનું આ સૌથી પહેલું પુસ્તક છે. તેમાં આપણને શ્રીમદ્દનો સુધારક તરીકે પરિચય થાય છે. એ જ રીતે તેમનો સુધારક તરીકેનો પરિચય આપણને તે સમયનાં "વિજ્ઞાનવિલાસ", "સુબોધપ્રકાશ" આદિ માસિકોમાં પ્રસિદ્ધ થયેલાં "સ્વદેશીઓને વિનંતી", "ખરો શ્રીમંત કોણ ?" વગેરે કાવ્યોમાં થાય છે.

આ ઉપરાંત અવધાન સમયે શીઘ્રતાથી રચાયેલી શ્રીમદ્દની કેટલીક કૃતિઓ મળે છે. તે પદ્યરચનાઓ ભાગ્યે જ ચાર-આઠ પંક્તિઓથી લાંબી છે. છતાં આપણે, ઘણી વખત, તેમાં સચોટતા, માર્મિકતા અને શ્રીમદ્દમાં રહેલા વૈરાગ્યને પ્રગટ જોઈ શકીએ છીએ. આ શીઘ્ર રચનાઓએ તથા ઉપલબ્ધ ધર્મેતર પદ્યસાહિત્યે તેમને લોકોમાં કવિ તરીકે વિશેષ સ્થાન અપાવ્યું હતું.

આ સિવાય તેમણે રચેલું સઘળું સાહિત્ય ધર્મને લગતું છે. તેમાં કેટલીક કૃતિઓ પૂર્ણ સ્વરૂપે તો કેટલીક અપૂર્ણ સ્વરૂપે મળે છે. હજાર-બારસો જેટલાં નીતિવચનો પણ તેમણે "પુષ્પમાળા", "બોધવચન", "વચનસપ્તશતી" વગેરે જુદાં જુદાં શીર્ષક નીચે રચ્યાં છે. તેમાં પણ તેમનો ધર્મના રંગ અછતો રહેતો નથી.

વીસ વર્ષની ઉંમર પહેલાં શ્રીમદ્દે રચેલા ધર્મને લગતા સાહિત્યમાં 'મોક્ષસુબોધ' એ પદ્યરચના અપૂર્ણ રહેલી છે. તેનો નાનો વિભાગ જ મળે છે. એટલે તેમાંથી શ્રીમદ્દ વિશેની કોઈ સ્પષ્ટ છાપ આપણને મળતી નથી. છતાં તેમાંની "પ્રભુપ્રાર્થના" તેની ભાવનામયતાને લીધે ધ્યાન ખેંચે તેવી રચના બની છે. આ ઉપરાંત "નવ કાળ મૂકે કોઈને", "ધર્મ વિશે" વગેરે છૂટક પદ્યરચનાઓ પણ મળે છે. આ બધાં સામાન્ય રીતે બોધકાવ્યો ગણી શકાય. તેમાં તેમની ઉચ્ચ પ્રતિભાશક્તિનો આવિર્ભાવ જોવા મળતો નથી.

તેમની ધર્મને લગતી, વીસ વર્ષ પહેલાંની, ગદ્યસાહિત્યની "ભાવનાબોધ" અને "મોક્ષમાળા" એ બે જ રચના તરીકે પૂર્ણ થયેલી છે. બંનેમાં છૂટીછવાઈ પદ્યરચનાઓ જોવા મળે છે, પણ તેમાં મુખ્યત્વે ગદ્ય રચાયેલું છે. આ પદ્યરચનાઓમાં ક્યારેક કાવ્યત્વના ચમકારા જોવા મળે છે. "ભાવનાબોધ"માં અનિત્ય, અશરણ વગેરે બાર ભાવનાઓની સદૃષ્ટાંત સમજણ આપેલી છે. "મોક્ષમાળા"માં સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ રત્નત્રયીને સમજાવવા તત્ત્વવિચારણાને લગતા પાઠો, રાગ આદિનું અસત્ય, અનિષ્ટ વર્ણવતા કે બ્રહ્મચર્ય, સત્યધર્મ, દૃઢતા વગેરેનું મહત્ત્વ બતાવતાં દૃષ્ટાંતોના પાઠો તથા આઠ પદ્યપાઠો એમ કુલ ૧૦૮ પાઠની રચના શ્રીમદ્દે કરી છે. તેમાં જૈનમાર્ગને યથાતથ્ય સમજાવવાનો તેમણે પ્રયત્ન કર્યો છે. આ બંને પુસ્તકોનું ગદ્ય સરળ, મર્માળુ, ક્યારેક હાસ્યયુક્ત

વચનવાળું અને હૃદયમાં વસી જાય તેવા વિવેકવિચારવાળું છે. આ બંને ગ્રંથ શ્રીમદ્‌ના ઊંડા વૈરાગ્યની પ્રતીતિ કરાવે છે.

આ બે ગદ્ય-પુસ્તકો ઉપરાંત "મુનિસમાગમ" નામનો લેખ, "જીવાજીવ વિભક્તિ" નામનો ઉત્તરાધ્યયનના ૩૬મા અધ્યયનનો અનુવાદ, "જીવતત્ત્વસંબંધી વિચાર" નામે નવતત્ત્વપ્રકરણની એક ગાથાનું વિવરણ, "સ્વરોદયજ્ઞાન" પરની ટીકા વગેરે તેમણે વીસ વર્ષની વય પહેલાં કરેલું લખાણ અપૂર્ણ મળે છે. આ લખાણમાં તેમનું ગદ્ય પરનું પ્રભુત્વ સ્પષ્ટ દેખાય છે. અનુવાદમાં મૂળ જેટલી વિશદતા છે, ટીકામાં પક્ષપાતરહિતપણું છે. ઉપરાંત, તે બધાંમાં ભાષાની સરળતા પણ છે. તેમના લખાણમાં આવા અનેક ગુણો હોવા છતાં તેમણે તે બધું લખાણ અપૂર્ણ શા માટે રાખ્યું હશે તે સમજવું મુશ્કેલ છે. આ બધું લખાણ અપૂર્ણ હોવાને લીધે તેમના સમયમાં પ્રકાશિત થયું નહોતું તેથી શ્રીમદ્‌ને લોકો ગદ્યકાર તરીકે ન ઓળખી શકે તે સ્વાભાવિક છે. તેમના ગદ્યલખાણમાં માત્ર "ભાવનાબોધ" અને "મોક્ષમાળા" એ બે જ રચનાઓ પ્રગટ થઈ હતી. અને તેના પ્રમાણમાં પદ્યસાહિત્ય વધારે પ્રસિદ્ધ થયું હતું. તેથી અગાઉ જણાવ્યા પ્રમાણે, લોકોમાં તેમની કવિ તરીકેની છાપ વિશેષ પડી હતી.

વીસ વર્ષની વય સુધી "પ્રયોગવીર" લાગતા શ્રીમદ્ પછીથી ધીરગંભીર તત્ત્વચિંતક બની જાય છે. તેમના લખાણમાં માત્ર આત્મહિતની જ દૃષ્ટિ જોવા મળે છે. અને વીસ વર્ષ પહેલાંના સાહિત્યમાં જે વાર્તા, કથા, દૃષ્ટાંત વગેરે દૃષ્ટિગોચર થાય છે, તે વીસ વર્ષ પછીનાં લખાણમાંથી અદૃશ્ય થાય છે. વીસ વર્ષની વય પછીથી થયેલું કોઈ પણ લખાણ તેમની હયાતી સુધી પ્રસિદ્ધિમાં આવ્યું ન હતું, તેથી શ્રીમદ્ માત્ર તેમનાં પરિચિત વર્તુળોમાં જ જાણીતા રહ્યા હતા. પણ તે લખાણની પ્રસિદ્ધિ થતાં લોકોને શ્રીમદ્‌નો વધારે અને સાચો પરિચય થયો. આ લખાણનો મોટો ભાગ પ્રાપ્ત થાય છે. તેમાં પત્રો, અનુવાદો, લેખો, પદ્યો તથા "આત્મસિદ્ધિ" જેવી સળંગ લાંબી પદ્યરચનાઓનો પણ સમાવેશ થાય છે.

વીસ વર્ષની વય પછીના શ્રીમદ્‌ના લખાણમાં સૌથી મોટો ભાગ તેમના દ્વારા મુમુક્ષુઓને લખાયેલા પત્રોનો છે. આ પત્રો તેમના સમાગમમાં આવનાર તથા તેમના સમાગમના ઇચ્છુક એવા શ્રી સોભાગભાઈ, શ્રી લલ્લુજી મહારાજ, શ્રી અંબાલાલભાઈ, શ્રી જૂઠાભાઈ, પૂ. ગાંધીજી, શ્રી ત્રિભોવનભાઈ, શ્રી મનસુખભાઈ, શ્રી મનસુખરામ સૂર્યરામ આદિ અનેક મુમુક્ષુઓને લખાયેલા છે. આવા પ્રસિદ્ધ થયેલા લગભગ ૮૦૦ પત્રોમાંના કેટલાકમાં શ્રીમદ્‌ની આંતરિક પરિસ્થતિ, કેટલાકમાં જ્ઞાનીના આચરણની વાતો, આત્માના ગુણો, પ્રશ્નોના ઉત્તરો, મુશ્કેલીના સમયે જીવનું કર્તવ્ય, સદ્‌ગુરુનું માહાત્મ્ય, ભક્તિની આવશ્યકતા વગેરે બાબતો નિરૂપી છે. આ પત્રો પરથી શ્રીમદ્‌ના તે તે વ્યક્તિઓની સાથેના સંબંધનો પણ ખ્યાલ આપણને આવે છે. વળી, શ્રીમદ્‌ને મન તે તે વ્યક્તિઓ કઈ કઈ કક્ષાની હતી તે પણ તે પત્રોનાં લખાણો, તેમાં થયેલો વિવિધ સંબોધનો તથા તેના અંતમાં શ્રીમદે કરેલા વિવિધ પ્રકારના હસ્તક પરથી આપણને જાણવા મળે છે. આ બધાં ઉપરાંત આ પત્રોમાંથી સૌથી અગત્યની બાબત જાણવા મળે છે તે શ્રીમદ્‌નો આત્મિક વિકાસ–તેમની વીસ વર્ષની

વયથી શરૂ કરી તેમના જીવનના અંતસમય સુધી લખાયેલા પત્રો વર્ષવાર અને માસવાર મળે છે. શ્રીમદ્દના વિચારોમાં કયા પ્રકારના ફેરફારો થયા, તેમની આધ્યાત્મિક કક્ષા કઈ રીતે ઉચ્ચ થતી ગઈ તે એટલે કે એમનો ક્રમિક વિકાસ પણ આપણને આ પત્રોમાંથી જાણવા મળે છે. વળી, આ પત્રો તે તે વ્યક્તિઓને અંગત રીતે પ્રસિદ્ધિના કોઈ પણ હેતુ વિના લખાયેલ છે એટલે તેમાંની નૈસર્ગિકતા પૂરેપૂરી જળવાઈ રહી છે. આ પત્રો જો ઉપલબ્ધ ન હોત તો આત્માની કથા કયા ક્રમમાં વિકાસ પામતી જાય છે, તે જાણવાનું એક અમૂલ્ય સાધન આપણી પાસેથી છીનવાઈ ગયું હોત.

પત્રો જેવી જ અગત્યની, બલ્કે તેથી પણ વધુ અગત્યની કૃતિ તે "આત્મસિદ્ધિશાસ્ત્ર". શ્રી સોભાગભાઈની વિનંતીને માન આપી વિ. સં. ૧૯૫૨ના આસો વદ એકમે તેમણે માત્ર બે કલાકના સમયમાં તેની રચના કરી હતી. તેના ૧૪૨ દોહરામાં આત્મા છે, તે નિત્ય છે, તે કર્તા છે, તે ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે – એ છ પદને તેમણે ગુરુ તથા શિષ્યના સંવાદ દ્વારા સિદ્ધ કર્યાં છે. પ્રત્યેક પદના અસ્તિત્વ માટે શિષ્ય શંકા કરે છે અને ગુરુ તેની શંકાનું સમાધાન કરે છે. આ ઉપરાંત તેમાં આત્માર્થી, મતાર્થી, સદ્ગુરુ, આત્મા વગેરેનાં લક્ષણોનો પણ સમાવેશ શ્રીમદ્દે કર્યો છે. અંતમાં શિષ્યને સાચી સમજણ પ્રાપ્ત થાય છે, અને સાચી સમજણ આપવા બદલ તે ગુરુનો અત્યંત ઉપકાર માને છે. કોઈ પણ દર્શનને વખોડયા વિના તેમાં જૈનદર્શનની ઉચ્ચતા બતાવી છે. મતમતાંતરમાં પડયા વિના, બાહ્યક્રિયામાં રાચ્યા વિના, આત્મશ્રેય કરવા માટે કર્યો માર્ગ સ્વીકારવો જોઈએ તે ટૂંકમાં છતાં સચોટતાથી અને ક્રમપૂર્વક જણાવી દીધું છે. "દ્રવ્યાનુયોગ"ને વર્ણવતું "આત્મસિદ્ધિશાસ્ત્ર" સરળ ભાષામાં રચાયેલું હોવાને લીધે તેને સમજવામાં કોઈને મુશ્કેલી પડે તેમ નથી. આમ છતાં તેમાં એટલાં બધાં તત્ત્વોનો સમાવેશ કરેલો છે કે જ્ઞાની પુરુષ ધારે તો ૧૪૨ ગાથા ઉપર ૧૪૨૦૦ શ્લોક રચી શકે એમ શ્રીમદ્દે પોતે જ એક વખત કહ્યું હતું. તેમની ઉચ્ચ પ્રતિભાનો પુરાવો આપતું "આત્મસિદ્ધિશાસ્ત્ર" તેમની ઉત્તમોત્તમ રચના છે.

શ્રીમદે ૨૯ વર્ષની વયે, એક જ બેઠકે રચેલું "અપૂર્વ અવસર" પણ એટલું જ ઉત્તમ કોટિનું કાવ્ય છે. માત્ર આ એક જ કાવ્ય શ્રીમદ્દે રચ્યું હોત તોપણ તેમને કવિ કહેવડાવવા માટે તે પૂરતું હતું. આ રચનામાં પોતાની અંતરંગ સ્થિતિ વર્ણવવાની સાથે જૈન પરિપાટી અનુસાર આત્માની ચોથાથી શરૂ કરી ચૌદમા ગુણસ્થાન સુધીની ભૂમિકાનું વર્ણન કર્યું છે. અને તેની ગોઠવણી તથા રચના એટલાં સુંદર થયાં છે કે તેને "કાવ્યકળાનો ઉત્તમ નમૂનો" પૂ. સંતબાલજી ગણાવે છે. આ કાવ્યમાં કડી તો માત્ર ૨૧ જ છે, પણ તેમાં એકએક શબ્દ એવો તોળીતોળીને મુકાયો છે કે એમાંથી એકાદ શબ્દ પણ કાઢી નાખતાં આખી રચનાને બગાડી મૂકવા જેવી પરિસ્થિતિ સર્જાય છે. જૈન તેમજ જૈનેતર બંને સમાજમાં સરખી રીતે લોકપ્રિય બનેલું આ કાવ્ય તેની ઉત્તમતાને લીધે પૂ. ગાંધીજીને પણ એટલું જ પ્રિય હતું, અને તેથી "આશ્રમભજનાવલી"માં તેને તેમણે સ્થાન આપ્યું હતું.

એક જ બેઠકે પૂરી કરાયેલી કૃતિઓ "આત્મસિદ્ધિશાસ્ત્ર" તેમજ "અપૂર્વ અવસર"ની હસ્તલિખિત પ્રતો જોતાં ખ્યાલ આવે છે કે શ્રીમદ્દે તે કૃતિઓમાં ભાગ્યે જ શાબ્દિક

ફેરફાર પણ કર્યો છે. પ્રબળ સર્જનપ્રતિભા અને આધ્યાત્મિક કક્ષા વિના આવી કૃતિ આ રીતે રચાવી અશક્ય છે.

આ બંને પદ્યરચનાઓ ઉપરાંત શ્રીમદ્દે વીસ વર્ષની વય પછી "વીસ દોહરા", "મૂળમાર્ગ રહસ્ય", "બિના નયન", "યમનિયમ" વગેરે મળી કુલ વીસેક જેટલી પદ્યરચનાઓ કરી છે. આ રચનાઓમાં મોક્ષમાર્ગનું સ્વરૂપ, જીવનું સ્વરૂપ, તથા આત્માને લગતા તત્ત્વચિંતનનું નિરૂપણ છે. આ બધી રચનાઓ પણ શ્રીમદ્દની ઉચ્ચ આધ્યાત્મિક કક્ષા બતાવે છે.

આટલું પદ્યસાહિત્ય શ્રીમદ્દની વીસ વર્ષની વય પછી રચાયેલું મળે છે. જે તેમની "કવિ" તરીકેની સિદ્ધિની પ્રતીતિ કરાવે છે.

શ્રી કુંદકુંદાચાર્ય રચિત "પંચાસ્તિકાય"નો અનુવાદ શ્રીમદ્દે તેમની ૩૦ વર્ષની વયે કર્યો હતો. તેના બંને અધ્યાયની ગાથાઓમાંથી લગભગ ૧૭ જેટલી ગાથાઓનો અનુવાદ મળતો નથી. બાકીની બધી ગાથાઓનો લગભગ શબ્દશઃ છતાં મૂળનો ભાવાર્થ જાળવતો ગદ્ય-અનુવાદ શ્રીમદ્દે આપણને આપ્યો છે. આ ઉપરાંત "દશવૈકાલિક સૂત્ર"ના બે અધ્યયનનો તેમ જ "દ્રવ્યસંગ્રહ"ની કેટલીક ગાથાઓનો અનુવાદ પણ તેમણે કર્યો છે, માગધી ભાષા ન સમજી શકનાર માટે આ અનુવાદ ખૂબ ઉપયોગી છે. તે બધામાં તેમની અનુવાદક તરીકેની કુશળતા જોવા મળે છે.

આનંદઘનજીનાં કેટલાંક પદોની સમજણ, સૂયગડાંગ અને દ્વાદશાંગીની કેટલીક ગાથાઓનું વિવેચન, અન્ય કેટલીક ગાથા તથા શ્લોકોની સમજણ, અન્ય કવિઓની કેટલીક પંક્તિઓ પરનું વિવેચન, એ વગેરે રૂપે આપણને શ્રીમદ્દનું વિવેચનસાહિત્ય મળે છે. તે બધાંમાં તેમની દૃષ્ટિ વિવેચક કરતાં સત્યઅન્વેષકની વિશેષ દેખાય છે. તેમનું આ બધું વિવેચનાત્મક લખાણ મુખ્યત્વે મુમુક્ષુઓના પત્રોમાં જોવા મળે છે, તે પરથી અનુમાન કરી શકાય કે તેમણે એ લખાણ પાછળનો ઉદ્દેશ મુમુક્ષુઓને સમજણ આપવાનો રાખ્યો હતો, અને નહિ કે કોઈ જાતની પ્રસિદ્ધિ મેળવવાનો કે વિવેચક થવાનો. પ્રસિદ્ધિ અને ધનવૈભવથી દૂર ભાગનાર માટે એવો મોહ હોવાની કલ્પના કરવી એ પણ અયોગ્ય જ ગણાય. આમાંનું કેટલુંક લખાણ હાલમાં અપૂર્ણ દશામાં મળે છે.

"પ્રતિમાસિદ્ધિ" પરનો લઘુગ્રંથ, "મોક્ષસિદ્ધાંત" વિશેનો લેખ, "દ્રવ્યપ્રકાશ" નામનો લેખ,— એમ કેટલાક ગદ્યલેખોની શરૂઆત પણ શ્રીમદ્દે તેમની વીસ વર્ષની વય પછીથી કરી હતી. પરંતુ તે બધાં લખાણો અપૂર્ણ રહેલ છે, અથવા અપૂર્ણ મળે છે. પ્રતિમાની આવશ્યકતા બતાવવી, મોક્ષ મેળવવાનો માર્ગ સમજાવવો, ષડ્દર્શનની સમીક્ષારૂપ સમજણ આપવી વગેરે વિષયો આ બધા લેખોમાં પસંદ કરાયા છે.

શ્રીમદ્દે કેટલાંક ગદ્ય-સુભાષિતોની પણ રચના કરી છે. તેમાંનાં કેટલાંક વચનો પ્રમાણમાં લાંબાં છે. એમાં મુખ્યત્વે આત્મા તથા મોક્ષમાર્ગ દર્શાવનારાં વચનો છે.

સાહિત્યનાં વિવિધ ક્ષેત્રમાં વિહરતી શ્રીમદ્‌ની કલમે "રોજનીશી", "હસ્તનોંધ" આદિનું પણ સર્જન કર્યું છે. આ લખાણ શ્રીમદ્‌ના અંગત ઉપયોગ માટે જ થયેલું હોઈ વ્યવસ્થિત કે અનુક્રમમાં નથી. શ્રીમદ્ કાયમ પોતાની પાસે એક નોંધપોથી રાખતા, અને જ્યારે કોઈ અગત્યનો વિચાર આવે ત્યારે તેનું કોઈ પણ એક પાનું ખોલી તેમાં તે ટપકાવી લેતા. આ રીતે વિચારોના ટાંચણથી જ તેમની નોંધપોથી ભરાયેલી છે. વળી, આ લખાણ અંગત ઉપયોગ માટેનું જ હોવાને લીધે ઘણી વાર ખૂબ જ સંક્ષેપમાં થયેલું છે અને તે એટલી હદ સુધી કે તે સમજવામાં પણ મુશ્કેલ લાગે. વળી, આ લખાણોની વિશેષતા એ છે કે તે રોજિંદા કે અગત્યના બનાવોનું વર્ણન નથી, પણ આત્માને લગતી વિચારણા અને તેમની આંતરિક સ્થિતિનું નિરૂપણ છે.

આમ જોઈએ તો વીસ વર્ષની વય પછી પણ શ્રીમદ્દે સાહિત્યનાં અનેક ક્ષેત્રોમાં લખાણ કર્યું છે, પણ તે સર્વ તેમની હયાતી બાદ પ્રસિદ્ધ થયું હોવાને લીધે લોકો શ્રીમદ્‌ને સાચા સ્વરૂપે પછીથી જ જાણી શક્યા.

શ્રીમદ્‌નું લખાણ સમગ્રપણે જોઈએ તો તેમાં ગદ્ય કરતાં પદ્ય-લખાણ ઓછું છે. પરંતુ કક્ષાની રીતે જોઈએ તો પદ્ય-લખાણની કોટિ ગદ્ય કરતાં ઊંચા પ્રકારની છે. ગદ્યનો મોટો જથ્થો તો પત્રોનો છે, અને બાકીનું મોટા ભાગનું લખાણ અપૂર્ણ સ્વરૂપમાં છે. અને તેમાં પણ કોઈ પણ કૃતિ પદ્યમાં રચાયેલ "આત્મસિદ્ધિ" કે "અપૂર્વ અવસર"ની કક્ષાની બની શકેલ નથી.

પદ્યરચનાની બાબતમાં આથી જુદું છે. મોટા ભાગની રચનાઓ પૂર્ણ છે. પદ્ય એ તેમના ભાવને પ્રગટ કરવાનું વિશેષ સફળ સાધન બની શક્યું છે, તેમ આપણે તેમની "આત્મસિદ્ધિ", "અપૂર્વ અવસર", "મૂળમાર્ગ રહસ્ય" આદિ રચનાઓ જોતાં કહી શકીએ તેમ છીએ. પ્રમાણની દૃષ્ટિએ પદ્યરચના કદાચ ઓછી લાગે, પણ તેની ગુણવત્તાની દૃષ્ટિએ જોતાં શ્રીમદ્‌ની સાચી પ્રતિભા આપણે પદ્યમાં જ ઝળકતી જોઈએ છીએ. તેમણે આપેલી એકેએક પદ્યરચના તેમની કવિપ્રતિભાની સાક્ષી પૂરે છે.

પદ્યની સરખામણીમાં શ્રીમદ્‌ની પ્રતિભા ગદ્યમાં ઓછી પ્રતિબિંબિત થાય છે તે ખરું, પણ તેથી તેમના ગદ્ય-લખાણનું મૂલ્ય ઓછું આંકી શકાય તેમ નથી. તેમના ગદ્ય-લખાણને સ્વતંત્ર રીતે તપાસીએ તો આપણે જરૂર શ્રીમદ્‌ને ગદ્યસ્વામી કહેવા પ્રેરાઈએ. પોતાના પત્રોમાં તેઓએ જે તર્કબદ્ધતાથી પોતાના વિચારો રજૂ કર્યા છે, તેમ કરવામાં જે સરળ ભાવવાહી ભાષા વાપરી છે, વિવેચનમાં જે વિચારશક્તિ દર્શાવી છે તે સર્વ તેમની ગદ્યસ્વામી તરીકેની સમર્થતા દર્શાવે છે. તેમના ગદ્ય કે પદ્ય કોઈ પણ પ્રકારના લખાણમાં અનુભવનો નિચોડ વાચકને જોવા મળશે જ. તેથી જ પૂ. ગાંધીજી તેમના લખાણ વિશે યોગ્ય જ લખે છે કે :—

"તેમનાં લખાણોની એક અસાધારણતા એ છે કે પોતે જે અનુભવ્યું તે જ

લખ્યું છે. તેમાં ક્યાંયે કૃત્રિમતા નથી. બીજાની ઉપર છાપ પાડવા સારુ એક લીટી સરખી પણ લખી હોય એમ મેં નથી જોયું."૪૨

મોટા કદનાં લગભગ ૧૦૦૦ જેટલાં છાપેલાં પાનાંમાં મળતા શ્રીમદ્દના લખાણ માટે પૂ. ગાંધીજી જેવા ઉપર મુજબનો અભિપ્રાય ઉચ્ચારે તે જ શ્રીમદ્દની મહાનતા અને ગદ્ય તેમજ પદ્યના સર્જક તરીકેની સફળતા પુરવાર કરવા માટે બસ છે.

## શ્રીમદ્દને પ્રગટેલાં અવધિજ્ઞાન તથા લબ્ધિઓ

શ્રીમદ્દ યોગ જાણતા હતા, કે તેમને લબ્ધિઓ કે અવધિજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી, તેવું તેમણે કોઈને પણ જણાવ્યું ન હતું, તેમ તેમના પરિચયમાં આવનાર વ્યક્તિઓએ પણ તેવું જણાવ્યું નથી. પરંતુ તેમના જીવનમાં બનેલા કેટલાક પ્રસંગો, તથા તેમનું કેટલુંક લખાણ એ માન્યતા દૃઢ કરે છે કે તેમને અવધિજ્ઞાન તથા લબ્ધિ પ્રગટયાં હોવાં જોઈએ. એટલું જ નહિ તેઓ યોગના પણ જાણકાર હોવા જોઈએ.

અવધિ એટલે હદ. અવધિજ્ઞાન એટલે રૂપી પદાર્થનું (સ્થળ અને કાળની મર્યાદા સહિતનું) ઉપયોગપૂર્વક થતું અમુક હદ સુધીનું જ્ઞાન તથા દર્શન. તે અવધિ અથવા હદ ગમે તેટલી નાની કે મોટી હોઈ શકે. તે હદ જીવની શુદ્ધતાના તરતમપણા ઉપર આધાર રાખે છે. શ્રીમદ્દમાં શરૂઆતમાં આ જ્ઞાનની થોડી હદથી શરૂઆત થઈ હતી, અને પછી તે હદ ઘણી વિસ્તરી હતી તેમ કહી શકાય. તેમને આ પ્રકારનું જ્ઞાન હતું તે વિશે કેટલાંક ઉદાહરણો પણ મળે છે.

કચ્છ કોડાયના રહીશ શા. હેમરાજભાઈ તથા માલશીભાઈ શ્રીમદ્દને મળવા ફરતા ફરતા રાજકોટ સુધી પહોંચે છે. રાજકોટમાં અંતર્જ્ઞાનથી તેઓ તે જાણી જાય છે, અને તેમને લેવા માર્ગ પર સામે જાય છે, એટલું જ નહિ પણ, કદી ન જોયેલા કે કદી ન જાણેલા એ બે ભાઈઓને નામથી તેઓ બોલાવે છે. વળી, તેમના ઉતારાની વ્યવસ્થા, તેમના આવવાની ખબર મળ્યા પહેલાં જ, શ્રીમદ્દ શા. ધારશીભાઈને ત્યાં કરે છે. તે પ્રસંગમાં તેમણે અવધિજ્ઞાનથી જાણ્યું હોય તેમ કહી શકાય.૪૩

વળી, મોરબીમાં વિ. સં. ૧૯૪૬માં શ્રી સોભાગભાઈ તેમને મળવા તથા "બીજજ્ઞાન"-નો મંત્ર આપવા આવે છે. તે વખતે પણ શ્રીમદ્દ તેમના આગમનની તથા તેના કારણની વાત પહેલેથી જાણી જાય છે, અને એ "બીજજ્ઞાન"નો મંત્ર સોભાગભાઈના કશું કહ્યા પહેલાં તેમને જ વાંચવા આપે છે, જે તેમણે આગળથી લખી રાખ્યો છે. પહેલી જ વખત મળતા સોભાગભાઈને નામ સાથે આવકારે છે. વળી, કદી સાયલા ગયા ન હોવા છતાં

---

૪૨. "શ્રીમદ્દ રાજચંદ્ર અને ગાંધીજી" પૃ. ૪૬, અથવા "ગાંધીજીની પ્રસ્તાવના" પ્રકરણ ૩.

૪૩. વિસ્તાર માટે જુઓ આ પ્રકરણના શ્રીમદ્દની ચમત્કારિક શક્તિ તથા સ્મરણીય પ્રસંગો એ વિભાગમાંનો બીજો પ્રસંગ.

શ્રીમદ્ સોભાગભાઈના ઘરનું બારણું સાયલામાં કઈ દિશામાં છે તે પણ યથાર્થ કહી દે છે. સોભાગભાઈ સાથેના આ સર્વ પ્રસંગો તેમને પ્રગટેલા અવધિજ્ઞાનના સૂચક ગણી શકાય.

એ જ રીતે ત્રણ માસ અગાઉ શ્રી જૂઠાભાઈના અવસાન સંબંધી કરી રાખેલ નોંધ, વવાણિયાના વીરચંદ દેસાઈ અને તેમનાં પત્નીના અવસાન બાબત આપેલી માહિતી, દલીચંદભાઈના પિતાશ્રી, ગરાશિયા બાપુ આદિના મૃત્યુ વિશે કરેલો નિર્દેશ, પોતાના પિતાને ચમનપર ન જવાની કરેલી વિનંતી આદિ પ્રસંગો તેમને પ્રગટેલાં અવધિજ્ઞાનનો જ નિર્દેશ કરે છે, એમ કહી શકાય. કોઈને કંઈ મુશ્કેલી આવવાની હોય, અનિષ્ટ થવાનું હોય, શુભ થવાનું હોય તે વગેરે વિશે તેઓ જાણી શકતા, અને તેને સંબંધિત વ્યક્તિઓને પણ જણાવતા. આવા સંખ્યાબંધ પ્રસંગો શ્રીમદ્‌ના જીવનમાં બનેલા જાણવા મળે છે, જે શ્રીમદ્‌માં અમુક અપૂર્વ સિદ્ધિ હતી તે સાબિત કરે છે, જેને "અવધિજ્ઞાન" કહી શકાય.

આ જ પ્રમાણે મનઃપર્યવજ્ઞાનની શક્તિ પણ તેમનામાં ખીલી હતી, એમ આપણે કહી શકીશું. મનઃપર્યવજ્ઞાન એટલે સામેની વ્યક્તિના મનના ભાવ જાણી જવા. આ જ્ઞાનની શરૂઆત પણ તેમને નાની વયથી થઈ હતી. જોકે પાછળથી તે જ્ઞાન ઘણું વધ્યું હતું, પણ તેનો ઉપયોગ તેઓ નહોતા કરતા.

મોરબીના શ્રી છોટાલાલ રેવાશંકર અંજારિયા પોતાનાં સંસ્મરણોમાં નોંધે છે કે:—

> "શ્રીમદ્ કોઈ પ્રસંગ ઉપર અમારામાંનો કોઈ વાત કરવાની શરૂઆત કરે ત્યારે, તેના મનનો હેતુ શું છે તે કહી આપતા. કેટલાક મિત્રો કબૂલ ન કરે છતાં પરિણામે તેનો હેતુ તેમના કહેવા મુજબ સિદ્ધ થતો."[૪૪]

શ્રી મનસુખભાઈ કિરતચંદ મહેતાએ પણ, પોતાના મનના પ્રશ્ન જાણીને જ શ્રીમદે તેના ઉત્તરો કંઈ પણ પૂછાયા વિના આપ્યા હોય તેવા અનેક પ્રસંગો "શ્રીમદ્ રાજચંદ્ર જીવનરેખા"માં નોંધ્યા છે. તેઓ ઉપદેશ આપતા તે વખતે પણ શ્રોતાના મનના પ્રશ્નોનું સમાધાન, તે પ્રશ્નો પૂછાયા પહેલાં જ, કરી દેતા, પરિણામે કોઈને પ્રશ્ન પૂછવાનો રહેતો નહિ, તેવી નોંધ ખંભાતના છોટાલાલ માણેકચંદ, મોરબીના મનસુખભાઈ કિરતચંદ મહેતા વગેરેએ લીધી છે. લીંબડીના શ્રી ઠાકરશી લહેરચંદ શાહે પણ પોતાના મનના ભાવ જાણી શ્રીમદે "ઉત્તરાધ્યયન સૂત્ર"નું એક અધ્યયન સમજાવ્યું હતું એ આદિ પ્રસંગો પોતાનાં સંસ્મરણોમાં નોંધ્યા છે.[૪૫]

શ્રીમદ્‌ની આ વિશિષ્ટ શક્તિઓનો પરિચય આપતા પ્રસંગો "શ્રીમદ્‌ની વિશિષ્ટ શક્તિ તથા સ્મરણીય પ્રસંગો" નામના આ પ્રકરણના વિભાગમાં નોંધ્યા છે, જે જોતાં તેમની શક્તિઓનો ખ્યાલ આવી શકશે.

૪૪. "શ્રીમદ્ રાજચંદ્ર અર્ધશતાબ્દી સ્મારક ગ્રંથ", પૃ ૧૦૦.

૪૫. એજન, પૃ. ૧૧૮.

જ્ઞાનના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ એ પાંચ પ્રકાર છે. તેમાં શ્રેષ્ઠ તે કેવળજ્ઞાન, તેના પછીનું મનઃપર્યવ, તે પછીનું અવધિ, એવા ક્રમમાં આ જ્ઞાન ગોઠવેલ છે. ઉપરના પ્રસંગો પરથી આપણે એ તારવી કાઢી શકીએ છીએ કે શ્રીમદ્દ ચોથા મનઃપર્યવ જ્ઞાન સુધી તો પહોંચી ગયા હતા. અવધિ અને મનઃપર્યવની કઈ કક્ષા સુધી તેઓ પહોંચ્યા હતા તે જાણવાનાં આપણી પાસે સાધનો નથી, કારણ કે જેમ જેમ તેમના આત્માની કક્ષા ઉચ્ચ થતી ગઈ હતી, તેમ તેમ તે દશા તેમણે વધુ ને વધુ ગુપ્ત રાખી હતી. એથી તેમની અંતિમ દશા કઈ હશે તે જાણવું ઘણું મુશ્કેલ બની રહે છે. પણ આ બંનેનો ઘણો સારા પ્રમાણમાં વિકાસ થયો હશે તે તો આપણે ચોક્કસ કહી શકીએ. પોતાને હવે એક જ ભવ લેવાનો બાકી છે તેની નોંધ કરતાં, એક અંગત કાવ્યમાં તેમણે લખ્યું છે કે, "તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે." આ પણ તેમણે અવધિ-જ્ઞાનથી જાણ્યું હોય તે જ સંભવિત છે.

આમ તેમનો આત્મા આટલી ઉચ્ચ કક્ષાએ પહોંચ્યો હોય ત્યારે અન્ય લબ્ધિઓ પણ પ્રગટી હોય તે સ્વાભાવિક છે. શ્રીમદ્દે તે લબ્ધિઓનો ઉપયોગ ભાગ્યે જ કર્યો છે. તેથી તેમને એવી લબ્ધિ પ્રગટી હશે કે કેમ તેવી શંકા થવાનો પણ સંભવ છે, પણ કેટલાક પ્રસંગો અને તેમનાં વચનો પરથી આપણે જોઈ શકીશું કે; ભલે તેમણે પ્રાપ્ત લબ્ધિઓનો ઉપયોગ નહોતો કર્યો, પરંતુ તે હતી તે નિઃશંક છે.

શ્રીમદ્દના બનેવી રા. ટોકરશીભાઈ મહેતા છેલ્લા મંદવાડ વખતે સન્નિપાતના દર્દમાં સપડાયા હતા. તે વખતે તેમને ભાગતા રોકવા સતત બે જણાએ ઝાલી રાખવા પડતા હતા, પણ શ્રીમદ્દ તેમની પાસે હોય તેટલો વખત તેઓ પૂરા હોશમાં રહેતા, એ શ્રીમદ્દના કોઈ લબ્ધિના ઉપયોગનું જ પરિણામ હતું.[૪૬] ટોકરશીભાઈના દેહ છૂટવા પૂર્વે શ્રીમદ્દે કરેલાં હાથ, આંખ આદિનાં નિશાનો તથા તેમાંથી ટોકરશીભાઈની ફરેલી લેશ્યા, તે પણ કોઈ લબ્ધિનો ઉપયોગ સૂચવે છે. અને એ અજાયબી વિશે જ્યારે પદમશીભાઈએ શ્રીમદ્દને પૂછ્યું, ત્યારે શ્રીમદ્દે આપેલો ઉત્તર ઉપરની માન્યતાનું સમર્થન કરે છે.

> "પ્રાણવાયુ અપાનવાયુના સંબંધથી રહેલ છે. દરેક વખતે શ્વાસને અપાનવાયુ ખેંચે છે તેને શ્વાસ કહે છે. એ વાયુનો સંબંધ છૂટો પડયેથી પ્રાણ ચાલ્યો ગયો એમ કહેવાય છે. તે વખતે જીવની જેવી લેશ્યા હોય તેવી ગતિ થાય છે, અને શક્તિ-બળે જીવોની લેશ્યા ફેરવી શકાય છે."

આમ શક્તિબળથી શ્રીમદ્દે ટોકરશીભાઈની લેશ્યા ફેરવી હતી, તે તેમને યોગશાસ્ત્રમાં બતાવેલી લબ્ધિ પ્રાપ્ત થઈ હતી તે સૂચવે છે. વળી, અપાનવાયુ, પ્રાણવાયુ, આદિના સંબંધની વાતો યોગ જાણનાર જ સમજી શકે. શ્રીમદ્દે આમ લબ્ધિનો ઉપયોગ કર્યો હોય તેવાં ઉદાહરણો ભાગ્યે જ જોવા મળે છે.

---

૪૬. વધુ વિગત માટે જુઓ, "સ્મરણીય પ્રસંગ" આંક ૧૬.

શ્રીમદ્‌નાં નીચેનાં વચનો તે વિશે સારો પ્રકાશ પાડે છે :–

"ગમે તેવા ભવિષ્યજ્ઞાન અથવા સિદ્ધિઓની ઇચ્છા નથી. તેમ તેઓનો ઉપયોગ કરવામાં ઉદાસીનતા રહે છે."૪૭

–બીજા ભાદરવા સુદ ૨, ૧૯૪૬ના પત્રમાંથી.

"ચમત્કાર બતાવી યોગને સિદ્ધ કરવો, એ યોગીનું લક્ષણ નથી. સર્વોત્તમ યોગી તો એ છે કે સર્વ પ્રકારની સ્પૃહાથી રહિતપણે, સત્યમાં કેવળ અનન્ય નિષ્ઠાએ જે સર્વ પ્રકારે સત્ જ આચરે છે, જગત જેને વિસ્મૃત થયું છે. અમે એ જ ઇચ્છીએ છીએ."૪૮

–શ્રાવણ સુદ ૯, ૧૯૪૭.

"જ્યોતિષાદિ વિદ્યા કે અણિમાદિ સિદ્ધિ એ માયિક પદાર્થો જાણી આત્માને તેનું સ્મરણ પણ ક્વચિત જ થાય છે. તે વાટે કોઈ વાત જાણવાનું અથવા સિદ્ધ કરવાનું ક્યારેય યોગ્ય લાગતું નથી, અને એ વાતમાં કોઈ પ્રકારે હાલ તો ચિત્તપ્રવેશ પણ રહ્યો નથી."૪૯

–મહા વદ, ૧૯૪૮.

"જ્યારથી યથાર્થ બોધની ઉત્પત્તિ થઈ છે, ત્યારથી કોઈ પણ પ્રકારના સિદ્ધિયોગે કે વિદ્યાના યોગે સાંસારિક સાધન પોતાસંબંધી કે પરસંબંધી કરવાની પ્રતિજ્ઞા છે, અને એ પ્રતિજ્ઞામાં એક પળ પણ મંદપણું આવ્યું હોય એમ હજુ સુધીમાં થયું છે એમ સાંભરતું નથી."૫૦

–૧૯૪૮.

"કોઈ પ્રકારનો સિદ્ધિજોગ અમે ક્યારે પણ સાધવાનો આખી જિંદગીમાં અલ્પ પણ વિચાર કર્યો સાંભરતો નથી, એટલે સાધને કરી તેવો જોગ પ્રગટ્યો હોય તેવું જણાતું નથી. આત્માના વિશુદ્ધપણાના કારણે જો કંઈ ઐશ્વર્ય હોય તો તેનું નહીં હોવાપણું કહી શકાતું નથી. એ ઐશ્વર્ય કેટલેક અંશે સંભવે છે, તથાપિ આ પત્ર લખતી વખતે એ ઐશ્વર્યની સ્મૃતિ થઈ છે, નહીં તો ઘણા કાળ થયાં તેમ થવું સ્મરણમાં નથી, તો પછી તે સ્ફુરિત કરવા વિશેની ઇચ્છા ક્યારેય થઈ હોય એમ કહી શકાય નહીં, એ સ્પષ્ટ વાર્તા છે."૫૧

–જેઠ સુદ ૧૫, ૧૯૪૯.

૪૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૨૫.
૪૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧. પૃ. ૨૯૩.
૪૯. એજન, પૃ. ૩૧૭.
૫૦. એજન, પૃ. ૩૧૪. ૫૧. એજન, પૃ. ૩૭૪.

આ બધાં વચનો વાંચતાં સમજી શકાશે કે તેમને કેટલીક લબ્ધિઓ પ્રગટી હતી, અને તેનો ઉપયોગ તેમણે નિષેધ્યો હતો. અંતિમ અવતરણ જોતાં એ પણ સમજાશે કે વિ. સં. ૧૯૪૯ પહેલાં ઘણાં વર્ષે તે સિદ્ધિઓ પ્રગટવાની શરૂઆત થઈ ગઈ હતી, એટલે કે નાની વયથી જ લબ્ધિઓ પ્રગટી હતી. પરંતુ આ લબ્ધિઓનો ઉપયોગ તેમણે ભાગ્યે જ કર્યો છે, અને વળી તે વિશે કોઈને વિગતથી જણાવ્યું પણ નથી, તેથી તે લબ્ધિઓ કેવી હતી, કયા પ્રકારની હતી, તે વિશે કંઈ પણ જાણી શકાતું નથી. આત્માની નિર્મળતા વધતી ગઈ તેમ શ્રીમદ્દને પ્રગટેલી લબ્ધિઓમાં વધારો થતો ગયો હતો, તેટલું જ જાણી શકાય છે.

## શ્રીમદ્દનું ભાષાજ્ઞાન તથા ગ્રંથાભ્યાસ

સાત વર્ષની વયે અક્ષરજ્ઞાન લેવાનું ચાલુ કર્યા પછી, શ્રીમદ્દે ૧૧ વર્ષની વયે તો શાળાનો અભ્યાસ છોડ્યો હતો. આમ નિયમિતપણે શાળામાં જઈને તો તેમણે માત્ર ગુજરાતી ભાષાનું જ જ્ઞાન મેળવ્યું હતું. પરંતુ તેમની આંતરિક શક્તિ એટલી બધી ખીલેલી હતી કે તે પછીનાં થોડાં જ વર્ષોમાં તેમણે અંગ્રેજી, સંસ્કૃત, અર્ધમાગધી, હિંદી આદિ ભાષાઓનું સારા પ્રમાણમાં જ્ઞાન મેળવીને તે તે ભાષાના અનેક ગ્રંથોનો અભ્યાસ પણ કર્યો હતો.

શાળાનો અભ્યાસ છોડ્યા પછી કેટલોક વખત શ્રીમદ્દે ખાનગી ટ્યૂશન રાખીને અંગ્રેજી ભાષાનો અભ્યાસ કર્યો હતો. અંગ્રેજી ભાષાનું જ્ઞાન તેમણે કઈ કક્ષા સુધી મેળવ્યું હતું તેનો સાચો અંદાજ, પૂરતી માહિતીના અભાવે, આવી શકતો નથી. તેમણે અંગ્રેજી ભાષાનો ઉપયોગ પોતાના લખાણમાં ક્યાંયે કર્યો નથી. વળી, તે ભાષાના કોઈ ગ્રંથનો પણ ઉલ્લેખ તેમના લખાણમાં જોવા મળતો નથી. તે પરથી અંગ્રેજી ભાષાના ઊંડા અભ્યાસમાં તેમને રસ નહિ હોય એવું અનુમાન કરી શકાય છે. તેમ છતાં લખવા-વાંચવા પૂરતું તે ભાષાનું જરૂરી જ્ઞાન તેમણે મેળવી લીધું હતું તે નિઃશંક છે. પોતાની પેઢીના પેરિસ આદિ જગ્યાએ રહેલા આડતિયાઓ સાથેના કામકાજનો વ્યવહાર શ્રીમદ્દ અંગ્રેજી ભાષા દ્વારા ચલાવતા, અને તેમ કરવામાં તેમને કદી મુશ્કેલીનો અનુભવ થયો નહોતો, તેનો ઉલ્લેખ કરતાં પૂ. ગાંધીજી લખે છે કે :—

> "જોકે અંગ્રેજી જ્ઞાન તેમને નહોતું, છતાં પારિસ વગેરેના આડતિયા તરફથી આવેલા કાગળો, તારોના મર્મ તરત સમજી જતા, ને તેઓની કળા વર્તતાં વાર ન લાગતી. તેમણે કરેલા તર્કો ઘણે ભાગે સાચા પડતા."[૫૨]

બાળવયથી જ શ્રીમદ્દને વાંચવાનો ઘણો શોખ હતો. તેર વર્ષની વય પહેલાં તેમણે અનેક પ્રકારના નાના બોધગ્રંથો, "પ્રવીણસાગર" નામનો ગ્રંથ, જૈનનાં પ્રતિક્રમણસૂત્ર

૫૨. "ગાંધીજીની પ્રસ્તાવના", પ્રકરણ ૪. "શ્રીમદ્દની જીવનયાત્રા", પૃ. ૧૦૭.

તથા સામાયિકસૂત્ર, અને એ ઉપરાંત બીજાં અનેક પુસ્તકો વાંચ્યાં હોવાનો ઉલ્લેખ શ્રીમદ્દે "સમુચ્ચયવયચર્યા"માં કર્યો છે. તેર વર્ષની વય પછીથી તો તેઓ નિયમિતપણે ગ્રંથાભ્યાસ કરતા હતા.

શ્રીમદ્દનું વલણ વૈરાગ્ય તરફનું – સંસારથી છૂટવા માટેનું – હતું, તેથી તેર વર્ષની વયથી તેમને તત્ત્વવિચારણાનાં પુસ્તકોનો અભ્યાસ કરવામાં વિશેષ રસ પડવા લાગ્યો. આ પ્રકારનાં પુસ્તકોના અભ્યાસ માટે તેમને સંસ્કૃત તથા અર્ધમાગધી ભાષાનું જ્ઞાન હોવું જરૂરી લાગ્યું. પરિણામે તે બંને ભાષાઓનો નિયમપૂર્વક અભ્યાસ કરવાની શરૂઆત તેમણે કરી. અભ્યાસ ચાલુ કર્યા પછી બે ત્રણ વર્ષમાં તો તે બંને ભાષાનું સારા પ્રમાણમાં જ્ઞાન મેળવવા ઉપરાંત તેમણે જૈનનાં આગમ તથા અન્ય ગ્રંથોનો અને અન્ય દર્શનનાં ધર્મપુસ્તકોનો અભ્યાસ કરી લીધો હતો. તે અભ્યાસ વિ. સં. ૧૯૪૪માં પણ ચાલુ જ હતો, તે તેમણે લખેલા એક પત્ર પરથી જાણી શકાય છે. તે વર્ષમાં તેમણે લખ્યું હતું કે :—

> "ધર્મકરણીનો થોડો વખત મળે છે, આત્મસિદ્ધિનો પણ થોડો વખત મળે છે, શાસ્ત્રપઠન અને વાંચનનો પણ થોડો વખત મળે છે."[૫૩]

શ્રીમદ્દે આ વર્ષોમાં મુખ્યત્વે વૈરાગ્યના ગ્રંથોનો જ અભ્યાસ કર્યો હતો.

તેમના એ જ્ઞાનનો પરિચય આપણને તેમણે સોળ વર્ષ અને પાંચ માસની ઉંમરે લખેલી "મોક્ષમાળા"માં તથા તે પછી એ વર્ષે રચેલ "ભાવનાબોધ"માં થાય છે. "મોક્ષમાળા"માં તેમણે આપેલ ઉત્તરાધ્યયન સૂત્રના કોઈક કોઈક અવતરણ, સૂત્રોનો સાર, જૈનધર્મની તત્ત્વવિચારણા, અન્ય દર્શનોની સાથે જૈનનો તુલનાત્મક અભ્યાસ આદિ દ્વારા તેમના જ્ઞાનનો આપણને પરિચય થાય છે. વળી, "ભાવનાબોધ"માં તેમણે ભર્તૃહરિના વૈરાગ્યશતકના એક પ્રખ્યાત શ્લોકની સમજણ, ઉત્તરાધ્યયનના બેત્રણ અધ્યયનનો ભાવાર્થ, અન્ય ગ્રંથોમાંથી મેળવેલાં દૃષ્ટાંતો આદિ તેમણે આપ્યાં છે. તે બધું તેમણે નાની વયમાં સંસ્કૃત તથા અર્ધમાગધી જેવી કઠિન ભાષામાં લખાયેલા ગ્રંથોનું અધ્યયન કર્યું હતું, તે દર્શાવે છે. અને મેળવેલું જ્ઞાન તેમણે પચાવ્યું પણ હતું, તે આ પુસ્તકો વાંચતાં જણાઈ આવે છે.

આમ ૧૭ વર્ષની નાની વયમાં જ સંસ્કૃત તથા અર્ધમાગધી ભાષાનું જ્ઞાન હોવા સાથે વેદાંત આદિ દર્શનના અભ્યાસને લીધે તેમનું શાસ્ત્રજ્ઞાન બહોળું થયું હતું અને તેમાં ઉત્તરોત્તર વધારો થતો ગયો હતો.

શ્રીમદ્દે લખેલા સાહિત્યમાં "ગુરુગીતા", સમંતભદ્રાચાર્યની "આપ્તમીમાંસા", શંકરાચાર્યના "દૃગ્દૃશ્યવિવેક", હેમચંદ્રાચાર્યના "યોગશાસ્ત્ર", ભર્તૃહરિના "વૈરાગ્ય-શતક", તત્ત્વાર્થસૂત્રની ટીકા, શ્રીમદ્ ભાગવત્, પંચતંત્ર આદિ અનેક સંસ્કૃત ગ્રંથોમાંથી અવતરણો લેવાયેલાં છે. તે શ્રીમદ્દે કરેલા સંસ્કૃત ભાષાના, તથા તે ભાષામાં રચાયેલા ગ્રંથોના અભ્યાસને સૂચવે છે.

---

૫૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧. પૃ. ૧૬૯.

શ્રીમદ્‌ને સંસ્કૃત કરતાં અર્ધમાગધી ભાષાનો વિશેષ પરિચય હતો તેવું અનુમાન તેમનું સાહિત્ય જોતાં કરી શકાય. વિ. સં. ૧૯૪૬ પછી તો "ભગવતીસૂત્ર" જેવા આગમ-ગ્રંથોના પાઠાંતરની ચર્ચા કે પાઠના અર્થની ચર્ચા કરેલી પણ જોવા મળે છે. શ્રીમદ્દે લખેલા પત્રોમાં સૂત્રકૃતાંગ, ઉત્તરાધ્યયન, દશવૈકાલિક, આચારાંગ, ઠાણાંગ, નંદી આદિ જૈન આગમ-સૂત્રો; પંચાસ્તિકાય, સિદ્ધપ્રાભૃત, ષટ્પ્રભુતાદિ સંગ્રહ, દ્રવ્યસંગ્રહ, પ્રવચનસાર વગેરે જૈન ગ્રંથોમાંથી અવતરણો તથા તે વિશેની કેટલીક સમજણ અપાયેલી છે. આ ઉપરાંત શ્રીમદ્દે દશવૈકાલિકસૂત્રનાં બે અધ્યયનનો, પૂર્ણ પંચાસ્તિકાયનો, ઉત્તરાધ્યયનના એક અધ્યયનનો, દ્રવ્યસંગ્રહની કેટલીક ગાથાઓનો સુંદર અનુવાદ પણ આપ્યો છે. અર્ધમાગધી અને ગુજરાતી એ બે ભાષા પરના વિશિષ્ટ કાબૂ વિના એમ બનવું શક્ય નથી.

જે વ્યક્તિ સંસ્કૃત કે અર્ધમાગધી જેવી ભાષાનો આસાનીથી પરિચય કરી શકે, તે વ્યક્તિને ગુજરાતીની જ બહેન જેવી હિંદી ભાષાનો અભ્યાસ સહજ જ હોય. ચિદાનંદજી, કબીર આદિની હિંદી રચનાઓનો તેમણે અભ્યાસ કર્યો હતો, અને તે વિશે કેટલુંક વિવેચનાત્મક લખાણ પણ કર્યું હતું. સમંતભદ્રાચાર્યના "રત્નકરંડશ્રાવકાચાર" પરની હિંદી ટીકામાં આપેલી બાર ભાવનામાંથી ત્રણનો શબ્દશઃ અનુવાદ શ્રીમદ્દે ૧૭ વર્ષની વય પહેલાં કર્યો હતો. તે પછી તેમણે ચિદાનંદજી મહારાજના "સ્વરોદયજ્ઞાન" નામના હિંદી ગ્રંથની ટીકા લખવી શરૂ કરી હતી. વળી, તેમણે લખેલા પત્રોમાં કેટલીક જગ્યાએ શ્રી બનારસીદાસજીના "સમયસાર નાટક", કબીરનાં પદો આદિમાંથી હિંદી અવતરણો તથા તેમાં રહેલા ગૂઢાર્થની સમજ અપાયેલી છે. તે બધાં પરથી તેમને થયેલો હિંદી ભાષાનો અભ્યાસ આપણા લક્ષમાં આવે છે. પરંતુ તે ભાષા પરના તેમના સાચા પ્રભુત્વનો ખ્યાલ તો તેમણે હિંદીમાં રચેલાં "બિના નયન", "યમ નિયમ" આદિ તત્ત્વસભર કાવ્યો જોતાં આવે છે.

આમ કોઈ પણ ભાષાનો વ્યવસ્થિત અભ્યાસ કર્યો ન હોવા છતાં શ્રીમદ્ ગુજરાતી, સંસ્કૃત, હિંદી, અર્ધમાગધી વગેરે ભાષાઓના અમૂલ્ય ગ્રંથો વાંચી શકતા, સમજી શકતા અને સમજાવી પણ શકતા. પોતાને વૈરાગ્યવૃત્તિ હોવાથી અન્ય ભાષાઓનો અભ્યાસ થઈ શક્યો ન હતો તેનો ઉલ્લેખ કરતાં તેમણે વિ. સં. ૧૯૪૬ના ભાદરવા માસમાં લખ્યું હતું કે:—

> "શિશુવયમાંથી જ એ વૃત્તિ ઊગવાથી કોઈ પ્રકારનો પરભાષાભ્યાસ ન થઈ શક્યો. અમુક સંપ્રદાયથી શાસ્ત્રાભ્યાસ ન થઈ શક્યો...અને તે ન થઈ શક્યો તેને માટે કંઈ બીજી વિચારણા નથી. અર્થાત્ શાસ્ત્રના ભાષાભ્યાસ વિના પણ ઘણો પરિચય થયો છે, ધર્મના વ્યાવહારિક જ્ઞાતાઓનો પણ પરિચય થયો છે."[૫૪]

વ્યવસ્થિત રીતે કરેલા પરભાષાના અભ્યાસ વિના પણ કોઈ પણ ભાષાનું પુસ્તક વાંચતાં તેમને ઘણો જ અલ્પ સમય લાગતો હતો. તેઓ વાંચતા હોય ત્યારે તેમની પાસે બેસનારને તો એમ જ લાગે કે તેઓ માત્ર પાનાં જ ઉથલાવે છે. તે વિશે દેસાઈ પોપટલાલ મનજી શ્રીમદ્‌નાં સંસ્મરણો આલેખતાં લખે છે કે :—

૫૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૨૦.

"સાહેબજી પોતે સવારમાં સ્નાન કર્યા બાદ બે-ત્રણ કલાક સુધી સૂત્રો વાંચતા, તે એવી રીતે કે એક પાનું લીધું. બીજું ફેરવ્યું એમ અનુક્રમે પાનાં ફેરવી જતા. જેમ ટ્રેન ચાલતી હોય તેમ બોલી જતા. વળી સાહેબજીએ માત્ર ગુજરાતીનો જ અભ્યાસ કરેલો હતો, પણ ગમે તે ભાષામાં બોલી શકતા, વાંચી શકતા અને વિવેચન કરી શકતા. તેથી મને ઘણું જ આશ્ચર્ય લાગતું."[૫૫]

આવી ઝડપથી વાંચતા હોવા છતાં તેમને ગ્રંથનો ઘણોખરો ભાગ સ્મૃતિમાં રહી જતો. પોતાને મળતી અવકાશની પ્રત્યેક પળ તેઓ ધર્માભ્યાસ પાછળ ગાળતા. પેઢી પર પણ વેપારકાર્યમાંથી થોડી નિવૃત્તિ મળે એટલે પાસે રાખેલું ધર્મપુસ્તક વાંચવામાં તેઓ તલ્લીન બની જતા. વળી પ્રત્યેક વર્ષના અમુક માસ તેઓ ગુજરાતનાં ગામડાંઓમાં નિવૃત્તિ અર્થે રહેતા. ત્યારે તેમનો સમય મુખ્યત્વે ગ્રંથવાચન અને તત્ત્વવિચારણામાં જ પસાર થતો. આમ તેમનું જ્ઞાન દિવસે દિવસે વધતું જતું હતું. અને તેમાં તેમના આત્માની શક્તિ સહાયભૂત બનતી. આ બધું જાણનારને તેમના વિશાળ ગ્રંથવાચનની નવાઈ ન લાગે, નહિતર તો માત્ર ૩૩ વર્ષનું જ આયુષ્ય ભોગવનાર શ્રીમદ્ આટલી ભાષાના, કેટ-કેટલા ગ્રંથોનું અવલોકન કઈ રીતે કરી શક્યા હશે તેનું આશ્ચર્ય થયા વિના રહે નહિ.

આજે ઉપલબ્ધ થતા શ્રીમદ્દના સાહિત્યમાં લગભગ સવાસો જેટલા વિવિધ ગ્રંથોના અભ્યાસનો ઉલ્લેખ મળે છે. તેમાં ઠાણાંગ, ઉત્તરાધ્યયન, ભગવતી આચારાંગ, સૂયગડાંગ, દશવૈકાલિક, નંદી, સમવાયાંગ, આદિ જૈન આગમસૂત્રો, અધ્યાત્મકલ્પદ્રુમ, અષ્ટપ્રાભૃત, આત્માનુશાસન, કર્મગ્રંથ, ગોમ્મટસાર, જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ, તત્ત્વાર્થસૂત્ર, દેવાગમસ્તોત્ર, પદ્મનંદી પંચવિંશતી, પ્રવચનસાર, ભગવતી આરાધના આદિ જૈન ધર્મગ્રંથો, યોગવાશિષ્ઠ, ભાગવત, વિચારસાગર, મણિરત્નમાળા, પંચીકરણ, વૈરાગ્યશતક, દાસબોધ, સુંદરવિલાસ, પ્રબોધશતક આદિ વેદાંતના ગ્રંથો; તથા ગીતા આદિ જેવા અન્ય ગ્રંથોનાં ઉલ્લેખ તથા અવતરણો મળે છે. આ બધા ઉપરાંત પ્રકરણ રત્નાકર, સ્વરોદયજ્ઞાન, આનંદઘનચોવીશી, પંચાસ્તિકાય, સમયસાર નાટક, ઉદ્ધવગીતા, શ્રીપાલરાસ, દેવાગમસ્તોત્ર (આપ્તમીમાંસા), યોગશાસ્ત્ર, સમાધિશતક, લોકતત્ત્વનિર્ણય આદિ ગ્રંથોમાંથી લગભગ ૧૫૦ જેટલાં જુદાં જુદાં અવતરણો અને ઘણી જગ્યાએ તેની વિસ્તૃત સમજણ પણ શ્રીમદ્દના સાહિત્યમાં આપેલી છે.

નરસિંહ, મીરાં, અખો, છોટમ, પ્રીતમ, કબીર, દયારામ, સુંદરદાસ, મુક્તાનંદ, ધીરો, સહજાનંદ, આદિ ભક્તકવિઓનાં પદોનો પણ તેમણે અભ્યાસ કર્યો હતો. તેમણે લખ્યું છે :–

"અખાજીના વિચારો ઘણા સ્વસ્થ ચિત્તથી વાંચ્યા હતા. મનન કર્યા હતા."[૫૬]

"કણબી અને કોળી જેવી જ્ઞાતિમાં પણ માર્ગને પામેલા થોડા વર્ષમાં ઘણા

૫૫. "શ્રીમદ્ રાજચંદ્ર અર્ધશતાબ્દી સ્મારક ગ્રંથ", પૃ. ૯૮.
૫૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃતિ ૧, પૃ. ૨૩૪.

પુરુષો થઈ ગયા છે—ભોજો ભગત, નિરાંત કોળી ઇત્યાદિક પુરુષ યોગી (પરમ યોગ્યતાવાળા) હતા."૫૭

"છોટમ જ્ઞાની પુરુષ હતા, પદની રચના બહુ શ્રેષ્ઠ છે."૫૮

નરસિંહ, દયારામ, પ્રીતમ, મુક્તાનંદ, કબીર, અખાજી, મનોહરદાસ, નિષ્કુલાનંદ આદિ અનેક ભક્તકવિઓની રચનાઓમાંથી શ્રીમદે અવતરણો પણ લીધાં છે. તે બધાં પ્રતિ તેમની ભક્તિને લીધે શ્રીમદ્‌ને પ્રીતિભાવ પણ હતો. જુઓ :—

"એઓ સર્વ કાંઈ છેવટના જ્ઞાનને પ્રાપ્ત થયા નહોતા, પરંતુ તે મળવું તેમને બહુ સમીપમાં હતું. એવા ઘણા પુરુષોનાં પદ વગેરે અહીં જોયાં. એવા પુરુષો પ્રત્યે રોમાંચ બહુ ઉલ્લસે છે અને જાણે નિરંતર તેવાની ચરણસેવા જ કરીએ, એ એક આકાંક્ષા રહે છે. જ્ઞાની કરતાં એવા મુમુક્ષુ પર અતિશય ઉલ્લાસ આવે છે, તેનું કારણ એ જ કે તેઓ જ્ઞાનીનાં ચરણને નિરંતર સેવે છે, અને એ જ એમનું દાસત્વ અમારું તેમના પ્રત્યે દાસત્વ થાય છે, તેનું કારણ છે."૫૯

આમ શ્રીમદ્‌નું શાસ્ત્રજ્ઞાન એક સંપ્રદાય કે એક ભાષામાં સીમિત ન હતું, પણ અનેક સંપ્રદાય, ધર્મના ગ્રંથોનું વિશાળ પ્રમાણમાં તેમણે વાંચન કર્યું હતું; એટલું જ નહિ પણ તેને પચાવ્યું પણ હતું, તે ઉપરના ઉલ્લેખો જોતાં જણાશે. વળી તેમનું જ્ઞાન ઉપર ઉલ્લેખાયેલા ગ્રંથોમાં જ નહોતું વિરામ પામી જતું, તે કરતાં તો તેમણે ઘણું વિશેષ વાંચ્યું હતું. આ તો પ્રસંગ પડતાં ઉપર જણાવેલા ગ્રંથો, કવિઓ આદિના અભ્યાસનો ઉલ્લેખ તેમણે કર્યો છે, પરંતુ વાસ્તવમાં તો તેમણે તેથી ઘણું વિશેષ ગ્રહણ કર્યું હતું. તેમના આત્માની નિર્મળતા એટલી બધી હતી કે પોતે ન વાંચ્યાં હોય તેવાં શાસ્ત્રોનું જ્ઞાન પણ ઘણી વખત આપોઆપ થતું હતું. વળી, શાસ્ત્રવાચનમાં પાનાં ફેરવવા જેટલો અલ્પ સમય લાગતો, અને છતાં તે બધાંમાં તેમનો ઉપયોગ ફરી વળતો. તેમનામાં રહેલી એ આંતરિક શક્તિના કારણે જ શ્રીમદ્ આટલું વિશાળ જ્ઞાન મેળવી શક્યા હતા. તેમની એ શક્તિનો પરિચય કરાવતાં નીચેનાં વચનો જુઓ.

"અનાહદ ધ્વનિમાં મણા નથી."૬૦

"કહેવાતા આધુનિક મુનિઓનો સૂત્રાર્થ શ્રવણને પણ અનુકૂળ નથી. સૂત્ર લઈ ઉપદેશ કરવાની આગળ જરૂર પડશે નહિ, સૂત્ર અને તેનાં પડખાં બધાંય જણાયાં છે."૬૧

"અદ્ભુત દશા નિરંતર રહ્યા કરે છે. અબધુ થયા છીએ."૬૨

૫૭. એજન, પૃ. ૨૫૭. ૫૮. એજન, પૃ. ૨૮૭. ૫૯. એજન, પૃ. ૨૫૭.
૬૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૨૪૫.
૬૧. એજન, પૃ. ૨૫૦. ૬૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૨૫૩.

"છેવટનું સ્વરૂપ સમજાયામાં, અનુભવાયામાં અલ્પ પણ ન્યૂનતા રહી નથી. જેમ છે તેમ સર્વ સમજાયું છે."[૬૩]

"ભાગવતવાળી વાત આત્મજ્ઞાનથી જાણેલી છે."[૬૪]

"અમે આમાં ઘણો ગૂઢ શાસ્ત્રાર્થ પણ પ્રતિપાદન કર્યો છે."[૬૫]

"સિદ્ધાંતજ્ઞાન અમારા હૃદયને વિશે અવિરતરૂપે પડ્યું છે."[૬૬]

"એક શ્લોક વાંચતાં અમને હજારો શાસ્ત્રોનું ભાન થઈ તેમાં ઉપયોગ ફરી વળે છે."[૬૭]

અહીં આપેલાં આ બધાં વચનો સ્પષ્ટ કરે છે કે શ્રીમદ્‌ને શાસ્ત્રજ્ઞાન મેળવવા માટે બહુ પુરુષાર્થ કરવો પડ્યો ન હતો. તેમના આત્માની નિર્મળતા સૂચવતાં આ પ્રકારનાં વચનો આપણને વિ. સં. ૧૯૪૬થી શરૂ કરી વિ. સં. ૧૯૫૬ સુધી મળે છે, જે નિર્મળતાને લીધે તેમને બધાં શાસ્ત્રોનું જ્ઞાન ઘણી ઝડપથી થતું હતું. અને તે ઝડપ કેવી હતી તેનો ખ્યાલ આપણને તેમના—

"એક શ્લોક વાંચતાં અમને હજારો શાસ્ત્રોનું ભાન થઈ તેમાં ઉપયોગ ફરી વળે છે."

—એ વચન પરથી આવે છે. કોઈ એક શ્લોક તેમનાં વાંચવામાં આવે તેની સાથે જ, તેને મળતા બીજા શ્લોક કયા કયા શાસ્ત્રમાં છે, તે તે શાસ્ત્રોમાં અન્ય શું શું આપેલું છે, તે બધાંની સમજ તથા માહિતી તેમના અંતરમાં ઊગી આવતી હતી, તેમ આ વચન સિદ્ધ કરે છે. આમ એકાદ શ્લોક વાંચવાની સાથે હજારો શાસ્ત્રો સમજાઈ જાય તેવી અદ્‌ભુત શક્તિવાળા શ્રીમદ્‌ને શાસ્ત્રજ્ઞાન કેટલું હતું, તેનું માપ કાઢવું એ નાની નાવ લઈને મહાસમુદ્ર તરવાની વાત કરવા જેવું છે.

શ્રીમદ્દે આ વચનો પોતાના પરમસખા સોભાગભાઈને પોતાનું અંતરંગ જણાવવા જ લખ્યાં હતાં; તેમાં કોઈ પ્રસિદ્ધિ કે પ્રશંસાનો હેતુ ન હતો. એ તો આપણું મહાભાગ્ય છે કે, તે તે વચનો ધરાવતા પત્રો સોભાગભાઈને લઈને પ્રસિદ્ધિમાં આવ્યા અને આપણને શ્રીમદ્‌ના જ્ઞાનની વિપુલતા જાણવાનો લહાવો મળ્યો.

## શ્રીમદ્‌નો ગૃહસ્થાશ્રમ

શ્રીમદ્‌માં બાળવયથી વૈરાગ્ય જોવા મળતો હતો. વીસ વર્ષની વયે જાહેર પ્રવૃત્તિઓનો ત્યાગ કર્યો હતો, છતાં કર્મોની કંઈક એવી વિચિત્રતા હતી કે તે વયે સર્વસંગ-પરિત્યાગનો

૬૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૨૫૭.
૬૪. એજન, પૃ. ૨૬૫. ૬૫. એજન, પૃ. ૨૮૯.
૬૬. એજન, પૃ. ૨૯૧. ૬૭. એજન, પૃ. ૬૪૬.

નિર્ણય તેઓ નહોતા કરી શક્યા. તેમ છતાં સંસાર વિશે તેઓ ઘણા ઉદાસીન હતા, તે તો તેમણે તે વયે લખેલા પત્રો પરથી પણ જાણી શકાય છે. પોતાના લગ્ન સંબંધી વિ. સં. ૧૯૪૪ના પોષ વદ ૧૦ના રોજ શ્રીમદ્‌ તેમના બનેવીને લખે છે કે :—

> "લગ્ન સંબંધી તેઓએ જે મિતિ નિશ્ચિત રાખી છે, તે વિશે તેઓનો આગ્રહ છે તો ભલે તે મિતિ નિશ્ચયરૂપ રહી."

> "લક્ષ્મી પર પ્રીતિ નહિ છતાં કોઈ પરાર્થિક કામમાં તે બધું ઉપયોગી થઈ પડત એમ લાગવાથી મૌન ગ્રહી તે સંબંધી સગવડમાં હતો. જે સગવડનું ધારેલું પરિણામ આવવાને બહુ વખત નહોતો. પણ એઓ ભણીનું મમત્વ ત્વરા કરાવે છે જેથી તે સઘળું પડતું મૂકી વદ ૧૩ કે ૧૪ને રોજ અહીંથી રવાના થાઉં છું."[૬૮]

આ પત્ર પરથી આપણે જાણી શકીએ છીએ કે તેમને લગ્ન માટે બહુ ઉત્સુકતા ન હતી, તેમ સાવ અનાદર પણ ન હતો. ઉપરના જ પત્રમાં તેઓ પોતાની જીવનસહચરી વિશે લખે છે કે :—

> "તેઓ શુભ પ્રસંગમાં સદ્‌વિવેકી નીવડી રૂઢિથી પ્રતિકૂળ રહી પરસ્પર કુટુંબરૂપે સ્નેહ બંધાય એવી સુંદર યોજના તેઓના હૃદયમાં છે કે ? આપ ઉતારશો કે ? કોઈ ઉતારશે કે ? એ ખ્યાલ હૃદયમાં પર્યટન કરે છે..... જે વસ્તુ અને જે પદ.....કેવળ અસંભવિત છે તે વિચારો, તે વસ્તુ અને તે પદ ભણી કેવળ ઇચ્છા હોવાથી ઉપર જણાવ્યું તેથી કંઈ લેશ પણ પ્રતિકૂળ બને તો તે પદાભિલાષી પુરુષના ચારિત્રને પરમ ઝાંખપ લાગે એમ છે."[૬૯]

શ્રીમદ્‌નાં આ વચનો પરથી ખ્યાલ આવે છે કે એ વયે પણ તેમની અંતરંગ શ્રેણી તો નિર્ગ્રંથમાર્ગ ભણી જ હતી, અને તે માર્ગે જવાની જ કેવળ ઇચ્છા હોવી તે જ લગ્ન માટેની ઉત્સુકતા તોડવા પૂરતી છે. આમ છતાં તેઓ કયા કારણસર લગ્નબંધન સ્વીકારે છે તે તો પાછળથી સ્પષ્ટ થાય છે. અહીં જોયું તેમ શ્રીમદ્‌ માત્ર ધર્મારાધન માટે જ પત્નીનો સહારો ઇચ્છતા દેખાય છે. કારણ કે તે સર્વથી છૂટી શકાય તેવો માર્ગ તેમને જણાયો ન હતો.

શ્રીમદ્‌ વિ. સં. ૧૯૪૪ના પોષ માસમાં વવાણિયા ગયા હતા. અને મહા સુદ બારશે તેઓ સ્વ. રેવાશંકર જગજીવન ઝવેરીના મોટાભાઈ પોપટભાઈનાં પુત્રી ઝબકબાઈ સાથે લગ્નગ્રંથિથી જોડાયા હતા. તે પછી તેઓ મુંબઈ આવ્યા હતા, અને વિ. સં. ૧૯૪૫માં રેવાશંકર જગજીવન સાથે ભાગીદારીમાં ઝવેરાતનો ધંધો તેમણે શરૂ કર્યો.

લગ્ન પછી તેમને જે જે અનુભવ થયા, અને તેના પરિણામરૂપ જે જે વિચારણા તેમને ઉદ્‌ભવી તે વિશે વિચાર કર્યા પછી વિ. સં. ૧૯૪૫માં "સ્ત્રી સંબંધી મારા વિચાર" નામે એક અંગત લેખ તેમણે લખ્યો હતો. તેમણે દર્શાવેલા વિચારો તેમના ગૃહસ્થાશ્રમને સમજવામાં ચાવીરૂપ બની રહે તેમ છે. તેમાં તેઓએ લખ્યું છે કે :—

૬૮. "શ્રીમદ્‌ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૬૭. ૬૯. એજન, પૃ. ૧૬૭.

"અતિ અતિ સ્વસ્થ વિચારણાથી એમ સિદ્ધ થયું કે શુદ્ધજ્ઞાનને આશ્રયે નિરાબાધ સુખ રહ્યું છે, તથા ત્યાં જ પરમ સમાધિ રહી છે."

"સ્ત્રી એ સંસારનું સર્વોત્તમ સુખ માત્ર આવરણિક દૃષ્ટિથી કલ્પાયું છે, પણ તે તેમ નથી જ. સ્ત્રીથી જે સંયોગસુખ ભોગવવાનું ચિહ્ન તે વિવેકથી દૃષ્ટિગોચર કરતાં વમન કરવાને યોગ્ય ભૂમિકાને પણ યોગ્ય રહેતું નથી. જે જે પદાર્થો પર જુગુપ્સા રહી છે, તે તે પદાર્થો તો તેના શરીરમાં રહ્યા છે, અને તેની તે જન્મભૂમિકા છે. વળી એ સુખ ક્ષણિક, ખેદ અને ખસના દરદરૂપ જ છે. તે વેળાનો દેખાવ હૃદયમાં ચીતરાઈ રહી હસાવે છે, કે શી આ ભુલવણી? ટૂંકામાં કહેવાનું કે તેમાં કાંઈ પણ સુખ નથી, અને સુખ હોય તો તેને અપરિચ્છેદરૂપે વર્ણવી જુઓ, એટલે માત્ર મોહદશાને લીધે તેમ માન્યતા થઈ છે, એમ જણાશે. અહીં હું સ્ત્રીના અવયવાદિ ભાગનો વિવેક કરવા બેઠો નથી, પણ ત્યાં આત્મા ફરી ન જ ખેંચાય એ વિવેક થયો છે, તેનું સહજ સૂચન કર્યું. સ્ત્રીમાં દોષ નથી, પણ આત્મામાં દોષ છે; અને એ દોષ જવાથી આત્મા જે જુએ છે તે અદ્ભુત આનંદમય જ છે. માટે એ દોષથી રહિત થવું, એ જ પરમ જિજ્ઞાસા છે.

...પણ પૂર્વોપાર્જિત હજુ સુધી મને પ્રવર્તે છે, ત્યાં સુધી મારી શી દશાથી શાંતિ થાય?"[૭૦]

અહીં શ્રીમદ્ સ્ત્રીજાતિનો નહિ, પણ પોતાનો જ દોષ જુએ છે તે તેમની માનસિક ઉચ્ચ ભૂમિકા બતાવે છે. વળી, આ અવતરણ પરથી સ્પષ્ટ થાય છે કે તેમને સંસારસુખનો કંટાળો આવી ગયો હતો, છતાં પૂર્વકર્મને લીધે તે ભોગવવું પડતું હતું અને એ પરિસ્થિતિ તેમને એટલું દુઃખ આપતી હતી કે પોતાને તેઓ સૌથી વધુ દુઃખિયા ગણતા હતા. એક લેખમાં તેમણે લખ્યું હતું કે,

"દુઃખિયાં મનુષ્યોનું પ્રદર્શન કરવામાં આવ્યું હોય તો ખચીત તેના શિરોભાગમાં હું આવી શકું.... સ્ત્રી સિવાય બીજો કોઈ પદાર્થ ખાસ કરી મને રોકી શકતો નથી. બીજાં કોઈ પણ સંસારી સાધને મારી પ્રીતિ મેળવી નથી. સ્ત્રીના સંબંધમાં જિજ્ઞાસા ઓર છે, અને વર્તના ઓર છે. એક પક્ષે તેનું કેટલા કાળ સુધી સેવન કરવું સમ્મત કર્યું છે, તથાપિ ત્યાં સામાન્ય પ્રીતિ અપ્રીતિ છે. પણ દુઃખ એ છે કે જિજ્ઞાસા નથી, છતાં પૂર્વકર્મ કાં ઘેરે છે? એટલેથી પતતું નથી, પણ તેને લીધે નહીં ગમતા પદાર્થોને જોવા, સૂંઘવા, સ્પર્શવા પડે છે, અને એ જ કારણથી ઉપાધિમાં બેસવું પડે છે...અંતરચર્યા પણ કોઈ સ્થળે ખોલી શકાતી નથી. એવાં પાત્રોની દુર્લભતા મને થઈ પડી એ જ મહા દુઃખમતા કહો."[૭૧]

૭૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૯૬.

૭૧. એજન, પૃ. ૧૯૭.

સંસાર દુઃખમય લાગતો હોવા છતાં પૂર્વકર્મને લીધે તેઓ તેનાથી છૂટી શકતા ન હતા, પરિણામે એ સર્વ ખેદ તેમને અંતરમાં જ શમાવવો પડતો હતો. એ દુઃખમાંથી થોડી શાંતિ મેળવવા, જ્યાં સુધી પૂર્વોપાર્જિત કર્મ હોય ત્યાં સુધી પોતે સ્ત્રી સાથે કઈ રીતે વર્તવું તે વિશે તેઓ વિ. સં. ૧૯૪૫માં જ લખે છે કે :—

"સ્ત્રીને સદાચારી જ્ઞાન આપવું, એક સત્સંગી તેને ગણવી, તેનાથી ધર્મબહેનનો સંબંધ રાખવો. અંતકરણથી કોઈ પણ પ્રકારે મા-બહેન અને તેમાં અંતર ન રાખવો. તેના શારીરિક ભાગનો કોઈ પણ રીતે મોહકર્મને વશે ઉપભોગ લેવાય છે, ત્યાં યોગની જ સ્મૃતિ રાખી 'આ છે તો હું કેવું સુખ અનુભવું છું ?' એ ભૂલી જવું (તાત્પર્ય – તે માનવું અસત્ છે.), મિત્રે મિત્રની જેમ સાધારણ ચીજનો પરસ્પર ઉપભોગ લઈએ છીએ તેમ તે વસ્તુ લેવા (વિ.)નો સખેદ ઉપભોગ લઈ પૂર્વબંધનથી છૂટી જવું. તેમાંથી જેમ બને તેમ નિર્વિકારી વાત કરવી. વિકારચેષ્ટાનો કાયાએ અનુભવ કરતાં પણ ઉપયોગ નિશાન પર જ રાખવો.

"તેનાથી કાંઈ સંતાનોત્પત્તિ થાય તો તે એક સાધારણ વસ્તુ છે, એમ સમજી મમત્વ ન કરવું. પણ એમ ચિંતવવું કે જે દ્વારથી લઘુશંકાનું વહેવું છે તે દ્વારથી ઉત્પન્ન થયેલો પદાર્થ, આ પાછો તેમાં કાં ભૂલી જાય છે–મહા અંધારી કેદથી કંટાળી આવ્યા છતાં પાછો ત્યાં જ મિત્રતા કરવા જાય છે. એ શી વિચિત્રતા છે! ઇચ્છવું એમ કે બંનેના સંયોગથી કોઈ હર્ષશોક કે બાળબચ્ચાંરૂપે ફળની ઉત્પત્તિ ન થાઓ. એ ચિત્ર મને સંભારવા ન દો. નહીં તો એક માત્ર સુંદર ચહેરો અને સુંદર વર્ણ (જડ પદાર્થનો) તે આત્માને કેટલું બંધન કરી સંપત્તિહીન કરે છે, તે આત્મા કોઈ પણ પ્રકારે વિસારીશ નહિ."[૭૨]

અહીં સ્પષ્ટ થાય છે તેમ તેઓ વાસનાથી મુક્ત થવા શરૂઆતથી જ પ્રયત્ન કરતા હતા. અને જ્યારે જ્યારે તેમ ન બની શકે ત્યારે તેઓ મહાખેદ પણ પામતા હતા. પોતાનામાં રહેલી આંતરિક નિર્ગ્રંથશ્રેણી વિશે તેઓ વિ. સં. ૧૯૪૫ના શ્રાવણ વદમાં મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠીને લખે છે કે :—

"જ્યાં સુધી ગૃહવાસ પૂર્વકર્મના બળથી ભોગવવો રહ્યો છે ત્યાં સુધી ધર્મ, અર્થ અને કામ ઉલ્લાસિત–ઉદાસીન ભાવે સેવવાં યોગ્ય છે. બાહ્યભાવે ગૃહસ્થશ્રેણી છતાં અંતરંગ નિર્ગ્રંથશ્રેણી જોઈએ, અને જ્યાં તેમ થયું છે ત્યાં સર્વ સિદ્ધ છે, મારી આત્માભિલાષા તે શ્રેણીમાં ઘણા માસ થયાં વર્તે છે."[૭૩]

લગ્ન પછી એક વર્ષમાં જ વધવા માંડેલો વૈરાગ્ય તે પછીના વર્ષમાં વિશેષ જોર પકડે છે અને શ્રીમદ્‌નાં એ બાબતનાં વચનો વધુ નિશ્ચયાત્મક બને છે. એટલું જ નહિ, વિ. સં. ૧૯૪૬માં પોતાની રોજનીશીમાં તેમણે પોતાની પત્નીને ઉદ્દેશી એક પત્ર લખ્યો છે. તેમાં

---

૭૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૯૧.

૭૩. એજન, પૃ. ૧૯૩.

પણ તેમણે પત્નીનો સંગ માત્ર ધર્મમય વાતાવરણ માટે ઇચ્છયો છે, અર્થાત્ બંને ધર્મમૂર્તિ બને એવી અભિલાષા વ્યક્ત કરતાં તેમાં લખ્યું છે કેઃ—

"બંને ધર્મમૂર્તિ થવા પ્રયત્ન કરીએ. મોટા હર્ષથી પ્રયત્ન કરીએ...તમે સ્વચ્છતાને બહુ ઇચ્છજો, વીતરાગભક્તિને બહુ જ ઇચ્છજો, મારી ભક્તિને સમભાવથી ઇચ્છજો. તમે જે વેળા મારી સંગતિમાં હો તે વેળા સર્વ પ્રકારે મને આનંદ થાય તેમ રહેજો. વિદ્યાભ્યાસી થાઓ. વિદ્યાયુક્ત વિનોદી સંભાષણ મારાથી કરજો. હું તમને યુક્ત બોધ આપીશ. તમે રૂપસંપન્ન, ગુણસંપન્ન અને રિદ્ધિ તેમજ બુદ્ધિસંપન્ન તેથી થશો. પછી એ દશા જોઈ હું પરમ પ્રસન્ન થઈશ."૭૪

આ જ વર્ષના માહ માસમાં પોતાને લાગતું સંસારનું સ્વરૂપ વર્ણવતાં તેમણે લખ્યું છે કે :—

"કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે. ગમે તેટલી તેની સુધારણા કરશો તોપણ એકાંતથી જેટલો સંસાર ક્ષય થવાનો છે, તેનો સોમો હિસ્સો પણ તે કાજળગૃહમાં રહેવાથી થવાનો નથી. કષાયનું તે નિમિત્ત છે, મોહને રહેવાનો અનાદિકાળનો પર્વત છે."૭૫

આમ બધી રીતે જોતાં શ્રીમદ્દને સંસાર એ અત્યંત દુઃખનું કારણ લાગતો હતો. તેથી તેઓ તેનાથી છૂટવા પુરુષાર્થી હતા. પરંતુ કર્મોદય એટલો બળવાન હતો કે તેઓ તેનાથી છેવટ સુધી છૂટી નહોતા શક્યા. આ રીતે શરૂઆતથી જ તેમનામાં લગ્નજીવન માટે વૈરાગ્ય હતો, તો પછી તેમણે તેની શરૂઆત શા માટે કરી તેનો ખ્યાલ આપતાં વિ. સં ૧૯૪૬ના વૈશાખ વદ ૧૨ના કોઈ ભાઈને, પોતાનો ગૃહસ્થાશ્રમ મધ્યમ પ્રકારનો જણાવી તેમણે લખ્યું હતું કે :—

"તત્ત્વજ્ઞાનની ગુપ્ત ગુફાનાં દર્શન લેતાં ગૃહસ્થાશ્રમથી વિરક્ત થવાનું અધિકતર સૂઝે છે. અને ખચીત તે તત્ત્વજ્ઞાનનો વિવેક આને ઊગ્યો હતો, કાળનાં બળવત્તર અનિષ્ટપણાને લીધે તેને યથાયોગ્ય સમાધિસંગની અપ્રાપ્તિને લીધે તે વિવેકને મહાખેદની સાથે ગૌણ કરવો પડયો; અને ખરે! જો તેમ ન થઈ શક્યું હોત તો તેના (આ પત્રલેખકના) જીવનનો અંત આવત. જે વિવેકને મહાખેદની સાથે ગૌણ કરવો પડયો છે, તે વિવેકમાં જ ચિત્તવૃત્તિ પ્રસન્ન રહી જાય છે, બાહ્ય તેની પ્રાધાન્યતા નથી રાખી શકાતી એ માટે અકથ્ય ખેદ થાય છે. તથાપિ જ્યાં નિરુપાયતા છે, ત્યાં સહનશીલતા સુખદાયક છે, એમ માન્યતા હોવાથી મૌનતા છે."૭૬

૭૪. એજન, પૃ. ૨૩૪.

૭૫. એજન, પૃ. ૨૧૦.

૭૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૧૫.

પોતે ગૃહસ્થાશ્રમ શરૂ ન કરવાનો વિચાર કર્યો હતો, છતાં કેટલાક સંજોગવશાત્ તે વિચાર અમલમાં ન આવી શકયો, એટલું જ નહિ, તે વિચારને મહાખેદ સાથે ગૌણ કરવો પડયો, તેનું દુ:ખ શ્રીમદ્દે ઉપરના પત્રમાં વર્ણવ્યું છે. ઇચ્છા તેઓ ગૌણ કરી શકયા ન હોત તો પોતાના જીવનના અંતની શકયતા પણ શ્રીમદ્દે અહીં જોઈ છે, કારણ કે સંજોગો એવા હતા કે ગૃહસ્થાશ્રમ માંડયા વિના ચાલે નહિ, અને તેમ કરવા આત્મા કબૂલ થાય નહિ. આથી જે દ્વિધા ઊભી થાય તેમાંથી દેહત્યાગનો પ્રસંગ આવે તેવી શકયતા શ્રીમદ્‌ને લાગી હતી. આ પરથી તેમને સંસારનો કંટાળો કેટલી હદ સુધી હશે, તેનો કંઈક ખ્યાલ આપણને આવે છે. અને તેમનો આ કંટાળો સમય પસાર થતાં વધતો ગયો હતો.

પૂરઝડપે વૈરાગ્ય તરફ જવાની ઇચ્છા સફળ થવાને બદલે સંસારનો ઉદય શ્રીમદ્‌ને વધ્યા કરતો હતો, તેથી થતા ખેદને વ્યક્ત કરતાં વચનો તેમણે લખેલા પત્રોમાં કયારેક કયારેક જોવા મળે છે. પણ તે વિશેની કશી વિશેષ માહિતી આપણને મળતી નથી. તેમણે લખેલા પત્રોમાં પોતાના ગૃહસ્થ કે વેપારી જીવનનો ઉલ્લેખ ભાગ્યે જ જોવા મળે છે.

શ્રીમદ્ વર્ષનો મોટો ભાગ મુંબઈમાં રહેતા અને એકાદ વખત વવાણિયા તેમનાં પત્ની પાસે જતા, ત્યાં થોડો વખત રહી ગુજરાતનાં ગામડાંઓમાં નિવૃત્તિ અર્થે રહેતા. એ રીતે જોઈએ તો તેમનું ગૃહસ્થજીવન ઘણા ટૂંકા સમયનું હતું. તેનાથી પણ કંટાળી જઈને તેમના હૃદયમિત્ર સોભાગભાઈને વિ. સં. ૧૯૪૮માં શ્રીમદ્દે લખેલું કે :—

"સંસારથી કંટાળ્યાં તો ઘણો કાળ થઈ ગયો છે. તથાપિ સંસારનો પ્રસંગ હજુ વિરામ પામતો નથી, એ એક પ્રકારનો મોટો કલેશ વર્તે છે."[૭૭]

એ જ વર્ષના શ્રાવણ માસમાં શ્રીમદ્દે સૌભાગભાઈને ફરીથી જણાવેલું કે :—

"ચિત્ત બંધનવાળું થઈ શકતું નહીં હોવાથી જે જીવો સંસાર સંબંધે સ્રી આદિ રૂપે પ્રાપ્ત થયા છે, તે જીવોની ઇચ્છા પણ દુભવવાની થતી નથી, અર્થાત્ તે પણ અનુકંપાથી અને માબાપાદિકનાં ઉપકારાદિ કારણોથી ઉપાધિજોગને બળવાન રીતે વેદીએ છીએ, જેની જેની કામના છે, તે તે પ્રારબ્ધના ઉદયમાં જે પ્રકારે પ્રાપ્ત થવી સર્જિત છે, તે પ્રકારે થાય ત્યાં સુધી નિવૃત્તિ ગ્રહણ કરતાં પણ જીવ ઉદાસીન રહે છે."[૭૮]

અહીં શ્રીમદ્ સ્પષ્ટ કરે છે કે કોઈ જાતનાં સુખ મેળવવાની લાલસાથી નહિ પણ પૂર્વકર્મ નિવૃત્ત કરવાની ઇચ્છાથી જ પોતે સંસારમાં રહ્યા છે.

શ્રીમદ્દે આ ભાવ વિ. સં. ૧૯૪૮ના આસો માસમાં વિશેષ સ્પષ્ટતાથી વ્યક્ત કર્યો છે.

"કોઈ પણ જાતના અમારા આત્મિક બંધનને લઈને અમે સંસારમાં રહ્યા નથી;

---

૭૭. એજન, પૃ. ૨૧૦.

૭૮. એજન, પૃ. ૩૫૬.

સ્ત્રી જે છે તેનાથી પૂર્વે બંધાયેલું ભોગકર્મ નિવૃત્ત કરવું છે. કુટુંબ છે તેનું પૂર્વેનું કરજ આપી નિવૃત્ત થવા અર્થે રહ્યા છીએ. રેવાશંકર છે તેનું અમારા પ્રત્યે જે કંઈ માગણું છે તે આપવાને રહ્યા છીએ. તે સિવાયના જે જે કંઈ પ્રસંગ છે તે તેની અંદર સમાઈ જાય છે. તનને અર્થે, ધનને અર્થે, ભોગને અર્થે, સુખને, સ્વાર્થને અર્થે કે કોઈ જાતના આત્મિક બંધનથી અમે સંસારમાં રહ્યા નથી...દુઃખના ભયથી પણ સંસારમાં રહેવું રાખ્યું છે, એમ નથી."૭૯

વિ. સં. ૧૯૪૫થી ૧૯૪૮ સુધીના ત્રણ વર્ષના ગાળામાં સંસારને લગતા, તેનાથી કંટાળ્યા હોવાના ઉદ્‌ગારો શ્રીમદ્‌ના લખાણમાં કેટલીક વાર જોવા મળે છે. તે પછી તો શ્રીમદ્ એ વિશે ઉચ્ચાર સરખો પણ કરતા નથી તેમ કહી શકાય. પરાણે સંસારમાં રહેવું પડતું હતું તેનો કંટાળો વ્યક્ત કરતાં વચનો વિ. સં. ૧૯૪૮ પછીથી ભાગ્યે જ જોવા મળે છે. તેમની આંતરિક સ્થિતિ એટલી ઉચ્ચ થતી ગઈ હતી કે, પ્રારબ્ધ શાંત, સમતાભાવે વેદવાનું સામર્થ્ય તેમણે મેળવી લીધું હતું. હા, બાહ્ય ઉપાધિ પ્રસંગોથી વર્તતા ખેદની વાત શ્રી સોભાગભાઈના પત્રમાં તે પછી પણ કેટલોક સમય જોવા મળે છે, પરંતુ ત્યાંયે તેમણે અંતરંગમાં વર્તતા સમતાભાવની સ્પષ્ટતા તો કરી જ છે. સોભાગભાઈ પણ તે અરસામાં ઘણી મુશ્કેલીમાંથી પસાર થતા હતા, તેથી તેમને આશ્વાસન આપવાના ઇરાદાથી પણ શ્રીમદે કેટલીક વાર પોતાની મુશ્કેલી વર્ણવી હોય તેમ જણાય છે. કારણ કે એ પરિસ્થિતિમાં પોતાને વર્તતી શાંતિ જ વ્યક્ત કરી છે. આમ જોઈએ તો શ્રીમદ્‌નો સંયમ દિવસે દિવસે વધતો ગયો હતો, પરિણામે તેમની ઉદાસીનતા એટલી બધી વધી ગઈ હતી કે કેટલીક વખત તેમનાં કુટુંબીજનોને તે ક્લેશનું કારણ, શ્રીમદ્‌ની અનિચ્છા હોવા છતાં, બનતી.

શ્રીમદ્‌ને આંતરિક અનિચ્છા હોવા છતાં લગભગ ૧૦ વર્ષ સુધી વિ. સં. ૧૯૫૫માં સ્ત્રી, લક્ષ્મીનો ત્યાગ કર્યો ત્યાં સુધી – ગૃહસ્થાવાસ ભોગવવો પડ્યો હતો, તેમાંથી આવી પડેલી જવાબદારી અદા કરવા જતાં તેઓ પોતાની ધારી ઝડપથી નિર્ગ્રંથમાર્ગમાં આગળ વધી શકતા ન હતા તે તેમને ખૂબ દુઃખરૂપ લાગતું હતું. તેને લીધે પોતે કરવા ધારેલું લોકકલ્યાણ પણ તેઓ કરી શક્યા ન હતા, જોકે તે વિશે તેઓ પાછળથી ઉદાસીન થઈ ગયા હતા.

આ બધું હોવા છતાં શ્રીમદે એ સાબિત કરી બતાવ્યું કે આત્મા ધારે તો ગૃહસ્થાશ્રમમાં રહીને પણ પોતાનું કલ્યાણ કરી શકે છે. આત્મકલ્યાણ માટે સંસાર ત્યાગી શકાય તો ઉત્તમ, પણ નહિતર આત્મકલ્યાણ થાય જ નહિ તેમ એકાંતે નથી. સંસારમાં રહીને પણ આત્માનો સાક્ષાત્કાર કરી શકાય છે – માત્ર તે માટે સાચા દિલનો પુરુષાર્થ જોઈએ. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ આત્મકલ્યાણ કઈ રીતે કરી શકાય તે શ્રીમદે પોતાના જીવન દ્વારા બતાવ્યું છે.

---

૭૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૩૪૭.

શ્રીમદ્દને સંતાનમાં બે પુત્ર તથા બે પુત્રી થયાં હતાં. પ્રથમ પુત્ર છગનલાલનો જન્મ વિ. સં. ૧૯૪૬માં થયો હતો. તેને શ્રીમદ્ ઘણી વખત છગન શાસ્ત્રી કહીને બોલાવતા. બાળવયથી જ છગનભાઈમાં ધાર્મિક સંસ્કાર સારા પ્રમાણમાં હતા. ૧૫મે વર્ષે તેઓ મેટ્રિકમાં આવ્યા ત્યારે પેઢીના એક કેસ માટે તેઓ તેમના કાકા મનસુખભાઈ સાથે મુંબઈ આવ્યા. ત્યાં તેમને બેત્રણ વર્ષ રહેવાનું બન્યું, એ સમય દરમ્યાન તેમણે ધાર્મિક અભ્યાસ કર્યો. ૧૯મા વર્ષે તેમણે કાકા સાથે વેપાર શરૂ કર્યો, પણ જીવલેણ ક્ષયનો હુમલો થતાં એ જ વર્ષમાં તેમનો દેહાંત થયો. છગનભાઈને પોતાના પિતા માટે અત્યંત માન હતું. તેમણે પોતાની નિત્યનોંધમાં, પોતાને જીવવાની શા માટે જિજ્ઞાસા છે તે જણાવતાં લખ્યું હતું.

> "એક ચીજ ફરીથી ક્યાંય પણ પિતા તરીકે દેખાશે નહિ અને તે–તે ધર્માત્મા પિતા શ્રી રાજચંદ્ર."[૮૦]

અન્ય કોઈ કારણે નહિ, પણ પિતાની ધાર્મિક વૃત્તિ પોતામાં ઉતારવાની ઇચ્છાથી જ જીવવા ઇચ્છતા છગનભાઈની ધાર્મિકતા કેવી હોવી જોઈએ તેની તો કલ્પના જ કરવાની રહે છે.

છગનભાઈ પછી તેમનાં બહેન જવલબહેનનો જન્મ વિ. સં. ૧૯૪૮માં થયો હતો. અને તે પછી બે વર્ષે શ્રીમદ્દનાં બીજાં પુત્રી કાશીબહેનનો જન્મ થયો હતો. વિ. સં. ૧૯૫૨માં શ્રીમદ્દના બીજા પુત્રનો જન્મ થયો હતો, તે પુત્ર તો બહુ નાની વયમાં મરણ પામ્યો હતો. શ્રીમદ્દના પરિવારમાં આજે—ઈ. સ. ૧૯૬૫માં—તેમનાં એક પુત્રી જવલબહેન હયાત છે.[૮૧]

શ્રીમદ્દનાં બીજાં પુત્રી કાશીબહેનનું પણ ૩૨ વર્ષની નાની વયે અવસાન થયેલું. તેમને બે પુત્રો થયેલા અને બંને હયાત છે.

શ્રીમદ્દનાં પત્નીએ પણ શ્રીમદ્દના અવસાન પછી થોડા જ વખતમાં પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી. શેષકાળ તેમણે શ્રીમદ્દે કહેલી માળા ફેરવવામાં જ ગાળ્યો હતો.

શ્રીમદ્દને તેમના ભાઈ મનસુખભાઈ પર ઘણો વિશ્વાસ હતો. તેથી તેમણે જ્યારે વેપારમાંથી નિવૃત્તિ લીધી ત્યારે પોતાને ભાગે આવતી સઘળી મિલકત તેમણે મનસુખભાઈને આપી હતી, અને વ્યવસ્થા પણ તેમને જ સોંપી હતી.

શ્રીમદ્દના અવસાન પછી તેમનાં સાહિત્ય અને પત્રોનું પ્રકાશન કરવામાં સૌથી મહત્ત્વનો ફાળો મનસુખભાઈનો હતો. અંબાલાલભાઈની તથા અન્યની સહાય લઈ, વિ. સં. ૧૯૬૧માં

૮૦. "શ્રીમદ્ રાજચંદ્ર અર્ધશતાબ્દી સ્મારક ગ્રંથ", પૃ. ૧૧.

૮૧. જવલબહેન વર્ષના અમુક ભાગ મુંબઈમાં તેમના પુત્રો સાથે રહે છે, અને બાકીનો ભાગ વવાણિયા, શ્રીમદ્દની જન્મભૂમિમાં ભક્તિભજન કરવામાં ગાળે છે. પોતાના પતિ ભગવાનલાલભાઈ મોદીએ વવાણિયામાં "શ્રીમદ્ રાજચંદ્ર"નું મંદિર બંધાવેલું છે, તેની વ્યવસ્થા પણ તેઓ સંભાળે છે. જવલબહેનનો દેહાંત થયો તા. ૯–૩–૧૯૭૮. મહાવદ અમાસ ૨૦૩૪.

"**પરમશ્રુત પ્રભાવક મંડળ**" તરફથી તેમણે "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથની પહેલી આવૃત્તિ દેવનાગરી લિપિમાં બહાર પાડી. તે પછી પણ તેમણે પોતાનું સંશોધનકાર્ય ચાલુ રાખ્યું, અને વિ. સં. ૧૯૭૦માં તે ગ્રંથની બીજી આવૃત્તિ તેમણે સ્વતંત્ર રીતે પ્રગટ કરી. વિ. સં. ૧૯૮૦માં ત્રીજી આવૃત્તિ વિશેનું કાર્ય પણ થયું, પણ તે પૂરું થાય તે પહેલાં મનસુખભાઈનો દેહ પડયો. તે કાર્ય તેમના ભાણેજ હેમચંદ્ર ટોકરશી મહેતાએ પૂર્ણ કર્યું. આમ જનતાને શ્રીમદ્ની ઓળખાણ કરાવવામાં મનસુખભાઈનો ફાળો સૌથી મોટો છે.

## શ્રીમદ્ ક્રાંતિકારી

— શ્રીમદ્ બહુજન સમાજમાં "**શ્રીમદ્ રાજચંદ્ર**" કરતાંય "કૃપાળુદેવ" તરીકે વિશેષ જાણીતા હતા, કારણ કે તેમની પાસેથી ઘણા જીવો શાંતિ પામતા હતા. પૂ. ગાંધીજી જેવા પણ પોતાની કસોટીના સમયે જેમની પાસેથી શાંતિ મેળવી શકયા હતા એવા શ્રીમદ્ માટે કોઈ "ક્રાંતિકારી" વિશેષણ યોજે ત્યારે સહેજે કોઈ પણ વાચકને કુતૂહલ થાય કે "તમે શ્રીમદ્ને કયા પ્રમાણથી '**ક્રાંતિકારી**' ગણાવી શકો છો ? કારણ કે '**ક્રાંતિકારી**' શબ્દ માટે સમાજે જાણ્યે-અજાણ્યે 'તીવ્ર ગુસ્સા'ના અર્થને વણી દીધો છે. પણ આ વ્યાપક અર્થને જરા સૂક્ષ્મતાથી વિચારીએ—ક્રાંતિ એટલે ચાલી આવતી રૂઢિમાં ફેરફાર કરવો એ અર્થ લઈએ—તો શ્રીમદ્ વિશે યોજેલા ઉપરના વિશેષણની યથાર્થતા સમજાશે.

શ્રીમદ્ હરેકેહરેક ક્ષેત્રમાં ક્રાંતિકારી ન હતા, કોઈ પણ માનવ ન હોઈ શકે, એ સ્વાભાવિક છે. તેથી તેમનું એ ક્રાંતિકારીપણું સાહિત્યના અને ધર્મના કયા ક્ષેત્રમાં નજરે ચડે છે તે વિશે થોડું વિચારીએ.

શ્રીમદ્ના સંપર્કમાં આવેલી વ્યક્તિઓને થયેલો તેમનો પરિચય, શ્રીમદ્ની મુદ્રા, તેમનું લખાણ વગેરે ઊડતી નજરે તપાસતાં તેમનું "ક્રાંતિકારીપણું" સહેલાઈથી નજરે ચડતું નથી, પણ જરા ઊંડાણથી વિચારતાં તરત જ સમજાય છે કે તેઓ એક મહાન ક્રાંતિકારી હતા અને તેનાં બીજ ઠેકઠેકાણે વવાયેલાં છે. અલબત્ત, ક્રાંતિને ઉતારવાની તેમની પદ્ધતિ જ એવી હતી કે "પોતામાં એમનાં વચનો દ્વારા કોઈ મહાન પરિવર્તન થઈ રહ્યું છે" તેનો ખ્યાલ, પરિવર્તન થઈ જાય ત્યાં સુધી ન આવે; અર્થાત્ તેમની ક્રાંતિ જગાવવાની રીતમાં જ તથા તેના વિષયની પસંદગીમાં જ સમૂળી ક્રાંતિ સમાયેલી હતી. આમ રૂઢિમાં સૌમ્યતાથી અચિંત્ય ફેરફાર કરવાની તેમની ધગશ એ જ શું તેમના ક્રાંતિકારીપણાનો સબળ પુરાવો નથી ?

### સમાજક્ષેત્રે શ્રીમદ્નું ક્રાંતિકારીપણું

શ્રીમદ્નો સ્વભાવ શાંત અને મનનશીલ હતો, તેમનું ચિંતન પણ આત્મલક્ષી હતું. તેથી બાહ્યલક્ષી સાહિત્ય જેમ કે વાર્તા, નવલકથા, નાટક, પ્રવાસવર્ણન વગેરે તરફ તેમની વૃત્તિ સ્વાભાવિક રીતે જ વળેલી ન હતી. તેમ છતાં તેમણે તેવું થોડુંઘણું લખાણ પોતાની વીસ વર્ષની વય પહેલાં લખ્યું હતું.

શ્રીમદ્‌નો જમાનો સુધારક યુગનો હતો. એ સમયે સામાજિક ક્રાંતિ થઈ રહી હતી. **નર્મદ** જુસ્સાથી, **દલપતરામ** શાંતિથી અને **નવલરામ** મધ્યસ્થતાથી ‘સુધારાના એ પોકાર’માં સાથ પુરાવતા હતા. ‘સુધારાના એ પોકાર’ની અસર શ્રીમદ્‌ને પણ નાની વયમાં થયેલી જણાય છે. પોતાની વીસ વર્ષની વય પહેલાં તેમણે જે કંઈ ધર્મેતર કૃતિઓની રચના કરી છે તેમાં તેમણે સુધારાની હિમાયત કરી છે. તેમણે રચેલ **“સ્ત્રીનીતિબોધક”**ની ગરબીઓ તથા અન્ય કાવ્યો, જેવાં કે **“સ્વદેશીઓને વિનંતિ”**, “આર્ય પ્રજાની પડતી” વગેરેમાં તેમણે વહેમો દૂર કરવાની, સ્ત્રીશિક્ષણની, પ્રવર્તતા દોષો દૂર કરવાની વગેરે વિશેની ભલામણ કરી છે. જુઓ :—

“ધર્માલય કરવાને ખર્ચે, બંધાવે વિશાળ નિશાળ;
બાળ અને બાળાઓ ભણશે, શીખી લેશે સારા ચાલ.”

— ખરો શ્રીમંત કોણ ?

“વિદ્યારત્ન ગુણી બહુ, માટે ભણાવો બાળ,
વિદ્યાએ સુખ જાણજો, વિદ્યા ગુણ વિશાળ.”

— સદ્‌બોધશતક

લગ્ન, જમણ, દાડા આદિમાં ધનનો વ્યય કરવાને બદલે હૉસ્પિટલ બંધાવવામાં, નિશાળો ચાલુ કરવામાં આદિ પરોપકારનાં કાર્યોમાં ધનનો ઉપયોગ કરવાની હિમાયત શ્રીમદ્‌ે એ સમયે કરી હતી, એ તેમનું સુધારકપણું સૂચવે છે; પણ **નર્મદ** જેવો જુસ્સો તો તેઓ, નીચે આપી છે તેવી પંક્તિઓમાં, ક્યારેક જ બતાવે છે :

“સળગાવી દો આ સમય, વળી વેમની વાડ,
અધિક નહિ તો નિરખશો, ધોળે દહાડે ધાડ.”

— ધોળે દહાડે ધાડ.

શ્રીમદ્‌ે કરેલી સુધારાની આ હિમાયત એવી સબળ નથી કે આપણે તેમને મહાન ક્રાંતિકારી ગણાવી શકીએ. વળી, તેમની એ પ્રવૃત્તિ, એ લખાણ તેમની વીસ વર્ષની વય પછીથી બંધ થઈ ગયાં હતાં. તેથી ક્રાંતિનું બીજ તેમનામાં સમાજક્ષેત્રે ખીલેલું હતું તેમ આપણે કહી શકીએ નહિ. અલબત્ત, થતી ક્રાંતિમાં તેમણે સાથ પુરાવવાનો પ્રયત્ન કર્યો હતો, અને તેમનામાં એ તત્ત્વ ખીલવા પણ પામત—જો તેમનું ધ્યેય સમાજલક્ષી બન્યું હોત તો ! તેમનું ધ્યેય સમાજલક્ષીને બદલે મૂળથી જ આત્મલક્ષી હતું, પરિણામે તેમણે આ પ્રકારનાં સાહિત્યનાં સર્જન, વાંચન કે મનનને તિલાંજલિ આપી દીધી હતી.

## અધ્યાત્મક્ષેત્રે શ્રીમદ્‌નું ક્રાંતિકારીપણું

શ્રીમદ્‌નું ધ્યેય આત્મલક્ષી હોવાથી તેમણે તે પ્રકારનું સાહિત્ય વિશેષ વાંચ્યું હતું. બાળપણમાં તેમને વૈષ્ણવ સંપ્રદાયના સંસ્કારો મળ્યા હતા. પરંતુ તેમની દૃષ્ટિ વિશાળ

હોવાને લીધે જૈનના સર્વ સંપ્રદાયના ગ્રંથો પણ જેમ જેમ તેમને ઉપલબ્ધ થતા ગયા તેમ તેમ, તેઓ વાંચતા ગયા. ટબાઓરૂપે રચાયેલા આ બધા ગ્રંથો તે કાળે મુદ્રિત-રૂપમાં નહીં પણ હસ્તલિખિત પ્રતોના રૂપમાં ઉપલબ્ધ થતા હતા અને એ બધા તેમણે દેરાસર અને જૈન ભંડારોમાંથી મેળવીને વાંચ્યા હતા. તેમની જ્ઞાનપિપાસા એટલી તીવ્ર હતી કે તેમના જમાનાનું અલ્પ મુદ્રણ પણ તેમને આડું નહોતું આવ્યું. પોતાની સ્વતંત્ર ચિંતન તથા મનનશક્તિને લીધે તેમણે આ બધા ગ્રંથોના પરિશીલન દ્વારા મેળવેલું જ્ઞાન પચાવ્યું હતું અને તે પછી તેમણે કેટલાક એવા વિચારો વ્યક્ત કર્યા હતા કે જે આધ્યાત્મિક ક્ષેત્રમાં તેમનું ક્રાંતિકારીપણું સૂચવે છે.

તેમના સમયમાં મતાંતરો, ફાંટા, પક્ષો વધતા જતા હતા. જૈનદર્શનમાં પણ **શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી, તપા, લોંકા** આદિ ફાંટાના અનુયાયીઓ પોતાની શ્રેષ્ઠતા અને બીજાની કનિષ્ઠતા બતાવવામાં જ રોકાયેલા રહેતા હતા. પરિણામે તેઓ પોતાનું આત્મ-કલ્યાણ કરવાનું જ ચૂકી જતા હતા. આવા સમયમાં સર્વને મતાંતરથી દૂર રહીને; માત્ર આત્મકલ્યાણ કરવા પર જ લક્ષ આપવાનો સૌમ્યતાથી છતાં દૃઢતાથી ઉપદેશ આપવો એ ક્રાંતિકારી પગલું જ ગણાય અને એ કાર્ય શ્રીમદે કર્યું હતું. જુઓ તેમનાં વચનો :—

> "કોઈ પણ ધર્મ સંબંધી મતભેદ રાખવો છોડી દઈ એકાગ્રભાવથી સમ્યક્‌યોગે જે માર્ગ સંશોધન કરવાનો છે, તે એ જ છે. મતભેદ રાખી કોઈ મોક્ષ પામ્યા નથી. વિચારીને જેણે મતભેદને ટાળ્યો, તે અંતર્વૃત્તિને પામી ક્રમે કરી શાશ્વત મોક્ષને પામ્યા છે, પામે છે અને પામશે."[૮૨]

> "કદાગ્રહમાં કંઈ જ હિત નથી. શૂરાતન કરી આગ્રહ કદાગ્રહથી દૂર રહેવું પણ વિરોધ કરવો નહિ."[૮૩]

આમ શ્રીમદે અનેક જગ્યાએ મતાંતરથી દૂર રહેવાનો, ભેદદૃષ્ટિ છોડી આત્માના કલ્યાણ પર જ લક્ષ આપવાનો ઉપદેશ આપ્યો છે, જે સત્ય હોવા છતાં સમકાલીન સ્થિતિથી વેગળો હતો અને તેને લીધે શ્રીમદને કેટલું વેઠવું પડ્યું હતું તે સુવિદિત છે.

આજથી લગભગ ૧૦૦ વર્ષ પહેલાં મુનિઓ મોક્ષ મેળવવા માટે જ્ઞાન અગર ક્રિયા એ બેમાંથી કોઈ એક અંગ પર વિશેષ ભાર મૂકતા હતા. સૂત્રો વાંચવાં, તે મુખપાઠે કરવાં કે શાસ્ત્રાર્થ કરવો; અથવા ઉપવાસ, એકટાણાં, આયંબિલ આદિ વ્રત કરવાં કે ઉપાશ્રયે અથવા દેરાસરમાં જઈ પૂજા, પ્રતિક્રમણ, સામાયિક આદિ તેનો ભાવ સમજ્યા વિના કરવાં તેમાં જ તેમનો મોક્ષમાર્ગ સમાઈ જતો હતો. પરિણામે લોકો કાં તો શુષ્કજ્ઞાની અને કાં તો ક્રિયાજડ થઈ ગયા હતા. પ્રત્યેક વસ્તુનું ફળ ભાવથી જ છે એ સમજ જ લોકોને ન હતી; તેઓ બાહ્યને સર્વસ્વ માનતા થઈ ગયા હતા. આથી ધર્મ તેમના અંતરંગમાં

---

૮૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પત્રાંક ૫૪, પૃ. ૧૮૨.

૮૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, "ઉપદેશછાયા" પૃ. ૭૧૧. આ પ્રકારનાં અન્ય વચનો ઠેકઠેકાણે મળે છે : જુઓ "આત્મસિદ્ધિ", ગાથા ૧૧૦; "ઉપદેશછાયા" પૃ. ૭૩૦ વગેરે.

પરિણમી શકયો ન હતો. તે વખતે સાચું સમજનાર પુરુષો આંગળીને વેઢે ગણાય તેટલા પણ માંડ હતા. લોકોની આવી સ્થિતિ જોઈ, તેમને સાચું સમજાવવાનો પ્રયત્ન શ્રીમદ્દે કર્યો. તેમણે એકાંતે જ્ઞાન અને ક્રિયાનો નિષેધ કરી ભક્તિનું માહાત્મ્ય સ્થાપન કર્યું; અને જે કંઈ ફળ છે તે ભાવથી જ છે એમ પ્રતિપાદન કર્યું. ભાવ વિનાની – આત્માર્થ વિનાની – કોઈ પણ ક્રિયાનું ફળ આત્માર્થે નથી, તે તેમણે પત્રે પત્રે, કાવ્યે કાવ્યે સ્પષ્ટ કર્યું છે. જુઓ :—

"નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નોય
નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવાં સોય.
નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ,
એકાંતે વ્યવહાર નહિ, બંને સાથ રહેલ."૮૪

આ જ કારણથી તેમણે ભક્તિમાર્ગની શ્રેષ્ઠતા બતાવી હતી. ભક્તિમાં સર્વસમર્પણ-ભાવ હોવાથી જીવનાં અહં મમત્વ આદિ ઘટી જાય છે અને તત્ત્વનું અંતરંગ પરિણમન થાય છે. ભક્તિનો મહિમા બતાવતાં નીચેનાં વચનો તેમની આંતરિક સૂઝ વ્યક્ત કરે છે :—

"ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દૃઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે, અને તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે."૮૫

"ભક્તિ એ સર્વોત્કૃષ્ટ માર્ગ છે. ભક્તિથી અહંકાર મટે, સ્વચ્છંદ ટળે અને સીધા માર્ગે ચાલ્યા જવાય, અન્ય વિકલ્પો મટે. આવો એ ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે."૮૬

આમ એકાંતે જ્ઞાન અને ક્રિયાનો નિષેધ કરી ભક્તિનું માહાત્મ્ય સ્થાપવું તે શ્રીમદ્‌નું ક્રાંતિકારી પગલું જ ગણાય.

શ્રીમદ્દે સદ્‌ગુરુ અને જ્ઞાનીનો જે મહિમા ગાયો છે તે તેમના જમાનાને જોતાં આધ્યાત્મિક ક્ષેત્રે ક્રાંતિકારી પગલું જ ગણાય. તેમણે બતાવેલ મહિમા એ જમાનામાં, કે શું આ જમાનામાં, ભાગ્યે જ કોઈ સમજે છે. તે મહિમા માટે નીચેનાં વચનો જુઓ :—

"બીજું કંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે!"૮૭

સત્પુરુષમાં કેવી અનન્ય શ્રદ્ધા!

૮૪. "આત્મસિદ્ધિશાસ્ત્ર", ગાથા ૧૩૧, ૧૩૨.
૮૫. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, ૧, પત્રાંક ૨૦૧, પૃ. ૨૬૪.
૮૬. એજન, પૃ. ૮૭૭.
૮૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧. પૃ. ૧૯૪.

"એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ."[૮૮]

આમ અનેક સ્થળે તેમણે સદ્ગુરુનું માહાત્મ્ય બતાવ્યું છે. આવા સદ્ગુરુની પ્રીતિ મેળવવા શું કરવું જોઈએ તે તેમણે "આત્મસિદ્ધિશાસ્ત્ર", "પ્રભુ પ્રત્યે દીનત્વ" આદિ કાવ્યો તથા "છ પદનો પત્ર" આદિ પત્રોમાં પ્રત્યક્ષ કરાવ્યું છે. વળી, વિવિધ સ્થળે તેમણે સદ્ગુરુનાં તથા મુમુક્ષુનાં યથાર્થ લક્ષણોનો પરિચય પણ આપ્યો છે.[૮૯] આ ઉત્તમ લક્ષણોના ધારક સદ્ગુરુ અને મુમુક્ષુ સિવાયની અન્ય વ્યક્તિઓને તેમણે અસદ્ગુરુ અને મિથ્યાત્વી તરીકે બેધડક રીતે ઓળખાવી છે જે તેમનું વિશિષ્ટ ક્રાંતિકારી પગલું છે. સમકાલીન સમાજના મોટા ભાગના સાધુઓ અને શ્રાવકો, આ આંતરિક દૃષ્ટિએ જોતાં, અસદ્ગુરુ અને અમુમુક્ષુ ઠરે તેમ હતાં, તેવે પ્રસંગે જરા પણ ડર રાખ્યા વિના સત્ય પ્રકાશ કરવો તે ક્રાંતિ નહિ તો બીજું શું ?

"કહેવાતા આધુનિક મુનિઓનો સૂત્રાર્થ શ્રવણને પણ અનુકૂળ નથી."[૯૦]

શ્રીમદ્ ક્યારેક સમકાલીન મુનિઓનું ચિત્ર ઉપર જણાવેલ જેવાં વચનોમાં આપેલ છે એ સ્પષ્ટ થાય છે.

આ અને અન્ય વિચારો જેમ કે મતાંતરમાં રચ્યાપચ્યા રહે તે મતાર્થી, આત્મજ્ઞાન વિનાના ગુરુ તે સદ્ગુરુ નહિ, આત્મા પામ્યા હોય તે જ જ્ઞાની. આત્માર્થે થાય તે જ ક્રિયા સફળ; જ્ઞાનીની આજ્ઞાના પાલનનું ફળ અમૂલ્ય છે; સદ્ગુરુમાં સર્વસમર્પણભાવ કરવો,—વગેરે અભિપ્રાય તેમના જમાનાના લોકો માટે સાવ નવા જ હતા. અને એ વિચારો લોકોને સત્ય હોવા છતાં ક્રાંતિકારી લાગ્યા હતા. અને પરિણામે શ્રીમદ્ સત્ય ધર્મ સમજાવનાર નહિ પણ ધર્મ-ઉચ્છેદક લાગ્યા હતા, જેના અનુસંધાનમાં તેમના પર જાત-જાતના આક્ષેપો પણ થયા હતા, જેમકે "શ્રીમદ્ પોતાને તીર્થંકર કરતાં પણ મોટા કહેવડાવે છે", "શ્રીમદ્‌ને મન તેમના સિવાય જગતમાં કોઈ સદ્ગુરુ જ નથી", "શ્રીમદ્‌ને નવો ધર્મ સ્થાપવો છે." વગેરે. આથી એ જમાનામાં તેમનું સાહિત્ય વાંચવું એ પણ એક પ્રકારનો ગુનો ગણાતો હતો. અને તેમનામાં શ્રદ્ધા રાખનારને અસ્પૃશ્ય જેવી સ્થિતિ પણ ભોગવવી પડી હતી, કારણ કે, જેમ અન્ય ક્ષેત્રમાં તેમ, ધાર્મિક ક્ષેત્રમાં પણ રૂઢિ પર પ્રહાર થાય એટલે લોકો તરફથી વિરોધ તો થવાનો જ.

આમ શ્રીમદ્‌ની હયાતીમાં જ તેમના પ્રતિનો વિરોધ ચાલુ થયો હતો, અને એક સમયે એ વિરોધે ઉગ્ર સ્વરૂપ પણ પકડ્યું હતું. તેના છાંટા સોભાગભાઈ, અંબાલાલભાઈ, લલ્લુજી મહારાજ આદિ શ્રીમદ્‌ની અંતેવાસી વ્યક્તિઓ પર પણ ઊડ્યા હતા. પણ સોનું કસોટી પછી જ વિશેષ ચમકે છે, તેમ અહીં પણ બન્યું.

---

૮૮. એજન, પૃ. ૧૯૫.

૮૯. જુઓ "આત્મસિદ્ધિ" ગાથા ૧૦, ૧૩૮, "અપૂર્વ અવસર" વગેરે.

૯૦. "શ્રીમદ્ રાજચંદ્ર" અગાસ આવૃત્તિ ૧, પત્રાંક ૧૭૦, પૃ. ૨૫૦.

પોતા પ્રતિ થતા વિરોધ પ્રત્યે શ્રીમદ્ સાવ નિઃસ્પૃહ હતા. તે તેમણે શ્રી અંબાલાલભાઈ, જૂઠાભાઈ આદિ પર લખેલા પત્રો જોતાં સ્પષ્ટ થાય છે. તેમને તો જે સત્ય હતું તે લોકોને કરુણાબુદ્ધિથી જણાવવું હતું, પછી લોકો સમજે કે ન સમજે તે તેમના ભાગ્યની વાત હતી. સમયે સમયનું કાર્ય કર્યું. તત્કાલીન વિરોધ, સમય જતાં "બુદ્ધિની કસોટીએ" ચડયો અને સત્યના વિજયની શરૂઆત થઈ.

આમ શ્રીમદ્દે આધ્યાત્મિક ક્ષેત્રે કેટલાક એવા વિચારો પ્રગટ કર્યા હતા કે જે આત્મકલ્યાણ માટે અનિવાર્ય હોવા છતાં તેમના જમાના માટે ક્રાંતિકારી હતા. તે વિચારો નિર્ભયતાથી છતાં નમ્રતાથી વ્યક્ત કરનાર શ્રીમદ્‌ને ક્રાંતિકારી ન કહીએ તો શું કહીએ?

## શ્રીમદ્ વેપારી તરીકે

શ્રીમદ્‌માં બાળવયમાં જ અનેક શક્તિઓ ખીલી હતી, અને એને લીધે તેમની ખ્યાતિ પણ ઘણી થઈ હતી. બીજી બાજુ તેમની આર્થિક સ્થિતિ પણ સારી ન હતી, તેથી આર્થિક ઉદ્દેશથી તેઓ વિ. સં. ૧૯૪૨ના ભાદરવા માસ આસપાસ મુંબઈ ગયા હતા.

મુંબઈમાં શતાવધાનના પ્રયોગ કરી એમણે ઘણી ખ્યાતિ પ્રાપ્ત કરી. એ પ્રયોગો કરતી વખતે સભામાં અનેક અગ્રગણ્ય વિદ્વાનો અને પંડિતો હાજર હતા. તેમાં જ્યોતિષીઓ પણ હતા, જેમના દ્વારા શ્રીમદ્‌ને જ્યોતિષનું ઊંડું જ્ઞાન મેળવવાની ઇચ્છાને પૂર્ણ કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો.

મુંબઈમાં શતાવધાનના પ્રયોગો જોઈ શ્રી માણેકલાલ ઘેલાભાઈ ઝવેરી શ્રીમદ્‌ના સમાગમમાં આવ્યા. તેમના પિતાશ્રી ઘેલાભાઈ ઝવેરાતની પરીક્ષામાં નિષ્ણાત હતા. પિતા પાસેથી તે વિદ્યા શીખીને માણેકલાલભાઈ મુંબઈમાં ઝવેરાતના વેપારમાં જોડાયા હતા. તેમણે ઝવેરાતની પરીક્ષા કરવાનું કામ શ્રીમદ્‌ને શીખવ્યું. શ્રીમદ્ એ ધંધાની શરૂઆત કરવાનો વિચાર કરતા હતા. તેવામાં વિ. સં. ૧૯૪૪ના પોષ માસમાં ગૃહસ્થાશ્રમી થવા વવાણિયા જવાની ફરજ પડી અને વિ. સં. ૧૯૪૪ના મહા સુદ ૧૨ના દિવસે તેઓ ગૃહસ્થાશ્રમી થયા તે અનુસાર શ્રી રેવાશંકર જગજીવન તેમના કાકાસસરા થયા હતા. ત્યારથી તેઓ શ્રીમદ્‌ના નિકટ પરિચયમાં આવ્યા. એકાદ વર્ષ પછી વ્યાપારમાં ઉત્કૃષ્ટ લાભ છે એવું જ્યોતિષથી જાણી, શ્રીમદ્દે તેમને મુંબઈ જવા પ્રેર્યા, સાથે ઝવેરાતના ધંધાની પેઢીની વાત પણ કરી. તે મુજબ શ્રી રેવાશંકરભાઈ વકીલાત છોડી વિ. સં. ૧૯૪૫ના અષાડમાં મુંબઈ ગયા. શ્રીમદ્ પણ એ જ અરસામાં એટલે કે એ વર્ષના ભાદરવા માસમાં ફરીથી મુંબઈ ગયા, અને સાંતાક્રુઝમાં શેઠ ત્રિભોવન ભાણજીના બંગલામાં પ્રથમના છ માસ રહ્યા. પછીથી તો તેઓ રેવાશંકર જગજીવનની પેઢી જ્યાં હોય ત્યાં સાથે કે તેની નજીકમાં રહેતા.

વિ. સં. ૧૯૪૫ના ભાદરવા આસપાસ શ્રી રેવાશંકર જગજીવનની પેઢી શરૂ થઈ, તેમાં શ્રી માણેકલાલભાઈ ઝવેરી પ્રેરણારૂપ હતા. શ્રી રેવાશંકર જગજીવનની પેઢીમાં શ્રીમદ્,

રેવાશંકરભાઈ અને માણેકલાલભાઈ ભાગીદારીમાં જોડાયા હતા. એક-બે વર્ષમાં તો આ પેઢીનો વેપાર વિલાયત, રંગુન, અરબસ્તાન વગેરેની મોટી મોટી પેઢી સાથે શરૂ થઈ ગયો હતો.

વિ. સં. ૧૯૪૮-૪૯માં શ્રી માણેકલાલભાઈ દ્વારા સૂરતવાળા રા. બ. નગીનચંદ ઝવેરચંદનો શ્રીમદ્‌ને પરિચય થયો. પરસ્પરની અનુમતિપૂર્વક શ્રીમદ્, રેવાશંકરભાઈ, માણેકલાલભાઈ અને નગીનચંદભાઈએ મોતીનો વેપાર ભાગીદારીમાં શરૂ કર્યો. પછીથી તેમાં કેટલાક બીજા વેપારીઓ પણ જોડાયા.

સર્વ ભાગીદારોએ કંઈ ને કંઈ કામ જવાબદારીપૂર્વક સ્વીકારી લીધું હતું, તેમાં નાણા-વિષયક અને વિલાયતના વ્યવસાયનું કામકાજ મુખ્યત્વે શ્રીમદ્ હસ્તક હતું. આ બધાએ પોતપોતાનું કાર્ય એટલી સફળતાપૂર્વક કર્યું હતું કે હિંદની અગ્રેસર ગણાતી પેઢીઓમાં આ પેઢીની ગણના થવા લાગી હતી. પેઢીએ નફો પણ ઘણા સારા પ્રમાણમાં કર્યો હતો.

શ્રીમદ્ વેપારી કામકાજમાં ઘણા કુશળ હતા. માલ બરાબર કસીને લેતા, છતાં પ્રામાણિક પણ એવા જ હતા; કોઈને પણ ખોટા નુકસાનમાં ઊતરવા દેતા નહિ. નફા વિશેનો તેમનો ખ્યાલ પણ ચોક્કસ હતો. એક વખત તેમને કોઈએ પ્રશ્ન કર્યો કે, "ધંધાની અંદર કેટલાક વેપારીઓ માલ વેચવાની બુદ્ધિએ આપની પાસે આવે છે, વેચનાર માલધારી આપને કહે કે આ માલ લઈ લો. અને જે યોગ્ય કિંમત હોય તે આપો. તો આપ કેવી રીતે માલ રાખો?" તેમણે ઉત્તર આપ્યો કે, "માલની કિંમત આંકેલી કે બાંધેલી નથી, તો તે માલ નજરે જોઈને યોગ્ય કિંમત લાગે તેમાં આશરે બે ટકા છૂટે એવું જાણીને તે માલ લઈએ. પછી બજાર તેજી-મંદી થાય તો તે કર્મની વાત – પણ બે ટકા છૂટે એમ ધારીને કિંમત કરીને લઈએ તો દોષ નહિ; વાજબી કિંમત કરી કહેવાય."[૯૧]

મુંબઈમાં સૌથી વિશ્વાસપાત્ર ગણાતો એક આરબ પોતાના ભાઈ સાથે રહીને મોતીની આડતનો ધંધો કરતો હતો. નાના ભાઈને એક દિવસ પોતાના મોટા ભાઈની જેમ ધંધો કરવાની ઇચ્છા થઈ આવી. તેથી જે સારો માલ પરદેશથી આવેલો તે વેચવા કોઈ સારા પ્રમાણિક શેઠનો મેળાપ કરાવવા તેણે દલાલને કહ્યું. દલાલે શ્રીમદ્‌નો ભેટો કરાવ્યો. શ્રીમદ્‌ે માલ બરાબર તપાસી ખરીદ કર્યો અને નાણાં ચૂકવી આપ્યાં. ઘેર આવીને આરબે તેના મોટાભાઈને વાત કહી. મોટાભાઈએ જેનો માલ હતો તેનો કાગળ બતાવી કહ્યું કે આ માલ માટે તો અમુક ભાવથી નીચે માલ વેચવો નહિ એવી શરત કરી છે, અને તેં આ શું કર્યું? તેથી તે ગભરાયો અને શ્રીમદ્ પાસે કરગરીને પોતે કેવી મુશ્કેલીમાં મુકાયો છે તે તેમને જણાવ્યું. વાત જાણી શ્રીમદ્‌ે લીધેલો માલ પાછો સોંપી દીધો અને નાણાં ગણી લીધાં. જાણે કોઈ સોદો કર્યો જ નથી એમ ગણી અઢળક નફો થવાનો હતો, તે સ્વાભાવિકતાથી જતો કર્યો. આરબ તો તેમને ત્યારથી ખુદા જ માનતો થઈ ગયો હતો.[૯૨]

---

૯૧. "શ્રીમદ્ રાજચંદ્ર જીવનરેખા", પૃ. ૧૬૮.

૯૨. "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા", આવૃત્તિ ૪, પૃ. ૧૦૬.

વિ. સં. ૧૯૫૧ની આખરમાં શ્રીમદ્‌ના ભાઈ મનસુખભાઈ એ પેઢીમાં જોડાયા. તેમને તેઓએ એ કાર્યમાં તૈયાર કર્યા. અને ત્યાર પછી થોડા વખતમાં શ્રીમદ્દે વેપારમાંથી નિવૃત્તિ લેવાની ઇચ્છા દર્શાવી. પરંતુ તેમની વેપારની કુશળતા, ચોકસાઈ, પ્રામાણિકતા વગેરે ગુણોને લીધે તેમના ભાગીદારોએ નાની વયમાં વેપારમાંથી નિવૃત્તિ લેવા ના જણાવી, ભાગીદારોના આગ્રહને માન આપી તેમણે પેઢીના સલાહકાર તરીકે કામ કરવાનું કેટલોક વખત ચાલુ રાખ્યું.

ઝવેરાત ઉપરાંત કાપડ, ચોખા વગેરેનો વેપાર પણ ચાલતો હતો. વિ. સં. ૧૯૫૫ પછીથી તેમણે વેપારમાંથી સર્વથા નિવૃત્તિ સ્વીકારી હતી.

ધંધાની બાબતમાં તેમની કુશળતા કેવી હતી તથા ચોકસાઈ કેવી હતી તે વિશે તેમના મળતા કેટલાક પત્રો સારો પ્રકાશ પાડે છે.

પેરીસમાં **મોન્શ્યેર એ. જર્મેન** નામની ફ્રેંચ પેઢી હતી. તેના ઉપર લગભગ ૪૧૦૦૦) રૂ.ની કિંમતનું મોતીનું પારસલ મોકલેલું. તે પારસલ ન વેચાતાં પાછું આવ્યું. આવાં પાછાં આવતાં પારસલોની હકસાઈ Return Comission નહિ લેવાનો મો. **જર્મેને** **શ્રીમદ્‌ની** પેઢી સાથે કરાર કર્યો હતો. છતાં તે પેઢીએ હકસાઈ ચડાવીને પારસલ પાછું મોકલેલું. તેથી તે કરારની બાબતમાં પોતાની પેઢીને માહિતી આપતો એક પત્ર શ્રીમદ્દે વવાણિયાથી વિ. સં. ૧૯૫૨ના શ્રાવણ વદમાં લખ્યો હતો. તેમાં તેમણે લખ્યું હતું કે :—

> "જર્મેનનું પાર્સલ પાછું આવવા સંબંધી લખ્યું તે જાણ્યું છે. સંભાળથી તરત અવેજ ભરી દેજો. **જર્મેને** ૨૯૨૮ પૌંડની હૂંડી લખી છે. તે પરથી એમ જણાય છે કે, તેણે રીટર્ન કમિશન ટકા ૧ લેખે ચડાવ્યું છે; તે કમિશન ન લેવા માટે આપણને તેણે લખી આપ્યું છે, જે કાગળ ફાઈલમાં છે. ૨૮ પૌંડ ઓછા ભરી શકાય કે કેમ તે બનાજી વગેરેને પૂછી તજવીજ કરશો...આપણે આ વખતે આડત આપવાનો કરાર નથી...તમે તથા **નગીનભાઈ** પૂરી તજવીજ કરશો. ઉતાવળમાં ૨૮ પૌંડ ભરાયા પછી તેની પંચાત પડે."૯૩

કરાર વગેરેની વિગતો યાદ રાખી ભૂલ ન થઈ જાય તેની બાબતમાં તેઓ કેટલી સાવચેતી રાખતા! આવી જાતની સાવચેતી માલની ખરીદી વખતે પણ જોવા મળે છે. માલ કેવો લેવો, કયા ભાવ સુધી લેવો વગેરે વિશેના તેમના વિચારો આપણને તેમણે ખંભાતથી વિ. સં. ૧૯૫૧ના આસો માસમાં પોતાની પેઢીને લખેલા એક પત્રમાં જોવા મળે છે. તેમાં લખ્યું છે કે :—

> " સીરી ભૂકા વગેરેની ખરીદ લખી તે જાણી છે. તે સીરી ભૂકા અરબસ્થાનના કયા આરબના અથવા કયા પ્રગણાના, કેવો માલ છે, એ વગેરે લખવામાં તમારી તરફથી બરાબર આવ્યું નથી. એટલે એ વિશે વધારે અભિપ્રાય આપવાનું બની

૯૩. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ભાગ ૨, પૃ. ૧૭૦.

શકવું કઠણ છે. પણ એટલું અનુમાનથી આવી શકે છે કે, ગયા વર્ષમાં ૧૫-૧૬-૧૭-૧૮-૧૯ એ આદિ ભાવના સુધારાના ભાવ કંઈ વાંચવામાં આવ્યા નહિ. અને વિલાયતવાળાના તરફથી વધારે ભાવ મળવામાં પૂરી મહેનત પડશે, અથવા વખતે ભૂકામાં કંઈ ઠીક પરિણામ આવશે. પણ સીરીને માટે અમને તો અંદેશો રહે છે. વળી હૂંડી પણ કંઈ વધી છે. સીરી ગયા વર્ષ કરતાં સારી હોય તોપણ દશ-પંદર ટકા ફેર સારી સુધી તો મૂળગા થવાની આશા જેવું રહે છે. કેટલીક વાર આગળ ઉપરનું પરિણામ વિચાર્યા વગર ઘણું કરી ખરીદ થયા કરે છે, અને કોઈ માલમાં વિલાયતથી ઠીક આવે છે, તેને બદલે કોઈ માલમાં ભાવ વધવા જેવું કરી મૂકવામાં આવે છે, અને એમ ને એમ ઊંચા જ રહ્યાનું થાય છે. તેથી ભય રહે છે કે તે રીતે તો વખતે ગયા વર્ષની પેઠ આ વર્ષે પણ વેઠનો વેપાર થઈ પડે. અહીં બેઠા કંઈ લખવું યોગ્ય નથી. તેમ હવે તરતમાં આવવા વિચાર છે, એટલે વધારે લખવું કારણભૂત નથી. પણ સહેજે ખેદ થયો કે આપણા લોકો કેટલાક લાભના વેપાર પોતે હાથે કરીને મૂળધાણી મેળવે છે, જેનો લક્ષ તેમને ન આવી શકે ત્યાં શું કરી શકાય ? કંઈ પણ વિચારથી, ધીરજથી અને કળથી કામ લેવાનું હોય તો સામાન્ય રીતે લાભનો વેપાર થયા કરે, પણ તેવાં એક વૃત્તિરૂપ પરિણામ નહિ, અને દોરનારનો તેવો હેતુ નહિ, તેને પડખે રહેનાર ઊંચા અથવા પરવશ, ત્યાં તે સૌને તેનું સાંભળવાનું કહીએ તો માને નહિ. જ્યારે પછી તેવા પ્રસંગમાં વિચારી વર્તવાનું ચિત્ત રાખવું પડે. સૌને એ વાત રુચવી મુશ્કેલ. આ કંઈ વેપાર કરવાની વાત નથી, પણ ક્રમે કરી વેપાર સારા આકારમાં આવી શકે તેવી વાત છે... એકબીજાના મનને દુઃખ લગાડવા માટે અથવા ચાલતા કામમાં વચ્ચે ડોળાણ કરવાના હેતુથી આ પત્ર લખ્યું નથી, પણ હવે પછી આપણે સૌ વેપાર કરીએ છીએ તેમાં એકબીજાએ ઉપયોગ રાખ્યો હોય તો આ રસ્તો અંતે લાભકારક છે, બહુ ઊંચા રહેવાનું કે બહુ ઊંચા અભિપ્રાયથી ખરીદી કર્યા કરવાનું પરિણામ ઘણું કરી વિષમ આવે છે, જવલ્લે જ સરખું આવે છે, અને સ્વાભાવિક બજારને અનુસરી કામ લેવામાં આવે એટલે વિચારથી, ધીરજથી, કળથી કામ લેવામાં આવે તો તે કામ હંમેશ સારા પાયાથી ચાલી શકે છે. ધીરજ રાખવા જતાં માલ મળે જ નહિ એવી કલ્પના આપણા લોકોને સાધારણ રીતે રહે છે, તે એક રીતે ઠીક છે, પણ તેથી એવી ધીરજ ત્યાગવી પણ ન જોઈએ કે એમ ને એમ લેવાના ધોમાં ઊંચા ભાવે ખરીદ જ કર્યા કરવી, અને ક્રમે મોટા ભયમાં ઉતરવાનું થાય તેમ કરવું...હજાર પાંચસોના નુકસાન ઉપર ધ્યાન આપી આ લખ્યું નથી, પણ આપણે સૌને કંઈ પણ આ વાત ધ્યાનમાં રહેતી હોય અને કામ થયા કરતું હોય તો લાંબા સમય સુધી તે કામ ટકે છે એવા હેતુથી લખ્યું છે... "[૯૪]

આ સમયમાં શ્રી રેવાશંકર જગજીવનની પેઢી મુંબઈના મોતીબજારમાં અગ્રપદ ધરાવતી હતી. તે સમયે હિંદનું મોતીબજાર સામાન્ય રીતે જ્યારે વિશેષ લાભ દેખાય ત્યારે લાંબો વિચાર કર્યા વિના તેમાં ઝંપલાવી દેતું, પરંતુ તેમાં કેટલીક વાર એવું પણ

૯૪. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ભાગ ૨, પૃ. ૧૭૨.

બનતું કે જેથી બજારની સ્થિતિ ચિંતાજનક થઈ જાય. એ વિશે શ્રીમદે પોતાના અનુભવમૂલક વિચારો વ્યક્ત કરતો ઉપરનો પત્ર લખ્યો હતો. પેઢીના ભાગીદાર શ્રી **નગીનચંદભાઈનું** પણ અમુક લાભ મેળવ્યા પછી "સાહસપૂર્વક" કામ કરવાનું વલણ થઈ ગયું હતું. આગળના પત્રમાં શ્રીમદે **નગીનચંદભાઈ**ને નિગ્રહપૂર્વક કામ કરવા સમજાવવા માટે એક વેપારીને યોગ્ય કળ, દીર્ઘદર્શિતા અને નિપુણતાપૂર્વક પ્રયત્ન કર્યો છે. બંને પરિસ્થિતિના લાભાલાભ વર્ણવ્યા છે.

આમ છતાં પણ **નગીનચંદભાઈ** "સાહસપૂર્વક" કામ કરવાનું જ વલણ રાખે તો કદાચ તેમની સાથે ભાગીદારી બંધ કરવાનો સમય પણ આવે, તો તે માટે તત્પર રહેવા શ્રીમદ્‌ પોતાની પેઢીને એ પછીના જ દિવસે પત્ર લખે છે. એ પત્ર પરથી આપણને ખ્યાલ આવી શકે છે કે શ્રીમદ્‌ એ પેઢીમાં અંતિમ નિર્ણાયક જેવા હતા. આગળના દિવસના પત્રનો ભાવાર્થ ટાંકી તેઓ **નગીનચંદભાઈ** વિશે લખે છે કે:—

> "કંઈ પણ તેને અસર થાય એવી રીતે લખવાનું પ્રયત્ન કર્યું છે. જોકે તેનાથી તેમ વર્તાવું બહુ મુશ્કેલ છે...તમારા મનમાં પણ સીરી વગેરે સંબંધી ખ્યાલમાં આવ્યું, અને તે અમને લખ્યું, એટલી સરળતા માટે ચિત્તને સંતોષ થયો છે."

> "અત્રેથી આસો સુદ દશમે વિદાય થઈ સુદ ૧૧ની સવારે તમારી તરફ આવવાનો વિચાર રહે છે, તે પ્રથમ કંઈ માલ લેવાનું કારણ હોય તો તમારા વિચાર પર રાખીએ છીએ. જેટલી સંભાળ તમારાથી થઈ શકે તેટલી કરશો. પ્રત્યક્ષ નુકસાન દેખાતું હોય તો પછી પડશો નહિ. મૂળગા થાય તેવું દેખાતું હોય અથવા સહજ નુકસાન જેવું દેખાતું હોય, અને તમારું ચિત્ત એકબીજાનું ચિત્ત જુદું થવાના કારણથી ભય રાખતું હોય તો હા કહેશો. પણ સો વસા તો ના કહેશો કે હવે તરતમાં આવનાર છે એટલે તેમના આવ્યા પહેલાં હાલ કંઈ પણ કરવાનો વિચાર નથી. જ્યાં સુધી બને ત્યાં સુધી આમ વર્તશો તો ફાયદો છે. કંઈ પણ આગળ પર તેથી લાભ છે, તેમ બીજો ભય—એટલે સંબંધ તૂટી જવા વગેરેની કલ્પના પ્રત્યે વિશેષ જઈ ભાગમાં પડવાનું કારણ નથી. તેમ છતાં તમારા પર રાખવાનું કારણ એમ છે કે સહેજસાજ નાની રકમ હોય અને ચલાવવા ખાતર સંબંધમાં રહેવું એમ તમારા મનમાં આવે, તો તેમ કરવા માટે લખ્યું છે."૯૫

તેઓ મોતી કે ઝવેરાતના મુખ્ય ધંધામાં જેવી કાળજી અને તકેદારી રાખતા તેવી જ ચોકસાઈ અને ચીવટ કાપડ કે બીજા નાના ધંધામાં પણ રાખતા હતા. ટૂંકામાં કહીએ તો વેપારની દરેકેદરેક ચીજ પ્રત્યે તેઓ સાવધાન હતા, વિ. સં. ૧૯૫૧માં તેઓ સાયલાથી પોતાની પેઢી પર એક પત્રમાં લખે છે કે:—

> "રેશમી ઓઢણીઓ મંગાવો તો પોત, પનો, રંગ, વગેરે બરાબર તપાસીને લેશો. બાંધણી ચોખી જોઈને લેશો. **ભીમજી વલભજી**ને ત્યાં નંગ સારા હોય છે.

૯૫. "શ્રીમદ્‌ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ભાગ ૨, પૃ. ૧૭૩.

પણ કંઈક પૈસા વધારે પડે છે, અને લોંચતળીએ નાકા પર ખત્રી બેસે છે તેને ત્યાંથી આપણે કેટલીક વાર લઈએ છીએ, તે કંઈક ઓછું લે છે. માટે નંગ બરાબર તપાસી **ભીમજી વલભજી** જેવાં મળે તો લેશો. ઓઢણીમાં આના બે આના મોંઘા પણ લેતાં લોકો અટકે છે, એટલું ધ્યાન રાખશો...રેશમી અતલસ કંઈ રંગાવવાની હોય તે ભાઈ અમૃતલાલનું ધ્યાન પહોંચે ત્યાં રંગાવશો. રંગબોજ, કુમાશ ઠીક થાય તેમ કરાવશો... **ભાઈ અમૃતલાલ**ને સાથે લઈ જેમ મંગાવનારને સંતોષ થાય તેમ કરશો, આટલી નાની બાબત વિશેષ કરી લખી છે તેનું કારણ એ છે કે રેશમી કાપડમાં કંઈ ફેરફાર આવે તો માણસને મનમાં ઘણું દુઃખ લાગે અને કામ બરાબર થશે એમ મેં કહ્યું હતું તે ખોટું કહેવા જેવો વખત આવે."[૯૬]

મુખ્ય વ્યવસાય ઝવેરાત અને મોતીનો હોવા છતાં આવી અન્ય બાબતો વિશે પણ તેમની ચોકસાઈભરી કાળજી અને સત્યપ્રતિષ્ઠા કેટલી કામ કરે છે તે આપણે જોઈ શકીએ છીએ. એક પણ બાબત તેમના લક્ષ બહાર જતી નથી, ભલે પછી તે ઝવેરાતના ધંધાને લગતી હોય કે કાપડને લગતી હોય !

આ ઉપરાંત તેઓ હિસાબી કામકાજની સમજણ પણ કેટલીક વખત પત્ર દ્વારા આપતા. પેઢીને માલનો હવાલો કઈ રીતે નાખવો તે બતાવતો તેમનો એક પત્ર નમૂના રૂપે મળે છે. આ પત્ર બાબત શ્રીમદ્‌ના સાહિત્યના એક સંશોધકે – મનસુખભાઈ રવજીભાઈએ – એવી નોંધ કરી છે કે,

"આ આંકમાં હવાલો નાખવા સંબંધે ટાંકેલા હિસાબમાં કંઈક ભૂલ જણાય છે. અમને મૂળ પત્ર મળી શક્યો નથી, એટલે જે પ્રમાણે છે તે પ્રમાણે આપીએ છીએ."[૯૭]

આ પત્રમાં **ફુરામજી સન્સ**ની કંપની મારફત લંડનની મે. **આરબથનટ લેયમ**ની કંપની પર મોકલેલા પારસલની જે હૂંડી પાકી તેનો, તથા તે વિશે થયેલા ખર્ચાનો હવાલો કઈ રીતે નાખવો તે બાબત શ્રીમદ્દે વિગતથી લખ્યું છે.

આમ દરેક જાતનો ખ્યાલ તેઓ વેપારમાં રાખતા હતા. છતાંય તેઓ વેપાર વિશે કે કમાણી વિશે જળકમળવત્ હતા. વેપારમાંથી છૂટા થવાનો તેઓ વિચાર કરે છે તે વખતે પોતાના ભાગમાં આવતી તમામ મિલકત તેઓ પોતાના નાના ભાઈને આપી દેવાનો નિર્ણય કરે છે. વિ. સં. ૧૯૫૨માં પોતાના ભાગીદાર શ્રી **માણેકલાલભાઈ** ઝવેરીને તેમણે લખ્યું હતું કે :—

"**બીજા જેઠ** પ્રથમ જે કંઈ વ્યાપારાદિ સહચારીપણે કર્યું હોય તે માંડી વાળી એકબીજાએ તે પ્રતિબંધ રહિત થવું યોગ્ય છે. શ્રી **છોટાલાલ** આદિ સાથેના વેપાર

૯૬. એજન, ભાગ ૨, ખંડ ૪, પૃ. ૧૬૯.

૯૭. એજન, પૃ. ૧૭૪.

પ્રસંગમાં રહેલો બાકીનો હિસાબ તથા તમારા પ્રસંગનો હિસાબ એ તરતમાં પ્રથમ માંડી વાળવો યોગ્ય છે. ત્યાર પછી શ્રી **રેવાશંકર** તથા અમારા સહચારીપણાનો હિસાબ માંડી વાળી જે કંઈ રકમ આ નામ પર આવે તે શ્રી **મનસુખને** નામે શ્રી **રેવાશંકરે** જમે કરવી, અને શ્રી **મનસુખની** ઇચ્છા તથા તમારી ઇચ્છા અને તેમની ઇચ્છા અરસપરસ સહચારીપણે રહેવાની હોય તો તમારે સૌએ ઇચ્છાનુસાર કરવું એ પ્રકારે અમારી વિનંતી છે."૯૮

જે સમયે શ્રીમદ્દે પોતાની મિલકત પોતાના ભાઈને નામે જમે કરવા જણાવ્યું છે તે સમયે તેમના પુત્રની હયાતી હતી, તેથી ભાઈને મિલકત સોંપવાનું વિચારતાં પુત્રનું હિત પણ ભાઈના હાથમાં તેમણે મૂકી દીધું હતું. બીજી બાજુ, જો સંયુક્ત કુટુંબની રીતે જોઈએ તો, તેમના પિતાની પણ તે વેળા હયાતી હતી, એટલે એ મિલકત તેમના નામે કરે તેવો ખ્યાલ આપણને આવે. પરંતુ તે કંઈ ન કરતાં ભાઈના હાથમાં તમામ વહીવટ સોંપવાનો વિચાર તેમણે કર્યો હતો, તે બે ભાઈઓ વચ્ચેનો મેળ તથા નાના ભાઈ પ્રત્યેનો શ્રીમદ્‌નો વિશ્વાસ બતાવે છે. ભાઈને નામે મિલકત કરવામાં તેમનો બીજો હેતુ એ પણ હોઈ શકે કે જેથી ભાઈને વેપાર કરતી વખતે આર્થિક મુશ્કેલી વેઠવી ન પડે. અહીં તેઓ પૈસા બાબત કેટલા નિઃસ્પૃહ હતા તે આપણે જાણી શકીએ છીએ.

શ્રીમદ્દે વેપારાદિમાંથી નિવૃત્તિ લેવાનો વિચાર એકાએક નહોતો કર્યો, પણ તેમાં તેમણે વ્યવસ્થિત વિચારપૂર્વક કામ કર્યું હતું. પોતે કયા ક્ષેત્રે કેટલું કમાઈને, કેટલા કાળ પછી નિવૃત્તિ સ્વીકારવી તે વિશે વિચાર કરીને નિર્ણય લીધો હતો. તે વિશે આપણને તેમની ડાયરીમાંથી જાણવા મળે છે. વિ. સં. ૧૯૫૧ના પોષ વદ બીજે તેમણે પોતાની એ વિચારણા ડાયરીમાં બહુ સંક્ષેપમાં ઉતારી છે. તે નીચે પ્રમાણે છે :—

> "દ્રવ્ય...એક લક્ષ ક્ષેત્ર ..મોહમયી
> કાળ...મા. વ. ૮. ૧. ભાવ ..ઉદયભાવ
> દ્રવ્ય...એક લક્ષ......ઉદાસીન
> ક્ષેત્ર...મોહમયી............
> કાળ . ૮. ૧......ઇચ્છા
> ભાવ...ઉદયભાવ...પ્રારબ્ધ"૯૯ હાથનોંધ ૧. પૃ. ૫૨.

ઉપરના ટાંચણ પરથી આ પ્રમાણે સમજાય છે: તેમણે એક લાખ રૂપિયા, મુંબઈ ક્ષેત્રથી, એક વર્ષ અને આઠ માસની અંદર કમાઈને નિવૃત્તિ લેવાનું ધાર્યું હતું. અને તે પણ આકુળતા કરીને નહિ, પણ જેમ જેમ કર્મનો ઉદય આવે તેમ તેમ વેદતા જઈને તે નાણાં મેળવવાની ઇચ્છા રાખી હતી. શ્રીમદ્દે સ્વીકારેલી આ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદા વિશે તેમના પોતાના કેવા ભાવ વર્તતા હતા તે તેમણે પાછળની ચાર પંક્તિઓમાં વ્યક્ત કરેલું હોય તેમ જણાય છે. લાખ રૂપિયા મળે ન મળે તે બાબત તેઓ

૯૮. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ભાગ ૨, પૃ. ૧૭૯.
૯૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૭૯૮.

ઉદાસીન છે, ૧ વર્ષ અને ૮ માસના કાળમાં નિવૃત્ત થવાની ઇચ્છા છે, અને તે વિશેનો ભાવ ઉદયભાવ એટલે કે પ્રારબ્ધ પ્રમાણે વર્તવાનો ભાવ છે. અને આ વિચારણા પાર પાડવા તેઓ સતત જાગ્રત રહેતા હતા તે પણ તેમણે હાથનોંધમાં કરેલાં અન્ય ટાંચણો પરથી જાણી શકીએ છીએ. ઉદાહરણ તરીકે —

> "મહા સુદ સાતમ શનીવાર–વિક્રમ સંવત ૧૯૫૧ ત્યાર પછી દોઢ વર્ષથી વધારે સ્થિતિ નહિ."[૧૦૦]

હાથનોંધ ૧ના પૃષ્ઠ ૯૭ પર કરેલી આ નોંધ પણ ઉપરની તેમની વિચારણાને જ પુષ્ટિ આપે છે.

ધન બાબતની નિઃસ્પૃહતા શ્રીમદ્‌માં તેમનાં વેપારનાં વર્ષોમાં પણ જોવા મળતી હતી. તેઓ વેપારમાં ભાગ લેતા હતા તે વખતે પણ તેમનો અધ્યાત્મ–અભ્યાસ ચાલુ જ હતો. વેપારની વાત પૂરી થાય કે તરત જ પુસ્તક વાંચે અથવા અગત્યના વિચારો આવે તે પાસે રાખેલી રોજનીશીમાં ટપકાવી લે. એ માટે ગાંધીજીએ લખ્યું છે કે :—

> "પોતે હજારોનો વેપાર ખેડતા, હીરામોતીની પારખ કરતા, વેપારના કોયડા ઉકેલતા. પણ એ વસ્તુ તેમનો વિષય નહોતી. તેમનો વિષય–તેમનો પુરુષાર્થ–તો આત્મઓળખ–હરિદર્શનનો હતો. પોતાની પેઢી પર બીજી વસ્તુ હોય યા ન હોય, પણ કોઈ ને કોઈ ધર્મપુસ્તક અને રોજનીશી હોય જ. વેપારની વાત પૂરી થઈ કે ધર્મપુસ્તક ઊઘડે અથવા પેલી નોંધપોથી ઊઘડે .....જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઈને તુરત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય, તેની જાત વેપારીની નહિ પણ શુદ્ધ જ્ઞાનીની છે. તેમનો આવી જાતનો અનુભવ મને એક વેળા નહિ પણ અનેક વેળા થયેલો, મેં તેમને કદી મૂર્છિત સ્થિતિમાં નથી જોયા."[૧૦૧]

શ્રીમદ્‌ે શ્રી સોભાગભાઈને વિ. સં. ૧૯૫૧માં લખેલાં નીચેનાં વચનો ગાંધીજીએ શ્રીમદ્‌ના કરેલા વર્ણનનું સમર્થન કરે છે.

> "મોતીના વેપાર વગેરેની પ્રવૃત્તિ વધારે ન કરવા સંબંધીનું બને તો સારું, એમ જે લખ્યું તે યથાયોગ્ય છે, અને ચિત્તની નિત્ય ઇચ્છા એમ રહ્યા કરે છે. લોભહેતુથી પ્રવૃત્તિ થાય છે કે કેમ ? એમ વિચારતાં લોભનું નિદાન જણાતું નથી. વિષયાદિની ઇચ્છાએ પ્રવૃત્તિ થાય છે, એમ પણ જણાતું નથી, તથાપિ પ્રવૃત્તિ થાય છે, એમાં સંદેહ નથી. જગત કંઈ લેવાને માટે પ્રવૃત્તિ કરે છે, આ પ્રવૃત્તિ દેવાને માટે થતી હશે એમ લાગે છે."[૧૦૨]

વિ. સં. ૧૯૫૧ના ચૈત્ર વદ બારસે શ્રીમદ્‌ે સોભાગભાઈને લખ્યું હતું કે :—

---

૧૦૦. એજન, પૃ. ૮૦૫.

૧૦૧. એજન, આંક ૫૭૬, પૃ. ૪૫૫.

૧૦૨. "આત્મકથા", ભાગ ૨, પ્રકરણ ૧, "શ્રીમદ્‌ની જીવનયાત્રા", પૃ. ૧૦૬.

"આ વર્ષનો મોતી સંબંધી વ્યાપાર ગયા વર્ષ કરતાં લગભગ બમણો થયો છે. અત્રે જે આડત તથા મોતી સંબંધી વેપાર છે તેમાંથી મારાથી છૂટવાનું બને અથવા તેનો ઘણો પ્રસંગ ઓછો થવાનું બને તેવો કોઈ રસ્તો ધ્યાનમાં આવે તો લખશો."૧૦૩

શ્રીમદ્દમાં રહેલી આ ઉચ્ચ આધ્યાત્મિક દશાની છાપ, તેમના વેપારકાર્યના ભાગીદાર શ્રી **માણેકલાલ ઝવેરી** પર કેવી પડી હતી, તે તેમણે વાંચેલા "શ્રીમદ્દ રાજજયંતી" વિશેના નિબંધમાં જોઈએ :

"શ્રીમાન રાજચંદ્રની સાથે મારો લગભગ પંદર વર્ષનો પરિચય હતો, અને એમાં મારો તેમની સાથે સાત-આઠ વર્ષ સુધી તો ભાગીદારીનો સંબંધ રહ્યો. દુનિયાને અનુભવ છે કે અતિ પરિચયથી પરસ્પરનું મહત્ત્વ ઓછું થઈ જાય છે. પણ મારે આપને કહેવું પડશે કે એમની દશા એવી આત્મમય હતી કે એમના પ્રતિનો મારો ભક્તિભાવ દિનપ્રતિદિન વધતો ગયો હતો. આપનામાંથી જે વેપારી છે, તેમને અનુભવ હશે કે વેપારનું કામ કેવું હોય છે. ઘણીવાર ભાગીદારોમાં મતભેદ થઈ જાય છે, અનેકવાર પરસ્પરના હિતને બાધ આવે છે. પરંતુ મારે કહેવું પડશે કે શ્રીમાન રાજચંદ્ર સાથે મારો ભાગીદારીનો જેટલાં વર્ષ સંબંધ રહ્યો, તેમાં ક્યારેય પણ ઓછું મહત્ત્વ થવાનું કારણ મળ્યું ન હતું, અથવા ક્યારે પણ પરસ્પર ભિન્નતા આવી ન હતી. એનું કારણ એ હતું કે એમની ઉચ્ચ આત્મદશાની મારા પર ઘેરી છાપ પડી હતી."૧૦૪

શ્રી **માણેકલાલ ઝવેરી** પર શ્રીમદ્દની આટલી સારી છાપ પાડવાનું મુખ્ય કારણ તેમના જણાવ્યા પ્રમાણે શ્રીમદ્દની ઉચ્ચ આત્મદશાની ઘેરી છાપ હતું, તે સાચું, પણ તે ઉપરાંત એક બીજું પણ કારણ હતું. પોતાના ભાગીદારો સાથે કઈ રીતે વર્તવું તે માટેના નિયમો શ્રીમદ્દે વિ. સં. ૧૯૪૬ના અષાડ માસમાં પોતાની રોજનીશીમાં નોંધ્યા છે. તે નિયમાનુસારનું વર્તન તેનું બીજું કારણ હતું. એ નિયમોમાં તેમની વેપાર પ્રતિની ઉદાસીનતા, ધર્મમાં રહેવાની દૃઢતા વગેરે સ્પષ્ટ જોવા મળે છે. તે નિયમો નીચે પ્રમાણે હતા :—

૧. "કોઈના પણ દોષ જો નહિ. તારા પોતાના જ દોષથી જે કંઈ થાય છે તે થાય છે, એમ માન."

૨. "તારી આત્મપ્રશંસા કરીશ નહિ, અને કરીશ તો તું જ હલકો છે એમ હું માનું છું."

૩. "તું વ્યવહારમાં જેનાથી જોડાયો હો તેનાથી અમુક પ્રકારે વર્તવાનો નિર્ણય કરી તેને જણાવ. તેને અનુકૂલ આવે તો તેમ, નહિ તો તે જણાવે તેમ પ્રવર્તજે.

૧૦૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, આંક ૫૮૬, પૃ. ૪૫૯.

૧૦૪. "શ્રી રાજચંદ્ર જયંતી વ્યાખ્યાનો", સન ૧૯૧૩, પૃ. ૨૫.

સાથે જણાવજો કે તમારા કાર્યમાં – જે મને સોંપો તેમાં – કોઈ રીતે મારી નિષ્ઠાથી કરીને હાનિ નહીં પહોંચાડું. તમે મારા સંબંધમાં બીજી કલ્પના કરશો નહિ. મને વ્યવહાર સંબંધી અન્યથા લાગણી નથી, તેમ હું તમારાથી વર્તવા ઇચ્છતો નથી, એટલું જ નહિ, પણ કંઈ મારું વિપરીતાચરણ મન, વચન, કાયાએ થયું, તો તે માટે પશ્ચાત્તાપી થઈશ. એમ નહિ કરવા આગળથી બહુ સાવચેતી રાખીશ. તમે સોંપેલું કામ કરતાં હું નિરભિમાની રહીશ. મારી ભૂલને માટે ઠપકો આપશો તે સહન કરીશ. મારું ચાલશે ત્યાં સુધી સ્વપ્ને પણ તમારો દ્વેષ વા તમારા સંબંધી કોઈ પણ જાતની અન્યથા કલ્પના કરીશ નહિ. તમને કોઈ જાતની શંકા થાય તો મને જણાવશો, તો તમારો ઉપકાર માનીશ, અને તેનો ખરો ખુલાસો કરીશ. ખુલાસો નહિ થાય તો મૌન રહીશ, પરંતુ અસત્ય બોલીશ નહિ. માત્ર તમારી પાસે આટલું ઇચ્છું છું કે, કોઈ પણ પ્રકારે તમે મને નિમિત્ત રાખી અશુભયોગમાં પ્રવૃત્તિ કરશો નહિ, તમારી ઇચ્છા અનુસાર તમે વર્તજો તેમાં મારે કંઈ પણ અધિક કહેવાની જરૂર નથી. માત્ર મને મારી નિવૃત્તિ શ્રેણીમાં વર્તવા દેતાં કોઈ રીતે તમારું અંતઃકરણ ટૂંકું કરશો નહિ, અને ટૂંકું કરવા જો તમારી ઇચ્છા હોય તો ખચીત કરીને મને આગળથી જણાવી દેજો. તે શ્રેણીને સાચવવા મારી ઇચ્છા છે અને તે માટે એથી હું યોગ્ય કરી લઈશ. મારું ચાલતાં સુધી તમને હું દૂભવીશ નહિ, અને છેવટે એ જ નિવૃત્તિશ્રેણી તમને અપ્રિય હશે તો હું જેમ બને તેમ જાળવણીથી, તમારી સમીપથી, તમને કોઈ જાતની હાનિ કર્યા વગર બનતો લાભ કરીને, હવે પછીના ગમે તે કાળ માટે પણ તેવી ઇચ્છા રાખીને ખસી જઈશ."[૧૦૫]

એક બાજુ વેપાર અને બીજી બાજુ ધર્મપ્રવૃત્તિ બંને વચ્ચેના વિસંવાદને કારણે પોતે જ્યાં સુધી વેપારમાં હોય ત્યાં સુધી શ્રીમદ્ પોતે ધર્મના જાણકાર તરીકે પ્રગટ ન થવાનું વિચારે છે. અલબત્ત, તેમ કરવામાં તેમનું ચિત્ત ઉદાસ રહેશે એમ તેઓ જાણતા હતા અને માટે જ તેટલો સમય પોતાની ઉદાસીનતા ગુપ્તપણે અનુભવી લેવાનું નક્કી કરે છે. પોતાના આ નિર્ણય વિશે તેઓ એક બીજા પ્રસંગે લખે છે કે:—

"ઘણું કરીને આત્મામાં એમ જ રહ્યા કરે છે કે, જ્યાં સુધી આ વેપાર પ્રસંગે કામકાજ કરવું રહ્યા કરે, ત્યાં સુધી ધર્મકથાદિ પ્રસંગે અને ધર્મના જાણનાર રૂપે કોઈ પ્રકારે પ્રગટપણામાં ન અવાય એ યથાયોગ્ય પ્રકાર છે...ન ખમી શકાય એવા વેપારાદિ પ્રસંગમાં ઉપાધિજોગ વેદવો પડે છે. જોકે વાસ્તવ્યપણે વા સમાધિપ્રત્યયી આત્મા છે."[૧૦૬]

આમ છતાં તેમના પ્રત્યેક કાર્યમાં ધર્મ વણાયેલો જોવા મળતો. તેમના વેપારાદિ કાર્યમાં ધર્મ કેટલો ગૂંથાઈ ગયેલો તે વિશે ગાંધીજી લખે છે કે:—

"ધાર્મિક મનુષ્યનો ધર્મ તેના પ્રત્યેક કાર્યમાં જણાવો જ જોઈએ એમ રાયચંદભાઈએ

---

૧૦૫. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૭૫.

૧૦૬. એજન, આંક ૪૬૩, પૃ. ૩૮૦.

પોતાના જીવનમાં બતાવી આપ્યું હતું. ધર્મ કંઈ એકાદશીને દહાડે જ, પજુસણમાં જ, ઈદને દહાડે જ કે રવિવારે જ પાળવાનો અથવા તો મંદિરોમાં, દેરાંઓમાં, દેવળોમાં કે મસ્જિદોમાં જ પાળવાનો, પણ દુકાનોમાં કે દરબારમાં નહિ, એવો કોઈ નિયમ નથી. એટલું જ નહિ પણ એમ કહેવું એ ધર્મને ન ઓળખવા બરાબર છે. એમ **રાયચંદભાઈ** કહેતા, માનતા અને પોતાના આચરણમાં બતાવી આપતા."

"ધર્મકુશળ એ વ્યવહારકુશળ ન હોય એ વહેમ **રાયચંદભાઈ**એ ખોટો સિદ્ધ કરી બતાવ્યો હતો. પોતાના વેપારમાં પૂરી કાળજી અને હોશિયારી બતાવતા. હીરામોતીની પરીક્ષા ઘણી ઝીણવટથી કરી શકતા...

"આટલી કાળજી ને હોશિયારી છતાં વેપારની તાલાવેલી કે ચિંતા ન રાખતા, દુકાનમાં બેઠા પણ જ્યારે પોતાનું કામ પૂરું થઈ રહે એટલે ધર્મપુસ્તક તો પાસે પડ્યું જ હોય તે ઊઘડે અથવા પેલી પોથી કે જેમાં પોતાના ઉદ્‌ગારો લખતા તે ઊઘડે."[૧૦૭]

## શ્રીમદ્‌નું વ્યક્તિત્વ

શ્રીમદ્ રાજચંદ્રના પરિચયમાં આવનાર વ્યક્તિઓનો એક જ અભિપ્રાય જાણવા મળે છે કે, તેઓ બાળપણથી જ વૈરાગ્યવાન હતા. તેમને સંસારની સ્પષ્ટ પ્રીતિ કદી થઈ ન હતી. અને તેઓ તેનાથી છૂટવાના કામી તથા મોક્ષના અભિલાષી હતા.

૨૨ વર્ષની વયે શ્રીમદ્દે લખેલ "સમુચ્ચય વયચર્યા"માં તેમના જ જણાવ્યા મુજબ તેઓ બાળપણમાં અદ્‌ભુત સ્મરણશક્તિવાળા, રમતિયાળ, વાતડાહ્યા અને સારા ગણાવાની અભિલાષાવાળા હતા. તેર વર્ષની વયથી પિતાની દુકાને બેસી વેપાર શીખવાનું તથા ધાર્મિક ગ્રંથોનો નિયમિત અભ્યાસ કરવાનું તેમણે ચાલુ કર્યું હતું. બાળવયમાં તેમને રાગ તેમજ ત્યાગની જાતજાતની કલ્પના આવતી હતી. પણ આ અભ્યાસકાળ પછીથી તેઓ વૈરાગ્ય તરફ વિશેષ દૃઢ થતા ગયા હતા. "મોક્ષમાળા" અને "ભાવનાબોધ"ની રચના વખતે તો તેમને "અદ્‌ભુત વૈરાગ્યધાર" પ્રગટી હતી

તે સમયે તેમને કેવો વૈરાગ્ય વર્તતો હશે તેનો આછો ખ્યાલ આપણને તેમના તે સમયના એક ફોટા પરથી આવી શકે છે. શ્રીમદ્‌નો સૌથી પહેલો ઉપલબ્ધ ફોટો વિ. સં. ૧૯૪૦નો છે. આ ફોટામાં તેઓ એક ખુરશી પર લાંબો ડગલો, પહેરણ, ધોતિયું તથા મોટી પાઘડી પહેરીને બેઠા છે. સુદૃઢ તથા ઘાટીલું શરીર છે. તેઓ તે સમયે ખેસનો ઉપયોગ કરતા હોય તેમ લાગતું નથી. તેમના ગોળ, ભરાવદાર મુખ પર નિર્દોષતા, નિઃસ્પૃહતા તથા વૈરાગ્યની સ્પષ્ટ છાપ અંકિત થયેલી છે. આટલી નાની વયે વર્તતા અદ્‌ભુત વૈરાગ્યની છાપવાળા મુખ પરથી બાળયોગીની છાપ આપણા પર પડે છે.

વિ. સં. ૧૯૪૦ પછીથી વિ. સં. ૧૯૪૩નો એક ફોટો તથા વિ. સં. ૧૯૪૮માં

---

૧૦૭. "ગાંધીજીની પ્રસ્તાવના", પ્રકરણ ૪, "શ્રીમદ્‌ની જીવનયાત્રા", પૃ. ૧૦૬.

લેવાયેલા ત્રણ ફોટા મળે છે. વિ. સં. ૧૯૪૮ના એક ફોટા સિવાયના ત્રણે ફોટામાં તેઓ ઉપરના જ પહેરવેશમાં બાજુના ટેબલ પર હાથ રાખીને ખુરશીમાં બેઠા છે. વિશેષમાં તેમણે ખેસનો ઉપયોગ કર્યો છે. શરીર પહેલાં જેવું જ ભરાવદાર છે તથા મુખ પર એ જ વૈરાગ્યની છાપ છે. વળી, દુનિયાનું જાણપણું વધ્યાની છાપ, અનુભવીપણું, વધુ પીઢતા પણ અહીં જોવા મળે છે. તેમની પાઘડી બાંધવાની રીતમાં પણ ફેર થયો જણાય છે. આ ફોટા તેઓ વેપારકાર્યમાં હતા તે સમયના છે. વિ. સં. ૧૯૪૮નો મળતો ત્રીજો ફોટો આ બધાથી ઘણો જુદા પ્રકારનો છે. તેમાં શ્રીમદે અડધી બાંયનું પહેરણ તથા પોતડી પહેરેલ છે, અને કોઈ આસન પર તેઓ વિચારમગ્ન સ્થિતિમાં પદ્માસન વાળીને બેઠા છે. બધું છોડીને આત્મામાં મગ્ન થવાના ભાવ, ત્યાગીની મુદ્રા તેમાં અંકિત થયેલી છે.

આ જ અરસામાં ગાંધીજી શ્રીમદ્‌ના સમાગમમાં આવ્યા હતા. તેમણે એ વખતે શ્રીમદ્‌ની રહેણીકરણી, પહેરવેશ, વર્તન, વાણી, ઇત્યાદિનું બારીક અવલોકન કર્યું હતું. તે અવલોકનનું વર્ણન કરતાં ગાંધીજીએ લખ્યું છે કે :—

> "ખાતાં, બેસતાં, સૂતાં, પ્રત્યેક ક્રિયા કરતાં તેમનામાં વૈરાગ્ય તો હોય જ. કોઈ વખત આ જગતના કોઈ પણ વૈભવને વિશે તેમને મોહ થયો હોય એમ મેં નથી જોયું...ભોજનમાં જે મળે તેથી સંતુષ્ટ રહેતા. પહેરવેશ સાદો, પહેરણ, અંગરખું, ખેસ, ગરભસૂતરો ફેંટો ને ધોતી. એ કંઈ બહુ સાફ કે ઇસ્ત્રીબંધ રહેતા એમ મને સ્મરણ નથી. ભોંયે બેસવું, ખુરશીએ બેસવું બંને સરખાં હતાં. સામાન્ય રીતે પોતાની દુકાનમાં ગાદીએ બેસતા."
>
> "તેમની ચાલ ધીમી હતી, અને જોનાર સમજી શકે કે ચાલતાં પણ પોતે વિચારમાં ગ્રસ્ત છે. આંખમાં ચમત્કાર હતો, અત્યંત તેજસ્વી, વિહ્વળતા જરાયે ન હતી. આંખમાં એકાગ્રતા લખેલી હતી. ચહેરો ગોળાકાર, હોઠ પાતળા, નાક અણીદાર પણ નહિ, ચપટું પણ નહિ, શરીર એકવડું, કદ મધ્યમ, વર્ણ શ્યામ, દેખાવ શાંતમૂર્તિનો હતો તેમના કંઠમાં એટલું બધું માધુર્ય હતું કે તેમને સાંભળતાં માણસ થાકે નહિ. ચહેરો હસમુખો અને પ્રફુલ્લિત હતો. તેની ઉપર અંતરાનંદની છાયા હતી. ભાષા એટલી પરિપૂર્ણ હતી કે તેમને પોતાના વિચારો બતાવતાં કોઈ દિવસ શબ્દ ગોતવો પડ્યો છે, એમ મને યાદ નથી. કાગળ લખવા બેસે ત્યારે ભાગ્યે જ શબ્દ બદલતાં મેં તેમને જોયા હશે, છતાં વાંચનારને એમ નહિ લાગે કે ક્યાંયે વિચાર અપૂર્ણ છે કે વાક્યરચના તૂટેલી છે, અથવા શબ્દની પસંદગીમાં ખોડ છે."
>
> "આ વર્ણન સંયમીને વિશે સંભવે. બાહ્યાડંબરથી મનુષ્ય વીતરાગી નથી થઈ શકતો. વીતરાગતા એ આત્માની પ્રસાદી છે. અનેક જન્મના પ્રયત્ને મળી શકે છે એમ હરકોઈ માણસ અનુભવી શકે છે. રાગોને કાઢવાનો પ્રયત્ન કરનાર જાણે છે કે રાગરહિત થવું એ કેવું કઠિન છે. એ રાગરહિત દશા કવિને સ્વાભાવિક હતી એમ મારી ઉપર છાપ પડી હતી."[૧૦૮]

૧૦૮. "ગાંધીજીની પ્રસ્તાવના", પ્રકરણ ૩, "શ્રીમદ્‌ની જીવનયાત્રા", પૃ. ૧૦૩.

પૂ. ગાંધીજીએ કરેલા શ્રીમદ્‌ના વર્ણન પરથી આપણે જાણી શકીએ છીએ કે શ્રીમદ્ વ્યવહારમાં રહેવા છતાં પણ કેટલા વૈરાગી તથા સંયમી હતા! અને તેમના એ વૈરાગ્યની છાપ તેમના મુખ પર ફોટામાં દેખાય તો તેમાં કશું આશ્ચર્યજનક નથી. ગાંધીજી જ નહિ, શ્રીમદ્‌ના પરિચયમાં આવનાર બીજી બધી વ્યક્તિઓ પણ એ જ જણાવે છે કે શ્રીમદ્‌માં ઘણું કંઠમાધુર્ય હતું, ગમે ત્યારે વાત કરે ત્યારે સામા માણસને તેમને સાંભળ્યા કરવાની ઇચ્છા કદી તૃપ્ત જ ન થાય. અને એ ગુણ તેમની તત્ત્વ સમજાવવાની શક્તિમાં ઘણો વધારો કરતો હતો, એમ ઘણાનું જણાવવાનું થયેલ છે. શ્રીમદ્‌ની રહેણીકરણીમાં તથા વાણીમાં વ્યક્ત થતી ઊંડા વૈરાગ્યની છાપ લલ્લુજી મહારાજ, ગાંધીજી, સોભાગભાઈ વગેરે તેમના પરિચયમાં આવનાર વ્યક્તિઓ પર પણ ઘેરી પડી હતી, એ પરથી શ્રીમદ્‌ની રગેરગમાં વ્યાપેલા વૈરાગ્યનો કંઈક ખ્યાલ આવશે.

એ વૈરાગ્ય ધીરે ધીરે શ્રીમદ્‌ના જીવનમાં વધુ ને વધુ ઘેરો બનતો ગયો હતો. શ્રીમદ્ શરીર પ્રતિ પણ ખાસ લક્ષ આપતા ન હતા, તેથી વધુ ને વધુ કૃશ થતું ગયું હતું. તેમનું વજન ઘટતાં ઘટતાં વિ. સં. ૧૯૫૬માં ૬૫ પૌંડ થઈ ગયું હતું, અને વિ. સં ૧૯૫૭માં, તેમના અવસાન પહેલાં બે મહિને ૪૫ પૌંડ થઈ ગયું હતું. તેમ છતાં તેમનો વૈરાગ્ય અને તેમનું મનોબળ એટલાં બધાં દૃઢ હતાં કે તેમની એ કૃશતાનો કોઈ ખ્યાલ તેમના મુખ પરથી આવી શકતો નથી. વિ. સં. ૧૯૫૬ની સાલમાં લેવાયેલા શ્રીમદ્‌ના બે ફોટા મળે છે, તેમાં તેમના શરીરનાં હાડકેહાડકાં સ્પષ્ટ દેખાય છે. તેમ છતાં એક ફોટામાં તેઓ પદ્માસન વાળી કાઉસ્સગમાં ટટ્ટાર બેઠા છે, તો બીજા ફોટામાં સ્થિર ઊભા છે. તેમના જેવી દેહની કૃશતા હોય તો પથારીમાં સીધા સૂઈ પણ ન શકાય. તેને બદલે આટલા ટટ્ટાર બેસવું કે ઊભા થવું તે તેમના દૃઢ મનોબળની પ્રતીતિ કરાવે છે. આ બંને ફોટામાં તેમના મુખ ઉપર વીતરાગતા ફેલાયેલી છે, અને આંખોમાં અદ્ભુત શાંતિ છે. આ બધા સાથે મુખ પર સૌમ્યતા અને પ્રફુલ્લિતતા પણ દેખાય છે, જેથી તેમને શરીર અને દુનિયા કોઈ સાથે નહિ પણ માત્ર આત્માનંદ સાથે જ સંબંધ હતો તેની પ્રતીતિ થાય છે. આ બંને ફોટામાં એક પોતડી સિવાય કોઈ પણ જાતનું વસ્ત્ર શરીર પર નથી. શ્રીમદ્‌નાં આ બધાં વિશિષ્ટ લક્ષણો તથા ભાવો આપણા પર જિનયોગીની છાપ પાડે છે.

શ્રીમદ્‌નું ગાંધીજીએ આપેલું વર્ણન, તેમના ઉપલબ્ધ ફોટાઓ, તેમનું લખાણ વગેરે તેમના આધ્યાત્મિક વિકાસની રૂપરેખા દર્શાવે છે. તેઓ દિવસે દિવસે સંસારથી છૂટતા જતા હતા, અને મોક્ષની નજીક પહોંચતા જતા હતા. તેમનાં વાણી, વર્તન સર્વ સંયમાર્થે હતાં. "અપૂર્વ અવસર"માં તેમણે ભાવેલી "સંયમના હેતુથી યોગપ્રવર્તના"ની ભાવના સાકાર કરવા તેઓ પૂર્ણપણે પ્રયત્નશીલ હતા.

શ્રીમદ્ સંસારમાં જ રહ્યા હતા, છતાં આત્માર્થ સાધવાની એક પણ તક તેઓ જતી કરતા નહિ. શ્રીમદ્ મુંબઈમાં રહેતા ત્યારે તેમનું જીવન એક જવાબદાર વેપારી ગૃહસ્થનું રહેતું, તેથી તેઓ ચારે બાજુનો પૂર્ણપણે વિચાર કરીને વર્તતા અને પ્રત્યેક કાર્યમાં સારાસારના વિવેક મુજબ નિર્ણય લેતા. તેમની અંતરંગ શ્રેણી આત્માર્થ પ્રતિની હતી, છતાં જરૂર પડયે વ્યાવહારિક કાર્યોમાં પણ તેઓ ભાગ લેતા. પણ તેમાં ક્યાંયે રસપૂર્વક

કામ ન કરતા; તે કાર્ય પણ અન્ય આત્માને પોતા તરફથી દુઃખ ન પહોંચે એ જ હેતુથી તેઓ કરતા. શ્રીમદ્દે પોતાની બહેનનાં લગ્ન વખતે પણ પિતાની આજ્ઞા અનુસાર વર્તવાનું વલણ રાખ્યું હતું, તેમને એ લગ્ન-પ્રસંગ ઉપર વવાણિયા જવાની ઇચ્છા હતી નહિ. પણ તેમ કરે તો માતાપિતાને દુઃખ થાય એ ખ્યાલથી તેમણે એ પ્રસંગમાં ઉદાસીનભાવે ભાગ લીધો હતો. તેમનું ચિત્ત એટલું બધું કોમળ હતું કે કોઈ પણ આત્માને પોતાનાથી બને ત્યાં સુધી દુઃખ ન પહોંચે તેનો સતત ખ્યાલ રાખતા. વેપારકાર્યમાં પણ તેમનું વર્તન પ્રામાણિક તથા સમજદાર વ્યક્તિ તરીકેનું રહેતું. મુંબઈમાં હોય તે સમયે લાંબો ડગલો, ધોતિયું આદિ પહેરતા, પણ તે બહુ સફાઈદાર રાખવાની તેમને ચીવટ નહોતી. તેઓ તો આત્માનંદમાં જ મગ્ન રહેતા, અને બાહ્ય દેખાવ વિશે ઉદાસીન રહેતા. વળી, ખાવાપીવામાં બાળવયથી જ વિદેહી દશા હતી. અમુક વર્ષો સુધી તો તેઓ બધો ખોરાક લેતા હતા, પણ જેમ જેમ સંયમ વધતો ગયો તેમ તેમ અમુક લીલોતરી, અમુક અનાજ વગેરે છોડતા ગયા હતા. વળી, જૈન આચાર પ્રમાણે પાંચ-પરબી લીલોતરી વગેરેનો પણ એમને ત્યાગ હતો.

પરંતુ તેમનું સાચું સંયમી જીવન તો તેઓ મુંબઈની બહાર નિવૃત્તિ અર્થે જતા ત્યારે જોવા મળતું. વિ. સં. ૧૯૪૬ પછીથી લગભગ દરેક વર્ષે પર્યુષણ કે દિવાળીના અરસામાં તેઓ મુંબઈ બહાર રહેતા. તેમાંથી થોડો વખત તેઓ વવાણિયામાં તેમનાં માતાપિતા પાસે, અને બાકીનો સમય રાળજ, કાવિઠા, ઈડર તથા ચરોતરના અન્ય પ્રદેશમાં વિચરતા. એ રીતે શ્રીમદ્ વિ. સં. ૧૯૪૬માં અષાડ માસથી આસો માસ સુધીના ચાર માસ મોરબી, વવાણિયા, ખંભાત તથા તેની આસપાસના પ્રદેશોમાં રહ્યા હતા. વિ. સં. ૧૯૪૭ના ભાદરવો તથા આસો એ બે માસ રાળજ તથા વવાણિયા ક્ષેત્રે ગાળ્યા હતા. વિ. સં. ૧૯૪૮ના કારતક સુદથી માગસર સુદનો એક માસ વવાણિયા, મોરબી તથા આણંદ વચ્ચે પસાર કર્યો હતો. વિ. સં. ૧૯૪૯માં ભાદરવા માસમાં આઠ દસ દિવસ માટે તેઓ પેટલાદ તથા ખંભાત ગયા હતા. વિ. સં. ૧૯૫૧ના શ્રાવણથી આસો સુદ સુધીનો લગભગ બે માસનો સમય શ્રીમદ્દે વવાણિયા, રાણપુર, ધર્મજ આદિ સ્થળોએ પસાર કર્યો હતો. અને તેઓ મુંબઈ બહાર સૌથી લાંબો સમય રહ્યા હોય તો તે વિ. સં. ૧૯૫૨ના શ્રાવણ સુદથી વિ. સં. ૧૯૫૩ના જેઠ સુદ સુધીનો લગભગ દસ માસનો સમય. આ બધો સમય તેમણે વવાણિયા, રાળજ, વડવા, ખંભાત, આણંદ, નડિયાદ, મોરબી, સાયલા, ઈડર, કાવિઠા વગેરે સ્થળોએ ગાળ્યો હતો. છૂટાછવાયા થઈને લગભગ ત્રણેક માસ શ્રીમદ્ ઈડરમાં વસ્યા હતા. વિ. સં. ૧૯૫૪માં પણ તેઓ લગભગ ચારેક માસ મુંબઈ બહાર રહ્યા હતા. તેમાંથી શ્રાવણ વદથી બીજા આસો સુદ સુધીનો ત્રણ માસનો સમય તેમણે કાવિઠા, ઉત્તરસંડા, ખેડા, વસો, આદિ સ્થળોએ પસાર કર્યો હતો. વિ. સં. ૧૯૫૫માં પણ માગસર સુદથી વૈશાખ સુદ સુધીનો પાંચ માસનો સમય તેમણે ઈડર, મોરબી, વવાણિયા સ્થળોએ ગાળ્યો હતો. આ વર્ષ આસપાસથી તેમણે વેપારમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી, તેથી તેઓ ઘણો સમય અન્ય ક્ષેત્રે વસી શકે તેમ હતું. વિ. સં. ૧૯૫૬માં પણ શ્રીમદ્ ઘણો સમય મુંબઈ બહાર રહ્યા હતા, તે સાલના ચૈત્ર સુદથી વિ. સં. ૧૯૫૭ના કારતક સુધી ધરમપુર, અમદાવાદ, વવાણિયા, મોરબી, વઢવાણ વગેરે સ્થળોએ તેઓ ફર્યા હતા, અને વિ. સં. ૧૯૫૭ના કારતક માસથી પોષ માસ સુધી મુંબઈમાં રહી, પોષ વદમાં ત્યાંથી નીકળી તીથલ,

વલસાડ, વઢવાણ, રાજકોટ, મોરબી વગેરે સ્થળોએ રહ્યા હતા. અને એ જ સાલમાં ચૈત્ર માસમાં રાજકોટ મુકામે, શ્રીમદ્દનો દેહાંત થયો હતો. આમ શ્રીમદ્ સંસારમાં રહીને પ્રત્યેક વર્ષના અમુક મહિના મુંબઈ બહાર નિવૃત્તિક્ષેત્રમાં આત્મશ્રેયાર્થે ગાળતા હતા.

પોતે જે સ્થળોએ જાય તે તે સ્થળોએ બને ત્યાં સુધી તેઓ ગુપ્ત રહેવા પ્રયત્ન કરતા. અને એકાંતમાં રહી સ્વાધ્યાય, મનન, ધ્યાન આદિમાં પોતાનો સમય પસાર કરવાની તેઓ મહેચ્છા સેવતા. ગુપ્ત રહેવાના પોતાના સતત પ્રયત્ન છતાં તેઓ વારંવાર ઓળખાઈ જતા. અને તેઓ જે સ્થળે જાય તેની આસપાસનાં ગામડાંઓમાંથી લોકો તેમનો ઉપદેશ સાંભળવા આવતા. શ્રીમદ્ તેમને નિરાશ ન કરતાં બોધ કરતા, અને સર્વનું કલ્યાણ થાય તેવી ભાવના સેવતા. લોકોના ધસારાથી બચવા તેઓ ઘણી વખત જંગલમાં કે પહાડોમાં પણ ચાલ્યા જતા, પણ ત્યાંયે લોકો તેમનો કેડો મૂકતા નહિ! આવી જગ્યાએ એમના તરફથી અપૂર્વ બોધ થતો, તેથી મુમુક્ષુઓને તો વિશેષ આનંદ થતો, એટલે તે તકનો લાભ તેઓ ચૂકતા નહિ.

શ્રીમદ્ જ્યારે નિવૃત્તિક્ષેત્રોમાં વસતા ત્યારે તેમનું જીવન વિશેષ સંયમી બનતું. તેઓ એક ઉચ્ચ કોટિના ત્યાગીનું જીવન જીવતા. તેઓ વવાણિયા હોય ત્યારે ભરબપોરે, સાંજે કે રાત્રે ગમે તે સમયે એકલા ત્યાંની આસપાસની કોઈ તલાવડીએ જઈને ધ્યાનમાં બેસી જતા; બીજા કોઈ ક્ષેત્રમાં હોય ત્યારે પણ આસપાસના કોઈ નિર્જન સ્થળમાં જઈને બેસી જતા; અને કેટલીકવાર તો કલાકો સુધી જંગલમાં કે કોઈ વૃક્ષ નીચે બેસીને સૂત્રોની ગાથાઓ બોલ્યા કરતા. વિ. સં. ૧૯૫૨માં શ્રીમદ્ કાવિઠામાં ઝવેર શેઠના મેડા ઉપર ઊતર્યા હતા. શ્રીમદ્ ત્યારે રોજ રાત્રે કોઈને કહ્યા વિના જંગલમાં ચાલ્યા જતા, તેથી તેમની ખબર રાખવા શેઠે લલ્લુભાઈ કરીને એક બારૈયાને રાખ્યો હતો. તેને દાદર પાસે જ સુવાડતા. પણ શ્રીમદ્ તો રાત્રે એકબે વાગ્યે જંગલમાં ચાલ્યા જ જતા. પેલો ચોકીદાર જાગીને જુએ તો શ્રીમદ્ ન દેખાય, એટલે બધાને ઉઠાડે. અને પછી બધા ફાનસ લઈને ગોતવા નીકળે તો તેઓ મીઠુજીના કૂવા પર ધ્યાનમાં બેઠેલા દેખાય![૧૦૯] આમ રાત્રે પણ તેમને ઘણી ઓછી ઊંઘ હતી. દિવસના તેઓ કાવિઠાની ચારે બાજુ આવેલી તલાવડીઓમાંથી કોઈ તલાવડી પર જઈને બેસતા. તેઓ ચાલતા ત્યારે પોતાના શરીર તરફ જરા પણ લક્ષ ન રાખતા, અને અન્ય જીવના રક્ષણ માટે ખૂબ ઉપયોગ રાખતા, અને જ્યાં જીવજંતુ ન હોય તેવી ધૂળવાળી કે રેતવાળી જગા જ બેસવા માટે પસંદ કરતા. કાંટા, ઝાંખરાં આદિમાંથી પસાર થાય અને લોહી નીકળે, ખરે તડકે ખુલ્લે પગે ચાલવાથી પગમાં ફોલ્લા ઊપડે, ગમે તે થાય, તોપણ તેઓ ઉદાસીન રહેતા, એવો તેમની સાથે રહેનારાઓમાંના ઘણાનો અનુભવ હતો.

વિ. સં. ૧૯૫૫માં ઈડર દોઢ માસ રહ્યા તે વખતે પણ તેઓ મધ્યાહ્ને ગઢ ઉપર દેવદર્શન કર્યા પછી, અમાઈ ટૂંક–રૂઠી રાણીનું માળિયું કહેવાય છે ત્યાં એકાંતમાં બેસીને "દશયતિધર્મ" વગેરે વાંચતા. સાંજે ચાર વાગ્યે ત્યાંથી નીચે ઊતરતા અને જંગલમાં પથ્થર પર બેસીને તેઓ **"ઉત્તરાધ્યયન" "સૂયગડાંગ" "દશવૈકાલિક"** આદિ સૂત્રોનો

૧૦૯. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૧૦૭.

મુખપાઠ કરતા. ત્યાંથી આવીને ડૉ. **પ્રાણજીવનદાસ**ને ત્યાં જમતા, અને રાત્રે ડુંગર પર જતા કે **ચંદન ગુફા**માં બેસીને ચિંતન કરતા. સાંજે ચાર વાગ્યે જંગલમાં જાય ત્યારે તેઓ **લલ્લુજી** આદિ મુનિઓ સાથે સત્સંગ પણ કરતા. આ પહેલાં પણ વિ. સં. ૧૯૫૨માં શ્રીમદ્ ત્રણ માસ ઈડરમાં રહ્યા હતા.

અન્ય સ્થળોએ તેઓ રહેતા ત્યારે પણ ખૂબ સંયમી રહેતા. તેમની સેવામાં જે કોઈ હોય તેની પણ સેવા તેઓ લેતા નહિ, સૂવા માટે ગાદલાનો ઉપયોગ કરતા નહિ. વળી, જ્યાં ડાંસ, મચ્છર આદિનો ઉપદ્રવ હોય ત્યાં જઈ નિર્લેપભાવે બેસી ધ્યાન ધરતા. અને કોઈ આવીને તેમને ઝીણું વસ્ત્ર ઓઢાડી જાય તો તે પણ કાઢીને તે જીવોથી થતા પરિષહ શાંતિથી સહેતા. એકલા એકલા નિર્જન સ્થળોમાં જઈ તેઓ ગાથાઓ બોલ્યા કરતા કે આત્મચિંતન કરતા. ખાવા-પીવામાં પણ સાવ નિઃસ્પૃહ રહેતા. કેટલીક વખત, કોઈ સૂઝતો આહાર[110] આપે તો જ લેતા, માગતા નહિ, અર્થાત્ મુનિ જેવો સંયમ પાળતા. વિ. સં. ૧૯૫૪માં તેઓ વસોથી એક માઈલ દૂર આવેલા ચરામાં રહ્યા હતા, ત્યારે તો માત્ર બે રૂપિયાભાર લોટની રોટલી, તથા થોડું દૂધ એટલું દિવસમાં એક વખત વાપરતા. બીજી વખત દૂધ પણ લેતા નહિ. કેટલીક વખત દૂધ તથા ઘીમાં બનાવેલ શાકભાજીનો જ આહાર તરીકે ઉપયોગ કરતા. વસ્ત્ર માટે પણ તેવા જ નિઃસ્પૃહ રહેતા. સામાન્ય રીતે આવાં ક્ષેત્રોમાં તેઓ એક પંચિયાનો ઉપયોગ કરતા, અને તેના છેડા બંને ખભા પર રહેતા.

શ્રીમદ્ આમ સર્વ રીતે નિઃસ્પૃહી બની શકય હોય ત્યાં સુધી એકાંતનું સેવન કરતા. પરંતુ જેટલો સમય નિવૃત્તિક્ષેત્રમાં હોય તે બધો સમય તેમ થવું કઠિન હતું. તેમના સમાગમના ઇચ્છુક **સોભાગભાઈ, અંબાલાલભાઈ, લલ્લુજી મહારાજ** આદિ મુનિઓ, તેઓ જે જગ્યાએ હોય તે જગ્યાએ આવતા અને દિવસનો અમુક ભાગ તેમના સમાગમમાં ગાળતા. આ ઉપરાંત તેઓ જે ગામમાં હોય તે સ્થળે પણ ઓળખાઈ જતા, અને તેથી આસપાસના લોકો પણ તેમનો ઉપદેશ સાંભળવા આવતા. અમુક અમુક સમયે શ્રીમદ્ તેમને પણ સંતોષતા.

શ્રીમદ્‌ની ઉપદેશ આપવાની શૈલી પણ એટલી સરસ હતી કે લોકો મુગ્ધ બનીને સાંભળ્યા કરતા. વળી તેમનું કંઠમાધુર્ય એવું અજબ હતું કે સાંભળનારની તે માટેની તૃષ્ણા છીપે જ નહિ. આવો અનુભવ **ગાંધીજી, મલુકચંદભાઈ, પૂંજાભાઈ ભટ્ટ, છોટાલાલ માણેકચંદ** વગેરેને થયો હતો. અને એનું પરિણામ એ આવતું કે તેઓ જ્યારે ઉપદેશ આપે ત્યારે ત્યાં લોકોનો એટલો ભરાવો થતો કે જે સ્થળ હોય તે નાનું પડતું, અને ઘણાને ઊભા રહીને સાંભળવાનો વખત આવતો. તેમના ઉપદેશની બીજી ખૂબી એ હતી કે અમુક પ્રશ્નો પૂછવાનું ધારીને આવેલા સર્વનું સમાધાન ઉપદેશમાં જ થઈ જતું, અને

૧૧૦. સૂઝતો આહાર : અમુક લીલોતરી, કંદમૂળ આદિના ઉપયોગ વિનાની, અગ્નિથી દૂર રહેલી, પોતાના માટે ન બનાવેલી હોય તેવી, આવા અનેક નિયમાનુસાર બનાવેલી રસોઈ કોઈ વ્યક્તિ પોતાના ભાગમાંથી આપે તે આહાર. મુનિઓને આવો આહાર લેવાની આજ્ઞા છે.

ઉપદેશ આપવાનો પૂરો થાય ત્યારે કોઈને કંઈ પ્રશ્ન પૂછવાનો રહેતો નહિ.[111] એ સાથે તેમની વાણીમાં પૂર્વાપર અવિરોધ રહેતો. તેમણે આપેલા બોધનો કેટલોક ભાગ **"ઉપદેશછાયા" "ઉપદેશનોંધ", વ્યાખ્યાનસાર"** આદિ શીર્ષક નીચે **"શ્રીમદ્ રાજચંદ્ર"** ગ્રંથમાં પ્રસિદ્ધ થયેલ છે.

ઉપદેશ આપતા હોય ત્યારે, વાર્તાલાપ કરતા હોય ત્યારે કે એકલા બેઠા હોય ત્યારે પણ તેમની મુખમુદ્રા તદ્દન શાંત રહેતી. તે વિશે શ્રી **મલુકચંદભાઈ** લખે છે કે :—

> "સાહેબજીની મુખમુદ્રા તદ્દન વિષય કષાય રહિત અને શાંત હતી, અને આખા શરીરમાં વીતરાગતા પ્રસરી રહી હતી. ગમે તે વખતે જુઓ પણ મુખારવિંદ અન્ય પરિણામને ભજતું નહિ—કેમ જાણે સાક્ષાત્ ભગવાન જ હોય તેમ જ લાગતું! તેઓ વાત કરે તેમાં પૂર્વાપર વિરોધ હોય નહિ, અખંડ ઉપયોગ રાખતા. તથા વાતની સંકલના અદ્ભુત લાગતી. ખાતાં, ઊઠતાં, બેસતાં તદ્દન અપ્રમત્ત દશા જોવામાં આવતી."[112]

આવો અનુભવ **રણછોડભાઈ, ધારશીભાઈ** આદિ અનેક ભાઈઓને થયેલો. તેમના મુખ પર અંતરાનંદની છાયા હંમેશાં દેખાતી.

મુંબઈમાં પણ શ્રીમદ્ સંયમી જીવન જીવતા, પરંતુ તેઓ વનક્ષેત્રોમાં વસતા ત્યારે તેમનું જીવન અધિક સંયમી બનતું. તેઓ કોઈ પણ જાતનો હર્ષશોક કરતા નહિ, અને ઉદયભાવ પ્રમાણે વર્તી માત્ર આત્મામાં લીન રહેતા. તેમાંથી જે આત્મશક્તિ પ્રગટતી તેનું તેજ હંમેશ તેમના મુખ પર છવાયેલું રહેતું.

## શ્રીમદ્દને સમ્યગ્દર્શન થયું હતું ?

સમ્યગ્દર્શન એટલે આત્મા જડથી જુદો પડે છે એવી નિષ્ઠા થવી તે. પરિણામે આત્માનું યથાર્થ જ્ઞાન થાય છે. જેણે શુદ્ધ, ચૈતન્યઘન, આનંદસ્વરૂપી વગેરે ગુણોવાળો આત્મા સ્પષ્ટ દેહથી ભિન્ન અનુભવ્યો હોય તે સમ્યગ્દર્શી અને સમ્યગ્જ્ઞાની કહેવાય છે. આવો આત્માનો અનુભવ જેને ન થયો હોય તે મિથ્યાદૃષ્ટિ છે.

જૈન સિદ્ધાંત પ્રમાણે અનંતાનુબંધી કષાયો અને મિથ્યાત્વનો ક્ષય કે ક્ષયોપશમ થાય અને આત્મા વિશે ભેદજ્ઞાન થાય ત્યારે જીવ ચોથે ગુણસ્થાનકે આવ્યો કહેવાય. સમ્યગ્દર્શન થયા પછીથી એટલે કે ચોથે ગુણસ્થાનકે આવ્યા પછીથી તે સંપૂર્ણ જીવનમુક્ત થાય ત્યાં સુધીની તેવા જીવની વર્તના અન્ય જીવો કરતાં જુદા પ્રકારની હોય છે. તેનું પ્રત્યેક કાર્ય સંસારથી મુક્તિ પામવા માટેનું હોય છે, તેથી તેને સર્વમાં ઉદાસીનભાવ વર્તતો હોય છે;

૧૧૧. જુઓ શ્રી છોટાલાલ માણેકચંદ, મલુકચંદ, આદિએ વર્ણવેલા પોતાના અનુભવો, "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ," પૃ. ૧૦૪, ૧૧૦ આદિ.

૧૧૨. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૧૧૦.

અને તેની ઝંખના દેહથી ભિન્ન એવા આત્મસ્વરૂપમાં લીન રહેવાની જ હોય છે. સમ્યગ્જ્ઞાનીનાં આ બધાં લક્ષણો આંતરિક છે. તેથી બીજા જીવોને તે વિશે ખબર પડતી નથી, પરંતુ જ્ઞાન પામેલા જીવને તો તે વિશે સ્પષ્ટ ખ્યાલ હોય છે. જ્ઞાન થયા પછી જીવને સંસારમાં રસ રહેતો નથી. વળી ધન, કીર્તિ આદિ પૌદ્ગલિક સુખ તેને સાચાં સુખ લાગતાં નથી; તેવાં બાહ્ય લક્ષણોથી જ્ઞાનીનો અમુક અંશે ખ્યાલ આવે છે, પણ તે જાણનારની પાત્રતા પણ તેમાં કારણભૂત હોય છે. એ રીતે જોતાં શ્રીમદ્‌ને સમ્યગ્દર્શન – આત્મજ્ઞાન હતું કે નહિ તે સામાન્ય જન માટે નક્કી કરવું કઠિન છે, તેમ છતાં કેટલાક એવા સચોટ પુરાવા આપણને મળે છે કે જેથી આપણે તેમને જ્ઞાની – આત્મજ્ઞાની કહી શકીએ.

પોતાના પરમાર્થ સખાને સાચો ખ્યાલ આપવા, પોતાની આંતરિક પરિસ્થિતિ વર્ણવતા પત્રો શ્રીમદે લખ્યા હતા. એથી એમને આત્મજ્ઞાન હતું તેવો ઉલ્લેખ જેમાં હોય તેવા પત્રો પર આપણે સૌથી વિશેષ આધાર રાખી શકીએ. આપણે ભાગ્યશાળી છીએ કે એવો ઉલ્લેખ કરતા પત્રો શ્રીમદે લખ્યા છે. ક્ષાયિક સમકિત થયા પછી થોડા જ દિવસે, વિ. સં. ૧૯૪૭ના કારતક સુદ ૧૪ના રોજ શ્રી સોભાગભાઈને લખ્યું હતું કે :—

> "આત્મા જ્ઞાન પામ્યો તે નિઃસંશય છે, ગ્રંથિભેદ થયો તે ત્રણે કાળમાં સત્ય વાત છે."[૧૧૩]

પોતાની હસ્તનોંધના એક કાવ્યમાં પણ શ્રીમદે લખ્યું છે કે :—

> "ઓગણીસસેં ને સુડતાલીસે સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે."[૧૧૪]

આ પણ તેમને થયેલા આત્મજ્ઞાનનો નિર્દેશ કરે છે.

શ્રી અંબાલાલભાઈને પણ એક પત્રમાં શ્રીમદે લખ્યું છે કે :—

> "જૈનદર્શનની રીતિએ જોતાં સમ્યક્દર્શન અને વેદાંતની રીતિએ જોતાં કેવળજ્ઞાન અમને સંભવે છે."[૧૧૫]

વળી, વિ. સં. ૧૯૫૨ના એક પત્રમાં શ્રીમદે લખ્યું છે કે :—

> "અમને સહજસ્વરૂપજ્ઞાન છે, જેથી યોગસાધનની એટલી અપેક્ષા નહિ હોવાથી તેમાં પ્રવૃત્તિ કરી નથી, તેમ તે સર્વસંગપરિત્યાગમાં અથવા વિશુદ્ધ દેશપરિત્યાગમાં સાધવા યોગ્ય છે."[૧૧૬]

---

૧૧૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૪૯.
૧૧૪. એજન, પૃ. ૮૦૧.
૧૧૫. એજન, પૃ. ૫૧૭.
૧૧૬. એજન, પૃ. ૫૧૮.

શ્રીમદે લખેલાં ઉપરનાં વચનો પરથી આપણે નિશ્ચય કરી શકીએ કે તેમને વિ. સં. ૧૯૪૭ આસપાસ શુદ્ધ સમ્યગ્દર્શન – આત્મદર્શન થયું હતું. આપણા આ નિશ્ચયને તેમના દ્વારા રચાયેલું સાહિત્ય પણ સમર્થન આપે છે. ઉદાહરણ તરીકે, **"અપૂર્વ અવસર"**માં તેમણે ભાવેલી ભાવના આત્મજ્ઞાની સિવાય કોઈ ભાવવા સમર્થ નથી. વળી, તે કાવ્યમાંની ત્રીજી કડીની "દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે" એ પંક્તિ તેમને થયેલા સમ્યગ્દર્શન અને જ્ઞાનની વાત જ સૂચવે છે.

એ જ રીતે "આત્મસિદ્ધિ શાસ્ત્ર"માં આત્માનાં છ પદની નિરૂપણા તેમણે જે તર્કબદ્ધતાથી ગુરુશિષ્યના સંવાદ દ્વારા, સદ્‌ગુરુનાં, મતાર્થીનાં, આત્માર્થીનાં વગેરેનાં લક્ષણો આપીને કરી છે, તેમાં તેમણે જે લક્ષણો બતાવ્યાં છે, તે ખરેખરા આત્મજ્ઞાની હોય તે જ બતાવી શકે. વળી, આશ્ચર્યની વાત તો એ છે કે બે કલાક જેટલા થોડા સમયમાં એક શબ્દની પણ છેકછાક કર્યા વિના તેમણે સાંગોપાંગ "આત્મસિદ્ધિ" લખી એમના આત્મજ્ઞાનની, ઉચ્ચતર દશાની આપણને પ્રતીતિ કરાવી છે.

આ બે અદ્‌ભુત રચનાઓ ઉપરાંત **"મૂળ માર્ગ રહસ્ય"**, **"પંથ પરમપદ બોધ્યો"**, **"જડ ચેતન વિવેક"** વગેરે રચનાઓમાં તેમણે મોક્ષમાર્ગનું નિરૂપણ તથા તત્ત્વવિચારણા જે રીતે કરેલાં છે તે તેમને થયેલા સમ્યગ્જ્ઞાનનાં સાક્ષી છે. સમ્યગ્જ્ઞાન સિવાય નાની વયમાં આટલી ઉચ્ચ કોટિની રચનાઓ કોઈ પણ ન આપી શકે.

વળી, તે સિવાયનાં પત્ર, હસ્તનોંધ આદિ અન્ય સાહિત્યમાં તેમણે નિરૂપેલું તત્ત્વજ્ઞાન પણ એની જ શાખ પૂરે છે. આ ઉપરાંત તેમણે **"આત્મસિદ્ધિ"**માં આત્માર્થીનાં લક્ષણો બતાવ્યાં છે, તે રીતે તેમનું આચરણ તપાસીએ તોપણ તેમને આત્મજ્ઞાન સિદ્ધ થયેલું જણાશે. તેમણે **"આત્મસિદ્ધિ"**માં બતાવેલાં આત્માર્થીનાં લક્ષણો નીચે પ્રમાણે છે :—

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ." ૩૮

"દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય." ૧૩૮

"મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહીએ જ્ઞાની દશા, બાકી કહીએ ભ્રાંત." ૧૩૯

"સકળ જગત તે એંઠવત, અથવા સ્વપ્ન સમાન;
તે કહીએ જ્ઞાની દશા, બાકી વાચા જ્ઞાન." ૧૪૦

આત્મજ્ઞાનીની આ દશાનાં લક્ષણો **"આત્મસિદ્ધિ"** તથા અન્ય અનેક સ્થળે પણ તેમણે આપ્યાં છે. તેમાંનાં કેટલાંક લક્ષણો ઉપર પ્રમાણે છે. અહીં બતાવેલાં બધાં લક્ષણો તેમનામાં હતાં, તેવો અભિપ્રાય તેમના પરિચયમાં આવનાર વ્યક્તિઓ જણાવે છે. વળી, જો શ્રીમદ્‌ને આ ગુણોનો ખ્યાલ ન હોત કે તેમનામાં એ ગુણો ન હોત તો તેઓ જે સરળતાથી તે

ગુણો પર ઠેકઠેકાણે ભાર મૂકી શકયા છે, તે ન મૂકી શકયા હોત, અને તે વિષે લોકોને તેનું મહત્ત્વ પણ ન બતાવી શકયા હોત; કારણ કે જેની પાસે જે ન હોય તે, તે કયાંથી આપી શકે ? શ્રીમદ્દમાં જો કષાયની ઉપશાંતતા, ભવભીરુપણું, પ્રાણીદયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય, મોહક્ષય, સંસારમાં નીરાગીપણું આદિ ગુણો ન હોત તો તેઓ વૈરાગ્યસભર જીવન જીવી શકયા ન હોત. અને તેમના વૈરાગ્યસભર જીવનના તો **પૂ. ગાંધીજી** આદિ અનેક વ્યક્તિઓ સાક્ષી છે.

આ બધી વાતો થઈ તેમના જીવન અને સાહિત્ય પરત્વેની, પણ શાસ્ત્રમાં સમ્યગ્દર્શનનાં અને મિથ્યાત્વનાં જે લક્ષણો આપ્યાં છે, તે અનુસાર પણ શ્રીમદ્દનું વર્તન તપાસીએ તો જણાશે કે તેમનામાં સમ્યગ્દર્શનીને અર્થાત્ સમ્યગ્જ્ઞાનીને સંભવતાં બધાં લક્ષણો હતાં, અને મિથ્યાત્વીને સંભવતા પ્રત્યેક લક્ષણનો તેમનામાં લોપ થયો હતો. આપણે તે દૃષ્ટિએ વિચાર કરીએ.

શાસ્ત્રમાં સમકીતિનાં પાંચ લક્ષણો આ રીતે બતાવ્યાં છે : **શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા.** તે લક્ષણોને શ્રીમદે **"આત્મસિદ્ધિ"**ની નીચેની ગાથામાં વર્ણવેલાં જણાશે :—

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ." ૩૮

સમકિતનું પહેલું લક્ષણ તે **શમ**, ત્યાંથી શરૂ કરી બધાં લક્ષણો શ્રીમદ્દમાં હતાં કે કેમ તે વિશે આપણે જોઈએ. **શમ** એટલે અનંતાનુબંધી કષાયોની શાંતિ થવી તે, જે ઉપરની ગાથામાં "કષાયની ઉપશાંતતા" એ શબ્દોમાં બતાવાયેલ છે. કષાય ચાર છે : ક્રોધ, માન, માયા અને લોભ. આ ચારે કષાય શ્રીમદ્દમાં શાંત થઈ ગયા હતા. બાળવયથી જ તેમનામાં ક્રોધ ન હતો. તેમને હંમેશાં સર્વેએ પ્રસન્નચિત્ત અને શાંત જ જોયા હતા. ગમે તેવા પ્રસંગ આવે છતાં તેમના ચિત્તની શાંતિ જરા પણ ચલાયમાન થતી નહોતી, તેમ તેમના પરિચિતો જણાવે છે.

માનભાવ પણ તેમનામાંથી લુપ્ત થઈ ગયો હતો. જ્યોતિષ, અવધાન, કવિત્વ આદિના પ્રયોગથી મળતાં કીર્તિ અને ધન એકાએક ઓગણીસ વર્ષની વયે છોડી દેવાં, તે તો જેનામાં માન મહદ્ અંશે લુપ્ત થયું હોય તે જ કરી શકે. તેઓ સિદ્ધિ, લબ્ધિ આદિથી પણ માનભાવ પામ્યા નહોતા અને તે બધાથી અલિપ્ત રહી શકયા હતા. વળી, તેમનાં કોઈ વખાણ કરતું, તેમને માન આપતું, તો તેઓ તેને તેમ કરવા ન દેતા. પોતે પ્રસિદ્ધિથી તો હંમેશાં દૂર રહેવા જ ઇચ્છતા, અને પોતા વિશે કોઈને ન જણાવવાની વિનંતી કરતા પત્રો સોભાગભાઈ, અંબાલાલભાઈ આદિ ઉપર લખ્યા છે, જે **"શ્રીમદ્ રાજચંદ્ર"** ગ્રંથમાં પ્રસિદ્ધ પણ થયા છે,[૧૧૭] જે માનભાવ ગલિત થયા વિના બનવું અશકય છે. શ્રીમદ્દમાં "હું"પણું તો સાવ જ ગળી ગયું હતું. તેઓ "અમે" શબ્દનો બહુ વિશિષ્ટ

૧૧૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧માં આંક ૨૦૬, ૧૯૨, ૨૧૨ વગેરેમાં પોતાની પ્રસિદ્ધિ ન કરવા શ્રીમદે લખ્યું છે.

અર્થમાં ઉપયોગ કરતા. અ + મે = "હું" નહિ તે "અમે". અને શ્રીમદ્ આ અર્થમાં અમે શબ્દનો ઉપયોગ કરતા. તેમનું દેહાભિમાન ગળવા વિશેનું સૌથી સચોટ ઉદાહરણ તેમનું સોભાગભાઈને લખેલું આ વચન છે.

"અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ છીએ ત્યારે માંડ જાણીએ છીએ."[૧૧૮]

પોતાને દેહ છે કે કેમ તે વિશે પણ સંભારવું પડે તેવી વિદેહી દશા તેમણે વર્ણવી છે. આ ઉપરાંત "જડ ચેતન વિવેક", "વીસ દોહરા" આદિ પદો પણ તેમના નિરભિમાનીપણાની, નિર્માનીપણાની સાક્ષી પૂરે છે.

માયા એ ત્રીજો કષાય છે. "માયા" શબ્દ બે અર્થમાં વપરાય છે : "માયા" એટલે "કપટ" અને "માયા" એટલે "રાગ". આ બંનેમાંથી કોઈ પણ પ્રકારની માયા શ્રીમદ્‌ને સ્પર્શતી ન હતી.

શ્રીમદ્‌માં કપટ નહોતું. વેપારાદિમાં તેઓ સંપૂર્ણ પ્રામાણિક હતા. નફા વિશે પણ તેમને ચોક્કસ ખ્યાલો હતા. અમુક ટકાથી વિશેષ નફો લેવા તેઓ પ્રેરાતા નહીં; અને કોઈને મુશ્કેલીમાંથી છોડાવવા પોતાને મળતો નફો પણ જતો કરતા. આરબ સાથેનો પ્રસંગ સુવિદિત છે. વળી તેમનામાં સત્યપ્રિયતા એટલી બધી હતી કે કપટનો તો તેઓ વિચાર સરખો પણ કરી શકતા ન હતા.

શ્રીમદે રાગ પર પણ એવો જ વિજય મેળવ્યો હતો. ધન, સ્ત્રી આદિનો તો તેમણે ત્યાગ કર્યો જ હતો, અને તે પ્રતિ જોતા પણ નહિ. આ ઉપરાંત અન્ય જીવો પ્રત્યે તો તેમને રાગ નહોતો, એટલું જ નહિ પોતાના દેહ પ્રતિ પણ તેઓ નિઃસ્પૃહ હતા. તેઓ નિવૃત્તિક્ષેત્રે વસતા ત્યારે દેહને પૂરું પોષણ આપતા નહિ. ડાંસ, મચ્છર વગેરે જીવજંતુથી થતા પરિષહ પ્રસન્નચિત્તથી સહેતા; કાંટા, ઝાંખરા, ઝાડીમાંથી ખુલ્લે પગે પસાર થતી વખતે પગમાંથી લોહી નીકળે કે અન્ય ઈજા થાય તોપણ તેઓ નિઃસ્પૃહ રહેતા. તેમનું લક્ષ તો "કાયાની માયા વિસારવામાં" જ હતું. કારણ કે તેમની નેમ ભવઅંત કરવાની હતી. તે માટે "જડ ચેતન વિવેક"માં તેમણે લખ્યું છે કે :—

"કાયાની વિસારી માયા, સ્વરૂપે શમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ, ભવઅંતનો ઉપાય છે."

આમ તેઓ દેહથી શરૂ કરી અન્ય જીવ તથા પુદ્‌ગલની માયાથી મુક્ત થઈ ગયા હતા.

ચોથા કષાય "લોભ" પર પણ તેમણે એવો જ વિજય મેળવ્યો હતો. માન, કીર્તિ, પૈસો આદિનો લોભ તેમણે ત્યજ્યો હતો. કીર્તિને તો તેમણે વિ. સં. ૧૯૪૩થી અવધાન આદિના પ્રયોગો બંધ કરી દૂર ધકેલી દીધી હતી. પોતા પર રહેલું ઋણ અદા કરવા તેમણે વેપાર કર્યો હતો. અને તે ધનનો પણ વિ. સં. ૧૯૫૫થી તેમણે ત્યાગ કર્યો હતો.

૧૧૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૯૦.

આત્માની શક્તિથી પ્રગટતી ઋદ્ધિસિદ્ધિ પ્રત્યે પણ તેમને લોભ ન હતો. જુઓ તેમનું વિ. સં. ૧૯૪૬માં લખાયેલું આ વચન :—

"ગમે તેવાં ભવિષ્યજ્ઞાન તથા સિદ્ધિઓની ઇચ્છા નથી."

અને લોભકષાયની જીત બતાવતું વિ. સં. ૧૯૪૭માં લખાયેલું જુઓ આ વચન :—

"આ જગત પ્રત્યે અમારો પરમ ઉદાસીન ભાવ વર્તે છે. તે સાવ સોનાનું થાય તોપણ અમને તૃણવત્ છે, અને પરમાત્માની વિભૂતિરૂપે અમારું ભક્તિધામ છે."૧૧૯

આ ઉપરાંત તેમનો આ અભિલાષ અનેક પત્રાદિમાં પણ જોવા મળે છે.

આમ શ્રીમદ્માં કષાયભાવની થયેલી શાંતિ તેમનામાં આવેલું **શમ** લક્ષણ બતાવે છે.

સમકિતનું બીજું લક્ષણ તે **સંવેગ**. સંવેગ એટલે મોક્ષની અભિલાષા. શ્રીમદે તે લક્ષણ "**આત્મસિદ્ધિ**"ની ગાથામાં "**માત્ર મોક્ષ અભિલાષ**" એ શબ્દોમાં બતાવ્યું છે. શ્રીમદે "માત્ર મોક્ષ અભિલાષ"થી જ પ્રબળ પુરુષાર્થ આદર્યો હતો, તેની સાક્ષી તેમનાં પત્રો તથા પદો પૂરે છે. "અપૂર્વ અવસર" કાવ્યમાં મોક્ષનું સ્વરૂપ બતાવ્યા પછી તેઓ અંતમાં લખે છે કે, "એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં." આ પંક્તિ બતાવે છે કે તેમનું લક્ષ્ય મોક્ષ પ્રતિ જ છે. આ ઉપરાંત બીજા અનેક પત્રોમાં તથા "ઇચ્છે છે જે જોગીજન", "પંથ પરમપદ બોધ્યો" વગેરેમાં પણ તે અભિલાષા જોવા મળે છે.૧૨૦

સમકિતનું ત્રીજું લક્ષણ તે **નિર્વેદ**, અર્થાત્ સંસાર દુઃખમય લાગવો તે. સોળ વર્ષની વયથી જ શ્રીમદ્માં વૈરાગ્ય વધવા લાગ્યો હતો. સંસારનો કંટાળો વ્યક્ત કરતાં ઘણાં વચનો તેમનાં લખાણમાં જોવા મળે છે. "સંસારથી કંટાળ્યો છઉં."૧૨૧ "સંસારથી કંટાળ્યા તો ઘણો કાળ થઈ ગયો છે, તથાપિ સંસારનો પ્રસંગ હજી વિરામ પામતો નથી, એ એક પ્રકારનો ક્લેશ વર્તે છે."૧૨૨ "સંસાર સુખ વૃત્તિથી નિરંતર ઉદાસપણું જ છે."૧૨૩ વગેરે. પોતાને વર્તતો સંસારખેદ તેઓ પરિચિતોને જણાવતા હતા. આમ **નિર્વેદ**નું લક્ષણ પણ તેમનામાં હતું.

શ્રીમદ્ જેને "દયા" કે "પ્રાણીદયા"ના નામે ઓળખાવે છે તે "**અનુકંપા**" સમ્યક્ત્વનું ચોથું લક્ષણ છે. શ્રીમદ્માં આ લક્ષણ ઘણા પ્રમાણમાં ખીલ્યું હતું. કીડી જેવા સૂક્ષ્મ જીવને પણ બચાવવા તેઓ ખૂબ લક્ષ્ય રાખતા. વળી, લીલોતરી મોળાય તે પણ તેમનાથી જોવાતું નહિ, અને કોઈનું મરણ થયું સાંભળીને તેઓ રડી પડતા; એવી

---

૧૧૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૭૦.

૧૨૦. જુઓ એજન, પત્રાંક ૧૨૮, ૧૩૪, ૧૬૫, ૧૭૦ વગેરે.

૧૨૧. એજન, આંક ૨૮. ૧૨૨. એજન, આંક ૩૭૯.

૧૨૩. એજન, આંક ૩૯૮.

અનુકંપાબુદ્ધિ તેમનામાં હતી. પૂ. ગાંધીજી જણાવે છે તેમ તેઓ શ્રીમદ્ પાસેથી દયાધર્મ શીખ્યા હતા,[૧૨૪] અર્થાત્ તેમણે અહિંસા જાણી હતી. એ બતાવે છે કે તેમનામાં દયાધર્મ કેટલે અંશે ખીલ્યો હતો.[૧૨૫]

શ્રી વીતરાગપ્રણીત ધર્મમાં અર્થાત્ આત્માનાં અસ્તિત્વ, નિત્યત્વ આદિ છ પદમાં અનન્ય શ્રદ્ધા તે **આસ્થા** નામનું સમ્યક્ત્વનું પાંચમું લક્ષણ છે. આત્મા અને તેનાં છ પદની તેમનામાં અનન્ય શ્રદ્ધા હતી તે તેમના પ્રત્યેક લખાણમાંથી સ્પષ્ટ થાય છે. વિ. સં. ૧૯૪૬ના ભાદરવા માસમાં શ્રીમદ્દે ધર્મેચ્છુક ભાઈ ખીમજીને આત્માનાં છએ પદમાં શંકા ન કરવા તથા તે વિશે વારંવાર વિચારવા લખ્યું છે, અને તે પછી પણ અનેક જગ્યાએ તે પદોની નિઃશંકતા વિશે લખ્યું છે. અને તે વિશેની વિશેષ પ્રતીતિ તેઓએ શ્રી લલ્લુજી મહારાજ પર લખેલા "છ પદનો પત્ર"માં તથા "આત્મસિદ્ધિ"માં આવે છે. છ પદના પત્રમાં તેમણે લખ્યું છે કે :—

> "શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યક્દર્શનનાં મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે...આ છ પદ અત્યંત સંદેહરહિત છે. એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે... જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવાં પરમ પુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે, આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વસંગથી રહિત થયા છે, થાય છે અને ભાવિકાળે પણ તેમ થશે..."[૧૨૬]

આ ઉપરાંત વીતરાગપુરુષે પ્રણીત કરેલા માર્ગની અનન્ય શ્રદ્ધા તેમની "મોક્ષમાળા", "આત્મસિદ્ધિ" તથા અન્ય પત્રોમાં પણ જોવા મળે છે.[૧૨૭] આત્માનાં આ છએ પદની પોતાને કોઈ કાળે શંકા નહિ થાય તે વિશેનો પોતાનો નિશ્ચય શ્રીમદ્દે પોતાની હાથનોંધમાં લખ્યો છે.[૧૨૮] આ બધાં પ્રમાણો બતાવે છે કે શ્રીમદ્દને વીતરાગપ્રણીત ધર્મ અને આત્માનાં છ પદમાં અનન્ય શ્રદ્ધા હતી.

અહીં આપણે જોયું તેમ સમ્યક્ત્વનાં પાંચે લક્ષણો – શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા – શ્રીમદ્દમાં આવ્યાં હતાં. તે બતાવે છે કે તેમને જ્ઞાન થયું હતું. વળી શાસ્ત્રોમાં મિથ્યાત્વનાં જે પાંચ લક્ષણો કહ્યાં છે તેનો શ્રીમદ્દમાં અભાવ હતો તે પણ આપણે જોઈ શકીશું.

---

૧૨૪. વિ. સં. ૧૯૭૮ની કાર્તકી પૂનમે ગાંધીજીએ આપેલું વ્યાખ્યાન, "શ્રીમદ્દની જીવનયાત્રા", પૃ. ૧૨૫.

૧૨૫. શ્રીમદ્દમાં કેટલે અંશે દયાધર્મ ખીલ્યો હતો તે વિશેના શ્રી શંકરભાઈ વગેરેના અનુભવો, "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૧૦૮ આદિ.

૧૨૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૩૯૫, આંક ૪૯૩. આ આખો પત્ર શ્રીમદ્દને કેવું નિઃશંકત્વ હતું તે જાણવા માટે બહુ ઉપયોગી છે.

૧૨૭. જુઓ એજન, પત્રાંક : ૧૦૪, ૧૭૦, ૨૭૪, ૩૨૨, ૩૩૦ વગેરે.

૧૨૮. એજન, પૃ. ૭૯૦.

મિથ્યાત્વ જતાં સમ્યકૃત્વ આવે છે. તે મિથ્યાત્વના પાંચ પ્રકાર શાસ્ત્રમાં કહ્યા છે : આભિગ્રહિક, અનાભિગ્રહિક, આભિનિવેશિક, સાંશયિક અને અનાભોગ-મિથ્યાત્વ.

વીતરાગપ્રણીત માર્ગ સિવાયનો કોઈ કપોલકલ્પિત માર્ગ સાચો છે એમ બતાવે તે આભિગ્રહિક મિથ્યાત્વ. "મોક્ષમાળા"થી શરૂ કરી અનેક પત્રોમાં તથા પદોમાં તેમણે વીતરાગપ્રણીત માર્ગને જ સાચો કરી બતાવ્યો છે. તેમાં રચેલ દોહરા પણ એ જ બતાવે છે :—

"મંત્ર, તંત્ર, ઔષધ નહિ, જેથી પાપ પલાય,
વીતરાગ વાણી વિના, અવર ન કોઈ ઉપાય."
"વચનામૃત વીતરાગનાં, પરમ શાંત રસ મૂળ,
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ."[૧૨૯]

૧૭ વર્ષની વય પહેલાં શ્રીમદ્દે વીતરાગપ્રણીત માર્ગ જ શ્રેષ્ઠ છે એવો નિશ્ચય કરી લીધો હતો, તે આ દોહરાઓ બતાવે છે. અને તે નિશ્ચય તેમના અંત-સમય સુધીમાં ફર્યો ન હતો. તે બતાવે છે કે તેમનામાં આભિગ્રહિક-મિથ્યાત્વ નહોતું.

બધાં દર્શન એકસરખી રીતે સાચાં છે તેમ માનવું તે અનાભિગ્રહિક-મિથ્યાત્વ. શ્રીમદ્દે કોઈ પણ જગ્યાએ છએ દર્શનોને સરખાં બતાવ્યાં નથી. પણ પરીક્ષકપણાથી જૈન-ધર્મની ઉત્તમતા બતાવી છે. તેનો ખ્યાલ પણ "મોક્ષમાળા" તથા અન્ય પત્રો જોતાં આવે તેમ છે.[૧૩૦] "મોક્ષમાળા"ના ૯૫મા પાઠમાં બીજાં દર્શનો જૈનધર્મ પાસે સાગરમાં બિંદુરૂપ છે, તેવો તુલનાત્મક અભિપ્રાય તેમણે આપ્યો છે. આ ઉપરાંત પણ બીજા પત્રોમાં તેમણે પ્રત્યેક દર્શન વિશે નિષ્પક્ષપાત અભિપ્રાય આપ્યો છે.[૧૩૧] આ બધા પરથી આપણે કહી શકીએ કે શ્રીમદ્દમાં અનાભિગ્રહિક-મિથ્યાત્વ નહોતું.

વીતરાગપ્રણીત માર્ગ સત્ય હોવાનો નિર્ધાર (આભિનિવેશિક) કર્યા પછી પણ કોઈ કારણસર અન્ય દર્શનનો આગ્રહ કરવો તે મિથ્યાત્વ. આ પ્રકારનો આગ્રહ શ્રીમદ્દે ક્યાંય સેવ્યો જણાતો નથી. સોળ વર્ષની વયે તેમણે "મોક્ષમાળા" લખી તે પહેલાંથી તે જીવનના અંત પર્યંત તેમણે વીતરાગપ્રણીત માર્ગને જ શ્રેષ્ઠ ગણ્યો છે, અને બીજા કોઈ પણ દર્શનનો આગ્રહ સેવ્યો નથી, આ વાતની પ્રતીતિ તેમના સમગ્ર સાહિત્યના પાનેપાનામાંથી આપણને મળે છે. કોઈ પણ દર્શનને વખોડ્યા વિના શ્રેષ્ઠ માર્ગને તેમણે શ્રેષ્ઠ ગણાવ્યો છે. તેનો પુરાવો "આત્મસિદ્ધિ" છે. તેથી આપણે નિઃશંકપણે કહી શકીએ કે તેમનામાં આભિનિવેશિક-મિથ્યાત્વ નહોતું.

સદ્દર્શનનો નિર્ધાર થયા પછી પણ તે વિશે કોઈ પ્રકારની શંકા આવી જાય તે સાંશયિક નામનું ચોથા પ્રકારનું મિથ્યાત્વ છે. શ્રીમદ્દમાં આ જાતની ડામાડોળ સ્થિતિ

૧૨૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૩૧. આ ઉપરાંત જુઓ "મોક્ષમાળા"માં તત્ત્વાવબોધ ભાગ ૧ થી ૧૭, અને પત્રાંક ૨૭, ૫૨, ૫૪, ૬૨ વગેરે. તેમના દરેક પત્રમાંથી વીતરાગપ્રણીત માર્ગ શ્રેષ્ઠ છે તે ભાવ વ્યક્ત થાય છે.

૧૩૦. ૧૩૧. જુઓ "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં પત્રાંક ૭૨૧, ૫૧૩, ૫૩૦ વગેરે.

જોવામાં આવતી નથી. શ્રીમદ્દે કદી પણ પોતાના નિર્ણયમાં શંકા કરી નથી, અને સ્વીકારેલા માર્ગમાં નિઃશંકત્વનો નિર્ધાર તેમણે પોતાની હસ્તનોંધમાં કર્યો છે, તે આપણે પહેલા આભિગ્રહિક-મિથ્યાત્વ વખતે જોયું, તે અહીં પણ ગણી શકાય. બીજી બાજુ આત્માનાં છ પદનો જેણે દૃઢ નિર્ધાર કર્યો હોય તેને આ મિથ્યાત્વ કેમ સંભવી શકે ?

મિથ્યાત્વનો પાંચમો પ્રકાર તે અનાભોગ-મિથ્યાત્વ. એકેંદ્રિયાદિ જીવોને આ પ્રકારનું મિથ્યાત્વ હોય છે. પૂર્વના સંસ્કારી બળવાન ક્ષયોપશમી પુરુષમાં આ મિથ્યાત્વનો તો અવકાશ જ કઈ રીતે હોય ?

આમ, કોઈ પણ જાતનું મિથ્યાત્વ જેને પ્રવર્તતું નથી તથા સમ્યક્ત્વનાં પાંચે લક્ષણ જેનામાં છે, તે ઉપરાંત ક્ષપકશ્રેણીએ ચઢીને, ક્ષીણમોહ ગુણસ્થાનેથી આગળ વધીને, કૈવલ્યપદ પામવાના કોડ જે "અપૂર્વ અવસર"માં સેવે છે, તે શ્રીમદ્દને સમકિત સંભવતું હતું, એ બાબતમાં સંશય કેમ આવી શકે ?

## શ્રીમદ્દનું અંતિમ વર્ષ

વિ. સં. ૧૯૫૨થી સર્વસંગપરિત્યાગ કરવાની ઇચ્છા શ્રીમદ્દે સેવી હતી, પરંતુ કેટલાક સંજોગોને કારણે તેઓ વેપારાદિ કાર્યમાંથી નિવૃત્ત થઈ શક્યા ન હતા. પરંતુ વિ. સં. ૧૯૫૫થી તેમણે બધાં ક્ષેત્રેથી નિવૃત્તિ સ્વીકારી હતી, અને સર્વસંગપરિત્યાગની તૈયારી ચાલુ કરી હતી, વાનપ્રસ્થધર્મ પાળવાની શરૂઆત પણ કરી હતી. તેમનો વૈરાગ્ય તીવ્ર બન્યો હતો.

એ અરસામાં તેમને સંગ્રહણીનો રોગ લાગુ પડ્યો, પરિણામે શ્રીમદ્દની નાજુક તબિયત વિશેષ નબળી બની. માથા પર સૂર્યનાં કિરણો લાગે તો તેથી તેમને માથું દુખવા આવતું. વજન પણ ઘણું ઊતરી ગયું હતું. તેમ છતાં મનોબળ દૃઢ હતું.

વિ. સં. ૧૯૫૬માં તેઓ ઈડરથી નરોડા આવ્યા હતા, ત્યાં મુનિસમાગમ કર્યો હતો. એક દિવસ બપોરના બાર વાગ્યે જંગલમાં સત્સંગ માટે જવાનો બધાએ નિર્ણય કર્યો. એ પ્રમાણે બધા મુનિઓ તેમની રાહ જોતા ભાગોળે ઊભા. શ્રીમદ્દે આવીને મુનિઓના પગ દાઝતા હશે એમ કહી પોતાના પગમાંથી પણ પગરખાં કાઢી નાખ્યાં, અને ખુલ્લા પગે મુનિઓ સાથે ચાલવા લાગ્યા. નિયત સ્થાને પહોંચ્યા ત્યારે શ્રીમદ્દનાં પગનાં તળિયાં લાલચોળ થઈ ગયાં હતાં, છતાં તેમણે ત્યાં હાથ સુધ્ધાં ફેરવ્યો નહિ. અને બેઠા પછી તેમણે મુનિઓને જણાવ્યું કે, "અમે હવે તદ્દન અસંગ થવા ઇચ્છીએ છીએ." અને પછી મુનિઓને તેમણે બોધ કર્યો. આમ પ્રત્યેક સાંસારિક બાબતમાં શ્રીમદ્દની નિઃસ્પૃહતા ઘણી વધી ગઈ હતી.

વિ. સં. ૧૯૫૭માં શ્રીમદ્દ અમદાવાદ આવ્યા, તે પહેલાં શ્રીમદ્દે તેમનાં માતુશ્રી પાસે "સર્વસંગપરિત્યાગ કરવા દેવાની" આજ્ઞા ઘણી વાર માગી હતી. પણ પુત્ર પરના અતિરાગને લઈને માતા રજા આપતાં નહોતાં. પરંતુ વિ. સં. ૧૯૫૭માં તેમણે સાજા થયા પછી

શ્રીમદ્‌ને સંસારત્યાગ કરવાની આજ્ઞા આપવા જણાવ્યું હતું. અને તેથી શ્રીમદ્ આજ્ઞા મેળવવાની રાહ જોતા હતા. પોતાને માતા રજા નહોતાં આપતાં તે વખતે એક વાર શ્રીમદે તેમની માતાને કહેલું કે, "મા, જીવતો જોગી...કોઈ દિવસ તેનું મોઢું જોવા તમને મળશે ને તમારે બારણે આવશે."[૧૩૨] તે પછી કોઈક રાજાનું દૃષ્ટાંત પણ આપ્યું હતું. તે બધું સાંભળીને અતિ દુઃખ થવાથી તેમનાં માતા ખૂબ રડ્યાં હતાં. તેથી દુઃખ પામી શ્રીમદે કહેલું, "મા, તમને જેમ ઠીક લાગે તેમ. હવે હું બોલીશ નહિ."[૧૩૩] આ પ્રસંગ બન્યા પછી, અને શ્રીમદ્‌ના દેહત્યાગ પછી માતુશ્રી કહેતાં કે, મેં ભાઈને સાધુ થવાની રજા આપી હોત તો ભાઈની ઉંમર વધારે હતી, એમ ભાઈ કોઈક વખત કહેતા.[૧૩૪]

આમ સર્વસંગપરિત્યાગની રજા તો માતાજી પાસેથી નહોતી મળી, છતાં વિ. સં. ૧૯૫૫ પછીથી તેમણે લક્ષ્મી અને સ્ત્રી બંનેનો ત્યાગ કર્યો હતો. અને શ્રીમદ્ એ વ્રત બહુ બારીકાઈથી પાળતા. રેલગાડીની ટિકિટ સરખી પણ તેઓ પોતાની પાસે રાખતા નહિ. અને વિ. સં. ૧૯૫૬માં તેમની પ્રેરણાથી સ્થપાયેલ "પરમશ્રુત પ્રભાવક મંડળ"ના કામકાજ અંગે ક્યારેક પૈસાની બાબતમાં ભળવું પડે તો તેને પણ અતિચારરૂપે ગણતા.

વિ. સં. ૧૯૫૭માં માતાજીની આજ્ઞા મળવાની આશા બંધાવાથી તેમણે સર્વસંગ-પરિત્યાગની તૈયારી ચાલુ કરી. પણ તે અરસામાં તેમની તબિયત વધુ બગડી. તેમને લાગુ પડેલું સંગ્રહણીનું દર્દ દિવસે દિવસે જોર પકડતું ગયું, અને દેહને કૃશ બનાવતું ગયું. તેથી લીંબડી, વઢવાણ વગેરે સ્થળોએ તેમને હવાફેર માટે લઈ જવામાં આવ્યા, પણ કંઈ ફાયદો થયો નહિ. અંતિમ દિવસોમાં તો તેમની કાયા સુકાઈને માત્ર ૪૫ પૌંડની થઈ ગઈ હતી.[૧૩૫] આવો વ્યાધિ હતો તેથી અન્ય સંબંધીઓ ચિંતાતુર થઈ જતા તોપણ શ્રીમદ્ તો હંમેશ પ્રસન્નચિત્ત જ રહેતા. આવી તબિયતે વિ. સં. ૧૯૫૭ના ફાગણ માસ આસપાસ તેમને રાજકોટ ખસેડવામાં આવ્યા, જ્યાં ડૉ. પ્રાણજીવનદાસ વગેરે તેમની સેવામાં હતા.

વિ. સં. ૧૯૫૭માં અમદાવાદના સોમાભાઈ નામના એક ભાઈ શ્રીમદ્‌ની પાસે તેમની સેવા માટે ગયા હતા. તેઓ જણાવતા હતા કે તે વખતે શ્રીમદ્‌ને સંગ્રહણીનું દરદ બહુ જોરમાં હતું, તેથી વારંવાર ઝાડે જવું પડતું હતું. અને તબિયત એટલી બધી નબળી હતી કે પથારીમાં જ તેમને ઝાડો કરાવાતો. તેમનો ઝાડો નાખનાર સર્વ જણાવે છે કે શ્રીમદ્‌ના ઝાડામાં કેસર અને કસ્તૂરીની સુગંધ આવતી હતી, આથી કોઈને પણ સૂગ થતી નહોતી. શ્રીમદ્‌ના જ્ઞાનનો આ અતિશય હતો.[૧૩૬]

---

૧૩૨. ૧૩૩. ૧૩૪. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૫૭.

૧૩૫. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ભાગ ૨, ખંડ ૪, પૃ. ૧૨૦.

૧૩૬. ઝાડામાં કેસર-કસ્તૂરીની સુગંધની વાત સોમાભાઈ મહાસુખભાઈ જણાવતા હતા. તેઓ શ્રીમદ્‌ના સમાગમમાં વિ. સં. ૧૯૫૬–૫૭માં આવ્યા હતા.

રાજકોટ આવ્યા પછી શ્રીમદ્‌ની તબિયત વધુ લથડી હતી. તેમનાં કુટુંબીજનો તથા સ્નેહીજનો તેમની સેવામાં હતાં. પણ તેઓ તો પોતાના આત્મસ્વરૂપમાં જ લીન રહેતા. તેમણે પોતાની સ્થિતિ વિશે થોડા ઉદ્‌ગારો વિ. સં. ૧૯૫૭ના ફાગણ વદ ત્રીજના રોજ લખ્યા હતા, તે જોઈએ :—

"ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો. ત્યાં વચ્ચે સહરાનું રણ સંપ્રાપ્ત થયું. માથે બોજો ઘણો રહ્યો હતો તે આત્મવીર્યે કરી જેમ અલ્પકાળે વેદી લેવાય તેમ પ્રઘટન કરતાં પગે નિકાચિત ઉદયમાન થાક ગ્રહણ કર્યો. જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી એ જ અદ્‌ભુત આશ્ચર્ય છે. અવ્યાબાધ સ્થિરતા છે. પ્રકૃતિ ઉદયાનુસાર કંઈક અશાતા મુખ્યત્વે વેદી શાતા પ્રત્યે."૧૩૭

આ વચનો પરથી લાગે છે કે તેમને પોતાના અંતિમ દિવસોનો ખ્યાલ આવી ગયો હતો.

શ્રીમદ્‌ના અંતિમ દિવસની – ચૈત્ર વદ ૫ ની – ચર્યા તેમના લઘુબંધુ શ્રી મનસુખભાઈએ લખી છે, તે વિગત તેમના જ શબ્દોમાં જોઈએ :—

"મનદુઃખ, હું છેવટની પળ પર્યંત અસાવધ રહ્યો. તે પવિત્રાત્માએ આડકતરી રીતે ચેતવ્યું, તથાપિ રાગને લઈને સમજી શક્યો નહિ. હવે સ્મરણ થાય છે કે તેઓએ મને અનેક વાર ચેતવણી આપી હતી. હું અજ્ઞાન, અંધ અને મૂર્ખ તેઓશ્રીની વાણી સમજી શકવાને અસમર્થ હતો. દેહત્યાગના આગલા દિવસે સાયંકાળે રેવાશંકરભાઈ, નરભેરામ, હું વગેરે ભાઈઓને કહ્યું, 'તમે નિશ્ચિંત રહેજો. આ આત્મા શાશ્વત છે. અવશ્ય ઉત્તમ ગતિને પ્રાપ્ત થવાનો છે. તમે શાંતિ અને સમાધિપણે પ્રવર્તશો. જે રત્નમય જ્ઞાનવાણી આ દેહ દ્વારાએ કહી શકાવાની હતી તે કહેવાનો સમય નથી. તમે પુરુષાર્થ કરશો.' આવી સ્પષ્ટ ચેતવણી છતાં અમે રાગને કારણે ચેતી શક્યા નહિ. અમે તો ભ્રમમાં રહ્યા કે અશક્તિ જણાય છે. રાત્રિના અઢી વાગે અત્યંત શરદી થઈ તે સમયે તેઓશ્રીએ જણાવ્યું કે 'નિશ્ચિંત રહેજો, ભાઈનું સમાધિમૃત્યુ છે.' ઉપાયો કરતાં શરદી ઓછી થઈ ગઈ. પોણા આઠ વાગે સવારે દૂધ આપ્યું, તે તેઓએ લીધું. તદ્દન સંપૂર્ણ શુદ્ધિમાં મન, વચન અને કાયા રહ્યાં હતાં. પોણા નવે કહ્યું, 'મનસુખ, દુઃખ ન પામતો, માને ઠીક રાખજે. હું મારા સ્વરૂપમાં લીન થાઉં છું.' સાડાસાત વાગે જે બિછાનામાં પોઢ્યા હતા તેમાંથી એક કોચ ઉપર ફેરવવાની મને આજ્ઞા કરી. મને લાગ્યું કે અશક્તિ ઘણી જણાય છે માટે ફેરફાર ન કરવો. ત્યારે તેઓશ્રીએ આજ્ઞા કરી કે ત્વરાથી ફેરફાર કર. એટલે મેં સમાધિભાવે સૂઈ શકાય એવી કોચ પર વ્યવસ્થા કરી, જે ઉપર તે પવિત્ર દેહ અને આત્મા સમાધિસ્થ ભાવે છૂટા પડ્યા. લેશ માત્ર આત્મા છૂટો થવાનાં ચિહ્ન ન જણાયાં. જેમ જેમ પ્રાણ ઓછા થવા લાગ્યા તેમ તેમ મુખમુદ્રાની કાંતિ વિશેષપણે પ્રકાશ પામવા લાગી. વઢવાણ કેમ્પમાં જે સ્થિતિમાં ઊભા ઊભા ચિત્રપટ પડાવેલ તે જ

---

૧૩૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૫૮.

સ્થિતિમાં કોચ ઉપર સમાધિ પાંચ કલાક રહી. લઘુશંકા, દીર્ઘશંકા, મોઢે પાણી કે આંખે પાણી કે પરસેવો કંઈ પણ પોણા આઠથી બે વાગ્યા સુધી, પ્રાણ છૂટા પડ્યા તોપણ કશું જણાયું નહોતું. એક કલાકે, દૂધ પીધા પછી હંમેશ દિશાએ જવું પડતું તેને બદલે આજે કંઈ પણ નહિ. જેવી રીતે યંત્રને ચાવી દઈ આધીન કરી લેવામાં આવે તે રીતે કરેલ. આવા સમાધિસ્થભાવે તે પવિત્ર આત્મા અને દેહનો સંબંધ છૂટચો. પાંચ-૭ દિવસ અગાઉ તેઓશ્રીએ કેટલાંક પદ લખાવેલાં તે પૂ. ધારસીભાઈ અને નવલચંદભાઈ પાસે છે. પોતે તદ્દન વીતરાગભાવે પ્રવૃત્તિ કરેલી એટલે કોઈ પણ પ્રકારે તેઓશ્રીએ પોતાની માની પ્રવૃત્તિ કરેલી નહિ, ઉદાસીનપણું જ યોગ્ય ધાર્યું હતું."[૧૩૮]

શ્રીમદ્દના દેહત્યાગ વખતે શ્રી નવલભાઈ પણ હાજર હતા. તેઓશ્રી અંબાલાલભાઈને શ્રીમદ્દના દેહત્યાગ-સમયની દશા વર્ણવતાં લખે છે કે :—

"નિર્વાણ સમયની મૂર્તિ અનુપમ, ચૈતન્યવ્યાપી, શાંત, મનોહર અને જોતાં તૃપ્તિ ન થાય તેવી શોભતી હતી, એમ આપણને ગુણાનુરાગીને તો લાગે, પણ જેઓ બીજા સંબંધે હાજર હતા તેઓને પણ આશ્ચર્ય પમાડતી ને પૂજ્યભાવ ઉત્પન્ન કરતી જણાતી હતી. આ વખતના અદ્‌ભુત સ્વરૂપનું વર્ણન કરવાને આત્મામાં જે ભાવ થાય છે તે લખી શકતો નથી."[૧૩૯]

વિ. સં. ૧૯૫૭ના ચૈત્ર વદ પાંચમ ને મંગળવારે બપોરે બે વાગ્યે થયેલા શ્રીમદ્દના દેહાંતના સમાચારથી અંબાલાલભાઈ, લલ્લુજી મહારાજ વગેરેને ઘણો આઘાત લાગ્યો હતો. અને તેમને વિયોગ પણ સાલ્યો હતો.

સમાધિમરણ થવું એ બહુ દુર્લભ વસ્તુ છે. જ્ઞાનીઓ કહે છે કે એક ભવનું સમાધિ-મરણ અનંત ભવનાં અસમાધિમરણને ટાળી દે છે. એવું અપૂર્વ સમાધિમરણ શ્રીમદ્દને પ્રાપ્ત થયું હતું. અલબત્ત, તેમણે પોતાની આખી જિંદગી એ માટે જ પુરુષાર્થ કર્યો હતો. અને તેના ફળરૂપે તેમણે ઉચ્ચ સમાધિમરણ પ્રાપ્ત કર્યું હતું.

અનેક વર્તમાનપત્રોએ શ્રીમદ્દના અવસાનની નોંધ લેતાં અગ્રલેખ લખ્યા હતા. અને તેમાં શ્રીમદ્દની અવધાન, જ્યોતિષ આદિના જ્ઞાનથી ઉજ્જ્વળ થયેલી કારકિર્દીનો ચિતાર અપાયો હતો. આ બધાંમાં "મુંબઈ સમાચાર", "ધ પાયોનિયર", "ધ ઇન્ડિયન સ્પેક્ટેટર" વગેરે મુખ્ય હતાં. આ સમયે અલાહાબાદથી પ્રગટ થતા અંગ્રેજી પત્ર "ધ પાયોનિયર"ના તા. ૨૨ મે ૧૯૦૧ના અંકમાં શ્રીમદ્ રાજચંદ્રના અવસાન-પ્રસંગે નીચે પ્રમાણે નોંધ લેવાઈ હતી :—

૧૩૮. "શ્રીમદ્ રાજચંદ્ર : જીવનકળા", આવૃત્તિ ૫, પૃ. ૨૧૮.
૧૩૯. એજન, પૃ. ૨૨૦.

## Indians of To-day

"Shreemad Rajchandra was in every way a remarkable man. His mental powers were extra-ordinary. At the same time the moral elevation of his charactor was equally striking. His regard for truth, his adherance to the strictest moral principles in business, his determination to do what he believed to be right, in spite of all opposition, and his lofty ideal of duty inspired and elevated those who came in contact with him. His exterior was not imposing, but he had a serenity and gravity of his own. On account of his vast and accurate knowledge of relegions and philosophy, his wonderful powers of exposition and his lucid delivery, his discoursed were listened with the utmost attention. His self-control under irritating circumstances was so complete, his presence so inspiring that those who came to discuss with him in a defiant and combitive frame of mind returned quite humiliated and full of admiration."

## શ્રીમદ્‌નું ધાર્મિક વલણ

બાળવયથી જ શ્રીમદ્‌માં પ્રીતિ, સરળતા તથા સર્વ પ્રતિ ભ્રાતૃભાવ કેળવવાની ઇચ્છા હતી. તેઓ માણસજાતના બહુ વિશ્વાસુ હતા, અને લોકોમાં જુદાઈના અંકુરો જોઈ તેમનું અંતકરણ રડી ઊઠતું; એમનામાં આટલી બધી કોમળતા હતી. આવા સાફ, સરળ, વાત્સલ્યમય બાળ શ્રીમદ્‌ પર તેમના પિતામહ તરફથી ભક્તિના સંસ્કાર રેડાયા હતા.

શ્રીમદ્‌ના પિતામહ કૃષ્ણની ભક્તિ કરતા, તેથી તેમની પાસેથી શ્રીમદ્‌ે કૃષ્ણનાં પદો, તથા જુદા જુદા અવતારો સંબંધીના ચમત્કારો સાંભળ્યા હતા. પરિણામે બાળ શ્રીમદ્‌માં એ અવતારો પ્રતિની પ્રીતિ તથા ભક્તિ બંને આવ્યાં હતાં. આથી બાળલીલામાં તેમણે રામદાસજી નામના સાધુ પાસે કંઠી પણ બંધાવી હતી. તેઓ દરરોજ કૃષ્ણનાં દર્શન કરવા પણ જતા. તેના ચમત્કારો જોવાની તેમને ઘણી ઉત્કંઠા હતી, તેથી તે સંપ્રદાયના મહંત બનવાની ઇચ્છા પણ તેમને થતી. આમ બાળવયથી તેમને તેમના પિતામહ તરફથી વૈષ્ણવ સંપ્રદાયના સંસ્કાર મળ્યા હતા. વળી, ગુજરાતી ભાષાની પાઠમાળામાં આપેલો જગતૃકર્તા સંબંધીનો બોધ તેમને દૃઢ થઈ ગયો હતો, એટલે તેમને જગતૃકર્તામાં ન માનનાર જૈનો પ્રતિ ઘૃણા આવતી હતી. કોઈ વસ્તુ બનાવ્યા વિના બને જ નહિ તેવો સિદ્ધાંત દૃઢ થવાથી જૈનધર્મની કર્મ સંબંધી માન્યતા તેમને મૂર્ખતાભરી લાગતી. વળી, વૈષ્ણવ સંપ્રદાય કરતાં જૈનના આચારવિચાર મલિન લાગતા હતા, તેથી પણ તેમની પ્રીતિ વૈષ્ણવ સંપ્રદાય તરફ બાળપણમાં વિશેષ રહી હતી.

શ્રીમદ્દનાં માતુશ્રી જૈનનાં દીકરી હતાં, તેથી તેમના તરફથી તેમને જૈન સંસ્કાર પણ મળ્યા હતા. વળી, તેમની જન્મભૂમિના ગામ વવાણિયામાં જેટલા વાણિયાઓ રહેતા હતા, તેનો મોટો ભાગ પ્રતિમાને નહિ માનનાર જૈનવર્ગમાં આવતો હતો. શ્રીમદ્ પહેલેથી ગામના નામાંકિત અને શક્તિશાળી વિદ્યાર્થી તરીકે પ્રખ્યાત હતા. તેથી ગામના અગ્રગણ્ય લોકો તેમની સાથે વાતો કરવા શ્રીમદ્દને બોલાવતા. શ્રીમદ્ પણ પોતાની શક્તિ બતાવવા તેમની પાસે જતા અને વાતચીત કરતા. એ લોકો શ્રીમદ્ સાથેની વાતોથી આનંદિત થતા, અને ક્યારેક શ્રીમદ્દે બાંધેલી કંઠીની હાંસી પણ કરતા. તે વખતે તેઓ પોતાનો અભિપ્રાય સમજાવવા બનતો પ્રયત્ન કરતા, પણ એ લોકો વધુ સબળ હતા. તે લોકોના સંગમાં શ્રીમદ્દને જૈનનાં "પ્રતિક્રમણસૂત્ર", "સામાયિકસૂત્ર" આદિ વાંચવા મળ્યાં. તેમાં ખૂબ જ વિનયપૂર્વક સર્વ જગતના જીવોથી મૈત્રી ઇચ્છેલી જોઈને શ્રીમદ્દની આ સૂત્રો ઉપર પ્રીતિ થઈ, અને સાથે સાથે વૈષ્ણવ સંપ્રદાયમાં પણ પ્રીતિ ચાલુ રહી. ધીરે ધીરે જૈનધર્મનો તેમનો પરિચય વધતો ગયો, તોપણ તેમને વૈષ્ણવ સંપ્રદાયના સ્વચ્છ રહેવાના તથા બીજા કેટલાક આચારવિચાર વિશેષ પ્રિય હતા, એટલું જ નહિ પણ જગત્કર્તા પ્રત્યેની તેમની શ્રદ્ધા એવી જ અચળ હતી. એ અરસામાં, એટલે કે લગભગ તેમની તેર વર્ષની વય આસપાસ, તેમણે બંધાવેલ કંઠી તૂટી ગઈ, જે તેમણે ફરીથી બંધાવી નહિ.

આમ બાળવયથી જ શ્રીમદ્ સત્યશોધન પાછળ લાગી ગયા હતા. વૈષ્ણવ સંપ્રદાયની પ્રીતિ હોવા છતાં, જૈનનું જે જે સારું લાગ્યું તે તે સર્વ તેઓ ઝડપથી સ્વીકારતા ગયા હતા. અને વર્ષોના પ્રયત્નો પછી પણ જે સાધ્ય ન થાય તે તેમણે આ રીતે નાની વયમાં જ સાધ્ય કરી લીધું હતું.

તેર વર્ષની વયે શરૂ થયેલો ધર્મમંથનનો કાળ લગભગ ત્રણેક વર્ષ સુધી લંબાયો હતો. છ દર્શનમાં શ્રેષ્ઠ કયું, કયા દર્શનને અનુસરવાથી જીવનમુક્ત થવાય એની શોધમાં તેમણે ત્રણ-ચાર વર્ષ, જે જે ધાર્મિક ગ્રંથો ઉપલબ્ધ થયા તે તે વાંચવા-વિચારવામાં ગાળ્યાં. અને તેમાંથી તેઓ એવા નિર્ણય પર આવ્યા કે વીતરાગ પ્રભુપ્રણીત માર્ગ–જૈન દર્શન – જ શ્રેષ્ઠ છે.

પોતે કરેલા નિર્ણયનો નિચોડ તથા સમજાવટ તેમણે "મોક્ષમાળા"માં આપેલ છે. તેમાં જૈનધર્મના સિદ્ધાંતો સરળતાથી સમજાવવાની સાથે અનેક દૃષ્ટાંતો પણ આપ્યાં છે. વળી ષડ્દર્શનની તુલનામાં જૈનધર્મની શ્રેષ્ઠતા બતાવવા તેમણે "તત્ત્વાવબોધ"ના ૧૭ પાઠ તેમાં રચ્યા છે. તેમાં જૈનધર્મની શ્રેષ્ઠતા કઈ રીતે હતી તે બતાવતાં તેમણે લખ્યું છે કે :—

> "જૈનના અક્કેક પવિત્ર સિદ્ધાંત પર વિચાર કરતાં આયુષ્ય પૂર્ણ થાય, તો પણ પાર પામીએ નહિ તેમ રહ્યું છે. બાકીના સઘળા ધર્મમતોના વિચાર જિનપ્રણીત વચનામૃતસિંધુ આગળ બિંદુરૂપ પણ નથી. જૈન જેણે જાણ્યો અને સેવ્યો તે કેવળ નીરાગી અને સર્વજ્ઞ થઈ જાય છે. એના પ્રવર્તકો કેવા પવિત્ર પુરુષો હતા! એના સિદ્ધાંતો કેવા અખંડ, સંપૂર્ણ અને દયામય છે! એમાં દૂષણ કાંઈ જ નથી. કેવળ નિર્દોષ તો માત્ર જૈનનું દર્શન છે. એવો એક્કે પારમાર્થિક વિષય નથી કે જે જૈનમાં નહિ હોય, અને એવું એક્કે તત્ત્વ નથી જે જૈનમાં નથી. એક વિષયને અનંત ભેદે

પરિપૂર્ણ કહેનાર તે જૈન દર્શન છે. પ્રયોજનભૂત તત્ત્વ એના જેવું ક્યાંયે નથી. આમ કહેવાનું કારણ શું ? તો માત્ર તેની પરિપૂર્ણતા, નીરાગિતા, સત્યતા અને જગતહિતસ્વિતા."[૧૪૦]

આમ શ્રીમદ્દે લઘુવયથી જ, સર્વ ધર્મની તુલના કર્યા પછી, જૈનધર્મની શ્રેષ્ઠતા જાણી હતી, તે ઉપરના અવતરણ પરથી સ્પષ્ટ થાય છે. પછી પણ જુદાં જુદાં દર્શનો વિશેનાં તુલનાત્મક વચનો તેમના પત્રાદિ સાહિત્યમાં મળે છે. ઉદાહરણ તરીકે :—

"વેદાંતાદિમાં આત્મસ્વરૂપની જે વિચારણા કહી છે, તે વિચારણા કરતાં શ્રી જિનાગમમાં જે આત્મસ્વરૂપની વિચારણા કહી છે, તેમાં ભેદ પડે છે. સર્વ વિચારણાનું ફળ આત્માનું સહજસ્વભાવે પરિણામ થવું એ જ છે. સંપૂર્ણ રાગદ્વેષ ક્ષય થયા વિના સંપૂર્ણ આત્મજ્ઞાન પ્રગટે નહિ એવો નિશ્ચય જિને કહ્યો છે તે, વેદાંતાદિ કરતાં બળવાન પ્રમાણભૂત છે."[૧૪૧]

"વેદાંતાદિ દર્શનનો લક્ષ આત્મજ્ઞાનભણી અને સંપૂર્ણ મોક્ષ પ્રત્યે જતો જોવામાં આવે છે, પણ તેનો યથાયોગ્ય નિર્ધાર સંપૂર્ણપણે તેમાં જણાતો નથી, અંશે જણાય છે, અને કંઈ કંઈ તે પણ પર્યાયફેર દેખાય છે. જોકે વેદાંતને વિશે ઠામ ઠામ આત્મચર્યા જ વિવેચી છે, તથાપિ તે ચર્ચા સ્પષ્ટપણે અવિરુદ્ધ છે એમ હજી સુધી લાગી શકતું નથી...એમ જણાય છે કે વેદાંત જે પ્રકારે આત્મસ્વરૂપ કહે છે તે જ પ્રકારે સર્વથા વેદાંત અવિરોધપણું પામી શકતું નથી. કેમ કે તે કહે છે તે જ પ્રમાણે આત્મસ્વરૂપ નથી, કોઈ તેમાં મોટો ભેદ જોવામાં આવે અને તે તે પ્રકારે સાંખ્યાદિ દર્શનોને વિશે પણ ભેદ જોવામાં આવે છે. એક માત્ર શ્રી જિને કહ્યું છે તે આત્મસ્વરૂપ વિશેષ અવિરોધી જોવામાં આવે છે અને તે પ્રકારે વેદવામાં આવે છે, સંપૂર્ણપણે અવિરોધી જિનનું કહેલું આત્મસ્વરૂપ હોવા યોગ્ય છે, એમ ભાસે છે."[૧૪૨]

આમ સર્વ ધર્મનાં અવલોકન પછી જ શ્રીમદ્દે જૈનધર્મને શ્રેષ્ઠ ગણ્યો હતો. તેમને વેદાંતના સમર્થ તત્ત્વજ્ઞાની જેટલું વેદાંતનું જ્ઞાન હતું તે તેમની હસ્તનોંધ જોતાં જણાશે. જૈનધર્મની ઉત્તમતા જાણવા છતાં તેના થકી જ મોક્ષ થાય તેવો આગ્રહ નહોતો. તેમના મત મુજબ તો સર્વ ધર્મનું મૂળ આત્મધર્મ હતું. અને જે રીતે આત્મા પમાય તે જ મોક્ષમાર્ગ એ તેમનો સૌથી પ્રબળ અભિપ્રાય હતો. પણ આ માર્ગ બે નથી, તેમ સ્પષ્ટ જણાવતાં એક પત્રમાં તેમણે લખ્યું છે કે :—

"મોક્ષના માર્ગ બે નથી...શ્રી મહાવીર જે વાટેથી તર્યા તે વાટેથી શ્રીકૃષ્ણ તરશે, જે વાટેથી શ્રીકૃષ્ણ તરશે તે વાટેથી શ્રી મહાવીર તર્યા છે. એ વાટ ગમે ત્યાં બેઠાં, ગમે તે કાળે, ગમે તે શ્રેણીમાં, ગમે તે યોગમાં જ્યારે પમાશે ત્યારે પવિત્ર શાશ્વત સત્પદના અનંત અતીન્દ્રિય સુખનો અનુભવ થશે...મતભેદ રાખી કોઈ મોક્ષ પામ્યા નથી."[૧૪૩]

---

૧૪૦. ૧૪૧. ૧૪૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૨૫; પૃ. ૪૬૩. આ ઉપરાંત આંક ૫૧૩, ૫૩૦, ૭૧૧ વગેરે જોવાથી શ્રીમદ્દનો તુલનાત્મક અભ્યાસ જણાશે.

૧૪૩. એજન, પૃ. ૧૮૨.

આ ઉપરાંત શ્રીમદ્‌નો એ જ અભિપ્રાય જણાવતાં નીચેનાં વચનો તપાસો :—

"જ્યારે જૈનશાસ્ત્ર વાંચવા જણાવીએ ત્યારે જૈની થવાને નથી જણાવતા, વેદાંતશાસ્ત્ર વાંચવા જણાવીએ ત્યારે વેદાંતી થવા નથી જણાવતા, તેમજ અન્ય શાસ્ત્ર વાંચવા જણાવીએ ત્યારે અન્ય થવા નથી જણાવતા. માત્ર જે જણાવીએ છીએ, તે તમે સર્વને ઉપદેશ લેવા અર્થે જણાવીએ છીએ, જૈની અને વેદાંતી આદિનો ભેદ ત્યાગ કરો."[૧૪૪]

"ગમે તે વાટે અને ગમે તે દર્શનથી કલ્યાણ થતું હોય, તો ત્યાં પછી મત-મતાંતરની કંઈ અપેક્ષા શોધવી યોગ્ય નથી. આત્મત્વ જે અનુપ્રેક્ષાથી, જે દર્શનથી કે, જ્ઞાનથી પ્રાપ્ત થાય તે અનુપ્રેક્ષા, તે દર્શન કે તે જ્ઞાન સર્વોપરી છે, અને જેટલા આત્મા તર્યા છે, વર્તમાને તરે છે, ભવિષ્યે તરશે તે સર્વ એક જ ભાવને પામીને."[૧૪૫]

"જૈનના આગ્રહથી જ મોક્ષ છે એમ આત્મા ઘણા વખત થયાં માનવું ભૂલી ગયો છે. મુક્તભાવમાં જ મોક્ષ છે એમ ધારણા છે."[૧૪૬]

"હું કોઈ ગચ્છમાં નથી, પણ આત્મામાં છું, એ ભૂલશો નહિ."[૧૪૭]

"જગતના સઘળા દર્શનની મતની શ્રદ્ધાને ભૂલી જજો, જૈન સંબંધી સર્વ ખ્યાલ ભૂલી જજો, માત્ર તે સત્પુરુષોના યોગસ્ફુરિત ચારિત્રમાં જ ઉપયોગને પ્રવર્તાવશો."[૧૪૮]

આ પ્રકારનાં અનેક વચનો ઉપરાંત શ્રીમદ્‌નાં કાવ્યોમાં પણ એ જ અભિપ્રાય ઠેર ઠેર નજરે ચડે છે. એક-બે ઉદાહરણ જોઈએ :—

"ભિન્ન ભિન્ન મત દેખિએ, ભેદ દૃષ્ટિનો એહ;
એક તત્ત્વના મૂળમાં, વ્યાપ્યા માનો તેહ."

"જાતિ વેશનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય."[૧૪૯]

શ્રીમદ્ આમ પક્ષપાતરહિત, મધ્યસ્થતાથી જ જૈનધર્મને શ્રેષ્ઠ ગણતા હતા, તેથી જ તો તેઓ :—

"पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥"[૧૫૦]

---

૧૪૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૩૨૬.
૧૪૫. એજન પૃ. ૧૯૩. ૧૪૬. એજન, પૃ. ૨૧૮.
૧૪૭. એજન, પૃ. ૧૭૦. ૧૪૮. એજન, પૃ. ૧૭૦.
૧૪૯. એજન, પૃ. ૫૫૩. ૧૫૦. એજન, પૃ. ૧૮૯.

એ હરિભદ્રાચાર્યનો મધ્યસ્થતા બોધક શ્લોક ટાંકી શ્રી મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી જેવા પાકા વેદાંતીને પણ મધ્યસ્થતા કેળવવાની હિમાયત કરે છે.

જૈન દર્શનને ઉત્તમ માનતા હોવા છતાં વિ. સં. ૧૯૪૪થી શરૂ કરી વિ. સં. ૧૯૫૭ સુધી તેમણે સઘળાં મતમતાંતરને ત્યાગવાનો જ ઉપદેશ આપ્યો હતો. જે માર્ગે આત્મજ્ઞાન થાય તે જ માર્ગ ઉત્તમ તે તેમની મુખ્ય માન્યતા હતી. કોઈ પણ ધર્મ પ્રતિ તેમને અંગત રાગ કે દ્વેષ નહોતો, તે ઉપરનાં અવતરણો ઉપરાંત તેમણે રચેલાં "મોક્ષમાળા", "આત્મસિદ્ધિ", "અપૂર્વ અવસર", "મૂળમાર્ગ રહસ્ય", "પંથ પરમ પદ બોધ્યો", વગેરે જોતાં જણાશે. આત્મજ્ઞાન થવાનો ઉપાય શ્રેષ્ઠ રીતે જૈનમાં બતાવ્યો હોવાથી તેમને તેમાં પ્રીતિ થઈ હતી, તેમ છતાં જ્યાં જ્યાંથી સારાં તત્ત્વો મળે ત્યાં ત્યાંથી તે લેવામાં તેમણે કદી બાધ ગણ્યો ન હતો. આથી જ તો તેઓ કબીર, નરસિંહ, મીરાં, અખો, દયારામ, છોટમ, પ્રીતમ, નિરાંત, ભોજો વગેરે સંત કવિઓનાં કાવ્યોનો અધ્યાત્મરસ માણી શકતા હતા. વળી, તેમણે અનેક જગ્યાએ જૈન દર્શનનાં ન હોય તેવાં "પ્રબોધશતક", "પંચીકરણ", "યોગવાશિષ્ઠ", "મણિરત્નમાળા", "ગીતા" આદિ પુસ્તકો વાંચ્યાંનો ઉલ્લેખ કર્યો છે, એટલું જ નહિ તે ગ્રંથો વાંચવાની ભલામણ મુમુક્ષુઓને પણ કરી છે. તે જ બતાવે છે કે તેમનો ઉપદેશ કોઈ મતમાં પુરાઈ રહેવાનો ન હતો, પણ આત્મજ્ઞાન પામવાને રસ્તે જ ચાલવાનો હતો.

આત્મજ્ઞાન પામવા માટે તેમને જેમ જૈન દર્શનની ઉત્તમતા લાગી, તેમ તેના ઉપાય તરીકે ભક્તિમાર્ગ શ્રેષ્ઠ લાગ્યો હતો. ભક્તિમાર્ગે ચાલવાથી જીવનું કલ્યાણ વહેલું થાય છે, તેમ તેઓ માનતા હતા. વિ. સં. ૧૯૪૭ના મહા વદ ૩ ના રોજ, પોતાને પરાભક્તિનું સ્વરૂપ સમજાયાની વાત તેમણે સોભાગભાઈને લખી છે. તેમાં ગોપીઓ ભગવાન શ્રીકૃષ્ણને મહીની મટુકીમાં નાખીને વેચવા ચાલી છે, તે "ભાગવત"ના પ્રસંગમાં ગોપીઓની ભક્તિ દ્વારા વ્યાસમુનિએ પણ કેવો અખંડ હરિરસ ગાયો છે, તે વિશે શ્રીમદ્‌ે લખ્યું છે કે :—

> "આખી સૃષ્ટિને મથીને જો મહી કાઢીએ તો માત્ર એક અમૃતરૂપ વાસુદેવ ભગવાન જ મહી નીકળે છે. એવું સૂક્ષ્મ સ્વરૂપ તે સ્થૂળ કરી વ્યાસજીએ અદ્ભુત ભક્તિને ગાઈ છે. આ વાત અને આખું ભાગવત એ એકને જ પ્રાપ્ત કરાવવા માટે અક્ષરે અક્ષરે ભરપૂર છે. તે મને ઘણા કાળ થયાં પહેલાં સમજાયું છે, આજે અતિ અતિ સ્મરણમાં છે, કારણ કે સાક્ષાત્ અનુભવપ્રાપ્તિ છે...ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દૃઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે, અને તે સત્પુરુષનાં ચરણ સમીપ રહીને થાય તો ક્ષણ વારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે."[૧૫૧]

અહીં ભક્તિમાર્ગની શ્રેષ્ઠતા ઉપરાંત અન્ય ધર્મનાં સારાં તત્ત્વો સ્વીકારવાની શ્રીમદ્‌ની રીતિ જોઈ શકાશે. વળી આ વચનો જુઓ :—

---

૧૫૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૬૩.

"અનાદિથી અત્યંત અજ્ઞાનદશાએ આ જીવે પ્રવૃત્તિ કરી છે. તે પ્રવૃત્તિ એકદમ અસત્ય અને અસાર સમજાઈ, તેની નિવૃત્તિ સૂજે એમ બનવું બહુ કઠણ છે, માટે જ્ઞાની પુરુષનો આશ્રય કરવા રૂપ ભક્તિમાર્ગ જિને નિરૂપણ કર્યો છે, કે જે માર્ગ આરાધવાથી સુલભપણે જ્ઞાનદશા ઉત્પન્ન થાય છે."[૧૫૨]

"આત્મજ્ઞાન દુર્ગમ્ય પ્રાયે દેખીને નિષ્કારણ કરુણાશીલ એવા તે સત્પુરુષોએ ભક્તિમાર્ગ પ્રકાશ્યો છે; જે સર્વ અશરણને નિશ્ચળ શરણરૂપ છે, અને સુગમ છે."[૧૫૩]

શ્રીમદ્દે આત્મજ્ઞાન પામવા માટે, ઉપર જોયાં તે અવતરણો પ્રમાણે, ભક્તિમાર્ગને શ્રેષ્ઠ ગણ્યો હતો. અને તેથી ધર્મનાં મતાંતર જોઈ તેમના દિલને બહુ દુઃખ થતું. નાના નાના ભેદો માટે લડી મરીને જીવને પોતાનું કલ્યાણ જ કરવું ચૂકી જતો દેખી તેમના અંતરમાં ખૂબ વેદના થતી. આ મતાંતરો જોઈ તેમની આંખોમાં આંસુ આવી જતાં. વર્ષમાં બેએક દિવસના ફેરથી બે પર્યુષણ પળાય, તિથિ પણ જુદી જુદી પળાય, એવા નાના ભેદોમાં રાચતા લોકોને આત્મકલ્યાણ કરવાનું ચૂકી જતાં જોઈ તેમનું હૃદય બહુ દ્રવી ઊઠતું. આથી તેવાં મતમતાંતરથી દૂર રહેવાની જ ભલામણ તેમણે સર્વત્ર કરી છે. જૈનમાર્ગમાં અનેક મત થવાનાં કારણની ચર્ચા તેમણે "મોક્ષમાળા" તથા "પ્રતિમાસિદ્ધિ"ના લેખમાં કરી છે. તેમાં તેમ થવાના મુખ્ય કારણરૂપે શ્રીમદ્ એ જણાવે છે કે, ઉપાસક વર્ગનું તત્ત્વજ્ઞાન ભણીથી લક્ષ ચલિત થઈને ક્રિયાભાવ તરફ ગયું છે. આ ઉપરાંત પોતાની શિથિલતાને લીધે કેટલાક પુરુષોએ નિર્ગ્રન્થ દશાની પ્રાધાન્યતા ઘટાડી હોય, એ આચાર્યોનો પરસ્પર વાદવિવાદ, મોહનીય કર્મનો ઉદય, ગ્રહાયા પછી તે વાતનો માર્ગ મળતો હોય તોપણ દુર્લભબોધિતાને લીધે ન ગ્રહવો, મતિની ન્યૂનતા વગેરે અન્ય કારણો પણ તેમણે "પ્રતિમાસિદ્ધિ"માં જૈનમાર્ગમાં મતમતાંતર વધવા માટે ગણાવ્યાં છે. આ ઉપરાંત કેટલાક પત્રોમાં પણ આ વિશેનાં કારણોની તેમણે છૂટક છૂટક ચર્ચા કરેલી જોવા મળે છે.

વીતરાગપ્રણીત ધર્મમાં અનેક મતભેદ જોતાં તેમનું અંતર ખૂબ દુઃખી થતું હતું. આથી સર્વમતભેદરહિત, આત્મજ્ઞાન પામવાનો વીતરાગનો માર્ગ લોકો પાસે પ્રકાશવાની તેમને તીવ્ર અભિલાષા હતી. અને તેમની તે અભિલાષા તેમણે નાની વયમાં લખેલ પત્રોમાંથી પ્રગટ થાય છે. પછીથી તો તે અભિલાષાને કર્મોદયના કારણે તેમણે અંતરમાં ભંડારી મૂક્યા જેવી કરી હતી, અને જ્યારે ૩૩મે વર્ષે સર્વસંગપરિત્યાગ કરી માર્ગ પ્રકાશવાની તૈયારી શરૂ કરી ત્યારે તબિયતે યારી ન આપી! ૩૪મે વર્ષે તો તેમનો દેહવિલય થયો!

વીતરાગમાર્ગ પ્રવર્તાવવાની બાબતમાં શ્રીમદ્દે ૨૦મે વર્ષે પોતાના બનેવીને લખ્યું હતું કે :—

૧૫૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૪૫૪.
૧૫૩. એજન, પૃ. ૪૯૧.

"આખી સૃષ્ટિમાં પર્યટન કરીને પણ એ ધર્મ પ્રવર્તાવીશું; મને આશા છે કે તે ધર્મ પ્રવર્તાવવામાં તમે મને ઘણા સહાયક થઈ પડશો."[૧૫૪]

આ સમય પછી વ્યાવહારિક તથા બીજી ઉપાધિઓ આવતાં તે વૃત્તિ મંદ પડી. અને ૨૪મે વર્ષે શુદ્ધ જ્ઞાન થતાં તેમનામાં વિશેષ ગંભીરતા આવી, તેથી માર્ગ પ્રવર્તાવવાનાં યોગ્ય લક્ષણો ન આવે ત્યાં સુધી એ વિચાર મંદ કરવાનો નિર્ણય લીધો. તે વિશે સં. ૧૯૫૨માં તેઓ લખે છે કે:—

"નાની વયે માર્ગનો ઉદ્ધાર કરવા સંબંધી જિજ્ઞાસા વર્તતી હતી, ત્યાર પછી જ્ઞાનદશા આવ્યે ક્રમે કરીને તે ઉપશમ જેવી થઈ. પણ કોઈ કોઈ લોકો પરિચયમાં આવેલા, તેમને કેટલીક વિશેષતા ભાસવાથી કંઈક મૂળમાર્ગ પર લક્ષ આવેલો...એ ઉપરથી એમ જોવામાં આવ્યું કે લોકો તરવાના કામી વિશેષ છે પણ તેમને તેવો યોગ બાઝતો નથી. જો ખરેખર ઉપદેશક પુરુષનો જોગ બને તો ઘણા જીવો મૂળમાર્ગ પામે તેવું છે, અને દયા આદિનો વિશેષ ઉદ્યોત થાય તેવું છે. એમ દેખાવાથી કંઈક ચિત્તમાં આવે છે કે આ કાર્ય કોઈ કરે તો ઘણું સારું, પણ દૃષ્ટિ કરતાં તેવો પુરુષ ધ્યાનમાં આવતો નથી, એટલે કંઈક લખનાર પ્રત્યે જ દૃષ્ટિ આવે છે, પણ લખનારનો જન્મથી જ લક્ષ એવો છે કે એ જેવું એક્કે જોખમવાળું પદ નથી, અને પોતાની તે કાર્યની યથાયોગ્યતા જ્યાં સુધી ન વર્તે ત્યાં સુધી તેની ઇચ્છામાત્ર પણ ન કરવી, અને હજુ સુધી એમ વર્તવામાં આવ્યું છે...સર્વસંગપરિત્યાગ થયે તે કાર્યની પ્રવૃત્તિ સહજ સ્વભાવે ઉદયમાં આવે તો કરવી એવી કલ્પના માત્ર છે. તેનો ખરેખર આગ્રહ નથી...અમે ધારીએ છીએ તેમ સર્વસંગપરિત્યાગાદિ થાય તો હજારો માણસ મૂળમાર્ગને પામે, અને હજારો માણસ તે સન્માર્ગને આરાધી સદ્‌ગતિને પામે એમ અમારાથી થવું સંભવે છે. અમારા સંગમાં ત્યાગ કરવાને ઘણા જીવને વૃત્તિ થાય એવો અંગમાં ત્યાગ છે. ધર્મ સ્થાપવાનું માન મોટું છે, તેની સ્પૃહાથી પણ વખતે વૃત્તિ રહે, પણ આત્માને ઘણી વાર તાવી જોતાં તે સંભવ હવેની દશામાં ઓછો દેખાય છે. અને કંઈક સત્તાગત રહ્યો હશે તો તે ક્ષીણ થશે એમ અવશ્ય ભાસે છે, કેમ કે યથાયોગ્યતા વિના દેહ છૂટી જાય તેવી દૃઢ કલ્પના હોય તોપણ માર્ગ ઉપદેશવો નહિ, એમ આત્મનિશ્ચય છે. એક એ બળવાન કારણથી પરિગ્રહાદિ ત્યાગ કરવાનો વિચાર રહ્યા કરે છે. મારા મનમાં એમ રહે છે કે વેદોક્ત ધર્મ પ્રકાશવો હોય અથવા સ્થાપવો હોય તો મારી દશા યથાયોગ્ય છે. પણ જિનોક્તધર્મ સ્થાપવો હોય તો હજુ તેટલી યોગ્યતા નથી, તોપણ વિશેષ યોગ્યતા છે, એમ લાગે છે."[૧૫૫]

શ્રીમદે માર્ગ પ્રકાશવાનાં સાધન તરીકે સર્વસંગપરિત્યાગને સૌથી અગત્યનો ગણ્યો છે. અને પોતાની એવી દશા ૩૬મે વર્ષે આવી શકશે તેવી તેમની કલ્પના હતી, તે ઉપરના પત્રમાં શ્રીમદે બતાવી હતી. માર્ગ પ્રકાશવાની બાબતની કેટલીક વિચારણા તેમણે

૧૫૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૬૬.

૧૫૫. એજન, પૃ. ૫૧૮ તથા પૃ. ૧૬૬.

પોતાની "હસ્તનોંધ"માં પણ કરી હતી. અને એ માટેની યથાયોગ્યતા કઈ રીતે આવે તે માટે તેઓ પ્રયત્નશીલ પણ રહ્યા હતા. પરંતુ તેમનાથી એ કાર્ય પૂર્ણ થાય તે પહેલાં જ તેમની જીવનલીલા પૂર્ણ થઈ.

જૈનધર્મમાં પ્રવર્તતા મતભેદ તેમને પસંદ ન હતા. તેમાંનો એક વિવાદ મૂર્તિ બાબતનો છે; કેટલાક પ્રતિમાને માને છે અને કેટલાક તેનો નિષેધ કરે છે. શ્રીમદ્ પહેલાં પ્રતિમાને માનતા ન હતા, પણ પાછળથી તેમને તેમાં શ્રદ્ધા થઈ હતી. તે માટે તેમણે "પ્રતિમાસિદ્ધિ" નામનો લઘુગ્રંથ પણ લખ્યો હતો. પછીથી તો તેઓ જિનાલયમાં જવા, પ્રતિમાનું પૂજન કરવા પણ ભલામણ કરતા.

દિગંબર અને શ્વેતાંબર એવા બે જૈનમાર્ગના ફાંટાની સમજ આપતો "મોક્ષસિદ્ધાંત" નામનો એક લેખ લખવો તેમણે ચાલુ કર્યો હતો, પણ તે અપૂર્ણ રહ્યો છે. આ સિવાય બીજી જગ્યાએ પણ તેમણે તેનો જ્યાં જ્યાં નિર્દેશ કર્યો છે, ત્યાં ત્યાં તે બેનો સમન્વય થાય એવી જાતની જ ભાષા વાપરી છે. સર્વ જગ્યાએ મતભેદ છોડી આત્મા પર જ લક્ષ્ય આપવાનું તેમણે જણાવ્યું છે.

આમ જોઈએ તો શ્રીમદ્‌ને કોઈ નવો ધર્મ સ્થાપવાની અભિલાષા ન હતી, પણ વીતરાગમાર્ગમાં જે ભેદ વધેલા દેખાતા હતા, તેનાથી પર એવો શુદ્ધ માર્ગ પ્રકાશવાની તેમની ઇચ્છા હતી. આથી "નવો પંથ પ્રવર્તાવવા"નો જે આરોપ તેમના પર મુકાય છે તે મિથ્યા જણાય છે. એ વિશે દી. બા. ઝવેરીએ "રાજ જયંતી" પ્રસંગે કરેલા વ્યાખ્યાનમાં કહેલું કે :—

> "કેટલાક તરફથી એમ કહેવામાં આવે છે કે કવિશ્રીને નવો ધર્મ — નવીન સંપ્રદાય પ્રવર્તાવી પોતાને તેના આચાર્ય તરીકે ગણાવું હતું અને તેથી તેમને સાંપ્રત જૈન સંપ્રદાયના વિરોધી ગણવા જોઈએ. આ બાબતને તેમના લેખમાંથી મુદ્દલ ટેકો મળતો નથી. ઊલટો તેમનો આદર્શ તો સંપ્રદાય ઉપર કુચાલ, વહેમ વગેરેના પડદાઓ પથરાઈ ગયા હતા તેને દૂર કરવાનો હતો. શ્વેતાંબર અને દિગંબર વચ્ચેના વિગ્રહનું સાંત્વન કરવા જે પુરુષો મથી રહ્યા હતા તેઓ શું નવા સંપ્રદાયનો પ્રચાર કરી ફરી પાછું જૈન સમાજમાં એક તડ વધારે? કવિશ્રીનું ચારિત્ર જોતાં એ અનુમાન લેશ માત્ર સંભવતું નથી."[૧૫૬]

જૈન સમાજમાં પ્રવર્તતાં તડો એક કરવાનો પુરુષાર્થ શ્રીમદ્દે કેવો કર્યો હતો તે વિશે પંડિત સુખલાલજીએ ઈ. સ. ૧૯૨૨માં ઊજવાયેલી શ્રીમદ્‌ની જયંતી નિમિત્તે અમદાવાદમાં કહ્યું હતું કે :—

> "એકબીજાનાં શાસ્ત્રોનાં સાદર વાચન અને ચિંતન દ્વારા ત્રણે ફિરકા – શ્વેતાંબર, દિગંબર અને સ્થાનકવાસીઓમાં એકતા ઉત્પન્ન કરવાનું કામ આરંભવાનું શ્રેય તો

૧૫૬. "શ્રીમદ્ રાજચંદ્ર જયંતી વ્યાખ્યાનો", દી. બા. ઝવેરીનો નિબંધ.

શ્રીમદ્દને જ છે – જે આગળ જતાં ‘ પરમશ્રુત પ્રભાવક મંડળ ’ રૂપે અલ્પાંશે મૂર્તરૂપ ધારણ કરે છે.” ૧૫૭

આમ પ્રત્યેક જાતનાં મતમતાંતરોથી દૂર રહેનાર શ્રીમદ્દે વેદાંત, સાંખ્ય, બૌદ્ધ વગેરે દર્શનો વિશે પોતાને પ્રમાણિકપણે લાગ્યો તેવો જ અભિપ્રાય આપ્યો હતો. તેમનો આ અભિપ્રાય “ઉપદેશનોંધ”, “ઉપદેશછાયા ”, “ વ્યાખ્યાનસાર” અને કેટલાક પત્રો જોતાં સ્પષ્ટ જણાશે.

આમ શ્રીમદ્દ ધર્મની બાબતમાં સત્યાન્વેષક જ રહ્યા હતા તેમ આપણે નિઃશંકપણે કહી શકીએ.

## શ્રીમદ્દના અંગત પરિચયમાં આવનાર મહત્ત્વની વ્યક્તિઓ

શ્રીમદ્દમાં ખીલેલા આંતરિક ગુણોથી આકર્ષાઈને કેટલીક વ્યક્તિઓ તેમના વૈરાગ્ય-રંગથી રંગાઈ ગઈ હતી. અને તેવી વ્યક્તિઓ પર શ્રીમદ્દનો એટલો બધો પ્રભાવ પડ્યો હતો કે તેમનું જીવનવહેણ પણ બદલાઈ ગયું હતું. આવી મહત્ત્વની વ્યક્તિઓમાં શ્રી જૂઠાભાઈ ઉજમશી, શ્રી મનસુખભાઈ કિરતચંદ મહેતા, મહાત્મા ગાંધીજી, શ્રી અંબાલાલ લાલચંદ, મુનીશ્રી લલ્લુજી, અને શ્રી સોભાગભાઈ લલ્લુભાઈનો સમાવેશ થાય છે.[૧૫૮]

**જૂઠાભાઈ ઉજમશી** – વિ. સં. ૧૯૪૪માં “ મોક્ષમાળા ”ના કામ અંગે શ્રીમદ્દ અમદાવાદ આવ્યા ત્યારે તેમને પોતાનાથી એક વર્ષે મોટા શ્રી જૂઠાભાઈનો પરિચય થયો. જૂઠાભાઈ પૂર્વના સંસ્કારી જીવ હતા, એટલે બંને પરસ્પરના ગુણોથી આકર્ષાયા, અને ધીમે ધીમે બંનેનો પરિચય ગાઢ થતો ગયો. પ્રત્યક્ષ સમાગમ ન હોય ત્યારે તેઓ પત્રો દ્વારા પરમાર્થ-ચર્ચા કરતા, અને એ નિમિત્તે તેમનો પત્રવ્યવહાર નિયમિત ચાલતો. જૂઠાભાઈ દ્વારા શ્રી અંબાલાલભાઈને પણ શ્રીમદ્દની ઓળખાણ થઈ. આમ શ્રીમદ્દ અને અંબાલાલભાઈનો પરિચય જૂઠાભાઈ દ્વારા થયો. જૂઠાભાઈને શ્રીમદ્દના સમાગમ પછી સમ્યક્ત્વ પ્રકાશ્યું હતું. પણ આત્મજ્ઞાની જૂઠાભાઈની જીવનલીલા માત્ર ૨૩ વર્ષની ઊગતી વયે, વિ. સં. ૧૯૪૬માં સંકેલાઈ ગઈ ! પરમાર્થમાર્ગમાં આધારરૂપ જૂઠાભાઈનો વિયોગ શ્રીમદ્દને બહુ સાલ્યો હતો.

**મનસુખભાઈ કિરતચંદ** — મોરબીના રહીશ શ્રી કિરતચંદભાઈના પુત્ર શ્રી મનસુખભાઈ શ્રીમદ્દથી લગભગ આઠ-દસ વર્ષે નાના હતા. તેઓ લગભગ વિ. સં. ૧૯૫૦ની સાલથી

૧૫૭. “ શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ ”, પૃ. ૮૫.

૧૫૮. શ્રી જૂઠાભાઈ, ગાંધીજી, મનસુખભાઈ, સોભાગભાઈ, અંબાલાલભાઈ અને લલ્લુજી મહારાજ સાથેના શ્રીમદ્દના સંબંધની અને તે દરેકના જીવન ઉપર પડેલા શ્રીમદ્દના પ્રભાવની વિગતવાર માહિતી માટે જુઓ : આગળ પ્રકરણ ૧૩.

શ્રીમદ્‌ના પરિચયમાં આવ્યા હતા, પણ તેમને શ્રીમદ્‌ની જ્ઞાની તરીકેની ઓળખાણ તો લગભગ વિ. સં. ૧૯૫૫ની સાલમાં થઈ. તે પછી તેમનો શ્રીમદ્ માટેનો પૂજ્યભાવ વધતો ગયો હતો. પણ વિ. સં. ૧૯૫૭માં શ્રીમદ્‌નો દેહાંત થતાં મનસુખભાઈને તેમનો પ્રત્યક્ષ સત્સંગ બહુ ઓછાં વર્ષો રહ્યો હતો. શ્રીમદ્‌ના અવસાન પછી તેમના સાહિત્યના સંશોધનનું કામ કરવામાં મનસુખભાઈએ પણ સારો પરિશ્રમ લીધો હતો. તે બધામાં મનસુખભાઈનો શ્રીમદ્ પ્રત્યેનો પૂજ્યભાવ વ્યક્ત થાય છે.

**મહાત્મા ગાંધીજી** — શ્રીમદ્ કરતાં લગભગ પોણાબે વર્ષે નાના ગાંધીજીને શ્રીમદ્‌નો પહેલો પરિચય, તેઓ વકીલાતનો અભ્યાસ પૂરો કરીને વિલાયતથી હિંદ આવ્યા તે જ દિવસે થયો હતો. પહેલી જ મુલાકાતથી ગાંધીજી શ્રીમદ્‌નાં ગુણો અને શક્તિઓથી આકર્ષાયા હતા. પછી તો શ્રીમદ્‌ના ગુણને લીધે તેઓ તેમના પ્રતિ વિશેષ આકર્ષાયા હતા. ગાંધીજી આફ્રિકા ગયા તે પહેલાંનાં બે વર્ષ તેઓ શ્રીમદ્‌ના ગાઢ પરિચયમાં રહ્યા હતા, અને તે વખતે સત્ય, અહિંસા, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, દયાધર્મ વગેરે વિશેની પ્રેરણા તેમણે શ્રીમદ્ પાસેથી મેળવી હતી. આફ્રિકામાં પણ ગાંધીજી ધર્મમંથનમાં પડી ગયા હતા ત્યારે શ્રીમદ્ તરફથી તેમને મળેલું માર્ગદર્શન બહુ ઉપયોગી થયું હતું. અને શ્રીમદે આપેલા માર્ગદર્શનથી સાચી સૂઝ પડતાં ગાંધીજી ધર્મપરિવર્તન કરતા અટકી ગયા હતા. અન્ય પ્રસંગે પણ ગાંધીજી શ્રીમદ્‌નું માર્ગદર્શન માગતા, અને તે અનુસાર ચાલવા તેઓ પ્રયત્ન કરતા. આમ ગાંધીજીના જીવન પર શ્રીમદ્‌ની પ્રબળ અસર હતી, જે ગાંધીજીએ પોતે જ વારંવાર સ્વીકારી પણ હતી.

**અંબાલાલ લાલચંદ** — ખંભાતના રહીશ શ્રી અંબાલાલભાઈ, જૂઠાભાઈ દ્વારા શ્રીમદ્‌ના પરિચયમાં વિ. સં. ૧૯૪૬માં આવ્યા હતા. તેઓ લગભગ શ્રીમદ્‌ની જ ઉંમરના હતા. પરિચય વધતાં અંબાલાલભાઈનું જીવન શ્રીમદ્‌મય જ થઈ ગયું હતું. શ્રીમદ્ નિવૃત્તિ અર્થે ગુજરાતમાં આવતા ત્યારે તેમની સેવામાં તેઓ રહેતા. અને અન્ય સમયે તેઓ શ્રીમદે સોંપેલું પ્રતો ઉતારવાનું, સુવચનો ઉતારવાનું, પત્રોની નકલ કરવાનું વગેરે કામ કરતા. તેમની સ્મરણશક્તિ ઘણી તીવ્ર હતી, અક્ષરો ઘણા સુંદર હતા, અને સાથે પરમાર્થની ભક્તિ પણ એવી જ હતી. એટલે તેઓ શ્રીમદ્‌નું પ્રીતિપાત્ર બન્યા હતા. વિ. સં. ૧૯૪૬થી શરૂ થયેલો તેમનો પરિચય શ્રીમદ્‌ના અવસાન સુધી ચાલુ રહ્યો હતો. તે પછી અંબાલાલભાઈએ શ્રીમદ્‌નું સાહિત્ય એકઠું કરવામાં મનસુખભાઈ રવજીભાઈ મહેતાને ઘણી સારી મદદ કરી હતી. અને એ દ્વારા શ્રીમદ્ પ્રતિનો પોતાનો પૂજ્યભાવ સાર્થક કર્યો હતો. અંબાલાલભાઈનું વિ. સં. ૧૯૬૧માં પ્લેગના રોગથી અવસાન થયું હતું, તેમને પણ શ્રીમદ્‌ની હયાતી દરમ્યાન સમકિત થયું હતું.

**લલ્લુજી મહારાજ** — દીક્ષા લીધા પછી લગભગ છ વર્ષે શ્રી લલ્લુજી મહારાજ, અંબાલાલભાઈ મારફત વિ. સં. ૧૯૪૬માં શ્રીમદ્‌ના પરિચયમાં આવ્યા હતા. તેઓ શ્રીમદ્‌થી ૧૪ વર્ષે મોટા હતા, પણ પહેલી જ મુલાકાત વખતે શ્રીમદ્ માટે પૂજ્યબુદ્ધિ થવાથી તેમણે ગૃહસ્થ શ્રીમદ્‌ને ત્રણ વંદના કરી હતી. અને પછીથી તેમણે શ્રીમદ્‌ને ગુરુ તરીકે જ સ્વીકાર્યા હતા. મુનિ થઈને તેમણે ગૃહસ્થને ગુરુ ગણ્યા તેથી જૈન સમાજમાં તેમના માટે ઘણો વિરોધ ઊભો

થયો હતો. આવા લોકો તરફથી થતા પરિષહને મુનિ શાંતિથી વેદતા હતા, અને પોતે સ્વીકારેલા સત્ય માર્ગથી ચલિત નહોતા થતા. જેમ જેમ તેમને મુશ્કેલી વધતી હતી તેમ તેમ તેમની શ્રીમદ્દ પ્રતિની ભક્તિ પણ વધતી હતી. તેઓ પૂરા શ્રીમદ્દમય જ બની ગયા હતા. તેમની શ્રીમદ્દરહિત સ્થિતિ કલ્પવી લગભગ અશકય છે. વિ. સં. ૧૯૫૪માં તેમને શ્રીમદ્દના ઉપદેશથી સમ્યગ્જ્ઞાન થયું હતું. શ્રીમદ્દના અવસાન પછીનું બધું આયુષ્ય તેમણે લોકોને શ્રીમદ્દની સાચી ઓળખાણ કરાવવામાં જ ગાળ્યું હતું. અને તેમની પ્રેરણાથી જ '**શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ – અગાસ**'ની સ્થાપના થઈ હતી. એ આશ્રમમાં લોકોને ઉપદેશ આપતાં તેમણે ૧૪ વર્ષ ગાળ્યાં હતાં. પોતે શ્રીમદ્દની યથાર્થ ઓળખાણ પામીને, લોકોને એનો લાભ આપનાર કોઈ હોય તો એક લલ્લુજી મહારાજ જ હતા.

**સોભાગભાઈ લલ્લુભાઈ** — શ્રી સોભાગભાઈ પણ વિ. સં. ૧૯૪૬માં જ શ્રીમદ્દના પરિચયમાં આવ્યા હતા. "**બીજજ્ઞાન**"નો મંત્ર આપવા જનાર સૌભાગભાઈ પોતે જ શ્રીમદ્દની શક્તિથી પ્રભાવિત થાય છે, અને તેમને જ્ઞાની તરીકે ઓળખી ત્રણ વંદન પણ કરે છે. સાયલાનિવાસી સોભાગભાઈ શ્રીમદ્દ કરતાં વયમાં ૪૪ વર્ષે મોટા હતા. પણ તેઓ બંને વચ્ચે હૃદયસંબંધ સ્થપાય છે. અને તેમને લીધે જ શ્રીમદ્દનું વિપુલ પત્રસાહિત્ય આપણને સમૃદ્ધ દશામાં મળે છે. શ્રીમદ્દ પણ સોભાગભાઈ પ્રતિ એટલા બધા આકર્ષાયા હતા કે તેમને તેઓ "પરમાર્થસખા", "હૃદયના વિશ્રામરૂપ" વગેરે વિશેષણથી સંબોધતા. બંને પર એકબીજાનો ઘણો ગાઢ પ્રભાવ હતો. અને બંને એકબીજાના ઉપકારી તથા માર્ગદર્શક હતા. સોભાગભાઈ માટે શ્રીમદ્દને કેવું આકર્ષણ હતું તે તો તેમના પરના કેટલાક પત્રો વાંચતાં સમજાય તેમ છે. તેમણે પણ શ્રીમદ્દ દ્વારા વિ. સં. ૧૯૫૩માં આત્માની ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરી હતી. અને વિ. સં. ૧૯૫૩માં જ શ્રીમદ્દે પોતાના આ પરમાર્થ-સખાને ગુમાવ્યા ! પણ એ વખતે એમની અંતરંગ દશા એટલી ઉચ્ચ હતી કે એ ઘા તેઓ શાંતિથી ખમી શકયા હતા.

## શ્રીમદ્દની ચમત્કારિક શક્તિઓ તથા તેમના સ્મરણીય પ્રસંગો

બાળવયથી જ શ્રીમદ્દમાં ચમત્કારિક શક્તિઓનો આવિર્ભાવ જોવા મળતો હતો ! માત્ર સાત વર્ષની વયે તેમને જાતિસ્મરણજ્ઞાન થયું હતું, આઠમા વર્ષથી તેમની કવિત્વશક્તિ ખીલવા લાગી હતી, અને સોળેક વર્ષની વયથી તેમણે અવધાનના પ્રયોગો કરવા શરૂ કર્યા હતા. આઠ અવધાનથી શરૂ કરી ૧૯ વર્ષની વયે તો તેઓ શતાવધાન સુધી પહોંચી ગયા હતા. એમની સ્મરણશક્તિ પણ એવી જ તીવ્ર હતી. એમનો જ્યોતિષનો અભ્યાસ પણ સારો હતો. અને એ બધાં ઉપરાંત બીજી કેટલીક આત્મિક શક્તિઓ પણ તેમનામાં ખીલી હતી. તે છતાં તેમણે એ બધી વીસ વર્ષની વય પછી પોતાના અંતરમાં શમાવી દીધી હતી. તેઓ સાંસારિક જવાબદારીઓ અદા કર્યા પછી આત્મામાં મગ્ન રહી ધર્મમય પ્રવૃત્તિમાં સમય ગાળતા હતા.

તેમની જાતજાતની શક્તિઓ પ્રતિ ઘણા લોકો આકર્ષાયા હતા. કેટલાકને તો તેમની શક્તિઓનો લાભ લેવાની પણ ઇચ્છા રહેતી, અને તેવાઓ કોઈક વાર પ્રસાદી પણ પામતા. આમ બીજાના સ્મરણમાં રહી જાય કે બીજાને તેમની ચમત્કારિક શક્તિઓનો ખ્યાલ આપે એવા પ્રસંગો નાની વયથી જ શ્રીમદ્દના જીવનમાં જોવા મળે છે.

આ બધા પ્રસંગોમાં તેમની શક્તિઓ ઉપરાંત તેમની ઉપકારબુદ્ધિ, ઉદારતા, વૈરાગ્ય, માણસને પારખવાની શક્તિ, બીજાના મનોભાવ સમજી તેમને શાંતિ આપવાની કરુણા વગેરે ગુણોનું પણ આપણને દર્શન થાય છે. તેમનામાં રહેલી નમ્રતાને કારણે લોકો એમના તરફ વિશેષ આકર્ષણ અનુભવતા, અને તેઓ શ્રીમદ્દ તરફથી થતો ઉપકાર સહર્ષ વધાવી લેતા.

શ્રીમદ્દના જીવનમાંથી મળી આવતા આવા ભિન્ન ભિન્ન પ્રસંગોમાંના કેટલાક અહીં રજૂ કર્યા છે, જે એમની જીવનકળા ઉપર વિશેષ પ્રકાશ પાડે એવા તેમ જ એમના જીવનને સમજવામાં પણ વિશેષ સહાયક નીવડે એવા છે.

**૧. ન્યાયાધીશને ચેતવ્યા** — શ્રીમદ્દ જ્યારે નાની વયના હતા ત્યારે એક વખત તેઓ પોતાને મોસાળ રાજકોટ જવાની ઇચ્છાથી વવાણિયાથી મોરબી આવ્યા હતા. મોરબીમાં સારા સંગાથ વિશે તપાસ કરતાં તેમના વડીલને ખબર મળ્યા કે મોરબીના ન્યાયાધીશ રા. ધારસીભાઈ રાજકોટ જવાના છે. તેથી તેમણે ધારસીભાઈને રાયચંદભાઈને – શ્રીમદ્દને – રાજકોટ સાથે લઈ જવા વિનંતી કરી, જે તેમણે માન્ય રાખી. રાયચંદભાઈ તેમની સાથે જવા નીકળ્યા.

માર્ગમાં શ્રીમદ્દ સાથે વાતચીતનો પ્રસંગ પડતાં ધારસીભાઈને તેમની ચપળતા તથા હોશિયારીનો ખ્યાલ આવ્યો. તેમના ગુણોથી આકર્ષાઈને ધારસીભાઈએ શ્રીમદ્દને રાજકોટમાં પોતાની સાથે રહેવા જણાવ્યું. શ્રીમદ્દે મોસાળમાં જ રહેવાની ઇચ્છા વ્યક્ત કરી, પણ ધારસીભાઈનો ઘણો આગ્રહ જાણી તેમને અવારનવાર મળવાનું વચન આપી શ્રીમદ્દ પોતાને મોસાળ ગયા.

મોસાળમાં મામાએ તેમને પૂછ્યું કે, "તમે કોની સાથે આવ્યા?" શ્રીમદ્દે ધારસીભાઈ સાથે આવ્યાનું જણાવ્યું. તે પછી બંને મામાઓ ધારસીભાઈનો ઘડોલાડવો કરવાનો પ્રપંચ માંહોમાંહે ગોઠવવા લાગ્યા. તે વાત શ્રીમદ્દે જમતાં જમતાં સાંભળી, તેથી વિચાર્યું કે મારા મામા ધારસીભાઈને મારી નાખવા માગે છે, પણ તેમના ઉપર ઉપકાર કરવાનો આ પ્રસંગ જવા ન દેતાં, મારે ધારસીભાઈને ચેતવવા જોઈએ, તે વિચારથી જમીને તેઓ ધારસીભાઈને ઘેર ગયા.

ત્યાં જઈ શ્રીમદ્દે ધારસીભાઈને પૂછ્યું, "ધારસીભાઈ, તમારે મારા મામાઓ સાથે કંઈ સંબંધ છે?" તેમણે જવાબ આપ્યો કે, "સગપણ-સંબંધ નથી, પણ રાજ-સંબંધ ખટપટ ચાલે છે." એ સાંભળી શ્રીમદ્દે કહ્યું, "એમ છે, તો તમારે સાવચેત રહેવું, કેમ કે તેઓ તમારે માટે લાગ ફાવે તો ઠેકાણે કરી દેવાની વાત કરતા હતા, માટે તે વિશે પ્રમાદી ન થવું."

શ્રીમદ્દે આ વાત કઈ રીતે જાણી તે વિશે ધારસીભાઈએ તેમને પૂછ્યું. તેના ઉત્તરમાં શ્રીમદ્દે જણાવ્યું કે, "હું તમારી સાથે આવ્યો છું, એ વાત જાણ્યા પછી બંને મામાઓએ આ વાત ઉપાડી હતી. અને તેઓ એટલે મોટેથી વાત કરતા હતા કે બહાર થતી વાત અંદર જમતી વખતે મને સંભળાતી હતી." ધારસીભાઈએ વિશેષમાં પૂછ્યું કે, "તમારા દેખતાં આવી વાત કેમ કરી?" તે વિશે શ્રીમદ્દે કહ્યું, "આ નાનો બાળ છે, આને એ બાબતમાં શી સમજ પડવાની છે? એમ જાણી વાત કરતા હતા. તેથી તમને ચેતવવા આવ્યો છું."

ધારસીભાઈને શ્રીમદ્દની ઉપકારબુદ્ધિ માટે ઘણું માન થયું. મોટાને પણ ન સૂઝે તેવો ઉપકાર આ નાના બાળક તરફથી થતો જોઈ તેમને ઘણું આશ્ચર્ય થયું, અને શ્રીમદ્દનો મેળાપ થયાથી તેઓ પોતાની જાતને ધન્ય માનવા લાગ્યા.[૧૫૯]

**૨. કાશીએ ભણવા જવાની શી જરૂર?** — આ અરસામાં કચ્છ કોડાયના રહીશ શા. હેમરાજભાઈ અને નલિયાના રહીશ શા. માલસીભાઈ શ્રીમદ્દની અદ્દભુત શક્તિની ખ્યાતિ સાંભળીને તેમને મળવા ઉત્સુક બન્યા. તે અનુસાર બંને જણા સાંઢણીસવાર થઈ વવાણિયા તેમને મળવા ગયા. ત્યાં તપાસ કરતાં તેમને ખબર મળ્યા કે શ્રીમદ્ તો મોરબી ગયા છે, તેથી તેઓ પણ મોરબી આવ્યા. મોરબીમાં શ્રીમદ્દના રાજકોટ ગયાના સમાચાર સાંભળી તેઓએ પણ રાજકોટ જવાનું નક્કી કર્યું. કારણ કે આ તેજસ્વી બાળકને કાશીનું ભણતર ભણાવી વધુ તેજસ્વી બનાવવાની તેમને હોંશ હતી.

અહીં રાજકોટમાં શ્રીમદ્દને તેમના નિર્મળજ્ઞાનમાં જણાયું કે કચ્છના બે ભાઈઓ સાંઢણીસવાર થઈને, લાંબી મુસાફરીઓ કરતા, મને મળવા આવે છે. આથી તેમણે ધારસીભાઈને પૂછ્યું કે "બે જણા કચ્છથી આવનાર છે. તેમનો ઉતારો તમારે ત્યાં રાખશો?" ધારસીભાઈએ ખુશીથી હા કહી. તેથી નિશ્ચિંત બની શ્રીમદ્ કચ્છના ભાઈઓને આવવાના માર્ગ તરફ સામા ગયા. તેઓ નજીક આવ્યા એટલે શ્રીમદ્દે તેમને નામ દઈ બોલાવ્યા, "કેમ હેમરાજભાઈ? કેમ માલસીભાઈ?"

તે બંનેને વિચાર થયો કે આપણા આવવાના સમાચાર તો આપણે કોઈને આપ્યા નથી, તો આપણને નામથી પણ કેવી રીતે ઓળખી શકે? આથી આશ્ચર્ય પામી તેમણે શ્રીમદ્દને પૂછ્યું, "તમે જ રાયચંદભાઈ છો? તમે કેમ જાણ્યું કે અમે અત્યારે જ, આ જ માર્ગે આવીએ છીએ?"

તેના ઉત્તરમાં શ્રીમદ્દે કહ્યું કે "આત્માની અનંત શક્તિઓ છે, તે વડે અમે જાણીએ છીએ."

તે પછી તેઓ બધા ધારસીભાઈને ઉતારે ગયા. ત્યાં ધારસીભાઈએ નહાવાની, ખાવાની વગેરે તજવીજ કરી. કચ્છના ભાઈઓની ઇચ્છા તો શ્રીમદ્દને કાશી ભણાવવા લઈ જવાની હતી, પણ તેમની શક્તિનો પરિચય થતાં એ વિચાર આવ્યો કે, "આવી દિવ્ય-શક્તિવાળી વ્યક્તિને કશું ભણવાનું બાકી હશે ખરું?"

---

૧૫૯.

જમી રહ્યા પછી તે બંને ભાઈઓ શ્રીમદ્ સાથે એકાંતમાં બેઠા, અને તેમની અવધાન-શક્તિ બતાવવા વિનંતિ કરી. શ્રીમદ્‌ની એ શક્તિ જોઈ તેઓ બંને ચકિત થઈ ગયા. અને તેમને કાશી લઈ જવાની જરૂર રહેતી નથી એવો વિચાર પણ તેમને આવ્યો. તેમ છતાં તે વિશે પ્રશ્ન કરવાનું નક્કી કરી તેમને કહ્યું, "આપને ભણવા માટે કાશી લઈ જવાની વિનંતિ કરવા આવ્યા છીએ. માટે આપ કાશી ચાલો. આપના કુટુંબને માટે તેમજ આપને માટે ખાવાપીવા વગેરેની સગવડ અમે કરીશું. પણ આપ અમારી સાથે ચાલો તો મોટો ઉપકાર થાય". તે વિશે શ્રીમદ્દે વિનયપૂર્વક ના જ કહી. આથી બંને સમજી ગયા કે આપણે પ્રથમ કરેલું અનુમાન સાચું જ છે. તેમને વિશેષ શીખવું પડે તેમ નથી.

પછી તેઓ બધા ધારસીભાઈ પાસે ગયા. ત્યારે ધારસીભાઈએ તેમને શ્રીમદ્ સાથે થયેલી વાતચીતમાં કંઈ કહેવા જેવું હોય તો કહેવા કહ્યું. તેમણે કશું છુપાવવા જેવું નથી એમ કહી, ઉપરનો આખો પ્રસંગ જણાવ્યો.

પહેલાં તો ધારસીભાઈને થયું કે રાયચંદભાઈ આટલી બધી સગવડ મળવા છતાં કાશી ભણવા જતા નથી તે તેમની ભૂલ કહેવાય. પણ પછી સમજાયું કે નાની વયમાં જ જેની આટલી સમજણશક્તિ છે અને જ્ઞાનનો છલકાટ નથી તેને વધુ ભણવાનું પણ શું હોય? એમ ધારસીભાઈને શ્રીમદ્‌ના ગુણની મહત્તા દેખાઈ. તે પછીથી તેઓ શ્રીમદ્‌ને ગાદીએ બેસાડી પોતે તેમની સામે વિનયભાવથી બેસતા.[૧૬૦]

**૩. પોતાને માટે ન મંગાય** — શ્રીમદ્‌ને વવાણિયા પાછા જવા વિચાર થયો ત્યારે તેમની પાસે પાછા જવાના પૈસા ન હતા. આથી મોસાળમાંથી ભાતામાં જે મીઠાઈનો ડબ્બો મળ્યો હતો તે વેચીને પૈસા કર્યા, પણ ધારસીભાઈ સાથે આટલું બધું ઓળખાણ થયું હોવા છતાં તેમની પાસે પૈસા માગ્યા નહિ. એવી તેમનામાં નિઃસ્પૃહતા હતી. સમજુ ગૃહસ્થની

૧૬૦. આ પ્રસંગ માટે જુઓ, "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા", આવૃત્તિ ૪, પૃ. ૧૯. શ્રીમદ્‌નો આવી જ જાતનો પરિચય શ્રી સોભાગભાઈને વિ. સં. ૧૯૪૬માં મોરબીમાં થયો હતો. જુઓ પ્રકરણ ૧૩. અંતર્જ્ઞાનના આધારથી શ્રીમદ્ ગમે તેટલા સમય પહેલાં જોયેલી વ્યક્તિની પાઘડીનો વળ ડાબો છે કે જમણો તે ભૂલ કર્યા વિના તેમજ વિના અપવાદ કહી દેતા. એ જ રીતે ગણિતના પણ કઠણ કોયડા — જેવા કે મોટા ગુણાકાર, ભાગાકાર વગેરે — જેને લખીને ગણતાં પણ દશ મિનિટ લાગે તેનો જવાબ તેઓ એક જ મિનિટમાં, મોઢે ગણીને, આપી શકતા; તેમ જ લાખ સુધીના અંકોના ચારપાંચ લીટીના સરવાળા આશ્ચર્ય થાય એટલી ત્વરાથી કરી શકતા. ગંજીફાના ખેલમાં સરનું પાનું કોની પાસે છે, કોની પાસે કયું પાનું છે તે પણ તેઓ ભૂલ વિના કહી દેતા, એટલું જ નહિ, પત્તાંની જોડમાંથી ધારેલું પાનું આપણે આશ્ચર્ય પામીએ તે રીતે કાઢી આપતા. તેમની આ બધી શક્તિઓની નોંધ તેમના બાલપણના સાથી અને સહાધ્યાયી, મોરબીના રા. છોટાલાલ રેવાશંકર અંજારિયાએ લીધી છે, અને તે "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ"માં પ્રગટ પણ થયેલ છે.

પેઠે તેઓ પોતાને માટે કોઈની પાસે કશું માગતા નહિ, અને પારકાને માટે માગવામાં લાજ જોતા નહિ. ધારસીભાઈ પાસે કચ્છના ભાઈઓની સરભરા કરવાનું માગનારે પોતાને માટે એમની પાસે ભાડાના થોડા પૈસા ન માગ્યા !

૪. **તિથિ પાળવી** — શ્રી મનસુખભાઈ કીરતચંદ મહેતા શ્રીમદ્દના સ્નેહી હતા. વિ. સં. ૧૯૫૫ના ચૈત્ર વદમાં મનસુખભાઈને એવો પ્રશ્ન ઊઠયો હતો કે "તિથિ શા માટે પાળવી જોઈએ !" બીજ, પાંચમ, આઠમ વગેરેને બદલે ત્રીજ કે સાતમ કે એવી તિથિ પાળી હોય તો શું ખોટું ? એટલે કે લીલોતરી આદિનો ત્યાગ મુકરર કરેલા દિવસને બદલે અન્ય દિવસે કર્યો હોય તો ધર્મ કર્યો ગણાય કે કેમ, એ પ્રશ્ન તેમને થયો હતો. પાછળથી તો તે પ્રશ્ન અને તેને લગતી વિચારણા ઉપશમી ગયાં હતાં. પરંતુ તે પછી થોડા વખતે તેઓ જ્યારે શ્રીમદ્દને મળવા ગયા ત્યારે શરૂઆતમાં જ, કોઈ પણ પ્રસંગ વિના, શ્રીમદ્દે તેમને કહ્યું કે, "મનસુખ, તિથિ પાળવી." આમ સામાના મનની વાત જાણી, તેમને થતો સંશય પુછાયા પહેલાં જ શ્રીમદ્ ઘણી વાર દૂર કરી દેતા.[૧૬૧]

૫. **અજબ સ્પર્શેન્દ્રિય** — શ્રીમદ્દની સ્પર્શેન્દ્રિયનો ઘણો વિકાસ થયો હતો. મુંબઈમાં જસ્ટિસ તેલંગના પ્રમુખપણા નીચે, આર્યસમાજમાં શ્રીમદ્દે એક અવધાનનો પ્રયોગ રજૂ કર્યો હતો. તેમાં શ્રીમદ્દની આંખે પાટા બાંધી ૫૦ પુસ્તકો એક પછી એક તેમનાં નામ જણાવીને આપવામાં આવ્યાં હતાં. શ્રીમદ્દે તે પુસ્તકો પર બરાબર હાથ ફેરવીને બાજુમાં મૂકી દીધાં હતાં. પછી એ પુસ્તકોમાંથી જે કોઈ પુસ્તક માગવામાં આવતું, તે તેઓ, બધાં પુસ્તક પર હાથ ફેરવીને, શોધી આપતા, એટલું જ નહિ, પણ જો કોઈ પુસ્તકનો અનુક્રમ નંબર આપવામાં આવતો તો તે પુસ્તકનું નામ તેઓ કહી દેતા, અને પુસ્તક પણ શોધી આપતા. આમ ચક્ષુરિન્દ્રિયનું કામ તેઓ સ્પર્શેન્દ્રિયથી પણ કરી શકતા હતા.[૧૬૨]

૬. **તીવ્ર ઘ્રાણેન્દ્રિય** — સ્પર્શેન્દ્રિયની જેમ શ્રીમદ્દની ઘ્રાણેન્દ્રિય પણ ઘણી વિકસેલી હતી. પંડિત લાલનને એ વિશે સારો પરિચય થયો હતો. એક વખત શ્રીમદ્ પોતાના કાકાસસરા તથા લાલન આદિ સાથે મેઘજી થોભણને ત્યાં જમવા ગયા હતા. તેમના બેઠક-ખંડથી રસોડું લગભગ ૨૫ ફૂટ દૂર હતું. છતાં રસોડામાં બનાવેલી વાનગીઓ વિશે શ્રીમદ્દે ઘ્રાણેન્દ્રિયથી જાણી લીધું. તે પછી તેમણે પંડિત લાલનને જણાવ્યું કે, "લાલન, હું નાક વડે જમી શકું છું." લાલને આશ્ચર્યથી પૂછ્યું, "શી રીતે ?" શ્રીમદ્દે ઉત્તર આપ્યો કે, "રસોડામાં રહેલી વાનગીઓ હું જાણી શકું છું." એમ કહી શ્રીમદ્દે વાનગીઓનાં નામ કહી બતાવ્યાં હતાં.[૧૬૩]

૭. **એક વધુ કસોટી** — તેમની આ શક્તિની કસોટી તેમના બાળપણના સાથીદાર મોરબીના રા. છોટાલાલ રેવાશંકર અંજારિયાએ પણ કરી હતી. શ્રીમદ્દના કાકાસસરા રેવાશંકરભાઈને ત્યાં એક વખત તેમની મંડળીનું જમવાનું ગોઠવ્યું હતું. જમવાના

---

૧૬૧. "શ્રીમદ્ રાજચંદ્રની જીવનરેખા", પૃ. ૧૮.

૧૬૨. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૧૧૯.

૧૬૩. એજન, પૃ. ૧૧૯.

સમય પહેલાં બધા ગંજીફે રમતા હતા. તે વખતે રા. છોટાલાલભાઈ બધાથી જુદા પડી રસોયા પાસે ગયા અને તેને કહ્યું કે, "દાળમાં હંમેશ મુજબ મીઠું નાખવું, ઢોકળીના શાકમાં બિલકુલ ન નાખવું, અને લીલોતરી શાકમાં વધારે મીઠું નાખવું, એમ રેવાશંકરભાઈએ ખાસ કહ્યું છે." ભદ્રિક – ભોળા રસોયાએ સાચું માની એ પ્રમાણે કર્યું. બધા જમવા બેઠા, અને રસોઈ પીરસાઈ ત્યારે થાળી સામું જોઈ, પછી છોટાલાલભાઈ સામે જોઈ, હસીને શ્રીમદ્દે તેમને કહ્યું કે, "પરીક્ષા લેવા પ્રવૃત્ત થયા છો કે રસોયો ભૂલ્યો છે? એક શાક ચણાના લોટનું મીઠા વગરનું, અને લીલોતરીનું વધારે મીઠાવાળું છે." રેવાશંકરભાઈએ શાક ચાખી જોયાં તો વાત સાચી જણાઈ. આથી તેઓ રસોયા પર ગુસ્સે થયા. તે વખતે છોટાલાલભાઈએ પોતે એમ કરવા કહેલું તે જણાવી, બધાને પોતાની પ્રવૃત્તિથી વાકેફ કર્યા.[૧૬૪]

શ્રીમદ્‌ની આ શક્તિની નીચે પ્રમાણેની નોંધ "જામે જમશેદ" નામના પત્રે પણ એક વખત તા. ૨૪–૧–૧૮૮૭ના રોજ લીધેલી જોવા મળે છે :—

"અમારા સાંભળવામાં આવ્યું છે કે, આગલે દિવસે પોતાને મળેલી એક મેજબાની વખતે કેટલીક વાનીઓમાં મીઠું વધતું ઓછું હતું, તે કવિએ ચાખ્યા કે હાથ લગાવ્યા વિના માત્ર નજરે જોઈને કહી આપ્યું હતું."[૧૬૫]

**૮. સાંઢ શાંત થઈ ગયા** — ખંભાતના શ્રી છોટલાલ માણેકચંદને પણ શ્રીમદ્‌ના ચમત્કારનો થોડો અનુભવ થયો હતો. એક વખત શ્રીમદ્ ધર્મજથી વીરસદ પોતાના સાથીઓ સાથે જતા હતા. રસ્તામાં એક સાંકડી કેડી આવી. તે પરથી બધા પસાર થતા હતા તે વખતે તેઓએ તે કેડી પર સામેથી બે સાંઢને લડતા લડતા આવતા જોયા. સામેથી ધસી આવતા સાંઢને જોઈને બીજા સર્વેને ગભરાટ છૂટયો, પણ શ્રીમદ્દે બધાને જણાવ્યું કે સાંઢ નજીક આવશે ત્યારે શાંત થઈ જશે. પરંતુ ભયને લીધે છોટાભાઈ વગેરે સાથીઓ પાસેના ખેતરમાં છુપાઈ ગયા. માત્ર શ્રીમદ્ અને તેમની પાછળ શ્રી સોભાગભાઈ તથા ડુંગરશીભાઈ શાંતિથી આગળ વધ્યા. બંને સાંઢ નજીક આવતાં જ શાંત બની ઊભા રહી ગયા, અને બધા શાંતિથી પસાર થઈ ગયા.[૧૬૬]

**૯. તમારી પુત્રી સાજી થઈ જશે** — વિ. સં. ૧૯૫૪માં શ્રીમદ્ કાવિઠા ગયા હતા. ત્યાં એક વખત વ્રજભાઈ ગંગાદાસ પટેલ, લહેરાભાઈ વગેરે મુમુક્ષુઓ સાથે તેઓ ત્યાંની વાગડિયા તળાવડી ગયા હતા. તે તળાવડીની બાજુમાં કોઈ પાટીદાર શામળભાઈનું ખેતર હતું. તેમણે શ્રીમદ્ માટે પોતાના ખેતરમાંથી થોડાં મોગરાનાં ફૂલ ચૂંટી લાવી બેઠક ઉપર મૂકયાં. તે જોઈ શ્રીમદ્દે જણાવ્યું કે નાના કારણ માટે આ રીતે ફૂલ ન તોડવાં જોઈએ. એ પછી શામળભાઈને તેમણે વિશેષમાં કહેલું કે બીમાર થયેલી તમારી પુત્રીને કાલે આરામ થશે.

૧૬૪. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૯૯.
૧૬૫. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ભાગ ૧, પૃ. ૪૭૫.
૧૬૬. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૧૦૪.

કાવિઠાથી ત્રણ ગાઉ દૂર સિંહોલમાં રહેતી શામળભાઈની પુત્રી હીરા[૧૬૭] ઘણા દિવસથી બીમાર હતી. પછી શામળભાઈ તેમની ખબર પૂછવા ગયા તો તેને આરામ થઈ ગયો હતો. શ્રીમદ્દ શામળભાઈને કે તેમની પુત્રી હીરાને ઓળખતા ન હતા.[૧૬૮]

**૧૦. પિતાજીને વિનંતિ** — શ્રીમદ્દના પિતાજી રવજીભાઈને એક વખત ચમનપર જવાનું થયું ત્યારે શ્રીમદ્દે તેમને કહ્યું કે, "બાપા, તમે આજે ચમનપર ન જાઓ તો?" પરંતુ રવજીભાઈએ શ્રીમદ્દની વાત પર લક્ષ્ય ન આપ્યું, અને ચમનપર ગયા. સાંજને સમયે શ્રીમદ્દના નાનાભાઈ મનસુખભાઈને રસોડામાં જતાં દીવાની ઝાળ લાગી ગઈ. અને તેમનું પહેરણ બળતાં તેમની છાતી દાઝવા લાગી. એ વખતે તેમનાં બહેન ઝબકબહેને સમયસૂચકતા વાપરી એકદમ છાશનું દોણું મનસુખભાઈ પર રેડ્યું અને રવજીભાઈને બોલાવવા ચમનપર કોઈ માણસને મોકલ્યો.[૧૬૯]

**૧૧. બાપુને ચેતવ્યા** — વવાણિયામાં શ્રીમદ્દના ઘરથી થોડે દૂર રહેતા એક ગરાશિયાને ઘોડી પર બેસીને સાંજે ફરવા જવાનો નિત્યક્રમ હતો. એ રીતે ગરાશિયા બાપુ એક વખત ફરવા નીકળ્યા ત્યારે શ્રીમદ્દ તેમને સામા મળ્યા. શ્રીમદ્દે તેમને જણાવ્યું, "બાપુ, આજે ઘોડી લઈને ફરવા જવાનું માંડી વાળો." ઘણું કહેવા છતાં બાપુ માન્યા નહિ, ફરવા ગયા. ગામ બહાર પહોંચ્યા ત્યાં તો ઘોડીએ તોફાન શરૂ કર્યું અને તેમને પછાડ્યા. ખબર પડતાં ચાર જણા તેમને ચોફાળમાં ઊંચકી ઘેર લાવ્યા, પણ થોડા સમયમાં તેમનું મરણ થયું.[૧૭૦]

**૧૨. છ માસ પછી પરણજો** — શ્રીમદ્દ વીરજી દેસાઈ નામના એક ભાઈને કાકા કહેતા. તેઓ બંને એક વખત સાંજે ફરવા ગયા હતા, ત્યારે શ્રીમદ્દે દેસાઈને પૂછ્યું કે, "કાકા, મારાં કાકીને કંઈ થાય તો તમે બીજી વાર પરણો ખરા?" દેસાઈએ કંઈ જવાબ ન આપ્યો. થોડા દિવસો બાદ દેસાઈનાં પત્ની મરણ પામ્યાં.

ત્યાર પછી સાથે જવાનો ફરીથી એક પ્રસંગ આવ્યો ત્યારે શ્રીમદ્દે દેસાઈને પૂછ્યું કે, "કાકા, તમે હવે પરણશો?" દેસાઈએ જવાબ ન આપતાં માત્ર મોઢું મલકાવ્યું. શ્રીમદ્દે કહ્યું, "કાકા, તમે પરણવાનો વિચાર કરતા હો તો તે છ માસ પછી રાખજો."

છ મહિના થયા. રાંધણ છઠનો દિવસ આવ્યો. તે દિવસે વીરજી દેસાઈ સાંજે બહારથી ઘેર આવ્યા ત્યારે ખાળમાંથી નીકળેલો સર્પ તેમને કરડ્યો. સર્પનું ઝેર ઉતારવાની ઘણી મહેનત કરી, પણ ઝેર ઊતર્યું નહિ. ત્યારે દેસાઈએ કહ્યું કે, "નવા ઉપચાર કરી મારો ચોવિહાર ભંગાવશો નહિ. મને તો કહેનારે એ વાત કહી દીધી છે."[૧૭૧]

---

૧૬૭, ૧૬૮. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૧૦૬

૧૬૯, ૧૭૦. એજન, પૃ. ૫૬. આ ઉપરાંત શ્રીમદ્દે જૂઠાભાઈના મૃત્યુની આગાહી ત્રણ માસ પહેલાં, સમય સાથે, કરેલી. તેની વિશેષ વિગત માટે જુઓ પ્રકરણ ૧૩, 'શ્રીમદ્ અને જૂઠાભાઈ' એ વિભાગ.

૧૭૧. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૫૬. આવી જ જાતની મૃત્યુની આગાહી વવાણિયાના દલીચંદભાઈના પિતાશ્રી બાબત કરીને – તેમને પણ બીજી વાર પરણવા ના કહી હતી. જુઓ આ જ ગ્રંથનું પૃ. ૪૩.

**૧૩. પુસ્તકની રાહ** — વિ. સં. ૧૯૫૬ના અષાડ મહિનામાં શ્રીમદ્ વવાણિયાથી મોરબી આવ્યા હતા. તે અરસામાં એક દિવસ બપોરે મનસુખભાઈ કીરતચંદ મહેતા તેમના કામ અંગે ટપાલ ઑફિસે ગયા હતા. તે વખતે પોસ્ટ માસ્તરે શ્રીમદ્ માટેનું એક રજિસ્ટર બુકપોસ્ટ શ્રીમદ્‌ને જલદી પહોંચે તે માટે મનસુખભાઈને આપ્યું. તેઓ તે લઈને શ્રીમદ્‌ના ઘર તરફ જવા નીકળ્યા. શ્રીમદ્‌ના ઘર નજીક આવ્યા ત્યારે તેમણે જોયું કે ખરા બપોરના સમયે ટોપી પહેરેલા શ્રીમદ્ ડેલી બહાર કોઈની રાહ જોતા ઊભા છે. મનસુખભાઈ તેમની પાસે પહોંચ્યા ત્યારે શ્રીમદે કહ્યું કે, "તમે અમારું પુસ્તક લઈને આવો છો, તેની રાહ જોતા અમે ઊભા છીએ."[૧૭૨]

**૧૪. વગર કહ્યે જાણી લીધું** — વિ. સં. ૧૯૫૫માં મનસુખભાઈ કી. મહેતાએ તેમના એક સ્નેહીને શ્રીમદ્‌ના સમાગમ તથા લાભની વાત લખી હતી. તે ભાઈ પોલીસખાતામાં નોકરી કરતા હતા. માયાકપટવાળી એ નોકરીથી તેઓ ખૂબ અકળાતા હતા. તેથી તેમણે એક કાગળ પર એ બધી વિગત અને બીજા કાગળ પર શ્રીમદ્‌ને પૂછવા માટે એક જ્ઞાનપ્રશ્ન લખીને બંને કાગળો મનસુખભાઈને મોકલી આપ્યા. મનસુખભાઈ એ પ્રશ્ન લઈ શ્રીમદ્ પાસે ગયા, અને વાતચીત કર્યા પછી કોઈ ભાઈ એક પ્રશ્નનો ઉત્તર ઇચ્છે છે એમ કહી તે પ્રશ્ન તેમની સમક્ષ રજૂ કર્યો.

પ્રશ્નનો ઉત્તર આપવા પહેલાં શ્રીમદે તે ભાઈની આખી પરિસ્થિતિ કહી...ફલાણા ભાઈ પૂછે છે? માયાકપટભરી નોકરીથી બહુ મૂંઝાય છે? વગેરે. આથી ચકિત થઈ મનસુખભાઈએ શ્રીમદ્‌ને પૂછ્યું, "શું આપના પર આ બાબતનો તેમનો પત્ર આવ્યો છે?"

શ્રીમદે કહ્યું, "ના, પણ તમારા પર આવ્યો છે ને શું?"

આમ મનસુખભાઈને ઘેર આવેલા પત્ર વિશે શ્રીમદે જ્ઞાનથી જાણી લીધું હતું. એ ભાઈ સાથે શ્રીમદ્‌ને કોઈ જાતનો પરિચય ન હતો, તેમજ તેમના વિશે કોઈ માહિતી પણ આપી શકે તેમ ન હતું, તેની મનસુખભાઈને ખાતરી જ હતી.[૧૭૩]

**૧૫. મનસુખભાઈને આશ્વાસન** — વિ. સં. ૧૯૫૫માં એક વખત શ્રીમદ્ સાથે જ્ઞાનચર્ચા કરીને મનસુખભાઈ પોતાને ઘેર આવ્યા. શ્રીમદ્ જેવા ઉત્તમ પુરુષનો યોગ મળવાથી એક બાજુ આનંદ હતો, તો બીજી બાજુ પોતે વિષયકષાયથી ભરપૂર હોવાથી ખેદ થતો હતો. તે ખેદની વાત તેમણે તેમનાં પત્નીને કરી, છતાં તે ખેદ શમ્યો નહિ. બીજે દિવસે તેઓ શ્રીમદ્ પાસે ગયા ત્યારે સૌપ્રથમ શ્રીમદે તેમને કહ્યું કે, "મનસુખ, વિશેષ થઈ શકે તો સારું, જ્ઞાનીઓને સદાચરણ પણ પ્રિય છે, ખેદ કર્તવ્ય નથી." મનસુખભાઈએ શ્રીમદ્‌ને પોતાનો ખેદ જણાવ્યો ન હતો, છતાં તે જાણીને શ્રીમદે તેનું સમાધાન કર્યું હતું.[૧૭૪]

---

૧૭૨. "શ્રીમદ્ રાજચંદ્રની જીવનરેખા", પૃ. ૨૩.

૧૭૩. "શ્રીમદ્ રાજચંદ્રની જીવનરેખા", પૃ. ૧૯.

૧૭૪. એજન, પૃ. ૧૮. સામાના મનના પ્રશ્નો જાણી, તેઓ પૂછે તે પહેલાં જ તેનો ખુલાસો

**૧૬. બનેવીની માંદગી વખતે** — શ્રીમદ્‌ના બનેવી રા. ટોકરશીભાઈ મહેતા તેમની છેલ્લી માંદગીમાં ગાંઠ અને સન્નિપાતના દરદનો ભોગ બન્યા હતા. તેની પીડામાં તેઓ, દુકાન, ઘરાક, સંસાર વગેરે સંબંધી બકવાદ કરતા હતા, અને થોડી થોડી વારે ઊઠીને નાસી જવાનો પ્રયત્ન કરતા હતા, તેથી ત્રણચાર જણાએ તો તેમને ઝાલી રાખવા પડતા હતા.

આવી પરિસ્થિતિ હતી ત્યારે એક દિવસ બપોરે તેમની તબિયતના સમાચાર પૂછવા શ્રીમદ્ આવ્યા. ટોકરશીભાઈના ભાઈ દેવચંદભાઈએ શ્રીમદ્‌ને તેમનું દર્દ જણાવ્યું. તે પછી શ્રીમદ્દે બધાને દર્દીના ખાટલા પાસેથી આઘા જવા કહ્યું. દેવચંદભાઈએ કહ્યું કે ટોકરશીભાઈ નાસભાગ કરવા લાગે છે તેથી પકડવાની જરૂર પડે છે, તેથી આઘા જઈએ તો મુશ્કેલી નડે ને? શ્રીમદ્દે જણાવ્યું કે, "નહિ ભાગે." તેથી બધા દૂર ગયા, અને શ્રીમદ્ ત્યાં બેઠા. પાંચેક મિનિટમાં જ ટોકરશીભાઈ સ્વસ્થ થઈ ગયા અને શ્રીમદ્‌ને પૂછ્યું કે, "તમે ક્યારે આવ્યા?" તેનો ઉત્તર આપવાને બદલે શ્રીમદ્દે સામા તેમને સમાચાર પૂછ્યા. એટલે ટોકરશીભાઈએ ગાંઠની પીડા સિવાય ઠીક છે એમ જણાવ્યું. અર્ધો કલાક — શ્રીમદ્ હાજર હતા ત્યાં સુધી તેમને ઘણું સારું રહ્યું. પણ શ્રીમદ્ તેમની દુકાને જવા નીકળ્યા, તે પછી પાંચ જ મિનિટમાં ટોકરશીભાઈની સ્થિતિ પહેલાંના જેવી જ થઈ ગઈ.

આ જોઈ દેવચંદભાઈએ શ્રીમદ્‌ને બોલાવવા માણસ મોકલ્યો. માણસ પાસેથી વાત જાણ્યા પછી "જેમ બનવાનું હોય તેમ બને છે." એમ કહી માણસને પોતે હમણાં નહિ આવે તેમ જણાવ્યું. અને પછી ઠેઠ સાંજે સાત વાગ્યે શ્રીમદ્ ટોકરશીભાઈ પાસે ગયા, ત્યાં તેમણે ટોકરશીભાઈની બીમારીમાં વૃદ્ધિ જોઈ. સર્વને પહેલાંની માફક દૂર જવા કહ્યું. બધા ભીંત સુધી ખસ્યા એટલે પોતે તેમની પાસે બેસી, તેમની સામે આંખના, હોઠના અને હાથના કંઈ કંઈ ઇશારા કરવા લાગ્યા. પાંચેક મિનિટમાં ટોકરશીભાઈ હોશમાં આવ્યા. શ્રીમદ્દે પૂછ્યું, "કેમ છે?" તેમણે જવાબ આપ્યો, "હવે ઠીક છે, ગાંઠની પીડા નથી."

---

શ્રીમદ્ ઘણી વખત કરી દેતા. આવો અનુભવ મનસુખભાઈને તથા બીજા મુમુક્ષુઓને ઘણી વાર થયેલો. મનસુખભાઈએ પોતાના અનુભવો "શ્રીમદ્ રાજચંદ્રની જીવનરેખા"માં નોંધ્યા છે. ઉદાહરણ તરીકે — તેમને શ્રીમદ્‌ને મળવાની ઉત્કટ ઇચ્છા થઈ હતી ત્યારે શ્રીમદ્દે જ તેમને પોતાના આવવાનો સંદેશો મોકલેલો. શ્રીમદ્‌ના ઉતારાની ખબર નહોતી, તો કોઈ અજાણ્યા ભાઈનો સંગાથ પણ મળી ગયેલો. મળતી વખતે વાતચીત બાબતની તેમને થતી આશંકા શ્રીમદ્દે જ વાતની શરૂઆત કરી ટાળી દીધી હતી. તે પછી પણ તેઓ કોઈ પ્રશ્ન પૂછવાનો ધારીને શ્રીમદ્ પાસે જાય તો, તે પ્રશ્ન પુછાય તે પહેલાં જ શ્રીમદ્ તેમનું સમાધાન કરી દેતા, એમ બનતું. તેઓ એક વખત શ્રીમદ્‌ને લેવા વાંકાનેર ગયા હતા, ત્યારે કોઈ ભાઈ સાથે "ભગવદ્‌ગીતા"ની વાત થઈ; અને શ્રીમદ્ મળ્યા ત્યારે સૌપ્રથમ એ જ પુસ્તક તેમણે તેમને આપ્યું. વગેરે.

આ જાતનો અનુભવ મોરબીના રા. છોટાલાલ અંજારિયાને પણ થયેલો. તેમની મંડળીમાંથી કોઈ વાત કરે તો તેના મનનો હેતુ શ્રીમદ્ કહી આપતા. તે વ્યક્તિ તે કબૂલ ન કરે તોપણ તે હેતુ જ સિદ્ધ થતો, એવી નોંધ તેમણે લીધી છે. એ જ રીતે ખંભાતના છોટાલાલ માણેકચંદ તથા અન્ય વ્યક્તિઓને પણ શ્રીમદ્‌નો આ જાતનો અનુભવ થયો હતો. તેની વિગત માટે જુઓ "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ"માં "પરિચય પરાગ" એ વિભાગ.

થોડી વાર પછી ટોકરશીભાઈ સંસ્કૃતમાં એક શ્લોક બોલ્યા. શ્રીમદ્દે પૂછ્યું, "આ શ્લોક ક્યાં સાંભળેલો તે યાદ છે?" ટોકરશીભાઈએ ઉત્તર આપ્યો, "હા, આપ તથા ડૉક્ટર પ્રાણજીવનદાસ મહેતા તથા હું ઈડરના જંગલમાં ગયા હતા ત્યાં." શ્રીમદ્દે ઉમેર્યું, "આ શ્લોક ઘણો સારો છે, લખી રાખવા જેવો છે."

થોડા સમય પછી શ્રીમદ્દે તેમને પૂછ્યું, "હવે કેમ છે?" તેમણે જણાવ્યું, "આનંદ આનંદ છે, આવી સ્થિતિ મેં કોઈ પણ દિવસ અનુભવી નથી." આ જવાબ આપ્યો એટલામાં તો શ્રીમદ્દે પોતાના હાથને ટોકરશીભાઈના મોં તરફ ઊંચે ચડાવ્યો, અને તરત જ ખસીને દૂર બેઠા, અને ત્યાં ઊભા રહેલા સર્વને જણાવ્યું કે, "ટોકરશી મહેતાનો દેહ છૂટી ગયો છે. પણ તમે લગભગ પોણા કલાક સુધી તેમની પાસે ન જશો." એ સમયે લગભગ રાતના પોણાઆઠ થયા હતા. શ્રીમદ્ સ્મશાને પણ ગયા હતા.

કચ્છના વતની પદમશીભાઈ ટોકરશીભાઈના લૌકિકે તેમના ભાઈ દેવચંદભાઈ પાસે આવ્યા હતા. ત્યારે ઉપરની હકીકત તેમણે પદમશીભાઈને જણાવી. તેનાથી આશ્ચર્ય પામીને પદમશીભાઈ શ્રીમદ્ પાસે તેમની પેઢી પર ગયા. ત્યાં તેમણે શ્રીમદ્ને વિનંતી કરી કે, "ટોકરશી મહેતાની બાબતમાં આપે આશ્ચર્ય કર્યું છે, તે જાણવાની ખૂબ જિજ્ઞાસા છે, તો તે જણાવવા કૃપા કરો."

શ્રીમદ્દે કહ્યું, "હા, એમ બની શકે છે. પ્રાણવાયુ અપાનવાયુના સંબંધથી રહે છે. દરેક વખતે શ્વાસને અપાનવાયુ ખેંચે છે, તેને શ્વાસ કહે છે. એ વાયુનો સંબંધ છૂટો પડયેથી પ્રાણ ચાલ્યો ગયો, એમ કહેવાય છે. તે વખતે જીવને જેવી લેશ્યા હોય છે, એવી ગતિ થાય છે. અને શક્તિબળે જીવોની લેશ્યા ફેરવી શકાય છે."[૧૭૪ *]

**૧૭. સોભાગભાઈની માંદગી** — વિ. સં. ૧૯૫૩ના વૈશાખ માસમાં શ્રીમદ્ તેમના સ્નેહી સોભાગભાઈ પાસે સાયલા આવ્યા હતા. તે વખતે શ્રી સોભાગભાઈને છેલ્લા આઠ-નવ માસથી ઝીણો તાવ રહેતો હતો તેથી તેઓ શરીરે ખૂબ નબળા થઈ ગયા હતા. આથી તેમને સત્સંગ કરાવવાના હેતુથી શ્રીમદ્ સાયલા આવ્યા હતા. સાયલામાં શ્રીમદ્ દશ દિવસ રહ્યા અને પછી તેમણે સોભાગભાઈને પોતાની સાથે ઈડર આવવા જણાવ્યું. આવી શારીરિક પરિસ્થિતિમાં સોભાગભાઈને મુસાફરી કરવા દેવાનું મન તેમના પુત્ર ત્ર્યંબકભાઈને નહોતું, કારણ કે જો તેમને કંઈ થાય તો દુનિયા તેમને અણસમજુ ગણે. આ વાત જાણી શ્રીમદ્દે તેમને જણાવ્યું કે, "ત્ર્યબંક, આ જાતની ચિંતા તમે કોઈ કરો નહિ, કારણ કે શ્રી સોભાગભાઈની સેવા તથા ઉત્તરક્રિયા તારા હાથથી જ થવાની છે." એથી શાંતિ પામી ત્ર્યંબકભાઈએ રજા આપી. અને શ્રીમદ્ તથા સોભાગભાઈ વૈશાખ વદમાં દશ દિવસ માટે ઈડર જઈ આવ્યા. સોભાગભાઈનું આયુષ્ય જેઠ માસ સુધી લંબાયું હતું.[૧૭૫]

**૧૮. જજ જેવું પ્રામાણિકપણું** — એક વખત શ્રી ત્રિભુવનદાસ ભાણજી અને શ્રીમદ્ મુંબઈમાં હાઈકોર્ટ પાસેના બેન્ડસ્ટેન્ડ તરફ ફરવા ગયા હતા. ત્યારે ત્રિભુવનભાઈએ એમને

૧૭૪* "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા", આવૃત્તિ ૪, પૃ. ૧૩૩.

૧૭૫. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૧૧૪.

પ્રશ્ન કર્યો હતો કે, "એક જૈન તરીકે પ્રામાણિકપણું કેવું હોવું જોઈએ ?" એના ઉત્તરમાં શ્રીમદ્દે હાઈકોર્ટનો બુરજ દેખાડી તેમને કહ્યું કે, "પેલી દૂર જે હાઈકોર્ટ દેખાય છે, તેની અંદર બેસનાર જજનું પ્રામાણિકપણું જેવું જોઈએ તેના કરતાં જૈનનું પ્રામાણિકપણું ઓછું તો ન જ હોવું જોઈએ. એટલે કે એનું પ્રામાણિકપણું એટલું બધું વિશાળ હોવું જોઈએ કે તે સંબંધી કોઈને પણ શંકા ન થવી જોઈએ, એટલું જ નહિ પણ તે અપ્રામાણિક છે એમ કોઈ કહે તો સાંભળનાર તે વાત પણ ન માને, એવું એનું પ્રામાણિકપણું સર્વત્ર જાણીતું હોવું જોઈએ.[૧૭૬]

**૧૯. એમને દૂધપાક ન આપશો** — એક વખત શ્રીમદ્, માણેકલાલ ઘેલાભાઈ, ત્રિભુવનભાઈ વગેરે કોઈકને ઘેર જમવા બેઠા હતા. પ્રથમ જુદી જુદી જાતનાં શાક પીરસવામાં આવ્યાં. માણેકલાલભાઈએ તિથિનું કારણ બતાવી શાક લેવા ના કહી, પછી શર્બતાં પીરસાયાં તો દ્વિદલને કારણે ના કહી. પછી કેટલીક પરચૂરણ વસ્તુઓ પીરસવામાં આવી. તેમાંની કેટલીક તેમણે લીધી; કેટલીક ન લીધી. છેવટે દૂધપાક પીરસાયો. તે માણેકલાલભાઈના ભાણામાં પીરસાતો હતો તે વખતે શ્રીમદ્દે કહ્યું, "એમને દૂધપાક પીરસવો રહેવા દો ! એમને નાની નાની વસ્તુઓને ત્યાગી પોતાની મહત્તા વધારવી છે, પણ ખરેખરી રસપોષક વસ્તુનો ત્યાગ કરવો નથી." એ પ્રસંગે શ્રીમદ્દે જિહ્વાસ્વાદ અને રસલોલુપતા વિશે થોડું વિવેચન કર્યું હતું.[૧૭૭]

**૨૦. મોક્ષ આમ મળે** — એક વખત શ્રીમદ્ પાસે ગાદી પર બેસી બધા ધર્મચર્ચા કરતા હતા. ત્યારે દામનગરના એક વણિક શેઠ આરામખુરશીમાં બેઠા બેઠા બીડી પીતા હતા. તેમણે શ્રીમદ્‌ને ટીખળથી પૂછ્યું, "રાયચંદભાઈ, મોક્ષ કેમ મળે ?" તેના જવાબમાં શ્રીમદ્દે જણાવ્યું કે, "તમે અત્યારે જે સ્થિતિમાં બેઠા છો તે જ સ્થિતિમાં હાથ કે પગ કે કંઈ જરા પણ હલાવ્યા વિના સ્થિર થઈ જાઓ તો તમારો અહીંથી સીધો મોક્ષ થઈ જાય." શ્રીમદ્‌નો આ ટૂંકો છતાં માર્મિક જવાબ સાંભળી શેઠે ઊભા થઈ બીડી નાખી દીધી, અને શ્રીમદ્ પાસે આવીને બેઠા.[૧૭૮]

**૨૧. અપૂર્વ ભાસ** — શ્રી છોટાલાલ માણેકચંદે પોતાનો એક સ્વાનુભવ રજૂ કરતાં જણાવ્યું હતું કે એક વખત તેઓ શ્રીમદ્ સાથે મુંબઈમાં શાંતિનાથજીના દેરાસરમાં ગયા હતા. ત્યાં થોડો વખત કુંદકુંદાચાર્યનું "સમયસાર" પુસ્તક વાંચ્યું. અને પછી પ્રતિમાનાં દર્શન કરવા બાજુના ઓરડામાં ગયા. એ વખતે છોટાલાલભાઈના બંને હાથ પાછળથી ઝાલી શ્રીમદ્દે કહ્યું, "જુઓ ! જુઓ ! આ પ્રભુએ આખી દુનિયાથી આંખ મીંચી છે." તે વખતે પોતાને અપૂર્વ ભાસ થતો હતો, તથા દેહ અને આત્માનું ભિન્ન સ્વરૂપ તાદૃશ દેખાયું હતું તેમ છોટાલાલભાઈએ નોંધ્યું છે.[૧૭૯]

**૨૨. સત્યનો જ આગ્રહ** — શ્રીમદ્‌ની લગભગ ૧૩ વર્ષની વયે બનેલો એક પ્રસંગ છે કે, એક વખત જેઠમલજી નામના વિદ્વાન મનાતા સાધુએ શ્રીમદ્‌ના જ્ઞાનથી ખુશ થઈ

૧૭૬. ૧૭૭. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૧૦૧, ૧૦૨.
૧૭૮. ૧૭૯. એજન, પૃ. ૧૦૨.

મોરબીમાં તેમને કહ્યું કે તમે "ઢુંઢકમત" દીપાવો, તે વખતે સત્યના આગ્રહી શ્રીમદ્દે તત્કાલ જવાબ આપ્યો કે, "સત્ય વસ્તુ હશે તે જ કહેવાશે."[૧૮૦]

**૨૩. કાંટાની ઉપેક્ષા** — વિ. સં. ૧૯૩૪માં શ્રીમદ્ દશ વર્ષના હતા ત્યારે તેમનાં દાદી ગુજરી ગયાં હતાં. તે વખતે તેઓ રિવાજ મુજબ દોણી–અગ્નિ–લઈને અડવાણે પગે સ્મશાનમાં ગયા હતા. જતી વખતે પગમાં મોટો કાંટો વાગ્યો. છતાં કોઈને પણ કંઈ જણાવ્યું નહિ અને સ્મશાન સુધી ગયા, અગ્નિદાહ દીધો, અને બધાની સાથે મૃતદેહ બળે ત્યાં સુધી બેઠા. પછી તળાવે જઈ સ્નાન કરી, બધાની સાથે ચાલતા ઘેર પહોંચ્યા, ત્યાં સુધી પગનો કાંટો વેદના આપતો જ રહ્યો! ઘેર આવ્યા ત્યારે તેમનાં માતુશ્રીએ ખમચાતા ખમચાતા ચાલવાનું કારણ પૂછ્યું, ત્યારે તેમણે જતી વખતે કાંટો વાગ્યાની વાત કહી. એટલે દેવમાએ કાંટો કાઢી આપ્યો. આમ લાંબો સમય તેમણે કાંટાની વેદના સમભાવથી સહી હતી.[૧૮૧]

**૨૪. નિષ્કારણ કરુણા** — શ્રીમદ્ એક વખત મોરબીથી વવાણિયા જતા હતા. તેમને સ્ટેશને મૂકવા માટે શ્રી મનસુખભાઈ મહેતા આદિ કેટલાક મુમુક્ષુઓ ગયા હતા. ગાડી આવવાનો સમય હતો તેથી બધા ધર્મચર્ચા કરતા હતા. તે અરસામાં મનસુખભાઈને કોઈ બોલાવવા આવતાં ઘેર જવું પડ્યું. તેથી ગાડી આવતાં સુધીનો સત્સંગનો લાભ જવા બદલ તેમને મનમાં ને મનમાં ખૂબ ખેદ થયો. તે ખેદ પ્રગટ ન કરતાં મનસુખભાઈ ઘેર ગયા. પણ એ ખેદ શ્રીમદ્ પામી ગયા અને પછીથી ગાડી આવી ગઈ હોવા છતાં તેઓ વવાણિયા ન જતાં બધા સાથે મોરબી પાછા ફર્યા અને બીજે દિવસે મનસુખભાઈને સત્સંગનો લાભ આપ્યો. જ્ઞાનીની નિષ્કારણ કરુણા તે આ.[૧૮૨]

**૨૫. સાચું જોખમ** — એક વખત રાતના અગિયાર વાગ્યે ધર્મવાર્તા પૂરી થઈ ત્યારે શ્રીમદ્ પેઢી પરથી ઘેર જવા ઊભા થયા. બીજા બધા પણ સાથે જવા નીકળતા હતા. તેવામાં પૂનાના નાનચંદભાઈએ હીરા, માણેક, મોતી વગેરે વેપારનો માલ જેમાં રહેતો હતો તે પેટી ખુલ્લી જોઈ, તેથી તે પ્રતિ શ્રીમદ્દનું લક્ષ્ય દોરી કહ્યું, "આ પેટીમાં તો જોખમ છે, અને ખુલ્લી રહી ગઈ છે." બધાને ફરીથી બેસાડી શ્રીમદ્દે નાનચંદભાઈને પૂછ્યું, "જોખમ શી રીતે?" તેમણે ઉત્તર આપ્યો, "સાહેબજી, હું કીમતી ચીજોને જોખમની ઉપમા આપું છું. તે ચોરાઈ જાય તો જોખમ લાગે." શ્રીમદ્દે કહ્યું, "એને જ્ઞાની પણ જોખમ ગણે છે, પણ જુદી રીતે. જ્યાં સુધી તે પાસે હોય ત્યાં સુધી તે જોખમ છે. માણસને રોગ થાય તો પરુ, પાક વગેરે થાય, તેમ એ પણ પૃથ્વીના રોગ છે. જ્ઞાની કદી તેમાં મોહ ન રાખે." આમ જણાવી શ્રીમદ્ પેટી તથા દીવાનખાનું ખુલ્લાં મૂકી પોતાને ઘેર ચાલ્યા ગયા. બીજા પણ તેમને સ્થાનકે ગયા. તેમની સાથે હતા તેમાંના પદમશીભાઈને પછીથી 'શું થયું'

૧૮૦. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૧૦૩.

૧૮૧. એજન, પૃ. ૯૮.

૧૮૨. "શ્રીમદ્ રાજચંદ્રની જીવનરેખા", પૃ. ૨૨.

હશે ’ એ વિચાર ખૂબ સતાવતો હતો. એટલે બીજે દિવસે પેઢી પર જઈ શ્રીમદ્‌ને તેમણે પૂછ્યું હતું. શ્રીમદ્દે જણાવેલું, “ ભાઈ વનમાળીએ આપણા ગયા પછી પેટી બંધ કરી હતી. ”[૧૮૩]

**૨૬. ઝવેરાતની પરીક્ષા** — વિ. સં. ૧૯૫૪માં મુંબઈમાં પ્લેગ ફાટી નીકળતાં શ્રીમદ્ ત્યાંની દુકાન બંધ કરી વવાણિયા જતા હતા. તે વખતે તેઓ વઢવાણ કૅમ્પ સ્ટેશને ઊતરેલા, ત્યારે તેમની પાસે ઝવેરાતની એક પેટી હતી. તેની કળ બગડી ગઈ હતી. તેથી તે ખુલ્લી હતી. તે પેટી લઈ તેઓ, ડુંગરશીભાઈ તથા ઠાકરશીભાઈ સિગરામમાં બેસીને એક દિવસ માટે સાયલા ગયા. રસ્તામાં શ્રીમદ્દે ડુંગરશીભાઈને કહ્યું, “ ડુંગરશીભાઈ, તમે સોભાગભાઈને કહેતા હતા ને “ જ્ઞાન હોય તેની પાસે નાણું ન હોય ! તેનું કેમ છે ? ” ડુંગરશીભાઈએ જવાબ આપ્યો, “ તેવું તો હવે કંઈ જણાતું નથી. આપની પાસે જ્ઞાન પણ છે અને નાણું પણ છે. ”

તે પછી શ્રીમદ્દે પેટીમાંનું ઝવેરાત ડુંગરશીભાઈને બતાવવા માંડ્યું. સિગરામના ગડગડાટથી હીરા, મોતી, કે બીજાં નંગ પડી જશે તો હાથમાં નહિ આવે એવો ભય લાગતાં ડુંગરશીભાઈએ ઝવેરાત બહાર કાઢવા ના કહી. આથી શ્રીમદ્દે ‘ ફિકર કરો નહિ, અમારું ક્યાંય જવાનું નથી ’ એમ જણાવી બધું ઝવેરાત બતાવ્યું. અને અંતમાં તેમને જણાવ્યું કે, “ જેને આત્મજ્ઞાન છે તેને ઝવેરાતની પરીક્ષા થવી સહેલ છે. ”[૧૮૪]

**૨૭. અમારો દિ ઊઠ્યો નથી.** — શ્રીમદ્‌ની શક્તિ વિશે સાંભળીને તથા તેમને હંમેશાં સ્વાધ્યાયમાં મજા માણતા જોઈને એક પાડોશીએ તેમને પૂછ્યું કે, “ તમે બધો સમય ધર્મની ધૂનમાં રહો છો તેથી તમને બધી ચીજોના શા ભાવ થશે તેની ખબર હશે ! ” શ્રીમદ્દે ઉત્તર આપ્યો, “ અમારો દિ ઊઠ્યો નથી કે સ્વાધ્યાય ભાવ જાણવા કરીએ. ”[૧૮૫]

**૨૮. ચિંતા પૃથ્વીની નહીં, આત્માની કરો.** — એક જિજ્ઞાસુએ શ્રીમદ્‌ને એક વખત પ્રશ્ન કર્યો કે, “ પૃથ્વીને શાસ્ત્રમાં સપાટ કહી છે, અને હાલના શોધકો તેને ગોળ કહે છે, તે બેમાં સાચું શું ? ” શ્રીમદ્દે સામો પ્રશ્ન કર્યો. “ તમને પૃથ્વી ગોળ હોય તો ફાયદો કે સપાટ હોય તો ? ” જિજ્ઞાસુએ કહ્યું, “ હું તો માત્ર જાણવા માગું છું. ” શ્રીમદ્દે ફરીથી પૂછ્યું, “ તમે શ્રી તીર્થંકર પ્રભુની શક્તિને વધુ માનો છો કે હાલના શોધકોની શક્તિને ? ” તેમણે જણાવ્યું, “ તીર્થંકર પ્રભુની શક્તિને વધારે માનું છું. ” તેથી શ્રીમદ્દે જણાવ્યું, “ તમે શ્રી તીર્થંકર પ્રભુ પર શ્રદ્ધા રાખો અને શંકા કાઢી નાખો. આત્માનું કલ્યાણ કરશો તો પૃથ્વી ગોળ કે સપાટ, જેવી હશે તેવી, કંઈ પણ હરકત કરશે નહિ. ”[૧૮૬]

**૨૯. પેટ અને ભક્તિ** — વિ. સં. ૧૯૫૨માં શ્રીમદ્ કાવિઠા આવ્યા હતા. તેમનો બોધ સાંભળી પ્રાગજીભાઈ નામના એક ભાઈએ તેમને જણાવ્યું કે, “ ભક્તિ કરવાનું તો

૧૮૩. “ શ્રીમદ્ રાજચંદ્રની જીવનરેખા ”, પૃ. ૧૧૫.

૧૮૪. “ શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ ”, પૃ. ૧૧૪.

૧૮૫. ૧૮૬. “ શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા ”, આવૃત્તિ ૪, પૃ. ૧૧૧.

ઘણું મન થાય છે, પણ ભગવાને પેટ આપ્યું છે તે ખાવાનું માગે છે, તો શું કરીએ?" શ્રીમદ્દે તેમને કહ્યું, "તમારા પેટને અમે જવાબ દઈએ તો?" આમ કહી શ્રીમદ્દે, જેમને ત્યાં પોતે ઊતર્યા હતા તે ઝવેર શેઠને કહ્યું કે, "તમે જે ભોજન લેતા હો તે પ્રાગજીભાઈને બે વખત આપજો, તથા પાણીની મટકી પણ આપજો. તેથી ઉપાશ્રયના મેડા પર બેઠા બેઠા ભક્તિ કરી શકે." આટલું જણાવ્યા પછી તેમણે પ્રાગજીભાઈને કહ્યું કે, "આની સાથે એક શરત છે: તમારે બધો સમય ભક્તિ કરવી; બહાર વરઘોડો નીકળે, બૈરાંઓ ગીત ગાતાં નીકળે તો જોવા ન ઊઠવું. કોઈ આવે તો તેની સાથે ભક્તિ કરવી પણ સંસારની કોઈ પણ વાત ન કરવી." "એ રીતે તો ન રહી શકાય" એમ પ્રાગજીભાઈએ જણાવ્યું. તે વિશે શ્રીમદ્દે કહ્યું કે, "જીવને ભક્તિ કરવી નથી તેથી પેટ આગળ ધરે છે. ભક્તિ કરતાં કોણ ભૂખે મરી ગયો? જીવ એ જ રીતે છેતરાય છે અને ભક્તિ કરતો નથી."[૧૮૭]

**૩૦. દેહ અને આત્મા** — એક વખત શ્રીમદ્ કાવિઠા આવ્યા ત્યારે ત્યાંની શાળાના કેટલાક વિદ્યાર્થીઓ તેમનો બોધ સાંભળવા આવ્યા હતા. તેઓને શ્રીમદ્દે પ્રશ્ન કર્યો કે, "તમારા એક હાથમાં છાશથી ભરેલો લોટો અને બીજા હાથમાં ઘીથી ભરેલો લોટો હોય, અને માર્ગમાં જતાં કોઈનો ધક્કો વાગે તો તમે કયા હાથનો લોટો જાળવશો?" ગિરધરભાઈ નામના એક વિદ્યાર્થીએ જવાબ આપ્યો કે, "ઘીનો લોટો સાચવીશું." શ્રીમદ્દે તેને પૂછ્યું, "એમ શા માટે? ઘી અને છાશ બંને એકમાંથી જ ઉત્પન્ન થાય છે ને?" ગિરધરભાઈએ જવાબ આપ્યો, "છાશ ઢોળાઈ જાય તો બીજા ઘણા ભરી આપે, પણ ઘી ઢોળાઈ જાય તો કોઈ ફરીથી ન ભરી આપે." એ દૃષ્ટાંત પરથી શ્રીમદ્દે બધાંને સમજાવ્યું કે, "છાશની માફક આ દેહ છે, તેને જીવ સાચવે છે; અને ઘીની માફક આ આત્મા છે, તેને જતો કરે છે. એવી અવળી સમજણવાળો આ જીવ છે. પણ આત્માને જો ઘીની માફક કીમતી જાણે તો આત્માને પણ સાચવે. અને આંચ આવે ત્યારે છાશની માફક દેહને જતો કરે, કારણ કે દેહ તો એની મેળે મળવાનો છે, કર્મ બાંધ્યાં એટલે તે ભોગવવા માટે દેહ તો મફતમાં જ મળવાનો છે." વગેરે.[૧૮૮]

**૩૧. આખી મુંબઈ સ્મશાન** — એક વખત મુંબઈમાં શ્રીમદ્ ફરવા ગયા હતા. સ્મશાન આવ્યું ત્યારે તેમની સાથેના એક ભાઈએ પૂછ્યું, "આ શું છે?" "સ્મશાન." એટલે શ્રીમદ્દે કહ્યું, "અમે તો આખી મુંબઈને સ્મશાન જોઈએ છીએ."[૧૮૯]

**૩૨. મરણનો ભય કેવો?** — કચ્છના વતની પદમશીભાઈએ શ્રીમદ્‌ને એક વખત પૂછ્યું, "સાહેબજી, મને ભયસંજ્ઞા વિશેષ રહે છે, તો તેનો શો ઉપાય?" શ્રીમદ્દે પૂછ્યું, "મુખ્ય ભય શેનો રહે છે?" "મરણનો." તે માટે શ્રીમદ્દે કહ્યું, "મરણ તો આયુષ્યબંધ પ્રમાણે થાય છે. જ્યાં સુધી આયુષ્ય પૂરું ન થાય ત્યાં સુધી મરણ તો નથી. તો પછી એનો ભય રાખવાથી શો ફાયદો? એ રીતે મન દૃઢ રાખવું."[૧૯૦]

---

૧૮૭. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૧૦૭.

૧૮૮. એજન, પૃ. ૧૦૮.

૧૮૯. ૧૯૦. "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા", આવૃત્તિ ૪, પૃ. ૧૧૧.

**૩૩. સ્વર્ગ અને નરક** — પ્રો. રવજીભાઈ દેવરાજે શ્રીમદ્‌ને પૂછ્યું કે, "સ્વર્ગ અને નરકની ખાતરી શી ?" શ્રીમદ્દે ઉત્તર આપ્યો, "નરક હોય અને તમે ન માનતા હો, તો નરકે જવાય તેવાં કામ કરવાથી કેટલું સાહસ ખેડ્યું કહેવાય ?"૧૯૧

**૩૪. બન્ને બરાબર** — કચ્છના વતની પદમશીભાઈએ શ્રીમદ્‌ને એક પ્રસંગે પૂછ્યું કે, "શ્રીકૃષ્ણના સંબંધમાં જૈન ગ્રંથોમાં તેઓ નરકે ગયા છે તેમ લખ્યું છે, અને વૈષ્ણવ ગ્રંથોમાં તેઓ મોક્ષે ગયા છે તેમ લખ્યું છે, તો આ બંનેની વાત કેમ મળતી નથી આવતી ?" શ્રીમદ્દે સમજાવ્યું કે "જૈન ગ્રંથમાં જેમ તેને વર્તતા બતાવ્યા છે તેમ કોઈ પણ જીવ વર્તે તો નરકે જાય અને જેમ વૈષ્ણવ ગ્રંથમાં તેને વર્તતા બતાવ્યા છે તેમ કોઈ પણ જીવ વર્તે તો મોક્ષે જાય. માટે બંને શાસ્ત્રમાં દૃષ્ટાંતરૂપ લખ્યું છે, અને તે બંને બરાબર છે તેમ સમજવું."૧૯૨

**૩૫. આત્માને અર્થે જ શાસ્ત્ર** — એક વખત શ્રીમદ્ દિગંબર મંદિરમાં સ્વાધ્યાય કરતા હતા, ત્યારે દિગંબર પંડિત શ્રી ગોપાળદાસ બારૈયાએ તેમને વિનંતી કરી કે, "ગોમ્મટસારના અનુવાદમાં જે ત્રુટિઓ જણાય છે તે પૂરી કરી દેશો ?" શ્રીમદ્દે ઉત્તરમાં કહ્યું, "અમે તો શાસ્ત્ર માત્ર આત્માને અર્થે જ વાંચીએ છીએ."૧૯૩

**૩૬. હવે તમે ત્યાગી** — એક વખત લલ્લુજી મહારાજે શ્રીમદ્‌ને જણાવ્યું, "મેં કુટુંબ, વૈભવ, માતા, પત્ની, પુત્ર વગેરેનો ત્યાગ કરી દીક્ષા લીધી છે." આ સાંભળી શ્રીમદ્દે કહ્યું, "શું ત્યાગ્યું છે ? એક ઘર છોડી કેટલાં ઘર – શ્રાવકનાં – ગળે નાખ્યાં છે ? એક સ્ત્રીનો ત્યાગ કરી કેટલી સ્ત્રીઓ પ્રત્યે દૃષ્ટિ ફરે છે ? એક પુત્ર ત્યાગી કેટલાં છોકરાં પ્રત્યે પ્રીતિ થાય છે ?"

આ સાંભળી લલ્લુજી મહારાજને પોતાના દોષ પ્રગટ જણાયા. એથી તેમને બહુ જ શરમ આવી. અને ખૂબ નમ્રતા સાથે તેમણે કહ્યું, "હું ત્યાગી નથી." શ્રીમદ્દે તુરત જવાબ આપ્યો, "મુનિ, હવે તમે ત્યાગી છો."૧૯૪

**૩૭. હીરા નહીં, કાળકૂટ વિષ** — એક દિવસ બે મુનિઓ શ્રીમદ્ પાસે આવ્યા. ત્યારે શ્રીમદ્દે તેમાંના એક શ્રી દેવકરણ મુનિને પૂછ્યું, "વ્યાખ્યાન કોણ આપે છે ? પર્ષદા કેટલી ભરાય છે ?" દેવકરણજીએ કહ્યું. "હજારેક માણસોની પર્ષદા ભરાય છે." શ્રીમદ્: "સ્ત્રીઓની પર્ષદા જોઈ વિકાર થાય છે ?" મુનિ : "કાયાથી નથી થતો, મનથી થાય છે." શ્રીમદ્ : "મુનિએ તો મન, વચન અને કાયા ત્રણે યોગથી સાચવવાં જોઈએ." શ્રી દેવકરણજીએ આક્ષેપ કરતાં કહ્યું, "તમે ગાદી-તકિયે બેસો છો, અને હીરામાણેક તમારી પાસે

---

૧૯૧. "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા", પૃ. ૧૨૩.

૧૯૨. એજન, પૃ. ૧૧૬.

૧૯૩. એજન, પૃ. ૧૧૮.

૧૯૪. એજન, પૃ. ૧૩૫.

પડેલા હોય છે, ત્યારે તમારી વૃત્તિ નહિ ડહોળાતી હોય?" શ્રીમદ્દે જણાવ્યું, "મુનિ, અમે તો કાળકૂટ વિષ દેખીએ છીએ, તમને એમ થાય છે?" સાંભળી મુનિ તો સજ્જડ થઈ ગયા. ૧૯૫

૩૮. **તમે દીક્ષા ન આપશો** — એક વખત લલ્લુજી મહારાજ શ્રીમદ્દને મળવા એકલા ગયા હતા. તે વખતે કોઈને દીક્ષા આપવા વિશે વાત થઈ ત્યારે શ્રીમદ્દે તેમને જણાવેલું, "તમે દીક્ષા ન આપશો. શ્રી દેવકરણજીને ચેલા કરવા હોય તો ભલે કરે." મુનિ દેવકરણજીએ દીક્ષા આપી હતી. થોડા વખત પછી તે શિષ્ય સત્પુરુષની નિંદામાં પડી ગાંડો થઈ, સંઘાડો છોડી જતો રહ્યો હતો.

૩૯. **અમારે તો બન્ને સરખા** — શ્રીમદ્ એક વખત કઠોર ગયા હતા, અને ત્યાંના ઉપાશ્રયના મેડા ઉપર જ ઊતર્યા હતા. તે વખતે શ્રી લલ્લુજી આદિ મુનિઓ પણ ત્યાં હતા. તેથી ઉપર જતી વખતે લલ્લુજી મુનિએ દેવકરણજીને કહ્યું કે, "આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો વિનય નમસ્કાર આદિ કરવાં પડે." દેવકરણજીએ કહ્યું, "આપણે બે જ જઈએ તો હું શ્રીમદ્ પાસે તેમ કરીશ." આથી તેઓ ચતુરલાલજી મુનિને નીચે રાખી ઉપર ગયા. પાછળથી નીચે રહેલા મુનિને ઉપર શું થાય છે તે જાણવાની જિજ્ઞાસા થઈ, તેથી તેઓ દાદર પર જઈને જોવા લાગ્યા.

તેમણે જોયું તો બંને મુનિઓ શ્રીમદ્દને નમસ્કારાદિ કરતા હતા. તે વાત ખંભાત જઈ જાહેર કરવાનો વિચાર કરી મુનિ નીચે આવ્યા. થોડી વાર પછી દેવકરણજી પણ નીચે આવ્યા, અને લલ્લુજી મહારાજ ઉપર રહ્યા. તેમને શ્રીમદ્દે પૂછ્યું, "દેવકરણજી આવ્યા અને બીજા મુનિ કેમ ન આવ્યા?" લલ્લુજી મહારાજે જવાબ આપ્યો કે, "તેમની દૃષ્ટિ વિષમ છે તેથી ઉપર લાવ્યા નહિ." પછી શ્રીમદ્ નીચે ઊતર્યા અને મુનિ ચતુરલાલજી પાસે બેઠા. પછી શાંતિપૂર્વક તેમને જણાવ્યું કે, "મુનિ, અમારે તો તમે અને એ બંને સરખા છો, સર્વ પ્રત્યે અમારે સમદૃષ્ટિ છે, તમે પણ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સાચવી રાખજો. તેમાં ચૌદ પૂર્વનો સાર છે." આટલા જ સમાગમથી શ્રી ચતુરલાલજીની વૃત્તિ પલટાઈ ગઈ, અને તેમને આસ્થા થઈ.

૪૦. **મનને નવરું ન મેલવું** — એક વખત મુનિ મોહનલાલજીએ શ્રીમદ્દને પ્રશ્ન કર્યો કે, "મન સ્થિર થતું નથી, તો શો ઉપાય કરવો?" શ્રીમદ્દે ઉત્તરમાં જણાવ્યું કે, "એક પળ પણ નકામો કાળ કાઢવો નહિ. કોઈ સારું પુસ્તક વૈરાગ્યાદિની વૃદ્ધિ થાય તેવું વાંચવું, વિચારવું; એ કાંઈ ન હોય તો છેવટે માળા ગણવી. પણ જો મનને નવરું મેલશો તો ક્ષણ વારમાં સત્યાનાશ વાળી દે તેવું છે. માટે તેને સદ્‌વિચાર રૂપ ખોરાક આપવો. જેમ ઢોરને કંઈ ને કંઈ ખાવાનું જોઈએ, દાણાનો ટોપલો આગળ મૂક્યો હોય તો તે ખાયા કરે છે, તેમ મન ઢોર જેવું છે. બીજા વિકલ્પ બંધ કરવા માટે સદ્‌વિચારરૂપ ખોરાક આપવાની જરૂર છે. મન કહે તેથી ઊલટું વર્તવું; તેને વશ થઈ તણાઈ જવું નહિ, તેને ગમે તેથી આપણે બીજે ચાલવું."

૧૯૫. "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા", પૃ. ૧૪૪.

**૪૧. આત્મા, પુનર્જન્મ, ઈશ્વર** — ખેડાના વેદાંતવિદ્ વકીલ ભટ્ટ પૂજાભાઈ સોમેશ્વરને શ્રીમદ્ સાથે નીચે પ્રમાણે વાતચીત થઈ હતી. તે શ્રીમદ્દના વ્યક્તિત્વ તથા અનુભવ પર પ્રકાશ પાડતી હોવાથી અહીં રજૂ કરેલ છે.

વકીલે પ્રશ્ન કર્યો : "આત્મા છે ?"

શ્રીમદે ઉત્તર આપ્યો : "હા, આત્મા છે."

વકીલ : "અનુભવથી કહો છો કે આત્મા છે ?"

શ્રીમદ્ : "હા, અનુભવથી કહીએ છીએ કે આત્મા છે. સાકરના સ્વાદનું વર્ણન ન થઈ શકે. તે તો અનુભવગોચર છે, તેમ જ આત્માનું વર્ણન ન થઈ શકે; તે પણ અનુભવગોચર છે. પણ તે છે જ."

વકીલ : "જીવ એક છે કે અનેક ? આપના અનુભવનો ઉત્તર ઇચ્છું છું."

શ્રીમદ્ : "જીવો અનેક છે."

વકીલ : "જડ, કર્મ એ વસ્તુતઃ છે કે માયિક છે ?"

શ્રીમદ્ : "જડ, કર્મ એ વસ્તુતઃ માયિક નથી."

વકીલ : "પુનર્જન્મ છે ?"

શ્રીમદ્ : "હા, પુનર્જન્મ છે."

વકીલ : "વેદાંતને માન્ય માયિક ઈશ્વરનું અસ્તિત્વ આપ માનો છો ?"

શ્રીમદ્ : "ના."

વકીલ : "દર્પણમાં પડતું પ્રતિબિંબ તે માત્ર ખાલી દેખાવ છે કે કોઈ તત્ત્વનું બનેલું છે ?"

શ્રીમદ્ : "દર્પણમાં પડતું પ્રતિબિંબ ખાલી દેખાવ નથી, તે અમુક તત્ત્વનું બનેલું છે."[૧૯૬]

**૪૨. મુનિનું પેટ જગતના હિતાર્થે** —ઈડરના પહાડ પર સાતે મુનિઓને શ્રીમદે ઉપદેશ આપ્યો હતો. તે ઉપદેશથી પ્રભાવિત તથા ઉલ્લસિત થયેલા દેવકરણજી મુનિએ શ્રીમદ્દને કહ્યું, "હવે અમારે ગામમાં જવાની શી જરૂર છે ?" શ્રીમદ્ : "તમને કોણ કહે છે કે ગામમાં જાઓ ?" મુનિ : "શું કરીએ ? પેટ પડ્યું છે." શ્રીમદે સમાધાન કરતાં જણાવ્યું : "મુનિઓને તો પેટ છે તે જગતના કલ્યાણને અર્થે છે. મુનિને પેટ ન હોત તો ગામમાં ન જતાં પહાડની ગુફામાં વસી કેવળ વીતરાગભાવે રહી જંગલમાં વિચરત, તેથી જગતના કલ્યાણરૂપ થઈ શકત નહિ. તેથી મુનિનું પેટ જગતના હિતાર્થે છે."

૧૯૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ (૧૯૫૧), પૃ. ૬૮૦.

૪૩. **શ્રીમદ્ અને લાલન** — પ્રેમચંદ મોતીચંદને પંડિત લાલન સંસ્કૃતનો અભ્યાસ કરાવવા જતા. એક દિવસ તેમણે પોતાને કોઈ દિગંબર મુનિએ આપેલો શ્લોક, તેનો અર્થ જાણવા માટે, પંડિત લાલનને પૂછ્યો. તે શ્લોક હતો :—

"એવં ત્યક્ત્વા બહિર્વાચં, ત્યજેદન્તરશેષતઃ ।
એષઃ યોગઃ સમાસેન, પ્રદીપઃ પરમાત્મનઃ ॥"[૧૯૭]

લાલને તેમને આ શ્લોક બીજે દિવસે સમજાવવાનું જણાવ્યું. તે જ દિવસે પંડિત લાલન શ્રીમદ્‌ને મળ્યા, અને તેમની સાથે આ શ્લોકના અર્થ બાબતમાં લાલનને ચર્ચા થઈ, તેમાં "સમાસેન" શબ્દનો અર્થ લાલને શ્રીમદ્‌ને પૂછ્યો. જેનો અર્થ "ટૂંક સમયમાં" એવો ઉત્તર શ્રીમદ્‌ે આપ્યો હતો. તે પછી આ શ્લોકના અર્થ વિશે શ્રીમદ્‌ે લાલનનો અભિપ્રાય પૂછ્યો. લાલને એ શબ્દનો ભાવ સમજાવતાં ઉત્તર આપ્યો કે, "એક અંતર્મુહૂર્તમાં દર્શન થઈ જાય — જો આ શ્લોકમાં કહેલી સ્થિતિ લાવીએ તો." આ સાંભળી ખૂબ ઉલ્લસિત થઈ શ્રીમદ્ તેમને ભેટી પડ્યા.

અનેક જગ્યાએ તપાસ કર્યા પછી, પંડિત લાલને "સમાધિશતક"નો આ ૧૭મો શ્લોક છે એવો નિર્ણય કર્યો હતો.

આ પ્રસંગ બન્યા પછી થોડા વખતે લાલન અમેરિકા ગયા. જ્યારે તેઓ પાછા આવ્યા ત્યારે શ્રીમદ્‌ની તબિયત ખરાબ હતી, તેથી શિવમાં તેઓ સારવાર લેતા હતા. લાલન તેમની ખબર પૂછવા ગયા, અને ત્યાં તેમની સારવારમાં રહેલા ડૉ. પ્રાણજીવનદાસ મહેતાને તબિયતના સમાચાર પૂછી પાછા ચાલ્યા ગયા. લાલનની ડૉક્ટર સાથેની વાતચીત શ્રીમદ્‌ે રૂમમાં સાંભળી, અને તેમને બોલાવવા શ્રીમદ્‌ે ટોકરશી મહેતાને કહ્યું. પણ તે વખતે લાલન ચાલ્યા ગયા હતા. તેથી તેમને ઘેર સંદેશો પહોંચાડવામાં આવ્યો. બીજે દિવસે લાલન શ્રીમદ્ પાસે ગયા. તે વખતે શ્રીમદ્‌ને ઘણી અશક્તિ હતી, છતાં સારી રીતે બોલી શકતા હતા. શ્રીમદ્‌ે તેમને ઉપરના શ્લોકને આચરણમાં મૂકવા શું કર્યું તે વિશે પૂછ્યું.

લાલને ઉત્તર આપ્યો કે, "સાહેબ, મુંબઈથી રવાના થઈ લંડન જતાં પંદર દિવસ અને ઇંગ્લૅન્ડના સમરસેટના બંદરેથી અમેરિકા પ્રવાસ કરતાં, અને અમેરિકામાં રોજ રોજ નિયમ પ્રમાણે, આ શ્લોકનું પારાયણ અને મનન યથાશક્તિ ચાલુ રાખ્યું, અને એમ કરતાં કરતાં આશરે ત્રણ માસ વીત્યા બાદ, અમેરિકાના એક સુંદર સરોવર પાસે હું મનન કરતો હતો ત્યારે જે ખ્યાતિ થઈ તે ખ્યાતિનું કાવ્ય આપને સંભળાવું છું :

---

૧૯૭. પૂજ્યપાદ સ્વામીચરિત "સમાધિશતક"ના આ ૧૭મા શ્લોકનો અર્થ આ પ્રમાણે છે : "એ રીતે બાહ્ય વાચિક પ્રવૃત્તિઓનો પણ ત્યાગ કરીને પછી આંતર પ્રવૃત્તિઓનો પણ ત્યાગ કરવો જોઈએ. એ પ્રમાણે ચિત્તનો સદંતર નિરોધ કરવાથી પરમાત્મ-સ્વરૂપનો પ્રકાશ થાય છે."

"મને કોઈ કહેતું જગત ખોટું, તે તો મેં હવે જાણ્યું,
મને કોઈ કહેતું જગત સાચું, તે પણ મેં હવે જાણ્યું;
કદી ખોટું તો મારે શું ? કદી સાચું તો મારે શું ?
નથી થાતું, નથી જાતું, "હું" માંહે "હું" સમાયો છું."

શ્રીમદ્દે કહ્યું કે, "સ્થિતિ ઠીક થઈ, પરંતુ એ જ ભાવ જો ચોવીસ કલાક ચાલ્યો હોત તો ક્ષાયિક સમકિત ઉત્પન્ન થાત."૧૯૮

**૪૪. ધર્મમાં મરણથી પણ ન ડરવું** — વિ. સં. ૧૯૫૬માં ડો. હોફકીને પ્લેગ અટકાવવા રસી આપવાનું શરૂ કર્યું. કેટલાક લોકો રસી મુકાવવા તૈયાર થયા. તે વિશે શ્રીમદ્‌નો અભિપ્રાય એવો હતો કે રસી ફાયદાકારક નથી, અરે તે તૈયાર કરવામાં અન્ય જીવોને દુઃખ પહોંચતું હોવાથી તે મુકાવવા જેવી નથી. તે દયાના વિચારનો પ્રચાર કરવા એક સભા ભરવાનું નક્કી થયું, જેમાં "રસી વિરુદ્ધ"ની સભા બોલાવનારનાં નામોમાં "પદમશીભાઈ"નું નામ શ્રીમદ્દે સૂચવ્યું. તે વિશે પદમશીભાઈએ કહ્યું, "સાહેબ, રસી નંખાવનાર એક જાહેર વ્યક્તિએ મારા શેઠિયાઓ ઉપર લૌકિક ઉપકાર કર્યો છે, જેની અંદર હું પણ આવી જાઉં છું. તેની વિરુદ્ધ મારે સભા બોલાવવી યોગ્ય નથી ધારતો. તેમ થશે તો ઊલટા તેઓ ચિડાઈ અમને નુકસાનમાં ઉતારશે, માટે મારું નામ ન હોય તો સારું."

શ્રીમદ્દે તેમને કહ્યું, "તેણે લૌકિક ઉપકાર કર્યો છે, તેનો બદલો લૌકિક હોય. વળી આ કૃત્ય તો હિંસાના ઉત્તેજનને અટકાવનાર છે, માટે તે લાભનું કારણ છે. છતાં તે વિરુદ્ધ થાય તો કંઈ ડરવા જેવું નથી. જ્યાં ધર્મનું કાર્ય હોય ત્યાં મરણ સુધી પાછા હઠવું નહિ." એમ કહી યશોવિજયજીની યોગદૃષ્ટિની સજ્ઝાયમાંથી નીચેની ગાથા સંભળાવી :—

"ધર્મ અર્થે ઇહાં પ્રાણને જી છાંડે, પણ નહિ ધર્મ,
પ્રાણ અર્થે સંકટ પડયે જી, જુઓ એ દૃષ્ટિનો મર્મ.
મનમોહન જિનજી મીઠી તાહરી વાણ."

આ ગાથા સાંભળીને પદમશીભાઈને હિંમત આવી અને સહી કરી આપી. એ મેળાવડો થયો હતો. પ્રમુખપદે શ્રીમદ્ રાજચંદ્ર બિરાજ્યા હતા, અને અનેક જણાએ રસી મુકાવવાની વિરુદ્ધમાં ભાષણો કર્યાં હતાં.૧૯૯

**૪૫. હાજર જવાબ** — શ્રીમદ્ કોઈ ભાઈ સાથે એક વખત તળાવ પાસે ફરવા ગયા હતા. તળાવમાં લીલ જોઈને તે ભાઈએ શ્રીમદ્‌ને પ્રશ્ન કર્યો કે, "સાહેબજી, લીલના આ જથ્થામાં કેટલા જીવ હશે ?" શ્રીમદ્દે લાગલો જ ઉત્તર આપ્યો કે, "કેમ ? એ બધાને જમવા નોતરવાનો તમારો વિચાર છે ?"

---

૧૯૮. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૧૧૯.

૧૯૯. "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા", આવૃત્તિ ૪, પૃ. ૧૧૬.

**૪૬. તમે વીશીમાં જમવાના છો?** — વિ. સં. ૧૯૫૬માં શ્રી જેસંગભાઈ શ્રીમદ્‌ને મળવા વઢવાણ ગયા હતા; ત્યાંથી બે-ત્રણ દિવસ વાંકાનેર જઈ પાછા આવ્યા અને શ્રીમદ્‌ને મળવા ગયા. શ્રીમદે તેમને કહ્યું, "આજે અહીં જમજો." જેસંગભાઈએ જણાવ્યું કે, "મેં દુકાને જમવાનો બંદોબસ્ત કર્યો છે." ત્યારે શ્રીમદે તેમને કહ્યું, "નહિ, તમે વીશીમાં બંદોબસ્ત કરેલ છે." એટલે તે કબૂલતાં જેસંગભાઈએ કહ્યું, "હા સાહેબ! કારણ, ચોમાસામાં અમે દુકાનનું રસોડું રાખતા નથી." પછી શ્રીમદે તેમને બીજા દિવસે જમવાનું આમંત્રણ આપ્યું હતું, જે તેમણે સ્વીકાર્યું પણ હતું. આમ શ્રીમદ્ અંતર્જ્ઞાનથી સાચી પરિસ્થિતિ તરત જ જાણી જતા.[૨૦૦]

૨૦૦. "શ્રીમદ્ રાજચંદ્ર: અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૧૧૮.

# વિભાગ બીજો

## શ્રીમદ્‌નું કિશોરાવસ્થાનું સાહિત્ય

# ભૂમિકા

શ્રીમદ્દના કિશોરાવસ્થાના સાહિત્યમાં, તેમણે વીસ વર્ષની વય સુધી રચેલી કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમના સાહિત્યના "વીસ વર્ષ પહેલાંનું" અને "વીસ વર્ષ પછીનું" એમ બે વિભાગ કરવાનો હેતુ, તે વયે તેમના જીવનમાં આવેલો પલટો છે. શ્રીમદ્દે સાહિત્યસર્જનની શરૂઆત, તેમના જણાવ્યા પ્રમાણે, આઠ વર્ષની લઘુ વયથી, પદ્યરચનાથી કરી હતી. આરંભનાં વર્ષોમાં થયેલાં સર્જનનો ઘણોખરો ભાગ આજે અપ્રાપ્ય છે. લગભગ પંદર વર્ષની ઉંમર પછીથી થયેલી તેમની રચનાઓ મળે છે. આઠ વર્ષની ઉંમરે શરૂ થયેલું તેમનું સર્જનકાર્ય સમયના વહેવા સાથે વધતું ગયું હતું, અને એ લખાણ તે સમયનાં વર્તમાનપત્રો તથા માસિકોમાં વારંવાર છપાતું હતું. તેને લીધે પંદર-સોળ વર્ષની નાની વયથી જ તેમને કવિ તરીકેની ખ્યાતિ મળી હતી. આ અરસામાં તેમની અવધાનશક્તિ પણ સારી એવી ખીલી હતી, જેના પરિણામે તેના પ્રયોગો વખતે તેમના દ્વારા થતી શીઘ્ર પદ્યરચનાઓએ પણ એ ખ્યાતિમાં વધારો કર્યો હતો. આ બધી જાહેર-પ્રવૃત્તિની બાબતમાં તેમનામાં વીસમે વર્ષે મોટો પલટો આવ્યો હતો.

શ્રીમદ્દ બાળપણથી જ વૈરાગી હૃદય ધરાવતા હતા. તેમને આત્માનું, જેટલું થાય તેટલું વધુ હિત આ ભવમાં જ સાધી લેવાની મહેચ્છા હતી. આથી અવધાનના પ્રયોગો કરવા, કાવ્યો કે લેખોનું સર્જન કરી તેને પ્રસિદ્ધિ આપવી વગેરે જાહેરપ્રવૃત્તિ, અને તેવી પ્રવૃત્તિથી મળતી ખ્યાતિ વગેરે તેમને પોતાના પરમાર્થમાર્ગમાં વિઘ્નરૂપ લાગ્યાં. પરિણામે તેમણે વીસમા વર્ષ પછીથી જાહેર ક્ષેત્રનો ત્યાગ કર્યો, એટલે કે અવધાનના પ્રયોગો, સાહિત્યની પ્રસિદ્ધિ આદિ શ્રીમદ્દે ત્યાગ્યાં. તેથી વીસમા વર્ષ પછીથી તેમણે કરેલું લખાણ પોતાના અંગત ઉપયોગ માટે કે પોતાના અંગત સંબંધમાં આવતી ગણીગાંઠી વ્યક્તિઓના ઉપયોગ માટે થયું હતું. આ લખાણની પ્રસિદ્ધિ શ્રીમદ્દના અવસાન બાદ થઈ. વળી, વીસ વર્ષની વય પહેલાં સુધારો, શિક્ષણ આદિને લગતી ધર્મેતર સાહિત્યની રચના શ્રીમદ્દ કરતા હતા તે પણ વીસ વર્ષની વય પછીથી બંધ થઈ ગઈ હતી. માત્ર ધર્મને લગતી કૃતિઓની રચના તેમણે તે પછીથી કરી છે. ધર્મને લગતી કૃતિઓમાં પણ, પહેલાં જે કથા, દૃષ્ટાંત, કટાક્ષ આદિ વસ્તુઓ નજરે ચડતાં હતાં, તેનો સંપૂર્ણ લોપ વીસ વર્ષની વય પછીની રચનાઓમાં જોવા મળે છે.

આમ પ્રસિદ્ધિ, પ્રકાર આદિની દૃષ્ટિએ જોતાં શ્રીમદ્દના સાહિત્યના "વીસ વર્ષ પહેલાંનું" અને "વીસ વર્ષ પછીનું" એમ બે સ્પષ્ટ વિભાગ પડે છે.

હાલમાં શ્રીમદ્દના વીસ વર્ષની વય પહેલાં લખાયેલા સાહિત્યમાં "રત્નકરંડશ્રાવકાચાર"-માંથી કેટલોક અનુવાદ "દ્વાદશાનુપ્રેક્ષા", "ઉત્તરાધ્યયન સૂત્ર"ના ૩૬મા અધ્યયનનો કેટલોક અનુવાદ, "જીવાજીવવિભક્તિ", "મુનિસમાગમ" નામનો અપૂર્ણ રહેલો લેખ,

"મોક્ષસુબોધ" નામની અપૂર્ણ રહેલી ગદ્યરચના, "સ્વરોદયજ્ઞાન" પરની અપૂર્ણ ટીકા, "નવતત્ત્વ પ્રકરણ"ની એક ગાથા પરની ટીકા, "જીવતત્ત્વસંબંધી વિચાર", "પુષ્પમાળા", "બોધવચન", "સાતસો મહાનીતિનાં વાક્યો", "વચનામૃત" વગેરે મળી હજારબારસો જેટલાં નીતિવચનો મળે છે. આ ઉપરાંત "ભાવનાબોધ", "મોક્ષમાળા" અને "સ્ત્રીનીતિબોધક વિભાગ ૧" નામનાં તેમણે જ પ્રસિદ્ધ કરેલાં ત્રણ પુસ્તકો મળે છે. તે સિવાય કેટલાંક છૂટક પદ્યો અને અવધાનમાં રચાયેલી કેટલીક પદ્યકૃતિઓ પણ હાલમાં ઉપલબ્ધ છે.

શ્રીમદ્‌ના વીસ વર્ષની ઉંમર પહેલાં રચાયેલા સાહિત્યમાં ઉપલબ્ધ કરતાં અનુપલબ્ધ કૃતિઓની સંખ્યા વધી જતી જણાય છે. તેમણે આઠમે વર્ષે ૫૦૦૦ કડીઓ રચી કહેવાય છે. નવ-દસ વર્ષની વયે તેમણે પદ્યમાં "રામાયણ" અને "મહાભારત" સંક્ષેપમાં લખ્યાનો ઉલ્લેખ તેમની "સમુચ્ચયવયચર્યા"માં જોવા મળે છે, "રામ ઇત્યાદિનાં ચરિત્રો પર કવિતાઓ રચી છે."[૧] અગિયાર વર્ષની વયથી તો તેઓ લેખ પણ લખવા લાગ્યા હતા, જેમાં સ્ત્રીકેળવણી વિશે એક લેખ લખ્યાનો નિર્દેશ મળે છે. બાર વર્ષની વયે તેમણે ઘડિયાળ વિશે ત્રણસો કડીઓ રચી કહેવાય છે. પરંતુ આ બધાંમાંથી કોઈ પણ લખાણ ઉપલબ્ધ નથી.

"સાક્ષાત્ સરસ્વતી" નામનું એક નાનું પુસ્તક વિનયચંદ પોપટભાઈ દફ્તરીએ વિ. સં. ૧૯૪૩માં લખ્યું હતું તેમાં શ્રીમદ્‌નો ૧૯ વર્ષની વય સુધીનો વૃત્તાંત પ્રગટ કર્યો છે. એ વૃત્તાંતમાં તેમની અવધાન વગેરે શક્તિઓ ઉપરાંત તે સમયના તેમના અપ્રગટ લખાણ વિશેની, થોડી માહિતી પણ આપી છે. તેમાં વિનયચંદભાઈએ નિર્દેશેલી કૃતિઓમાં "મોક્ષમાળા" પણ છે, જે પ્રગટ થયેલી મળે છે. પરંતુ "નમિરાજ ગ્રંથ" કે "સાર્વજનિક સાહિત્ય"ના ગ્રંથનો તેમાં જે ઉલ્લેખ મળે છે તે વિશે બીજી કશી માહિતી મળતી નથી.

> "નમિરાજ ગ્રંથ" વિશે વિનયચંદભાઈ લખે છે કે "નમિરાજ" નામે એક સંસ્કૃત મહાકાવ્યના નિયમાનુસાર એમણે ગ્રંથ રચ્યો છે જેમાં શાંત રસ પ્રધાન રાખીને નવ રસની રેલમછેલ કરી મૂકી છે; જેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાતુર્વર્ગ સંબંધી ઉપદેશ કરી ફળમાં મોક્ષમાર્ગ મૂકી દીધો છે. એ પાંચ હજાર શ્લોકના પૂરનો ગ્રંથ તેમણે ત્રણ દિવસમાં રચ્યો હતો. એ ગ્રંથ વાંચતાં દરેક મનુષ્યને એ દેવાંશી નરની કવિત્વશક્તિના લાલિત્યનું ભાન થાય છે."[૨]

"સાર્વજનિક સાહિત્ય" વિશે તેમણે લખ્યું છે કે :—

> "એ મહાત્માએ એક સાર્વજનિક સાહિત્યનો એક હજાર શ્લોકનો ગ્રંથ એક દિવસમાં રચ્યો છે, જે હમણાં ધ્રાંગધ્રાના એક ડોકટર પ્રસિદ્ધ કરનાર છે."[૩]

---

૧. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૧, પૃ. ૨૦૫, આંક ૮૯.

૨. "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા", આવૃત્તિ ૪, પૃ. ૮૭.

૩. એજન, પૃ. ૮૮.

ઉપરનાં અવતરણો પરથી સમજાય છે કે આ બંને ગ્રંથો વિનયચંદભાઈએ જોયા હશે વળી, તે પ્રસિદ્ધ થવાના છે તેવો ઉલ્લેખ પણ ઉપરનાં અવતરણોમાં છે. પરંતુ પછીથી તે છપાયા કે નહિ તે વિશે આજે આપણને કંઈ માહિતી મળતી નથી. એટલે આ ગ્રંથો લખાયા પછી પરમાર્થમાર્ગમાં તે અનુપયોગી લાગતાં તેનું કર્તૃત્વ શ્રીમદ્દે છોડી દીધું હોય એવું અનુમાન કરવામાં આવે છે.

"શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા"માં શ્રી બ્રહ્મચારી ગોવર્ધનદાસજીએ "સ્ત્રીનીતિબોધક વિભાગ ૧"માં જોવા મળતી "કાવ્યમાળા"ની જાહેરખબર વિશે લખ્યું છે કે:—

> "'સ્ત્રીનીતિબોધક'ને અંતે જાહેરખબરમાં લખેલું છે કે 'કાવ્યમાળા' એ નામનું એક સુનીતિબોધક પુસ્તક મેં રચીને તૈયાર કરેલું છે, જેની અંદર ૧૦૮ કાવ્યો છે, અને તેના ચાર ભાગ પાડેલા છે. તેનું કદ બસો પૃષ્ઠનું થશે. અગાઉથી ગ્રાહક થનારની પાસે રૂ. ૦–૧૦–૦ લેવામાં આવશે."[૪]

આ જાહેરખબર પરથી સિદ્ધ થાય છે કે શ્રીમદ્દે આ પુસ્તકની રચના કરી હશે, પરંતુ તેની છપાયેલી કે લખેલી નકલ મળી શકતી નથી. આથી આ પુસ્તક પ્રગટ થયું છે કે નહિ તે વિશે આપણને શ્રી ગોવર્ધનદાસની જેમ કશી માહિતી મળી શકતી નથી.

આમ શ્રીમદ્દરચિત વીસ વર્ષ પહેલાંના સાહિત્યમાં ઉપલબ્ધ કરતાં અનુપલબ્ધ રચનાઓનો જથ્થો મોટો હોય તેમ જણાય છે. તેમના ઉપલબ્ધ સાહિત્યમાંથી સૌપ્રથમ "ભાવનાબોધ"નો, તે પછી "મોક્ષમાળા"નો, અને પછી અન્ય સાહિત્યનો વિચાર કરીશું.

---

૪. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૧, પૃ. ૩૦.

## પ્રકરણ ૨

# ભાવનાબોધ

પંદર-સોળ વર્ષની ઉંમર આસપાસ શ્રીમદ્ રાજચંદ્રે કેટલાંયે આગમો, અન્ય જૈન ગ્રંથો તથા અન્ય ધર્મનાં પુસ્તકોનું અવલોકન કર્યું હતું, અને તેમની રુચિ જૈનધર્મ તરફ વિશેષ હતી તે તેમનાં લખાણો જોતાં સ્પષ્ટ થાય છે. તે સમયે આમ એક તરફ તેમનું શાસ્ત્રજ્ઞાન વધતું જતું હતું, તો બીજી તરફ અવધાનશક્તિ, સ્મરણશક્તિ વગેરે માટેની તેમની ખ્યાતિ પણ વધતી જતી હતી.

પોતાના શાસ્ત્રાભ્યાસનો લાભ સામાન્ય જનને પણ મળી શકે એ હેતુથી વિ. સં. ૧૯૪૦માં તેમની સોળ વર્ષ અને પાંચ માસની ઉંમરે તેમણે "મોક્ષમાળા" નામના ગ્રંથની રચના કરી. તે પુસ્તક છપાવવા માટે નાણાંની જરૂર હતી, તેથી તેના ગ્રાહકો અગાઉથી નોંધી નાણાંની સગવડ કરવાનું તેમણે વિચાર્યું. તેમની ખ્યાતિને લીધે "મોક્ષમાળા" માટે પહેલેથી પૈસા આપે એવા અનેક ગ્રાહકો મળ્યા, અને તે દ્વારા આ કાર્ય સુલભ બન્યું. પણ તે પુસ્તક છાપવા આપતાં તેમને ખ્યાલ આવ્યો કે તેને છપાતાં તો લાંબો સમય નીકળશે. તેથી અગાઉથી થયેલા ગ્રાહકોની જિજ્ઞાસા સંતોષવા તેમણે એક નાનું પુસ્તક વિ. સં. ૧૯૪૨માં લખ્યું. તે પુસ્તકને ઝડપથી છપાવી, તે જ વર્ષમાં તેને "મોક્ષમાળા"ના ગ્રાહકોને ભેટરૂપે આપ્યું. એ દ્વારા ગ્રાહકોની જ્ઞાનપિપાસા સંતોષવાનો તેમણે એક સફળ પ્રયત્ન કર્યો. એ નાનું ભેટપુસ્તક તે "ભાવનાબોધ."[૫] તે સંબંધી વિ. સં. ૧૯૫૫માં શ્રીમદ્ લખે છે કે:—

> "એ છપાતાં વિલંબ થયેલ તેથી ગ્રાહકોની આકુળતા ટાળવા 'ભાવનાબોધ' ત્યાર પછી રચી ઉપહાર રૂપે ગ્રાહકોને આપ્યો હતો."[૬]

ગ્રાહકો નોંધ્યા પછી લાંબા સમય સુધી પુસ્તક ન આપી શકાય તો તે અયોગ્ય ગણાય એ વિચારને પરિણામે આ પુસ્તકની રચના થઈ. આમ આ પુસ્તક પ્રામાણિકતા પ્રેરિત કર્તવ્ય-બુદ્ધિના પરિણામરૂપ રચાયું હતું. આ પુસ્તક રચવાની યોજના તેમના મગજમાં વહેલી આવી ગઈ હતી એમ કહી શકાય.

વૈરાગ્ય તરફ જીવને વાળતી તથા થયેલા વૈરાગ્યને દૃઢ કરતી બાર ભાવનાઓ શ્રી તીર્થંકર પ્રભુએ સમજાવી છે. આ બાર ભાવનાઓ તે અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ, સંવર, નિર્જરા, લોકસ્વરૂપ, બોધદુર્લભ અને ધર્મદુર્લભ ભાવનાઓ છે. તે ભાવનાઓને વિસ્તારથી સમજાવવાનો પ્રયત્ન શ્રી કુંદકુંદાચાર્ય, શ્રી હેમચંદ્રાચાર્ય

૫. "મોક્ષમાળા" કરતાં "ભાવનાબોધ" વાચક પાસે પહેલું પહોંચ્યું હોવાથી તેને અહીં પહેલું સ્થાન આપ્યું છે.

૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૬૪.

જેવા અનેક સમર્થ આચાર્યોએ કર્યો છે. પરંતુ તેમના ગ્રંથોની ભાષા માગધી કે સંસ્કૃત હોવાને લીધે સામાન્ય જનને સમજવામાં તે મુશ્કેલ લાગે, તેથી સામાન્ય જન પણ સમજી શકે તેવી સરળ ભાષામાં તેને ઉતારવાનો શ્રીમદે વિચાર કર્યો.

તે વિચાર અનુસાર શ્રીમદે શ્રી સમંતભદ્રાચાર્ય રચિત "રત્નકરંડશ્રાવકાચાર"માં વર્ણવેલી બાર ભાવનાઓનો ગુજરાતીમાં અનુવાદ કરવાની શરૂઆત કરી.[૭] પહેલી બે ભાવનાઓનો અનુવાદ તેમણે પૂરો કર્યો, અને ત્રીજી સંસારભાવનાનો થોડો અનુવાદ કર્યા પછી, એ આખો અનુવાદ અધૂરો રહેવા દીધો. એ અનુવાદ આપણને અપૂર્ણ જ મળે છે. અનુવાદ અધૂરો મુકાયા પછી થોડા વખતમાં જ આગળ જોઈ તેવી જરૂરિયાત ઊભી થતાં આપણને "ભાવનાબોધ" નામનું સ્વતંત્ર પુસ્તક મળે છે. એ પરથી અનુમાન થાય છે કે "રત્નકરંડશ્રાવકાચાર"માંની બાર ભાવનાનો અનુવાદ તેમને પોતાનો હેતુ પાર પાડવા માટે અપૂર્ણ લાગ્યો હશે, તેથી તે અધૂરો રહેવા દઈ તે વિશે સ્વતંત્ર ગ્રંથ રચવાની યોજના તેમણે કરી હશે, જે "ભાવનાબોધ"માં પૂરી થતી લાગે છે.

લગભગ પચાસ પાનાંના આ પુસ્તકને યોગ્ય પાંચછ પાનાંની પ્રસ્તાવના તેમણે લખેલ છે. તેમાં જીવને સાચું સુખ એટલે કે સંસારના શોકથી મુક્તિ જોઈતી હોય તો વૈરાગ્ય તરફ વળવું જોઈએ તે તેમણે સમજાવ્યું છે. "ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ છતાં ઉજ્જવળ આત્માઓનો સ્વતઃવેગ વૈરાગ્યમાં ઝંપલાવવું એ છે."[૮] એ વૈરાગ્યની મહત્તા બતાવનાર વાકયથી પ્રસ્તાવનાની શરૂઆત કરી સંસારીઓની પ્રવૃત્તિ કેવી છે, તે તેઓ તેમાં બતાવે છે.

દરેક ગતિના જીવ સુખ મેળવવા અને દુઃખથી છૂટવા પ્રયત્ન કર્યા કરે છે. તેઓ સંસારમાં જ સુખ માની તે મેળવવા પ્રયત્ન કરે છે. પરંતુ તે દેખાતા સુખની પાછળ દુઃખ હોવાથી તે સાચું સુખ નથી એવી વિવેકબુદ્ધિ તેમનામાં હોતી નથી. પરિણામે તેઓ અનંત શોકને પામે છે. ત્યારે વિવેકબુદ્ધિવાળા મહાજ્ઞાનીઓ "પશ્ચાત્ દુઃખ તે સુખ નહિ" એ સિદ્ધાંત અનુસાર સંસારસુખની દરેક સામગ્રીને શોકરૂપ જણાવે છે. તેથી તેઓ "સંસારના પ્રત્યેક સુખ વડે વિરાજિત રાજેશ્વર છતાં પણ સત્ય તત્ત્વજ્ઞાનની પ્રસાદી પ્રાપ્ત થવાથી સંસારનો ત્યાગ કરીને યોગમાં પરમાનંદ"[૯] માને છે, અને અનંત સુખને પામે છે. શ્રીમદ્ પોતાના આ વિચારના સમર્થનમાં ભર્તૃહરિનો એક પ્રખ્યાત શ્લોક ટાંકે છે કે :—

> भोगे रोगभयं कुले च्युतिभयं वित्ते नृपालाद्भयं,
> माने दैन्यभयं बले रिपुभयं रूपे तरुण्या भयम् ।
>
> शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतान्ताद्भयं,
> सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयम् ॥[१०]

૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૫.

૮. એજન, પૃ. ૩૨.

૯. ૧૦. એજન, પૃ. ૩૩.

સંસારની સારી ગણાતી દરેક વસ્તુમાં કંઈ ને કંઈ ભય રહ્યો છે. માત્ર વૈરાગ્ય જ ભયથી મુક્ત છે, એવું પ્રતિપાદન ભર્તૃહરિએ આ શ્લોકમાં કર્યું છે. આ શ્લોકને વિસ્તારથી સમજાવ્યા પછી શ્રીમદ્ જણાવે છે કે, "ભર્તૃહરિ એક જ આમ કહે છે તેમ નથી, ભર્તૃહરિથી ઉત્તમ, સમાન કે કનિષ્ઠ એવા અસંખ્ય તત્ત્વજ્ઞાનીઓએ પણ આ જ વાત કહી છે."

તે તત્ત્વજ્ઞાનીઓએ સંસારને એકાંત દુઃખમય તથા શોકમય કહ્યો છે. સંસારના દુઃખથી મુક્ત થવાને બ્રહ્મચર્ય, ક્ષમા, અપ્રભુત્વ, વિવેક, વિનય વગેરેનું સેવન તથા ક્રોધ, માન, માયા, લોભ, વિષય, હિંસા વગેરેનો ત્યાગ કરવો એ ઉપાય તેઓએ બતાવ્યો છે. એ રસ્તે ચાલી પુરુષાર્થ કરવો તે સર્વનું કર્તવ્ય છે, એમ તેઓએ ઉપદેશ્યું છે.

આમ સર્વ જ્ઞાનીઓની વાત કરી ભગવાન મહાવીરનો પણ સંસારત્યાગનો આવો જ ઉપદેશ હતો, તેમ શ્રીમદ્ જણાવે છે. અને પોતાના ઉપદેશને તો ભગવાન મહાવીરે આચરી બતાવ્યો હતો; તેમ ન હોય તો સંસારના અનેક વૈભવને છોડી તેઓ શા માટે ચાલી નીકળ્યા હતા ? આટલું બતાવી શ્રીમદ્ જ્ઞાનીના ઉપદેશ વિશે લખે છે કે :—

> "એ ઉપદેશ આપવામાં કોઈએ કોઈ પ્રકારની અને કોઈએ કોઈ પ્રકારની વિચક્ષણતા દર્શાવી છે. એ સઘળા ઉદ્દેશે તો સમતુલ્ય દૃશ્ય થાય તેવું છે. પરંતુ સૂક્ષ્મ ઉપદેશક તરીકે શ્રમણ ભગવંત તે સિદ્ધાર્થ રાજાનો પુત્ર પ્રથમ પદવીનો ધણી થઈ પડે છે. નિવૃત્તિને માટે જે જે વિષયો પૂર્વે જણાવ્યા તે તે વિષયોનું ખરું સ્વરૂપ સમજીને સર્વાંશે મંગળમય રૂપે બોધવામાં એ રાજપુત્ર વધી ગયો છે."[૧૧]

હૃદયમાં વસી જાય તેવી સચોટ ભાષા દ્વારા તત્ત્વની સૂક્ષ્મતાની બાબતમાં ભગવાન મહાવીર શ્રેષ્ઠ છે તેવો પોતાનો અભિપ્રાય શ્રીમદ્દે અહીં આપ્યો છે. આ તત્ત્વજ્ઞાનીઓના ઉપદેશનો સાર "પ્રભુ ભજો, નીતિ સજો, પરઠો પરોપકાર" એ ચરણમાં આવી જાય છે, તે બતાવી આ રસ્તે જ જવાથી મુક્તિ મળે છે, તેવો તેમનો અભિપ્રાય છે. "निव्वाणसेट्ठा जह सव्वधम्मा" એ "સૂત્રકૃતાંગ"ની ગાથાના ચરણાર્ધ દ્વારા એનું સમર્થન કર્યું છે. મુક્તિ મેળવવામાં વૈરાગ્ય કેટલો મદદગાર થાય છે તે દર્શાવતાં પ્રસ્તાવનાના અંતભાગમાં કર્તા લખે છે કે :—

> "આ પણ વિના વિવાદે માન્ય રાખવું જોઈએ કે તે અનંત શોક અને અનંત દુઃખની નિવૃત્તિ એના એ જ સાંસારિક વિષયથી નથી. રુધિરથી રુધિરનો ડાઘ જતો નથી; પણ જળથી તેનો અભાવ છે; તેમ શૃંગારથી વા શૃંગારમિશ્રિત ધર્મથી સંસારની નિવૃત્તિ નથી; એ જ માટે વૈરાગ્ય-જળનું આવશ્યકપણું નિઃસંશય ઠરે છે; અને એ જ માટે વીતરાગના વચનમાં અનુરક્ત થવું વધુ ઉચિત છે. નિદાન એથી વિષયરૂપ વિષનો જન્મ નથી. પરિણામે એ જ મુક્તિનું કારણ છે."[૧૨]

---

૧૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૩૪.

૧૨. એજન, પૃ. ૩૫.

જીવને જો સાચા અર્થમાં સુખી થવું હોય તો શું કરવું જોઈએ તે ટૂંકમાં છતાંય સચોટ ભાષામાં પ્રસ્તાવનામાં સમજાવી શ્રીમદ્દે પોતાને કહેવાની વાતની પૂર્વભૂમિકા સુંદર રીતે તૈયાર કરી છે. તેમનું એક પછી એક વાક્ય એટલું સ્વાભાવિક અને તર્કબદ્ધ હોય છે કે તેની સદ્યઃ પ્રતીતિ અને અસર આપણાં ચિત્તને થાય છે.

વૈરાગ્યનું આ પ્રમાણે મહત્ત્વ સમજાવ્યા પછી કર્તાએ પ્રથમ વૈરાગ્યને પોષક એવી બાર ભાવનાનો સંક્ષેપમાં પરિચય આપ્યો છે[૧૩] તે પછી ભાવના વિશે તેઓ લખે છે :—

> "એમ મુક્તિ સાધ્ય કરવા માટે જે વૈરાગ્યની આવશ્યકતા છે તે વૈરાગ્યને દૃઢ કરનારી બાર ભાવનાઓમાંથી કેટલીક ભાવનાઓ આ દર્શનાંતર્ગત વર્ણવીશું, કેટલીક ભાવનાઓ કેટલાક વિષયમાં વહેંચી નાખી છે. કેટલીક ભાવનાઓ માટે અન્ય પ્રસંગની અગત્ય છે, તેથી તે વિસ્તારી નથી."[૧૪]

આમ "ભાવનાબોધ"ના કર્તા પહેલેથી જ સૂચવે છે કે અમુક ભાવનાઓનો વિસ્તાર કરવો તેમણે અહીં ઉચિત માન્યો નથી. વળી, "ભાવનાબોધ"નું અવલોકન કરતાં જાણવા મળે છે કે તેમાં તેમણે પહેલી દસ ભાવનાઓ જ આપી છે; બોધદુર્લભ અને ધર્મદુર્લભ એ બે ભાવના લીધી નથી. પહેલી છ ભાવનાઓ તેમણે પછીની ભાવનાઓની સરખામણીમાં વિસ્તારથી સમજાવી છે. શરૂઆતમાં તેઓ ભાવનાના ભાવને સ્વરચિત પંક્તિમાં મૂકે છે, પછી તેનો વિશેષાર્થ બતાવી તેને અનુરૂપ દૃષ્ટાંત આપે છે. એમાંનાં કેટલાંક દૃષ્ટાંતો "ઉત્તરાધ્યયન સૂત્ર"માંથી તો કેટલાંક અન્ય જગ્યાએથી લેવાયાં છે. એકાદ દૃષ્ટાંત સ્વતંત્ર પણ છે. દૃષ્ટાંત આપ્યા પછી કથા તથા ભાવનાનું રહસ્ય સમજાવતી "પ્રમાણશિક્ષા" આપીને અંતમાં પુષ્પિકા લખી તેઓ ભાવના પૂર્ણ કરે છે. પછીની ત્રણ ભાવનાને સમજાવતી વખતે કર્તા ઉપરના ક્રમને અનુસરતા નથી. તેઓ ભાવનાને ગદ્યમાં જ સમજાવી દૃષ્ટાંત આપે છે, અને અંતમાં પ્રમાણશિક્ષા આપતા જ નથી. વળી, તેમાં પુષ્પિકા પણ ટૂંકાવી છે, અને નિર્જરા તથા લોકસ્વરૂપ ભાવનામાં તેમણે પુષ્પિકા આપી જ નથી. અંતિમ લોકસ્વરૂપ ભાવનામાં દૃષ્ટાંત, પ્રમાણશિક્ષા કશું જ નથી. માત્ર એ ભાવનાનો અર્થ સંક્ષેપમાં આપેલો છે. આમ જેમ જેમ પુસ્તકમાં ભાવનાનો ક્રમ આગળ વધતો જાય છે, તેમ તેમ તે વિશેનું લખાણ સંક્ષિપ્ત થતું આપણે જોઈએ છીએ.

શ્રીમદ્દે વર્ણવેલી ભાવનાઓનાં વિસ્તાર અને લક્ષણો છઠ્ઠી ભાવના પછી ધીમે ધીમે ઘટતાં જાય છે; તેના કારણમાં આ ગ્રંથની પૃષ્ઠસંખ્યા મર્યાદામાં રાખવાનો તેમનો ઉદ્દેશ જણાય છે. પૃષ્ઠસંખ્યા મર્યાદિત રાખવાનાં બેત્રણ કારણોનું અનુમાન થઈ શકે છે. "ભાવનાબોધ" એ ભેટપુસ્તક હતું તેથી પૃષ્ઠસંખ્યા વધી જવાથી છાપકામમાં વધી જતો ખર્ચ શ્રીમદ્દની તે વખતની સાંકડી આર્થિક સ્થિતિને પોસાય તેમ નહોતો. વળી, શ્રીમદ્દને આ પુસ્તક ઝડપથી છપાવીને "મોક્ષમાળા"ના ગ્રાહકોને ભેટરૂપે આપવું હતું તેથી વધુ પાનાં

૧૩. આ સંક્ષિપ્ત પરિચય તે "મોક્ષમાળા"નો ૨૧મો પાઠ. એ પાઠ અહીં એ જ શબ્દોમાં "પ્રથમ દર્શન"ના નામે અપાયો છે.

૧૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૩૬.

છપાતાં સમય લાગે, તે પણ તેમને અનુકૂળ આવે તેમ નહોતું. આથી મર્યાદિત પૃષ્ઠસંખ્યા રાખવા માટે તેમની સમર્થ કલમ ઝડપથી ચાલી શકે એવી હોવા છતાં તેમણે આમ શા માટે કર્યું હશે તેનો ખુલાસો મળી શકતો નથી.

એ પ્રત્યેક ભાવના વિશે શ્રીમદ્દે કેવા વિચારો "ભાવનાબોધ"માં વ્યક્ત કર્યા છે, તે અનુક્રમે આપણે જોઈએ.

## અનિત્યભાવના

સંસારનાં સર્વ સુખો, શરીર, લક્ષ્મી, અધિકાર વગેરે નાશવંત છે, તે બધાંનો કોઈ ને કોઈ કાળે નાશ થવાનો જ છે. માત્ર આત્મા જ નિત્ય છે. અવિનાશી આત્માનું ધ્યાન ધરવાથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે, ત્યારે નાશવંત વસ્તુમાં મોહ રાખવાથી દુઃખ જ મળે છે, એ જાતનો વિચાર કરવો તે અનિત્યભાવના.

આ ભાવનામાં શરૂઆતમાં શ્રીમદ્દે સર્વ વસ્તુઓની અનિત્યતા સમજાવતી ઉપજાતિ છંદમાં ચાર પંક્તિઓ આપી છે. તેના વિશેષાર્થ રૂપે તેમણે તે પંક્તિઓ ગદ્યમાં વિસ્તારથી સમજાવી છે. અને આ સમજણ દૃઢ કરવા, સંસારના નાશવંત સુખનો ખ્યાલ આપવા, કર્તાએ એક ભિખારીનું દૃષ્ટાંત આપ્યું છે.

એક પામર ભિખારીને કોઈ ગૃહસ્થ પાસેથી પોતાને કદી ન મળેલું મિષ્ટ ભોજન મળતાં ખૂબ આનંદ થાય છે. નગર બહાર આવી, ભોજન કરી, સંતુષ્ટ થઈને તે ભિખારી એક ઝાડ નીચે નિદ્રાવશ થાય છે. તેને નિદ્રામાં સ્વપ્નનો ઉદય થાય છે. અને તે સ્વપ્નમાં પોતે રાજરાજેશ્વરના વૈભવનો ભોક્તા બને છે. પણ વીજળીના થયેલા કડાકાથી સ્વપ્નમાંથી જાગ્રત થતાં તેને ખ્યાલ આવે છે કે એ વૈભવ તો સ્વપ્નનો હતો, પોતે તો ભિખારીનો ભિખારી જ છે; આથી તે ખૂબ ખેદ પામે છે કે પોતે સંતોષ થાય ત્યાં સુધી એ ભોગ ભોગવી શક્યો નહીં.

આ દૃષ્ટાંતનું કથારહસ્ય લેખકે "પ્રમાણશિક્ષા"માં સમજાવ્યું છે. ભિખારીને સ્વપ્નમાં ભોગ સાચા લાગતા હતા, પણ જાગ્રત થતાં તે ખોટી માન્યતા નષ્ટ થઈ અને સ્વપ્નનાં સુખ મિથ્યા જણાયાં, તેમ આત્મજ્ઞાનરૂપી સાચી જાગૃતિ જીવને નથી આવી હોતી ત્યાં સુધી જ સંસારનાં સુખ સાચાં લાગે છે. આથી બુદ્ધિશાળી જીવો સંસારની એક પણ વસ્તુને સ્વપ્નની પેઠે સાચી ન માનતાં તેનાથી છૂટવાનો પ્રયત્ન કરે છે.

આ દૃષ્ટાંત અને "પ્રમાણશિક્ષા" વૈરાગ્યના ઉપદેશાર્થે છે, તે તેમનો હેતુ પુષ્પિકામાં તેઓ પ્રગટ કરી આ ભાવના પૂર્ણ કરે છે.

આ દૃષ્ટાંતની ભાષા સરળ છે. ક્યાંય વધુ વર્ણન કરી તેમણે તેને લંબાવેલ નથી. પણ વચ્ચે વચ્ચે મર્માળાં હાસ્યવાળાં વચનો મૂકી આ દૃષ્ટાંતને રસિક બનાવવાનો સ્તુત્ય પ્રયત્ન તેમણે કર્યો છે. આ મર્માળું હાસ્ય આપણને "અતિવૃદ્ધતાને પામેલો એવો પોતાનો

જળનો ઘડો મૂક્યો"; "ભોજનને સ્વધામ પહોંચાડ્યા પછી ઓશીકે એક પથ્થર મૂકીને તે સૂતો"; "ભાઈ તો જેવા હતા તેવા ને તેવા દેખાયા. પોતે જેવાં મલિન અને અનેક જાળી-ગોખવાળાં વસ્ત્ર ધારણ કર્યાં હતાં તેવાં ને તેવાં જ વસ્ત્રો શરીર પર વિરાજે છે."—આના જેવાં અનેક વાક્યોમાં જોવા મળે છે. નિર્દંશ હાસ્ય વેરતાં આ વાક્યો વાંચતાં આપણું મોં સહજ મલકી જાય છે. આમ દૃષ્ટાંતને રસિક બનાવવામાં તેઓ સફળ થયા છે.

આ દૃષ્ટાંત તેમની સ્વતંત્ર રચના હોય તેમ લાગે છે. જૈન સૂત્રગ્રંથોમાં તે જોવા મળતું નથી.[૧૫]

## અશરણભાવના

સંસારમાં મરણ સમયે જીવને શરણ આપનાર ધર્મ સિવાય બીજું કોઈ નથી, તેમ વિચારવું તે અશરણભાવના. કર્તાએ સંસારની અશરણતા બતાવતી ચાર પંક્તિઓ ઉપજાતિ છંદમાં આપી તેનો વિશેષાર્થ ગદ્યમાં સમજાવ્યો છે. તે પછી સંસારને શરણરૂપ માનવાથી સદાય અશરણતા જ રહે છે, એવો બોધ આપતું **અનાથી મુનિનું** ચરિત્ર તેઓએ અહીં દર્શાવ્યું છે.

મગધ દેશનો રાજા શ્રેણિક ફરતાં ફરતાં મંડિકુક્ષ નામના વનમાં, એક તરુણ મુનિ તપ કરતા હતા ત્યાં જઈ ચડ્યો. તે મુનિની કાંતિથી પ્રભાવિત થવાથી, મુનિએ કરેલા ત્યાગનું કારણ જાણવાની જિજ્ઞાસા થવાથી, શ્રેણિકે મુનિને તે બાબત વિનયથી પૂછ્યું. કારણમાં મુનિએ પોતાની અનાથતા જણાવી. એથી આશ્ચર્ય પામી, કોઈ નાથ ન હોય તો પોતે નાથ થશે એમ જણાવી શ્રેણિકે મુનિને મનુષ્ય સંબંધી અનેક પ્રકારના ભોગ ભોગવવાનું આમંત્રણ આપ્યું. તેના ઉત્તરમાં મુનિએ કહ્યું કે, "તું પોતે અનાથ છો તો મારો નાથ કઈ રીતે થઈશ?" આ ઉત્તરથી શ્રેણિકને આકુળતા થઈ કે, "હું નગર, વન, ઉપવન, સુંદર સ્ત્રીઓ, લક્ષ્મી વગેરેનો ભોક્તા છું; વળી અનેક નોકર, હાથી, અશ્વ વગેરેનો માલિક છું, તો હું અનાથ કઈ રીતે!" આથી તે વિશે શ્રેણિકે મુનિને પ્રશ્ન કર્યો. આ પ્રશ્નના ઉત્તરમાં મુનિએ પોતાની અનાથતા કઈ રીતે હતી તેની વાત કહી.

મુનિ ધનસંચય નામના સમૃદ્ધ પિતાના પુત્ર હતા. અનેક પ્રકારનાં સુખ તેઓ માણતા હતા. યુવાવસ્થામાં એક વખતે તેમને આંખમાં ભયંકર વેદના ઉત્પન્ન થઈ, અને આખા શરીરમાં દાહજ્વરની અસહ્ય વેદના પ્રસરી ગઈ. આ વેદના દૂર કરવા અનેક કુશળ વૈદ્યો આવ્યા, પણ તેમનાં ઔષધોથી આરામ થયો નહીં; એટલું જ નહીં, પિતાની સંપત્તિ, માતાની મમતા, સહોદરના પ્રયત્નો કે પતિવ્રતા પત્નીની શુશ્રૂષા પણ એમને વેદનામુક્ત કરી

૧૫. આ આખું દૃષ્ટાંત "મોક્ષમાળા"ના પાઠ ૪૧–૪૨માં "ભિખારીનો ખેદ" શીર્ષક નીચે કથારૂપે મળે છે. અહીં તે કથા પદ્યપંક્તિઓ, વિશેષાર્થ, કથા અને પ્રમાણશિક્ષા – એ અનુક્રમમાં ગોઠવીને આપેલ છે. ત્યારે "મોક્ષમાળા"માં તે આડાઅવળા ક્રમમાં મળે છે. આમ આ આખી કથા "મોક્ષમાળા"માંથી લેવાઈ છે.

શકયા નહીં, એ જ એમનું અનાથપણું હતું. એથી સંસારથી તેઓ ખેદ પામ્યા અને વેદના-મુક્તિ થાય ત્યારે સંસારત્યાગ કરવાનો તેમણે નિર્ણય કર્યો. દૈવયોગે એ વેદના દૂર થતાં સર્વ છોડી આત્મસાધના માટે તેઓ ચાલી નીકળ્યા. અને પછી તેઓ આત્મા તથા પરમાત્માના નાથ થયા. આમ પોતાનો આત્મા જ સુખદુઃખનો કર્તા ભોક્તા છે, તે સમજાવી સંસારમાં રહેલી અનાથતા મુનિએ શ્રેણિકને પ્રત્યક્ષ કરી બતાવી. સાચી શરણતા સમજ્યા પછી રાજાએ મુનિને ભોગ માટે કરેલા આમંત્રણ માટે પશ્ચાત્તાપ કર્યો અને ક્ષમા યાચી. પછી મુનિની રજા લઈને તે પોતાના રાજ્યમાં ગયો.

"પ્રમાણશિક્ષા"માં શ્રીમદ્દ બોધે છે કે આ કથા પરથી સંસારની અશરણતા સ્પષ્ટ થાય છે. આત્માએ તો મુનિના કરતાં અનંત દુઃખ સહ્યાં છે. પણ સાચું ન સમજાયું હોવાને લીધે. તેનાથી છૂટાયું નથી. તેમ દુઃખથી છૂટવા શ્રીમદ્દ કહે છે :—

> "સંસારમાં છવાઈ રહેલી અનંત અશરણતાનો ત્યાગ કરી સત્ય શરણરૂપ ઉત્તમ તત્ત્વજ્ઞાન અને પરમ સુશીલને સેવો. અંતે એ જ મુક્તિના કારણરૂપ છે."[૧૬]

"ઉત્તરાધ્યયન" નામના જૈન સૂત્રના વીસમા અધ્યયનમાં આવતી આ કથા શ્રીમદ્દે અહીં આપી છે. આ અધ્યયનના પહેલા સાડત્રીસ અને પાછળના બે એમ કુલ ઓગણચાલીસ શ્લોકમાં અપાયેલી કથાને સરળ ભાવાનુવાદ રૂપે તેમણે અહીં રજૂ કરી છે. અને તેમાં કયાંક કયાંક થોડુંક પોતાનું કથન ઉમેરી તેને રસિક બનાવવાનો પ્રયત્ન કર્યો છે, તે તેમની શૈલીનો સુંદર નમૂનો પૂરો પાડે છે.

શ્રેણિક રાજા ફરવા નીકળે છે તે વન નંદનવન જેવું જ હતું, એમ એક જ ગાથામાં મૂળ સૂત્રમાં જણાવાયું છે. ઉદાહરણ તરીકે તેનો ત્રીજો શ્લોક જુઓ :—

> "नाणादुमलयाइण्णं नाणापक्खिनिसेवियं ।
> नाणाकुसुमसंछन्नं उज्जाणं नन्दणोवमं ॥"[૧૭]

શ્રીમદ્દે એ વનનું ચિત્રાત્મક વર્ણન કરતાં લખ્યું છે કે :—

> "વનની વિચિત્રતા મનોહારિણી હતી. નાના પ્રકારનાં તરુકુંજ ત્યાં આવી રહ્યાં હતાં, નાના પ્રકારની કોમળ વલ્લિકાઓ ઘટાટોપ થઈ રહી હતી, નાના પ્રકારનાં પંખીઓ આનંદથી તેનું સેવન કરતાં હતાં; નાના પ્રકારનાં પક્ષીઓનાં મધુરાં ગાયન ત્યાં સંભળાતાં હતાં, નાના પ્રકારનાં ફૂલથી તે વન છવાઈ રહ્યું હતું, નાના પ્રકારનાં જળનાં ઝરણાં ત્યાં વહેતાં હતાં, ટૂંકામાં સૃષ્ટિસૌંદર્યના પ્રદર્શનરૂપ હોઈને તે વન નંદનવનની તુલ્યતા ધરાવતું હતું."[૧૮]

---

૧૬. "શ્રીમદ્દ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૪૦.

૧૭. "ઉત્તરાધ્યયન સૂત્ર", અધ્યયન ૨૦, શ્લોક ૩, પૃ. ૧૬૩.

૧૮. "શ્રીમદ્દ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૩૮.

કેટલીક વખત સૂત્રના શ્લોક અનુસાર જ તેમણે ભાવાર્થ આપેલો છે :—

"होमि नहो भयंताण भोगे भुंजाहि संजया ।
मित्तनाईपरिवुडो, माणुस्सं खु सुदुल्लहं ॥"[19]

આ શ્લોક વિશે શ્રીમદે આ પ્રમાણે લખ્યું છે :—

"કોઈ નાથ નથી તો હું થાઉં છું. હે ભયત્રાણ! તમે ભોગ ભોગવો. હે સંયતિ! મિત્ર! જ્ઞાતિએ કરી દુર્લભ એવો તમારો મનુષ્યભવ સુલભ કરો."[20]

શ્રેણિક રાજાએ વનમાં જોયેલા મુનિ કેવા હતા તે સૂત્રમાં એક જ શ્લોકમાં દર્શાવ્યું છે :—

"अहो वण्णो अहो रूवं अहो अज्जस्स सोमया ।
अहो खंती अहो मुत्ती अहो भोगे असंगया ॥"[21]

તે વિશે કર્તા સ્વતંત્ર રીતે થોડો વિસ્તાર સાધે છે :—

"અહો! આ મુનિનો કેવો અદ્‌ભુત વર્ણ છે! અહો! એનું કેવું મનોહર રૂપ છે! અહો! આ આર્યની કેવી અદ્‌ભુત સૌમ્યતા છે! અહો! આ કેવી વિસ્મયકારક ક્ષમાના ધરનાર છે! અહો! આના અંગથી વૈરાગ્યની કેવી ઉત્તમ સ્ફુરણા છે! અહો! આની કેવી નિર્લોભતા જણાય છે! અહો! આ નિયતિ કેવું નિર્ભય અપ્રભુત્વ – નમ્રપણું ધરાવે છે! અહો! એનું ભોગનું અસંગપણું કેવું સુદૃઢ છે!"[22]

આમ અહીં શ્રીમદ્ મુનિના બધા જ ગુણો અહોભાવથી વ્યક્ત કરે છે, અને તે દ્વારા મુનિની ઉત્તમતાનો ખ્યાલ આપણને આપે છે.

મૂળ સૂત્રમાં શ્રેણિક રાજાને મુનિ એટલું જ કહે છે કે, "તું પોતે અનાથ છો, તો મારો નાથ કઈ રીતે થઈશ?" જુઓ આ અધ્યયનનો ૧૨મો શ્લોક :—

"अप्पणा वि अणाहो सि सेणिया मगहाहिवा ।
अप्पणा अणाहो संतो कस्स नाहो भविस्ससि ॥"[23]

આ વિશે બીજાં પણ કેટલાંક ઉદાહરણો શ્રીમદે અહીં ઉમેરેલાં છે. અહીં મુનિ શ્રેણિકને કહે છે કે :—

---

૧૯. "ઉત્તરાધ્યયન સૂત્ર", અધ્યયન ૨૦, શ્લોક ૧૧, પૃ. ૧૬૫.
૨૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૩૮.
૨૧. "ઉત્તરાધ્યયન સૂત્ર", અધ્યયન ૨૦, શ્લોક ૬, પૃ. ૧૬૪.
૨૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૩૮.
૨૩. "ઉત્તરાધ્યયન સૂત્ર", અધ્યયન ૨૦, શ્લોક ૧૨, પૃ. ૧૬૫.

"અરે શ્રેણિક, મગધ દેશના રાજા! તું પોતે અનાથ છો તો મારો નાથ શું થઈશ? નિર્ધન તે ધનાઢ્ય ક્યાંથી બનાવે? અબુધ તે બુદ્ધિદાન ક્યાંથી આપે? અજ્ઞ તે વિદ્વત્તા ક્યાંથી દે? વંધ્યા તે સંતાન ક્યાંથી આપે? જ્યારે તું પોતે અનાથ છો ત્યારે મારો નાથ ક્યાંથી થઈશ?"[૨૪]

આમ વિરોધ દ્વારા તેમણે કથનની સચોટતા આણી છે.

આમ જ્યાં જ્યાં શક્યતા જણાઈ ત્યાં ત્યાં પોતાની વિશિષ્ટ શૈલીથી કર્તાએ કથાને વધુ અસરકારક બનાવી છે. આ કથા વાંચીએ છીએ ત્યારે ક્યાંયે એવી છાપ નથી પડતી કે તે કોઈકને આધારિત છે, બલ્કે તે સ્વતંત્ર હોય એ જ રસથી આપણે વાંચી શકીએ છીએ. ધારી અસર ઉપજાવવા માટે તેમણે ક્યારેક બેત્રણ શ્લોકનો ભાવાર્થ સાથે લીધો છે, તો ક્યારેક એક શ્લોકનાં પણ ત્રણ-ચાર નાનાં નાનાં વાક્યો રચી પોતાનું કામ સાધ્યું છે. આમ મૂળ સૂત્રથી થોડી છૂટ તેમણે લીધી છે, પણ તે યોગ્ય થયું છે એમ લાગ્યા વિના રહેતું નથી. વળી; શ્રીમદ્‌ની ઇચ્છા અનુવાદ કરવાની નહોતી જ, પણ તેમનો હેતુ સામાન્ય જનને વાંચવી ગમે તેવી રીતે કથાને મૂકવાનો હતો; તે હેતુ અહીં પૂર્ણ થયેલો આપણે જોઈએ છીએ.

મુનિત્વના નિયમો બરાબર ન પાળવા, જ્યોતિષવિદ્યા, લક્ષણવિદ્યા આદિ મેળવેલી વિદ્યાનો દુરુપયોગ કરવો એ બધાં અનાથીપણાનાં બીજી જાતનાં લક્ષણો લગભગ અઢાર શ્લોકમાં તે અધ્યયનમાં આપ્યાં છે. પણ અહીં તે બિનજરૂરી લાગતાં છોડી દઈ, પોતાનો હેતુ પૂર્ણ થતો લાગ્યો ત્યાં જ કર્તાએ કથા પૂર્ણ કરી છે. એ રીતે વાર્તાનું ઔચિત્ય જાળવવાની તેમની શક્તિ અને કલારુચિનો પણ આપણને ખ્યાલ આવે છે. અહીં તેઓ પહેલી ભાવના અનુસાર જ પુષ્પિકા આપે છે.[૨૫]

### એકત્વભાવના

આ આત્મા એકલો જ છે. તે એકલો આવ્યો છે અને એકલો જવાનો છે. તેણે કરેલાં કર્મ તે એકલો જ ભોગવવાનો છે, એમ ચિંતવવું તે એકત્વભાવના. ઉપજાતિ છંદની ચાર પંક્તિમાં આ ભાવ સમજાવી તેનો વિશેષાર્થ શ્રીમદ્દે ગદ્યમાં આપ્યો છે.

આ ભાવનાના દૃષ્ટાંતમાં શ્રીમદ્દે મિથિલેશ નમિરાજ અને શક્રેંદ્ર દેવનો સંવાદ આપ્યો છે. નમિરાજ એકત્વ સિદ્ધ થતાં બધું છોડી નગર બહાર મુનિવેશે તપ કરતા હતા. તેમની પરીક્ષા કરવાની ઇચ્છાથી શક્રેંદ્ર દેવ વિપ્રરૂપે તેમની પાસે આવે છે અને પોતાનું કાર્ય શરૂ કરે છે. રાજાની દીક્ષાથી આખું નગર શોકમય બન્યું હતું, તે શોક દૂર કરવા દીક્ષા

૨૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૩૮.

૨૫. આ ભાવના "મોક્ષમાળા"માંથી લેવાઈ છે. જુઓ પાઠ ૫, ૬, ૭. આ ભાવનાની પદ્યપંક્તિઓ તથા તેનો વિશેષાર્થ નવાં રચાયેલાં છે, તે સિવાયનું સર્વ "મોક્ષમાળા"માંથી લેવાયેલ છે.

છોડવા વિપ્રે રાજાને કહ્યું. રાજાએ પોતાનું એકત્વ જણાવી તેમાં સંમતિ ન આપી. તેથી નગરમાં કરવાનાં અધૂરાં રહી ગયેલાં કાર્ય પૂર્ણ કરવા જવા તેણે કહ્યું. તે માટે પણ રાજાની એ વૃત્તિ રહેતાં સંસારના જાતજાતના ભોગ ભોગવ્યા પછી દીક્ષા લેવાનું દેવે રાજાને કહ્યું. આમ અનેક પ્રકારનાં પ્રલોભનો સામે રાજા પોતાના એકત્વ માટે મક્કમ જ રહ્યા. અને અંતે જણાવી દીધું કે, "હું એકલો જ છું. મને કોઈ સુખી કે દુઃખી કરી શકે તેમ નથી. તેમ હું પણ કોઈને સુખી કે દુઃખી કરી શકું તેમ નથી, સૌને પોતાનાં કર્માનુસાર ફળ ભોગવવાં પડે છે. આ બધાં કર્મ વધારનારાં કાર્યો માટે હું ઉત્તમ એકત્વથી કોઈ કાળે ચળનાર નથી". રાજાની આ જાતની અડગતા જોઈ દેવે પ્રસન્ન થઈ પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું, અને રાજાને આશિષ આપી તેઓ પોતાના સ્થાને ગયા.

"પ્રમાણશિક્ષા"માં શ્રીમદ્દે નમિરાજની વૈરાગ્ય જાળવી રાખવા બદલ પ્રશંસા કરી છે. અને જે પ્રસંગથી રાજાને એકત્વ સિદ્ધ થયું તે પ્રસંગ પણ આપ્યો છે. અનેક પ્રકારનાં સુખમાં વિરાજતા નમિરાજને અસહ્ય વેદના આપતો દાહજ્વર નામનો વ્યાધિ થયો. અનેક કુશળ વૈદ્યોનાં ઔષધો એ વ્યાધિ શમાવવામાં નિષ્ફળ ગયાં. તે વખતે એક મહાકુશળ વૈદ્યની સૂચના અનુસાર મલયગિરિ ચંદનનો લેપ કરવાનું નક્કી થતાં, સર્વ રાણીઓ તે ચંદન ઘસવા લાગી. ચંદન ઘસતી વખતે રાણીઓએ પહેરેલાં હાથમાંનાં કંકણો એકબીજા સાથે અથડાઈ ખૂબ અવાજ કરવા લાગ્યાં. રોગની પીડામાં એ અવાજ અસહ્ય લાગતાં, નમિરાજે ચંદન ઘસવાનું બંધ કરવા જણાવ્યું. તે અવાજ શાંત કરવા રાણીઓએ હાથમાં એકેક જ કંકણ રાખી, બાકીનાં કાઢી નાખી ચંદન ઘસવાનું ચાલુ રાખ્યું. અવાજ કઈ રીતે બંધ થયો તે બાબતે રાજાએ પૂછતાં જવાબ મળ્યો કે હાથમાં એકેક જ કંકણ હોવાથી અવાજ થતો નથી. આ સાંભળતાં રાજાના ચિત્તમાં વિચારણા ઉદય પામી અને તેમાંથી તેને એકત્વ સિદ્ધ થયું. રાજાએ પોતાના આત્માને જણાવ્યું કે, "અહો ચેતન! તું માન કે તારી એકત્વમાં જ સિદ્ધિ છે, વધારે મળવાથી વધારે ઉપાધિ છે. સંસારમાં અનંત આત્માના સંબંધમાં તારે ઉપાધિ ભોગવવાનું શું અવશ્ય છે? તેનો ત્યાગ કર અને એકત્વમાં પ્રવેશ કર. જો! આ કંકણ હવે ખળભળાટ વિના કેવી ઉત્તમ શાંતિમાં રમે છે! અનેક હતાં ત્યારે તે કેવી અશાંતિ ભોગવતું હતું! તેવી જ રીતે તું પણ કંકણરૂપ છો. તે કંકણની પેઠે તું જ્યાં સુધી સ્નેહી કુટુંબીરૂપી કંકણ-સમુદાયમાં પડ્યો રહીશ ત્યાં સુધી ભવરૂપી ખળભળાટ સેવન કરવો પડશે, અને જો આ કંકણની વર્તમાન સ્થિતિની પેઠે એકત્વને આરાધીશ તો સિદ્ધગતિરૂપી મહા પવિત્ર શાંતિ પામીશ.[૨૬] આ રીતે નમિરાજે વૈરાગ્ય પામી દાહજ્વરથી મુક્ત થઈ, પ્રવજ્યા અંગીકાર કરી. આ આખો પ્રસંગ શ્રીમદ્દે નીચેની ચાર પંક્તિઓમાં આપ્યો છે:—

"રાણી સર્વ મળી સુચંદન ઘસી, ને ચર્ચવામાં હતી,
બૂઝ્યો ત્યાં કકળાટ કંકણ તણો, શ્રોતી નમિ ભૂપતિ;

૨૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૪૩.

સંવાદે પણ ઇંદ્રથી દૃઢ રહ્યો, એકત્વ સાચું કર્યું,
એવા એ મિથિલેશનું ચરિત આ, સંપૂર્ણ અત્રે થયું."[૨૭]

એક પ્રસંગને વર્ણવ્યા પછી તેને એક જ કડીમાં રજૂ કરી દેવાની શ્રીમદ્‌ની શક્તિનો પરિચય આપણને અહીં થાય છે. પ્રસંગને અનુરૂપ પદ્યરચના કરવાની શૈલી અહીં જોવા મળે છે. સાથે સાથે આ પંક્તિઓનો વિશેષાર્થ પણ તેમણે આપ્યો છે. અને તે પછી આગળની ભાવના અનુસાર પુષ્પિકા આપી એ ભાવનાનું આલેખન પૂર્ણ કર્યું છે.

નમિરાજ અને શક્રેંદ્રનો સંવાદ શ્રીમદ્દે "ઉત્તરાધ્યયન સૂત્ર"ના નવમા અધ્યયનમાંથી લીધેલો છે. તે સંવાદમાં તેમણે વાક્યરચનામાં પૂરતી છૂટ લીધી છે. ક્યારેક બેત્રણ શ્લોક સાથે લઈ ભાવાર્થ આપ્યો છે, તો ક્યારેક એક શ્લોકના પણ બેત્રણ વિભાગ કરી સરળતા આણી છે. પરંતુ લગભગ તો મૂળ અનુસાર જ સંવાદ લીધો છે. આ રીતે મૂળ સૂત્રમાંનું અધ્યાહાર હોય તે સ્પષ્ટ કરીને, સરળ ભાષા વાપરીને સંવાદને રસપ્રદ બનાવવાનો તેમનો પ્રયત્ન જણાઈ આવ્યા વિના રહેતો નથી. વળી ક્યારેક મૂળ શ્લોક જરા વિસ્તારથી રજૂ કર્યો હોય તેમ પણ જોવા મળે છે. ઉદાહરણ તરીકે "ઉત્તરાધ્યયન"માં એક શ્લોક આ પ્રમાણે છે :—

"जो सहस्सं सहस्साणं संगामे दुज्जओ जिणे ।
एगं जिणेज्ज अप्पाणं एस से परमो जओ ॥"[૨૮]

તે વિશે શ્રીમદ્દે આ પ્રમાણે લખ્યું છે :—

"દસ લાખ સુભટોને સંગ્રામને વિશે જીતવા એ દુર્લભ ગણાય છે; તોપણ એવા વિજય કરનારા પુરુષો અનેક મળી આવે, પણ એક સ્વાત્માને જીતનાર મળનાર અનંત દુર્લભ છે. તે દસ લાખ સુભટથી વિજય મેળવનાર કરતાં એક સ્વાત્માને જીતનાર પરમોત્કૃષ્ટ છે."[૨૯]

ક્યારેક શ્લોકના પૂર્વાર્ધનો જ ભાવાર્થ લેવાયો છે. ઉદાહરણ તરીકે મૂળ શ્લોક આ પ્રમાણે છે :—

"अप्पाणमेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ ।
अप्पणामेवमप्पाणं जिणित्ता सुहमेहए ॥"[૩૦]

તેને માટે શ્રીમદ્ લખે છે કે :—

"આત્મા સંઘાતે યુદ્ધ કરવું ઉચિત છે. બહિર યુદ્ધનું શું પ્રયોજન છે?"[૩૧]

૨૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૪૩.
૨૮. "ઉત્તરાધ્યયન સૂત્ર", અધ્યયન ૯, શ્લોક ૩૪, પૃ. ૬૦.
૨૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૪૧.
૩૦. "ઉત્તરાધ્યયન સૂત્ર", અધ્યયન ૯, શ્લોક ૩૫, પૃ. ૬૦.
૩૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૪૧.

આટલું જ લખી તે પછીના શ્લોક વિશે તેઓ લખે છે.

આમાં ક્યાંય શબ્દશઃ ભાષાંતર જોવા મળતું નથી, શ્લોકનો ભાવાર્થ લઈ સંવાદરૂપે રજૂ કરવાનું જ તેમણે યોગ્ય માન્યું છે. એ માટે ઘણી જગ્યાએ અધ્યાહાર રહેલી વસ્તુ કર્તાએ સ્પષ્ટ કરી છે. સૂત્રના સાતમા શ્લોકમાં દેવ નગરના શોકનું કારણ રાજાને પૂછે છે:—

"किण्णु भो अज्ज मिहिलाअे कोलाहसंकुला ।
मुव्वंति दारुणा सदा पासाअेसु गिहेसु य ॥"૩૨

"ભાવનાબોધ"માં દેવ આ પ્રમાણે કહે છે, "હે રાજા! મિથિલાનગરીને વિશે આજે પ્રબલ કોલાહલ વ્યાપી રહ્યો છે, હૃદયને અને મનને ઉદ્વેગકારી વિલાપના શબ્દોથી રાજમંદિર અને સામાન્ય ઘર છવાઈ ગયાં છે. માત્ર તારી દીક્ષા એ જ એ સઘળાના દુઃખનો હેતુ છે. પરના આત્માને જે દુઃખ આપણાથી ઉત્પન્ન થાય તે દુઃખ સંસાર-પરિભ્રમણનું કારણ ગણીને તું ત્યાં જા, ભોળો ન થા."૩૩

આમ અહીં જોઈ શકાશે કે વસ્તુને સ્પષ્ટ કરવા તેઓ સારી એવી છૂટ લે છે, અને વિસ્તાર સાધે છે. ક્યારેક ત્રણ-ચાર શ્લોક સંક્ષેપમાં પણ આપતા હોય એવો પ્રસંગ પણ જોવા મળે છે. દાખલા તરીકે ૯મા અધ્યયનના ૧૪, ૧૫, અને ૧૬ એ ત્રણ શ્લોકનો તેઓ ચાર લીટીમાં બધો ભાવાર્થ સમજાવી શ્લોકની એકતા સાધે છે:—

"सुहं वसामो जीवामो जेसि मो नत्थि किंचण ।
मिहिलाअे डज्झमाणीअे न मे डज्झइ किंचण ॥

"चत्तपुत्तकलत्तस्स णिव्वावारस्स भिक्खुणो ।
पियं न विज्जई किंचि अप्पियं पि ण विज्जई ॥

"बहुं खु मुणिणो भद्दं अणगारस्स भिक्खुणो ।
सव्वओ विप्पमुक्कस्स अेगंतमणुपस्सओ ॥"૩૪

આની સાથે સરખાવો નમિરાજનું કથન, "હે વિપ્ર! મિથિલાનગરીના, તે અંતઃપુરના અને તે મંદિરના દાઝવાથી મારું કંઈ પણ દાઝતું નથી; જેમ સુખોત્પત્તિ છે તેમ વર્તું છું. એ મંદિરાદિકમાં મારું અલ્પમાત્ર પણ નથી, મેં પુત્ર સ્ત્રી આદિકના વ્યવહારને છાંડ્યો છે. મને એમાંનું કંઈ પ્રિય નથી, અને અપ્રિય પણ નથી."૩૫

આ જાતનું અન્ય ઉદાહરણ "ઉત્તરાધ્યયન સૂત્ર"ના ૯મા અધ્યયનના ૧૮થી ૨૨ સુધીના શ્લોકો વિષે મળે છે. તેમાં પણ જે રીતે વાક્યરચના બેસે તે રીતે તેમણે શ્લોકની ભેળસેળ કરી છે. આ રીતે મૂળ કરતાં જુદી રીતે લખતાં ક્યારેક તેઓ સ્વતંત્ર ઉમેરણ પણ

૩૨. "ઉત્તરાધ્યયન સૂત્ર", અધ્યયન ૯, શ્લોક ૭, પૃ. ૫૫.
૩૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૪૦.
૩૪. "ઉત્તરાધ્યયન સૂત્ર", અધ્યયન ૯, શ્લોક ૧૪, ૧૫, ૧૬, પૃ. ૫૬.
૩૫. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૪૧.

કરે છે. રાજા દેવને ભોગ વગેરે માટે બોધ ન આપવા કહે છે ત્યારે મોટો ભાગ સ્વતંત્ર રચાયેલો મળે છે, "મારું હૃદય કોઈ કાળે ચળનાર નથી, એ મિથ્યા મોહિનીમાં અભિરુચિ ધરાવનાર નથી. જાણી જોઈને વિભ્રમમાં કોણ પડે? હું મારા અમૃત જેવા વૈરાગ્યનો મધુર રસ અપ્રિય કરી એ ઝેરને પ્રિય કરવા મિથિલામાં આવનાર નથી."[36]

આમ અનેક રીતે મૂળમાં ફેરફાર કર્યા પછી સંવાદની રજૂઆત કરી છે, તે પરથી આપણે કહી શકીએ કે તેમણે સંવાદની રચનામાં મૂળ સૂત્રનો આધાર લીધો છે, પણ અનુવાદ કર્યો નથી.

"પ્રમાણશિક્ષા"માં આપેલો નમિરાજની એકત્વસિદ્ધિનો પ્રસંગ ભદ્રબાહુકૃત "ઉત્તર નિર્યુક્તિ"ની ગાથા ૨૬૪થી ૨૭૯માં જોવા મળે છે. પણ તે પ્રસંગની રજૂઆત તેમના પોતાના જ શબ્દોમાં થયેલી છે. એથી એ કથામાં પણ ક્યારેક હાસ્યરસ ડોકિયાં કરી જતો દેખાય છે. દાખલા તરીકે, "ઔષધ માત્ર દાહજ્વરનાં હિતૈષી થતાં ગયાં. કોઈ ઔષધ એવું ન મળ્યું કે જેને દાહજ્વરથી કિંચિત્ પણ દ્વેષ હોય. નિપુણ વૈદો કાયર થયા, અને રાજેશ્વર પણ એ મહાવ્યાધિથી કંટાળી પામી ગયા."[37]

આ આખી ભાવના વાંચીએ ત્યારે મૌલિક ભાવના વાંચતા હોઈએ એવી છાપ આપણા પર પડે છે, ક્યાંયથી આધારિત વસ્તુ લીધી હોય તેવું લાગતું નથી. આ વસ્તુ શાસ્ત્રોક્ત પ્રસંગને આત્મસાત્ કરવાની શ્રીમદ્‌ની શક્તિનો પરિચય આપણને આપે છે.

### અન્યત્વભાવના

શરીર, સ્ત્રી, પુત્ર, કુટુંબ, લક્ષ્મી, વૈભવ વગેરેમાંથી કશું જ પોતાનું નથી. એમાં રહેલો મોહ અજ્ઞાનપણાનો છે. તે સર્વને અન્ય માનવાં તે અન્યત્વભાવના. શાર્દૂલવિક્રીડિત છંદની ચાર પંક્તિઓમાં એ ભાવના સમજાવી તેનો વિશેષાર્થ ગદ્યમાં આપ્યો છે.

અરીસાભવનમાં ભરત ચક્રવર્તીને અન્યત્વભાવના વિચારતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું, તે દૃષ્ટાંત આ ભાવના વિષે અપાયું છે. ચક્રવર્તીની રિદ્ધિસિદ્ધિ માણતાં ભરતેશ્વર એક વખત અરીસાભવનમાં બેઠા હતા તે વખતે તેમની એક આંગળીમાંથી વીંટી નીકળી ગઈ. પરિણામે આંગળી અડવી દેખાઈ. તેનું કારણ વિચારતાં વીંટીનું નીકળી જવું એ કારણ સમજાયું. એ પછી બીજી આંગળીની વીંટી કાઢતાં એ વાત વધારે પ્રમાણભૂત લાગી. એ પરથી ભરતરાજાને એક વિચારધારા ઉત્પન્ન થઈ અને વૈરાગ્ય આવ્યો, પરિણામે તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

ભરતરાજાને ઉત્પન્ન થયેલી વિચારધારા શ્રીમદે કુશળતાપૂર્વક અને તર્કબદ્ધ રીતે રજૂ કરી છે :—

---

૩૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૪૨.

૩૭. એજન, પૃ. ૪૩.

"અહોહો ! કેવી વિચિત્રતા છે કે ભૂમિમાંથી ઉત્પન્ન થયેલી વસ્તુને ટીપીને કુશળતાથી ઘડવાથી મુદ્રિકા બની, એ મુદ્રિકા વડે મારી આંગળી સુંદર દેખાઈ, એ આંગળીમાંથી મુદ્રિકા નીકળી પડતાં એથી વિપરીત દેખાવ દીધો, વિપરીત દેખાવથી અશોભ્યતા અને અડવાપણું ખેદરૂપ થયું. અશોભ્ય જણાવાનું કારણ માત્ર વીંટી નહીં એ જ ઠર્યું કે ? જો વીંટી હોત તો એવી અશોભા હું ન જોત. એ મુદ્રિકા વડે મારી આ આંગળી શોભા પામી, એ આંગળી વડે આ હાથ શોભે છે, અને એ હાથ વડે આ શરીર શોભા પામે છે. ત્યારે એમાં હું શોભા કોની ગણું ? અતિ વિસ્મયતા ! મારી આ મનાતી મનોહર કાંતિને વિશેષ દીપ્ત કરનાર તે મણિમાણિક્યાદિના અલંકારો અને રંગબેરંગી વસ્ત્રો ઠર્યાં, એ કાંતિ મારી ત્વચાની શોભા ઠરી, એ ત્વચા શરીરની ગુપ્તતા ઢાંકી સુંદરતા દેખાડે છે. અહોહો ! આ મહાવિપરીતતા છે ! જે શરીરને હું મારું માનું છું તે માત્ર ત્વચા વડે, તે ત્વચા કાંતિ વડે, અને તે કાંતિ વસ્ત્રાલંકાર વડે શોભે છે, ત્યારે શું મારા શરીરની કંઈ શોભા જ નહિ કે ? રુધિર, માંસ અને હાડકાંનો જ કેવળ એ માળો કે ? અને એ માળો તે હું કેવળ મારો માનું છું ! કેવી ભૂલ ? કેવી ભ્રમણા ? અને કેવી વિચિત્રતા છે ? કેવળ હું પરપુદ્ગલની શોભાથી શોભું છું. કોઈથી રમણિકતા ધરાવતું શરીર તે મારે મારું કેમ માનવું ? અને કદાપિ એમ માનીને હું એમાં મમત્વભાવ રાખું તે પણ કેવળ દુઃખપ્રદ અને વૃથા છે. આ મારા આત્માનો એ શરીરથી એક કાળે વિયોગ છે. આત્મા જ્યારે બીજા દેહને ધારણ કરવા પરવરશે ત્યારે આ દેહ અહીં રહેવામાં કોઈ શંકા નથી. એ કાયા મારી ન થઈ અને નહીં થાય ત્યારે હું એને મારી માનું છું તે કેવળ મૂર્ખતા છે. જેનો એક કાળે વિયોગ થવાનો છે, અને જે કેવળ અન્યત્વભાવ ધરાવે છે તેમાં મમત્વપણું શું રાખવું ? આ જ્યારે મારી થતી નથી, ત્યારે મારે એના થવું શું ઉચિત છે ? નહીં, નહીં. એ જ્યારે મારી નહીં, ત્યારે હું એનો નહીં, એમ વિચારું, દૃઢ કરું અને પ્રવર્તન કરું, એમ વિવેકબુદ્ધિનું તાત્પર્ય છે... એ પુત્ર, એ મિત્ર, એ કલત્ર, એ વૈભવ અને એ લક્ષ્મીને મારે મારાં માનવાં જ નથી ! હું એનો નહીં અને એ મારાં નહીં ! પુણ્યાદિક સાધીને મેં જે જે વસ્તુ પ્રાપ્ત કરી તે તે વસ્તુ મારી ન થઈ, એ જેવું સંસારમાં કયું ખેદમય છે ? મારાં ઉગ્ર પુણ્યત્વનું ફળ આ જ કે ?... એ પુત્રનો, એ પ્રમદાઓનો, એ રાજવૈભવનો અને એ વાહનાદિક સુખનો મારે કશો અનુરાગ નથી ! મમત્વ નથી."[૩૮]

આ રીતે ભરતેશ્વરે સંસારનું મિથ્યાત્વ જોયું, અને અન્યત્વભાવ વિચારી સાચું જ્ઞાન પામ્યા. શ્રીમદે "પ્રમાણશિક્ષા"માં પણ તે જ સમજાવ્યું છે. ત્યાર પછી આખી કથાનો સાર બે પદ્યપંક્તિમાં આપી, વિશેષાર્થ આપી, પુષ્પિકા લખી તેમણે આ ભાવના પૂર્ણ કરી છે. શાર્દૂલવિક્રીડિતમાં આપેલી ચાર પંક્તિમાં કથાનો સાર અને ઉદ્દેશ બંને આવી જાય છે. જુઓ તે પંક્તિઓ :—

૩૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૪૫.

"દેખી આંગળી આપ એક અડવી, વૈરાગ્ય વેગે ગયા,
છાંડી રાજસમાજને ભરતજી, કૈવલ્યજ્ઞાની થયા;
ચોથું ચિત્ર પવિત્ર એ જ ચરિતે, પામ્યું અહીં પૂર્ણતા,
જ્ઞાનીનાં મન તેહ રંજન કરો, વૈરાગ્ય ભાવે યથા."૩૯

આ પ્રકારની પંક્તિઓ આપણને એકત્વભાવના વિશે પણ મળે છે.

ભરત ચક્રવર્તી પ્રથમ તીર્થંકર ઋષભદેવના પુત્ર અને પહેલા ચક્રવર્તી હતા. તેમની કથા અનેક આચાર્યોએ લખી છે. તે બધી કથાઓ ભરતેશ્વરને અરીસાભુવનમાં જ્ઞાન ઊપજ્યું હતું તેમ જણાવે છે. પણ તે માટેના નિમિત્ત વિશે બે કથા-પરંપરા જોવા મળે છેઃ એક પરંપરા અનુસાર આંગળીમાંથી વીંટી નીકળી પડવી તે જ્ઞાનની ઉત્પત્તિ માટે નિમિત્ત હતું, બીજી પરંપરા અનુસાર તેમને કપાળમાં કરચલી જોવા મળી હતી, તેથી શરીરની અનિત્યતા જાણી વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો. દિગંબર જૈન સંઘના શ્રી રત્નાકર વર્ણીના "ભરતેશવૈભવ"માં તથા બીજી કેટલીક કથાઓમાં કપાળની કરચલીને નિમિત્ત બતાવવામાં આવેલ છે, ત્યારે શ્વેતાંબર જૈન સંઘના કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય તેમના "ત્રિષષ્ટિ શલાકાપુરુષચરિત્ર"માં અને બીજા કેટલાક આચાર્યોએ તેમની કથામાં આંગળીમાંથી મુદ્રાનું નીકળી પડવું, તે નિમિત્ત બતાવેલ છે.

શ્રીમદ્દે ભરત ચક્રવર્તીની કથાનો અહીં આપેલો ભાગ "ત્રિષષ્ટિ શલાકાપુરુષચરિત્ર"ના પહેલા પર્વના છઠ્ઠા સર્ગના અંતભાગ ઉપરથી લીધો લાગે છે. તેથી મુદ્રાનો પ્રસંગ આપેલ છે. મુખ્ય પ્રસંગ એ કથા અનુસાર વર્ણવેલો છે. પણ તેને રજૂ તો કર્યો છે પોતાની જ રીતે. તેથી જ તે વિશેની સુંદર વિચારણા તથા ચક્રવર્તીનો વૈભવ તેમણે એક સળંગ દીર્ઘ વાક્યમાં રજૂ કર્યો છે. કથાની શરૂઆતમાં એ વૈભવનું વર્ણન આપ્યું છે. આ વર્ણન સંસ્કૃત પદ્ધતિ અનુસાર છે. આ વર્ણન તેઓ લગભગ દોઢ પાના જેટલું લાંબું, પણ સરળ ભાષામાં વાક્ય રચીને, કરે છે. તેમની શૈલીના એક સુંદર નમૂના તરીકે એ જોવું ઉચિત છેઃ—

"જેની અશ્વશાળામાં રમણીય, ચતુર અને અનેક પ્રકારના તેજી અશ્વના સમૂહ શોભતા હતા, જેની ગજશાળામાં અનેક જાતિના મદોન્મત્ત હસ્તીઓ ઝૂલી રહ્યા હતા, જેના અંતઃપુરમાં નવયૌવન સુકુમારિકા અને મુગ્ધા સ્ત્રીઓ સહસ્રગમે વિરાજી રહી હતી, જેના ધનનિધિમાં ચંચળા એ ઉપમાથી ઓળખેલી સમુદ્રની પુત્રી લક્ષ્મી સ્થિરરૂપ થઈ હતી, જેની આજ્ઞાને દેવદેવાંગનાઓ અધીન થઈને મુકુટ પર ચડાવી રહ્યાં હતાં; જેને પ્રાશન કરવાને માટે નાનાં પ્રકારનાં ષટ્રસ ભોજનો પળે પળે નિર્મિત થતાં હતાં, જેના કોમળ કર્ણના વિલાસને માટે ઝીણાં અને મધુરસ્વરી ગાયનો કરનારી વારાંગનાઓ તત્પર હતી; જેને નિરીક્ષણ કરવા માટે અનેક પ્રકારનાં નાટકચેટક હતાં; જેની યશકીર્તિ વાયુરૂપે પ્રસરી જઈ આકાશ જેવી વ્યાપ્ત હતી; જેના શત્રુઓને સુખથી શયન કરવાનો વખત આવ્યો ન હતો; અથવા જેના વેરીની

૩૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ ૪૬.

વનિતાઓનાં નયનોમાંથી સદૈવ આંસુ ટપકતાં હતાં; જેનાથી કોઈ શત્રુવટ દાખવવા તો સમર્થ નહોતું, પણ સામા નિર્દોષતાથી આંગળી ચિંધવાયે કોઈ સમર્થ નહોતું; જેની સમક્ષ અનેક મંત્રીઓના સમુદાય તેની કૃપાની નિમંત્રણા કરતા હતા; જેનાં રૂપ, કાંતિ અને સૌંદર્ય એ મનોહારક હતાં, જેને અંગે મહાન બળ, વીર્ય, શક્તિ અને ઉગ્ર પરાક્રમ ઊછળતાં હતાં; ક્રીડા કરવાને માટે જેને મહાસુગંધીમય બાગબગીચા અને વનોપવન હતાં, જેને ત્યાં પ્રધાન કુળદીપક પુત્રના સમુદાય હતા, જેની સેવામાં લાખો ગમે અનુચરો સજ્જ થઈ ઊભા રહેતા હતા, જે પુરુષ જ્યાં જ્યાં પ્રવેશ કરતો ત્યાં ત્યાં ખમા, ખમા, કંચનફૂલ અને મૌક્તિકના થાળથી વધાવાતો હતો, જેના કુંકુમવર્ણા પાદપંકજનો સ્પર્શ કરવાને ઇંદ્ર જેવા પણ તલસી રહેતા હતા, જેની આયુધશાળામાં મહા યશોમાન દિવ્ય ચક્રની ઉત્પત્તિ થઈ હતી, જેને ત્યાં સામ્રાજ્યનો અખંડ દીપક પ્રકાશમાન હતો, જેને શિરે મહાન છ ખંડની પ્રભુતાનો તેજસ્વી અને ચળકાટમાન મુકુટ વિરાજિત હતો, કહેવાનો હેતુ કે જેનાં દળનો, જેનાં નગરપુર-પાટણનો, જેના વૈભવનો અને જેના વિલાસનો સંસાર સંબંધે કોઈ પણ પ્રકારે ન્યૂનભાવ નહોતો એવો તે શ્રીમાન રાજરાજેશ્વર ભરત પોતાના સુંદર આદર્શ ભુવનમાં વસ્ત્રાભૂષણથી વિભૂષિત થઈ મનોહર સિંહાસન પર બેઠો હતો."[૪૦]

ભરત રાજાનાં શરીર, અંતઃપુર, પુત્રપરિવાર, સૈન્ય, મંત્રી, નોકર આદિ અનેકની બાબતમાં ભરતનો વૈભવ જણાવતાં આ વાકયમાં પ્રત્યેક વસ્તુ અનુકૂળ હતી, અને કોઈ પણ વસ્તુ પ્રતિકૂળ નહોતી તે જ શ્રીમદ્દે ભારપૂર્વક જણાવ્યું છે. દુનિયાની ઉત્તમ ગણાતી પ્રત્યેક વસ્તુનો ભોગવટો કરવાનો લહાવો ભરતરાજાને હતો, છતાં તે સર્વ છોડીને ભરતે વૈરાગ્ય ધારણ કર્યો તે, આત્માનું સુખ બીજાં ભૌતિક સુખો કરતાં અનેક ગણું ચડિયાતું હોવું જોઈએ તેનું પ્રતિપાદન કરવા શ્રીમદ્દે આ વાકયની રચના કરી જણાય છે.

## અશુચિભાવના

શરીર તે અપવિત્ર છે, અનેક રોગ તથા જરાનું ધામ છે, મળમૂત્રની ખાણ છે, તે શરીરથી હું જુદો છું, એમ વિચારવું તે અશુચિભાવના. આ ભાવના વિશે ગીતિની બે પદ્યપંક્તિ આપીને તેમણે તત્પશ્ચાત્, તેનો વિશેષાર્થ રજૂ કર્યો છે.

અશુચિમય કાયામાં થોડું પણ માન કરતાં કેવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે તે બતાવતું સનત્કુમાર ચક્રવર્તીનું ચિત્ર આપ્યું છે. ભરત ચક્રવર્તી જેવી જ રિદ્ધિસિદ્ધિ સનત્કુમારને હતી એમ જણાવી કથાનો પ્રારંભ તેમણે કર્યો છે. ભરત ચક્રવર્તીના વૈભવનું નિરૂપણ આગળ આવી ગયું હોવાથી શ્રીમદ્દે આ કથામાં સગવડ ખાતર તેવા વર્ણનનું પુનરાવર્તન કર્યું નથી, કારણ કે શ્રીમદ્દનું લક્ષ વાચકને રાચતા કરવાને બદલે તત્ત્વનો પરામર્શ કરતા કરવાનું હતું.

૪૦ "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૪૪.

સનત્કુમારનાં વર્ણ અને રૂપ અનુપમ હતાં. તેમના રૂપની સ્તુતિ સાંભળીને તે પ્રત્યક્ષ જોવાની ઇચ્છાથી બે દેવો બ્રાહ્મણરૂપે તેમની પાસે ગયા. તેઓ સનત્કુમાર પાસે આવ્યા ત્યારે સનત્કુમાર સ્નાન કરવાની તૈયારીમાં હતા, તેથી તેમનો દેહ ખેળભર્યો હતો, તેમ છતાં તેમની કાંતિ જોઈ દેવો ખૂબ પ્રસન્ન થયા. આ પ્રસન્નતાથી માન ધારી સનત્કુમારે જણાવ્યું કે, રાજસભામાં વસ્ત્રાલંકાર ધારણ કરીને હું બેસું છું તે વખતની મારી કાંતિ આના કરતાં ઘણી વિશેષ હોય છે, માટે તે જોવા આવજો. બ્રાહ્મણો હા કહી વિદાય થયા.

પછી રાજસભાને સમયે તેઓ સનત્કુમાર પાસે આવ્યા. તે વખતે રાજાની કાયા જોઈ ને દેવો વિશેષ આનંદ પામવાને બદલે ખેદ પામ્યા હોય તેમ થયું. સનત્કુમારે તેનું કારણ પૂછતાં તે બ્રાહ્મણ રૂપી દેવોએ જણાવ્યું કે, તે સમયની તમારી અમૃતતુલ્ય કાયા અત્યારે ઝેરરૂપ બની ગઈ છે, તેથી અમને ખેદ થયો. આ વિધાનની પરીક્ષા કરવા તાંબુલ થૂંકી તે પર માખી બેસવા દીધી, તો માખી મરી ગઈ. તેથી બ્રાહ્મણોના કથનની સત્યતા સાબિત થઈ. પૂર્વ કર્મનો મદ સાથે યોગ થતાં રાજાની કાયા ઝેરમય થઈ ગઈ હતી. કાયાનો આવો પ્રપંચ જોઈ સનત્કુમારને વૈરાગ્ય આવ્યો.

આ વૈરાગ્ય દૃઢ થતાં તેઓ સંસારનો ત્યાગ કરી સાધુરૂપે વિચરવા લાગ્યા. એ વખતે એક બીજા મહારોગની તેમના શરીરમાં ઉત્પત્તિ થઈ. તે વખતે તેમના વૈરાગ્યની પરીક્ષા કરવાના હેતુથી એક દેવ વિપ્રરૂપે તેમની પાસે આવીને કહેવા લાગ્યા કે, "હું બહુ કુશળ વૈદ્ય છું, લાવો તમારો રોગ મટાડી દઉં." તેના પ્રત્યુત્તરમાં સાધુએ જણાવ્યું કે, "કર્મ-રોગ એ મહા ખરાબ રોગ છે, તે મટાડી શકો તો મટાડી આપો, નહિતર આ રોગ ભલે રહ્યો." દેવે કહ્યું, "એ રોગ ટાળવાની મારી સમર્થતા નથી." તે પછી સાધુએ પોતાની લબ્ધિના બળ વડે તે રોગનો નાશ કર્યો. આથી પ્રસન્ન થઈ દેવે પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું અને સાધુના ગુણગ્રામ ગાઈ પોતાને સ્થાનકે ગયા.

જે કાયા અનેક રોગનું ઉત્પત્તિસ્થાન છે, તેમાં માયા ન કરવા શ્રીમદે "પ્રમાણ-શિક્ષા"માં જણાવ્યું છે. એ માયા કષ્ટદાયક છે એમ જણાવ્યા પછી તેઓ લખે છે :—

> "આમ છતાં પણ આગળ ઉપર મનુષ્યદેહને સર્વદેહોત્તમ કહેવો પડશે. એનાથી સિદ્ધગતિની સિદ્ધિ છે એમ કહેવાનું છે. ત્યાં આગળ નિઃશંક થવા માટે અહીં નામ-માત્ર વ્યાખ્યાન આપ્યું છે."[૪૧]

આ ત્રણ પંક્તિઓ લખવાનું પ્રયોજન સ્પષ્ટ છે. અહીં માનવદેહને અશુચિમય બતાવવામાં આવ્યો છે, અને બીજી જગ્યાએ એ જ દેહને સર્વદેહોત્તમ કહે તો શંકા જ થાય કે બંને વિધાનમાં ભિન્નતા કેમ ? તેના સમાધાનરૂપે અપેક્ષાથી એ બંને સમજાવાયાં છે. ખરેખર તો માનવદેહ અશુચિમય છે, તેમાં માયા કરવા જેવું છે નહિ, પણ તે દ્વારા જ જીવ મુક્તિ પ્રાપ્ત કરી શકે છે, તેથી તે સર્વદેહોત્તમ પણ છે. આ આત્માને વિકાસ

૪૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૪૮.

કરવાનાં સાધનો, તે માટે જોઈતી વિવેકબુદ્ધિ માત્ર મનુષ્યદેહમાં જ મળે છે, તેથી તે દેહ એ અપેક્ષાએ ઘણો મહત્ત્વનો બની જાય છે. એટલે એકાંતે નિર્ણય લેવો ઉચિત નથી.

આ ઉપરાંત "પ્રમાણશિક્ષા"માં તેઓ એ પણ જણાવે છે કે માનવદેહ — એટલે કે બે આંખ, બે કાન વગેરે અંગો સાથેનો દેહ — પામવો તે જ પૂરતું નથી. તેમાં સાથે સાથે જેને લીધે માનવપણું ઉત્તમ મનાયું છે તે વિવેકબુદ્ધિનો ઉદય પણ હોવો જોઈએ. એ વિવેક-વિચાર વિનાનો માણસ, માણસ નહિ પણ માનવરૂપે પશુ જ છે. વિવેક દ્વારા મુક્તિના પંથે જઈ શકાય છે, અને એ પંથમાં પ્રવેશ થાય તો જ માનવભવની સફળતા છે. નહિતર એ ભવ એળે ગયો જ સમજવો. આ પરથી સમજવાનું છે કે અશુચિમય કાયા વિવેકબુદ્ધિ હોય તો અન્ય અપેક્ષાએ ઉત્તમ બની શકે છે.

આમ માનવદેહની ઉપયોગિતા સમજાવી, આગળ અનુસાર પુષ્પિકા આપી શ્રીમદ્ ભાવના પૂર્ણ કરે છે.

આ કથા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય રચિત "ત્રિષષ્ટીશલાકાપુરુષચરિત્ર"ના ચોથા પર્વના સાતમા સર્ગમાં મળે છે. બાર ચક્રવર્તીઓમાં સનત્કુમાર ચોથા ચક્રવર્તી હતા. હેમચંદ્રાચાર્યની કથા અને આ કથામાં એક તફાવત જોવા મળે છે. હેમચંદ્રાચાર્યે આપેલી કથામાં સનત્કુમારની કાયા વૃદ્ધ બની જાય છે તેથી ખેદ પામી તેઓ વૈરાગ્ય સ્વીકારે છે. અને "ભાવનાબોધ"માં સનત્કુમારની કાયા ઝેરમય બની જાય છે તેથી કાયાનો આવો પ્રપંચ જોઈ તેઓ વૈરાગ્ય સ્વીકારે છે. તેથી આ કથા શ્રીમદે "ઉત્તરાધ્યયન સૂત્ર"ના ૧૮મા અધ્યયનની ૩૭મી ગાથાની ટીકામાંથી લીધી હોય તે વિશેષ સંભવિત લાગે છે, જ્યાંથી તેમણે બીજી કથાઓ પણ લીધી છે.

## નિવૃત્તિબોધ – સંસારભાવના

અનંત કાળથી જીવ પરિભ્રમણ કર્યા કરે છે, તે પરિભ્રમણથી હું ક્યારે છૂટીશ? સંસાર મારો નથી, હું તો મોક્ષમય છું — આ જાતનું ચિંતન કરવું તે સંસારભાવના. આ સંસારથી નિવૃત્તિ લેવાનો બોધ અહીં રહેલો છે, તેથી તેને "નિવૃત્તિબોધ" તરીકે ઓળખાવી છે તે યોગ્ય છે. અહીં લેખકે હરિગીતની ચાર પંક્તિમાં સંસારથી નિવૃત્ત થવાનો બોધ આપી તેનો વિશેષાર્થ સમજાવ્યો છે.

આ સંસાર કેટલો દુઃખમય છે તેના દૃષ્ટાંતરૂપે મૃગાપુત્ર અને તેનાં માતાપિતા વચ્ચેનો સંવાદ, જે સંસારની અસારતા બતાવે છે તે, લેખકે આપ્યો છે. ખૂબ સુખચેનમાં ઊછરતા મૃગાપુત્રને કોઈ મુનિનાં દર્શન થતાં જાતિસ્મરણજ્ઞાન થાય છે, તેથી પૂર્વે આરાધેલો સંયમ ધારણ કરવાની તેમની ઇચ્છા પ્રબળ બને છે, અને તેઓ સંયમ ગ્રહણ કરવા માટે તેમનાં માતાપિતાની આજ્ઞા માગે છે. તે વખતે માતાપિતા સંયમમાં કેટલી મુશ્કેલી તથા દુઃખ રહેલાં છે, તે તથા સંસારમાં કેવું સુખ રહેલું છે તેનું વર્ણન મૃગાપુત્ર પાસે કરે છે. તેના

ઉત્તરમાં સંયમનાં દુઃખો કરતાં અનંત ગણું દુઃખ જીવે સંસારમાં ભોગવ્યું છે, તે મૃગાપુત્ર વિસ્તારથી બતાવે છે. આ બધાં દુઃખોમાં મુખ્યત્વે નરકનાં દુઃખ વર્ણવેલાં છે. તેની સાથે સાથે સંસારના સુખથી અનંત ગણું સુખ સંયમમાં રહેલું છે, તે પણ તેઓ બતાવે છે. અંતમાં મૃગાપુત્ર માતાપિતાની રજા મળતાં નિર્ગ્રંથ મુનિ થઈ તપ કરી અનંત સુખ આપનાર મોક્ષ પામે છે.

અહીં આપેલો સંવાદ વૈરાગ્યસભર છે. જીવે કઈ કઈ જાતનાં દુઃખ વેઠયાં છે, તેનો વિચાર કરતાં પણ કમકમાં આવી જાય તેવું છે. પાપ કરતી વખતે જીવ વિચારતો નથી કે તે ભોગવવાં કેટલાં આકરાં પડશે, પણ ભોગવતી વખતે કેવી પીડા થાય છે તે મૃગાપુત્રના જ શબ્દોમાં જોઈએ : —

"ચતુર્ગતિરૂપ સંસારાટવીમાં ભમતાં અતિ રૌદ્ર દુઃખો મેં ભોગવ્યાં છે. હે ગુરુજનો ! મનુષ્ય-લોકમાં જે અગ્નિ અતિ ઉષ્ણ મનાયો છે, તે અગ્નિથી અનંત ગણી ઉષ્ણ તાપવેદના નરકને વિષે આ આત્માએ ભોગવી છે. મનુષ્યલોકમાં જે ટાઢ અતિ શીતળ મનાઈ છે, એ ટાઢથી અનંત ગણી ટાઢ નરકને વિશે અશાતાએ આ આત્માએ ભોગવી છે. લોહમય ભાજન, તેને વિષે ઊંચા પગ બાંધી નીચું મસ્તક કરીને દેવતાઓ વૈક્રિય કરેલા ધુવાંકુવાં, બળતા અગ્નિમાં આક્રંદ કરતાં, આ આત્માએ અત્યુગ્ર દુઃખ ભોગવ્યાં છે. મહાદવના અગ્નિ જેવા મરુ દેશમાં જેવી વેળુ છે તે વેળુ જેવી વજ્રમય વેળુ કદંબ નામે નદીની વેળુ છે, તે સરખી ઉષ્ણ વેળુને વિષે મારા આ આત્માને અનંત વાર બાળ્યો છે."[૪૨]

"પરવશતાથી મૃગની પેઠે અનંત વાર પાશમાં હું સપડાયો હતો. પરમાધામીએ મને મગર-મચ્છરૂપે જાળ નાખી અનંત વેળા દુઃખ આપ્યું હતું. સિંચાણારૂપે પંખીની પેઠે જાળમાં બાંધી અનંત વાર મને હણ્યો હતો. ફરશી ઇત્યાદિક શસ્ત્રથી કરીને મને અનંત વાર વૃક્ષની પેઠે કૂટીને મારા સૂક્ષ્મ છેદ કર્યા હતા. મુદ્‌ગરાદિક પ્રહાર વતી લોહકાર જેમ લોહને ટીપે તેમ મને પૂર્વકાળે પરમાધામીઓએ અનંત વાર ટીપ્યો હતો. તાંબુ, લોઢું, અને સીસું અગ્નિથી ગાળી તેનો કળકળતો રસ મને અનંત વાર પાયો હતો. અતિ રૌદ્રતાથી તે પરમાધામીઓ મને એમ કહેતા હતા કે પૂર્વભવમાં તને માંસ પ્રિય હતું તે લે આ માંસ, એમ મારા શરીરના ખંડોખંડ કટકા મેં અનંતી વાર ગળ્યા હતા. મદ્યની વલ્લભતા માટે પણ એથી કંઈ ઓછું દુઃખ પડયું નહોતું. એમ મેં મહાભયથી, મહાત્રાસથી અને મહાદુઃખથી કંપાયમાન કાયાએ કરી અનંત વેદના ભોગવી હતી...જેવી વેદના મનુષ્યલોકમાં છે તેવી દેખાતી પણ તેથી અનંત ગણી અધિક અશાતાવેદની નરકને વિશે રહી હતી. સર્વ ભવને વિષે અશાતાવેદની મેં ભોગવી છે. મેષાનુમેષ માત્ર પણ ત્યાં શાતા નથી."[૪૩]

જે સંસારમાં આટઆટલું દુઃખ રહેલું છે, તેનાથી તો સર્વથી છૂટવું જ યોગ્ય છે, તેવો, સંસારથી નિવૃત્ત થવાનો બોધ મૃગાપુત્રનું ચરિત્ર કરે છે. સાધુપણામાં તો બાહ્ય દુઃખ

૪૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૧.   ૪૩. એજન, પૃ. ૫૨.

છે, પણ અંતરની શાંતિ હોય છે; પરંતુ સંસારમાં બંને રીતે અશાંતિ રહેલી છે; ત્યારે મોક્ષમાં બંને રીતે શાંતિ હોય છે, એ વસ્તુ શ્રીમદે "પ્રમાણશિક્ષા"માં બતાવી છે.

આ ભાવના તેમણે ઠીક ઠીક વિસ્તારથી આપી છે. અને તેમાં મૃગાપુત્ર દ્વારા ઘણો ઉપદેશ અપાયો છે. આ આખો સંવાદ શ્રીમદે "ઉત્તરાધ્યયન સૂત્ર"ના ૧૯મા અધ્યયનમાંથી લીધો છે.

સૂત્રના એક પછી એક શ્લોકનો ભાવાર્થ લઈ તેમણે પોતાની ભાષામાં તે સંવાદ રજૂ કર્યો છે. તેથી ક્યારેક એક શ્લોકનાં બેત્રણ વાક્ય પણ કરી, તેઓ ભાવ બરાબર જાળવે છે. ઉદાહરણ તરીકે શ્લોક ૪ જુઓ :—

"मणिरयण कोट्टिमतले पासायालोयण ठिओ ।
आलोएइ नगरस्स चउक्कत्तिय चच्चरे ॥"૪૪

તે વિષે શ્રીમદે અહીં આ રીતે લખ્યું છે :—

"ચંદ્રકાંતાદિક મણિ તેમજ વિવિધ રત્નથી પ્રાસાદનો પટશાળ જડિત હતો. એક દિવસને સમયે તે કુમાર પોતાના ગોખને વિશે રહ્યા હતા. ત્યાં નગરનું નિરીક્ષણ પરિપૂર્ણ થતું હતું. જ્યાં ચાર રાજમાર્ગ એકત્વને પામતા હતા, એવા ચોકમાં ત્રણ રાજમાર્ગ એકઠા મળ્યા છે ત્યાં તેની દૃષ્ટિ દોડી."૪૫

કેટલીક વખત શ્રીમદ્ બહુ સંક્ષેપમાં લખે છે. જુઓ :—

"तुहं पिया सुरा सीहू मेरओ य महूणि य ।
पाइओ मि जलंतीओ वसाओ रुहिराणि य ॥"૪૬

આ માટે કર્તા આગળના શ્લોકના સંદર્ભમાં જ એક નાનું વાક્ય રચે છે કે :—

"મદ્યની વલ્લભતા માટે પણ એથી કંઈ ઓછું દુઃખ પડ્યું નથી."૪૭

આમ પોતાને યોગ્ય લાગે તે રીતે થોડીઘણી છૂટ લઈને શ્રીમદે સંવાદને અસરકારક બનાવવાનો સફળ પ્રયત્ન કર્યો છે.

### આશ્રવભાવના

રાગ, દ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ વગેરે પાપને પ્રવેશ કરવાનાં સ્થાનકો છે, એ જાણવું તે આશ્રવભાવના. પાપને પ્રવેશ કરવાનાં કુલ ૫૭ સ્થાનકો છે. બાર પ્રકારની અવિરતિ,

૪૪. "ઉત્તરાધ્યયન સૂત્ર", અધ્યયન ૧૯, શ્લોક ૧, પૃ. ૧૪૩.
૪૫. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૪૯.
૪૬. "ઉત્તરાધ્યયન સૂત્ર", અધ્યયન ૧૯, શ્લોક ૭૧, પૃ. ૧૫૬.
૪૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૨.

સોળ કષાય, નવ નોકષાય અને પાંચ પ્રકારનાં મિથ્યાત્વ તથા પંદર પ્રકારના યોગનો તેમાં સમાવેશ થાય છે.[૪૮] અહીં આશ્રવભાવના ટૂંકમાં ગદ્યમાં સમજાવ્યા પછી સીધું દૃષ્ટાંત આપ્યું છે. પહેલાંની છ ભાવનાની જેમ પદ્યપંક્તિ કે તેનો વિશેષાર્થ અહીં તેમજ આ પછીની ભાવનામાં આપેલ નથી, એ જ રીતે પ્રમાણશિક્ષા પણ આપેલ નથી. આમ ભાવનાની સમજૂતીમાં એક એક વસ્તુ ઓછી થતી જાય છે. એ રીતે જોતાં ભાવના ટૂંકમાં પૂર્ણ કરી છે તેમ કહેવું જોઈએ.

પુંડરીક અને કુંડરીક નામના બે ભાઈઓ પુંડરિકિણી નગરીમાં રાજ્ય કરતા હતા. કોઈ મુનિના બોધથી વૈરાગ્ય ઉત્પન્ન થતાં કુંડરીકે પુંડરીકને રાજ્ય સોંપી દીક્ષા લીધી. થોડાં વર્ષો પછી સંયમનો કંટાળો આવતાં કુંડરીકે નગરમાં પાછા આવી પોતાનું રાજ્ય પાછું માગ્યું. પુંડરીકે સાચે રસ્તે ચાલવા બોધ આપ્યો, પણ કુંડરીકે તે ન સમજતાં પોતાની માગણી ચાલુ રાખી. તેથી કુંડરીકને રાજ્ય સોંપી પુંડરીક મુનિત્વ ગ્રહણ કરી, ગુરુ પાસે ગયો. કુંડરીક પછીથી ખૂબ અનાચાર કરી, અંતમાં ખૂબ ત્રાસ પામી નરકમાં ગયો.

અહીં સુધીની કથા શ્રીમદ્દે આશ્રવભાવનાના દૃષ્ટાંતરૂપે આપી છે. તે પછીની કથા સંવરભાવનાના દૃષ્ટાંત તરીકે અપાઈ છે. કુંડરીકે પોતામાં પાપને પ્રવેશ કરવા દીધો તો તે ખૂબ દુઃખ પામ્યો, તે વિશેનો બોધ અહીં અપાયો છે. અહીં પુષ્પિકા ખૂબ ટૂંકી, "ઇતિ સપ્તમ ચિત્રે આશ્રવભાવના સમાપ્ત" એટલી જ આપી છે.

આ કથા આપણને "જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર"ના પ્રથમ સ્કંધના ૧૯મા "પુંડરિયણાય" પ્રકરણમાં જોવા મળે છે. એ પ્રકરણનો આ સીધો અનુવાદ નથી, પરંતુ તેમાં આપેલા પ્રસંગો અનુસાર આ કથા રચાઈ છે. તેમાં એક નાનો ફેર જોવા મળે છે :

૪૮. પાપને પ્રવેશ કરવાનાં ૫૭ સ્થાનકો શાસ્ત્રમાં આ પ્રમાણે બતાવ્યાં છે :—

**૧૨ અવિરતિ :**— શ્રાવકનાં બાર વ્રત; અહિંસા, સત્યનું પાલન, અદત્તાદાન ન લેવું, પરનારીત્યાગ, નીતિથી ધન મેળવવું, દિશાની મર્યાદા રાખવી, ભોગોપભોગ વિરમણ, અનર્થદંડ ત્યાગ, સામાયિક, દેશાવકાશિક, પૌષધ ઉપવાસ કરવા તથા અતિથિસંવિભાગ એટલે ભોજનવેળા સુપાત્ર મુનિને આહારદાન કરવું; એ જેનામાં ન હોય તે બાર પ્રકારની અવિરતિ છે.

**૧૬ કષાય :**— ક્રોધ, માન, માયા, તથા લોભ એ ચાર કષાયના અનંતાનુબંધી અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એમ ચાર ચાર વિભાગ.

**૯ નોકષાય :**— હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, પુરુષ વેદ, સ્ત્રી વેદ, તથા નપુંસક વેદ.

**૧૫ યોગ :**— સત્ય મનોયોગ, મૃષા મનોયોગ, સત્યમૃષા મનોયોગ, અસત્યમૃષા મનોયોગ, સત્ય વચનયોગ, મૃષા વચનયોગ, સત્યમૃષા વચનયોગ, અસત્યમૃષા વચનયોગ, વૈક્રિય કાયયોગ, આહારિક કાયયોગ, ઔદારિક કાયયોગ, વૈક્રિય મિશ્ર કાયયોગ, આહારિક મિશ્ર કાયયોગ, ઔદારિક મિશ્ર કાયયોગ, કાર્મણ કાયયોગ.

**૫ પ્રકારનાં મિથ્યાત્વ :**— અભિગ્રહિક મિથ્યાત્વ, અનાભિગ્રહિક મિથ્યાત્વ, અભિનિવેસિક મિથ્યાત્વ, સાંશયિક મિથ્યાત્વ, અને અનાભોગિક મિથ્યાત્વ.

"જ્ઞાતાધર્મકથાંગ"માં કુંડરીક રાજ્યમાં આવ્યા પછી અતિ આહારને લીધે રોગનો ભોગ થાય છે, અહીં રોગ ઉત્પન્ન થતાં કંટાળીને રાજ્ય માણવા આવે છે, અને અતિ આહારથી તેની રોગવૃદ્ધિ થાય છે, તેમ બતાવાયું છે

## સંવરભાવના

આગળ જણાવેલાં પ૭ સ્થાનકોથી પાપને પ્રવેશતાં રોકવાં તે સંવરભાવના. આ ભાવનાની સમજૂતીમાં પણ પદ્યપંક્તિ, વિશેષાર્થ, પ્રમાણશિક્ષા એમાંનું કશું નથી. પરંતુ તે ભાવના સમજાવતાં બે દૃષ્ટાંતો કર્તાએ આપ્યાં છે.

પ્રથમ તેમણે આશ્રવભાવનાનું અપૂર્ણ રહેલું દૃષ્ટાંત સંવરભાવના વિશે આપ્યું છે. કુંડરીકને રાજ્ય સોંપી તેનો સાધુવેશ ધારણ કરી પુંડરીક ગુરુને મળ્યા પછી જ અન્નપાણી ગ્રહણ કરવાં એવો નિશ્ચય કરી રાજ્ય છોડી ચાલી નીકળે છે. માર્ગમાં આવતાં અનેક સંકટો ધીરજથી સહી, બધામાં તે સમતાભાવે રહે છે, પરિણામે તે સર્વાર્થસિદ્ધ વિમાનમાં, ૩૩ સાગરનું આયુષ્ય બાંધી ઉચ્ચ દેવ રૂપે ઊપજે છે, આમ સંયમ દ્વારા પાપને આવતાં રોકવાથી પુંડરીક ઉચ્ચ સ્થિતિને પામે છે, એ બતાવતું ચિત્ર અહીં અપાયું છે.

આ ભાવનાના બીજા દૃષ્ટાંત રૂપે વજ્રસ્વામીની કથા તેમણે આપી છે. કંચનકામિનીના ત્યાગી વજ્રસ્વામી ઉપર એક શ્રેષ્ઠિકન્યા મુગ્ધ થઈ. તે રુક્મિણી પોતાની અઢળક સંપત્તિ સાથે તેમની પાસે આવી અને અનેક પ્રકારના હાવભાવથી તથા ભોગનાં સુખ અનેક પ્રકારે વર્ણવી, તથા બીજા પણ કેટલાયે ઉપાયો દ્વારા મુનિને ભોગ ભોગવવા માટે સમજાવવા એણે પ્રયત્ન કર્યો. તેના બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા, અને મુનિ પોતાના સંયમમાંથી લેશ પણ ચળ્યા નહિ. અંતે થાકી, મુનિની દૃઢતાથી બોધ પામી, રુક્મિણી પણ પોતાની લક્ષ્મી શુભ ક્ષેત્રે વાપરી, સંવરભાવના ગ્રહણ કરી સાધ્વી થઈ. પરિણામે પોતાના આત્માનું તેણે કલ્યાણ કર્યું.

વજ્રસ્વામી પાપના માર્ગને બંધ કરીને બેઠા હતા તેથી તેને રુક્મિણીના રૂપની અસર ન થઈ, અને દુઃખ તેમની પાસે આવી શક્યું નહીં.

વજ્રસ્વામીની કથા આપણને પ્રભાચંદ્રસૂરિના "પ્રભાવક ચરિત્ર"માં મળે છે. પ્રભાચંદ્રસૂરિએ બાવીસ પ્રભાવક મુનિ વિષે પ્રબંધો લખ્યા છે. તેમાં પહેલો પ્રબંધ વજ્રસ્વામી વિષે છે. તેમાં વજ્રસ્વામીના આપેલા વૃત્તાંતમાં ઉપરનો પ્રસંગ જોવા મળે છે. આ ઉપરાંત આ કથા હરિભદ્રાચાર્ય કૃત "આવશ્યક નિર્યુક્તિ"ની ગાથાઓ ૭૬૩ થી ૭૭૩ ઉપર જિનદાસ ગણિમહત્તરે રચેલ ચૂર્ણિમાં મળે છે. શ્રીમદે મૂળ કથામાંથી સાર ગ્રહણ કરીને પોતાની રીતે આ પ્રસંગ આપ્યો છે.

શ્રીમદે અહીં પણ "ઇતિ અષ્ટમ ચિત્રે સંવરભાવના સમાપ્ત" એમ સંક્ષેપમાં પુષ્પિકા આપી છે.

## નિર્જરાભાવના

જ્ઞાનસહિત ક્રિયા કરવી તે નિર્જરાનું કારણ છે. એમ ચિંતવવું તે નવમી નિર્જરાભાવના. બાર જાતના તપથી કર્મસમૂહને બાળવો તે નિર્જરાભાવના.

દૃઢપ્રહારીએ કાયોત્સર્ગથી કઈ રીતે કર્મની નિર્જરા કરી હતી તે બતાવતું દૃષ્ટાંત શ્રીમદે આપ્યું છે. દૃઢપ્રહારી બ્રાહ્મણપુત્ર હતો, પણ વ્યસની હોવાને લીધે તે ચોરમંડળમાં ભળ્યો, અને તેના મોવડીનો માનીતો થઈ ગયો. તે ચોરો સાથે અનેક રીતે લૂંટફાટ અને ચોરી કરતો. તે એ બધામાં પાવરધો હોવાથી દૃઢપ્રહારી કહેવાયો. તેણે ઘણાનાં પ્રાણ લીધા હતા. એક વખત તેણે આખા બ્રાહ્મણ કુટુંબને માર્યો પછી તેની ગર્ભિણી ગાયને પણ મારી. તે ગાય મરતાં તેના પેટમાંથી નીકળી પડેલું વાછરડું ખૂબ તરફડવા લાગ્યું. તે જોઈ દૃઢપ્રહારીને ખૂબ પશ્ચાત્તાપ થવા લાગ્યો. અને કરેલાં પાપથી છુટકારો મેળવવા તે સાધુ થઈ તે જ ગામની ભાગોળે કાયોત્સર્ગમાં રહ્યો.

તે મુનિને લોકોએ દોઢ માસ સુધી ખૂબ હેરાન કર્યા, તોપણ તેઓ અચળ ક્ષમાવંત રહ્યા. લોકોનો ઉપદ્રવ શાંત થતાં તેઓ બીજી ભાગોળે, પછી ત્રીજી ભાગોળે, એમ ચારે બાજુ ફર્યા. અને દરેક વખતે લોકોના ત્રાસ સામે પૂર્ણ ક્ષમા રાખી કાયોત્સર્ગથી ચળ્યા નહિ. આમ અનંત કર્મસમૂહને બાળી તેઓ મોક્ષ પામ્યા.

આ ભાવનાની સમજૂતીમાં નિર્જરા શું છે તે સમજાવ્યા પછી તેનું દૃષ્ટાંત આપ્યું છે. અહીં તેમણે આરંભની પદ્યપંક્તિઓ, વિશેષાર્થ, પ્રમાણશિક્ષા તથા પુષ્પિકા આપેલ નથી.

આ કથા આપણને "આવશ્યક નિર્યુક્તિ"ની ૯૫૨મી ગાથાની ટીકામાં મળે છે. તદુપરાંત તે કથા "ઉપદેશપ્રસાદ"માં પણ જોવા મળે છે.

## લોકસ્વરૂપભાવના

શ્રીમદે બધી ભાવનાઓમાં સૌથી ટૂંકાણમાં આપી હોય તો તે લોકસ્વરૂપભાવના છે. જગતનું સ્વરૂપ કેવું છે, તેમાં શું શું આવેલું છે, તે ટૂંકાણમાં આપીને ભાવના પૂર્ણ કરી છે. સૌ નીચે સાત નરક, તેની ઉપર વ્યંતર જાતિના તથા ભુવનપતિ દેવો, તે ઉપર પૃથ્વી, પૃથ્વીથી ઊંચે બાર દેવલોક, તેની ઉપર નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન છે, અને સૌથી ઉપર જ્યાં સિદ્ધ જીવો બિરાજે છે તે સિદ્ધશિલા છે.

આ ભાવના જીવને વૈરાગ્ય માટે બહુ ઉપયોગી નહિ થાય એમ લાગવાથી કદાચ બહુ ટૂંકમાં આપી હોય એવું અનુમાન થઈ શકે છે. વળી, બાકીની બીજી બે "ધર્મદુર્લભભાવના" અને "બોધિદુર્લભભાવના" વિશે અહીં કશું જ અપાયું નથી.

અંતમાં દસે ભાવના પૂરી થયા પછી મુક્તિ કોણ મેળવી શકે તે બતાવતી બે પંક્તિઓ આપવામાં આવી છે કે :—

"જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર,
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવ પાર."[૪૯]

આ સંસારના દુઃખથી નિવર્તવા માટે શું સાધન છે, તે ટૂંકમાં સારી રીતે અહીં સમજાવ્યું છે અને "ભાવનાબોધ" પૂર્ણ કર્યું છે.

આ આખું પુસ્તક વાંચતાં આપણા પર શ્રીમદ્‌ના વૈરાગ્યના વિચારોની છાપ પડે છે. તેમાં પાને પાને વૈરાગ્ય રસ ઝરતો જોઈ શકાય છે. દરેક ભાવનાના ચિત્રમાંથી એક જ વસ્તુ નજરે તરે છે, તે છે સંસાર તરફની અરુચિ. સંસાર અનેક દુઃખનું કારણ છે, તેને કારણે જ જીવ શાંતિ પામી શકતો નથી, તેવો ભાવ આપણે પ્રસ્તાવનાથી શરૂ કરી અંત સુધી પથરાયેલો જોઈ શકીએ છીએ. એ પરથી સોળ વર્ષની નાની વયે તેમનામાં પ્રવર્તતા અદ્‌ભુત વૈરાગ્યનો ખ્યાલ આપણને આવે છે. પોતાની ડાયરીમાં લખેલા એક અંગત કાવ્યમાં આ વૈરાગ્ય વિષે તેમણે લખ્યું છે કે :—

"ઓગણીસસેં ને બેતાલીસે, અદ્‌ભુત વૈરાગ્ય ધાર રે."[૫૦]

જો તેમને સંસાર પ્રત્યે આવો વૈરાગ્ય વર્તતો ન હોત તો તેમને આ વિષય પર લખવાનું સૂઝયું જ ન હોત. અને તેમાં પણ તેને અનુરૂપ દૃષ્ટાંતો આપી તે પરથી એ જાતનો બોધ રચ્યો જ ન હોત. તે વખતે તેમનું વાંચન પણ વૈરાગ્ય લાવે તેવાં પુસ્તકોનું જ હશે, તેનો ખ્યાલ તેમણે લીધેલાં જુદાં જુદાં પુસ્તકોનાં દૃષ્ટાંતો પરથી આવે છે. તેમણે "ઉત્તરાધ્યયન સૂત્ર", "ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર", "જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર", "પ્રભાવકચરિત્ર" વગેરે પુસ્તકોમાંથી કથાઓ લીધેલી જણાય છે.

વળી "ભાવનાબોધ" લખવાની તેમની શૈલી પણ ધ્યાન ખેંચે તેવી છે. એમાં શ્રીમદે મુખ્ય વસ્તુ દૃષ્ટાંત દ્વારા જ રજૂ કરી છે, અને પછીથી થોડો બોધ આપ્યો છે. આથી કથારસિક જીવો પણ સાચી વસ્તુ સમજી શકે તેવો સરળ ઉપાય તેમણે લીધો છે. શાસ્ત્રો ન વાંચી શકે તેવા જીવો પણ આવાં પુસ્તકો વાંચી સાચી વાત સમજી શકે એ રસ્તો સ્વીકારીને અનેક જીવો પર ઉપકાર કરવાનું કામ શ્રીમદે કર્યું છે.

આ રીતે જોતાં "ભાવનાબોધ" એ સામાન્ય જીવો માટે ખૂબ ઉપયોગી પુસ્તક છે. તેમાં કથારસ તથા કાવ્યરસ મળવાની સાથે જ્ઞાન પણ મળે છે, એ મોટો લાભ છે.

---

૪૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૬.
૫૦. એજન, પૃ. ૮૦૧.

## પ્રકરણ ૩

# મોક્ષમાળા

શ્રીમદ્ રાજચંદ્રનો તેરથી સોળ વર્ષની ઉંમરનો ગાળો ધર્મમંથનનો હતો. તે સમયમાં તેમણે અનેક ધર્મ-ગ્રંથોનું અવલોકન કર્યું હતું. પોતાને મળેલા આ ધર્માનુભવનો લાભ બીજા અનેક જીવોને પણ મળે તેવી તેમની ભાવના હતી. તેથી તે ભાવનાને અનુકૂળ ગ્રંથ રચવાની તેમને ઇચ્છા થઈ હતી.

પોતાના ધર્માનુભવને ગ્રંથસ્થ કરવાની સૂચના[1] તેમને તેમના કાકાસસરા તેમજ વેપારકાર્યના ભાગીદાર શ્રી રેવાશંકર જગજીવન તરફથી તથા અન્ય પરિચિત વ્યક્તિઓ તરફથી પણ થઈ હતી. આથી બાળકથી વૃદ્ધ સુધીના સર્વને ઉપયોગી થાય તેવો ગ્રંથ રચવાની ભાવના દૃઢ બનતાં તેમણે "મોક્ષસુબોધ" નામનો પદ્યગ્રંથ રચવાની શરૂઆત વિ. સં. ૧૯૪૦ પહેલાં કરી હતી. તેમાં પ્રથમ શતકની પહેલી કડીમાં તેમણે લખ્યું છે કે :—

"ગ્રંથારંભ પ્રસંગ રંગ ભરવા, કોડે કરું કામના,
બોધું ધર્મદ મર્મ ભર્મ હરવા, છે અન્યથા કામના,
ભાખું "મોક્ષસુબોધ" ધર્મ ધનના, જોડે કથું કામના,
એમાં તત્ત્વવિચાર સત્ત્વ સુખદા, પ્રેરો પ્રભુ કામના."[2]

આમ "મોક્ષસુબોધ"ની શરૂઆતમાં તેની રચના કરવાનો હેતુ જણાવ્યા પછી આદિપ્રભુ શ્રી ઋષભદેવને વંદન કર્યું છે. તે પછી પ્રભુના ગુણ વર્ણવતી પ્રભુપ્રાર્થના છે. આ રીતે શતકની કુલ ૨૦ કડીઓ આજે ઉપલબ્ધ છે; તે પછીથી આ ગ્રંથ અપૂર્ણ રહેલ છે. આ શતકની ભાષા સામાન્ય જનને સમજવામાં કઠણ લાગશે તેવો શ્રીમદ્નો અભિપ્રાય થવાથી તેમણે તે શતક અપૂર્ણ રાખ્યું હશે, એવું અનુમાન થાય છે. તે વિષે આજે વિશેષ માહિતી મળતી નથી.

"મોક્ષસુબોધ" પછી દૃષ્ટાંતરૂપે બોધ આપવાની રચના વિચારી "મુનિસમાગમ" નામનો ગદ્યલેખ લખવો તેમણે ચાલુ કર્યો. આ લેખ પણ પોતાનો ધાર્યો હેતુ સફળ નહિ કરે એમ લાગવાથી, તેને પણ શ્રીમદ્દે અપૂર્ણ છોડયો. આ લેખમાં, વિકટ પરિસ્થિતિમાંથી મુક્ત થતાં એક રાજા જૈન ધર્મ તરફ કઈ રીતે વળે છે અને તે ધર્મનો બોધ કઈ રીતે ગ્રહણ કરે છે, તે દૃષ્ટાંત દ્વારા બોધ આપવાનું તેમણે વિચાર્યું હતુ. તે લેખનો થોડો ભાગ મળે છે.[3]

---

૧. ગ્રંથરચના કરવાની પ્રથમ સૂચના શ્રી રેવાશંકરભાઈએ કરેલી તેની નોંધ શ્રી મનસુખભાઈ કીરતચંદ મહેતાએ "મોક્ષમાળા"ની પ્રસ્તાવનામાં લીધી હતી. જુઓ "શ્રીમદ્ રાજચંદ્રની જીવનરેખા", પૃ. ૧૦૬.

૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧, આંક ૧.

૩. એજન, પૃ. ૨૨.

તે પછીથી તેમણે વિ. સં. ૧૯૪૦માં બાલાવબોધરૂપ "મોક્ષમાળા"ની રચના ૧૦૮ શિક્ષાપાઠમાં કરી. આ રચના તેમના પોતાના જણાવ્યા પ્રમાણે સોળ વર્ષ અને પાંચ માસની ઉંમરે માત્ર ત્રણ દિવસમાં કરી હતી.[૪] તે રચના આટલા ઓછા સમયમાં પૂરી કરવા માટેનું એક નિમિત્ત, વવાણિયાના શેઠ હકીચંદભાઈ વ્રજલાલભાઈના જણાવ્યા પ્રમાણે નીચે મુજબનું હતું :—[૫]

શ્રીમદ્‌ની ખ્યાતિ સાંભળીને સ્થાનકવાસી સંપ્રદાયનાં ત્રણ મહાસતીજી તેમને મળવા કચ્છથી વવાણિયા આવ્યાં હતા. મહાસતીજીએ શ્રીમદ્‌ને મળવા માટે એક સંદેશો કોઈ શ્રાવક દ્વારા તેમને ઘેર પહોંચાડ્યો. શ્રીમદ્ મહાસતીજીને મળવા ઉપાશ્રયે ગયા. ત્યાં તેમની સામે તેઓ નીચે બેઠા.

મહાસતીજી પાસે જે ધર્મવાર્તા શ્રીમદ્દે કરી તેનાથી તેઓ ખૂબ પ્રસન્ન થયાં. અને શ્રીમદ્ માટે ખૂબ માન ઉત્પન્ન થતાં તેઓ પાટ ઉપરથી ઊતરી તેમની સામે નીચે બેઠાં. પછી મહાસતીજીએ તેમને જણાવ્યું કે, "અમે દીક્ષા તો લીધી છે, પણ અમને જૈનનાં અર્ધમાગધી ભાષામાં લખાયેલાં સૂત્રો સમજાતાં નથી, કારણ કે અમને માત્ર ગુજરાતી જ આવડે છે. સામાયિક કે પ્રતિક્રમણના પાઠો પણ બરાબર સમજાતા નથી, તો અમને જ્ઞાન મળી શકે એવો કંઈક ઉપાય તમે કરો." શ્રીમદ્દે કંઈક લખી આપવાનું તેમને વચન આપ્યું.

મહાસતીજી લાંબો સમય ત્યાં રહેવાનાં ન હતાં. તેથી પછીના ત્રણ દિવસમાં શ્રીમદ્દે "મોક્ષમાળા"ના ૧૦૮ પાઠ રચ્યા હતા અને તેમને સમજાવ્યા હતા. આમ શાસ્ત્રાભ્યાસ ન કરી શકે તેવાંના કલ્યાણ અર્થે વિ. સં. ૧૯૪૦માં "મોક્ષમાળા"ની રચના થઈ. બધાંને તે ઉપયોગી થાય તે હેતુથી "મોક્ષમાળા" છપાવવાની જરૂર હતી, પણ આર્થિક નબળી સ્થિતિને કારણે જોઈતાં નાણાંનો અભાવ હતો, અને તેટલાં નાણાં બહારથી મેળવતાં મુશ્કેલી નડે તે સ્વાભાવિક હતું.

એ અરસામાં શ્રીમદ્‌ની અવધાનશક્તિની ખ્યાતિ ઠીક ઠીક થઈ હતી. તેથી ઠેકાણે ઠેકાણે જાહેરાત કરી, "મોક્ષમાળા" માટે અગાઉથી ગ્રાહકો નોંધી જોઈતા પૈસા એકઠા કર્યા. કેટલીક વ્યક્તિઓએ બીજી રીતે પણ મદદ કરી હતી, તે શ્રીમદ્દે લખેલા "મોક્ષમાળા"ના "અર્પણપત્ર" તેમ જ "આશ્રયપત્ર"[૬] પરથી જાણી શકાય છે. પૈસાની સગવડ કર્યા પછી વિ. સં. ૧૯૪૩માં અમદાવાદના એક પ્રેસમાં "મોક્ષમાળા" પુસ્તક છાપવા આપ્યું. લગભગ ૨૦૦ પાનાંના આ પુસ્તકને છપાઈને તૈયાર થતાં વિલંબ થાય એમ હતું, તેથી અગાઉથી નોંધાયેલા ગ્રાહકોની ઉત્સુકતા પૂરી કરવા શ્રીમદ્દે તે જ વર્ષમાં "ભાવનાબોધ"

૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૬૩.

૫. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૫૭.

૬. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૬, પૃ. ૪૬.

રચી, છપાવીને તે પુસ્તક ગ્રાહકોને ભેટ આપ્યું. તે પછી વિ. સં. ૧૯૪૪ના અષાડ માસમાં "મોક્ષમાળા" પુસ્તક છપાઈને વાચકો પાસે પહોંચ્યું.૭

શ્રીમદ્દે "મોક્ષમાળા"ની શરૂઆતમાં "શિક્ષણપદ્ધતિ અને મુખમુદ્રા" આપેલ છે, જે ટૂંકી પ્રસ્તાવનાની ગરજ સારે છે. તેમાં તેઓએ "મોક્ષમાળા" રચવાનો હેતુ, તેની ઉપયોગિતા વગેરે વિશે લખ્યું છે. આ ગ્રંથ સમજવાની ચાવી બતાવતાં તેઓ તેમાં લખે છે કે :—

"એક પાઠ વાંચી ગયા પછી અર્ધ ઘડી તે પર વિચાર કરી અંતઃકરણને પૂછવું કે 'શું તાત્પર્ય મળ્યું?' તે તાત્પર્યમાંથી હેય, જ્ઞેય અને ઉપાદેય શું છે? એમ કરવાથી આખો ગ્રંથ સમજી શકાશે, હૃદય કોમળ થશે, વિચારશક્તિ ખીલશે અને જૈન તત્ત્વ પર રૂડી શ્રદ્ધા થશે."૮

કોઈ પણ સારું પુસ્તક સમજવા માટે આ અગત્યની ચાવી જણાશે.

"મોક્ષમાળા" પુસ્તક બાલાવબોધરૂપ લખાયેલું છે, એટલે કે નાના બાળકને તથા જ્ઞાનદશામાં બાળક જેવાંઓને સુગમ લાગે તેવી આ રચના છે. આ જાતની રચના કરવાનો હેતુ તેમણે "શિક્ષણપદ્ધતિ અને મુખમુદ્રા"માં જણાવ્યો છે કે:—

"આ પુસ્તક પ્રસિદ્ધ કરવાનો મુખ્ય હેતુ ઊછરતા બાળયુવાનો અવિવેકી વિદ્યા પામી આત્મસિદ્ધિથી ભ્રષ્ટ થાય છે તે અટકાવવાનો પણ છે."૯

આ પુસ્તક બાળકોને પણ સમજાય તેવું રચ્યું છે તેથી :—

"સ્વભાષા સંબંધી જેને સારું જ્ઞાન છે, અને નવ તત્ત્વ તેમજ સામાન્ય પ્રકરણ ગ્રંથો જે સમજી શકે છે તેવાઓને આ ગ્રંથ વિશેષ બોધદાયક થશે."૧૦

"મોક્ષમાળા"ના બાલાવબોધ ભાગની રચના પછી "પ્રજ્ઞાવબોધ" અને "વિવેચન" એમ બીજા બે ભાગ રચવાની શ્રીમદ્દની ઇચ્છા હતી, પણ તે પાર પડી શકી નહિ. માત્ર

૭. આ પછી વિ. સં. ૧૯૫૬–૫૭માં "મોક્ષમાળા"ની બીજી આવૃત્તિ છપાવી શરૂ થઈ હતી. પણ તે શ્રીમદ્દની હયાતિ બાદ, બહાર પડી, એટલે કે વિ. સં. ૧૯૫૮માં. તે પછી મનસુખભાઈ કી. મહેતા તરફથી સંપાદિત થયેલી "મોક્ષમાળા"ની ત્રીજી આવૃત્તિ વિ. સં. ૧૯૬૨માં પ્રગટ થઈ. તે પછી તો વારંવાર જુદી જુદી સંસ્થાઓ તરફથી "મોક્ષમાળા" પ્રગટ થતી રહી છે. બાળબોધમાં પણ એની આઠેક આવૃત્તિ થઈ છે. એક આવૃત્તિ ગાંધીજીના લખાણ સાથે પણ પ્રગટ થયેલ. આ બધી સંસ્થાઓમાં પરમશ્રુત પ્રભાવક મંડળ, મુંબઈ; શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ; શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ, વડવા; ઊંઝા ફાર્મસી, ઊંઝા; સસ્તું સાહિત્ય વગેરે મુખ્ય છે.

૮. ૯. ૧૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૮.

તેમાંથી "પ્રજ્ઞાવબોધ" ભાગનું સાંકળિયું તૈયાર કરી તેમણે શ્રી મનસુખભાઈ કી. મહેતાને લખાવ્યું હતું.[૧૧] પછીથી તેઓ "પ્રજ્ઞાવબોધ"ની રચના કરી શકયા ન હતા.[૧૨]

> "બહુ ઊંડા ઊતરતાં આ મોક્ષમાળા મોક્ષનાં કારણરૂપ થઈ પડશે! મધ્યસ્થતાથી એમાં તત્ત્વજ્ઞાન અને શીલ બોધવાનો ઉદ્દેશ છે."[૧૩]

શ્રીમદ્દે ૧૭મે વર્ષે આપેલો "મોક્ષમાળા" વિશેનો આ અભિપ્રાય તેમની ઉચ્ચ આધ્યાત્મિક અવસ્થામાં પણ બદલાયો ન હતો, તે આ કૃતિનું મહત્ત્વ બતાવે છે. વિ. સં. ૧૯૫૫ના ચૈત્ર વદમાં તેમણે શ્રી મનસુખભાઈને આ કૃતિ વિશે જણાવ્યું હતું કે :—

> "જૈન માર્ગને યથાર્થ સમજાવવાનો તેમાં પ્રયાસ કર્યો છે. જિનોક્ત માર્ગથી કંઈ પણ ન્યૂનાધિક તેમાં કહ્યું નથી. વીતરાગ માર્ગ પર આબાલવૃદ્ધની રુચિ થાય, તેનું સ્વરૂપ સમજાય, તેનું બીજ હૃદયમાં રોપાય, તેવા હેતુએ બાલાવબોધરૂપ યોજના કરી છે."[૧૪]

આ વચનો પરથી સમજાય છે કે "મોક્ષમાળા"નું તેમને મન કેટલું મહત્ત્વ હતું! આ જ પ્રકારનો અભિપ્રાય તેમણે શ્રી જૂઠાભાઈને વિ. સં. ૧૯૪૫ના અષાડ માસમાં લખી જણાવ્યો હતો કે :—

> "મહાસતીજી મોક્ષમાળા શ્રવણ કરે છે, તે બહુ સુખ અને લાભદાયક છે. તેઓને મારી વતી વિનંતી કરશો કે એ પુસ્તકને યથાર્થ શ્રવણ કરે, મનન કરે. જિનેશ્વરના સુંદર માર્ગથી એમાં એકે વચન વિશેષ નાંખવા પ્રયત્ન કર્યું નથી. જેમ અનુભવમાં આવ્યું અને કાળભેદ જોયો તેમ મધ્યસ્થતાથી એ પુસ્તક લખ્યું છે."[૧૫]

---

૧૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૫૫.

૧૨. તે સાંકળિયાને આધારે ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતાએ ગદ્યમાં અને બ્રહ્મચારી ગોવર્ધનદાસજીએ પદ્યમાં "પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા"ની રચના કરી છે, આથી "પ્રજ્ઞાવબોધ ભાગ ભિન્ન છે તે કોઈ કરશે" એવી પાછળથી શ્રીમદે વ્યક્ત કરેલી ભાવના સફળ થઈ ગણાય. જુઓ, "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૬૪.

"મોક્ષમાળા"ના "વિવેચન" ભાગ વિશે કોઈ માહિતી મળતી નથી.

પ્રજ્ઞાવબોધ (મોક્ષમાળા) — લે. ડૉ. ભગવાનદાસ મ. મહેતા, લે. કંચનબહેન ભ. મહેતા, ૫. ચોપાટી રોડ, મુંબઈ ૪૦૦૦૦૭.

પ્રજ્ઞાવબોધ (મોક્ષમાળા) — લે. બ્રહ્મચારી ગોવર્ધનદાસજી, પ્ર. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, વાયા આણંદ.

૧૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૮.

૧૪. એજન, પૃ. ૬૬૭. ૧૫. એજન, પૃ. ૧૯૩.

આમ આપણે જોઈ શકીશું કે શ્રીમદ્‌નો પોતાનો પણ "મોક્ષમાળા" બાબત ઘણો ઊંચો અભિપ્રાય હતો. તેમાં તેમણે જૈન દર્શનમાં બતાવેલો મોક્ષ મેળવવાનો માર્ગ, આબાલવૃદ્ધ સર્વ કોઈને સમજાય તે રીતે બતાવવાનો પ્રયત્ન કર્યો છે.

"મોક્ષમાળા"માં સૌ પહેલાં તેમણે "વાંચનારને ભલામણ" નામનો આ પુસ્તક વાંચવાની રીત બતાવતો પાઠ રચ્યો છે. આ પાઠની શરૂઆત પુસ્તક પોતે જ બોલતું હોય, પોતાના વિશે કંઈક જણાવતું હોય તેવા પ્રકારની રચના દ્વારા થઈ છે. તેમાં કેવાં પુસ્તકો વાંચવાં, કઈ રીતે વાંચવાં, તે વિષેનાં કેટલાંક મંતવ્યો શ્રીમદે રજૂ કર્યાં છે. નઠારાં પુસ્તકો વાંચવાથી ખરાબ સંસ્કાર આવે છે તેથી આ લોકમાં અપકીર્તિ થાય છે, તેમજ પરલોકમાં હલકી ગતિ થાય છે. સારાં પુસ્તકો વાંચવાથી જ્ઞાન, ધ્યાન, નીતિ, વિવેક વગેરે ગુણો ખીલે છે, અને આત્માને શાંતિ મળતાં બંને લોકમાં સુખ મળે છે. આ પ્રકારનો સર્વને માન્ય થાય તેવો સારાં પુસ્તકો વાંચવાનો બોધ શ્રીમદ્ પહેલા પાઠમાં આપે છે. આ ઉપરાંત નમ્રતાપૂર્વક "મોક્ષમાળા"ને સારા પુસ્તક તરીકે ગણાવી, આ ભવ તથા પરભવમાં શ્રેયસ્કર થાય તેવા "મોક્ષમાળા" પુસ્તકનો વિવેકથી ઉપયોગ કરવાનું શ્રીમદે જણાવ્યું છે.

આમ સામાન્ય કથન કરતો પ્રથમ પાઠ રચ્યા પછી શ્રીમદ્ મોક્ષમાર્ગનો ઉપદેશ કરતા બીજા ૧૦૭ પાઠની રચના કરે છે. જપમાળાના ૧૦૮ પારાની માફક શ્રીમદે અહીં ૧૦૮ મણકારૂપ પાઠની રચના કરી છે, તે ખૂબ સૂચક છે. જેમ જપમાળાના જાપ કરવાથી ખૂબ પુણ્ય થાય છે, તેમ આ પુસ્તકના ૧૦૮ પાઠનું વિચારપૂર્વક મનન કરવાથી અને તે પ્રત્યેક વસ્તુને અમલમાં મૂકવાથી મોક્ષની પ્રાપ્તિ અવશ્ય થશે તેવી પોતાની દૃઢ શ્રદ્ધાનું સૂચન શ્રીમદ્ કરતા હોય તેમ જણાશે. તેમણે દર્શાવેલી સર્વ વસ્તુઓ શ્રી તીર્થંકર પ્રભુના ઉપદેશ અનુસાર જ છે, તેમ તેમણે અનેક ઠેકાણે કહ્યું છે. તેથી એ દૃષ્ટિએ "મોક્ષમાળા"નો વિચાર કરવો વધુ યોગ્ય લાગશે.

શ્રી "તત્ત્વાર્થસૂત્ર"નું વચન છે કે "सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः" એટલે કે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેના આરાધનથી મોક્ષ મળે છે. આ ઉપરાંત અન્ય સૂત્રો તથા શાસ્ત્રોમાં પણ મોક્ષની પ્રાપ્તિ માટે એ જ માર્ગ બતાવાયો છે. શ્રીમદે પણ અહીં એ ત્રણે તત્ત્વોની પ્રાપ્તિ તથા આરાધન કઈ રીતે થાય તેનું નિરૂપણ કર્યું છે.

સમ્યગ્દર્શન એટલે કે આત્માનું સાચું સ્વરૂપ અનુભવવું. તે સ્વરૂપપ્રાપ્તિનાં સાચાં સાધનો જેવાં કે સદ્દેવ, સદ્ધર્મ, સદ્ગુરુ, જિનેશ્વરની ભક્તિ આદિ વિશેના પાઠો તેમણે "મોક્ષમાળા"માં યોજ્યા છે.

સમ્યગ્જ્ઞાન પણ સમ્યગ્દર્શન જેવું જ અગત્યનું તત્ત્વ છે. સમ્યગ્જ્ઞાન એટલે પોતાના તથા અન્યના સ્વરૂપ વિશેનું સાચું જ્ઞાન. તે જ્ઞાનની પ્રાપ્તિનાં સાધનરૂપ, અને સાચો ધર્મ કયો? તેનાં લક્ષણો કયા તે વિશેનું જ્ઞાન આપતાં તત્ત્વાવબોધ, જ્ઞાન સંબંધી બે બોલ, ધર્મધ્યાન આદિ પાઠ તેમણે યોજ્યા છે.

સમ્યક્ચારિત્રના બોધ માટે બાર ભાવના, બ્રહ્મચર્ય, સત્સંગ, પરિગ્રહ સંકોચવો, રાત્રિભોજન ત્યાગ, પ્રત્યાખ્યાન, સામાયિક, પ્રતિક્રમણ, પ્રમાદ, રાગ, માનાદિનો ત્યાગ વગેરે વિષે પાઠ યોજાયા છે.

આ બધા પાઠોમાં જૈનધર્મના મહત્ત્વના સિદ્ધાંતોનું નિરૂપણ થયેલું છે, સાથે સાથે ધાર્મિક ક્રિયાઓનું નિરૂપણ પણ થયેલું છે. અને એ બધાં અંગોને પુષ્ટિ આપે તેવાં "માનવદેહ", "ઉત્તમ ગૃહસ્થ", "ખરી મહત્તા", "ધર્મના મતભેદ" આદિ પાઠો તેમણે રચ્યા છે; વચ્ચે વચ્ચે પદ્યો પણ મૂક્યાં છે.

આ સિદ્ધાંતો અને ક્રિયાઓના નિરૂપણના સમર્થન માટે તેમણે શાસ્ત્રોમાંથી લીધેલી કથાઓનો છૂટથી ઉપયોગ કર્યો છે. આમ મોક્ષમાર્ગનો બોધ કરવા તેમણે તેનાં જરૂરી ત્રણે અંગો વિવિધ રીતે સમજાવ્યાં છે.

## સમ્યગ્દર્શન

આત્માને પોતાના સ્વરૂપનું ભાન નથી, તેથી તે અનાદિકાળથી જન્મમરણ કરતો કરતો ભટકચા કરે છે. તેને પોતાના સ્વરૂપનું સાચું દર્શન થાય તો તે સંસારનાં દુઃખથી છૂટવાનો પુરુષાર્થ કરે, અને અંતમાં અવ્યાબાધ મોક્ષસુખનો ભોક્તા થાય તેમ શાસ્ત્રો જણાવે છે. સાચું દર્શન થયા વિના જીવ સાચો પુરુષાર્થ આદરી શકે નહિ, કારણ કે જે વસ્તુનો તેને ખ્યાલ જ ન હોય તેની પ્રાપ્તિ માટેના પુરુષાર્થમાં તે વેગ કઈ રીતે લાવી શકે ? આથી મોક્ષ મેળવવામાં સમ્યગ્દર્શન એ સૌથી અગત્યનું તથા પ્રથમ સાધન ગણાયું છે.

આ સમ્યગ્દર્શન પામવા માટે જીવને કોઈ ને કોઈ નિમિત્તની જરૂર રહે છે જ. અને તેમાં સત્દેવ, સત્ધર્મ, સત્ગુરુ, સત્સંગ વગેરે મહત્ત્વનાં સાધનો છે. તે સર્વને સમજાવતા પાઠોની શ્રીમદે યોજના કરી છે.

જીવની અનાથતા મટાડવા માટે, ત્રણ તત્ત્વો – સત્દેવ, સત્ધર્મ અને સત્ગુરુ – ની અગત્ય શ્રીમદે "મોક્ષમાળા"માં વિશેષ બતાવી છે.

"નિર્ગ્રંથ આગમ"માં વર્ણવાયેલા "સત્દેવ"ના સ્વરૂપને શ્રીમદે "મોક્ષમાળા"ના આઠમા પાઠમાં ટૂંકાણમાં વર્ણવ્યું છે. આગમમાંથી લીધેલા સત્દેવના કેટલાક ગુણોને, જેમ કે કેવળદર્શનનું પ્રગટીકરણ; જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મનો સંપૂર્ણ નાશ; દયા, શાંતિ, ક્ષમા અને નીરાગીત્વ, સંસારના વૈભવવિલાસની કિંચિત્ પણ માયા નહિ, હાસ્ય, રતિ, કામ, રાગદ્વેષ આદિ અઢાર દૂષણોથી રહિતપણું વગેરેને સત્દેવના ગુણો તરીકે તેમણે ગણાવ્યા છે. અને તે સર્વ ગુણોને ઉત્તમ સૂત્રો દ્વારા વિશેષપણે જાણવાની ભલામણ શ્રીમદે આ પાઠમાં કરી છે. તેઓ કોઈ ધર્મને નહિ પણ ગુણોને પ્રાધાન્ય આપે છે, તે અહીં જોઈ શકાશે.

નવમા પાઠમાં સત્ધર્મ તત્ત્વ સમજાવતાં તેઓ લખે છે :—

"અધોગતિમાં પડતા આત્માને ધરી રાખનાર જે વસ્તુ તેનું નામ ધર્મ કહેવાય છે."[૧૬]

સરળ શબ્દોમાં સર્વને માન્ય થાય તેવી, તેમજ ગંભીર અર્થ સમાવતી ધર્મની વ્યાખ્યા શ્રીમદ્દે અહીં આપી છે તે જોઈ શકાશે. આ ધર્મ અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કરાવનાર કર્મની જાળથી આત્માને મુક્તિ અપાવે છે. સર્વજ્ઞ ભગવાને દર્શાવેલા ધર્મના અનંત ભેદોમાં બે મુખ્ય છે: વ્યવહારધર્મ અને નિશ્ચયધર્મ.

વ્યવહારધર્મમાં મુખ્ય ધર્મ દયાનો છે. તેના દ્રવ્યદયા, ભાવદયા, સ્વદયા, પરદયા, સ્વરૂપદયા, અનુબંધદયા, વ્યવહારદયા તથા નિશ્ચયદયા તેવા આઠ ભેદ છે. આ આઠ પ્રકારની દયાથી વ્યવહારધર્મ થાય છે. તે દરેક પ્રકાર શ્રીમદ્દે ટૂંકાણમાં સમજાવેલ છે. વ્યવહારદયાના આ સ્વરૂપનું વર્ણન આપણને "સર્વમાન્યધર્મ" નામના પદ્યપાઠમાં પણ જોવા મળે છે. નિશ્ચયધર્મ વ્યવહારધર્મથી પ્રકારમાં જુદો છે. હું આત્મા છું, સમસ્ત પર પદાર્થથી ભિન્ન છું, એમ જાણી પોતાની ઓળખ કરવી, પોતાના આત્મભાવમાં સ્થિર રહેવું તે નિશ્ચયધર્મ છે. આ બંને પ્રકારના ધર્મનું પાલન કરનાર જીવને અભય મળે છે. અહીં શ્રીમદ્દે ધર્મતત્ત્વ સંક્ષેપમાં સમજાવ્યું છે. ધર્મપાલનમાં તેમણે દયા પર સૌથી વિશેષ ભાર મૂક્યો છે. અહીં પણ કોઈ એક ધર્મને નહિ પણ અમુક આવશ્યક લક્ષણવાળા ધર્મને તેમણે સત્ધર્મ કહ્યો છે, તે તેમની ધર્મ પ્રત્યેની નિષ્પક્ષતા સૂચવે છે.

સત્દેવ તથા સત્ધર્મનાં લક્ષણો જાણ્યા પછી પણ તેમની ઓળખ કરવી તે જીવને માટે સહેલું નથી, કારણ કે તેનાં લક્ષણોની પરીક્ષા કરવા જેટલી પાત્રતા તેનામાં નથી હોતી. તેથી તે બંનેની યથાર્થ ઓળખ કરાવે તેવા સત્ગુરુની ખૂબ આવશ્યકતા છે. તેમના ચીંધેલા માર્ગે જવાથી જીવ પોતાનું કલ્યાણ કરી શકે છે. આ સદ્‌ગુરુનાં લક્ષણો, આવશ્યકતા વગેરે શ્રીમદ્દે ૧૦મા-૧૧મા એ બે પાઠમાં પિતાપુત્રના સંવાદ દ્વારા જણાવ્યાં છે. સાથે સાથે તેમણે ગુરુના પ્રકાર તથા તેનાથી થતાં હાનિલાભ પણ આ પાઠોમાં દર્શાવ્યાં છે.

જેમ વ્યવહારનીતિ જાણવા માટે સારા ગુરુ જોઈએ, નહિતર અનર્થ થાય છે, તે જ રીતે આ લોક તેમજ પરલોકના હિતનું સાધન બનનાર ધર્મગુરુ તો અવશ્ય સારા જોઈએ જ, કારણ કે તે વિના જીવનું સંસારનું પરિભ્રમણ ઘણું વધી જાય છે. આમ સત્ગુરુની અગત્ય શ્રીમદ્દે દસમા પાઠમાં બતાવી છે.

ગુરુના ત્રણ પ્રકાર તથા તેનાં લક્ષણો શ્રીમદ્દે ૧૧મા પાઠમાં આપ્યાં છે. કાષ્ઠસ્વરૂપ, કાગળસ્વરૂપ, અને પથ્થરસ્વરૂપ એમ ત્રણ પ્રકારના ગુરુઓ બતાવ્યા છે. તેમાં કાષ્ઠસ્વરૂપ ગુરુને તેમણે ઉત્તમ કહ્યા છે, તે પોતે સંસારસમુદ્રને તરે છે, અને શિષ્યને પણ તારે છે.

૧૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૬૩.

કાગળસ્વરૂપ ગુરુ મધ્યમ છે, તે સંસારસમુદ્ર તરી કે તારી નથી શકતા; પણ પુણ્ય ઉપાર્જન કરી શકે છે. પથ્થરસ્વરૂપ ગુરુ અધમ પ્રકારના છે, તે પોતે ડુબે છે અને બીજાને પણ ડુબાડે છે. જિનપ્રભુની આજ્ઞા પાળતા હોય, વિશુદ્ધ આહાર-પાણી લેતા હોય, ૨૨ પ્રકારના પરિષહ સહેતા હોય, જિતેન્દ્રિય હોય વગેરે ગુણો ધરાવનાર ગુરુને જ ઉત્તમ ગણ્યા છે.

આમ ધર્મ જેવા ગહન વિષયનાં ત્રણ અગત્યનાં અંગોની માહિતી શ્રીમદ્દે અહીં આપી છે. આ ઉપરાંત સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવામાં મદદરૂપ થાય તેવા એક વિષય “ભક્તિ” વિશે તેમણે ત્રણ પાઠ “મોક્ષમાળા”માં યોજ્યા છે.

“જિનેશ્વરની ભક્તિ” ભાગ ૧ તથા ભાગ ૨, અને “ભક્તિનો ઉપદેશ” એ નામે ૧૩, ૧૪, ૧૫ આંકના ત્રણ પાઠોમાં ભક્તિ કરવા યોગ્ય જીવના ગુણો તથા ભક્તિ કરવાથી થતા લાભ દર્શાવ્યા છે.

“જિનેશ્વરની ભક્તિ” વિશેના બે પાઠ “જિજ્ઞાસુ” તથા “સત્ય” વચ્ચેના સંવાદરૂપે યોજ્યા છે. પ્રથમ ભાગમાં એકાદ દૂષણવાળી વ્યક્તિની પૂજા કરવી ન ઘટે તે “સત્ય”ને મુખે કહેવડાવ્યું છે. અને પછી સ્વશક્તિનો પ્રકાશ કરવા કોની ભક્તિ કરવી તે જણાવતાં શ્રીમદ્દે “સત્ય”ની પાસે કહેવડાવ્યું છે કે:—

> “શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ ‘અનંત સિદ્ધની’ ભક્તિથી, તેમજ સર્વ દૂષણરહિત, કર્મમલહીન, મુક્ત, નીરાગી, સકળ ભયરહિત, સર્વજ્ઞ, સર્વદર્શી જિનેશ્વર ભગવાનની ભક્તિથી આત્મશક્તિ પ્રકાશ પામે છે.”[૧૭]

અહીં બતાવેલા ગુણોથી યુક્ત જિનેશ્વરને તેમણે પૂજવા યોગ્ય ગણ્યા છે. તેઓ જોકે બીજાનું દુઃખ દૂર કરતા નથી, કે કોઈ પણ જાતનું ફળ આપતા નથી, તેમ છતાં તેમને પૂજવાથી લાભ થાય છે. આ લાભ “જિનેશ્વરની ભક્તિ”ના બીજા ભાગમાં શ્રીમદ્ બતાવે છે કે, તેમના ગુણોના તથા નામના સ્મરણથી તેમના ચારિત્રનો, તેમની શક્તિનો આપણને ખ્યાલ આવે છે, અને આપણે પણ તેમના જેવા ગુણો પ્રગટાવી શકીએ તેમ છીએ તે ભાન થતાં તે માટે પુરુષાર્થ કરવા પ્રેરાઈએ છીએ. પરિણામે કર્મનાં દળ તૂટે છે, અને મુક્તિ થાય છે.

જિનેશ્વરને ભજવાથી સૌથી મોટો લાભ “ભવઅંત”નો થાય છે, તે તેમણે “ભક્તિનો ઉપદેશ” નામના ૧૫મા પદ્યપાઠમાં બતાવ્યું છે. જિનેશ્વરની ભક્તિ કરવાથી આત્મા આનંદ પામે છે, સમાનભાવ આવે છે, રાગદ્વેષ ઘટે છે, મનના તાપ મટે છે, અધોગતિજન્મ જાય છે વગેરે લાભ આ પાઠમાં શ્રીમદ્દે બતાવ્યા છે. નરસિંહ મહેતા કે મીરાંબાઈ જેવી સર્વસમર્પણભાવવાળી શુદ્ધ ભક્તિ કરવાથી આત્મા જ્ઞાન પામે છે. તેવી શુદ્ધ ભક્તિ કરવા ઉપર શ્રીમદ્દે અહીં ખૂબ ભાર મૂકયો છે. એ પરથી શ્રીમદ્‌ને મન ભક્તિનું કેટલું મહત્ત્વ હતું, તેનો ખ્યાલ આવશે. આવી ભક્તિ સર્વગુણસંપન્ન વ્યક્તિની કરવાની છે, જેથી તેના જેવા ગુણો ભક્તમાં પણ ખીલે. અપૂર્ણ વ્યક્તિને ભજતાં તેના દોષ ભક્તમાં

૧૭. “શ્રીમદ્ રાજચંદ્ર”, અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૭.

પણ રહી જાય, ને તે શાશ્વત સુખ પામી ન શકે તે વાત શ્રીમદ્દે સરળતાથી આ પાઠોમાં સંવાદાદિ દ્વારા રજૂ કરી છે.

સમ્યગ્દર્શન પામવામાં "સત્સંગ" એ પણ એવું જ બળવાન સાધન છે. તે તત્ત્વ સમજાવવા શ્રીમદ્દે "સત્સંગ' નામનો લઘુનિબંધનો ૨૪મો પાઠ યોજ્યો છે. આ પાઠમાં સત્સંગનો સામાન્ય અર્થ "ઉત્તમનો સહવાસ" એવો આપી, તેનાથી થતા લાભ બતાવ્યા છે. સંસારરોગ મટે તે તેનો સૌથી મોટો લાભ છે, તે સમજાવવા શ્રીમદ્દે કેટલીક વખત ઉપમાનો પણ ઉપયોગ કર્યો છે. જેમ કે:—

> "મલિન વસ્ત્રને જેમ સાબુ તથા જલ સ્વચ્છ કરે છે તેમ આત્માની મલિનતાને શાસ્ત્રબોધ અને સત્પુરુષોનો સમાગમ શુદ્ધતા આપે છે."[૧૮]

આવા કેટલાક લાભ સાથે કુસંગના ગેરલાભ પણ અહીં બતાવાયા છે. આમ આ પાઠમાં શ્રીમદ્દે સત્સંગનાં તથા કુસંગનાં લક્ષણો તથા પરિણામ સ્પષ્ટતાથી બતાવ્યાં છે.

સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય તેવાં કેટલાંક તત્ત્વોની વિચારણા શ્રીમદ્દે અહીં સરળ ભાષામાં કરી છે. તે વિશે પ્રમાણમાં ઓછા, પણ વિશદ પાઠ યોજાયા છે. જે પ્રાપ્ત કરવામાં વિશેષ પુરુષાર્થની જરૂર પડે છે તે, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર માટે વધારે પાઠો શ્રીમદ્દે યોજ્યા છે.

## સમ્યક્‌જ્ઞાન

આત્માને કર્મમુક્ત કરવામાં બીજું અગત્યનું તત્ત્વ તે સમ્યક્‌જ્ઞાન. આત્મા, જડ આદિ તત્ત્વોનું યથાર્થ જ્ઞાન તથા મોક્ષનો માર્ગ જે જ્ઞાનથી પમાય તે સમ્યક્‌જ્ઞાન. સમ્યક્‌જ્ઞાન એટલે સાચું જ્ઞાન. સૃષ્ટિનું તથા આત્માનું યથાતથ્ય જ્ઞાન તેમાં થાય છે. તે જ્ઞાન થવામાં સહાયભૂત થાય તેવાં કેટલાંક તત્ત્વોની વિચારણા શ્રીમદ્દે "મોક્ષમાળા"માં કરી છે, તેને આપણે અહીં વિચારીએ.

સાચું જ્ઞાન થવામાં સંસારનું સ્વરૂપ જાણવું આવશ્યક છે. સંસારની અસારતા બતાવવા શ્રીમદ્દે "ચાર ગતિ" તથા "સંસારને ચાર ઉપમા' એ નામના ૧૮, ૧૯, ૨૦ એ ત્રણ પાઠ યોજ્યા છે.

"ચાર ગતિ" નામના ૧૮મા પાઠમાં, જીવ પોતાના કર્માનુસાર શાતા કે અશાતા ભોગવતો–નરક,–દેવ,–તિર્યંચ અને મનુષ્ય એમ ચાર ગતિમાં ભમે છે તેનું આલેખન કરાયું છે. આ પાઠમાં ચારે ગતિમાં જીવને ભોગવવાં પડતાં દુઃખ સંક્ષેપમાં જણાવ્યાં છે. મનુષ્યગતિ દ્વારા જ જીવ મોક્ષ મેળવી શકે છે, માટે તે ગતિને શ્રેષ્ઠ ગણાવીને, એ ગતિમાં જન્મથી તે મરણ સુધીમાં ભોગવવાં પડતાં દુઃખોનું વર્ણન સહેજ વિસ્તારથી આપ્યું છે. ગર્ભકાળના દુઃખનું વર્ણન કરતાં શ્રીમદ્દે આ પાઠમાં લખ્યું છે કે:—

૧૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૭૫.

"એક તરુણ સુકુમારને રોમે રોમે લાલચોળ સૂયા ઘોંચવાથી જે અસહ્ય વેદના ઊપજે છે, તે કરતાં આઠ ગણી વેદના ગર્ભસ્થાનમાં જીવ જ્યારે રહે છે ત્યારે પામે છે."[૧૯]

આમ ગર્ભકાળથી શરૂ કરી તે પછીનાં બાલ્યાવસ્થા, યુવાની, વૃદ્ધાવસ્થા અને મરણનાં દુઃખો પ્રત્યક્ષ કરાવ્યાં છે. આ દુઃખથી છૂટવા માટે વિના પ્રમાદે કલ્યાણ સાધવાનું સૂચન અહીં થયું છે.

આ અસાર લાગતા સંસારને તેમણે સમુદ્ર, અગ્નિ, અંધકાર તથા શકટચક્રની ઉપમા આપી છે, અને તે સમજાવવા માટે "સંસારને ચાર ઉપમા" નામના ૧૯ તથા ૨૦ એમ એ બે પાઠ યોજ્યા છે. અનંતતાની દૃષ્ટિએ સંસાર સમુદ્ર જેવો છે; તાપની ઉત્પત્તિની દૃષ્ટિએ સંસાર અગ્નિ જેવો છે; સત્યને અસત્યરૂપ બતાવવાની બાબતમાં સંસાર અંધકાર જેવો છે; તથા હંમેશાં ચાલ્યા કરતો – ફર્યા કરતો હોવાથી તે ગાડાનાં પૈડાં જેવો છે, એ રીતે તેમણે ચારે ઉપમા સમજાવી છે. આ દુઃખમય સંસારથી છૂટવાના ઉપાય તેમણે એ જ ઉપમા દ્વારા સમજાવ્યા છે. મજબૂત નાવ અને માહિતગાર નાવિકથી જેમ સમુદ્ર તરી શકાય છે તેમ સદ્‌ગુરુરૂપી નાવિકથી સંસાર તરી શકાય છે. અગ્નિનો તાપ જેમ પાણીથી ઠરે છે તેમ વૈરાગ્યજળથી સંસારતાપ ઠરે છે. દીવાથી જેમ અંધકારનો નાશ થાય છે તેમ તત્ત્વજ્ઞાનરૂપી દીવાથી સંસારના અંધકારનો નાશ થાય છે. બળદ વિના જેમ શકટચક્ર ચાલી ન શકે તેમ રાગદ્વેષ વિના સંસાર ચાલી શકે નહિ. આમ પ્રત્યેક ઉપમા સુંદર રીતે યોજેલી તથા સમજાવેલી છે. જીવને સંસારનાં સ્વરૂપનું સાચું જ્ઞાન કરાવવામાં આ પાઠો મહત્ત્વનો ફાળો આપી શકે તેમ છે તે આ ઉપરથી જાણી શકાય છે.

દુઃખમય સંસારનું ભાન થયા પછી જીવ તેનાથી છૂટવાનો પુરુષાર્થ કરવા પ્રેરાય તે સ્વાભાવિક છે. તે વખતે તેણે શું કરવું જોઈએ, કેવો ધર્મ આચરવો જોઈએ તે જાણવું સૌથી અગત્યનું છે. તેથી તે વિશેની તુલનાત્મક વિચારણા કર્તાએ "મોક્ષમાળા"ના કેટલાક પાઠોમાં કરી છે. તેમાં તેમણે વૈરાગ્યને ધર્મપ્રાપ્તિનું મુખ્ય સાધન ગણી ઘણું મહત્ત્વ આપ્યું છે.

"વૈરાગ્ય એ ધર્મનું સ્વરૂપ છે" એ નામના પાંચમા પાઠમાં સાચા ધર્મ તરફ વાચકનું લક્ષ દોર્યું છે. તેમાં તેમણે સાચા ધર્મનાં લક્ષણ દર્શાવી, વાચક પોતે જ સાચા માર્ગ તરફ દોરાય તેવો ઉપદેશ આપ્યો છે. ધર્મમાં પડેલા અનેક ભેદમાંથી સાચાની કસોટી કરવા માટેના સાધન તરીકે તેમણે "વૈરાગ્ય બોધ"ને ગણાવેલ છે. જે ધર્મમાં વૈરાગ્યનો ઉત્તમ બોધ હોય તે ધર્મ સાચો, કારણ કે લેખકે આપેલા ઉદાહરણ મુજબ લોહીથી રંગાયેલું વસ્ત્ર જેમ લોહીથી નહિ પણ જળથી સ્વચ્છ થાય છે, તેમ વૈરાગ્યરૂપી જળથી આત્માની મલિનતા જાય છે.

૧૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૭૦.

આમ ધર્મની સામાન્ય સમજણ આપ્યા પછી શ્રીમદ્દે તેમાં પડી ગયેલા મતભેદ તથા કયો ધર્મ શ્રેષ્ઠ તે વિષેની તાત્ત્વિક વિચારણા, તે પછીના "ધર્મના મતભેદ" નામના ત્રણ પાઠમાં વ્યવસ્થિત રીતે કરી છે.

જગતમાં ધર્મના અનેક ભેદ છે. તેથી જુદા જુદા ધર્મના નામે તે ઓળખાય છે. આ બધા પોતપોતાના મતને સંપૂર્ણ ગણાવી અન્યને અપૂર્ણ તથા ખોટા ગણાવે છે. પણ બધા ધર્મ સત્ય કે બધા ધર્મ અસત્ય ન હોઈ શકે. એક ધર્મ સત્ય અને બાકીના અપૂર્ણ હોય તો જ આટલા મતભેદોને અવકાશ રહે. અહીં પ્રશ્ન થાય કે કેટલાક ધર્મપ્રવર્તકોએ અપૂર્ણ ધર્મ બોધ્યો શા માટે? તેના કારણમાં કર્તા જણાવે છે કે તે પ્રવર્તકો સંપૂર્ણ નીરાગી ન હતા, અને તેમણે ભક્તિ, નીતિ, જ્ઞાન, ક્રિયા વગેરેમાંથી એકને જ મહત્ત્વ આપી ધર્મ પ્રવર્તાવ્યો હતો, તેથી તે ધર્મ અપૂર્ણ રહ્યો. વળી, લોકોમાં તો તે પ્રવર્તકો જેટલી બુદ્ધિ પણ ન હોય, તેથી ગાડરિયા પ્રવાહની માફક તે ધર્મને કુળધર્મ માની અનુસરવા લાગ્યા, તેથી તે ધર્મોનું અસ્તિત્વ રહ્યું. આવા ધર્મમાં "સત્દેવતત્ત્વ"માં જણાવેલાં અઢાર દૂષણો-માંનું ઓછામાં ઓછું એકાદ દૂષણ તો હોય જ છે.

આ પ્રમાણે વેદ, સાંખ્યાદિ ધર્મોની અપૂર્ણતા તાર્કિક રીતે જણાવ્યા પછી જૈનધર્મની સંપૂર્ણતા દર્શાવવામાં આવી છે. તે ધર્મમાં દયા, બ્રહ્મચર્ય, શીલ, જ્ઞાન, ક્રિયા, જન્મ, મરણ, ગતિ વગેરે વિષે એટલો સૂક્ષ્મ બોધ છે કે તે પરથી તેના સ્થાપકની સર્વજ્ઞતાનો ખ્યાલ આવી શકશે. જૈનધર્મ જેટલી સૂક્ષ્મતા બીજા ધર્મોમાં નથી તે દર્શાવી કર્તા જૈનધર્મની શ્રેષ્ઠતા બતાવે છે. ધર્મ વિષેના આ વિવાદાસ્પદ મુદ્દા વિષે તેઓ ખૂબ વિચારણાથી, સ્પષ્ટતાથી, સરળતાથી સત્ય વસ્તુનું પ્રતિપાદન કરી શકે છે, તે તેમની શક્તિનો સાચો નમૂનો ગણાય.

સંસારથી છૂટવા ધર્મનું જ્ઞાન આવશ્યક છે. તેમાં કયા પ્રકારના ધર્મનો આશરો લેવો તે સમજાવવા માટે શ્રીમદ્દે "ધર્મના મતભેદ"ના ત્રણ ભાગ કરી, તેમાં જગતમાં પ્રવર્તતા ધર્મોની વિચારણા કરી છે. સત્ય ધર્મ તરફ જીવ વળે ત્યારે તેને કયા પ્રકારના ભાવ પ્રવર્તે તે આપણે "અમૂલ્ય તત્ત્વવિચાર" નામના ૬૭મા પદ્યપાઠમાં જાણી શકીએ છીએ.

"અમૂલ્ય તત્ત્વવિચાર" નામના પદ્યમાં જીવનું કર્તવ્ય અને તે હાલ શું કરી રહ્યો છે તેની સમજ ફક્ત ૨૦ પંક્તિમાં આપી છે. મનુષ્યભવની દુર્લભતા, લક્ષ્મી, અધિકાર, કુટુંબ આદિના ક્ષણિક સુખની શોધમાં થતો સાચા સુખનો નાશ, સાચી આત્મવિચારણા, આત્માનો આનંદ વગેરે વિશે હરિગીત છંદમાં ટૂંકામાં છતાં સચોટતાથી વર્ણવવામાં આવ્યું છે:—

"હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરિહરું?
"એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં."[૨૦]

---

૨૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૦૭.

"અમૂલ્ય તત્ત્વવિચાર"ની ઉપર ટાંકેલી ચોથી કડીમાંની પહેલી બે પંક્તિમાં રજૂ કરેલ પ્રશ્નોમાં આત્માનાં છ પદ, જીવ, અજીવ, પાપ, પુણ્ય આદિ નવ તત્ત્વનો સમાવેશ થઈ જાય એ રીતે એની રચના કરવામાં આવી છે.

"આત્મા છે" તે પહેલું પદ છે. "હું કોણ છું?" એ પ્રશ્નનો વિચાર કરીએ તો સમજાય છે કે જગતની દેખાતી કોઈ પણ વસ્તુ તે "હું" નથી. દેહ પણ "હું" નથી, કારણ કે "હું" ચાલ્યો જતાં પણ દેહ તો રહે જ છે, જેને આપણે મૃતદેહ કહીએ છીએ. એ રીતે નેતિ નેતિથી પોતાનું સ્વરૂપ "આત્મા" છે તેનો ખ્યાલ આવે છે. તે ચેતનવંત વસ્તુ છે. આ રીતે "હું" વિષે વિચારમાં ઊતરતાં જ "આત્માના અસ્તિત્વ"નો ખ્યાલ આવે છે.

"આત્મા નિત્ય છે" તે બીજું પદ છે. આત્મા છે તો ખરો, પણ તે કેવો છે તેનો ખ્યાલ "ક્યાંથી થયો?" તે પ્રશ્નની વિચારણામાંથી આવે છે. બીજી બધી વસ્તુ તો બનતી જણાય છે, પણ આત્માને કોઈએ ક્યારેય મેળવણી, છૂટા પડવું કે એવી કોઈ ક્રિયાથી બનતો જાણ્યો નથી. તે ઉત્પન્ન થતો નથી છતાં અસ્તિત્વ ધરાવે છે માટે તે "નિત્ય" હોવો જોઈએ. તેનું અનુત્પન્નત્વ તેને નિત્યત્વ આપે છે. અને તે "ક્યાંથી થયો?"ની વિચારણાથી સમજાય છે.

"આત્માનો મોક્ષ છે" એ પાંચમું પદ છે. આત્મા નિત્ય છે તે સમજાયા પછી એ પ્રશ્ન થાય કે આત્મા આટલાં બધાં સ્વરૂપ કેમ ફેરવે છે? દેવ, મનુષ્ય, નરક કે તિર્યંચ ગતિના વિવિધ દેહ શા માટે ધારણ કરે છે? કોઈ દેહમાં તે સ્થિર શા માટે રહેતો નથી? શું એ એનું સાચું સ્વરૂપ નથી? તો પછી "શું સ્વરૂપ છે મારું ખરું?" એ પ્રશ્નની વિચારણા ઉદ્ભવે છે. એ વિચારતાં સમજાય છે કે આ બધા સ્વરૂપથી ભિન્ન એવું કોઈ સ્વરૂપ આત્માનું હોવું જોઈએ. દેહ, ધન, મિત્ર, કુટુંબ વગેરે આત્માનાં સાચાં સ્વરૂપો નથી, તેનું સાચું સ્વરૂપ આ બધાથી નિરાળું છે, અને તે "મોક્ષ" છે. મોક્ષ સ્વરૂપ પામ્યા પછી જ જીવ અન્યરૂપે થતો નથી, તે પહેલાં તેનાં રૂપો બદલાયા કરે છે. આમ આ વિચારણામાં "મોક્ષ છે" એ પદનો સમાવેશ થઈ જાય છે.

"આત્મા કર્તા તથા ભોક્તા છે" એ ત્રીજું તથા ચોથું પદ છે. "મોક્ષ" એ જીવનું જો સાચું સ્વરૂપ છે તો પછી જીવ આ બધી જુદી જુદી સ્થિતિ શા માટે ભોગવે છે? — એ પ્રશ્ન ઉદ્ભવે છે. આત્મા વિભાવદશામાં હોય, એટલે કે પોતાના સ્વરૂપથી જુદા ભાવોમાં હોય, ત્યારે તે કર્મ બાંધે છે. તે રીતે બાંધેલાં કર્મ તે જુદા જુદા સ્વરૂપે ભોગવે છે. "કોના સંબંધે વળગણા છે" — એ પ્રશ્ન વિચારતાં આત્માનું કર્તાપણું તથા ભોક્તાપણું સિદ્ધ થાય છે. જીવ પોતાનું સાચું સ્વરૂપ ન પામતાં અન્ય સ્વરૂપમાં રહ્યા કરે છે, તે દર્શાવે છે કે કોઈક એવું તત્ત્વ છે કે જે તેને આડખીલીરૂપ છે. આ તત્ત્વ તે કર્મ છે. આ કર્મથી આત્મા જકડાયેલો રહે છે. પોતે બાંધેલાં કર્મને ભોગવ્યા વિના તે છૂટી શકતો નથી, એટલે કે કર્મના સંબંધથી જીવની આ દશા થયેલી છે, તેનો ખ્યાલ "કોના સંબંધે વળગણા છે?" તે પ્રશ્નની વિચારણામાંથી જ આવે છે. તે પરથી જીવનું કર્તાભોક્તાપણું સિદ્ધ થાય છે.

"મોક્ષનો ઉપાય છે" એ છઠ્ઠું પદ છે. "રાખું કે એ પરિહરું?" એ પ્રશ્નની વિચારણામાંથી "મોક્ષનો ઉપાય છે" તે પદની સિદ્ધિ થઈ શકે છે. જીવને કર્મની વળગણા તો રહેલી છે. એ વળગણા રાખવી કે છોડી દેવી તે તેના હાથની વાત છે. આ બેમાંથી શું કરવું તે પ્રશ્નની વિચારણા અહીં મૂકી છે. જો વળગણા રાખે તો સંસારપ્રાપ્તિ રહે, અને છોડી દે તો કર્મ દૂર થતાં મોક્ષ મળે. કર્મનું કર્તા તથા ભોક્તાપણું ત્યજવાથી મોક્ષ મળે છે. માટે તે બંનેનો ત્યાગ એ મોક્ષનો ઉપાય છે.

આ પ્રશ્નોમાંથી આત્માનાં છ પદની જેમ સિદ્ધિ થઈ, તેમ નવ તત્ત્વની પણ સિદ્ધિ થઈ શકે છે. આત્મા તે ચેતન છે. તે ચેતનમાં જીવ તત્ત્વની સિદ્ધિ થઈ. જીવ સિવાયના સર્વ પદાર્થ તે અજીવ: કર્મ શું છે તે વિચારીએ તો સમજાશે કે તે પુણ્ય તથા પાપ છે; શુભ કર્મ તે પુણ્ય, અશુભ કર્મ તે પાપ. કર્મની સિદ્ધિ થતાં પાપપુણ્ય સિદ્ધ થાય છે. કર્મ જ્યાંથી પ્રવેશ કરે તે આશ્રવ. આત્મા વિભાવદશામાં રહે ત્યારે કર્મ બાંધે છે, તે દશા આશ્રવ છે. આ દ્વાર બંધ કરી નવાં કર્મ ન બાંધવાં તે સંવર. "રાખું કે એ પરિહરું?" —એ પ્રશ્નમાં આશ્રવ તથા સંવર સમજી શકાશે. બાંધેલાં કર્મ નિષ્કામભાવે ભોગવી લેવાં તે નિર્જરા. આત્માના પ્રદેશો સાથે કર્મનું જોડાવું – કર્મનું કર્તૃત્વ લેવું – તે બંધ. અને બાંધેલાં કર્મથી સર્વ પ્રકારે છૂટવું તે મોક્ષ. ઉપરની બે પંક્તિ ઉપર મનન કરતાં કરતાં આ નવે તત્ત્વની વિચારણામાં ઊતરી શકાય છે. અને તેનો વિશેષપણે વિચાર કરવાથી આત્મશ્રેણી પર પહોંચી શકાય છે. આમ જ્ઞાન પામવા માટે આ પ્રશ્નોનો ઊંડાણથી વિચાર કરવો તે સૌથી અગત્યનું છે.

માત્ર બે જ પંક્તિમાં છ પદ અને નવ તત્ત્વ સરળ ભાષામાં સમાવી લેનાર શ્રીમદ્દની કવિત્વશક્તિ તથા આધ્યાત્મિક કક્ષાનો ખ્યાલ અહીં આવી શકશે. ઉપર જણાવ્યા પ્રમાણે આત્માની ઊંડી વિચારણા કરી જેમણે આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેવા મહાપુરુષોનાં વચનોમાં શ્રદ્ધા રાખી, એક જ વસ્તુ કરવાની કર્તાએ ભલામણ કરી છે અને તે છે, આત્મપ્રાપ્તિ કરવી.

જુઓ આ પંક્તિઓ :—

"રે! આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો."૨૧

પોતાના આત્માને તારવાનું, તથા પોતાના જેવો જ સર્વનો આત્મા છે તેવી શ્રદ્ધા કરવાનું શ્રીમદ્દે આ પંક્તિઓમાં જણાવ્યું છે. આત્માનું સાચું સ્વરૂપ સમજી તેને મોક્ષસુખ આપવું એ કર્તવ્ય છે, તેમાં જ માનવદેહની સફળતા છે. તેનું પ્રતિપાદન શ્રીમદ્દે આ કાવ્યમાં કર્યું છે. આ કાવ્યમાં, તેના શીર્ષકમાંથી ફલિત થાય છે તેમ, આત્મા જેવા અમૂલ્ય તત્ત્વનો વિચાર કર્યો છે.

૨૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૦૭.

આ કાવ્યનાં ભાવ, તત્ત્વવિચારણા વગેરે તપાસતાં તે અમૂલ્ય લાગે તેવું છે, અને સર્વને પોતાના અધિકાર પ્રમાણે સાચી સમજણ આપે તેવું શ્રીમદ્‌નાં અતિમહત્ત્વનાં ગણાતાં કાવ્યોમાંનું એ એક છે. તેની રચના કઈ રીતે થઈ હતી તે જણાવતાં શ્રીમદ્દે લખ્યું છે કે :—

> "૬૭મા પાઠ ઉપર શાહી ઢોળાઈ જતાં તે પાઠ ફરી લખવો પડ્યો હતો, અને તે ઠેકાણે "બહુ પુણ્યકેરા પુંજથી"નું અમૂલ્ય તાત્ત્વિક વિચારનું કાવ્ય મૂક્યું હતું."[૨૨]

પણ એથી આપણને તો લાભ જ થયો છે. આ ઉત્તમ કાવ્ય વાંચ્યા પછી ૬૭મા પાઠ પર શાહી ઢોળાઈ જવાની હકીકત કોઈને પણ સુખરૂપ લાગે તેમ છે.

આ પદ્યપાઠ પછી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય તેવા ઘણા પાઠો શ્રીમદ્દે રચ્યા છે. પાઠ ૭૪થી ૯૮ સુધીમાં તેમણે "ધર્મધ્યાન", "જ્ઞાન સંબંધી બે બોલ", અને "તત્ત્વાવબોધ" વગેરે વિશે લખ્યું છે.

"ધર્મધ્યાન" — ૧, ૨, ૩ અને "જ્ઞાન સંબંધી બે બોલ" — ૧, ૨, ૩, ૪ નામના પાઠોમાં તે તે વિષયની વિશદ અને ઊંડી વિચારણા કરવામાં આવી છે.

ધર્મધ્યાન માટેના ૭૪, ૭૫, ૭૬ એ ત્રણ પાઠોમાં ધ્યાનના ચાર પ્રકારનું વર્ણન છે. તે ચાર પ્રકાર તે આર્ત્ત, રૌદ્ર, ધર્મ, અને શુક્લ. તેમાંનાં પહેલાં બે ત્યાજ્ય છે. ધર્મધ્યાનના મુખ્ય ૧૬ ભેદ જણાવ્યા છે. પહેલા ચાર તે આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય, અને સંસ્થાનવિચય. આ ચારેને શ્રીમદ્દે શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે પણ સંક્ષેપમાં સમજાવ્યા છે. તે પછી ધર્મધ્યાનનાં ચાર લક્ષણો આપ્યાં છે : આજ્ઞારુચિ, નિસર્ગરુચિ, સૂત્રરુચિ, અને ઉપદેશ-રુચિ. આ સાથે વાચના, પૃચ્છના, પરાવર્તના, અને ધર્મકથા એ ચાર ધર્મધ્યાનનાં આલંબન પણ સમજાવ્યાં છે. અને તે પછી ધર્મધ્યાનના છેલ્લા ચાર ભેદ, ચાર અનુપ્રેક્ષા જણાવેલ છે : એકત્વ, અન્યત્વ, અશરણ, અને સંસાર-અનુપ્રેક્ષા. તે બધી તેમણે "બાર ભાવના" વિશેના પાઠમાં સમજાવી છે. આમ ધર્મધ્યાનના ૧૬ ભેદ તથા તેના લાભ તેમણે ટૂંકાણમાં સમજાવ્યા છે.

તેના લાભ વિષે કર્તા લખે છે : —

> "એમાંના કેટલાક ભાવ સમજાવાથી તપ, શાંતિ, ક્ષમા, દયા, વૈરાગ્ય, અને જ્ઞાનનો બહુ બહુ ઉદય થશે."[૨૩]

> "તમે કદાપિ એ ૧૬ ભેદોનું પઠન કરી ગયા હશો, તોપણ ફરી ફરી તેનું પરાવર્તન કરજો."[૨૪]

આમ અહીં તેમણે ધર્મધ્યાન પર ઘણો ભાર મૂક્યો છે તે જોઈ શકાશે.

"જે વડે વસ્તુનું સ્વરૂપ જાણીએ તે જ્ઞાન."[૨૫] એવો જ્ઞાનનો અર્થ બતાવી, તે જ્ઞાનની આવશ્યકતા, તે જ્ઞાન કયા સાધનો દ્વારા મળે, સાધનપ્રાપ્તિ સાથે દેશકાળાદિ

---

૨૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૬૩.

૨૩. ૨૪. ૨૫. એજન, પૃ. ૧૧૫.

અનુકૂળ છે કે કેમ, જ્ઞાનના કેટલા ભેદ છે વગેરે પ્રશ્નોની વિચારણા શ્રીમદ્‌ે "જ્ઞાન સંબંધી બે બોલ" નામના ચાર ભાગમાં વહેંચાયેલા પાઠમાં કરી છે.

અનંત દુઃખથી ભરેલા આ સંસારથી છૂટવા માટે જ્ઞાનની આવશ્યકતા તેમણે બતાવી છે. જ્ઞાન થાય તો જ જીવ સંસારથી છૂટી શકે છે. જ્ઞાનપ્રાપ્તિ માટે માનવદેહ, આર્યભૂમિ ઉત્તમ કુળ, સત્ગુરુનો યોગ, સત્ધર્મની શ્રદ્ધા વગેરેને જરૂરી સાધનો કહ્યાં છે. તેમાંથી કયા કયા સાધનોની કેટલે અંશે સુલભતા આજે છે, તે વિશેની વિચારણા પણ કરી છે. આ ઉપરાંત જ્ઞાનના પાંચ ભેદ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ – સંક્ષેપમાં સમજાવ્યા છે. વળી જાણવા યોગ્ય વસ્તુ, તે જાણવાનાં સાધનો વગેરે વિષે પણ તેમાં સમજૂતી અપાયેલી છે. આ રીતે નાના નાના ચાર પાઠમાં શ્રીમદ્‌ે ઘણા વિષયને ટૂંકાણમાં છતાં સ્પષ્ટતાથી અને પ્રતીતિપૂર્વક સમજાવ્યા છે.

હાલમાં પ્રવર્તતા "પંચમકાળ"ની સમજ આપવા લેખકે જૈનધર્મ અનુસાર કાળચક્રની ગણતરીની સમજ, તથા હાલમાં કયો કાળ ચાલે છે અને તેનાં કેવાં લક્ષણો જ્ઞાનીઓએ બતાવ્યાં છે તે "પંચમકાળ"નામના ૮૧મા પાઠમાં વર્ણવેલ છે. ધર્મનાં મતમતાંતર વધશે, મોહાદિની વૃદ્ધિ થશે, શીલવાન દુઃખી થશે, આત્મજ્ઞાની ઘટતા જશે, અન્યાય વધશે, સદ્વૃત્તિઓ ઘટતી જશે, એમ અનેક અનિષ્ટો તથા દુઃખોથી ભરપૂર આ આરો રહેશે."[૨૬] તેવી સમજ શ્રીમદ્‌ે આ પાઠમાં આપી છે. સાથે સાથે અનિષ્ટો તથા દુઃખોથી છૂટવા સત્ધર્મ આચરી ત્વરાથી આત્મશ્રેય કરી લેવા વિવેકી પુરુષોને ભલામણ પણ કરી છે. અહીં આપેલું પાંચમા આરાનું વર્ણન વૈરાગ્યપોષક છે. તેમાં દર્શાવેલાં પાંચમા આરાનાં લક્ષણોમાંનાં કેટલાંક તો અત્યારે અસ્તિત્વમાં આવેલાં પણ જોઈ શકાશે.

પંચમકાળનું સ્વરૂપ સમજાવ્યા પછી શ્રીમદ્‌ે તત્ત્વાવબોધના ૧૭ પાઠ યોજ્યા છે. ૮૨થી ૯૮ સુધીના આ પાઠોમાં અરિહંતપ્રભુએ દર્શાવેલાં નવતત્ત્વ જાણવાની અગત્ય, મહાવીર પ્રભુની સ્યાદ્વાદ શૈલી, તેમના જ્ઞાનની સર્વજ્ઞતા તથા જગત્કર્તા વગેરે વિશે તેમણે લખ્યું છે. નવતત્ત્વનું સ્વરૂપ જાણવાની જરૂર જણાવતાં તેઓ લખે છે કે :—

> "નિર્ગ્રંથ પ્રવચનનો જે જે સૂક્ષ્મ બોધ છે, તે તત્ત્વની દૃષ્ટિએ નવ તત્ત્વમાં સમાઈ જાય છે, તેમજ સઘળા ધર્મમતોના સૂક્ષ્મ વિચાર એ નવ તત્ત્વવિજ્ઞાનના એક દેશમાં આવી જાય છે. આત્માની જે અનંત શક્તિઓ ઢંકાઈ રહી છે તેને પ્રકાશિત કરવા અર્હંત ભગવાનનો પવિત્ર બોધ છે. એ અનંત શક્તિઓ ત્યારે પ્રફુલ્લિત થઈ શકે કે જ્યારે નવ તત્ત્વવિજ્ઞાનમાં પારાવાર જ્ઞાની થાય."[૨૮]

---

૨૬. જિનેશ્વરે કાળચક્રના બે ભેદ કહેલ છે : ઉત્સર્પિણી અને અવસર્પિણી. તે પ્રત્યેકના ૭ ભાગ છે જે આરો કહેવાય છે. અવસર્પિણીમાં ધીરે ધીરે અનિષ્ટો વધતાં જાય છે, ઉપસર્પિણીમાં તે અનિષ્ટો ઘટતાં જાય છે. હાલમાં અવસર્પિણીનો પાંચમો આરો છે, તેથી અનિષ્ટો વધતાં જણાય છે. તેનું કાળપ્રમાણ ૨૧,૦૦૦ વર્ષનું છે. તેનાં ૨૫૦૦ વર્ષ વીત્યાં છે.

૨૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૧૮.

૨૮. એજન, પૃ. ૧૧૯.

નવ તત્ત્વના જાણકારો વિશે તેઓ લખે છે :—

> "મહાવીર ભગવંતના શાસનમાં બહુ મતમતાંતર પડી ગયાં છે, તેનું મુખ્ય આ એક કારણ પણ છે કે તત્ત્વજ્ઞાન ભણીથી ઉપાસક વર્ગનું લક્ષ ગયું. માત્ર ક્રિયાભાવ પર રાચતા રહ્યા, જેનું પરિણામ દૃષ્ટિગોચર છે. વર્તમાન શોધમાં આવેલી પૃથ્વીની વસતિ લગભગ દોઢ અબજની ગણાઈ છે, તેમાં સર્વ ગચ્છની મળીને જૈન પ્રજા માત્ર વીસ લાખ છે. એ પ્રજા તે શ્રમણોપાસક છે. એમાંથી હું ધારું છું કે નવ તત્ત્વને પઠનરૂપે બે હજાર પુરુષો પણ માંડ જાણતા હશે, મનન અને વિચારપૂર્વક તો આંગળીને ટેરવે ગણી શકીએ તેટલા પુરુષો પણ નહિ હશે."[૨૯]

આ પરિસ્થિતિ ટાળવા અને નવ તત્ત્વની સારી રીતે સમજ મેળવવા તેમણે ભારપૂર્વક ભલામણ કરી છે. તે દ્વારા જ સંસારના ચક્રાવાનો અંત આવશે તેમ તેઓ જણાવે છે. નવ તત્ત્વની સમજ અને અગત્ય જણાવવા તેમણે ૮૨થી ૮૫ એ ચાર પાઠ યોજ્યા છે.

એક સમર્થ વિદ્વાન સાથે નિર્ગ્રંથ પ્રવચનની ચમત્કૃતિ સંબંધી શ્રીમદ્‌ને વાત થઈ ત્યારે 'ઉપન્નેવા', 'વિધનેવા', 'ધુવેવા' એ લબ્ધિવાક્ય વિશે તે વિદ્વાને તેમને પૂછ્યું કે, "આ ત્રિપદીમાંથી દ્વાદશાંગીનું જ્ઞાન થાય તેવું ગણધરનું વચન કઈ રીતે સત્ય કહી શકાય ?" શ્રીમદ્‌ે તેની સંભવિતતા જણાવી. તેથી તેમણે જણાવ્યું કે, આ ત્રિપદી પર જીવ વિશે "હા" અને "ના"ના વિચાર ઉતારીએ – એટલે કે જીવ ઉત્પત્તિરૂપ છે ? તો એક વખત "હા" અને બીજી વખત "ના" જવાબ લેવો. તે જ રીતે વિઘ્નતા અને ધ્રુવતા બાબત પણ વિચાર કરીએ તો તેમાં જ ૧૮ દોષ આવે છે. તે અઢારે દોષ વિદ્વાને વિસ્તારથી જણાવ્યા. આ જ ત્રિપદી પર "હા" અને "ના" વિચાર ઉતારવા છતાં સ્યાદ્વાદને લીધે એક પણ દોષ આવતો નથી, તે થોડોક જ વિચાર કરતાં સમજાઈ જાય તેવી સરળતાથી શ્રીમદ્‌ે વિદ્વાનને સમજાવ્યું. તે સાથે પોતાના અલ્પજ્ઞાનથી પણ આ સાબિત થાય છે, તો પછી વિશેષ જ્ઞાનવાળી અધિકારી વ્યક્તિ હોય તો તેને તેમાંથી દ્વાદશાંગીનું જ્ઞાન પણ થઈ શકે તે તેમણે નમ્રતાપૂર્વક જણાવ્યું. આ આખો સંવાદ શ્રીમદ્‌ે ન્યાયના ગ્રંથમાં પ્રવેશ કરવા જોઈતા સંસ્કાર અને વિચારણાનો ખ્યાલ આપે તેવી શૈલીથી ૮૬થી ૯૧ સુધીના પાંચ પાઠમાં આપ્યો છે.

આ ત્રિપદી પરથી જેમ જ્ઞાન મળી શકે છે, તેમ જ નવતત્ત્વની બાબતમાં પણ છે એ તેમણે "તત્ત્વાવબોધ" ભાગ ૧૧, શિક્ષાપાઠ ૯૨માં બતાવ્યું છે. અને સાથે સાથે તત્ત્વના બોધ વિશે તેમણે લખ્યું છે કે :—

> "અનંત ભેદથી ભરેલા એ તત્ત્વવિચારો જેટલા કાળભેદથી જ્ઞેય જણાય તેટલા જ્ઞેય કરવા, ગ્રાહ્યરૂપ થાય તેટલા ગ્રહવા, અને ત્યાગરૂપ દેખાય તેટલા ત્યાગવા. એ તત્ત્વોને જે યથાર્થ જાણે છે, તે અનંત ચતુષ્ટયથી વિરાજમાન છે એ હું સત્યતાથી કહું છું. એ નવ તત્ત્વનાં નામ મૂકવામાં પણ અરધું સૂચવન મોક્ષની નિકટતાનું જણાય છે."[૩૦]

---

૨૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૧૯.   ૩૦. એજન, પૃ. ૧૨૩.

આમ કહી એ નવે તત્ત્વોને અનુક્રમે ચક્રમાં ગોઠવી તેમણે ૯૩મા પાઠમાં બતાવ્યું છે કે, તેમાં સૌથી નિકટ જીવ તથા મોક્ષ છે – પછી વાંચવામાં ભલે તે પહેલા તથા છેલ્લે આવતા હોય. આ ચક્ર જોઈને કોઈને એવી આશંકા થાય કે, "જ્યારે બંને નિકટ છે ત્યારે બાકીનાં ત્યાગવાં?" તો તે વિશે તેઓ મક્કમતાપૂર્વક જણાવે છે કે :—

"જો સર્વ ત્યાગી શકતા હો તો ત્યાગી દો, એટલે મોક્ષરૂપ જ થશો. નહીં તો હેય, જ્ઞેય, ઉપાદેયનો બોધ લો, એટલે આત્મસિદ્ધિ પ્રાપ્ત થશે."[31]

આમ નવ તત્ત્વની વિચારણાર્થે શ્રીમદ્દે આ પાઠોમાં ખૂબ ભારપૂર્વક જણાવ્યું છે.

"તત્ત્વાવબોધ"ના પાઠો રચવાનો ઉદ્દેશ જણાવતાં શ્રીમદ્ ૯૪મા પાઠમાં લખે છે કે :—

"જે જે હું કહી ગયો તે તે કંઈ કેવળ જૈન કુળથી જન્મ પામેલા પુરુષને માટે નથી, પરંતુ સર્વને માટે છે, તેમ આ પણ નિઃશંક માનજો કે હું જે કહું છું તે અપક્ષપાતે અને પરમાર્થબુદ્ધિથી કહું છું."

"તમને જે ધર્મતત્ત્વ કહેવાનું છે, તે પક્ષપાત કે સ્વાર્થબુદ્ધિથી કહેવાનું મને કોઈ પ્રયોજન નથી. પક્ષપાત કે સ્વાર્થથી હું તમને અધર્મતત્ત્વ બોધી અધોગતિને શા માટે સાધું? વારંવાર હું તમને નિર્ગ્રંથનાં વચનામૃતો માટે કહું છું, તેનું કારણ તે વચનામૃતો તત્ત્વમાં પરિપૂર્ણ છે તે છે. જિનેશ્વરોને એવું કોઈ પણ કારણ નહોતું કે જે નિમિત્તે તેઓ મૃષા કે પક્ષપાતી બોધે, તેમ તેઓ અજ્ઞાની ન હતા, કે એથી મૃષા બોધાઈ જવાય. આશંકા કરશો કે, એ અજ્ઞાની નહોતા એમ શા ઉપરથી જણાય? તો તેના ઉત્તરમાં એઓના પવિત્ર સિદ્ધાંતોના રહસ્યને મનન કરવાનું કહું છું. અને એમ જે કરશે તે તો પુનઃ આશંકા લેશ પણ નહિ કરે. જૈન-મતપ્રવર્તકોએ મને કંઈ ભૂરશી દક્ષણા આપી નથી. તેમ એ મારા કંઈ કુટુંબપરિવારી પણ નથી કે એ માટે પક્ષપાતે હું કંઈ પણ તમને કહું. તેમજ અન્ય મતપ્રવર્તકો પ્રતિ મારે કંઈ વેરબુદ્ધિ નથી કે મિથ્યા એનું ખંડન કરું. બંનેમાં હું તો મંદમતિ મધ્યસ્થરૂપ છું. બહુ બહુ મનનથી અને મારી મતિ પહોંચી ત્યાં સુધીના વિચારથી હું વિનયથી એમ કહું છું કે, પ્રિય ભવ્યો જૈન જેવું એકે પૂર્ણ અને પવિત્ર દર્શન નથી, વીતરાગ જેવો એકે દેવ નથી; તરીને અનંત દુઃખથી પાર પામવું હોય તો એ સર્વજ્ઞ દર્શનરૂપ કલ્પવૃક્ષને સેવો."[32]

આ તથા આવાં અન્ય વચનોથી શ્રીમદ્દે ૯૪ તથા ૯૫ એ બે પાઠમાં જૈનધર્મની ઉત્તમતા દર્શાવી છે. પણ પોતે તે ધર્મને શા માટે શ્રેષ્ઠ કહે છે તે વિષેની વિચારપૂર્વકની દલીલો શ્રીમદ્દે ૯૬ થી ૯૮ એ ત્રણ પાઠમાં આપી છે. લોકો ગાડરિયા પ્રવાહની જેમ તણાતા હોવાથી, સારાસાર વિવેકનું તોલન કરતા નથી, અને ઓઘેઓઘ ગમે તે ધર્મને સત્ય માનીને ચાલે છે. વળી, જૈનધર્મ જગત્કર્તા તરીકે પરમેશ્વરને માનતો નથી, તેથી તે ધર્મ

૩૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૨૪.

૩૨. એજન, પૃ. ૧૨૪.

નાસ્તિક છે તેવી કેટલાક લોકો દલીલ કરે છે, તે દલીલનું યોગ્ય ખંડન શ્રીમદ્ ૯૭ મા પાઠમાં કરે છે. તે વખતે તેઓ એ વિચારવા સૂચવે છે કે જૈન જગતને અનાદિ-અનંત કયા ન્યાયથી કહે છે ? જગત્કર્તા નથી એમ કહેવામાં શું નિમિત્ત છે ? વળી, જગતને રચવાની પરમેશ્વરને શી આવશ્યકતા હતી ? તેમણે જગત રચ્યું તો સુખદુઃખ શા માટે મૂક્યાં ? મોત કેમ છે ? — એ વગેરે પ્રશ્નોનો વિચાર કરતાં જૈનધર્મની સત્યતા તથા પવિત્રતા વિષે ખાતરી થશે. એમ શ્રીમદ્‌નું કહેવું છે. આ બધું સમજાવવાની સાથે જૈનધર્મ પર મુકાયેલા નાસ્તિકતા આદિના આરોપોનું ખંડન સરળ છતાં પ્રતીતિકર ભાષામાં શ્રીમદે "તત્ત્વાવબોધ"ના પાઠોમાં કર્યું છે. અને તે આરોપોની અયોગ્યતા તેમણે બતાવી છે. સાથે સાથે વૈષ્ણવ, સાંખ્ય, વેદાંત આદિ ધર્મોની દેખાતી અપૂર્ણતા પણ તેમણે સરળતાથી, કોઈ પણ જાતના પૂર્વગ્રહ વિના બતાવી છે. ૧૭ વર્ષની નાની વયમાં તેમણે કરાવેલો તેમની તુલનાશક્તિનો આ પરિચય ખરેખર આશ્ચર્ય ઉપજાવે તેવો છે. પોતાને એક ધર્મમાં શ્રદ્ધા હોવા છતાં કોઈ પણ અન્ય ધર્મીને પણ તેમણે જણાવેલા નિયમો માન્ય થાય તેવી રીતે તેની રજૂઆત કરી છે.

સંસારનું સ્વરૂપ, ધર્મનું સ્વરૂપ, સાચો ધર્મ કયો, સત્ય ધર્મનું શોધન કઈ રીતે કરવું વગેરે વિષેની શ્રીમદે આપેલી વિચારણા કોઈ પણ જીવને સમ્યક્‌જ્ઞાન પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય તેમ છે તે જોઈ શકાશે. આથી આપણે કહી શકીએ કે સમ્યક્‌જ્ઞાનના બોધ અર્થે શ્રીમદે "તત્ત્વાવબોધ", "જ્ઞાન સંબંધી બે બોલ" વગેરે પાઠોની યોજના કરી છે.

મુક્તિ મેળવવામાં સમ્યક્‌દર્શન તથા સમ્યક્‌જ્ઞાન પછી આવતું ત્રીજું તત્ત્વ તે સમ્યક્‌ચારિત્ર છે. સમ્યક્‌દર્શન તથા સમ્યગ્જ્ઞાન થયા પછી જીવ નવાં કર્મ ઘણાં ઓછાં બાંધે છે. પણ તે પૂર્વે બાંધેલાં કર્મનો ભોગવટો કરવાનું તથા નવાં કર્મ બંધાતાં રોકવાનું કાર્ય સમ્યક્‌ચારિત્ર દ્વારા કરે છે.

## સમ્યક્‌ચારિત્ર

જીવનું પોતાની જાતને કર્મથી મુક્ત કરાવતું બાહ્ય તેમજ આંતરિક આચરણ તે સમ્યક્‌ચારિત્ર. પ્રત્યેક જીવ અમુક પ્રકારની પ્રવૃત્તિ તો કર્યા જ કરે છે, પણ તે એ પ્રકારની હોય છે કે તેનાથી સંસારનો નાશ થવાને બદલે તેની વૃદ્ધિ થાય છે. આ પ્રકારની પ્રવૃત્તિ કે આચરણ તે સમ્યક્ નથી, પણ જે આચરણથી સંસારક્ષય થાય તે જ સમ્યક્‌ચારિત્ર. આ સમ્યક્‌ચારિત્રનું પાલન કઈ રીતે કરવું, કેવા કેવા નિયમો પાળવા તે વગેરે વિશે શ્રીમદે કેટલાક પાઠો યોજ્યા છે. તે પરથી તેમણે ઇચ્છેલા ઉચ્ચ ચારિત્રનો ખ્યાલ આવશે.

દુઃખને લીધે સંસાર પ્રત્યે જાગતા વૈરાગ્યને પોષવા માટે શ્રીમદે "બાર ભાવના" નામનો ૨૧મો પાઠ રચ્યો છે.[૩૩] તેમાં અનિત્ય, અશરણ આદિ બારે ભાવનાઓ ટૂંકાણમાં

૩૩. આ બારે ભાવનાઓને શ્રીમદે "ભાવનાબોધ" નામના ગ્રંથમાં વિસ્તારથી સમજાવી છે. જુઓ પ્રકરણ ૨. અશરણભાવના માટે "અનાથીમુનિ"ની કથા, અનિત્યભાવના માટે "ભિખારીનો ખેદ" નામની કથા, અશુચિભાવના વિશે "સનત્કુમારની કથા" વગેરે "મોક્ષમાળા"માં પણ અપાયેલ છે.

સમજાવવામાં આવી છે. અને કેટલીક ભાવનાઓ સદૃષ્ટાંત અન્ય પાઠોમાં સમજાવાઈ છે.

સામાન્ય જન જેમ બને તેમ વધારે પરિગ્રહમાં સુખ માને છે, પણ તેમાં સુખને બદલે દુઃખ રહેલું છે, અને અલ્પપરિગ્રહમાં જ સાચું સુખ રહેલું છે તે શ્રીમદ્દે "પરિગ્રહ સંકોચવો" નામના પચીસમા પાઠમાં અસરકારક ભાષામાં સમજાવ્યું છે. પરિગ્રહ વિષે મર્યાદા ન હોય તો જીવ તૃષ્ણાના પૂરમાં તણાઈને દુઃખ, અને કયારેક સર્વનાશ પણ નોતરે છે. પોતાના આ કથનને પુષ્ટ કરતું સુભુમ ચક્રવર્તીનું દૃષ્ટાંત તેઓ અહીં આપે છે.૩૪

"યત્ના" તથા "રાત્રિભોજન" નામના ૨૭ તથા ૨૮મા પાઠમાં શ્રાવકે તથા મુનિએ આચરવા યોગ્ય બે નિયમો જણાવ્યા છે. શ્રાવકે પ્રત્યેક વસ્તુ યત્નાપૂર્વક કરવી જોઈએ કે જેથી, કોઈને નુકસાન ન થાય. ખાતાં, પીતાં, ચાલતાં, સૂતાં, — એમ પ્રત્યેક ક્રિયા કરતી વખતે અન્ય જીવજંતુને હાનિ ન થાય તેનો ખ્યાલ રાખવાનો બોધ "યત્ના" નામના પાઠમાં આપ્યો છે. અને તે પછીના પાઠમાં "રાત્રિભોજન" કરવાથી ધાર્મિક દૃષ્ટિથી તેમજ આરોગ્યની દૃષ્ટિથી કેવું નુકસાન થાય છે તે જણાવ્યું છે. રાત્રિભોજન ન કરવાનો તેમણે બોધ આપ્યો છે. આ બંને પાઠમાં ધર્મને અનુકૂળ વ્યાવહારિક સૂચનો શ્રીમદ્દે આપ્યાં છે. તે સાંસારિક તેમજ પારમાર્થિક બંને રીતે ફાયદાકારક થાય તેવાં છે. દાખલા તરીકે, અનાજમાં રહેલા સૂક્ષ્મ જંતુઓની પૂરી તપાસ કરવી જોઈએ તેમ તેઓશ્રી જણાવે છે. આમ કરવાથી અનાજ બગડે નહિ અને લાંબો વખત રહે એ સાંસારિક લાભની સાથે જીવ-હિંસા અટકે છે તે ધાર્મિક લાભ છે. આ ઉપરાંત પાણી ગાળીને પીવું, ધીમી ને ગંભીર ચાલ રાખવી વગેરે અન્ય સૂચનો પણ તેમણે કર્યાં છે.

આ બંને પાઠમાં તેમણે આપેલા નિયમોમાં "દયા પાળવાનો" તેમનો આશય જોવા મળે છે. તે જ રીતે તે પછીના બે ૨૯મા–૩૦મા "સર્વ જીવની રક્ષા" વિષેના પાઠમાં તેમણે "દયા"નો જ બોધ કર્યો છે. દયાધર્મનું પાલન એ સમ્યક્‌ચારિત્રનું મુખ્ય અંગ છે. દયા એ ધર્મનું સાચું સ્વરૂપ છે, તે સ્પષ્ટતાથી જણાવ્યા પછી સર્વ ધર્મોમાં સૌથી સૂક્ષ્મતાથી દયાનો બોધ જો કોઈએ કર્યો હોય તો તે જૈનધર્મે કર્યો છે, તેની પ્રતીતિ કરાવી છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીની જીવદયાનો બોધ જૈન સિવાયના કોઈ ધર્મમાં મળતો નથી. પુષ્પની પાંખડી દુભાય તેને તેમાં હિંસા ગણી છે, એ દયાની કેટલી સૂક્ષ્મતા ગણાય? આવી સૂક્ષ્મતાવાળો જૈન સિવાય અન્ય ધર્મ મળવો દુર્લભ છે તે તેમણે સમજાવ્યું છે. બીજી સિદ્ધિઓ ધર્મપ્રાપ્તિ પાસે કંઈ હિસાબમાં નથી, તે વિશે તેમણે સ્પષ્ટતાથી લખ્યું છે કે: —

> "મનુષ્યો રિદ્ધિ પામે છે, સુંદર સ્ત્રી પામે છે, આજ્ઞાંકિત પુત્ર પામે છે. બહોળો કુટુંબપરિવાર પામે છે, માનપ્રતિષ્ઠા તેમ જ અધિકાર પામે છે, અને તે પામવાં કંઈ દુર્લભ નથી; પરંતુ ખરું ધર્મતત્ત્વ કે તેથી શ્રદ્ધા કે તેનો થોડો અંશ પણ પામવો મહાદુર્લભ છે. એ રિદ્ધિ ઇત્યાદિક અવિવેકથી પાપનું કારણ થઈ અનંત દુઃખમાં લઈ જાય છે. પરંતુ આ થોડી શ્રદ્ધાભાવના પણ ઉત્તમ પદવીએ પહોંચાડે છે. આમ દયાનું સત્પરિણામ છે."૩૫

૩૪. જુઓ આ પ્રકરણનો આપેલો કથાવિભાગ.

૩૫. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૭૯.

તેમના આ મંતવ્યના સમર્થનમાં શ્રીમદ્દે શ્રેણિકરાજા તથા અભયકુમારનો "માંસની સસ્તાઈ" વિશેનો પ્રસંગ "સર્વ જીવની રક્ષા" ભાગ–૨ નામના ૩૦મા પાઠમાં આપ્યો છે.૩૬

આ રીતે દયાના સ્વરૂપને જુદી જુદી રીતે સમજાવવા શ્રીમદ્દે ચાર પાઠનો ઉપયોગ કર્યો છે. દયા એ ધર્મનું મૂળ છે તેથી તેઓ તે વિશે સૌથી વધુ લક્ષ આપે છે. દલીલ, દૃષ્ટાંત વગેરેનો ઉપયોગ પણ સાચી વસ્તુની સમજણ આપવા માટે તેઓ કરે છે. તેઓ વેદાંત, વૈષ્ણવ આદિ ધર્મના દયા સ્વરૂપની જૈનધર્મના તે સ્વરૂપ સાથે સરખામણી કરે છે, અને તે વિષે જૈનધર્મની ઉત્તમતા બતાવે છે. તે વિચારણા, સરખામણી આદિમાં બધા ધર્મનો સ્વતંત્રતાથી વિચાર કરવાની તેમની શક્તિનો ખ્યાલ આપણને અહીં આવે છે.

"અમુક વસ્તુ ભણી ચિત્ત ન કરવું" એવો જે નિયમ લેવો તે "પ્રત્યાખ્યાન". પ્રત્યાખ્યાન લેવાથી થતા લાભોનો નિર્દેશ શ્રીમદ્દ "પ્રત્યાખ્યાન" નામના ૩૧મા પાઠમાં કર્યો છે. નિયમ લેવાથી મનને સારા માર્ગે ચાલવાની શક્તિ પ્રાપ્ત થાય છે, તે ઉપરાંત એકાગ્રતા, વિવેક, વિચારશીલતા વગેરે કેળવાય છે, અને અનેક લાભ થાય છે. નિયમ લીધા વિના સદાચાર પાળવાથી તેનાથી ચલિત થવાનો સંભવ રહે છે, તેથી પ્રત્યાખ્યાન એ સમ્યક્ચારિત્ર માટે મહત્ત્વનું અંગ ગણી શકાય.

શુદ્ધ ચારિત્ર પાળવાનું બળ મેળવવા માટે પ્રત્યાખ્યાનની જેમ "નમસ્કારમંત્ર" પણ ઉપયોગી છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ વંદન કરવા યોગ્ય છે. તેમને વંદન કરવાના મંત્રને "નમસ્કારમંત્ર" કે "પંચપરમેષ્ઠિમંત્ર" નિર્ગ્રંથ પ્રવચનમાં કહે છે. આ મંત્રના જાપથી કર્મની નિર્જરા થાય છે, ઇષ્ટ પુરુષોના ગુણોનું સ્મરણ થાય છે અને તેથી આત્માનું કલ્યાણ થાય છે. આમ નવકારમંત્રની અગત્ય લેખકે "નવકારમંત્ર" નામના ૩૫મા પાઠમાં સમજાવી છે. તે ઉપરાંત આ પાઠમાં એ મંત્ર નવકારમંત્ર શા માટે કહેવાય છે, કર્મની નિર્જરા કઈ રીતે થાય છે વગેરે વિષે પ્રશ્નોત્તર રૂપે સમજણ અપાઈ છે, અને અંતમાં આ મંત્રનો જાપ નિરંતર કરવા ભલામણ કરાઈ છે.

લાંબો સમય "નવકારમંત્ર"નો જાપ કરવો હોય તો તે કઈ રીતે કરવો તેની સમજ "અનાનુપૂર્વી" નામના ૩૬મા પાઠમાં અપાઈ છે. એક જ ક્રમમાં નવકારમંત્રનું સ્મરણ કર્યા કરવાથી તે મુખપાઠી જાપ જ થઈ જાય. તેથી પાંચે નમસ્કાર માટે અંક નિશ્ચિત કરી તેને લોમ-વિલોમ સ્વરૂપમાં ગોઠવવામાં આવે છે. અને જે અંક હોય તે પદનું સ્મરણ કરી નમસ્કાર કરવામાં આવે છે. આવા લોમવિલોમ સ્વરૂપમાં ગોઠવાયેલા અંકવાળા કોષ્ટકને "અનાનુપૂર્વી" કહે છે. આ અનાનુપૂર્વીના અંક અનુસાર નમસ્કાર કરવામાં ચિત્તને વધુ એકાગ્ર બનવું પડે છે, એથી એ બીજા વિચારો કરતાં અટકે છે. પરિણામે કર્મની નિર્જરા વિશેષ થાય છે. એ બધી સમજ શ્રીમદ્દે આ પાઠમાં પિતાપુત્રના સંવાદ દ્વારા આપી છે. આ મંત્રનો જાપ સમ્યક્ચારિત્રનું વિશિષ્ટ અંગ ગણી શકાય.

---

૩૬. જુઓ આ પ્રકરણનો કથાવિભાગ.

ચારિત્રપ્રાપ્તિ માટે જૈનધર્મમાં ઉપયોગી ગણાયેલા છ આવશ્યકમાંના એક "સામાયિક" વિશે ૩૮, ૩૯, ૪૦ એ ત્રણ પાઠમાં વિચાર કરાયો છે. તેના પહેલા ભાગમાં "જે વડે કરીને મોક્ષના માર્ગનો લાભદાયક ભાવ ઊપજે તે સામાયિક"૩૭ એવી સામાયિકની વ્યાખ્યા શ્રીમદે આપી છે, સાથે સાથે તેનો અર્થ પણ તેમણે સમજાવ્યો છે. આ સામાયિકથી કેવી જાતના લાભ થાય છે તે જણાવતા આ પાઠના આરંભમાં જ તેમણે લખ્યું છે કે :—

> "આત્મશક્તિનો પ્રકાશ કરનાર, સમ્યક્‌જ્ઞાન દર્શનનો ઉદય કરનાર, શુદ્ધ સમાધિભાવમાં પ્રવેશ કરાવનાર, નિર્જરાનો અમૂલ્ય લાભ આપનાર, રાગદ્વેષથી મધ્યસ્થ બુદ્ધિ કરનાર એવું સામાયિક નામનું શિક્ષાવ્રત છે."૩૮

આમ શ્રીમદે સામાયિક વ્રતને સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન તથા સમ્યક્‌ચારિત્રનું ઉદય કરનાર વ્રત તરીકે ગણાવ્યું છે, તે જ અગત્ય બતાવે છે. આથી સામાયિકમાં દોષ ના આવવા દેવો તે અગત્યનું છે.

સામાયિક જો અશુદ્ધિથી કરવામાં આવે તો તેમાં મનના દસ, વચનના દસ અને કાયાથી બાર એમ બત્રીસ દોષમાંથી કેટલાક દોષો લાગે છે, તે બધા તેમણે પહેલા બે ભાગમાં સમજાવ્યા છે. મન, વચન, અને કાયાથી થતા ૩૨ દોષ ટૂંકાણમાં સમજાવી તે બધા નિવારવાની ભલામણ કરી છે. સામાયિક કરતી વખતે આવા દોષો આવી ન જાય તે માટે શું કરવું, કયા પ્રકારનું કાર્ય કરવું, તે માટે ત્રીજા ભાગમાં શ્રીમદે સમજણ આપી છે. સર્વ દોષ ટાળવા માટે ચિત્તની એકાગ્રતા પર તેમણે ઘણો ભાર મૂક્યો છે. તે એકાગ્રતા કેળવવા માટે નવકારમંત્રનો જાપ, ઉત્તમ વૈરાગ્યનાં કાવ્યો કે ગ્રંથોનું વાંચન, પાછળનું અધ્યયન કરેલું સંભારવું, સૂત્રપાઠ વગેરે ઉપાયો તેમણે સૂચવ્યા છે. ટૂંકમાં કહીએ તો, ચિત્તને સારી પ્રવૃત્તિમાં જ રોકી રાખવાની તેમણે ભલામણ કરી છે.

સામાયિક સાથે જોડાયેલું બીજું આવશ્યક તે "પ્રતિક્રમણ". જીવે જે જે દોષ કર્યા હોય તે તે યાદ કરી તેની ક્ષમા માગવી, તેનો પશ્ચાત્તાપ કરવો તે પ્રતિક્રમણ, એમ શ્રીમદે "પ્રતિક્રમણ" નામના ૪૦મા પાઠમાં સમજાવ્યું છે. જીવ જે જે જાતના દોષ સામાન્ય રીતે કરે છે તે બધાનું દોહન પ્રતિક્રમણસૂત્રમાં આપેલું છે. તેથી તે સર્વનું સ્મરણ કરવાથી દિવસે કે રાતે થયેલા પાપનો પશ્ચાત્તાપ કરાય છે. તે પશ્ચાત્તાપથી થતા લાભ જણાવતાં શ્રીમદે આ પાઠમાં લખ્યું છે કે :—

> "શુદ્ધભાવ વડે કરી પશ્ચાત્તાપ કરવાથી લેશ પાપ થતાં પરલોકભય અને અનુકંપા છૂટે છે, આત્મા કોમળ થાય છે. ત્યાગવા યોગ્ય વસ્તુનો વિવેક આવતો જાય છે. ભગવાન સાક્ષીએ અજ્ઞાન ઇત્યાદિ જે જે દોષ વિસ્મરણ થયા હોય તેનો પશ્ચાત્તાપ પણ થઈ શકે છે. આમ એ નિર્જરા કરવાનું ઉત્તમ સાધન છે."૩૯

૩૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૮૫.

૩૮. એજન, પૃ. ૮૪.

૩૯. એજન, પૃ. ૮૭.

આમ પ્રતિક્રમણ સૂત્રની અગત્ય, તેનાથી થતા લાભ આદિ સરળ ભાષામાં સમજાવી, સવારે અને સાંજે એમ દિવસમાં બે વખત પ્રતિક્રમણ કરવાની શાસ્ત્રમાં કરેલી આજ્ઞા તેમણે અહીં જણાવી છે.

પ્રભુ પાસે કયા પ્રકારની ક્ષમા માગવાની હોય તેના ઉદાહરણરૂપે શ્રીમદે "ક્ષમાપના" નામનો ૫૬મો શિક્ષાપાઠ રચ્યો છે. આ પાઠનું સૂત્રાત્મક શૈલીમાં રચાયેલું એકેએક વાક્ય અર્થસઘન છે. આ ગદ્યપ્રાર્થનામાં પોતાના દોષો પ્રભુ સમક્ષ ઘણી લઘુતાથી રજૂ કર્યા છે, અને પોતાનું અનાથપણું દર્શાવી, પ્રભુપ્રણીત ધર્મ, મુનિ આદિનું શરણું સ્વીકારી સર્વ પાપથી મુક્ત થવાની અભિલાષા દર્શાવી છે. કરેલાં પાપોનો પશ્ચાત્તાપ કરી, સૂક્ષ્મ વિચારથી ઊંડા ઊતરી પોતાના સ્વરૂપની ખાતરી કરીને, ભગવાનનાં કહેલાં વચનોમાં નિઃશંક થવાની તથા તેમનાં વચનોએ દર્શાવેલા માર્ગમાં અહોરાત્ર રહેવાની અભિલાષા વ્યક્ત કરી છે. આ પાઠના મનનથી પોતાના દોષોનું ભાન થવાથી સાચા માર્ગે આવવાની તક જીવને મળે છે. અને એથી કેટલાક મુમુક્ષુઓ તો સવારે ઊઠતાંની સાથે અને રાત્રે સૂતી વખતે આ પાઠનું સ્મરણ કરી, પોતાના દોષોની ક્ષમા માગવાનો નિયમ લે છે. એ દૃષ્ટિએ વિચારતાં આ પાઠ "અમૂલ્ય તત્ત્વવિચાર" જેટલો જ, બલ્કે એથી પણ વધુ અગત્યનો ગણી શકાય. તેથી તો લલ્લુજી મહારાજ વગેરે શ્રીમદની સંમતિથી આ પાઠનું વારંવાર મનન કરવાની ભલામણ કરતા. શ્રીમદે પણ તે પ્રકારની ભલામણ કરી હોય તેમ જાણવા મળે છે.[૪૦]

જીવને ચારિત્રપાલનમાં સૌથી વધુ કોઈ આડખીલીરૂપ હોય તો તે "પ્રમાદ" છે, એમ શ્રીમદે "પ્રમાદ" નામના ૫૦મા પાઠમાં સમજાવ્યું છે. ઉન્માદ, ધર્મનો અનાદર, આળસ, કષાય આદિને તેમણે પ્રમાદનાં લક્ષણો ગણાવ્યાં છે. પળનો પણ પ્રમાદ કરતાં ક્યારેક બહુ નુકસાન થાય છે, તે જણાવતાં તેમણે લખ્યું છે કે :—

> "એક પળ વ્યર્થ ખોવાથી એક ભવ હારી જવા જેવું છે. એમ તત્ત્વની દૃષ્ટિએ સિદ્ધ છે."[૪૧]

કોઈ પણ કાર્યમાં સફળતા મેળવવા પ્રમાદનો ત્યાગ કરવો પડે છે, તે ન્યાયે આત્મકલ્યાણના માર્ગમાં તો જીવે એક પળનો પણ પ્રમાદ કર્યા વિના પુરુષાર્થ ઉપાડવો જોઈએ, એવું ક્ષણેક્ષણનું અઢળક મૂલ્ય લેખકે બતાવ્યું છે. આ પાઠ "ઉત્તરાધ્યયન સૂત્ર"ના "દ્રુમપત્રક" નામના અધ્યયનના સારરૂપ છે, અર્થાત્ ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને પ્રમાદ ન કરવા વિશે આપેલો ઉપદેશ અહીં સરળ ભાષામાં શ્રીમદે સમજાવ્યો છે.

ધર્મના કાર્યમાં પ્રમાદ ન આવી જાય તે માટે મનને વશ કરવાનો તથા બ્રહ્મચર્યપાલનનો ઉપદેશ તેમણે "જિતેન્દ્રિયતા" નામના ૬૮મા પાઠમાં અને "બ્રહ્મચર્યની નવ વાડ" નામના ૬૯મા પાઠમાં આપ્યો છે.

---

૪૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૫૫, ૬૭૮ વગેરે.

૪૧. એજન, પૃ. ૪૯.

"જિતેન્દ્રિયતા"નો પાઠ, મનને વશ કરવા વિષે ઘણાં ઉપયોગી સૂચનો આપતો, નિબંધરૂપે લખાયેલો છે. પરમાર્થમાર્ગમાં રહેવા માટે ઇન્દ્રિય પર કાબૂ હોવો આવશ્યક છે. આ પાંચે ઇન્દ્રિયો, એક મન વશ થતાં કાબૂમાં આવી જાય છે. તેથી ઇન્દ્રિયોને વશ કરવા માટે મનને વશ કરવું જોઈએ. મનને વશ કરવું કેટલું કઠિન છે તે વિશે "ઉત્તરાધ્યયન સૂત્ર" માંથી ઉદાહરણ લઈને તેમણે લખ્યું છે કે:—

> "દસ લાખ સુભટને જીતનાર કંઈક પડ્યા છે, પરંતુ સ્વાત્માને જીતનાર બહુ દુર્લભ છે, અને તે દસ લાખ સુભટને જીતનાર કરતાં અત્યુત્તમ છે."[૪૨]

આ વિષે તેમણે બીજાં ઉદાહરણો પણ આપ્યાં છે. અંતમાં મનને જીતવાની ચાવી બતાવતાં તેમણે લખ્યું છે કે:—

> "તે જે દુરિચ્છા કરે તે ભૂલી જવી, તેમ કરવું નહિ. તે જ્યારે શબ્દસ્પર્શાદિ વિલાસ ઇચ્છે ત્યારે આપવા નહિ. ટૂંકામાં આપણે એથી દોરાવું નહિ, પણ આપણે એને દોરવું, અને દોરવું તે પણ મોક્ષમાર્ગમાં. જિતેન્દ્રિયતા વિના સર્વ પ્રકારની ઉપાધિ ઊભી જ રહી છે."[૪૩]

આમ ઇન્દ્રિયજયને તેમણે અપાર સુખ મેળવવાની ચાવી રૂપે ગણાવ્યું છે.

એ જ રીતે બ્રહ્મચર્યના પાલનને પણ તેમણે એટલું જ અગત્યનું ગણેલ છે. બ્રહ્મચર્યનો મહિમા તથા લાભ દર્શાવતા સાત દોહરા શ્રીમદે "બ્રહ્મચર્ય વિશે સુભાષિત" નામના ૩૪મા પાઠમાં રચ્યા છે. તેમાં બ્રહ્મચર્યપાલનથી સંસારક્ષય થાય છે તે જણાવતાં લખ્યું છે કે:—

> "એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર,
> નૃપતિ જીતતાં જીતિએ, દળ પુર ને અધિકાર."[૪૪]

વિષયથી જ્ઞાન તથા ધ્યાનનો નાશ થાય છે, અને સાથે સાથે બીજી અનેક રીતે પણ નુકસાન થાય છે, તેથી નવ વાડ વિશુદ્ધિથી બ્રહ્મચર્યપાલન કરવાથી મન, દેહ વગેરે કલ્પ-વૃક્ષ સમાન બને છે, અને બીજા પણ કેટલાક લાભ થાય છે તે અહીં બતાવી બ્રહ્મચર્યનો મહિમા ગાયો છે.

બ્રહ્મચર્યની નવ વાડ વિશુદ્ધિ એટલે શું?—તે શ્રીમદે "બ્રહ્મચર્યની નવ વાડ" નામના ૬૯મા પાઠમાં સમજાવ્યું છે, કે:—

બ્રહ્મચર્યરૂપી ઝાડને પોષણ આપનારી નવ વિધિ તે નવ વાડ એવું રૂપક લઈને બ્રહ્મચર્ય પાળવા માટેનો આચાર, જલદી સ્મૃતિમાં રહી જાય તે રીતે આપ્યો છે.

---

૪૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૦૭.
૪૩. એજન, પૃ. ૧૦૮. ૪૪. એજન, પૃ. ૮૨.

જૈન દર્શનમાં બતાવેલાં પાંચ મહાવ્રતમાં "બ્રહ્મચર્ય" એ ચોથું વ્રત છે. એ વ્રત સંપૂર્ણપણે પાળવા માટેના કેટલાક નિયમો શાસ્ત્રમાં આપ્યા છે. તેમાં બ્રહ્મચારીએ સ્ત્રી, પશુ આદિની વસ્તીવાળા વિસ્તારમાં ન જવું, શૃંગાર સંબંધી કથા ન કરવી, સ્ત્રી સાથે એકાસને ન બેસવું, સ્ત્રીનાં અંગોપાંગોનું નિરીક્ષણ ન કરવું, માખણ, ઘી આદિ પૌષ્ટિક ખોરાક ન લેવો વગેરે મળી નવ પ્રકારના નિયમોનો સમાવેશ થાય છે. તે સર્વને શ્રીમદ્દે સરળ ભાષામાં આ પાઠમાં સમજાવ્યા છે, અને તે સાથે બ્રહ્મચર્યનું મહત્ત્વ પણ બતાવ્યું છે.

આમ શ્રીમદ્દે ચારિત્રપાલનમાં પોષણરૂપ થાય તેવા — દયા રાખવી, નિયમો લેવા, પ્રતિક્રમણ તથા સામાયિક કરવાં, નવકારમંત્રનો જાપ કરવો, બ્રહ્મચર્ય પાળવું, પ્રમાદ, કષાય આદિનો ત્યાગ કરવો વગેરેનો બોધ કરતા "સર્વ જીવની રક્ષા", "યત્ના", "પ્રમાદ" વગેરે પાઠોની રચના કરી છે.

આમ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે તત્ત્વોની સમજણ આપતા પાઠો શ્રીમદ્દે રચ્યા છે.

## સહાયભૂત પાઠો

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રને લગતા પાઠો ઉપરાંત શ્રીમદ્દે તે ત્રણે અંગો સમજવામાં સહાયભૂત થાય તેવા કેટલાક પાઠોની પણ રચના કરી છે. આપણો સર્વમાન્ય ધર્મ શું છે? માનવદેહની અગત્ય શી? કર્મની વિચિત્રતા કેવી છે? ઉત્તમ ગૃહસ્થ કોણ? તૃષ્ણા કેવી છે? વિવેક એટલે શું? — વગેરે વિષે ધર્મની વિચારણામાં સહાયકારી થાય તેવા પાઠો શ્રીમદ્દે રચ્યા છે.

"સર્વમાન્ય ધર્મ" નામના બીજા પદ્યપાઠમાં આ પુસ્તકના કેંદ્રવર્તી વિચારને શ્રીમદ્દે સ્પર્શ કર્યો છે. તેમાં વ્યવહારધર્મનું સૌપ્રથમ અને સૌથી અગત્યનું લક્ષણ "દયા" કહી તેનો મહિમા વર્ણવ્યો છે. બધા જ ધર્મને માન્ય એવું દયા નામનું તત્ત્વ જિનેશ્વરપ્રણીત ધર્મનું મુખ્ય લક્ષણ છે તે અહીં સ્પષ્ટતાથી કહ્યું છે. જીવમાં દયા હોય તો જ સત્ય, શીલ, દાન વગેરે અન્ય ગુણો પણ શોભે છે. દયા વિના તે ગુણો ટકી શકતા નથી; આમ દયાને ધર્મનું મૂળ કહી, જૈનધર્મમાં તેની કેવી સૂક્ષ્મતા છે તે બતાવતાં તેમણે લખ્યું છે કે, "પુષ્પપાંખડી જ્યાં દુભાય, જિનવરની ત્યાં નહીં આજ્ઞાય."[૪૫] આવી સૂક્ષ્મતાથી દયા પાળનાર "તે જન પહોંચે શાશ્વત સુખે."[૪૬] પોતાના આ કથનના સમર્થનમાં શ્રીમદ્દે જ શાંતિનાથ પ્રભુનું ઉદાહરણ આપ્યું છે. આમ અહીં તેમણે ધર્મના સૌથી અગત્યના અને સર્વને માન્ય એવા "દયા" તત્ત્વનું સરળ પદ્યમાં નિરૂપણ કર્યું છે.

"કર્મના ચમત્કાર" નામના ત્રીજા પાઠમાં જગતમાં દેખાતી જાતજાતની અસમાનતા પ્રત્યે શ્રીમદ્દે વાચકનું લક્ષ દોર્યું છે. કોઈ પણ બે મનુષ્યમાં બુદ્ધિ, વૈભવ, આકૃતિ, વાચા આદિ અંગે કોઈ પણ રીતે સમાનતા જોવામાં આવતી નથી, તે જગતમાં જોવા મળતા

૪૫. ૪૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૯.

વિરોધથી બતાવ્યું છે. અને તેના કારણરૂપે કર્મને ગણાવેલ છે. શુભાશુભ, જેવાં કર્મ બાંધ્યાં હોય તેવાં ફળ ભોગવવાં પડે છે. આ સ્થિતિ પરભવની શ્રદ્ધા કરાવે છે. આમ જીવને સંસારમાં ભમાવનાર તથા સુખદુઃખ આપનાર કર્મ છે, તે વાત શ્રીમદ્દે અહીં સરળ તથા સ્પષ્ટ ભાષામાં સમજાવી છે.

કર્મની આ સત્તા જાણ્યા પછી પોતાને મળેલા દેહનું કેટલું મૂલ્ય છે, અને તેનો કેવો ઉપયોગ કરવો જોઈએ તેની જિજ્ઞાસા સ્વાભાવિક રીતે જ વાચકને થાય, તેથી માનવદેહનું મૂલ્ય અને ઉપયોગ દર્શાવતો "માનવદેહ" નામનો ચોથો પાઠ શ્રીમદ્દે રચ્યો છે. મનુષ્યગતિ એ એક જ ગતિ એવી છે કે જ્યાંથી જીવ મુક્તિમાં જઈ શકે છે, અથવા તો મુક્તિ પામવા માટેનો પ્રબળ પુરુષાર્થ કરી શકે છે. સંસારના પરિભ્રમણથી છૂટવા જે વિવેકજ્ઞાનની જરૂર છે તે જ્ઞાન મનુષ્યગતિ સિવાય કોઈ પણ ગતિમાં પૂર્ણપણે આવી શકતું નથી. તે અપેક્ષાથી આ દેહની અમૂલ્યતા જણાવી, તેના આયુષ્યનો ભરોસો રાખ્યા વિના સત્વર તેનો ઉપયોગ કરવાનું તેમણે જણાવ્યું છે; સાથે સાથે કહ્યું છે કે પરમાર્થથી માનવદેહને સફળ ન કરનાર માનવરૂપે વાનર છે, કારણ કે તેમનામાં માનવપણું હોતું નથી.

મનુષ્યદેહ પામેલો જીવ કેવાં લક્ષણોથી યુક્ત હોય તો તે ઉત્તમ ગૃહસ્થ કહેવાય તે શ્રીમદ્દે "ઉત્તમ ગૃહસ્થ" નામના બારમા પાઠમાં બતાવ્યું છે. તેમાં જણાવ્યા પ્રમાણે ઉત્તમ ગૃહસ્થ, સામાયિક, પ્રતિક્રમણ ઇત્યાદિ યમનિયમ પાળે છે, દાન આપે છે, અલ્પ પરિગ્રહ રાખે છે, વગેરે લક્ષણો ઉત્તમ ગૃહસ્થ ધરાવે છે. આ બધાં લક્ષણો તેમણે સૂત્રાત્મક શૈલીમાં, તેમનાં "નીતિવાક્યો"ની શૈલીમાં આપ્યાં છે. ઉદાહરણ તરીકે, "સત્શાસ્ત્રનું મનન કરે છે."[૪૭] વગેરે.

"ખરી મહત્તા" નામના ૧૯મા પાઠમાં લક્ષ્મી, વૈભવ, મોટું કુટુંબ, અધિકાર વગેરેને સામાન્ય માણસો જે મહત્તા માને છે, તે મહત્તા નહિ, લઘુતા છે એમ તેમણે સમજાવ્યું છે. તે દરેક વસ્તુમાં કોઈ ને કોઈ જગ્યાએ તો દુઃખ રહેલું છે, તેથી તે ખરી મહત્તા નથી. સાચી મહત્તા ક્યાં છે તે દર્શાવતાં તેઓ લખે છે કે, "આત્માની મહત્તા તો સત્યવચન, દયા, ક્ષમા, પરોપકાર, અને સમતામાં રહી છે. લક્ષ્મી ઇત્યાદિ તો કર્મ-મહત્તા છે."[૪૮] કર્મમહત્તાવાળી કોઈ પણ વસ્તુ શાશ્વત નથી અને આત્મસમૃદ્ધિ નાશવંત નથી. બ્રહ્મદત્ત જેવા ચક્રવર્તી કરતાં પણ વિશેષ મહત્તા શુદ્ધ પંચમહાવ્રતધારી ભિક્ષુકને મળે છે. અહીં આત્માની મહત્તા કેટલી છે તે તેઓ બ્રહ્મદત્તના ઉદાહરણથી બતાવે છે. આમ આત્માના કેટલાક ગુણોની સ્તુતિ તેમણે સરળ ભાષામાં સચોટ રીતે કરી છે.

આત્માના ગુણોને જાણનાર, આત્માર્થી જીવના મનોરથ કેવા હોય તે શ્રીમદ્દે "સામાન્ય મનોરથ" નામના ૪૫મા પદ્યપાઠમાં રજૂ કરેલ છે. પૂ. ગાંધીજીના પ્રિય ભજન "વૈષ્ણવ જન તો તેને રે કહીએ"ની યાદ આપે તેવા આ મનોરથો સવૈયામાં રજૂ થયેલ છે. તેમાં પરસ્ત્રીને મોહાધીન બની નીરખવી નહિ, પરધનને પથ્થર સમાન માનવું,

---

૪૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૬.

૪૮. એજન, પૃ. ૬૯.

શ્રાવકનાં બાર વ્રત આચરવાં વગેરે મનોરથો મુકાયા છે. આ મનોરથોમાં આધ્યાત્મિક દૃષ્ટિ વિશેષ જોવા મળે છે; જેમ કે બાર વ્રત પાળવાં, આત્મસ્વરૂપ વિચારીને સાત્ત્વિક થવું, મહાવીર પ્રણીત વચનોમાં અખંડ શ્રદ્ધા રાખવી વગેરે મનોરથો વિશેષ છે. મોક્ષમાર્ગ સાધવા ઇચ્છતા જીવને કેવા મનોરથો હોય તે જાણવા આ પદ ઉપયોગી છે.

આવા સાત્ત્વિક મનોરથોને બદલે જગતના લોકોના જેવી બાહ્ય વૈભવ આદિની તૃષ્ણા હોય તો, તેવા જીવની અંતમાં કેવી સ્થિતિ થાય છે તે શ્રીમદે "તૃષ્ણાની વિચિત્રતા" નામના ૪૯મા પદ્યપાઠમાં હળવી કટાક્ષશૈલી દ્વારા બતાવ્યું છે. અહીં ભાવને અનુકૂળ મનહર છંદ લેવાયો છે. હીનતામાંથી દેવતાઈ મળે છે તોપણ જીવની તૃષ્ણા જતી નથી. મૃત્યુના મોંમાં હોય, વૃદ્ધાવસ્થા હોય, બીજી અનેક વિષમ પરિસ્થિતિ હોય છતાંય જીવની મમતા મરતી નથી તેનો રમૂજી કટાક્ષમય ચિતાર શ્રીમદે આ કાવ્યમાં આપ્યો છે. ગંભીર વિષયને હળવી શૈલીથી રજૂ કરવાની શ્રીમદ્‌ની શક્તિ આપણને અહીં દેખાય છે.

આમ કોઈ પણ એક બાજુ વિશેષપણે ખેંચાઈ જવાથી નુકસાન થાય છે. તેથી તે માટે વિવેક વાપરવો જોઈએ. તેથી "વિવેક એ જ ધર્મનું મૂળ અને ધર્મરક્ષક છે" તે કર્તાએ "વિવેક એટલે શું?" — એ નામના ૫૧મા પાઠમાં ગુરુશિષ્યના સંવાદ દ્વારા સમજાવ્યું છે. આ પાઠમાં ગુરુ વિવેકનો સૂક્ષ્મ તથા સરળ અર્થ સમજાવતાં કહે છે કે :—

> "સંસારનાં સુખો અનંતીવાર આત્માએ ભોગવ્યાં છતાં તેમાંથી હજુ પણ મોહિની ટળી નહિ, અને તેને અમૃત જેવો ગણ્યો, તે અવિવેક છે, કારણ સંસાર કડવો છે. કડવા વિપાકને આપે છે, તેમ જ વૈરાગ્ય જે એ કડવા વિપાકનું ઔષધ છે, તેને કડવો ગણ્યો, આ પણ અવિવેક છે. જ્ઞાનદર્શનાદિ ગુણો, અજ્ઞાન, અદર્શનને ઘેરી લઈ જે મિશ્રતા કરી નાખી છે તે ઓળખી ભાવ અમૃતમાં આવવું એનું નામ વિવેક છે."૪૯

આમ આત્માને જે મધુરતા તે અમૃત અને આત્માને જે કડવું તે ઝેર, આ સમજવું તેનું નામ વિવેક એમ શ્રીમદે કહેલ છે.

સંસાર અનંત દુઃખમય છે, તેમાં મોહ રાખવો એ પણ અવિવેક છે, તે વિશે શ્રીમદે "જ્ઞાનીઓએ વૈરાગ્ય શા માટે બોધ્યો છે?" નામના બાવનમા પાઠમાં સમજાવ્યું છે. સંસારની મોહિની કેવી છે તે સમજાવવા એક ચક્રવર્તી અને એક ભૂંડની મોહિનીની અપેક્ષાએ સરખામણી કરી, બંનેને સરખા જણાવ્યા છે. સંસારના વૈભવ વિશે વિચારતાં બંને વચ્ચે ઘણો તફાવત છે, પણ તેમની આસક્તિ સરખી જ છે, એ અપેક્ષાએ તેમને સમાન ગણ્યા છે. આ સરખામણી પરથી કર્તાએ સંસારનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. સંસારના દુઃખથી મુક્ત થવા જ્ઞાનીઓએ વૈરાગ્યનો બોધ કર્યો છે, કારણ કે "વૈરાગ્ય એ જ અનંત સુખમાં લઈ જનાર ઉત્કૃષ્ટ ભોમિયો છે."૫૦ આ વચન દ્વારા તેમણે પાઠના શીર્ષકની સાર્થકતા પણ બતાવી છે.

---

૪૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૯૫. ૫૦. એજન, પૃ. ૯૬.

તે પછીના "મહાવીર શાસન" નામના ૫૩મા પાઠમાં વિશાળ વિષયને સુંદર શૈલીથી તેમણે સમાવ્યો છે. આ પાઠમાં મહાવીર પ્રભુનું જીવન સંક્ષેપમાં જણાવવાની સાથે એ પણ કહ્યું છે કે તેમનું ધર્મતીર્થ એકવીસ હજાર વર્ષ પર્યંત પ્રવર્તશે. તે શાસન દરમ્યાન લોકોના આચારવિચાર કેવા હશે તેની રૂપરેખા પણ આપી છે. અને એ બધી જંજાળમાંથી મુક્ત થવા માટે શ્રીમદે આ પાઠના અંતમાં ભલામણ કરી છે કે :—

> "આપણે આપણા આત્માના સાર્થક અર્થે મતભેદમાં પડવું નહિ. ઉત્તમ અને શાંત મુનિનો સમાગમ, વિમળ આચાર, વિવેક, દયા, ક્ષમા એનું સેવન કરવું, મહાવીરતીર્થને અર્થે બને તો વિવેકી બોધ કારણસહિત આપવો. તુચ્છબુદ્ધિથી શંકિત થવું નહિ. એમાં આપણું પરમ મંગળ છે તે વિસર્જન કરવું નહિ."[૫૧]

સાધુઓએ પાળવાની બ્રહ્મચર્યની નવ વાડના નિયમોમાં એક તો સ્નાન કરવાની મનાઈ છે, તેની યોગ્યતા દર્શાવતો ખુલાસો શ્રીમદે "અશુચિ કોને કહેવી?" નામના ૫૪મા પાઠમાં "સત્ય" અને "જિજ્ઞાસુ"ના સંવાદરૂપે આપ્યો છે. દેહની અશુચિ એ સાચી અશુચિ નહિ, પણ આત્માની મલિનતા એ સાચી અશુચિ છે, તેથી તેનો નાશ કરવા તરફ પ્રભુએ ભાર મૂક્યો છે. શરીર જ મલિનતાથી બનેલું છે. તેથી તે સ્નાનથી શુદ્ધ ન થઈ શકે. વળી, સાધુને સંસારી જેવી શરીરની અશુચિ થતી નથી, તેથી તેમને સ્નાનની આવશ્યકતા નથી, એ અહીં સરળ ભાષામાં જણાવ્યું છે.

આમ જુદાં જુદાં સૂચનો અપાયા પછી, શ્રાવકે પોતાના જીવનમાં કયો નિત્યક્રમ અપનાવવો જોઈએ તે વિશે ૫૫મા "સામાન્ય નિત્યનિયમ" નામના પાઠમાં માર્ગદર્શન અપાયું છે. તેમાં નવકારમંત્રનો જાપ, સામાયિક, પ્રતિક્રમણ વગેરે ઉપરાંત દાન વગેરેની ભલામણ પણ કરવામાં આવી છે. એનું સૂક્ષ્મતાથી પાલન કરવું તે મંગળદાયક છે, એમ આ પાઠમાં કર્તાએ દર્શાવ્યું છે.

સામાન્ય નિત્યનિયમ જેવા જ, આત્માને ઉજ્જવળ કરવામાં ઉપયોગી ૩૨ બોલનો સંગ્રહ "બત્રીસ યોગ" નામના ૭૨મા પાઠમાં અપાયો છે. તેમાં સાધુ શ્રાવક સર્વને લાગુ પડે તેવા નિયમો ટૂંકાં વાક્યોમાં જણાવ્યાં છે. ઉદાહરણ તરીકે, "મમત્વનો ત્યાગ કરવો," "પોતાના દોષ સમભાવપૂર્વક ટાળવા" વગેરે સત્પુરુષોએ જણાવેલા આચારમાંના ૩૨ નિયમો લેખકે અહીં આપ્યા છે. તેમણે અમૂલ્ય ગણાવેલાં આ વચનો, તેમણે રચેલાં "પુષ્પમાળા", "વચનસપ્તશતી", "વચનાવલી" વગેરેની યાદ આપે તેવાં છે.

આ બધા ઉપરાંત "મોક્ષમાળા"માં "સમાજની અગત્ય", "મનોનિગ્રહમાં વિઘ્ન", વગેરે કેટલાક પાઠોની પણ તેમણે રચના કરી છે, જે કોઈ ખાસ વિભાગમાં ન આવતા સ્વતંત્ર જેવા છે, અને તેમ છતાં તે કેટલાક ધાર્મિક પ્રશ્નોનું સમાધાન કરનાર છે. તેથી તે બધાની મોક્ષમાર્ગની પ્રાપ્તિના સહાયક પાઠ તરીકે ગણતરી કરી છે.

---

૫૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અભ્યાસ આવૃત્તિ ૧, પૃ. ૯૭.

"સમાજની અગત્ય" નામના ૯૯મા પાઠમાં અંગ્રેજોની અનેકવિધ સફળતાંના કારણભૂત તેમના ઉત્સાહને અપનાવી સર્વજ્ઞ પ્રભુનાં વચનોનું પાલન કરવા શ્રીમદ્દે ભલામણ કરી છે. અંગ્રેજોના ગુણો અપનાવવાની ભલામણ કરનાર શ્રીમદ્દમાં ગુણગ્રાહીપણું જોવા મળે છે. "મનોનિગ્રહમાં વિઘ્ન" નામના તે પછીના પાઠમાં અઢાર પાપસ્થાનકોનો નાશ કરવામાં વિઘ્નરૂપ ૧૮ બોલ આપ્યા છે. આત્માર્થ સાધવામાં આડા આવતા આ દોષોથી સત્વરે મુક્ત થવાની તેમણે ભલામણ કરી છે.

તે પછીના ૧૦૧મા પાઠમાં "સ્મૃતિમાં રાખવા યોગ્ય મહાવાક્યો" આપવામાં આવ્યાં છે. વૈરાગ્યને પોષક તથા આત્મસિદ્ધિ મેળવવામાં સહાયભૂત થાય તેવાં દસ વચનો અહીં આપ્યાં છે. દાખલા તરીકે, "યુવાવસ્થાનો સર્વસંગપરિત્યાગ પરમ પદને આપે છે."

"વિવિધ પ્રશ્નો" નામના ૧૦૨થી ૧૦૬ સુધીના પાંચ પાઠમાં જૈનધર્મની સિદ્ધાંત-પ્રવેશિકાની ગરજ સારે એ રીતે પ્રશ્નોત્તરરૂપે કેટલાક સિદ્ધાંતોની તથા ધર્મનાં તત્ત્વો, જીવ, અજીવ, કર્મ, ગુણસ્થાન વગેરે વિશેની સામાન્ય સમજણ તેમણે આપી છે.

અંતમાં "જિનેશ્વરની વાણી"નો મહિમા દર્શાવતું કાવ્ય તથા ગ્રંથ પૂરો થયો તેનું સૂચન કરતું "પૂર્ણમાલિકા મંગળ" નામનું પદ ૧૦૭મા તથા ૧૦૮મા પાઠમાં મૂકવામાં આવ્યાં છે. અનંત પ્રકારના અર્થથી ભરપૂર, જગતનું હિત કરવાવાળી, મોક્ષ આપનાર વગેરે જિનેશ્વરની વાણીના કેટલાક ગુણો અહીં મનહર છંદમાં રજૂ કર્યા છે. "પૂર્ણમાલિકા મંગળ"માં સાત વારનાં નામ ખાસ અર્થમાં ગોઠવીને સમ્યગ્દર્શન કેમ થાય તેનું તથા તે પછીથી સિદ્ધપદની પ્રાપ્તિ સુધીનો વિકાસ કઈ રીતે થાય તે બતાવ્યું છે. એ રીતે વિચારતાં આ ૧૦૮મો પાઠ ખૂબ અગત્યનો ગણી શકાય.

આમ આપણે જોઈ શકીશું કે શ્રીમદ્દે "મોક્ષમાળા"માં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર એ ત્રણે અંગને પુષ્ટ કરનારા તત્ત્વવિચારણાના પાઠો સરળ, મિષ્ટ ભાષામાં રચ્યા છે. તદુપરાંત "મોક્ષમાળા" તો સર્વને આકર્ષણરૂપ તથા ઉપયોગી થાય તે હેતુથી રચાઈ હોવાને લીધે તેમાં શ્રીમદ્દે કથાતત્ત્વ ઘણી જગ્યાએ ઉમેરેલું છે.

## "મોક્ષમાળા"નાં કથાદૃષ્ટાંતો

મોક્ષમાળામાં ૧૦૮ પાઠમાંથી લગભગ ૨૭ પાઠમાં ૧૬ જેટલી જુદી જુદી કથાઓ અપાઈ છે, જે વાચકના વાર્તારસને પોષવામાં ઘણી સહાયક થઈ શકે તેમ છે. આ બધી કથાઓ શ્રીમદ્દે એક સાથે અનુસંધાનમાં નથી મૂકી, પણ તેના ઔચિત્ય પ્રમાણે થોડા થોડા પાઠને અંતરે મૂકી છે.

અહીં અપાયેલાં ઘણાંખરાં કથા કે દૃષ્ટાંતો મોટે ભાગે જૈન સૂત્રગ્રંથો કે શાસ્ત્રગ્રંથોમાંથી લેવાયેલાં છે. જૈનોમાં આ કથાઓ ઘણી પ્રચલિત છે, તેથી તે ઘણા પ્રાચીન જૈન ગ્રંથોમાં જોવા મળે છે. તેથી કથાઓનાં મૂળ કેટલીક વખત મળતાં નથી. વળી, શ્રીમદ્દે પોતે ઉતારેલી કથા તેમણે કયા ચોક્કસ ગ્રંથમાંથી લીધી છે તેનો ક્યાંયે નિર્દેશ કર્યો નથી, તેથી

તેનો નિર્ણય થઈ શકતો નથી. વળી, શ્રીમદ્‌ને બધાં શાસ્ત્રો વાંચવાં પણ નહોતાં પડતાં એમ એમણે પોતે જ જણાવ્યું છે, અને તે કથાઓની બાબતમાં પણ તેટલું જ સાચું છે એમ તેમના શબ્દો જોતાં જણાય છે. જુઓ : —

> "એક શ્લોક વાંચતાં અમને હજારો શાસ્ત્રોનું ભાન થઈ તેમાં ઉપયોગ ફરી વળે છે."[૫૨]

> "ભાગવતવાળી વાત આત્મજ્ઞાનથી જાણેલી છે."[૫૩]

> "સૂત્ર અને તેનાં પડખાં બધાં જણાયાં છે."[૫૪] વગેરે.

આમ શાસ્ત્રજ્ઞાન લેવા જેને શાસ્ત્રના આશરો નથી લેવો પડતો, તેણે અમુક ચોક્કસ વસ્તુ કયા ચોક્કસ ગ્રંથને આધારે લીધી હશે તે જાણવું કેટલું મુશ્કેલ છે તે અહીં સમજી શકાશે. કેટલીક કથા તેમની સ્વતંત્ર રચના હોય તેમ પણ જણાયું છે. વળી બધામાંથી કેટલીક કથા કે કેટલાંક દૃષ્ટાંતો "ભાવનાબોધ"માં પણ હોવાથી ત્યાં તપાસાઈ ગયાં છે, તેથી તેનો અહીં માત્ર નિર્દેશ જ કર્યો છે.

"મોક્ષમાળા"માં સૌથી પહેલી કથા ૫, ૬, ૭ એ ત્રણ પાઠમાં "અનાથી મુનિ"ની જોવા મળે છે. "માનવદેહ" નામના ચોથા પાઠના અનુસંધાનમાં તે દેહની સાચી ઉપયોગિતા જણાવતું "અનાથી મુનિ"નું ચરિત્ર અહીં અપાયું છે.[૫૫]

આ પછી ૧૭મા પાઠમાં શ્રીમદે "બાહુબળ"ની કથા આપી છે. આદિ તીર્થંકર શ્રી ઋષભદેવે તેમના બે પુત્ર ભરત તથા બાહુબળને રાજ્ય સોંપી સર્વસંગપરિત્યાગ કર્યો. પાછળથી ચક્રવર્તીપદ માટે બે ભાઈઓ વચ્ચે યુદ્ધ થયું. તે વખતે નાનાભાઈ બાહુબળને મોટાભાઈ સાથે લડવું યોગ્ય ન લાગતાં, મુનિવેશ ધારણ કરી બાહુબળ જંગલમાં ચાલ્યા ગયા. દીક્ષા લીધા પછી તેમને પિતા તેમજ અન્ય દીક્ષિત ભાઈઓને મળવાની ઇચ્છા થઈ, પણ ઉંમરમાં પોતાથી નાના અને દીક્ષાએ મોટા ભાઈઓને વંદન કરવું પડે તે ન રુચતાં તેઓ બીજી જગ્યાએ જઈ ઉગ્ર તપ કરવા લાગ્યા. આમ તેમનામાં થોડો "અહમ્" રહી ગયો. તે માન તેમની બે બહેનો બ્રાહ્મી અને સુંદરીના "મદોન્મત્ત હાથી પરથી હેઠા ઊતરો" એ વચનથી તૂટ્યું. અને તે પછી પોતાના ભાઈઓને વાંદવા જવા બાહુબળે જેવો પગ ઉપાડ્યો કે તરત જ તેમને કેવળજ્ઞાન પ્રગટ્યું. "માન ન હોત તો અહીં જ મોક્ષ હોત" એ ઉક્તિને સાર્થક કરતું તથા માનની ભયંકરતા બતાવતું દૃષ્ટાંત શ્રીમદે અહીં સરળ ભાષામાં રજૂ કર્યું છે. જૈન સમાજમાં ખૂબ પ્રચલિત થયેલી બાહુબળની આ કથા શ્રીમદે શ્રી હેમચંદ્રાચાર્ય રચિત "ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર"ના પહેલા પર્વના પાંચમા સર્ગમાંથી અથવા બીજા કોઈ ચરિત્રગ્રંથમાંથી ટૂંકાવીને લીધી હોય તેવો સંભવ છે.

---

૫૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૪૬.

૫૩. એજન, પૃ. ૨૬૫. ૫૪. એજન, પૃ. ૨૫૦.

૫૫. આ કથાના વસ્તુ માટે જુઓ "ભાવનાબોધ"ના પ્રકરણમાં "અશરણભાવના".

૨૨મા "કામદેવ શ્રાવક" નામના પાઠમાં શ્રીમદે "ઉપાસકદશાંગ સૂત્ર"ના બીજા અધ્યયનના ૯૨થી ૧૧૨ શ્લોકમાં આવતા કામદેવ શ્રાવકના પ્રસંગનો આધાર લઈને, તે પ્રસંગને સંક્ષેપમાં આપ્યો હોય તેમ લાગે છે. દેવના અનેક ઉપસર્ગો કામદેવ ખૂબ જ સમતાથી સહન કરે છે, તેમ જ પોતાના કાયોત્સર્ગમાં લેશ પણ ન્યૂનતા આવવા દેતો નથી, તેવી કામદેવની ધર્મદૃઢતા બતાવતો પ્રસંગ શ્રીમદે આ પાઠમાં આપ્યો છે. કામદેવ જેવી દૃઢતા રાખવાની ભલામણ તેમણે કરી છે, અને સાથે સાથે "પાઈ" માટે ધર્મશાસ્ત્ર કાઢનાર જીવો પ્રતિ ખેદ પણ વ્યક્ત કર્યો છે.

આ પછી "સત્ય" નામના ૨૩મા પાઠમાં પંચમહાવ્રતમાંના એક વ્રત સત્યનું મહત્ત્વ બતાવતી કથા શ્રીમદે આપી છે. શ્રીમદ્ એ વિશે લખે છે કે:—

> "વસુરાજાનું એક શબ્દનું અસત્ય બોલવું કેટલું દુઃખદાયક થયું હતું તે તત્ત્વવિચાર કરવા માટે અહીં હું કહું છું."[56]

તેમાં બતાવ્યા પ્રમાણે સત્યના પ્રભાવથી સિંહાસન પર અધ્ધર બેસતા વસુરાજાએ, બ્રાહ્મણીની આત્મહત્યા કરવાની ધમકીથી ડરી જઈને જ્યારે "અજ" શબ્દનો અર્થ "વ્રીહિ" ને બદલે "બોકડો" એવો કર્યો ત્યારે તેના અસત્ય વચનથી કોપેલા દેવે તેને સિંહાસન પરથી પછાડીને મારી નાખ્યો. આ કથાનું મૂળ સંઘદાસવાચકકૃત "વસુદેવહિણ્ડિ"ના ૨૪મા લંભકમાં છે, તેવું અનુમાન થાય છે.

તે પછીના ૨૫મા "પરિગ્રહ સંકોચવો" નામના પાઠમાં, પરિગ્રહ વિશે મર્યાદા ન હોય તો તૃષ્ણાના પૂરમાં તણાઈને જીવ દુઃખ અને ક્યારેક સર્વનાશ નોતરે છે તે જણાવતું "સુભૂમ ચક્રવર્તી"નું દૃષ્ટાંત અપાયું છે. સુભૂમ છ ખંડ ધરતીની પ્રભુતાથી સંતોષ ન પામતાં બાર ખંડ સાધવા નીકળે છે. પરિણામે છ ખંડની પ્રભુતા માણ્યા વિના પોતાનો સર્વનાશ નોતરે છે. "ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર"ના છઠ્ઠા પર્વના ચોથા સર્ગમાં વર્ણવેલ સુભૂમ નામના આઠમા ચક્રવર્તીનું આ ટૂંકું ચરિત્ર છે. આ ચરિત્ર આપી શ્રીમદ્ એવો ઉપદેશ સૂચવે છે કે, ઓછામાં ઓછા પરિગ્રહથી સંતોષ મળવો જોઈએ, કારણ કે પરિગ્રહ એ પાપનું મૂળ તથા પાપનો બાપ બંને છે, સંતોષને જ સાચું સુખ ગણ્યું છે.

આ પછીના ૨૬મા પાઠમાં "તત્ત્વ સમજવા" વિશે એક રમૂજી દૃષ્ટાંત દ્વારા કર્તાએ ગંભીર વિષય સરળતાથી સમજાવ્યો છે. શાસ્ત્રના નિયમો આદિ ગોખવાથી નહિ, પણ તેનો સમજીને અભ્યાસ કરવાથી આત્માનું કલ્યાણ થાય છે, તે સત્ય તેઓએ અહીં સમજાવ્યું છે. "રાયશી" અને "દેવસી" શબ્દનો ખોટો અર્થ સમજવાને લીધે, પ્રતિક્રમણ બોલતી વખતે "ખેતશી" કેવો ગોટાળો કરી બેસે છે તે રમૂજી શૈલીથી અહીં તેમણે બતાવ્યું છે. "દેવસી પડિક્કમણું ઠાયંમિ" એમ આવ્યું ત્યાં "ખેતશી પડિક્કમણું ઠાયંમિ" એ વાક્યો લગાવી દીધાં. "હું ગરીબ છું એટલે મારું નામ આવ્યું ત્યાં પાધરી તકરાર લઈ

૫૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૭૪.

એદા." "પરંતુ પોપટની બલા જાણે રામ તે દાડમ કે દ્રાક્ષ" વગેરે હળવાં વાક્યો દ્વારા પોતાનું વક્તવ્ય સરળતાથી રજૂ કરેલ છે.

"દયા"નું મહત્ત્વ જણાવવા ત્રણ પાઠ રચ્યા પછી તેના અનુસંધાનમાં "સર્વ જીવની રક્ષા ભાગ ૨" નામના ૩૦મા પાઠમાં શ્રેણિકરાજા અને અભયકુમારનો "માંસની સસ્તાઈ" વિશેનો પ્રસંગ શ્રીમદ્દે આપ્યો છે. કાળજાના સવા પૈસા ભાર માંસને બદલે અઢળક દ્રવ્ય દરેક વ્યક્તિ અભયકુમારને આપે છે. તે દૃષ્ટાંત દ્વારા તેઓ સ્પષ્ટ કરે છે કે, સર્વને પોતાનો જીવ વહાલો હોય છે, તેથી અસહાય જીવને હણીને તેઓને દુઃખ આપવારૂપ પાપથી બચવું જોઈએ. "સર્વ જીવની રક્ષા કરવી એ જેવો એકે ધર્મ નથી." એ બોધ એમણે સારરૂપ કહ્યો છે.

વિનય એ સિદ્ધિ મેળવવા માટેનું કેવું ઉત્તમ વશીકરણ છે તે "વિનય વડે તત્ત્વની સિદ્ધિ છે" એ નામના ૩૨મા પાઠમાં શ્રીમદ્દે સમજાવ્યું છે. ચંડાળ પાસેથી વિદ્યા લેવાની હોવાથી, તેને ગુરુસ્થાન આપ્યા વિના ખુદ શ્રેણિકરાજા પણ વિદ્યા પ્રાપ્ત કરી શકતા નથી, તે દૃષ્ટાંત દ્વારા શ્રીમદ્દે વિનયનું માહાત્મ્ય સરળ ભાષામાં વિશદતાથી સમજાવ્યું છે.

વિનયના માહાત્મ્યની જેમ શીલનો મહિમા પણ શ્રીમદ્દે "સુદર્શન શેઠ"ની કથા દ્વારા, ૩૩મા પાઠમાં વ્યક્ત કર્યો છે. ધર્મદૃઢ તથા શીલવાન એવા શેઠ પર મોહિત થયેલી અભયારાણી, પોતાની દુષ્ટ ઇચ્છામાં ન ફાવતાં, શેઠના ચારિત્ર વિષે રાજાના કાન ભંભેરે છે. કાચા કાનનો રાજા શેઠને ખરાબ ચારિત્રના માની શૂળીએ ચઢાવવાનો હુકમ કરે છે. પણ ઉપર ચડતાંની સાથે જ શીલના પ્રભાવથી શૂળી સિંહાસન બની જાય છે. આમ સત્યશીલનો વિજય થાય છે. ધર્મઘોષસૂરિ કૃત "ઋષિમંડળ"માં આવતી અને ખૂબ જાણીતી થયેલી આ કથાનો ઉપયોગ શ્રીમદ્દે અહીં શીલનો મહિમા અને ધર્મદૃઢતા જણાવવા કર્યો છે.

તે પછી સંસારનું અનિત્ય સ્વરૂપ સમજાવતાં "ભિખારીનો ખેદ" નામની કથા ૪૧, ૪૨ એ પાઠમાં આપવામાં આવી છે. રમૂજી શૈલીવાળી, સ્વતંત્ર લાગતી આ રચના "ભાવનાબોધ"માં પણ લેવાયેલી છે.[૫૭]

"અનુપમ ક્ષમા" અને "રાગ" નામના ૪૩, ૪૪મા પાઠમાં શ્રીમદ્દે ઉત્તમ ક્ષમા કોને કહેવાય તે, તથા સૂક્ષ્મ રાગ પણ કેટલો હાનિકારક છે તે અનુક્રમે ગજસુકુમાર અને ગૌતમસ્વામીના દૃષ્ટાંતથી સમજાવ્યું છે. આમ અહીં તત્ત્વની રજૂઆત દૃષ્ટાંત દ્વારા કરી છે.

શ્રીકૃષ્ણના નાના ભાઈ ગજસુકુમાર બાર વર્ષની નાની વયે વૈરાગ્યથી દીક્ષિત થયા હતા. તે દીક્ષાથી તેમના સસરા સોમિલને અત્યંત ક્રોધ આવ્યો, કારણ કે તેમની અપરિણીત પુત્રીનો ગજસુકુમારે ભવ બગાડ્યો. આથી ક્રોધાવેશમાં આવેલા સોમિલે, ગજસુકુમાર જ્યાં ધ્યાનમાં ઊભા હતા ત્યાં જઈ તેમના માથા પર ચીકણી માટીની સગડી બનાવી, તેમાં

૫૭. જુઓ "ભાવનાબોધ"ની પહેલી "અનિત્યભાવના".

બળતા કોલસા મૂકયા. તેથી ગજસુકુમારના મસ્તકની કોમળ ચામડી બળવા લાગી અને તેમને અસહ્ય વેદના થવા લાગી, પણ તેઓ ક્ષમાભાવ રાખી ધ્યાનમાં સ્થિર રહ્યા. બીજો સસરો હોત તો લગ્ન વખતે સ્થૂળ પાઘડી બંધાવત, આ સસરા મોક્ષની પાઘડી બંધાવે છે એમ વિચારી ગજસુકુમારે શાંતિ ધારણ કરી. આમ મનનાં પરિણામ ઊંચાં થવાથી તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. આ પ્રસંગ "અંતકૃત દશાંગ સૂત્ર"ના ત્રીજા વર્ગના ૮મા અધ્યયનમાં, અને તે જ પ્રમાણે હેમચંદ્રાચાર્યરચિત "ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર"ના ૮મા પર્વના ૧૦મા સર્ગમાં મળે છે. આ પ્રસંગ શ્રીમદ્દે પોતાના શબ્દોમાં રજૂ કર્યો છે, અને ગમે તેવા ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્ષમાભાવ રાખવો જોઈએ તેવો બોધ સૂચવ્યો છે.

"રાગ" નામના ૪૪મા પાઠમાં ગૌતમ મુનિનો મહાવીર પ્રભુ પરનો સૂક્ષ્મ રાગ તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં કેવી રીતે અંતરાયરૂપ થયો હતો તેની કથા કહી છે. મહાવીર પ્રભુના નિર્વાણ પછી જ રાગ તૂટતાં ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થતું હતું. પ્રભુ પરનો શુભ રાગ પણ તેમના નિર્વાણ સમયે ગૌતમસ્વામી જેવા ગણધરને પણ દુઃખદાયક થયો હતો, તે પરથી બીજા રાગ કે દ્વેષ કેટલા દુઃખદાયક હોઈ શકે તેની તો કલ્પના જ કરવાની રહે છે. પોતાના દેહાદિથી શરૂ કરી અન્ય સર્વમાં મારાપણાનો રાગભાવ રાખવો એ અનર્થ-કારક છે તેવો જ્ઞાનીઓનો બોધ સમજાવવા શ્રીમદ્દે ઉત્તમ પુરુષના જીવનમાંથી દૃષ્ટાંત લીધું છે. "ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર"ના દસમા પર્વમાં મહાવીરપ્રભુના મહાનિર્વાણના પ્રસંગના વર્ણનમાં આ રાગકથાનું વિગતે નિરૂપણ થયેલું છે.

રાગની જેમ તૃષ્ણા પણ કેટલી બૂરી છે તે જણાવતું "કપિલ મુનિ"નું વૃત્તાંત શ્રીમદ્દે ૪૬,૪૭,૪૮ એ ત્રણ પાઠમાં આપ્યું છે. કૌશાંબી નગરીના શાસ્ત્રીને કપિલ નામે પુત્ર હતો. બાળપણથી જ લાડકોડમાં ઊછરેલ હોવાથી તેને વિદ્યાપ્રાપ્તિ નહોતી થઈ, અને નાની ઉંમરમાં પિતાનું અવસાન થતાં પિતાની જગ્યા બીજાને મળી. તેથી વિદ્યાપ્રાપ્તિ માટે તે એક વખત પિતાના મિત્ર પાસે બીજે ગામ ગયો. ત્યાં યુવાનીમાં આવતાં તે એક વિધવા બ્રાહ્મણીમાં લુબ્ધ બન્યો. પાસે પૈસા તો હતા નહિ તેથી તે ભદ્રિક કપિલને બહુ મુશ્કેલી નડતી હતી. આથી બ્રાહ્મણીના સૂચવેલા ઉપાય મુજબ તેણે, તે નગરના રિવાજ પ્રમાણે, રાજાને પહેલાં આશીર્વાદ આપી બે માસા સુવર્ણ મેળવવાનો નિશ્ચય કર્યો. રોજ મોડું થઈ જતું, અને સોનું મળતું નહિ. આથી એક દિવસે મધરાતે ચંદ્રને જ સૂર્ય માની તે આશીર્વાદ આપવા દોડયો. પરિણામે ચોકિયાતે તેને ચોર જાણી પકડયો અને બીજે દિવસે રાજા સમક્ષ ખડો કર્યો. રાજાએ સાચી વાત જાણીને જોઈએ તેટલું દ્રવ્ય માગવા કહ્યું. તે પરથી શું માગવું તેના વિચારે કપિલ ચડી ગયો. બે માસા સુવર્ણને બદલે રાજાના આખા રાજ્યને માગવાના વિચારથી પણ તેની તૃષ્ણા ગઈ નહિ. પણ તેમાંથી સદ્વિચાર આવતાં તૃષ્ણાનો ફાંસો તે સમજ્યો, અને સંતોષમાં જ સાચું સુખ સમજી, કંઈ પણ લીધા વિના મુનિત્વ ગ્રહણ કરી તે ચાલી નીકળ્યો, અને સ્વરૂપ શ્રેણીએ ચડી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી. "કપિલ મુનિ"ના ત્રીજા ભાગમાં તૃષ્ણાના પૂરમાં કપિલ કેવી રીતે ઘસડાય છે, અને કઈ રીતે તેમાંથી છૂટે છે, તેનું સુંદર વર્ણન શ્રીમદ્દે આપ્યું છે. જીવનો લોભ કેવો વધે છે તે કપિલના જ ચિંતનમાં જુઓ :—

"આખું રાજ્ય માગતાં પણ તૃષ્ણા છીપતી નહોતી, માત્ર સંતોષ અને વિવેકથી તે ઘટાડી તો ઘટી. એ રાજા જો ચક્રવર્તી હોત તો પછી હું એથી વિશેષ શું માગી શકત ? અને વિશેષ જ્યાં સુધી ન મળત ત્યાં સુધી હું સુખી પણ ન હોત...સુખ તો સંતોષમાં જ છે. તૃષ્ણા એ સંસારવૃક્ષનું બીજ છે."૫૮

અહીં તૃષ્ણાના ફંદમાં ફસાયેલા જીવની કેવી વલે થાય છે તે બતાવ્યું છે. "ત્રિષષ્ટિ શલાકાપુરુષચરિત્ર"ના દસમા પર્વના ૧૧મા સર્ગમાં છેલ્લા રાજર્ષિ ઉદયન રાજાના ચરિત્રમાં અંતર્ગત કથા તરીકે આ કથા જોવા મળે છે. તૃષ્ણાનું સ્વરૂપ વર્ણવતાં બીજા કેટલાક પાઠો પણ શ્રીમદ્દે રચ્યા છે:—

૬૧થી ૬૬ એ છ પાઠમાં શ્રીમદ્દે કથા દ્વારા "સુખ વિશે વિચાર" કર્યો છે. સાચું સુખ કયું તેની સમજ અહીં તેમણે આપી છે. દરિદ્રતાથી પીડાતા એક બ્રાહ્મણે તપ કરી દેવને રીઝવી સુખ મેળવવાનો નિર્ણય કર્યો. પરંતુ દેવ પાસે કેવું સુખ માગવું તે નક્કી કરવા તે બ્રાહ્મણ સુખી માણસની શોધમાં નીકળ્યો. આખા ભારતમાં તે રખડ્યો પણ ક્યાંય તેને સુખી માણસ મળ્યો નહિ. આખરે દ્વારકામાં એક મહાધનાઢ્યને તેણે સુખી જોયો. તે ધનાઢ્યનો સર્વ વૈભવ જોયા પછી બ્રાહ્મણે તેને પોતાનો ઉદ્દેશ જણાવ્યો. ધનિકે જણાવ્યું કે, "મને મળતાં સુખ બીજા પાસે નહિ હોય, તેમ છતાં હું પણ વાસ્તવિક રીતે સુખી નથી."

આ સાંભળી તેનું દુઃખ જાણવાની બ્રાહ્મણને ઇચ્છા થઈ. ધનાઢ્યે પોતાની કથા બ્રાહ્મણને કહી. તે ધનાઢ્ય શરૂઆતમાં ખૂબ સુખી હતો. તેમાંથી ભાગ્ય ફરતાં તે અત્યંત દુઃખી અવસ્થામાં આવી ગયો. કુટુંબ, ધન, વૈભવ સર્વથી તે વિમુખ થઈ ગયો. વળી થોડાં વર્ષો પછી ફરી પાછું ભાગ્ય ફરતાં તેને ધન, વૈભવ અને કુટુંબનું સુખ સાંપડ્યું. પરંતુ તેને સમજાયું કે, અસ્થિર ધન, વૈભવ, કુટુંબ આદિ સાચા સુખનું કારણ નથી. તેણે બ્રાહ્મણને કહ્યું:—

"પણ તત્ત્વદૃષ્ટિથી હું સુખી ન મનાઉં. જ્યાં સુધી સર્વ પ્રકારે બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ મેં ત્યાગ્યા નથી ત્યાં સુધી રાગદ્વેષનો ભાવ છે. જોકે તે બહુ અંશે નથી, પણ છે. તો ત્યાં ઉપાધિ પણ છે. સર્વસંગપરિત્યાગ કરવાની મારી સંપૂર્ણ આકાંક્ષા છે, પણ જ્યાં સુધી તેમ થયું નથી ત્યાં સુધી હજુ કોઈ ગણાતાં પ્રિયજનનો વિયોગ, વ્યવહારમાં હાનિ, કુટુંબીનું દુઃખ એ થોડે અંશે પણ દુઃખ આપી શકે. પોતાના દેહ પર મોત સિવાય પણ નાના પ્રકારના રોગનો સંભવ છે. માટે કેવળ નિર્ગ્રંથ બાહ્યાભ્યંતર પરિગ્રહનો ત્યાગ, અલ્પારંભનો ત્યાગ એ સઘળું નથી થયું ત્યાં સુધી હું કેવળ મને સુખી માનતો નથી. હવે આપને તત્ત્વની દૃષ્ટિએ વિચારતાં માલૂમ પડશે કે લક્ષ્મી, સ્ત્રી, પુત્ર કે કુટુંબ વડે સુખ નથી, અને એને સુખ ગણું તો જ્યારે મારી સ્થિતિ પતિત થઈ હતી ત્યારે એ સુખ ક્યાં ગયું હતું ? જેનો

૫૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૯૨.

વિયોગ છે, જે ક્ષણભંગુર છે, અને જ્યાં એકત્વ કે અવ્યાબાધપણું નથી તે સુખ સંપૂર્ણ નથી."૫૯

આ પ્રમાણે સાંસારિક સુખ મેળવવા જતાં કેટલાં કપટ સેવવાં પડે છે, હિંસા કરવી પડે છે, આરંભોપાધિ વહોરવી પડે છે વગેરે વિશે ખ્યાલ આપી ધનાઢ્ય સાચા સુખ વિશે નિર્ણય લેવાનું બ્રાહ્મણ પર જ છોડે છે. બ્રાહ્મણ ધનાઢ્ય સાથે સંમત થાય છે, અને તેની પાસે રહેવાનું સ્વીકારે છે. તે પછી ધનાઢ્ય સુખ વિશેના વિચારો રજૂ કરે છે, તે ખૂબ સમજવા યોગ્ય છે :—

"જેઓ કેવળ લક્ષ્મીને ઉપાર્જન કરવામાં કપટ, લોભ અને માયામાં મૂંઝાઈ પડ્યા છે, તે બહુ દુઃખી છે. તેનો તે પૂરો ઉપયોગ કે અધૂરો ઉપયોગ કરી શકતા નથી. માત્ર ઉપાધિ જ ભોગવે છે. તે અસંખ્યાત પાપ કરે છે. તેને કાળ અચાનક લઈને ઉપાડી જાય છે. અધોગતિ પામી તે જીવ અનંત સંસાર વધારે છે. મળેલો મનુષ્યદેહ એ નિમૂર્લ્ય કરી નાખે છે જેથી તે નિરંતર દુઃખી જ છે.

"જેણે પોતાની ઉપજીવિકા જેટલાં સાધનમાત્ર અલ્પારંભથી રાખ્યાં છે, શુદ્ધ એક પત્નીવ્રત, સંતોષ, પરમાત્માની રક્ષા, યમ, નિયમ, પરોપકાર, અલ્પરાગ, અલ્પ-દ્રવ્ય, માયા અને સત્ય તેમજ શાસ્ત્રાધ્યયન રાખ્યું છે, જે સત્પુરુષોને સેવે છે, જેણે નિર્ગ્રંથતાનો મનોરથ રાખ્યો છે, બહુ પ્રકારે કરીને સંસારથી ત્યાગી જેવો છે, જેના વૈરાગ્ય અને વિવેક ઉત્કૃષ્ટ છે, તે પવિત્રતામાં સુખપૂર્વક કાળ નિર્ગમન કરે છે.

"સર્વ પ્રકારના આરંભ અને પરિગ્રહથી જેઓ રહિત થયા છે; દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી જેઓ અપ્રતિબંધપણે વિચરે છે, શત્રુમિત્ર પ્રત્યે જે સમાન દૃષ્ટિવાળા છે, અને શુદ્ધ આત્મધ્યાનમાં જેમનો કાળ નિર્ગમન થાય છે, અથવા સ્વાધ્યાય ધ્યાનમાં જે લીન છે, એવા જિતેન્દ્રિય અને જિતકષાય તે નિર્ગ્રંથો પરમ સુખી છે.

"સર્વ ઘનઘાતી કર્મનો ક્ષય જેમણે કર્યો છે, ચાર કર્મ પાતળાં જેનાં પડ્યાં છે, જે મુક્ત છે, જે અનંતજ્ઞાની, અનંતદર્શી છે તે તો સંપૂર્ણ સુખી છે. મોક્ષમાં તેઓ અનંત જીવનના અનંત સુખમાં સર્વ–કર્મ વિરક્તતાથી વિરાજે છે."૬૦

આ પ્રમાણે અહીં જીવના ચાર પ્રકાર ગણાવ્યા છે. તેમાં ઉત્તરોત્તર ચડતી દશા જણાવી છે. કેવળજ્ઞાનીની સૌથી ઊંચી કક્ષા છે. તે માટે સર્વ કર્મનો ક્ષય થયો હોવો જોઈએ. અને તે મેળવવા માટેની ભૂમિકાઓ એક પછી એક અહીં સરળતાથી સમજાવી છે. શ્રીમદ્દે "અપૂર્વ અવસર"માં સેવેલી ભાવનાનું બીજ આપણને એમનાં ઉપરનાં વચનોમાં જોવા મળે છે.

---

૫૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૦૫.

૬૦. એજન, પૃ. ૧૦૬.

સાચું સુખ કોને કહેવાય, તે કઈ રીતે મળે તે વિશે અહીં બ્રાહ્મણના દૃષ્ટાંત દ્વારા શ્રીમદ્દે સુંદર સમજણ આપી છે. તત્ત્વની વિચારણા પણ સામાન્ય જન માટે સમજવી ખૂબ સહેલી બની જાય એ રીતે એની રજૂઆત એમણે કરી છે. પોતાની સુખ વિશેની વિચારણા રજૂ કરવા શ્રીમદ્દે આ દૃષ્ટાંતની યોજના કરી છે. તેની ભાષા, ગોઠવણી, તત્ત્વચિંતન આદિ શ્રીમદ્દની સર્જનશક્તિનો આપણને ખ્યાલ આપે છે.

થોડો પણ માનભાવ ઉન્નતિ પામવામાં કેટલો આડો આવે છે તે "બાહુબળ"ના દૃષ્ટાંતમાં જોયું. માનભાવથી થતો અનર્થ ૭૦–૭૧ એ બે પાઠમાં અપાયેલી સનત્કુમાર ચક્રવર્તીની કથામાં જોવા મળે છે. કાયામાં માનભાવ કરવાથી સનત્કુમારની કાયા કેવી ઝેરમય થઈ ગઈ હતી તે, અને તે માનભાવ છોડતાં સનત્કુમાર કેવા સુખના સ્વામી બન્યા હતા તેનું વર્ણન આ કથામાં શ્રીમદ્દે કર્યું છે. "ભાવનાબોધ"માં અશુચિભાવનાના દૃષ્ટાંતરૂપે આ કથા અપાઈ છે.[૬૧]

અત્યાર સુધીની કથા તેમજ તત્ત્વવિચારણામાં મોક્ષના સુખને શ્રીમદ્દે અંતિમ ધ્યેયરૂપે ગણાવ્યું છે. આ મોક્ષનું સુખ કેવું છે, તે બાબત ગૌતમસ્વામીએ મહાવીર પ્રભુને પ્રશ્ન પૂછ્યો ત્યારે પ્રભુએ એ અનંતસુખ અવર્ણનીય છે એમ જણાવી જે કથા કહી હતી તે "મોક્ષસુખ" નામના ૭૩મા પાઠમાં આપવામાં આવી છે.

વનમાં પાણી આપનાર ભીલ પર સંતુષ્ટ થવાથી એક રાજા તે ભદ્રિક ભીલને રાજ-મહેલમાં લઈ ગયો. ત્યાંનો સુખવૈભવ માણી તે ખૂબ ખુશ થયો. થોડા વખત પછી જ્યારે તે પોતાના કુટુંબ પાસે આવ્યો, ત્યારે ઘણી ઇચ્છા હોવા છતાં પણ તે પોતે માણેલું સુખ વર્ણવી ન શક્યો, કારણ કે તેની પાસે ત્યાંની વસ્તુની સરખામણી કરવા જેવું કોઈ સાધન ન હતું. એ જ પ્રમાણે મોક્ષના સુખની તુલના આપી શકે તેવું એક પણ સુખ આ સંસારમાં નથી. તેથી તે સુખ અવર્ણનીય અને અનુભવગમ્ય છે તે, દૃષ્ટાંત દ્વારા શ્રીમદ્દ સમજાવે છે. તેમાં વચ્ચે વચ્ચે સંવાદની યોજના પણ તેમણે કરી છે, તે વાંચવામાં વિશેષ રસ ઉત્પન્ન કરે છે.

આમ ૨૭ જેટલા પાઠોમાં ૧૯ જેટલી જુદી જુદી કથાઓ શ્રીમદ્દે "મોક્ષમાળા"માં આપી છે. તેમાં મુખ્ય કથાઓ તો પ્રચલિત છે, પણ તેની રજૂઆત અને ગોઠવણી એટલાં યોગ્ય છે કે ધારી અસર વાચક પર થઈ શકે તેમ છે. "ભિખારીનો ખેદ" કે "સુખ વિશે વિચાર" જેવાં દૃષ્ટાંતોમાં તેમની સ્વતંત્ર વિચારશક્તિનો પણ આપણને પરિચય થાય છે. તે સિવાયનાં કથા કે દૃષ્ટાંતોમાં મોટા ભાગનાં "ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર" કે અન્ય કથાગ્રંથોમાંથી લેવાયેલ છે. કોઈ પણ તત્ત્વ સમજાવવા માટે શ્રીમદ્દે મહાન પુરુષના ચરિત્રમાંથી ઉદાહરણ લીધાં છે; તેથી વાચક પર જેવી ઊંડી અસર થાય, તેવી અસર સામાન્ય માનવીના જીવનના પ્રસંગો પરથી કદાચ ન પણ થાય. આ ઉદાહરણોમાં સનત્કુમાર, ભરત, સુભૂમ આદિ ચક્રવર્તી તથા મહાવીર પ્રભુ, ગૌતમસ્વામી, કપિલ મુનિ, અનાથી મુનિ વગેરે આધ્યાત્મિકતામાં આગળ વધેલા પુરુષોનાં ચરિત્રોમાંથી લેવાયેલાં છે. આમ "મોક્ષમાળા"માં

૬૧. જુઓ "ભાવનાબોધ"ના પ્રકરણમાં "અશુચિભાવના" વિશેની વિચારણા.

છૂટાંછવાયાં આપેલાં, તત્ત્વોના બોધ કરતાં દૃષ્ટાંતો વાચકના વાર્તારસને પોષવા ઉપરાંત સાચો માર્ગ ચીંધવાનું કાર્ય પણ કરે છે. વળી, એમાં તેમની વાર્તાકથનની શૈલી અને શક્તિનો પરિચય પણ આપણને થાય છે.

## "મોક્ષમાળા"ની પદ્યરચનાઓ

"મોક્ષમાળા"ના ૧૦૮ પાઠમાંથી ૮ પદ્યરચનાઓ છે. અને તેમાં શ્રીમદ્‌ના કાવ્યત્વના ચમકારા પણ કેટલીક જગ્યાએ જોવા મળે છે. પણ સમગ્રપણે જોતાં તેમાં કાવ્યત્વ કરતાં ઊંડી તત્ત્વવિચારણા વિશેષ જોવા મળે છે. જોકે મોક્ષનો માર્ગ બતાવવાના હેતુથી જ આ પુસ્તકની રચના થઈ છે, તેથી એમાં તત્ત્વવિચારણા પર વિશેષ ભાર હોય તે સ્વાભાવિક છે.

"મોક્ષમાળા"માં સૌથી પહેલું પદ્ય "સર્વમાન્ય ધર્મ" નામનું બીજા પાઠમાં અપાયેલું છે. ચોપાઈ છંદની ૧૪ પંક્તિની આ રચનામાં દયાધર્મ પાળવાથી થતા લાભ વર્ણવ્યા છે. દયા એ પ્રત્યેક ધર્મને માન્ય એવું તત્ત્વ છે. તેના પાલનથી દોષોનો નાશ થાય છે અને શીલ, સત્ય આદિ ગુણોનો વિકાસ થાય છે. અને તેથી જૈન સહિત બધાં જ દર્શનોનો દયા પાળવાનો ઉપદેશ છે, એ તેમણે આ પદ્યમાં દર્શાવ્યું છે. દયાનો મહિમા બતાવતા અન્ય પાઠોની રચના સાથે આ પદ્ય પણ મૂકવા જેવું છે. તેમણે લખ્યું છે કે:—

> "એ ભવતારક સુંદર રાહ, ધરિયે તરિયે કરી ઉત્સાહ;
> ધર્મ સકળનું એ શુભ મૂળ, એ વણ ધર્મ સદા પ્રતિકૂળ."

કાવ્યત્વની દૃષ્ટિએ સામાન્ય ગણાય તેવા આ પદ્યની ઉચ્ચ ભાવના તથા વિચારણા નોંધપાત્ર છે.

દયા પછી ભક્તિનો મહિમા બતાવતું "ભક્તિનો ઉપદેશ" નામનું પદ્ય શ્રીમદે ૧૫મા પાઠમાં મૂક્યું છે. ભક્તિ કરવાથી મનનું ઇચ્છેલું ફળ મળે છે, આત્માનો આનંદ પ્રગટ થાય છે, મનના તાપ શમે છે, કર્મનિર્જરા થાય છે, રાગદ્વેષનાં પરિણામ ઓછાં થાય છે, હલકી ગતિમાં થતો જન્મ અટકે છે,—એ આદિ લાભની સાથે ભવભ્રમણનો અંત થાય છે તે તેમણે તોટક છંદમાં રચાયેલા આ પદ્યમાં બતાવ્યું છે.

આ પહેલાંના બે પાઠમાં જિનેશ્વરની ભક્તિ કરવાનો મહિમા શ્રીમદે બતાવ્યો છે, અને આ પાઠમાં તેનું પદ્યસ્વરૂપ અપાયું છે. અહીં ઉપર જોયા તેવા લાભ એક પછી એક શ્રીમદે ગણાવ્યા છે, અને "ભજીને ભગવંત ભવંત લહો" એ દ્વારા સૌથી મોટો લાભ "ભવ અંત"નો થાય છે તે ભારપૂર્વક જણાવ્યું છે. તેમાં "નવકાર મંત્ર"નું માહાત્મ્ય બતાવતાં શ્રીમદ્‌ લખે છે કે:—

> "શુભ ભાવ વડે મન શુદ્ધ કરો, નવકાર મહાપદને સમરો;
> નહિ એહ સમાન સુમંત્ર કહો, ભજીને ભગવંત ભવંત લહો."[૬૨]

૬૨. આ કડીમાં "નવકાર મહાપદને સમરો"ને બદલે કેટલીક જગ્યાએ "સહજાત્મ સ્વરૂપ

"નવકાર મંત્ર" જેવો કોઈ સમર્થ મંત્ર નથી, તે વિશે અહીં જણાવી, તેનો જાપ ભક્તિમાં કરવાનું શ્રીમદે જણાવ્યું છે. ભાવિક જનોને ભાવ ઉલ્લસે તેવું સરળ ભાષામાં લખાયેલું આ ભાવવાહી પદ્ય છે. ફક્ત દસ પંક્તિમાં જ સમાઈ જતું આ તોટક છંદમાં રચાયેલું પદ્ય મોક્ષમાર્ગને ચીંધવામાં સહાયકારી બને તેવું છે. મોક્ષ મેળવવામાં ભક્તિ-માર્ગને શ્રેષ્ઠ માર્ગ ગણતા શ્રીમદ્‌ને ભક્તિ વિશે કેટલો ઊંચો ખ્યાલ હતો તેનો પરિચય આપણને આ કાવ્યમાં થાય છે.

પંચમહાવ્રતમાંના ચોથા મહાવ્રત "બ્રહ્મચર્ય"નો મહિમા બતાવતું સાત દોહરામાં રચાયેલું "બ્રહ્મચર્ય વિશે સુભાષિત" ૩૪મા પાઠમાં મુકાયેલ છે. સંસારની વૃદ્ધિમાં "વિષય" એ મુખ્ય છે તે બતાવતાં તેમણે લખ્યું છે કે :—

"આ સઘળા સંસારની, રમણી નાયકરૂપ;
એ ત્યાગી ત્યાગ્યું બધું, કેવળ શોકસ્વરૂપ."

બ્રહ્મચર્યનો મહિમા બતાવતા આ દોહરાઓ સુભાષિતના પ્રકારના છે. તેમાંનો કોઈ પણ દોહરો છૂટો વાંચતાં પૂર્ણરૂપે લાગે છે. અને સાથે વાંચીએ તો એકબીજાથી સ્વતંત્રતા સમજાવા છતાં, તે બધાંને સાંધતો સૂક્ષ્મ તાર પણ અનુભવાય છે. એ રીતે જોઈએ તો દોહરાને શ્રીમદે યોગ્ય રીતે જ "સુભાષિત" કહ્યાં છે. તેનો કોઈ પણ દોહરો વાંચતાં તે લોકદુહાની છાપ પાડે છે.

"સુંદર શિયળ, સુરતરુ, મન, વાણી ને દેહ;
જે નરનારી સેવશે, અનુપમ ફળ તે લેહ." અથવા
"વિષયરૂપ અંકુરથી, ટળે જ્ઞાન ને ધ્યાન;
લેશ મદિરાપાનથી, છાકે જ્યમ અજ્ઞાન."

આમ બ્રહ્મચર્ય વિશે રચાયેલા સાતમાંથી કોઈ પણ દુહો સ્વતંત્ર સુભાષિત તરીકે ઊભા રહેવાની ક્ષમતા ધરાવે છે, તે શ્રીમદ્‌ની રચનાશક્તિનો આપણને પરિચય કરાવે છે.

શ્રાવક તરીકે કેવા મનોરથો હોવા જોઈએ તે શ્રીમદે "સામાન્ય મનોરથ" નામના ૪૫મા પાઠમાં સવૈયા છંદમાં બતાવ્યું છે. નરસિંહ મહેતાના "વૈષ્ણવ જન" જેવાં લક્ષણો શ્રાવકનાં પણ બતાવ્યાં છે. પણ અહીં આ લક્ષણો ધર્મની દૃષ્ટિએ વિશેષ બતાવાયાં છે. અહીં શ્રાવકનાં બાર વ્રત પાળવાનો, જિનકથનમાં કદી શંકિત ન થવાનો, નવ તત્ત્વની સદાય વિચારણા કરતા રહેવાનો વગેરે મનોરથો, પરસ્ત્રીત્યાગ, પરધનત્યાગ આદિ સામાન્ય સારાં જનનાં લક્ષણો સાથે સેવાયાં છે. માત્ર આઠ જ પંક્તિના આ પદ્યમાં તે મનોરથ સેવતાં શ્રીમદ્ લખે છે કે :—

---

સદા સમરો" એમ પણ બોલાય છે. તેમાં શ્રીમદે આપેલો "સહજાત્મ સ્વરૂપ પરમગુરુ" એ મંત્રનું સ્મરણ કરવાનો તથા "સહજાત્મ સ્વરૂપ" એટલે પોતાના આત્મસ્વરૂપના ચિંતન પ્રતિ લક્ષ દોરવાનો ઉદ્દેશ રહેલો જણાય છે.

"તે ત્રિશલાતનયે મન ચિંતવી, જ્ઞાન, વિવેક, વિચાર, વધારું;
નિત્ય વિશોધ કરી નવ તત્ત્વનો, ઉત્તમ બોધ અનેક ઉચ્ચારું.
સંશયબીજ ઊગે નહીં અંદર, જે જિનનાં કથનો અવધારું;
રાજ્ય, સદા મુજ એ જ મનોરથ, ધાર, થશે અપવર્ગ ઉતારું."

સવૈયાની આ રચનામાં પ્રત્યેક પંક્તિમાં એકસરખી માત્રા નથી : ૩૦થી ૩૪ સુધીની માત્રાઓની આ પંક્તિઓ છે. એટલા પ્રમાણમાં શ્રીમદ્‌ે છૂટ લીધી છે. "મોક્ષમાળા"માં આ પદ્ય આઠ પંક્તિમાં રજૂ થયેલ છે, પણ વિ. સં. ૧૯૭૨માં પ્રગટ થયેલી "રાજપદ્ય"ની આવૃત્તિમાં એક પંક્તિ વિશેષ મળે છે કે :—

"નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા."

"મોક્ષમાળા"માં નથી એવી આ પંક્તિ કઈ રીતે આ પદ્યમાં આવી ગઈ હશે, તે સમજાય તેવું નથી. કદાચ આ પદ્યની ત્રીજી કડી રચવાનો વિચાર કરી શ્રીમદ્‌ે આ પંક્તિ રચી હોય, અને પછી અપૂર્ણ રહેતાં, "મોક્ષમાળા"માં બે જ કડી મૂકી હોય; અને એ પંક્તિ પાછળથી મનસુખલાલ રવજીભાઈ મહેતાને ઉપલબ્ધ થતાં, તે "રાજપદ્ય"ના આ કાવ્યમાં મૂકી હોય, તેમ બને.

તૃષ્ણા એ કેટલી અનિષ્ટકારક છે તે કપિલમુનિની કથામાં બતાવ્યા પછી શ્રીમદ્‌ે "તૃષ્ણાની વિચિત્રતા" બતાવતું પદ્ય ૪૯મા પાઠમાં મૂક્યું છે. ગરીબાઈમાંથી શંકરનું પદ મળવા જેટલો સ્થિતિફેર થાય તોપણ જીવની તૃષ્ણામાં ફેર પડતો નથી, અને તેને સંતોષ થતો નથી, તેના રમૂજી ચિતાર શ્રીમદ્‌ે મનહર છંદમાં આપ્યો છે.

શ્રીમદ્‌ે આઠ આઠ પંક્તિની ચાર કડીઓમાં જીવની જુદી જુદી પરિસ્થિતિ બતાવી છે, અને પ્રત્યેક પરિસ્થિતિમાં તૃષ્ણા તો જીવનો કેડો જ મૂકતી નથી; તે વખતે જીવની કેવી પરિસ્થિતિ થાય છે તે આ પદ્યમાં બતાવ્યું છે. જુઓ :—

"વળી કેડ વાંકી, હાડ ગયાં, અંગરંગ ગયો,
ઊઠવાની આય જતાં, લાકડી લેવાઈ ગઈ;
અરે! રાજચંદ્ર એમ, યુવાની હરાઈ પણ,
મનથી ન તોય રાંડ મમતા મરાઈ ગઈ."

આના કરતાં પણ ખરાબ સ્થિતિ હોય, માનવી મરણપથારીએ હોય, છતાં જીવવાની તૃષ્ણા જતી નથી તે બતાવવા શ્રીમદ્‌ે લખ્યું છે કે :—

"છેલ્લી ઈસે પડચો ભાળી, ભાઈએ ત્યાં એમ ભાખ્યું :
હવે ટાઢી માટી થાય તો તો ઠીક ભાઈને;
હાથને હલાવી ત્યાં તો ખીજી બુઢ્ઢે સૂચવ્યું એ,
બોલ્યા વિના બેસ, બાળ તારી ચતુરાઈને."

આમ કટાક્ષમય શૈલીમાં શ્રીમદ્દે તૃષ્ણાનું સ્વરૂપ પ્રગટ કર્યું છે. એને પરમાર્થ વિશે પણ લઈ શકાય. અજ્ઞાનાદિથી જીવ પોતાનું સાચું સ્વરૂપ ભૂલી પૌદ્ગલિક સુખની શોધમાં અનંત કાળ ગાળતો આવ્યો છે, પણ સાચું સમજી શકતો નથી, કે એ બધું ઝાંઝવાના જળ જેવું છે. પરિણામે અહીં દર્શાવેલી બુઢ્ઢાની સ્થિતિ જેવી જ હાસ્યાસ્પદ સ્થિતિ, સંસારમાં પરિભ્રમણ કરતા પ્રત્યેક જીવની થાય છે. શ્રીમદ્દના મનમાં સંસારાર્થ કરતાં પરમાર્થ ભાવ વિશેષ હોય તોપણ કંઈ કહેવાય નહિ! આ કાવ્ય કટાક્ષ કાવ્યનો સારો નમૂનો ગણી શકાય.

"તૃષ્ણાની વિચિત્રતા" પછી ૬૭મા પાઠમાં, શ્રીમદ્દનાં ઉત્તમ ગણાતાં કાવ્યોમાંનું એક કાવ્ય "અમૂલ્ય તત્ત્વવિચાર" આવે છે. આ કાવ્યમાં જીવનું કર્તવ્ય, તે હાલ શું કરે છે, તે વગેરેની સમજ ફક્ત ૨૦ પંક્તિમાં આપી છે.

હરિગીત છંદમાં લખાયેલા આ કાવ્યના આરંભમાં તેમણે મનુષ્યભવની દુર્લભતા બતાવી છે, અને ઘણી મુશ્કેલીએ આવો ભવ મળવા છતાં તેને સાર્થક કરવા માટે કોઈ ઉપાય લેવાતો નથી તે વિશેનો ખેદ પણ વ્યક્ત કર્યો છે. પછી લક્ષ્મી, અધિકાર, કુટુંબ આદિના ક્ષણિક સુખની શોધમાં સાચા સુખનો નાશ થાય છે તે બતાવી, તેની પાછળ ન દોડવાનું સૂચન કર્યું છે. તેથી જ તેઓ આ કાવ્યમાં પૂછે છે કે :—

"લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો? એક પળ તમને હવો!"

સંસારના વધવા પાછળ દોડવાથી પારમાર્થિક દૃષ્ટિએ મનુષ્યદેહ એળે જાય છે, તેનો વિચાર કરવાનું સૂચન અહીં જોઈ શકાશે. આ કાવ્યમાં એ પ્રકારનો આનંદ અને અનુભવનું સુખ લેવાની ભલામણ કરે છે કે જેના પરિણામે —

"એ દિવ્યશક્તિમાન જેથી જંજીરેથી નીકળે." દિવ્યશક્તિવાળો એવો આત્મા દેહરૂપી જંજીરમાંથી છૂટો થાય. અને તેમ કરવાનો ઉપાય શ્રીમદ્દ નીચેની પંક્તિઓમાં બતાવે છે:—

"પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહિ."

આત્મા સિવાયની બીજી કોઈ પણ વસ્તુ તે પરવસ્તુ. તે પરવસ્તુમાંનો મોહ છોડી દેવો, અને તેમ કરવા માટે — એટલે કે પરવસ્તુના મોહનો ત્યાગ કરવા માટે — તેમણે સિદ્ધાંત બતાવ્યો કે, "પશ્ચાત્ દુઃખ તે સુખ નહિ." જે સુખની પાછળ કોઈ ને કોઈ કારણે દુઃખ આવતું હોય તે સાચું સુખ નથી, એ ન્યાયે પ્રત્યેક સુખને તપાસી જવું, અને તે તે સુખનો મોહ છોડતા જવો. માત્ર બે જ પંક્તિમાં આખો પરમાર્થમાર્ગ અહીં બતાવી આપ્યો છે તેમ કહી શકાય.

એ પછી છ પદ અને નવ તત્ત્વની વિચારણા કરવા પ્રેરે તેવા "હું કોણ છું? ક્યાંથી થયો ?" આદિ પ્રશ્નો રજૂ કરતી પંક્તિઓ તેમણે રચી છે. તે વિશે વિસ્તારથી આગળ કહેવાઈ ગયું છે.[૬૩]

આત્મિક જ્ઞાનના સિદ્ધાંતો માન્ય કરવામાં કયા પુરુષનું વચન માનવું તે સૌથી અગત્યનો પ્રશ્ન છે. કારણ કે કોઈ ખોટી વ્યક્તિમાં શ્રદ્ધા જડ બની જાય તો તેનાથી લાભ થવાને બદલે નુકસાન થાય છે. અને તેથી જેણે આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરી હોય તેવી વ્યક્તિનું જ વચન માનવાની ભલામણ કરતાં લખ્યું છે કે:—

"નિર્દોષ નરનું કથન માનો તેહ જેણે અનુભવ્યું."

આમ માનવદેહની દુર્લભતા, કુટુંબ, ધન, વૈભવ, આદિનાં સુખની ક્ષણિકતા, તે બધાના મોહમાંથી આત્માને મુક્ત કરવો, તેને મુક્ત કરવાનો ઉપાય, તેમ કરવામાં કોની સહાય લેવી વગેરે બાબતોની ક્રમસરની વિચારણા આ કાવ્યમાં આપ્યા પછી, તે સર્વનો ઉદ્દેશ તેમણે એક જ પંક્તિમાં જણાવ્યો છે:—

"રે! આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો."

ઉપર જણાવેલી સર્વ વસ્તુઓનું પ્રયોજન આત્માને તારવા માટેનું છે, તે અંતમાં તેઓ જણાવે છે. આમ અહીં પ્રત્યેક વસ્તુની ગોઠવણી તથા વિચારણા એટલી સુંદર થઈ છે કે તે શ્રીમદ્‌નાં ઉત્તમ કાવ્યોમાંનું એક ગણાય છે. ઘણી જગ્યાએ તે પ્રાર્થનામાં પણ બોલાય છે. માત્ર ૧૭ વર્ષની વયે રચાયેલું આ કાવ્ય, નાની વયમાં પણ શ્રીમદ્દે કેટલી જ્ઞાનપ્રૌઢતા મેળવી હતી તેનો આપણને ખ્યાલ આપે છે.

જિનેશ્વરપ્રણીત ધર્મ શ્રેષ્ઠ છે એવું તેમણે "મોક્ષમાળા"માં પ્રતિપાદન કર્યું છે. તે જિનપ્રભુની વાણી કેવી છે તેનું વર્ણન શ્રીમદ્દે "જિનેશ્વરની વાણી" નામના ૧૦૭મા પાઠમાં કર્યું છે. મનહર છંદની માત્ર આઠ જ પંક્તિમાં તેમણે વર્ણન સમાપ્ત કર્યું છે, છતાં તેમાં ઘણા ગુણોનો સમાવેશ કરી દીધો છે. જિનપ્રભુની વાણીમાં જેનો અંત ન આવી શકે તેટલા પ્રકારના અર્થ રહેલા છે, એટલા જ પ્રકારના નય પણ રહેલા છે, અને તે આખા જગતનું હિત જ કરવાવાળી છે. વળી, મોહને પણ તે હરી લે છે. આથી ભવ-સમુદ્ર પાર કરવા મોક્ષ અપાવનાર પણ છે. આવા આવા અનેક ગુણોવાળી વાણીને સમજાવવા માટે જો ઉપમાનો ઉપયોગ કરવા જઈએ તોપણ તેમાં મતિની અલ્પતા જ રહેલી દેખાય છે તે બતાવતાં શ્રીમદ્દે લખ્યું છે કે:—

"ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે;"

---

૬૩. જુઓ આ પ્રકરણમાં પૃ. ૧૬૨

જેમ મોક્ષનું સુખ અનુભવગોચર છે, તેમ "જિનેશ્વરની વાણી"નું ગૌરવ પણ અનુભવગોચર છે. જિનેશ્વરની વાણીના માત્ર ત્રણ શબ્દોમાંથી ગણધરને આખી દ્વાદશાંગીનું જ્ઞાન થઈ જાય છે, એવું જિનેશ્વરની વાણીનું માહાત્મ્ય શ્રીમદ્દે તત્ત્વાવબોધના પાઠોમાં જણાવ્યું છે. અને એ તો જિનેશ્વરની વાણીના ગૌરવનું એક ઉદાહરણ માત્ર છે. ખરેખર તો તે વાણી ઉપમાતીત છે. તેથી અંતિમ પંક્તિમાં શ્રીમદ્દે લખ્યું છે કે :—

"જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે."

જેની પાસે તે વાણીને સમજવા જેટલો અધિકાર હોય તે જ તે વાણીની સાચી પરીક્ષા કરી શકે છે, અને તેનું ગૌરવ જાણી શકે છે. ન વર્ણવી શકાય તેવી જિનવાણીના ગુણો શ્રીમદ્દે સફળતાથી બતાવ્યા છે તેમ કહી શકાય.

"મોક્ષમાળા"ની પદ્યરચનાઓમાં અંતિમ પદ્યરચના તે, ગ્રંથ પૂરો થયો તેનું સૂચન કરતું "પૂર્ણમાલિકા મંગળ" નામનું ૧૦૮મા પાઠમાં મુકાયેલું પદ. ઉપજાતિ છંદમાં સાત વારનાં નામ જોડકણારૂપે મૂક્યાં હોય એવો આભાસ આપતું આ પદ્ય ઘણા ઊંડા અને ગંભીર અર્થથી ભરપૂર છે. તેમાં સાતે વારનાં નામ ખાસ અર્થમાં ગોઠવીને સમ્યગ્દર્શન કેમ થાય તેનું તથા તે પછીથી સિદ્ધપદની પ્રાપ્તિ સુધીનો વિકાસ કઈ રીતે થાય તે માત્ર ૮ પંક્તિઓમાં બતાવ્યું છે. એ રીતે જોતાં આ પદ્ય ખૂબ અગત્યનું ગણી શકાય.

આ કૃતિમાં યોજેલા વારના વિશિષ્ટ અર્થ નીચે પ્રમાણે લઈ શકાય :—

રવિ = સૂર્ય, આત્મા; સોમ = ચંદ્ર, મનની સૌમ્યતા; મંગળ = કર્મ સામે લડવાની શક્તિ; બુધ = જ્ઞાયક, બુદ્ધિવાળો; ગુરુ = જ્ઞાન આપનાર; શુક્ર = પવિત્રતા; શનિ (મંદ) = કર્મનો સંહારક. સામાન્ય રીતે જોડકણા જેવી લાગતી આ કૃતિનો વિશિષ્ટ અર્થો લઈને નીચે પ્રમાણે ગૂઢાર્થ બતાવી શકાય :—

"તપોપધ્યાને રવિરૂપ થાય, એ સાધીને સોમ રહી સુહાય."

તપ અને ઉપધ્યાન[૬૪] દ્વારા એટલે કે છ પ્રકારનાં બાહ્ય તપ અને છ પ્રકારનાં આંતર તપ[૬૫] કરવાથી આત્મા પોતાનું રવિ જેવું તેજસ્વી સ્વરૂપ પામે છે, એટલે કે સમ્યગ્દર્શન પામે છે. તે પામ્યાથી પોતે ચંદ્ર સમાન મનની સૌમ્યતાથી શોભે છે. શુદ્ધ સમ્યગ્દર્શન પામ્યા પછી આત્માનો અનંતાનુબંધી કષાય નાશ પામે છે તેથી તેનામાં ઘણી સૌમ્યતા પ્રગટે છે. સૌમ્ય આત્મા જગતમાં દીપે છે. આમ અહીં ચોથાથી સાતમા ગુણસ્થાન સુધીની વાત શ્રીમદ્દે દર્શાવી છે.

"મહાન તે મંગળ પંક્તિ પામે, આવે પછી તે બુધના પ્રણામે."

૬૪. ઉપધ્યાન એટલે છેલ્લા શુક્લધ્યાન પહેલાંનું ધ્યાન.

૬૫. અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ અને સંલીનતા એ છ બાહ્યતપ. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, શાસ્ત્રપઠન, ધ્યાન અને કાર્યોત્સર્ગ એ ૭ આંતરતપ છે.

પરમ ઉદાસીનતા કે આત્માની સૌમ્યતા પામ્યાથી મહાન બનેલો આત્મા મંગળ પંક્તિ એટલે કે ક્ષપકશ્રેણી પામે છે. સાતમા ગુણસ્થાન પછીથી શ્રેણી માંડતો આત્મા બારમા ગુણસ્થાન સુધી ઝડપથી શુદ્ધતા મેળવે છે, તેથી આત્મા મંગળ એટલે શુભ તથા કર્મ સંહાર કરવાની શક્તિરૂપ એવી પંક્તિ અર્થાત્ શ્રેણી પામે છે તેમ જણાવ્યું છે. એ વિકાસના પરિણામે આત્મામાં રહેલી રહીસહી મલિનતા ઓગળી જાય છે, ને તેનું સર્વ ધ્યાન સ્વમાં કેન્દ્રિત થાય છે. તેથી તે પરમાત્માસ્વરૂપ જેવો થાય છે, અર્થાત્ તે બુધના જેવો જ્ઞાયક, જ્ઞાતાદ્રષ્ટા બને છે.

"નિર્ગ્રંથ જ્ઞાતા ગુરુ સિદ્ધિ દાતા, કાં તો સ્વયં શુક્ર પ્રપૂર્ણ ખ્યાતા."

આ રીતે વિકાસ પામતો પામતો નિર્ગ્રંથ બનેલો જીવ માત્ર જ્ઞાતા (જાણનાર) કે દ્રષ્ટા (દેખનાર) રૂપ રહે છે. તેનો આ ભાવ મોટી (ગુરુ) સિદ્ધિ આપનાર – મોક્ષ આપનાર – બને છે. અથવા તો (કાં તો) પોતે જ (સ્વયં) પોતાની કેવળ નિર્મળતાનો (શુક્ર) પૂર્ણપણે (પ્રપૂર્ણ) જાણનાર (ખ્યાતા) બને છે. એટલે કે જીવ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી તેરમે ગુણસ્થાને પહોંચે છે.

"ત્રિયોગ ત્યાં કેવળ મંદ પામે, સ્વરૂપ સિદ્ધે વિચરી વિરામે."

અહીં તેમણે ચૌદમા ગુણસ્થાનની વાત કહી છે, અર્થાત્ સિદ્ધદશા બતાવી છે. તે પછી મન, વચન, અને કાયા એ ત્રણેનો યોગ (ત્રિયોગ) સંપૂર્ણપણે (કેવળ) મંદતા પામે છે, અને સિદ્ધસ્વરૂપ પામી સુખમાં અત્યંત લીન રહે છે, વિરામ પામે છે.

આ સિદ્ધપદનો લાભ સર્વ જીવને મળો તેવી શુભ કામના શ્રીમદ્દે આ કાવ્યમાં વ્યક્ત કરી છે. ઉપજાતિ છંદમાં રચાયેલી, માત્ર આઠ જ પંક્તિની સાવ સામાન્ય લાગતી આ રચના પણ કેટલી અર્થબોધ અને ભાવબોધવાળી બની છે તે અહીં આપણે જોઈ શકીએ છીએ.[૬૬]

"મોક્ષમાળા"માં ફક્ત ૮ જ પદ્યરચનાઓ હોવા છતાં તેમાં વિષયવૈવિધ્ય સારા પ્રમાણમાં જોવા મળે છે. "સર્વમાન્ય ધર્મ" કે "સામાન્ય મનોરથ" જેવાં સર્વને લાગુ પડતાં પદ્યો છે; ભક્તિ, બ્રહ્મચર્ય વગેરેનો મહિમા બતાવતાં પદ્યો પણ છે, અને "અમૂલ્ય તત્ત્વવિચાર", "પૂર્ણમાલિકા મંગળ" જેવાં તત્ત્વવિચારણાનું નિરૂપણ કરતાં કાવ્યો પણ છે. એ જ રીતે છંદમાં પણ ઠીક ઠીક વિવિધતા જોવા મળે છે. શ્રીમદ્દે મનહર, ઉપજાતિ, તોટક, ચોપાઈ, દોહરો આદિનો ઉપયોગ કરેલો જોવા મળે છે. અને તે સર્વમાં સામાન્ય રીતે છૂટ નથી લીધી તેમ કહી શકાય. આ પદ્યરચનાઓમાં પંક્તિસંખ્યા પણ જુદી જુદી છે. ઓછામાં ઓછી ૮ પંક્તિથી શરૂ કરી ૩૨ પંક્તિ સુધીની રચના "મોક્ષમાળા"માં જોવા મળે છે. "અમૂલ્ય તત્ત્વવિચાર" કે "પૂર્ણમાલિકા મંગળ" જેવાં શ્રીમદ્દની વિચારશક્તિ, કવિત્વશક્તિ આદિનો પરિચય કરાવનાર કાવ્યો સાથે "ભક્તિનો ઉપદેશ" જેવાં સામાન્ય

૬૬. આ કાવ્યનો આ પ્રકારનો વિશેષાર્થ શ્રી ભોગીલાલ ગિ. શેઠે પણ તેમના "આત્મસિદ્ધિ-શાસ્ત્ર" પરના વિવેચનના અંતભાગમાં કર્યો છે.

કોટિનાં પદ્યો પણ મળે છે. આમ "મોક્ષમાળા"ની પદ્યરચનાઓમાં કવિત્વનું એકસરખું ધોરણ જોવા મળતું નથી તેમ કહી શકાય — જોકે શ્રીમદ્‌નું ધ્યેય કવિત્વનું નહિ પણ ઉપદેશનું જ છે એ આપણે એમની પદ્યરચનાઓનું મૂલ્યાંકન કરતી વખતે ભૂલવું ન જોઈએ.

## "મોક્ષમાળા"માં જૈનધર્મથી અન્યૂનાધિકપણું

"મોક્ષમાળા"માં મોક્ષમાર્ગનો ઉપદેશ છે. અને તેમાં જૈનધર્મથી કંઈ પણ ન્યૂનાધિક કહ્યું નથી તેવો શ્રીમદ્‌નો અભિપ્રાય સત્ય હતો તે પણ આપણે અહીં જોઈ શકીશું.

"શ્રી તત્ત્વાર્થસૂત્ર"નાં વચન "सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः" અનુસાર શ્રીમદ્દે "મોક્ષમાળા"ના પાઠો યોજ્યા છે તે આપણે જોયું. વળી, આ બધા પાઠોમાં જૈનધર્મના મહત્ત્વના સિદ્ધાંતોનું તથા જૈનધર્મની ક્રિયાઓનું નિરૂપણ શાસ્ત્રીય આધાર સાથે કર્યું છે. અહીં જ્ઞાન તથા ક્રિયા બંનેનો સમન્વય તેમણે સાધ્યો છે. અને મોક્ષમાર્ગનો બોધ કરવા માટે તેનાં ત્રણે અંગો તેમણે વિવિધ રીતે સમજાવ્યાં છે, તે આપણે જોયું. મુનિ શ્રી હર્ષચંદ્રજી લખે છે કે:—

> "૧૦૮ શિક્ષાપાઠ સુધી પોતાના અભ્યાસાનુસાર — વિચારાનુસાર અને અનુભવ પ્રમાણે વીતરાગ પ્રવચનને સારી પદ્ધતિમાં તેઓ વાંચનાર પ્રતિ પ્રબોધે છે ને સંભળાવે છે. વાચક એક પછી એક ક્રમવાર શિક્ષાપાઠને ધ્યાનપૂર્વક વાંચે તો અવશ્ય જૈન-દર્શનનાં તત્ત્વોને પામી શકે."[૬૭]

"મોક્ષમાળા'ના પાઠ વાંચીએ તે વખતે જૈનધર્મ પ્રત્યેની તેમની વિશેષ પ્રીતિ પ્રત્યક્ષ થાય છે. સામાયિક, પ્રતિક્રમણ, નવકારમંત્ર વગેરે જૈનધર્મનાં તત્ત્વોની તેમણે વિસ્તૃત સમજણ આપી છે. વળી, કથા અને દૃષ્ટાંતો પણ જૈન કથાસાહિત્યમાંથી લીધાં છે, એટલું જ નહિ, પાછળના "તત્ત્વાવબોધ"ના પાઠોમાં અન્ય ધર્મો કરતાં જૈનધર્મની કઈ વિશેષતા છે તે પણ તેમણે સમજાવ્યું છે. જૈનધર્મ પ્રત્યેની તેમની કેવી ભક્તિ હતી તેનો ખ્યાલ તેમનાં નીચેનાં વચનો પરથી આવી શકશે:—

> "જે મધ્યવયના ક્ષત્રિયપુરુષે જગત્ અનાદિ છે એમ બેધડક કહી કર્તાને ઉડાડ્યો હશે, તે પુરુષે શું સર્વજ્ઞતાના ગુપ્ત ભેદ વિના કર્યું હશે?"[૬૮]

> "બાકીના સર્વ ધર્મમતોના વિચાર જિનપ્રણીત વચનામૃતસિંધુ આગળ એક બિંદુરૂપ પણ નથી, જૈન જેણે જાણ્યો અને સેવ્યો તે કેવળ નીરાગી અને સર્વજ્ઞ થઈ જાય છે. એના પ્રવર્તકો કેવા પવિત્ર પુરુષો હતા! એના સિદ્ધાંતો કેવા અખંડ, સંપૂર્ણ અને દયામય છે? એમાં દૂષણ કંઈ જ નથી. કેવળ નિર્દોષ તો માત્ર જૈનનું દર્શન છે. એવો એક્કે પારમાર્થિક વિષય નથી કે જે જૈનમાં નહિ હોય, અને એવું

૬૭. "શ્રીમદ્ રાજચંદ્ર વિચાર નિરીક્ષણ", પૃ. ૩.

૬૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૨૩.

એક્કે તત્ત્વ નથી કે જે જૈનમાં નથી. એક વિષયને અનંતભેદે પરિપૂર્ણ કહેનાર તે જૈન દર્શન છે પ્રયોજનભૂતતત્ત્વ એના જેવું ક્યાંય નથી. એક દેહમાં બે આત્મા નથી, તેમ આખી સૃષ્ટિમાં બે જૈન એટલે કે જૈનની તુલ્ય એકે દર્શન નથી. આમ કહેવાનું કારણ શું ? તો માત્ર તેની પરિપૂર્ણતા, નીરાગીતા, સત્યતા અને જગતહિતસ્વીતા."[૬૯]

જૈન પ્રતિ આવી ભક્તિ હોવા છતાં શ્રીમદ્‌ને અન્ય ધર્મ પ્રતિ કોઈ જાતનો દ્વેષ ન હતો. અન્ય ધર્મોની અપૂર્ણતા પણ તેઓ મધ્યસ્થતાથી બતાવતાં લખે છે કે :—

"અન્ય પ્રવર્તકો પ્રતિ મારે કંઈ વૈરબુદ્ધિ નથી કે મિથ્યા એનું ખંડન કરું. બંનેમાં હું તો મંદમતિ મધ્યસ્થરૂપ છું. બહુ બહુ મનનથી અને મારી મતિ જ્યાં સુધી પહોંચી ત્યાં સુધીના વિચારથી હું વિનયથી એમ કહું છું કે પ્રિય ભવ્યો ! જૈન જેવું એક્કે પૂર્ણ દર્શન નથી, વીતરાગ જેવો એક્કે દેવ નથી."[૭૦]

"તમને જે ધર્મતત્વ કહેવાનું છે, તે પક્ષપાત કે સ્વાર્થબુદ્ધિથી કહેવાનું મને કંઈ પ્રયોજન નથી ..વારંવાર હું તમને નિર્ગ્રંથનાં વચનામૃતો માટે કહું છું, તેનું કારણ તે વચનામૃતો તત્ત્વમાં પરિપૂર્ણ છે, તે છે."

શ્રીમદ્‌નાં ઉપરનાં વચનોમાં શ્રી હરિભદ્રાચાર્યના નીચે જણાવેલા શ્લોકનું પ્રતિબિંબ જોઈ શકાશે :

"पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥"[૭૧]

જે વયે શ્રીમદ્દે ઉપરનાં વચનો લખ્યાં તે વયે હરિભદ્રાચાર્યનો આ શ્લોક તેમના જાણવામાં ન પણ આવ્યો હોય, છતાં તત્ત્વમાં વિચારશ્રેણીમાં, વિચાર-ઉચ્ચારમાં સમર્થ તત્ત્વજ્ઞાનીઓ કેવા મળતા થાય છે તેનું આ ઉદાહરણ ગણી શકાય. અને જો તે જાણમાં હોય તોપણ હરિભદ્રાચાર્યનાં ઉપરના ગંભીર આશયને કેટલી સરળતાથી તેમણે ઉતાર્યો છે, તે હકીકત પણ તેમની શક્તિ સૂચવે છે.

આમ "મોક્ષમાળા"માં પ્રત્યેક વસ્તુનું પ્રતિપાદન કે ખંડન, શ્રીમદ્દે જૈન ધર્મના સિદ્ધાંતો અનુસાર જ કર્યું છે. અર્થાત્ બીજી રીતે કહીએ તો "મોક્ષમાળા" જૈનધર્મની સરળ ભાષામાં ટૂંકી માહિતી આપનાર ગ્રંથ તરીકે એક સીમાચિહ્નરૂપ બની રહે તેવું પુસ્તક છે.

## "મોક્ષમાળા"નું બાલાવબોધપણું

શાસ્ત્રનો અભ્યાસ ન કરી શકે તેવા બાળકરૂપ જીવોના કલ્યાણાર્થે આ "મોક્ષમાળા" લખાયેલી છે તેવો ઉલ્લેખ શ્રીમદ્દે તેની "શિક્ષણપદ્ધતિ" અને "મુખમુદ્રા"માં કર્યો છે. અને તેઓએ આ ઉદ્દેશને સફળતાથી પાર પાડયો છે તેમ આપણે અવશ્ય કહી શકીશું.

૬૯, ૭૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૨૫.
૭૧. "લોકતત્ત્વનિર્ણય", શ્લોક ૩૮.

"મોક્ષમાળા"માં શ્રીમદ્દે જે પાઠ રચ્યા છે તેનું કદ નાનું છે; બે ત્રણ પાનાથી મોટો એક પણ પાઠ જોવા મળતો નથી; એટલું જ નહિ પણ ક્યારેક લંબાણ વધે તેવું લાગે તો એક જ વિષયને કે કથાને તેમણે બે કે તેથી વધુ પાઠમાં વિભક્ત કરેલ છે. "ભિખારીનો ખેદ", "કપિલ મુનિ", "સુખ વિશે વિચાર", "અનાથી મુનિ" વગેરે કથા માટે, અને "સદ્ગુરુતત્ત્વ", "જિનેશ્વરની ભક્તિ", "સંસારને ચાર ઉપમા", "સામાયિક વિચાર", "જ્ઞાન સંબંધી બે બોલ", "તત્ત્વાવબોધ" વગેરે તત્ત્વની વાત જણાવતા પાઠો માટે એકથી વધુ પાઠોની યોજના તેમણે કરી છે.

"મોક્ષમાળા"માં જૈનધર્મ અને તેના સિદ્ધાંતો વિશે મુખ્યત્વે વાત આવે છે, તેમ છતાં ધર્મના પારિભાષિક શબ્દોનો તેમણે શક્ય તેટલો ઓછો ઉપયોગ કર્યો છે. અને જીવે શું કરવું જોઈએ તે તેમણે રોજના મહાવરાની ભાષા દ્વારા જ બતાવ્યું છે અને જ્યારે જ્યારે પારિભાષિક શબ્દો વાપરવાનો પ્રસંગ પડ્યો છે ત્યારે ત્યારે તેના અર્થને બતાવવાની તત્પરતા પણ શ્રીમદ્દે રાખી છે. પ્રત્યાખ્યાન, સામાયિક, પ્રતિક્રમણ, અનાનુપૂર્વિ વગેરે વિશેના પાઠ વાંચતાં તે જોઈ શકાશે.

કોઈ પણ સામાન્ય જીવને ખૂબ જ આકર્ષણ કરનાર તત્ત્વ તે કથા છે. તેથી સામાન્ય માણસને કેટલાક સિદ્ધાંતોની પ્રતીતિ કરાવવા તેમણે કથાઓ અને દૃષ્ટાંતોનો છૂટથી ઉપયોગ કર્યો છે. આ પુસ્તકના પાંચમા ભાગ ઉપરાંતના પાઠમાં આપણને કથા કે દૃષ્ટાંત જોવા મળે છે. જીવની અશરણતા સમજાવવા "અનાથી મુનિ"ની કથા, માનની અનર્થતા સમજાવવા "બાહુબળ"ની તથા "સનત્કુમાર ચક્રવર્તી"ની કથા, તૃષ્ણા, રાગ, અસત્ય આદિના સેવનથી થતું નુકસાન બતાવતી "કપિલ મુનિ", "ગૌતમ સ્વામી", તથા "વસુરાજા"ની કથા તેમણે આપી છે; તો ધર્મદૃઢતા અને શીલનું માહાત્મ્ય બતાવવા "કામદેવ શ્રાવક" અને "સુદર્શન શેઠ"નાં દૃષ્ટાંતો આપ્યાં છે. આવાં દૃષ્ટાંતો દ્વારા જ વિનય, ક્ષમા, ચારિત્ર, સત્ય વગેરે ગુણોની મહત્તા અને રાગ, માન, અસત્ય, તૃષ્ણા વગેરેની અનર્થતા તેમણે બતાવી છે. તેથી વાચકને દરેકની યથાર્થતા જલદી સમજાય તે સ્વાભાવિક છે.

આ ઉપરાંત કેટલાક સિદ્ધાંતોની સમજણ આપવા માટે તેમણે સંવાદોની કે સુવાક્યોની રચના પણ કરી છે, જે વાંચવામાં વધુ સુગમ રહે છે. પિતાપુત્રના સંવાદ દ્વારા ગુરુમાહાત્મ્ય, "સત્ય" અને "જિજ્ઞાસુ"ના સંવાદ દ્વારા ભક્તિમાહાત્મ્ય આદિ દર્શાવ્યાં છે. કેટલીક વખત પ્રશ્નોત્તરરૂપી કે શંકાસમાધાનરૂપી રચનાઓ પણ કરી છે. આમ વાચકને મનમાં નવા નવા પ્રશ્નો ન ઉદ્ભવે તે રીતે તેમણે નવા નવા સિદ્ધાંતો સમજાવ્યા છે.

કથા કે સંવાદરૂપે સિદ્ધાંત રજૂ ન થયો હોય તેવા પાઠોમાં પણ પોતે જાણે વાચક સાથે વાત કરતા હોય તે જાતની રચના કરી છે. ગુરુ પોતાના શિષ્યને સામે બેસાડીને સમજણ આપતા હોય તે જાતની છાપ "ખરી મહત્તા", "સત્સંગ", "પ્રત્યાખ્યાન" આદિ પાઠ વાંચતાં પડે છે. આ જાતની શૈલી પણ બાળકોમાં વિશેષ પ્રિય બને છે.

"મોક્ષમાળા"ની ભાષા પણ ખૂબ સરળ છે, વાક્યો પણ નાનાં નાનાં છે. કાવ્યો પણ એટલાં જ સરળ છે. માર્ગ પામેલો જીવ તેમાંથી ખૂબ તત્ત્વ માણી શકે તેમ હોવા છતાં

સામાન્ય જનને ભાવાર્થ પૂરતો સમજાય તેટલાં સરળ છે. તેમાં ક્યાંયે ક્લિષ્ટતા નજરે ચડતી નથી. પાઠના વિષયને સૂચવતાં સરળ શીર્ષકો પણ તેમણે યોજ્યાં છે; ઉદાહરણ તરીકે "વિનય વડે તત્ત્વની સિદ્ધિ છે", "ઉત્તમ ગૃહસ્થ", "પ્રમાદ", "મહાવીર શાસન" વગેરે. ગંભીર વિચારણાને લગતા પાઠો તેમણે છૂટાછવાયા મૂકી દીધા છે; અર્થાત્ વચ્ચે વચ્ચે કથા, સંવાદ વગેરેના પાઠોની યોજના કરી છે, જેથી વાચકનો વાચનરસ જળવાઈ રહે.

"મોક્ષમાળા"માં રહેલા આ બધા ગુણોને લીધે તેનું "બાલાવબોધ" એવું વિશેષણ સાર્થક થાય છે. "મોક્ષમાળા" અને "ભાવનાબોધ"ની શૈલી વિશે દી. બ. કૃષ્ણલાલ ઝવેરીએ વિ. સં. ૧૯૯૬ની કાર્તકી પૂનમે, શ્રીમદ્ રાજચંદ્ર જયંતી નિમિત્તે, પ્રમુખપદેથી કહ્યું હતું કે :—

> "આ બંને ગ્રંથની શૈલી તથા તેમાં વર્ણવેલાં સૂત્રો તથા સત્ય દર્શાવવાની ધાટી બહુ જ સ્તુત્ય છે. ભાષા, વિષય પ્રૌઢ તથા ગહન હોવા છતાં, બહુ જ સરળ અને સચોટ છે. તેમ જ પોતાના સિદ્ધાંત સમજાવવાની શૈલી પણ બહુ જ અનુકરણીય છે."૭૨

૧૭ વર્ષની નાની વયમાં પણ શ્રીમદ્‌માં કેટલું વિવેકજ્ઞાન હતું તેનો પરિચય આપણને આ પુસ્તક વાંચતાં થાય છે. બહારથી પૈસા એકઠા કરીને "મોક્ષમાળા"ની પહેલી આવૃત્તિ પ્રગટ થઈ હતી, તે વખતે મુદ્રણદોષો પણ ઘણા રહી ગયા હતા. તે બધા બીજી આવૃત્તિમાં સુધારી લેવામાં આવ્યા. બીજી આવૃત્તિનું છાપકામ લગભગ વિ. સં. ૧૯૫૬માં, શ્રીમદ્‌ની હયાતીમાં ચાલુ થયું હતું. આ આવૃત્તિ અંગેનું કામકાજ કરતા શ્રી મનસુખભાઈ કિરતચંદ મહેતાને તેમણે સૂચના કરી હતી કે :—

> "મોક્ષમાળા"માં શબ્દાંતર અથવા પ્રસંગ વિશેષમાં કંઈ વાક્યાંતર કરવાની વૃત્તિ થાય તે કરશો. ઉપોદ્‌ઘાત આદિ લખવાની વૃત્તિ હોય તે લખશો. જીવનચરિત્રની વૃત્તિ ઉપશાંત કરશો.૭૩

આ સૂચના અનુસાર બીજી આવૃત્તિમાં લગભગ ૫૦ જગ્યાએ શબ્દ કે શબ્દસમૂહમાં ફેરફાર કરવામાં આવ્યો હતો, પણ ક્યાંયે જુદા ભાવાર્થની રચના થઈ હોય તેવું થયું ન હતું; અને આ ફેરફારો ઘણા નાના ગણી શકાય તેવા છે.૭૪ આ આવૃત્તિ શ્રીમદ્‌ની નજર તળેથી એક વખત નીકળી ગઈ હતી — જોકે તે પ્રગટ તો, તેમના અવસાન બાદ, વિ. સં. ૧૯૫૮માં થઈ હતી. આ ઉપરાંત શ્રીમદ્દે બીજી કેટલીક સૂચનાઓ પણ તેમને કરી હતી, જેમાં શ્રીમદ્‌ની કેળવણીકાર તરીકેની દૃષ્ટિ દેખાય છે. જુઓ :—

---

૭૨. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૮૨.

૭૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૪૮.

૭૪. આ બધાં પાઠાંતરો "શ્રીમદ્ રાજચંદ્ર"ની પરમશ્રુત પ્રભાવક મંડળની પાંચમી આવૃત્તિના બીજા ભાગમાં, છઠ્ઠા ખંડમાં આપવામાં આવ્યાં છે.

"ઉપોદ્ઘાતથી વાચકને, શ્રોતાને, અલ્પ અલ્પ મતાંતરની વૃત્તિ વિસ્મરણ થઈ જ્ઞાની પુરુષોના આત્મસ્વભાવરૂપ પરમધર્મનો વિચાર કરવાની સ્ફુરણા થાય એવો લક્ષ સામાન્યપણે રાખશો. સહજ સૂચના છે."...૭૫

"ફરી આવૃત્તિ અંગે સુખ ઊપજે તેમ પ્રવર્તો. કેટલાંક વાક્ય નીચે લીટી દોરી છે, તેમ કરવા જરૂર નથી, શ્રોતા-વાચકને બનતાં સુધી આપણા અભિપ્રાયે ન દોરવા લક્ષ રાખવું. શ્રોતા-વાચકમાં પોતાની મેળે અભિપ્રાય ઊગવા દેવો. સારાસાર તોલ કરવાનું વાંચનાર – શ્રોતાના પર છોડી દેવું. આપણે તેમને દોરી તેમને પોતાને ઊગી શકે તેવા અભિપ્રાયને થંભી ન દેવો."૭૬

જૈનધર્મની ટૂંકી માહિતી આપતા આ ગ્રંથ વિશે શ્રી બ્રહ્મચારીજી "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા"માં લખે છે કે :—

"એક પ્રૌઢ કેળવણીકાર જેમ પોતાની પહેલાંના જમાનાનો વિચાર કરી પૂર્વે થઈ ગયેલા કેળવણીકારોનો અનુભવ લક્ષમાં લઈ, પોતાના જમાનાની જરૂરિયાતો તથા ભાવિ જમાનાની જરૂરિયાતો ઉપર પહોંચે તેટલી દીર્ઘદૃષ્ટિ મૂકી, માનવ-સ્વભાવને લક્ષમાં લઈને માર્ગદર્શક ગ્રંથો ગૂંથે તથા શિક્ષણપદ્ધતિ યોજે, તેથી પણ વિશેષ યોગ્યતા દીર્ઘદૃષ્ટિથી શ્રીમદ્દે મોક્ષમાળાની યોજના વિચારી તેની શરૂઆત કરી છે."૭૭

આમ અહીં શ્રી બ્રહ્મચારી ગોવર્ધનદાસજી "મોક્ષમાળા"માં શ્રીમદ્દે વાપરેલી દીર્ઘદૃષ્ટિનો નિર્દેશ કરે છે.

અંતમાં શ્રી જગદીશચંદ્ર શાસ્ત્રીએ કરેલા "શ્રીમદ્ રાજચંદ્ર"ના હિંદી અનુવાદમાં "મોક્ષમાળા" વિશે આપેલો અભિપ્રાય જાણવો યોગ્ય ગણાશે. તે ગ્રંથની પ્રસ્તાવનામાં તેમણે લખ્યું છે કે :—

"इसमें सन्देह नहीं कि मोक्षमाला राजचंद्रजीकी एक अमर रचना है। इससे उनकी छोटीसी अवस्थाकी विचारशक्ति, लेखनकी मार्मिकता, तर्कपटुता और कवित्वकी प्रतिभाका आभास मिलता है। जैनधर्मके अन्तस्तलमें प्रवेश करनेके लिए वह एक भव्य द्वार है। जैनधर्मके खास खास प्रारंभिक समस्त सिद्धांतोंका इसमें समावेश हो जाता है।"७८

૭૫. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૪૮.

૭૬. એજન, પૃ. ૬૭૧.

૭૭. "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા", આવૃત્તિ, પૃ. ૩૩.

૭૮. રાજચંદ્ર જૈન શાસ્ત્રમાલા, "શ્રીમદ્ રાજચંદ્ર", પ્રસ્તાવના, પૃ. ૩૫.

પ્રકરણ ૪

# પ્રકીર્ણ રચનાઓ

**શ્રીમદ્દે તેમની વીસ વર્ષની** વય પહેલાં "ભાવનાબોધ" અને "મોક્ષમાળા" એ બે ગદ્યકૃતિઓ ઉપરાંત કેટલીક ગદ્ય તેમજ પદ્ય એમ બંને પ્રકારની કૃતિઓની રચના કરેલી છે. તેમાં કેટલીક કૃતિઓ પૂર્ણ સ્વરૂપમાં મળે છે, તો કેટલીક અપૂર્ણ સ્વરૂપમાં ઉપલબ્ધ થાય છે. તેમની પદ્યકૃતિઓમાં "સ્રીનીતિબોધક વિભાગ ૧", ધર્મેતર તથા ધર્મને લગતી લગભગ ૨૨ જેટલી રચનાઓ તથા અવધાન સમયે થયેલી લગભગ ૪૦ જેટલી રચનાઓનો સમાવેશ થાય છે. આ સાથે "ભાવનાબોધ" અને "મોક્ષમાળા"ની પદ્યરચનાઓને પણ ઉમેરી શકાય. તેમની ગદ્યકૃતિઓમાં "રત્નકરંડશ્રાવકાચાર"માંથી અનુવાદ "દ્વાદશાનુપ્રેક્ષા", "ઉત્તરાધ્યયનસૂત્ર"ના ૩૬મા અધ્યયનમાંથી અનુવાદ "જીવાજીવવિભક્તિ", "મુનિ-સમાગમ" નામનો લેખ, "સ્વરોદયજ્ઞાન" પરની ટીકા, "નવતત્ત્વ પ્રકરણ"ની એક ગાથા પરની ટીકા, "જીવતત્ત્વ – સંબંધી વિચાર" વગેરેનો સમાવેશ થાય છે. "ભાવનાબોધ" અને "મોક્ષમાળા" સિવાયની આ બધી કૃતિઓ અપૂર્ણ સ્વરૂપમાં મળે છે. આ ઉપરાંત "પુષ્પમાળા", "સાતસો મહાનીતિનાં વાક્યો", "વચનામૃત", "બોધ વચનો" વગેરે જુદાં જુદાં શીર્ષક નીચે લગભગ ૧૨૦૦ જેટલાં નીતિવચનો મળે છે.

તે બધા વિશે આપણે જોઈએ.

## સ્રીનીતિબોધક વિભાગ ૧

શ્રીમદ્દની સોળ વર્ષની ઉંમર પહેલાં લખાયેલું અને વિ. સં. ૧૯૪૦માં પ્રગટ થયેલું આ પદ્યકૃતિઓનું પુસ્તક છે. આ પુસ્તક આજે તે જ સ્વરૂપમાં ઉપલબ્ધ નથી, પરંતુ તેની બધી રચનાઓ આપણને "સુબોધસંગ્રહ" નામના પુસ્તકમાં મળે છે. "સુબોધસંગ્રહ"માં "સ્રીનીતિબોધક વિભાગ ૧" મૂળની શ્રીમદ્દની પ્રસ્તાવના સહિત આપ્યો છે, તે ઉપરાંત શ્રીમદ્દનાં અવધાન સમયે રચાયેલાં કાવ્યો તેમ જ બીજાં કેટલાંક કાવ્યો પણ તેમાં આપવામાં આવ્યાં છે. તે વિશે "સુબોધસંગ્રહ"ની પ્રસ્તાવનામાં તેના સંપાદક બ્રહ્મચારી ગોવર્ધનદાસજી લખે છે કે :—

> "દસબાર વર્ષથી તે માસિકોમાં લેખો મોકલતા, તથા અવધાન કરતા તે વિશે કોઈ કોઈ પત્રોમાં છપાતું. તે તે માસિકો આદિમાંથી જે સંગ્રહ થઈ શક્યો તે આ "સુબોધસંગ્રહ"માં છપાવ્યો છે. "સ્રીનીતિબોધક" પુસ્તક તેઓની હયાતીમાં જ છપાઈ ગયું હતું તેથી તેની પ્રસ્તાવના સહિત આમાં છાપ્યું છે."[1]

---

૧. "સ્રીનીતિબોધક" વિભાગ ૧, પ્રસ્તાવના.

આ પુસ્તકમાં ઈશ્વરભજન, સ્ત્રીકેળવણી, સંસારસુધારો વગેરે વિશે તત્કાલીન લોકોમાં પ્રચલિત દેશીઓમાં બોધક ગરબીઓ આપી છે. એટલે કે આ બધી ગરબીઓ "ઓધવજી સંદેશો કહેજો શ્યામને...", "અંતકાળે સગું નહિ કોઈ રે...", "પ્રેમની પ્રેમની પ્રેમની રે...", "રંગતાળી રંગતાળી રંગતાળી કે રંગમાં રંગતાળી...", "મા! તું પાવાની પટરાણી...", "મા પાવા તે ગઢથી ઊતર્યાં..." વગેરે લોકપ્રચલિત દેશીઓમાં રચાયેલી છે.

આ ગરબીઓમાં વિષય અનુસાર ચાર વિભાગ પાડવામાં આવ્યા છે. પહેલા વિભાગમાં પરમેશ્વરને પ્રાર્થના, પરમેશ્વરની લીલા, દેહની ક્ષણભંગુરતા, ઉદ્યમ વગેરે વિશે ગરબીઓ છે. બીજા વિભાગમાં વિદ્યા, કેળવણી, ગ્રંથવાચન, સદુપદેશ વગેરે પર શિખામણરૂપ ગરબીઓ છે. ત્રીજા વિભાગમાં સત્ય, સુનીતિ, સદાચાર વગેરે વિશે ગરબીઓ છે, અને ચોથા વિભાગમાં સુલક્ષણા નારી વિશે તથા તેને અપાયેલા ઉપદેશ વિશે રચના છે. ચોથા વિભાગમાં માત્ર બે જ રચનાઓ મળે છે.

"સ્ત્રીનીતિબોધક"ના મુખપૃષ્ઠ ઉપર ભુજંગી છંદમાં એક કડી આપી છે, જે સ્ત્રીકેળવણીની સૂચના કરે છે :—

"થવા દેશ આબાદ સૌ હોંશ ધારો,
ભણાવી ગણાવી વનિતા સુધારો;
થતી આર્યભૂમિ વિશે જેહ હાનિ,
કરો દૂર તેને તમે હિત માની."

તે પછી સંસારસુધારાની પ્રેરણારૂપે મનહર છંદમાં સ્ત્રીકેળવણી વિશે લખ્યું છે :—

"કુધારે કરેલો બહુ, હુમલો હિમ્મત ધરી,
વધારે વધારે જોર, દરશાવિયું ખરે,
સુધારાની સામી જેણે, કમર છે કસી હસી,
નિત્ય નિત્ય કુસંપ જે, લાવવા ધ્યાન ધરે,
તેને કાઢવાને તમે, નાર કેળવણી આપો,
કુચાલો નઠારા કાઢો, બીજા જે બહુ નડે,
'રાયચંદ' પ્રેમે કહે, સ્વદેશી સુજાણ જનો,
દેશહિત કામ હવે, કેમ નહિ આદરે?"

આમ સંસારસુધારાની તરફેણ કર્યા પછી આ પુસ્તકની નાની છતાં સુંદર પ્રસ્તાવના શ્રીમદ્દે લખી છે. તેમાં સ્ત્રીકેળવણીના વધવા સાથે વાંચવાનો પણ શોખ વધે તે માટે સારા પુસ્તકો લખવાની વિદ્વાનોને વિનંતી કરતાં તેઓ લખે છે કે :—

"આપણા ભરતખંડમાં હાલ સ્ત્રીકેળવણીનો સારો પ્રસાર થતો જાય છે. તેમ જ વળી વાંચવાનો શોખ પણ વધતો જાય છે; જેથી કરીને સ્ત્રીઓને વાંચવા લાયક

પુસ્તકો પ્રસિદ્ધ થવાની ઘણી અગત્ય છે. અને એ વિશે સર્વ સ્વદેશહિતેચ્છુઓ ધ્યાનમાં લેશે."[2]

તે પછી જૂના વિચારના લોકો તરફથી સ્ત્રીકેળવણી સામે મુકાતા આક્ષેપો દૂર કર્યા છે અને સ્ત્રીઓને વાંચવા યોગ્ય કેટલાંક પુસ્તકોનાં નામ આપતાં તેઓ લખે છે કે:—

"વળી વહેમી અને અજ્ઞાની લોકો પણ એમ જ કહે છે કે જો સ્ત્રીઓને ભણાવીએ તો તેઓ બગડી જાય, પણ એ વિચાર જ અજ્ઞાનતા દર્શાવે છે. પૂરી કેળવણી વિના અબળા ક્યાંથી સુધરે ?"

"સ્ત્રીનીતિધર્મ, હૈવજ્ઞદર્પણ, ભૂતનિબંધ, પાર્વતીકુંવરાખ્યાન, સંસારસુખ, નીતિવચન વગેરે સારાં સારાં સુનીતિદર્શક પુસ્તકો વાંચવામાં આવે તો અનીતિનો પ્રસાર ન થાય. માટે સ્ત્રીઓને પૂરી કેળવણી આપવી જોઈએ. એવી મારી સ્વદેશીઓને નમ્રતાપૂર્વક ભલામણ છે."[3]

આ વચનોમાં આપણને શ્રીમદ્‌ની વિચારશક્તિનો પરિચય થાય છે. તેઓ સ્ત્રીઓ ન સુધારવાના કારણમાં બાળલગ્ન, કજોડાં અને વહેમ કે અજ્ઞાન ગણાવે છે, જે હિંદના સર્વ વિચારકોનો પણ મત છે. તેમના સમયમાં થયેલા સુધારાના હિમાયતીઓ તથા અન્ય સર્વને બાળલગ્નની અનિષ્ટતા વિચારવા તેઓ ભારપૂર્વક ભલામણ કરે છે, અને તે સુધારા કરવામાં તેઓ સાહિત્ય દ્વારા પોતાનો ફાળો આપવા માગતા હતા તે, એમણે કરેલી આ પુસ્તકની યોજનામાંથી આપણે જાણી શકીએ છીએ. તેઓ લખે છે કે:—

"આ પુસ્તકમાં સ્ત્રીઓને ઉપયોગી થાય તેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પુસ્તકના મારે ત્રણ ભાગ કરવાના છે. તેમાંનો આ પહેલો ભાગ બહાર પડ્યો છે. અને મદદ મળશે તો આ પુસ્તકના બીજા બે ભાગ પણ યોગ્ય વખતે બહાર પાડીશ. થોડી કિંમત રખાય અને ઘણાને લાભ લેવાનું બની આવે તેટલા માટે આ વિચાર કર્યો છે."[4]

આ પુસ્તકના બીજા બે ભાગ લખાયા કે છપાયા નથી, પણ શ્રીમદ્‌નો તેમ કરવાનો વિચાર હતો તે આપણે ઉપરના અવતરણમાં જોઈ શકીએ છીએ. વળી, થોડી કિંમતે ઘણા લાભ લઈ શકે એ હેતુએ આ પ્રથમ વિભાગ તેમણે ચાર આનાની કિંમતે પ્રસિદ્ધ કર્યો હતો.

સંસારસુધારાના એક સ્વરૂપ "સ્ત્રીકેળવણી" વિશે શ્રીમદ્‌ે આ પુસ્તકમાં વિચારણા કરેલી છે. તેમાં સ્ત્રીઓમાં સદાચાર, નીતિ, નમ્રતા આદિ ગુણો ખીલવવા વિશેની વિચારણા તેમણે સોળ વર્ષની લઘુ વયે કરેલી છે. સુખ અને શાંતિ પ્રાપ્ત કરવા માટે આ બધા ગુણોની

૨. "સુબોધસંગ્રહ", પૃ. ૭.

૩-૪. એજન, પૃ. ૮.

આવશ્યકતા બતાવતા આ પુસ્તકમાં શ્રીમદ્દે તે પ્રાપ્ત કરવા માટેની રીતનો વિચાર પણ કરેલો જોવા મળે છે. આના પહેલા પગથિયારૂપે તેઓ ઈશ્વરમાં શ્રદ્ધા તથા પાપના ડરને સ્વીકારે છે. તેથી તો તેને લગતી ગરબીઓ તેઓ આરંભમાં જ આપે છે. એ જ રીતે ઉદ્યમને પણ તેઓ એટલું જ મહત્ત્વ આપે છે. ઉદ્યમથી બેવડો લાભ થાય છે: જે કાર્ય થાય તે, અને એ સમયે નિંદા આદિ કુસંગથી બચાય તે. "નવરા બેસનાર નખોદ વાળે" એ કહેતી સાચી ન પડે તે માટે તેમણે કંઈ ને કંઈ સારો ઉદ્યમ કરવાની ભલામણ આ પુસ્તકમાં કરી છે. જ્ઞાનને પણ તેમણે એક આવશ્યક અંગ ગણ્યું છે. વિવેકજ્ઞાન હોય તો જ સાચા ગુણો ખીલી શકે છે તે તેમના ધ્યાનમાં હોવાથી જ્ઞાનનાં જુદાં જુદાં પાસાંને લગતી લગભગ સાત જેટલી ગરબીઓ તેમણે રચી છે. અને આ બધા ગુણોથી થતા ફાયદા વિશે પણ તેમણે ઠીક ઠીક ગરબીઓ રચી છે. સારા આચરણના ફાયદા અને ખરાબ આચરણના ગેરફાયદા તેમણે આ ગરબીઓમાં વર્ણવ્યા છે. આ બધી વસ્તુઓ તેમણે કુલ ૨૪ ગરબી અને "સદ્‌બોધશતક"માં વર્ણવેલ છે. અને તે માટે "સ્રીનીતિબોધક વિભાગ ૧"ના ચાર ભાગ પાડ્યા છે.

## ભાગ ૧

આ પુસ્તકના પહેલા ભાગમાં આઠ ગરબીઓ આપવામાં આવી છે. તેમાં ત્રણ ગરબીઓ પરમેશ્વર વિશે, ત્રણ ગરબીઓ ઉદ્યમ વિશે, એક ગરબી ક્ષણભંગુર દેહ વિશે અને એક ગરબી માતાએ પુત્રીને દીધેલી શિખામણ વિશે છે.

પહેલી ગરબી "પરમેશ્વરને પ્રાર્થના" નામે છે. તેમાં ઈશ્વરનાં ગુણગાન કર્યાં છે. ઈશ્વર દયાળુ છે, સુખકર્તા છે, સૃષ્ટિ સરજનહાર છે, કૃપાળુ છે, ઇત્યાદિ ગુણોનો પરિચય તેમાં કરાવ્યો છે. તેમાં ઈશ્વર પાસે પ્રાર્થ્યું છે કે:—

"દેશહિત દયાળુ કરાવ, નમું તને હેતે રે;
જેથી ઊપજે આનંદ ભાવ, નમું તને હેતે રે."

અહીં પણ તેમની દેશહિત કરવાની ભાવના અછાની રહેતી નથી.

બીજી ગરબી "પરમેશ્વરને ભજવા વિશે" છે. તેમાં ઈશ્વરને શ્રદ્ધાપૂર્વક ભજવા જોઈએ, તે વાત કર્તાએ ભારપૂર્વક જણાવી છે. તેને ભજવાથી ગર્વ ગળી જાય છે, મોક્ષ મળે છે, વગેરે ફાયદા થાય છે, તે બતાવી ઈશ્વર કેવા છે તે જણાવતાં તેમાં લખે છે કે: —

"દુઃખ વિદારણ દેવતા, ભજવો તેને નિત્ય;
દામ ન લેશે કોઈ એ, માટે કર એથી પ્રીત.
મારે છે જે ગર્વને, જેના મોટા ઉપકાર;
તેને જ શાણી સ્નેહથી, ભજજે ડાહી તું નાર."[૫]

૫. "સુબોધસંગ્રહ", પૃ. ૧૧.

ત્રીજી ગરબી "પરમેશ્વરની લીલા"માં જગતકર્તા પરમેશ્વરને પૂજવો જોઈએ તે તેમણે બતાવ્યું છે. સુખ મેળવવા તથા દુઃખથી છૂટવા નીતિ આચરવી, સત્ય બોલવું, તથા બાગ, ઝાડ, પર્વત, નદીઓ, દરિયો, પક્ષી, પ્રાણી વગેરેના રચયિતા ઈશ્વરને ભજવા માટે તેમણે આ ગરબીમાં કહ્યું છે.

આ ત્રણે ગરબીઓમાં આપણે જોઈ શકીએ છીએ કે, શ્રીમદ્ જગતકર્તા તરીકે ઈશ્વરને સ્વીકારે છે. તેમની એ માન્યતા "મોક્ષમાળા" તથા "ભાવનાબોધ"ની રચના વખતે નિર્મૂળ થઈ ગઈ હતી. તેમાં તેઓ જગતકર્તા તરીકે ઈશ્વરને સ્વીકારવાથી આવતા દોષોનું પૃથક્કરણ કરતા દેખાય છે, જે માન્યતા તેમના અંતકાળ સુધી ચાલુ રહી હતી. એ પરથી આપણે કહી શકીએ કે આ રચનાઓ તેમની ઘણી નાની વયની હોવી જોઈએ, કે જ્યારે તેમને જગતકર્તામાં શ્રદ્ધા હતી. લગભગ ૧૫ વર્ષ આસપાસથી તો તેમની એ માન્યતા છૂટી ગઈ હતી. તેથી આ રચનાઓ તે પહેલાંની હોય તેમ અનુમાન કરી શકાય.

ચોથી "ક્ષણભંગુર દેહ વિશે"ની ગરબીમાં નાશવંત દેહનો ભરોસો કર્યા વિના ભગવાનની ભક્તિ કરવાનો ઉપદેશ કર્યો છે. રાજા, રાણા, મૂરખ, ડાહ્યા, વૈભવશાળી વગેરે કોઈ કાળથી બચી શકયા નથી, તે બતાવી દેહની ક્ષણભંગુરતા વિચારી પરલોકમાં પણ કામ આવે તેવાં પુણ્ય બાંધવા માટે કર્તા ઈશ્વરને ભજવા કહે છે :—

"અવધ વીત્યેથી જાવું બેની એકલા,
સાથે ન મળે કોઈ તણો સંગાત જો,
ક્ષણભંગુર જાણીને તું તો દેહને,
ભજજે ભાવ ધરી ભગવાન જો."[૬]

આમ સરળ ભાષામાં પરમેશ્વરનું પ્રભુત્વ દર્શાવવા તેને ભજવાનો ઉપદેશ તેમણે આ ગરબીઓમાં આપ્યો છે.

"શાણી માતાએ પુત્રીને દીધેલી શિખામણ" નામની પાંચમી ગરબીમાં સાસરે જતી પુત્રીને સાસરા પક્ષની દરેક વ્યક્તિ સાથે કેમ વર્તવું તે વિશે તેની માતા શિખામણ આપે છે. તેમાં માતા સર્વથી સંપીને ચાલવાની સલાહ, વિવેકથી વર્તવાની સલાહ, ક્રોધ ન કરવાની સલાહ વગેરે શાંતિ મેળવવા માટે ઉપયોગી સલાહ આપે છે. તેમાં પણ વાંચન પર ભાર મૂકતાં તેઓ લખે છે કે :

"વાંચ્યાનું તો કામ હંમેશાં રાખજે,
પતિવ્રતાનો પાળી પુત્રી ધર્મ જો;
વર્ત્યાની રીત વેગે તું સાચવી,
સમજી લેજે ખોટો સાચો ભર્મ જો."[૭]

---

૬. "સુબોધસંગ્રહ", પૃ. ૧૪.

૭. એજન, પૃ. ૧૬.

અહીં તેઓ જીવનમાં વાચનની ઉપયોગિતા સમજાવે છે, તેમાં શ્રીમદ્ સુધારક રૂપે જોવા મળે છે.

"વખત નકામો નહિ ગાળવા વિશે", "ઉદ્યમ વિશે" તથા "ઉદ્યમથી થયેલાં કામો વિશે" એ ત્રણ ગરબીઓમાં ઉદ્યમનો મહિમા બતાવ્યો છે. એક પળ પણ નકામી ન જવા દેવી જોઈએ, વખત તો અમૂલ્ય છે, ગયેલો સમય પાછો મળતો નથી, તેથી સમય મળ્યે સારા ગ્રંથો વાંચવા, ભરત ભરવું વગેરે કંઈ ને કંઈ ઉદ્યમ કરવાની ભલામણ આ ગરબીઓમાં કરી છે.

"વખત નકામો નહિ ગાળવા વિશે"ની ગરબીમાં સમય વિશે કહે છે કે :—

"વખત અમૂલો જાણી લીધો, ઉપયોગ કરો તેનો જ સીધો, અમસ્તી કૂથલી જાવા દો."

ઉદ્યમ કરવાથી જ માનવ સિદ્ધિ પામી શકે છે એવી મતલબના નીચે જણાવેલા સંસ્કૃત શ્લોકનો ભાવ આપણને "ઉદ્યમ વિશે" એ ગરબીમાં જોવા મળે છે :—

"उद्यमेन हि सिद्ध्यन्ति कार्याणि न मनोरथैः ।
न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ॥"[८]

આ ઉદ્યમના મહિમા વિશે શ્રીમદ્ લખે છે કે :—

"ઉદ્યમનો કરનારો ભૂખે નહિ મરે,
ઉદ્યમથી તો સુધરે ડાહી કાજ જો,
ઉદ્યમ કરતાં શું નહિ પામે માનવી ?
કહે પ્રત્યુત્તર તેનો તું તો આજ જો."[૯]

ઉદ્યમ કરવાથી કઈ કઈ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે તે "ઉદ્યમથી થયેલાં કામો વિશે" એ ગરબીમાં જણાવ્યું છે. ઉદ્યમથી તાર, ટપાલ, આગગાડી વગેરે મળ્યાં છે, તેથી તેઓ લખે છે :—

"એમ ઉદ્યમનો પરતાપ, વિશ્વ વખાણે રે,
માટે એ ગણું સુખનો બાપ, સંશય ન આણે રે."[૧૦]

આ રીતે ફુરસદના સમય હોય ત્યારે સ્ત્રીઓએ એ સમય ઈશ્વરભજનમાં, બીજા સારાં વાંચન અને ઉદ્યમમાં ગાળવો જોઈએ, નકામી કૂથલી કરી વખત પસાર કરવાથી બીજાનું પણ અહિત થાય છે તો તેનાથી દૂર રહેવું જોઈએ એવો આ ગરબીઓનો ઉપદેશ છે.

આમ પહેલા વિભાગમાં ઈશ્વરમાં શ્રદ્ધા, ઉદ્યમ, વાંચન વગેરેનું માહાત્મ્ય શ્રીમદ્દે બતાવ્યું છે. તે પછી પહેલો વિભાગ પૂરો થાય છે.

---

૮. "સુબોધસંગ્રહ", પૃ. ૧૭.

૯. એજન, પૃ. ૧૮.

૧૦. એજન, પૃ. ૨૦.

## ભાગ ૨

બીજા ભાગમાં "જ્ઞાન"ને કેન્દ્રમાં રાખીને સાત ગરબીઓ રચાયેલી જોવા મળે છે. તેમાં "વિદ્યા વિશે", "કેળવણી વિશે", "કેળવણીના ફાયદા વિશે", "સુગ્રંથ વાંચવા વિશે" એમ વગેરે વિષયોની સાથે શ્રીમદ્દે "અભણ સ્ત્રીને ધિક્કાર" આપવા વિશે પણ લખ્યું છે. આ વિભાગમાં પણ ભાષાની સરળતા જોવા મળે છે. સાથે સાથે તેની ગેયતા સ્ત્રીઓને વધુ આકર્ષણરૂપ થાય તે સ્વાભાવિક છે. "વિદ્યા અને કેળવણી સંબંધી" ગરબીમાં તેમણે લખ્યું છે કે :—

"વિદ્યા છે સુખરૂપ સારી રે, વિદ્યામાં છે ગુણ બહુ,
એ દિવ્યચક્ષુ દેનારી રે, વિદ્યામાં છે ગુણ બહુ."[૧૧]

આવી દિવ્યચક્ષુ આપનારી વિદ્યા સર્વત્ર સન્માન પામે છે, બધા જ તેને વખાણે છે. અને સમય આવ્યે આ વિદ્યા ખૂબ ઉપયોગી થાય છે, તેથી તેને અવશ્ય પ્રાપ્ત કરવી જોઈએ એમ તેમણે આ ગરબીમાં સમજાવ્યું છે. વિદ્યા લેવાથી કયા કયા ફાયદા થાય છે તે "કેળવણીના ફાયદા" એ ગરબીમાં તેમણે બતાવ્યું છે. કેળવણીને લીધે ઘણા નવા હુન્નર શોધાયા, આળસ છૂટી ગઈ, વહેમોનું ખંડન થયું, તાર, ટપાલ વગેરે મળ્યાં. કેળવણીના પ્રતાપથી અનેક ગરીબો અમીર બની શક્યા, તે વગેરે ફાયદા તેમણે બતાવ્યા છે.

પણ આ કેળવણી ઉપરછલ્લી ન હોવી જોઈએ, કારણ કે પોપટિયા જ્ઞાનનો કોઈ અર્થ નથી, તેથી જે જાણ્યું તેનો વિચાર પણ સમજવો જોઈએ. તેથી કહે છે કે સાચી કેળવણી એ "તન સાથે કેળવણી મનની રે, મન સાથે કેળવણી તન" છે. એ વસ્તુ તેમણે "કેળવણી વિશે"ની ગરબીમાં બતાવી છે. આમ તેમણે કેળવણીનાં જુદાં જુદાં રૂપ જુદી જુદી ગરબીમાં, પણ સાથે સાથે આપ્યાં છે, જેથી અસર વધુ સચોટ બને છે. અને એના જ અનુસંધાનમાં શ્રીમદ્દે "અભણ સ્ત્રીને ધિક્કાર" પણ આપે છે. તેઓ અભણ નારીના હાલ, ભણતરની ઉપયોગિતા તથા તેનું મહત્ત્વ આ ગરબીમાં દર્શાવે છે. પોતાનું હિત કરવા માટે ભણવું જ જોઈએ એવો ભાવ તેમણે અહીં ગૂંથ્યો છે. આમ વાંચવાનું તથા ભણવાનું તો તેમણે કહ્યું, પણ વાંચવું શું ? — એ પ્રશ્ન થાય તો તેના ઉત્તરરૂપે "સુગ્રંથ વાંચવા વિશે" એ પદ્ય તેમણે લખેલ છે. નીતિની વાતો જાણવા મળે તેવા સુગ્રંથો વાંચીને વિચારવાથી ઘણા લાભ થાય છે. તેથી સુગ્રંથ વાંચવા પર ભાર મૂકવાના કારણમાં કર્તા જણાવે છે કે :—

"અમૃત તણો કૂપ એ ગણો રે, દીસે શોક તણો હરનાર;
ધૈર્ય આપે અતિશય દુઃખમાં રે, એ જ સુગ્રંથ સુખ કરનાર."[૧૨]

આ જ પ્રમાણે સારું જ્ઞાન આપતાં પુસ્તકો વાંચવાથી થતા લાભ તેમણે "જ્ઞાન વધારવા વિશે" એ ગરબીમાં પણ ગણાવ્યા છે. અને કેળવણી, જ્ઞાન વગેરેને લગતી ગરબીઓના

૧૧. "સુબોધસંગ્રહ", પૃ. ૨૦
૧૨. "સ્ત્રીનીતિબોધક", ગરબી.

ભાવાર્થના સારરૂપે "સારી શીખ સુણવા વિષે" એ નામની ગરબી રચાયેલી છે. સારી શિખામણ સાંભળાવાથી નીતિ વધે છે, અનીતિ ચાલી જાય છે, ખરાબ બુદ્ધિ દૂર થાય છે, હોંશિયારી વધે છે વગેરે અનેક લાભ થાય છે તે આ ગરબીમાં કર્તાએ બતાવ્યા છે, તેથી દરેકને તે બોધ સાંભળવાની ભલામણ અહીં કરાઈ છે.

આમ બીજા ભાગમાં આપેલી સાત ગરબીમાં શ્રીમદ્ જ્ઞાન તથા કેળવણી લેવા માટે ખૂબ ભાર મૂકે છે. અને તેને સારા સંસ્કાર તથા સુખ મેળવવા માટે પાયારૂપ ગણે છે. અલબત્ત, અહીં કર્તા જે કેળવણીની વાત કરે છે તે પુસ્તકિયા જ્ઞાનની નથી, પરંતુ આંતરિક સદ્ગુણો ખીલવવા વિશેની છે. અને એ રીતે જોતાં આ ભાગ અગત્યનો બની જાય છે.

## ભાગ ૩

"સ્ત્રીનીતિબોધક"ના ત્રીજા ભાગમાં વ્યવહારના દોષો નિવારવા વિશે, સદ્ગુણ ગ્રહવા વિશે, સત્યના માહાત્મ્ય વિશે, એમ વિવિધ વિષયો વિશે કુલ આઠ ગરબીઓ આપવામાં આવી છે.

પહેલી ત્રણ ગરબી "સુધરવા વિષે", "સદ્ગુણ સજવા વિષે" તથા "સુનીતિ વધારવા વિષે"નો કેન્દ્રવર્તી વિચાર લગભગ એકસરખો જ છે. તેમાં સંપથી રહેવાની, સુધારાની વાતો કરવાની, કુસંપ કાઢવાની વગેરે ભલામણ કરાઈ છે. "સુધરવા વિષે"ની પહેલી ગરબીમાં તેઓ પ્રત્યેક પંક્તિને અંતે જણાવે છે કે "સુધરજે સ્નેહથી." આમ આ ગરબીમાં સુધરવા પર તેમણે ભાર મૂક્યો હોવાથી તે ચરણાર્ધનું પ્રત્યેક પંક્તિમાં પુનરાવર્તન થયેલું છે.

બીજી બે ગરબીઓમાં આ ઉપરાંત નીતિ અપનાવવાની અને અનીતિ છોડવાની તેમણે ભલામણ કરી છે.

"સદ્ગુણ સજવા વિષે" એ ગરબીમાં કર્તા કહે છે કે :—

> "જેને નીતિ સાથે પ્રીતિ છે બહુ રે લોલ;
> તેના ફાયદા કહો કેટલા કહું રે લોલ."[૧૩]

તો "સુનીતિ વધારવા વિષે"ની ગરબીમાં તેઓ લખે છે કે :—

> "ગણ નીતિ રૂપિયા રોક, એ તો અમૂલ્ય છે રે લોલ;
> અનીતિ વધારે કોક, એ તો ભૂલ છે રે લોલ."[૧૪]

આમ નીતિનાં ગુણગાન અને અનીતિનાં દોષગાન કરવાની સાથે રાવણ જેવા રાજવીને પણ અનીતિ આચરવાથી કેવું નુકસાન થયું હતું તે એમાં કર્તાએ સંભારી આપ્યું છે.

૧૩. "સુબોધસંગ્રહ", પૃ. ૩૩.
૧૪. એજન, પૃ. ૩૫.

આ રીતે નીતિ અને અનીતિ વિશેનું વિવેચન શ્રીમદ્દે અહીં જુદી જુદી ત્રણ ગરબીઓમાં સરળ ભાષામાં કર્યું છે, તે તેમની નીતિપ્રિયતા બતાવે છે.

તે પછી તેમણે સત્ય વિશે ત્રણ ગરબીઓ રચી છે. તે ત્રણેમાં જુદી જુદી રીતે સત્ય આચરવાનો અને બોલવાનો તેમણે અનુરોધ કર્યો છે. સત્ય વિશેની પહેલી ગરબીમાં જ્યાં સત્યનું આચરણ થતું હોય તે સતયુગ કહેવાય, સાચને કદી આંચ નથી આવતી, સત્યનો હંમેશાં જય જ થાય છે વગેરે સત્યનો મહિમા દર્શાવનારી પંક્તિઓ તેમણે રચી છે. સત્ય વિશેની બીજી ગરબીમાં સત્યથી સુખ મળે છે, સત્યથી કષ્ટ નાશ પામે છે વગેરે સત્યના લાભ ગણાવી તેઓ કહે છે કે:—

"ઋષિ શાણા ને વિદ્વાન, નારી શાણી રે,
કરતા'તા સત્ય સન્માન, છે મુજ વાણી રે."[૧૫]

સત્ય વિશેની ત્રીજી ગરબીમાં પણ કર્તાએ સત્યનો મહિમા જ ગાયો છે. અને તેમાં સાથે સાથે સીતા, દ્રૌપદી, દમયંતી વગેરે સતીઓ સત્ય બોલવાથી કેવું સન્માન પામી હતી તેનાં ઉદાહરણો પણ આપ્યાં છે. ટૂંકમાં કહીએ તો સત્યથી સુખ અને અસત્યથી દુઃખ મળે છે, તે તેમણે આ ત્રણ ગરબીઓમાં વિવિધ રીતે સમજાવ્યું છે. અને તેના અનુસંધાનમાં કહ્યું છે કે:—

"સત્ય ઉપર તો કીજિયે, શાણી નારી પ્યાર."[૧૬]

સત્યનો આવો મહિમા જણાવ્યા પછી સમાજમાં પ્રવર્તતા દૂષણના ત્યાગ માટે બે ગરબીઓ લખી છે. પહેલી ગરબી છે "પરપુરુષત્યાગ વિશે" અને બીજી ગરબી છે "વ્યભિચારદોષ વિશે". આ બંને ગરબીઓમાં પરપુરુષના સંગને અનિષ્ટ ગણાવેલ છે, અને તેમ કરનાર બુદ્ધિભ્રષ્ટ તથા મતિભ્રષ્ટ હોય છે તેમ જણાવ્યું છે. પરપુરુષમાં પિતા કે ભાઈની દૃષ્ટિ હોવી જોઈએ, એથી જુદા પ્રકારની પ્રીતિ ઘણા ઘણા દુઃખને આપનાર થાય છે, તે કર્તાએ આ ગરબી દ્વારા સમજાવ્યું છે. પરપુરુષની પ્રીતિમાંથી જ વ્યભિચારદોષ ઉદ્ભવે છે, અને તે દોષમાંથી કુસંપ અને બીજાં અનેક દૂષણો પણ ઊભાં થાય છે. તે વિશે "વ્યભિચારદોષ વિષે" એ ગરબીમાં કર્તાએ સમજાવ્યું છે. તે દોષ વિશે તેઓ લખે છે કે:—

"ભૂંડામાં ભૂંડું એહ, દુઃખની ભીતિ રે;
એથી બગડે છે દેહ, દુઃખની ભીતિ રે."[૧૭]

આ બે ગરબીઓમાં સ્ત્રીને યોગ્ય કેળવણી ન આપવાથી આવતા પરપુરુષના સંગના તથા વ્યભિચારના દોષ વિશે જણાવી તેનાથી દૂર રહેવાની ભલામણ શ્રીમદ્દે કરી છે. તત્કાલીન સમાજમાં કેળવણીનો જે જુવાળ ઊભો થયો હતો તે વિશે ચારે બાજુનો વિચાર કરીને તેને યોગ્ય ન્યાય આપતા શ્રીમદ્દનો અહીં આપણને પરિચય થાય છે.

---

૧૫. "સુબોધસંગ્રહ", પૃ. ૩૭.

૧૬. એજન, પૃ. ૩૯. ૧૭. એજન, પૃ. ૪૧.

## ભાગ ૪

"સ્ત્રીનીતિબોધક"ના ચોથા વિભાગમાં માત્ર બે જ પદ્યરચનાઓ મળે છે. તેમાં એક ગરબી છે, અને બીજી "સદ્‌બોધશતક" નામની સો કડીની રચના છે. આ બંને રચનાઓ પ્રમાણમાં લાંબી કહી શકાય તેવી છે.

"સદ્‌ગુણી સજ્જની વિષે" નામની ગરબીમાં સદ્‌ગુણી સ્ત્રી કેવી હોય તેનું ચિત્ર અપાયું છે. જે પતિથી સંપીને ચાલે છે, પરપુરુષને પિતા કે ભાઈ ગણે છે, નીતિવાળી છે, અનીતિના તથા અસત્યના ત્યાગવાળી છે, જેના અંગમાં આળસ નથી, ઉદ્યમમાં જ જે સમય પસાર કરે છે, પ્રભુનું પ્રીતિથી સ્મરણ કરે છે, બધાંનું હિત ઇચ્છે છે, વિદ્યા મેળવે છે, ચોખ્ખાઈ રાખે છે, વનિતાના બધા ધર્મ પાળે છે, સારી કેળવણી મેળવી બીજાને તે આપવા ઇચ્છે છે, દુર્જનની નિંદાથી ડર્યા વિના પોતાનું કાર્ય કરે છે, ગુણગ્રાહી છે, વગેરે ગુણો ધરાવનારી તથા અવગુણો રહિત સ્ત્રી એ તેમની દૃષ્ટિએ સદ્‌ગુણી સ્ત્રી છે. ૬૪ પંક્તિની આ ગરબી વાંચતાં ખ્યાલ આવે છે કે આગળની બધી ગરબીઓમાં જે ગુણો બતાવ્યા છે તે ગુણોવાળી, અને જે અવગુણો બતાવ્યા છે તે દોષો વગરની સ્ત્રી એટલે આ ગરબીની સદ્‌ગુણી સજ્જની સ્ત્રી.

"સદ્‌બોધશતક" એ છેલ્લું પદ્ય છે. તે સ્ત્રીઓના નીતિશતક સમાન છે. તેમાં કર્તાએ વિશ્વપિતાને વંદન કરી ઉપદેશ આપવાની શરૂઆત કરી છે. તેમાં સંપ, નીતિ, ધીરજ, હિંમત, સત્ય, નિષ્કપટપણું, ભક્તિ, દેશદાઝ, સુધારો, ધર્મપ્રેમ, ખર્ચ ઘટાડવું, ક્ષમા, પુણ્ય, નમ્રતા, વિનય, મૂર્ખ નારીની સોબતનો ત્યાગ, જુગારનો ત્યાગ, મરણનો વિચાર, પતિભક્તિ, પાત્રદાન, વાચન વધારવું, સારી કેળવણી લેવી વગેરે વિશે દોહા વૃત્તમાં ટૂંકાણમાં ઉપદેશ કર્યો છે. આ પ્રકારનો ઉપદેશ જોકે આગળની ગરબીઓમાં જોવા મળે છે, છતાં શૈલીફેર હોવાથી તેમાં પુનરાવર્તન જેવું લાગતું નથી. સત્ય અને કપટ વિશે કર્તા "સદ્‌બોધશતકમાં"માં લખે છે કે :—

> "સત્ય જ રાખવું ઉરમાં, ગુણ ગણી ગુણવાન,
> સત્ય તણો જય છે સદા, હે શાણી ! ધર ધ્યાન."૧૩
>
> "કપટ કદી ન કીજિયે, એહ દુઃખનું મૂળ;
> ઔરંગઝેબે કપટથી, ઊભાં કીધાં શૂળ."૧૪

વિદ્યા તથા ક્ષમાના ગુણ દર્શાવતાં તેઓ લખે છે કે :—

> "વિદ્યા રત્ન ગુણી બહુ, માટે ભણાવો બાળ;
> વિદ્યાએ સુખ જાણજો, વિદ્યા ગુણ વિશાળ."૨૭
>
> "ક્ષમા ગુણ સારો બહુ, ધારો હૈયામાંય;
> ઈશ્વર રાજી બહુ થશે, એથી સુખ પમાય."૪૯

વાચન પર વિશેષ ભાર મૂકતાં તેઓ લખે છે કે :—

"વાચન વ્યસન વધારજે, રાખી લીલું જ્ઞાન;
વાંચ્યાથી કહું છું થશે, ડાહી તું વિદ્વાન."[૯૫]

છેવટે શ્રીમદ્દે પોતાનાં નામ, ગામ વગેરેનો નિર્દેશ કરી પ્રભુને પ્રાર્થના કરવાનું સૂચન કરી "સદ્બોધશતક" પૂર્ણ કર્યું છે. આગળની ગરબીની અપેક્ષાએ આ શતકમાં વિચારોની ખાસ નવીનતા નથી, પરંતુ ભાષા પરનો કાબૂ નાની વયમાં પણ તેમને ઘણો સારો હતો તેનો ખ્યાલ આવે છે. સાથે સાથે પદ્યરચનાની સ્વાભાવિકતા હોવાથી પ્રાસ કે યમક માટે જરાય પ્રયત્ન કરવો પડ્યો હોય એમ લાગતું નથી. ઉદાહરણ તરીકે "કપટ કદી ન કીજિયે", "વાચન વ્યસન વધારજે" જેવી અનેક પંક્તિઓમાં યમક અલંકાર મળે છે; અને અંત્યાનુપ્રાસ તો લગભગ દરેક પંક્તિમાં જોવા મળે છે.

"સ્ત્રીનીતિબોધક"માં આપણે શ્રીમદ્દને સુધારકરૂપે જોઈ શકીએ છીએ. નર્મદનો સુધારાનો જુસ્સો અને દલપતરામની સરળ રીતિનું સુભગ મિશ્રણ આ પુસ્તકમાં જોવા મળે છે.

"દેશહિત દયાળુ કરાવ, નમું તને હેતે રે;
જેથી ઊપજે આનંદ ભાવ, નમું તને હેતે રે."[૧૮]
"હાટ કૃષ્ણ-ગીતથી જેમ છે વડ્યો રે લોલ,
એથી વધી વ્યભિચાર કલેશ તો ભડ્યો."[૧૯]

જેવી અનેક પંક્તિઓમાં સરળ ભાષામાં ઉપદેશ અપાયો છે. ગરબીઓમાં ભાષાની સરળતા એટલી બધી છે કે કોઈને પણ એ ગરબી સમજવામાં મુશ્કેલી નડે તેમ નથી.

સામાન્ય રીતે આ ગરબીઓ દસથી વીસ કડીઓની જોવા મળે છે. કોઈક ગરબીમાં બે પંક્તિની કડીઓ છે. તો કોઈક ગરબીમાં ચાર પંક્તિની કડીઓ છે.

આ ગરબીઓનો ઉપાડ એક યા બીજા પ્રકારની ધ્રુવપંક્તિથી જ કવિ કરે છે. અથવા પહેલી કડીની પહેલી પંક્તિને ધ્રુવપંક્તિ બનાવે છે, જેમ કે "સાંભળ નારી સુલક્ષણી, શીખ મારી આ ઠીક", "ધિક્ છે, ધિક્ છે, ધિક્ છે રે, બહુ અભણ નારીને ધિક્ છે" વગેરે. કેટલીક ગરબીમાં "નમું તને હેતે રે", "વિદ્યામાં છે ગુણ બહુ", "સૂણજો શીખ સારી", "સુધરજો સ્નેહથી", "દુઃખની ભીતિ રે" વગેરે અડધું ચરણ પ્રત્યેક કડીમાં અપાયેલું છે.

આમ ગરબીનો યોગ્ય ઉપાડ કવિ કરે છે. તેમાં અલબત્ત ગરબીને યોગ્ય ગેયતા રહેલી હોય છે, તેમ છતાં કાવ્યની દૃષ્ટિએ તેમાં કોઈ અસાધારણ ચમત્કૃતિ જોવા મળતી નથી.

૧૮. "સુબોધસંગ્રહ", પૃ. ૧૦. ૧૯. એજન, પૃ. ૪૦.

વિષયની દૃષ્ટિએ વિચારીએ તો ગરીબીઓના વિષયો અત્યંત સુપરિચિત છે. તે વિષયો ગરબીઓમાં બહુ વ્યવસ્થિત રીતે એટલે કે પ્રત્યેક કડીમાં તેને વિષય અનુક્રમે કડીબદ્ધ સ્ફુટ થતો જતો હોય અને વિકાસ પામતો જતો હોય તે રીતે રજૂ થયેલ નથી. કવિના ઉપદેશમાં જેટલી પરિપકવતા જોવા મળે છે તેટલી તેમની શૈલીમાં નથી.

ભાષામાં સરળતા છે, જેથી તે સામાન્ય શિક્ષિત સ્ત્રીને પણ સમજાય એવી છે. તેમાં ક્યાંય દુર્બોધતા, સંકુલતા, કે ક્લિષ્ટતા જોવા મળતી નથી. અલબત્ત, તેમાં કેટલીક પંક્તિઓ ગદ્યમય બની ગયેલી છે, પરંતુ તેની ગદ્યાળુતા એ ગરબીઓ ગાતી વખતે ઢંકાઈ જાય તેવી છે. ઉદાહરણ તરીકે :—

"તેં વહેમ વિશેષ ખંડાવ્યા, નીતિના ધારા મંડાવ્યા,<br>અનીતિના નોકર રખડાવ્યા. હે કેળવણી !"[૨૦]

વિચારની દૃષ્ટિએ કેટલેક ઠેકાણે કવિની પંક્તિઓ સામાન્યતામાં સરી પડતી હોય તેવું પણ જણાય છે, જેમ કે :—

"ભાવે ભણો વિદ્યા ભલી, વાંચો પુસ્તક સાર;<br>નીતિ વધે બહુ દિલમાં, ઊપજે શુભ વિચાર."[૨૧]

કેવળ કવિત્વની દૃષ્ટિએ તપાસીએ તો આ બધી ગરબીઓમાંથી કોઈક કોઈકમાં ક્યાંક ક્યાંક કવિત્વના ચમકારા પણ જણાય છે; જેમ કે :—

"નમ્રતા તો દીસે જેની બેનડી રે લોલ,<br>કેમ ક્રોધ શકે તેને નડી રે લોલ."[૨૨]

ઘણીખરી ગરબીઓમાં છેલ્લી કડીમાં કવિ પોતે ગરબીઓની જૂની શૈલી પ્રમાણે પોતાનો નામોલ્લેખ "રાયચંદ", "વણિક રાયચંદ", "રાય" વગેરે રીતે કરે છે.

આમ આ બધી ગરબીઓ જોતાં આપણે કહી શકીએ કે શ્રીમદ્‌ને પદ્યરચના સ્વાભાવિક રીતે વરેલી હતી.

આ બધી ગરબીઓમાં વિષય અને રચનાકૌશલની દૃષ્ટિએ કદાચ કોઈને અસાધારણ એવું કશું જ નહિ લાગે, પણ જે ઉંમરે શ્રીમદ્દે આવી રચનાઓ કરી તે ઉંમરનો વિચાર કરીએ તો, ત્યારે આટલી નાની ઉંમરે તેમણે દર્શાવેલી વિચારોની ઉચ્ચતા, પરિપકવતા, સ્પષ્ટતા, ઉપયોગિતા, તથા પદ્યરચનાની પુખ્તતા અવશ્ય આશ્ચર્ય પમાડે એવાં છે; એમાં શક નથી.

---

૨૦. "સુબોધસંગ્રહ", પૃ. ૨૨.

૨૧. એજન, પૃ. ૨૮.

૨૨. એજન, પૃ. ૩૩.

બ્રહ્મચારી ગોવર્ધનદાસજી "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા"માં આ પુસ્તક વિશે લખે છે કે :—

"હાલ કન્યાશાળામાં ચાલતી પં. નવલરામ લક્ષ્મીરામની બાળગરબાવળી કરતાં ભાષા સરળ અને સ્ત્રીસ્વભાવને અનુકૂળ તથા નીતિના ધોરણથી લખાયેલ 'સ્ત્રીનીતિબોધક' પુસ્તક માતાપિતાએ પોતાની પુત્રીને, ભાઈએ પોતાની બહેનને, અને પતિએ પોતાની ધર્મ-પત્નીને તથા સગાંવહાલાંએ મંગળ પ્રસંગોમાં કન્યાઓને અને વાંચવા શીખવાની ભાવનાવાળી કે થોડું ભણેલી જુવાન સ્ત્રીઓને ભેટ આપવા લાયક છે."[૨૩]

## ધર્મેતર પદ્યકૃતિઓ

"સુબોધસંગ્રહ"માં "સ્ત્રીનીતિબોધક"ની ગરબીઓ ઉપરાંત તે સમયનાં "વિજ્ઞાન-વિલાસ", "સૌરાષ્ટ્ર દર્પણ" આદિ સામાયિકોમાં છપાયેલી કેટલીક કૃતિઓ જોવા મળે છે. એવી લગભગ પંદર જેટલી કૃતિઓ સંગ્રહીત કરીને બ્રહ્મચારી ગોવર્ધનદાસજીએ અહીં આપી છે. તેમાં "હનુમાનસ્તુતિ" નામનું જૈનેતર વ્યક્તિની સ્તુતિ કરતું શ્રીમદ્‌નું એક કાવ્ય છે. "સ્વદેશીઓને વિનંતી", "શ્રીમંત જૈનોને શિખામણ", "હુન્નર કળા વધારવા વિષે", "ખરો શ્રીમંત કોણ?" અને "ધોળે દહાડે ધાડ" એ પાંચ કૃતિઓ સુધારાને લગતી છે. "આર્યપ્રજાની પડતી", "આર્ય ભૂમિના પુત્ર" અને "વીરસ્મરણ" એ ત્રણ રચનાઓમાં વીરરસના આલેખન દ્વારા હાલની આર્ય પ્રજાની સ્થિતિથી થતું દુઃખ અને ભૂતકાળની ભવ્યતાનું ગૌરવ જોવા મળે છે. તેમાં પણ આડકતરી રીતે સુધારાનું સૂચન મૂકેલું છે. "પ્રેમની કળા ન્યારી છે" તે દર્શાવતું એક પદ્ય છે. અને આ ઉપરાંત તેમાં "દૃષ્ટાંતિક દોહરા", "મિત્ર પરીક્ષા", "કુમિત્ર નિંદા", "પ્રાસ્તાવિક દોહરા", "સદ્‌બોધ સૂચક પ્રાસ્તાવિક કાવ્ય" એમ વિવિધ શીર્ષક નીચે દોહરાઓ મળે છે. તેમાં મુખ્યત્વે કોઈ કથન આપી તેને પુષ્ટ કરતું ઉદાહરણ આપી દોહરાની રચના તેમણે કરી છે.[૨૪] આમાંની મોટા ભાગની રચનાઓ વિ. સં. ૧૯૪૦થી ૧૯૪૨ સુધીમાં થયેલી છે.

## "હનુમાનસ્તુતિ"[૨૫]

આ કૃતિ શ્રીમદ્‌ની ૧૭ વર્ષની વયની છે. તેમાં રામભક્ત હનુમાનને વંદન કર્યા પછી, હનુમાને રામની ભક્તિથી પ્રેરાઈને તેમનાં કેટલાંક કાર્યો કરી આપ્યાં હતાં તેનો

૨૩. "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા", આવૃત્તિ ૪, પૃ. ૩૦.

૨૪. શ્રીમદે પોતે આ કાવ્યોનો વિષય ધાર્મિક ન હોવાથી તેની નોંધ લીધી નથી એમ લાગે છે. અને એ જ કારણસર અગાસથી બહાર પડેલ "શ્રીમદ્ રાજચંદ્ર" પુસ્તક, જેમાં તેમનાં લખાણોનો સમાવેશ થયો છે, તેમાં પણ આ કાવ્યોને સ્થાન મળેલ નથી. આમાંનાં કેટલાંક કાવ્યો "પરમશ્રુત પ્રભાવક મંડળ"ની "શ્રીમદ્ રાજચંદ્ર"ની પાંચમી આવૃત્તિના સાતમા ખંડમાં મળે છે.

૨૫. સુબોધસંગ્રહ", પૃ. ૬૧.

નિર્દેશ કર્યો છે. અંતમાં પણ તેમની સ્તુતિ–પ્રશંસા કરી હનુમાનને વંદન કર્યાં છે. આ કૃતિ સામાન્ય કોટિની છે. અને આ પ્રકારનું આ એક જ પદ્ય મળે છે, જેમાં જૈનેતરની સ્તુતિ હોય. આ કૃતિ પરથી એ ખ્યાલ આવે છે કે જૈનધર્મ તરફની તેમની પ્રીતિ સર્વ ધર્મનું અવલોકન કર્યા બાદ થઈ હતી.

### "સ્વદેશીઓને વિનંતિ"[૨૬]

આ પદમાં પોતાના દેશનું હિત ખ્યાલમાં રાખીને વર્તવાનું તેમણે જણાવ્યું છે. અને પોતાના દેશ માટે સૌપ્રથમ હિત "બાળલગ્ન"નો રિવાજ દૂર કરવો એ છે. તે પછી જાતજાતના પ્રવર્તતા વહેમથી મુક્ત થવું એ પણ દેશહિતનું જ કામ છે, તેમ જણાવ્યું છે. તે સમયે વિધવાઓની પરિસ્થિતિ ઘણી ખરાબ હતી, તે સુધારવા અને અનીતિથી દૂર રહેવાની તેમાં શિખામણ આપી છે. કન્યાકેળવણી પર તેમણે વધુ ભાર મૂક્યો છે. ઉપરાંત સારા ગ્રંથનું વાચન કરવું, સંપીને ચાલવું વગેરે ઉપયોગી હિતવચનો પણ કર્તાએ આપ્યાં છે. જેમ કે:—

"સુસંપ રાખજો સહુ, કુસંપ કાઢીને પરો,
કુચાલ દુષ્ટ ચાલ, વિશેષ દૂર સૌ કરો;
હણાવી હાનિને કરો, સુકામ દેશીઓ તમે,
કરો સુજાણ દેશહિત, હેત રાખી આ સમે."

### "શ્રીમંત જનોને શિખામણ"[૨૭]

આ રચનામાં શ્રીમંત જનોએ પૈસા કઈ રીતે વાપરવો તે કવિએ બતાવ્યું છે. તેમાં પણ "સ્વદેશીઓને વિનંતી"માં જણાવેલાં દૂષણો દૂર કરવા માટે લક્ષ્મીનો ઉપયોગ કરવો જોઈએ તેમ કવિ કહે છે. કારીગરને ઉત્તેજન આપી કળા વધારવી, કન્યાઓને વિદ્યાદાન આપવા શાળા સ્થાપવી, તબીબી કૉલેજો સ્થાપવી, જેથી દર્દીઓને રાહત રહે, પુનર્લગ્નનો પ્રચાર કરવો, સારાં પુસ્તકાલયો બંધાવવાં, અપંગને સહાય કરવી વગેરે સમાજને ઉપયોગી પ્રવૃત્તિઓમાં લક્ષ્મી વાપરવા આ રચનામાં ભલામણ કરાઈ છે; જુઓ: —

"શાળા વૈદ તણી બહુ, કરજો ગામેગામ,
દરદીને ઓસડ દિયો, ધરી વધારે હામ.
કન્યાઓને વાસતે, કરો સ્કૂલ શ્રીમંત,
દુઃખ એહનાં કાપવા, ધરો સર્વે ખંત."

આમ લોકોપયોગી કામ કરવાથી પ્રભુ ખૂબ રાજી થશે તેમ શ્રીમદ્દ વીસ કડીના આ પદના અંતમાં જણાવે છે.

---

૨૬. "સુબોધસંગ્રહ", પૃ. ૬૧.
૨૭. એજન, પૃ. ૬૨.

### "હુન્નરકળા વધારવા વિષે"[૨૮]

આ રચનામાં હુન્નરઉદ્યોગ વધારવા પર કર્તાએ ભાર મૂકયો છે. દેશની આબાદી જોવી હોય તો સારા ઉદ્યોગો દેશમાં હોવા જોઈએ, તેથી જે હુન્નરો નિર્બળતાને પામ્યા હોય તેને સબળ કરવા કર્તાએ વિનંતી કરી છે. આ એક જ મુદ્દા પર જુદી જુદી રીતે કવિએ ૩૨ પંક્તિમાં, સવૈયા છંદમાં સમજાવ્યું છે. અને તેમ કરવામાં નીચેની પંક્તિને ધ્રુવપંક્તિ બનાવી છે.

"ઈશ રીઝશે આપ ઉપરે, રહેશે જગમાં અવિચળ નામ"

### "ખરો શ્રીમંત કોણ!"[૨૯]

આ પણ શ્રીમદ્‌નું સુધારાને લગતું, સવૈયામાં લખાયેલું, ૩૪ પંક્તિનું પદ્ય છે. તેમાં તેમણે જણાવ્યું છે કે, પૈસો તો ઘણા પાસે હોય છે, તે બધા નહિ પણ તેને સારા માર્ગે વાપરનાર જ સાચો શ્રીમંત કહેવાય. ધન વાપરવાનો સાચો માર્ગ કયો તેનો નિર્દેશ તેમણે આ પદ્યમાં કર્યો છે. ઔષધશાળા સ્થાપવી, મોટી શાળા બંધાવવી, દેશના હુન્નર ઉદ્યોગો વધારવા, પુસ્તકાલયો સ્થાપવાં વગેરે લોકહિતનાં કાર્યોમાં ધન વાપરનાર સાચો શ્રીમંત બની શકે છે; પરંતુ લગ્ન કે જમણ કે એવા રિવાજ પાછળ પૈસા ખરચવાથી લોકહિત થતું નથી. તેથી તેવા ખર્ચ કરનાર વ્યક્તિ સાચા શ્રીમંત તરીકે ગણાઈ શકે નહિ, તેમ કર્તાએ આ પદમાં બતાવ્યું છે.

આ તથા "શ્રીમંત જનોને શિખામણ" એ પદ્યનું મંતવ્ય લગભગ એકસરખું જ છે. એકાદ વર્ષને આંતરે લખાયેલાં એ બે પદ્યો વચ્ચેનું સામ્ય જુઓ :—

"શાળા વૈદ્ય તણી બહુ કરજો ગામેગામ."
"હુન્નર વધવા દેશમાં, નાણું ખર્ચો યાર."
"કન્યાઓને વાસતે, કરો સ્કૂલ શ્રીમંત." —શ્રીમંત જનોને શિખામણ[૩૦]

"ઔષધશાળા સ્થાપી પોતે, રાખે છે જે નિત્યે નામ."
"ધર્માલય કરવાને ખર્ચે, બંધાવે વિશાળ નિશાળ,
"બાળ અને બાળાઓ ભણશે, શીખી લેશે સારા ચાલ,"
"હુન્નર માટે પણ કરશે, ઉપાય એ ધનનો સરદાર." —ખરો શ્રીમંત કોણ ![૩૧]

આ બંને પદ્યોની ઉપરની પંક્તિઓ સરખાવતાં ખ્યાલ આવશે કે વિચારોની દૃષ્ટિએ આ પદ્યમાં કાંઈ નવીનતા નથી. વળી "ખરો શ્રીમંત કોણ ?" એ પદ્યની રજૂઆત પણ સામાન્ય જણાય છે.

---

૨૮. "સુબોધસંગ્રહ", પૃ. ૬૩.
૨૯. એજન, પૃ. ૬૩. ૩૦. એજન, પૃ. ૬૨. ૩૧. એજન, પૃ. ૭૫.

### "ધોળે દહાડે ધાડ"[32]

આ રચનામાં આગળનાં પદ્યોમાં દર્શાવેલા સુધારા ન કરે, તથા બીજાં પણ કેટલાંક દૂષણો ચલાવી લે તો પ્રજાની કેવી સ્થિતિ થાય તેનું ચિત્ર કવિએ આપ્યું છે. તે દૂષણોથી સર્જાતી પરિસ્થિતિ "ધોળે દહાડે ધાડ" સમાન છે, તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું છે. ક્લેશ, વિધવાનાં દુઃખો, કજોડાં વગેરે દૂષણો નીકળે નહિ તો તે સર્વ, ધાડ પડે ત્યારે જેવું દુઃખ થાય તેવું દુઃખ આપનાર નીવડશે તેવી ચેતવણી અહીં અપાઈ છે. એ દૂષણોથી વ્યથિત થઈને તેમણે પોતાનો પુણ્યપ્રકોપ ઠાલવતાં લખ્યું કે :—

"સળગાવી દો આ સમય, વળી વેમની વાડ;
અધિક નહિ તો નિરખશો, ધોળે દહાડે ધાડ."[32]

ખૂબ અકળામણમાં; ક્યારેક જ, આવો નર્મદ જેવો જુસ્સો બતાવતી પંક્તિઓ શ્રીમદ્‌નાં સુધારાનાં પદ્યોમાં જોવા મળે છે. બાકી સામાન્ય રીતે તો પદ્યોમાં અમુક વિચારોનું પુનરાવર્તન થતું આપણને દેખાય છે. દલપતરામની રીતિ અનુસાર તેમણે સુધારાની વાત સૌમ્યતાથી રજૂ કરી છે.

તેમના સમયના લોકોની સ્થિતિનું તેમણે જોયેલું ચિત્ર આપણને "આર્ય પ્રજાની પડતી", "આર્ય ભૂમિના પુત્ર" અને "વીરસ્મરણ" — એ ત્રણ રચનાઓમાં જોવા મળે છે. તે ત્રણે એકબીજા સાથે સામ્ય ધરાવતી તથા સુદીર્ઘ રચનાઓ છે.

### "આર્યપ્રજાની પડતી"[33]

શ્રીમદ્‌ની આ રચનામાં આપણી આર્યપ્રજાના નૈતિક અધઃપતનનો ચિતાર તથા પ્રાચીન પૂર્વજોના ગૌરવનું ગાન ૧૭૦ જેટલી પંક્તિઓમાં કરવામાં આવ્યું છે. પ્રમાણમાં કંઈક દીર્ઘ લાગતી આ રચનાના બે સ્પષ્ટ વિભાગ પડી જતા દેખાય છે.

પહેલા વિભાગમાં રોળાવૃત્તની ૩૦ કડીઓનો સમાવેશ થાય છે. તેમાં તેમણે આર્ય-પ્રજાની વર્તમાન સમયની પરિસ્થિતિ કેવી દુઃખદ છે તેનું ઘેરું ચિત્ર આપ્યું છે, અને બીજા વિભાગમાં લાવણીની બાર કડીઓમાં પ્રાચીન આર્યોની – વેદકાળથી શરૂ કરી નજીકના ભૂતકાળ સુધીના આર્યોની – સુખસમૃદ્ધિ અને ઉચ્ચતાનું ઉજ્જવળ આલેખન કર્યું છે. આમ સ્વાભાવિક રીતે જુદા પડી જતા બંને વિભાગ સ્વતંત્ર રીતે પણ આસ્વાદ્ય બની શકે તેવા છે.

રોળાવૃત્તમાં લખાયેલી પંક્તિઓમાં યુરોપીય પ્રજાના આગમન પછી આર્યપ્રજામાં બેકારી, દુરાચાર, નાસ્તિકતા, કુસંપ, વ્યસન, કાયરતા વગેરે લક્ષણો પ્રચાર પામ્યાં તેનું આલેખન મહત્ત્વનો ભાગ રોકે છે. સાસુવહુ, નણંદભોજાઈ, પિતાપુત્ર, ભાઈભાઈ તથા

૩૨. "સુબોધસંગ્રહ", પૃ. ૭૬.
૩૩. એજન, પૃ. ૮૭.

સગાંસંબંધીના ઝઘડાઓ દરેક કુટુંબમાં પેસી ગયા છે, તે વર્ણવી તેથી આવતી દુર્ભાગ્યતા પણ બતાવી છે. આર્યપ્રજાનાં લગ્નની બાબતનાં અનિષ્ટો વિશે પણ તેમણે ઠીક ઠીક ચિતાર આપ્યો છે. કોઈ અનેક સ્ત્રીઓ પરણે છે, તો કોઈકને કુંવારા મરવું પડે છે, એવી અસમાનતા છે. માનસિક, શારીરિક, ઉંમરનાં વગેરે પ્રકારનાં કજોડાં થવાને લીધે પણ પ્રજાને કેટલું સહેવું પડે છે તેનો ખ્યાલ પણ તેમણે આપ્યો છે. આમ કૌટુંબિક કલહો અને અણબનાવ, બાળલગ્ન, કજોડાં, સ્વાર્થાંધતા, મિથ્યાભિમાન, છળપ્રપંચ વગેરે દૂષણો દ્વારા વ્યક્ત થતું આર્યપ્રજાનું સામાજિક અને નૈતિક અધઃપતન તેમણે વર્ણવ્યું છે :—

"સગા સહોદર સાથ, વળી પાડોશી સંગે,
જમીન જર ને માટ, ચડે કોરટ રણ-જંગે;
ચડે જેહ દરબાર, ખુએ ઘરબાર ખરા તે,
કહેવત સાચી પડે, તોયે સમજે ન જરા તે."૩૪

સમાજમાં આજે જે બદી પ્રવર્તે છે તે બાબતમાં પૂર્વે કઈ પરિસ્થિતિ હતી તે જણાવવા તેમણે લાવણીની બાર કડીઓ રચી છે. તે સમયે રાજા તથા પ્રજા બંને ન્યાયી અને સત્યને માર્ગે ચાલનારાં હતાં. તેઓમાં અનીતિ, છળકપટ, દગો, ચોરી, લૂંટ, સ્વાર્થાંધતા વગેરે દૂષણો નહોતાં. તેમનાં ગુણલક્ષણો વર્ણવતાં શ્રીમદ્ લખે છે :—

"સત્ય પ્રમાણિકતા પરમારથ, ઈશ્વર-ડર અંતર ધરતા;
સલાહ સંપ સંતોષ મૈત્રીમય, આર્યખંડમાં આર્ય હતા."૩૫

પ્રાચીન આર્યોની વેદકાળથી શરૂ કરીને નજીકના ભૂતકાળ સુધીની પરિસ્થિતિ વર્ણવતી વખતે તેમણે રાજા, પ્રજા, ઋષિ, ધર્મશાસ્ત્રી, ન્યાયાધીશ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વગેરેનાં વિશિષ્ટ લક્ષણો પણ દર્શાવ્યાં છે. આ આર્યોની સંપૂર્ણ સંતોષજનક સ્થિતિના પડછામાં વર્તમાન સમયની સ્થિતિ જોઈ પોતાને થતો અસંતોષ વ્યક્ત કરતાં તેઓ લખે છે કે:—

"એ જ ભૂમિ ને એ જ આર્ય પણ, હાલહવાલ દીસે આજે;
આભ જમીન સમ અંતર આજે, જોઈ અંતર મારું દાઝે."૩૬

આ અસંતોષના ધૂંધવાટમાં જ કાવ્યને અંતે કવિ પ્રશ્ન કરે છે કે :—

"અરે હાય એ ક્યાં વાલ્મિક, મનુ, વશિષ્ઠ, વ્યાસ મુનિ ક્યાં છે ?
પરશુરામ ને દ્રોણ પતંજલ, વીર જ્ઞાનીઓ તે ક્યાં છે ?
રામ, કૃષ્ણ, હરિશ્ચંદ્ર, યુધિષ્ઠિર, જનક દ્રુપદ રાજા ક્યાં છે ?
અરે, હાય એ ઉદ્યમ, શૂર, ધન, સત્ય ઉદ્દેશ ગયા ક્યાં છે ?"૩૭

---

૩૪. "સુબોધસંગ્રહ", પૃ. ૮૮.
૩૫. એજન, પૃ. ૯૩. ૩૬. એજન, પૃ. ૯૪.
૩૭. એજન, પૃ. ૯૪.

આ રચનામાં તેમણે પ્રાચીન અને અર્વાચીન પ્રજાની પરિસ્થિતિના વિરોધમાંથી ગર્ભિત છતાં સ્પષ્ટ ઉપદેશ સ્ફૂટ કર્યો છે.

### "આર્યભૂમિના પુત્ર"[૩૮]

પ્લવંગમ છંદની ૯૦ કરતાંયે વધુ પંક્તિમાં લખાયેલ "આર્યભૂમિના પુત્ર" એ રચનામાં પણ શ્રીમદ્દે આર્યપ્રજાનાં નૈતિક અધઃપતનનો જ ચિતાર આપ્યો છે. આ કાવ્યમાં પણ તેમણે વર્તમાન સ્થિતિથી થતો અસંતોષ અને પ્રાચીન પરિસ્થિતિનું ગૌરવગાન વ્યક્ત કર્યાં છે. એ રીતે જોતાં આ રચનામાં રાજા, પ્રજા સર્વને સમાન સ્થાન ન આપતાં રાજાઓની બદીને મુખ્ય સ્થાન આપ્યું છે.

અહીં કવિ પોતાના સમયનાં લોકો કેવાં ધર્મભ્રષ્ટ, વિદ્યાભ્રષ્ટ, ન્યાયભ્રષ્ટ થઈ ગયાં છે તેનું ટૂંકામાં વર્ણન કરે છે, અને રાજાઓના દુર્ગુણોના વર્ણન માટે જ મોટો ભાગ રોકે છે. રાજાઓ નિર્માલ્ય થઈ ગયા છે, તેઓમાં દ્વેષ વધ્યો છે, તેઓ રણવાસમાં જ પડી રહેનારા થઈ ગયા છે, પ્રજાની કોઈ જાતની સંભાળ તેઓ રાખતા નથી, તેઓ વિલાસી, અન્યાયી, અફીણી, દારૂડિયા, મતિહીન થઈ ગયા છે : આમ અનેક દુર્ગુણોના ધારક બનેલા રાજાઓ આર્યભૂમિના પુત્રો કહેવડાવવાને લાયક નથી, તેવો ભાવ શ્રીમદ્દે અહીં વ્યક્ત કર્યો છે. આ પરિસ્થિતિને વધુ ઘેરી રીતે દર્શાવવા પ્રાચીન રાજાઓની રીતિ પણ તેમણે વર્ણવી છે. સાથે સાથે વિદ્યા જર્મનીમાં વધી છે, યુરોપમાં તથા ક્ષત્રિયવટ વધ્યાં છે. અમેરિકામાં લક્ષ્મી વધી છે વગેરેનો નિર્દેશ કરી પશ્ચિમની પ્રજાની ચડતી તથા પ્રાચીન આર્યપ્રજાની સમૃદ્ધિનો અભાવ તેમણે આ રચનામાં બતાવેલ છે. અહીં પ્રગટ ઉપદેશ અપાયો છે કે :—

> "આપું શિક્ષા આજ, ધ્યાન નિજ ધારજો,
> ધોખો ન ધરો કોઈ, વિનતિ વિચારજો"[૩૯]

આ કાવ્યની કેટલીક પંક્તિઓ "આર્ય પ્રજાની પડતી" એ કાવ્યની પંક્તિને મળતી આવે છે. સરખાવો :—

> "અરે, હાય એ ક્યાં વાલ્મિક, મનુ, વશિષ્ઠ, વ્યાસ મુનિ ક્યાં છે?"
> પરશુરામ ને દ્રોણ પતંજલ, વીર જ્ઞાનીઓ તે ક્યાં છે?"
>
> — આર્ય પ્રજાની પડતી

> "પરશુરામ ને દ્રોણ, આજ કોઈ નથી,
> નથી પતંજલ વ્યાસ, કહું શું કથી,
> ક્યાં વાલ્મિક વશિષ્ઠ, વસ્યા આજે જઈ?
> હાય! અવદશા આર્ય, આજ કેવી થઈ?
>
> — આર્યભૂમિના પુત્ર

૩૮. "સુબોધસંગ્રહ", પૃ. ૯૪. ૩૯. એજન, પૃ. ૯૮.

## "વીરસ્મરણ"

આ રચનામાં ભૂતકાળના ભવ્ય વીરોનું સ્મરણ કરી, તેવા વીરો આજે દેખાતા નથી, તે બાબત શ્રીમદ્દે ખેદ વ્યક્ત કર્યો છે. સવૈયા છંદની ૨૪ કડીની આ રચનામાં વર્ણસગાઈ, અંત્યાનુપ્રાસ વગેરે શબ્દાલંકારો પંક્તિએ પંક્તિએ કર્તાએ યોજ્યા છે.

અહીં તેમણે મુખ્યત્વે આપણા પ્રાચીન વીર પુરુષોની શૌર્યગાથા આપી છે, અને તેમાં પણ શારીરિક પરાક્રમને – શૌર્યને પ્રાધાન્ય આપ્યું છે. પ્રાચીન વીરો લડવામાં, તલવાર ચલાવવામાં કેવા પ્રવીણ હતા તેનો તેમણે ખ્યાલ આપ્યો છે. સાથે સાથે તેમની યુદ્ધકલાની નિપુણતાને લીધે તેમનાથી પરાજિત થયેલા દુશ્મનો અને તેના સ્વજનો પર કેવી અસર પડતી હતી તેનું ચિત્ર રજૂ કર્યું છે. પહેલી બે-ત્રણ કડીઓમાં જે ભાવ તેમણે વ્યક્ત કર્યો છે, તેનું જ વિવિધ રીતે ઉચ્ચારણ તેમણે પછીની કડીઓમાં કર્યું છે. પણ તેની એકવિધતા ન સાલે તેવી ઓજસ્વી ભાષાનો ઉપયોગ તેમણે કર્યો છે, તે નીચેની પંક્તિઓ જોતાં જણાશે :—

> "હઠનારા નહિ હેબક પામી, બહાદુર બથમાં ભીડે આભ,
> પાટુના પડઘા સાંભળતાં, છૂટે ગર્ભિણિના ગાભ."[૪૦]
>
> અથવા
>
> "બખ્તર પહેરી બહાદુર જ્યારે કરતા ત્યારે યુદ્ધટંકાર;
> મઘવાપતિ ત્યાં થરથર ધ્રૂજે, ભડવીરો એવા ભયકાર."[૪૧]

કાવ્યના ઉત્તરાર્ધમાં રામ, લક્ષ્મણ, ભીમ, ભગીરથ, અર્જુન, અભિમન્યુ, ભીષ્મપિતા, પૃથુરાજ વગેરેનાં પરાક્રમો વર્ણવી વિશેષપણે તેમનું સ્મરણ કર્યું છે. આવા પૂર્વજોનાં સંભારણાં સામે આજના લોકોની સ્થિતિ જોઈ, પરિસ્થિતિની અસહ્યતા લાગવાથી, તેમના પર થતો પ્રકોપ પણ આ રચનામાં જોવા મળે છે :—

> "મરો બૂડીને નરો બાયલા, ઢાંકણીમાં નાખીને નીર,
> આર્ય કીર્તિને ઝાંખપ દીધી, તમને એનો બટ્ટો શીર."[૪૨]

આ રચનામાં શ્રીમદ્દે તેમનો ખેદ દર્શાવતી "અરે! અરેરે! આજ ગયા કયાં? રઢિયાળા એવા રણધીર" એ પંક્તિને ધ્રુવપંક્તિ બનાવી દીધી છે. માત્ર છેલ્લી ત્રણ કડીમાં તેનો ઉપયોગ થયેલો નથી.

આ રચનામાં તેમણે "સબસબતી", "ખળભળ ખળભળ", "ધક ધક ધક ધક", "કટ કટ કટ કટ" વગેરે રવાનુકારી શબ્દોનો પણ છૂટથી ઉપયોગ કર્યો છે, અને તેથી

૪૦. "સુબોધસંગ્રહ", પૃ. ૮૦.

૪૧. એજન, પૃ. ૮૨.     ૪૨. એજન, પૃ. ૮૩.

ભાટચારણોની શૈલીની કવિતાની યાદ આપણને આ પદ અપાવે છે. આ રચનાની શરૂઆત જ તે શૈલીના પ્રકારની છે :—

"ઢાલ ઢળકતી, ઝબક ઝબકતી, લઈ ચળકતી કર કરવાલ;
ખરેખરા ખૂંદે રણમાં ત્યાં મૂછ મલકતી ઝગતું ભાલ." વગેરે

વર્ણસગાઈનાં પણ ઘણાં ઉદાહરણો મળે છે, "મનની મૂકે મમતા મોડ", "કેવળ કેસરિયાં કરનારા" વગેરે.

આ રીતે જોમ તથા વેગવાળી ભાષામાં તેમણે આપેલો રણમેદાનનો અને રણયોદ્ધાનો ચિતાર આસ્વાદ્ય બની શકે એવો છે. શ્રી બ્રહ્મચારી ગોવર્ધનદાસ આ કાવ્ય વિશે લખે છે કે :—

"સર વૉલ્ટર સ્કોટનાં દ્વન્દ્વયુદ્ધો – Combats, શૌર્યપ્રેમપ્રેરક – Romantic – કાવ્યો જેણે વાંચ્યાં હશે તેને આ સવૈયા વાંચી તે સ્મરણમાં આવ્યા વિના નહિ રહે! પરંતુ એક નાના કાવ્યમાં શ્રીમદ્દે હૃદયના કેટલા ભાવો જગાડ્યા છે તે તો પૂરું તે કાવ્ય વાંચવાથી જણાય, અને શ્રીમદ્દે સાહિત્યના જે જે ક્ષેત્રમાં કલમ ચલાવી હોય તે તે સર્વ સ્થળે તે વિજયવંત નિવડ્યા વિના રહેત નહિ, એવી વાંચનારને પ્રતીતિ થાય તેવું આ અદ્ભુત કાવ્ય છે."[૪૩]

## "પ્રેમની કળા ન્યારી છે."[૪૪]

"સુબોધ પ્રકાશ"માં વિ. સં. ૧૯૪૨માં પ્રગટ થયેલી વસંતતિલકામાં લખાયેલી આ રચનામાં શ્રીમદ્દે પ્રેમ ક્યાં અને કઈ રીતે પ્રવર્તે છે તે માટે કોઈ નિયમ નથી એમ પ્રતિપાદન કર્યું છે. આ કૃતિના અંતમાં તેમણે તેનો રચનાઉદ્દેશ પણ જણાવ્યો છે :—

"સંધે કરી સમજવા શુભ સ્નેહ ખૂબી,
દૃષ્ટાંતરૂપ ચીતરી દઢ પ્રેમસૂફી."[૪૫]

પ્રત્યેક કડીના છેલ્લા ચરણમાં આવતી પંક્તિ "છે પ્રેમ નેમ કળની પ્રિય વાત ન્યારી" દ્વારા કવિએ પ્રેમના તત્ત્વના આ અનોખાપણાનો પરિચય પ્રકૃતિમાંથી લીધેલાં સંખ્યાબંધ સુપરિચિત દૃષ્ટાંતોથી કરાવ્યો છે. કમળનો સૂર્ય પ્રતિ પ્રેમ, ભ્રમરનો કમળ પ્રતિ પ્રેમ, પોયણીનો ચંદ્ર પરનો રાગ, મોરનો મેઘ સાથેનો પ્રેમ, લોહ અને ચુંબકનો પ્રેમ, જળ તથા મીનનો પ્રેમ, સાગર અને શશીનો પ્રેમ વગેરેનાં ઉદાહરણો તેમણે આપ્યાં છે. અને અહીં કાવ્યની ધ્રુવપંક્તિ પ્રત્યેક કડીમાં અર્થાન્તરન્યાસ અલંકારની ખૂબી પ્રગટ કરે છે.

આ રચનાની ભાષા ઘણી સાદી હોવાથી સમજવામાં પણ એવી જ સહેલી છે. સાદાઈમાં આ રચના દલપતરામની યાદ આપી જાય તેવી છે. જુઓ :—

૪૩. "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા", આ. ૪, પૃ. ૯૧.
૪૪. "સુબોધસંગ્રહ", પૃ. ૭૨, ૪૫. એજન, પૃ. ૭૪.

"રે માછલી જળ થકી રહી પ્રેમ બાંધી,
તેના વિના તરફડે ઝટ સ્નેહ સાંધી;
જીવે નહિ વિરહથી થળમાં બિચારી,
છે પ્રેમ નેમ કળની પ્રિય વાત ન્યારી."૪૬

## પ્રકીર્ણ દોહરાઓ

"દૃષ્ટાંતિક દોહરા", "મિત્રપરીક્ષા", "કુમિત્રનિંદા", "પ્રાસ્તાવિક દોહરા" વગેરે શીર્ષક નીચે "સુબોધસંગ્રહ"માં શ્રીમદ્ રચિત કુલ-૧૧૦ દોહરાઓ આપવામાં આવ્યા છે. આ પ્રત્યેક દોહરો સ્વતંત્ર એકમ જેવો છે. એટલે તેમાં વિષયવૈવિધ્ય ઘણું જોવા મળે છે. મિત્ર, દુશ્મન, પૈસો, વિદ્યા, કાવ્ય, પંડિતાઈ, પ્રેમ, સદ્‌ગુરુ, ચડતી-પડતી, ટેવ વગેરે વિષયો વિશે શ્રીમદે દોહરા રચ્યા છે, અને તે દ્વારા નીતિવ્યવહાર વિશે પોતાના કેટલાક વિચારો રજૂ કર્યા છે. કેટલાક દોહરા અર્થાન્તરન્યાસના સુંદર ઉદાહરણ પણ બન્યા છે; જેમ કે :—

"પડતી સમયે પંડને, ઊગે અવળી વાત;
હરણ થયાં મૃગમોહથી, સતી સીતા સુખઘાત."૪૭

"અવળાં પણ સવળાં થશે, ઠોકર વાગ્યે ઠીક,
તપ્યા લોહને ટીપતાં, સુધરી જશે અધિક."૪૮

કેટલીક વખત તેઓ અર્થાન્તરન્યાસમાં કહેવતનો પણ ઉપયોગ કરે છે. જેમ કે :—

"બેવકૂફને બોધ દો, પણ લાગે નહીં લેશ;
ભેંસ આગળે ભાગવત તણો જેમ ઉપદેશ."૪૯

"આમ અવનીનો કાયદો, ઘર ફૂટયે ઘર જાય;
રાજ ગયું પૃથ્વીરાજનું ફૂટયે હાહુલીરાય."૫૦

મિત્ર વિશે લગભગ ૧૭ જેટલા છૂટક છૂટક દોહરા મળે છે. તેમાં સારા તેમ જ ખરાબ મિત્રોનાં લક્ષણો અપાયાં છે. ક્યાંક તેમણે ધન વિશે અવલોકનમૂલક વિચારો રજૂ કર્યા છે. કાવ્યના ગુણો વિશે પણ થોડા દોહરાઓ મળે છે. જુઓ :—

"વિના રસિકતા કાવ્યનો, સરસ ન લાગે સોર;
સૂનાં લાગે સર્વથા, ધણી વિનાનાં ઢોર."૫૧

---

૪૬. "સુબોધસંગ્રહ", પૃ. ૭૪.
૪૭. એજન, પૃ. ૫૯. ૪૮. એજન, પૃ. ૯૯.
૪૯. એજન, પૃ. ૧૦૨. ૫૦. એજન, પૃ. ૫૯.
૫૧. એજન, પૃ. ૧૦૧.

કેટલાક દોહરા સુભાષિત જેવા પણ બન્યા છે, અને તેમાં કેટલીક જગ્યાએ સંસ્કૃત સુભાષિતોની શૈલીની છાયા પણ વરતાય છે; જેમ કે :—

"ક્લેશ, ગર્વ, ઉન્માદ ને આળસ ઊંઘ અયોગ્ય,
લક્ષ્મી રળવાનાં ગણો, માત્ર પાંચ અવજોગ."૫૨

"દાન, કાવ્ય, તપ, ચાતુરી, ગુરુભક્તિ ને જ્ઞાન;
વિવેક, નીતિ, લક્ષ્મી એ સબળ કીર્તિનાં સ્થાન."૫૩

"લક્ષ્મીભૂષણ છે ઘર, અને ઘરભૂષણ છે નાર;
નારભૂષણ આ ધારીએ, પતિભક્તિ પ્રિયકાર."૫૪

સરળ ભાષામાં લખાયેલા આ દોહરાઓમાં શ્રીમદ્દની નીતિપ્રિયતા, સદ્દગુણપ્રીતિ વગેરે ગુણો જોવા મળે છે.

## "અવધાન કાવ્યો"

"સુબોધસંગ્રહ"માં લગભગ ૪૦ જેટલી, અવધાન સમયે રચેલી પદ્યકૃતિઓ જોવા મળે છે. એમાં કેટલીક પાદપૂર્તિ છે. આ શીઘ્રરચનાઓ ભાગ્યે જ ચાર-આઠ લીટીથી લાંબી છે.૫૫

આ શીઘ્રરચનામાં વિષયનું વૈવિધ્ય ઘણું છે, તેમ જ વિષયો પણ ઘણી વખત ગુચ્છો, કાંકરો, રંગની પિચકારી, કોરો કાગળ, ત્રણ દરવાજા, લવિંગ, ઈંટ, નળિયું જેવા સામાન્ય લેવામાં આવ્યા છે, તો ક્યારેક ધર્મ, કજોડાં, ઈશ્વરલીલા, વિદ્યા વગેરે જેવા ગંભીર પ્રકારના વિષયો પણ લેવાયા છે. આ રચનાઓ વિવિધ છંદમાં લખાયેલી છે. અહીં આપણને શિખરિણી, શાર્દૂલવિક્રીડિત, વસંતતિલકા, ભુજંગી, ઇન્દ્રવજ્રા, ઉપેન્દ્રવજ્રા, તોટક, માલિની, મંદાક્રાન્તા, ઉપજાતિ, હરિગીત, દોહરા, નારાચ, કવિત, મનહર, ગીતિ, પદ્ધડી વગેરે અક્ષરમેળ કે માત્રામેળ છંદો જોવા મળે છે. શીઘ્રરચનાઓમાં શ્રોતા માગે તે વિષય અને માગે તે છંદમાં શ્રીમદ્દ રચના કરી શકતા, તે તેમનું રચનાકૌશલ બતાવે છે.

બાલપણથી ઉત્પન્ન થયેલી એમની વૈરાગ્યપ્રવૃત્તિ આ શીઘ્રરચનાઓમાં ઘણી વખત દેખાઈ આવે છે; અને એ વ્યક્ત કરવા તેમને ગંભીર વિષયની જરૂર પડતી નથી. કાંકરો, રંગની પિચકારી કે ઘડિયાળના ડંકા જેવા સામાન્ય વિષયો પણ તેમને પોતાના વક્તવ્ય માટે પૂરતા થઈ પડે છે. કાંકરા વિશે તેઓ દોહરામાં લખે છે કે :—

"એમ સૂચવે કાંકરો, મનદગ ખોલી દેખ;
મનખા કેરા મુજ સમા, વિના ધર્મથી લેખ."૫૬

---

૫૨-૫૩. "સુબોધસંગ્રહ", પૃ. ૮૫. ૫૪. એજન, પૃ. ૮૬.
૫૫. "સુબોધસંગ્રહ"માં આપેલાં અવધાન કાવ્યોમાંનાં કેટલાંક "શ્રીમદ્ રાજચંદ્ર"ની પાંચમી આવૃત્તિમાં પણ આપ્યાં છે.
૫૬. "સુબોધસંગ્રહ" પૃ. ૩.

રંગની પિચકારી વિશે તેમણે શિખરિણી છંદમાં લખ્યું છે કે :—

"બનાવી છે કેવી, સુઘડ પિચકારી સૂચવતી,
બધી જૂઠી માયા, મનન કર એવું મન વતી;
નથી સાચી મારી, ચટક સહુ શિક્ષા કથનમાં,
ઉરે ધારી જોજે, વિનયઅરજી આ મથનમાં."[૫૭]

આમ કિશોરકાળથી જ તેમની વૈરાગ્યવૃત્તિ જોવા મળે છે. તે સાથે કેટલીક વખત સામાન્ય વિષયમાંથી પણ સુંદર બોધ આપતા હોય તેવું તેમની કૃતિમાં જોવા મળે છે. ગુચ્છો, કોરો કાગળ, ચોપાટ, ઈંટ, નળિયું વગેરે આનાં દૃષ્ટાંતો છે. "ગુચ્છો" વિશે તેમણે શાર્દૂલવિક્રીડિતમાં નીચેની પંક્તિઓ રચી છે :—

"ગુચ્છાના ગુણ આ તમામ વદતા, રક્ષા કરે જંતુની,
રાખે જાળવણી કરી શરીરની, આવ્યાં કને અંતુની;
રે ! રક્ષા કરવી ઘટે શરણુની, એવું સદા સૂચવે,
જો ઇચ્છો તરવા ભવીજન, ધરો, તો તો ગુચ્છો જે કવે."[૫૮]

ભુજંગી છંદમાં ચોપાટને ઉપાલંભ આપતી નીચેની પંક્તિઓ પણ તેમણે અવધાન સમયે જ રચેલી :—

"કર્યું રાજ્ય તેં ધર્મનું ધૂળધાણી,
વળી ફેરવ્યું કૌરવો શિર પાણી;
તજી તું પ્રતાપે નળે નિજ રાણી,
હવે જોઈ ચોપાટ, તારી કમાણી."[૫૯]

આમ સામાન્ય વિષયોમાંથી પણ કંઈક નવું બતાવવાની તેમની શક્તિ છે; એ જ રીતે ગંભીર વિષયને હલ કરવાની આવડત પણ તેમનામાં છે. એટલું જ નહિ, અશક્ય લાગતી વસ્તુને સુંદર તર્કથી શક્ય બનતી પણ બતાવી છે. કર્મની ગતિ, કજોડાં, ઈશ્વરલીલા વગેરે ગંભીર વિષયો વિશે તેમણે સરળતાથી પદ્યરચના કરી છે, અને "આકાશપુષ્પ થકી વંધ્યસુતા વધાવી" કે "રાત્રિ ખરા બપોર" જેવી અશક્ય વાતો તેમણે પાદપૂર્તિમાં ગૂંથી લીધી છે. "કર્મની ગતિ" વિશે તેમણે નારાચ છંદમાં લખ્યું છે કે :—

"વડોદરે વસેલ આ, સયાજીરાવ સાંભરે,
અધિપતિ નસીબની, ગતિ વતી થયો ખરે !
ધણી છતાં મલ્હારરાવ, કેદમાં ગયા અરે !
ગતિ વિચિત્ર કર્મની, તું હર્ષ શોક શું ધરે ?"[૬૦]

---

૫૭. "સુબોધસંગ્રહ", પૃ. ૩.
૫૮. એજન, પૃ. ૨. ૫૯. એજન, પૃ. ૬૫. ૬૦. એજન, પૃ. ૩.

"રાત્રિ ખરા બપોર" વિશે તેમણે રચેલી પાદપૂર્તિ જુઓ :—

"કચ્છ નૃપતિ વિવાહ રચ્યો, ગઈ તિમિરતા ઘોર;
અજવાળું એવું કર્યું, રાત્રિ ખરા બપોર."[૬૧]

આવી જાતની ચમત્કૃતિ તેમણે કરેલી સમસ્યાપૂર્તિ જેવી કે "વંઝયાપુત્ર મારવાને કોઈક ચાલ્યો જાય છે" કે "તે માટે રથ ચંદ્રને હરણિયાં જોડી દીધાં શ્રીહરિ" વગેરેમાં આપણને જોવા મળે છે. ચંદ્રના રથને હરણિયાં શા માટે જોડી દીધાં છે, તે વિશેનો સુંદર તર્ક વાણિયા ઉપર ઉતારતાં શાર્દૂલવિક્રીડિતમાં તેમણે રચ્યું છે કે :—

"અંગે શૌર્ય દમામ નામ ન મળે, સત્તા રહી ના જરી,
પ્રેમી કાયરતા તણો અધિક છે, શાસ્ત્રે કથા એ ખરી;
ભાગી જાય જરૂર તે ભય ભર્યો, રે દેખતાં કેસરી,
તે માટે રથ ચંદ્રને હરણિયાં જોડી દીધાં શ્રીહરિ."[૬૨]

આ બધી શીઘ્ર રચાયેલી કૃતિઓમાં ચમત્કૃતિ, પ્રાસ, યમકાદિ અલંકાર વગેરે લક્ષણો દ્વારા સારું વૈવિધ્ય આપણને જોવા મળે છે.

ઉપર જોયા તે વિષયો ઉપરાંત અવધાન-કૃતિઓમાં ધર્મ, મુનિને પ્રણામ, કવિતાને હિંમત, ચાર મદ, દોલત, તૃષ્ણા, મોટાઈ, નિંદક, ત્રણ દરવાજા, તંબૂ, સાગરને ફીણ કેમ વળે છે, તમાકુની ડાબલી, વિદ્યા, શાલ, લવિંગ, પાણી, કલમ, પવનની રીતિ, આગગાડી, દરિયો, કમળ વગેરે વિષયો પરથી રચનાઓ મળે છે, બે-ત્રણ અંતર્લાપિકા પણ તેમણે રચી છે. જેમાં કોઈમાં પોતાનું નામ, કોઈમાં "ચતુરભુજ વંદના કરે" એ વાક્ય, એમ વિવિધ વસ્તુઓ તેમણે ગૂંથી છે. ભાષાની ચમત્કૃતિનો આ પ્રકારનો એક નમૂનો જુઓ :—

"રાખે યશ ચંદ્રોદયે, રહે વધુ જીવી નામ;
તેવા નરને પ્રેમથી, નામ કરે પરણામ."[૬૩]

આમાં તેમણે પોતાનું "રાયચંદ રવજી" નામ ગૂંથ્યું છે, તે જોઈ શકાશે.

આમ આ રચનાઓમાં તેમણે કરેલા જાતજાતના પ્રયોગો જોવા મળે છે. આ બધાં જોડકણાંના પ્રકારના કરેલા પ્રયોગો તેમણે જે વયે કર્યા હતા તે વયને ખ્યાલમાં લેતાં એ પ્રયોગો એમનામાં રહેલી શક્તિનો પરિચય આપે છે. અને એ દૃષ્ટિએ આ પ્રયોગો નોંધપાત્ર પણ છે. વય વધવાની સાથે તેઓ માત્ર પરમાર્થમાર્ગના જ વિચારક બની જવાથી, ધીરગંભીર બની ગયા હતા. અને તેથી આવા કોઈ પ્રયોગો કરવા પરથી તેમણે પોતાનું લક્ષ્ય ઉઠાવી લીધું હતું.

---

૬૧. "સુબોધસંગ્રહ", પૃ. ૪.
૬૨. એજન, પૃ. ૭૮.
૬૩. એજન, પૃ. ૭૯.

આમ શ્રીમદ્‌ના સમગ્ર સાહિત્યમાં જોઈએ તો "શ્રીનીતિબોધક વિભાગ ૧", "ધર્મેતર પદ્યકૃતિઓ" અને અવધાન સમયે જે કૃતિઓની રચના થયેલી તેટલું જ સાહિત્ય ધર્મેતર રચનામાં મળે છે; બાકીનું બધું જ લખાણ ધર્મને લક્ષ્યમાં રાખીને થયેલું જોઈ શકાય છે. એ પરથી ખ્યાલ આવી શકશે કે તેમને મન ધર્મનું મહત્ત્વ કેટલું હતું ! તેમના જણાવ્યા પ્રમાણે જે સાહિત્ય, સંગીત કે અન્ય કલાનો ઉપયોગ આત્માર્થે ન હોય તે નિરર્થક ગણાય. અને પોતાના આ વિચારને અનુલક્ષીને જ તેમણે સર્વ લખાણ કરેલું જણાઈ આવે છે. તેથી બહુ થોડી ગણી શકાય તેટલી પદ્યરચનાઓ ધર્મેતર સાહિત્યમાં મળે છે, અને ગદ્યરચના તો એક પણ મળતી નથી.[૬૪]

## ધર્મને લગતાં કાવ્યો

વીસ વર્ષની ઉંમર પહેલાં ધર્મને લગતાં શ્રીમદ્ રચિત આટલાં કાવ્યો મળે છે: "મોક્ષસુબોધ", "નવ કાળ મૂકે કોઈને", "ધર્મ વિષે", "શાંતિનાથની સ્તુતિ", "છત્રપ્રબંધ", "કેટલાક દોહરા", "ભાવનાબોધનાં મુક્તકો" અને "મોક્ષમાળા"નાં કાવ્યો.

## "મોક્ષસુબોધ"

"મોક્ષસુબોધ" નામનો ગ્રંથ લખવાની શરૂઆત શ્રીમદે ૧૭મા વર્ષ પહેલાં કરી હતી. તેના પ્રથમ શતકની વીસ કડી હાલમાં ઉપલબ્ધ છે. તે પછી તે ગ્રંથ અપૂર્ણ રહેલો છે. તેમનો એક કરતાં વધુ શતક લખવાનો વિચાર હશે, એવું અનુમાન "પ્રથમ શતક" એવું જે શીર્ષક આપ્યું છે, તે પરથી થાય છે.

આરંભમાં શ્રીમદે આ ગ્રંથ રચવાની ઈચ્છા બતાવી છે. પછી આદિ તીર્થંકર ઋષભદેવના કેટલાક ગુણોનું સ્મરણ કરી, તેમને વંદન કર્યાં છે.

પછીના સત્તર દોહરામાં શ્રીમદે પ્રભુપ્રાર્થના રચી છે. તેની પ્રત્યેક કડીમાં ભગવાન "ભયભંજન" છે, એ જણાવ્યું છે. શરૂઆતની કડીઓમાં પ્રભુના ગુણોનું સ્મરણ કર્યું છે, અને પાછળની કડીઓમાં ભક્તમાં રહેલા અવગુણો દૂર કરવાની તથા કેટલાક ગુણો આપવાની

---

૬૪. આ બધાં કાવ્યો ઉપરાંત જૈનધર્મને લગતાં ન હોય તેવાં શ્રીમદ્‌ની વીસ વર્ષની વય પહેલાં લખાયેલાં કેટલાંક કાવ્યોની નોંધ શ્રી મનસુખભાઈ કિરતચંદ મહેતાએ તેમના "શ્રીમદ્ રાજચંદ્ર જીવનરેખા" નામના પુસ્તકમાં લીધી છે. પરંતુ તે કાવ્યો આજે ઉપલબ્ધ ન હોવાથી તે વિશે પ્રકાશ પડતો નથી. તે યાદી આ પ્રમાણે છે:

પાપપશ્ચાત્તાપ પંચદશી-ધર્મસદ્‌બોધન રત્ન – મે ૧૮૮૫; લાંચ – સુબોધપ્રકાશ – જૂન ૧૮૮૩; કાળ – ઑક્ટો. ૧૮૮૫; વિવેકસવૈયા – ઑક્ટો. ૧૮૮૫; રાજાને બોધ; પ્રેમનિશાની; શ્રીમંત છતાં પણ શોક; સજ્જન સજ્ઝાઈ – આસો ૧૯૪૧; અવતાર એળે ગયો – ધર્મદર્પણ – શ્રાવણ ૧૯૪૧; કુનૃપ નિંદા; ધર્મદર્પણ – ૧૯૪૧; કવિ અને નવરસ.

પ્રાર્થના કરાઈ છે. આ પ્રાર્થના ખૂબ ભાવવાહી તથા સરળ શબ્દોમાં થયેલી છે. તેઓ પ્રભુના ગુણ બતાવે છે કે :—

"ધર્મધરણ, તારણ તરણ, શરણ ચરણ સન્માન,
વિઘ્નહરણ, પાવનકરણ, ભયભંજન ભગવાન."૬૫

આવા પ્રભુને પ્રાર્થના કરી છે કે :—

"નીતિ પ્રીતિ નમ્રતા, ભલી ભક્તિનું ભાન;
આર્ય પ્રજાને આપશો, ભયભંજન ભગવાન."૬૬

આ પ્રાર્થના કર્યા પછી ધર્મ વિનાનો માણસ કેવો લાગે તે જુદી જુદી ઉપમા દ્વારા કવિતામાં તેમણે વર્ણવ્યું છે કે :—

"દિનકર વિના જેવો, દિનનો દેખાવ દીન,
શશી વિના જેવી જોજો, શર્વરી સુહાય છે;
પ્રતિપાળ વિના જેવી, પ્રજા પૂરતણી પેખો,
સુરસ વિનાની જેવી, કવિતા કહાય છે;
સલિલ વિહીન જેવી, સરિતાની શોભા અને,
ભર્તાર વિહીન જેવી, ભામિની ભળાય છે;
વદે રાયચંદ વીર, એમ ધર્મમર્મ વિના,
માનવી મહાન પણ, કુકર્મી કળાય છે."૬૭

ધર્મવિહીન મનુષ્યના વર્ણન પછી "મોક્ષસુબોધ" ગ્રંથ અપૂર્ણ રહેલો છે. આમ આ ગ્રંથનો ઘણો થોડો ભાગ ઉપલબ્ધ હોવાથી તે કઈ કક્ષાનો ગ્રંથ બની શક્યો હોત તેનો વિશેષ ખ્યાલ આવી શકતો નથી. તેમ છતાં ઠેકઠેકાણે પોતાનું નામ ગૂંથવાની પ્રાચીન શૈલી તેમણે જાળવી રાખી છે, તે અહીં જોઈ શકાય છે. આ ઉપરાંત આટલા નાના વિભાગમાં પણ શાર્દૂલ, છપ્પય, કવિત, દોહરા આદિ છંદમાં પંક્તિઓ મળે છે તે પરથી વિવિધ છંદરચના કરવાનું તેમણે ધાર્યું હોય તેમ લાગે છે.

## "નવ કાળ મૂકે કોઈને"

આ રચનામાં શ્રીમદ્દે કોઈ પણ માણસ મૃત્યુથી બચી શકતો નથી તે વિશે દૃષ્ટાંતોથી સમજાવ્યું છે. જાતજાતનો સાંસારિક વૈભવ હોય, શારીરિક બળ હોય, ધરતીનું સામ્રાજ્ય હોય, અનેક ગુણ હોય તેવી વ્યક્તિ પણ મૃત્યુથી પર નથી. બધાંને એક દિવસ મરવાનું તો છે જ. મરણ આવે ત્યારે એ વૈભવ, એ માન, એ પ્રભુત્વ, સર્વ છોડી જીવને મરણને

૬૫. ૬૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨.
૬૭. એજન, પૃ. ૩.

શરણ થવું પડે છે. માણસની આ પરાધીનતાનું ચિત્ર તેમણે જુદાં જુદાં દૃષ્ટાંતો મૂકી રજૂ કર્યું છે. છ ખંડના ધરતીના ધણી પણ કાળને કેવા વશ થાય છે, તે જુઓ :—

"છો ખંડના અધિરાજ જે ચંડે કરીને નીપજ્યા,
બ્રહ્માંડમાં બળવાન થઈને ભૂપ ભારે ઊપજ્યા,
એ ચતુર ચક્રી ચાલિયા હોતા નહોતા હોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને."[૬૮]

આ ચક્રવર્તી જેવી જ દશા રાજનીતિનિપુણોની, તલવાર-બહાદુરોની, કે ખૂબ ખૂબ હીરામાણેક વગેરે પહેરનારની પણ થાય છે, તે કર્તાએ હરિગીત છંદની ૨૮ પંક્તિમાં બતાવ્યું છે. સામાન્ય માણસો મૃત્યુના અધિકારને સમજ્યા વિના વૈભવ પાછળ આંધળી દોટ મૂકે છે અને મૃત્યુ તો એ બધાથી જીવને છૂટો પાડનાર છે તે તેઓ ભૂલી જાય છે. તેથી શ્રીમદે એ મૃત્યુનું સામર્થ્ય બતાવી, નાશવંત વૈભવમાં મોહ કરવા જેવું નથી, તેનું સૂચન કરેલ છે. નાની વયે મૃત્યુ જેવા ગંભીર વિષય પરત્વે પણ તેઓ પરિપક્વ વિચારો ધરાવતા હતા તે તેમની ઉચ્ચ મનોદશા બતાવે છે.

## "ધર્મ વિશે"

સત્ધર્મના પાલન વિનાની સર્વ વસ્તુઓ કોઈ પણ કિંમતની નથી, એમ જણાવી ધર્મનું મહત્ત્વ સ્થાપન કરતી શ્રીમદ્‌ની આ રચના ૩૨ પંક્તિ જેટલી દીર્ઘ છે.[૬૯] તેમાં આઠ-આઠ પંક્તિઓના ચાર વિભાગ તેમણે પાડેલા છે.[૭૦] પહેલા વિભાગમાં સંસારના સર્વ જાતના વૈભવથી મળતું સુખ સત્ધર્મની શ્રદ્ધા ન હોય તો કશી કિંમતનું નથી એમ તેમણે જણાવ્યું છે. બીજા વિભાગમાં માણસના દુર્ગુણોનો નાશ કરવાનું સાધન તથા સાચું સુખ પામવા માટેનું સાધન ધર્મ છે, તેમ જણાવ્યું છે. ધર્મમાં અશ્રદ્ધા રાખનાર માણસ કેટલો હીન દેખાય છે તે તેમણે જુદી જુદી ઉપમાઓનો ઉપયોગ કરી ત્રીજા વિભાગમાં બતાવ્યું છે. ચોથા વિભાગમાં સત્પુરુષો, વિદ્વાનો, સાધુઓ, કવિઓ વગેરે ધર્મને ઘણું મહત્ત્વ આપે છે, તે જણાવી આત્માને નિર્મળ કરવા, ધર્મને શરણે જવા તેઓ ભલામણ કરતાં લખે છે કે :—

"કવિઓ કલ્યાણકારી કલ્પતરુ કથે જેને.
સુધાનો સાગર કથે, સાધુ શુભ ક્ષેમથી;

૬૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૮.    ૬૯. એજન, પૃ. ૯.

૭૦. "શ્રીમદ્ રાજચંદ્ર"ની પરમશ્રુત પ્રભાવક મંડળની પાંચમી આવૃત્તિમાં આ રચનાની ૬ કડીઓ આપેલી છે, તેમાંની છેલ્લી બે કડી, અવધાન સમયે રચાયેલી જુદી જ રચના હોય તેમ જણાય છે. જુઓ "રાજપદ" પૃ. ૨૬, ૧૯. પહેલી ચાર કડી ૧૫મે વર્ષે, અને બીજી બે ૧૮મે વર્ષે રચાયેલી જણાય છે.

આત્માના ઉદ્ધારને ઉમંગથી અનુસરો જો,
નિર્મળ થવાને કાજે, નમો નીતિ નેમથી.”૭૧

સરળ ભાષામાં કવિતમાં રચાયેલી શ્રીમદ્‌ની આ કૃતિમાં ધર્મને કેંદ્રમાં રાખી તે વિશેના વિચારો રજૂ થયા છે, ધર્મ હોય તો જ સર્વ છે, તે ભાવ પ્રત્યેક પંક્તિમાં નીતરે છે. આ એક ઉપદેશકાવ્ય બની રહ્યું છે, જેમાં સીધો જ બોધ અપાયેલો છે.

## “શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ”૭૨

શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરતા આ પદની આઠ-દસ પંક્તિઓ લખાયા પછીથી તે અપૂર્ણ રહેલું છે. અહીં પ્રભુ પ્રત્યેનો અહોભાવ અને પોતાનું હીનત્વ પ્રગટ કરતાં કવિની નમ્રતા જોવા મળે છે.

## “છત્રપ્રબંધ”૭૩

અવધાન સમયે શ્રીમદ્ જાતજાતની ચમત્કૃતિવાળાં કાવ્યો રચતા. તેવા એક પ્રસંગે જેતપુરમાં વિ. સં. ૧૯૪૧ની કાર્તિકી પૂનમે તેમણે તેમના બનેવી રા. ચત્રભુજભાઈની વિનંતીથી “છત્રપ્રબંધ”ની રચના કરી હતી.૭૪ તેના રચયિતા વિશે તેમણે લખ્યું છે કે :—

ભુજંગી છંદની આ ચાર પંક્તિઓને છત્રની આકૃતિમાં જુદાં જુદાં ખાનાં પાડી આકૃતિમાં બતાવ્યા પ્રમાણે ગોઠવવામાં આવી હતી, કે જેથી એના દંડમાં ચારે પંક્તિઓ આવી જાય, અને છત્રની એક બાજુએથી ગમે તે ખાનાથી વાંચતાં દંડની પંક્તિના તેની સાથે જોડાયેલા અક્ષરો સહિત “અરિહંત આનંદકારી અપારી” એ પંક્તિ વંચાય, અને છત્રની બીજી બાજુથી વાંચતાં એ જ રીતે “સદા મોક્ષદાતા તથા દિવ્યકારી” એ પંક્તિ વંચાય.

---

૭૧. આ પદ્યનો ત્રીજો વિભાગ “મોક્ષસુબોધ”માંથી લેવાયો હોય તેમ જણાય છે. બંને જગાએ એકસરખી જ પંક્તિઓ છે.

૭૨. “શ્રીમદ્ રાજચંદ્ર”, અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૯.

૭૩. એજન, પૃ. ૭૦. ૭૪–૭૫. એજન, પૃ. ૩૦.

## છત્રપ્રબંધસ્થ પ્રેમ-પ્રાર્થના

જેતપુર કાર્તિક સુદ ૧૫ ૧૯૪૧






૧

આર્યત-ભુજંગી છંદ

અરિહંત આનંદકારી અપારી,
સદા મોક્ષદાતા તથા દિવ્યકારી;
વિનંતિ વણિકે વિવેકે વિચારી,
વડી વંદના સાથ છે ! દુઃખહારી.

૨

ઉર્ના ઉપજાતિ

વવાણિયાવાસી વણિક જ્ઞાતિ,
રચેલ તેણે શુભ હિત કાંતિ;
સુબોધ દાખ્યો રવજી તનુજે,
આ રાયચંદે મનથી રમૂજે.

૩

સંયોજન પ્રમાણિકા

વણિક જેતપુરના, રિઝાવવા કસુર ના;
રચ્યો પ્રબંધ ચિત્તથી, ચતુરભુજ હિતથી.

૪

આ પ્રબંધમાં દૃષ્ટિદોષ, હસ્ત-
દોષ કે મનદોષ દૃષ્ટિગોચર થાય
તો તેને માટે ક્ષમા ચાહી વિનય-
પૂર્વક વંદના કરું છું. હું છું,
રાયચંદ રવજી

## પ્રકીર્ણ દોહરાઓ[૭૬]

શ્રીમદ્ રચિત જુદા જુદા વિચારકણો વ્યક્ત કરતા પાંચ દોહરા "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં મળે છે. તેમાં દુઃખરહિત કોઈ નથી, પણ દુઃખના વેદન કરવામાં ફેર છે; પાપથી મુક્ત થવા માટે વીતરાગની વાણી સિવાય કોઈ બીજું સાધન કામ આવતું નથી; વીતરાગ-વચનો શાંતિ આપનાર તથા ભવમુક્તિ કરાવનાર છે; રાગદ્વેષ એ સર્વ અનર્થનું મૂળ છે વગેરે વિચારો અસરકારક ભાષામાં રજૂ કર્યા છે. તેનો મુક્તક કે સુભાષિતો તરીકે છૂટથી ઉપયોગ થઈ શકે તેમ છે; જેમ કે :—

"જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોય,
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય."

અથવા

"વચનામૃત વીતરાગનાં, પરમ શાંત રસમૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ."[૭૭]

અનુભવના નિચોડરૂપ આ દોહરાઓમાં લોકસાહિત્યમાં જોવા મળતા દોહરાના જેવી જ સચોટતા પણ જોવા મળે છે, જે નાની ઉંમરમાં શ્રીમદે પ્રાપ્ત કરેલી પ્રૌઢતાનું સૂચન કરે છે.

## "ભાવનાબોધ"ની પદ્યરચનાઓ

"ભાવનાબોધ"માં દીર્ઘ કહી શકાય એવી એક પણ રચના નથી. પરંતુ પહેલી છ ભાવનાઓ સમજાવતી ચાર-ચાર પદ્યપંક્તિઓની મુક્તકના પ્રકારની રચના પ્રત્યેક ભાવનાની શરૂઆતમાં તેમણે આપી છે. આ ઉપરાંત અન્યત્વ તથા એકત્વ ભાવનાની પ્રમાણશિક્ષામાં પણ આખા પ્રસંગને સમજાવતી પદ્યપંક્તિઓ તેમણે રચી છે, અને અંતમાં બધી ભાવનાઓ વિશે એક દોહરો રચ્યો છે. આમ કુલ ૯ રચના "ભાવનાબોધ"માં જોવા મળે છે.

આ પદ્યપંક્તિઓમાં સંસારની અનિત્યતા, જીવની સંસારમાં અશરણતા, જીવનું એકત્વ, બીજા જીવો કે સાંસારિક પદાર્થોનું જીવ માટે અન્યત્વ, દેહની અશુચિ વગેરે વિષય તરીકે નિરૂપણ પામ્યાં છે, તે પ્રત્યેક ભાવનાના અર્થને સ્પષ્ટ કરે છે. પ્રમાણશિક્ષામાં આપેલી પંક્તિઓ તેમણે તે ભાવનાને લગતાં આપેલાં દૃષ્ટાંતો તથા તેમાંથી તારવેલો સાર દર્શાવે છે. આમ જોઈએ તો દરેક રચના બોધગર્ભિત છે, તેમ છતાં તે પંક્તિઓ સીધા-સાદા ઉપદેશમાં સરી પડતી નથી. વળી, પ્રત્યેક રચના માટે તેમણે જુદા જુદા છંદમાં — જેમ કે ઉપજાતિ, શાર્દૂલવિક્રીડિત, હરિગીત, દોહરા વગેરે — પ્રયોજ્યા છે. માત્ર ચાર જ પંક્તિમાં ઘણું વક્તવ્ય સમાવ્યું હોવા છતાં પણ એમાં દુર્બોધતા આવતી નથી, તેમ જ ભાષાની સરળતા પણ જળવાઈ રહે છે, એ એની વિશેષતા છે. એકત્વ ભાવનાની પ્રમાણશિક્ષામાં તેમણે શાર્દૂલવિક્રીડિતમાં આપેલી પંક્તિઓ જુઓ :—

---

૭૬–૭૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૩૧.

"રાણી સર્વ મળી સુચંદન ઘસી, ને ચર્ચવામાં હતી,
બૂઝયો ત્યાં કકળાટ કંકણ તણો, શ્રોતી નમી ભૂપતિ;
સંવાદે પણ ઇન્દ્રથી દૃઢ રહ્યો, એકત્વ સાચું કર્યું,
એવા એ મિથિલેશનું ચરિત આ, સંપૂર્ણ અત્રે થયું."[78]

અહીં નમિરાજા એકત્વ કયા પ્રસંગથી પામ્યા, તે પામ્યા પછી ઇન્દ્ર કસોટી કરવા આવ્યા ત્યારે તેમની સાથે પોતાના મતમાં કઈ રીતે દૃઢ રહ્યા અને કસોટીમાંથી પાર ઊતર્યા, તે સર્વ તેમણે ફક્ત ચાર પંક્તિઓમાં સ્પષ્ટતાથી સમજાવ્યું છે. આખી ભાવનાનો સાર, કથા વગેરે પણ અહીં સરળ ભાષામાં જ અપાયેલાં છે. વળી, તેમાં તેમની યોગ્ય શબ્દની પસંદગી તરત જ જણાઈ આવે છે.

આ રચનાઓમાં બીજો નજરે તરી આવતો ગુણ તે તેની સચોટતાનો છે. તે વાંચીએ ત્યારે તેની હૃદય પર સ્પષ્ટ છાપ ઊઠે છે. ઉદાહરણ તરીકે અનિત્યભાવના વિશેની તેમણે ઉપજાતિ છંદમાં રચેલી પંક્તિઓ જુઓ :—

"વિદ્યુત લક્ષ્મી, પ્રભુતા પતંગ,
આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી ચાપ અનંગ રંગ,
શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ."[79]

લક્ષ્મી, સત્તા, આયુષ્ય, કામભોગ વગેરે કેવા અનિત્ય છે તે તેમણે યોગ્ય રૂપકો દ્વારા અહીં સ્પષ્ટ કર્યું છે. લક્ષ્મીની ચંચળતા વીજળીના રૂપક દ્વારા જેટલી સ્પષ્ટ થાય તેટલી બીજાથી થાત કે કેમ તે શંકાસ્પદ છે. એવું જ અન્ય વિશે પણ છે.

સોળ વર્ષની નાની વયે તેમનામાં કેટલું કવિત્વ હતું તે આ રચનાઓ સ્પષ્ટ કરે છે. તેમને મળેલું "કવિ" તરીકેનું બિરુદ આવી રચનાઓને લીધે જ મળ્યું હશે! આ રચનાઓ સ્મૃતિમાં રહી જાય તેવી છે.

આ રચનાઓમાં ભાષાની સરળતા, સ્પષ્ટતા, સ્વાભાવિકતા તથા પ્રવાહિતા જોવા મળે છે. ઉપરાંત, અર્થગાંભીર્ય અને તત્ત્વચિંતન તેનાં વિશેષ આકર્ષણ-તત્ત્વો બની ગયાં છે. તત્ત્વચિંતક પ્રત્યેક ભાવના વિશે કયા દૃષ્ટિકોણથી જુએ તે તેમણે અહીં રજૂ કર્યું છે, તેમ જણાય છે.

## "મોક્ષમાળા"ની રચનાઓ

"મોક્ષમાળા"ના ૧૦૮ પાઠમાંથી ૮ પાઠ શ્રીમદ્દે પદ્યમાં રચ્યા છે. તેમાં વિષય-વૈવિધ્યની સાથે કેન્દ્રમાં ધર્મ જ રહે છે. આ પદ્યપાઠો આ પ્રમાણે છે : સર્વમાન્ય ધર્મ,

૭૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૪૩. ૭૯. એજન, પૃ. ૩૬.
૮૦. આ રચનાઓનાની વિશેષ વિગત માટે જુઓ પ્રકરણ ૩ : "મોક્ષમાળા".

ભક્તિનો ઉપદેશ, બ્રહ્મચર્ય વિશે સુભાષિત, સામાન્ય મનોરથ, તૃષ્ણાની વિચિત્રતા, અમૂલ્ય તત્ત્વવિચાર, જિનેશ્વરની વાણી અને પૂર્ણમાલિકા મંગળ. આબાલવૃદ્ધ સર્વને ઉપયોગી થાય તેવા હેતુથી શ્રીમદ્દે "મોક્ષમાળા"ની રચના કરી હોવાને લીધે તેમાં ભાષાની સરળતા ઉપર ઘણું લક્ષ્ય રાખ્યું છે. આથી "મોક્ષમાળા"ની પદ્યરચનાઓ પણ સરળ ભાષામાં હોય તે સ્વાભાવિક છે.

સામાન્ય માણસને પણ સમજાય તેવી સરળ રચનામાંથી પણ તત્ત્વવિચારક ઘણું પામી શકે તેવી "અમૂલ્ય તત્ત્વવિચાર" જેવી કૃતિઓ પણ તેમાં છે. એમાં મનુષ્યભવની દુર્લભતા, ખોટા લક્ષથી એળે જતો મનુષ્યભવ વગેરે વિશે જણાવી સાચો માર્ગ કયો તે પણ કહ્યું છે. હરિગીત જેવા ગેય છંદમાં તેની રચના થઈ હોવાને કારણે શ્રીમદ્દના અનુયાયીઓમાં તેને મુખપાઠ કરવાનો રિવાજ છે. આ કાવ્ય વાંચતાં શ્રીમદ્દની આધ્યાત્મિક સમજણનો અને કક્ષાનો ખ્યાલ આવે તેમ છે. "મોક્ષમાળા"ની આ રચના સર્વોત્તમ કહી શકાય એવી છે.

આ સિવાયની અન્ય રચનાઓમાં સ્પષ્ટ બોધ જોવા મળે છે. "બ્રહ્મચર્ય વિશે સુભાષિત", "ભક્તિનો ઉપદેશ" વગેરે આ પ્રકારની રચનાઓ છે. તેમાં બ્રહ્મચર્યનો મહિમા અને ભક્તિથી થતા લાભો અનુક્રમે વર્ણવ્યા છે. જિનેશ્વરપ્રણીત દયા કેવી છે, તેનું નિરૂપણ "સર્વમાન્ય ધર્મ"માં થયું છે. તૃષ્ણા કેવી વિચિત્ર છે, તે જીવને કેટલી હેરાન કરે છે તે બાબત "તૃષ્ણાની વિચિત્રતા" એ કૃતિ દર્શાવે છે. કટાક્ષકાવ્યની શૈલીનું આ કાવ્ય આનંદપ્રદ થાય તેવું છે. માણસે સેવવા યોગ્ય મનોરથો "સામાન્ય મનોરથ"માં શ્રીમદ્દે જણાવ્યા છે. તે કૃતિ સામાન્ય કક્ષાની છે. જિનપ્રભુની વાણી કેવા કેવા ગુણોવાળી હોય છે તે "જિનેશ્વરની વાણી"માં ભાવવાહી શબ્દોમાં કવિએ વર્ણવ્યું છે. અને જોડકણાં જેવું લાગતું "પૂર્ણમાલિકા મંગળ" ઘણા ગંભીર અર્થને સમાવતું પદ્ય છે. આ રીતે જોતાં જૈનધર્મનાં દયા, ભક્તિ, બ્રહ્મચર્ય, જિનવાણી વગેરે તત્ત્વો આ પદ્યોમાં વિષયરૂપ બન્યાં છે.

રચનાઓ પ્રમાણમાં ટૂંકી છતાં સુરેખ લાગે તેવી બની છે. તેમાં તે વિષયનો ભારપૂર્વક ઉપદેશ અપાયો છે. અહીં તેમણે ક્યારેક ઉપજાતિ જેવા અક્ષરમેળ છંદમાં રચના કરી છે. પરંતુ માત્રામેળ છંદો જેવા કે ચોપાઈ, હરિગીત, સવૈયા આદિને વિશેષ ઉપયોગમાં લીધા છે.[૮૦] આમ "મોક્ષમાળા"ની રચનાઓ ધર્મને લગતી શ્રીમદ્દની રચનાઓમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

## "દ્વાદશાનુપ્રેક્ષા"[૮૧]

વિક્રમની બીજી સદી આસપાસ મુનિશ્રી સમંતભદ્રાચાર્યે "રત્નકરંડશ્રાવકાચાર"નામનો શ્રાવકના આચારોનું નિરૂપણ કરતો ગ્રંથ સંસ્કૃતમાં લખ્યો છે. આ ગ્રંથ ઉપર હિંદી ભાષામાં વિસ્તૃત ટીકા પંડિત સુખદાસજીએ વિક્રમની ૨૦મી સદીની શરૂઆતમાં – સં. ૧૯૦૬થી ૧૯૨૧ સુધીમાં – લખી છે. તેમાં સમ્યક્ત્વનાં આઠ અંગ, બાર ભાવના, સમાધિમરણ વગેરે વિષયોનો

૮૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ ૧૫.

સમાવેશ થાય છે. તેમાંથી બાર ભાવનાઓનો હિંદીમાંથી અનુવાદ કરવાની શરૂઆત શ્રીમદ્ "દ્વાદશાનુપ્રેક્ષા" શીર્ષક નીચે, તેમના ૧૭મા વર્ષ પહેલાં, કરી હતી.

આ બાર ભાવનાઓ તે અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ, સંવર, નિર્જરા, લોકસ્વરૂપ, ધર્મદુર્લભ અને બોધદુર્લભ ભાવના. આરંભમાં આ ભાવનાઓનાં નામ આપી, તે ભાવનાઓ પર વિચાર કરવાથી જીવનું ઘણું હિત થાય છે. અને વૈરાગ્યને પોષવા માટે તેનું ચિંતન હંમેશાં કરવું જોઈએ એમ સમજાવતાં લખ્યું છે કે :—

> "આ ચિંતવનાઓ વૈરાગ્યની માતા છે. સમસ્ત જીવોનું હિત કરવાવાળી છે. અનેક દુઃખોથી વ્યાપ્ત સંસારી જીવોને આ ચિંતવનાઓ બહુ ઉત્તમ શરણ છે. દુઃખરૂપ અગ્નિથી તપ્તાયમાન થયેલા જીવોને શીતલ પદ્મવનની મધ્યમાં નિવાસ સમાન છે."[૮૨]

તે પછી ભાવના વિશેનો અનુવાદ શરૂ થાય છે. તેમાં પહેલી બે ભાવનાઓનો સંપૂર્ણ અનુવાદ થયેલો છે, અને ત્રીજી સંસારભાવનાનો અનુવાદ અધૂરો રહેલો છે. તે પછીની ભાવનાઓનો અનુવાદ થયેલો જ નથી. આ અનુવાદ થયા પછી થોડા સમયે તેમનો તે વિશે "ભાવનાબોધ" નામનો સ્વતંત્ર ગ્રંથ મળે છે.[૮૩] તે ગ્રંથમાં તેમણે બારે ભાવના સમજાવી છે, અને તેમાંથી દસ ભાવનાને પુષ્ટ કરતાં દૃષ્ટાંતો પણ આપ્યાં છે.

અનિત્યભાવનામાં દરેક વસ્તુ નાશવંત છે તે જુદી જુદી રીતે સમજાવ્યું છે, જેમ ઘર, લક્ષ્મી, સ્ત્રી, પુત્ર, કુટુંબ આદિનો નાશ થઈ જાય છે તેમ પોતાનો દેહ પણ નાશવંત છે, તે જાણવું તે અનિત્યભાવના.

તે અનિત્યતા જણાવતાં લખે છે કે :—

> "જેમ એક વૃક્ષ વિશે પક્ષી પૂર્વે સંકેત કર્યા વિના જ આવી વસે છે, તેમ કુટુંબના માણસો સંકેત કર્યા વિના કર્મોવશ ભેળા થઈ વીખરે છે. એ સમસ્ત ધન, સંપદા, આજ્ઞા, ઐશ્વર્ય, રાજ્ય, ઇન્દ્રિયોના વિષયોની સામગ્રી જોતજોતામાં અવશ્ય વિયોગને પ્રાપ્ત થશે. જુવાની મધ્યાહ્નની છાયાની પેઠે ઢળી જશે, સ્થિર રહેશે નહિ. ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રાદિક તો અસ્ત થઈ પાછા ઊગે છે, અને હેમંત, વસંતાદિ ઋતુઓ પણ જઈ જઈ પાછી આવે છે. પણ ગયેલ ઇંદ્રિયો, યૌવન, આયુ, કાયાદિક પાછાં નથી આવતાં. જેમ પર્વતથી પડતી નદીના તરંગ રોકાયા વિના ચાલ્યા જાય છે, તેમ આયુષ્ય ક્ષણ-ક્ષણમાં રોકાયા વિના વ્યતીત થાય છે."[૮૪]

આ ઉપરાંત બીજી અનેક રીતે પણ સંસારની અનિત્યતા આ ભાવનામાં સમજાવી છે. તે વિચારીને, સમજીને જીવે આત્મહિત કરી લેવું એ કર્તવ્ય છે તે અહીં ઉપદેશાયું છે.

૮૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૬.

૮૩. આ વિષે આગળ જુઓ પ્રકરણ ૨ : "ભાવનાબોધ".

૮૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૬.

ત્યાર પછી અશરણભાવનામાં બતાવવામાં આવ્યું છે કે જીવ મૃત્યુ આગળ નિઃસહાય હોય છે. તેમાંથી છોડાવે એવું કોઈ શરણ તેને પ્રાપ્ત થતું નથી. પાપનો ઉદય હોય ત્યારે કેવી કેવી જાતની પરિસ્થિતિ જીવની થાય છે તે પણ દર્શાવ્યું છે.

પાપનો ઉદય થાય ત્યારે :—

"અમૃત વિષ થઈ પરિણમે છે, તણખલું પણ શસ્ત્ર થઈ પરિણમે છે, પોતાના વહાલા મિત્ર પણ વૈરી થઈ પરિણમે છે, અશુભના પ્રબળ ઉદયના વશથી બુદ્ધિ વિપરીત થઈ પોતે પોતાનો જ ઘાત કરે છે. જ્યારે શુભ કર્મનો ઉદય થાય છે ત્યારે મૂર્ખને પણ પ્રબળ બુદ્ધિ ઊપજે છે. કર્યા વિના સુખકારી અનેક ઉપાય પોતાની મેળે પ્રગટ થાય છે. વૈરી મિત્ર થઈ જાય છે, વિષ પણ અમૃતમાં પરિણમે છે."[૮૫]

આ રીતે સંસાર પાપપુણ્યના ઉદયરૂપ છે, તે અશરણભાવનામાં બતાવ્યું છે. તે પરથી તેમાં સમજાવ્યું છે કે અશુભના ઉદય વખતે પોતાના ક્ષમાદિક ભાવ સિવાય બીજી કોઈ વસ્તુ શરણરૂપ થતી નથી. આથી તેમાં લખ્યું છે કે :—

"કર્મના ઉદયને ન રોકી શકાય એવા જાણી સમતાભાવનું શરણ ગ્રહણ કરો, તો અશુભ કર્મની નિર્જરા થાય, અને નવો બંધ ન થાય. રોગ, વિયોગ, દારિદ્ર્ય, મરણાદિકનો ભય છોડી પરમ ધૈર્ય ગ્રહણ કરો. પોતાનો વીતરાગભાવ, સંતોષભાવ, પરમ સમતાભાવ, એ જ શરણ છે, બીજું કોઈ શરણ નથી."[૮૬]

આમ જીવની અશરણતા સમજાવ્યા પછી, આ સંસાર કેવો છે તે દર્શાવતી સંસારભાવના આપી છે. સંસારનું સાચું સ્વરૂપ જાણવું અને વિચારવું તે સંસારભાવના. જીવ પોતાનાં કર્મ અનુસાર ચાર ગતિ – દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક – માં પરિભ્રમણ કરે છે. એવો કોઈ પ્રદેશ નથી કે જ્યાં જીવે એક યા બીજે રૂપે જન્મમરણ કર્યાં ન હોય. જીવને તેના કર્માનુસાર ઇંદ્રિયોની પ્રાપ્તિ થાય છે. તે એકેંદ્રિયથી પંચેન્દ્રિય સુધી ગણતાં પાંચ પ્રકારના જીવો થાય છે. આ પાંચ પ્રકારના જીવો ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. આ ભમતા જીવોની સ્થિતિનું વર્ણન અહીં લેખકે આપેલ છે. પછી તેમણે જીવ અનંત દુઃખવાળા નિગોદમાંથી નીકળ્યા પછીની તેની ભ્રમણાની સ્થિતિ બતાવવા નરકના વર્ણનથી શરૂઆત કરી છે. નરકની ભૂમિના વર્ણનના થોડા ભાગનો અનુવાદ થયો છે. અને બાકીના ભાગનો અનુવાદ કરવો રહી ગયો છે.

શ્રીમદ્દે કરેલો આ અનુવાદ લગભગ શબ્દશઃ છે. જુઓ :—

"इस शरीरकूं ज्यों ज्यों विषयादिककरि पुष्ट करोगे त्यों त्यों आत्माका नाश करनेमें समर्थ होयगा. अेक दिन भोजन नहीं दोगा तो बडा दुःख देवेगा. जे जे शरीरमें रागी भये हैं ते ते संसारमें नष्ट होय आत्मकार्य बिगाडी अनंतानंत नरक निगोदमें भ्रमे हैं।"[૮૭]

---

૮૫. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૯. ૮૬. એજન, પૃ. ૨૦.
૮૭. "શ્રીરત્નાકરંડશ્રાવકાચાર", હિંદી ટીકા સાથે, પૃ. ૩૨૨.

આ વાકયનો અનુવાદ શ્રીમદ્દે આ પ્રમાણે કર્યો છે :—

"આ શરીરને જેમ જેમ વિષયાદિકથી પુષ્ટ કરશો, તેમ તેમ આત્માનો નાશ કરવામાં સમર્થ થશે. એક દિવસ ખોરાક નહિ આપશો તો બહુ દુઃખ દેશે. જે જે શરીરમાં રાગી થયા છે, તે તે સંસારમાં નાશ થઈ આત્મકાર્ય બગાડી અનંતાનંત કાળ નરક, નિગોદમાં ભમે છે."[૮૮]

"सो नरकको उष्णताके जणावनेकूं इहां कोउ पदार्थ दीखनेमें जाननेमें आवै नाहीं, जाकी सदशता कही जाय ? तो हू भगवानके आगममें ऐसा अनुमान उष्णताका कराया है जो लक्ष योजनाप्रमाण मोटा लोहेका गोला छोडिये तो भूमिकूं नहि पहुंचत प्रमाण नरकक्षेत्रकी उष्णताकरि रसरूप होय बहि जाय है ।"[૮૯]

એ નરકની ઉષ્ણતા વર્ણવતાં વાકયોનો અનુવાદ કર્તાએ આ રીતે કર્યો છે :—

"તે નરકની ઉષ્ણતા જણાવવાને માટે અહીં કોઈ પદાર્થ દેખવામાં, જાણવામાં આવતો નથી કે જેની સદૃશતા કહી જાય; તોપણ ભગવાનના આગમમાં એવું અનુમાન ઉષ્ણતાનું કરાવેલ છે, કે લાખ યોજનપ્રમાણ મોટા લોઢાના ગોળા છોડીએ તો તે નરકભૂમિને નહિ પહોંચતાં, પહોંચતાં પહેલાં નરકક્ષેત્રની ઉષ્ણતાથી કરી રસરૂપ થઈ જાય છે."[૯૦]

આમ શબ્દશઃ ભાષાંતર હોવા છતાં આપણને વાંચતી વખતે ભાગ્યે જ એવું લાગે છે કે તે ભાષાંતર હશે. મૂળનો વિચારપ્રવાહ ભાષાંતરમાં પણ એટલી જ સરળતાથી અને સ્વાભાવિકતાથી વહે છે.

## "જીવાજીવવિભક્તિ"

"ઉત્તરાધ્યયન સૂત્ર"ના ૩૬મા અધ્યયનનો અનુવાદ શ્રીમદ્દે આ શીર્ષક નીચે આપ્યો છે. તેમાં પહેલા બાર શ્લોકનો અનુવાદ કરેલો છે, અને બાકીના શ્લોકનો અનુવાદ કર્યો નથી.

આ સૂત્રના ૩૬મા અધ્યયનમાં જીવ અને અજીવ વચ્ચેનો ભેદ સમજાવ્યા પછી બંનેના ભિન્ન ભિન્ન વિભાગો પાડી તેનાં લક્ષણો તેમાં સમાવ્યાં છે. શ્રીમદ્દે કરેલા બાર શ્લોકના અનુવાદમાં જીવ અને અજીવ વચ્ચેનો ભેદ તથા અજીવના વિભાગ સુધીનું વર્ણન આવે છે. તે પછી અજીવનાં લક્ષણો વિસ્તારથી બતાવ્યાં છે. તે શ્લોકો તથા જીવ વિશેની બધી માહિતી આપતા શ્લોકોનો અનુવાદ થયો નથી. આ અનુવાદ લગભગ શબ્દશઃ છે. દાખલા તરીકે જુઓ બીજો શ્લોક :—

૮૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૭.

૮૯. "શ્રી રત્નકરંડશ્રાવકાચાર", હિંદી ટીકા સાથે, પૃ. ૩૨૮.

૯૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૨.

"जीवा चेव अजीवा य एस लोए वियाहिभे ।
अजीवदेसमागासे अलोगे से वियाहिए ॥ "[૯૧]

આ શ્લોકના અનુવાદમાં શ્રીમદ્દે લખ્યું છે કે :—

"જીવ અને અજીવ (જ્યાં હોય તેને) લોક કહેલ છે. અજીવના આકાશ નામના ભાગને અલોક કહેલો છે."[૯૨]

તેમણે ચાલુ કરેલ જીવ અને અજીવના નિરૂપણ કરતા શ્લોકોનો અનુવાદ અહીં અપૂર્ણ રહેલો છે.

## "મુનિસમાગમ"

વીસ વર્ષની ઉંમર પહેલાં લખવાનો ચાલુ કરેલો શ્રીમદ્‌નો આ લેખ અપૂર્ણ રહ્યો છે. મોક્ષમાર્ગનું સ્વરૂપ સમજાવી શકે એવો ગ્રંથ રચવાની શ્રીમદ્‌ની ઇચ્છા હતી. તે માટે તેમણે આ લેખ લખવાનું શરૂ કર્યું હતું, પણ તે દ્વારા પોતાનો ઉદ્દેશ બરાબર સિદ્ધ થતો હોય એમ ન લાગવાથી શ્રીમદ્દે તે પૂરો ન કર્યો. અને ત્યાર પછી "મોક્ષમાળા"ની રચના તેના અનુસંધાનમાં કરી. આમ આ લેખ "મોક્ષમાળા"ના પૂર્વરૂપ જેવો છે.[૯૩]

આ લેખમાં શ્રીમદ્દે આપવા ધારેલો બોધ કથા દ્વારા વ્યક્ત કર્યો છે. ઉજ્જયિની નગરીનો રાજા ચંદ્રસિંહ સાચો ધર્મ પામવા માટે એક ધર્મનું અનિષ્ટ જોઈ, બીજા ધર્મ તરફ વળે છે, તેનું અનિષ્ટ જોઈ તે ત્રીજા તરફ વળે છે, પછી ચોથા તરફ વળે છે; એમ વારંવાર ધર્મપરિવર્તન કરે છે, અને જૈનધર્મ સિવાયના અનેક ધર્મનું પાલન કરી જુએ છે. જૈનધર્મમાં માત્ર વૈરાગ્યની જ વાત આવતી જાણવાથી તે તરફ તેને શ્રદ્ધા થતી નથી. પરિણામે તે નાસ્તિક બની જાય છે, અને અનેક પ્રકારનાં પાપકર્મ આચરે છે.

એવી નાસ્તિક મનોદશામાં એક વખત હરણનો શિકાર કરવા તે જાય છે. તે વખતે જીવ બચાવવા દોડતા હરણની પાછળ પડેલો રાજા પોતાના સૈન્યથી જુદો પડી જાય છે અને ભયંકર ઝાડીમાં આવી પડે છે. તે વખતે તે ખૂબ વિકટ પરિસ્થિતિમાં મુકાઈ જાય છે. એ ઝાડી વચ્ચે દોડતાં દોડતાં ઘોડો ઠોકર ખાવાથી લથડે છે, અને રાજા નમી પડે છે. તેનો એક પગ પેંગડામાં અને બીજો જમીનથી એક વહેંત ઊંચે રહે છે. એટલે કે રાજા ઘોડાની પીઠ અને જમીન વચ્ચે લટકતો રહી જાય છે. એકાએક ઊથલો આવવાથી રાજાના મ્યાનમાંથી તલવાર પણ અડધી બહાર નીકળી પડે છે. એટલે રાજા પાછો ઉપર ચડવા જાય તો તે તલવાર ગરદનમાં વાગે એવી વિચિત્ર સ્થિતિ ઊભી થઈ જાય છે. તેથી તે હળવેથી નીચે ઊતરવાનો વિચાર કરી નીચે જુએ છે તો એક કાળા નાગને ડસવા તલસતો

૯૧. "ઉત્તરાધ્યયન સૂત્ર", અધ્યયન ૩૬, શ્લોક ૨.
૯૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૬૪.
૯૩. જુઓ આગળ "મોક્ષમાળા", પ્રકરણ ૩.

દેખે છે. તેથી થોડો આગળ ખસી ઊતરવા વિચારે છે તો સામે એક સિંહને ઊભેલો જુએ છે. પાછળ જવા વિચારતાં રાજાને ઘોડા પરની તલવાર મ્યાનમાંથી નીકળેલી દેખાય છે, એથી તે એક પણ બાજુ હલી કે ચલી ન શકે એવી વિકટ પરિસ્થિતિમાં મુકાય છે. ચારે બાજુથી મોત હુમલો કરવા તૈયાર થયું હોય એવી સ્થિતિ રચાઈ જાય છે.

આવી પરિસ્થિતિમાં રાજાને પોતે કરેલાં પાપો યાદ આવતાં ખૂબ ધ્રુજારી છૂટે છે. અને પોતાની ગતિ કેવી થશે તેની વિચારણામાંથી તે જૈનધર્મની વિચારણામાં ઊતરી જાય છે. તેને તે ધર્મના વૈરાગ્ય વગેરેની વાત તથા નવકારમંત્રના પ્રભાવની વાત ખૂબ તથ્યવાળી લાગે છે. એ વિચારણા ચાલતી હોય છે એટલામાં સંજોગો ફરતાં રાજા ભયમુક્ત બને છે. તેથી જૈનધર્મમાં તેની શ્રદ્ધા દૃઢ બને છે. ભયમુક્ત થયા પછી સર્પના કહેવાથી રાજા જૈનધર્મનો વિશેષ બોધ પામવા માટે નજીકમાં વસતા કોઈ એક મુનિ પાસે સીધો જાય છે.

પોતાનું નિવેદન પૂરું કર્યા પછી રાજા જૈનધર્મનો સૂક્ષ્મતાથી બોધ આપવા મુનિને વિનંતી કરે છે. તે પછીથી તે લેખ અપૂર્ણ રહેલો છે. તેથી મુનિએ કેવી રીતે બોધ આપ્યો હશે, અને તેમાં કયા તત્ત્વ ઉપર ભાર મૂક્યો હશે તે જણાવવું રહી ગયું છે.

આ લેખમાં "અભયદાન" તથા "કર્મના સિદ્ધાંત" વિશે થોડું જણાવી તેની અગત્ય બતાવી છે. અભયદાનની વાત લખતી વખતે શ્રીમદ્ રાજાના ચિંતન દ્વારા જણાવે છે કે :—

> "હરકોઈ પ્રકારે પણ ઝીણામાં ઝીણા જંતુઓનો બચાવ કરવો, તેને કોઈ પ્રકારે દુઃખ ન આપવું એવા જૈનના પ્રબળ અને પવિત્ર સિદ્ધાંતોથી બીજો કયો ધર્મ વધારે સાચો હતો ?"[૯૪]

કોઈ પણ જીવને હણવાથી પાપ છે. સૂક્ષ્મ અહિંસા પાળવાનો અહીં બોધ કરાયો છે. કર્મના સિદ્ધાંતમાં તેઓ જણાવે છે કે :—

> "સુખ અને દુઃખ, જન્મ અને મરણ આદિ સઘળું કર્મને આધીન રહેલું છે. જેવાં જીવ અનાદિ કાળથી કર્મો કર્યે આવે છે તેવાં ફળો પામતો જાય છે. આ ઉપદેશ પણ અનુપમ જ છે...આવો જ મત તેના તીર્થંકરોએ પણ દર્શિત કર્યો છે. એમણે પોતાની પ્રશંસા ઇચ્છી નથી...એણે સત્ય પ્રરૂપ્યું છે.. કર્મ સઘળાંને નડે છે. મને પણ કરેલાં કર્મ મૂકતાં નથી, અને તે ભોગવવાં પડે છે. આવાં વિમળ વચનો ભગવાન શ્રી વર્ધમાને કહ્યાં છે. અને તે વર્ણનને આકારે પાછાં દૃષ્ટાંતથી મજબૂત કર્યાં છે."[૯૫]

આમ કર્મ સિદ્ધાંતનો સાર જણાવી જીવે શું કરવું જોઈએ તે રાજાની ઉક્તિ દ્વારા બતાવ્યું છે.

આ બધા તત્ત્વનો બોધ તેમણે કથાના સ્વરૂપમાં આપ્યો હોવાથી સામાન્ય વાચક માટે તે રોચક બને તેમ છે. છતાં આ લેખ સંતોષકારક ન લાગતાં શ્રીમદે અધૂરો રહેવા

---

૯૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૫.

દીધો હશે તેમ લાગે છે. કારણ કે આ વિષયને લગતો "મોક્ષમાળા" નામનો ગ્રંથ આપણને પછીથી મળે છે.

## "સ્વરોદયજ્ઞાન" પરની ટીકા

શ્રી ચિદાનંદજી મહારાજના "સ્વરોદયજ્ઞાન"નું રહસ્ય પ્રગટ કરવાના હેતુથી, તેના પર ટીકા લખવાની શરૂઆત શ્રીમદ્દે વિ. સં. ૧૯૪૩માં કરી. તે ગ્રંથની પ્રસ્તાવનાનો અને ટીકાનો છૂટક છૂટક ભાગ "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં સંગ્રહાયેલો મળે છે. પરંતુ તે લખાણ તૂટક હોવાથી શ્રીમદ્ વિશેની કોઈ સ્પષ્ટ છાપ આપણને આ લખાણમાંથી મળી શકતી નથી.

પ્રસ્તાવનાની શરૂઆતમાં અર્ધ હિંદી તથા અર્ધ ગુજરાતી ભાષામાં લખાયેલા આ ગ્રંથના લેખન પાછળનો કર્તાનો હેતુ તેમણે બતાવ્યો છે. તે પછી ચિદાનંદજી મહારાજના જીવનની ટૂંકી રૂપરેખા આપી, તેમની આત્મદશા કેવી ઊંચી હતી તે બતાવ્યું છે. પણ તે રૂપરેખા અપૂર્ણ મળે છે.

એ જ રીતે અહીં જેટલા શ્લોક વિશે લખાણ મળે છે તે પણ સળંગ નથી. કેટલાક આદિ ભાગના શ્લોક લાગે છે, તો કેટલાક મધ્યભાગના પણ લાગે છે. તેથી આ ટીકા તેમણે આખી લખી હશે કે કેમ તેનો ખ્યાલ આવી શકતો નથી. પરંતુ પ્રસ્તાવનાનો કેટલોક ભાગ મળે છે, તે પરથી એવું અનુમાન થાય છે કે તે ટીકા પૂરી લખાઈ હશે; જેમ કે :—

> "આ ગ્રંથ સ્વરોદય વાંચનારના કરકમળમાં મૂકતાં તે વિશે કેટલીક પ્રસ્તાવના કરવી યોગ્ય છે એમ ગણી તેવી પ્રવૃત્તિ કરું છું."[૯૬]

ગ્રંથ પૂરો થાય તો જ વાચક પાસે જાય એમ ગણીએ તો તે પૂરો થયો હોવો જોઈએ. પણ તે લખાયા કે છપાયા વિશે બીજી માહિતી મળતી નથી. જૈનેતર દર્શનમાં આયુષ્ય જાણવામાં ઉપયોગી થાય એવા "કાલજ્ઞાન" નામના ગ્રંથની તથા બીજા ગ્રંથોની સહાયથી આ ગ્રંથ રચ્યો છે એવી નોંધ તેમાં મળે છે.

શરૂઆતમાં બે દોહરા, દરેક શબ્દના અર્થ જણાવી, વિસ્તારથી સમજાવ્યા છે. પછીના તો સામાન્ય હોવાથી માત્ર ભાવાર્થ આપ્યો છે. તેમાં લગભગ તેર જેટલા દોહરા વિશે શ્રીમદ્દે લખ્યું છે. પણ તે એવા જુદા જુદા સ્થાનને લગતા છે કે તે પુસ્તકનો વિષય પણ સ્પષ્ટ સમજવો મુશ્કેલ છે. જુઓ :—

> "નાડી તો તનમેં ઘણી, પણ ચૌવિસ પ્રધાન;
> તામેં નવ પુનિ તાહુમેં, તીન અધિક કર જાન."[૯૭]

આવી ત્રણચાર કડી શરીરની નાડી વિશે છે. તો તે પછી :—

---

૯૫. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૬.
૯૬. એજન, પૃ. ૧૫૯. ૯૭. એજન, પૃ. ૧૬૧.

"આશા એક મોક્ષકી હોય, બીજી દુવિધા નવિ ચિત્ત કોય;
ધ્યાન જોગ જાણો તે જીવ, જે ભવદુઃખથી ડરત સદીવ."[૯૮]

જેવી આત્માને લગતી પંક્તિઓ પણ આવે છે, જેનો સંબંધ કઈ રીતે જોડાયેલો હશે તે સમજી શકાતું નથી. આમ આ ટીકા ખંડિત દશામાં હોવાથી તે વિશે કોઈ સ્પષ્ટ ખ્યાલ આપણને આવી શકતો નથી.

## "જીવતત્ત્વ સંબંધી વિચાર"[૯૯]

"નવતત્ત્વ પ્રકરણ"ની નીચેની ગાથા પર શ્રીમદ્દે "જીવતત્ત્વ સંબંધી વિચાર" એ શીર્ષક નીચે ટીકા લખવી ચાલુ કરેલી પણ તે અપૂર્ણ રહી ગઈ છે. તેમાં જીવના પ્રકાર વિશે સમજણ આપવામાં આવી છે.

"एगविह दुविह तिविहा, चउव्विहा, पंच–छव्विहा जीवा ।
चेयण—तस—इयरेहिं, वेय—गई—करण—काएहि ॥"

આ ગાથામાં જણાવ્યું છે તે પ્રમાણે, જીવો અનુક્રમે ચેતનરૂપ એક જ ભેદ વડે એક પ્રકારના છે, ત્રસ અને સ્થાવરરૂપે બે પ્રકારના છે, વેદ રૂપે ત્રણ પ્રકારના, ગતિ વડે ચાર પ્રકારના, ઇન્દ્રિય વડે પાંચ પ્રકારના અને કાયાના ભેદ વડે છ પ્રકારના છે.

આ ટીકામાં જીવના કઈ અપેક્ષાથી કેટલા ભેદ થાય છે તે અનુક્રમે ચાર પ્રકાર સુધી સરળ, સ્પષ્ટ, અર્થગંભીર અને પ્રવાહી ભાષામાં બતાવ્યું છે. જીવ ત્રણ પ્રકારે કઈ રીતે છે તે બતાવતાં તેમણે લખ્યું છે કે :—

"સર્વ જીવને વેદથી તપાસી જોઈએ તો સ્ત્રી, પુરુષ કે નપુંસક તેમાં તેઓનો સમાવેશ થાય છે. કોઈ સ્ત્રીવેદમાં, કોઈ પુરુષવેદમાં અને કોઈ નપુંસકવેદમાં હોય છે. એ સિવાય ચોથો વેદ નહિ હોવાથી ત્રણ પ્રકારે વેદદૃષ્ટિએ સર્વ જીવ સમજી શકાય છે."

આમ ટૂંકમાં ચાર પ્રકારના જીવ સુધી સમજાવ્યું છે. તે પછી ટીકા અપૂર્ણ રહેલી છે. લખવાની ઢબ પરથી લાગે છે કે પછીના ભેદોનો વિસ્તાર કરવાની તેમની ઇચ્છા હશે, પણ કોઈ કારણથી તે પૂર્ણ થયેલી નથી.

## "પુષ્પમાળા"[૧૦૦]

શ્રીમદ્દે ૧૭ વર્ષની ઉંમર પહેલાં "પુષ્પમાળા" નામની સુવાક્યોની એક પુસ્તિકા લખી છે. તેમાં જીવનમાં ઉપયોગી થાય તેવાં ૧૦૮ વચનો આપ્યાં છે.

૯૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૬૨.
૯૯. એજન, પૃ. ૧૬૩, આંક ૨૩.   ૧૦૦. એજન, પૃ. ૩.

આ વચનોમાં જુદી જુદી કક્ષાઓના માનવની શી ફરજ છે તે બતાવવા પ્રયત્ન કરાયો છે; અને પોતાની સ્થિતિ અનુસાર ફરજ અદા ન કરવાથી જીવ અનંત દુઃખ વેઠે છે, તે બતાવ્યું છે. તેમાં અન્યનું બૂરું ન કરવું, પાપ કરતાં મૃત્યુનું સ્મરણ કરવું, માલિક પ્રત્યે નિષ્ઠા રાખવી, શક્તિનો ગેરઉપયોગ ન કરવો, ન્યાયસંપન્ન દ્રવ્ય મેળવવું, અનિષ્ટોને ઉત્તેજન ન આપવું, સદાચાર અને પવિત્રતા, મિતાહાર, અભ્યાસ, વૈરત્યાગ, હિંસાત્યાગ, અન્યાયથી દૂર રહેવું, સમયની અમૂલ્યતા, કરજમુક્તિ, નિરભિમાન, નવરાશે સંસારથી નિવૃત્તિ શોધવી, વ્યસનમુક્તિ, સત્સંગ, ગુરુ, વિદ્વાનો અને સત્પુરુષોનું બહુમાન, સહનશીલતા વગેરે વસ્તુ પર ભાર મૂક્યો છે.

સવારના પહોરમાં વિચારી જવા જેવા સુવિચારો તેમાં રજૂ થયા છે. એ વિચારોમાંના ઘણાખરા (કવિ, વકીલ, રાજા, યુવાન વગેરેને વ્યક્તિગત રીતે સંબોધીને લખાયેલા સુવિચારો સિવાયના) કોઈ પણ વાંચનારને તરત લાગુ પડે તેવા છે. તેઓ પહેલા જ વચનમાં જણાવે છે કે, "ભાવનિદ્રા ટાળવાનો પ્રયત્ન કરજો." એ પ્રયત્ન આપણે અત્યાર સુધી કર્યો નથી તે આપણને તે પછીના વચન "ક્ષણ ક્ષણ જતાં અનંતકાળ વ્યતીત થયો, છતાં સિદ્ધિ થઈ નહિ."[૧૦૧] તે પરથી સમજાય છે. કારણ કે આપણે જો ભાવનિદ્રા ટાળી હોત તો સિદ્ધિ થઈ ગઈ હોત. આ સિદ્ધિ મેળવવા માટે એટલે કે ભાવનિદ્રા ટાળવા માટે આપણે ધર્મમય જીવન ગાળવું જોઈએ અને પોતાની ફરજો યોગ્ય રીતે અદા કરવી જોઈએ તે અહીં બતાવ્યું છે.

આ બધા સુવિચારોમાં લેખકે માત્ર "આજના દિવસ" માટે તે પ્રમાણે વિચારીને વર્તવાનું જણાવ્યું છે. આખો દિવસ સુયોગ્ય રીતે પસાર થાય તે માટે વ્યવહારુ અને ધાર્મિક ક્રિયાઓમાં સમય કઈ રીતે પસાર કરવો તે જણાવતાં દિવસના ભાગ પાડી બતાવતાં લખ્યું છે કે :—

જો તું સ્વતંત્ર હોય તો સંસારસમાગમે તારા આજના દિવસના નીચે પ્રમાણે ભાગ પાડ :—[૧૦૨]

| | |
|---|---|
| ૧ પ્રહર – ભક્તિકર્તવ્ય | ૧ પ્રહર – ધર્મકર્તવ્ય |
| ૧ પ્રહર – આહારપ્રયોજન | ૧ પ્રહર – વિદ્યાપ્રયોજન |
| ૨ પ્રહર – નિદ્રા | ૨ પ્રહર – સંસાર પ્રયોજન. |

બીજા બધા સુવિચારોમાં પણ આજના દિવસ વિશે જ ભલામણ છે. જુઓ :—

"વ્યાવહારિક પ્રયોજનમાં પણ ઉપયોગપૂર્વક વિવેકી રહેવાની સત્પ્રતિજ્ઞા માની આજના દિવસમાં વર્તજે."[૧૦૩] — "પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું છે, એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર."[૧૦૪]

૧૦૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૩.
૧૦૨. એજન, પૃ. ૩. ૧૦૩. એજન, પૃ. ૬.
૧૦૪. એજન, પૃ. ૪.

આ આજના દિવસને લગતા વિચારો જે કોઈ પણ વ્યક્તિ બરાબર સમજે અને જીવનમાં ઉતારે તેને માટે "આજનો દિવસ" તે કાયમનો દિવસ બની જાય એમ છે. આ ઉપરાંત યુવાન, રાજા, કવિ, વકીલ, વૃદ્ધ, આદિને વ્યક્તિગત રીતે સંબોધીને લખાયેલા સુવિચારો અહીં મળે છે.

> "તું યુવાન હોય તો ઉદ્યમ અને બ્રહ્મચર્ય ભણી દૃષ્ટિ કર." "તું કારીગર હો તો આળસ અને શક્તિના ગેરઉપયોગનો વિચાર કરી જઈ આજના દિવસમાં પ્રવેશ કરજે."[૧૦૫]

ટૂંકમાં માણસના કર્તવ્ય વિશે, તેણે દિવસ કઈ રીતે પસાર કરવો તે વિશે વિવિધતાથી તેમણે લખ્યું છે. એ બધાના સારરૂપ ૧૦૭મા બોલમાં લખ્યું છે કે :—

> "આ સઘળાંનો સહેલો ઉપાય આજે કહી દઉં છું કે દોષને ઓળખી દોષને ટાળવા."

મનુષ્ય અંતર્મુખ કે બહિર્મુખ ગમે તેવો હોય, તેને વૈયક્તિક જીવન અને સામુદાયિક જીવનની સ્વસ્થતા વાસ્તે સામાન્ય નીતિની જરૂર હોય છે. એવા વ્યાવહારિક નીતિના શિક્ષણ વાસ્તે "પુષ્પમાળા" રચાઈ હોય તેમ લાગે છે.

સંસ્કૃત સુભાષિતોની શૈલીનાં સરળ ગદ્યમાં લખેલાં આ વચનોમાં વિચારોની વ્યવસ્થિતતા નથી, અર્થાત્ આ વિચારોનું વિષયવાર વર્ગીકરણ થયેલું નથી. પરંતુ પોતાને જે જે વિચારો સૂઝતા ગયા તે તે તેમણે ટપકાવી લીધેલા હોય તેમ જણાય છે. એટલે કે પૂર્વયોજનાપૂર્વક ચોક્કસ વિષયવાર વર્ગીકરણ કરીને તે તે વિષયોનું ચિંતન-મનન કરીને શ્રીમદ્ આ વિચારો લખવા બેઠા હોય એવું નથી.

શ્રીમદ્ માટે તેવી આવશ્યકતા પણ ન હોય, કારણ કે તેમને કેટકેટલી બાબતોનું અહોરાત ચિંતન ચાલતું જ હોય, અને તેઓ કશા આડંબર વિના પોતાને જે કંઈ સૂઝે તે સ્વાભાવિકપણે રજૂ કરનારા હતા. આથી આ સુવિચારોમાં કોઈ કોઈ ઠેકાણે કોઈ વિચારનું કે વિચારઅંશનું પુનરુચ્ચારણ થતું જોવા મળશે, તેમ છતાં તેમાં ઝીણવટપૂર્વક જોતાં વિચારોમાં કોઈક નાનો સરખો ક્રમ પણ રહેલો જણાશે. અને આ બધું ન હોય તોપણ આટલી નાની ઉંમરે આટલા પુખ્ત, પરિપક્વ વિચારો યોગ્ય ભાષામાં વિશદપણે મૂકવા એ પણ શું ઓછી વાત છે? અંતમાં આ વચનો માટે તેમણે ૧૦૮મા બોલમાં આપેલો અભિપ્રાય જોવો યોગ્ય છે.

> "લાંબી, ટૂંકી કે ક્રમાનુક્રમ ગમે તે સ્વરૂપે આ મારી કહેલી પવિત્રતાનાં પુષ્પોથી છવાયેલી માળા પ્રભાતના વખતમાં, સાયંકાળે અને અન્ય અનુકૂળ નિવૃત્તિએ વિચારવાથી મંગળદાયક થશે."

---

૧૦૫. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫.

પૂ. ગાંધીજીએ પંડિત શ્રી સુખલાલજીને એક વચન કહેલું કે, "અરે, આ "પુષ્પમાળા" તો પુનર્જન્મની સાક્ષી છે."[૧૦૬] આ વચન જ આ કૃતિની અગત્ય અને વિશેષતા દર્શાવવા પૂરતું છે.

## સાતસો મહાનીતિનાં વાક્યો – વચનસપ્તશતી[૧૦૭]

વીસ વર્ષની ઉંમર આસપાસ મહાવીર પ્રભુ પ્રણીત ધર્મ પ્રગટ કરવાનો શ્રીમદ્‌ને ઘણો ઉત્સાહ હતો. તે વિશેની તેમની કેટલીક કલ્પના આપણને વિ. સં. ૧૯૪૩ માં તેમણે તેમના બનેવી રા. ચત્રભુજ બેચરને લખેલા એક પત્રમાં જોવા મળે છે. એ પત્ર પરથી આપણને ખ્યાલ આવે છે કે તેમણે આ સાતસો મહાનીતિનાં વાક્યો પોતાની કલ્પના સાકાર કરવાના પહેલા પગથિયા રૂપે રચ્યાં છે. એ વિશે તેઓ એમના બનેવીને લખે છે કે, "સાતસેં મહાનીતિ હમણાં એ ધર્મના શિષ્યોને માટે એક દિવસે તૈયાર કરી છે."[૧૦૮] એમાંથી દસબાર જેટલાં વચનો ખૂટે છે. આ વચનો "વચનસપ્તશતી"ને નામે પણ જાણીતાં છે.

જૈનધર્મના અનુયાયીનો આદર્શ ઘણો ઊંચો છે. તેથી જૈનધર્મને અનુસરતા ગૃહસ્થ, મુનિ કે અન્ય કોઈ પણ વ્યક્તિની આંતરિક તેમજ બાહ્ય સ્થિતિ કઈ જાતની હોવી જોઈએ, જૈનધર્મમાં મહાવ્રતનું કેવી સૂક્ષ્મતાથી પાલન કરવાનું હોય છે, શ્રાવકે પણ કેટલો સંયમ જાળવવાનો હોય છે, તે વિશે આ વચનો દ્વારા આપણને જાણવા મળે છે. સાથે સાથે તેમાં આરોગ્ય, વ્યવહાર, સદાચાર, નીતિ વગેરેની દૃષ્ટિએ પણ લખાયેલાં વચનો જોવા મળે છે. તેથી આ નીતિવચનો જૈનધર્મીને અનુલક્ષીને લખાયાં હોવા છતાં કોઈ પણ ધર્મની સદ્‌ગુણી વ્યક્તિને આચરવા યોગ્ય બની ગયાં છે.

અહીં "શિર જતાં પણ પ્રતિજ્ઞાભંગ ન કરવો", "સ્વાદિષ્ટ ભોજન લઉં નહિ" જેવાં નિષેધાત્મક વચનો અને "વેરીના સત્ય વચનને માન આપું", "વિદ્વાનોને માન આપું" જેવાં વિધેયાત્મક વચનો એમ બે પ્રકારનાં વચનો લખાયેલાં છે. એમાંનાં કેટલાંક વચનો તો પોતાને ઉદ્દેશીને લખાયાં હોય તેવાં લાગે છે; જેમ કે—"સમ્યક્ સમયમાં અપધ્યાનનો ત્યાગ કરું છું" વગેરે. જીવ કેટલીક વખત એવી ભૂલો કરે છે કે જેનો તેને ખ્યાલ પણ ન આવે. જીવથી થતા એવા દોષો માટે આ જાતનાં નીતિવચનો ખૂબ ખૂબ ઉપયોગી થાય છે. શ્રીમદ્ પોતે પણ એ ઉપયોગિતાના જાણકાર હતા. તેથી તેમણે "વચનામૃત"ના ૧૬મા વચનમાં લખ્યું છે કે, "વચનસપ્તશતી પુનઃ પુનઃ સ્મરણમાં રાખો."[૧૦૯]

---

૧૦૬. "શ્રીમદ્ રાજચંદ્ર – એક સમાલોચના", પં. સુખલાલજી, "શ્રીમદ્ રાજચંદ્રનાં વિચારરત્નો", પૃ. ૧૬૭.

૧૦૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૩૬, આંક ૧૯. શ્રી બ્રહ્મચારી ગોવર્ધનદાસજીએ મહાનીતિ અને વચનસપ્તશતીને જુદાં જણાવ્યાં છે. અને વચનસપ્તશતીને તેમણે લખેલી "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા"માં અપ્રાપ્ય ગણાવેલ છે. જુઓ. પૃ. ૮૮, પણ શ્રીમદે લખેલાં ઉપરનાં વચનો વાંચતાં ખ્યાલ આવી જાય છે કે વચનસપ્તશતી અને મહાનીતિનાં સાતસો વાક્યો, એ બંને એક જ છે.

૧૦૮. એજન, પૃ. ૧૬૬, આંક ૨૭. ૧૦૯. એજન, પૃ. ૧૫૫.

અહીં આપેલાં સાતસો વચનોમાંથી કેટલાંક મુનિને લગતાં છે, જેમ કે,—"નિયમ વગર વિહાર કરું નહિ", "ચતુર્માસે પ્રવાસ કરું નહિ", "પૂર્વ સ્નેહીઓને ત્યાં આહાર લેવા જાઉં નહિ" વગેરે. કેટલાંક ગૃહસ્થને લગતાં છે; જેમ કે—"કુટુંબકલેશ કરું નહિ", સ્વાર્થે કોઈની આજીવિકા તોડું નહિ", વગેરે. કેટલાંક વિધવા કે સધવા સ્ત્રીને લગતાં છે; જેમ કે,—"પતિ પર દાબ રાખું નહિ", "સુવાસી સાજ સજું નહિ", "સુખની અદેખાઈ કરું નહિ" વગેરે. કેટલાંક વચનોમાં પતિ તરીકેની, સ્ત્રી તરીકેની, પિતા તરીકેની, રાજા તરીકેની ફરજો બતાવી છે, જેમ કે,—"સ્વસ્ત્રીમાં સમભાવથી વર્તું", "બે સ્ત્રી પરણું નહિ", "પુત્રને સારે રસ્તે ચડાવું", "પુત્રીનું વેવિશાળ યોગ્ય ગુણે કરું", "ભય વાત્સલ્યથી રાજ્ય ચલાવું" વગેરે. વળી કેટલાંક સ્વચ્છતા કે આરોગ્યને સાચવવાનો ઉપદેશ આપતાં વચનો પણ છે, તો કેટલાંક ક્રોધ, અસત્ય, પ્રમાદ વગેરે દૂષણો ત્યાગવાને લગતાં, અને સત્યવાણી, ગુણસ્તવન વગેરે ગુણગ્રહણ દર્શાવતાં વચનો પણ છે. "પહોરનું રાંધેલું ભોજન કરું નહિ", "હિંસા વડે સ્વાર્થ ચાહું નહિ", "કલેશ કરું નહિ", ક્રોધી વચન ભાખું નહિ", "પાપથી જય કરી આનંદ માનું નહિ", "ધર્મકથા શ્રવણ કરું" વગેરે. આ ઉપરાંત સર્વ સામાન્ય જીવને લાગુ પડતાં કે અન્ય વિષયોને સ્પર્શતાં વચનો પણ છે. આ બધાં વચનો વિષયવાર વર્ગીકરણ પામેલાં નથી, પરંતુ તે આડાઅવળા ક્રમમાં મુકાયેલાં છે. તેમ છતાં કેટલીક જગ્યાએ એક જ વિષયને લગતાં ચારપાંચ કે તેથી પણ વધુ વચનો એકસાથે પણ જોવા મળે છે. આ વચનો વિશે બીજું લક્ષણ એ જોવા મળે છે કે, તે વચનો કઈ વ્યક્તિને લગતાં છે તે, શ્રીમદે તે વચનની બાજુમાં કૌંસમાં કેટલીક જગ્યાએ આપેલ છે. આ વચનો વ્યવસ્થિત રીતે ગોઠવાયેલાં ન હોવાને કારણે તેમાં ક્યારેક પુનરુક્તિદોષ પણ જોવા મળે છે. આમ છતાં આ વચનો ટૂંકાં, માર્મિક, શ્રીમદ્દની વિચારપ્રૌઢતા દર્શાવનારાં છે, તે નીચેનાં થોડાં વચનો જોતાં પણ ખ્યાલ આવશે: "મન, વચન અને કાયાના યોગ વડે પરપત્ની ત્યાગ", "સુગંધી દ્રવ્ય વાપરું નહિ", "લોકનિંદાથી ડરું નહિ", "રાજભયથી ત્રાસ પામું નહિ", "કોઈ દર્શનને નિંદું નહિ", "અસત્ય પ્રમાણથી વાતપૂર્તિ કરું નહિ", "વંધ્યાને માતૃભાવે સત્કાર દઉં", "સમભાવથી મૃત્યુને જોઉં" વગેરે.

### "વચનામૃત"[110]

"પુષ્પમાળા", "વચનસપ્તશતી" વગેરેને અનુસરતાં વચનો "વચનામૃત"માં આપવામાં આવ્યાં છે. એમાં શ્રીમદ્દરચિત ૧૨૬ બોલ છે. તેના સોળમા બોલમાં જણાવ્યું છે કે "વચનસપ્તશતી પુનઃ પુનઃ સ્મરણમાં રાખો." આ વચન મહાનીતિનાં વાક્યોનો નિર્દેશ કરે છે.

આ વચનોમાં અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અપ્રમાદ, નીતિ, મોક્ષ વગેરે તત્ત્વો વિશે સૂત્રાત્મક શૈલીમાં તથા દિલમાં વસી જાય તેવી સચોટ વાણીમાં ઉપદેશ આપેલો છે.

૧૧૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૫૫, આંક ૨૧.

ઉદાહરણ તરીકે — "કોઈને અંતઃકરણ આપશો નહિ, આપો તો ભિન્નતા રાખશો નહિ, ભિન્નતા રાખો ત્યાં અંતઃકરણ આપ્યું તે ન આપ્યા સમાન છે." "કોઈનો પણ સમાગમ કરવો યોગ્ય નથી, છતાં જ્યાં સુધી તેવી દશા ન આવે ત્યાં સુધી સત્પુરુષનો સમાગમ અવશ્ય સેવવો ઘટે છે." "સત્પુરુષના અંતઃકરણે આચર્યો કિંવા કહ્યો તે ધર્મ." આમ વિવિધ વિષયને લગતાં વચનોની સાથે તેમાં આત્મીયતા ભળેલી હોય તેવું પણ કેટલાંક વચનમાં જોવા મળે છે. જુઓ: "ગજસુકુમારની ક્ષમા અને રાજેમતી રહનેમીને બોધે છે તે બોધ મને પ્રાપ્ત થાઓ", "અત્યારે હું કોણ છું તેનું મને પૂર્ણ ભાન નથી", "મને કોઈ ગજસુકુમાર જેવો વખત આવો." વગેરે.

## પ્રકીર્ણ બોધવચનો

"પુષ્પમાળા" ઉપરાંત શ્રીમદ્દે ૧૭ વર્ષની ઉંમર પહેલાં "બોધવચન", "ઉપયોગ ત્યાં ધર્મ છે", "નિત્યસ્મૃતિ", "સહજપ્રકૃતિ", "પ્રશ્નોત્તર" વગેરે જુદાં જુદાં શીર્ષક નીચે "પુષ્પમાળા"ને અનુસરતાં નીતિવચનો રચ્યાં છે. આ વચનો ટૂંકાં અને ધર્મશાસ્ત્રની આજ્ઞા જેવાં છે.

"બોધવચન"નાં ૧૨૫ વચનોમાં કેટલાંક ધર્મને લગતાં છે, કેટલાંક વ્યવહારબોધનાં છે, તો કેટલાક નીતિને લગતાં છે. એ બધાંમાં "આત્મશ્લાઘા ચિંતવવી નહિ", "મતમતાંતરમાં પડવું નહિ", "દુર્ગંધ ઉપર દ્વેષ કરવો નહિ", "અહંકાર કરવો નહિ" જેવાં કેટલાંક નિષેધાત્મક વચનો આપેલાં છે; અને "વિષમપણું મૂકવું", "સ્વપરના નાથ થાઓ", "સિદ્ધનાં સુખ સ્મૃતિમાં લાવો" વગેરે વિધિયાત્મક વચનો પણ છે. આમ અહીં જીવે શું કરવું અને શું ન કરવું તે વિશે કર્તાએ નિર્ણયપૂર્વક જણાવ્યું છે. આ વચનોમાં આંતરિક પરિસ્થિતિ પર વિશેષ ભાર મૂકયો છે. તેથી જ રાગ, દ્વેષ, શંકા, પ્રમાદ, પૌદ્‌ગલિક વાતો, આર્તરૌદ્ર ધ્યાન, પરભાવ ઇત્યાદિથી નિવૃત્ત થવા પર વિશેષ લક્ષ દોર્યું છે, એટલું જ નહિ કાયોત્સર્ગ, ધ્યાન, સત્પુરુષનો સમાગમ, મહાવીરનો બોધ વગેરે પર સતત લક્ષ આપવા જણાવ્યું છે. અહીં આત્માના કલ્યાણની વાત સાથે તેમણે વ્યાવહારિક સૂચનો પણ કર્યાં છે; જેમ કે, "તું દેવાનો ખ્યાલ નહીં રાખે તો પછી પસ્તાવો પામીશ", "ધીરનાર મળે પણ તમે દેવું વિચારીને કરજો" વગેરે.

"ઉપયોગ ત્યાં ધર્મ છે" એ શીર્ષક નીચે તેમણે આહાર, વિહાર, અર્થ વગેરેની બાબતમાં નિયમિતતા જોઈએ એ વિશે ચાર-પાંચ સુવાકયો આપ્યાં છે.

"નિત્યસ્મૃતિ"માં વ્યક્તિએ નિરંતર ખ્યાલમાં રાખવા યોગ્ય દસ વચનો અપાયેલાં છે. તેમાં ગંભીર, યોગી જેવા, સમાધિસ્થ થવાનો બોધ છે. "સહજપ્રકૃતિ"માં પણ જુદાં જુદાં નીતિવાકયો જ છે. અહીં આપેલાં ૧૯ વાકયોમાં વ્યાવહારિક બોધ વધારે છે; જેમ કે — "શાંત સ્વભાવ એ જ સજ્જનતાનું ખરું મૂળ છે." "દુર્જનતા કરી ફાવવું એ જ હારવું, એમ માનવું." વગેરે. આમ છતાં જુદાં જુદાં શીર્ષક નીચે લખેલાં બોધવચનોમાં એ પ્રકારની

વિશેષતા નથી કે તે બધાંના સ્પષ્ટ ભાગ પાડી શકાય. આ બધાં વચનો એકસાથે મૂકયાં હોય તોપણ ચાલે તેમ છે, પરંતુ તે જુદા જુદા સમયે રચાયાં હશે તેથી જુદાં જુદાં મુકાયાં હોય તેમ અનુમાન થઈ શકે. "નિત્યસ્મૃતિ"માંનું "ધ્યાન ધરી જા, સમાધિસ્થ થા." અને "સહજપ્રકૃતિ"માંનું "સંસારમાં રહ્યા છતાં, ને નીતિથી ભોગવતાં છતાં, વિદેહી દશા રાખવી" એ બંને લગભગ સમાનાર્થ સૂચવે છે.

આ બધાં વચનો પ્રશ્નોત્તરીરૂપે કેવાં લાગે તે આપણને "પ્રશ્નોત્તર" એ શીર્ષક નીચેના બાવીસ ટૂંકા પ્રશ્નો, અને તે પ્રત્યેકની સામેના તેટલા જ ટૂંકા ઉત્તરો દ્વારા જાણવા મળે છે. પ્રાચીન પ્રહેલિકા-ઉખાણાની શૈલીને મળતા આવે તેવા આ પ્રશ્નોમાં ઘણાખરા પ્રશ્નો લગભગ એક જ પ્રકારના છે; જેમ કે — જગતમાં સદા પવિત્ર કોણ? યૌવનવંત કોણ? શૂરવીર કોણ? જાગ્રત કોણ? અંધ કોણ? બહેરો કોણ? પૂજનિક કોણ? વગેરે. આવા પ્રશ્નોના ઉત્તર તેમણે ધર્મ અને સદાચારની દૃષ્ટિએ આપ્યા છે. ઉત્તરો ટૂંકા, સચોટ, માર્મિક અને સહેલાઈથી સ્મરણમાં રહી જાય તેવા છે.

આમ વીસ વર્ષની ઉંમર પહેલાં જુદાં જુદાં શીર્ષક નીચે શ્રીમદ્ રચિત લગભગ હજારથી બારસો જેટલાં નીતિવચનો અને સુભાષિતો મળે છે. આ બધાં વચનોની ભાષા સરળ છે, છતાં કથનમાં એટલી જ વિશદતા પણ છે. આચાર, વિચાર, નીતિ, સરળતા, વિવેક, ધર્મ વગેરે વિશે શ્રીમદ્‌ની વિચારણા ચાલતી હતી, તેમાંથી તેમને જે જે વસ્તુ અન્યને માટે પણ ઉપયોગી લાગી તે તે તેમણે નોંધી, અને આપણે એને જુદાં જુદાં શીર્ષક નીચે સંગ્રહિત થયેલી જોઈએ છીએ. તેમાંનાં કેટલાંક વચનો શિખામણ રૂપે છે, કેટલાંક બોધરૂપે છે, કેટલાંક યાદીરૂપે છે, કેટલાંક વ્યાખ્યારૂપે છે, તો કેટલાંક અંગત ઉદ્‌ગારરૂપે છે. આમ હોવા છતાં તેની વિશેષતા એ છે કે તે વચનો સામાન્ય જીવથી શરૂ કરી આધ્યાત્મિક ઉચ્ચ કક્ષાવાળા જીવને પણ ઉપકારી થઈ શકે તેવાં છે.

આમ આપણે જોઈએ તો જણાય છે કે, વીસ વર્ષની વય પહેલાં શ્રીમદે સાહિત્યનાં અનેક ક્ષેત્રોમાં હાથ અજમાવ્યો છે. તેમાં કાવ્યો, ગરબીઓ, લેખો, નિબંધો, સંવાદો વગેરે ગદ્ય તેમ જ પદ્ય બંને પ્રકારની રચનાઓ થયેલી છે. પદ્ય–રચનાના મુખ્ય બે પ્રકાર જણાય છે: ધર્મ અને ધર્મેતર કૃતિઓ. ધર્મેતર રચનાઓમાં ત્રણ પ્રકાર છે: સ્ત્રીનીતિબોધકની ગરબીઓ, સામાન્ય પદ્યો અને અવધાન સમયે રચાયેલી શીઘ્રકૃતિઓ. આ ત્રણેમાં સુધરવા માટેની શિખામણ, તે માટેના ઉપાયો વગેરેનો બોધ પણ જોવા મળે છે. તત્કાલીન ચાલતા સુધારાની છાંટ પણ તેમની કેટલીક રચનાઓમાં જોવા મળે છે. પરંતુ આ બધી રચનાઓમાં તેમનું પ્રતિભાશાળી વ્યક્તિત્વ નજરે ચડતું નથી. અલબત્ત, આ રચનાઓમાં તેમના વિચારોની ઉન્નતતા, તેમની દેશદાઝ, વસ્તુને સૌમ્યતાથી રજૂ કરવાની સરળતા વગેરે ગુણો પ્રકાશિત થાય છે, છતાં તેમાં એવું કંઈક ખૂટતું લાગે છે કે તેમાંથી પંક્તિઓ ગણગણવાની કે મુખે કરી લેવાની ઇચ્છા થતી નથી. કદાચ તેનું કારણ એ પણ હોઈ શકે કે તેમના જમાનામાં ઊભો થયેલો સુધારાનો જુવાળ હવે ઠંડો પડી ગયો છે.

પરંતુ ધર્મ કે ચિંતનને લગતી તેમની રચનાઓ વાંચીએ છીએ ત્યારે શ્રીમદ્દની થોડી જુદી છાપ આપણા પર પડે છે. આત્મા, ધર્મ વગેરે વિશે તેમણે કેટલું વાંચ્યું, વિચાર્યું અને અનુભવ્યું હશે તેનો ખ્યાલ એ કૃતિઓ વાંચતાં આપણને આવે છે. ભાષાની સરળતા, યોગ્ય શબ્દની પસંદગી, વિચારોની સ્પષ્ટતા વગેરે ગુણોની સાથે ચિંતનનું ઊંડાણ અને ઘેરા વૈરાગ્યની છાપ પણ તેમાં જોવા મળે છે. તેમની નાની વયની આ સિદ્ધિ આશ્ચર્યકારક છે.

ગદ્યમાં તેમણે નિબંધ, લેખો, દૃષ્ટાંતો, અનુવાદ વગેરે પ્રકારમાં લખ્યું છે. તેમાં, "ભાવનાબોધ" અને "મોક્ષમાળા" એ બે ઉત્તમ પ્રકારની તેમની રચનાઓ છે, અને તે સિવાયની પ્રત્યેક ગદ્યકૃતિ અપૂર્ણ રહેલી જોવા મળે છે. આથી ગદ્યકાર તરીકેનો તેમનો સાચો પરિચય તો એ બે કૃતિઓમાં જ થાય છે. આ બધાં લખાણોમાં ધર્મ કેંદ્રસ્થાને રહેલો જોઈ શકાય છે. અને ગદ્ય પણ મધુર, સ્પષ્ટ, ભાવવાહી તથા સંક્ષેપવાળું છે. તેમાં ક્લિષ્ટતા કે દુર્બોધતા ક્યાંયે જોવા મળતી નથી. સાથે સાથે વિચારોનું ઊંડાણ પણ જોવા મળે છે. આથી તો તેમણે આ લખાણો શા માટે અધૂરાં રાખ્યાં હશે એ એક પ્રશ્ન થઈ પડે છે. આ વિશે એક અનુમાન એ થાય છે કે, પરમાર્થ દૃષ્ટિએ જોતાં શ્રીમદ્દને પોતાની ધારી કક્ષાનાં તે નહિ લાગ્યાં હોય, તેથી અપૂર્ણ મૂક્યાં હશે; અથવા તો બીજું અનુમાન એ કરી શકાય કે, તેમણે પૂર્ણ કરેલી રચનાઓ યોગ્ય કાળજીને અભાવે ખંડિત બની ગઈ હોય.

તેમ છતાં પણ વીસ વર્ષની ઉંમર પહેલાં રચાયેલું તેમનું જે કંઈ સાહિત્ય, ઉપલબ્ધ થાય છે તે બતાવે છે કે શ્રીમદ્દને ગદ્ય તેમજ પદ્યની રચના કરવી તે સાવ સ્વાભાવિક હતું.

# વિભાગ ત્રીજો

## શ્રીમદ્‌ની કિશોરાવસ્થા પછીની તત્ત્વવિચારણા – પદ્યમાં

# ત્રીજા વિભાગની પૂર્વભૂમિકા

શ્રીમદ્દે તત્ત્વચિંતનને લગતી રચનાઓ ૧૭ વર્ષની વય પહેલાં લખવી શરૂ કરી હતી. તેમાં સૌપ્રથમ ઉપલબ્ધ કૃતિ તે "મોક્ષસુબોધ" છે, જે અપૂર્ણ રહેલી છે. તે પછી "કાળ કોઈને નહિ મૂકે", "ધર્મ વિશે" વગેરે કેટલીક રચનાઓ થયેલી છે. અને આ ઉપરાંત "ભાવનાબોધ" તથા "મોક્ષમાળા"માં કેટલીક પદ્યરચનાઓ મળે છે. તેમ છતાં શ્રીમદ્‌ના વીસ વર્ષની વય પછી લખાયેલા સાહિત્યની સરખામણીમાં વીસ વર્ષ પહેલાં લખાયેલી કૃતિઓની સંખ્યા ઘણી ઓછી છે. વળી, એ કૃતિઓ કદની દૃષ્ટિએ જોતાં સામાન્ય છે, કેટલીક તો ઘણી ટૂંકી છે. તત્ત્વચિંતનની દૃષ્ટિએ જોતાં "અમૂલ્ય તત્ત્વવિચાર" જેવી ઉચ્ચ કોટિની કૃતિ ઘણી ઓછી જોવા મળે છે. તેમ છતાં સામાન્ય વિચારણાને લગતી તેમની અન્ય કૃતિઓમાં પણ તેમની ઉચ્ચ અભિલાષા, વિચારોની સ્પષ્ટતા, છંદ પરનો કાબૂ આદિ અનેક ગુણો દૃષ્ટિગોચર થાય છે. આ કૃતિઓ જે વયે લખાયેલી છે તે વયના તેમના વિચારો આદિ જોતાં એ કૃતિઓ આશ્ચર્ય થાય એટલી ઉચ્ચ કક્ષાની છે, એમાં શંકા નથી. આ કૃતિઓ વિશે આપણે આગળના પ્રકરણમાં જોયું.

શ્રીમદ્‌ની તત્ત્વવિચારણાનો સાચો પરિચય આપતી કૃતિઓ તો તેમની વીસ વર્ષની વય પછી રચાયેલી છે. આ બધી પદ્યકૃતિઓ પોતાના અંગત ઉલ્લાસ માટે, ઉપયોગ માટે શ્રીમદ્દે રચી હતી; અને કેટલીક કૃતિની રચના તેમના અંગત પરિચયમાં આવનાર વ્યક્તિઓના હિતાર્થે થઈ હતી. પણ તેઓ આ કૃતિઓના કર્તૃત્વ માટે ઉદાસીન હતા. વીસ વર્ષની વય પહેલાં રચાયેલી કૃતિઓમાં શ્રીમદ્દે પોતાનું નામ ગૂંથ્યું જણાય છે, પણ તે પછીની કોઈ પણ પદ્યરચનામાં તેમણે પોતાનું નામ ગૂંથ્યું નથી; એટલું જ નહિ, એ કૃતિઓનાં શીર્ષક મૂકવાની પણ તેમણે ખેવના રાખી ન હતી. ભાગ્યે જ બે-ચાર પદ્યકૃતિનાં શીર્ષક તેમણે રચ્યાં હોય તેમ જણાય છે. વળી, તેમણે પોતાની વીસ વર્ષ પછી રચાયેલી કોઈ પણ કૃતિને પોતાની હયાતી દરમ્યાન પ્રસિદ્ધિ આપી ન હતી. બધી કૃતિઓ પોતાના હસ્તાક્ષરમાં લખેલી નોંધપોથીમાં અથવા તો નિકટ પરિચયમાં આવનાર વ્યક્તિઓની નોંધપોથીમાં સચવાયેલી હતી. અને વિ. સં. ૧૯૫૭માં શ્રીમદ્‌નું અવસાન થયા પછી, વિ. સં. ૧૯૬૧માં શ્રી મનસુખભાઈ ર. મહેતાએ તથા અન્ય મુમુક્ષુઓએ સંયુક્ત પ્રયાસ કરી આ કૃતિઓ પ્રસિદ્ધ કરી હતી. તેમાંની પદ્યરચનાઓનો આ વિભાગમાં વિચાર કરીશું.

વીસ વર્ષની વય પછીથી શ્રીમદ્ લિખિત લગભગ વીસ જેટલી પદ્યરચનાઓ ઉપલબ્ધ થાય છે. તેમાંની કેટલીક રચનાઓ તત્ત્વજ્ઞાનનો બોધ કરતી છે, કેટલીક તેમની ચિત્તની પરિસ્થિતિ વર્ણવતી અંગત પ્રકારની છે, તો કેટલીક છૂટક દોહરારૂપે છે; આમ તે બધી રચનાઓમાં પ્રકારભેદ જોવા મળે છે.

શ્રીમદ્દે રચેલ કૃતિઓ :—

- બાવીસમે વર્ષે :
  - (૧) "લઘુવયથી અદ્દભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ",
  - (૨) "દષ્ટિભેદથી ભિન્ન ભિન્ન મતદર્શન"
- ત્રેવીસમે વર્ષે : ત્રણરચનાઓ જોવા મળે છે—
  - (૧) "લોકસ્વરૂપ રહસ્ય",
  - (૨) ત્રણ દોહરા,
  - (૩) "આજ મને ઉછરંગ અનુપમ."

    આમાંની છેલ્લી બે તો ખૂબ ટૂંકી છે.
- ચોવીસમે વર્ષે : પાંચ રચનાઓ થઈ છે. જે આંક સૌથી મોટો છે—
  - (૧) "બિના નયન"
  - (૨) "પ્રભુ પ્રત્યે દીનત્વ"
  - (૩) "જડ ભાવે જડ પરિણમે"
  - (૪) "યમ નિયમ"
  - (૫) "જિનવર કહે છે જ્ઞાન તેને".
- પચ્ચીસ થી અઠ્ઠાવીસ વર્ષે : નીચેની કાવ્યમય પંક્તિ સિવાય કોઈ પણ કૃતિની રચના થઈ ન હતી.

  "આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે"
- ઓગણત્રીસમે વર્ષે :

  "આત્મસિદ્ધિશાસ્ત્ર" જેવી અનુપમ અને દીર્ઘ કૃતિ તથા
  "મૂળ માર્ગ રહસ્ય" જેવું મોક્ષમાર્ગ બતાવતું કાવ્ય.
- ત્રીસમે વર્ષે : તેમની ઉત્તમ કાવ્યરચના—

  "અપૂર્વ અવસર" અને
  "પંથ પરમ પદ બોધ્યો" રચાયાં છે.
- તેત્રીસમે વર્ષે :

  "જડ ને ચૈતન્ય બંને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન"
- ચોત્રીસમે વર્ષે : એટલે કે અંતિમ દિવસોમાં—

  "ઇચ્છે છે જે જોગી જન" કાવ્યની રચના થઈ.

આ બધા ઉપરાંત નીચેના ચાર કાવ્યો તેમની હસ્ત નોંધમાંથી મળે છે.

૧. "મારગ સાચા મિલ ગયા",
૨. "હોત આસવા પરિસવા",
૩. "કોઈ બ્રહ્મરસના ભોગી"
૪. "ધન્ય રે દિવસ આ અહો".

આ બધી જુદા જુદા પ્રકારની રચનાઓમાંથી સૌપ્રથમ તેમની અનુપમ ગણાતી કૃતિ "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની વિચારણા કરીશું. તે પછી તેમની કાવ્યકળાના નમૂનારૂપ "અપૂર્વ અવસર" જોઈશું. અને તે પછી તેમની અન્ય સર્વ પદ્યકૃતિઓનો અભ્યાસ કરીશું.

## પ્રકરણ ૫

# આત્મસિદ્ધિશાસ્ત્ર

"આત્મસિદ્ધિશાસ્ત્ર"ને નામે ઓળખાતી શ્રીમદ્‌ની આ પદ્યરચના તેમની સર્વ કૃતિઓમાં શ્રેષ્ઠ ગણાય છે. તેમાં ગાથા તો માત્ર ૧૪૨ જ છે, પણ તેમાં નિરૂપાયેલા તત્ત્વજ્ઞાનને લીધે તે અન્ય શ્રેષ્ઠ ગણાતા ગ્રંથોની હરોળમાં બેસી શકે તેમ છે. શ્રી મનસુખભાઈ ર. મહેતાએ યોગ્ય જ લખ્યું છે કે :—

> "ગ્રંથગૌરવ માત્ર ૧૪૨ દોહરાનું છે. તથાપિ જગદ્વિખ્યાત આચાર્ય ભગવાન શ્રીમાન્ હરિભદ્રસૂરિપ્રણીત 'ષડ્દર્શનસમુચ્ચય' ગ્રંથ જે માત્ર ૮૯ શ્લોકનો છે, છતાં તેમાં સર્વ દર્શનોનું સ્વરૂપ યથાતથ્ય રીતે દર્શાવી તત્ત્વજ્ઞાનાનુભવીઓને અપ્રતિમ હર્ષનું કારણ આપ્યું છે, અને તેને લઈને તેના પર અનેક ગહન ટીકાગ્રંથો લખાયા છે, તેમ આ ગ્રંથનું ગૌરવ ઘણું અલ્પ છતાં તેમાં સર્વ દર્શનોનો અંતિમ હેતુ પ્રગટ કરી બતાવ્યો છે."[1]

આ ગ્રંથ વિશે શ્રીમદ્‌નો અભિપ્રાય નોંધતાં મનસુખભાઈ લખે છે કે :—

> "આ ગ્રંથનું ગૌરવ ૧૪૨ દોહરાનું છે, છતાં તે ઉપર ૧૪૨૦૦ શ્લોકની ટીકા લખાઈ શકે તેમ છે, એમ એક પ્રસંગે ગ્રંથકર્તાપુરુષે કહ્યું હતું."[2]

આ વચન પરથી આ ગ્રંથની ગહનતાનો ખ્યાલ આવી શકશે. તે વિશે ગમે તેટલાં પૃષ્ઠો લખાય તોપણ તે ઓછાં પડે એટલાં નય અને તત્ત્વો તેમાં ભર્યાં છે.

આ કૃતિની સૂત્રાત્મકતા વિશે શ્રી બ્રહ્મચારી ગોવર્ધનદાસજીએ લખ્યું છે કે :—

> "શ્રીમદ્ રાજચંદ્રની આ અનુપમ કૃતિ સૂત્રાત્મક છે. તેનો વિસ્તાર વિવેકી વાચકવર્ગને શાંતિપૂર્વક કર્તવ્ય છે. તેઓશ્રીએ પોતે જ જણાવેલ છે કે આત્મસિદ્ધિની ૧૪૨ કડીઓમાંની દરેક કડી પર સો-સો કડીઓ લખાય તેમ છે. આવો આ ગહન ગ્રંથ છે. એમ છતાં એને એવી શૈલીમાં રજૂ કરેલ છે કે દરેકને તેની યોગ્યતા પ્રમાણે કંઈ ને કંઈ ગ્રહણ થાય અને જેમ જેમ તેનો અભ્યાસ વધે તેમ તેમ તેની મહત્તા પણ વિશેષ ભાસવા લાગે."[3]

---

૧. "આત્મસિદ્ધિશાસ્ત્ર", સંપા. મ. ર. મહેતા, આ. ૧, પ્રસ્તાવના પૃ. ૨.

૨. એજન, પૃ. ૪૬.

૩. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૪૩.

શ્રીમદ્દે આમ તત્ત્વસભર ગણાવેલી "આત્મસિદ્ધિ"માં મુખ્યત્વે આત્માનું ચિંતન જ આપ્યું છે એ રીતે જોતાં આ ગ્રંથ દ્રવ્યાનુયોગનો કહી શકાય. જૈન દર્શનમાં શાસ્ત્રો ચાર પ્રકારે વહેંચાયેલાં છે. આ પ્રકારને અનુયોગ કહેવામાં આવે છે. તેના ચાર પ્રકાર આ પ્રમાણે છે: ૧. દ્રવ્યાનુયોગ, ૨. ગણિતાનુયોગ, ૩. ચરણાનુયોગ, અને ૪. ધર્મકથાનુયોગ. લોકવિશ્વમાં રહેલાં દ્રવ્યો, તેનાં ગુણ, ધર્મ, પર્યાય તથા સ્વપરભેદ વિજ્ઞાનાદિની પ્રરૂપણા જેમાં હોય તે દ્રવ્યાનુયોગ. ગૃહસ્થ તથા મુનિઓએ કેમ વર્તવું, કેવી ધર્મઆચરણા કરવી એ આદિ વિશેની પ્રરૂપણા જેમાં હોય તે ચરણાનુયોગ. ગુણસ્થાન, જીવ, કર્મ તથા ત્રિલોકના પદાર્થનું ગણતરીપૂર્વકનું નિરૂપણ જેમાં હોય તે ગણિતાનુયોગ. અને તીર્થંકર, ચક્રવર્તી આદિ સત્પુરુષોનાં ધર્મચારિત્રની કથાઓ જેમાં નિરૂપી હોય તે ધર્મકથાનુયોગ.

દ્રવ્યાનુયોગની વિશેષતા પરમપુરુષોની વાણી અનુસાર શ્રીમદ્દે નીચે પ્રમાણે બતાવી છે:—

> "દ્રવ્યાનુયોગ પરમ ગંભીર અને સૂક્ષ્મ છે. નિર્ગ્રંથ પ્રવચનનું રહસ્ય છે. શુક્લધ્યાનનું અનન્ય કારણ છે. શુક્લધ્યાન વડે કેવળજ્ઞાન સમુત્પન્ન થાય છે. મહાભાગ્ય વડે તે દ્રવ્યાનુયોગની પ્રાપ્તિ થાય છે. દર્શનમોહનો અનુભાગ ઘટવાથી, અથવા નાશ પામવાથી, વિષય પ્રત્યે ઉદાસીનતાથી અને મહત્પુરુષનાં ચરણકમળની ઉપાસનાનાં બળથી દ્રવ્યાનુયોગ પરિણમે છે. જેમ જેમ સંયમ વર્ધમાન થાય છે, તેમ તેમ દ્રવ્યાનુયોગ યથાર્થ પરિણમે છે. સંયમની વૃદ્ધિનું કારણ સમ્યક્‌દર્શનનું નિર્મલત્વ છે, તેનું કારણ પણ દ્રવ્યાનુયોગ થાય છે. સામાન્યપણે દ્રવ્યાનુયોગની યોગ્યતા પામવી દુર્લભ છે. આત્મારામ પરિણામી, પરમ વીતરાગ દૃષ્ટિવંત, પરમ અસંગ, એવા મહાત્મા પુરુષો તેનાં મુખ્ય પાત્ર છે. હે આર્ય! દ્રવ્યાનુયોગનું ફળ સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે, તે આ પુરુષનાં વચન તારા અંતઃકરણમાં તું કોઈ દિવસ શિથિલ કરીશ નહિ. વધારે શું? સમાધિનું રહસ્ય એ જ છે. સર્વ દુઃખથી મુક્ત થવાનો અનન્ય ઉપાય એ જ છે."[૪]

"આત્મસિદ્ધિશાસ્ત્ર"માં નિરૂપાયેલા વિષયોમાં સૌથી અગત્યનું દ્રવ્ય તે 'આત્મા' છે. આત્માની પ્રતીતિ આવે તો સમ્યગ્દર્શન થાય, એ દૃષ્ટિએ આ ગ્રંથનું મહત્ત્વ કેટલું હોવું જોઈએ? આ ગ્રંથની વિશેષતા એ છે કે તે ફક્ત ચાર જ વ્યક્તિને લક્ષમાં રાખીને લખાયો હતો, છતાં સર્વ મુમુક્ષુઓને માટે તે ખૂબ ઉપકારી થઈ શકે તેમ છે.

## "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની રચના માટેનું નિમિત્ત

વિ. સં. ૧૯૫૦માં શ્રી લઘુરાજસ્વામીની તબિયત સારી નહોતી રહેતી તે વખતે તેમની વિનંતીને માન આપીને તત્ત્વજ્ઞાનનો બોધ આપતાં આત્માનાં છ પદ – આત્મા છે, તે નિત્ય છે, તે કર્તા છે, તે ભોક્તા છે, મોક્ષ છે અને તેનો ઉપાય છે – સમજાવતો એક પત્ર શ્રીમદ્દે ગદ્યમાં લખીને તેમને વાંચવા, વિચારવા તથા મનન કરવા મોકલ્યો હતો. તે પછી વિ. સં.

૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૩૨, આંક ૮૬૬.

૧૯૫૧ માં શ્રી સોભાગભાઈની તબિયત પણ ઘણી નરમ થઈ ગઈ હતી, તે વખતે તેમને પણ એ જ પત્રની નકલ, તે પત્ર મુખપાઠ કરી વારંવાર વિચારવાની આજ્ઞાથી મોકલવામાં આવ્યો. વિ. સં. ૧૯૫૧માં શ્રી સોભાગભાઈની વૃદ્ધાવસ્થા હતી. અને સાથે સાથે તબિયત પણ ઘણી નરમ હતી, તેથી ગદ્યપત્ર મુખપાઠ કરતાં તેમને ખૂબ મુશ્કેલી નડી. પોતાની મુશ્કેલી જાણી સોભાગભાઈને લાગ્યું કે અન્ય મુમુક્ષુભાઈઓને આ પત્ર મુખપાઠ કરતાં આવી જ મુશ્કેલી નડશે. સર્વને એ મુશ્કેલી દૂર કરવાના હેતુથી સોભાગભાઈએ શ્રીમદ્‌ને એવી વિનંતી કરી કે, આ ગદ્યપાઠ યાદ કરવામાં બહુ તકલીફ પડે છે, તેથી માંદગી વખતે પથારીમાં સૂતા સૂતા પણ સતત રટણ કરી શકાય તેવી આત્મબોધ આપતી પદ્યરચના આપ કૃપા કરી લખી જણાવો તો મારા જેવા જીવો પર ઘણું ઉપકારનું કાર્ય થાય. સ્વાતિનક્ષત્રમાં છીપમાં પડેલું મેઘબિંદુ જેમ સુંદર મોતીમાં પરિણમે છે, તેમ કોઈ ભાગ્યશાળી ક્ષણે થયેલી આ વિનંતીના પરિપાકરૂપે "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની રચના થઈ.

વિ. સં. ૧૯૫૨ના આસો માસમાં શ્રીમદ્ ચરોતરના નડિયાદ ગામમાં નિવૃત્તિ માટે રહ્યા હતા. આસો વદ એકમની સાંજે બહાર ફરી આવીને શ્રીમદે તેમના સમીપવાસી ભાઈ અંબાલાલભાઈ પાસે ખડિયો, કલમ તથા કાગળ માગ્યાં. શ્રી અંબાલાલભાઈએ શ્રીમદ્‌ને જરૂરી લેખનસામગ્રી લાવી આપી. અને શ્રીમદ્‌ને લખવામાં સગવડ રહે તે હેતુથી અંબાલાલભાઈ તેમની પાસે ફાનસ ધરીને ઊભા રહ્યા. તે વખતે માત્ર દોઢ-બે કલાક જેટલા ટૂંકા સમયમાં શ્રીમદે "આત્મસિદ્ધિશાસ્ત્ર"ના ૧૪૨ દોહરાની રચના કરી. શ્રીમદ્‌ની વિચારધારા એ વખતે એટલી બધી સ્પષ્ટ હતી કે તેમણે લખાણમાં શાબ્દિક ફેરફાર પણ ભાગ્યે જ કર્યો છે, તે "આત્મસિદ્ધિ"ની હસ્તલિખિત પ્રત જોતાં સ્પષ્ટ જણાય છે.

"આત્મસિદ્ધિશાસ્ત્ર" રચતી વખતે શ્રીમદ્‌ના મનમાં મુખ્યત્વે સોભાગભાઈ જ હતા તે જણાવતો એક વધારાનો દોહરો તેમણે ૧૨૭મા દોહરા પછી રચ્યો હતો. તે આ પ્રમાણે હતો :—

"શ્રી સુભાગ્ય ને શ્રી અચળ, આદિ મુમુક્ષુ કાજ;
તથા ભવ્યહિત કારણે, કહ્યો બોધ સુખસાજ."[૫]

## "આત્મસિદ્ધિશાસ્ત્ર"ના મનનનો અધિકારીવર્ગ – શ્રીમદ્‌ની દૃષ્ટિએ

"આત્મસિદ્ધિ"ની રચના થયા પછી બીજે દિવસે તેની ચાર હસ્તલિખિત નકલો તૈયાર કરવામાં આવી. તેમાંની એક શ્રી સોભાગભાઈને, બીજી શ્રી લલ્લુજી મહારાજને, ત્રીજી શ્રી અંબાલાલભાઈને અને ચોથી શ્રીમદ્‌ના ભાગીદાર શ્રી માણેકલાલ ઘેલાભાઈ ઝવેરીને વાંચન-મનનાર્થે મોકલી આપવામાં આવી.

"આત્મસિદ્ધિશાસ્ત્ર"ની નકલ મોકલતી વખતે શ્રીમદે તેમાંની કેટલીક ગાથાઓને વિશેષપણે સમજાવતા પત્રો પણ તે સાથે મોકલ્યા હતા. સાથે સાથે તે ચારે વ્યક્તિઓને "આત્મસિદ્ધિશાસ્ત્ર" વિશે જાહેરમાં નિર્દેશ કરવાનો નિષેધ કર્યો હતો. લલ્લુજી મહારાજને તે વિશે શ્રીમદે લખ્યું હતું કે :—

૫. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૫૫.

"એકાંતમાં અવગાહવાને અર્થે 'આત્મસિદ્ધિ' આ જોડે મોકલ્યું છે. તે હાલ શ્રી લલ્લુજીએ અવગાહવા યોગ્ય છે... 'આત્મસિદ્ધિશાસ્ત્ર' શ્રી દેવકરણજીએ આગળ પર અવગાહવું વધારે હિતકારી જાણી હાલ શ્રી લલ્લુજીને માત્ર અવગાહવાનું લખ્યું છે. તોપણ જો શ્રી દેવકરણજીની વિશેષ આકાંક્ષા હાલ રહે તો પ્રત્યક્ષ સત્પુરુષ જેવો મારા પ્રત્યે કોઈએ પરમોપકાર કર્યો નથી એવો અખંડ નિશ્ચય લાવી, અને આ દેહના ભવિષ્ય જીવનમાં પણ તે અખંડ નિશ્ચય છોડું તો મેં આત્માર્થ જ ત્યાગ્યો અને ખરા ઉપકારીના ઉપકારને ઓળવવાનો દોષ કર્યો એમ જ જાણીશ, અને આત્માને સત્પુરુષનો નિત્ય આજ્ઞાંકિત રહેવામાં જ કલ્યાણ છે એવો, ભિન્નભાવરહિત, લોકસંબંધી બીજા પ્રકારની સર્વ કલ્પના છોડીને, નિશ્ચય વર્તાવીને, શ્રી લલ્લુજી મુનિના સહચારીપણામાં એ ગ્રંથ અવગાહવામાં હાલ પણ અડચણ નથી...સત્પુરુષની આજ્ઞામાં વર્તવાનો જેનો દૃઢ નિશ્ચય વર્તે છે અને જે તે નિશ્ચયને આરાધે છે તેને જ જ્ઞાન સમ્યક્ પરિણામી થાય છે, એ વાત આત્માર્થી જીવે અવશ્ય લક્ષમાં રાખવા યોગ્ય છે... બીજા મુનિઓને પણ જે જે પ્રકારે વૈરાગ્ય, ઉપશમ અને વિવેકની વૃદ્ધિ થાય તે તે પ્રકારે શ્રી લલ્લુજી તથા દેવકરણજીએ યથાશક્તિ સંભળાવવું તથા પ્રવર્તાવવું ઘટે છે, તેમ જ અન્ય જીવો પણ આત્માર્થ સન્મુખ થાય અને જ્ઞાનીપુરુષની આજ્ઞાના નિશ્ચયને પામે તથા વિરક્ત પરિણામને પામે, રસાદિની લુબ્ધતા મોળી પાડે એ આદિ પ્રકારે એક આત્માર્થે ઉપદેશ કર્તવ્ય છે."[૬]

શ્રી સોભાગભાઈએ ડુંગરશીભાઈને "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની પ્રત આપવા બાબત અનુમતિ મંગાવી તે વખતે તેમને પણ શ્રીમદે લખ્યું હતું કે :—

"શ્રી ડુંગરને આત્મસિદ્ધિ મુખપાઠ કરવાની ઇચ્છા છે. તે માટે તે પ્રત એમને આપવા વિશે પુછાવ્યું તો તેમ કરવામાં અડચણ નથી. શ્રી ડુંગરને એ શાસ્ત્ર મુખપાઠ કરવાની આજ્ઞા છે. પણ હાલ તેની બીજી પ્રત નહિ ઉતારતાં આ પ્રત છે તે ઉપરથી જ મુખપાઠ કરવા યોગ્ય છે...આત્મસિદ્ધિ સંબંધમાં તમારા બંનેમાંથી કોઈએ આજ્ઞા ઉપરાંત વર્તવું યોગ્ય નથી. એ જ વિનંતી."[૭]

શ્રીમદે લખેલા આ બંને પત્રો પરથી જોઈ શકાશે કે કોઈ અનધિકારી જીવના હાથમાં "આત્મસિદ્ધિ" ન જાય તે વિશે શ્રીમદ્ કેટલા સાવચેત હતા! વળી, એ પણ જણાશે કે એ અધિકારનું ધોરણ પણ કેટલું ઊંચું હતું! આ સાવચેતી રાખવાનું કારણ શ્રીમદે સોભાગભાઈને પત્રમાં જણાવ્યું હતું કે :—

"જે જ્ઞાન મહા નિર્જરાનો હેતુ થાય છે તે જ્ઞાન અનધિકારી જીવના હાથમાં જવાથી તેને અહિતકારી થઈ ઘણું કરી પરિણમે છે."[૮]

૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૫૭.

૭. એજન, પૃ. ૫૫૮.

૮. એજન, પૃ. ૫૫૯.

"આત્મસિદ્ધિશાસ્ત્ર" અયોગ્ય જીવને અહિતકારી થવાનો સંભવ એટલા માટે હતો કે તે દ્રવ્યાનુયોગનો ગ્રંથ હોવાથી વિશેષ અધિકાર માગે છે. વળી, શ્રીમદ્ ગૃહસ્થવેશી હતા અને આત્મજ્ઞાનની ગૂઢ વાતો કોઈ ગૃહસ્થ પોતાની આંતરિક યોગ્યતાથી જણાવે તો તે સમજવા જેટલી યોગ્યતાવાળો લોકસમાજ હોતો નથી. તેથી અનધિકારી જીવની પાસે ગૃહસ્થરચિત વૈરાગ્યનો ગ્રંથ જતાં તે કુતર્કમાં પડે કે પોતે તો કરતા નથી અને બીજાને ઉપદેશ આપવા નીકળ્યા છે! આ હેતુથી શ્રીમદ્દના જાણીતાઓમાં પણ ઓછી યોગ્યતાવાળા જીવો માટે આ ગ્રંથનું અધ્યયન નિષિદ્ધ હતું. તેથી તેને છપાવીને પ્રસિદ્ધ કરવાની કલ્પના પણ ક્યાંથી કરાય? એ જ કારણે તે શાસ્ત્ર શ્રીમદ્દની હયાતી દરમ્યાન પ્રકાશમાં આવ્યું ન હતું, અને ગણીગાંઠી વ્યક્તિઓના અધ્યયનનો વિષય રહ્યું હતું.

## શ્રીમદ્દે ગણેલા અધિકારીઓ પર "આત્મસિદ્ધિ"નો પડેલો પ્રભાવ

શ્રીમદ્દે "આત્મસિદ્ધિશાસ્ત્ર"ના વાચન-મનન અર્થે પોતાની નિકટવર્તી માત્ર ચાર જ વ્યક્તિઓને તે સમયે અધિકારી ગણી હતી. તેઓ બધાએ શ્રીમદ્દની આજ્ઞા અનુસાર આ શાસ્ત્રનું અધ્યયન કર્યું હતું. અને તેનો જે પ્રભાવ પોતાના પર પડ્યો હતો તેનું વર્ણન પણ તેમણે શ્રીમદ્દને લખી જણાવ્યું હતું. તે વાંચતાં આપણને તેમના યોગ્ય અધિકારનો તથા શ્રીમદ્દની પારખશક્તિનો ખ્યાલ આવે છે. અને એ દૃષ્ટિએ જોતાં એ ચારે વ્યક્તિઓનો "આત્મસિદ્ધિ" માટેનો અભિપ્રાય મૂલ્યવાન ગણાય.

શ્રી સોભાગભાઈને મુખ્યપણે લક્ષમાં રાખી શ્રીમદ્દે "આત્મસિદ્ધિ" રચી હતી તે આપણે જોયું. તેની કેટલી પ્રબળ અસર તેમના પર થઈ હતી તે વર્ણવતાં સોભાગભાઈએ એક પત્રમાં શ્રીમદ્દને લખ્યું હતું કે:—

> "ગોસળિયા આત્મસિદ્ધિ ગ્રંથ વાંચે છે, અને વિચારે છે, તેમ જ હું પણ તે વાંચું છું. દુહા ૧૩૪ મુખપાઠે કર્યા છે, અને વિચારતાં ઘણો આનંદ આવે છે. વળી પાંચ મહિના થયા તાવ આવે છે. તે જો આત્મસિદ્ધિ ગ્રંથ આપે મોકલાવ્યો ન હોત તો આજ સુધી દેહ રહેવો મુશ્કેલ હતો. ગ્રંથ વાંચી આનંદ આવે છે તેથી જીવું છું. પણ હવે આપે કૃપા કરી ટીકા અર્થ મોકલવા લખ્યું તે જો હવે તરતમાં આવે તો આનંદ લેવાય, નીકર પછી આંખે સૂઝે નહિ ત્યારે વાંચી શકાય નહીં, અને જ્યારે પોતાથી વાંચી શકાય નહિ ત્યારે બીજાના વાંચવાથી તેવો આનંદ આવે નહિ, માટે કૃપા કરી મોકલાવશો. ઘણું શું લખું?"[૯]

"આત્મસિદ્ધિ"ની બીજી નકલ શ્રી લલ્લુજી મહારાજને મોકલવામાં આવી હતી. પોતાના પર તે શાસ્ત્રનો કેવો પ્રભાવ પડ્યો હતો તે વિશે તેમણે જણાવ્યું હતું કે:—

> "તે વાંચતાં અને કોઈ કોઈ ગાથા બોલતાં, મારા આત્મામાં આનંદના ઊભરા આવતા. અને એકેક પદમાં અપૂર્વ માહાત્મ્ય છે, એમ મને લાગ્યા કરતું. આત્મસિદ્ધિનો

૯. "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા", આવૃત્તિ ૪, પૃ. ૧૨૯.

સ્વાધ્યાય, મનન નિરંતર રહ્યા કરી આત્મોલ્લાસ થતો. કોઈની સાથે કે બીજી ક્રિયા કરતાં આત્મસિદ્ધિની સ્મૃતિ રહેતી. પરમકૃપાળુ દેવની શાંત મુખમુદ્રા કિંવા આત્મસિદ્ધિની આત્માનંદ આપનારી ગાથાનું સ્મરણ સહજ રહ્યા કરતું, અન્ય કશું ગમતું નહિ. બીજી વાતો પર તુચ્છભાવ રહ્યા કરતો. માહાત્મ્ય માત્ર એક સદ્ગુરુ અને તે ભાવનું આત્મામાં ભાસ્યમાન થતું હતું."[10]

"આત્મસિદ્ધિ"નું અવતરણ નજરોનજર નિહાળનાર અંબાલાલભાઈએ તેનું માહાત્મ્ય કેવું અનુભવ્યું હતું તે ટૂંકામાં વર્ણવતાં શ્રીમદ્દને એક પત્રમાં તેમણે લખ્યું હતું કે :—

"શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર વાંચતાં વિચારતાં મારી અલ્પજ્ઞ મતિથી વિશેષ વિસ્તારપૂર્વક સમજી શકાતું નથી, પણ મારી સાધારણ મતિથી તે ઉત્તમોત્તમ શાસ્ત્ર વિચારતાં મારાં મન, વચન, કાયાના યોગ સહેજે પણ આત્મવિચારમાં પ્રવર્તતા હતા, જેનું અનુપ્રેક્ષણ કેટલોક વખત રહેવાથી, રહ્યા કરવાથી સામાન્યપણે પણ બાહ્ય પ્રવર્તવામાં મારી ચિત્તવૃત્તિ સહેજે અટકી જઈ આત્મવિચારમાં રહ્યા કરતી હતી, જેથી મારી કલ્પના પ્રમાણે સહજ સ્વભાવે શાંત રહ્યા કરતી હતી, ઘણા પરિશ્રમથી પણ મારા ત્રિકરણ યોગ કોઈ અપૂર્વ પદાર્થને વિશે પરમ પ્રેમે સ્થિર નહિ રહી શકેલા, તે યોગ તે પરમોત્કૃષ્ટ શાસ્ત્ર વિચારવાથી સહજ સ્વભાવે પણ આત્મવિચારમાં સદ્ગુરુ ચરણમાં પ્રેમયુક્ત સ્થિરભાવે રહ્યા કરતા, જેથી મારી અલ્પજ્ઞ દૃષ્ટિથી અને મારા સામાન્ય અનુભવથી મારી કલ્પના પ્રમાણે એમ લાગે છે કે જો તેવી જ રીતે તે જ શાસ્ત્રનું વિશેષ અનુપ્રેક્ષણ દીર્ઘકાળ સુધી રહ્યા કરે તો આત્મવિચાર, આત્મચિંતન સદાય જાગ્રતપણે રહ્યા કરે, અને મન, વચન, કાયાના યોગ પણ આત્મવિચારમાં વર્ત્યા કરે."[11]

ચોથી નકલ શ્રી માણેકલાલભાઈને મોકલવામાં આવી હતી. તેમણે પણ એ શાસ્ત્રનો ભક્તિપૂર્વક અભ્યાસ કર્યો હતો. અને પોતાને જે ભાવો તેમ કરતાં સ્ફુરે તે તેઓ શ્રી અંબાલાલભાઈને લખી મોકલતા. અંબાલાલભાઈ આદિના પત્રોમાં તેની સૂચનાઓ આવે છે તે પરથી જણાય છે કે તેઓ "આત્મસિદ્ધિ" વિશે વિસ્તારથી લખતા, પણ તે કશું લખાણ પ્રસિદ્ધ થયેલ નથી તેથી તેમને કેવા ભાવો સ્ફુરતા તે જાણી શકાતું નથી.

અહીં સોભાગભાઈ આદિએ વર્ણવેલો "આત્મસિદ્ધિ"નો પોતાના પર પડેલો પ્રભાવ જોતાં જણાશે કે અનેક યોગ્ય આત્માઓ એ શાસ્ત્રના અવલંબનથી ઉચ્ચ દશા પામી શકે તેવી તેનામાં ચમત્કૃતિ રહેલી છે. આ બધાના જેવો ભક્તિભાવ અને યથાયોગ્ય મુમુક્ષુતા હોય તે સર્વને "આત્મસિદ્ધિ" ખૂબ ઉપકારી થઈ શકે તેમ છે, તે જણાશે. એ જ તેની વિશેષતા છે. હવે થોડી વ્યક્તિઓના અંગત ઉપયોગ માટે રચાયેલું "આત્મસિદ્ધિશાસ્ત્ર" ગ્રંથરૂપે કઈ રીતે પ્રસિદ્ધ થયું તે જોઈએ.

---

૧૦. "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા", આવૃત્તિ ૪, પૃ. ૧૮૦.

૧૧. એજન, પૃ. ૧૭૯.

## "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની ગ્રંથમાં પ્રસિદ્ધિ

શ્રીમદ્‌ની હયાતી દરમ્યાન તેમનું "ભાવનાબોધ", "મોક્ષમાળા", "શ્રીનીતિબોધક વિભાગ ૧" આદિ થોડું સાહિત્ય જ પ્રગટ થયું હતું, અને તે પણ તેમની ૨૦ વર્ષની વય પહેલાં. તે પછીથી તેમણે પોતાની અન્ય કૃતિઓને જીવનના અંતસમય સુધી પ્રસિદ્ધ કરી ન હતી. તે કૃતિઓ માત્ર તેમના નિકટવાસી મુમુક્ષુઓના ઉપયોગ પૂરતી મર્યાદિત રહી હતી. અને તેમાં પણ "આત્મસિદ્ધિ" તો કેટલીક ગણીગાંઠી વ્યક્તિઓમાં જ જાણીતી હતી. વિ. સં. ૧૯૫૭ના ચૈત્રમાસમાં શ્રીમદ્‌નું અવસાન થયું. તે પછીથી તેમના લઘુબંધુ શ્રી મનસુખભાઈ રવજીભાઈ મહેતાને શ્રીમદ્‌નું બધું જ સાહિત્ય પ્રગટ કરવાની ઇચ્છા થઈ. તેમણે શ્રી અંબાલાલભાઈ આદિની સહાય લઈ તે વિશે સંશોધન કર્યું, અને વિ. સં. ૧૯૬૧માં શ્રીમદ્‌ની પ્રેરણાથી સ્થપાયેલ "પરમશ્રુત પ્રભાવક મંડળ" તરફથી, શ્રીમદ્‌ના ઉપલબ્ધ સાહિત્યને "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં પ્રસિદ્ધ કરાવ્યું. આ ગ્રંથમાં તેમણે શ્રીમદ્ રચિત "આત્મસિદ્ધિ"ને પણ સ્થાન આપ્યું. આમ વિ. સં. ૧૯૬૧ માં "આત્મસિદ્ધિશાસ્ત્ર" સૌપ્રથમ લોકોની જાણમાં આવ્યું.

વિ. સં. ૧૯૬૧ પછી વિ. સં. ૧૯૬૪માં મનસુખભાઈએ ફક્ત "આત્મસિદ્ધિશાસ્ત્ર"ને પ્રતાકારે છપાવીને પ્રગટ કર્યું. અને તેમાં તેમણે એ રચનાનું મહત્ત્વ બતાવતો લગભગ ૫૦ પાનાંનો ઉપોદ્‌ઘાત લખ્યો હતો. તેમાં તેમણે આ પદ્યના પ્રકાશન અર્થે લખ્યું હતું કે:—

> "યદ્યપિ આ ગ્રંથ એક વ્યક્તિને અર્થે લખવામાં આવ્યો હતો, તથાપિ જ્ઞાની પુરુષોનાં વચનો એક વ્યક્તિને અર્થે લખાયાં હોય તોપણ તે સર્વ જીવોને સમાન ઉપકારક હોવાથી તેને જાહેર પ્રસિદ્ધિ આપવામાં આવી છે."[૧૨]

આ ઉપરાંત આ શાસ્ત્રની પ્રત્યેક ગાથાના શ્રી અંબાલાલભાઈએ કરેલા અર્થ, તે શાસ્ત્રની અમુક કડીઓ સમજાવતા શ્રીમદ્દે લખેલા પત્રો, વગેરેનો સમાવેશ પણ આ પુસ્તકમાં કરાયો હતો. આ પુસ્તક એ "આત્મસિદ્ધિશાસ્ત્ર"ના પ્રથમ સ્વતંત્ર પ્રગટીકરણ તરીકે ઘણું અગત્યનું છે.

વિ. સં. ૧૯૬૪ પછી તો "પરમશ્રુત પ્રભાવક મંડળ" તરફથી પ્રગટ થયેલી "શ્રીમદ્ રાજચંદ્ર"ની પ્રત્યેક આવૃત્તિમાં તથા "શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ – અગાસ" તરફથી પ્રગટ થયેલી "શ્રીમદ્ રાજચંદ્ર"ની આવૃત્તિઓમાં "આત્મસિદ્ધિશાસ્ત્ર", અંબાલાલભાઈએ કરેલા અર્થ સાથે, પ્રગટ થયેલ છે. કેટલીક વ્યક્તિઓએ આ શાસ્ત્રનું સ્વતંત્ર રીતે સંપાદન કરી અર્થ પ્રગટ કરેલ છે. આ ગ્રંથને કેટલાકે અન્ય પદ્યગ્રંથમાં પણ સંપાદિત કર્યો છે, તો કેટલાકે તેનો વિસ્તારથી અર્થ સમજાવતાં સ્વતંત્ર પુસ્તકો પણ સંપાદિત કર્યાં છે. આમ વિ. સં. ૧૯૬૪ પછીથી "આત્મસિદ્ધિશાસ્ત્ર"ને શ્રીમદ્‌ની અગત્યની કૃતિ તરીકે જુદા જુદા અનેક સંગ્રહોમાં સ્થાન મળતું રહ્યું છે તથા સ્વતંત્ર પુસ્તકરૂપે પણ એ પ્રગટ થતું રહ્યું છે, અને એ રીતે એ, લોકોના વાચન તથા મનનનો વિષય બનતું રહ્યું છે.

---

૧૨. "આત્મસિદ્ધિ"ની પ્રસ્તાવના, મ. ર. મહેતા, પૃ. ૧.

## "આત્મસિદ્ધિશાસ્ત્ર"ના અનુવાદ અને અભ્યાસ

વિ. સં. ૧૯૫૨માં "આત્મસિદ્ધિ"ની રચના થઈ. તે શાસ્ત્રની એક નકલ શ્રી અંબાલાલભાઈને શ્રીમદ્દે આપી હતી. એ શાસ્ત્ર વાંચ્યા પછી પોતાને જેવો અર્થ સમજાયો છે તે જાણવા માટે અંબાલાલભાઈએ તેનો ગદ્યાનુવાદ કરીને શ્રીમદ્‌ને તપાસવા મોકલ્યો હતો. આ અનુવાદ તેમણે માગશર સુદ ૧૨ પહેલાં, એટલે કે "આત્મસિદ્ધિ"ની રચના પછી લગભગ બે માસમાં કર્યો હતો. વિ. સં. ૧૯૫૩ના માગસર સુદ ૧૨ના રોજ શ્રીમદ્દે અંબાલાલભાઈને તે વિશે લખ્યું છે કે, "આત્મસિદ્ધિની ટીકાનાં પાનાં મળ્યાં છે."૧૩ તે પરથી અનુમાન કરી શકાય કે વિ. સં. ૧૯૫૩ના માગસર સુદ ૧૨ પહેલાં અંબાલાલભાઈએ એ અનુવાદ પૂર્ણ કરી શ્રીમદ્‌ને પહોંચાડ્યો હતો. એ અનુવાદ શ્રીમદ્‌ની દૃષ્ટિ તળેથી નીકળી ગયો હતો, પણ તેની કક્ષા શ્રીમદ્‌ને કેવી લાગી હતી તે વિશેનો તેમનો અભિપ્રાય જાણવા મળતો નથી. પણ શ્રીમદ્દે તે અનુવાદ તપાસ્યો હોવાથી તેમાં ગંભીર કે નાની કોઈ જાતની ભૂલ રહેવા પામી ન હોય તે નિઃશંક છે. એથી જ શ્રી અંબાલાલભાઈએ કરેલો ગદ્યાનુવાદ શ્રીમદ્‌ના "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની સાથોસાથ જ લગભગ બધી જગ્યાએ સ્થાન પામતો રહ્યો છે.

તે પછી મનહરલાલ કડીવાલા, ભોગીલાલ શેઠ આદિ કેટલીક વ્યક્તિઓએ "આત્મ-સિદ્ધિ"ની ગાથાઓનો સ્વતંત્ર ગદ્યભાવાર્થ આપવાનો પ્રયત્ન કર્યો છે. તેમાં અનુવાદ કરવાની વૃત્તિ કરતાં તે ગાથાઓ ટૂંકાણમાં સમજાવવાનું વલણ વિશેષ દેખાય છે. એથી અનુવાદની કોટિમાં તેને મૂકી શકાય નહિ. અને તેઓએ આપેલો ભાવાર્થ પણ મુખ્યત્વે અંબાલાલભાઈએ કરેલા અનુવાદના અનુસંધાનમાં છે. આ ઉપરાંત આ શાસ્ત્રની કડીઓને વિસ્તારથી સમજાવવાનો પ્રયત્ન પૂ. શ્રી કાનજીસ્વામી, પ્રો. ગિ. શેઠ, રાવજીભાઈ દેસાઈ, બ્રહ્મચારીજી વગેરેએ કર્યો છે. વળી પંડિત સુખલાલજી, મનસુખભાઈ રવજીભાઈ, બ્રહ્મચારીજી, પ્રો. દીનુભાઈ પટેલ, મુકુલભાઈ કલાર્થી વગેરેએ વિવેચનરૂપ લેખો પણ "આત્મસિદ્ધિ" વિશે લખ્યા છે.

"આત્મસિદ્ધિશાસ્ત્ર"ના ઉપર જોયા તે ગુજરાતીમાં થયેલા ગદ્યાનુવાદ ઉપરાંત અન્ય ભાષાઓમાં પણ તેના ગદ્ય કે પદ્યમાં અનુવાદ થયેલા છે હાલમાં તેના હિંદી, અંગ્રેજી, સંસ્કૃત તથા મરાઠી એ ચાર ભાષામાં અનુવાદ મળે છે.

"આત્મસિદ્ધિશાસ્ત્ર"ના હિંદીમાં બે વ્યક્તિઓએ કરેલા અનુવાદ મળે. છે શ્રી ઉદયલાલ કશલીવાલ અને શ્રી જગદીશચંદ્ર શાસ્ત્રી, એ બંનેએ હિંદી ગદ્યમાં જ અનુવાદ કર્યો છે. શ્રી ઉદયલાલ કશલીવાલે "આત્મસિદ્ધિ"નો હિંદી ગદ્યાનુવાદ વિ. સં. ૧૯૭૬માં પ્રગટ કર્યો છે, અને શ્રી જગદીશચંદ્ર શાસ્ત્રીએ કરેલો હિંદી અનુવાદ તેમણે કરેલા "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથના હિંદી અનુવાદના પુસ્તકમાં આપ્યો છે. વિ. સં ૧૯૯૪માં પ્રગટ થયેલા પુસ્તકમાં આખા ગ્રંથનું હિંદી ભાષાંતર થયેલું જોવા મળે છે. ગુજરાતી ભાષા ન જાણનારા હિંદીભાષીઓ માટે આ બંને અનુવાદ "આત્મસિદ્ધિશાસ્ત્ર"ના અભ્યાસ માટે ઠીક ઠીક ઉપયોગી થાય તેમ

૧૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૧૨.

છે. પરંતુ ગુજરાતીમાં જોવા મળતી તત્ત્વચમત્કૃતિ આ સરળ ગદ્યાનુવાદમાં જોવા ન મળે તે સ્વાભાવિક છે. વળી, ક્યારેક ક્યારેક ગૂઢ તત્ત્વોની વાતોને ઉતારતાં તેમને નડતી મુશ્કેલી પણ જણાયા વિના રહેતી નથી.

"આત્મસિદ્ધિશાસ્ત્ર"નો અંગ્રેજી અનુવાદ પણ બે વ્યક્તિઓ તરફથી પ્રાપ્ત થાય છે. ઇન્દોર હાઈકોર્ટના જજ, રાવ બહાદુર જે. એલ. જૈનીએ પ્રત્યેક દોહરાનો અંગ્રેજી ગદ્યમાં તરજુમો આપ્યો છે; અને આનો બીજો અંગ્રેજી પદ્યાનુવાદ શ્રી બ્રહ્મચારી ગોવર્ધનદાસજીએ કર્યો છે. શ્રી જે. એલ. જૈનીનો તરજુમો ઈ. સ. ૧૯૨૩માં "The Atma-Siddhi of Shreemad Rajchandra" એ શીર્ષક નીચે પુસ્તકાકારે પ્રગટ થયો છે. સરળ અંગ્રેજી ભાષામાં "આત્મસિદ્ધિ"ના દોહરાને સમજાવવાનો તેમનો પ્રયત્ન સ્તુત્ય છે. પરંતુ જૈન પારિભાષિક શબ્દોનો અનુવાદ કરવામાં પડતી મુશ્કેલીને લીધે એ અનુવાદ જોઈએ તેટલો વિશદ નથી બની શક્યો. જોકે ભાવાર્થ થોડા વિસ્તારથી સમજાવવાનો પ્રયત્ન તેમણે કર્યો છે; તેમાં પણ તેઓ બહુ સફળ થયા છે તેમ કહી શકાય નહિ. તેમ છતાં માત્ર અંગ્રેજી ભાષા જાણનાર અને ગુજરાતીમાં "આત્મસિદ્ધિ"નો આસ્વાદ ન માણી શકનારને તે ઉપયોગી થાય તેવો તો બન્યો જ છે. શ્રીમદ્‌ની વાણી અનુભવની હતી, તેથી તેમના લખાણમાંથી જે અનુભવનો રણકાર અને છાપ ઊઠે છે તે તેના અનુવાદમાંથી ન ઊઠે તે સ્વાભાવિક છે. શ્રી જૈનીએ કરેલ અનુવાદનો એક નમૂનો જોઈએ : "આત્મસિદ્ધિ"ના ૧૧૫મા દોહરાનું તેમણે આ પ્રમાણે ભાષાંતર કર્યું છે :

> "When the false identification of the soul with the body ceases, thou dost no karma, nor dost thou enjoy (the fruit) thereof. This is the secret of True Religion."[૧૪]

મૂળ દોહરો આ પ્રમાણે છે :—

> "છૂટે દેહાધ્યાસ તો, નહીં કર્તા તું કર્મ;
> નહીં ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ."

શ્રી બ્રહ્મચારી ગોવર્ધનદાસજીએ કરેલા "આત્મસિદ્ધિ"ના અંગ્રેજી પદ્યાનુવાદની બાબતમાં પણ એમ જ બન્યું છે.[૧૫] પારિભાષિક શબ્દોના અનુવાદની મુશ્કેલી તેમને પણ નડી છે. વળી, ગદ્યને બદલે પદ્ય હોવાથી ચરણનાં લય અને બંધારણને કારણે એ મુશ્કેલી વધે તે સમજાય તેમ છે. આ ઉપરાંત ગુજરાતી ભાષા કરતાં અંગ્રેજી ભાષા પરનો ઓછો કાબૂ આ પદ્યાનુવાદને બહુ સફળ નથી બનવા દેતો, એ પણ જોઈ શકાય છે. તેના એક-બે નમૂના જોઈએ. "આત્મસિદ્ધિ"ના ૧૧૫ મા દોહરાનો તેમણે આ પ્રમાણે અનુવાદ કર્યો છે :—

૧૪. "The Atma–Siddhi of Shreemad Rajchandra", Page 19.

૧૫. આ અનુવાદ "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ" પૃ. ૧૪૪ પર છપાયો છે.

Let go the body-infatuation,
And you will not have bondage new,
You will not have deed-fruition,
This is Religion's secret true."[16]

"આત્મસિદ્ધિ"નો ૪૪ મો દોહરો આ પ્રમાણે છે :—

"ષટ્સ્થાનક સંક્ષેપમાં ષટ્દર્શન પણ તેહ;
સમજાવા પરમાર્થને કહ્યાં જ્ઞાનીએ એક."

આનો અનુવાદ બ્રહ્મચારીજીએ આ પ્રમાણે કર્યો છે :—

"Six subjects or six schools of thought,
Are here described as seers great,
In abstract scriptures strictly taught,
For understanding soul secret."[17]

આજે પ્રાપ્ત થતા "આત્મસિદ્ધિશાસ્ત્ર"ના બંને અંગ્રેજી અનુવાદો મૂળ શાસ્ત્ર કરતાં ઊતરતી કક્ષાના લાગે છે.

ગાંધીજીએ પણ "આત્મસિદ્ધિ"નો અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો. ગાંધીજી વિ. સં. ૧૯૫૮માં આફ્રિકા ગયા ત્યારે પોતાની સાથે "આત્મસિદ્ધિ" પણ લેતા ગયા હતા. તેમને અભ્યાસ માટે તે ઘણું ઉપયોગી લાગતાં, અન્ય ભાષીઓ પણ તેનો લાભ લઈ શકે તે હેતુથી તેમણે તેનો અંગ્રેજી અનુવાદ કર્યો હતો. એ બધું સાહિત્ય લઈને તેઓ ત્યાંથી લંડન ગયા હતા, અને ત્યાંની બસમાં એ બંડલ ભુલાઈ જતાં એ ગુમ થઈ ગયું, જે ફરીથી મળ્યું જ નહિ. આમ ગાંધીજીએ કરેલો અનુવાદ આપણી પાસે આવી શક્યો નહિ.[18]

"આત્મસિદ્ધિશાસ્ત્ર"નો સંસ્કૃતમાં સમશ્લોકી અનુવાદ પંડિત શ્રી બેચરદાસ દોશીએ કર્યો છે. તેમનો એ સંસ્કૃત અનુવાદ વિ. સં. ૧૯૭૬માં "આત્મસિદ્ધિશાસ્ત્ર"ના ઉદયલાલ કશલીવાલના હિંદી અનુવાદ સાથે પ્રગટ થયો હતો, અને પછી ઈ. સ. ૧૯૨૩માં રાય બહાદુર જે. એલ. જૈનીના અંગ્રેજી અનુવાદ સાથે પ્રગટ થયો હતો. સંસ્કૃત અનુવાદની

૧૬. આ અનુવાદ "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૧૫૦.

૧૭. એજન, પૃ. ૧૮૬.

૧૮. તેમણે કરેલો અનુવાદ ગુમ થઈ જવાની બાબતમાં એક બીજો અભિપ્રાય પણ જોવા મળે છે. "આત્મસિદ્ધિ" શાસ્ત્રનું અંગ્રેજી ભાષાંતર મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી કરી સ્વ. મનસુખભાઈ રવજીભાઈ પર મોકલી આપ્યું હતું. પણ દરકારના અભાવે ગુમાઈ ગયું. — "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ", મોહનલાલ દલીચંદ દેસાઈ, પૃ. ૭૧૦ની પાદનોંધ.

ભાષા સરળ છે, તેમાં મૂળનો ભાવાર્થ સારી રીતે જળવાયેલો જોવા મળે છે. એ રીતે એ પ્રયત્ન સ્તુત્ય છે. તે અનુવાદનું ઉદાહરણ જુઓ; ૧૧૫મા દોહરાનો અનુવાદ પંડિત બેચરદાસજીએ નીચે પ્રમાણે કર્યો છે :—

> " देहाध्यासो यदि नश्येत् त्वं कर्ता न हि कर्मणाम् ।
> न हि भोक्ता च तेषां त्वं धर्मस्यैतद् गूढं मतम् ॥ "१९

એમણે ૪૪મી ગાથાનો અનુવાદ આ પ્રમાણે કર્યો છે :—

> " षट्स्थानीयं समासेन दर्शनानि षडुच्यते ।
> प्रोक्ता सा ज्ञानिभिर्ज्ञातुं परं तत्त्वं धरास्पृशाम् ॥ "२०

" આત્મસિદ્ધિશાસ્ત્ર "નો ' અજ્ઞાત ' લેખકે મરાઠી પદ્યમાં અનુવાદ કર્યો છે. એની સાથે એણે શ્રીમદ્‌નું ટૂંકું જીવનચરિત્ર આપ્યું છે અને કેટલાક પારિભાષિક શબ્દો, જેવા કે શુષ્કજ્ઞાની, ક્રિયાજડ, પરમશ્રુત, સ્વચ્છંદ, મોક્ષ, સમ્યક્ત્વ, વગેરેની સમજૂતી પણ આપી છે; ઉપરાંત કેટલીક કડીઓનો મરાઠીમાં વિશેષાર્થ પણ આપ્યો છે; અને સાથે સાથે મૂળ ગુજરાતી ગાથાઓ પણ એ પુસ્તિકામાં અન્ય અનુવાદોની માફક આપી છે. ઈ. સ ૧૯૨૭માં આ અનુવાદ પ્રગટ થયા પછી તેનો અભ્યાસ થતો રહ્યો છે. આ અનુવાદની કક્ષા મૂળ જેવી તો નથી જ, તેમ છતાં સામાન્ય રીતે સારો કહી શકાય તેવો આ અનુવાદ છે. જુઓ આ ગ્રંથની ૧૧૫મી અને ૪૪મી ગાથાનો અનુક્રમે અનુવાદ :—

> " देहाध्यास सुटे जरि, नससी कर्ता न तूं तसें कर्म ।
> भोक्ता न तेविं त्याचा धर्माचें जाण हें असें मर्म ॥ "२१
>
> " षट्स्थानक संक्षेपें, कथिलीं षट्दर्शनेंच तीं जाणा ।
> परमार्था समजाया कथिलीं कविनींहि येथ लोकांना ॥ "२२

આમ આપણને " આત્મસિદ્ધિ "ના ગુજરાતી ગદ્યમાં, સંસ્કૃત પદ્યમાં, હિંદી ગદ્યમાં, અંગ્રેજી ગદ્ય અને પદ્યમાં, તથા મરાઠી પદ્યમાં, અનુવાદો મળે છે. પણ ખરી ખૂબી તો શ્રીમદ્ રચિત મૂળ ગુજરાતી " આત્મસિદ્ધિ "માં જ છે, તે વિશે સર્વ વિદ્વાનો સંમત છે. પણ જે લોકો ગુજરાતી ભાષા સારી રીતે ન જાણતા હોય, તેમને ઉપરની કોઈ પણ ભાષામાં " આત્મસિદ્ધિ "નો આસ્વાદ લેવો હોય તો શક્ય બને છે, તે જ તેની સાચી કિંમત છે.

## " આત્મસિદ્ધિશાસ્ત્ર "માં વસ્તુનિરૂપણ-શૈલી

આ શાસ્ત્રમાં આત્મા સિદ્ધ કઈ રીતે થાય તે શ્રીમદ્દે આત્માનાં છ પદ સમજાવીને બતાવ્યું છે. આ આખી રચના શ્રીમદ્દે દોહરામાં કરી છે. શરૂઆતમાં મંગલાચરણ કર્યા

૧૯. " The Atma-Siddhi of Shreemad Rajchandra ", Page 91.

૨૦. એજન, પૃ. ૫૩.

૨૧. " આત્મસિદ્ધિ " – મરાઠી, પૃ. ૧૪. ૨૨ એજન, પૃ. ૫.

પછી આ રચનાનો હેતુ જણાવ્યો છે. પછી શુષ્કજ્ઞાની તથા ક્રિયાજડ લોકોનું સ્વરૂપ, વૈરાગ્ય અને આત્મજ્ઞાનની અગત્ય, સદ્‌ગુરુની આજ્ઞાએ ચાલવાનું મહત્ત્વ, સદ્‌ગુરુનાં લક્ષણો, શિષ્ય-ધર્મ વગેરે ટૂંકાણમાં લગભગ ૨૨ દોહરામાં સમજાવેલ છે. પછી મતાર્થી અને આત્માર્થી જીવનાં લક્ષણો થોડા વિસ્તારથી – લગભગ ૧૮ જેટલા દોહરામાં – આપ્યાં છે. આમ આરંભના લગભગ ૪૧ દોહરામાં આ ગ્રંથ સમજવાની પાત્રતા હોવા માટે જીવમાં કેવાં લક્ષણો ન હોવાં જોઈએ, અને કેવાં લક્ષણો હોવાં જોઈએ તે દર્શાવી પોતાના મુખ્ય વક્તવ્ય માટેની યોગ્ય ભૂમિકા શ્રીમદ્‌ે તૈયાર કરી છે.

૪૩મી ગાથામાં આત્માનાં છ પદનું નિરૂપણ છે. ૪૪થી ૧૨૭ સુધીની ગાથા ગુરુ તથા શિષ્યના સંવાદરૂપે રચાઈ છે. તેમાં શિષ્યને આ પદની યથાર્થતા વિશે શંકા થાય છે, તેથી પોતાની માન્યતા અનુસાર તે પ્રથમ પદ નથી, તે કેટલીક દલીલોથી બતાવે છે. ગુરુ તેની શંકાનું તર્કપૂર્ણ તથા અનુભવમૂલક દલીલોથી સમાધાન કરી, આત્માનું અસ્તિત્વ સમજાવે છે. આત્માનું અસ્તિત્વ સમજાયા પછી શિષ્ય આત્માના નિત્યપણા વિશેની પોતાની શંકાઓ રજૂ કરે છે, ગુરુ તેનું પણ સમાધાન કરી આત્માનું નિત્યત્વ સમજાવે છે. આમ શિષ્ય છયે પદની યથાર્થતા વિશે શંકા કરી, ગુરુ પાસે તેનું વિનયભાવે નિરાકરણ માગે છે, અને ગુરુ પણ શિષ્યની યોગ્યતા જાણી શિષ્યને યથાર્થ બોધ દ્વારા છ પદની શ્રદ્ધા કરાવે છે. ૪૪થી ૧૧૮ સુધીના દોહરામાં કરાયેલી આત્માનાં છ પદની સિદ્ધિ તે આ શાસ્ત્રનો સૌથી મહત્ત્વનો ભાગ છે.

પોતાની શંકાઓનું ગુરુ તરફથી સંતોષકારક સમાધાન થતાં, આત્માનાં છયે પદની યથાર્થતા સમજાતાં, તેની શ્રદ્ધા થતાં શિષ્યને સમ્યક્‌જ્ઞાન થાય છે. અને તેથી શિષ્ય પોતાને સાચું જ્ઞાન આપવા માટે ગુરુનો અત્યંત ઉપકાર માને છે – ગાથા ૧૧૯ થી ૧૨૭. એ વખતે શિષ્યના મુખમાંથી નીકળતી વાણીની જે રચના શ્રીમદ્‌ે કરી છે તે અદ્‌ભુત છે. પંડિત સુખલાલજીના શબ્દોમાં કહીએ તો :—

> "એની શૈલી સંવાદની છે. શિષ્યની શંકા કે પ્રશ્નો અને ગુરુએ કરેલ સમાધાન— આ સંવાદશૈલીને લીધે એ ગ્રંથ ભારેખમ અને જટિલ ન બનતાં વિષય ગહન હોવા છતાં સુબોધ અને રુચિપોષક બની ગયો છે."[૨૩]

૧૨૮થી ૧૪૨ સુધીના દોહરા ઉપસંહારરૂપે છે. તેમાં આત્માનાં છ પદ સમ્યક્‌પ્રકારે આરાધવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે તે સમજાવાયું છે. તે ઉપરાંત જ્ઞાની, મુમુક્ષુ વગેરેનાં લક્ષણો પણ તેમાં દર્શાવાયાં છે.

આ ગ્રંથની શ્રીમદ્‌ે કરેલી રચના વિશે શ્રી મનસુખભાઈ ર. મહેતા યોગ્ય જ લખે છે કે :—

---

૨૩. "આત્મસિદ્ધિ આત્મોપનિષદ", "આત્મસિદ્ધિ", સં. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૨૯.

"ગ્રંથની બાહ્ય રચના એવા પ્રકારની યોજી છે કે, વેદાંતાદિ દર્શનોના અનુયાયીઓને પણ અનુકૂળ પડે. જોકે તેની આંતરરચના તો સંપૂર્ણ – અખંડાકારે – શ્રી વીતરાગમાર્ગ પ્રતિ જ સ્થિર થયેલી છે."[૨૪]

માત્ર ૧૪૨ ગાથામાં રચાયેલ "આત્મસિદ્ધિશાસ્ત્ર" કોઈ પણ મતમતાંતરના નિરૂપણ વિના, ષડ્દર્શનનો સાર સમાવતી અને સરળ પદ્યમાં રજૂ થયેલી શ્રીમદ્‌ની અનુપમ કૃતિ છે. આ કૃતિ અંગેના શ્રી મુકુલભાઈ કલાર્થીના નિમ્ન અભિપ્રાય સાથે સૌ સંમત થશે કે :—

"આવા ગૂઢ તત્ત્વને સરળ પદ્યમાં શબ્દારૂઢ કરીને સામાન્ય કક્ષાના મુમુક્ષુ જીવો પણ યથાશક્તિ સમજીને પોતાની આત્મોન્નતિ સાધી શકે એવી સરળ પણ ગંભીર પ્રૌઢ ભાષા દ્વારા આધુનિક યુગમાં કેવાં શાસ્ત્રો રચાવાં જોઈએ તેનો યથાર્થ આદર્શ આ શાસ્ત્ર રચી શ્રીમદ્ રાજચંદ્રે રજૂ કર્યો છે."[૨૫]

તેમણે વધુમાં લખ્યું છે કે :—

"તત્ત્વજ્ઞાનના મહાન પ્રશ્નોને આવી સરળ ભાષામાં વ્યક્ત કરવા એ ખરેખર મહાપ્રજ્ઞાવંતનું કાર્ય છે. શ્રી રાજચંદ્રનાં બીજાં બધાં લખાણો કરતાં "આત્મસિદ્ધિ-શાસ્ત્ર"ની રચના જુદી જ તરી આવે છે. ટૂંકા સરળ શબ્દો સહિત, નય કે ન્યાયનાં અટપટાં અનુમાનો કે ખંડનમંડનની ક્લિષ્ટતારહિત, સહુ કોઈ મુમુક્ષુ જીવને ભોગ્ય, શ્રેયસ્કર સામગ્રીથી સમૃદ્ધ એવો આ ગ્રંથ શ્રી રાજચંદ્રની આત્મોન્નતિ સાધવાના પરિપાક સમો છે."[૨૬]

## મંગલાચરણ

આર્ય ગ્રંથકારોની સનાતન શૈલી એવી રહી છે કે કોઈ પણ કૃતિના આરંભમાં મંગલાચરણની યોજના કરવી. મંગલાચરણમાં કર્તા પોતે જેને પરમોપકારી ગણે છે તેવી વ્યક્તિને નમસ્કાર કરે છે. શ્રીમદ્ પણ "આત્મસિદ્ધિશાસ્ત્ર"માં આ જ શૈલીને અનુસરીને આરંભમાં શ્રી "સદ્‌ગુરુ ભગવાન"ને નમસ્કાર કરે છે.

જૈન દર્શનમાં સદ્‌દેવ, સદ્‌ધર્મ અને સદ્‌ગુરુ એ ત્રણ પરમ ઉપકારી તત્ત્વો છે. તેમાં પણ સદ્‌દેવ અને સદ્‌ધર્મની પ્રાપ્તિ સદ્‌ગુરુ દ્વારા જ થઈ શકે છે, અર્થાત્ તે બંનેની સહેલાઈથી પ્રાપ્તિ કરાવનાર સદ્‌ગુરુ જ છે, તેથી તે વિશેષ ઉપકારી તત્ત્વ છે. આમ સદ્‌ગુરુનું વિશેષ માહાત્મ્ય હોવાથી શ્રીમદ્ સદ્‌ગુરુને વંદન કરીને ગ્રંથારંભ કરે છે. કેવા ઉપકાર માટે તેમણે સદ્‌ગુરુને વંદન કર્યાં છે, તે પહેલા દોહરામાં જુઓ :—

"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત." ૧

---

૨૪. "આત્મસિદ્ધિ", સંપા. મ. ર. મહેતા, પ્રસ્તાવના, પૃ. ૨.
૨૫–૨૬. "આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પ્રસ્તાવના, પૃ. ૨૨.

અનાદિ કાળથી જે આત્મસ્વરૂપ સમજાયું નહોતું, અને પરિણામે અનંત દુઃખ ભોગવ્યું હતું, તે સ્વરૂપને સમજાવીને તે દુઃખથી મુક્ત કરાવનાર સદ્‌ગુરુ ભગવાનને કર્તાએ આ ગાથામાં નમસ્કાર કર્યા છે.

"સદ્‌ગુરુ ભગવંત" શબ્દ શ્રીમદ્‌દે બે રીતે યોજ્યો જણાય છે. પ્રાચીન શૈલી અનુસાર ગુરુને ભગવાન એવું વિશેષણ આપ્યું છે, અથવા તો કર્તાએ શ્રી તીર્થંકર પ્રભુને સદ્‌ગુરુ ગણી વંદન કર્યાં છે. આ જન્મમાં શ્રીમદ્‌ને કોઈ પ્રગટ ગુરુ ન હતા, અને તેમને શ્રી જિનનાં વચનના વાંચન-મનન દ્વારા, પૂર્વના સંસ્કારને લીધે, જ્ઞાન પ્રગટ્યું હતું, તેથી શ્રી જિન ભગવાનને જ ગુરુ ગણી વંદન કર્યાં હોય તે વિશેષ સંભવિત લાગે છે.

મંગલાચરણના દોહરામાં, શ્રીમદ્‌દે આત્માનાં છયે પદને ગર્ભિત રીતે સિદ્ધ કરેલાં દર્શાવવામાં આવ્યાં છે. એ જ રીતે જોઈએ તો કૃતિના વિષયનો નિર્દેશ પણ તેમણે પ્રથમ દોહરામાં જ કરી દીધો છે.

"આત્માનું અસ્તિત્વ" એ પહેલું પદ છે. ગાથાની શરૂઆત "જે સ્વરૂપ" શબ્દથી થાય છે. સ્વરૂપ એટલે શું? સ્વ + રૂપ = પોતાનું રૂપ. જે ત્રણે કાળમાં અખંડ ટકી રહે, કોઈના પણ સંસર્ગમાં પોતાનો મૂળ સ્વભાવ છોડે નહિ તે સ્વરૂપ. દેહધારી જીવનમાં આવું લક્ષણ ધરાવતું તત્ત્વ તે "આત્મા" છે. આથી "જે સ્વરૂપ સમજ્યા વિના" એમ કહેતાં "આત્માને સમજ્યા વિના" એવો અર્થ થયો. એ દ્વારા આત્માનું અસ્તિત્વ સિદ્ધ થયું.

"આત્માનું નિત્યત્વ" એ બીજું પદ છે. આ દોહરામાં સ્વરૂપ સમજ્યા વિના "પામ્યો દુઃખ અનંત" એમ કહ્યું છે. અનંત એટલે જેનો છેડો આવ્યો નથી તેવું. આવું અનંત દુઃખ તે જન્મમરણના ફેરાનું. ચારે ગતિમાં જીવ આ દુઃખ ભોગવે છે, તે દેહ મેળવે છે અને છોડે છે. તે પરથી પૂર્વજન્મ સિદ્ધ થાય છે. તેથી સમજાય છે કે દેહ નાશવંત છે અને આત્મા અવિનાશી એટલે કે નિત્ય છે. નિત્ય હોય તો જ એક પછી એક દેહ મેળવવાનું અને છોડવાનું દુઃખ તે ભોગવી શકે ને?

"આત્માનું કર્મનું કર્તાપણું" એ ત્રીજું પદ છે. આત્માને દેહપર્યાય ધારણ કરવાનું કારણ તેનો કર્મ સાથેનો સંબંધ છે. આત્મા ભાવકર્મના નિમિત્તથી દ્રવ્યકર્મ કરે છે. વળી તે ભાવકર્મનો કર્તા છે. તેથી જો જીવ પોતાના શુદ્ધ નિરંજન, ચૈતન્યમય સ્વરૂપમાં નિર્વિકલ્પપણે સ્થિર ન રહે, પણ રાગદ્વેષનાં પરિણામ કરે તો આત્માને કર્મબંધ થાય છે. અને તે દુઃખ ભોગવે છે; પણ જો તે ભાવકર્મ ન કરે તો કર્મરહિત બને છે. "અનંતદુઃખ" શબ્દથી દેહપર્યાયનું ધારણ કરવું સમજાય છે. દેહપર્યાય તે કર્મની વર્ગણા છે. એ દ્રવ્યકર્મ ભાવકર્મ નિમિત્તે છે, અને જીવ પોતાના ભાવકર્મનો કર્તા છે. તેથી આત્મા દ્રવ્યનો પણ કર્તા બને છે તે વાત સિદ્ધ થઈ.

"આત્માનું ભોકતૃત્વ" એ ચોથું પદ છે. "પામ્યો દુઃખ અનંત" એ શબ્દોથી આત્મા દુઃખ ભોગવે છે તે સિદ્ધ થાય છે. તેથી આત્મા પોતે કરેલાં કર્મનો પોતે ભોક્તા બને છે તે સત્ય છે.

"મોક્ષ છે" એ પાંચમું પદ છે. "શ્રી સદ્‌ગુરુ ભગવંત" એ શબ્દોમાં "શ્રી" એટલે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વસ્તુ. તે વસ્તુ તે આત્મા. ભગવંત એટલે ભગવાન. જે સર્વકર્મથી મુક્ત હોય તે ભગવાન. આ પૂર્ણ શુદ્ધતા તે જ મોક્ષ. એટલે "ભગવંત" શબ્દ દ્વારા મોક્ષ સિદ્ધ થાય છે.

"મોક્ષનો ઉપાય છે" એ છઠ્ઠું પદ છે. જે ઉપાયથી સંસારનો ક્ષય થાય છે તે મોક્ષનો ઉપાય છે. આત્માનું સ્વરૂપ સમજ્યા વિના થતી પ્રવૃત્તિથી સંસારની વૃદ્ધિ થાય છે. અને આત્માનું સ્વરૂપ જાણ્યા પછી તેના ઉત્કર્ષ અર્થે થતી પ્રવૃત્તિથી સંસાર ક્ષય થાય છે. તેથી "સમજાવ્યું તે પદ નમું" એ શબ્દો દ્વારા મોક્ષનો ઉપાય હોવાની ખાતરી થાય છે.

આમ મંગલાચરણની ગાથામાં જ શ્રીમદ્દે પોતે નિરૂપિત કરવા ધારેલા વિષયનું ગર્ભિત-પણે સૂચન મૂકી દીધું જણાય છે. મંગલાચરણ વિશે શ્રી બ્રહ્મચારી ગોવર્ધનદાસજી યોગ્ય જ લખે છે કે :—

> "સદ્‌ગુરુની ભક્તિના બળથી, સદ્‌ગુરુના આત્માની ચેષ્ટા પ્રત્યે જીવની દૃષ્ટિ વળે છે, અને સદ્‌ગુરુની અપૂર્વતા તેને સ્પષ્ટ ભાસે છે તથા તેના હૃદયની વાત પણ તે સમજે છે, તેવી ભક્તિના નમૂના રૂપે મંગલાચરણની એક કડી છે."૨૭

## ગ્રંથરચનાનો હેતુ

બીજા દોહરામાં કર્તાએ આ ગ્રંથ રચવાનો હેતુ દર્શાવ્યો છે. અનેક પ્રાચીન અદ્‌ભુત ગ્રંથો વિદ્યમાન હોવા છતાં આ ગ્રંથ રચવાનો હેતુ શો છે તે જણાવતાં બીજા દોહરામાં શ્રીમદ્ કહે છે કે :—

> "વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
> વિચારવા આત્માર્થીને ભાખ્યો અત્ર અગોપ્ય." ૨

વર્તમાનકાળમાં મોક્ષમાર્ગનો બહુધા લોપ થયો છે, તેથી તે માર્ગ દર્શાવવાના હેતુથી આ ગ્રંથની રચના થઈ છે, એમ શ્રીમદ્દે અહીં જણાવ્યું છે. "મોક્ષમાર્ગ બહુ લોપ" એ શબ્દોમાં "બહુ" શબ્દ યથાર્થ છે. શ્રી મુકુલભાઈ જણાવે છે તેમ "મોક્ષમાર્ગ કંઈ નાશ પામ્યો નથી, પરંતુ મોક્ષમાર્ગ પૂરેપૂરો કોઈ વિરલાના જ ધ્યાનમાં આવે છે, એમ સમજવું."૨૮ આ દોહરામાં મોક્ષનો માર્ગ આત્માર્થી મુમુક્ષ માટે સ્પષ્ટ નિરૂપવાની શ્રીમદ્‌ની પ્રતિજ્ઞા જોઈ શકાય છે. આમ કરવા પાછળ શ્રીમદ્‌ની એ દૃષ્ટિ જણાય છે કે, પ્રાચીન ગ્રંથો તે તે સમયની સ્થિતિનું ભાન કરાવવામાં ઉપકારક હોઈ, વર્તમાનકાળમાં તે ગ્રંથો મહાન ઉપકારક હોવા છતાં, વર્તમાન સ્થિતિનું ભાન કરાવનાર ગ્રંથ લખાય તો તે વિશેષ ઉપકારી બને,

૨૭. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૪૨.
૨૮. "આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૧૧૧.

અને પોતાને લાધેલા અનુભવમૌક્તિકનું નિરૂપણ આ ગ્રંથમાં કરવાનો તેમણે નિર્ણય કર્યો. તેમણે કરેલી આ ગ્રંથરચના વિશે પંડિત સુખલાલજી યોગ્ય જ લખે છે કે:—

"શ્રીમદ્ રાજચંદ્રે પ્રસ્તુત રચના માત્ર શાસ્ત્રો વાંચી નથી કરી, પણ એમણે સાચા અને ઉત્કટ મુમુક્ષુ તરીકે આત્મસ્વરૂપની સ્પષ્ટ અને ઊંડી પ્રગતિ માટે જે મંથન કર્યું, જે સાધના કરી અને જે તપ આચર્યું તેને પરિણામે લાધેલી અનુભવપ્રતીતિ જ આમાં મુખ્યપણે નિરૂપાઈ છે. એક મુદ્દામાંથી બીજો, બીજામાંથી ત્રીજો એમ ઉત્તરોત્તર એવી સુસંગત સંકલના થઈ છે કે તેમાં કંઈ નકામું નથી આવતું, કામનું રહી નથી જતું અને ક્યાંય આડું ફંટાતું નથી. તેથી જ શ્રીમદ્ રાજચંદ્રની આત્મસિદ્ધિ એ સિદ્ધાંતશાસ્ત્ર બની રહી છે.' ૨૮અ

શ્રીમદે પોતાને લાધેલા આવા અનુભવના નિચોડરૂપ મોક્ષમાર્ગ મુમુક્ષુ માટે બતાવવાનો હેતુ અહીં દર્શાવ્યો છે.

## મોક્ષમાર્ગ ક્યારે પમાય ?

મહાવીર પ્રભુના નિર્વાણ પછી ધર્મમાં ફાંટા વધવા માંડ્યા હતા. અને તેમાં વધારો થતાં થતાં, ધર્મમાં એટલાં બધાં મતમતાંતર વધી પડ્યાં કે મોક્ષમાર્ગ કયો તે જ સમજાવું કઠિન થઈ ગયું, અને સાચા મુમુક્ષુને તો માર્ગનો લોપ થઈ ગયો હોય તેમ જણાવા લાગ્યું, કારણ કે લોકો તો કોઈ પણ એક વસ્તુને પકડીને મોક્ષમાર્ગ માની બેઠા હતા. કોઈ બાહ્યક્રિયાને તો કોઈ શાસ્ત્રજ્ઞાનને મોક્ષમાર્ગ માની વર્તવા લાગ્યા હતા. આ એકાંતે ગ્રહણ કરેલ તત્ત્વ મોક્ષમાર્ગ નથી તે જાણનાર શ્રીમદ્‌ને અંતરમાં ઘણી કરુણા વર્તવાથી સાચો માર્ગ બતાવવાની ઇચ્છા પ્રબળ થઈ, તે શ્રીમદે "આત્મસિદ્ધિ"ના ત્રીજા દોહરામાં બતાવ્યું છે.

ક્રિયાજડ તથા શુષ્કજ્ઞાનીનાં લક્ષણો કેવાં હોય તે શ્રીમદે ચોથા ને પાંચમા દોહરામાં બતાવ્યું છે. જે લોકો બાહ્ય આચારવિચારને જ સર્વસ્વ માની તેનાં અંતરના પરિણમનને સ્વીકારતા નથી, તથા જેઓ જ્ઞાનમાર્ગને અયોગ્ય ગણે છે તે ક્રિયાજડ છે અને જે લોકો બાહ્ય આચારને અવગણી માત્ર નિશ્ચયનયની વાણી જાણવાને જ મોક્ષમાર્ગ કહે છે તેઓ શુષ્કજ્ઞાની છે. ક્રિયાજડ કે શુષ્કજ્ઞાની – એમાંથી કોઈને પણ સાચો માર્ગ મળતો નથી.

આ માર્ગ કોને મળે તે જણાવતાં શ્રીમદ્ વૈરાગ્ય પર ખૂબ ભાર મૂકે છે. જેના ચિત્તમાં વૈરાગ્ય ન હોય તેને જ્ઞાન થતું નથી, સાથે સાથે તેઓ એ પણ જણાવે છે કે માત્ર વૈરાગ્ય જ સાધન છે એવું નથી. કારણ કે વૈરાગ્ય અને ત્યાગને જ સર્વસ્વ માની જીવ પ્રવર્તે તો તેનામાં સ્વચ્છંદ આવી જાય છે. અને "માન"ના ફાંસામાં ફસાઈ જીવ પોતાનું અકલ્યાણ કરે છે. એથી મોક્ષમાર્ગને પામવાને લાયક તો એ જ છે કે, જે:—

૨૮અ. "આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૨૯.

"જયાં જયાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ." ૮

શ્રીમદ્દે અહીં બતાવેલું આત્માર્થીપણું સમજાવતાં શ્રી કાનજીસ્વામી કહે છે કે :—

"શ્રદ્ધા અભિપ્રાયના પ્રયોજન ટાણે શ્રદ્ધા સમજે, આચરે; જ્ઞાનને જ્ઞાનપણે સમજે, આચરે; અને આત્માનું ચારિત્ર યથાર્થ ચારિત્રપણે સમજે, અને આચરે, જેને તે યથાર્થ સમજાયું નથી તે યથાર્થ સમજવાની સાચી જિજ્ઞાસા રાખે, પ્રયત્ન કરે તો તે આત્માર્થી જન."૨૯

આમ જે જગ્યાએ જે યોગ્ય હોય તે જગ્યાએ તે જ સમજે, અને તે પ્રમાણે આચરણ કરે તે સાચો મુમુક્ષુ. અહીં શ્રીમદ્દે એકદમ સરળ ભાષામાં "सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः" એ સૂત્ર મૂક્યું છે. શું યોગ્ય છે તે જાણવું તે સમ્યક્જ્ઞાન, યોગ્ય શ્રદ્ધાવું તે સમ્યક્દર્શન અને યોગ્ય સ્થાને યોગ્ય આચરણ કરવું તે સમ્યક્ચારિત્ર. આ ત્રણેની એકતારૂપ જેનું પ્રવર્તન હોય તે જન આત્માર્થી.

"તેમણે આત્માર્થીની જે વ્યાખ્યા કરી છે તે એક રીતે એવી સરલ અને બીજી રીતે એવી ગંભીર છે કે તે વ્યાવહારિક દુન્યવી જીવન અને પારમાર્થિક સત્યધાર્મિક જીવન બંનેમાં એકસરખી લાગુ પડે છે."૩૦— એવો પંડિત સુખલાલજીનો અભિપ્રાય કેટલો યથાર્થ છે તે શ્રીમદ્દે કરેલું નિરૂપણ જોતાં જણાશે.

### સદ્ગુરુ-માહાત્મ્ય

આત્માર્થી જીવ સદ્ગુરુ પાસે કેવી જાતનું આચરણ કરે, આત્માર્થી જીવે માનેલા સદ્ગુરુનાં કેવાં લક્ષણો હોય, તે સદ્ગુરુની આજ્ઞાએ ચાલવાથી શું ફળ મળે ?— વગેરે વિશે શ્રીમદ્દે ૯ થી ૨૩ દોહરામાં સમજાવ્યું છે. આ અંગે પંડિત સુખલાલજી એવો અભિપ્રાય દર્શાવે છે કે :—

"એ લક્ષણ એવી દૃષ્ટિથી નિરૂપાયાં છે કે તેમાં આત્મવિકાસની ગુણસ્થાનક્રમ પ્રમાણે ભૂમિકાઓ આવી જાય, અને જે ભૂમિકાઓ આવી જાય, અને જે ભૂમિકાઓ યોગ, બૌદ્ધ તેમજ વેદાંત દર્શનની પરિભાષામાં પણ દર્શાવી શકાય. શ્રીમદ્ રાજચંદ્રે ગુરુપદ યોજ્યું છે, જે આધ્યાત્મિક જાગૃતિનું સૂચક છે."૩૧

૨૯. શ્રી કાનજીસ્વામીનાં "આત્મસિદ્ધિશાસ્ત્ર" પરનાં પ્રવચનો, પૃ. ૧૩.
૩૦–૩૧. "આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૬૨.

આત્માર્થી જીવ, પોતાની મતિકલ્પનાએ માનેલો મોક્ષમાર્ગ છોડી પોતાના સદ્‌ગુરુએ બતાવેલ માર્ગે જાય છે. તે સદ્‌ગુરુનાં લક્ષણો બતાવતાં ૧૦ મા દોહરામાં શ્રીમદ્ લખે છે કે :—

"આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વ વાણી, પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય." ૧૦

જેને આત્મજ્ઞાન થયું હોય, સમભાવ હોય, કર્મના ઉદય પ્રમાણે વર્તન હોય, પૂર્વે ન સાંભળેલી એવી વાણી હોય, શ્રુતકેવળી જેવી દશા હોય — વગેરે સદ્‌ગુરુનાં લક્ષણો અહીં બતાવાયાં છે. ગુરુઆજ્ઞાનું મહત્ત્વ બતાવતા ૯ મા દોહરા વિશે તથા સદ્‌ગુરુનાં લક્ષણો બતાવતા આ દોહરા વિશે વિસ્તારથી સમજણ આપતો પત્ર શ્રીમદે "આત્મસિદ્ધિ" લખાયા પછીના દિવસે લખ્યો હતો. ક્રિયાજડત્વ શુષ્કજ્ઞાનીપણું વગેરેનું અગૌરવ તથા આત્મજ્ઞાન, સમદર્શિતા આદિનું ગૌરવ વિસ્તારથી બતાવ્યાં છે.[૩૨] આવા પ્રત્યક્ષ સદ્‌ગુરુનું મહત્ત્વ બતાવતાં શ્રીમદ્ લખે છે :—

"પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઉગે ન આત્મવિચાર." ૧૧
"સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો, સમજ્યે જિનસ્વરૂપ." ૧૨

પૂર્વકાળે જ થઈ ગયેલા પરોક્ષ જિનની વાતો પર જ લક્ષ આપીને પોતાની ભ્રાંતિ ટાળનાર પ્રત્યક્ષ સદ્‌ગુરુના વિશેષ ઉપકારને ન સમજે તો તેને સાચો આત્મવિચાર ઉત્પન્ન ન થાય, કારણ કે સદ્‌ગુરુના ઉપદેશ વિના જિનનું સાચું સ્વરૂપ સમજાય નહિ, અને તે સમજ્યા વિના જીવને જ્ઞાન ક્યાંથી થાય ? જિનનું સ્વરૂપ સમજે તો સમજનારનો આત્મા પરિણમે અને તે જિનદશા પ્રાપ્ત કરે. વળી, જીવને કોઈ શંકા ઉત્પન્ન થાય ત્યારે તેનું સમાધાન પરોક્ષ જિનવચન – શાસ્ત્રો ન કરી શકે, પણ પ્રત્યક્ષ સદ્‌ગુરુ હોય તો તે શંકાનુ સમાધાન કરી શકે, આથી પ્રત્યક્ષ જ્ઞાનીનો ઉપકાર સૌથી વિશેષ છે એવો નિશ્ચય આત્માર્થીને વર્તતો હોય છે. અને એ જ સદ્‌ગુરુનું માહાત્મ્ય છે. એ વિશે શ્રી મનસુખભાઈ ર. મહેતાના શબ્દોમાં કહીએ તો :—

"જેમ બારમા દોહરામાં જિનપદ સમજવાનો અને પામવાનો ગ્રંથકારે ઉપદેશ કર્યો છે તેમ સર્વ જ્ઞાનીપુરુષોએ આપણા આત્માને – નિજપદને – શ્રી જિનના કર્મમલ-રહિત આત્મા – જિનપદ – જેવા કરવાની સાધ્યદૃષ્ટિ રાખી છે, એટલે દૃષ્ટિબિંદુ તો જિનપદ પ્રત્યે સ્થિર કર્યું છે. આ દોહરામાં, આ રીતે, દૃષ્ટિબિંદુ શ્રી જિન પ્રત્યે રાખી, તેઓનું સર્વોત્તમ માહાત્મ્ય અદ્‌ભુતપણે ગાઈ, પ્રત્યક્ષ સદ્‌ગુરુનું માહાત્મ્ય પણ તેવા જ ચમત્કારપૂર્વક ગાયું છે."[૩૩]

૩૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૨૮–૫૩૩.
૩૩. "આત્મસિદ્ધિ", સંપા. મ. ર. મહેતા, પ્રસ્તાવના, પૃ. ૫.

પ્રત્યક્ષ સદ્દગુરુનું માહાત્મ્ય ગાતાં શ્રીમદ્દે શ્રી જિનના બે પ્રકાર કહ્યા છે; પ્રત્યક્ષ અને પરોક્ષ. પ્રત્યક્ષ જિન તે કે જ્યારે ઋષભાદિ તીર્થંકરો સયોગીપણે વિદ્યમાન હતા. પરોક્ષ જિન એ કે ઋષભાદિ તીર્થંકરો જે અત્યારે આપણી વચ્ચે દેહાકારે અવિદ્યમાન છે, પણ તેઓએ આપેલો અદ્દભુત બોધ એ આપણા પરનો અનંત ઉપકાર છે. પણ તેમના તે બોધનો આજે, તેમની અવિદ્યમાનતાને કારણે, આપણે મનફાવતો અર્થ કરીએ છીએ, અને તેથી તેનું પૂરું માહાત્મ્ય આપણાથી સમજાતું નથી, અને પરોક્ષ એવા જિન તે ભૂલ સુધારી શકતા નથી. તે કાર્ય સદ્દગુરુ કરે છે. એ અપેક્ષાએ કર્તાએ સદ્દગુરુનું વિશેષ માહાત્મ્ય અહીં બતાવ્યું છે.

આત્મસ્વરૂપ પામવા માટે પ્રત્યક્ષ સદ્દગુરુરૂપી સાધન બતાવી, ૧૩ મા દોહરામાં તે પછીનાં બીજાં સાધનો – જિનાગમાદિ શાસ્ત્રો – નું મહત્ત્વ બતાવ્યું છે. પ્રત્યક્ષ જ્ઞાનીનો યોગ ન હોય ત્યારે જીવને આત્માનાં અસ્તિત્વાદિનો બોધ કરનારાં જિનાગમાદિ શાસ્ત્રો આધારરૂપ થાય છે, એ સાચું છે, પણ તેને સદ્દગુરુ સમાન ભ્રાંતિનાં છેદક કહી શકાય નહિ. વળી, આત્માર્થી જીવે એવા સમયે પ્રત્યક્ષ સદ્દગુરુએ જે જે શાસ્ત્રાદિ વાંચવાની, વિચારવાની આજ્ઞા કરી હોય, તે પ્રમાણે પોતાનો અંગત મતમતાંતરોનો ત્યાગ કરીને કરવું ઉચિત છે.

આમ ૧૪ મી ગાથા સુધી સદ્દગુરુનું માહાત્મ્ય બતાવ્યા પછી ગ્રંથકર્તા સદ્દગુરુની આજ્ઞાથી ચાલવાથી અને ન ચાલવાથી જે જાતનાં ફળ મળે છે તેનું વર્ણન તે પછીની ગાથાઓમાં કરે છે. "आणाअे धम्मो", "आणाअे तवो" એવું જે વચન "શ્રી આચારાંગસૂત્ર"માં આવે છે, તેની યાદ આપતો ૧૫મો દોહરો છે:—

"રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ." ૧૫

પોતાનો સ્વચ્છંદ છોડીને ગુરુઆજ્ઞાએ ચાલવાથી જીવનો અવશ્ય મોક્ષ થાય છે. અને એ પ્રમાણે ચાલીને અનંત જીવોએ મોક્ષ પ્રાપ્ત કર્યો છે. અને એ સ્વચ્છંદ રોકવા માટેનો ઉપાય છે — "પ્રત્યક્ષ સદ્દગુરુનો યોગ"; કર્તા તે ૧૬મા દોહરામાં બતાવે છે. અહીં પ્રત્યક્ષ સદ્દગુરુના યોગથી સ્વચ્છંદ, માન આદિનો નાશ શ્રી જિનઆજ્ઞાએ જણાવી, તેને સમકિત થવાનું પ્રત્યક્ષ કારણ ગણાવતાં ૧૭મો દોહરો રચ્યો છે કે:—

"સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્દગુરુ લક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ." ૧૭

અહીં બતાવેલા, સદ્દગુરુના શરણમાં જવાનો ઉપાય ન કરતાં, બીજા કોટિ ઉપાય કરે તોપણ જીવના સ્વચ્છંદ, માનાદિ શત્રુઓનો નાશ થતો નથી, બલ્કે વધારો થાય છે. પણ સદ્દગુરુના શરણમાં વિનયભાવે જવાથી તે સર્વનો અલ્પ પ્રયાસથી નાશ કરી શકાય છે. સદ્દગુરુનું એવું માહાત્મ્ય શ્રીમદ્દે ૧૮ મા દોહરામાં ગાયું છે. આ સર્વનું માહાત્મ્ય બતાવતો એક શ્લોક ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના "અધ્યાત્મસાર"માં છે કે:—

"शास्त्रं गुरोश्च विनयं क्रियामावश्यकानि च ।
संवरांगतया प्राहुर्व्यवहारविचक्षणाः ॥"૩૪

આ શ્લોકમાં જણાવ્યા પ્રમાણે શાસ્ત્ર, ગુરુનો વિનય, ક્રિયા અને આવશ્યક એ સર્વને વ્યવહારને વિશે નિપુણ પુરુષોએ સંવરના અંગરૂપ કહ્યાં છે. સદ્‌ગુરુનું માહાત્મ્ય હોવાથી, આત્માર્થી જીવો ગુરુ પ્રત્યે ઘણો વિનય દાખવે છે. તે વિનય કેવો હોય તે ૧૯મા દોહરામાં બતાવ્યો છે કે :—

"જે સદ્‌ગુરુ ઉપદેશથી પામ્યો કેવળજ્ઞાન;
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન." ૧૯

જ્ઞાનીપુરુષના યોગથી કોઈ જીવને પ્રબળ પુરુષાર્થ દ્વારા ગુરુ પહેલાં કેવળજ્ઞાન થઈ જાય તોપણ તે કેવળી ભગવાન પોતાના ગુરુનો ઉપકાર સ્વીકારી છદ્મસ્થ ગુરુની વૈયાવચ્ચ પણ કરે. આવો વિનયનો માર્ગ શ્રી જિને ઉપદેશ્યો છે. "ઉત્તરાધ્યયન સૂત્ર"માં વિનયને ધર્મનું મૂળ કહી વર્ણવ્યો છે, તથા 'દશવૈકાલિક સૂત્ર'માં ૯મું વિનય અધ્યયન છે, તેને ધ્યાનમાં રાખીને શ્રીમદ્દે અહીં કહ્યું છે કે :—

"એવો માર્ગ વિનયતણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય." ૨૦

વિનયનું આટલું માહાત્મ્ય કેમ છે તે સમજાવતાં શ્રી કાનજીસ્વામી જણાવે છે કે :—

"સત્પુરુષનો વિનય, તે પરમાર્થે નિજગુણનો વિનય છે. અને પ્રત્યક્ષ સદ્‌ગુરુના ઉપકારમાં પૂર્વે થઈ ગયેલા અનંત જ્ઞાનીના, ત્રણે કાળના ઉપકાર સમાઈ જાય છે."૩૫

પરંતુ આ વિનયના માર્ગનો જો કોઈ અસદ્‌ગુરુ ગેરલાભ ઉઠાવે, પોતાના શિષ્યો પાસેથી માન મેળવવાની આકાંક્ષા રાખે તો તે મહામોહનીય કર્મ ઉપાર્જન કરી, અનેક ભવ વધારી મૂકે અર્થાત્ સંસારસમુદ્રમાં ડૂબે. અહીં ગુરુ માટે માનભાવ સામે ગ્રંથકર્તાએ દીવાદાંડી મૂકી છે. તેઓ યોગ્ય જ જણાવે છે કે જે આત્માર્થી જીવ હોય તે જ આ વિનયમાર્ગને સમજી શકે, અન્ય તો તેનો અવળો ઉપયોગ કરી ભવસાગરમાં ડૂબે અને ડુબાડે.

શ્રી કાનજીસ્વામીના શબ્દોમાં કહીએ તો :—

"આ રીતે શ્રીમદ્દે વિશેષપણે શ્રી ગુરુનાં લક્ષણ અત્રે એ કહ્યાં છે કે જે મોક્ષમાર્ગપ્રકાશક હોય, માર્ગના સાચા ઉપદેશક હોય...મુખ્યપણે ઉપદેશકની ભૂમિકા ૧૩મું ગુણસ્થાનક છે ... નીચેની ભૂમિકામાં ૬ઠ્ઠા ગુણસ્થાનકવર્તી મુનિ યથાર્થ મોક્ષમાર્ગ ઉપદેશક હોઈ શકે. તેઓ પૂર્વાપર અવિરોધપણે સર્વજ્ઞના ન્યાયને, ગુરુપરંપરાથી જાણે છે, તથા ઉપદેશ આપી શકે છે."૩૬

---

૩૪. "અધ્યાત્મસાર", આત્મજ્ઞાન અધિકાર, શ્લોક ૧૪૧.
૩૫. "આત્મસિદ્ધિ પરનાં પ્રવચનો", પૃ. ૧૪૫. ૩૬. એજન, પૃ. ૧૪૧.

આમ ઉપદેશક ગુણસ્થાને વર્તતા ગુરુનાં લક્ષણો શ્રીમદે અહીં બતાવ્યાં છે.

આમ ૨૩ ગાથામાં મંગલાચરણ, ગ્રંથરચનાનો હેતુ, ક્રિયાજડ અને શુષ્કજ્ઞાની જીવનાં લક્ષણો, સદ્ગુરુનાં લક્ષણો, તેનો ઉપકાર, તેમનું માહાત્મ્ય, જીવની પાત્રતા, વિનયમાર્ગ વગેરે વિશે પ્રાથમિક છતાં અર્થગંભીર સમજણ આપ્યા પછી શ્રીમદે ૨૪ થી ૩૩ સુધીની ૯ ગાથામાં મતાર્થી જીવનાં લક્ષણો બતાવ્યાં છે.

## મતાર્થી જીવનાં લક્ષણો

જેનામાં આત્મકલ્યાણ કરવાની વૃત્તિનો કે પ્રવૃત્તિનો અભાવ હોય તે જીવ મતાર્થી ગણાય છે. તે મતાર્થી જીવનાં લક્ષણો બતાવતાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ "અધ્યાત્મસાર"ના સમકિત અધિકારમાં લખ્યું છે કે :—

"नास्ति नित्यो न कर्ता च न भोक्ताऽऽत्मा न निर्वृतः ।
तदुपायश्च नेत्याहुर्मिथ्यात्वस्य पदानि षट् ॥"[૩૭]

આત્મા નથી, નિત્ય નથી, કર્તા નથી, ભોક્તા નથી, મુક્તિ નથી, તથા તેનો ઉપાય કંઈ પણ નથી એમ માનવું તે મિથ્યાત્વનાં છ પદો છે. અર્થાત્ આત્માનાં છ પદોમાં શ્રદ્ધા ન રાખવી તે મિથ્યાત્વ છે.

શ્રીમદે અહીં દર્શાવેલાં મિથ્યાત્વીનાં લક્ષણોમાં આ છયે પદનો સમાવેશ કર્યો નથી. પણ મુખ્યત્વે છઠ્ઠા પદનો — "મોક્ષના ઉપાય" વિશેની અતંત્રતાનો — મતાર્થીનાં લક્ષણો બતાવવામાં ઉપયોગ કર્યો છે. ૨૪ થી ૩૩ સુધીના દોહરાઓ શ્રીમદે મતાર્થીનાં લક્ષણ બતાવવા રચ્યા છે. તેમાં મોક્ષમાર્ગનો ઉપાય યોજતાં યોજતાં જે લોકો ક્રિયાજડ કે શુષ્કજ્ઞાની બની જાય છે તેનાં લક્ષણો બતાવ્યાં છે. ચોથા-પાંચમા દોહરામાં ક્રિયાજડ અને શુષ્કજ્ઞાનીનું જે સ્વરૂપ સંક્ષેપમાં બતાવ્યું છે તેનો અહીં થોડો વિસ્તાર છે. ૨૪ થી ૨૮ સુધીના પાંચ દોહરામાં ક્રિયાજડનાં લક્ષણો અને ૨૯ થી ૩૧ સુધીના ૩ દોહરામાં શુષ્કજ્ઞાનીનાં લક્ષણ આપ્યા પછી ૩૨ મો દોહરો સામાન્ય કથનનો છે. તેમાં મતાર્થથી જીવ છૂટે એ અર્થે મતાર્થીનાં લક્ષણો જણાવ્યાં, અને હવે પછી આત્માર્થ વધે તે અર્થે આત્માર્થીનાં લક્ષણો કહું છું, એમ કર્તાએ જણાવ્યું છે.

## શ્રીમદે દર્શાવેલાં મતાર્થીનાં લક્ષણો

૧. જેને માત્ર બાહ્યથી જ ત્યાગ દેખાય છે, પણ આત્મજ્ઞાન નથી, અને અંતરંગ ત્યાગ નથી તેવા ગુરુને મતાર્થી સદ્ગુરુ માને છે, અથવા તો પોતાના કુળધર્મથી જે ગુરુ પ્રાપ્ત હોય તેને જ સાચા ગુરુ માની તેનામાં મમત્વ રાખે છે, અને તેનામાં સદ્ગુરુનાં લક્ષણ છે કે નહિ તે વિશે તે વિચારતો નથી.

---

૩૭. "અધ્યાત્મસાર", સમકિત અધિકાર, શ્લોક ૬૦, પૃ. ૨૦૨.

૨. જે જિનના દેહાદિનું વર્ણન છે, સમવસરણાદિ જિનના અતિશયોનું વર્ણન છે તેને જ મતાર્થી જીવ જિનનું સાચું સ્વરૂપ માની લે છે, અને જિનના પરમાર્થ હેતુરૂપ અંતરંગસ્વરૂપને જાણવા કે સમજવા વિશે મતાર્થી પ્રયત્ન કરતો નથી. અહીં શ્રીમદ્દે શુદ્ધ આત્મસ્વરૂપને ઓળખવા ઉપર ભાર મૂકયો છે.

૩. આવા મતાર્થી જીવને કયારેક સદ્ગુરુનો યોગ થઈ જાય તોપણ તે તેના ઉપદેશથી તદ્દન ઊલટી રીતે ચાલે છે, અને પોતે ખરેખર દૃઢ મુમુક્ષુ છે એમ માની, પોતે માનેલા ગુરુમાં મતાગ્રહથી મમત્વપણું દૃઢ કરી અસદ્ગુરુને સદ્ગુરુ માને છે.

૪. દેવ, નરક આદિ ચતુર્ગતિના ભાંગાનું વર્ણન કોઈ વિશેષ પરમાર્થ હેતુથી કરેલ છે તે સમજ્યા વિના, તે વર્ણનને જ મતાર્થી શ્રુતજ્ઞાન માને છે, અને પોતે ધારણ કરેલ મત તથા વેશના આગ્રહથી જ મુક્તિ માને છે.

૫. પોતાને ઊઠતી વૃત્તિનું સ્વરૂપ કેવું છે તે સમજ્યા વિના બાહ્યતપને જ ગ્રહણ કરી મતાર્થી પોતાને "વ્રતધારી" ગણાવે છે, અને કવચિત્ સાચો ઉપદેશ સાંભળવા મળે તોપણ લોકો તરફથી મળતાં માન અને સત્કારાદિના લોભથી તે ઉપદેશ મતાર્થી જીવ ગ્રહણ કરતો નથી.

૬. આ બધું ન હોય તો કોઈ વખત ફક્ત નિશ્ચયનયના પુસ્તકો વાંચવામાં આવ્યાથી તે સ્વીકારી, વૈરાગ્ય, વિનય આદિ સાચા વ્યવહારધર્મનો તે લોપ કરે છે અને પરિણામે તે ગ્રંથોનું સાચું પરિણમન થવું જોઈએ તે તેને થતું નથી. વળી, તે શુષ્કજ્ઞાનને જ સર્વસ્વ માની, સાધનરહિત દશામાં એ મતાર્થી જીવ પ્રવર્તે છે. શુષ્કજ્ઞાનીનું આ લક્ષણ બતાવતો એક શ્લોક "અધ્યાત્મસાર"માં પણ મળે છે.

"येषां निश्चय एवेष्टो व्यवहारस्तु संगतः ।
विप्राणां म्लेच्छभाषेव स्वार्थमात्रोपदेशनात् ॥"[३८]

આ શ્લોકમાં બતાવ્યું છે તે પ્રમાણે જેઓને સ્વાર્થમાત્રના જ ઉપદેશથી નિશ્ચય ઇષ્ટ છે, અને બ્રાહ્મણોને નહિ બોલવા લાયક મ્લેચ્છ ભાષાની જેમ વ્યવહાર સંગત છે એટલે અનાદર કરવા લાયક છે, તેઓને વ્યવહારનું ઉલ્લંઘન કરનાર મિથ્યાત્વ હોય છે. આમ શ્રી યશોવિજયજીએ "અધ્યાત્મસાર"માં કહ્યું છે તે પ્રમાણે શ્રીમદ્દે પણ નિશ્ચય અને વ્યવહારનું સાથે હોવાપણું મતાર્થ કાઢવા માટે જણાવ્યું છે.

આવાં લક્ષણોવાળો જે મતાર્થી જીવ હોય તે જ્ઞાનદશા પામી શકતો નથી, અને તે પામવા માટેનું સાધન પણ તેની પાસે હોતું નથી; તેથી તેના સંગમાં પણ જે જીવ આવે તે ભવસમુદ્રમાં ડૂબે છે. વળી, તે પોતાના કુળના મતનો, પોતાના જ્ઞાનનો વગેરેનો મતાગ્રહી બની પોતાની અધિકારરહિતદશાને લીધે આત્માર્થ પામી શકતો નથી, તેવો પોતાનો અભિપ્રાય શ્રીમદ્દે ૩૦-૩૧ એ બે દોહરામાં વ્યક્ત કર્યો છે. અને ૩૨મા દોહરામાં મતાર્થી જીવનાં બાહ્ય લક્ષણો પ્રતિ લક્ષ દોર્યું છે કે :—

૩૮. "અધ્યાત્મસાર", સમકિત અધિકાર, શ્લોક ૬૩, પૃ. ૨૦૪.

"નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય." ૩૨

મતાર્થી જીવને ક્રોધ, માન, માયા, લોભાદિ કષાયો પાતળાં પડયાં નથી હોતાં. તેના અંતરમાં સંસાર તરફ વૈરાગ્ય નથી હોતો, આત્માના ગુણો ગ્રહણ કરવા જેટલું સરળપણું તેનામાં નથી હોતું. વળી, સત્યાસત્યની પરખ કરવા જોઈતી નિષ્પક્ષ દૃષ્ટિનો પણ તેનામાં અભાવ હોવાથી તે જન્મ, જરા, મરણાદિનાં દુઃખને દૂર કરવા માટેનો માર્ગ ન પામી શકે તેવો દુર્ભાગી હોય છે. આ બધાં લક્ષણો આત્માર્થીથી વિરુદ્ધ પ્રકારનાં છે.

આમ શ્રીમદે અહીં "મોક્ષનો ઉપાય છે" તે પદની સાર્થકતા વિચારતી વખતે જીવમાં જે જે પ્રકારનાં મિથ્યાત્વ પ્રવર્તે છે તેનો નિર્દેશ કર્યો છે. તેમની દૃષ્ટિએ સદ્ગુરુને ઓળખી ન શકે, તેની આજ્ઞાએ ચાલી ન શકે અને પોતાના સ્વચ્છંદને પોષ્યા કરે તે મિથ્યાત્વનું મહત્ત્વનું લક્ષણ છે. આ લક્ષણો તેમણે પોતાને લાધેલા અનુભવમાંથી તારવીને આપેલાં જણાય છે, કારણ કે આ લક્ષણો કોઈ પણ સંપ્રદાયને અંધશ્રદ્ધાથી અનુસરતી વ્યક્તિમાં જોવા મળતાં હોવા છતાં આવી વ્યવસ્થિત રીતે નિરૂપાયેલાં જોવા નથી મળતાં. શ્રીમદે આપેલાં મતાર્થી જીવનાં લક્ષણો વિશે પંડિત સુખલાલજીએ યોગ્ય જ લખ્યું છે કે :—

> "આવા મતાર્થીનાં અનેક લક્ષણો તેમણે સ્ફુટ, જરા વિસ્તારથી, દર્શાવ્યાં છે જે તદ્દન અનુભવસિદ્ધ છે, અને ગમે તે પંથમાં મળી આવે છે. આ સ્થળે એક-બે વિશેષતા તરફ ધ્યાન ખેંચવું ઇષ્ટ છે. પ્રસિદ્ધ આચાર્ય સમંતભદ્રે આ "આપ્તમીમાંસા"ની "देवागमनभोयान" આદિ કારિકાઓમાં બાહ્ય વિભૂતિઓમાં વીતરાગપદ જોવાની સાવ ના પાડી છે. શ્રીમદ્ પણ એ જ વસ્તુ સૂચવે છે. યોગશાસ્ત્રના વિભૂતિપાદમાં, બૌદ્ધ-ગ્રંથોમાં અને જૈન પરંપરામાંય વિભૂતિ, અભિજ્ઞા–ચમત્કાર કે સિદ્ધિ અને બુદ્ધિમાં ન ફસાવાની વાત કહી છે તે સહજપણે જ શ્રી રાજચંદ્રના ધ્યાનમાં છે. તેમણે એ જોયેલું કે જીવની ગતિ–અગતિ, સુગતિ–કુગતિના પ્રકારો, કર્મભેદના ભાંગાઓ વગેરે શાસ્ત્રમાં વર્ણિત વિષયોમાં જ શાસ્ત્રરસિયાઓ રચ્યાપચ્યા રહે છે અને પોપટપાઠથી આગળ વધતા નથી. તેમને ઉદ્દેશી તેમણે સૂચવ્યું છે કે શાસ્ત્રનાં એ વર્ણનો એનું અંતિમ તાત્પર્ય નથી, અને અંતિમ તાત્પર્ય પામ્યા વિના શાસ્ત્રોનો પાઠ કેવળ મતાર્થિતા પોષે છે. શ્રીમદ્ રાજચંદ્રનું આ કથન જેટલું અનુભવમૂલક છે તેટલું જ બધી જ પરંપરાઓને એકસરખું લાગુ પડે છે."૩૯

મતાર્થી જીવનાં લક્ષણો બતાવવાનો શ્રીમદ્‌નો હેતુ "આત્મસિદ્ધિ"નો વાચક પોતામાં તેવું કોઈ દૂષણ હોય તો તેનાથી દૂર થવા પ્રયત્ન કરે છે, તે વિશે તેમણે ૩૩મી ગાથામાં કહ્યું છે કે :—

"લક્ષણ કહ્યાં મતાર્થીનાં મતાર્થ જાવા કાજ;
હવે કહું આત્માર્થીનાં, આત્મઅર્થ સુખસાજ." ૩૩

---

૩૯. "આત્મસિદ્ધિ આત્મોપનિષદ", "આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૩૩.

આમ મતાર્થીનાં લક્ષણો દ્વારા શ્રીમદ્દે, શ્રી ભોગીલાલ શેઠના શબ્દોમાં કહીએ તો :—

"જે વસ્તુ પામવા યોગ્ય છે તે જિનનું પ્રતિષ્ઠિત અંતરંગ સ્વરૂપ છે અને તેની પ્રશંસા છે, આ વાત દૃષ્ટિસન્મુખ ન રાખવી તેને મતાર્થ ગણ્યો છે."[૪૦]

## આત્માર્થી જીવનાં લક્ષણો

મતાર્થ દૂર કરવા માટે શ્રીમદ્દે મતાર્થીનાં લક્ષણો જણાવ્યાં. પરંતુ માત્ર મતાર્થ જવાથી આત્માર્થ આવી જતો નથી. તે મેળવવા જીવમાં કેવાં લક્ષણો હોવાં આવશ્યક છે, તે શ્રીમદ્દે ૩૪થી ૪૧ સુધીના ૮ દોહરામાં બતાવ્યું છે. તે લક્ષણો નીચે પ્રમાણે છે :—

૧. આત્માર્થી જીવ, જેને આત્મજ્ઞાન હોય તેને જ સદ્ગુરુ જાણે છે, અને આત્મજ્ઞાન ન હોય તેવા કુળગુરુને પણ તે કલ્પિત ગુરુ જાણે છે, આત્મજ્ઞાન વિનાના ગુરુથી ભવનાશ ન થાય તેમ તે નિશ્ચયપૂર્વક જાણે છે.

૨. આત્માર્થી જીવ પોતાને પ્રાપ્ત થયેલા સદ્ગુરુના યોગને પરમ ઉપકારી જાણે છે, કારણ કે શાસ્ત્રાદિના વાચનમાં જ્યારે કંઈ ન સમજાય ત્યારે તે સમજાવનાર સદ્ગુરુ જ છે અને તેથી આત્માર્થી જીવ મન, વચન અને કાયા એ ત્રણેની એકતાથી સદ્ગુરુની આજ્ઞાએ પ્રવર્તે છે.

૩. મોક્ષમાર્ગ ત્રણે કાળમાં એક જ હોય છે, તેવી દૃઢ શ્રદ્ધા આત્માર્થીને છે, તે વિશે શ્રીમદ્દે લખ્યું છે કે :—

"એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત." ૩૬

**અર્થાત્ જેનાથી પરમાર્થની સિદ્ધિ થાય તેવો માર્ગ ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણે કાળમાં એકસરખો જ હોય છે, તેવી પ્રતીતિ તેને હોય છે.**

૪. આત્માર્થી જીવ ત્રણે કાળમાં મોક્ષમાર્ગ એક જ રૂપે હોય છે તેમ સ્વીકારી, તે માર્ગ બતાવનાર સદ્ગુરુનો યોગ તે શોધે છે. અને તે ગુરુ પાસે માત્ર આત્માર્થની જ ઇચ્છા રાખે છે, અને માનપૂજાદિની કે રિદ્ધિની લેશ પણ ઇચ્છારૂપ રોગ આત્માર્થીના મનમાં હોતો નથી.

૫. અહીં સુધી મતાર્થીથી વિરુદ્ધ એવા આત્માર્થીનાં આંતરિક લક્ષણો તથા અભિલાષા વર્ણવ્યા પછી, તેનાં બાહ્ય લક્ષણો ૩૮ મા દોહરામાં બતાવ્યાં છે કે :—

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ, પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ." ૩૮

---

૪૦. "આત્માસિદ્ધિ", શ્રી ભોગીલાલ ગિ. શેઠ, પૃ. ૧૧૬.

આત્માર્થી જીવને ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયો શાંત થઈ ગયા હોય છે, મોક્ષ મેળવવાની એક જ અભિલાષા બાકી રહી હોય છે, ભવભ્રમણ વિશે અતિશય ખેદ પ્રવર્તતો હોય છે, અને પ્રત્યેક પ્રાણી પ્રત્યે કરુણાભાવ હોય છે. શાસ્ત્રમાં શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા એ પાંચ લક્ષણો સમકિતી જીવનાં બતાવાયાં છે, જેને શ્રીમદે અહીં વર્ણવ્યાં છે. ઉપાધ્યાય યશોવિજયજી સમકિતનાં લક્ષણ નીચે પ્રમાણે બતાવે છે:—

"शमसंवेगनिर्वेदानुकम्पाभिः परिष्कृतम् ।
दधतामेतदच्छिन्नं सम्यक्त्वं स्थिरतां व्रजत् ॥"[૪૧]

"અધ્યાત્મસાર"ના "સમકિત અધિકાર"ના આ શ્લોકમાં બતાવ્યા પ્રમાણે શમ, સંવેગ, નિર્વેદ અને અનુકંપાએ કરીને શોભિત એવા આ આસ્તિ અને નિરંતર ધારણ કરનારા ભવ્ય જીવોનું સમકિત સ્થિરતાને પામે છે, નિશ્ચળ થાય છે.

આ જ લક્ષણો શ્રીમદે ઉપરના દોહરામાં સરળ ભાષામાં બતાવ્યાં છે. શમ એટલે સમભાવ. રાગદ્વેષનાં પરિણામ ન થતાં સમભાવ રહે તે સમ, અને તે જ કષાયની ઉપશાંતતા. સંવેગ એટલે મોક્ષ મેળવવાની ઇચ્છા, અર્થાત્ "મોક્ષ અભિલાષ." નિર્વેદ એટલે સંસાર દુઃખમય લાગવાથી આવતો વૈરાગ્ય, અને તે જ ભવે ખેદ. અનુકંપા એટલે પ્રત્યેક પ્રાણી તરફનો દયાભાવ. અર્થાત્ "પ્રાણીદયા." આ ચાર લક્ષણો તો શ્રીમદે ઉપરના દોહરામાં એકસાથે આપી દીધાં છે. પાંચમા લક્ષણ "આસ્થા" વિશે શરૂઆતના ત્રણચાર દોહરા રચ્યા છે. આસ્થા એટલે આત્માના અસ્તિત્વ આદિમાં શ્રદ્ધા તથા મોક્ષમાર્ગમાં નિઃશંકતા, જે શ્રીમદે "મોક્ષમાર્ગની એકતાના નિશ્ચય" રૂપે વર્ણવેલ છે.

આમ આત્માર્થી જીવનાં લક્ષણો બતાવવાની સાથે શ્રીમદે શાસ્ત્રમાં બતાવેલા સમકિતીનાં લક્ષણો પણ ખૂબીપૂર્વક બતાવી દીધાં છે. આમ શ્રીમદ્ના અભિપ્રાય મુજબ તો સમકિતી જીવ જ આત્માર્થી ગણી શકાય.

જીવને ઉપર જણાવી તેવી આત્માર્થદશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મોક્ષમાર્ગની પણ પ્રાપ્તિ થતી નથી. અને તે માર્ગ ન મળે ત્યાં સુધી તેના આત્મભ્રાંતિરૂપ અનંત દુઃખના હેતુવાળો અંતર રોગ જતો નથી. પણ જેવી આત્માર્થીની દશા પ્રાપ્ત થઈ કે તરત જ તેને સદ્‌ગુરુનો બોધ સચોટપણે અસર કરે છે. તે બોધ પર વિચાર કરવાથી આત્માર્થી જીવ પોતાનું સ્વરૂપ સમજે છે અને પોતામાં ગુપ્તપણે રહેલું અનંત સુખ તે પ્રગટાવે છે. એટલે કે સુવિચારણાના ફળરૂપે આત્માર્થી જીવ જ્ઞાન પામે છે, અને અંતમાં નિર્વાણપદ એટલે કે મોક્ષપદ પામે છે.

આત્માર્થ પામવાની ફલશ્રુતિ તરીકે શ્રીમદે મોક્ષપદ બતાવ્યું છે. સવળી મતિ થતાં જીવની આત્માર્થ દશા પ્રારંભાય છે અને તે દશા વિકાસ પામતાં જીવનો મોક્ષ થાય છે.

---

૪૧. "અધ્યાત્મસાર", સમકિત અધિકાર, શ્લોક ૫૮, પૃ. ૧૦૧.

તેમ કર્તાએ ૪૧ મા દોહરામાં સ્પષ્ટ કહ્યું છે. આમ એમણે આત્માર્થનું ટૂંકું છતાં માર્મિક સ્વરૂપ આલેખ્યું છે.

"આત્મસિદ્ધિશાસ્ત્ર"ના વાચનના અધિકારી તરીકે શ્રીમદ્દે ઉપર જણાવેલા આત્માર્થી જીવનાં લક્ષણો ધરાવતી વ્યક્તિને જ સ્વીકારી છે, કારણ કે આવા આત્માર્થી જીવની સુવિચારણાની પુષ્ટિ માટે તથા મોક્ષમાર્ગની સમજ આપવા માટે શ્રીમદ્દે આ ગ્રંથમાં આત્માનાં છ પદ દર્શાવી તેની સિદ્ધિ, ગુરુ-શિષ્યના સંવાદરૂપે, પોતાની અનુભવસિદ્ધ વાણીમાં, શાસ્ત્રના આધારે, કરી છે. જો જીવમાં એ લક્ષણો ન હોય તો શ્રીમદ્દે કરેલી શાસ્ત્રીય ચર્ચા વાંચ્યાથી મોક્ષમાર્ગ માટે જરૂરી એવી સુવિચારણા ઉત્પન્ન ન થાય અને તેથી તે જીવને મોક્ષમાર્ગ સુલભ ન લાગે.

આત્માનાં છ પદની શાસ્ત્રીય ચર્ચારૂપ આ ગંભીર વિષયને શ્રીમદ્દે "આત્મસિદ્ધિ"માં સરળ ભાષામાં નિરૂપ્યો છે, છતાં તેમાં એટલાં ગૂઢ તત્ત્વોનું નિરૂપણ તેઓ કરી શક્યા છે કે તેમના ૧૪૨ દોહરા વિસ્તારથી સમજાવવા માટે શ્રી કાનજીસ્વામીને પુસ્તકનાં ૬૦૦ પાનાં, કે શ્રી ભોગીલાલ શેઠને ૪૫૦ પાનાં ઓછાં લાગ્યાં છે. અને એ બધાએ આપેલી સમજૂતી જોતાં ખ્યાલ આવે છે કે શ્રીમદ્દે આ દોહરામાં કેટલો તત્ત્વસંભાર મૂક્યો છે. તેમ છતાં આ શાસ્ત્રની ખૂબી એ છે કે તેનું નિરૂપણ એટલી સરળ ભાષામાં થયું છે કે કોઈ પણ મુમુક્ષુ તેમાંથી કંઈ ને કંઈ તો જરૂર મેળવે.

દયારામના "રસિકવલ્લભ"ને સમજવા જેમ ભાગવત સંપ્રદાયના ગ્રંથોનો અભ્યાસ જરૂરી છે, અખાભગતનું "અખેગીતા" સમજવા જેમ વેદાંતનું જ્ઞાન આવશ્યક છે, તેમ "આત્મસિદ્ધિશાસ્ત્ર"નો વિષય તર્કપ્રધાન, દાર્શનિક અને જૈન સાંપ્રદાયિક હોવાને લીધે તેનું ગૌરવ માણવા જૈન પરિભાષાની અને જૈન તત્ત્વજ્ઞાનની થોડી સમજણ હોવી અગત્યની છે. શ્રી ભોગીલાલ શેઠે લખ્યું છે કે :—

> "એમાં ષડ્દર્શનનો સાર છે, આધ્યાત્મિક જીવનનું પરમ ઉત્કૃષ્ટ રહસ્ય છે, આત્મધર્મનો અગમ્ય મર્મ છે. મતાગ્રહને તેમાં સ્થાન નથી, સંપ્રદાયની તેમાં ગંધ નથી, વિરોધને અવકાશ નથી. સત્ય સમજવાની જેને જિજ્ઞાસા છે, સાચા સ્વાધીન અખંડ સુખનો જે અભિલાષી છે અને આત્મિક શાંતિની જેને અપેક્ષા છે તેને આ શાસ્ત્ર પરમ હિતકારી થશે તેમાં સંદેહ નથી."[૪૨]

આવું ઉત્તમ શાસ્ત્ર વાંચવા તથા સમજવા માટે શ્રીમદ્દે માત્ર ચાર જ વ્યક્તિને અધિકારી શા માટે ગણી હતી તે આ ઉપરથી સમજાશે. આ અધિકાર બતાવ્યા પછી શ્રીમદ્ મુખ્ય વિષય ઉપર આવે છે.

### આત્માનાં છ પદ

"આત્મસિદ્ધિ"માં શ્રીમદ્દે આત્માનાં છ પદ આ પ્રમાણે દર્શાવ્યાં છે :—

---

૪૨. "આત્મસિદ્ધિશાસ્ત્ર", ભોગીલાલ શેઠ, પ્રસ્તાવના, પૃ. ૫.

"આત્મા છે, તે નિત્ય છે, છે કર્તા નિજ કર્મ;
છે ભોક્તા, વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ."[૪૩]

શ્રી સિદ્ધસેન દિવાકરના "સમ્મતિતર્ક પ્રકરણ"માં, હરિભદ્રાચાર્યના "શાસ્ત્રવાર્તાસમુચ્ચય"માં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના "અધ્યાત્મસાર" આદિ શાસ્ત્રગ્રંથોમાં આત્માનાં આ છ પદ દર્શાવવામાં આવ્યાં છે.

"સમ્મતિતર્ક પ્રકરણ"માં તૃતીય ખંડના ૫૪, ૫૫ એ બે શ્લોકમાં શ્રી સિદ્ધસેન દિવાકરે આત્મા વિશે નાસ્તિત્વ આદિ છ પક્ષોનું મિથ્યાપણું અને અસ્તિત્વ આદિ છ પક્ષોનું સમ્યક્‌પણું નીચે પ્રમાણે બતાવ્યું છે :—

"णत्थि ण णिच्चो ण कुणइ कयं ण वेएइ णत्थि णिव्वाणं ।
णत्थि य मोक्खोवाओ छ म्मिच्छत्तस्स ठाणाइं ॥"
"अत्थि अविणासधम्मी करेइ वेएइ अत्थि णिव्वाणं ।
अत्थि य मोक्खोवाओ छ स्सम्मत्तस्स ठाणाइं ॥"

શ્રી સિદ્ધસેન દિવાકરના અહીં જણાવ્યા પ્રમાણે, આત્મા નથી, તે નિત્ય નથી, તે કંઈ કરતો નથી, તે કરેલ કર્મ વેદતો નથી, તેને નિર્વાણ નથી અને મોક્ષનો ઉપાય નથી — એ છ મતો મિથ્યાજ્ઞાનનાં સ્થાનકો છે. આત્મા છે, તે અવિનાશી છે, તે કરે છે, તે વેદે છે, તેને નિર્વાણ છે અને મોક્ષનો ઉપાય છે — એ છ મતો સમકિતનાં સ્થાનકો છે.

"સમ્મતિતર્ક પ્રકરણ"માં આ પદોને વિસ્તારથી સમજાવેલાં નથી. માત્ર ઉપર જોયું તેમ અસ્તિનાસ્તિનું નિરૂપણ તેમાં કરેલું છે. શ્રીમદે આ છએ પદને તર્ક તથા અનુભવથી સિદ્ધ કરીને સમજાવ્યાં છે.

શ્રી યશોવિજયજીએ તેમના "અધ્યાત્મસાર"ના સમકિત અધિકારમાં આત્મા નથી, એ આદિ નાસ્તિત્વ સૂચક છ પદોને મિથ્યાત્વનાં સાધનો ગણાવતાં લખ્યું છે કે :—

"नास्ति नित्यो न कर्ता च न भोक्तात्मा न निर्वृतः ।
तदुपायश्च नेत्याहुर्मिथ्यात्वस्य पदानि षट् ॥"[૪૩]

આત્મા નથી, નિત્ય નથી, કર્તા નથી, ભોક્તા નથી, મુક્ત નથી, અને તેનો ઉપાય નથી — એ છ મિથ્યાત્વનાં સ્થાનકો છે એમ શ્રી યશોવિજયજીએ અહીં જણાવ્યું છે. તેમણે એ છ પદનું અસ્તિત્વ બતાવતો શ્લોક રચ્યો નથી, પણ તે છયે પદને સિદ્ધ કરતા શ્લોકો તેમણે "સમકિત અધિકાર" અને "આત્મજ્ઞાન અધિકાર"માં રચ્યા છે, જેમાંના કેટલાકની છાયા "આત્મસિદ્ધિ"માં પણ જોવા મળે છે.

શ્રીમદે પોતાના સાહિત્યમાં આ છ પદનો ઉલ્લેખ સૌપ્રથમ વિ. સં. ૧૯૪૬ના ભાદરવા માસમાં ધર્મેચ્છક ભાઈ ખીમજીને લખેલા એક પત્રમાં કર્યો છે :—

૪૩. "અધ્યાત્મસાર", સમકિત અધિકાર, શ્લોક ૬૦, પૃ. ૨૦૨.

"આત્મા છે. તે બંધાયો છે. તે કર્મનો કર્તા છે. તે કર્મનો ભોક્તા છે. મોક્ષનો ઉપાય છે. આત્મા સાધી શકે છે. આ જે છ મહા પ્રવચનો તેનું નિરંતર શોધન કરજો.[૪૪]

પોતાને જણાતાં આ છ પદના નિઃશંકત્વ વિશે શ્રીમદે પોતાની હસ્તનોંધમાં પણ નોંધ્યું છે કે :—

"જીવના અસ્તિત્વપણાનો તો કોઈ કાળે પણ સંશય પ્રાપ્ત નહિ થાય. જીવના નિત્યપણાનો, ત્રિકાળ હોવાપણાનો કોઈ કાળે પણ સંશય પ્રાપ્ત નહિ થાય. જીવના ચૈતન્યપણાનો, ત્રિકાળ હોવાપણાનો કોઈ કાળે પણ સંશય પ્રાપ્ત નહિ થાય. તેને કોઈ પણ પ્રકારે બંધ દશા વર્તે છે એ વાતનો કોઈ પણ કાળે સંશય પ્રાપ્ત નહિ થાય. તે બંધની નિવૃત્તિ કોઈ પણ પ્રકારે નિઃસંશય ઘટે છે, એ વાતનો કોઈ કાળે પણ સંશય પ્રાપ્ત નહિ થાય. મોક્ષપદ છે એ વાતનો કોઈ પણ કાળે સંશય નહિ થાય."[૪૫]

આ બધી જગ્યાએ શ્રીમદે આત્મા વિશેની શ્રદ્ધા વ્યક્ત કરી હતી. ત્યાર પછી પણ વિ. સં. ૧૯૫૦ના ફાગણ માસમાં આ છયે પદને સંક્ષેપમાં સમજાવતો એક પત્ર શ્રીમદે શ્રી લલ્લુજી મહારાજને લખ્યો હતો. તે પત્ર "આત્મસિદ્ધિ"ના પૂર્વરૂપ જેવો છે. તે જોઈએ :—

"અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુ દેવને અત્યંત ભક્તિથી નમસ્કાર. શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાની પુરુષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યક્‌દર્શનનાં નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે :—

"પ્રથમ પદ: આત્મા છે. જેમ ઘટપટાદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટાદિ હોવાનું પ્રમાણ છે, તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્ય સત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિશે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે."

"બીજું પદ: આત્મા નિત્ય છે. ઘટપટ આદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટ આદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે, કેમ કે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી. કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી. માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમ કે જેની કોઈ સંયોગોથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઈને વિશે લય પણ હોય નહિ."

"ત્રીજું પદ: આત્મા કર્તા છે. સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામ ક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે માટે કર્તા છે. તે કર્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે, પરમાર્થથી

૪૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૨૩.
૪૫. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૭૯૦.

સ્વભાવ પરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે. અનુપચરિત અનુભવમાં આવવા યોગ્ય, વિશેષ સંબંધસહિત વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કર્તા છે."

"ચોથું પદ: આત્મા ભોક્તા છે. જે જે કંઈ ક્રિયા છે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું ફળ, સાકર ખાવાથી સાકરનું ફળ, અગ્નિસ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ, હિમને સ્પર્શ કરવાથી હિમસ્પર્શનું ફળ જેમ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્તા હોવાથી ભોક્તા છે."

"પાંચમું પદ: મોક્ષપદ છે. જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્તાપણું નિરૂપણ કર્યું, કર્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું, તે કર્મનું ટળવાપણું પણ છે, કેમ કે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય, પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી, તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે. ક્ષીણ થઈ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ "મોક્ષપદ" છે."

"છઠ્ઠું પદ: તે મોક્ષનો ઉપાય છે. જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહિ, પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન પ્રત્યક્ષ છે; જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે, માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે."

"શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યક્દર્શનનાં મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે."[૪૬]

અહીં વર્ણવેલાં આત્મા વિશેનાં આ છ પદનો વિસ્તાર શ્રીમદે "આત્મસિદ્ધિ"માં કર્યો છે. અને તે છયે પદ ગુરુશિષ્યના સંવાદરૂપે શ્રીમદે રજૂ કરેલ છે. પ્રત્યેક પદ વિશે શિષ્ય પોતાની શંકા વિનીતભાવે રજૂ કરે છે, અને ગુરુ તેનો સમાધાનકારક ઉત્તર આપે છે, એવી યોજના શ્રીમદે ૪૩ થી ૧૨૭ સુધીના દોહરામાં કરી છે. આ છ પદ વિશે શ્રી કાનજીસ્વામી કહે છે કે:—

"આ ન્યાયમાં તત્ત્વના જિજ્ઞાસુને બધી મૂંઝવણ ટળી જાય તેવું છે, સરલપણે ન્યાયથી ગુજરાતી ભાષામાં આવી રીતે બીજે ક્યાંય કથન નથી, શ્રીમદ્ રાજચંદ્રે બધા વિરોધ ટાળીને આત્માને સ્પષ્ટ બતાવ્યો છે."[૪૭]

૪૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૩૯૪.
૪૭. "આત્મસિદ્ધિ" પરનાં પ્રવચનો, પૃ. ૨૫૦.

આ પદ વિશે શ્રીમદ્દે ૪૪ મી ગાથામાં લખ્યું છે કે :—

"ષટ્‌સ્થાનક સંક્ષેપમાં, ષટ્‌દર્શન પણ તેહ;
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ." ૪૪

આ દોહરામાં જણાવ્યા મુજબ, જે છ પદ સંક્ષેપમાં શ્રીમદ્દે જણાવ્યાં છે, તે જ છયે દર્શનનો સાર છે, અને એ છ પદને જ્ઞાનીઓએ પરમાર્થ માર્ગનો સાર સમજવા માટે કહેલ છે. ગમે તે દર્શન, ગમે તે શાસ્ત્ર કે ગમે તે ધર્મ આ છ પદ સિવાય અન્ય કોઈ પદ વિશે અભિપ્રાય બાંધી શક્યા નથી, કારણ કે આ છ પદના વિસ્તારમાં બધું સમાઈ જાય છે. અસંખ્ય શાસ્ત્રરચના – ન્યાયશાસ્ત્રો, તર્કશાસ્ત્રો, અધ્યાત્મશાસ્ત્રો વગેરેની રચના – આ છ પદની સિદ્ધિ અર્થે થઈ છે. એવો કર્તાનો અભિપ્રાય આપણને આ ગાથામાં જોવા મળે છે.

### પ્રથમ પદ : આત્મા છે.

આત્માનું અસ્તિત્વ સ્વીકારવું તે મોક્ષમાર્ગનું સૌથી પહેલું પગથિયું છે. આત્મા હોય તો જ એને મુક્ત કરવાની વાત થાય, એ દૃષ્ટિએ આત્માનું અસ્તિત્વ જાણવું તે સૌથી અગત્યનું છે. આ પદ માટે શ્રીમદ્દે ૪૫ થી ૫૮ સુધીના ૧૪ દોહરાની રચના કરી છે. તેમાં પહેલા ચાર દોહરામાં શિષ્ય પોતાના ગુરુ પાસે વિનયભાવે આત્માના હોવારૂપ પ્રથમ પદ વિશે, સમાધાનાર્થે, પોતાને થયેલી શંકા રજૂ કરે છે. અહીં શિષ્યને પોતાના ગુરુ માટે ખૂબ માન છે. વળી તેને શ્રદ્ધા પણ છે કે ગુરુ પોતાને સાચો જ માર્ગ બતાવશે, તેથી તે ખૂબ નમ્રતાપૂર્વક, પોતાના આત્મામાં રહ્યા કરતી પ્રથમ પદ વિશેની શંકા નીચેની દલીલો દ્વારા રજૂ કરે છે :—

૧. આત્મા પ્રત્યક્ષ જોવામાં આવતો નથી. વળી તેનું કોઈ જાતનું રૂપ પણ જણાતું નથી, તેમ આત્મા હોવાપણાનો બીજો કોઈ સ્પર્શાદિ અનુભવ પણ થતો નથી, તેથી આત્મા નથી, એમ લાગે છે.

૨. અથવા જો આત્મા હોય તો તે દેહરૂપે જ છે, અથવા શ્વાસોચ્છ્‌વાસ ચાલે છે તે ઇન્દ્રિયો એ જ આત્મા છે, એ સિવાયનું આત્મા હોવાનું બીજું કોઈ ચિહ્ન જણાતું નથી, તેથી આત્માને દેહથી ભિન્ન માનવો તે નકામું જ છે.

૩. વળી જો આત્મા હોય તો તે ઘટપટ આદિ અન્ય પદાર્થોની જેમ જણાવો જોઈએ, પણ તે તેમ જણાતો નથી, માટે આત્મા નથી.

આ પ્રમાણે પોતાને થતી શંકાઓ રજૂ કરી શિષ્ય ૪૮ મા દોહરામાં તે શંકાનું સમાધાન કરવા ગુરુને વીનવે છે કે :—

"માટે છે નહિ આત્મા, મિથ્યા મોક્ષ ઉપાય,
એ અંતર શંકાતણો, સમજાવો સદુપાય." ૪૮

અહીં શ્રીમદે ચાર્વાકમતમાં "આત્મા નથી" એમ જણાવવા જે દલીલો પ્રચલિત છે, તેને પોતાની વાણીમાં શિષ્યની જિજ્ઞાસારૂપે મૂકી છે. ચાર્વાકમતને રજૂ કરતો નીચેનો શ્લોક ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ રચ્યો છે :—

"नास्त्येवात्मेति चार्वाकः प्रत्यक्षानुपलम्भतः ।
अहंताव्यपदेशस्य शरीरेणोपपत्तितः ॥" ૪૮

અહીં જણાવ્યા પ્રમાણે પ્રત્યક્ષ દેખાતો નથી માટે આત્મા છે જ નહિ, અને અહંતાનો વ્યપદેશ તો શરીર થઈ શકે છે, એમ ચાર્વાક કહે છે. એટલે કે આત્મા ચક્ષુ ઇન્દ્રિયો વડે દેખાતો નથી, વળી જે જે વસ્તુ જગતમાં છે તે ઇન્દ્રિયો વડે દેખાય છે, માટે જો આત્મા હોય તો તે ઇન્દ્રિય વડે પ્રાપ્ત થવો જોઈએ, પણ તેમ થતું નથી, માટે આત્મા નથી. જો કોઈ એવી શંકા કરે કે, "હું સુખી છું", "હું દુઃખી છું" એ આદિ કોણ બોલે છે ? તો તેનું એવું સમાધાન કરે છે કે અહંપણાનો જે વ્યવહાર છે, તે તો પંચમહાભૂતના સમુદાયરૂપ શરીરે કરીને થઈ શકે છે, માટે આત્મા નથી. એમ ચાર્વાકમતવાળા તથા દેહાત્મવાદીઓ કહે છે.૪૯

અહીં જોઈ શકાશે કે શ્રીમદે ઉપરની જ દલીલો શિષ્યના મુખમાં, કોઈ પણ દર્શનનું નામ લીધા વિના, જિજ્ઞાસારૂપે મૂકી છે. અને તે પછી ગુરુના મુખે તે શંકાનું સમાધાન આપ્યું છે. અને એ દ્વારા તેમણે ચાર્વાકમતની અયોગ્યતા બતાવી છે. ગુરુએ શિષ્યનું સમાધાન કર્યું છે કે :—

૧. અનાદિકાળનાં અજ્ઞાનને લીધે આત્માને દેહનો પરિચય છે, અર્થાત્ દેહાધ્યાસ છે, અને તે પરિચયને લઈને આત્મા દેહરૂપે ભાસે છે. પણ ખરેખર તો આત્મા અને દેહ, મ્યાન અને તલવારની જેમ સ્પષ્ટ જુદા છે, કેમ કે તે બંનેનાં પ્રગટ લક્ષણો જ જુદાં છે.

૨. આત્મા દૃષ્ટિથી દેખાતો નથી, તેનું સમાધાન બતાવ્યું છે કે :—

"જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવ સ્વરૂપ." ૫૧

આત્મા એ દૃષ્ટિથી એટલે કે આંખથી દેખાય તેમ નથી, કારણ કે તે ખુદ આંખનો — દૃષ્ટિનો જ જોનાર છે. અને જે દેખાય છે તે સર્વનો બાધ કરતાં કરતાં છેલ્લે જે અબાધ્ય સ્વરૂપ — નાશ ન કરી શકાય તેવું સ્વરૂપ — બાકી રહે તે જ આત્માનું સ્વરૂપ છે. એટલે કે

૪૮. "અધ્યાત્મસાર", સમકિત અધિકાર, શ્લોક ૬૮.

૪૯. "આત્મસિદ્ધિ"માં શિષ્યની શંકારૂપે શ્રીમદે જુદાં જુદાં દર્શનોના અભિપ્રાય મૂક્યા છે, તે કયા દર્શનના છે તે જણાવવા માટે શ્રી યશોવિજયજીએ રચેલ "અધ્યાત્મસાર"માં આપેલ અભિપ્રાયનો અહીં આધાર લીધો છે. ચાર્વાક, બૌદ્ધ, સાંખ્ય, વેદાંત આદિનો એવો અભિપ્રાય "સ્યાદ્વાદમંજરી", "ષડ્દર્શનસમુચ્ચય", સિદ્ધાંતસાર" વગેરે ગ્રંથમાં પણ આપેલ છે.

દેહ અને તેના પ્રત્યેક અવયવને જોનાર કોઈક જ્ઞાનધારક પદાર્થ અનુભવાય છે તે આત્મા છે. પણ આત્માને જોનાર બીજો કોઈ પદાર્થ અસ્તિત્વમાં નથી.

૩. શિષ્યે એવી શંકા કરી હતી કે દેહ આત્મા ન હોય તો ઇન્દ્રિય કે પ્રાણ એ આત્મા હોવો જોઈએ, તે વિશે શ્રીમદ્દે પર અને ૫૩ એ બે દોહરા રચ્યા છે કે :—

"છે ઇન્દ્રિય પ્રત્યેકને નિજ નિજ વિષયનું જ્ઞાન;
પાંચ ઇન્દ્રિના વિષયનું પણ આત્માને ભાન." ૫૨
"દેહ ન જાણે તેહને, જાણે ન ઇન્દ્રિય પ્રાણ;
આત્માની સત્તા વડે તેહ પ્રવર્તે જાણ." ૫૩

કર્ણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય આદિ પાંચે ઇન્દ્રિયોને પોતપોતાના વિષયનું જ્ઞાન છે, પણ તે પ્રત્યેકને બીજી ઈન્દ્રિયનું જ્ઞાન નથી, એટલે કે આંખ, કાન, નાક એકબીજાનું કામ કરી શકતાં નથી. પણ આ પાંચે ઇન્દ્રિયોનું જ્ઞાન આત્માને છે. તેથી દેહ, પ્રાણ, ઇન્દ્રિય આદિ આત્માને જાણી શકતાં નથી, પણ તે બધાંને આત્મા જાણે છે, એટલું જ નહિ પણ આત્મા તે બધાંને દોરે છે, પ્રેરણા આપે છે. આત્માનું આ સ્વરૂપ બતાવતો શ્રી યશોવિજયજીનો એક શ્લોક છે કે :—

"इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।
मनसोऽपि परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥"[૫૦]

આત્મા શું છે તે બતાવતાં અહીં કહ્યું છે કે ઇન્દ્રિયોને પર કહેલી છે. ઇન્દ્રિયો થકી મન પર છે, મનથી પણ બુદ્ધિ પર છે, અને જે બુદ્ધિ થકી પણ પર છે તે આત્મા છે. આમ આત્મા એ—

૪. "સર્વ અવસ્થાને વિશે ન્યારો સદા જણાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય." ૫૪

જાગ્રતાવસ્થા, સ્વપ્નાવસ્થા, નિદ્રાવસ્થા વગેરે અવસ્થામાં વર્તતો હોવા છતાં, તે અવસ્થાઓ જાણનાર, તેનાથી જુદો રહેનાર તથા તે અવસ્થા વ્યતીત થયે પણ રહેનાર એવો આત્મા ચૈતન્યમય છે, એટલે કે જાણ્યા કરવું એવો જેનો સ્વભાવ પ્રગટ છે, તે ચૈતન્યમયતાની નિશાની તેનામાં સદાય હોય છે, તેનો ભંગ ક્યારેય થતો નથી. આમ શ્રીમદ્દે અહીં આત્માનું સ્પષ્ટ લક્ષણ સરળ ભાષામાં બતાવી આપ્યું છે.

૫. ઘટ, પટ આદિની જેમ આત્મા પણ જણાવો જોઈએ, તે વિશે ગુરુ કહે છે કે, "ઘટ, પટ આદિને તું પોતે જાણે છે તેથી 'તે છે' તેમ માને છે, પણ જે ઘટ પટ આદિને જાણનારો છે તેને જ તું માનતો નથી, એને તે કેવું જ્ઞાન કહેવું ?"

૫૦ "અધ્યાત્મસાર", આત્મજ્ઞાન અધિકાર, શ્લોક ૪૦.

૬. દેહ એ આત્મા નથી તે બતાવતાં શ્રીમદ્ ગુરુમુખે જણાવે છે કે :—

"પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;
દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ." ૫૬

આ દુનિયામાં ચારે બાજુ જોઈએ તો જોવા મળે છે કે દુર્બળ દેહ હોવા છતાં તીક્ષ્ણ બુદ્ધિ હોય છે, અને સ્થૂળ દેહ હોવા છતાં અલ્પ બુદ્ધિ હોય છે. જો દેહ અને આત્મા એક જ હોય તો તો આવો વિકલ્પ સંભવી શકે નહિ, કારણ કે તો તો સ્થૂળ દેહવાળાને ઘણી બુદ્ધિ અને કૃશ દેહવાળાને થોડી બુદ્ધિ મળવી જોઈએ. પણ તેમ તો દેખાતું નથી, માટે દેહ અને આત્મા જુદા છે.

૭. એ પરથી કહી શકાય કે જડ તથા ચેતન એ બંનેનો સ્વભાવ સ્પષ્ટ રીતે ભિન્ન છે. જડ કોઈ કાળે જાણી શકતું નથી, અને આત્મા કોઈ કાળે જાણ્યા સિવાય રહી શકતો નથી, એ બંનેનું સ્પષ્ટ રીતે જુદું પડતું લક્ષણ કોઈ પણ કાળે એકરૂપ થતું નથી.

આ બધી દલીલોથી ગુરુ શિષ્યને આત્માનું અસ્તિત્વ અને તેની દેહથી ભિન્નતા સમજાવે છે. અને અંતમાં શિષ્યને ઊંડા વિચારમાં ગરકાવ કરી દે તેવી એક આશ્ચર્યની વાત રજૂ કરે છે કે :—

"આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ." ૫૮

આત્મા પોતે પોતાની જ – શંકાના કરનારની જ – શંકા કરે છે તે અમાપ આશ્ચર્યની વાત નથી લાગતી?

આમ ૧૦ દોહરામાં શ્રીમદે "આત્માના અસ્તિત્વ" વિશેની શંકાનું સમાધાન રજૂ કર્યું છે. અહીં આત્માનું અસ્તિત્વ અનુભવમૂલક દલીલોથી સિદ્ધ કરી શ્રીમદે જડવાદીઓની દલીલોનું ખંડન કરી, આત્મવાદની રજૂઆત કરી છે. તે વિશે પંડિત સુખલાલજીએ યોગ્ય જ લખ્યું છે કે :—

"આત્માનું અસ્તિત્વ દર્શાવતાં શ્રીમદ્ રાજચંદ્રે દેહાત્મવાદીની પ્રચલિત અને બાલસુલભ દલીલોનું નિરસન કર્યું છે, તે એક બાજુ ચાર્વાક માન્યતાનો નકશો રજૂ કરે છે, ને બીજી બાજુ આત્મવાદની ભૂમિકા રજૂ કરે છે. એમ તો અનેક આત્મસ્થાપક ગ્રંથોમાં ચાર્વાક મતનું નિરસન આવે છે, પણ શ્રીમદ્ રાજચંદ્રની વિશેષતા મને એ લાગે છે કે તેમનું કથન શાસ્ત્રીય, અભ્યાસમૂલક, માત્ર ઉપરચોટિયા દલીલોમાંથી ન જન્મતાં સીધું અનુભવમાંથી આવેલું છે. તેથી જ તેમની કેટલીક દલીલો હૈયાસોંસરી ઊતરી જાય તેવી છે."[૫૧]

૫૧. આત્મસિદ્ધિ આત્મોપનિષદ્, "આત્મસિદ્ધિશાસ્ત્ર", સંપા. સુકુલભાઈ કલાર્થી, પૃ. ૩૪.

જ્ઞાનીની વાણી અદ્દભુત તથા ચમત્કારિક હોય છે, તેનો થોડો પરિચય આપણને અહીં થાય છે. અહીં શ્રીમદ્દ તત્ત્વજ્ઞાનની એક ગૂઢ સમસ્યાનો ઉકેલ થોડા શબ્દોમાં, અને સરળ તેમ જ પ્રતીતિકર ભાષામાં મૂકી શક્યા છે, તે જ તેમની વાણીની અપૂર્વતા બતાવે છે. તેથી જ તો પૂ. શ્રી કાનજીસ્વામી કહે છે કે અહીં :—

> "શ્રીમદ્દે પોતે જ શિષ્યની જિજ્ઞાસાની આબેહૂબ રચના કરી છે, અને હૃદયમાં આરપાર ઊતરી જાય તેવી હૃદયવેધક ભાષામાં સંવાદ રચ્યો છે."[૫૨]

"આત્મા છે" તે પદની સિદ્ધિ માટેનાં શ્રીમદ્દે આપેલાં પ્રમાણોનું તર્કબદ્ધ રીતે થયેલું સંકલન શ્રીમદ્દની અનુભવમૂલક દૃષ્ટિ બતાવે છે.

## બીજું પદ : આત્મા નિત્ય છે.

આત્માનું નિત્યત્વ એ આત્મા વિશેનું બીજું પદ છે. આત્મા એ ત્રિકાળવર્તી, અવિનાશી એવો પદાર્થ છે તેમ આ પદમાં સમજાવાયું છે. શિષ્ય આત્માનું અસ્તિત્વ તો, વિચાર કર્યા પછી સ્વીકારે છે, પરંતુ તેને તેના નિત્યપણા વિશે ખાતરી નથી, તેથી તેને જે જે માન્યતાથી આત્મા અનિત્ય જણાય છે, તે તે ગુરુ સમક્ષ મૂકી પોતાની શંકાનું નિવારણ કરવા વીનવે છે, અને ગુરુ પણ શિષ્યને સાચું જ્ઞાન આપવા એવી જ સરળતાથી આત્માનું નિત્યત્વ સમજાવે છે. આ પદની વિચારણા માટે શ્રીમદ્દે ૧૨ દોહરાનો ઉપયોગ કર્યો છે, તેમાં ૫૯ થી ૬૧ એ ત્રણ દોહરામાં શિષ્યે પોતાની શંકા રજૂ કરી છે, અને ૬૨થી ૭૦ સુધીના ૯ દોહરામાં ગુરુએ તેનું સમાધાન કર્યું છે.

આત્માના હોવાપણા વિશે જે જે દલીલો ગુરુએ કરી, તે સર્વ પર ઊંડાણથી વિચાર કરતાં તેની સત્યતા વિશે શિષ્યને ખાતરી થઈ છે, તે જણાવી શિષ્ય આત્માની નિત્યતા વિશે શંકા રજૂ કરે છે કે :—

૧. આત્મા છે, પણ તે દેહ સાથે ઉત્પન્ન થાય છે, અને દેહ સાથે નાશ પામે છે તેમ જણાવાથી આત્મા નિત્ય નથી એવી બીજી શંકા થાય છે.

૨. બીજી રીતે કહીએ તો દરેક વસ્તુ ક્ષણે ક્ષણે બદલાતી જોવામાં આવે છે તેથી તે અનિત્ય જણાય છે, તે અનુભવથી જોતાં પણ આત્મા નિત્ય જણાતો નથી.

અહીં જેઓ આત્માનું નિત્યત્વ સ્વીકારતા નથી, અને તેને ક્ષણિક માને છે તેવા બૌદ્ધ આદિ દર્શનોનો જે અભિપ્રાય છે તે શ્રીમદ્દે શિષ્યમુખે શંકારૂપે રજૂ કર્યો છે. આ અભિપ્રાય જણાવતો, શ્રી યશોવિજયજીનો શ્લોક છે કે :—

> "ज्ञानक्षणावलीरूपो नित्यो नात्मेति सौगताः ।
> क्रमाक्रमाभ्यां नित्यत्वे युज्यतेऽर्थ क्रिया न हि ॥"[૫૩]

---

૫૨. "આત્મસિદ્ધિશાસ્ત્ર" પરનાં પ્રવચનો, પૃ. ૨૯૦.

૫૩. "અધ્યાત્મસાર", સમકિત અધિકાર, શ્લોક ૮૯, પૃ. ૨૧૯.

બૌદ્ધો કહે છે કે જ્ઞાનના ક્ષણુની પરંપરારૂપ આત્મા છે, નિત્ય આત્મા નથી. નિત્ય માનવાથી ક્રમે કરીને અથવા અક્રમે કરીને પણ અર્થક્રિયા ઘટતી નથી.

આત્માના નિત્યત્વને નહીં સ્વીકારતા તથા બૌદ્ધોના ક્ષણિકવાદની દલીલોને પરાસ્ત કરતા શ્રીમદ્ ૬૨ થી ૭૦ સુધીના ૯ દોહરામાં આત્માનું નિત્યત્વ બતાવે છે. શ્રીમદ્ ૬૨ મા દોહરામાં પ્રશ્ન કરે છે કે :—

"દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દશ્ય;
ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય?" ૬૨

દેહ તો મિશ્રણુથી બનેલો છે, વળી તે જડ છે, દેખાય તેવો છે, અને બીજાને દેખાવાનો વિષય છે, તેથી તેમાં નાશ અને ઉત્પત્તિ જણાય છે; પણ ચેતનની એવી ઉત્પત્તિ કે લય કોઈના પણ જાણવામાં આવ્યાં છે ખરાં? તે જ આત્માનું તેનાથી જુદાપણું બતાવે છે. આ દોહરાને વિસ્તારથી સમજાવતાં શ્રીમદે એક પત્રમાં લખેલું કે :—

"દેહ છે તે જીવને માત્ર સંયોગ સંબંધે છે, પણ જીવનું મૂળ સ્વરૂપ ઉત્પન્ન થવાનું તે કંઈ કારણ નથી. અથવા દેહ છે તે માત્ર સંયોગથી ઉત્પન્ન થયેલો પદાર્થ છે. વળી તે જડ એટલે કોઈને જાણતો નથી. પોતાને તે જાણતો નથી, તો બીજાને તે શું જાણે? વળી, દેહ રૂપી છે, સ્થૂળાદિ સ્વભાવવાળો છે અને ચક્ષુનો વિષય છે. એ પ્રકારે દેહનું સ્વરૂપ છે, તો તે ચેતનનાં ઉત્પત્તિ અને લયને શી રીતે જાણે? અર્થાત્ પોતાને તે જાણતો નથી તો 'મારાથી આ ચેતન ઉત્પન્ન થયું છે' તેમ શી રીતે જાણે? 'અને મારા છૂટી જવા પછી આ ચેતન છૂટી જશે અર્થાત્ નાશ પામશે' એમ જડ એવો દેહ શી રીતે જાણે? કેમ કે જાણનારો પદાર્થ તો જાણનાર જ રહે છે, દેહ જાણનાર થઈ શકતો નથી, તો પછી ચેતનનાં ઉત્પત્તિ-લયનો અનુભવ કોને વશ કહેવો?"

"દેહને વશ તો કહેવાય એવું છે જ નહિ, કેમ કે તે પ્રત્યક્ષ જડ છે, અને તેનું જડપણું જાણનારો એવો તેથી ભિન્ન બીજો પદાર્થ પણ સમજાય છે."

"જો કદી એમ કહીએ કે ચેતનનાં ઉત્પત્તિ-લય ચેતન જ જાણે છે તો તે વાત બોલતાં જ વિઘ્ન પામે છે, કેમ કે ચેતનનાં ઉત્પત્તિ-લય જાણનાર તરીકે ચેતનનો જ સ્વીકાર કરવો પડ્યો, એટલે એ વચન તો માત્ર અપસિદ્ધાંતરૂપ અને કહેવા માત્ર થયું, જેમ 'મારા મોઢામાં જીભ નથી' એવું વચન કોઈ કહે તેમ ચેતનનાં ઉત્પત્તિ-લય ચેતન જાણે છે, માટે ચેતન નિત્ય નથી, એમ કહીએ તેવું પ્રમાણ થયું."[૫૪]

આમ દેહ એ ચેતનનાં ઉત્પત્તિ તથા લયનું કારણ નથી, વળી દેહના ઉત્પત્તિ તથા લયને જાણનાર જે છે તે દેહથી જુદો છે, હોવો જોઈએ, તે વિચારવાથી સમજાય એમ શ્રીમદે ૬૩ મા દોહરામાં બતાવ્યું છે.

---

૫૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૪૧.

વળી, જે જે સંયોગો – મિશ્રણ દેખાય છે તે તે સર્વ અનુભવ સ્વરૂપ આત્મા જાણે છે, અને તે સંયોગનું સ્વરૂપ વિચારતાં, કોઈ પણ સંયોગ એવો જણાતો નથી કે જેથી આત્મા ઉત્પન્ન થાય. તેથી કોઈ સંયોગથી ઉત્પન્ન ન થયેલો એવો આત્મા નિત્ય છે. બીજી રીતે જોઈએ તો ચેતનમાંથી જડની ઉત્પત્તિ થતી હોય કે જડમાંથી ચેતનની ઉત્પત્તિ થતી હોય એવો અનુભવ ક્યારેય કોઈને પણ થયો હોય તેમ જણાયું નથી. તેથી શ્રીમદ્‌ કહે છે કે :—

"કોઈ સંયોગોથી નહિ, જેની ઉત્પત્તિ થાય;
નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય." ૬૬

અહીં તર્કપૂર્ણ દલીલથી શ્રીમદ્‌ સમજાવે છે કે, જેની ઉત્પત્તિ કોઈ સંયોગથી થઈ ન હોય, તેનો નાશ પણ કોઈ દ્રવ્યમાં ન થાય, અર્થાત્‌ તેનું કોઈ દ્રવ્યમાં રૂપાંતર પણ નથી થતું, તેથી જણાય છે કે આત્મા એ નિત્ય એવો પદાર્થ છે. આ કથનની પુષ્ટિ અર્થે ઉદાહરણ આપ્યું છે કે :—

"ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;
પૂર્વજન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય." ૬૭

સર્પમાં જેમ જન્મથી જ ક્રોધનું વિશેષપણું જોવામાં આવે છે, પારેવામાં જન્મથી જ નિર્હિંસકપણું જોવામાં આવે છે, માંકડ આદિમાં ભયસંજ્ઞા વિશેષ જોવામાં આવે છે, અન્યમાં અન્ય લક્ષણોની વિશેષતા જોવામાં આવે છે, એટલે કે સર્વ જીવમાં ક્રોધાદિનું તરતમપણું જોવામાં આવે છે, તેમ થવાનું કારણ પૂર્વજન્મના સંસ્કાર જ સંભવે છે. અને પૂર્વભવની સિદ્ધિથી આત્માની નિત્યતા સિદ્ધ થાય છે.[૫૫]

નિશ્ચયથી જોઈએ તો આમ આત્મા નિત્ય છે, છતાં બાહ્યથી જોતાં તેનું અનિત્યપણું જ જણાય છે તેના ખુલાસારૂપે શ્રીમદ્‌ે લખ્યું છે કે :—

"આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય." ૬૮

આત્મા વસ્તુપણે નિત્ય છે, પણ જ્ઞાનાદિ પરિણામના પલટાવાથી તેના પર્યાયનું સમયે સમયે પલટાવાપણું થાય છે, જેમ કે બાલ અવસ્થામાં આત્મા બાળક જણાય છે, યુવાનીમાં તે યુવાન જણાય છે, વૃદ્ધાવસ્થામાં તે વૃદ્ધ જણાય છે. પણ તે ત્રણે અવસ્થામાં આત્મા ચેતનદ્રવ્યરૂપે તો એક જ છે, તે તેનું નિત્યત્વ છે. આમ નિશ્ચય અને વ્યવહારથી આત્માના નિત્યત્વ વિશેની દેખાતી ભિન્નતાને શ્રીમદ્‌ે સ્યાદ્‌વાદશૈલીથી યથાર્થ સમજાવી છે. આ વિશે શ્રી યશોવિજયજીએ લખ્યું છે કે :—

૫૫. આ દોહરો શ્રીમદ્‌ે વિસ્તારથી સમજાવ્યો છે; જુઓ "શ્રીમદ્‌ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૪૨.

" नृनारकादिपर्यायै रप्युत्पन्न विनश्वरैः ।
भिन्नैर्जहाति नैकत्वमात्मद्रव्यं सदान्वयी ॥ "[૫૬]

ઉત્પન્ન થતા અને નાશ પામતા એવા ભિન્ન ભિન્ન મનુષ્ય, નારકી વગેરે પર્યાયો વડે પણ નિરંતર અન્વયવાળું આત્મદ્રવ્ય એકપણાને છોડતું – તજતું નથી, એમ આ શ્લોકમાં જણાવ્યું છે.

ગુરુ શિષ્યને સમજાવે છે કે પ્રત્યેક ક્ષણની પરિસ્થિતિ જાણીને જે કહી શકે છે, તે પોતે ક્ષણિક નથી. કારણ કે જો પ્રત્યેક ક્ષણે આત્મા પલટાતો હોય તો તેને પૂર્વની ક્ષણનું કંઈ યાદ રહે નહિ, તે વિશે વિચાર કરી અનુભવપૂર્વક આત્માની નિત્યતાનો નિર્ધાર કરવાની ભલામણ ગુરુ શિષ્યને ૬૯મા દોહરામાં કરે છે. તે વિશે શ્રી કાનજીસ્વામી કહે છે કે :—

> "અહીં તો ભાષા-વચનના ક્ષણે ક્ષણે થતા વ્યાપારને જાણનારો કેવળ ક્ષણિક નથી, નિત્ય છે, એમ બતાવ્યું છે."[૫૭]

આ અનુભવનો નિર્ધાર કેવો છે તેનો નિર્દેશ કરાયો છે કે :—

"ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ." ૭૦

કોઈ પણ વસ્તુનો કોઈ પણ કાળે સંપૂર્ણ નાશ થતો નથી, તેથી જો ચેતન નાશ પામતું હોય તો તે કેમાં ભળે છે તેની શોધ કર. તે શોધતાં સમજાશે કે ચેતન કોઈમાં ભળતું નથી, તેમ તે નાશ પામતું નથી, માટે તે નિત્ય છે.

આમ જુદી જુદી ગળે ઊતરી જાય તેવી દલીલો દ્વારા શ્રીમદ્દે આત્માનું નિત્યત્વ બતાવ્યું છે. અહીં વ્યક્ત કરેલી દલીલો અન્ય સ્વરૂપે શ્રીમદ્દના તથા બીજાના સાહિત્યમાં જોવા મળે છે, પણ અહીં એની વિશેષતા એ છે કે તે તર્કપૂર્ણ અને અનુભવમાંથી ઊતરીને વ્યવસ્થિત સ્વરૂપમાં ગોઠવાયેલી જોવા મળે છે. તેમણે તેમાં રજૂ કરેલી દલીલોમાં આત્માના નિત્યત્વ વિશેનો વિકાસ જોવા મળે છે. પંડિત સુખલાલજી આ દલીલો વિશે યોગ્ય જ લખે છે કે :—

> "દૃષ્ટિભેદે આત્મા ભિન્ન ભિન્ન અવસ્થાઓ ધારણ કરવા છતાં કેવી રીતે સ્થિર રહે છે અને પૂર્વજન્મના સંસ્કારો કઈ રીતે કામ કરે છે એ દર્શાવતાં એમણે સિદ્ધસેનના 'સમ્મતિતર્ક'ની દલીલ પણ વાપરી છે કે બાલ્ય, યૌવન આદિ ભિન્ન ભિન્ન અવસ્થાઓ છતાં માણસ તેમાં પોતાને સળંગ સૂત્રરૂપે જુએ છે. માત્ર ક્ષણિકતા દર્શાવવા તેમણે કહ્યું છે કે જ્ઞાન તો ભિન્ન ભિન્ન અને ક્ષણિક છે, પરંતુ એ બધાં જ જ્ઞાનોની ક્ષણિકતાનું જે ભાન કરે છે, તે પોતે ક્ષણિક હોય તો બધાં જ જ્ઞાનોમાં પોતાનું ઓતપ્રોતપણું કેમ જાણી શકે ? તેમની આ દલીલ ગંભીર છે."[૫૮]

---

૫૬. "અધ્યાત્મસાર", આત્મજ્ઞાન અધિકાર, શ્લોક ૨૩.
૫૭. "આત્મસિદ્ધિશાસ્ત્ર" પરનાં પ્રવચનો, પૃ. ૩૧૦.
૫૮. "આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૩૪.

આમ શ્રીમદ્દે ગુરુમુખે આત્માનું નિત્યત્વ માનનાર જૈન આદિ દર્શનોના અભિપ્રાયને સિદ્ધ કર્યો છે, અને આત્માનું નિત્યત્વ ન સ્વીકારનાર એવા બૌદ્ધ આદિ દર્શનોના અભિપ્રાયને પરાસ્ત કર્યો છે.

### ત્રીજું પદ : આત્મા કર્તા છે.

આત્માનું અસ્તિત્વ અને નિત્યત્વ શિષ્યને ગુરુ પાસેથી સમજાયું. તે પછીથી તે આત્માના ત્રીજા પદ વિશેની પોતાની શંકા રજૂ કરે છે. તેને લાગે છે કે આત્મા એ કર્મનો કર્તા નથી, તેને કર્તા માનવાથી કેટલાક દોષ આવતા તેને જણાય છે. પોતાની માન્યતા શિષ્ય ત્રણ દોહરામાં મૂકે છે, અને તેનું સમાધાન ગુરુ તે પછીના ૫ દોહરામાં કરે છે. આમ આત્માના ત્રીજા પદ માટે ૭૧ થી ૭૮ સુધીના કુલ ૮ દોહરાઓ રચાયા છે.

આત્મા કર્તા નથી તે વિશે જુદા જુદા વિકલ્પો બતાવીને શિષ્ય જણાવે છે કે આત્મા એ કર્મનો કર્તા નથી. કર્મનો કર્તા કર્મ છે, અથવા કર્મ અનાયાસે, સહજ સ્વભાવથી, થયા કરે છે. જો એમ ન હોય તો, એટલે કે કર્મનો કર્તા આત્મા છે એમ હોય તો, કર્મ કરવાં એ જીવનો ધર્મ છે, જેથી તેની કદી પણ નિવૃત્તિ ન થાય. આત્મા સદાય અસંગ છે, અને સત્ત્વાદિ ગુણવાળી પ્રકૃતિ કર્મનો બંધ કરે છે. અથવા તો જીવને કર્મ કરવાની પ્રેરણા ઈશ્વર કરે છે, તેથી ઈશ્વરેચ્છારૂપ કર્મ હોવાથી, જીવ કર્મથી અબંધ છે. આવા જુદા જુદા વિકલ્પો મૂકયા પછી શિષ્ય પોતાની માન્યતાનો નિચોડ જણાવે છે કે :—

"માટે મોક્ષ ઉપાયનો, કોઈ ન હેતુ જણાય;<br>
કર્મ તણું કર્તાપણું, કાં નહિ, કાં નહિ જાય." ૭૩

ઉપર જણાવ્યા પ્રમાણે આત્મા કર્મનો કર્તા નથી, અને જો હોય તો તેનું કર્તાપણું કદી ન જાય તેવું છે, તેથી મોક્ષનો ઉપાય વિચારવો એ પણ નકામું છે. જો કદી કર્મથી મુક્તિ જ ન થવાની હોય તો તેનાથી છૂટવાનો ઉપાય શા માટે વિચારવો? અથવા જો કર્મનું બંધન જ ન હોય તો પછી છૂટવાના ઉપાયની શી આવશ્યકતા છે?

આમ ત્રણ દોહરામાં શ્રીમદ્દે સાંખ્યાદિ દર્શનો, જે આત્માને કર્મના કર્તા તરીકે માનતાં નથી, તેના દલીલો નામનિર્દેશ વિના મૂકી છે. તે સાથે વેદાંત, નૈયાયિક, વૈશેષિક, પાતંજલ વગેરે દર્શનો ઈશ્વરને કર્તા તરીકે માને છે, તેની દલીલો પણ તેમના નામનિર્દેશ વિના મૂકી છે. આમ સરળ ભાષામાં, જે જે દર્શનો આત્માને કર્મના કર્તા તરીકે નથી માનતાં, તેમણે પોતાની માન્યતાના સમર્થન માટેની કરેલી દલીલો, શ્રીમદ્દે શિષ્યના મુખમાં શંકારૂપે રજૂ કરી છે. આત્મા કર્તા નથી એવો વેદાંતનો મત રજૂ કરતો "અધ્યાત્મસાર"માં શ્લોક છે કે :—

"न कर्ता नापि भोक्ताऽऽत्मा कपिलानां तु दर्शने ।<br>
जन्यधर्माश्रयो नायं प्रकृतिः परिणामिनी ॥"[५९]

૫૯. "અધ્યાત્મસાર", સમકિત અધિકાર, શ્લોક ૧૦૩.

કપિલના દર્શનમાં તો આત્મા કર્તા તેમ જ ભોક્તા નથી. વળી, આ આત્મા માયાના ધર્મનો આશ્રય પણ નથી. પણ જે તેનો આશ્રય છે, તે પરિણામવાળી પ્રકૃતિ – માયા છે. આ બધાં દર્શનોએ કરેલી આત્માને અકર્તા ઠરાવવા વિશેની દલીલોનું નિરસન શ્રીમદ્ સદ્ગુરુ મુખે કરે છે. તેમાં પણ ક્યાંયે કોઈ દર્શનના નામનો ઉલ્લેખ નથી. છતાં તેમાં તે બધાંનું ખંડન અને જૈનધર્મની માન્યતાનું મંડન સરળ ભાષામાં સમાવેશ પામે છે, તે જ તેની ખૂબી છે.

શિષ્યે રજૂ કરેલા પ્રત્યેક વિકલ્પને એક પછી એક લઈ, ગુરુ, તે સર્વનું સમાધાન ૭૪ થી ૭૮ સુધીની ૫ ગાથામાં કરે છે. જેમ માત્ર ત્રણ ગાથામાં તેમણે શિષ્યના બધા વિકલ્પો સમાવી દીધા છે, તેમ તે બધાનું સમાધાન કરવામાં તેમણે માત્ર ૫ ગાથા જ રચી છે, અને છતાં તેમાં ક્યાંયે ક્લિષ્ટતા નથી. ગુરુ પ્રશ્ન કરે છે કે :—

“હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ ?
જડ સ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી ધર્મ.” ૭૪

“કર્મનો કર્તા આત્મા નહિ પણ કર્મ પોતે જ છે” એનું સમાધાન આ ગાથામાં અપાયું છે. ચેતન એટલે આત્માની પ્રેરણારૂપ પ્રવૃત્તિ; તે ન હોય તો કર્મને કોણ ગ્રહણ કરે ? પ્રેરણા આપવાનો સ્વભાવ જડમાં નથી. તે જડ અને ચેતન બંનેના મર્મ વિચારતાં સમજાશે. એટલે કે કર્મ કરવાની પ્રેરણા આપનાર ચેતન છે, માટે તે કર્મનો કર્તા છે, કેટલીક જગ્યાએ આ ગાથામાં “મર્મ”ને બદલે “ધર્મ” શબ્દ પાઠાંતરરૂપે મળે છે.

હવે જો ચેતન કર્મ ન કરે તો કર્મ થતાં જ નથી. તેથી સહજ સ્વભાવથી કર્મ થાય છે એમ કહેવું પણ ઘટતું નથી. વળી, તે કારણે જ તેને જીવનો ધર્મ કહી શકાય નહિ, કારણ કે સ્વભાવનો નાશ થાય નહિ, અને આત્મા ન કરે તો કર્મ ન થાય એમ સત્ય વસ્તુ હોવાથી, કર્મ કરવાનો ભાવ ટળી શકે છે તે જણાય છે. તેથી કર્મનું ન થવાપણું હોવાથી, તે આત્માનો સ્વાભાવિક ધર્મ પણ કહી શકાય નહિ. આમ ૭૫મા દોહરામાં “અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ” એ બે વિકલ્પનું સમાધાન આવી જાય છે.

તે પછી ગુરુ અસંગતાની વાત પર આવે છે. આત્મા જો પહેલેથી અસંગ જ હોત, તેને કર્મનું કરવાપણું ન હોત, તો આત્મા તેને પ્રથમથી જ કેમ ન ભાસત ? આત્મા અસંગ છે તે વાત સાચી છે, પણ તે અસંગતા પરમાર્થથી છે, નિશ્ચયનયથી એટલે કે તેના શુદ્ધ સ્વરૂપમાં આત્મા અસંગ છે, અને નહિ કે જ્યારે તે કર્મથી લેપાયેલો હોય ત્યારે પણ અસંગ હોય છે. સ્વરૂપનું ભાન આવ્યા પછી અસંગતા આવે છે. આ અસંગતા સમજાવવા શ્રીમદે ૭૬ મો દોહરો રચ્યો છે. અને તે પછી ઈશ્વરના કર્તૃત્વની માન્યતાનું અયથાર્થપણું બતાવતાં લખ્યું છે કે :—

“કર્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષ પ્રભાવ.” ૭૭

ઈશ્વર તો શુદ્ધ સ્વભાવી હોવાથી કર્તા ઠરી શકતો નથી, અને છતાં જો તેને કર્તા ઠરાવવામાં આવે તો કેટલાક દોષ આવી જાય છે, એમ અહીં જણાવ્યું છે. તે દોષ કઈ રીતે આવે છે, તે વિશે લખેલા લાંબા એક પત્રમાં તેમણે લખ્યું છે કે :—

"ત્રીજો પ્રકાર ઈશ્વરાદિ કોઈ કર્મ વળગાડી દે તેથી અનાયાસ કર્મનું ગ્રહણ થાય છે એમ કહીએ તો તે ઘટતું નથી. પ્રથમ તો ઈશ્વરનું સ્વરૂપ નિર્ધારવું ઘટે છે, અને એ પ્રસંગ પણ વિશેષ સમજવા યોગ્ય છે; તથાપિ અમે ઈશ્વર કે વિષ્ણુ આદિ, કર્તાનો કોઈ રીતે સ્વીકાર કરી લઈએ છીએ, અને તે પર વિચાર કરીએ છીએ :—

"જો ઈશ્વરાદિ કર્મના વળગાડનાર હોય તો તો જીવ નામનો વચ્ચે કોઈ પદાર્થ રહ્યો નહિ, કેમ કે પ્રેરણાદિ ધર્મે કરીને તેનું અસ્તિત્વ સમજાતું હતું, તે પ્રેરણાદિ તો ઈશ્વરકૃત ઠર્યા, અથવા ઈશ્વરના ગુણ ઠર્યા; તો પછી બાકી જીવનું સ્વરૂપ શું રહ્યું કે તેને જીવ એટલે આત્મા કહીએ ? એટલે કર્મ ઈશ્વરપ્રેરિત નહિ, પણ આત્માનાં પોતાનાં જ કરેલાં હોવા યોગ્ય છે." ૬૦

આમ શિષ્યે કરેલી સર્વ શંકાઓનું સમાધાન કર્યા પછી ગુરુ કર્મનું કર્તાપણું સ્યાદ્વાદ-શૈલીથી સમજાવે છે કે :—

"ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;
વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ પ્રભાવ." ૭૮

આત્મા જો પોતાના શુદ્ધ ચૈતન્ય આદિ સ્વભાવમાં વર્તે તો તે પોતાના તે જ સ્વભાવનો કર્તા છે; અને તે પોતાના સ્વભાવમાં ન વર્તતાં વિભાવમાં વર્તતો હોય ત્યારે તે કર્મભાવનો કર્તા છે, આ સમજાવતાં શ્રીમદ્દે એક પત્રમાં લખ્યું છે કે :—

"પરમાર્થે તો જીવ અક્રિય છે, એમ વેદાંતાદિનું નિરૂપણ છે, અને જિન-પ્રવચનમાં પણ સિદ્ધ એટલે શુદ્ધાત્માનું અક્રિયપણું છે, એમ નિરૂપણ કર્યું છે; છતાં અમે આત્માને શુદ્ધાવસ્થામાં કર્તા હોવાથી સક્રિય કહ્યો એવો સંદેહ અત્રે થવા યોગ્ય છે. તે સંદેહ આ પ્રકારે શમાવવો યોગ્ય છે :— શુદ્ધાત્મા પરયોગનો, પરભાવનો અને વિભાવનો ત્યાં કર્તા નથી, માટે અક્રિય કહેવા યોગ્ય છે; પણ ચૈતન્યાદિ સ્વભાવનો પણ આત્મા કર્તા નથી એમ જો કહીએ તો તો પછી તેનું કંઈ પણ સ્વરૂપ ન રહે. શુદ્ધાત્માને યોગક્રિયા નહિ હોવાથી તે અક્રિય છે, પણ સ્વાભાવિક ચૈતન્યાદિ સ્વભાવરૂપ ક્રિયા હોવાથી તે સક્રિય છે. ચૈતન્યાત્મપણું આત્માને સ્વાભાવિક હોવાથી તેમાં આત્માનું પરિણમવું તે એકાત્મપણે જ છે, અને તેથી પરમાર્થનયથી સક્રિય એવું વિશેષણ ત્યાં પણ આત્માને આપી શકાય નહિ. નિજસ્વભાવમાં પરિણમવારૂપ સક્રિયતાથી નિજ સ્વભાવનું કર્તાપણું શુદ્ધાત્માને છે, તેથી કેવળ શુદ્ધ સ્વધર્મ હોવાથી એકાત્મપણે પરિણમે છે; તેથી અક્રિય કહેતાં પણ દોષ નથી. જે વિચારે સક્રિયતા, અક્રિયતા નિરૂપણ કરી છે, તે વિચારના પરમાર્થને ગ્રહીને સક્રિયતા, અક્રિયતા કહેતાં કશો દોષ નથી." ૬૧

---

૬૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૪૫. ૬૧. એજન, પૃ. ૫૪૭.

કર્મના કર્તૃત્વ–ભોક્તૃત્વ વિશે શ્રી યશોવિજયજી લખે છે કે :—

" तच्चिदानन्दभावस्य भोक्ताऽऽत्मा शुद्धनिश्चयात् ।
अशुद्धनिश्चयात्कर्मकृतयोः सुखदुःखयोः ॥ "[૬૨]

તેથી કરીને શુદ્ધ નિશ્ચયનયના મતથી આત્મા ચિદાનંદ સ્વભાવનો ભોક્તા છે, અને અશુદ્ધ નિશ્ચયનયના મતથી કર્મે કરેલાં સુખદુઃખનો ભોક્તા છે. અહીં જેમ આત્માનું ભોક્તાપણું શુદ્ધ અને અશુદ્ધ નિશ્ચયનયથી બતાવ્યું છે, તેમ શ્રીમદે કર્મનું કર્તાપણું શુદ્ધ અને અશુદ્ધ નિશ્ચયનયથી ૭૮ મા દોહરામાં બતાવ્યું છે.

આમ શ્રીમદે જૈન દર્શનની સ્યાદ્વાદશૈલીનું મંડન કરી, અન્ય દર્શનોનું ખંડન કોઈ પણ આગ્રહ વિના કરી બતાવ્યું છે. તે વિશે પંડિત સુખલાલજી યોગ્ય લખે છે કે :—

"નિરીશ્વર કે સેશ્વર સાંખ્ય જેવી પરંપરાઓ ચેતનમાં વાસ્તવિક બંધ નથી માનતી. તેઓ ચેતનને વાસ્તવિક રીતે અસંગ માની તેમાં કર્મકર્તૃપણું કાં તો પ્રકૃતિ-પ્રેરિત કે ઈશ્વરપ્રેરિત આરોપથી માને છે. એ માન્યતા સાચી હોય તો મોક્ષનો ઉપાય પણ નકામો ઠરે. તેથી શ્રીમદ્ આ આત્માનું કર્મકર્તૃપણું અપેક્ષાભેદે વાસ્તવિક છે એમ દર્શાવે છે. રાગદ્વેષાદિ પરિણતિ વખતે આત્મા કર્મનો કર્તા છે અને શુદ્ધ સ્વરૂપમાં વર્તે ત્યારે કર્મનો કર્તા નથી, ઊલટું એને સ્વરૂપનો કર્તા કહી શકાય – એ જૈન માન્યતા સ્થાપે છે."[૬૩]

## ચોથું પદ : આત્મા ભોક્તા છે.

પોતે કરેલાં કર્મનો ભોક્તા આત્મા છે એ જણાવતું આત્માનું આ ચોથું પદ છે. શિષ્યને આત્મા ભોક્તા છે, તે યોગ્ય લાગતું નથી. તેથી આત્માનું ભોક્તાપણું ન હોવાને વિશે તે પોતાની દલીલો ગુરુ સમક્ષ ત્રણ દોહરામાં રજૂ કરે છે. અને ગુરુ ૫ દોહરામાં તેનું સમાધાન કરે છે. આમ આત્મા વિશેના ચોથા પદમાં કુલ આઠ દોહરા છે. શિષ્ય શંકા કરે છે કે, જીવને કર્મનો કર્તા કહીએ તોપણ ભોક્તા કહી શકાય તેમ નથી, કારણ કે જડ જેવાં કર્મ શું સમજે કે તે ફળ દેવા પરિણામી થાય ? બીજી બાજુ ઈશ્વરને ફળદાતા ગણીએ તો ભોક્તાપણું સાધી શકાય, પણ એમ કહેવાથી તો ઈશ્વરનું ઈશ્વરપણું જ લુપ્ત થાય તેમ છે. આમ ફળદાતા ઈશ્વર સિદ્ધ થતો નથી, એટલે જગતનો કોઈ નિયમ પણ ન રહે. અને એ જોતાં શુભ કે અશુભ કર્મ ભોગવવાનાં કોઈ સ્થાનક પણ ઠરે નહિ, આમ હોવાથી જીવને કર્મનું ભોક્તૃત્વ ક્યાં રહ્યું ?

૬૨. "અધ્યાત્મસાર", આત્મજ્ઞાન અધિકાર, શ્લોક ૭૯, પૃ. ૩૭૨.
૬૩. "આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૩૫.

અહીં ૭૯ થી ૮૧ સુધીના ૩ દોહરામાં શ્રીમદ્દે શિષ્ય દ્વારા સાંખ્યાદિ મત આત્માને અકર્તા અભોક્તા માને છે, તેનું નિરૂપણ શંકારૂપે રજૂ કર્યું છે. આ મતની શ્રીમદ્દે અસિદ્ધિ કરી છે. ૮૨ થી ૮૬ સુધીના ૫ દોહરા શ્રીમદ્દે આત્માનું ભોક્તૃત્વ બતાવવા રચ્યા છે. અને એ દ્વારા કર્મજાળનાં કેટલાંક પાસાં તેમણે ખુલ્લાં કર્યાં છે. તેઓ લખે છે :—

"ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ;
જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ." ૮૨

આ દોહરો સમજાવતાં શ્રીમદ્દે એક પત્રમાં લખ્યું છે કે :—

"જીવ પોતાના સ્વરૂપના અજ્ઞાનથી કર્મનો કર્તા છે. તે અજ્ઞાન તે ચેતનરૂપ છે, અર્થાત્ જીવની પોતાની કલ્પના છે, અને તે કલ્પનાને અનુસરીને તેના વીર્યસ્વભાવની સ્ફૂર્તિ થાય છે, કર્મરૂપ પુદ્‌ગલની વર્ગણાને ગ્રહણ કરે છે."[૬૪]

અને આ સમજાવવા માટે તેમણે એક ઉદાહરણ આપેલું છે કે :—

"ઝેર સુધા સમજે નહિ, જીવ ખાય ફળ થાય;
એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય." ૮૩

ઝેર અને અમૃત પોતે એમ સમજતાં નથી કે અમને ખાનારને મૃત્યુ કે દીર્ઘાયુષ મળે છે, છતાં પણ તેને ગ્રહણ કરનારને તેનું ફળ થયા વિના રહેતું નથી, તેમ અશુભ અને શુભ કર્મ પણ પરિણમે છે, ફળ પ્રાપ્ત થાય છે. અને એમ જીવનું ભોક્તાપણું સમજાય છે. આમ અહીં સુપરિચિત ઉદાહરણથી શ્રીમદ્દે સમજાવ્યું છે કે, બદ્ધ કર્મ પણ યોગ્ય કાળે સ્વયમેવ વિપાક આપે છે. અને આ કર્મના વિપાકરૂપે જ જીવને રાંક અથવા નૃપની સ્થિતિ મળે છે. તે સ્પષ્ટ કરતાં તેમણે લખ્યું છે કે :—

"એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ;
કારણ વિના ન કાર્ય તે, તે જ શુભાશુભ વેદ." ૮૪

આ વિશે શ્રી યશોવિજયજીએ પણ શ્લોક રચ્યો છે કે :—

"राजरंकादि वैचित्र्यमप्यात्मकृत कर्मजम् ।
सुखदुःखादिसंवित्तिविशेषो नान्यथा भवेत् ॥"[૬૫]

અહીં શ્રી યશોવિજયજીના જણાવ્યા પ્રમાણે, રાજા, રંક વગેરેની વિચિત્રતા પણ આત્માએ કરેલા કર્મથી ઉત્પન્ન થયેલી છે. નહીં તો સુખદુઃખાદિનું વિશિષ્ટ જ્ઞાન થઈ શકે નહિ. અને આ જ વસ્તુ શ્રીમદ્દે પોતાની વિશિષ્ટ શૈલીમાં, ઉપરના દોહરામાં રજૂ કરેલી જોવા મળે છે.

---

૬૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૪૮.
૬૫. "અધ્યાત્મસાર", સમકિત અધિકાર, શ્લોક ૮૧, પૃ. ૨૧૪.

જગતમાં દેખાતી ભિન્ન ભિન્ન પરિસ્થિતિ તે કર્મની વિચિત્રતા છે, તે શ્રીમદ્‌ "મોક્ષમાળા"ના ત્રીજા પાઠ "કર્મના ચમત્કાર"માં બતાવ્યું છે, તે આત્માનું ભોક્તાપણું બતાવે છે. એ જ વસ્તુ શ્રીમદ્‌ે ખૂબ જ સંક્ષેપમાં ઉપરના દોહરામાં બતાવી છે. તેથી જ શ્રીમદ્‌ કહે છે કે :—

"ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર;
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર." ૮૫

કર્મનું ભોક્તાપણું જાણવામાં ઈશ્વરને વચ્ચે લાવવાની કશી જ જરૂર નથી, તે શ્રીમદ્‌ે અહીં ગુરુના મુખે, ખૂબ જ સ્પષ્ટતાથી બતાવ્યું છે. અને કર્મશાસ્ત્રની સર્વ ગહનતા તેમણે ખૂબ સંક્ષેપમાં જણાવી છે, તે જણાવતો દોહરો રચ્યો છે કે :—

"તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ." ૮૬

આ ગહનતા કેવી છે તે જણાવતાં શ્રીમદ્‌ે લખ્યું છે કે :—

"આ વાત ઘણી ગહન છે. કેમ કે અચિંત્ય એવું જીવવીર્ય, અચિંત્ય એવું પુદ્‌ગલસામર્થ્ય, એના સંયોગવિશેષથી લોકમાં પરિણમે છે. તેનો વિચાર કરવા માટે ઘણો વિસ્તાર કહેવો જોઈએ. પણ અત્રે તો મુખ્ય કરીને આત્મા કર્મનો ભોક્તા છે એટલો લક્ષ કરાવવાનો હોવાથી સાવ સંક્ષેપે આ પ્રસંગ કહ્યો છે."૬૬

આ જોતાં ખ્યાલ આવી શકશે કે મોક્ષમાર્ગ બતાવવા જેવા મોટા વિષયને, જેને માટે અસંખ્ય શાસ્ત્રો રચાયાં છે, તેને અતિ સંક્ષેપમાં, માત્ર ૧૪૨ જેટલા જ દોહરામાં શ્રીમદ્‌ે સર્વને સમજાય તેવી સરળ ભાષામાં રજૂ કરેલ છે. શ્રી બ્રહ્મચારીજીના શબ્દોમાં કહીએ તો અહીં શ્રીમદ્‌ે :—

"સમયસાર આદિ ગ્રંથોમાં નય આદિના આધારે જે વિસ્તારથી વિવેચન કર્યું છે તેના સારરૂપ અને જીવ ભ્રમમાં ન પડે તેમ ટૂંકામાં જીવના કર્તા, અકર્તા આદિ સ્વભાવનું વિશદ નિરૂપણ કર્યું છે."૬૭

## પાંચમું પદ : મોક્ષ છે.

નિત્ય એવો આત્મા કર્મ બાંધે છે અને તે ભોગવે છે. પણ આત્મા તે કર્મના બંધનથી સર્વથા છૂટીને મોક્ષપદ પામી શકે છે તે શિષ્યથી માની શકાતું નથી. તેથી તે પોતાની માન્યતાના સમર્થનમાં, બે દોહરામાં, જણાવે છે કે :—

૬૬. "શ્રીમદ્‌ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૪૯.
૬૭. "શ્રીમદ્‌ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૪૩.

જીવ અનંત કાળથી કર્મ ભોગવતો આવ્યો છે, પણ તેનો હજી સુધી મોક્ષ થયો નથી, તેથી લાગે છે કે મોક્ષ જ નથી. વળી શુભ કર્મ કરવાથી દેવ આદિ ગતિ પ્રાપ્ત થાય છે, અને અશુભ કર્મ કરવાથી નરકાદિ ગતિ મળે છે, તે બધામાં ક્યાંયે કર્મરહિત દશા જણાતી નથી, માટે મોક્ષ નથી.

અમોક્ષવાદની આ દલીલ વિશે "અધ્યાત્મસાર"માં શ્રી યશોવિજયજીએ શ્લોક રચ્યો છે કે :—

> "अनादिर्यदि सम्बन्धः इष्यते जीवकर्मणोः ।
> तदानन्त्यान्न मोक्षः स्यात् तदात्माकाशयोगवत् ॥"[६८]

જો તમે જીવ અને કર્મનો સંબંધ અનાદિ કહેશો તો આત્મા અને આકાશના સંબંધની જેમ તે જીવ-કર્મનો સંબંધ અનંત થશે, એટલે તેથી પણ મોક્ષ સાબિત થશે નહિ. આમ અહીં કર્મ તથા જીવનો સંબંધ છૂટી શકે નહિ, તેમ બતાવ્યું છે.

અમોક્ષવાદીઓની આ દલીલનું ખંડન શ્રીમદ્ ગુરુમુખે ૮૯ થી ૯૧ સુધીના ત્રણ દોહરામાં કરે છે. તેમાં ગુરુ શિષ્યને સમજાવે છે કે શુભ અને અશુભ કર્મનાં ફળને તેં જેમ જાણ્યાં, તેમ તે બંનેની નિવૃત્તિ પણ થાય, અને તે જ મોક્ષ છે. તે વિશેષપણે સમજાવતાં કહ્યું છે કે :—

> "વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
> તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ." ૯૦

અત્યાર સુધી જે કાળ વીત્યો છે તે શુભ કે અશુભ કર્મના ફળરૂપે છે, પણ તે કર્મોનો નાશ થાય ત્યારે "મોક્ષ સ્વભાવ" પ્રગટે છે. એટલે કે દેહાદિ સંયોગને ફરીથી ગ્રહણ કરવા ન પડે તે રીતે તેનો નાશ કરવામાં આવે ત્યારે સિદ્ધસ્વરૂપ પ્રગટે છે, અને આત્માનંદ ભોગવાય છે. પંડિત સુખલાલજીના શબ્દોમાં કહીએ તો અહીં :—

> "મોક્ષનું અસ્તિત્વ સિદ્ધ કરવા તેઓ ટૂંકી ટચ પણ સમર્થ, એક દલીલ એ આપે છે કે જો શુભાશુભ પ્રવૃત્તિનું ફળ કર્મ હોય તો એવી પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ એ શું નિષ્ફળ? નિવૃત્તિ તો પ્રયત્નથી સધાય છે, એટલે તેનું ફળ પ્રવૃત્તિના ફળથી સાવ જુદું જ સંભવે. તે ફળ એ જ મોક્ષ."[૬૯]

જુદાં જુદાં શાસ્ત્રોએ અમોક્ષવાદનું નિરસન કરતી કેટલીયે દલીલો રજૂ કરી છે, પણ અહીં શ્રીમદે ટૂંકી ટચ તથા સમર્થ દલીલ, હૃદયસોંસરી ઊતરી જાય તેવી ભાષામાં આપી છે, તેવું બીજે ભાગ્યે જ જોવા મળે છે. પરિણામે શિષ્યને મોક્ષપદ વિશે પણ શ્રદ્ધા થાય છે.

---

૬૮. "અધ્યાત્મસાર", સમકિત અધિકાર, શ્લોક ૧૨૨, પૃ. ૨૩૬.

૬૯. "આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૩૫.

## છઠ્ઠું પદ : મોક્ષનો ઉપાય છે.

પાંચ પદની શ્રદ્ધા થયા પછી શિષ્યને છઠ્ઠું પદ સમજવાની તાલાવેલી લાગે છે, તેથી આ પદ સમજવામાં તેને નડતી મુશ્કેલીઓ તે ગુરુ સમક્ષ રજૂ કરે છે. તેમાં તે વર્તમાન જીવનમાં પ્રવર્તતી પરિસ્થિતિનો ઉલ્લેખ કરી પોતાને આ પદની શ્રદ્ધા થવામાં કેવા કેવા અંતરાય નડે છે તેનો ચિતાર તેણે ગુરુ પાસે રજૂ કર્યો છે, અને વિનયભાવે માર્ગદર્શન માગ્યું છે. શિષ્ય અનંતકાળનાં ભેગાં કરેલાં કર્મોથી કઈ રીતે છુટાય તે વિશે પ્રશ્ન કરતાં કહે છે કે :—

"હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય ?" ૯૨

અને તે પછી જગતમાં પ્રવર્તતા જુદા જુદા મતમાં કયો મત સાચો તે જ ન સમજાતાં, તે વિશે પોતાને નડતી મુશ્કેલી વિશે શિષ્ય માર્ગદર્શન માગે છે કે :—

"અથવા મતદર્શન ઘણાં, કહે ઉપાય અનેક;
તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક." ૯૩

"કઈ જાતિમાં મોક્ષ છે, કયા વેશમાં મોક્ષ;
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ." ૯૪

આમ મોક્ષ કઈ રીતે થાય તેનો ઉપાય જાણવામાં શિષ્યને ઘણી મુશ્કેલી લાગે છે, તેથી ગુરુને જણાવે છે કે આ બધું જોતાં મોક્ષનો ઉપાય મળે નહિ તેવું લાગે છે. અને તેથી તે કૃપા કરીને સમજાવવા તે ગુરુને વીનવતાં કહે છે કે :—

"પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજું મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્‌ભાગ્ય." ૯૬

શિષ્યને મોક્ષના ઉપાય જાણવાની કેટલી તાલાવેલી છે તે આ દોહરામાં જોઈ શકાય છે. ગુરુએ આપેલા પાંચે ઉત્તરથી તે વિશેનું સર્વાંગપૂર્ણ સમાધાન શિષ્યને થયું છે. અને છઠ્ઠા પદ વિશે જાણવાની તેની તાલાવેલી વધી ગઈ છે. આથી શિષ્ય પોતાને થતી શંકા ૯૨ થી ૯૬ સુધીના ૫ દોહરામાં રજૂ કરે છે.

આત્મા વિશે જુદાં જુદાં દર્શનો જિનથી જુદો અભિપ્રાય દર્શાવે છે. તેથી મોક્ષના ઉપાય વિશે પણ એમનો મત જુદો હોય તે સ્વાભાવિક છે. આ બધાં દર્શનો તથા મતના ગૂંચવાડા કેવા થાય છે તે શિષ્યની શંકા દ્વારા શ્રીમદ્દે બતાવ્યું છે. અને તે બધામાં સાચું શું, તે ગુરુએ કરેલા સમાધાનરૂપે શ્રીમદ્દે જણાવ્યું છે. મોક્ષનો ઉપાય સમજાવવા માટે સૌથી વધુ જગ્યા "આત્મસિદ્ધિ"માં રોકાઈ છે. તે માટે ૨૨ દોહરા રચાયા છે.

શ્રીમદ્દે રચેલા "મૂળમાર્ગ રહસ્ય", "પંથ પરમપદ બોધ્યો" આદિનો નિચોડ અહીં જોવામાં આવે છે. અને સર્વ દર્શનોના સારરૂપ મોક્ષમાર્ગ નિષ્પક્ષ રીતે શ્રીમદ્દે અહીં સમજાવ્યો છે. મોક્ષમાર્ગ બતાવતાં પહેલાં ગુરુ શિષ્યને હૈયાધારણ આપે છે કે :—

"પાંચે ઉત્તરની થઈ, આત્મા વિશે પ્રતીત;
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત." ૯૭

અહીં ગુરુ શિષ્યને કહે છે કે જેમ પાંચ ઉત્તરથી તને આત્મા વિશેની પ્રતીતિ આવી તેમ સહજ માત્રમાં મોક્ષ-ઉપાયની પણ પ્રતીતિ થશે.

શ્રીમદ્ — "અહીં સહજ શબ્દના પ્રયોગથી એમ સૂચવે છે કે જેને આત્માના પાંચ પદની યથાર્થ નિશ્ચયતા આવી છે તેને છઠ્ઠા પદની પ્રતીતિ થવી સુલભ છે."૭૦

શિષ્ય જેવી જિજ્ઞાસુ કોઈ પણ વ્યક્તિને પાંચ પદની શ્રદ્ધા થયા પછી, છઠ્ઠા પદની શ્રદ્ધા થવી સુલભ છે, તેમ જણાવી ગુરુ મોક્ષમાર્ગનું નિરૂપણ કરે છે. તેની ભૂમિકારૂપે તેઓ જણાવે છે કે :—

૧. કર્મના ઉદયથી થતી અવસ્થાને પોતાની જાણવી તે કર્મભાવ છે, ને તે કર્મભાવ જીવનું અજ્ઞાન છે. પોતાના સ્વભાવમાં રહેવારૂપ મોક્ષભાવ તે આત્માનું સાચું રહેઠાણ છે. આથી જ્ઞાનરૂપી પ્રકાશથી અજ્ઞાનરૂપી અંધકાર સત્વર નાશ પામે છે.

૨. જે જે માર્ગે જવાથી કર્મબંધ થાય તે સંસારભ્રમણનો રસ્તો છે, અને તેનાથી જેનું છેદન થાય તે મોક્ષનો પંથ છે, એટલે કર્મમુક્તિ કરવી તે સાચો માર્ગ છે. આ કર્મબંધ થવાનાં મુખ્ય કારણ કયાં તે જણાવતો દોહરો છે કે :—

"રાગદ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ." ૧૦૦

જીવને કર્મબંધ થવાનાં મુખ્ય કારણો રાગ, દ્વેષ અને અજ્ઞાન છે. તે ત્રણેનો નાશ કરવો તે જ મોક્ષનો પંથ છે. અહીં સંક્ષેપમાં આખો મોક્ષમાર્ગ બતાવ્યો છે. તે પછી રાગદ્વેષ આદિથી ક્લેશિત આત્માનું સાચું સ્વરૂપ કેવું છે, તે વિશે લખ્યું છે કે :—

"આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;
જેથી કેવળ પામીએ, મોક્ષપંથ તે રીત." ૧૦૧

આત્માના અસ્તિત્વના વિચાર વખતે તેનાં આ લક્ષણો શ્રીમદ્દે બતાવ્યાં હતા. અને તે લક્ષણોવાળો શુદ્ધ આત્મા જે રીતે પમાય તે મોક્ષનો પંથ છે એમ શ્રીમદ્દે અહીં બતાવ્યું છે. આમ કર્મથી છૂટવું તે જ મોક્ષપંથ છે તે શ્રીમદ્દે ગુરુમુખે જુદી જુદી રીતે બતાવ્યું છે. તે પછીના પગથિયા રૂપે શ્રીમદ્ કર્મથી છૂટવાનો રસ્તો બતાવે છે. અને તે સમજાવવા કર્મનું સ્વરૂપ પ્રત્યક્ષ કરાવે છે. અનંત પ્રકારનાં કર્મોમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય,

૭૦. ભોગીલાલ ગિ. શેઠ, "આત્મસિદ્ધિ", પૃ. ૨૬૪.

અંતરાય, વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર — એ ૮ પ્રકારનાં કર્મ મુખ્ય છે. તે ૮માં પણ મોહનીય મુખ્ય છે. તેનો નાશ થતાં બીજાનો સહેલાઈથી નાશ કરી શકાય છે, તેનો નાશ કઈ રીતે કરી શકાય તે વિશે તેમણે લખ્યું છે કે :—

"કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ." ૧૦૩

મોહનીય કર્મના બે ભેદ છે : દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય. દર્શનમોહ આત્માનું સાચું સ્વરૂપ જાણવા નથી દેતો, અને ચારિત્રમોહ આત્માનું સાચું સ્વરૂપ પ્રગટવા નથી દેતો. આ બંનેનો નાશ કરવા માટે બોધ એટલે કે સદ્‌ગુરુનો ઉપદેશ, અને વીતરાગતા એટલે કે ઉચ્ચ પ્રકારનો સમભાવ, એ બે સૌથી પ્રબળ સાધનો છે. મોહનીયના નાશ માટે આ બંને સાધનો કેટલાં અગત્યનાં છે તેનું નિરૂપણ શ્રીમદ્ રચિત "અપૂર્વ અવસર" કાવ્યમાં જોવા મળે છે. શ્રીમદ્ જણાવેલા માર્ગના સમર્થનમાં કહે છે કે :—

"કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ ?" ૧૦૪

ક્રોધાદિ કષાય કરવાથી કર્મનો બંધ થાય છે અને ક્ષમાદિ એવા અકષાયી ભાવ રાખવાથી કર્મનો નાશ થાય છે તેવો અનુભવ તો સર્વને થાય છે. તો પછી તે બાબતમાં સંદેહ શા માટે કરવો જોઈએ ? એટલે કે ગમે તે સંજોગોમાં ક્ષમાદિ અકષાયી ભાવ રાખવાથી મોહનીય કર્મનો નાશ થાય છે. અને મોહનીયનો જે રસ્તે નાશ થાય તે જ મોક્ષપંથ છે. તેથી તો શ્રદ્ધાપૂર્વક ગુરુ કહે છે કે :—

"છોડી મતદર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ." ૧૦૫

શિષ્યે ગુરુને પ્રશ્ન કર્યો હતો કે જગતમાં ઘણાં દર્શન અને મત પ્રવર્તે છે, તેમાં કયા માર્ગે જવાથી મોક્ષમાર્ગ મળે ? તેના ઉત્તરરૂપે આ દોહરો રચાયો છે. કોઈ પણ મત કે દર્શનને એકાંતે આરાધવાથી કલ્યાણ થતું નથી, પણ તે બધાંનો મતાગ્રહ છોડી કર્મનાશ કરવાનો ઉપાય અહીં કલ્યાણ માટે બતાવ્યો છે. તેનું આરાધન કરવાથી મોક્ષમાર્ગ મળે છે. અને તે પછી ૧૦૬ ઠ્ઠા દોહરામાં વિશેષમાં બતાવ્યું છે કે આ છયે પદની સાચી શ્રદ્ધા થવી તે જ મોક્ષમાર્ગ છે. તે શ્રદ્ધા પ્રગટે ત્યારે એવા ભાવ પ્રવર્તે કે જ્ઞાનીઓએ જે કંઈ કહ્યું છે તે સત્ય છે. આમ સદ્‌ગુરુમાં શ્રદ્ધા થવી તે પણ મોક્ષમાર્ગ છે. તેમાં છયે પદની સર્વાંગી શ્રદ્ધા થવી જરૂરી છે, કારણ કે કોઈ પણ પદ એકાંતે ઉત્થાપતાં મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી. કઈ જાતિ, વેશ આદિમાં મોક્ષ થાય છે, તેવા શિષ્યના પ્રશ્નના ઉત્તરમાં ગુરુ જણાવે છે કે :—

"જાતિ વેશનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, માર્ગભેદ નહિ કોય." ૧૦૭

મુક્તિ મેળવવા માટે જાતિ, વેશ આદિ કોઈની જરૂર નથી; તે બધાં તો કર્મથી પ્રાપ્ત થયેલાં બાહ્ય સાધનો છે. પણ આગળ જણાવેલ છે તેવા ભાવ વર્તે, તે માર્ગે જીવ વર્તે તો તેને મુક્તિ મળે. તે માટે તેણે જાતિ, વેશ આદિનો આગ્રહ છોડવાનો છે, છ પદની સર્વાંગી શ્રદ્ધા કરવાની છે, મોહનીય કર્મ તથા અન્ય કર્મનો નાશ કરવાનો છે, આ બધું જે માર્ગે થાય તે જ મોક્ષમાર્ગ.

આ મોક્ષમાર્ગ કોને મળે તે બતાવતાં તેમણે જિજ્ઞાસુનાં લક્ષણો બતાવ્યાં છે કે :—

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ, અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ." ૧૦૮

આત્માર્થી જીવનાં લક્ષણો એ જ જિજ્ઞાસુ જીવનાં લક્ષણો છે, તે અહીં જણાય છે. આ સર્વ લક્ષણો સમકિતિ જીવનાં છે. મોક્ષમાર્ગ પામવા માટે સમ્યગ્દર્શન એ સૌથી અગત્યનું અંગ છે. તે પ્રાપ્ત થાય ત્યારે મોક્ષમાર્ગ સુલભ બને છે. તે સમકિતિના ત્રણ પ્રકાર શ્રીમદ્દે બતાવ્યા છે :—

"તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્‌ગુરુ બોધ;
તો પામે સમકિતને, વર્તે અંતરશોધ." ૧૦૯
"મતદર્શન આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ." ૧૧૦
"વર્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત." ૧૧૧

અહીં જણાવેલાં ત્રણ પ્રકારનાં સમકિત વિશે શ્રીમદ્દે એક પત્રમાં લખ્યું હતું કે :—

"૧. આપ્તપુરુષના વચનની પ્રતીતિરૂપ, આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ, સ્વચ્છંદ નિરોધપણે આપ્તપુરુષની ભક્તિરૂપ એ પ્રથમ સમકિત કહ્યું છે. ૨. પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તે સમકિતનો બીજો પ્રકાર છે. ૩. નિર્વિકલ્પ પરમાર્થ અનુભવ તે સમકિતનો ત્રીજો પ્રકાર કહ્યો છે.

"પહેલું સમકિત બીજા સમકિતનું કારણ છે, બીજું સમકિત ત્રીજા સમકિતનું કારણ છે. ત્રણે સમકિત વીતરાગપુરુષે માન્ય કર્યાં છે. ત્રણે સમકિત ઉપાસવા યોગ્ય છે, સત્કાર કરવા યોગ્ય છે, ભક્તિ કરવા યોગ્ય છે."[૭૧]

આત્માર્થી જીવને સદ્‌ગુરુનો બોધ થાય ત્યારે સમકિત થાય છે, અને તે સમકિત ઉત્તરોત્તર શુદ્ધ બનતાં "પરમાર્થ સમકિત"માં પલટાય છે. આ સમકિતની વિશુદ્ધતા વધતાં અજ્ઞાનાદિ ટળતાં જાય છે, અને ચારિત્રનો ઉદય થાય છે. પરિણામે વીતરાગપદ પ્રાપ્ત થાય છે. આ વીતરાગપદ એટલે :—

---

૭૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૭૦.

"કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ." ૧૧૩

અહીં પોતાના સ્વભાવમાં અખંડ સ્થિરતાને કેવળજ્ઞાન જણાવ્યું છે. અને તે પ્રત્યેક મુમુક્ષુ જીવનું લક્ષ પણ છે, અહીં સુધી શ્રીમદે કરેલી રચના વિશે શ્રી કાનજીસ્વામી કહે છે કે :—

"શ્રીમદે એવી અપૂર્વ ઘટના કરી છે કે તેમાં કોઈ અંગ બાકી ન રહે, એવી રીતે સંક્ષેપમાં સાચું તત્ત્વ જાહેર કર્યું છે."૭૨

શિષ્યને પ્રશ્ન થયો હતો કે અનાદિકાળથી જીવ કર્મ કરતો આવ્યો છે, તો તે બધાં કર્મની નિવૃત્તિ કઈ રીતે થાય ? તેના ઉત્તરમાં ગુરુ તેને જણાવે છે કે :—

"કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગૃત થતાં શમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય."૧૧૪

કરોડો વર્ષો ચાલતું સ્વપ્ન આવતું હોય તે જાગ્રતાવસ્થા થતાં લય પામી જાય છે, તેમ અનાદિકાળથી વિભાવમાં વર્તતા જીવનું અજ્ઞાન, જ્ઞાન થતાં તરત જ નાશ પામી જાય છે. આ જ ભાવ દર્શાવતો "અધ્યાત્મસાર"નો શ્લોક છે કે :—

"यथा स्वप्नावबुद्धोऽर्थो विबुद्धेन न दृश्यते ।
व्यवहारमतः सर्गो ज्ञानिना न तथेक्ष्यते ॥"७३

જેમ સ્વપ્નમાં જાણેલો પદાર્થ જાગ્યા પછી દેખાતો નથી, તેમ જ્ઞાની વડે વ્યવહારે માનેલો સર્ગ દેખાતો નથી.

શિષ્યે પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપ્યા પછી ગુરુ ત્રણ દોહરામાં મોક્ષમાર્ગનું સ્વરૂપ તથા શુદ્ધ આત્મસ્વરૂપ સંક્ષેપમાં જણાવે છે. તેને આપણે "આત્મસિદ્ધિશાસ્ત્ર"ના નિચોડરૂપે ગણી શકીએ —

"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ." ૧૧૫
"એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ." ૧૧૬
"શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ." ૧૧૭

૭૨. "આત્મસિદ્ધિ" પરનાં પ્રવચનો, પૃ. ૩૪૦.
૭૩. "અધ્યાત્મસાર", આત્મજ્ઞાન અધિકાર, શ્લોક ૨૮.

અનાદિકાળથી જીવ દેહમાં મારાપણું માનતો આવ્યો છે, તે દેહાધ્યાસ છૂટી જાય, અને સ્વસ્વરૂપમાં જ રમમાણ રહે તો જીવ કર્મ કરતો નથી, તેમ જ ભોગવતો નથી, અને તેને શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થાય છે. એટલે કે કર્મનું કર્તાપણું કે ભોક્તાપણું એ કોઈ અપેક્ષાથી છે. આ વસ્તુ સમજવી તથા આચરવી તે જ ધર્મનો મર્મ છે. અને એ ધર્મથી જ મોક્ષ મળે છે. આટલું જાણ્યા પછી ગુરુ શિષ્યને આત્મસ્વરૂપ જણાવે છે. ગુરુ કહે છે કે, આત્મા મોક્ષસ્વરૂપ એટલે કે મોક્ષનું સુખ પામી શકે તેવો છે. વળી, શુદ્ધ આત્મા અનંતદર્શન અને અનંતજ્ઞાન સહિત હોય છે, જે સ્વરૂપ અવ્યાબાધ છે. અને તે સ્વરૂપ કેવું છે તે ૧૧૭ મા દોહરાની પ્રથમ પંક્તિમાં જણાવ્યું છે. શુદ્ધ એટલે કર્મમલથી રહિત, બુદ્ધ એટલે બોધસ્વરૂપ, ચૈતન્યઘન એટલે ચેતનવંતો પિંડ, સ્વયંજ્યોતિ એટલે સ્વપ્રકાશક અને અનંતસુખના ધામરૂપ આત્મા છે, તેમ શ્રીમદે આત્માના મુખ્ય તથા વિશિષ્ટ ગુણો પણ અહીં ગુરુમુખે બતાવ્યા છે.

આમ મોક્ષનો ઉપાય છે એ પદની સિદ્ધિ કરતી વખતે ગુરુએ મોક્ષમાર્ગનું સ્વરૂપ, શુદ્ધ આત્મસ્વરૂપ, સમકિતના પ્રકાર આદિ અન્ય મુદ્દાઓની સમજણ પણ શિષ્યને આપી છે, જેથી તેને શંકા રહે નહિ. અહીં જે કંઈ કહેવાયું છે, સમજાવાયું છે, તે સર્વ જ્ઞાનીઓને સમ્મત છે તેની ખાતરી આપતાં ગુરુ અંતમાં જણાવે છે કે:—

"નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;
ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિમાંય." ૧૧૮

જેને સર્વ જ્ઞાનીઓએ સ્વીકારેલ છે તેનું નિરૂપણ અહીં કર્યું છે એમ જણાવી ગુરુ પોતાને સહજ એવી સમાધિમાં સ્થિર થયા, અને વાણીયોગની અપ્રવૃત્તિ કરી. આ દોહરા દ્વારા શ્રીમદ્ એમ સૂચવવા માગે છે કે આ છ પદની સિદ્ધિ દ્વારા જે કંઈ કહ્યું છે તે સર્વ જ્ઞાનીઓને સંમત છે. તેમનાથી વિરુદ્ધ એક પણ વસ્તુ અહીં આવતી નથી, એટલે કે આ આત્મસિદ્ધિ સર્વદર્શનના સારરૂપ છે.

૧૧૮મા દોહરે ગુરુ પોતાનું વક્તવ્ય પૂરું કરે છે. જે કંઈ જણાવાયું છે તે વિશે ઊંડાણથી વિચાર કરવાની ભલામણ પણ તેમાં કરી છે.

ગુરુએ આપેલા પ્રત્યેક ઉત્તરનો શિષ્ય ઊંડાણથી વિચાર કરે છે. વિચાર કરતાં કરતાં બોધબીજની પ્રાપ્તિ થતાં ગુરુ પ્રત્યે તેને અપૂર્વ ઉલ્લાસ આવે છે. અને તે ઉલ્લાસને શિષ્ય વાણીમાં વ્યક્ત કરે છે.

## શિષ્યને બોધબીજની પ્રાપ્તિ

ગુરુએ સમજાવેલાં આત્માનાં છયે પદનો વિસ્તારથી વિચાર કરતાં શિષ્યને પોતાના યથાર્થ સ્વરૂપનો ખ્યાલ આવે છે. અને તેથી તેને અપૂર્વ ઉલ્લાસ પ્રગટ થાય છે; સાથે સાથે ગુરુ માટે અહોભાવ પણ પ્રગટે છે. તે ઉલ્લાસ તથા અહોભાવ શિષ્ય ગુરુ સમક્ષ

પ્રગટ કરે છે. તેમાં ગુરુભક્તિનો આદર્શ શ્રીમદ્દે રજૂ કરેલો જોઈ શકાય છે. તે માટે ૧૧૯ થી ૧૨૭ સુધીના ૯ દોહરાની રચના શ્રીમદ્દે કરી છે.

સદ્‌ગુરુના ઉપદેશથી અજ્ઞાન ટળી જતાં પોતાનું યથાતથ્ય સ્વરૂપ કેવું દેખાયું તેનું વર્ણન કરતાં શિષ્ય કહે છે કે :—

"ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર અમર અવિનાશી ને દેહાતીત સ્વરૂપ." ૧૨૦

શુદ્ધતા, ચેતનતા, અજરતા, અમરતા, અવિનાશીપણું, દેહાદિથી ભિન્નપણું;—એ આદિ ગુણોવાળો આત્મા પ્રત્યક્ષ થયો, એમ શિષ્યના અહીં જણાવવાની સાથે તે આત્માનાં પહેલાં બે પદ આત્મા છે, અને તે નિત્ય છે, તેની અનન્ય શ્રદ્ધા પણ વ્યક્ત થાય છે.

ત પછીના બે દોહરામાં આત્માના ત્રીજા તથા ચોથા પદની શ્રદ્ધા શિષ્ય બતાવે છે. તેમાં સ્વ-સ્વરૂપમાં સ્થિર હોય ત્યાં સુધી આત્મા કર્મનો કર્તા-ભોક્તા નથી પણ પોતાના શુદ્ધ ચેતનસ્વરૂપનો કર્તા-ભોક્તા છે, અને વિભાવમાં જાય ત્યારે તે કર્મનો કર્તા-ભોક્તા બને છે, એ જણાવ્યું છે :—

"કર્તા-ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય." ૧૨૧
"અથવા નિજ પરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ." ૧૨૨

આમ માત્ર બે જ દોહરામાં શ્રીમદ્દે આત્માનું કર્તૃત્વ તથા ભોક્તૃત્વ સ્યાદ્વાદશૈલીથી શિષ્ય પાસે સમજાવી દીધું છે. જે બે પદ સમજાવતાં તેમણે ૧૯ દોહરા આગળ રચ્યાં હતા, તેને જ સારરૂપે અહીં બે દોહરામાં જણાવી દીધેલ છે.

"મોક્ષ છે" તથા "મોક્ષનો ઉપાય છે" એ બે પદની શ્રદ્ધા તો શિષ્યે ૧૨૩ મા એક જ દોહરામાં જણાવી દીધી છે. સાથે સાથે તે બે પદનો સાર પણ સમાવાયો છે. જુઓ :—

"મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ." ૧૨૩

પોતાનું શુદ્ધ સ્વરૂપ તે મોક્ષ, અને જે માર્ગે તે પામી શકાય તે મોક્ષમાર્ગ, એમ જણાવી પાંચમા તથા છઠ્ઠા પદની શ્રદ્ધા અહીં વ્યક્ત થયેલી છે. આમ માત્ર ૪ દોહરામાં છયે પદની શ્રદ્ધા તથા તેની સમજાવટનો સાર શ્રીમદ્દે સમાવી દીધાં છે. અને અહીં જણાવે છે કે નિર્ગ્રંથ પ્રભુએ જણાવેલો મોક્ષમાર્ગ સંક્ષેપમાં કહીએ તો આ જ છે. એટલે કે છ પદની સમજણ, શ્રદ્ધા અને તે અનુસાર આચરણ તે જ મોક્ષમાર્ગ છે.—

પોતાને સાચા નિર્ગ્રંથમાર્ગમાં લાવનાર ગુરુની શિષ્ય ખૂબ જ વિનયભાવથી ભક્તિ કરે છે. અને તેમાં તે ગુરુમાહાત્મ્ય ગાય છે :—

"અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર." ૧૨૪
"શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન." ૧૨૫
"આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન." ૧૨૬

આ ત્રણ દોહરામાં શિષ્ય ગુરુની મહાનતા અને પોતાની પામરતા વ્યક્ત કરે છે. આ પણ 'પ્રભુ પ્રત્યે દીનત્વ' જેવી એક ખૂબ જ ભાવવાહી પ્રાર્થના કહી શકાય. શિષ્યને સદ્‌ગુરુ માટે કેવા ભાવ પ્રગટવા જોઈએ તેનો આદર્શ અહીં જોઈ શકાય છે. શિષ્યના આ ભાવો વિશે પંડિત સુખલાલજીના શબ્દોમાં કહીએ તો :—

"એમાં શિષ્યને મોઢે અહોભાવના ઉદ્‌ગારો ટાંકી જે સમર્પણભાવ વર્ણવ્યો છે તે જેમ કવિત્વની કળા સૂચવે છે, તેમ તાત્ત્વિક સિદ્ધિનો પરમ આનંદ પણ સૂચવે છે, જે વાંચતાં મન કૂણું થઈ જાય છે અને એ અહોભાવનો અનુભવ કરવાની ઊર્મિ પણ રોકી રોકાતી નથી."[૭૪]

શિષ્યને આ અહોભાવ શા કારણથી આવ્યો, ગુરુએ એવો કયો તેના પર ઉપકાર કર્યો, તે જણાવતો દોહરો છે કે :—

"ષટ્‌સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવાર વત્‌, એ ઉપકાર અમાપ." ૧૨૭

આત્માનાં છ પદને સમજાવીને, મ્યાનમાંથી તલવાર જુદી કાઢી બતાવીએ તેમ આત્માને દેહાદિથી સ્પષ્ટ જુદો બતાવ્યો તે, અમૂલ્ય કહી શકાય તેવા ગુરુનો ઉપકાર શિષ્ય પર થવાથી શિષ્યે ઉલ્લાસમાં આવી ઉપરનાં અહોભાવનાં વચનો ઉચ્ચારેલાં છે તેમ જોઈ શકાશે.

આમ ૧૨૭ ગાથા સુધી "આત્મસિદ્ધિશાસ્ત્ર"નું મુખ્ય વક્તવ્ય આવે છે. તેમાં આત્માનાં છ પદની સમજણ અપાયેલી છે.

## ઉપસંહાર

૧૨૮ થી ૧૪૨ સુધીના ૧૫ દોહરા ઉપસંહારરૂપે રચાયેલા છે. તેમાં શ્રીમદે જણાવ્યું છે કે "આત્મસિદ્ધિ" એ છયે દર્શનના સારરૂપ તથા નિશ્ચય અને વ્યવહાર બંનેના સમન્વયરૂપ છે. તેથી અહીં જણાવેલો માર્ગ ત્રણે કાળમાં એકરૂપે જ રહેવાનો છે. માટે તે માર્ગે જવાની ભલામણ કરી, અંતમાં જ્ઞાનીને વંદન કરી "આત્મસિદ્ધિ" પૂર્ણ કરી છે.

૭૪. "આત્મસિદ્ધિ", સંપા. સુકુલભાઈ કલાર્થી, પૃ. ૩૬.

"આત્મસિદ્ધિ"માં છયે દર્શનનો સાર આવી જાય છે, તે જણાવ્યા પછી ગુરુનું મહત્ત્વ બતાવતાં કર્તાએ લખ્યું છે કે :—

"આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન." ૧૨૯

વૈદકનું રૂપક યોજી આત્માની સ્થિતિ અહીં સમજાવાઈ છે. જીવને મોટામાં મોટો કોઈ રોગ હોય તો તે આત્મભ્રાંતિનો છે, એટલે કે પોતાનું સ્વરૂપ ભૂલી જવારૂપ રોગ એ આત્માને લાગુ પડેલ સૌથી ભયંકર રોગ છે. તે રોગનું નિદાન કરવા માટે સાચો વૈદ્ય તે સદ્ગુરુ છે. આ સદ્ગુરુનાં લક્ષણો તેમણે આ શાસ્ત્રની શરૂઆતમાં જ બતાવ્યાં છે. તે રોગ કાઢવા માટે ગુરુ-આજ્ઞાએ ચાલવા જેવો બીજો કોઈ ઉત્તમ ખોરાક નથી, અને તે રોગના ઔષધ તરીકે સ્વ-સ્વરૂપનો વિચાર અને નિદિધ્યાસન ઉત્તમ છે. આમ વૈદકશાસ્ત્રના રૂપક દ્વારા આત્મરોગ ટાળવાનો ઉપાય ટૂંકાણમાં જણાવ્યો છે.

અહીં જણાવેલો આત્મભ્રાંતિરૂપ રોગ કાઢવા માટે ગ્રંથકર્તા સત્યપુરુષાર્થ કરવાનું પ્રોત્સાહન ૧૩૦મા દોહરામાં આપે છે. લોકો કેવાં કેવાં બહાનાથી તે પુરુષાર્થમાં મંદતા આણે છે તે તેમના ખ્યાલમાં હોવાથી, તેનાથી બચવા જણાવે છે કે :—

"નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય." ૧૩૧

આમ અહીં કોઈ પણ સંજોગોમાં આત્માર્થી જીવને પરમાર્થ ન ચૂકવાની ભલામણ ગ્રંથકર્તા કરે છે. મહાવીર પ્રભુએ ગૌતમસ્વામીને એક સમય માત્રનો પણ પ્રમાદ ન કરવાની આજ્ઞા કરી હતી, તે જ પ્રકારનો ઉપદેશ અહીં પણ જોઈ શકાશે. માત્ર નિશ્ચયનયની વાતો સાંભળી વ્યવહાર ન તજવાની ભલામણ પણ શ્રીમદે અહીં કરી છે. કારણ કે નિશ્ચય અને વ્યવહાર એ બંને સાથે જ સંકલા છે, કોઈ પણ એકને મહત્ત્વ આપવાથી તે લાભનો હેતુ ન થતાં હાનિકર્તા થાય છે. માટે જ નિશ્ચય અને વ્યવહારનો સમન્વય કરવા પર શ્રીમદ્ ૧૩૨–૩૩ એ બે દોહરામાં ખૂબ ભાર મૂકે છે.

નિશ્ચય અને વ્યવહારના સમન્વયરૂપ જણાવેલો મોક્ષમાર્ગ ત્રણે કાળમાં એકસરખો જ હોય છે તેની પ્રતીતિ આપતો દોહરો છે કે :—

"આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિ કોય." ૧૩૪

ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળના જ્ઞાનીઓનો માર્ગ એકરૂપ જ રહેવાનો છે, તે અહીં જણાવાયું છે, અને આ માર્ગે જવાનું સર્વ જીવને માટે સુલભ છે કારણ કે બધા જ સિદ્ધ થઈ શકે છે.

આ માર્ગ પામવાનાં બે નિમિત્ત તે "સદ્‌ગુરુ-આજ્ઞા" અને "જિનદશા" છે તે તેમણે ૧૩૫ મા દોહરામાં બતાવ્યું છે. સદ્‌ગુરુએ ઉપદેશેલી જિતેંદ્રિયની દશા વિચારવી તથા સદ્‌ગુરુની આજ્ઞામાં રહેવું તેને માર્ગ પામવાનાં ઉત્તમ સાધન શ્રીમદ્‌ે ગણાવ્યાં છે. અહીં "જિન" શબ્દ સાંપ્રદાયિક અર્થમાં નહિ પણ જિતેંદ્રિયના અર્થમાં વપરાયેલ જણાય છે.

જે લોકો બીજાં બીજાં કારણો ગણાવી આ નિમિત્તોનો ત્યાગ કરે છે, તે લોકો કદી મોક્ષપદ પામી શકતા નથી. જ્ઞાન, દર્શન આદિ ઉપાદાન સાથે આ નિમિત્તોનો સમન્વય, મોક્ષ પામવા માટે થવો જોઈએ, એવો નિશ્ચય શ્રીમદ્‌ે ૧૩૬ મા દોહરામાં બતાવ્યો છે.

આમ અહીં સુધી જુદા જુદા મુદ્દાની વિચારણા કર્યા પછી શ્રીમદ્‌ે જ્ઞાની અને મિથ્યાત્વીનાં લક્ષણો ચાર દોહરામાં આપ્યાં છે, તે મુમુક્ષુ જીવે ખૂબ જ વિચારવા યોગ્ય છે. મુમુક્ષુ વિશે તેઓ કહે છે —

"દયા શાંતિ સમતા ક્ષમા, સત્ય ત્યાગ વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિશે, એહ સદાય સુજાગ્ય." ૧૩૮

આત્માર્થીના અને મુમુક્ષુના ગુણો સરખા છે. જ્ઞાનીદશા તો એ છે કે :—

"મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી કહીએ ભ્રાંત." ૧૩૯
"સકળ જગત તે એંઠવત્ અથવા સ્વપ્ન સમાન,
તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન." ૧૪૦

જ્ઞાનીદશાના સૌથી પહેલા લક્ષણ તરીકે શ્રીમદ્‌ે અહીં "મોહક્ષય"ને બતાવેલ છે; અને બીજું લક્ષણ છે સંસાર તરફની ઉદાસીનતા. આ બંને લક્ષણો તેમણે પ્રતીતિકર ભાષામાં આપ્યાં છે. તેમણે જણાવેલાં આ લક્ષણો એવાં છે કે જેને કસોટી તરીકે સ્વીકારવાથી માણસની દશા કેવી છે તેનો ખ્યાલ ઝડપથી આવી જાય. ગમે તેવી ઊંચી વાતો કરનાર માણસ જ્ઞાની છે કે નહિ તે જાણવા માટે તેનામાં મોહ અને સંસાર પ્રત્યેની રુચિ કેવી છે તે જોવાથી સમજી શકાય છે. કોઈ પણ વ્યક્તિ કસોટી કરી શકે તેવાં અનુભવમૂલક લક્ષણો શ્રીમદ્‌ે અહીં વ્યક્ત કર્યાં છે.

આમ શ્રીમદ્‌ે પોતાની અનુભવવાણીમાં જ્ઞાનીની દશા બતાવી છે, તે પછી આ છ પદની શ્રદ્ધા કરવાથી, અને છઠ્ઠા પદમાં બતાવેલા માર્ગે જવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે તે વિશેનો પોતાનો સંદેહરહિત અભિપ્રાય તેમણે આપ્યો છે. અને અંતમાં દેહ હોવા છતાં પણ જેની સ્થિતિ તેમાં મમત્વરહિત છે, તેવા જ્ઞાનીનાં ચરણમાં વંદન કરીને "આત્મસિદ્ધિ" તેમણે પૂર્ણ કરી છે. તે દોહરો છે :—

"દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીનાં ચરણમાં, હો વંદન અગણિત." ૧૪૨

આમ અંતમાં તેમણે જ્ઞાનીનાં ચરણમાં અગણિત વંદન કરીને કૃતિ પૂર્ણ કરી છે. આ જ્ઞાની કેવા છે ? દેહ હોવા છતાં પણ આત્મમય સ્થિતિમાં જે રહે છે તેવા જ્ઞાનીને વંદન કરાયાં છે. અહીં શ્રીમદ્દે "સિદ્ધાત્મા"ને નહિ પણ "સયોગી કેવળી"ને વંદન કર્યાં છે, તે હેતુપૂર્વક છે. "સિદ્ધ"ની દશા પણ દેહાતીત છે. તેમને બદલે જેમની દેહ હોવા છતાં પણ દેહાતીત સ્થિતિ છે તેવા જ્ઞાનીને વંદન કર્યાં છે. પૂર્વકર્મના યોગથી દેહ પ્રાપ્ત થયો છે, પણ વર્તમાન દશાએ તો તેઓ સ્વરૂપમાં લીન છે. આવા જ્ઞાની, મુમુક્ષુ જીવને જ્ઞાનદશા મેળવવા માટે સિદ્ધ કરતાં પણ વિશેષ ઉપકારી છે, કારણ કે તેઓ પ્રત્યક્ષ સદ્દગુરુ છે. અને પ્રત્યક્ષ સદ્દગુરુનું મહત્ત્વ તો તેમણે આરંભમાં જ દર્શાવ્યું છે.

આમ ઉપસંહારમાં પણ શ્રીમદ્દે તત્ત્વનો ઘણો બોધ આપ્યો છે. ઉપસંહાર વિશે પંડિત સુખલાલજી લખે છે કે :—

> "એનો ઉપસંહાર એટલો સહજપણે અને નમ્રપણે છતાં નિશ્ચિત વાણીથી કર્યો છે કે તે એક સુસંગત શાસ્ત્ર બની રહે છે."૭૫

## "આત્મસિદ્ધિ"

## ષડ્દર્શનનો સાર

"આત્મસિદ્ધિ"માં શ્રીમદ્દે આત્માનાં છ પદને ગુરુશિષ્યના સંવાદરૂપે સમજાવ્યાં છે તે આપણે જોયું. આ છ પદ વિશે તેમણે લખ્યું છે કે :—

"ષટ્સ્થાનક સંક્ષેપમાં, ષટ્દર્શન પણ તેહ;
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ." ૪૪

"દર્શન ષટે સમાય છે, આ ષટ્સ્થાનક માંહી;
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ." ૧૨૮

આમ શ્રીમદ્દના અભિપ્રાય પ્રમાણે મીમાંસા, જૈન, સાંખ્ય, નૈયાયિક, બૌદ્ધ અને ચાર્વાક એ છયે દર્શનોનો સાર આત્માનાં આ છ પદમાં આવી જાય છે. અને "આત્મસિદ્ધિ"માં તે છ પદનું નિરૂપણ થયું હોવાથી "આત્મસિદ્ધિ" એ છ દર્શનનો સાર છે તેમ કહી શકાય. તે વિશે ડૉ. ભગવાનદાસ મહેતા લખે છે કે :—

> "જેમાં ષટ્દર્શનનો સાર સમાવ્યો છે અને જેમાં શ્રુતસમુદ્ર મથી તત્ત્વ-નવનીત જમાવ્યું છે, એવી અનુભવ રસગંગા શ્રીમદ્દની આત્મસિદ્ધિ તો આ અવની પરનું સાક્ષાત્ અમૃત છે."૭૬

૭૫. "આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૨૯.
૭૬. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૨૫.

એટલે કે આ શાસ્ત્રનું મનન કરવામાં આવે તો આત્માર્થી જીવ ઉત્તમ વસ્તુ અને ઉત્તમ ધર્મ પામી શકે તેવું તત્ત્વ "આત્મસિદ્ધિ"માં છે.

ભારતમાં આત્મા વિશેની વિચારણા હજારો વર્ષો પહેલાં શરૂ થયેલ છે. અનેક જ્ઞાનીઓએ એ વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. તે સંતોના વિચારોનો સંગ્રહ જુદી જુદી ભાષામાં અને જુદા જુદા ગ્રંથોમાં થયેલો છે. આધ્યાત્મિક દૃષ્ટિએ કરાયેલી આ સાધનાનાં પરિણામોનું નિરૂપણ આ ગ્રંથોમાં થયેલું છે. તે દરેકનો એક પ્રયત્ન જોવા મળે છે કે પોતાના વિશેનું અજ્ઞાન નિવારવું અને સમ્યગ્જ્ઞાન મેળવવું.

સમ્યગ્જ્ઞાન મેળવવાના અનેક પ્રયત્નો થયા, અનેક માર્ગો શોધાયા, અને કોઈએ કોઈ અંગ તો કોઈએ કોઈ અંગ પર ભાર મૂક્યો. એમાંથી પંથભેદ જન્મ્યા, અને તે ટૂંકી દૃષ્ટિથી પોષાતાં વાડા બની ગયા. આથી કોઈ એક તત્ત્વ પર જ ભાર મૂકતી પરંપરાઓ ઊભી થઈ. આવા જુદા જુદા ભેદવાળાં મુખ્ય છ દર્શન અસ્તિત્વમાં આવ્યાં. આ છ દર્શન તે બૌદ્ધ, નૈયાયિક, સાંખ્ય, જૈન, મીમાંસા, અને ચાર્વાક. એમાં પહેલાં પાંચ આસ્તિક એટલે કે બંધ, મોક્ષ, આત્મા આદિને સ્વીકારનારાં દર્શનો છે; ત્યારે ચાર્વાક એ નાસ્તિક દર્શન છે; એ આત્માદિ પદાર્થને સ્વીકારતું નથી.

નૈયાયિકના અભિપ્રાયને ઘણો મળતો આવે એવો અભિપ્રાય વૈશેષિકનો છે. સાંખ્ય જેવો યોગનો અભિપ્રાય છે; બંને વચ્ચે બહુ ઓછો ભેદ છે તેથી તે સ્વતંત્ર દર્શન ગણાતાં નથી. મીમાંસા દર્શનના પૂર્વ અને ઉત્તર એમ બે વિભાગ છે. તે બંનેમાં વિચારનો ભેદ વિશેષ છે. પણ મીમાંસા શબ્દથી બંનેનું ઓળખાણ થતું હોવાથી તે બંને સાથે પણ લેવાય છે. પૂર્વમીમાંસાનું "જૈમિની" અને ઉત્તરમીમાંસાનું "વેદાંત" એવાં નામ પ્રચલિત છે. બૌદ્ધ દર્શનના મુખ્ય ચાર ભેદ છે: સૌમાંતિક, માધ્યમિક (શૂન્યવાદી), વિજ્ઞાનવાદી, અને વૈભાષિક. જૈન દર્શનના બે મુખ્ય ભેદ છે: દિગંબર અને શ્વેતાંબર.

જૈન, બૌદ્ધ, અને ચાર્વાક સિવાયનાં બધાં દર્શનો વેદને મુખ્ય રાખી પ્રવર્તે છે, માટે તે વેદાશ્રિત દર્શનો છે. તેઓ બધા વેદાર્થ પ્રકાશી પોતાનું દર્શન સ્થાપવાનો પ્રયત્ન કરે છે. જૈન અને બૌદ્ધ વેદાશ્રિત નથી, પણ સ્વતંત્ર દર્શન છે. અને ચાર્વાક તો નાસ્તિક દર્શન છે.

મુખ્ય મુખ્ય પુરુષોએ કરેલી આત્મા વિશેની વિચારણા આ છ દર્શનોના ગ્રંથમાં સમાવેશ પામી જાય છે. તેઓએ આ છ પદ ઉપરાંત કોઈ પણ પદની તત્ત્વની રીતે વિચારણા કરી નથી. આ બધાં દર્શનોનાં શાસ્ત્રો આ છ પદના ખંડન કે મંડન અર્થે જ રચાયાં છે. અલબત્ત, સૌની સમજાવવાની શૈલી જુદી જુદી છે, સૌએ પોતપોતાના મતના સમર્થન માટે અનેક તર્કો દોડાવ્યા છે, ઢગલાબંધ દલીલો મૂકી છે કે અનુભવવાણી પ્રગટ કરી છે. પણ તે બધાનો સાર કાઢવામાં આવે તો તે છ પદની સમજણમાં જ સમાઈ જાય છે. એ રીતે જોતાં આત્માનાં છ પદમાં છ દર્શન સમાઈ જાય છે. "આત્મસિદ્ધિ"માં એ છ પદનો વિસ્તાર કરેલો હોવાથી તેને છ દર્શનના સારરૂપ કહી શકાય.

બીજી રીતે જોતાં પણ "આત્મસિદ્ધિ"માં છયે દર્શનનો સાર છે તેમ કહી શકાય. આ છયે દર્શનોએ આત્મા વિશે જે જાતનો અભિપ્રાય ઉચ્ચાર્યો છે તે સર્વનો સમાવેશ તેના નામનિર્દેશ વિના "આત્મસિદ્ધિ"માં થયેલો જોઈ શકાશે.[૭૭]

## ચાર્વાક દર્શન

આત્માનાં અસ્તિત્વ, નિત્યત્વ, મોક્ષ આદિને ન સ્વીકારે તેવું એક જ દર્શન છે, જે ચાર્વાકને નામે ઓળખાય છે. ચાર્વાકમતવાદીઓ જગતમાં જેટલું દેખાય છે તેટલું જ સાચું છે તેમ માને છે. આ મતની દલીલો શ્રીમદ્દે પ્રથમ પદની શંકા વખતે શિષ્યનાં મુખમાં મૂકી છે. શિષ્ય "આત્મા નથી" એવો પોતાનો વિચાર રજૂ કરતી વખતે, તેના સમર્થન માટે જે દલીલો કરે છે તે દલીલો ચાર્વાક મતની છે. તે બતાવવા માટે શ્રીમદ્દે ભાષા તો પોતાની જ વાપરી છે.

આ મતનું ખંડન કરી શ્રીમદ્ અન્ય પાંચે આસ્તિક દર્શનોને માન્ય એવું આત્મા હોવા વિશેનું પ્રમાણ આપે છે. તે સર્વ દર્શનોએ કરેલી આત્માના અસ્તિત્વને દર્શાવતી દલીલોનું સંકલન તથા અનુભવોનું સંકલન ગુરુએ આપેલા ઉત્તરમાં શ્રીમદ્દે રજૂ કર્યું છે.

## બૌદ્ધ દર્શન

ચાર્વાક સિવાયનાં બધાં દર્શનો આત્માના અસ્તિત્વ આદિને સ્વીકારે છે, પણ તેમની માન્યતામાં થોડો થોડો ભેદ જોવા મળે છે. તેના નિત્યત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ આદિ વિશે ભેદ જોવા મળે છે. તે ભેદ જ્યાં જ્યાં છે તેનો ઉલ્લેખ "આત્મસિદ્ધિ"માં થયેલો છે, અને જ્યાં એકમત છે, તે સમાધાનરૂપે આપેલ છે. જૈન સિવાય વેદાશ્રિત ન હોય તેવું બૌદ્ધ દર્શન છે. તેઓ આત્માને સ્વીકારે છે, અને આત્માને ક્ષણિક ગણાવે છે. તેમને અભિપ્રાયે જગત્કર્તા તરીકે ઈશ્વર અભિપ્રેત નથી, આત્માને જ કર્તા ગણાવે છે. શૂન્યવાદી બૌદ્ધને અભિપ્રાયે આત્મા વિજ્ઞાન માત્ર છે, અને વિજ્ઞાનવાદી બૌદ્ધને અભિપ્રાયે આત્મા દુઃખાદિ તત્ત્વ છે. એટલે કે બૌદ્ધના અભિપ્રાયે આત્મા અનિત્ય અને પરિણામી – પરિણામ કરવાવાળો છે.

પોતાના કથનને પુષ્ટ કરતી બૌદ્ધ દર્શનની દલીલોનો સમાવેશ પણ "આત્મસિદ્ધિ"માં થાય છે. બીજી શંકા રજૂ કરતી વખતે, એટલે કે આત્માનું નિત્યત્વ નિષેધતી વખતે, શિષ્યે

૭૭. "આત્મસિદ્ધિ"માં જૈન, બૌદ્ધ, સાંખ્ય-યોગ, નૈયાયિક-ન્યાય-વૈશેષિક, મીમાંસા-પૂર્વ અને ઉત્તર, અને ચાર્વાક એ છયે દર્શન આવી જાય છે તેમ શ્રીમદ્દે કહ્યું છે. તેમના આ વિધાનને પ્રખર રીતે તપાસવા માટે તો સર્વ દર્શનનો આમૂલ અભ્યાસ જોઈએ. અહીં શક્ય તેટલી સ્પષ્ટતા કરવા "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાંના આંક ૭૧૧ તથા ૭૧૩, શ્રીમદ્દની હસ્તનોંધ, "અધ્યાત્મસાર", "સ્યાદ્વાદમંજરી", શ્રી મનસુખભાઈ રવજીભાઈએ લખેલો "આત્મસિદ્ધિ"નો ઉપોદ્ઘાત વગેરેનો આશ્રય લીધો છે.

જે દલીલો ગુરુ સમક્ષ મૂકી છે તે બૌદ્ધવાદીની છે. તેના ઉત્તરમાં ગુરુ શિષ્યને સમજાવે છે કે આત્મા એકાંતે અનિત્ય નથી; તે અપેક્ષાએ અનિત્ય છે. આત્મા વસ્તુપણે, દ્રવ્યપણે નિત્ય છે અને સમયે સમયે જ્ઞાન આદિ પરિણામના પલટાવાથી તે પલટાતો જણાય છે, તે દૃષ્ટિએ અનિત્ય છે. આમ આ આત્માનું નિત્યાનિત્યપણું સ્વીકારતાં જૈનાદિ દર્શનોનું મંડન અહીં કરેલ છે.

બૌદ્ધ દર્શન જગત્કર્તા ઈશ્વરને સ્વીકારતું નથી. તે વિશેની દલીલ આપણને "આત્મસિદ્ધ"માં જોવા મળે છે. કર્મનો કર્તા તથા ભોક્તા આત્મા છે, તે સિદ્ધ કરતી વખતે જે દલીલો ઈશ્વરના અકર્તૃત્વ તથા અભોક્તૃત્વ માટે મુકાઈ છે તે જગત્કર્તા તરીકે ઈશ્વરને નિષેધતાં બૌદ્ધ જૈન આદિ દર્શનોમાંથી લેવાયેલી છે. આ ઉપરાંતના પ્રસંગોમાં પણ બૌદ્ધ અને જૈનનું મળતાપણું હોવાથી તેનો સાથે સમાવેશ થયો હોય તે સ્વાભાવિક છે.

આમ "આત્મસિદ્ધિ"માં બૌદ્ધ દર્શનનો અભિપ્રાય જે જગ્યાએ જૈન દર્શનથી જુદો પડે છે, તે જગ્યાએ દલીલો સાથે મુકાયેલો જોઈ શકાય છે. એ પરથી આપણે કહી શકીએ કે "આત્મસિદ્ધિ"માં બૌદ્ધ દર્શનનો સમાવેશ થયેલો છે, ભલે પછી તે ખંડનના રૂપમાં હોય કે મંડનના રૂપમાં હોય.

## નૈયાયિક

નૈયાયિક અને ન્યાય–વૈશેષિક એ બેમાં બહુ ઓછો ભેદ હોવાથી તે સાધારણ રીતે સાથે જ લેવાય છે. તેણે કરેલા આત્મા વિશેના નિરૂપણનો અભિપ્રાય પણ "આત્મસિદ્ધિ"માં મુકાયેલો જોવા મળે છે.

નૈયાયિક આત્માને સ્વીકારે છે, તેના મત પ્રમાણે તટસ્થપણે ઈશ્વર કર્તા છે, સર્વવ્યાપક એવા અસંખ્ય જીવ છે, ઈશ્વર પણ સર્વવ્યાપક છે. તેઓ આત્માને નિત્યપણે તથા સાક્ષીકર્તા એટલે જ્ઞાતા દૃષ્ટારૂપે સ્વીકારે છે.

આત્માના અસ્તિત્વનું પ્રમાણ આપતી ગુરુની દલીલોમાં, કર્મનો કર્તા આત્મા નહિ પણ ઈશ્વર છે તે બતાવતી શિષ્યની દલીલોમાં, આત્મા નિત્ય છે તેનું પ્રમાણ આપતી ગુરુની દલીલોમાં નૈયાયિકના અભિપ્રાયને જોઈ શકાય છે.

આમ નૈયાયિક જે વસ્તુઓમાં જૈનથી વિરુદ્ધ છે કે જૈન સાથે સંમત છે તે સર્વ માટેની દલીલો સંક્ષેપમાં "આત્મસિદ્ધિશાસ્ત્ર"માં મુકાયેલી છે.

## સાંખ્ય દર્શન

સાંખ્ય અને યોગ વચ્ચે બહુ ઓછો તફાવત હોવાથી તે સાથે લેવાય છે. સાંખ્ય આત્માના અસ્તિત્વને તથા અનેકત્વને સ્વીકારે છે. તેના મતે આત્મા નિત્ય, અપરિણામી–અકર્તા અભોક્તા એટલે કે અબંધ સાક્ષીરૂપ છે. સેશ્વર કે નિરીશ્વર બંને સાંખ્ય પરંપરામાં આ મત અભિપ્રેત છે.

શ્રીમદ્ આત્માના અસ્તિત્વ અને નિત્યત્વને સ્વીકારી અનેકત્વ પણ "આત્મસિદ્ધિ"માં સ્વીકારે છે. અને આત્માને અકર્તા તથા અભોક્તા અપેક્ષાથી સ્વીકારે છે. સાંખ્ય જીવને અબંધ માની કર્મનું કર્તૃપણું પ્રકૃતિપ્રેરિત કે ઈશ્વરપ્રેરિત માને છે. એ માન્યતા સાચી હોય તો મોક્ષનો ઉપાય નકામો છે. તેથી શ્રીમદ્ અપેક્ષાએ આત્માને અકર્તા તથા અભોક્તા તરીકે સ્વીકારે છે. જીવ જ્યારે રાગ અને દ્વેષાદિ વિભાવમાં હોય ત્યારે તે કર્મનો કર્તા તથા ભોક્તા છે, પણ દેહાધ્યાસ છૂટતાં તે:કર્તાભોક્તા રહેતો નથી. તે માટે શ્રીમદે દોહરો રચ્યો છે કે :—

"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ." ૧૧૫

ઈશ્વર પણ કર્તા તરીકે આવી શકે નહિ તે વિશેની દલીલો પણ શ્રીમદે અહીં મૂકી છે. આમ જોઈએ તો સાંખ્યનો આત્માનાં છ પદ વિશેનો અભિપ્રાય "આત્મસિદ્ધિ"માં એક અથવા બીજે રૂપે જોવા મળે છે.

## મીમાંસા દર્શન

મીમાંસાના પૂર્વ અને ઉત્તર એમ બે વિભાગ છે. તેમાં પૂર્વમીમાંસા "જૈમિની" અને ઉત્તર મીમાંસા "વેદાંત" તરીકે ઓળખાય છે.

વેદાંત આત્માને સ્વીકારે છે. તેને નિત્ય પણ માને છે, અને તેની સાથે અપરિણામી એટલે કે અકર્તા–અભોક્તા તરીકે માને છે. આત્માને સાક્ષીરૂપે સ્વીકારે છે, અને જગત્કર્તા ઈશ્વરને માન્ય કરે છે. પૂર્વમીમાંસા આત્માને અનેકરૂપે અને વેદાંત આત્માને એકરૂપે માને છે.

વેદાંતની આ બધી માન્યતાને પુષ્ટ કરતી કે ખંડન કરતી દલીલો આપણને "આત્મસિદ્ધિ"માં જોવા મળે છે. આત્માને સ્વીકારતી દલીલો, તેના નિત્યત્વને સ્વીકારતી દલીલો, અકર્તા અને અભોક્તાપણું અપેક્ષાએ છે તે બતાવતી દલીલો, જગત્કર્તા તરીકે ઈશ્વર ન હોઈ શકે, તે વગેરે વિશે શ્રીમદે "આત્માસિદ્ધિ"માં નિરૂપણ કર્યું છે.

આ બધું વાંચીએ ત્યારે વેદાંતનો અભિપ્રાય એક યા બીજે રૂપે તેમાં સમાવેશ પામતો જણાય છે.

## જૈન દર્શન

આ બધાં દર્શન ઉપરાંત છઠ્ઠું દર્શન તે જૈન. તેમાં અનેકાંતવાદ છે. અને તે પ્રત્યેક વસ્તુને અપેક્ષાથી સ્વીકારે છે. જૈનમાં આત્મા નિત્ય પણ છે, અનિત્ય પણ છે, કર્તા પણ છે અને અકર્તા પણ છે, ભોક્તા પણ છે અને અભોક્તા પણ છે, બંધ પણ છે અને મોક્ષ પણ છે — આ બધું જ જૈન દર્શનમાં અપેક્ષાથી સમજાવેલ છે.

"જૈનને અભિપ્રાયે અનંત દ્રવ્ય આત્મા છે, પ્રત્યેક જુદા છે, જ્ઞાનદર્શનાદિ ચેતનરૂપ, નિત્ય અને પરિણામી, પ્રત્યેક આત્મા અસંખ્યાત પ્રદેશી સ્વશરીર અવગાહવર્તી માન્યો છે."૭૮

આ આત્મા કઈ અપેક્ષાથી કેવો છે તેનું નિરૂપણ શ્રીમદ્‌ે "આત્મસિદ્ધિશાસ્ત્ર"માં કરેલ છે. આ સ્યાદ્વાદશૈલીને લીધે તેમાં સર્વ દર્શનોનો સાર સમાઈ જાય છે. અને આખી "આત્મસિદ્ધિ" જૈન દર્શન અનુસાર રચાઈ છે તેનો પરિચય ઠેકઠેકાણે મળે છે.

શ્રીમદ્‌ે બતાવેલા મતાર્થી, આત્માર્થી, સદ્‌ગુરુ, શુષ્કજ્ઞાની, ક્રિયાજડ વગેરેનાં લક્ષણો જૈન દર્શન અનુસાર છે. વળી, સમકિત, શુષ્કજ્ઞાની, મિથ્યાત્વ આદિ શબ્દો પણ જૈન પરિભાષાના છે. ટૂંકમાં કહીએ તો જૈન દર્શનમાં બતાવેલો મોક્ષમાર્ગ શ્રીમદ્‌ે "આત્મસિદ્ધિ"માં બતાવ્યો છે.

"આત્મસિદ્ધિ"ના સંવાદમાં શ્રીમદ્‌ે એ પ્રકારની યોજના કરી છે કે, શિષ્ય પાસે જગતમાં પ્રચલિત હોવા છતાં અસંમત થાય તેવી દલીલો રજૂ કરાવી છે, અને એ અયોગ્ય લાગતા મતોના વિકલ્પો પણ જણાવાયા છે. શિષ્ય એ બધા રજૂ કરી, તે વિશે ગુરુ પાસે માર્ગદર્શન પણ માગે છે. આમ આત્માનાં છ પદનું નાસ્તિત્વ સ્વીકારતા મતોનું નિરૂપણ શિષ્ય દ્વારા થયેલું છે.

શિષ્યે રજૂ કરેલા મતો વિશેની યોગ્ય વિચારણા ગુરુ તેના ઉત્તરમાં સમાધાનરૂપે આપે છે. તે સમાધાનમાં શિષ્યની દલીલો કઈ રીતે અયોગ્ય છે તે ગુરુ સમજાવે છે. એટલે કે આત્માના અસ્તિત્વાદિ છ પદનું નિરૂપણ ગુરુએ કરેલ સમાધાનમાં આવે છે.

આમ શિષ્ય અને ગુરુના સંવાદથી જગતમાં પ્રવર્તતાં છયે દર્શનનો સાર આવી જાય છે, એટલું જ નહિ, સ્યાદ્વાદશૈલીને લીધે જૈન દર્શનની ઉત્તમતા પણ બતાવાઈ જાય છે. શિષ્યે કરેલી શંકાના સમાધાનમાં ગુરુ જૈન દર્શનનો અભિપ્રાય રજૂ કરે છે. એટલે કે જૈન એ અનેકાંત દર્શન હોવાથી કોઈ અપેક્ષાએ અન્ય દર્શનોએ જણાવેલા અભિપ્રાયને સ્વીકારી, બીજી અપેક્ષાએ તેનો નિષેધ કરે છે. આવાં સ્થળોએ જે વસ્તુ આત્મશ્રેય માટે યોગ્ય લાગી તે જ વસ્તુ શ્રીમદ્‌ે જણાવી છે. કોઈ પણ દર્શનનું નામ મૂકયા વિના પોતાનો અભિપ્રાય તેમણે વ્યક્ત કરેલો જણાય છે.

તેમના આ નિષ્પક્ષપાતપણા વિશે શ્રી મનસુખભાઈ રવજીભાઈ યોગ્ય જ લખે છે કે :—

"શ્રીમાન આનંદઘનજી મહારાજ, પરમતખંડન અને સ્વમતમંડનની પદ્ધતિથી એટલા માટે દૂર રહ્યા છે કે, જે મતનું ખંડન કરવામાં આવે છે તે મતના અનુયાયીઓ સત્ય સ્વીકારવાને બદલે ઊલટા વિમુખ થાય છે; તેમ શ્રીમાન રાજચંદ્રે આ આત્મસિદ્ધિશાસ્ત્રમાં આ વાદવિવાદનાં સ્થળોએ પણ એવી સૂક્ષ્મ કાળજી રાખી છે કે, કોઈ પણ મતનું એક અક્ષર પણ પ્રત્યક્ષ ખંડન ન કરતાં, જે અભિપ્રાયો પોતે

૭૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૨૧.

પ્રતિપાદન કરવામાં આત્મશ્રેય માન્યું છે, તે અભિપ્રાયો સરલતાપૂર્વક અને વસ્તુપણે જણાવવા. શ્રીમાન હરિભદ્રસૂરિએ પોતાના 'ષડ્દર્શન સમુચ્ચય' નામક ગ્રંથમાં જુદાં જુદાં છ દર્શનોનું સ્વરૂપ બતાવતાં જેમ પ્રત્યેક દર્શનના પ્રતિનિધિ તરીકે નિષ્પક્ષપાત બુદ્ધિ રાખી છે, તેમ શ્રીમાન રાજચંદ્ર પણ પ્રત્યેક ધર્મમતનું સ્વરૂપ બતાવતાં તેના પ્રતિનિધિ તરીકે કામ લીધું છે. વિશેષમાં તેઓએ વર્તમાન સમયને અનુકૂળ ગણાય એવી એક શૈલી રાખી છે કે, કયો અભિપ્રાય કયા ધર્મનો છે એમ અગોપ્યપણે બતાવ્યું નથી, કેમ કે ચોક્કસ મતનો ફલાણો મત છે અને તે અયોગ્ય છે એમ બતાવવામાં આવે, તો તે મતના અનુયાયીને, ગ્રંથકારને પોતાના અભિપ્રાય પર આગ્રહ છે એમ લાગી આવે, તેથી તેનો સ્વીકાર કરવાનું મન થતું નથી; એટલું જ નહિ પણ તેને ગ્રંથકાર પક્ષપાતી લાગે છે. આવું ન થાય તે માટે ગ્રંથકારે અતિશય કાળજી રાખી છે. જુદાં જુદાં દર્શનોના અભિપ્રાય આ છ પદમાં આવ્યા છે, પણ તે વાંચતાં વિચારતાં કોઈને ન લાગે કે ગ્રંથકારનો ચોક્કસ અભિપ્રાય પ્રત્યે અભાવ છે... દાખલા તરીકે જ્યારે આત્મા નિત્ય નથી એવા વિચારના પ્રતિનિધિ તરીકે દાવો રજૂ કર્યો છે ત્યારે કોઈને પણ કિંચિત્ માત્ર એવી અસર ન થાય કે, તેમાં એક વકીલ તરીકે કોઈ પણ પ્રકારની ન્યૂનતા રાખી છે. આ રીતે જ્યારે તેના નિષેધકર્તા વકીલ તરીકે ઊભા રહ્યા છે ત્યારે તેના તરફની ન્યૂનતા રાખી નથી."[૭૯]

આમ આપણે જોઈ શકીશું કે "આત્મસિદ્ધિ" એ ખંડનમંડનરહિત, છયે દર્શનનો સાર માત્ર ૧૪૨ ગાથામાં સમાવતું એક અપૂર્વ શાસ્ત્ર છે. તેથી જ "આત્મસિદ્ધિશાસ્ત્ર"ને "આત્મોપનિષદ્" ગણાવતાં પંડિત સુખલાલજી લખે છે કે :—

"આત્મસિદ્ધિ વાંચતાં અને તેના અર્થ પુનઃ પુનઃ વિચારતાં એમ લાગ્યા વિના નથી રહેતું કે શ્રીમદ્ રાજચંદ્રે આ એક નાનકડી કૃતિમાં આત્માને લગતું આવશ્યક પૂર્ણ રહસ્ય દર્શાવી આપ્યું છે."[૮૦]

મુનિશ્રી લલ્લુજી મહારાજે આપેલો અભિપ્રાય પણ મનનયોગ્ય છે. તેમણે કહ્યું છે કે :—

"શ્રી આત્મસિદ્ધિમાં આત્મા ગાયો છે. તેમાં કોઈ ધર્મની નિંદા નથી. સર્વ ધર્મ માનનારને વિચારવા યોગ્ય છે. આપણે પણ આત્મા ઓળખવો હોય તો તેનો વારંવાર વિચાર કરવા યોગ્ય છે. ચૌદ પર્વનો સાર તેમાં છે. આપણને આપણી યોગ્યતા પ્રમાણે વિચારવાથી ઘણો લાભ થાય તેવું છે. એમાં જે ગહન મર્મ ભર્યો છે તે તો જ્ઞાનીગમ્ય છે, કોઈ સત્પુરુષના સમાગમે સાંભળીને મનન કરવા યોગ્ય છે. પણ જેટલો અર્થ આપણને સમજાય તેટલો સમજવા પુરુષાર્થ કર્તવ્ય છે. એટલે ગમે તે ધર્મ માનનાર હોય તેની સાથે આત્મસિદ્ધિ વિશે વાત થાય અને તે સાંભળે તો તેને રુચે તેમ છે."[૮૧]

૭૯. "આત્મસિદ્ધિ", સંપા. મનસુખભાઈ રવજીભાઈ, પ્રસ્તાવના, પૃ. ૨૦.

૮૦. "આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૨૫.

૮૧. "ઉપદેશામૃત", પત્રાવલિ નં. ૧૫૬.

## "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની મૌલિકતા

"આત્મસિદ્ધિ"માં આત્માનાં છ પદ વિશેની શ્રદ્ધા તથા તેના અસ્તિત્વનું નિરૂપણ થયેલું છે. ભારતીય તત્ત્વજ્ઞાનીઓની વિચારણાની દૃષ્ટિએ જોઈએ તો તે પદની સિદ્ધિ એ નવીનતા નથી. "આચારાંગ", "સૂત્રકૃતાંગ", "ઉત્તરાધ્યયન", "પ્રવચનસાર", "સમયસાર" આદિ પ્રાકૃત ગ્રંથોમાં આત્માનાં છ પદ વિશેના જે વિચારો જુદી જુદી રીતે છૂટાછવાયા મળી આવે છે, તેનું સંકલન જોવા મળે છે. ગણધરવાદમાં જે વિચારનું તર્કશૈલીથી સ્થાપન કરવામાં આવ્યું છે, હરિભદ્રાચાર્યે પોતાના "શાસ્ત્રવાર્તાસમુચ્ચય"માં કે શ્રીમાન્ યશોવિજયજીએ પોતાના "અધ્યાત્મસાર"માં જે વિચારને વધારે પુષ્ટિ આપી છે, તે સમગ્ર વિચાર "આત્મસિદ્ધિશાસ્ત્ર"માં એવી રીતે ગૂંથાઈ ગયો છે કે તે વાંચનારને પોતાના પૂર્વાચાર્યોના ગ્રંથોનું પરિશીલન કરવા માટેની મુખ્ય ચાવી પૂરી પાડે છે. આ ઉપરાંત "આત્મસિદ્ધિ"માં શંકરાચાર્ય, વાત્સ્યાન, વ્યાસ આદિએ આત્માના અસ્તિત્વની બાબતમાં જે દલીલો આપી છે, તે પણ અહીં જોવા મળે છે.

આમ વિચારણાની દૃષ્ટિએ તો "આત્મસિદ્ધિશાસ્ત્ર" એ અનેક ગ્રંથોના વ્યવસ્થિત સંકલન જેવું લાગે છે. તેમ છતાં એ વાંચીએ ત્યારે, પંડિત સુખલાલજી જણાવે છે તેમ —

> "મન પર એમની વિવેકપ્રજ્ઞા, મધ્યસ્થતા અને સહજ નિખાલસતાની અચૂક છાપ પડ્યા વિના કદી ન રહે."[૮૨]

આત્મસિદ્ધિ વાંચતાં એક પ્રતીતિ તો તરત જ થાય તેમ છે કે શ્રીમદે એ રચના માત્ર શાસ્ત્રો વાંચીને જ નથી કરી, પણ તેથી વિશેષ એક સાચા મુમુક્ષુ તરીકે તેમણે જે આત્મમંથન અનુભવ્યું, આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે જે સાધના કરી અને તપ આચર્યું, તેના પરિણામે જે અનુભવમૌક્તિક તેમને લાધ્યું તથા આત્મસ્વરૂપની જે પ્રતીતિ તેમને થઈ, તેના પરિપાકરૂપે આ રચના થયેલ છે. "કોટિજ્ઞાનીનો એક જ અભિપ્રાય હોય છે" એ વચનાનુસાર શ્રીમદ્‌ને લાધેલો અનુભવ તેમના પૂર્વના આચાર્યોના અનુભવને મળતો હોય તે સ્વાભાવિક છે. જે સત્ય છે તે તો ત્રિકાળ સત્ય જ રહેવાનું છે, આથી આત્માના અસ્તિત્વ આદિ પદોનું જે નિરૂપણ થયેલ છે તે પૂર્વના ગ્રંથોમાં મળી આવે તે યોગ્ય જ છે. પરંતુ એનું જે શૈલીમાં અને જે પ્રકારે "આત્મસિદ્ધિ"માં નિરૂપણ થયેલ છે તે જ તેની વિશેષતા છે. આત્મસિદ્ધિ જેવી ૧૪૨ દોહરાની નાની કૃતિમાં આત્માને લગતું આવશ્યક રહસ્ય દર્શાવી આપ્યું છે તે કંઈ નાનીસૂની સિદ્ધિ નથી. આ કૃતિ વિશે પંડિત સુખલાલજી યોગ્ય જ લખે છે કે:—

> "માતૃભાષામાં અને તે પણ નાના નાના દોહા છંદોમાં, તેમાં પણ જરાય તાણી કે ખેંચી અર્થ ન કાઢવો પડે એવી સરલ પ્રસન્ન શૈલીમાં આત્માને સ્પર્શતા અનેક મુદ્દાઓનું ક્રમબદ્ધ તેમ જ સંગત નિરૂપણ જોતાં અને તેની પૂર્વવર્તી જૈન–

૮૨. "આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૨૭.

જૈનેતર આત્મવિષયક મહત્ત્વપૂર્ણ ગ્રંથો સાથે સરખામણી કરતાં અનાયાસે કહેવાઈ જાય છે કે પ્રસ્તુત આત્મસિદ્ધિ એ સાચે જ આત્મોપનિષદ છે."[૮૩]

પોતપોતાના પક્ષ અને મંતવ્યની સિદ્ધિ અર્થે સેંકડો ગ્રંથો અનેક વર્ષોથી લખાતા આવ્યા છે. "સર્વાર્થસિદ્ધિ" વિશે માત્ર જૈન આચાર્યોએ જ નહિ, પણ જૈનેતર આચાર્યોએય પોતપોતાના સંપ્રદાય અનુસાર લખ્યું છે. વેદાંતમાં "બ્રહ્મસિદ્ધિ", "અદ્વૈતસિદ્ધિ" આદિ પ્રસિદ્ધ છે. "નૈષ્કર્મ્યસિદ્ધિ" અને "ઈશ્વરસિદ્ધિ" પણ જાણીતાં છે. "સર્વજ્ઞસિદ્ધિ" જૈન, બૌદ્ધ વગેરે પરંપરામાં લખાયેલ છે, અને આ ઉપરાંત બીજાં અનેક પુસ્તકો સિદ્ધિ વિશે લખાયેલાં ઉપલબ્ધ થાય છે, તે બધાં સાથે આત્મસિદ્ધિની સરખામણી કરવામાં આવે ત્યારે જ તેનું મૂલ્ય સમજાય. આ બધા સિદ્ધિગ્રંથોમાં અમુક વિષયની દલીલો દ્વારા ઉપપત્તિ કરવામાં આવેલી દેખાય છે, અને સાથે સાથે તેનાથી વિરુદ્ધ દલીલોનું તર્ક કે યુક્તિથી નિરાકરણ કરેલું જોવા મળે છે. આથી એની પાછળ આત્મસાધના કે આધ્યાત્મિક પરિણતિનું સમર્થ બળ ભાગ્યે જ જોવા મળે છે. તેની સરખામણીમાં આત્મસિદ્ધિની ભાત જુદી પડે છે. તેમાં તો શ્રીમદ્દે પોતાના અનુભવના ઊંડાણમાંથી જે પ્રાપ્ત થયું છે તેનું નિરૂપણ કરેલું છે. તેમાં તાર્કિક ઉપપત્તિ નથી, પણ આત્માનુભવની થયેલી સિદ્ધિ જોવા મળે છે. આ જ કારણે "આત્મસિદ્ધિ"માં એક પણ વેણ કડવું, આવેશપૂર્ણ, પક્ષપાતી કે વિવેકરહિત મળતું નથી. તેથી જ તેને આપણે પંડિત સુખલાલજીની જેમ કહી શકીએ કે :—

> "તેમણે આધ્યાત્મિક મુમુક્ષુને આપેલી ભેટ એ તો સેંકડો વિદ્વાનોએ આપેલી સાહિત્યિક ગ્રંથરાશિની ભેટ કરતાં વિશેષ મૂલ્યવંતી છે."[૮૪]

અને એથી જ જે ઉંમરે અને જે ટૂંકા ગાળામાં પોતે પચાવેલું જ્ઞાન આત્મસિદ્ધિમાં શ્રીમદ્દે ગૂંથ્યું છે તેનો વિચાર કરતાં સર્વ કોઈનું મસ્તક નમી પડે તેમ છે.

અલબત્ત, આ જ અનુભવ પૂર્વના જ્ઞાનીઓએ પણ વર્ણવ્યો છે; કારણ કે જ્ઞાનીના માર્ગ બે નથી. પણ અહીં આરંભમાં દર્શાવેલ આત્માર્થી, મતાર્થી, સદ્ગુરુ આદિનાં લક્ષણો, પછી આવતો આત્માનાં છ પદ વિશેની શંકા અને તેના સમાધાનને લગતો મહત્ત્વનો ભાગ, તેનો ઉપસંહાર આદિ એટલાં તર્કપૂર્ણ અને સંપૂર્ણતાથી રજૂ થયેલ છે કે આધ્યાત્મિક ક્ષેત્રમાં રસ ધરાવનાર કોઈના માટે પણ આકર્ષણનું તત્ત્વ બની રહે તેમ છે.

પ્રા. દિનુભાઈ પટેલ આત્મસિદ્ધિ વિશે લખે છે કે :—

> "શ્રીમદ્ રાજચંદ્રની લાક્ષણિક શૈલીમાં આત્મસિદ્ધિશાસ્ત્ર વાંચનારને સાચે જ અનુભવ થાય છે કે આ શાસ્ત્ર કોઈ પણ વ્યાવહારિક ધર્મને વળગી રહેતું નથી. પોતાના વાચનમાં અને અનુભવમાં આવેલા, જુદી જુદી કક્ષાના મુમુક્ષુ જીવોના નિઃશ્રેયસ્ કલ્યાણ અર્થે, ભૂતકાળમાં થયેલા આત્મજ્ઞાનીઓના અનુભવોને લક્ષમાં લઈ

૮૩. "આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૨૫.

૮૪. એજન, પૃ. ૨૮.

ટૂંકામાં છ સિદ્ધાંતો આત્મસિદ્ધિમાં બહુ જ સરળ ભાષામાં અને હૃદયંગમ શૈલીમાં પ્રરૂપ્યા છે. તર્કની ભાષા જ સમજે એવા તર્કગ્રાહી પુરુષો માટે પણ આત્મસિદ્ધિશાસ્ત્ર ઘણું મનનીય છે."[૮૫]

આમ આપણે જોઈએ તો તત્ત્વની દૃષ્ટિએ "આત્મસિદ્ધિ" મૌલિક નથી, પણ તેની નિરૂપણશૈલીમાં મૌલિકતા સમાયેલી છે. તેથી જ પૂ. લલ્લુજી મહારાજ જણાવે છે કે :—

"મોટાં મહાભારત, પુરાણ કે જૈનનાં શાસ્ત્રો કરતાં બહુ સુગમ અને સરળતાથી સર્વ શાસ્ત્રના સારરૂપ આત્મસિદ્ધિમાં વાત કરેલી છે. તે ગહન વાત વિચારવાન જીવને બહુ લક્ષમાં લેવા યોગ્ય છે."[૮૬]

## "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની લોકભોગ્યતા

આપણે જોયું તેમ આ ગ્રંથમાં ખૂબ જ ગહન વિષયનું નિરૂપણ થયેલું છે. પણ તેની રચના શ્રીમદે એવી સરળ ભાષામાં કરી છે કે તે સમજવામાં સર્વ કોઈને સુગમ થઈ પડે. ગુજરાતી ભાષામાં અને તે પણ નાના નાના દોહરામાં સરળ, પ્રસન્ન ભાષામાં તેની રચના થયેલી છે. તેમાં અટપટા વિષયોની વિવિધતા નથી, તેમાં દૃષ્ટાંતિક કથા કે વર્ણનો નથી. છ પદની સિદ્ધિ માટે પ્રશ્નોત્તરરૂપે તત્ત્વનિરૂપણનો વિષય હોવા છતાં સૈદ્ધાંતિક ગ્રંથો જેવી કઠણાઈ તેમાં નથી. બહુ સૂક્ષ્મ ચર્ચા કે વિચારણા કરવા પોતે ગૂંચવાઈ જાય, થાકી જાય તેમ ન કરતાં સૂક્ષ્મ વિચારણા કરવા વાચક પ્રેરાય અને આત્માસંબંધી નિઃશંક થાય તેવી સુશ્લિષ્ઠ રચના આ શાસ્ત્રની છે. તેથી આ શાસ્ત્ર સૌ કોઈ મુમુક્ષુ જીવને અવગાહવા અને નિત્ય પઠન કરવા યોગ્ય અવશ્ય છે, એવો મુકુલભાઈનો અભિપ્રાય આ શાસ્ત્ર વાંચ્યા પછી યથાર્થ લાગ્યા વિના રહે તેમ નથી.[૮૭]

સામાન્ય જ્ઞાન ધરાવતી વ્યક્તિ, પોતપોતાની કક્ષા, ક્ષયોપશમતા અનુસાર તેમાંથી અર્થ સમજી શકે તેવી સરળતા તેની રચનામાં રહેલી છે. ભાષા સરળ છે એટલું જ નહિ, ગોઠવણી પણ એટલી બધી વ્યવસ્થિત છે કે તેમાં ક્યાંયે ગૂંચવણ થાય તેવું નથી. વળી અન્ય મતોના ખંડનમંડનથી આ કૃતિ દૂર રહી છે, તેથી આબાલવૃદ્ધ સર્વને ભોગ્ય, હિતકારી સામગ્રીથી ભરેલ આ કૃતિ બનેલ છે. બ્રહ્મચારીજીના શબ્દોમાં કહીએ તો —

"શ્રીમદ્દનાં બીજાં બધાં લખાણો કરતાં આત્મસિદ્ધિની પદ્ધતિ જુદી જાતની છે... તેથી આ ગ્રંથ લોકપ્રિય થઈ પડ્યો છે, અને ભવિષ્યમાં પણ ઘણા જીવોને માર્ગ-દર્શનરૂપ થઈ પડે તેવો છે."[૮૮]

---

૮૫. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૧૨૪.

૮૬. "ઉપદેશામૃત", પત્રાંક ૨૧, ૧૩૫.

૮૭. "આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૨૪.

૮૮. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૪૪.

ગ્રંથની ભાષા સાદી, સીધી, સરળ, ટૂંકાક્ષરી અને તુરત સમજાય તેવી છે. તેમ છતાં આ આખી કૃતિ સૂત્રાત્મક છે, અને તેમાંથી પ્રત્યેક જીવ પોતપોતાની યોગ્યતા અનુસાર પામી શકે છે. કોઈ પણ જીવ એવો નહિ હોય કે જે એમાંથી કશું જ ન મેળવી શકે. આથી મુનિ શ્રી લલ્લુજી મહારાજે આપેલો આત્મસિદ્ધિ વિશેનો નીચેનો અભિપ્રાય બહુ મનન કરવા યોગ્ય છે:—

"નાના પુસ્તકના આકારે જણાય છે, પણ તે ચમત્કારી વચનો છે તે લબ્ધિવાક્યો છે, મંત્રસ્વરૂપ છે. રિદ્ધિસિદ્ધિની કંઈ જરૂર નથી. પણ જન્મમરણના ફેરા ટળે તેવાં તે વચનો છે. કોઈ સમજે ન સમજે તોપણ કાનમાં તે વચનો પડવાથી પણ પુણ્ય બાંધે છે. તેમાં જે આત્મા વિશે વાત જણાવી છે તે માન્ય કરવા યોગ્ય છે, શ્રદ્ધા કરવા યોગ્ય છે."[૮૯]

"આત્મસિદ્ધિમાં તો ભલભલાને માન્ય કરવી પડે તેવી વાતો છે. તેથી વધારે હું જાણું છું એમ કહેનાર કંઈ જાણતો નથી. તેમાં ભૂલ દેખનાર પોતે જ ભૂલ ખાય છે. શ્રી આત્મસિદ્ધિને યથાર્થ સમજનાર તો કોઈ વિરલા જ્ઞાની પુરુષ છે. પણ ગુજરાતી ભાષામાં હોવાથી નાનાં બાળક, સ્ત્રી, વિદ્વાન ગમે તે વાંચી શકે, મોઢે કરી શકે, રોજ બોલી શકે અને યથાશક્તિ સમજી શકે તેમ છે. અને ન સમજે તોપણ તે જ્ઞાનીપુરુષના શબ્દો કાનમાં પડે તોપણ જીવ પુણ્ય બાંધે એવો એનો પ્રભાવ છે."[૯૦]

"**આત્મસિદ્ધિશાસ્ત્ર**" એ શ્રીમદ્‌ની ઉત્તમોત્તમ કૃતિ છે, તે વિશે સર્વ વિદ્વાનો સંમત થાય છે

---

૮૯. "ઉપદેશામૃત", પત્રાંક ૨૧, પૃ. ૧૩૫.

૯૦. એજન, પત્રાંક ૧૫૬.

પ્રકરણ ૬

# અપૂર્વ અવસર

શ્રીમદ્ રચિત "અપૂર્વ અવસર" નામનું કાવ્ય સૌ પ્રથમ "પરમશ્રુત પ્રભાવક મંડળ" તરફથી વિ. સં. ૧૯૬૧ માં પ્રકાશિત થયેલ. "શ્રીમદ્ રાજચંદ્ર"ની પહેલી આવૃત્તિમાં નીચે દર્શાવેલી નોંધ સાથે પ્રગટ થયું હતું —

> "શ્રીમદ્‌નો આ ગુણસ્થાનક્રમ લખાયાનો સમય નિઃસંશયપણે થઈ શકતો નથી. આ પરત્વે જે કંઈ નિર્ણય અમે કરી શક્યા છીએ તે એ છે કે, વિ. સં. ૧૯૫૬ થી ૧૯૫૬ સુધીના કોઈ વર્ષમાં શ્રી વવાણિયા ક્ષેત્રે તે લખાયેલ છે. – સંશોધક."[૧]

વિ. સં. ૧૯૭૦ માં પ્રગટ થયેલી "શ્રીમદ્ રાજચંદ્ર"ની બીજી આવૃત્તિમાં પણ શ્રી મનસુખભાઈ રવજીભાઈએ "અપૂર્વ અવસર"ના રચનાસમય વિશે ઉપર પ્રમાણેની જ નોંધ આપી છે.[૨] વિ. સં. ૧૯૯૨માં પ્રગટ થયેલી તથા શ્રી હેમચંદ ટોકરશી મહેતા સંપાદિત "શ્રીમદ્ રાજચંદ્ર"ની પાંચમી આવૃત્તિમાં આ કાવ્યના રચનાસમય વિશે નિર્ણયાત્મક નોંધ જોવા મળે છે. તે નોંધ આ પ્રમાણે છે :—

> "આ 'અપૂર્વ અવસર' વિ. સં. ૧૯૫૨ના માગશર માસ આસપાસમાં શ્રીમદ્‌ની સ્થિતિ વવાણિયામાં હતી ત્યારે સવારે ઊઠતાં વેંત જ માતુશ્રીના ખાટલા ઉપર બેસીને લખ્યો હતો. જે વખતે ચીનાઈ કાગળ, ખડિયો અને કલમ આ સેવકે લાવી આપ્યાં હતાં, તે વખતે કાગળમાં ફક્ત પહેલું પદ જ લખેલું હતું. – સંશોધક."[૩]

"શ્રીમદ્ રાજચંદ્ર"ની પાંચમી આવૃત્તિમાં આપેલી આ નોંધ તથા આગળની આવૃત્તિઓમાં આપેલી નોંધ જોતાં એટલું સમજાય છે કે શ્રીમદ્દે આ કાવ્ય વવાણિયા ક્ષેત્રે વિ. સં. ૧૯૫૨ પછી રચ્યું હતું. પણ શ્રી હેમચંદભાઈએ આપેલો વિ. સં. ૧૯૫૨ના માગશર માસનો સમય સ્વીકારતાં થોડી મુશ્કેલી ઊભી થાય છે. આ અરસામાં શ્રીમદ્ દ્વારા લખાયેલા પત્રો જોતાં જણાય છે કે તે સમયે શ્રીમદ્‌ની સ્થિતિ મુંબઈમાં હતી. અને વિ. સં. ૧૯૫૩ના માગશર માસમાં તેમની સ્થિતિ વવાણિયામાં હતી. આથી એવું અનુમાન થાય છે કે સંશોધકની સરતચૂકથી સાલ કે સ્થળ ખોટું લખાઈ ગયું હશે. વળી, તે પછીથી વિ. સં. ૨૦૦૭માં "શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ" તરફથી પ્રગટ થયેલી "શ્રીમદ્ રાજચંદ્ર"ની

૧. "શ્રીમદ્ રાજચંદ્ર", આ. ૧, પરમશ્રુત પ્રભાવક મંડળ, વિ. સં. ૧૯૬૧, "અ. અ."ની પાદનોંધ.

૨. એજન, આ. ૨, વિ. સં. ૧૯૭૦, "અ. અ."ની પાદનોંધ, પૃ. ૫૧૪.

૩. એજન, આ. ૫, ખંડ ૭, વિ. સં. ૧૯૯૨, "અ. અ."ની પાદનોંધ, પૃ. ૩૦.

પહેલી આવૃત્તિ (પૃ. ૫૯૩)માં તથા ૨૦૨૦ની બીજી આવૃત્તિમાં આ કાવ્યના રચનાસમય અંગે "આ કાવ્યનો નિર્ણીત સમય મળતો નથી" એવી નોંધ સાથે તે વિ. સં. ૧૯૫૩ની સાલમાં રચાયેલું ગણી મૂકવામાં આવ્યું છે. આ બધા પરથી આ કાવ્ય વિ. સં. ૧૯૫૩ના માગશર માસમાં વવાણિયા ક્ષેત્રે રચાયું હોય તેવો સંભવ વિશેષ લાગે છે, કારણ કે સ્થળ કરતાં સાલમાં શરત ચૂક થવાનો સંભવ વિશેષ રહે છે. એટલે બીજી કોઈ આધારભૂત માહિતી ન મળે ત્યાં સુધી આ કાવ્યનો રચનાસમય વિ. સં. ૧૯૫૩ના માગશર માસનો ગણવો બરાબર લાગે છે.

અનેક જાતની સાંસારિક સુખ-સગવડ હોવા છતાં જીવ શાંતિ પામતો નથી, તેમ બનતું સંસારમાં અનેક વખત જોવા મળે છે. તે પરથી સમજાય છે કે બાહ્ય સાધનો નિરંતર સુખ આપી શકતાં નથી; અંતમાં દુઃખ આપે છે. તેથી આત્મસાધકોએ સાચું સુખ અંતરમાં જ વસે છે, એવો નિર્ણય કર્યો છે. અને અમુક જાતનો આધ્યાત્મિક અધિકાર મેળવવાથી જીવ સાચું શાશ્વત સુખ મેળવી શકે છે. આ અધિકાર મેળવવા જીવે કયા પ્રકારનો આધ્યાત્મિક વિકાસ સાધવો જોઈએ તે વિશેનો પોતાનો આદર્શ શ્રીમદે ૨૧ ગાથા કે કડીના આ કાવ્યમાં આપ્યો છે.

આધ્યાત્મિક રીતે જીવને પોતાના લક્ષસ્થાન – મોક્ષ સુધી પહોંચવાનો વિકાસક્રમ શ્રીમદે જૈન આગમોની પરિપાટી અનુસાર દર્શાવ્યો છે. જૈનધર્મમાં જીવની નીચામાં નીચી ભૂમિકા મિથ્યાત્વથી શરૂ કરી ઊંચામાં ઊંચી ભૂમિકા સિદ્ધપદ સુધીની દશાના જીવની યોગ્યતા પ્રમાણે ૧૪ વિભાગ પાડેલા છે. તે પ્રત્યેકને ગુણસ્થાન કહેવામાં આવે છે. આ કાવ્યમાં ૪થા ગુણસ્થાનથી શરૂ કરી ૧૪મા ગુણસ્થાને વર્તતા જીવની સ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રસંગોપાત્ત પોતાની આધ્યાત્મિક સ્થિતિનો તેમ જ અભિલાષાનો ખ્યાલ પણ શ્રીમદે આ કાવ્યમાં આપ્યો છે. તેથી આ કાવ્ય શ્રીમદ્‌ના જીવન-કવનના તેમ જ આત્મિક વિકાસના અભ્યાસમાં ઘણું અગત્યનું બની રહે છે.

૨૧ કડીના આ નાના કાવ્યની ઉત્તમ ગુણવત્તાથી આકર્ષાઈને મુનિશ્રી જયવિજયજી, મુનિશ્રી કાનજીસ્વામી, મુનિશ્રી સંતબાલજી તથા નગીનદાસ શેઠ જેવા વિદ્વાનો આ કાવ્યની વિસ્તૃત સમજણ આપતાં પુસ્તકો લખવા પ્રેરાયા છે.

"અપૂર્વ અવસર" પર મુનિ જયવિજયજીએ સૌ પ્રથમ વિવેચનપૂર્ણ પુસ્તક લખ્યું છે. "શ્રી ગુણસ્થાન ક્રમારોહણ અથવા શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? એ પદ પર વિવેચન" એ નામનું તેમનું પુસ્તક વિ. સં. ૧૯૭૮માં પ્રકાશિત થયું હતું. તેમાં મુનિશ્રીએ પ્રત્યેક કડીનો ભાવ, વિશેષાર્થ વગેરે વિસ્તારથી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આ કાવ્યમાં જીવનો ૪થાથી ૧૪મા ગુણસ્થાન સુધીનો વિકાસક્રમ શ્રીમદે બતાવ્યો છે, અને જીવ કેવા ક્રમથી એક એક ગુણસ્થાન ચડતો જાય છે તે બતાવ્યું છે, તેથી મુનિશ્રીએ આ કાવ્યને "શ્રી ગુણસ્થાન ક્રમારોહણ" જેવા સાર્થક નામથી ઓળખાવ્યું છે.

તે પછી વિ. સં. ૧૯૯૬–૯૭ આસપાસ પૂ. કાનજીસ્વામીનાં "અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? કાવ્ય પરનાં પ્રવચનો"ની પહેલી આવૃત્તિ પ્રગટ થઈ હતી. તે જ પ્રવચનોની બીજી આવૃત્તિ વિ. સં. ૨૦૧૩માં પ્રગટ થઈ. વિ. સં. ૧૯૯૫માં – ઈ. સ. ૧૯૩૯માં – રાજકોટ મુકામે સાત દિવસ સુધી કાનજીસ્વામીએ "અપૂર્વ અવસર" કાવ્ય પર પ્રવચનો આપ્યાં હતાં, તે પુસ્તકાકારે પ્રગટ થયેલ છે. આમ આ પુસ્તક પ્રવચનોનું સંકલન હોવાને લીધે તેની ભાષા વાતચીતના પ્રકારની છે, તેમ જ તેમાંના મુદ્દાઓ પણ ક્રમસર નથી. વળી, કેટલીક જગ્યાએ એમાં પુનરુક્તિ પણ જોવા મળે છે. આમ છતાં આ કાવ્યની ગુણવત્તા અને મહત્તા બતાવવાનો સ્તુત્ય પ્રયત્ન અહીં જોવા મળે છે. આ બે પુસ્તક પછી પૂ. મુનિશ્રી સંતબાલજીનું "સિદ્ધિનાં સોપાન" નામનું "અપૂર્વ અવસર" પરનું વિવેચનનું પુસ્તક વિ. સં. ૨૦૦૭માં – ઈ. સ. ૧૯૫૧માં – પ્રગટ થયું. આ પુસ્તકમાં આ કાવ્યનો ગંભીર આશય સમજાવવા ઉપરાંત સાધક પોતાનું હીનત્વ પ્રભુ પાસે કબૂલતો હોય તેવી જાતની કલ્પના કરીને આ કાવ્યનો વિશેષાર્થ સમજાવ્યો છે. આ કાવ્યમાં ૧૪મા ગુણસ્થાનની પ્રાપ્તિ — સિદ્ધપદની પ્રાપ્તિ સુધીનો ક્રમ બતાવાયો છે. તેને લક્ષમાં લઈને મુનિશ્રીએ યોગ્ય રીતે "સિદ્ધિનાં સોપાન" એવું નામ આ કાવ્યને આપ્યું છે.

આ બધાં પુસ્તકોના વિશિષ્ટ ગુણોને લક્ષમાં લીધા પછી, આ આખું કાવ્ય વધુ વિસ્તારથી તથા ઝીણવટથી સમજાવવાનો પ્રયત્ન શ્રી નગીનદાસ ગિરધરલાલ શેઠે તેમના "પરમપદ પ્રાપ્તિની ભાવના" નામના "અપૂર્વ અવસર" પરના વિવેચનના પુસ્તકમાં કર્યો છે. ગુણસ્થાન - ક્રમારોહણ બતાવવાની સાથે આ કાવ્યમાં શ્રીમદ્‌ે કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની અભિલાષા વ્યક્ત કરી છે. આ કાવ્યની છેલ્લી ગાથાની પહેલી પંક્તિ "એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં" ઉપરથી શ્રી શેઠે આખા કાવ્યનો સાર જણાવતું "પરમપદ પ્રાપ્તિની ભાવના" એવું શીર્ષક યોજ્યું જણાય છે.

આમ "અપૂર્વ અવસર" એ કાવ્ય પર ચાર વિદ્વાનોએ સ્વતંત્ર પુસ્તકો વિવેચનરૂપે આપેલ છે. આ કાવ્યનો ભાવાર્થ કે ટૂંકામાં સમજણ આપવાનો પ્રયત્ન તો બીજી કેટલીક વ્યક્તિઓએ પણ કર્યો છે. સર્વ વિવેચકો આ કાવ્યની ઉત્તમતા માટે એકમત થાય છે તે જ તેની મહત્તાનું પ્રમાણ છે.

જૈન આગમોની પરિપાટી અનુસાર શ્રીમદ્‌ે આ કાવ્યમાં કરેલી ગુણસ્થાનવર્તી જીવની કક્ષાની ગોઠવણી વિશે મુનિશ્રી સંતબાલજી તેમના "સિદ્ધિનાં સોપાન" નામના પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે કે :—

> "પણ એ વર્ગીકરણ અને ગોઠવણ એવાં તો ઉત્તમ અને સફળ થયાં છે કે આગ્રાનો તાજમહેલ જેમ શિલ્પદુનિયાનો અદ્‌ભુત કળાનમૂનો છે, તેમ આ, ગીતા જેવા સર્વમાન્ય ગ્રંથની હરોળમાં આવે એવા આધ્યાત્મિક જગતના આલેશાન મંદિરનો કળાનમૂનો છે, એમ મને લાગ્યું છે. ગીતાની આસપાસ જેમ આખું આધ્યાત્મિક જગત છે, તેમ આની આસપાસ આધ્યાત્મિક જગતમાંથી કાઢી આપેલો કેવળ મલીદો છે. એ પચાવવા માટે અમુક ભૂમિકા જોઈએ. પણ જેને પચે એનો બેડો પાર."[4]

૪. "સિદ્ધિનાં સોપાન", પૃ. ૬.

૨૧ કડીના આ કાવ્યના પૂર્વ અને ઉત્તર એમ બે વિભાગ પાડી શકાય. પૂર્વ ભાગ ૧૨ કડીનો અને ઉત્તર ભાગ ૯ કડીનો. પહેલા ભાગમાં નિર્ગ્રંથ થવાની ભાવના, નિર્ગ્રંથનાં લક્ષણો, સમ્યગ્દર્શન અને નિર્ગ્રંથના આત્મચારિત્રનું વર્ણન આપેલું છે. ઉત્તર વિભાગમાં ક્ષપકશ્રેણી, કેવળજ્ઞાન અને મોક્ષનું વર્ણન આપેલું છે. આ કાવ્યમાં ૪થાથી ૧૪મા ગુણસ્થાનનો સમાવેશ કરેલો છે.

આ વર્ણન તેમણે એવી સુંદર રીતે કર્યું છે કે તે સમજવા માટે, આગળ જોયું તેમ, ભૂમિકાની જરૂર છે, અને એ સમજાવવા માટે તો એથી પણ ઉન્નત ભૂમિકા જોઈએ. આ ભૂમિકા કોને હોય તે બતાવતાં મુનિશ્રી જયવિજયજી "શ્રી ગુણસ્થાન ક્રમારોહણ"ની પ્રસ્તાવનામાં યોગ્ય જ લખે છે કે :—

"આ પદ જો કે ગુજરાતી ભાષામાં લખાયું છે, અને તેથી શબ્દાર્થની સરલતા બહુ દેખાશે, પણ તે પદમાં જૈનદર્શનનો આદર્શ માર્ગ જણાવ્યો હોવાથી જિજ્ઞાસુ દશાથી લઈ પરમ પદ — મોક્ષની પ્રાપ્તિ સુધીના અદ્ભુત અને પરમ તત્ત્વરહસ્યમય ગુણસ્થાન ક્રમારોહણ હોવાથી તથા આધ્યાત્મિક માર્ગના અતિ ગૂઢ તત્ત્વો અને અલૌકિક રહસ્યોથી ભરપૂર હોવાથી, તે પદનો વાસ્તવિક રહસ્યાર્થ દર્શાવવાને તો મહાન યોગી આનંદઘનજી મહારાજ જણાવે છે તેમ 'અબધૂ સો જોગી ગુરુ મેરા, ઈન પદ કો કરે નિવેરા'ની માફક અસાધારણ જ્ઞાની હોય તે જ દર્શાવી શકે તેમ છે."[૫]

તત્ત્વજ્ઞાનથી ભરપુર આ કાવ્ય જૈનધર્મના તથા અન્ય ધર્મના અનુયાયીઓમાં પણ ઘણું પ્રસિદ્ધ છે, અને તે ઘણે ઠકાણે પ્રાર્થનામાં પણ બોલાય છે. પૂ. ગાંધીજીને પણ આ કાવ્ય એટલું પ્રિય હતું કે તેમણે તેને "આશ્રમ ભજનાવલિ"માં સ્થાન આપ્યું હતું. શ્રીમદ્નો વિરોધ કરનારાઓ તરફથી પણ આ કાવ્યની તો પ્રશંસા જ થઈ છે, તે તેનું ઉચ્ચત્વ સાબિત કરે છે. મુનિશ્રી હર્ષચંદ્રજી, કે જેમણે "શ્રીમદ્ રાજચંદ્ર વિચાર નિરીક્ષણ"માં શ્રીમદ્નાં ઘણાં ઘણાં મંતવ્યોનો સાચો કે ખોટો વિરોધ દર્શાવ્યો છે, તેમણે પણ આ વિશે નીચે પ્રમાણેનો પ્રશંસાપૂર્ણ અભિપ્રાય આપ્યો છે —

"અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ? એ કવિતા ઘણી રસિક છે, તેમાં રાગ અને તાલનો મેળ છે, અને બરાબર વાંચતાં કોઈ પણને હૃદય ઉપર સારી અસર કરે તેવી છે. આ કવિતા જ્યારે શ્રીમદ્દે લખી હશે ત્યારે તેઓ ઘણા ઉચ્ચ વિચારમાં ડૂબી ગયા હશે, એમાં સંશય નથી. કવિતાની કડીઓ એક પછી એક વાંચતાં એમ અનુભવ થાય છે કે જાણે જીવ પોતાના સ્થાનકના સોપાન પર ચઢતો હોય, તે પદ્ધતિએ તે કવિતા તેઓએ રચી છે. આ કવિતામાં તેઓએ આત્મસ્વભાવ જીવસ્થાનકક્રમ, ને મોહનીય પ્રકૃતિના ક્રમવાર વિલયનાં યથાતથ્ય સ્વરૂપો બતાવ્યાં છે. મન, વચન ને કાયાના સંબંધની વર્ગણા છૂટે, આત્મા સ્વસ્વરૂપમાં આવે એવી દશાનું ક્રમવાર તેઓએ વર્ણન ત્યાં કર્યું છે."[૬]

---

૫. "ગુણસ્થાન ક્રમારોહણ", આવૃત્તિ ૧, પૃ. ૫.

૬. "શ્રીમદ્ રાજચંદ્ર વિચાર નિરીક્ષણ", આવૃત્તિ ૨, પૃ. ૧૮૧.

૨૯ વર્ષની યુવાન વયે ઉચ્ચ આધ્યાત્મિક કક્ષાનું આ કાવ્ય રચનાર શ્રીમદ્દની અંતરંગ સ્થિતિ કેટલી ઉચ્ચ હશે તેનો ખ્યાલ આપણને અહીં આવે છે. એક જ બેઠકે અપૂર્વ ગણાય તેવું કાવ્ય રચનાર શ્રીમદ્ ગૃહસ્થાવસ્થામાં હોવા છતાં કેવી ઉચ્ચ કક્ષાએ વિરાજતા હશે કે ઠેઠ સિદ્ધ સુધીની દશાનો તેઓ યથાતથ્ય ખ્યાલ આ કાવ્યમાં આપી શક્યા છે !

## ચૌદ ગુણસ્થાનકો

આ કાવ્યની સમજણ પામવા માટે જૈનધર્મની ગુણસ્થાનક વિશેની તત્ત્વવિચારણાની સમજ હોવી આવશ્યક બને છે. ૧૪ ગુણસ્થાનનાં નામ આ પ્રમાણે છે —

| | | |
|---|---|---|
| ૧. મિથ્યાત્વ, | ૨. સાસ્વાદન, | ૩. મિશ્ર – મિથ્યાત્વ સમ્યક્ત્વ, |
| ૪. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, | ૫. દેશવિરતિ સમ્યગ્દૃષ્ટિ, | ૬. પ્રમત્તસંયત, |
| ૭. અપ્રમત્તસંયત, | ૮. અપૂર્વકરણ, | ૯. અનિવૃત્તિબાદર, |
| ૧૦. સૂક્ષ્મસંપરાય, | ૧૧. ઉપશાંતમોહ, | ૧૨. ક્ષીણમોહ, |
| ૧૩. સયોગી કેવળી અને | ૧૪. અયોગી કેવળી. | |

ગુણ એટલે આત્માની જ્ઞાન, દર્શન, વીર્ય આદિ શક્તિઓ, અને સ્થાન એટલે તે શક્તિઓની તરતમ ભાવવાળી અવસ્થા. આત્મા પર રહેલાં કર્મનાં પડલ જેમ જેમ દૂર થતાં જાય છે તેમ તેમ તેના ગુણનો વિકાસ થતો જાય છે, અને જીવ એક પછી એક ગુણસ્થાન ચડતો જાય છે. એ ગુણસ્થાનો વિશેની પારિભાષિક ટૂંકી સમજણ આ પ્રમાણે છેઃ—

(૧) **મિથ્યાત્વ** — આ ગુણસ્થાને વર્તતા જીવમાં દર્શન મોહનીય અને અનંતાનુબંધી કષાયની પ્રબળતા હોવાને લીધે તેને આત્મા તરફ રુચિ થતી જ નથી. તેને વીતરાગવાણીમાં શ્રદ્ધા હોતી નથી. મિથ્યાત્વી ત્રણ પ્રકારના છેઃ

૧. અભવ્ય — જેના મિથ્યાત્વને આદિ કે અંત નથી.
૨. ભવ્ય — જેના મિથ્યાત્વને આદિ નથી પણ અંત છે.
૩. પડવાઈ — જે જીવ સમકિત પ્રાપ્ત કર્યા પછી પતન પામ્યો છે.

(૨) **સાસ્વાદન** — સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી પતન પામતો જીવ પહેલે ગુણસ્થાને જતાં પહેલાં અહીં જરા વાર અટકે છે, અને તત્ત્વરુચિના સ્વલ્પ આસ્વાદવાળી ભૂમિકા પ્રાપ્ત કરે છે, તે સાસ્વાદન ગુણસ્થાન. ચડતી વખતે જીવ પહેલેથી ત્રીજે ગુણસ્થાને જાય છે.

(૩) **મિશ્ર** — મિથ્યાત્વમાંથી નીકળી સમ્યગ્દર્શન પામતાં પહેલાં જે મનોમંથનવાળી ભૂમિકા જીવને પ્રાપ્ત થાય છે તે મિશ્ર ગુણસ્થાન.

(૪) **અવિરતિ સમ્યગ્દૃષ્ટિ** — આત્મા અસંદિગ્ધપણે સત્યદર્શન, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે તે. અહીં આત્મા પહેલવહેલો આધ્યાત્મિક શાંતિ અનુભવે છે. અહીં અનંતાનુબંધી કષાયની ચોકડીનો વેગ નથી રહેતો, પણ ચારિત્રશક્તિને રોકનાર સંસ્કારોનો વેગ રહે છે, તેથી વિરતિ – ત્યાગવૃત્તિ ઉદય પામતી નથી. આ ગુણસ્થાને જીવ વ્રત, પચ્ચખાણ આદિ જાણે ખરો, પણ પૂર્વકર્મના ઉદયે પાળી ન શકે.

(૫) **દેશવિરતિ સમ્યગ્દષ્ટિ** — અહીં અલ્પાંશે વિરતિ ઉત્પન્ન થાય છે, તેથી દેશવિરતિ કહેવાય છે. એક પચ્ચખાણથી માંડીને બાર વ્રત અને શ્રાવકની ૧૧ પ્રતિમા સુધીમાંનું જેટલું પાળી શકે તેટલું આદરે. અહીં ઇચ્છા અલ્પ હોય. તે જીવ અલ્પારંભી, અલ્પપરિગ્રહી, સુશીલ, ધર્મિષ્ઠ, ઉદાસીન, વૈરાગ્યવંત હોય.

(૬) **પ્રમત્તસંયત** — વૈરાગ્યમાં જીવ વધુ દૃઢ બનતાં સર્વવિરતિ ગ્રહણ કરે છે. તેની ત્યાગવૃત્તિ ઉદય પામે છે. તેને પૂર્વાધ્યાસથી થતી ભૂલોનો પશ્ચાત્તાપ થાય છે. અહીં સાધક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી નવ તત્ત્વને જાણે છે, ૧૭ ભેદે સંયમ પાળે છે, ૧૨ ભેદે તપશ્ચર્યા કરે છે. પણ અપ્રમાદી રહેવાની ઇચ્છા છતાં ક્યારેક તેને પ્રમાદ આવતો હોવાથી આ ભૂમિકાને 'પ્રમત્તસંયત ગુણસ્થાન' કહેવાય છે.

(૭) **અપ્રમત્તસંયત** — અહીં જીવ પ્રમાદનો ત્યાગ કરે છે. બીજી બાજુ પૂર્વવાસનાઓ પોતા તરફ ખેંચે છે, તેથી જીવ છઠ્ઠા અને સાતમા ગુણસ્થાન વચ્ચે ઝોલાં ખાયા કરે છે.

(૮) **અપૂર્વકરણ** — આમાં પૂર્વે કદી નહીં અનુભવેલો એવો આત્મશુદ્ધિનો અનુભવ થાય છે. સાધક બાદર કષાયથી નિવર્ત્યો છે. આ ગુણસ્થાને સ્પષ્ટ બે શ્રેણી પડી જાય છે: ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી. આઠમાથી બારમા ગુણસ્થાન સુધીની ભૂમિકા ફક્ત એકાગ્ર ચિત્તની વિચારધારા નિરૂપે છે, તેથી તેની સ્થિતિ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની હોય છે. અને બારમે ગુણસ્થાને ન પહોંચે ત્યાં સુધી સાધકની સાધના ચડતીપડતી પામ્યા કરે છે.

ઉપશમશ્રેણીવાળો સાધક મોહનીય કર્મની પ્રકૃતિના દળને ઉપશમાવતો (દબાવતો) ક્રમે ક્રમે ૧૧મા ગુણસ્થાન સુધી પહોંચે છે, પણ ત્યાં કર્મનું જોર વધતાં તેનું પતન અવશ્ય થાય છે. ક્યારેક તે પડતાં પડતાં છઠ્ઠે ગુણસ્થાને તો ક્યારેક ચોથે ગુણસ્થાને અટકે છે; તો વળી ક્યારેક તે છેક પહેલે ગુણસ્થાને ઊતરી જાય છે. ત્યાંથી તેને ફરી ચડવાનું રહે છે. ક્ષપકશ્રેણી માંડતો સાધક મોહનીય કર્મની પ્રકૃતિના દળને મૂળમાંથી ક્ષય કરતો કરતો ક્રમે તથા ૧૦મે ગુણસ્થાને થઈ સીધો ૧૨મે ગુણસ્થાને પહોંચે છે. તે વચલા ૧૧મા (ઉપશાંતમોહ) ગુણસ્થાનને સ્પર્શતો જ નથી, તેથી તેના પતનને અવકાશ રહેતો નથી.

(૯) **અનિવૃત્તિબાદર** — મોહનીય કર્મના શેષ રહેલા અંશોનો ઉપશમ કે ક્ષય અહીંથી ચાલુ થાય છે. માયા ભાવ અહીં છૂટે છે.

(૧૦) **સૂક્ષ્મસંપરાય** — અહીં ક્ષમા કરતાં વિશુદ્ધ દશા પ્રાપ્ત થાય છે. નિર્મોહીપણું, નિરભિલાષા, અવિભ્રમ વગેરેનો આ સ્થાનમાં વિકાસ થાય છે.

(૧૧) **ઉપશાંતમોહનીય** — ઉપશમશ્રેણી માંડેલા સાધક માટે જ આ ગુણસ્થાન છે. મોહનીયની બાકી રહેલી સંજ્વલન પ્રકૃતિ અહીં ઉપશાંત થાય છે. અને ત્યાંથી આત્માનો વિકાસ અટકે છે, અને જીવનું અવશ્ય પતન થવાથી તે નીચેના ગુણસ્થાને ઊતરી જાય છે.

(૧૨) **ક્ષીણમોહ** — અહીં દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયની કુલ ૨૮ પ્રકૃતિઓ ક્ષય થાય છે, તેથી તે ક્ષીણમોહ ગુણસ્થાન કહેવાય છે. અહીંથી અંતર્મુહૂર્ત જેટલા સમયમાં જીવ કેવળજ્ઞાન પ્રગટાવે છે.

(૧૩) **સયોગી કેવળી** — આ ગુણસ્થાને ૪ ઘનઘાતી કર્મ – મોહનીય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયનો ક્ષય થઈ સર્વજ્ઞપણું પ્રગટે છે. પણ આ સ્થાનમાં મન, વચન અને કાયાના યોગ હોય છે. તેથી તે સયોગી કેવળી કહેવાય છે.

(૧૪) **અયોગી કેવળી**—આ ગુણસ્થાને આત્મા મન, વચન અને કાયાના યોગને રૂંધીને બાકીનાં ચાર અઘાતી કર્મોનો પણ ક્ષય કરી, મુક્તિ પામે છે; એક સમયમાત્રમાં ઊર્ધ્વગતિએ સિદ્ધક્ષેત્રે જઈ જ્ઞાનના ઉપયોગે સિદ્ધ થાય છે. અહીં જીવ યોગરહિત અને કેવળજ્ઞાન સહિત હોય છે, તેથી અયોગી કેવળી કહેવાય છે.

સમકિત થયા પછીથી ક્રમે ક્રમે આગળ વધતાં વધતાં જીવ કેવા ગુણો પ્રગટાવી સિદ્ધ થાય છે તેનો ચિતાર શ્રીમદ્દે આપણને આ કાવ્યમાં આપ્યો છે.

## પૂર્વ વિભાગ

આપણે આગળ જોયું તેમ. "અપૂર્વ અવસર" કાવ્યના પૂર્વ અને ઉત્તર એમ બે વિભાગ પાડી શકાય છે; પ્રથમની બાર કડીનો પૂર્વ વિભાગ અને બાકીની નવ કડીનો ઉત્તર વિભાગ. પૂર્વ વિભાગમાં શ્રીમદ્દે નિર્ગ્રંથ થવાની ભાવના, નિર્ગ્રંથનાં લક્ષણો, સમ્યગ્દર્શન અને નિર્ગ્રંથના આત્મચારિત્રનું વર્ણન કરેલ છે.

**નિર્ગ્રંથ થવાની ભાવના** — કાવ્યનો આરંભ શ્રીમદ્ નિર્ગ્રંથ થવાની પોતાની ભાવના વ્યક્ત કરીને કરે છે. કોઈ પણ મુમુક્ષુને જાણે પોતાના હૃદયની ભાવના જ વ્યક્ત થઈ હોય તેવું વાંચતાંની સાથે લાગે તેવી આ કડીની રચના થયેલી છે. જુઓ :—

"અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?<br>
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?<br>
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,<br>
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો ?" અપૂર્વ૦ ૧

કાવ્યની પહેલી જ કડીમાં પોતાની નિર્ગ્રંથ થવાની ભાવનાને પ્રશ્નરૂપે શ્રીમદ્ રજૂ કરે છે કે જગતના બધા જ સંબંધો છોડીને, દ્રવ્યથી – બાહ્યથી; તેમ જ ભાવથી – અંતરથી, સંયમી – નિર્ગ્રંથ થયેલા મહાન પુરુષના માર્ગે, તેમના જેવો જ સંયમી બની, હું ક્યારે જઈશ ? આજ સુધી પ્રાપ્ત ન કરેલો એવો "અપૂર્વ અવસર" ક્યારે પ્રાપ્ત થશે ?

જીવને સંસારમાં જકડી રાખતી રાગદ્વેષની ગાંઠ જેની કપાઈ ગઈ છે તે નિર્ગ્રંથ; અર્થાત્ જેના રાગ અને દ્વેષના ભાગ છૂટી ગયા છે તે. મોક્ષની પ્રાપ્તિ માટે નિર્ગ્રંથપણું આવશ્યક છે, તેથી નિર્ગ્રંથ થવાની ભાવના શ્રીમદ્દે પહેલી કડીમાં જ વ્યક્ત કરી છે.

અહીં એ વિચાર આવે કે શું આપણે અત્યાર સુધીમાં કોઈ જન્મમાં મુનિપણું નહિ પાળ્યું હોય ? શાસ્ત્રકારો કહે છે કે અત્યાર સુધીમાં અનેક વાર નિર્ગ્રંથપણું ગ્રહણ કર્યું છે, પણ તે માત્ર બહિરાત્મભાવથી. એટલે તે સફળ ન થયું.

આત્માના ત્રણ પ્રકાર કહેલા છે : બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. બહિરાત્મભાવ એટલે આત્માનો પોતાના સિવાયની અન્ય સર્વ વસ્તુ માટેનો ભાવ. અન્ય સર્વ વસ્તુ એટલે દેહ, કુટુંબ, લક્ષ્મી, પ્રભુતા વગેરે. તેમાં સ્વબુદ્ધિ કરનાર એવો જીવ તે બહિરાત્મા. આત્મા શરીરાદિથી ભિન્ન છે, એવી પ્રતીતિ થાય, અન્ય તરફનો મોહ ટળી જાય અને પોતાના તરફ રુચિ થાય તે અંતરાત્મા. પરમ વિશુદ્ધ વીતરાગદશા જેનામાં હોય તે પરમાત્મા. કેવળજ્ઞાનસ્વરૂપ વિશુદ્ધ આત્મા તે પરમાત્મા. એમ કહી શકાય કે આત્માના આ ત્રણ પ્રકાર એ ખરી રીતે, વિકાસની દૃષ્ટિએ, એક જ આત્માની એક એકથી ચડિયાતી ત્રણ ભૂમિકાઓ છે.

અત્યાર સુધીમાં જીવે વ્રત, તપ કે સાધુપણું પાળ્યું છે તે માત્ર બહિરાત્મભાવથી. તેની પાછળ કંઈ ને કંઈ ભૌતિક સુખ મેળવવાનો કે સંપત્તિ – કીર્તિ મેળવવા જેવો અન્ય કોઈ એવો જ આશય હતો. અત્યાર સુધીમાં જીવે શું શું કર્યું છે, તે શ્રીમદ્દે તેમના "યમ નિયમ" નામના કાવ્યમાં બહુ સારી રીતે સમજાવ્યું છે. બધું જ કર્યું, પણ તે માત્ર બહિરાત્મભાવથી, તેથી તે પરમાર્થમાર્ગની પ્રાપ્તિરૂપે ન ફળ્યું, તે તેમાં સારી રીતે સમજાવ્યું છે.

અહીં શ્રીમદ્દે બાહ્યથી નિર્ગ્રંથ થવાનું કહ્યું છે એટલે બહિરાત્મભાવથી થવાનું કહ્યું છે તેમ નથી. બાહ્યથી એટલે બાહ્ય વેશથી, ગૃહસ્થપણું છોડી મુનિવેશ ધારણ કરવાનો છે. અંતરથી નિર્ગ્રંથ થવું એટલે રાગદ્વેષરહિત થવું. ગમે તેવા સંજોગો હોય, બધા માન આપતા હોય, અનેક જાતની લબ્ધિઓ પ્રગટી હોય, છતાં તે વિશે જરા પણ માનભાવ ન આણવો; તેમ જ ગમે તેટલી અશાતાનો ઉદય હોય, ગમે તેટલા ઉપસર્ગો ને પરિષહો સહન કરવા પડતા હોય કે નિંદા-અપમાન થતાં હોય છતાં એનું નિમિત્ત બનનાર પ્રત્યે લેશ પણ દ્વેષભાવ ન આવે, સારી કે દુઃખકારી બંને સ્થિતિમાં સમભાવ રહે તે આંતરિક નિર્ગ્રંથપણું. આમ બાહ્ય તેમ જ આંતરવૃત્તિથી નિર્ગ્રંથ થવાની ભાવના અહીં વ્યક્ત કરાઈ છે. આવા નિર્ગ્રંથ કઈ રીતે થવાનું છે ? સાધક કવિ પોતે જ જવાબ આપે છે :

"સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને." અપૂર્વ૦

સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં જીવે રિદ્ધિ, સિદ્ધ, વૈભવ, સત્તા એમ અનેક વસ્તુઓનો ભોગવટો અનેક વખત કરેલો છે. તેમ છતાં તે વધુ ને વધુ ભોગવવાની લાલસા રહેતી જોવા મળે છે. ભોગનો મોહ જીવને સંસારમાં બાંધી રાખનાર છે. એ જ રીતે સંસારમાં જીવને બાંધી રાખનાર તેનાથી પણ સમર્થ બીજું બંધન છે, તે અન્ય જીવો –

માતા, પિતા, પત્ની, પુત્ર, કુટુંબ આદિ – પ્રત્યેનો સ્નેહ છે. તે બધામાં મારાપણાનો ભાવ વિશેષપણે રહેલો હોય છે, તેથી ખરી રીતે તેઓ બધાં મારાં નથી, પણ રાગદ્વેષના કારણરૂપ સંબંધિત અન્ય જીવો છે એમ સમજવું ઘણું મુશ્કેલ છે. આથી અન્ય જીવો પ્રત્યેનો રાગભાવ કે દ્વેષભાવ પણ સંસારમાં જીવને જકડી રાખનાર મજબૂત બંધન છે.

મુનિશ્રી જયવિજયજી જણાવે છે તેમ, સંસારમાં સંબંધ ત્રણ પ્રકારના છે: ૧. બાહ્યસંબંધ – શરીર, ધન, કુટુંબ, ઘર આદિ સાથેનો સંબંધ. ૨. આભ્યંતરસંબંધ – મન, વચન, ક્રોધ, માન, માયા, લોભ, રતિ, અરતિ આદિ કષાય, નોકષાય, વેદ વગેરેનો સંબંધ છે. ૩. સૂક્ષ્મ સંબંધ – રાગ, દ્વેષ, અજ્ઞાન એ ભાવકર્મ કે સૂક્ષ્મ સંબંધ છે.

આ સર્વ સંબંધથી ઉત્પન્ન થતાં સુખદુઃખનું મૂળ કારણ રાગ, દ્વેષ કે અજ્ઞાન છે, તેથી બીજા સંબંધ સાથે તેનો પણ અંતરથી ત્યાગ થવો જોઈએ. કારણ કે નહિતર તો પૂ. સંતબાલજી જણાવે છે તેમ —

> "ઘણાય સાધકો બહારની ગાંઠ છોડીને, અંતરની ગાંઠ છોડવા પ્રયત્નશીલ થાય છે, પણ સ્વચ્છંદનો મહારાક્ષસ સામે મોં ફાડીને બેઠો હોય છે. સ્વતંત્રતા મેળવતાં વૃત્તિની ગુલામી સ્વીકારી બેસે છે."[7]

આ બંધનને શ્રીમદે ખૂબ જ તીક્ષ્ણ જણાવેલ છે, કારણ કે તે બંધન છોડવું જીવને શલ્ય પેઠે સાલે છે. આનું એક કારણ એ છે કે અત્યાર સુધી જીવે પોતાનું સાચું સ્વરૂપ અને આત્માનું અનંત સુખ જાણ્યાં નથી, તેથી તેને તે પ્રત્યક્ષ નથી. તે પ્રત્યક્ષ કરાવનાર સત્પુરુષનો યોગ પણ હોતો નથી. બીજી બાજુ જીવ અનાદિકાળથી સંસાર સેવતો આવ્યો છે, તેથી તે રૂઢિ બની ગઈ છે. સાથે સાથે સંસારનાં ભૌતિક સુખ તે પ્રત્યક્ષ જોઈ શકે છે. તે સુખો ખોટાં છે, નાશવંત છે એવી સમજ સુખ મેળવવાની લાલસામાં દબાઈ જાય છે. તેથી અન્ય વધુ સારા સુખ માટે, તે સુખ મેળવવાનો લોભ છોડવો, તે પણ જીવને ખૂબ દુષ્કર લાગે છે. તેથી જીવને સંસારમાં જકડી રાખતું સંબંધનું બંધન ખૂબ તીક્ષ્ણ છે.

આ કાવ્ય જૈન આગમોની પરિપાટી અનુસાર રચાયું હોવાથી તેના પર જૈન સૂત્રોની અસર જોવા મળે તે સ્વાભાવિક છે. એ બધામાં "ઉત્તરાધ્યયનસૂત્ર"ની અસર વિશેષપણે આપણને જોવા મળે છે. "સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને" એ પંક્તિ પર "ઉત્તરાધ્યયનસૂત્ર"ના ૮ મા અધ્યયનની ૪ થી ગાથાની સ્પષ્ટ અસર દેખાય છે જુઓ —

> "सव्वं गंथं कलहं च, विप्पजहे तहाविहं भिक्खु ।
> सव्वेसु कामजाएसु पासमाणो न लिप्पई ताई ॥"[8]

૭. "સિદ્ધિનાં સોપાન", પૃ. ૩.

૮. "ઉત્તરાધ્યયન", પૃ. ૪૯; અર્થ: આઠ કર્મબંધ કરવાવાળા સર્વ પ્રકારના પરિગ્રહ અને ક્લેશ છોડી દે, જીવોના રક્ષક મુનિ સર્વ વિષયમાં બંધન દેખાને એમાં લિપ્ત થતા નથી.

તીક્ષ્ણ બંધન છેદીને નિર્ગ્રંથ થયા પછી તેમની અભિલાષા મહત્પુરુષને પંથે વિચરવાની છે. અહીં "મહત્પુરુષ" શબ્દ વિશિષ્ટ અર્થમાં પ્રયોજાયો છે. નિર્ગ્રંથમાં પણ મહત્પુરુષ એટલે તીર્થંકર પ્રભુ. તેમની સાથે તેમના ગણધરો અને ચૌદ પૂર્વધારી અન્ય મહાત્માઓ પણ મહત્પુરુષ ગણાય. તીર્થંકર પ્રભુ જે માર્ગે ચાલ્યા, કલ્યાણ કરવા તેમણે જે માર્ગ બતાવ્યો, તે માર્ગે ચાલવાની ઇચ્છા અહીં વ્યક્ત થયેલી છે. મહત્પુરુષને પંથે ચાલવાની ભાવનામાં પૂ. કાનજીસ્વામી તેમના પ્રવચનમાં બતાવે છે તે પ્રમાણે —

> "અનંત જ્ઞાની ભગવંતોનો વિનય છે. અને પોતાની પામર અવસ્થાનો ખ્યાલ છે. કારણ કે બેહદ સામર્થ્યવાળું જ્ઞાન જાણ્યું છે, પણ હજુ પ્રગટ્યું નથી."[૯]

આ ત્રણ પંક્તિઓમાં જે ભાવના દર્શાવી છે, તે અત્યાર સુધીના કોઈ પણ સમયમાં ભાવી નથી. તે ભાવના ભાવી હોય તો મુક્તિ થઈ જાય. જેની ભાવના જ ન ભાવી હોય તેને સાક્ષાત્ કરવાનો કાળ તો ક્યાંથી જ આવ્યો હોય? તેથી પૂર્વે કદી પ્રાપ્ત ન થયો હોય તેવો અવસર મને હવે ક્યારે પ્રાપ્ત થશે? – તે પ્રશ્ન પહેલી જ પંક્તિમાં કવિએ મૂક્યો છે. શ્રીમદ્ અપૂર્વ શબ્દથી મંગળાચરણ કરે છે. "અપૂર્વ"માં અનેક અર્થનો સમાવેશ થઈ જાય છે. આત્માની અનંતશક્તિ, નિર્ગ્રંથનો માર્ગ વગેરે જે કંઈ આજ સુધી પ્રાપ્ત નથી કર્યું તે અપૂર્વ છે. એથી એ શબ્દ જ માંગલ્યસૂચક છે. તેનાથી કાવ્યની શરૂઆત થવી તે સૂચક છે.

સંસારના સર્વ સંબંધ તોડી, બાહ્યાંતર નિર્ગ્રંથ થઈ, મહત્પુરુષને પંથે જવાની સાચી ભાવના જીવમાં ચોથું ગુણસ્થાન આવ્યા પછી જ જાગી શકે છે. તે પહેલાંની ભાવના બહિરાત્મભાવથી થયેલી હોય છે, તેથી અસફળ છે. આથી શ્રીમદ્ ચોથા ગુણ-સ્થાનથી જીવની દશા બતાવવાનું શરૂ કરે છે.

**નિર્ગ્રંથનાં લક્ષણો** — જીવ નિર્ગ્રંથદશા ધારણ કરે તે પછી તેનામાં કેવા ગુણો તથા કેવાં લક્ષણો પ્રગટે છે તે શ્રીમદ્દે બીજી કડીમાં બતાવ્યું છે. બીજી રીતે કહીએ તો એ કડીમાં શ્રીમદ્દે નિર્ગ્રંથપણાની વ્યાખ્યા આપી છે. જુઓ :—

> "સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
> માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો;
> અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ,
> દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો." અપૂર્વ૦ ૨

પોતે નિર્ગ્રંથરૂપે વિચરતા હોય તે વખતે પોતાનામાં કેવી જાતનાં લક્ષણોની શ્રીમદ્ અપેક્ષા રાખે છે તે બતાવતાં આ કડીમાં તેઓ કહે છે કે, બધા જ ભાવો પ્રત્યે ઉદાસીનતા પ્રગટી હોય, દેહને પણ ફક્ત સંયમના હેતુરૂપે જ ગણ્યો હોય, તે હેતુ સિવાય કોઈ પણ વસ્તુને કોઈ પણ કારણે ઇચ્છે નહિ, તે એટલે સુધી કે દેહ વિશે પણ સહેજે મમત્વભાવ કે મૂર્છા ન હોય, એવો નિર્ગ્રંથદશાને ફલિત કરતો અપૂર્વ અવસર ક્યારે આવશે?

૯. "અપૂર્વ અવસર" પરનાં પ્રવચનો, આવૃત્તિ ૨, પૃ. ૪.

નિર્ગ્રંથ મુનિને સર્વ ભાવ એટલે કે મોહ, રાગ, દ્વેષ વગેરે કષાયભાવ – પરભાવ પ્રત્યે ઉદાસીનતા હોય છે. સંસારવર્ધક ભાવોથી તે પર રહેવા ઇચ્છે છે, તેથી તે પ્રત્યે મુનિ ઉદાસીનતા ધારણ કરે છે.

"ઉદાસીનતા" અહીં વિશિષ્ટ અર્થ બતાવે છે. સંસાર ઉપરનો મોહ કે પ્રીતિ ઓછાં થવા માંડે ત્યારથી શરૂ કરીને સંપૂર્ણપણે મોહનો નાશ થાય ત્યાં સુધીની જીવની અવસ્થાના મુખ્યત્વે ત્રણ ભાગ પાડેલા છે: ૧. વૈરાગ્ય, ૨. ઉદાસીનતા અને ૩. વીતરાગતા.

**વૈરાગ્ય** — સંસાર પરના મોહનો અભાવ થવા માંડે ત્યારે શરૂઆતમાં સંસાર પ્રત્યે અરુચિ જન્મે છે, પછી અનાસક્તિ આવે છે, અને પછી ઉપેક્ષા થાય છે; આ દશાને વૈરાગ્ય કહે છે. વૈરાગ્યમાં અશુભ વૃત્તિઓનો નાશ અને શુભ વૃત્તિઓનો વધારો થાય છે, કારણ કે તે વખતે કષાયનો ઉપશમ થાય છે. જીવમાં પહેલે ગુણસ્થાને વૈરાગ્યની શરૂઆત થાય છે. તે તીવ્ર બનતાં ચોથે ગુણસ્થાને ઉદાસીનતામાં પરિણમે છે.

**ઉદાસીનતા** — સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થવા પછી શુભ કર્મના ઉદયથી સુખસાધનો પ્રાપ્ત થાય તો તેનાથી હર્ષ ન થાય અને અશુભ કર્મના ઉદયથી દુઃખદાયક સંયોગો મળે તો તેનાથી શોક ન થાય, અર્થાત્ કોઈ પણ દશામાં વિષમભાવો ન થતાં આત્મા સમભાવી જ રહે, એક જ સરખી વૃત્તિથી બંનેને વેદે તે ઉદાસીનતા. આ દશામાં કષાયોનો ઉપશમ અને ક્ષય હોવાથી, સુખદુઃખ સમભાવે વેદાતા હોવાથી, બંને પ્રકારનાં કર્મોનો નાશ થાય છે. વૈરાગ્યદશાની જેમ શુભની વૃદ્ધિ કે અશુભનો ક્ષય તે દશામાં થતાં નથી, કારણ કે બંને ભાવો તરફ તે ઉદાસીન હોય છે. આમ ઉદાસીનતા એ આત્માનો ગુણ છે. કેટલાક ઉદાસીનતાને દુઃખની સ્થિતિમાં ઉદ્‌ભવતી મનની નબળાઈ તરીકે ગણાવે છે તે અયોગ્ય છે. ઉદાસીનતા અને દીનતામાં ઘણો તફાવત છે. દીનતા લાચારીમાંથી પ્રગટે છે, ઉદાસીનતા આત્માના સામર્થ્યમાંથી પ્રગટે છે.

ઉદાસીનતામાં અશુભ અને શુભ કર્મની નિર્જરા સાથે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. ચોથાથી સાતમા ગુણસ્થાન સુધી સરાગ સંયમ હોય છે, ત્યાં સુધી સમ્યક્‌ચારિત્ર સંપૂર્ણપણે પાળી શકાતું નથી, અને કેટલીક શુભ વૃત્તિઓ ઉદયમાં આવી જતાં પુણ્યાનુબંધી પુણ્યનાં – તીર્થંકરગોત્ર જેવાં – કર્મો બંધાય છે.

**વીતરાગતા** — કષાય – રાગદ્વેષનો સંપૂર્ણ અભાવ તે વીતરાગતા. ૮માથી ૧૨મા ગુણસ્થાન સુધીમાં અખંડ ઉપયોગ અને આત્મસ્થિરતાને લીધે પુણ્યાનુબંધી પુણ્યનો પણ અભાવ હોય છે; ત્યાં માત્ર કર્મની નિર્જરા જ હોય છે, તેથી તે વીતરાગદશા કહેવાય છે. ચાર ઘાતી કર્મનો સર્વથા અભાવ જેને હોય તે સંપૂર્ણ વીતરાગ છે.

આમ ઉદાસીનતા એ વૈરાગ્ય પછીની દશા છે. વૈરાગ્યથી નિર્ગ્રંથપણું પ્રાપ્ત થાય છે, તેમાં ઉદાસીનતા આવે છે અને તે ઉત્કૃષ્ટ બનતાં તે વીતરાગતા રૂપે પરિણમે છે. આથી અહીં નિર્ગ્રંથપણામાં ઉદાસીન થવાનું જણાવ્યું છે. શ્રીમદે તેમના એક કાવ્યમાં પણ ઉદાસીનતા વિશે લખ્યું છે કે :—

"સુખકી સહેલી હૈ, અકેલી ઉદાસીનતા,
અધ્યાત્મની જનની તે ઉદાસીનતા."[૧૦]

શ્રી બનારસીદાસજીએ પણ શ્રીમદ્ પૂર્વે ઉદાસીનતા વિશે આવો જ અભિપ્રાય ઉચ્ચાર્યો છે —

"ઔર જગ રીત જેતી ગર્ભિત અસાતા સેતિ,
સાતાકી સહેલી હૈ, અકેલી ઉદાસીનતા."[૧૧]

ઉદ્ + આસીનતા = ઉદાસીનતા. ઉદ્ એટલે ઊંચે, આસીનતા એટલે બેસવાપણું. રાગ, દ્વેષ આદિથી ઊંચે બેસવાપણું તે ઉદાસીનતા.

નિર્ગ્રંથપણામાં દેહ પણ સંયમના નિર્વાહને અર્થે જ ઉપયોગમાં લેવાનો હોય છે; મતલબ કે જે પ્રવૃત્તિ સંયમને પોષક ન હોય તે કરવાની નહિ. દેહ તે મોક્ષ પ્રાપ્ત કરવાનું એક સાધન છે, મોક્ષપ્રાપ્તિમાં તે અનિવાર્ય છે. તેથી દેહને ટકાવવા માટે ખાવાની, પીવાની વગેરે ક્રિયા કરવાની જરૂર રહે છે. તેથી તે ક્રિયાઓ કરવી ખરી, પણ અનાસક્ત ભાવે. બોલવું, ચાલવું, નિદ્રા લેવી વગેરે પ્રવૃત્તિઓ પણ દેહ ટકાવવા કરવી; પણ જેમ બને તેમ ઓછી અને ઉદાસીનભાવે કરવાની અભિલાષા અહીં વ્યક્ત થઈ છે. તે ક્રિયાઓમાં શરીરની શાતાનો મમત્વભાવ હોતો નથી. શ્રી કાનજીસ્વામી આ વિશે લખે છે કે :—

"સંયમમાં ઇંદ્રિયદમન નિમિત્તરૂપે હોય છે, અને મૂળ કારણ આત્મસ્વભાવની સ્થિરતા છે. સહજ સ્વાભાવિક આત્મજ્ઞાનમાં ટકવું તે સ્થિરતા છે."[૧૧]

આ તો ક્રિયા કરવાની વાત થઈ, પણ સંયમના હેતુ સિવાય બીજી કોઈ પણ ચીજ મુનિને ખપે નહિ. મનના આનંદ માટે, પૂજાસત્કાર માટે, બાહ્ય સુંદરતા માટે કોઈ પણ વસ્તુ ખપે નહિ. કોઈ પણ ચીજનો પરિગ્રહરૂપે મુનિને નિષેધ છે, કારણ કે પૂર્ણ વીતરાગદશા ન આવી હોવાને લીધે તેમાં મમત્વ બંધાવાનો, બાહ્ય સુખની ઇચ્છા થવાનો સંભવ રહે છે. આ અપરિગ્રહીપણું એટલે સુધી લઈ જવાનું છે કે,

"દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો." અપૂર્વ૦

દેહ છે, તેના ધર્મો બજાવવાના છે, સર્વ ધર્મકાર્યો પણ તેનાથી જ સાધવાનાં છે, તેમ છતાં દેહમાં જરા પણ મમત્વબુદ્ધિ ન હોવી જોઈએ. તે જ નિર્ગ્રંથપણાનું લક્ષણ છે. દેહને ધર્મ પામવાનું સાધન જાણી તેને ટકાવવા, તેનું લાલનપાલન કરવાની લાલચ થઈ જાય તે સ્વાભાવિક છે, પણ એ લાલચ રોકી પોતાના કર્તવ્યમાં જ મગ્ન રહે તે સાચો નિર્ગ્રંથ. કર્મ ભોગવવા માટે દેહ તો મળવાનો જ છે, તે શ્રદ્ધા હોવાથી, शरीरमाद्यं खलु धर्मसाधनम् । એ જાણતો હોવા છતાં શરીરમાં જરા પણ મારાપણું કર્યા વિના પોતે આત્મામાં જ મગ્ન રહેવાની અભિલાષા સેવે છે. દેહ વિશેની અમૂર્છાની અગત્ય બતાવતાં શ્રી સંતબાલજી લખે છે કે :—

---

૧૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૯૫, "પરમપદ-પ્રાપ્તિની ભાવના", પૃ. ૫૩.
૧૧. "અપૂર્વ અવસર" પરનાં પ્રવચનો, આવૃત્તિ ૨, પૃ. ૭.

"સાધક જ્યારે નિર્ગ્રંથતાની સાધના કરતો હોય, ત્યારે બીજાં બહારનાં સંબંધીજનોની કે પદાર્થોની વળગણા ઓછી થાય છે. પરંતુ પછીથી દેહની વળગણાય ઘટાડવાનો પ્રબળ પુરુષાર્થ કરવાનો રહે છે. કારણ કે દૂરના બંધન કરતાં પાસેનું બંધન હંમેશાં જટિલ હોય છે. દેહની મૂર્છા ટળશે તો શરીરમાં કાર્ય કરી રહેલાં અંતરંગ કારણો જેવાં કે પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત એ પણ ટળશે જ, કારણ કે આત્માના વૈભાવિક રસથી જ એ બધાં જન્મ્યાં છે, ને નભ્યાં છે. આ રીતે જીવનની પરાકાષ્ઠારૂપ આત્મસિદ્ધિ માટે અમૂર્છ દશાની મારી આ કલ્પના છે"[૧૨]

નિર્ગ્રંથપણાનાં લક્ષણ બતાવતી આ કડી પર "ઉત્તરાધ્યયનસૂત્ર"ના ૨૯ મા અધ્યયનના બીજા ફકરાની તથા "દશવૈકાલિકસૂત્ર" છઠ્ઠા અધ્યયનની ૨૦–૨૧ એ બે ગાથાની છાયા પડી હોય તે સંભવિત છે. જુઓ :—

"निव्वेएणं दिव्वमाणुसतेरिच्छिएसु काममोगेसु  
निव्वेयं हव्वमागच्छइ । सव्वविसएसु विरज्जइ ।  
सव्वविसएसु विरज्जमाणे आरंभपरिच्चायं करेइ ।  
आरंभपरिच्चायं करेमाणे संसारमग्गे ।  
वोच्छिदइ सिद्धिमग्गं पडिवन्ने य भवइ ।"[૧૩]

"जं पि वत्थं व पाय वा कंबलं पायपुच्छणं ।  
तं पि संजमलज्जट्ठा धारेंति परिहरेंति य ॥"  
"न सो परिग्गहो वत्तो णायपुत्तेण ताइणा ।  
मुच्छा परिग्गहो वुत्तो इइ वुत्तं महेसिणा ॥"[૧૪]

"ઉત્તરાધ્યયન" અને "દશવૈકાલિક" એ બંને સૂત્રની ઉપરની ગાથાઓમાં મુનિ દેહ, પરિગ્રહ આદિના સંયમાર્થે કઈ રીતે ઉપયોગ કરે છે તે બતાવ્યું છે. મુનિ અસંગપણે રહે છે, મૂર્છાભાવ કરતા નથી વગેરે લક્ષણો અહીં બતાવાયાં છે, જે આપણે "અપૂર્વ અવસર"ની બીજી કડીમાં જોઈ શકીએ છીએ. સંપૂર્ણ અસંગપણું પ્રાપ્ત કરવાની ભાવના શ્રીમદ્દે એ કડીમાં ભાવી છે.

---

૧૨. "સિદ્ધિ સોપાન", પૃ. ૭.

૧૩. "ઉત્તરાધ્યયન", પૃ. ૨૪૯; અર્થ : નિર્વેદથી દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી કામભોગોથી વિરક્ત થાય છે, બધા વિષયથી વિરક્તિ થાય છે. બધા વિષયથી વિરક્ત થઈ આરંભ પરિગ્રહનો ત્યાગ કરે છે. આરંભપરિગ્રહનો ત્યાગ કર્યા પછી સંસારમાર્ગનો ત્યાગ કરી મોક્ષમાર્ગ ગ્રહણ કરે છે.

૧૪. "દશવૈકાલિક", અધ્ય. ૬, ગાથા ૨૦–૨૧, પૃ. ૮૭; અર્થ : "જે કંઈ વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપુંછન, રજોહરણ ઇત્યાદિ જે સંયમી પુરુષો સંયમનાં ઉપકરણોને સંયમના નિર્વાહને માટે ધારણ કરે છે કે પહેરે તેને જગતના જીવોના રક્ષક જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર દેવે પરિગ્રહ કહ્યો નથી. પરંતુ તેમાં સંયમધર્મ બતાવ્યો છે. પરંતુ તે વસ્ત્રાદિ કોઈ પણ વસ્તુ પર જો મૂર્છાઆસક્તિ હોય તો જ તે પરિગ્રહ છે એમ તે ઋષિશ્વરે ફરમાવ્યું છે."
— શ્રી સંતબાલજીએ કરેલા અનુવાદમાંથી, "દશવૈકાલિકસૂત્ર," પૃ. ૭૬.

શ્રીમદ્દે પોતાના આ જાતના ભાવ અન્ય લખાણમાં પણ કેટલીક જગ્યાએ વ્યક્ત કર્યા છે. તે સર્વ જોવા તો અહીં શક્ય નથી, પણ પરિગ્રહ અને સુખ વિશેના તેમના વિચારો જણાવતાં નીચેનાં વચનો જુઓ —

"સર્વ જગતના જીવો કંઈ ને કંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે. મોટો ચક્રવર્તી રાજા તે પણ વધતા વૈભવ, પરિગ્રહના સંકલ્પમાં પ્રયત્નવાન છે, અને મેળવવામાં સુખ માને છે, પણ અહો ! જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો કે કિંચિત્ માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે."[15]

આ પ્રમાણે નિર્ગ્રંથપણાનાં લક્ષણો બતાવ્યા પછી શ્રીમદ્દે સમ્યગ્દર્શનનું સ્વરૂપ ત્રીજી કડીમાં દર્શાવ્યું છે.

**સમ્યગ્દર્શન** — શ્રીમદને પોતાને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ હતી, તેનો ઉલ્લેખ ત્રીજી કડીમાં મળે છે :—

"દર્શનમોહ વ્યતીત થઈ ઊપજયો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો." અપૂર્વ૦ ૩

આત્મા અને દેહ બંને જુદા છે તથા આત્મા માત્ર ચૈતન્યમય તથા જ્ઞાનમય છે એવો બોધ દર્શનમોહનીય કર્મના નાશથી પ્રાપ્ત થયો છે. તે જ્ઞાન દ્વારા ચારિત્રમોહનીય કર્મ પણ ક્ષીણ થતું દેખાય છે. પણ પોતાને જે શુદ્ધ સ્વરૂપનો બોધ થયો છે, તે શુદ્ધ સ્વરૂપમાં જ રહેવાનું બને એવો અપૂર્વ અવસર ક્યારે આવશે ? — એ વિચાર શ્રીમદ્દે અહીં મૂક્યો છે.

દર્શનમોહ એ મોહનીય કર્મનો એક પ્રકાર છે. કર્મ અનંત પ્રકારનાં છે. તેમાં આઠ પ્રકારનાં કર્મ મુખ્ય છે. એ આઠ કર્મમાં સૌથી પ્રબળ, સત્તાધારી કર્મ તે મોહનીય છે. મોહનીયના બે ભેદ છે : દર્શનમોહ અને ચારિત્રમોહ. આ મોહનીય કર્મને શાસ્ત્રકારો મદિરા સમાન ગણાવે છે.[16]

**દર્શનમોહ** — નવતત્ત્વ – જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ – ની જિનેશ્વર ભગવાને જે પ્રમાણે પ્રરૂપણા કરી છે તે જ પ્રમાણે તેને યથાર્થ માનવાં, તેમાં અચળ શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન. આત્માના આ દર્શનને આવરણ કરનાર કર્મ તે દર્શનમોહનીય. તેની ત્રણ પ્રકૃતિ છે : સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય.[17]

---

૧૫. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૨૦, આંક ૮૩૨.

૧૬. ૧૭. "કર્મગ્રંથ પ્રકરણ" ૧, ગાથા ૧૩–૧૪, પૃ. ૨૬–૨૭.

ચારિત્રમોહ — હિંસા આદિ વ્યાપારોનો સર્વથા ત્યાગ કરવો તેમ જ અહિંસા આદિનું સંપૂર્ણ પાલન કરવું તે સમ્યક્‌ચારિત્ર. તેને આવરણ કરનારું કર્મ તે ચારિત્રમોહનીય. તેના બે ભેદ છે : કષાય અને નોકષાય. કષ = સંસાર, આય = લાભ, જેનાથી સંસારલાભ થાય તે કષાય. આ કષાય ૪ પ્રકારના છે : ક્રોધ, માન, માયા અને લોભ. તે પ્રત્યેકના ૪ ભેદ છે : અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન. આમ કષાયના કુલ ૧૬ પ્રકાર થાય. નોકષાય ૯ છે : હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, અને સ્ત્રી, પુરુષ, નપુંસક એ ત્રણ વેદ મળી ૯ નોકષાય છે. કષાયની સાથે રહી તેને ઉદ્દીપન કરતા હોવાથી તે નોકષાય કહેવાય છે.

આત્મસ્વરૂપને આવરણ કરે તે દર્શનમોહ અને આત્મચારિત્રને આવરે તે ચારિત્રમોહ. આત્મસ્વરૂપને આવરણ કરનાર દર્શનમોહનો નાશ થાય ત્યારે સ્વસ્વરૂપ પ્રગટ થાય. તેનો નાશ થવાથી અનુભવબોધ ઊપજે છે. આ કડીની પહેલી પંક્તિમાં શ્રીમદ્‌ લખે છે કે, “ દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે ” તે પરથી જણાય છે કે તેમને સમ્યગ્દર્શન થયું હતું. દર્શનમોહ વ્યતીત થયો એટલે કે નાશ થયો, અર્થાત્‌ “ સમ્યગ્દર્શન થયું.” દર્શનમોહના નાશથી સમ્યગ્દર્શન થાય તે જિનોક્ત સિદ્ધાંત છે. પણ અહીં તે વાત સર્વ-સામાન્ય વ્યક્તિ માટે વપરાયેલ નથી, પણ પોતાને અનુલક્ષીને છે. તે આપણે “ ઊપજ્યો ” શબ્દ પરથી જાણી શકીએ છીએ. તે વિશે શ્રી નગીનદાસ શેઠ લખે છે કે :—

> “ જો સામાન્ય રીતે લખ્યું હોય તો ‘ ઊપજ્યો ’ને બદલે ‘ ઊપજે ’ એમ લખત. વળી ત્રીજી લીટીમાં ‘ વિલોકિયે ’ શબ્દ પણ એ જ વાત સૂચવે છે કે તેમનું ચારિત્ર ઘણું નિર્મળ થતું જાય છે અથવા થઈ ગયું છે એમ તેઓ પોતે જોઈ શકે છે, અને તે જોઈ શકવાનું કારણ એ કે તેમનામાં શુદ્ધાત્મ સ્વરૂપનું ધ્યાન સદા નિરંતર વર્તતું હતું.”[૧૮]

સમ્યગ્દર્શનને આવરણ કરનારું દર્શનમોહ કર્મ નાશ પામવાથી એવો બોધ ઉત્પન્ન થયો કે આત્મા દેહથી ભિન્ન છે અને તે ચૈતન્ય તથા જ્ઞાનમય છે. સમ્યગ્દર્શીને તે બોધ વર્તનમાં ઊતરે જ. જેને આવું અનુભવસ્વરૂપ જ્ઞાન હોય નહિ તેને શુષ્કજ્ઞાની થવાનો સંભવ વિશેષ. સમ્યગ્દર્શન અર્થાત્‌ “ દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન ” થાય ત્યારે દેહાદિ પદાર્થો બંધનરૂપ, ભવભ્રમણ કરાવનાર જીવને લાગે છે. તેથી તેનાથી છૂટવા, ચારિત્ર ગ્રહણ કરવાનું લક્ષ તેને બંધાય છે, શુદ્ધ આત્મસ્વરૂપ પામવાની તેની ઇચ્છા પ્રબળ બને છે, અને એ ઇચ્છા પૂરી કરવાના હેતુથી જ તેની પ્રત્યેક પ્રવૃત્તિ થતી હોય છે. પરિણામે તેના ચારિત્રની વધતી વિશુદ્ધતા તથા ચારિત્રમોહનીયનો વિશેષપણે ક્ષય જોવાય છે. આ કડીની ૪ થી પંક્તિમાં તે કારણ શ્રીમદે સ્પષ્ટપણે બતાવ્યું છે : “ વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો.”

દર્શનમોહનો નાશ થવાથી આત્મસ્વરૂપનાં દર્શન કર્યા પછી જીવને શુદ્ધતમ આત્મ-સ્વરૂપ પ્રગટાવવાનું જ એક લક્ષ રહે છે. તેથી તે સ્વરૂપ પ્રગટે, ભવભ્રમણ જાય તેવી જ પ્રવૃત્તિ તેનાથી થાય છે. કર્મના ઉદયને લીધે જે કંઈ કાર્ય તે કરે તેમાં આસક્તિ ન હોય. આથી ચારિત્રમોહનીયનો પણ ક્ષય થાય. આ ક્ષય થયા પછી મોહનો ઉદય ફરીથી ન આવે તે જણાવવા શ્રીમદે “ પ્રક્ષીણ ” શબ્દ બહુ યોગ્યતાથી યોજ્યો છે.

---

૧૮. “ પરમપદ-પ્રાપ્તિની ભાવના ”, આવૃત્તિ ૧, પૃ. ૫૮.

આ કડી ઉપર આપણને "ઉત્તરાધ્યયનસૂત્ર"ના ૨૮મા અધ્યયનની ૩૦ તથા ૩૫મી ગાથાની છાયા જોવા મળે છે. તે ગાથાઓ આ પ્રમાણે છે —

"नादंसणिस्स नाणं नाणेण विणा न हुंति चरणगुणा ।
अगुणिस्स नत्थि मोक्खो नत्थि अमोक्खस्स निव्वाणं ॥"

"नाणेण जाणई भावे दंसणेण य सद्दहे ।
चरित्तेण निगिण्हाइ तवेण परिसुज्झई ॥"[૧૯]

આ ગાથામાં દર્શાવ્યું છે તે પ્રમાણે દર્શન વિના જ્ઞાન નથી, જ્ઞાન વિના ચારિત્ર નથી, ચારિત્ર વિના મુક્તિ નથી અને મુક્તિ વિના નિર્વાણ નથી. વળી જ્ઞાનથી પદાર્થ જણાય છે, દર્શનથી શ્રદ્ધા આવે છે અને ચારિત્રથી કર્મક્ષય થાય છે, તથા તપથી શુદ્ધિ આવે છે. આ જ ભાવ જુદી રીતે શ્રીમદે અહીં વ્યક્ત કર્યો છે. દર્શનથી જ્ઞાન, શ્રદ્ધા આવે છે, અને પરિણામે ચારિત્ર ગ્રહણ કરવાથી આત્મા શુદ્ધ સ્વરૂપને પામે છે તેમ તેમણે બતાવ્યું છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા પછી જ આત્માનો સાચો વિકાસ થાય છે. દર્શન થયા પહેલાં જીવનું વર્તન, જે ભવભ્રમણ વધારનારું હતું, તે પછીથી ભવ કમી કરનારું બને છે, અને આત્માની વિશુદ્ધતા વધતાં વધતાં પૂર્ણતાએ પહોંચે છે. ભવઅંત લાવનાર "સમ્યગ્દર્શન"નું શ્રીમદ્‌ને મન કેટલું મહત્ત્વ હતું તે તેમનાં આ વચનો જોતાં જણાશે —

"અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યાંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર!"[૨૦]

"હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુરૂપ સમ્યક્‌દર્શન! તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો! આ અનાદિ અનંત સંસારમાં અનંત અનંત જીવો તારા આશ્રય વિના અનંત અનંત દુઃખને અનુભવે છે. તારા પરમ અનુગ્રહથી સ્વસ્વરૂપમાં રુચિ થઈ, પરમ વીતરાગ સ્વભાવ પ્રત્યે નિશ્ચય આવ્યો. કૃતકૃત્ય થવાનો માર્ગ ગ્રહણ થયો."[૨૧]

સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછીથી જીવ પૂર્ણ શુદ્ધતાને પામે તે વિકાસક્રમને "ગુણસ્થાન ક્રમારોહણ" કહે છે. તે વિકાસક્રમ શ્રીમદે આ પછીની કડીઓમાં બતાવ્યો છે. અર્થાત્ નિર્ગ્રંથનાં આત્મચારિત્રનું વર્ણન તેમણે કર્યું છે.

**નિર્ગ્રંથનું આત્મચારિત્ર** — સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી, પોતાનું શુદ્ધ સ્વરૂપ પામવાના લક્ષથી જીવ દ્રવ્યથી તેમ જ ભાવથી કેવા ચારિત્રનું પાલન કરે છે તે ચોથીથી

૧૯. "ઉત્તરાધ્યયનસૂત્ર", અધ્ય. ૨૮; ગાથા ૩૦ ને ૩૫, પૃ. ૨૪૪, ૨૪૫.
૨૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૨૫.
૨૧. એજન, પૃ. ૮૨૪.

બારમી – એ નવ કડીમાં શ્રીમદ્દે બતાવ્યું છે. નિર્ગ્રંથ મુનિ વિશેનો પોતાનો આદર્શ, અર્થાત્ મુનિ તરીકે પોતે પાળવા ધારેલા ચારિત્રનો ખ્યાલ શ્રીમદ્દે આ કડીઓમાં આપણને આપ્યો છે. તે ચારિત્રમાં આત્મસ્થિરતાને સૌ પ્રથમ સ્થાન આપતાં લખ્યું છે કે:—

"આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહિ તે સ્થિરતાનો અંત જો." અપૂર્વ૦ ૪

આત્માની સ્થિરતા કેવી હોવી જોઈએ તે બતાવતાં અહીં કહ્યું છે કે, ત્રણ યોગના સંક્ષિપ્ત ભાવરૂપ આત્મસ્થિરતા જીવનપર્યંત એટલી પ્રબળતાથી વર્તે કે જેથી, પ્રાણઘાતક નીવડે તેવા પરિષહ કે ઉપસર્ગનો ભય ઉત્પન્ન થાય ત્યારે પણ તે સ્થિરતાનો અંત આવે નહિ. એવો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

પૂ. સંતબાલજીના લખવા મુજબ આ કડીમાં "જૈન આગમોમાં વર્ણવાયેલા પાંચમા ગુણસ્થાનવર્તી સાધકનું આમાં બયાન છે."[૨૨] પાંચમા ગુણસ્થાને જીવને "ગૃહસ્થ સાધક", "સરાગ સંયમી" કે "વ્રતધારી શ્રાવક" તરીકે ઓળખવામાં આવે છે. પાંચમે ગુણસ્થાને પરિગ્રહાદિથી છૂટવાનો તેનો પ્રયત્ન હોય છે. તે ત્યાગવૃત્તિ પ્રબળ બનતાં તે સર્વવિરતિ ગ્રહણ કરે છે. સર્વવિરતિ સાધુ માટે ૬ અને ૭ એ બે ગુણસ્થાન છે. દીક્ષા લેતી વખતે ભાવ ઉત્કૃષ્ટ હોવાથી જીવ સાતમે ગુણસ્થાને હોય છે, પણ પછી મનની ચંચળતાને લીધે તે છઠ્ઠા અને સાતમા ગુણસ્થાન વચ્ચે ચડઊતર કર્યા કરે છે.

આ કડીમાં પરિષહ કે ઉપસર્ગના ભયથી પણ સાધકની આત્મસ્થિરતા ન ડગવી જોઈએ તેવી ભાવના છે. પરિષહ કે ઉપસર્ગનો ઉપદ્રવ ગૃહસ્થદશા કરતાં મુનિદશામાં વિશેષ સંભવિત છે, એ પરથી આ કડીમાં આપેલું વર્ણન શ્રી કાનજીસ્વામી, શ્રી જયવિજયજી તથા શ્રી નગીનદાસ ગિરધરલાલ શેઠ જણાવે છે તે પ્રમાણે સાતમા ગુણસ્થાનવર્તી જીવને વિશેષ લાગુ પડતું લાગે છે. આ વર્ણન "સરાગ સંયમી" કરતાં "સર્વવિરતિ સાધુ" માટે વધુ સંભવિત છે. એટલે શ્રી સંતબાલજીના અભિપ્રાય સાથે આ વર્ણન વિશે ભેદ આવે છે.

"આત્મસ્થિરતા" એટલે આત્મા વિભાવદશામાં ન જતાં પોતાના સ્વભાવમાં ટકી રહે તે. અર્થાત્ શ્રી કાનજીસ્વામી જણાવે છે તેમ:—

"આત્મસ્થિરતા એટલે મન, વચન, કાયાના આલંબનરહિત સ્વરૂપ મુખ્યપણે વર્તે, તેમાં ખંડ ન પડે એવી સ્થિરતા."[૨૩]

અહીં ત્રણ સંક્ષિપ્ત યોગની સ્થિરતાની વાત છે. યોગ એટલે આત્મા અને ક્રિયાનું જોડાણ. ક્રિયા ત્રણ પ્રકારની છે: મનની, વચનની અને કાયાની. તેથી યોગ પણ ત્રણ જાતના

૨૨. "સિદ્ધિનાં સોપાન", પૃ. ૨૬
૨૩. અપૂર્વ અવસર પરનાં પ્રવચનો, પૃ. ૧૫.

કહેવાય છે: આત્માનું મન સાથે જોડાણ તે મનોયોગ; મનોયોગ એટલે વિચાર. આત્માનું વચન સાથે જોડાણ એટલે વચનયોગ; વચનયોગ એટલે વાણી. અને આત્માનું કાયા સાથે જોડાણ એટલે કાયયોગ; કાયયોગને વર્તન કહે છે. મન, વચન અને કાયાની ક્રિયાને યોગ કહે છે.

આત્માનું મન, વચન કે કાયા સાથેનું જોડાણ ક્ષણજીવી હોય છે; તે વારાફરતી બીજા બીજા સાથે જોડાતો હોય છે. એક ક્ષણ મન સાથે, તો બીજી ક્ષણે વચન સાથે, તો ત્રીજી ક્ષણે કાયા સાથે તે જોડાતો હોય છે. આથી આ યોગ સંક્ષિપ્ત કહેવાય છે. સંક્ષિપ્ત એટલે ટૂંકા. પરંતુ શ્રીમદ્‌ને અહીં આ અર્થ અભિપ્રેત નથી. સામાન્ય માણસને તે યોગ નિરંકુશપણે પ્રવર્તતા હોય છે, પણ જ્ઞાની મહાત્માને તેમ હોતું નથી. તેઓને હેય-ઉપાદેયનો વિવેક હોય છે, તેથી કર્મનો ઉદય આવે તોપણ તેઓ થતા સંકલ્પ-વિકલ્પને બુદ્ધિપૂર્વક ટૂંકા કરી નાખે છે. ઉદયાધીન સંકલ્પ-વિકલ્પ આવે ત્યારે પણ આત્મજાગૃતિ કાયમ રહેતી હોવાથી યોગ સંક્ષિપ્ત રહે છે, એટલે કે યોગની પ્રવૃત્તિ પોતાના શરીર અને આત્માની બહાર નથી થતી. આમ જ્ઞાનીની બાબતમાં યોગ સંક્ષિપ્ત રહે છે. આથી શ્રીમદ્‌ે આ કડીમાં બહુ યોગ્યતાથી લખ્યું છે કે:—

"આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની." અપૂર્વ૦

પ્રત્યેક પ્રાણીમાં આત્માનું યોગનું જોડાણ તો હોય જ છે. પણ આત્મા વિભાવદશામાં વર્તતો હોવાથી તે ભવભ્રમણનું કારણ બને છે. પણ આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવા માટે સ્વભાવમાં ટકી રહેવું આવશ્યક છે, તેથી કહેવામાં આવ્યું છે કે:—

"આત્મા એક ક્ષણ પણ વિભાવદશામાં ન જતાં જીવનપર્યંત સ્વભાવમાં ટકી રહે, જીવનભર આત્મસ્થિરતા ટકી રહે એ ભાવના છે, કારણ કે એથી આત્માની વિશુદ્ધિ ક્ષણેક્ષણે વધતી જાય છે અને ઘણા ટૂંકા કાળમાં શુદ્ધાત્મસ્વરૂપ પ્રાપ્ત કરી શકાય છે."[૨૩અ]

આ આત્મસ્થિરતા મુખ્યપણે દેહ ટકે ત્યાં સુધી રહે તે ભાવના પાછળ પણ હેતુ છે. શ્રીમદ્‌ તો મોક્ષપદના અભિલાષી હતા. અને તે પદ તેમને જેમ બને તેમ જલદી લેવું હતું. તેમની ભાવના તો વર્તમાન દેહે જ મોક્ષ મેળવવાની હતી, તેથી જેમાં આત્માની વિશુદ્ધતા ક્ષણે ક્ષણે વધતી જાય છે, તેવી આત્મસ્થિરતા દેહપર્યંત ટકી રહે તેવી ભાવના તેમણે ભાવી છે.

આત્મસ્થિરતાની અગત્ય બતાવતાં શ્રી સંતબાલજી લખે છે કે:—

"ભૂલો માત્રનું મૂળ જ આત્મસ્થિરતાનો અભાવ છે. આત્મસ્મૃતિનું ધન લૂંટાઈ ગયા પછી જ બુદ્ધિ દેવાળું ફૂંકે છે. સુખ અને સ્વતંત્રતાને સ્થાને દુઃખ અને બંધન એથી જ આવી પડે છે, માટે જ આત્મસ્થિરતાની પળે પળે આવશ્યકતા છે. આત્મસ્થિરતાનો અભાવ એ જ ભાવમરણ છે."[૨૪]

---

૨૩અ. "પરમપદપ્રાપ્તિની ભાવના", પૃ. ૬૬.

૨૪. "સિદ્ધિનાં સોપાન", પૃ. ૧૮.

આ આત્મસ્થિરતા કેવી હોવી જોઈએ તે શ્રીમદ્દે આ કડીની છેલ્લી બે પંક્તિમાં સમજાવ્યું છે. તે સ્થિરતા ઘોર પરિષહ કે ઉપસર્ગના ભયથી લેશ પણ ડગવી ન જોઈએ. ત્રીજી પંક્તિમાં "ભય" શબ્દ ખાસ હેતુપૂર્વક યોજાયેલો જોવા મળે છે. "પરિષહ" અને "ઉપસર્ગ" એ બંનેનો ભય સાધકને એટલો બધો સતાવે છે કે કેટલીક વખત તો ઉપસર્ગ અને પરિષહ પણ એટલા સતાવી શકતા નથી. માનસશાસ્ત્રીઓ પણ જણાવે છે કે સાક્ષાત્ દુઃખ કરતાં દુઃખનો ભય માણસને વધુ પીડા આપે છે. આથી ઉપસર્ગ કે પરિષહનાં દુઃખ કરતાં વિશેષ દુઃખ તે આવી પડવાના "ભય"માં રહેલું દેખાય છે. એથી જ શ્રીમદ્દે ઉપસર્ગ કે પરિષહના દુઃખ વખતે જ નહિ પણ તે બંનેના આવી પડેલા ભય વખતે પણ આત્મસ્થિરતા ન ડગવી જોઈએ તેવી ભાવના રાખી છે.

કર્મ ખપાવવા તથા માર્ગથી ચ્યુત ન થવા માટે જે કંઈ સહન કરવું પડે તે પરિષહ કહેવાય છે. એમાંના કોઈ વિશેષ પ્રમાણમાં હોય તો તે પ્રાણઘાતક પણ નીવડે. તેવા પરિષહ ઘોર પરિષહ કહેવાય છે. નિર્ગ્રંથ મુનિને સહન કરવા પડતા પરિષહ બાવીસ[૨૫] પ્રકારના કહ્યા છે તે આ પ્રમાણે: ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, દંશમશક, નગ્નતા, અરતિ, સ્ત્રી, ચર્યા, નિષદ્યા, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મેલ, સત્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન અને દર્શન. તે પ્રત્યેકની ટૂંકાણમાં સમજણ નીચે પ્રમાણે છે:—

કોઈ પણ કારણસર શુદ્ધ આહાર ન મળતાં ક્ષુધા સહન કરવી પડે તે **ક્ષુધા પરિષહ.** શાસ્ત્રમાં જણાવેલું ઉકાળેલું અચિત્ત પાણી ન મળતાં તૃષા સમભાવે સહેવી તે **તૃષા પરિષહ.** શિયાળામાં સખત ઠંડીમાં પણ ટાઢ ઉડાડવા કોઈ પ્રયત્ન ન કરતાં ઠંડી સમભાવે સહેવી તે **શીત પરિષહ.** ગ્રીષ્મમાં એ જ રીતે સૂર્યાદિ તાપ સહન કરવા તે **ઉષ્ણ પરિષહ.** ગુફામાં કે અન્ય જગ્યાએ મચ્છર, ડાંસ, માંકડ આદિ જંતુઓના ડંખ પીડા કરે તેથી મનને ચંચળ ન બનવા દેતાં તેને સમભાવે સહેવા તે **દંશમશક પરિષહ.** સચેલક મુનિનાં વસ્ત્ર ફાટી જાય તોપણ કોઈ પાસે વસ્ત્રની યાચના ન કરતાં સમભાવે નગ્નતા વેદે તે **નગ્નતા પરિષહ.** અચેલક માટે તો નગ્નતા એ હંમેશનો પરિષહ રહે છે. કોઈ પણ વસ્તુ પ્રાપ્ત ન થાય છતાં મનમાં શોક થવા દીધા વિના સંયમમાં રહેવું તે **અરત પરિષહ.** મુનિને સ્ત્રી વશ કરવા પ્રયત્ન કરે તે વખતે ચલિત ન થતાં સંયમિત રહેવું તે **સ્ત્રી પરિષહ.** મુનિએ એક સ્થળે સ્થિર ન રહેતાં ચારે બાજુ ફરવું જોઈએ; એક સ્થળે રહેવાથી તે સ્થળ વિશે આસક્તિ થાય; માટે વિહારનાં ગમે તેટલાં કષ્ટો સહન કરવાં તે **ચર્યા પરિષહ.** સારી-નરસી ચીજ માટે રાગદ્વેષ ન કરવો, થયેલા ઉપસર્ગ શાંતિથી સહેવા તે **નિષદ્યા પરિષહ.** મુનિને પોતાના નિવાસ દરમ્યાન સૂવાની પથારી કે જગ્યા સારી ન મળે કે ત્યાં વ્યંતર આદિનો ઉપસર્ગ હોય કે કોઈ અન્ય દુઃખ હોય તે શાંતિથી સહન કરવું તે **શય્યા પરિષહ.** કોઈ વૈરી, અન્યધર્મી કુવચન કહે, નિંદા કરે, ખોટાં આળ ચડાવે વગેરે કરે છતાં તે સમભાવે સહેવાં, સર્વને કર્મનો દોષ માની અન્યનો દોષ ન જોવો તે **આક્રોશ પરિષહ.** ચોર, બદમાશ આદિ ગુસ્સામાં આવી મુનિને મારે કે ક્રોધ કરે કે વધ કરે, છતાં તેના પ્રત્યે દ્વેષ ન કરતાં સમભાવ રાખે અને પોતાને અવિનાશી જાણી તે સર્વનું શાંતિથી વેદન કરે તે **વધ પરિષહ.**

---

૨૫. "ઉત્તરાધ્યયનસૂત્ર", અધ્ય. ૨, પૃ. ૧૩ થી ૨૩.

ગોચરી માટે જતી વખતે ખોરાક, ઔષધાદિની યાચના કરવી પડે છે, તે વખતે તેમાં ગ્લાનિ કે શરમ ન રાખતાં, પૂર્વની પોતાની સ્થિતિ યાદ કર્યા વિના, યાચવું – અને મળે કે ન મળે તે સમભાવે સહેવું તે **યાચના પરિષહ.** યાચના કરવા છતાં ઇચ્છિત ન મળે છતાં ખેદ ન કરવો અને સમભાવ રાખવો તે **અલાભ પરિષહ** શરીરમાં ગમે તેવા રોગ ઉત્પન્ન થાય છતાં તે વિશે મનમાં ક્લેશ ન આણે, મુનિને લબ્ધિ પ્રગટી હોય છતાં રોગનિવારણ માટે તેનો ઉપયોગ ન કરે, રોગ સમભાવે વેદે તે **રોગ પરિષહ.** શરીરની નબળી સ્થિતિમાં ઘાસની પથારી ખૂંચે તોપણ શાંતિથી તેને સહે અને મૃદુ પથારીને ઇચ્છે નહિ તે **તૃણસ્પર્શ પરિષહ.** અગ્નિ, ધૂળ, પરસેવો આદિથી મેલા થયેલા શરીરને સ્વચ્છ કરવા ઇચ્છે નહિ અને પૂર્વે કરેલી શરીરની સ્વચ્છતા સંભારે પણ નહિ તે **મેલ પરિષહ.** કોઈ સત્કાર કરે કે ન કરે, બંનેમાંથી કોઈ પણ સ્થિતિમાં ગૌરવ કે ખેદ ન કરતાં સમભાવ રાખવો તે **સત્કાર પરિષહ.** ગમે તેટલું જ્ઞાન હોવા છતાં, મુનિ તેનું અભિમાન ન કરે; ઉપરાંત જ્ઞાનદાન કરતાં કદી કંટાળે નહિ તે **જ્ઞાન પરિષહ.** મહેનત કરવા છતાં જ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યારે મુનિ ખેદ ન પામતાં વધુ ઉદ્યમી થાય તે **અજ્ઞાન પરિષહ.** પરમાર્થપ્રાપ્તિમાં વિલંબ થતાં આકુળવ્યાકુળ બનાયે તે **દર્શન પરિષહ.**

કુદરતી રીતે ઉત્પન્ન થતા આ ૨૨ પરિષહો ગમે તે પરિસ્થિતિમાં સમભાવથી સહે તે સાચા મુનિ. બહુ નુકસાન ન કરે તે હળવા પ્રકારનાં પરિષહ છે, અને પ્રાણઘાતક નીવડે તે "ઘોર પરિષહ" છે. તે સર્વમાં નિર્ગ્રંથની આત્મસ્થિરતા ટકી ન રહે તો તેનું પતન થાય; આથી મુનિએ આવેલા પરિષહો આત્મજાગૃતિપૂર્વક જીતવા જોઈએ. આત્માની વિશુદ્ધિ જેમ જેમ વધતી જાય તેમ તેમ પરિષહની સંખ્યા ઘટતી જાય છે. દશમાથી બારમા ગુણસ્થાને ૧૪ પ્રકારના પરિષહ સંભવે છે, અને ૧૩ તથા ૧૪મા ગુણસ્થાને માત્ર ૧૧ પ્રકારના પરિષહ સંભવે છે. જ્ઞાનાવરણ, અંતરાય, મોહનીય અને વેદનીય કર્મનો ઉદય જ આ પરિષહના નિમિત્તરૂપ હોય છે.

ઉપસર્ગ પરિષહથી જુદા પ્રકારના છે. અન્ય કોઈ જીવ તરફથી મુનિને ઇરાદાપૂર્વક અપાયેલું દુઃખ તે ઉપસર્ગ છે. દેવસંબંધી, મનુષ્યસંબંધી, તિર્યંચસંબંધી, અને આત્મસંવેદનીય એમ ચાર પ્રકારના ઉપસર્ગ "ઠાણાંગસૂત્ર"માં કહ્યા છે.[૨૬] આ ચારમાંથી કોઈના પણ નિમિત્તથી મુનિને થતું દુઃખ તે ઉપસર્ગ.

**દેવસંબંધી** — દેવ ચાર કારણથી ઉપસર્ગ કરવા પ્રેરાય છે: હાસ્ય કે કુતૂહલથી, પ્રદ્વેષથી, પરીક્ષા કરવા માટે અને વિમાત્રા – આગળનાં ત્રણે કારણ સાથે હોય તેથી. **મનુષ્યસંબંધી** – મનુષ્ય પણ હાસ્યથી, દ્વેષથી, પરીક્ષા માટે કે કુશીલના બોધથી ઉપસર્ગ કરે છે. **તિર્યંચસંબંધી** – તિર્યંચ પણ ચાર કારણથી ઉપસર્ગ કરે છે: ભયથી, પૂર્વભવના વૈરથી, આહાર માટે અને પોતાના રહેવાના સ્થળના રક્ષણ અર્થે. **આત્મસંવેદનીય** – પોતાના કારણથી ઉત્પન્ન થતા ઉપસર્ગ પણ ચાર કારણથી છે: ઘટ્ટન, પ્રપત્તન સ્તંભન અને શ્લેષણ. આંગળી આદિ ઉપાંગના ઘસવાથી થતો કે આંખમાં ધૂળ પડવી, આંખ ચોળવી ઇત્યાદિથી થતો ઉપસર્ગ તે

૨૬. "ઠાણાંગસૂત્ર", અધ્ય ૫, ઉદ્દેશ ૧, ગાથા ૪૦૯.

ઘટ્ટન ઉપસર્ગ છે. યત્ના વિના ચાલવાથી પડી જતાં લાગી જાય વગેરે પ્રપત્તન ઉપસર્ગ છે હાથ, પગ વગેરે અવયવો શૂન્ય બની જતાં જે દુઃખ થાય તે સ્તંભન ઉપસર્ગ છે. અને આંગળી વગેરે અવયવો ચોંટી જવાથી કે વાત, કફ, પિત્ત અને સન્નિપાતથી થતા ઉપસર્ગ તે શ્લેષણ છે.

આ બધા ઉપસર્ગ સહન કરતી વખતે મુનિને ઉપસર્ગકર્તા પ્રત્યે દ્વેષ નહીં પણ કરુણા આવે કે ઉપસર્ગકર્તાને કેટલાં કર્મનો બંધ થાય છે!

જીવલેણ નીવડે તેવા પરિષહ કે ઉપસર્ગ સમભાવે સહેવા તે સહેલી વાત નથી. મહાન પુરુષથી જ તે વખતે આત્મસ્થિરતા જાળવી શકાય. એવી સ્થિરતા મહાવીર પ્રભુ આદિએ જાળવી હતી. તે જાળવવાની ભાવના ભાવનારની પણ કેટલી ઉચ્ચ કક્ષા હોવી જોઈએ!

આ કડીમાં શ્રીમદ્દે સ્વરૂપમાં જ રહેવાની, આત્મસ્થિરતા પામવાની ભાવના વ્યક્ત કરી છે; પણ જ્યાં સુધી કેવળજ્ઞાન પ્રગટ થયું નથી હોતું ત્યાં સુધી "આત્મસ્થિરતા"નું સાતત્ય જળવાતું નથી, અને મન, વચન તથા કાયાના યોગ પ્રવર્ત્યા કરે છે. આ આત્મસ્થિરતા ન પ્રવર્તે ત્યારે પોતાની મુનિ તરીકેની ચર્યા કેવી હોવી જોઈએ તે વિશેની ભાવના શ્રીમદ્દે પાંચમી કડીમાં મૂકી છે —

"સંયમના હેતુથી યોગપ્રવર્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતિ સ્થિતિમાં,
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો." અપૂર્વ૦ ૫

પોતે શુદ્ધ સ્વરૂપમાં ન પ્રવર્તી શકે તે સમયના પોતાના પ્રવર્તન વિશેની અભિલાષા વ્યક્ત કરતાં શ્રીમદ્દ આ કડીમાં કહે છે કે મન, વચન અને કાયાના ત્રણે યોગની પ્રવૃત્તિ, જિનઆજ્ઞા અનુસાર, આત્મસ્વરૂપને લક્ષમાં રાખીને તેમ જ સંયમના કારણે થાય, અને જેમ જેમ આત્મસ્થિરતા વધતી જાય તેમ તેમ ક્ષણે ક્ષણે તે યોગની પ્રવૃત્તિ ઘટતી જાય અને છેવટે આત્મસ્વરૂપમાં લીન થઈ જવાય તેવો અપૂર્વ અવસર ક્યારે આવશે?

પ્રથમ પંક્તિમાં શ્રીમદ્દે મન, વચન અને કાયાના યોગ સંયમના હેતુથી જ પ્રવર્તે તેવી ઇચ્છા કરી છે. સમ એટલે સમ્યક્ પ્રકારે, અને યમ એટલે પાંચ મહાવ્રત. સંયમ એટલે અકષાયીપણે પાંચ મહાવ્રતના પાલનમાં અપૂર્વ સ્થિરતા. આ સંયમની ઉત્કૃષ્ટ સ્થિતિ તે સંપૂર્ણ અસંગતા. મુનિ સંયમથી ઉત્કૃષ્ટ સ્થિતિએ પહોંચવા માટે જ સતત મન, વચન અને કાયાના યોગથી પ્રયત્નશીલ હોય છે. અર્થાત્ તેઓ યોગથી આત્મસ્વરૂપમાં લીન રહેવા માટે સતત પુરુષાર્થી રહે છે, કારણ કે પૂ. સંતબાલજી લખે છે તેમ :—

"જેટલે અંશે સંયમ તેટલે અંશે વિવેક તો હોય જ. વિવેક અને વિચાર વિના જ્ઞાન ટકે નહિ, અને જ્ઞાન વિનાનો સંયમ સો ટચનો સંયમ ન ગણાય! એટલે સંયમીને પ્રતિપળે આત્મભાન તો રહે જ."[૨૭]

૨૭. "સિદ્ધિનાં સોપાન", પૃ. ૩૦

તેમ છતાં મુનિ જે સમયે શુદ્ધ ભાવમાંથી નીકળે તે સમયે તેઓ શુભભાવમાં આવે છે. કારણ કે પૂ. કાનજીસ્વામી જણાવે છે તેમ :—

"આત્મસ્થિરતા અને તે સ્થિરતાનો પુરુષાર્થ પોતાને સ્વાધીન છે. પણ મન, વચન અને કાયાના યોગનું સ્થિર રહેવું કે પલટાવું તે ઉદયાધીન છે, સર્વથા તે યોગનું પ્રવર્તન ઘટીને અયોગીપણું તો ૧૪મે ગુણસ્થાને થાય છે."૨૮

મુનિ શુભભાવમાં હોય તે વખતે તેઓ શાસ્ત્રશ્રવણ, શિષ્યાદિને ઉપદેશ, ભક્તિ આદિ કાર્ય કરે છે, પણ તેમાં પોતાનું કર્તાપણું માનતા નથી. એટલે કે પોતે જિનઆજ્ઞાનુસાર વર્તે છે તેવી ભાવના સેવે છે, તે બધાં કાર્ય કરવાના ભાવને પણ તેઓ હેય ગણે છે. આ કાર્ય કરવામાં પણ તેમનું લક્ષ તો સ્વસ્વરૂપ પામવાનું જ હોય છે; કારણ કે મુનિશ્રી સંતબાલજી કહે છે તેમ, એવે વખતે તેમને :—

"સંયમને માટે સંયમ નથી. અર્થાત્ સંયમ પોતે સાધ્ય નથી, એ પણ એક સાધન જ છે. સાધ્ય તો સ્વરૂપદશા છે, અને સંયમ એનું સાધન છે. સંયમને સાધનને બદલે સાધ્ય માનવાથી જ આત્મવિકાસ અને વિશ્વપ્રેમના દ્વાર પર જટિલ પડદો પડી જાય છે."૨૯

આમ મુનિ પોતાનું સ્વરૂપ પામવાનું લક્ષ રાખીને જ કર્મના ઉદય પ્રમાણે જિનમાર્ગે ચાલવાની ઇચ્છા ધરાવે છે. અહીં શ્રીમદે ખૂબીપૂર્વક સઘળો હેતુ એક "સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો" એ પંક્તિમાં દર્શાવી દીધો છે.

આત્મસ્થિરતામાં ન રહેવાય ત્યારે મુનિ-અવસ્થામાં પોતે જિનઆજ્ઞા અનુસાર વર્તવા ઇચ્છે છે, પણ તેમનું લક્ષ તો સંપૂર્ણ આત્મસ્થિરતા પામવાનું જ છે, તે શ્રીમદે બીજી બે પંક્તિમાં બતાવ્યું છે. મન, વચન અને કાયાના યોગો પ્રત્યેક ક્ષણે ઘટાડતા જઈ અંતમાં નિજ સ્વરૂપમાં લીન થવાની તેમની ભાવના છે. જુઓ :—

"તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો." અપૂર્વ૦ ૫

"ઉદાસીનતા અને ઉપયોગની તીવ્રતા થાય ત્યારે ક્ષાયિકભાવ અથવા વીતરાગભાવ વેદાય છે. એટલે કે જ્ઞાનમાં જેમ આત્મસ્થિરતા વધતી જાય છે તેમ જિનઆજ્ઞાના આલંબનરૂપ નિમિત્તનો વિકલ્પ છૂટી જાય છે."૩૦

મુનિ આત્મસ્વરૂપમાં સ્થિર રહેવા સતત પ્રયત્નશીલ રહે તે આપણે જોયું. આથી જેમ જેમ તેમના આત્માની નિર્મળતા વધતી જાય છે તેમ તેમ સંયમના હેતુથી થતી યોગની ક્રિયા પ્રત્યેક ક્ષણે ઘટતી જાય છે.

---

૨૮. "અપૂર્વ અવસર પરનાં પ્રવચનો", પૃ. ૧૯. (પૂ. કાનજી સ્વામી)
૨૯. "સિદ્ધિનાં સોપાન", પૃ. ૩૨. (મુનિશ્રી સંતબાલજી)
૩૦. "પરમપદ-પ્રાપ્તિની ભાવના", પૃ. ૮૨. (શ્રી નગીનદાસ શેઠ)

"અહીં ક્ષણ ક્ષણ શબ્દ ખાસ અર્થમાં વપરાયેલો છે, કારણ કે આમાં ક્ષપકશ્રેણીની વાત છે. ક્ષપકશ્રેણીમાં સમયે સમયે આત્મવિશુદ્ધિ વધતી જાય છે, એટલે જિનઆજ્ઞા અથવા શ્રુતજ્ઞાનનું અવલંબન સમયે સમયે ઘટતું જાય છે તે એટલે સુધી કે તે અવલંબન તદ્દન નાશ પામે છે અને અંતે નિજ સ્વરૂપમાં લીન થાય છે."[૩૧]

આ સ્થિતિ ૧૪મા ગુણસ્થાને આવે છે. આમ શ્રીમદે અહીં ૭મા ગુણસ્થાનની સ્થિતિ બતાવતાં બતાવતાં ૧૪મા ગુણસ્થાને પહોંચવાની અભિલાષા ખૂબીથી વ્યક્ત કરી દીધી છે.

સંયમમાં રહેવાના શ્રીમદ્‌ના આ અભિલાષ સાથે જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરનો સંયમ "આચારાંગસૂત્ર"ના ૯મા અધ્યયનના પહેલા ઉદ્દેશની ૯ ૧૦ ગાથાઓમાં બતાવ્યો છે તે સરખાવવા જેવો છે. જુઓ :—

"फरुसाइं दुत्तिक्खाइं अइयच्चे मुणी परक्कममाणे ।
आघायनट्टगीयाइं दंडजुज्झाइं मुट्ठिजुज्झाइं ॥"

"गढिओ मिहुकहासु समयम्मि नाइसुओ विसोओ अदक्खु ।
ओयाइं सा उरालाइं गच्छइ नायपुत्ते असरणाओ ॥"[૩૨]

આ બંને ગાથામાં કઠોર પરિષહ અને મોટાં સંકટો વચ્ચે પણ ભગવાન મહાવીર સંયમમાં દૃઢ રહેતા હતા તે જણાવ્યું છે. આવી જ સ્થિરતા રાખવાનો શ્રીમદ્‌નો અભિલાષ ચોથી-પાંચમી એ બે કડીમાં જોવા મળે છે. તેમાં બાહ્ય ખરાબ સંજોગો વચ્ચે સંયમ જાળવવાની વાત છે. આ પછીની એટલે કે છઠ્ઠી કડીમાં આંતરિક પ્રમાદ તથા રાગદ્વેષને જીતીને સંયમ જાળવવાની અભિલાષા શ્રીમદે વ્યક્ત કરી છે. નિર્ગ્રંથ મુનિ તરીકેના પોતાના આત્મચારિત્રના એક વધુ ઊંચા પગથિયાનો લક્ષ આપણને છઠ્ઠી કડીમાં શ્રીમદે કરાવ્યો છે :—

"પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધ વણ,
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો." અપૂર્વ૦ ૬

સાધક તરીકે આત્મસ્થિરતા પ્રાપ્ત કરવામાં અંતરાય આપનાર પ્રમાદ, વિષયાસક્તિ, પ્રતિબંધ આદિને દૂર કરવાની ઇચ્છા વ્યક્ત કરતાં આ કડીમાં શ્રીમદ્ જણાવે છે કે પાંચ

૩૧. "પરમપદ-પ્રાપ્તિની ભાવના", પૃ. ૮૩.
૩૨. "આચારાંગસૂત્ર", અધ્ય. ૯, ઉ. ૧, ગાથા ૯–૧૦; પૃ. ૯૦.
ભાવાર્થ : (૯) વળી ભગવાન, નહિ ખમી શકાય એવા કઠોર પરિષહોની કશી દરકાર નહિ કરતા અને લોકોથી થતા નૃત્ય કે ગીતમાં રાગ નહિ ધરતા, તથા દંડયુદ્ધ કે મુષ્ટિયુદ્ધની વાતો સાંભળી ઉત્સુક નહિ બનતા.
(૧૦) કોઈ વખતે જ્ઞાતપુત્ર ભગવાન, સ્ત્રીઓને પરસ્પરની કામકથામાં તલ્લીન થયેલી જોતા તો ત્યાં રાગદ્વેષરહિત મધ્યસ્થપણે રહેતા. એ રીતે એવાં જબરજસ્ત સંકટો પર કશું પણ લક્ષ નહિ આપતાં જ્ઞાતપુત્ર ભગવાન સંયમમાં પ્રવર્ત્યા જતા હતા.

ઇન્દ્રિયના પાંચ વિષયોમાં રાગદ્વેષરહિતપણું હોય, પાંચ પ્રમાદમાં મનનો ક્ષોભ કે મનની ડામાડોળ સ્થિતિ ન હોય; દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચાર પ્રકારના પ્રતિબંધ વિના એટલે કે બંધન વિના કર્મના ઉદય પ્રમાણે નિર્લોભપણે વિચરવાનું હોય તેવો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

અહીં આત્મસ્થિરતા પ્રાપ્ત કરવા માટે સાધકે કેળવવા પડતા ગુણોનો ખ્યાલ શ્રીમદ્દે આપ્યો છે. તેઓ પોતાના વિચારોની સવિશેષ સ્પષ્ટતા કરતા જતા હોય તેવું અહીં જણાય છે.

આંખ, કાન, નાક, જીભ અને ત્વચા — એ પાંચ ઇન્દ્રિયના પાંચ વિષય – રૂપ, શબ્દ, ગંધ, રસ અને સ્પર્શ – પ્રતિ સંપૂર્ણ રાગ કે દ્વેષરહિતપણું પહેલી પંક્તિમાં શ્રીમદ્દે ઇચ્છ્યું છે. આ પ્રત્યેક વિષયને બે બાજુ છે. કર્ણેન્દ્રિયનો વિષય શબ્દ છે. શબ્દ સાંભળ્યા પછી તે પ્રશંસારૂપ કે નિંદારૂપ લાગે. ચક્ષુરિન્દ્રિયનો વિષય રૂપ છે, તે સુંદર કે અસુંદર હોય. રસેન્દ્રિયનો વિષય રસ છે, તે ખારો, ખાટો, તીખો, મીઠો, તૂરો વગેરે હોઈ શકે. ઘ્રાણેન્દ્રિયનો વિષય ગંધ છે, તે સુગંધ કે દુર્ગંધરૂપ લાગે. અને સ્પર્શેન્દ્રિયનો વિષય સ્પર્શ છે, તે સુંવાળો, કર્કશ એમ જુદો જુદો હોઈ શકે. આ પાંચ વિષયનાં સારાં રૂપ મળે તો રાગ થાય અને ખરાબ રૂપ મળે તો દ્વેષ થાય તેવો સામાન્ય જનનો અનુભવ છે.

મુનિ અહીં રાગદ્વેષથી અલિપ્ત રહેવા ઇચ્છે છે, કારણ કે રાગદ્વેષના પરિણામે જીવનું બૂરું કરવામાં કશું બાકી રાખ્યું નથી. રાગદ્વેષનાં પરિણામ આવવાથી જીવનો બહિરાત્મભાવ થાય છે, તે પોતાનું સ્વરૂપ જ ભૂલી જાય છે, જે તેના ભવભ્રમણનો હેતુ થાય છે. આથી સર્વ વિષયોમાં અનાસક્તિ કેળવવાનો પુરુષાર્થ મુનિ કરે છે, કારણ કે શ્રી સંતબાલજી જણાવે છે તેમ —

> "વિષયો પોતે દૂષિત નથી, પણ મનમાં રહેલી આસક્તિ જ વિષયોમાં દૂષણ જન્માવે છે અને ઇન્દ્રિયો દ્વારા વિષયોનું સેવન કરાવી જીવનમાં દૂષણો વધારે છે."[33]

એક ઇન્દ્રિયમાં પણ આસક્તિ હોય તો ઘણી વાર જીવનો નાશ થાય છે; જેમ કે — શિકારીના મધુર શબ્દમાં લોભાઈ હરિણી પ્રાણ ગુમાવે છે. કમળની ગંધ પર આસક્ત થયેલો ભ્રમર તેમાં પુરાઈ હાથીથી ખવાઈ જાય છે. માછીમારની કાંટામાં મૂકેલી વસ્તુ રસને લીધે ખાવા જતાં માછલું મરણને શરણ થાય છે. દીવાનું અતિરૂપ જોઈ તે રૂપના મોહમાં પતંગિયું પોતાનો જાન ગુમાવે છે. તેમ જ બનાવટી હાથણીના સ્પર્શના લોભથી બાજુમાં રહેલા ખાડામાં પડી હાથી પણ મરણ પામે છે. એકાદ વિષયમાં આસક્તિ વધતાં આવા હાલ થાય છે, તો પછી બધા વિષયમાં આસક્તિ સેવનારની શી દશા થાય ? આથી જ મુનિ પાંચે પ્રકારના વિષયમાં રાગદ્વેષરહિતપણું ઇચ્છે છે.

૩૩. "સિદ્ધિનાં સોપાન", પૃ. ૪૪.

વિષયોથી ન ડગનાર અને તેવા પ્રસંગોમાં મનને કાબૂમાં રાખનાર સાધકને માટે આત્મસ્થિરતા ડગાવે તેવો એક બીજો શત્રુ છે; તે છે પ્રમાદ. શ્રી કાનજીસ્વામી જણાવે છે તેમ પ્રમાદ એટલે "આત્મસ્વરૂપમાં અનુત્સાહ." અને "આત્મસ્વરૂપમાં ઉત્સાહ અથવા સ્વરૂપમાં સાવધાની તેનું નામ અપ્રમાદ છે. એવી સર્વોત્કૃષ્ટ સાધકદશા – સર્વકાળ સ્થિતિસ્થિરતા – વર્તે, એવી શુદ્ધ અવસ્થાની એકાગ્રતા જલદી વર્તો એવી અહીં ભાવના છે."૩૪

મદ, વિષય, કષાય, નિદ્રા અને વિકથા – એ પાંચ પ્રમાદના મુખ્ય પ્રકાર છે.૩૫

મદ — મદ એટલે અભિમાન કે અહંકાર. મદ આઠ પ્રકારના છે: જાતિમદ, કુળમદ, બળમદ, રૂપમદ, તપમદ, વિદ્યામદ (કે જ્ઞાનમદ), લાભમદ અને ઐશ્વર્યમદ. આમાંથી કોઈ પણ જાતનો મદ આવે તો જીવમાં ઉદ્ધતાઈ, ઉછાંછળાપણું, સ્વછંદ વગેરે આવતાં, પરિણામે કાં તો એ પદ ગુમાવવાનો વખત આવે છે, અને નહિ તો એ પદ સંતોષ આપવાને બદલે અસંતોષ આપનારું થઈ પડે છે. સામાન્ય રીતે જાતિ, કુળ, બળ કે રૂપ જેવાના મદ મુનિને ન આવે; પણ તેમને પોતાના તપ, લબ્ધિ, જ્ઞાન વગેરેનો મદ આવવાનો સંભવ રહે છે. તેથી અહીં કોઈ પણ જાતની મદરહિત સ્થિતિ ઇચ્છી છે.

વિષય — પ્રમાદનું બીજું અંગ વિષય છે. અહીં વિષયનો અર્થ કામવિકાર છે. ઉચ્ચ કોટિએ ગયેલા સાધકે ચોથું વ્રત અંગીકાર કર્યું હોય છે, તેથી તેને સ્થૂળ વિષયપ્રમાદ હોતો નથી, પણ કર્મોદયજન્ય વિષય હોય છે. અને તે પણ ઉપશમરૂપ હોય છે. આત્મસ્થિરતા દૃઢ ન હોય તો બાહ્ય નિમિત્ત મળતાં પૂર્વે ભોગવેલ વિષય યાદ આવી જાય. તેવે પ્રસંગે મનમાં ક્ષોભ પણ ન થાય તેવી ભાવના ભાવી છે. પાંચે પ્રકારના પ્રમાદમાં "વિષય" એ સૌથી ભયંકર છે. અને એ એક જિતાઈ જાય તો બાકીનાને જીતવા સહેલા પડે છે તે વિશે શ્રીમદે લખ્યું છે કે:—

"એક વિષયને જીતતાં, જિત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતીએ, દળ, પુર ને અધિકાર."૩૬

કષાય — કષાય એ પ્રમાદનું ત્રીજું અંગ છે. અપ્રમત્તદશામાં આગળ વધતો સાધક વિષય પર કાબૂ મેળવે છતાં ૧૨મા ગુણસ્થાને ન પહોંચે ત્યાં સુધી તેને કષાય રહી જાય છે. આથી ઉપશમશ્રેણીનો સાધક ૧૧મા ગુણસ્થાનેથી અવશ્ય પતન પામે છે. કષાય મુખ્ય ચાર છે: ક્રોધ, માન, માયા, લોભ. તે પ્રત્યેકના ચાર પ્રકારમાંથી પહેલા ત્રણ – અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનીનો એટલે કે ૧૨ કષાયનો ક્ષય કે ક્ષયોપશમ ન થાય ત્યાં સુધી ભાવચારિત્ર આવતું નથી. કોઈ ક્ષયોપશમી હોય તો, અથવા સંજ્વલન ક્રોધ, માન, માયા કે લોભનો ઉદય આવે તે વખતે પણ, મનમાં ક્ષોભ થાય નહિ એવી ભાવના આમાં છે.

૩૪. "અપૂર્વ અવસર પરનાં પ્રવચનો", પૃ. ૨૨.

૩૫. કેટલીક જગ્યાએ પ્રમાદના પાંચમા પ્રકાર તરીકે "મદ"ને બદલે "સ્નેહ" કે "મદ્ય" ગણાય છે, અથવા તો "નિદ્રા"ને બદલે "નિંદા" ગણાય છે.

૩૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૮૨.

નિદ્રા — નિદ્રાની તો દરેક દેહધારીને જરૂર છે. શરીર ટકાવવા ઉચિત પ્રમાણમાં નિદ્રા લેવી તે પ્રમાદ નથી, પણ જરૂર કરતાં વધુ નિદ્રા લેવી તે પ્રમાદ છે. કોઈ અશુભ કર્મના ઉદયથી આ જાતનો પ્રમાદ આવે તો મુનિ આત્મજાગૃતિ રાખી તે દૂર કરે છે, અને મનને ક્ષોભ પામવા દેતા નથી. તેવા પ્રમાદથી દૂર રહેવાની અહીં ભાવના છે.

વિકથા — પ્રમાદનો પાંચમો પ્રકાર વિકથા છે. સ્ત્રીપુરુષકથા, ભોજનકથા, દેશકથા કે રાજકથા તે વિકથા છે. તે ચારે સંસારની વૃદ્ધિ કરનાર છે. તેથી મુનિ તેનાથી અલિપ્ત રહે, મુનિને સ્થૂળ વિકથા હોવાનો સંભવ ઓછો હોય છે. પણ અન્ય મુનિ વિશે વિકથા કરવાનો, તેના વિશે તે હલકા છે તેવો ખ્યાલ થવાનો સંભવ સૂક્ષ્મતાએ રહે છે. આવી કોઈ પણ જાતની વિકથામાં ન પડવાની ભાવના અહીં છે.

આત્મસ્થિરતા મેળવવામાં નડતરરૂપ વિષય, પ્રમાદથી અલિપ્ત રહેવાની ભાવના સાથે શ્રીમદ્દે અહીં "પ્રતિબંધ"થી પણ મુક્ત રહેવાની અભિલાષા સેવી છે. "અપૂર્વ અવસર"ની આ કડીમાં જણાવ્યું છે તેમ પ્રતિબંધ ચાર પ્રકારના છે: દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. પ્રતિબંધ એટલે આવરણ.

**દ્રવ્યપ્રતિબંધ** — બાહ્ય કોઈ પદાર્થની જરૂર હોવી તે દ્રવ્યપ્રતિબંધ. નિર્ગ્રંથ મુનિને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગચારિત્ર સિવાય કોઈ પણ વસ્તુની જરૂર ન હોય. વસ્ત્ર, પુસ્તક, આહાર વગેરેમાંથી કોઈના પણ ગ્રહણ કે અગ્રહણ વિશે મતાગ્રહ ન હોય. મતાગ્રહ તે પ્રતિબંધ છે. તે વિશે શ્રીમદ્દે લખ્યું છે કે :—

> "પુસ્તક છે તે જ્ઞાનના આરાધનને અર્થે સર્વ પ્રકારના પોતાના મમત્વભાવરહિત રખાય તો જ આત્માર્થ છે, નહિતર મહાન પ્રતિબંધ છે." એવું જ અન્ય દ્રવ્યો વિશે છે.[૩૭]

**ક્ષેત્રપ્રતિબંધ** — માન, પૂજા, સત્કાર આદિ મળે તેવા અનુકૂળ ક્ષેત્રમાં જ રહેવું કે પ્રતિકૂળ ક્ષેત્રમાં ન જ રહેવું તે ક્ષેત્રપ્રતિબંધ છે. અનુકૂળતા-પ્રતિકૂળતા જોયા વિના સમભાવે મુનિએ રહેવું જોઈએ. ક્ષેત્રપ્રતિબંધ સમજાવતાં શ્રીમદ્દે લખ્યું છે કે :—

> "આ ક્ષેત્ર આપણું છે અને તે ક્ષેત્ર જાળવવા ચાતુર્માસ ત્યાં રહેવા માટે જે વિચાર કરવામાં આવે છે તે ક્ષેત્રપ્રતિબંધ છે."[૩૮]

**ભાવપ્રતિબંધ** — શિષ્ય, અનુયાયી વગેરે માટે પ્રીતિ થવી તે ભાવપ્રતિબંધ. માન આપે તેના તરફ પ્રીતિ થવી અને અપમાન કરે તેના તરફ અપ્રીતિ થવી તે ભાવપ્રતિબંધ છે. તેનાથી મુનિએ છૂટવું જોઈએ.

**કાળપ્રતિબંધ** — અમુક ક્ષેત્રમાં અમુક કાળે જ જવું, અન્ય કાળે ન જવું, તેવી ઇચ્છા તે કાળપ્રતિબંધ; જેમ કે અતિશય ઠંડા પ્રદેશમાં શિયાળામાં ન જવું તે કાળપ્રતિબંધ છે.

---

૩૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૩૬૪, આંક ૪૩૦.

૩૮. એજન, પૃ. ૩૬૪, આંક ૪૩૦.

આ ચારે પ્રતિબંધ વિશે શ્રી તીર્થંકર પ્રભુનો અભિપ્રાય જણાવતાં શ્રીમદે એક પત્રમાં લખ્યું છે કે:—

"તીર્થંકર દેવ તો એમ કહે છે કે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એ ચાર પ્રતિબંધથી જો આત્માર્થ થતો હોય અથવા નિર્ગ્રંથ થવાતું હોય તો તે તીર્થંકરદેવના માર્ગમાં નહિ, પણ સંસારના માર્ગમાં છે."[૩૯]

આથી આ પ્રત્યેક પ્રતિબંધ વિના રહેવાની ઇચ્છા શ્રીમદ્‌ની છે. તેમાં પણ તેઓ ઉદયાધીનપણે તથા વીતલોભ દશાથી રહેવા ઇચ્છે છે તે તેમણે ચોથી પંક્તિમાં જણાવ્યું છે. અહીં "ઉદયાધીન" અને "વીતલોભ" શબ્દો સપ્રયોજન યોજાયેલા છે.

"વિચરવું ઉદયાધીન" એટલે પૂર્વ પ્રકૃતિનો ઉદય આવે તેને વિવેકસહિત જાણી, તેમાં મમત્વ કર્યા વિના સમભાવે વર્તવું. મુનિને સતત વિહાર ચાલતો હોય છે, પણ તે વિહાર પાછળ માન, પૂજા, સત્કાર આદિનો હેતુ ન હોવો જોઈએ. તેમ જ મુનિની અન્ય સર્વ ક્રિયા પાછળ પણ એવો કોઈ હેતુ ન હોવો જોઈએ. બધું કર્મના ઉદય પ્રમાણે, નીરાગીપણે થવું જોઈએ. પ્રકૃતિના ઉદયને જાણે પણ તે વિશે સમભાવે રહેવું તે "ઉદયાધીન" વર્તના કહેવાય.

કોઈ પણ કાર્ય ઉદયાધીનપણે થતું હોય ત્યારે તેમાંથી કોઈ પણ જાતના લાભ લેવાનો હેતુ ન હોય. મુનિ વિહાર કરે, જ્ઞાનદાન કરે કે અન્ય કોઈ કાર્ય કરે ત્યારે તેમાંથી માન, પૂજા, સત્કાર, આદિ કોઈ પણ લાભ લેવાની લેશ પણ ઇચ્છા કર્યા વિના તે કાર્ય કરવું તે "વીતલોભ"પણે કાર્ય કર્યું ગણાય. પ્રત્યેક વસ્તુ સંયમના જ હેતુથી થવી જોઈએ એવી ભાવના છે. અહીં સર્વ કાર્યોમાં "વિચરવા"ની ક્રિયાને શ્રીમદ્ મહત્ત્વ આપી "વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો" એમ કહે છે; કારણ કે મુનિને ક્ષેત્ર પ્રતિ આસક્તિ થવાનો વિશેષ સંભવ રહે છે. જ્યાં માન-પૂજાદિ નિમિત્તો મળે, અનુકૂળ વાતાવરણ હોય ત્યાં રહેવાની ઇચ્છા વર્તવાની શકયતા વિશેષ છે. તેથી તે જગ્યાએ શ્રીમદે ઉદયાધીન અને વીતલોભપણે વિચરવાની ભાવના વ્યક્ત કરી છે.

પાંચે ઇન્દ્રિયોનો નિગ્રહ કરવાથી શો લાભ થાય તે "ઉત્તરાધ્યયનસૂત્ર"ના ૨૯મા અધ્યયનની ૬૨થી ૬૬ સુધીની કંડિકા (પૃ. ૨૬૯)માં સમજાવ્યું છે. તે પરથી અહીં સંપૂર્ણ ઇન્દ્રિયજયની ભાવના શ્રીમદે ગાઈ હોય તો તે અસંભવિત નથી. એ જ રીતે પ્રમાદરહિત રહેવાની ભાવનામાં તથા પ્રતિબંધરહિત વિચરવાની ભાવનામાં "આચારાંગસૂત્ર"-ના નવમા અધ્યયનના બીજા ઉદ્દેશમાં વર્ણવાયેલું – વીરપ્રભુનું ચરિત્ર નિમિત્ત હોય તેમ લાગે છે. તેમાં મહાવીર પ્રભુ કઈ રીતે પ્રમાદરહિત બનીને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવના પ્રતિબંધ વિના વિચરતા હતા તેનું વર્ણન આપેલું છે.[૪૦]

---

૩૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૩૬૪, આંક ૪૩૦.
૪૦. "આચારાંગસૂત્ર", અધ્ય. ૯, ગાથા ૪, ૫, ૭ વગેરે, પૃ. ૯૩.

આ કડીમાં, આપણે જોયું તેમ, પાંચ પ્રકારના પ્રમાદમાં કષાયોનું બળ વિશેષ છે, તેનો ૧૨મે ગુણસ્થાને પહોંચ્યા વિના સંપૂર્ણ નાશ થતો નથી. અને ઉપશમશ્રેણી હોય તો સમય આવ્યે તે ઉદયમાં આવી સાધકનું પતન કરાવે છે. આથી આ કષાયોનો નાશ કરવા, તે ઉદયમાં આવે તો તેની સાથે કેમ વર્તવું તે વિશેની પોતાની વિચારણા શ્રીમદે ૭મી કડીમાં આપી છે. અને તે કષાયોનો કેટલે અંશે નાશ કરવો તેમણે ઇચ્છયો છે તેનું વર્ણન આપણને ૮મી કડીમાં જોવા મળે છે. આ બંને કડીની ભાવનાઓ તેમણે પાળવા ધારેલા ચારિત્રનું એક પાસું છે. જુઓ :—

"ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો." અપૂર્વ૦ ૭

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર પ્રકારના કષાયની સંજ્વલન પ્રકૃતિ ૭મે ગુણસ્થાને વર્તતા સાધકને જીતવાની બાકી હોય છે. તેને જીતવા માટે તેના પ્રત્યે કેવી શૂરવીરતાથી વર્તવું જોઈએ તે વર્ણવતાં શ્રીમદ્ આ કડીમાં કહે છે કે પોતાને થતા ક્રોધ પ્રત્યે જ ક્રોધ વર્તે, માન પ્રત્યે નમ્રતાનું માન હોય; માયા પ્રત્યે જ્ઞાતાદ્રષ્ટાપણાની – સાક્ષીભાવની – માયા અને લોભ પ્રતિ લોભ કરવા જેવું, એટલે કે લોભનો લોભ કરવા જેવું બીજું કાંઈ નથી, એટલે કે લોભ ન કરવો એવો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

મોહનીય કર્મ તે સંસાર-પરિભ્રમણનું મુખ્ય કારણ છે. મોહનીયના સેવકો તરીકે ઇન્દ્રિયોના વિષયો, પ્રમાદ આદિ કામ કરે છે, તે જ પ્રમાણે ક્રોધ, માન, માયા, લોભ તેના અનુયાયી તરીકે કાર્ય કરે છે. આ ચારે કષાય ઘણા બળવાન છે. ૭મે ગુણસ્થાને વર્તતા નિર્ગ્રંથ મુનિને આ ચારે કષાયની અનંતાનુબંધી પ્રકૃતિનો ક્ષય મુખ્યતાએ હોય છે. કોઈકને જ તેનો ક્ષયોપશમ હોય છે. બાકીની ૩ પ્રકૃતિનો ક્ષયોપશમ હોય છે. બાકી રહેલ કષાયને જીતવાનો ઉપાય અહીં બતાવાયો છે. અલબત્ત, એ ઉપાય તીવ્ર કષાયનો નાશ કરવા માટે પણ એટલો જ ઉપયોગી છે, તે વિચારતાં જણાશે.

મોહનીય કર્મની પ્રકૃતિરૂપ આ ચાર કષાયને ઉપશમથી, ક્ષયોપશમથી કે ક્ષયથી જીતી શકાય છે. ઉપશમ એટલે ઉદયમાં આવેલી તથા ઉદયમાં ન આવેલી પ્રકૃતિને પ્રદેશ તથા રસથી સમાવી દેવી. ઉપશમમાં નિમિત્ત ન મળે ત્યાં સુધી આત્મા શુદ્ધ રહે છે, પણ નિમિત્ત મળતાં આત્માની સ્થિરતા ડહોળાઈ જવાનો ઘણો સંભવ રહે છે. ક્ષયોપશમ એટલે ઉદયમાં આવેલી પ્રકૃતિનો ક્ષય અને ઉદયમાં ન આવેલી પ્રકૃતિનો ઉપશમ. અહીં આત્માની સંપૂર્ણ જીત હોતી નથી. અને ક્ષય એટલે કષાયનો સંપૂર્ણ નાશ. તે પછી તે કદી પણ ઉદયમાં આવી શકતો નથી. ત્યાં આત્માની સંપૂર્ણ જીત છે.

આ ચારે કષાયને જીતવાનો ઉપાય શ્રીમદે આ કડીમાં બતાવ્યો છે. જલદી અસર કરનાર અને જલદી નાશ પામે તેવો કષાય તે ક્રોધ છે. ચારે કષાયોમાં સહેલાઈથી જીતી

શકાય તેવો કષાય ક્રોધ હોવાથી શ્રીમદ્દે સૌપ્રથમ તેનો નાશ કરવો ઇચ્છ્યો છે. માણસનું જ્યારે કંઈ ધાર્યું ન થાય, કંઈ પ્રતિકૂળ બને ત્યારે તેને તરત જ ક્રોધ આવે છે. આ ક્રોધ અન્ય વ્યક્તિને બાળે તે પહેલાં તો તે ક્રોધ કરનારને જ બાળે છે. તેથી તેનો નાશ કરવો યોગ્ય છે. તેનો નાશ કરવાનો ઉપાય "ક્રોધના ઉદય" પ્રતિ જ "ક્રોધ કરવો" તે છે. એમ કઈ રીતે થઈ શકે તે સમજાવતાં શ્રીમદ્દે ઉપદેશ-નોંધમાં જણાવ્યું છે કે :—

> "ક્રોધાદિ કષાયના ઉદય થાય ત્યારે તેની સામા થઈ તેને જણાવવું કે તેં અનાદિકાળથી મને હેરાન કરેલ છે. હવે હું એમ તારું બળ નહિ ચાલવા દઉં, હું હવે તારા સામે યુદ્ધ કરવા બેઠો છું."[૪૧]

ક્રોધ એ આત્માનો સ્વભાવ નહિ પણ વિભાવ છે, તેથી તેનો ઉદય આવે ત્યારે તેને પોતાના કર્મનો ઉદય સમજવાથી તેની સાથે લડવાની શક્તિ સાધકમાં આવે છે.

માન એ ક્રોધ કરતાં પણ મહાન શત્રુ છે. એ અનેક પ્રકારે જીવમાં પ્રવર્તતું જોવા મળે છે. જીવને પોતાનાં રૂપ, વિદ્યા, જ્ઞાન, સંપત્તિ, ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ આદિનું માન હોવા ઉપરાંત "મને માન નથી"નું માન પણ તેને હોય છે. મુનિ પણ આ માનની જાળમાં ઘણી વખત લપટાઈ જાય છે. માનથી કેવી હાનિ થાય છે તેનું ઉદાહરણ "સનત્કુમાર ચક્રવર્તી"[૪૨] તથા "બાહુબળ"[૪૩]ની કથામાં મળે છે. આવા માનનો નાશ કરવા માટેનો ઉપાય "દીનપણાનું માન" સેવવાનો છે. તીર્થંકર પ્રભુનાં રૂપ, ગુણ, જ્ઞાન આદિ પાસે પોતાનાં રૂપ, ગુણ, જ્ઞાન આદિ સિંધુમાં બિંદુ સમાન છે, તેની પ્રતીતિ પોતાનું માન ગાળવા સાધકે રાખવાની હોય છે. શ્રી કાનજીસ્વામી જણાવે છે તેમ :—

> "સાધકને પૂર્ણ શુદ્ધ પરમાત્મસ્વરૂપની પ્રતીતિ અંતરમાં વર્તે છે, તેથી જાણે છે કે મારી વર્તમાન દશામાં હજુ અસ્થિરતાની નબળાઈને લીધે, હું પામર છું, એટલે કે પૂર્ણસ્વરૂપનો દાસાનુદાસ છું એવો વિવેક હોવાથી વીતરાગી સત્પુરુષનું બહુમાન કરે છે. પરમાર્થે પોતાના સ્વરૂપની તે ભક્તિ છે. મારો પૂર્ણ સ્વભાવ હજુ ઊઘડ્યો નથી માટે અભિમાન કેમ કરું ? એમ જાણતો થકો તે સ્વરૂપની મર્યાદામાં વર્તે છે."[૪૪]

શ્રી તીર્થંકર પ્રભુની મહાનતા પાસે પોતાની પામરતા વિચારવી એ જ માન ગાળવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

માયા એ ક્રોધ તથા માન કરતાં પણ વધુ સૂક્ષ્મ છે, પોતામાં માયા પ્રવેશી છે તેનો ખ્યાલ પણ કેટલીક વાર જીવને આવતો નથી. કોઈ પણ જાતનો લાભ લેવા માટે, મનમાં હોય તેથી વિરુદ્ધ બોલવું કે આચરવું તે માયા કહેવાય છે. મન, વચન અને કાયાની એકતા ન હોય ત્યાં માયાનો પ્રવેશ સિદ્ધ થાય છે. પોતાની ભૂલ કોઈ ન જાણે, અને જાણે

૪૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૭૮.

૪૨. "મોક્ષમાળા", પાઠ ૭૦–૭૧.

૪૩. એજન, પાઠ ૧૭.

૪૪. "અપૂર્વ અવસર પરનાં પ્રવચનો", આવૃત્તિ ૨, પૃ. ૨૬.

તો ઘણા નાના સ્વરૂપમાં જાણે તેવી જાતની ઇચ્છા પણ માયાને લીધે થાય છે. આમ માયા એ આત્માનો વિભાવ છે અને તેના થકી બીજા કેટલાયે દુર્ગુણો આત્મામાં પ્રવેશે છે, તેથી માયાનો નાશ કરવો ઉચિત છે. માયાનો નાશ કરવાનો સૌથી અસરકારક ઉપાય તેની સામે સાક્ષીભાવે – ઉપેક્ષાવૃત્તિથી રહેવું તે છે. માયા થાય તો તેને કોઈ જાતનું મહત્ત્વ ન આપવું, અંતે થાકીને તે નાશ પામશે. માયા સામે નિષ્કપટપણું તથા સરળપણું સાક્ષીભાવે અજમાવવાની શ્રીમદ્‌ની નેમ છે.

ચોથો કષાય તે લોભ છે. તે સૌથી સૂક્ષ્મ અને સૌથી ચીકણો એટલે કે સૌ પહેલાં પ્રવેશે અને સૌની અંતે જાય તેવો આ કષાય છે. સૂક્ષ્મ લોભ તો દશમા ગુણસ્થાન સુધી પ્રવર્તે છે. લોભમાંથી બીજા કષાયોની પણ વૃદ્ધિ થાય છે. એક સંસ્કૃત સુભાષિત છે કે :—

"लोभात्क्रोधः प्रभवति, लोभात्कामः प्रजायते ।
लोभान्मोहश्च नाशश्च, लोभः पापस्य कारणम् ॥"

અહીં જણાવ્યા પ્રમાણે લોભ એ જ સર્વ અનર્થનું મૂળ છે. સંસારીઓમાં તો લોભ પ્રત્યક્ષ જ છે. પોતાની ગણાતી વસ્તુ અન્યને આપવામાં થતો સંકોચ તેનો લોભ બતાવે છે. મુનિ એ રીતે અપરિગ્રહી હોય છે, છતાં પુસ્તકો મેળવવાનો, શિષ્યો વધારવાનો, કીર્તિ પ્રાપ્ત કરવાનો, લબ્ધિ મેળવવાનો એ વગેરે પ્રકારનો લોભ તો મુનિઓમાં પણ સંભવે છે. નિર્ગ્રંથ મુનિ આ લોભથી બચવા સર્વથા પ્રયત્નશીલ હોય છે. તેમને સ્થૂળ મોહ તો હોતો નથી, પણ તેઓ સૂક્ષ્મ મોહથી પણ દૂર રહેવા મથતા હોય છે. લોભથી બચવા તેઓ લોભનો જ લોભ કરે છે. લોભને જીતવા માટે લોભનો લોભ કરવા જેવો બીજો એકે ઉત્તમ ઉપાય નથી. લોભનો લોભ કરવો એટલે લોભ વાપરવામાં કંજૂસાઈ કરવી, અર્થાત્ લોભ ન કરવો. આમ મુનિ લોભની સામે ત્યાગથી વર્તે છે. લોભને તો દૂરથી જ આવતો ભાળી તેનો નાશ કરવા તેઓ પ્રયત્નશીલ રહે છે. તેઓ ત્યાગ દ્વારા લોભને પ્રવેશવાનો અવકાશ જ આવવા દેતા નથી.

આમ શ્રીમદ્દે ક્રોધ, માન, માયા અને લોભની દુર્જય પ્રકૃતિને જીતવાનો માર્ગ આ કડીમાં બતાવ્યો છે. તેમ કરવામાં તેમણે "દશવૈકાલિકસૂત્ર"ની નીચેની ગાથાનો આધાર લીધો જણાય છે :—

"उवसमेण हणे कोहं माणं मद्दवया जिणे ।
मायं चज्जवभावेण लोभं संतोसओ जिणे ॥"[45]

ઉપશમથી ક્રોધને હણો, નમ્રતાથી માનને જીતો, સરળતાથી માયાને દૂર કરો અને સંતોષથી લોભને જીતો, એમ કહી ઉપશમ, નમ્રતા, સરળતા અને સંતોષને ક્રોધ, માન, માયા અને લોભને જીતવાના ઉપાય તરીકે આ કડીમાં બતાવેલ છે. શ્રીમદ્દે પણ આ જ સાધનો ઉપરની કડીમાં દર્શાવેલાં આપણે જોઈ શકીશું.

૪૫. "દશવૈકાલિકસૂત્ર", અધ્ય. ૮, ગાથા ૩૯, પૃ. ૧૩૧.

આ ચારે કષાયનો કેટલે અંશે નાશ કરવો તે વિશે શ્રીમદ્દે લખ્યું છે કે:—

"બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ,
વંદે ચક્રિ તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહિ છો પ્રબળ સિદ્ધિ નિદાન જો." અપૂર્વ૦ ૮

પ્રાણઘાતક ઉપસર્ગ આપનાર પ્રતિ પણ ક્રોધ ન આવે, છ ખંડના ધણી ચક્રવર્તી વંદન કરવા આવે તોપણ માન ન થાય, દેહનો નાશ થતો હોય છતાં પણ માયાનો આશ્રય લેવાની એક રુંવાડે પણ વૃત્તિ ન થાય, અને પ્રબળ સિદ્ધિ તથા લબ્ધિ પ્રાપ્ત થઈ હોય છતાં તેનો ઉપયોગ કરવાનો ક્યારેય લોભ ન થાય — એવો અપૂર્વ અવસર ક્યારે આવશે? અહીં પ્રત્યેક કષાયની અંતિમ કક્ષા દર્શાવી, તે સ્થિતિમાં પણ કષાયનો ઉદ્‌ભવ ન થવો જોઈએ તેવી ઉત્કૃષ્ટ ભાવ અને દ્રવ્ય ચારિત્ર પાળવાની ભાવના શ્રીમદ્દે બતાવી છે.

સામાન્ય કારણે ક્રોધ ન આવે તેટલી જીત તો ઘણા જીવોની થઈ હોય છે. પણ ઘણા મોટા કે તીવ્ર, પ્રાણઘાતક નીવડે તેવા ઉપસર્ગ કરનાર પ્રતિ રોષ ન આવે અને સમભાવ જ રહે તેવી ભાવના શ્રીમદ્દે અહીં વ્યક્ત કરી છે. નિર્ગ્રંથ મુનિ જાણે છે કે:—

"અશુભ કર્મનો ઉદય ન હોય તો કોઈ પણ વ્યક્તિ દુઃખ આપવા સમર્થ નથી. અસાતા વેદનીયનો ઉદય આવે ત્યારે તે ફળ આપી ખરી જાય છે, તે કંઈ સ્થાયી રહેતું નથી. અને તેનાથી કંઈ જ્ઞાનગુણને હાનિ થતી નથી."[૪૬]

આ જાતની ઉત્તમ સમજણથી મુનિ કોઈ પ્રતિ ક્રોધ ન કરતાં ક્ષમાભાવ રાખે છે. આવી ઉત્તમ ક્ષમાનું ઉદાહરણ "ગજસુકુમાર મુનિ"નું કથાનક છે.[૪૭]

કોઈ પણ વ્યક્તિ થોડું પણ માન આપે ત્યાં જીવને માનભાવ થતો જોવાય છે. ત્યારે અહીં તો શ્રીમદ્દે ચક્રવર્તી જેવી સંસારની સર્વોત્તમ મનાતી વ્યક્તિ વંદન કરવા આવે તોપણ માન ન થવું જોઈએ તેવી ભાવના ભાવી છે. ચક્રવર્તી છ ખંડની ધરતીના ધણી, ૯૬ કરોડ પાયદળના સ્વામી, ૬૪૦૦૦ રાણી અને ૧૪ રત્ન તથા ૯ નિધિના ભોક્તા હોવા ઉપરાંત પોતાનું રૂપ વિકુર્વી શકવાની શક્તિવાળા હોય છે. આવા અઢળક સંપત્તિ અને સામર્થ્યવાળા પણ જ્યારે મુનિને મહાન ગણી વંદન કરવા આવે ત્યારે પણ મુનિ આત્માની અનંત શક્તિ વિચારી ચક્રવર્તીને મળેલા પુદ્‌ગલના વૈભવથી જરા પણ અંજાયા વિના માનથી દૂર રહી શકે, તેટલી હદ સુધીનો માનનો પરાજય કરવાની ભાવના શ્રીમદ્દે અહીં વ્યક્ત કરી છે.

ક્રોધ અને માનની જેમ માયાનો પરાભવ કરવાની અભિલાષા પણ શ્રીમદ્દે સેવી છે. કોઈ પણ જીવ કે પદાર્થ પ્રતિ રાગ કે દ્વેષાદિનો ભાવ ન રાખતાં સમભાવ રાખવાની તેમની

૪૬. "પરમપદ-પ્રાપ્તિની ભાવના", ૫, ૧૨૦.
૪૭. "મોક્ષમાળા", પાઠ ૪૩.

મનોકામના છે. પોતાના દેહ પ્રત્યે પણ માયા ન રાખવાનો એમનો નિર્ધાર અહીં જણાય છે દેહ આદિ મારાં નથી, હું શુદ્ધ ચૈતન્યમય, અવિનાશી આત્મા છું, દેહનાશથી મને કશું નુકસાન થવાનું નથી — એવી જાતની ચિંતવના કે ભાવના દ્વારા મુનિ ધર્મને અર્થે દેહને પણ જતો કરી દે છે, અને તેમાં જરાય રાગ કરતા નથી, કારણ કે સૂક્ષ્મ રાગ પણ જીવને આડો આવે છે. ગૌતમસ્વામીનો મહાવીર પ્રભુ પરનો સૂક્ષ્મ રાગ તેમના કેવળજ્ઞાનને પ્રગટ થવા દેતો નહોતો એ ઉદાહરણ શ્રીમદે "મોક્ષમાળા"માં આપ્યું છે.[૪૮] ધર્મને માટે દેહ જતો કરનાર, તેમાં મમત્વપણું ન કરનાર સુદર્શન શેઠ[૪૯] જેટલો માયાત્યાગ કરવાની અહીં ભાવના છે.

ક્રોધ, માન, માયા વગેરેથી છૂટનાર જીવ કેટલીક વખત લોભથી છૂટી શકતો નથી. સાતમે ગુણસ્થાને પહોંચેલા મુનિ શિષ્ય, પુસ્તક, માન આદિ બાહ્ય રાગથી મુક્ત હોય છે, તેથી તપ, ચારિત્ર આદિના પ્રભાવથી નિર્ગ્રંથ મુનિને કેટલીક લબ્ધિઓ પ્રગટે છે. આ લબ્ધિ ઘણા પ્રકારની હોઈ શકે છે, જેમ કે — થૂંક ઔષધરૂપ થાય, નાક, કાન, આદિનો મેલ ઔષધરૂપ થાય, શરીર વિકુર્વી શકે, શરીરને હલકું, ભારે, નાનું કે મોટું બનાવી શકે, — વગેરે પ્રકારની લબ્ધિ હોય છે. મુનિએ એ લબ્ધિ પોતાના આત્માના વિકાસ અર્થે અંતરમાં શમાવી દેવાની હોય છે. પણ જો સાવધ ન રહેતાં, કોઈ ને કોઈ કારણે મુનિ તેનો ઉપયોગ કરવા લાગે તો તેમાંથી મુનિનું ચારિત્ર શિથિલ બનતાં આધ્યાત્મિક પતન થાય છે. પોતાને પ્રગટેલી લબ્ધિથી ઉપસર્ગ, પરિષહ કે રોગાદિનો પરાભવ કરવાની ઇચ્છા મુનિએ ન રાખવી જોઈએ, અને પ્રાપ્ત કર્મોદય સમભાવે વેદવો જોઈએ. જો તેમ ન કરતાં કોઈ કારણે લબ્ધિનો ઉપયોગ કરવાનો વિકલ્પ મુનિને આવે તો લોભ ત્યાં પ્રવેશી ગયો છે તે નિશ્ચિત થાય છે. આવા લોભને પ્રવેશવા ન દેવાની ભાવના અહીં વ્યક્ત થયેલી છે. આવું નિર્લોભપણાનું ઉદાહરણ શ્રી સનત્કુમાર ચક્રવર્તીનું છે. તેઓ જ્યારે મુનિરૂપે વિચરતા હતા ત્યારે તેમનો દેહ ખૂબ રોગિષ્ઠ બન્યો હતો, તે વખતે લબ્ધિથી રોગનો નાશ કરવાની તેમની શક્તિ હોવા છતાં તેમણે તેનો ઉપયોગ ન કરતાં રોગથી દેહનો નાશ થવા દીધો હતો.[૫૦]

આમ શ્રીમદે આ કડીમાં ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયનો નાશ ઇચ્છ્યો છે. આ કડી વિશે શ્રી કાનજીસ્વામી જણાવે છે કે :—

> "સ્વરૂપની યથાર્થ જાગૃતિના ભાવ વડે અપૂર્વતાના આ સંદેશા છે. અંતરંગમાં આત્મબળનું જોડાણ સ્થિરતામાં અધિકપણે વર્તે છે, અને વીતરાગ સ્વભાવને સિદ્ધ કરીને તે રૂપ થવાની ભાવના અહીં ભાવે છે. એમના નિઃશંક અભિપ્રાયમાં ભવનો અભાવ દેખાય છે."[૫૧]

આ કડીની પહેલી બે પંક્તિઓ —

---

૪૮–૪૯–૫૦ "મોક્ષમાળા", પાઠ ૪૪. અને ૩૨. અને ૭૦.

૫૧. "અપૂર્વ અવસર પરનાં પ્રવચનો", પૃ. ૪૩.

"બહુ ઉપસર્ગ કર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ,
વંદે ચક્રિ તથાપિ ન મળે માન જો;" અપૂર્વ૦

— માં "ઉત્તરાધ્યનસૂત્ર"ની નીચેની બે ગાથાઓની છાયા જણાય છે. જુઓ —

"ण संतसे न वारेज्जा मणं पि ण पओसए ।
उवेहे णो हणे पाणे भुञ्जते मंससोणियं ॥"

"अभिवायणमब्भुट्ठाणं सामी कुज्जा णि मंतणं ।
जे ताई पडिसेवंति ण तेसिं पीहए मुणी ॥"[૫૨]

પહેલી ગાથામાં પ્રાણઘાતક ઉપસર્ગ કરનાર પ્રતિ — રક્ત, માંસ ચૂસનાર પ્રાણી પ્રતિ — મુનિ દ્વેષ ન કરતાં સમભાવ રાખે એમ જણાવ્યું છે. અને બીજી ગાથામાં રાજા, શ્રીમંત આદિ પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ કરેલા વંદનથી મુનિ માનભાવ ન આણે તેમ જણાવ્યું છે. આમ આ બંને ગાથાઓએ ૮મી કડીની પહેલી બે પંક્તિઓની પશ્ચાદ્‌ભૂમિકા રચવાનું કાર્ય કર્યું હોય તેમ જણાય છે.

મુનિદશામાં જે પવિત્ર દશા હોય છે તેનો નિર્દેશ શ્રીમદ્દે આ તથા આ પછીની કડીમાં કર્યો છે. આ દશા હજુ તેમને પ્રગટી નથી, પણ તે પ્રગટાવવાની તેમની ભાવના છે. આવો ઉચ્ચ આદર્શ સેવનારની માનસિક દશા કેટલી ઉચ્ચ હશે તેનો ખ્યાલ અહીં આવે છે. હવે નવમી કડી જોઈએ :—

"નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહિ,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો." અપૂર્વ૦ ૯

મુનિની આંતરિક દશાના વર્ણન પછી આ કડીમાં શ્રીમદ્ બાહ્ય લક્ષણો બતાવતાં કહે છે કે, દિગંબરત્વ, કેશલોચન, સ્નાન ન કરવું, દાંત સાફ ન કરવા, તે ઉપરાંત કેશ, રોમ, નખ કે અંગમાં શૃંગાર ન કરવો એ સર્વ નિર્ગ્રંથ મુનિનાં પ્રસિદ્ધ લક્ષણો છે. આવા દ્રવ્ય તેમ જ ભાવ ચારિત્રરૂપ સંયમથી નિર્ગ્રંથપણું સિદ્ધ થાય છે, તેવા નિર્ગ્રંથ થવાનો અવસર ક્યારે આવશે ?

ચોથીથી આઠમી કડી સુધી નિર્ગ્રંથના આદર્શ ભાવચારિત્રનું વર્ણન કર્યા પછી શ્રીમદ્દે આ કડીમાં મુનિના દ્રવ્યચારિત્રનું વર્ણન કર્યું છે. કારણ કે દ્રવ્ય અને ભાવ એ બંને પ્રકારનાં ચારિત્રરૂપી સંયમ આવે ત્યારે જ નિર્ગ્રંથપણું સિદ્ધ થાય છે.

દ્રવ્યચારિત્રનું સૌ પહેલું લક્ષણ નગ્નત્વ છે. મુનિને કુટુંબ, પરિવાર, ધન, વૈભવ આદિનો મોહ છૂટવા સાથે વસ્ત્રનો પણ મોહ છૂટી જાય. મુનિને દેહનો પણ મોહ છોડવાનો

૫૨. "ઉત્તરાધ્યયનસૂત્ર", અધ્ય. ૨, ગાથા ૧૧ અને ૩૮.

હોવાથી, તેની સુખસગવડ સાચવતી બાહ્ય વસ્તુઓનો પરિગ્રહ પણ ન ખપે. તેથી તેઓ નિર્વસ્ત્ર બની જંગલમાં આત્મસ્થિરતામાં રહે. વસ્ત્ર હોય તો તેને સાફ કરવું, બદલવું આદિ સ્થૂળ ક્રિયામાં સમય પસાર થાય, ઉપરાંત વસ્ત્રો વધારે રાખવાનો પણ મોહ થાય; ઠંડી માટે, ગરમી માટે એમ ભેદપૂર્વકનાં વસ્ત્ર રાખવાની ઇચ્છા જન્મે અને તેમાંથી બાહ્ય ભાવમાં પડી જવાનો સંભવ વધે, તેથી મુનિ માટેનો આદર્શ તો નગ્નત્વ જ છે. નગ્નત્વ સહન કરવાની શક્તિ ન હોય તો શકય તેટલા ઓછા પરિગ્રહથી ચલાવવાનું શાસ્ત્રમાં વચન છે.

મુનિના દ્રવ્યચારિત્રનું બીજું લક્ષણ મુંડભાવ, કેશલોચન છે વાળ એ દેહનો શણગાર છે, તે દેહની સુંદરતા વધારે છે, તેથી કેશ હોય તો દેહનું મમત્વ વધે અને દેહની કુરૂપતાનો ખ્યાલ ન આવે. આથી મુનિએ કોઈ પણ જાતના સાધનનો ઉપયોગ કર્યા વિના ઊગેલા વાળ હાથથી જ ચૂંટી કાઢવાના હોય છે. મુનિ લોચ કરતી વખતે થતી વેદના સમભાવે સહે. અને દેહ પ્રતિ જરા પણ મમત્વ ભાવ રાખે નહિ; હાથથી લોચ કરવાના કારણમાં અસ્રો કે એવા કોઈ સાધનનો પરિગ્રહ ન વધારવો, પરિષહ સહેવાની પોતાની દૃઢતા જાણવી વગેરે હોય છે. શ્રીમદે લખ્યું છે કે:—

> "લોચ કરવો શા માટે કહ્યો છે? શરીરની મમતાની તે પરીક્ષા છે. માટે (માથે વાળ) તે મોહ વધવાનું કારણ છે. નાહવાનું મન થાય, અરીસો લેવાનું મન થાય, તેમાં મોઢું જોવાનું મન થાય અને એ ઉપરાંત તેનાં સાધનો માટે ઉપાધિ કરવી પડે. આ કારણથી જ્ઞાનીઓએ લોચ કરવાનું કહ્યું છે."[53]

અસ્નાન એ પણ નિર્ગ્રંથ મુનિનું પ્રસિદ્ધ લક્ષણ છે. મુનિને માટે અસ્નાન ઉપયોગી હોવાનાં કેટલાંક કારણો આ પ્રમાણે છે. મુનિને કોઈનું પણ પરાધીનપણું પોસાય નહિ, તેથી સ્નાન કરવા માટેનું અચેત પાણી વહોરી લાવવામાં શ્રાવક પર જે બોજો વધે, તે વધારવા તેઓ ઇચ્છે નહિ, કારણ કે મુનિને તો નછૂટકે જ જોઈએ તેટલી વસ્તુ લાવવાની છૂટ છે. વળી, સ્નાન કરવામાં પાણી ઢોળવાથી થતી સૂક્ષ્મ જીવોની હિંસાથી બચવા પણ અસ્નાન આવશ્યક છે. આ ઉપરાંત મુનિ સતત આત્મસ્થિરતામાં રહેવા મથતા હોય છે, તેથી દેહ તરફ તેમની દૃષ્ટિ જ હોતી નથી. દેહનું રહ્યુંસહ્યું મમત્વ પણ ટળી જાય તે માટે મુનિ પરસેવો, ધૂળ, આદિથી જામતા મેલ દ્વારા શરીરની અશુચિ પૂર્ણરૂપે પ્રગટવા દે છે; તેમ કરવામાં અસ્નાન ઘણું સહાયભૂત થાય છે. તેમ છતાં મુનિનો દેહ સદાય અશુદ્ધ રહેતો નથી, કારણ કે તાપમાં મેલના થર ખરી પડે છે અને દેહ સ્વચ્છ બને છે. બીજી બાજુ આત્માની નિર્મળતા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ દેહના પરમાણુ બદલાતા જાય છે અને તેની અશુચિ ઘટે છે. એ રીતે પણ ઉચ્ચ ગુણસ્થાનવર્તી મુનિને સ્નાનની આવશ્યકતા રહેતી નથી. તે વિશે શ્રી નગીનદાસ શેઠ લખે છે કે—

> "જેમ આત્મામાં અશુભ વૃત્તિ રહેતી નથી તેમ શરીરમાં પણ અશુભ પરમાણુ પુદ્ગલો રહેતા નથી. આત્મા શુદ્ધ થતાં શરીરના પુદ્ગલો પણ શુદ્ધ થાય છે."[54]

૫૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૭૨૯.
૫૪. "પરમપદ-પ્રાપ્તિની ભાવના", પૃ. ૧૫૪.

દાંત સાફ ન કરવા તે પણ ઉપર જોયાં તેવાં કારણોથી મુનિના ચારિત્રનું એક લક્ષણ ગણાયું છે. મુનિને સ્વાદ પર તો ખૂબ જ કાબૂ હોય છે. અને મિતાહારી મુનિને સ્વાદરહિત ખોરાક ખાવાથી દાંતની ખરાબી પણ ઓછી થાય છે. તેથી પણ દાંત સાફ કરવાની આવશ્યકતા મુનિને ઘટી જાય છે.

"અદંતધોવન" શબ્દ પછી "આદિ" શબ્દ મૂકીને શ્રીમદ્દે એમ સૂચવ્યું છે કે આવાં બીજાં લક્ષણો દ્રવ્યચારિત્રનાં છે, જે જગતમાં પ્રસિદ્ધ છે. તેમાં આ ચાર લક્ષણો મુખ્ય છે; ત્રીજી પંક્તિમાં મુનિઅવસ્થામાં કેશ, રોમ, નખ કે અંગ પર શૃંગાર ન કરવાની ભાવના શ્રીમદ્દે ભાવી છે, કારણ કે તેમ કરવાથી દેહ પરનો મોહભાવ ઓછો થાય છે. તેથી મુનિને કોઈ પણ પ્રકારનો શૃંગાર નિષિદ્ધ છે. જેનો આત્મા પવિત્ર છે, તેનો દેહ પણ સ્નાન કે શૃંગાર વિના પવિત્ર છે.

દ્રવ્ય તથા ભાવથી સંયમમાં સ્થિર રહેવાની ભાવના શ્રીમદ્દે ચોથી પંક્તિમાં ભાવી છે. તે વિશે પૂ. સંતબાલજી લખે છે કે :—

> "દ્રવ્ય અને ભાવ, વ્યવહાર અને નિશ્ચય એ એક જ સિક્કાની બે બાજુઓ છે, એક જ કુવારાની બે ધારાઓ છે. દ્રવ્ય ન હોય ત્યાં ભાવ હોય જ નહિ, અને ભાવ હોય ત્યાં દ્રવ્ય છે જ એમ નિશ્ચયે જાણવું."[૫૫]

શ્રીમદ્દે આ કડીમાં જણાવેલાં મુનિનાં દ્રવ્યલક્ષણોના અનુસંધાનમાં શ્રી કાનજીસ્વામી જણાવે છે કે :—

> "પરમ પવિત્ર પુરુષાર્થ આ વીતરાગ સાધક દશાની ભૂમિકામાં કેવો હોઈ શકે, તેનો ગંભીર આશય સમજવાની પાત્રતા થયે જીવને તેનાં બધાં પડખાં વિરોધરહિત સમજાય છે."[૫૬]

મુનિએ પાળવા યોગ્ય દ્રવ્યચારિત્રનાં જે લક્ષણો શ્રીમદ્દે દર્શાવ્યાં છે, તે બધાં મહાવીરપ્રભુ પાળતા હતા તેવો ઉલ્લેખ "આચારાંગસૂત્ર"માં મળે છે. તે પરથી અનુમાન કરી શકાય કે વીરપ્રભુના ચારિત્ર પરથી શ્રીમદ્દે આ લક્ષણો સ્વીકાર્યાં હોય, કારણ કે શ્રીમદ્દે પોતે જ તે લક્ષણોને "પરમ પ્રસિદ્ધ" ગણાવ્યાં છે, જુઓ :—

> "संसोहणं च वमणं च गायब्भंगणं सिणाणं च ।
> संबाहणं न से कप्पे दंतपक्खालणं परिण्णाए ॥"[૫૭]

અહીં જણાવ્યા પ્રમાણે, વળી તેઓ આખા શરીરને અશુચિમય જાણીને જુલાબ, વમન, તૈલાભ્યંગન, સ્નાન, સંબાધન અને દાતણ પણ નહોતા કરતા.

---

૫૫. "સિદ્ધિનાં સોપાન", પૃ. ૬૧.
૫૬. "અપૂર્વ અવસર પરનાં પ્રવચનો", પૃ. ૫૪.
૫૭. "આચારાંગસૂત્ર", અધ્ય. ૯, ઉ. ૪, ગાથા ૨.

દ્રવ્ય તથા ભાવ એ બંને પ્રકારનાં ચારિત્રના પાલન દ્વારા સાચા નિર્ગ્રંથપણાને પ્રાપ્ત કરવાની અભિલાષા નવમી કડીમાં વ્યક્ત કર્યા પછી ૧૦ મી કડીમાં શ્રીમદ્ એ બતાવે છે કે તે ચારિત્રપ્રાપ્તિથી મુનિને કેવા ભાવ વર્તે —

"શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા,
ભવમોક્ષે પણ વર્તે શુદ્ધ સ્વભાવ જો." અપૂર્વ૦ ૧૦

શુદ્ધ નિર્ગ્રંથપણું પ્રાપ્ત થયા પછી મુનિની દશા કેવી હોય તે આ કડીમાં શ્રીમદ્ વર્ણવે છે કે શત્રુ અને મિત્ર બંને તરફ સમભાવ હોય, પોતાને મળતાં માન કે અપમાન વિશે પણ તેવો જ ભાવ રહે, જીવન કે મરણમાં ન્યૂન કે અધિકપણું ન હોય, અને ભવ તથા મોક્ષ પ્રતિ એકસરખો શુદ્ધ ભાવ પ્રવર્તે એવો અપૂર્વ અવસર ક્યારે આવશે?

શત્રુ તેમ જ મિત્ર બંને તરફ સમાનભાવ હોય તેવી ભાવના શ્રીમદે પહેલી પંક્તિમાં ભાવી છે. અધ્યાત્મની આટલી ઉચ્ચ કક્ષાએ પહોંચ્યા પછી શત્રુ કઈ રીતે સંભવે તે પ્રશ્ન થાય. તેનું સમાધાન એમ કરી શકાય કે મુનિને વર્તમાન દશામાં કોઈ પ્રત્યે દ્વેષભાવ ન હોય, પણ પૂર્વજન્મોમાં કોઈ સાથે વૈરભાવનો સંબંધ બંધાયો હોય તેના ઉદય વર્તમાનમાં આવે તેમ બને. તેવા શત્રુનો અહીં ઉલ્લેખ છે. આ વિશેનું પ્રસિદ્ધ ઉદાહરણ મહાવીર પ્રભુ અને તેમના શિષ્ય ગોશાલકનું છે. મહાવીરસ્વામી પાસેથી લબ્ધિ મેળવ્યા પછી ગોશાલકે તેના ઉપયોગ ભગવાન મહાવીરના બે શિષ્યોને બાળવામાં કર્યો. તે વખતે પોતાની પાસે શક્તિ હોવા છતાં પ્રભુએ તે શિષ્યોને બચાવવાનો કે ગોશાલકને બાળવાનો પ્રયત્ન ન કર્યો અને તેઓ સમભાવે રહ્યા. શિષ્યનું રક્ષણ કરવા સાથે ગોશાલકનું રક્ષણ કરવું તેમને કર્તવ્ય લાગ્યું, જે શક્ય ન હતું, તેથી શત્રુ અને મિત્ર બંને પ્રતિ તેઓ સમભાવમાં રહ્યા. શત્રુ બનેલ શિષ્ય વિશે પણ લેશમાત્ર ઓછો ભાવ ન આવે તે દશા વર્ણનાતીત છે, અકલ્પ્ય છે! તેવી દશાની પ્રાપ્તિની આ ભાવના છે.

માન મળે કે અપમાન મળે તે બંને સ્થિતિમાં મુનિને એકસરખો જ ભાવ રહે, ભાવ-પલટો ન આવતાં આત્મભાવમાં જ સ્થિર રહે તેવી ભાવના શ્રીમદે અહીં વ્યક્ત કરી છે.

જીવન અને મરણની બાબતમાં પણ મુનિ એવો જ સમભાવ રાખે. તેમને જીવન લાંબું હોય તો હર્ષ, અને ટૂંકું હોય તો ખેદ ન થાય. પુદ્ગલનું બનેલું શરીર કર્મના ભોગવટા માટે મળેલ છે, તેમ જાણી શરીરની પ્રાપ્તિ કે નાશને પુદ્ગલધર્મ માની સમભાવે વેદે. એક કાળે શરીરનો અવશ્ય વિયોગ જાણી ગમે તે સ્થિતિમાં સમભાવે રહેવાની ભાવના શ્રીમદે અહીં ભાવી છે.

શત્રુ-મિત્ર, માન-અપમાન, જીવન-મરણ આદિમાં વર્તતો સમભાવ મુનિને એટલો સહજ હોવો જોઈએ કે તેને ભવ હોય કે મોક્ષ હોય તે વિશે પણ સમભાવ જ રહે. મુનિની મોક્ષ મેળવવાની આકાંક્ષા પણ તૂટી જવી જોઈએ. સાતમે ગુણસ્થાને તેમને આત્માની એવી

શુદ્ધતા પ્રવર્તતી હોય છે કે તેમને મોક્ષનો વિકલ્પ પણ છૂટી જાય છે, અને આત્મભાવમાં જ તેઓ સ્થિર રહે છે. તે વખતે મુનિ મોક્ષનો આનંદ માણતા હોવાથી તેમને ભવનો ખેદ રહેતો નથી. વળી ઘાતી કર્મોનો નાશ કરવામાં જ સતત પ્રવૃત્તિશીલ રહેતા મુનિને ભવ કે મોક્ષ પ્રતિ લક્ષ ન રહેતાં સમભાવ જ રહે છે. ભવ કે મોક્ષની પ્રાપ્તિ કે અપ્રાપ્તિમાં સૂક્ષ્મ રાગ તથા દ્વેષ રહેલાં છે, અને રાગદ્વેષ ઉપર તો સંપૂર્ણ જય મેળવવા મુનિ ઇચ્છે છે; તે કારણે પણ તેઓ સમભાવે વર્તે છે. શ્રીમદે આ કડીમાં વિવિધ સ્વરૂપે ઇચ્છેલા સમભાવ વિશે શ્રી સંતબાલજી યોગ્ય જ લખે છે કે —

"આ આખી કડીમાં સમભાવની પરાકાષ્ઠા જ બતાવવાની છે. એમ છતાં આ સહજ કાવ્યના રચયિતા પુરુષે, "શત્રુ મિત્ર પ્રત્યે" "સમદર્શિતા" શબ્દ વાપર્યો છે. "માન અમાને તે જ સ્વભાવ" અર્થાત્ એ રીતે સમભાવ સૂચિત કર્યો છે. જીવિત કે મરણ વચ્ચે અન્યૂનાધિકતા અને ભવ તથા મોક્ષ વિશે "શુદ્ધ સ્વભાવ" પદ મૂક્યું છે. એ યોજના ખૂબ રહસ્યમય થઈ છે. તે વખતે એમણે એ બધાં પદો એવા વિચારપૂર્વક મૂક્યાં હશે, એમ નિશ્ચયપણે કહેવાય નહિ. પરંતુ સ્ફુરણા એ પોતે જ એવી સહજ છે કે યથાર્થતા એની મેળે એંથી લાવે છે. શત્રુ અને મિત્ર તો વ્યક્તિ છે, એટલે ત્યાં સમદર્શિતા જ ઘટે છે. માન અને અપમાન એ પોતે પરિસ્થિતિ છે, અને તેની સીધી અસર ભાવ ઉપર થાય છે માટે ત્યાં "તે જ સ્વભાવ જો" એ જ ઘટિત છે. જીવિત અને મરણ બંને વચ્ચેની ન્યૂનાધિકતાનો સંસ્કાર અનાદિકાળથી રૂઢ છે, એટલે ત્યાં "નહિ ન્યૂનાધિકતા" પદ સમભાવને સૂચવવા માટે મુકાઈ ગયું છે તે યથાર્થ છે. એમ ઉપરની ત્રણે ઘટનાઓ સંસારની વચ્ચેની હતી એટલે સમભાવ ઘટે છે, પણ ભવ અને મોક્ષ વચ્ચે સમભાવ કેમ ઘટે? કારણ કે ઉપરની ઘટનાઓ તો માત્ર ભ્રાન્તિથી ભિન્ન દેખાતી હતી. પણ આ બંને દશા તો સદાકાળથી પરસ્પર સ્વયં વિરોધી હતી, છે અને રહેશે. એટલે ત્યાં સમભાવ સૂચવવા માટે "શુદ્ધ સ્વભાવ" પદ બંધબેસતું થઈ શકે, અને તે જ પદ સહજ રીતે આવી ગયું છે. એવો સાધક સંસારમાં છે ત્યાં લગી એને મોક્ષનો અનુભવ નથી પણ શુદ્ધ સ્વભાવનો છે, એટલે એ જ અનુભવમાં ઝીલી શકે અને ઝીલે. એમાં સમભાવનું રહસ્ય આવી જાય છે."[૫૮]

શ્રીમદે જણાવેલાં મુનિનાં આ લક્ષણો "ઉત્તરાધ્યયનસૂત્ર"માં આ પ્રમાણે બતાવાયાં છે:—

"समया सव्वभूअेसु सत्तुमित्तेसु वा जगे ।
पाणाइवायविरइ जावज्जीवाअे दुक्करं ॥"

"णिम्ममो णिरहंकारो णिसंगो चत्तगारवो ।
समो य सव्वंभूअेसु तसेसु थावरेसु य ॥"

"लाभालाभे सुहे दुक्खे जीविअे मरणं तहा ।
समो णिंदापसंसासु तहा माणावमाणओ ॥"[૫૯]

---

૫૮. "સિદ્ધિનાં સોપાન", પૃ. ૯૫.

૫૯. "ઉત્તરાધ્યયનસૂત્ર", અધ્ય. ૧૯, ગાથા ૨૬, ૯૦, ૯૧, પૃ. ૧૮૦, ૧૬૧.

"ઉત્તરાધ્યયનસૂત્ર"ની ઉપરની ગાથામાં મુનિનો શત્રુ તથા મિત્ર પ્રત્યે સમભાવથી વર્તવાનો ધર્મ બતાવ્યો છે. તો બીજી ગાથામાં નિર્મમ, નિરહંકારી, સર્વસંગત્યાગી તથા સર્વ પ્રાણી પર સમભાવ રાખનાર બનવાનો મુનિનો ધર્મ બતાવ્યો છે. અને નીચેની ગાથામાં લાભ-અલાભ; સુખ-દુઃખ, જીવન-મરણ, નિંદા-પ્રશંસા તથા માન-અપમાનમાં સમભાવ રાખવાનો મુનિનો આચાર બતાવ્યો છે. આ ત્રણે ગાથાનો મધ્યવર્તી વિચાર આપણને આ કાવ્યની ૧૦મી કડીમાં જોવા મળે છે.

આ કડીમાં શ્રીમદે સમભાવ રાખવાની ભાવના ભાવી છે, અને તે સમભાવ હોય ત્યારે મુનિની વર્તના કયા પ્રકારની હોય તે ૧૧મી કડીમાં તેમણે બતાવ્યું છે. જુઓ :—

"એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો." અપૂર્વ૦ ૧૧

પુરુષાર્થ વડે મોક્ષસ્વભાવદશા પ્રગટ કરવાની ભાવનાવાળા શ્રીમદ્ એવા મુનિપણાની ભાવના ભાવે છે કે સ્મશાનમાં એકલા વિચરતી વખતે અથવા પર્વતમાં પોતે હોય ત્યારે વાઘ, સિંહ જેવા હિંસક પ્રાણીનો મેળાપ થાય ત્યારે અડોલ – સ્થિર આસન રહે તથા મનમાં તે વિશે જરા પણ ક્ષોભ ન થાય, એટલું જ નહિ પણ પરમ મિત્રનો મેળાપ થવા જેટલો આનંદ થાય તેવો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

આત્માના સાચા સુખનો ખ્યાલ પામ્યા પછી મુનિ શેષ રહેલાં કર્મોને જલદી ભસ્મીભૂત કરીને શાશ્વત આત્મસુખ પામવાની અભિલાષાવાળા બને છે. તેથી ઉગ્ર સાધના કરવા તરફ તેમનું લક્ષ હોય છે. તેમ કરવા માટે સ્મશાન, જંગલ, પર્વતની ગુફા આદિ જેવાં નિર્જન સ્થળો તેમને વિશેષ અનુકૂળ લાગે છે. તેથી શ્રીમદ્ અહીં સ્મશાન જેવાં, અન્ય જનોને ભયભીત કરે તેવાં એકાંત સ્થળમાં મુનિવેશમાં એકાકીપણે રહી સાધના કરવાની ભાવના કરે છે. સ્મશાનમાં રાત્રિ જેવા સમયે વ્યંતરાદિ હલકી કોટિના દેવો પોતાના આનંદ માટે આવે છે. અને તેઓ સ્વભાવે ક્રૂર હોવાથી અન્ય જીવાદિને રંજાડવામાં જ આનંદ માણે છે. આવા નિર્જન અને ભયાનક ગણાય તેવા સ્મશાનમાં એકાકીપણે સાધના કરવાની તેમની ઇચ્છા છે. સામાન્ય રીતે મુનિ સમૂહમાં રહે છે, પણ જેમ જેમ તેમની આત્મિક દશા ઉચ્ચ બનતી જાય છે તેમ તેમ તેઓ પ્રતિબંધ જેવા સંગથી દૂર રહેવા એકાંતમાં વસે છે. સ્મશાન જેવી જગ્યાએ તેમને સંગપ્રસંગ આવતો નથી, તેથી તેમને વૈરાગ્ય આપે તેવા સ્થાનમાં સાધના માટે વિશેષ રુચિ રહે છે. આવી એકાંત જગ્યાએ, વ્યંતરાદિના ઉપસર્ગથી ડર્યા વિના, પોતાની સાધના તેઓ નિર્ભયપણે કરે છે, અને ઉપસર્ગ થાય તો તેને કર્મોદય ગણી તેની પરવા કરતા નથી. આમ અહીં શ્રીમદે સાતમા ગુણસ્થાનવર્તી, શ્રેણી માંડવાની ઇચ્છાવાળા મુનિની એકાંત સ્થિતિનું ખૂબ સમજપૂર્વકનું વર્ણન કર્યું છે.

પર્વત કે તેની ગુફા પણ સ્મશાન જેવું નિર્જન સ્થાન છે, તેથી તે પણ મુનિને સાધના માટે અનુકૂળ છે. પર્વત જેમ નિર્જન સ્થળ છે તેમ વધુ ભયંકર પણ છે કારણ કે માનવી જેનાથી ડરે છે અને જે માણસથી ડરે છે, એવી પરસ્પર ભયવાળી વાઘ, સિંહ, અજગર, રીંછ આદિની બનેલી પશુસૃષ્ટિ ત્યાં છે. પણ જેમણે દેહના જ ભય છોડ્યો છે તેવા મુનિ તે બધાથી ડર્યા વિના પર્વતની ગુફામાં કે ટોચ ઉપર આસન જમાવીને ધ્યાનમાં બેસે છે.

> "આસન એટલે મુનિ જે સ્થિતિમાં ઊભા હોય કે બેઠા હોય તે સ્થિતિ. શાંતિથી નિર્વિઘ્ને મુનિ ધ્યાનમાં એકાગ્રતા રાખી શકે તેવી સ્થિતિ...એટલે જે સ્થિતિમાં રહીને મુનિએ ધ્યાન ધર્યું હોય તે તેમની સ્થિતિ કહેવાય."[૬૦]

આમ પોતાને અનુકૂળ આસને સ્થિર થઈને મુનિ ધ્યાનમાં હોય તે વખતે સંજોગવશાત્ વાઘ, સિંહાદિ હિંસક પ્રાણી તેમની સમીપ આવી જાય અને તેમને રંજાડે તોપણ તેમની આત્મસ્થિરતામાં જરા પણ ફેર ન પડે તે ભાવના વ્યક્ત કરવા શ્રીમદ્દે "અડોલ આસન"નો શબ્દપ્રયોગ કર્યો છે. મુનિનું આસન અડોલ રહેવાનું મુખ્ય કારણ એ જ પંક્તિના ઉત્તરાર્ધમાં બતાવ્યું છે તે પ્રમાણે "ને મનમાં નહિ ક્ષોભતા" અર્થાત્ મનની અક્ષોભતા છે. હિંસક પ્રાણીના સંસર્ગની મુનિના મન પર કોઈ જાતની અસર થતી નથી; જો મન પર અસર થાય તો શરીર પર અસર થવાની જ, અને તેથી સ્થિરતા ચલાયમાન થવાની. તેથી ત્રીજી પંક્તિમાં કોઈ પણ સંયોગોમાં મનથી અને કાયાથી અડોલ રહેવાની ભાવના કવિએ ભાવી છે. તે ભાવની પરાકાષ્ઠા આવે છે ૪થી પંક્તિમાં :—

"પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો." અપૂર્વ૦

પર્વતની ગુફામાં કે ટોચ પર ધ્યાનસ્થ અવસ્થા હોય તે વખતે હિંસક પ્રાણીનો યોગ થાય, તેના તરફથી રંજાડ થાય તો તે વખતે આત્મસ્થિરતા ડગે નહિ, એટલું જ નહિ પણ તે યોગમાં પરમ મિત્ર મળતાં જેવો આનંદ થાય તેવો આનંદ આવે એટલી હદ સુધીનો સમભાવ કેળવવાની ભાવના અહીં જોવા મળે છે. જરા ઊંડાણથી વિચારતાં શ્રીમદ્‌નું આ કથન ખૂબ જ વિચારપૂર્વકનું જણાશે.

મુનિ કર્મક્ષય કરવા માટે ધ્યાનમાં લીન બને છે. તે વખતે જો ઉપસર્ગ થાય અને આત્મસ્થિરતા તેવી ને તેવી જ ટકી રહે તો કર્મક્ષય ઘણી ત્વરાથી થાય છે. જે કાર્ય કરવાની ઇચ્છા હોય તે કરી આપે તે મિત્ર, એ ન્યાયે વાઘ-સિંહ પણ મુનિના મિત્ર ઠરે, કારણ કે મુનિને કર્મક્ષય કરવામાં તે મદદ કરે છે.

બીજી બાજુ વાઘ-સિંહ દેહનો નાશ કરે તોપણ પોતાના આત્માના સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન કે સમ્યક્‌ચારિત્ર ગુણને લેશ પણ હાનિ થવાની નથી તેવી ખાતરી મુનિને હોવાથી મુનિ આત્મભાવમાં સ્થિર રહી શકે છે, એટલું જ નહિ, પણ વીતરાગમય સ્થિતિમાં તેમને ક્ષોભરહિત પરિણામ સ્વાભાવિક રીતે જ હોય છે. વળી મુનિ આત્મભાવમાં લીન હોય છે તેથી તેમને દેહની

૬૦. "પરમપદ-પ્રાપ્તિની ભાવના", પૃ. ૧૬૭.

જરૂરત હોતી નથી. તેમજ વાઘ-સિંહ આદિને પોતાના ખોરાક માટે દેહની જરૂર હોવાથી તે દેહ લઈ જાય તો મુનિ પોતાને અશરીરી બનાવનાર તે પ્રાણીઓને પોતાના પરમ મિત્ર માને છે; અને પોતાને થતા અનેક પ્રકારના ઉપસર્ગ મોક્ષસુખની પ્રાપ્તિ માટે સમભાવે વેદી લે છે. આ પંક્તિનો મર્મ સમજાવતાં શ્રી કાનજીસ્વામી જણાવે છે કે :—

> "મુનિરાજ શાંત, ધીર, ગંભીર, ઉજ્જ્વલ સમાધિમાં મસ્ત રહી, જાણે હમણાં કેવળજ્ઞાન લીધું કે લઉં એવા બેહદ પૂર્ણ સ્વભાવમાં મીટ માંડીને એકાગ્ર થાય છે, તેમાં કદી વાઘ અથવા સિંહ ભૂખથી ત્રાડ નાખતા આવે તોપણ એમ જાણે કે પરમ મિત્રનો યોગ મળ્યો, કારણ કે જેને શરીર જોઈતું નથી તેવા પુરુષને શરીર કોઈ લઈ જાય તો લઈ જનાર તેનો મિત્ર છે."[૬૧]

કેટકેટલી શારીરિક વેદના સહેવાની તૈયારી શ્રીમદ્ કરી છે ! પોતે આ કાવ્યની રચના કરી ત્યારે ગૃહસ્થ અવસ્થામાં હતા, તે વખતે પણ મુનિદશામાં પોતે પાળવા ધારેલા આત્મ-ચારિત્રનો કેવો ભવ્ય આદર્શ અહીં રજૂ કર્યો છે ! માનસિક રીતે તેમણે રાગદ્વેષનો ક્ષય કેટલી હદે કર્યો હતો તેનો પરિચય આપણને અહીં થાય છે.

શ્રીમદે પાળવા ધારેલા સાધુના આ આચારને "ઉત્તરાધ્યયનસૂત્ર"ની નીચેની ગાથાઓ પરથી પોતાના આદર્શ તરીકે સ્વીકાર્યો હોય તેમ જણાય છે :—

> "सुसाणे सुन्नगारे वा रुक्खमूले व अेगओ ।
> अकुक्कुओ णिसीअेज्जा ण य वित्तासअे परं ॥".
> "तत्थ से चिट्ठमाणस्स उवसग्गाभिधारअे ।
> संकाभीओ न गच्छेज्जा उट्ठित्ता अन्नमासणं ॥"[૬૨]

અહીં પહેલી ગાથામાં સ્મશાનમાં, સૂના ઘરમાં, વૃક્ષ નીચે એકાકી પ્રાણીને દુઃખ આપ્યા વિના બેસવાનો આચાર સાધુ માટે બતાવ્યો છે. અને બીજી ગાથામાં સ્મશાન આદિ સ્થળોમાં ઉપસર્ગ થાય તો દઢતાથી સહન કરવાનો તથા ભયભીત થઈને અન્ય સ્થળે ન જવાનો અનુરોધ કર્યો છે. આ બંને ગાથાના વિચારને પોતાના આદર્શરૂપ ગણી શ્રીમદે ૧૧મી કડીમાં તેને નિરૂપેલ છે.

મુનિઅવસ્થામાં પાળેલા ઉત્કૃષ્ટ દ્રવ્ય તેમ જ ભાવચારિત્રથી સાધકની સ્થિતિ કેવી હોય તે શ્રીમદે ૧૨મી કડીમાં બતાવ્યું છે —

> "ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહિ,
> સરસ અન્ને નહિ મનને પ્રસન્ન ભાવ જો;
> રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
> સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો." અપૂર્વ૦ ૧૨

૬૧. "અપૂર્વ અવસર પરનાં પ્રવચનો", પૃ. ૬૪.

૬૨. "ઉત્તરાધ્યયનસૂત્ર", અધ્ય. ૨, ગાથા ૨૦–૨૧.

પોતે પાળવા ધારેલા સંયમનો આદર્શ રજૂ કર્યા પછી પોતાના ચારિત્રની પૂર્ણતા આણવા માટે પોતે કરવા ધારેલા તપનું બયાન આ કડીમાં આપતાં શ્રીમદ્ કહે છે કે, સખત તપશ્ચર્યા કરતી વખતે પણ મનમાં ખેદ કે દુઃખ ઉત્પન્ન થાય નહિ, ભિક્ષામાં સ્વાદિષ્ટ અન્ન મળે તેમ છતાં જરાય આનંદ ન થાય. વળી, રજકણથી શરૂ કરી વૈમાનિક દેવની રિદ્ધિ સુધીના સર્વ પદાર્થને પુદ્ગલનો એક પર્યાય જ ગણું એવો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

તપશ્ચર્યાનો સાચો અર્થ સમજાવતાં શ્રી સંતબાલજીએ લખ્યું છે કે :—

> "તપસ્વીને જ્યાં સુધી એમ લાગે કે હું તપ કરી રહ્યો છું કે મેં તપ કર્યું છે ત્યાં લગી મન તપ્યા વિના રહે નહિ. સહેજ નિમિત્ત મળે કે આવેશ આવી જાય ! મૂંગાવ્રતની કે ઉપવાસોની આવી તપસ્યા મૂઢતા કે ભૂખ-લાંઘણના દોષોમાં જ પરિણમે, એટલે ખરી વાત તો એ છે કે વૃત્તિ ઉપર કામનાજન્ય જે સંસ્કારો હોય, તે ખળભળે એથી ક્લેશ થાય. પરંતુ મનમાં લગીરે તાપ ન થવા દેવો અથવા તાપ આવે કે મૂળથી શમાવી દેવો – ઊંડો કાંટો કાઢી નાખવો – એ જ ખરી તપસ્યા છે."[૬૩]

તપશ્ચર્યાના બે પ્રકાર છે: બાહ્ય અને અભ્યંતર. અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ અને સંલીનતા એ છ બાહ્યતપ છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, શાસ્ત્રપઠન, ધ્યાન અને કાયોત્સર્ગ એ છ અભ્યંતર તપ છે. કર્મદળને કાપવામાં બાહ્ય કરતાં અભ્યંતર તપ વિશેષ સમર્થ છે.

અહીં શ્રીમદે તપશ્ચર્યાને "ઘોર" વિશેષણ લગાવ્યું છે તે સપ્રયોજન છે. સામાન્ય તપ તો ઘણા કરી શકે અને તેનું ફળ પણ સામાન્ય હોય છે. વળી, જીવ અનાદિકાળથી ભારે કર્મો બાંધતો આવ્યો છે તેથી તેને છોડવા માટે તપ પણ એવું ભારે કરવું જોઈએ તે બતાવવા "ઘોર" વિશેષણનો ઉપયોગ થયો છે. ઉગ્ર કે તીવ્ર તપશ્ચર્યામાં મુનિને ઉપસર્ગ કે પરિષહ આવે તો તેમાં પ્રાણહાનિનો પણ સંભવ હોય છે, તે વખતે પણ મુનિ તપમાંથી વિચલિત ન થાય, એટલું જ નહિ પણ સમભાવે રહે, તે ઘોર તપશ્ચર્યા છે. એવી તપશ્ચર્યા કરતી વખતે લેશ પણ તાપ કે દુઃખ મુનિના મનને ન થાય, અને ગમે તેવા કષ્ટના પ્રસંગોમાં પણ સમભાવ રહે એવી અભિલાષા અહીં દર્શાવી છે.

મુનિવેશે જ્યારે ઉગ્રતાથી બાહ્યાભ્યંતર તપ કરતા હોય તે વખતે દિવસોના ઉપવાસ પછી પારણામાં સરસ અન્ન મળે તોપણ મનમાં પ્રસન્ન ભાવ ન આવે એવો સમભાવ કેળવવાની ઇચ્છા છે.

> "સરસ કે નીરસ આહાર મળવો તે ઉદયાધીન છે. શાતાનો ઉદય હોય તો અને શરીર ટકવાનું હોય તો આહાર મળી જ જાય તેમાં હર્ષ શા માટે ? મુનિએ તો મોહનો નાશ કર્યો છે. તેમને આહારની લોલુપતા હોતી નથી."[૬૪]

---

૬૩. "સિદ્ધિનાં સોપાન", પૃ. ૧૨૦.

૬૪. "પરમપદ-પ્રાપ્તિની ભાવના", પૃ. ૧૭૪.

સામાન્ય જીવ હોય તો સરસ અન્ન જોઈ મનમાં જરૂર પ્રસન્ન ભાવ આવી જાય, પણ અહીં તો ઘોર તપ કરતા મુનિની વાત છે. જેમની દેહાત્મબુદ્ધિ મટી ગઈ છે તેમને દેહ રહે કે જાય તે વિશે સમાન બુદ્ધિ હોવાથી અન્ન પ્રતિ કોઈ જાતનો ભાવ હોતો નથી. ચક્રવર્તી આહાર વહોરાવે તોપણ મુનિને કોઈ વિશેષ ભાવ આવે નહિ.

અન્ન તેમ જ બીજી વસ્તુઓ પ્રતિ ઉદાસીન બનનાર તપસ્વી કેટલીક વખત તપના પ્રભાવથી મળતી રિદ્ધિથી જિતાઈ જાય છે. એ સ્થિતિ સામે લાલબત્તી ધરતાં શ્રીમદ્ અહીં જણાવે છે કે:—

"રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો." અપૂર્વ૦

સંસારમાં દૃશ્યમાન થતી દરેકેદરેક વસ્તુ પુદ્ગલની બનેલી છે. એક નાનામાં નાના રજકણથી માંડીને ઉત્તમોત્તમ વૈજ્ઞાનિક દેવની ઉત્તમ રિદ્ધિ સુધીની દરેક ચીજ પુદ્ગલનાં જુદાં જુદાં સ્વરૂપ છે, તે સર્વ જડ છે. પૂર્વ પુણ્યના ઉદયથી વૈમાનિક દેવને તે રિદ્ધિ મળે છે, પણ તે આત્માના ચૈતન્યગુણને લેશ પણ લાભકર્તા નથી તે જ્ઞાની જાણતા હોવાથી, તેમને તેમાં મોહ થતો નથી. આથી જ નાનું રજકણ હોય કે વૈમાનિક દેવની રિદ્ધિ હોય, એ બંને જ્ઞાનીને મન સમાન જ છે; બંનેને તેઓ પુદ્ગલનાં જુદાં જુદાં સ્વરૂપ માને છે. સંસારીને દેખાતા એ બે વચ્ચેના ભેદની જ્ઞાનીને કશી કિંમત નથી હોતી. ભેગા મળવું અને છૂટા થવું તે ક્રિયામાંથી જ અનેક ચીજોનું અસ્તિત્વ થયું છે, પણ તે બધાનો આત્માના ગુણ અને શક્તિ પાસે કંઈ હિસાબ નથી. આત્માના અનંત સુખ પાસે પૌદ્ગલિક સુખો તુચ્છ લાગતાં જ્ઞાની તેને કશું મહત્ત્વ આપતા નથી.

શ્રીમદે કેળવવા ધારેલા નિર્મોહીપણાનું આલેખન આપણને ઉપરની પંક્તિઓમાં જોવા મળે છે, તે ભાવના પર "ઉત્તરાધ્યયનસૂત્ર"ની નીચેની ગાથાની અસર જણાશે.

"अणुक्कसाई अप्पिच्छे अण्णाएसी अलोलुए ।
रसेसु णाणुगिज्झेज्जा णाणुतप्पेज्ज पण्णवं ॥"[૬૫]

"हिमण्णं जायरूवं च मणसा वि न पत्थए ।
समलेट्ठु कंचणे भिक्खू विरए कयविक्कए ॥"[૬૬]

પહેલી ગાથાના "મુનિ રસલોલુપતાથી રહિત રહે છે" તે વચનની અને બીજી ગાથાના "મુનિ માટી અને સુવર્ણને સમાન જાણે છે" તે વચનની અસર આપણે—

૬૫. "ઉત્તરાધ્યયનસૂત્ર", અધ્ય. ૨, ગાથા ૩૯; અર્થ : અલ્પકષાયી, અલ્પ ઇચ્છાવાળા, અજ્ઞાત કુળમાંથી ભિક્ષા લેવાવાળા, અને લોલુપતાથી રહિત બુદ્ધિમાન સાધુ સરસ ભોજનમાં આસક્તિ રાખતા નથી, અને તે ન મળે તો તેનો ખેદ કરતા નથી.

૬૬. "ઉરાધ્યયનસૂત્ર", અધ્ય. ૩૫, ગાથા ૧૩, પૃ. ૩૩૩; અર્થ : ક્રય-વિક્રયથી વિરક્ત અને માટી તથા સુવર્ણને સમાન સમજવાવાળા સાધુ, ક્રય-વિક્રયની ઇચ્છા પણ કરતા નથી.

"સરસ અન્ને નહિ મનને પ્રસન્ન ભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યાં પુદ્‌ગલ એક સ્વભાવ જો." અપૂર્વ૦

ઉપરની પંક્તિઓમાં જોઈ શકીશું. શ્રીમદ્દે ચોથી કડીથી શરૂ કરેલું મુનિના આત્મચારિત્રનું વર્ણન અહીં પૂર્ણ થાય છે. ગૃહસ્થવેશમાં હોવા છતાં પોતાને વર્તતા ઉત્કટ ભાવચારિત્રને લીધે શ્રીમદ્ મુનિદશાનો આદર્શ અહીં રજૂ કરી શક્યા છે. દર્શનમોહનો નાશ અને સમકિતની પ્રાપ્તિ થતાં ચારિત્રમોહનો ઉદય નબળો પડવા લાગ્યો હતો તે ત્રીજી કડીમાં બતાવ્યું છે. તે પછી ચારિત્રમોહનો નાશ કરવા માટે કેટલો ભગીરથ પુરુષાર્થ કરવો જરૂરી છે તે તેમણે ૧૨મી કડી સુધી બતાવ્યું છે. શ્રીમદ્દે પોતાનું ધ્યેય પાંચમી કડીમાં બતાવ્યા પ્રમાણે "નિજ સ્વરૂપમાં લીન" થવાનું બાંધ્યું છે. અને તે પૂર્ણ કરવા મન, વચન અને કાયાના યોગમાં આત્મસ્થિરતા; રાગદ્વેષરહિતપણું, પ્રમાદરહિતપણું, કષાયજય સૌર્વમાં સમભાવ આદિ ગુણો ઇચ્છ્યા છે. અને તે ગુણોની પ્રાપ્તિ માટે નિર્ગ્રંથ મુનિનું નગ્નભાવ, મુંડભાવ, અસ્નાન, અદંતધોવન આદિ લક્ષણો સાથેનું ઉત્કટ દ્રવ્યચારિત્ર પાળવાની સાથે ઘોર પરિષહ કે ઉપસર્ગ સમભાવે સહેવાની તૈયારી પણ તેમણે કરી છે. એટલે કે તેમણે ઉત્કૃષ્ટ દ્રવ્ય અને ભાવચારિત્રનું પાલન પોતાની આત્મશુદ્ધિ માટે આવશ્યક ગણ્યું છે. ગૃહસ્થ દશામાં રહીને પણ આવી ઉત્તમ ભાવના શ્રીમદ્ ભાવી શક્યા છે તે જ તેમની ઉચ્ચ આધ્યાત્મિક દશા બતાવે છે.

અહીં કાવ્યનો પૂર્વ વિભાગ પૂર્ણ થાય છે. તેમાં શ્રીમદ્દે પોતાના નિર્ગ્રંથ થવાની ભાવનાનું, નિર્ગ્રંથનાં લક્ષણોનું, સમ્યગ્દર્શનનું અને સાતમે ગુણસ્થાને વર્તતા નિર્ગ્રંથ મુનિનાં આત્મચારિત્રનું વર્ણન આપેલ છે.

## ઉત્તર વિભાગ

આ કાવ્યના પૂર્વ વિભાગમાં ચોથાથી સાતમા ગુણસ્થાને વર્તતા જીવની દશાનું વર્ણન અપાયેલું છે, ત્યારે ઉત્તર વિભાગમાં આઠમાથી ચૌદમા ગુણસ્થાન સુધીની જીવની દશાનું વર્ણન અપાયું છે. તેના ત્રણ વિભાગ પાડી શકાય : ક્ષપકશ્રેણી, કેવળજ્ઞાન અને મોક્ષવર્ણન.

<u>ક્ષપકશ્રેણી</u> — મોહનીય કર્મના બે પ્રકાર છે : દર્શનમોહ અને ચારિત્રમોહ. દર્શનમોહ નાશ પામે ત્યારે સમકિત થાય છે, અને ત્યારથી ચારિત્રમોહનો ઉદય નબળો થવા માંડે છે. પૂર્વ વિભાગમાં બતાવ્યા પ્રમાણેનો પુરુષાર્થ કરવાથી સાધક સાતમા ગુણસ્થાનના અંતભાગમાં આવી જાય છે. તે પછીથી સાધકના ગુણસ્થાનની બે સ્પષ્ટ શ્રેણી પડી જાય છે : ઉપશમ શ્રેણી અને ક્ષપકશ્રેણી.

સાતમે ગુણસ્થાને ચારિત્રમોહની ૨૫ પ્રકૃતિના[૬૭] ક્ષયોપશમ થયા પછી સાધક આઠમે ગુણસ્થાને આવે ત્યારે શ્રેણીની શરૂઆત કરે છે. ૮થી ૧૨ ગુણસ્થાનોમાં આત્માની સ્થિતિ

૬૭. ૨૫ પ્રકૃતિ : ક્રોધ, માન, માયા, લોભની દરેકની અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન પ્રકૃતિ એટલે કુલ ૧૬ કષાય, અને હાસ્ય, રતિ વગેરે ૯ નોકષાય.

ઘણો અલ્પ સમય રહે છે. પ્રત્યેક ગુણસ્થાને જઘન્ય સ્થિતિ એક સમય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે, તેથી આત્મા શ્રેણી માંડે એટલે કે પોતાના આત્મસ્વરૂપમાં સ્થિર થાય ત્યારથી શરૂ થયેલો તેનો વિકાસ કેવળજ્ઞાનની પ્રાપ્તિએ અટકે છે, અથવા તો ઉપશમ શ્રેણીમાં આત્માનું ૧૧મા ગુણસ્થાનેથી પતન થાય છે. ઉપશમ શ્રેણીવાળો સાધક પોતાનાં ઘાતી કર્મોને ઉપશમાવતો ઉપશમાવતો ૧૧મા ગુણસ્થાને પહોંચે છે, અને ત્યાં કર્મના પ્રબળ ઉદયને લીધે તેનું પતન થઈ તે છઠ્ઠે, ચોથે, અથવા પહેલે ગુણસ્થાને અટકે છે. ક્ષેપક શ્રેણીવાળો સાધક પોતાનાં કર્મોનો ક્ષય કરતો કરતો દશમાથી ૧૨મા ગુણસ્થાને આવી, ૧૩મે ગુણસ્થાને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. ક્ષપક શ્રેણીમાં કર્મોનો ક્ષય થતો હોવાથી તે ઘાતીકર્મો ફરી કદી ઉદયમાં આવી શકતાં નથી. ક્ષપક શ્રેણીની આવી સમર્થતા હોવાથી શ્રીમદ્ તેની ઇચ્છા કરતાં ૧૩મી કડીમાં લખે છે કે :—

> "એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
> આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
> શ્રેણી ક્ષપક તણી કરીને આરૂઢતા,
> અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો." અપૂર્વ૦ ૧૩

પહેલી ૧૨ કડીમાં વર્ણવ્યા પ્રમાણે ચારિત્રમોહ કર્મને જીતીને અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાને આવું અને ત્યાંથી ક્ષપકશ્રેણીના માર્ગે જઈને અનન્ય ચિંતન દ્વારા મારા અતિશય શુદ્ધ સ્વભાવને પ્રાપ્ત કરું, એવો અપૂર્વ અવસર મેળવવાનો અભિલાષ શ્રીમદે આ કડીમાં વ્યક્ત કર્યો છે.

આ કડીની પહેલી બે પંક્તિમાં શ્રીમદ્ ચારિત્રમોહને હંફાવીને "અપૂર્વ કરણ" નામના ગુણસ્થાને આવવાની ભાવના સેવે છે. કરણ એટલે આત્માનાં પરિણામ. અપૂર્વ એટલે પૂર્વે નહિ કરેલ તે. આ ગુણસ્થાને આત્માને પૂર્વે કદી ન કર્યા હોય તેવા ભાવો પ્રગટે છે તેથી તે "અપૂર્વ કરણ" ગુણસ્થાન કહેવાય છે. અહીં મુનિ કષાયનો સંપૂર્ણ ક્ષય કરવા માટે પ્રબળ પુરુષાર્થ ઉપાડે છે, અને આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ્યા પછી જ તે પુરુષાર્થ છૂટે છે.

આઠમા ગુણસ્થાને આવ્યા પછી શ્રીમદ્‌ની ક્ષપકશ્રેણીએ ચડીને અનન્ય ચિંતન દ્વારા પોતાના અતિશય શુદ્ધ સ્વભાવ પ્રગટાવવાની અભિલાષા પાછળની બે પંક્તિઓમાં ઘણી યોગ્યતાથી મુકાયેલી છે.

આઠમા ગુણસ્થાનથી જીવ ઉપશમ અને ક્ષપક એ બેમાંથી એક શ્રેણીએ ઊંચે ચડે છે. ઉપશમ શ્રેણીવાળો ૧૧મા ગુણસ્થાનેથી અવશ્ય લથડે છે, ત્યારે ક્ષપક શ્રેણીવાળો ૧૩મા ગુણસ્થાન સુધી સીધો પહોંચી જાય છે તે આપણે જોયું. ક્ષપક શ્રેણીની આવી સમર્થતા હોવાથી શ્રીમદ્ તે જ શ્રેણી ઇચ્છે તે સ્વાભાવિક છે. શ્રી કાનજીસ્વામીના શબ્દોમાં —

> "આ ક્ષપક શ્રેણી એટલે શુક્લ ધ્યાનનો પ્રથમ પાયો. આ ગુણશ્રેણીમાં સમયે સમયે અનંતી વિશુદ્ધિ વધતી જાય છે."[૬૮]

૬૮. "અપૂર્વ અવસર પરનાં પ્રવચનો", પૃ. ૭૪.

ગુણસ્થાન ચડવામાં ક્ષપક શ્રેણી જ ઇચ્છવાનું એક બીજું કારણ પણ શ્રીમદ્દ માટે હતું. પોતે પૂર્વભવમાં ઠેઠ ૧૧મા ગુણસ્થાનેથી માર્ગના અજાણપણાને લીધે લથડ્યા હતા, તેનો ઉલ્લેખ સોભાગભાઈ પરના એક પત્રમાં તેમણે કર્યો છે. તેમાં એ કારણ સમાયેલું જોઈ શકાશે. વિ. સં. ૧૯૪૭ના કારતક સુદ ૧૪ના રોજ સોભાગભાઈને તેમણે લખ્યું હતું કે :—

"ગુણઠાણાં એ સમજવા માટે કહેલ છે. ઉપશમ અને ક્ષપક એ બે જાતની શ્રેણી છે. ઉપશમમાં પ્રત્યક્ષ દર્શનનો સંભવ નથી, ક્ષપકમાં છે. પ્રત્યક્ષ દર્શનના સંભવને અભાવે ૧૧મેથી જીવ પાછો વળે છે. ઉપશમ શ્રેણી બે પ્રકારે છે : એક આજ્ઞારૂપ; એક માર્ગ જાણ્યા વિના સ્વાભાવિક ઉપશમ થવારૂપ. આજ્ઞારૂપ પણ આજ્ઞા આરાધન સુધી પતિત થતો નથી. પાછળનો ઠેઠ ગયા પછી માર્ગના અજાણપણાને લીધે પડે છે. આ નજરે જોયેલી, આત્માએ અનુભવેલી વાત છે."[૬૯]

પોતે ૧૧મા ગુણસ્થાનેથી લથડ્યા હતા તેનો ઉલ્લેખ આ છેલ્લા વાક્યમાં જોઈ શકાશે. એથી ઉપશમશ્રેણીનું તેમને અનુભવજ્ઞાન હતું તેમ કહી શકાય. ક્ષપકશ્રેણીની અગત્ય બતાવતાં શ્રી સંતબાલજી યોગ્ય લખે છે કે :—

"ક્ષપક-શ્રેણીને લાયક થયેલો સાધક, મૂળે જ વિવેકસંપન્ન અને શ્રદ્ધાસંપન્ન હોય છે. એના જીવનમાં જૈન દૃષ્ટિએ જ્ઞાન અને ક્રિયાનો સુંદર સહચાર હોય છે. યૌગિક દૃષ્ટિએ જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગનો સરસ સમન્વય હોય છે. એટલે જ એનું દીર્ઘતપ આત્માના અનહદ, ઉદાર, અકલંક પરમ સ્વરૂપના અનાહત મનન નિદિધ્યાસનની ભૂમિકાનો પરિપાક આપે છે કે જે પરિપાક મળ્યા પછી અનંત યુગની ભાવટ એકાએક ભાંગી જાય છે."[૭૦]

આવી ક્ષપકશ્રેણીએ ચડી અનન્ય ચિંતન દ્વારા પોતાના અતિશય શુદ્ધ સ્વભાવ પ્રગટાવવાની ભાવના શ્રીમદ્દે અહીં દર્શાવી છે. ૮ થી ૧૨ ગુણસ્થાનોએ જીવ બહુ અલ્પ સમય રહે છે તે આપણે જોયું. ૮મા પછીનું પ્રત્યેક ગુણસ્થાન જીવ ચિંતન-ધ્યાન દ્વારા જ ચડે છે. સાધક જેમ જેમ પોતાના સ્વરૂપમાં લીન થતો જાય તેમ તેમ ગુણસ્થાન ચડતો જાય છે. આથી જ આવા ચિંતનમાં લીન બનીને પોતાનું શુદ્ધ આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવાની ભાવના શ્રીમદ્દે ભાવી છે.

આ આખું કાવ્ય શ્રીમદ્દે પોતાને જ ઉદ્દેશી સ્વયંસ્ફુરણાથી લખ્યું છે. તેનો પહેલો પુરાવો આપણે ત્રીજી કડીમાં "ઊપજ્યો" શબ્દમાં જોયો. એ જ રીતે આ કડીમાં બીજી પંક્તિના "આવું" શબ્દ પરથી ઉપરના વિધાનને સમર્થન મળે છે. શ્રીમદ્દે જો સામાન્ય કથન તરીકે આ કાવ્ય લખ્યું હોત તો "આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો"ની જગ્યાએ "આવે ત્યાં..." લખ્યું હોત. "હું આવું"ને બદલે "સાધક આવે" એમ વચન હોત. તેથી "આવું" શબ્દ પરથી સિદ્ધ થાય છે કે શ્રીમદ્દે આ કાવ્યમાં પોતાની ભાવનાનું જ

૬૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૫૦.
૭૦. "સિદ્ધિનાં સોપાન", પૃ. ૧૩૭.

વર્ણન કર્યું છે. "ઉત્તરાધ્યયનસૂત્ર"માં "ચારિત્રપ્રાપ્તિ"નું આપેલું ફળ આ કડી સાથે સરખાવવા જેવું છે. "ઉત્તરાધ્યયનસૂત્ર"ની કંડિકામાં લખ્યું છે કે :—

"चरित्तसंपन्नयाए णं सेलेसीभावं जणयइ। सेलेसिं पडिवन्ने य अणगारे चत्तारि केवलिकम्मंसे खवेइ। तओ पच्छा सिज्झइ बुज्झइ मुच्चइ सव्व दुक्खाणमंतं करेई।"७१

આ સૂત્રમાં બતાવ્યા પ્રમાણે ચારિત્ર પામેલો જીવ શૈલેશીભાવ પ્રાપ્ત કરે છે અને તેવા ભાવવાળો સાધુ બાકીના ચાર અઘાતીકર્મનો ક્ષય કરી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈને સમસ્ત દુઃખોનો અંત આણે છે. શ્રીમદે પણ અહીં ચારિત્રમોહનો નાશ કર્યા પછી ક્ષપકશ્રેણીએ ચડી પોતાનો અનન્ય શુદ્ધ સ્વભાવ પ્રગટ કરવાની ભાવના બતાવી છે. ક્ષપકશ્રેણીએ ચડવાની શરૂઆત કર્યા પછી જીવ ૧૨મા ગુણસ્થાનના અંતભાગમાં આવે ત્યારની આત્માની દશાનું વર્ણન ૧૪મી કડીમાં જુઓ :—

"મોહસ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંતસમય ત્યાં પૂર્ણસ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો." અપૂર્વ૦ ૧૪

સંપૂર્ણપણે વીતરાગ થવાની ભાવનાને શબ્દદેહ આપતાં કવિ આ કડીમાં કહે છે કે, મોહરૂપી સ્વયંભૂરમણ નામનો સમુદ્ર તરી જઈ, ક્ષીણમોહ નામના ૧૨મા ગુણસ્થાને પહોંચું, અને તે ભૂમિકાના છેલ્લા સમયે સંપૂર્ણપણે વીતરાગ બની આત્માનો કેવળજ્ઞાનરૂપી ભંડાર પ્રાપ્ત કરું એવો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

જીવને સંસારમાં પરિભ્રમણ કરાવનાર મુખ્ય કર્મ મોહનીય છે. તેથી એ સૌથી ભયંકર ગણાય છે. આ કર્મનો નાશ કરવા માટે સૌથી પ્રબળ પુરુષાર્થની જરૂર પડે છે. તેથી લેખકર્તાએ અહીં મોહને માટે "સ્વયંભૂરમણસમુદ્ર"નું રૂપક યોજ્યું છે. જૈન ભૂગોળ અનુસાર મધ્યલોકમાં "જંબુદ્વીપ" એક લાખ જોજન વિસ્તારવાળો છે. તે ગોળ છે. અને તેને ફરતા અસંખ્યાત દ્વીપ તથા સમુદ્રની પરંપરા છે. તેમાં સૌથી છેલ્લો "સ્વયંભૂરમણ" નામનો સૌથી મોટો સમુદ્ર છે, તેનો વિસ્તાર અસંખ્યાત જોજનનો છે. આ સમુદ્રને તરવા જેટલો પુરુષાર્થ કરવો પડે તેટલો જ પુરુષાર્થ મોહને જીતવા કરવો પડે તે બતાવવા અહીં મોહને "સ્વયંભૂરમણસમુદ્ર"ની ઉપમા આપી છે. આથી મોહને જીતવા માટે સાધક પુરુષાર્થ ઉપાડે ત્યારે, શ્રી કાનજીસ્વામી કહે છે તેમ, તે એ પ્રમાણે વિચારે કે :—

"જેમ મોહ મહાસમુદ્ર જેવો છે, તેમ મારામાં તેનાથી પણ અનંતગુણી અપરિમિત – બેહદ શક્તિ છે. તેથી હું આત્મામાં બેહદ સ્થિરતાને વધારું, કે જેથી મોહ સર્વથા ટળી જાય, અને હું જેવો શુદ્ધ પવિત્ર જ્ઞાનઘન છું તેવો થઈ રહું, સ્વરૂપમાં અતિ સાવધાની રાખું કે જેથી ચારિત્રમોહનો સ્વયમેવ સર્વથા ક્ષય થઈ જાય."૭૨

૭૧. "ઉત્તરાધ્યયનસૂત્ર", અધ્ય. ૨૯, કંડિકા ૬૧.

૭૨. "અપૂર્વ અવસર પરનાં પ્રવચનો", પૃ. ૭૮.

આમ મોહનીયનો નાશ થાય ત્યારે સાધક ૧૨ મા ક્ષીણમોહ નામના ગુણસ્થાને આવે છે, અર્થાત્ સાધક શુક્લધ્યાનના બીજા વિભાગમાં પ્રવેશે છે, તે શ્રીમદે બીજી પંક્તિમાં દર્શાવ્યું છે. આ ગુણસ્થાને "મોહનીય"નો સંપૂર્ણ નાશ થતો હોવાથી તે "ક્ષીણમોહ" કહેવાય છે. પોતાના આત્મસ્વરૂપમાં લીન બની, દૃઢ રહી "ક્ષીણમોહ" ગુણસ્થાનના અંત-ભાગમાં સાધક પહોંચી જાય છે. ત્યાં અંતસમયે પૂર્ણપણે વીતરાગી બની આત્મા કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ અમૂલ્ય ભંડાર પ્રાપ્ત કરે છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની પોતાની એ ભાવના શ્રીમદે આ કડીની બીજી બે પંક્તિમાં દર્શાવી છે:—

"અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ;
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો." અપૂર્વ૦

ત્રણે કાળ અને ત્રણે લોકનું સમય સમયનું જ્ઞાન હોવું તે કેવળજ્ઞાન, એવો કેવળ-જ્ઞાનનો પ્રચલિત અર્થ છે. આ અર્થમાં શ્રીમદ્‌ને કેટલોક વિરોધ દેખાય છે.[૭૩] તેથી કેવળજ્ઞાનનું પોતે સમજ્યા છે તે સ્વરૂપ સમજાવતાં એક પત્રમાં તેઓ લખે છે કે:—

"જ્ઞાનનું અત્યંત શુદ્ધ થવું તેને કેવળજ્ઞાન જ્ઞાની પુરુષોએ કહ્યું છે, અને તે જ્ઞાનમાં મુખ્ય તો આત્મસ્થિતિ અને આત્મસમાધિ કહ્યાં છે. જગતનું જ્ઞાન થવું એ આદિ કહ્યું છે તે અપૂર્વ વિષયનું ગ્રહણ સામાન્ય જીવોથી થવું અશક્ય જાણીને કહ્યું છે. કેમકે જગતના જ્ઞાન પર વિચાર કરતાં કરતાં આત્મસામર્થ્ય સમજાય..."

"આત્મા જ્યારે અત્યંત શુદ્ધ જ્ઞાનસ્થિતિ ભજે તેનું નામ કેવળજ્ઞાન મુખ્યપણે છે. સર્વ પ્રકારના રાગદ્વેષનો અભાવ થયે અત્યંત શુદ્ધ જ્ઞાનસ્થિતિ પ્રગટવા યોગ્ય છે. તે સ્થિતિમાં જે કંઈ જાણી શકાય તે કેવળજ્ઞાન છે..."

"આત્માને વિશેષથી સર્વ પ્રકારના અન્ય અધ્યાસ ટળી સ્ફટિકની પેઠ આત્મા અત્યંત શુદ્ધતા ભજે તે કેવળજ્ઞાન છે. અને જગતજ્ઞાનપણે તેને વારંવાર જિનાગમમાં કહ્યું છે, તે માહાત્મ્યથી કરી બાહ્યદૃષ્ટિ જીવો પુરુષાર્થમાં પ્રવર્તે તે હેતુ છે."[૭૪]

પોતે જાણ્યું છે તેવું કેવળજ્ઞાન પ્રગટાવવાની ભાવના આ કડીમાં શ્રીમદે ભાવી છે. તેમાં પણ પોતાને અનુલક્ષીને એ ભાવના વર્ણવી છે, તે આપણે "પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો" એ પંક્તિમાં જોઈ શકીશું. જો તેઓ સામાન્ય કથન કરતા હોત તો "પ્રગટાવું" નહિ પણ સાધક "પ્રગટાવે" એમ લખ્યું હોત. આમ અહીં સાધક "પ્રગટાવે" તે ભાવ કરતાં હું "પ્રગટાવું" તે ભાવ નિરૂપાયો છે.

શ્રીમદે કર્મનાશથી કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રગટે છે તે દર્શાવવા "ઉત્તરાધ્યયનસૂત્ર"ના નીચેના વચનનો આશ્રય લીધો હોય તેમ બને. તેમાં જણાવ્યું છે કે:—

૭૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૦૪–૫૦૫.
૭૪. એજન, પૃ. ૪૯૮.

"तओ पच्छा अणुत्तरं अणंतं कसिणं पडिपुण्णं निरावरणं वितिमिरं विसुद्धं लोगालोगप्पभावं केवलवरनाणदंसणं समुप्पाडेइ।"[૭૪] આ વચનમાં કેવળજ્ઞાનના ગુણો — અનુત્તર, અનંત, સંપૂર્ણ, પરિપૂર્ણ, નિરાવરણ, તિમિરરહિત, વિશુદ્ધ, લોકાલોકપ્રકાશક વગેરે — દર્શાવ્યા છે, એ તે; કેવળજ્ઞાનાવરણીય તથા કેવળદર્શનાવરણીય કર્મનો ક્ષય થયા પછી થાય છે તે જણાવ્યું છે, જે શ્રીમદ્‌ની આ કડી સાથે વિચારવા યોગ્ય છે.

પોતે પામવા ઇચ્છયું છે તે "કેવળજ્ઞાન" પ્રાપ્ત થાય ત્યારે આત્માની અને કર્મની કેવી સ્થિતિ હોય છે તે તેમણે ૧૫, ૧૬ એ બે કડીમાં વર્ણવેલ છે.

**કેવળજ્ઞાનનું સ્વરૂપ – કેવળીની દશા** – આત્મા એ શુદ્ધ, ચૈતન્યમય, જ્ઞાનઘન પદાર્થ છે. તે કર્મથી વીંટળાયેલો હોવાને લીધે સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. પણ જ્યારે તે "આત્મસ્વરૂપની" ઓળખ પામવા લાગે છે ત્યારે તેના કર્મનો નાશ થવા લાગે છે. અને કર્મનો નાશ થતાં તેનું પૂર્ણ શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટે છે, એટલે કે તે તેરમે ગુણસ્થાને આવે છે ત્યારે તેનાં કર્મોની સ્થિતિ કેવી હોય છે તેનું કથન શ્રીમદ્દે અહીં કર્યું છે.

કર્મ તો અનંત પ્રકારનાં છે. તેમાં મુખ્ય ગણી શકાય તેવાં આઠ પ્રકારનાં છે; તે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય છે. જ્યારે આત્માને કેવળજ્ઞાન તથા કેવળદર્શન પ્રગટે છે ત્યારે આ આઠ કર્મની સ્થિતિ કયા પ્રકારની હોય છે તે શ્રીમદ્દે ૧૫, ૧૬ એ બે કડીમાં બતાવ્યું છે. આ આઠ કર્મોમાં પહેલાં ચાર ઘાતી કહેવાય છે, તે કર્મોની સ્થિતિ ૧૫ મી કડીમાં બતાવી છે કે :—

"ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવના બીજ તણો આત્યંતિક નાશ જો;
સર્વભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો." અપૂર્વ૦ ૧૫

આ કડીમાં શ્રીમદ્ સયોગી કેવળીની દશા – ૧૩મે ગુણસ્થાને વર્તતા આત્માની દશા બતાવે છે કે, ચાર ઘનઘાતી કર્મોનો ક્ષય થયો હોય, ભવના બીજનો નાશ થયો હોય તેથી આત્મા પરમ વિશુદ્ધ બનતાં તે જ્ઞાતાદ્રષ્ટાપણે જ બધે પ્રવર્તે તથા અનંત વીર્ય પ્રગટવાથી આત્મા ધન્યતા અનુભવે તેવો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

૧૨મા ગુણસ્થાનેથી ઊંચે ચડી ૧૩મા ગુણસ્થાને વર્તતા આત્માની દશા અહીં બતાવાઈ છે. આ ગુણસ્થાને સયોગી કેવળીનું કહેવાય છે, કારણ કે આ દશાએ આત્માને કેવળજ્ઞાન – કેવળદર્શન પ્રાપ્ત થયાં હોય છે. છતાં દેહનું અસ્તિત્વ હોવાને લીધે મન, વચન અને કાયાના યોગ અતિ સૂક્ષ્મ પ્રમાણમાં વર્તે છે.

૭૪. "ઉત્તરાધ્યયનસૂત્ર", અધ્ય. ૨૯, કંડિકા ૭૧, પૃ. ૨૭૨.

આ સયોગી કેવળીને ચાર ઘનઘાતી કર્મોનો વ્યવચ્છેદ એટલે કે નાશ થયો હોય છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય અને મોહનીય એ ચાર ઘનઘાતી કર્મ કહેવાય છે. આ કર્મો ઘાતી કર્મો કહેવાય છે, તેનું કારણ એ છે કે તે આત્માના ગુણોને ત્રણ પ્રકારે નાશ કરે છે: તેઓ આત્માના ગુણોને આવરે છે, અથવા રોધે છે, અથવા વિકળ કરે છે. આત્માનાં જ્ઞાન તથા દર્શનને આવરે તે જ્ઞાનાવરણીય તથા દર્શનાવરણીય કર્મ કહેવાય છે. અંતરાય કર્મ ગુણને આવરતું નથી પણ તે આત્માના ભોગને – વીર્યબળને રોકે છે. તેમાં આત્મા ભોગ આદિને જાણે છે તેથી તે આવરણ નથી, પણ ભોગ ભોગવવામાં તે રોધ કરે છે. તેથી તે અંતરાય કર્મ કહેવાય છે. ચોથું ઘાતી કર્મ તે મોહનીય. તે આત્માના ગુણને મૂર્ચ્છિત કરે છે, વિકળ કરે છે. આત્માને મૂંઝવનાર તે મોહનીય.

આ ચારે કર્મોમાં સૌથી બળવાન કર્મ તે મોહનીય. તેનો નાશ થાય એટલે બાકીનાં ટકી શકતાં નથી. તેથી પ્રબળ પુરુષાર્થ દ્વારા જો મોહનીયનો નાશ કરવામાં આવે તો બાકીનાં ઘાતી કર્મો સહેલાઈથી નાશ પામે છે.

શ્રીમદ્દે આ ઘાતી કર્મો માટે ‘ઘનઘાતી’ શબ્દ ખૂબ વિચારપૂર્વક યોજ્યો છે. આ કર્મો ઘાતી તો છે, પણ ‘ઘન’ જેવાં અર્થાત્ વાદળ જેવાં. વાદળ જેમ સૂર્યને ઢાંકી દે છે છતાં તેમાંથી થોડો પ્રકાશ તો નીકળે જ છે કે જેથી સૂર્યના અસ્તિત્વનો ખ્યાલ આવે; તે પ્રમાણે આ કર્મો આત્માને ઢાંકી દે છે ખરાં, તેમ છતાં આત્માને ઊંચે ચડવા માટે પ્રકાશનાં કિરણો મળી રહે તેટલા પ્રમાણમાં આત્મા અણાવરાયેલો રહે છે. આત્માના આઠ રુચક પ્રદેશો તો ગમે તે સ્થિતિમાં અણઅવરાયેલા જ હોય છે. તેથી આ કર્મોને ઘનઘાતી કહેલ છે.

આ કર્મોનો વ્યવચ્છેદ એટલે કે નાશ થાય ત્યારે ભવના બીજનો નાશ થાય છે. “ઉત્તરાધ્યયનસૂત્ર”માં બતાવ્યા પ્રમાણે રાગ અને દ્વેષ એ ભવનાં બીજરૂપ છે.[૭૫] તેથી તેનો નાશ થતાં ભવનો પણ અંત આવે છે. મોહનીય આદિનો ક્ષય થતાં રાગદ્વેષનો સંપૂર્ણ નાશ થતો હોવાથી જીવને જન્મ લેવાનું પણ રહેતું નથી.

કેવળજ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે જીવને “સર્વભાવ જ્ઞાતા દૃષ્ટા સહ શુદ્ધતા” હોય છે. જીવને થતા ભાવ છદ્મસ્થ જીવથી જાણી શકાતા નથી, પણ કેવળજ્ઞાનમાં તો તે સર્વ ભાવ પ્રત્યક્ષ જ છે. તે વિશે શ્રી સંતબાલજી લખે છે કે:—

> “પદકાર સર્વભાવ શબ્દ લે છે, એમાં રહસ્ય છે. જેમ વૈજ્ઞાનિક માત્ર ગુરુત્વાકર્ષણના એક જ સિદ્ધાંતની શોધમાં સમસ્ત વિશ્વ સંકળાયેલું જુએ છે, તેમ એવો પુરુષ આત્મશોધની પૂર્ણતામાં સમસ્ત વિશ્વને પ્રતિબિંબિત થયેલું નિહાળે છે.”[૭૬]

---

૭૫. “ઉત્તરાધ્યયનસૂત્ર”ના ૩૨ મા અધ્યયનની ૭ મી ગાથામાં કહ્યું છે કે:—

“रागो य दोसो वि य कम्मबीयं कम्मं च मोहप्पभवं वयंति ।
कम्मं च जाइमरणस्समूलं दुक्खं च जाईमरणं वयंति ॥”

૭૬. “સિદ્ધિનાં સોપાન”, પૃ. ૧૬૨; “આચારાંગસૂત્ર”, અધ્ય. ૨, ઉ. ૪, સૂ. ૨.

આ જ દૃષ્ટિએ શ્રી "આચારાંગ" કહે છે, 'जो एगं जाणइ से सव्वं जाणइ ।' આમ કેવળજ્ઞાનમાં સર્વ ભાવનું જ્ઞાતાદ્રષ્ટાપણું નિરૂપાયું છે."

> "જ્યાં કેવળ પોતાના સ્વભાવનું અખંડ નિર્વિકલ્પજ્ઞાન વર્તે છે ત્યાં પરવસ્તુ એટલે જગતના અનંત પદાર્થો તે નિર્મળજ્ઞાનમાં સહેજે જણાય છે, એ ન્યાય આ ગાથામાં આવી જાય છે."[૭૭]

— એમ શ્રી કાનજીસ્વામી જણાવે છે કે :—

કેવળીને એ બધું જાણવાની ઇચ્છા હોતી નથી પણ આત્માની નિર્મળતાને લીધે તે સર્વ દેખાય છે તે જણાવવા શ્રીમદ્દે "શુદ્ધતા" શબ્દનો ઉપયોગ કર્યો છે. જેમ દીવો હોય ત્યાં, તે જગાની વસ્તુઓ આપોઆપ પ્રકાશમાન થાય છે અને જોઈ શકાય છે તેમ કેવળજ્ઞાનમાં વસ્તુઓ જોઈ શકાય છે.

આત્માનું અનંતજ્ઞાન તથા અનંતદર્શન પ્રગટ કરવાનું ધ્યેય પૂર્ણ થયું છે, અને તે પૂર્ણ વીતરાગસ્વરૂપ બન્યો છે તેથી તેને માટે "કૃતકૃત્ય"[૭૮] અને "પ્રભુ"[૭૯] જેવા શબ્દો ચોથી પંક્તિમાં યોજાયા છે. કેવળજ્ઞાન પ્રગટવાની સાથે આત્મામાં અનંતવીર્ય પ્રગટે છે તેનો ઉલ્લેખ શ્રીમદ્દે અહીં કર્યો છે, અર્થાત્ તેમણે જણાવ્યું છે કે જેણે પોતાનું કાર્ય પૂરું કર્યું છે તેવા આત્મામાં અનંતવીર્ય, અનંત પ્રકાશ આદિ ગુણો કેવળજ્ઞાન સાથે પ્રગટે છે.

અહીં શ્રીમદ્દે કેવળજ્ઞાન પ્રગટે તે વખતની ઘાતી કર્મોની સ્થિતિનું વર્ણન આપ્યું છે. કેવળી થયા પછી જ્યાં સુધી દેહ હોય ત્યાં સુધી ક્રિયા તો હોય જ છે, પણ તે કયા પ્રકારની હોય તે "ઉત્તરાધ્યયનસૂત્ર" માં નીચે પ્રમાણે બતાવ્યું છે :—

> "जाव सजोगी भवइ ताव इरियावहियं कम्मं निबंधइ सुहफरिसं दुसमयठिइयं । तं जहा—पढमसमये बद्धं बिइयसमये वेइयं तइयसमये निज्जिण्णं तं बद्धं पुट्ठं उदीरियं वेइयं निज्जिण्णं सेयाले य अकम्मं चावि भवइ ।"[૮૦]

એટલે કે કેવળી એક સમયે કર્મ બાંધે, બીજે સમયે વેદે અને ત્રીજે સમયે તે નિર્જરી જાય એવી ક્રિયા "ઉત્તરાધ્યયનસૂત્ર" માં બતાવી છે.

ચાર ઘાતી કર્મની સ્થિતિ બતાવ્યા પછી શ્રીમદ્ બાકીનાં ચાર અઘાતી કર્મની કેવળજ્ઞાન થયા પછીની સ્થિતિ આ પ્રમાણે બતાવે છે :—

---

૭૭. "અપૂર્વ અવસર પરનાં પ્રવચનો", પૃ. ૮૧.

૭૮. જેણે પોતાનું કાર્ય પૂરું કર્યું છે તેવો.

૭૯. વીતરાગ.

૮૦. "ઉત્તરાધ્યયનસૂત્ર", અધ્ય. ૨૯, ગાથા ૭૧, પૃ. ૨૭૨.

"વેદનીય આદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષપૂર્ણે મટિયે દૈહિક પાત્ર જો." અપૂર્વ૦૧૯ ૮૧

સીંદરી બળી જતાં તેનો આકાર માત્ર રહે છે તેમ વેદની, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર અઘાતી કર્મો માત્ર આકારરૂપે રહે છે, તે કર્મોની સ્થિતિ દેહના આયુષ્ય સુધી જ રહે છે, અને આયુષ્ય પૂર્ણ થતાં દેહને ફરીથી ધારણ કરવાના રહેતા નથી; તેવો અપૂર્વ અવસર મેળવવાની ભાવના શ્રીમદે અહીં ભાવી છે.

ચાર ઘાતી કર્મ આત્માના ગુણનો ઘાત કરે છે, ત્યારે અઘાતી કર્મ આત્માના ગુણને કશું નુકસાન પહોંચાડતાં નથી. તપ, ચારિત્ર, ધ્યાન આદિથી ઘાતી કર્મોનો નાશ કરી શકાય છે, ત્યારે અઘાતી કર્મો ભોગવવાથી જ નિર્જરે છે. એટલે કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી પણ અઘાતી કર્મોનો ભોગવટો કરવાનો આત્માને બાકી રહી જાય છે, ત્યારે ઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય થઈ જાય છે. આને શ્રી સંતબાલજીના શબ્દોમાં મૂકીએ તો એમ કહી શકાય કે:—

"ઘાતી કર્મને જેટલો આત્મા સાથે સીધો સંબંધ છે તેટલો આ ચારને નથી, એટલું જ નહિ બલ્કે આ ચારેનો સંબંધ મુખ્યત્વે દેહ સાથે અને પરંપરાએ જીવ સાથે છે."૮૨

આમ ઘાતી કર્મની અસર આત્મા ઉપર અને અઘાતી કર્મની અસર દેહ પર થાય છે.

ઘાતી કર્મોનો નાશ થાય એટલે અઘાતી કર્મનું કશું પણ જોર રહેતું નથી. સીંદરી બળી જાય પછી પવનનો સપાટો ન આવે ત્યાં સુધી તેની રાખ તે જ આકારે પડી રહે છે, પણ કશું બાંધવાના ઉપયોગમાં તે બળેલી સીંદરી આવી શકતી નથી, તેવી રીતે આ અઘાતી કર્મો આયુષ્ય પૂરું ન થાય ત્યાં સુધી અસ્તિત્વ ધરાવી શકે છે, પણ કેવળીને કોઈ પણ જાતની અસર કરવા સમર્થ બની શકતાં નથી. આમ અહીં શ્રીમદે ખૂબ જ યોગ્યતાપૂર્વક અઘાતી કર્મોને "બળેલી સીંદરી"ની ઉપમા આપેલી છે.

જે વેદનીય કર્મ પહેલાં સુખ કે દુઃખની લાગણી ઉત્પન્ન કરતું હતું, તે જ્ઞાન પ્રગટચા પછી એવી જાતની લાગણી જન્માવી શકતું નથી. કેવળીને તો માત્ર સમભાવ જ રહે છે. નામ તથા ગોત્રકર્મ દેહભાવ તથા અભિમાનનું પોષણ કરતાં હતાં તે પણ જ્ઞાન થયા પછી આત્મભાવ અને પ્રભુતાદર્શક બની જાય છે. અને આયુષ્યકર્મ જે પહેલાં આત્માની મૂર્છા વધારતું હતું, તે પછીથી લોકોપકારક બની જાય છે. આમ ચારે અઘાતી કર્મો અસ્તિત્વમાં હોવા છતાં જ્ઞાન થયા પછી સત્તારહિત બની જાય છે, બળેલી સીંદરી જેવાં બની જાય છે.

૮૧. આ ભાવના શ્રીમદે ૧૭ વર્ષની વયે "મોક્ષમાળા"માં ભાવેલી જોઈ શકાશે; જુઓ "મોક્ષમાળા", પાઠ ૬૬.

૮૨. "સિદ્ધિનાં સોપાન", પૃ ૧૬૯.

કેવળજ્ઞાન થયા પછી અઘાતી કર્મોની સ્થિતિ તે દેહની સ્થિતિ સુધી જ ટકે છે, કારણ કે ઘાતી કર્મનો નાશ થવાથી આત્માને નવો દેહ ધારણ કરવાનો રહેતો નથી. ભવનાં બીજરૂપ રાગદ્વેષનો સંપૂર્ણ નાશ હોવાથી કર્મના રજકણો કેવળીને ચોંટી શકતા નથી. તેમને તો, આપણે આગળ જોયું તેમ, એક સમયે કર્મ બંધાય, બીજે સમયે વેદાય અને ત્રીજે સમયે નિર્જરી જાય તેવી ઈર્યાપથિકી ક્રિયા હોય છે. એથી જ શ્રીમદ્ કહે છે કે, "તે દેહાયુષ આધીન જેવી સ્થિતિ છે" અર્થાત્ દેહ હોય ત્યાં સુધી જ અઘાતી કર્મો રહે છે. આયુષ્ય પૂર્ણ થઈ જતાં "દૈહિક પાત્ર"માં રહેવાનું જીવને પૂર્ણ થઈ જાય છે. કેવળી પ્રભુ પણ આયુષ્ય હોય ત્યાં સુધી દેહને ટકવા દે છે, કારણ કે શ્રી નગીનદાસ શેઠ લખે છે તેમ :—

> "દેહને પરાણે પાડવાથી દેહથી છૂટી શકાતું નથી. પરંતુ તેથી તો દેહબંધન અને દુઃખબંધન વધે છે, દેહ પ્રાપ્ત થવાનાં મૂળ કારણોનો નાશ કરવાથી દેહ આપોઆપ છૂટી જાય છે. દેહ આપોઆપ ન છૂટે ત્યાં સુધી દેહની સ્વાભાવિક ક્રિયાઓ થયા કરે છે એમાં કશું બંધન નથી, કારણ કે ક્રિયા કરવા છતાં આત્માની રુચિ–વૃત્તિ તો આત્મામાં જ છે, પુદ્‌ગલોમાં નહિ. આત્મા અશરીરી છે, નિરાકાર છે એવી ભાવના હોય છે ... તેથી દૈહિક પાત્રતા મટી જાય છે."[83]

આમ ગાથા ૧૫, ૧૬માં શ્રીમદે સયોગી કેવળી દશાનું વર્ણન કર્યું છે. ૧૩મે ગુણસ્થાને પ્રવર્તતા જીવના બે પ્રકાર છે: તીર્થંકર અને સામાન્ય. બંનેની આત્મશક્તિ સરખી હોય છે, છતાં તેમના પૂર્વસંચિત કર્મમાં ભેદ હોવાને લીધે બે પ્રકાર પડી જાય છે. શ્રી સંતબાલજી તીર્થંકરને વિશેષ કોટિના ગણવાનું કારણ બતાવતાં યોગ્ય જ લખે છે કે :—

> "તેઓ પોતે એકલા ઊડતા નથી. પોતાની પાંખમાં આખા જગતને લઈને ઊડે છે ..થંભી ગયેલા કે વિકૃત થયેલા પ્રગતિવહનને તેઓ સાચો નક્કર વેગ આપે છે. ધર્મના પાયાથી માંડીને નિર્ભેળ શુદ્ધિ કરે છે. અને અધર્મના જોરને નબળું પાડે છે. સૂક્ષ્મશક્તિઓની પ્રબળતાથી રાક્ષસી પશુબળોને હંફાવી જગત સમક્ષ ચમત્કારી આદર્શ ખડો કરે છે. તેઓ જીવનવિકાસનો વ્યવસ્થિત ક્રમ અને એ માર્ગે જવાનાં સાધનો બતાવે છે. પ્રત્યેક ક્ષેત્રમાં લોકોત્તર ક્રાંતિ કરે છે એટલું જ નહિ બલ્કે પોતાની પાછળ વારસામાં પણ ચેતનવંતી તાલીમબદ્ધ સિદ્ધિસંઘની સેના અને નર્યા અનુભવનું સાહિત્યધન મૂકી જાય છે."[84]

પણ આવા પુરુષો વિરલા જ હોય છે. જૈન આગમો જણાવે છે કે છ આરા જેવા નિરવધિકાળમાં માત્ર ૨૪ તીર્થંકરો થાય છે, અને અનેક ભવના પરિશ્રમ પછી તેઓ એ પદ સાધી શકે છે. તીર્થંકર સિવાયના આ ભૂમિકામાં રહેલા અન્ય પુરુષો પણ જગદુપકારક તો છે જ, કારણ કે તેઓ પણ સંસારના દાહક વાયુમાં શાંતિનો સંચાર અને ચારિત્રની સુવાસ ભરીને જગતને ગુપ્ત રીતે તાજગી આપ્યા કરે છે. પણ આવા ગુપ્ત પુરુષો તરફથી મળતી સામગ્રી સક્રિય સર્વવ્યાપક સ્વરૂપ નથી ધારણ કરી શકતી, એ જ એની સામાન્યતા છે.

---

૮૩. "પરમપદપ્રાપ્તિની ભાવના", પૃ. ૨૧૯.

૮૪. "સિદ્ધિનાં સોપાન", પૃ. ૧૭૩.

આ બંને પ્રકારના પુરુષો માટે, તેમના દેહની સ્થિતિ પૂરી થાય એટલે, એક જ ગતિ છે, અને તે સિદ્ધગતિ. દેહાયુષ પૂર્ણ થતાં સિદ્ધક્ષેત્રે જઈ તેઓ અનંત સમાધિસુખમાં વિરાજે છે.

કેવળી ભગવાનનું આયુષ્ય પૂર્ણ થવાને અંતર્મુહૂર્તકાળ બાકી રહે ત્યારે તેઓ શુક્લધ્યાનના ત્રીજા પાયામાં પ્રવર્તે છે, એવું શાસ્ત્રવચન છે. તે વખતે તેઓ સમુદ્‌ઘાત કરે છે. સમુદ્‌ઘાત એટલે શેષ રહેલાં કર્મોને એકસાથે પ્રબળપણે ખેંચીને ભોગવી લેવાં તે. કેવળીને આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય એ ચાર કર્મ હોય છે. તેમાંની દરેકની સ્થિતિ આયુષ્ય જેટલા જ કાળની નથી હોતી, તેથી તે બધાંને સંપૂર્ણપણે ભોગવી લેવા માટે કેવળી પોતાની શક્તિ વડે તે કર્મોને ખેંચીને આયુષ્યના અંતભાગમાં સંપૂર્ણપણે ભોગવી લે છે. કર્મ ખેંચીને ભોગવી લેવાની આ ક્રિયાને "કેવળી સમુદ્‌ઘાત"[૮૫] કહેવામાં આવે છે. કેવળીને સમુદ્‌ઘાત કર્યા પછી ૫ લઘુ સ્વર અ, ઈ, ઉ, ઋ ને લૃ — નો ઉચ્ચાર કરીએ તેટલો સમય બાકી રહે છે, એટલા સમયમાં આત્માના મન, વચન અને કાયાના યોગનો સંપૂર્ણ રોધ હોય છે, મનાદિ પણ અન્ય કર્મની જેમ પુદ્‌ગલનાં બનેલાં છે, તેથી તેના યોગનો સંપૂર્ણ રોધ હોય છે, અને તે રોધ થતાં બધાં પુદ્‌ગલ સાથેનો સંબંધ છૂટી જાય છે. આથી આત્માને "યોગરહિત" દશા પ્રાપ્ત થાય છે. તે દશાનું એટલે કે "અયોગી કેવળી"ની દશાનું વર્ણન શ્રીમદ્‌ ૧૭મી કડીમાં આ પ્રમાણે કરે છે:—

"મન, વચન, કાયા ને કર્મની વર્ગણા;
છૂટે જહાં સકળ પુદ્‌ગલ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું;
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો." અપૂર્વ૦ ૧૭

૧૩મા ગુણસ્થાનના અંતભાગમાં આત્માનું મન, વચન અને કાયાના યોગ વગરનું ૧૪મું ગુણસ્થાન પ્રગટ થાય છે, તે વિશે શ્રીમદ્‌ આ કડીમાં કહે છે કે મન, વચન, કાયા અને કર્મ એ સર્વ પુદ્‌ગલ સાથેનો સંબંધ જ્યાં છૂટી જાય છે, અને જ્યાં મહાભાગ્યવાન, સુખદાતા અને સંપૂર્ણ બંધરહિત દશા પ્રવર્તે છે એવા અયોગી કેવળીના ગુણસ્થાને પહોંચવાનો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

૧૩મા ગુણસ્થાનના અંતભાગમાં જીવને ૧૪મું ગુણસ્થાન પ્રગટે છે. તે વખતે મન, વચન, કાયા અને કર્મના પુદ્‌ગલ પરમાણુઓ સાથેનો સંબંધ પૂર્ણપણે છૂટી જાય છે. મન વગેરે પણ પુદ્‌ગલ પરમાણુઓનાં બનેલાં છે, તેથી મન, વચન આદિનો યોગ રૂંધાતાં તે પુદ્‌ગલ-પરમાણુઓ આત્માના પ્રદેશ પરથી ખરી જાય છે. અને તેનો ખ્યાલ આપણને આ કડીની પહેલી બે પંક્તિ પરથી આવે છે.

પુદ્‌ગલ-પરમાણુઓનો સંપૂર્ણપણે સંબંધ છૂટતાં જે "અયોગી ગુણસ્થાન" આત્માને વર્તે છે, તે કયા પ્રકારનું છે તે ચોથી પંક્તિમાં જણાશે. એ સમયે કેવળીનો આત્મોપયોગ

૮૫. સમુદ્‌ઘાત ૭ પ્રકારના છે: વેદના, કષાય, મરણ, વૈક્રિય, તૈજસ, આહારક અને કેવળી. કેવળીશાની સાતમા પ્રકારનો સમુદ્‌ઘાત કરે છે. તે ૮ સમય સુધી રહે છે.

શુક્લ ધ્યાનના ત્રીજા પાયામાં પ્રવર્તે છે. તેથી એ પદ પરમ સુખ આપનારું હોય છે. તે સ્થિતિમાં દુઃખનું નામનિશાન પણ નથી. આવી દશા પ્રાપ્ત કરવામાં મોટું માન છે, ભાગ્ય છે, તે સર્વવિદિત છે. એથી એ પદ "મહાભાગ્ય" ગણી શકાય. એ જ પંક્તિમાં જણાવ્યા પ્રમાણે એ સ્થિતિમાં "પૂર્ણ અબંધ" દશા પણ પ્રાપ્ત થાય છે. પુદ્ગલ-પરમાણુઓથી મુક્ત થઈ શકવું એ પણ જીવની મહાભાગ્યવાન દશા ગણાય. આથી જ "અયોગી કેવળી"ની દશાને શ્રીમદે "મહાભાગ્ય", "સુખદાયક" અને "પૂર્ણ અબંધ" એવાં યોગ્ય વિશેષણોથી ઓળખાવેલ છે તે યોગ્ય જ છે.

આમ શ્રીમદે ૧૫, ૧૬, ૧૭ એ ત્રણ કડીઓમાં સયોગી તથા અયોગી કેવળીની દશાનું વર્ણન આપ્યું છે. અયોગી કેવળી થયા પછી આત્મા સર્વ બંધનોથી મુક્ત થઈ સિદ્ધક્ષેત્રે જઈ અનંત સમાધિસુખમાં બિરાજમાન થાય છે. શુદ્ધ થયેલા આત્માના ગુણો અને તેની ગતિનું વર્ણન શ્રીમદે આ પછી આપેલું છે.

**મોક્ષનું વર્ણન** — ૧૪મે ગુણસ્થાને આત્મા આઠે પ્રકારનાં કર્મોનો ક્ષય કર્યા પછી કેવો બને છે તેનું વર્ણન શ્રીમદે કાવ્યના અંતભાગમાં આપ્યું છે. શ્રીમદ્ સિદ્ધની ભૂમિકાનું વર્ણન કરી તે પદ પ્રાપ્ત કરવાની ભાવના અંતભાગની કડીઓમાં વ્યક્ત કરે છે. મુક્તાત્માનું ચિત્ર રજૂ કરતાં શ્રીમદે ૧૮મી કડી રચી છે કે :—

"એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ અમૂર્ત સહજપદ રૂપ જો." અપૂર્વ૦ ૧૮

સિદ્ધપદ પ્રતિ પ્રયાણની તૈયારી કરતા આત્માના ગુણો વિશે શ્રીમદ્ આ કડીમાં જણાવે છે કે, હવે આત્માને કર્મના એક પણ પરમાણુનો સ્પર્શ નથી, સંબંધ નથી; તેથી તેને સંપૂર્ણ કર્મકંલક રહિત અને નિશ્ચળ સ્વરૂપની પ્રાપ્તિ થઈ છે; તેથી શુદ્ધ, નિરંજન, ચૈતન્યમૂર્તિ, અજોડ, અગુરુલઘુ, અમૂર્ત એવો આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિર થાય તેવો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

કેવળીએ સમુદ઼્ઘાત કર્યા પછી સર્વ કર્મોના શેષ રહેલા રજકણો પણ તેમના આત્માના પ્રદેશથી ખરી પડે છે, ત્રણે યોગ રૂંધાઈ જાય છે. અને આયુષ્યના છેલ્લા સમયે શ્વાસોચ્છ્વાસની ક્રિયા પણ બંધ પડી જાય છે. આ રીતે આત્માને શુભ કે અશુભ એક પણ કર્મનો પરમાણુ વળગેલો હોતો નથી. તેથી આત્માની સ્થિતિ સંપૂર્ણ, કર્મમલથી લાગતા કલંક વિનાની અને અડોલ એટલે કે આત્મપ્રદેશના કંપ વિનાની થાય છે. આવો આત્મા કેવા ગુણોથી યુક્ત હોય છે, તે શ્રીમદે આ કડીની પાછળની બે પંક્તિમાં આપ્યું છે. તે ગુણો જોઈએ.

**શુદ્ધ** — આત્મા શુદ્ધ છે, કારણ કે કર્મના એક પણ પરમાણુ સાથે તેને સંબંધ રહ્યો નથી.
**નિરંજન** — આત્મા નિરંજન છે, કારણ કે તે કર્મમલના અંજન વિનાનો છે.

**ચૈતન્યમૂર્તિ** — આત્મા ચૈતન્યમૂર્તિ શા માટે છે તે સમજાવતાં શ્રી નગીનદાસ શેઠ લખે છે કે :—

"ચિદ્ ધાતુ પરથી એનો અર્થ કેવળ જ્ઞાનનો ઘન એવો થાય છે. આત્મા કેવળ જ્ઞાનમય જ છે અને જ્ઞાન ચૈતન્યસ્વરૂપ છે. જ્ઞાન અરૂપી અને ચૈતન્યમય છે. તેથી આત્માને ચૈતન્યમૂર્તિ કહેવામાં આવે છે."૮૬

**અનન્યમય (અજોડ)** — એના જેવો બીજો કોઈ નથી તેથી અજોડ. સિદ્ધદશા એ આત્માની શુદ્ધ દશા છે, સિદ્ધ સિવાયના આત્માઓ કર્મથી અવરાયેલા છે તેથી તેઓ શુદ્ધ આત્માની તોલે આવી શકે તેમ નહિ હોવાથી શુદ્ધાત્મા અનન્યમય છે.

**અગુરુલઘુ** — આ પદ સમજાવતાં શ્રી સંતબાલજી લખે છે કે :—

"જેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય અને ઉપયોગ એ જીવનાં વિશિષ્ટ લક્ષણો છે, તેમ અગુરુલઘુ નામનો ગુણ પણ એમાં છે. આત્મા ભારી હળવો થાય છે તે કર્મને લીધે, પણ તેનો મૂળ ગુણ અગુરુલઘુ છે. અગુરુલઘુ એટલે આત્મા નથી ભારે કે હળવો, વૈજ્ઞાનિકોએ આત્માનું વજન નક્કી કર્યું છે, તે આત્માનું નહિ પણ પરભવ જતા જીવ સાથે રહેલા તૈજસ અને કાર્મણ શરીરનું છે ! આત્મા અરૂપી હોઈ તે મોટો પણ નથી, નાનો પણ નથી. નાનું અને મોટું એ વ્યવહાર પુદ્ગલાસ્તિકાયને જ લાગુ પડે છે."૮૭

આત્માનો આ ગુણ હોવાને લીધે શું થાય છે તે બતાવતાં શ્રી કાનજીસ્વામી લખે છે કે :—

"આત્મા પૂર્ણ શુદ્ધ સ્વભાવ પ્રગટ થતાં સ્વગુણ ઉત્કૃષ્ટપણે પરિણમતો હોવા છતાં, પોતાનાં એકરૂપ સ્વદ્રવ્યની મર્યાદા ઉલ્લંઘીને અન્ય દ્રવ્યમાં કે બીજા આત્માના પ્રદેશોમાં ફેલાઈ જતો નથી. એવા મધ્યમ પરિણામ અગુરુલઘુ ગુણના કારણે છે. કોઈ ગુણ કે કોઈ દ્રવ્ય અનન્યપણે ન થાય એ પણ અગુરુલઘુ ગુણનું કાર્ય છે."૮૮

**અમૂર્ત** — અરૂપી, વર્ણ, રસ, ગંધ, શબ્દ અને સ્પર્શથી રહિત.
**સહજપદ** — નિજપદ, સ્વાભાવિક, શુદ્ધ, આનંદસ્વરૂપ એવી પોતાની સ્થિતિ તે સહજપદ.

શુદ્ધ, નિરંજન ચૈતન્યમૂર્તિ એવો આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરે ત્યારે પુદ્ગલના એક પણ પરમાણુ સાથે તેને સંબંધ રહેતો નથી, આવો શુદ્ધ થયેલો આત્મા સિદ્ધક્ષેત્ર તરફ ગતિ કરે છે, અને ત્યાં અનંત સુખમાં કઈ રીતે બિરાજે છે તે જુઓ :—

"પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો." અપૂર્વ૦ ૧૯

૮૬. "પરમપદ-પ્રાપ્તિની ભાવના".
૮૭. "સિદ્ધિનાં સોપાન", પૃ. ૧૮૮નો પાદનોંધ.
૮૮. "અપૂર્વ અવસર પરનાં પ્રવચનો", પૃ. ૧૦૨.

સિદ્ધદશાના સુખનો ખ્યાલ આપતાં શ્રીમદ્ આ કડીમાં કહે છે કે, કર્મક્ષય કરવા અત્યાર સુધી કરેલા સાધનારૂપ પૂર્વ પ્રયોગોના કારણે આત્મા કર્મથી મુક્ત થતાં તેની સ્વાભાવિક ઊર્ધ્વગતિથી તે સિદ્ધક્ષેત્રે પહોંચી જાય છે, અને ત્યાં તે આદિવાળા તથા અંત વિનાના સમાધિસુખમાં, અનંત જ્ઞાન તથા દર્શન સાથે સ્થિર થવાનો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

જીવ અને અજીવ બંને સ્વભાવથી ગતિશીલ છે. જીવ સ્વભાવથી ઊર્ધ્વગતિ કરે છે અને પુદ્દગલ અધોગતિ કરે છે. અશુદ્ધ આત્મા નીચી, તીરછી, ગમે તે દિશામાં ગતિ કરે છે; તેમ થવાનું કારણ કર્મમલનું દબાણ હોય છે; પણ તે શુદ્ધ થતાં પોતાને સહજ એવી ઊર્ધ્વગતિ સ્વીકારે છે.

આત્મા આ ગતિ પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી કરે, તેમ પહેલી પંક્તિમાં બતાવાયું છે, પૂર્વપ્રયોગ એટલે પૂર્વબદ્ધ કર્મ છૂટી ગયા પછી પણ તેનાથી મળતો વેગ. પૂર્વપ્રયોગનાં ૪ દૃષ્ટાંતો શાસ્ત્રમાં અપાયાં છે :

૧. કુંભારચક્ર, ૨. બંધછેદ, ૩. સ્વાભાવિક પરિણામ અને ૪. અસંગતા.

(૧) કુંભારનો ચાકડો જેમ એક વખત જોરથી ફેરવ્યા પછી, ફેરવવાનું છોડયા પછી પણ પૂર્વે મળેલા વેગને પરિણામે ફર્યા કરે છે, તેમ કર્મમુક્ત આત્મા પણ મુક્ત થવા માટે પૂર્વે કરેલા પ્રયોગોના આવતા વેગથી ઊર્ધ્વગતિ કરે છે.

(૨) કોશમાં રહેલું એરંડબીજ સુકાય ત્યારે કોશ ફાટવાથી તે વૃક્ષમાંથી નીકળી ઊંચે જાય છે તેવી રીતે કર્મબંધન દૂર થતાં આત્મા ઊંચે જાય છે.

(૩) અગ્નિની જ્વાળા જેમ સ્વાભાવિક રીતે ઊંચે જાય છે તેમ આત્મા પણ સ્વાભાવિક ગતિથી ઊંચે જાય છે.

(૪) તુંબડીનું સ્વાભાવિક લક્ષણ પાણીમાં તરવાનું છે, પણ માટીથી લેપાયેલી તુંબડી પાણીમાં ડૂબી જાય છે, અને માટી પાણીમાં પલળીને નીકળી જાય છે ત્યારે તુંબડી જેમ તરવા લાગે છે, તેમ કર્મના સંગથી આત્મા અધોગતિમાં હતો, તે સંગ જતાં આત્માની ઊર્ધ્વગતિ થાય છે.

આમ પૂર્વપ્રયોગાદિ કારણથી આત્મા ઊર્ધ્વગતિ કરે છે. અહીં "પૂર્વપ્રયોગ" સાથેના "આદિ" શબ્દથી એ સૂચવાય છે કે કર્મનાશની સાથે કેટલાક ભાવોનો પણ નાશ મોક્ષપ્રાપ્તિ માટે આવશ્યક છે. એ ભાવ મુખ્યત્વે ચાર છે :

ઔપશમિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક.

પૂર્વપ્રયોગાદિ કારણથી વેગ પામેલો આત્મા સ્વાભાવિક ગતિથી "સિદ્ધાલય" તરફ જાય છે.

"સંપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થયા પછી આત્મા જ્યાં સ્થિરતા પામે છે તેને સિદ્ધાલય કહેવામાં આવે છે. તે સ્થાન લોકને છેડે આવેલું છે. એથી ઉપર આત્મગતિ ન થવાનું કારણ એ છે કે એથી ઉપર જવા માટે ગતિમાં સહાયક થનારું ધર્માસ્તિકાય તત્ત્વ અલોકમાં છે જ નહિ."[૮૯]

જીવ તથા અજીવ બંને હોય તે લોક, અને અજીવનું માત્ર આકાશતત્ત્વ જ હોય તે અલોક. ' સિદ્ધાલય " લોકને છેડે આવેલું છે. તેથી ઊંચે અલોકમાં ધર્માસ્તિકાય તત્ત્વ ન હોવાથી આત્મા ત્યાં ગતિ કરી શકતો નથી. અને નીચે આવવાનો તો તેનો સ્વભાવ જ નથી, એથી આત્મા સિદ્ધક્ષેત્રમાં રહે છે.

સિદ્ધક્ષેત્રનાં સુખનું વર્ણન શ્રીમદ્દે પાછળની બે પંક્તિઓમાં કર્યું છે. તે ક્ષેત્રમાં આત્માને સમાધિનું અનંત સુખ મળે છે. શ્રી નગીનદાસ શેઠ લખે છે તેમ —

> "સમાધિ એટલે આત્મપરિણામની સ્થિરતા. છદ્મસ્થની સમાધિ અથવા આત્મસ્થિરતા સામાન્ય રીતે અંતર્મુહૂર્તની કહી છે ત્યારે કેવળી અને સિદ્ધ ભગવંતની આત્મસ્થિરતા અખંડ હોય છે."[૯૦]

અખંડ સ્થિરતાને લીધે સિદ્ધના સુખને અનંત ગણાવ્યું છે. આ સુખને આદિ છે પણ અંત નથી તેથી શ્રીમદ્દે " સાદિ અનંત " સુખ કહ્યું છે. આત્મા કર્મમલથી રહિત થઈ શુદ્ધપદ પામે ત્યારથી તેને એ સુખનો અનુભવ મળે છે એ અપેક્ષાએ તે સુખ સાદિ કહેવાયું છે, અને તે સુખનો કદી અંત આવવાનો નથી તે જણાવવા તે અનંત કહેવાયું છે. તે સુખને " સાદિ અનંત " ગણવા માટે " ઉત્તરાધ્યયનસૂત્ર "માં નીચે પ્રમાણેનો ઉલ્લેખ મળે છે :—

> " एगत्तेण साइया अपज्जवसिया वि य ।
> पुहुत्तेण अणाइया अपज्जवसिया वि य ॥ "[૯૧]

અહીં બતાવ્યા પ્રમાણે સિદ્ધક્ષેત્રમાં એક સિદ્ધની અપેક્ષાએ આદિ અનંત કાળ છે, અને અનેક સિદ્ધની અપેક્ષાએ અનાદિ અનંત કાળ છે.

સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌દર્શનના અનંત ગુણધર્મો કેવળજ્ઞાનમાં સમાઈ જાય છે, તેથી તે સમાધિસુખને " અનંતજ્ઞાન " અને " અનંતદર્શન " સહિતનું શ્રીમદ્દે આ કડીની ચોથી પંક્તિમાં ગણાવ્યું છે. તે વિશે " ઉત્તરાધ્યયનસૂત્ર "માં ઉલ્લેખ મળે છે કે :—

> " अरूविणो जीवघणा णाणदंसणसन्निया ।
> अउलं सुहं संपन्ना उवमा जस्स नत्थि उ ॥ "[૯૨]

આ ગાથામાં બતાવ્યા પ્રમાણે તે સિદ્ધ ભગવાન ઘનરૂપ, જ્ઞાન અને દર્શનના ઉપયોગવાળા તથા ઉપમારહિત છે. તેઓએ અતુલ સુખ પ્રાપ્ત કર્યું છે, જેને માટે ઉપમા જ નથી. આવા ઉપમારહિત જ્ઞાન માટે શ્રીમદ્ યોગ્ય રીતે જ કહે છે કે :—

---

૮૯. " સિદ્ધિનાં સોપાન ", પૃ. ૧૯૫.

૯૦. " પરમપદ-પ્રાપ્તિની ભાવના ", પૃ. ૨૩૩.

૯૧. " ઉત્તરાધ્યયનસૂત્ર ", અધ્ય. ૩૬, ગાથા ૬૫, પૃ. ૩૪૭.

૯૨. એજન, ગાથા ૬૬, પૃ. ૩૪૭.

"સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો." અપૂર્વ૦

આ બે કડીમાં વર્ણવ્યું છે તેવું અપૂર્વ સુખ પામવાની શ્રીમદ્‌ની અભિલાષા અહીં વ્યક્ત થયેલી છે. પોતે કેવું સુખ પામવા ઇચ્છે છે તેના ઉદાહરણ રૂપે શ્રીમદે સિદ્ધગતિનું – મોક્ષનું વર્ણન કર્યું છે. તે આપણે ઉપસંહારરૂપે રચાયેલી બે કડીમાં જોઈ શકીએ છીએ.

## ઉપસંહાર

જીવના ચોથાથી ચૌદમા ગુણસ્થાન સુધીનું વર્ણન કર્યા પછી તેનો ઉપસંહાર શ્રીમદે બે કડીમાં કર્યો છે. પોતે ઇચ્છેલા સુખનું વર્ણન, તથા તે પ્રાપ્ત કરવા જે પ્રયત્નો કરવા પડે તેનું વર્ણન તેમણે પહેલી ૧૯ કડીમાં કર્યું છે, પણ તે વિશે તેમને પૂરો સંતોષ થયો ન હતો, તેમને લાગતું હતું કે પોતાને જે કહેવું છે તે પૂરતા પ્રમાણમાં તેઓ કહી શક્યા નથી, કારણ કે તે અનુભવગોચર વાત છે, અને તે સંપૂર્ણ રીતે વ્યક્ત કરવામાં વાણીની મર્યાદા આડી આવે છે. પોતાને નડતી એ મર્યાદા સ્પષ્ટતાથી જણાવવા શ્રી તીર્થંકર પ્રભુનું ઉદાહરણ આપતાં તેઓ ૨૦મી કડીમાં કહે છે :—

"જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્યવાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો." અપૂર્વ૦ ૨૦

શ્રી સર્વજ્ઞભગવાને જે સિદ્ધપદને તેમના જ્ઞાનમાં જોયું છે, તેનાં સુખને તથા સ્વરૂપને તેઓ પણ સંપૂર્ણપણે વર્ણવી શક્યા નથી. વાણીની મર્યાદા તેમને પણ નડી છે. શ્રી સંતબાલજી કહે છે કે :—

"વાણી એ અંતઃકરણના ભાવોને વ્યક્ત કરવાનું એક સાધન ખરું પણ શબ્દ-સ્વરૂપ ધર્યા પછી એ પુદ્‌ગલ હોઈને એનું સ્વરૂપ પલટાઈ જાય છે. એટલે જ ગમે તેવા પ્રેરક ભાવોથી વાણી નીકળી હોય તોય પાઠકનો આત્મા, પ્રેરણા ઝીલી શકે તેટલો તૈયાર ન હોય તો એને સાર્થક થતી નથી."૯૩

એથી જ સર્વજ્ઞ પુરુષને પરમપદનો અનુભવ હોવા છતાં, એ અનુભવને સર્વજ્ઞપુરુષ વાણીમાં પૂર્ણપણે ઉતારી શકતા નથી. આ અંગે શ્રી નગીનદાસ શેઠે કહ્યું છે કે :—

"શ્રી સર્વજ્ઞ ભગવાને સિદ્ધાત્માનું સ્વરૂપ તેમના કેવળજ્ઞાનમાં જાણ્યું તેના અનંતમા ભાગે તેઓ વાણીમાં ઉતારી શકે, કહી શકે, અને જેટલું વાણી દ્વારા કથન થાય તેના અનંતમાં ભાગે છદ્મસ્થ ગણધર ભગવાન તેમના જ્ઞાનમાં ઝીલી શકે, અને તેના પણ અનંતમાં ભાગે તેઓ બીજાને સમજાવી શકે."૯૪

૯૩. "સિદ્ધિનાં સોપાન", પૃ. ૨૦૧.
૯૪. "પરમપદ-પ્રાપ્તિની ભાવના", પૃ. ૨૩૫.

આ પરથી સમજાશે કે શ્રીમદ્દે સત્ય જ કહ્યું છે કે :—

"જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શકચા નહિ પણ તે શ્રી ભગવાન જો;" અપૂર્વ૦

જે પદનું પૂરેપૂરું વર્ણન શ્રી ભગવાન પણ નથી કરી શકચા તે પદનું પૂરું વર્ણન અન્ય છદ્મસ્થની વાણી તો કયાંથી જ કરી શકે ? એ પ્રશ્ન શ્રીમદ્દે પોતાની વાણીની મર્યાદા બતાવવા ખૂબ જ યોગ્યતાથી ત્રીજી પંક્તિમાં મૂકચો છે. શ્રી પ્રભુને તથા પોતાને વાણીની એ મર્યાદા નડવાનું કારણ શ્રીમદ્ ચોથી પંક્તિમાં બતાવે છે કે, "અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો." સિદ્ધપદનાં સુખનું જ્ઞાન તે વાણીથી પર છે તે જ્ઞાન તો અનુભવ થાય ત્યારે જ પામી શકાય. આ જ્ઞાન અનુભવગમ્ય હોવાનું કારણ બતાવતાં શ્રી નગીનદાસ શેઠ લખે છે કે "જેને સમ્યક્દર્શન વડે અનુભવ થયો છે તેણે અંશે સ્વાનુભવથી આખું દ્રવ્ય પ્રમાણ જાણ્યું છે. હું શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છું, ચૈતન્યસ્વરૂપ છું એવા વિકલ્પમાત્રથી આત્મસ્વરૂપનો આનંદ અનુભવી શકાય નહિ. પણ રાગરહિત જ્ઞાનમાં એકાગ્રતાથી સમ્યક્જ્ઞાની પરોક્ષ તેમ જ પ્રત્યક્ષ પ્રમાણથી જાણે છે. તેથી આત્મસ્વરૂપ માત્ર અનુભવગોચર જ છે."[૯૫]

મુક્તિપુરીના સુખને શ્રીમદ્દે અહીં વર્ણનાતીત બતાવ્યું છે. "આચારાંગસૂત્ર"માં પણ તે સુખને કલ્પનાતીત ગણાવાયું છે, તે નીચેની ગાથા જોતાં જણાશે.

"सव्वे सरा णिअट्टंति, तक्का जत्थ न विज्जति, मती तत्थ ण गाहिता, ओजे अप्पतिट्ठास खेयन्ने।"[૯૬]

આ સૂત્રમાં બતાવ્યું છે તે પ્રમાણે મુક્તિના સુખમાં રહેનારા જીવોની જે અવસ્થા વર્તે છે તે જણાવવા કોઈ પણ શબ્દ સમર્થ થતા નથી, કોઈ પણ કલ્પના દોડી શકતી નથી, અને કોઈની મતિ પહોંચી શકતી નથી. ત્યાં સકલકર્મરહિત એકલો જીવ સંપૂર્ણજ્ઞાનમય બિરાજે છે. "આચારાંગસૂત્ર"ની આ પ્રકારની ગાથાઓના અભ્યાસથી આત્મસ્વરૂપના જ્ઞાનની વાત "અનુભવગોચર" વિશેષપણે તેમને જણાઈ હતી.

આમ ૨૦મી કડીમાં સિદ્ધ જીવોના સુખના વર્ણનની બાબતમાં પોતાની મર્યાદા જાહેર કર્યા પછી શ્રીમદ્ ૨૧મી કડીમાં આ આખું પદ રચવાનો ઉદ્દેશ રજૂ કરે છે કે :—

"એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો;
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો." અપૂર્વ૦ ૨૧

જે પરમપદ છે, કલ્પનાતીત છે, તે પદ પ્રાપ્ત કરવાનું શ્રીમદ્દે ધ્યેય બાંધ્યું છે, તેમ તેઓ પહેલી પંક્તિમાં જણાવે છે. પોતાની હાલની સ્થિતિ જોતાં તો તેમને તે ગજા બહારનું કાર્ય,

૯૫. "પરમપદ-પ્રાપ્તિની ભાવના", પૃ. ૨૩૬.
૯૬. "આચારાંગસૂત્ર", અધ્ય ૫, ઉ. ૬, સૂ. ૯, પૃ. ૫૭.

એટલે કે માત્ર મનોરથના સામ્રાજ્ય જેવું લાગે છે. તેનું કારણ એ છે કે આ કાવ્ય લખ્યું ત્યારે શ્રીમદ્ ગૃહસ્થદશામાં હતા. અને આ પદ પામવા માટે તો આગળની કડીઓમાં વર્ણવ્યો છે તેવો ભગીરથ પુરુષાર્થ કરવો અનિવાર્ય છે, તે તેઓ જાણતા હતા. તેમની તે વખતની પરિસ્થિતિ અનુસાર તેઓ એવો પુરુષાર્થ ઉપાડી શકે તેમ નહોતા, તેથી જ તેમણે પોતાના મનોરથને "ગજા વગર"નું ગણાવેલ છે. તેમ છતાં મનના મનોરથરૂપ લાગતું એ પદ "પ્રભુ આજ્ઞાએ" પ્રાપ્ત થવાનું છે તેવો નિશ્ચય તેમને પ્રવર્તે છે તે તેમણે છેલ્લી બે પંક્તિઓમાં બતાવ્યું છે. પ્રભુ-આજ્ઞાથી એટલે જિનેશ્વર ભગવાને પ્રણીત કરેલા માર્ગે ચાલવાથી પોતે સિદ્ધસ્વરૂપ થવાના છે તેવો પોતાનો નિશ્ચય તેમણે અહીં દર્શાવ્યો છે.

"અપૂર્વ અવસર" એ શ્રીમદ્દની અંગત સ્થિતિ વ્યક્ત કરતું કાવ્ય છે તે આપણે પ્રસંગોપાત્ત જોયું છે. આમ હોવાનો આપણને પ્રથમ નિર્દેશ આ કાવ્યની ત્રીજી કડીમાં "ઊપજ્યો" શબ્દમાં મળે છે. તે પછી ૧૩મી કડીમાં "આવું ત્યાં..." પરથી મળ્યો. તે પછી ૧૪મી કડીમાં "પ્રગટાવું નિજ ..." એ પંક્તિમાં મળ્યો. આ બધા ઉપરાંત તે વિશેનો સૌથી સ્પષ્ટ નિર્દેશ આપણને આ છેલ્લી કડીમાં મળે છે. અહીં તો તેમણે પોતાનું નામ સ્પષ્ટ રીતે ગૂંથીને પોતે આદર્શરૂપ માનેલા પદને પામવાનો નિશ્ચય જણાવ્યો છે. જુઓ —

"તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,<br>
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો." અપૂર્વ૦

એ જ રીતે આ કડીની પહેલી બે પંક્તિઓ પણ આ કાવ્ય અંગત હોવાની સાક્ષી પૂરે છે :—

"એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,<br>
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો." અપૂર્વ૦

અહીં "મેં" તેમણે પોતાના જ માટે વાપરેલું છે તે કોઈ પણ વ્યક્તિ સમજી શકે એવું છે.

આ કાવ્ય વિશે શ્રી રમણલાલ જે. જોષી લખે છે કે :—

"આશ્રમ ભજનાવલિમાંનું એમનું પ્રસિદ્ધ કાવ્ય અપૂર્વ અવસર જોતાં જણાય છે કે જૈન ધર્મ પ્રમાણે ચારથી તેર ગુણસ્થાનકો છે, એને તેમણે સંક્ષેપમાં પણ સચોટ રીતે કાવ્યસ્વરૂપે મૂકી આપ્યાં છે. પ્રસ્તુત કાવ્યની કેટલીક લીટીઓના ભાવાર્થ ઉપનિષદના કેટલાક મંત્રો સાથે મેળમાં બેસે છે. ઉદાહરણ તરીકે "જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં" વાળી ટૂંક મુણ્ડકોપનિષદના કેટલાક મંત્ર સાથે સરખાવવા જેવી છે. લગભગ બધા ધર્મોને માન્ય એવી દેહભાવ વર્જીને આત્મભાવમાં અપ્રમત્ત સ્થિતિ કરવાની વાત એમણે અનેક જગ્યાએ ભારપૂર્વક કહી છે, પણ જ્યારે તે "એહ પરમપદપ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં" એમ કહે છે ત્યારે એમનું લક્ષ "નિર્વિકલ્પ સમાધિ" અથવા તો ગીતા જેને "બ્રાહ્મી સ્થિતિ" કહે છે તે હોય એમ લાગે છે. એ વખતે એમને આ વસ્તુ ગજા વગરનો મનોરથ હોય તેમ જણાય છે, પણ આ વસ્તુ બનવાની જ છે, એમના પોતા વિશેની આ શક્યતાનું સંપૂર્ણ દર્શન અવશ્ય થયું છે, એ વાત ભક્તહૃદયી જ્ઞાની કહી દે છે :—

"તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો." અપૂર્વ૦

"શ્રીમદ્ રાજચંદ્ર મહાન જ્ઞાની કે જૈનધર્મના અનોખા ભાષ્યકાર હોવા છતાં પણ એમની પ્રકૃતિનો એક ભાગ નિર્વિવાદપણે કવિનો છે — વધારે છૂટ લઈને કહું તો, તે સ્વભાવે કવિ જેવા છે."૯૭

આ બધાં પ્રમાણોથી આપણે કહી શકીએ કે શ્રીમદે આ કાવ્ય પોતાની આંતરિક સ્થિતિને વ્યક્ત કરતું રચ્યું છે. તે પ્રમાણે વિચાર કરીએ તો કાવ્યના બે ભાગ દેખાય છે. પહેલા ભાગમાં ૧૨ કડી બીજા ભાગમાં ૯ કડી મૂકી શકાય. આ વિભાગ પાડવાનું કારણ તેમાં નિરૂપાયેલું વર્ણન છે.

પ્રથમની ૧૨ કડીઓ આપણે વાંચીએ ત્યારે તેઓ પોતાના ભૂતકાળની વાત કરતા હોય તે જાતનું આલેખન તેમાં જોવા મળે છે. અર્થાત્ તે પ્રકારનું ચારિત્ર તેમણે પૂર્વભવમાં પાળ્યું હોય તેવી છાપ આપણા મન પર પડે છે. ઉદાહરણ તરીકે ત્રીજી કડીની પહેલી પંક્તિમાં જણાવ્યું છે કે, "દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે" તે સ્પષ્ટ ભૂતકાળની વાત લાગે છે. ભવિષ્યની હોત તો "દર્શનમોહ વ્યતીત કરી ઉપજાવું.." એવી કોઈ જાતનું લખાણ હોત. ૧૨મી કડીની પંક્તિ "સર્વે માન્યાં પુદ્ગલ..." પણ ભૂતકાળની વાત હોય એમ લાગે છે. ભવિષ્યની વાત હોત તો "સર્વે માનું પુદ્ગલ..." એવી જાતનું લખાણ હોત.

આ પરથી આપણે કહી શકીએ કે તેમણે આ પ્રકારનું ચારિત્ર પૂર્વના કોઈ ભવમાં પાળ્યું હોવું જોઈએ, જેના સંસ્કારો આ ભવે આ પ્રકારનું લખાણ તેમની પાસે કરાવે છે. આ અનુમાનને તેમણે લખેલા પત્રોમાંનાં નીચેનાં વચનો પણ સમર્થન આપે છે. જુઓ —

"સત્સંગનું માહાત્મ્ય પૂર્વભવે વેદન કર્યું છે, તે ફરી ફરી સ્મૃતિરૂપે થાય છે, અને નિરંતર અસંગપણે તે ભાવના સ્ફુરિત રહ્યા કરે છે."૯૮

"ઉપશમશ્રેણી બે પ્રકારે છે: એક આજ્ઞારૂપ; એક માર્ગ જાણ્યા વિના સ્વાભાવિક ઉપશમ થવારૂપ. આજ્ઞારૂપ પણ આજ્ઞારાધન સુધી પતીત થતો નથી. પાછળનો ઠેઠ ગયા પછી માર્ગના અજાણપણાને લીધે પડે છે. આ નજરે જોયેલી, આત્માએ અનુભવેલી વાત છે."૯૯

પોતાના ભૂતકાળના વર્ણનરૂપ લાગતું આ લખાણ ૧૨ મી કડી પછી પલટો લે છે. અને ભૂતકાળ ભવિષ્યમાં પલટાય છે. જુઓ ૧૩ મી કડીની બીજી પંક્તિ – "આવું ત્યાં જ્યાં કરણઅપૂર્વ ભાવ જો." અથવા ૧૪ મી કડીની ચોથી પંક્તિ – "પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો" વગેરે. બીજી રીતે જોઈએ તોપણ તે સમજાય તેમ છે. આ કાવ્ય લખ્યું તે

---

૯૭. "શ્રીમદ્ રાજચંદ્ર: અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૯૧.
૯૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૩૩૨.
૯૯. એજન, પૃ. ૨૫૦.

સમય સુધી તેમણે શ્રેણી માંડીને કેવળજ્ઞાન પ્રગટાવ્યું નહોતું તે સિદ્ધ વાત છે, કારણ કે એક વખત તે પદ મળ્યા પછી જીવનું પતન થતું નથી. અને અહીં ૨૧ મી કડીમાં તો તે પદ મેળવવાની ભાવનાને જ પોતે "મનોરથરૂપ" ગણાવી છે, અર્થાત્ તે પદ પ્રાપ્ત થયું નથી તે બતાવ્યું છે. એટલે કે શ્રેણી માંડવા પછીનો આત્માનો વિકાસ કરવાનો તેમને બાકી હતો, એટલે તે ભવિષ્યકાળની વાત છે તેમ કહી શકાય.

આમ "અપૂર્વ અવસર"માં શ્રીમદ્‌ની આંતરિક સ્થિતિનાં બે સ્વરૂપ આપણને જોવા મળે છે.

આ કાવ્ય શ્રીમદ્‌ની આંતરિક સ્થિતિ વ્યક્ત કરતું કાવ્ય હોવા છતાં, તે કોઈ પણ અધિકારી જીવને આસ્વાદ્ય બની શકે તેવું છે. તેમાં જે વિકાસક્રમ નિરૂપિત થયેલો છે તે કોઈ પણ જીવને એકસરખી રીતે લાગુ પડી શકે તેવો છે — ભલે પછી તે પોતાની જાતને લક્ષમાં રાખીને નિરૂપાયો હોય. આ જ શ્રીમદ્‌ના કાવ્યત્વની ખૂબી છે. સાચો કવિ એ જ કે જે પોતાના અંગત અનુભવને "સામાન્ય જનના" અનુભવમાં પલટાવીને રજૂ કરી શકે. એ ન્યાયે શ્રીમદ્‌ને સાચા કવિ કહી શકાય. આથી તો પૂ. સંતબાલજી યોગ્ય જ લખે છે કે — 'रसात्मकं वाक्यं काव्यम्' કે 'ध्वन्यात्मकं काव्यं' ગમે તે કાવ્યલક્ષણ લઈએ પણ તેઓ હાડોહાડ કવિ હતા. ગદ્ય અને પદ્ય બંનેમાં રસઝરણી નિરંતર વહેતી."[100]

શ્રીમદ્‌ની આ કવિત્વશક્તિથી પ્રભાવિત થઈને શ્રી કાનજીસ્વામીએ કહ્યું છે કે:—

"આ કાવ્યના એકે એક શબ્દની પાછળ ગંભીર ભાવાર્થ રહેલો છે."[101]

ઓગણત્રીશ વર્ષની યુવાન વયે શ્રીમદે સેવેલા મનોરથના સામ્રાજ્યનું નિરૂપણ આ કાવ્યમાં જોવા મળે છે. સામાન્ય રીતે એ વયે ધન, વૈભવ, સત્તા, કુટુંબ, સાંસારિક સુખો વગેરે મેળવવાની આકાંક્ષા હોય, પણ શ્રીમદ્‌ને તો એ વયે તે સર્વના ત્યાગની અને મોક્ષપદ મેળવવાની આકાંક્ષા હતી તે આપણે આ કાવ્યમાં જોઈ શકીએ છીએ. તે જ તેમનો ઉચ્ચ વૈરાગ્ય બતાવે છે. તેમના એ વૈરાગ્ય વિશે પૂજ્ય ગાંધીજી આ કાવ્યની પહેલી બે કડી ટાંકીને લખે છે કે:—

"જે વૈરાગ્ય એ કડીઓમાં ઝળહળી રહ્યો છે તે મેં તેમના બે વર્ષના ગાઢ પરિચયમાં ક્ષણ ક્ષણે તેમનામાં જોયેલો."[102]

ઇચ્છેલું મોક્ષપદ મેળવવા માટે, નિર્ગ્રંથ મુનિ થઈ દ્રવ્ય તેમ જ ભાવથી શુદ્ધ આત્મ-ચારિત્ર પાળવાનો માર્ગ શ્રીમદે આદર્શરૂપ ગણ્યો છે. તે ચારિત્ર પાળતી વખતે માર્ગમાં આવતાં સંકટો દૂર કરવાનો ઉપાય પણ તેમણે આ કાવ્યમાં વિચારી લીધો છે. અને તે બધાનું નિરૂપણ તેમણે ૧૯ કડીઓ સુધીમાં કર્યું છે.

શ્રીમદે કરેલું મોક્ષમાર્ગનું વર્ણન જૈન આગમો અને સૂત્રો અનુસાર છે, આથી કેટલીક પંક્તિઓમાં "ઉત્તરાધ્યયનસૂત્ર", "આચારાંગસૂત્ર", "દશવૈકાલિકસૂત્ર", "ઠાણાંગસૂત્ર"

---

૧૦૦. "સિદ્ધિનાં સોપાન", પ્રસ્તાવના પૃ. ૧૨.

૧૦૧. "અપૂર્વ અવસર પરનાં પ્રવચનો", પૃ. ૬૫.

૧૦૨ "ગાંધીજીની પ્રસ્તાવના, પ્ર. ૩", શ્રીમદ્ અને ગાંધીજી, પૃ. ૪૬.

આદિ સૂત્રોની ગાથાઓની છાયા જોવા મળે તે સ્વાભાવિક છે. અને તેનો નિર્દેશ પ્રસંગોપાત્ત અહીં પણ કર્યો છે, એનો અર્થ એમ નથી કે જ્યાં ભાવની સમાનતા દેખાય છે ત્યાં જ તેની અસર છે. આ આખા કાવ્યમાં સૂક્ષ્મ રીતે જૈન આગમો, સૂત્રો વગેરેમાં નિરૂપેલા આચારવિચાર આદિની છાયા પથરાયેલી છે જેની કોઈ પણ વાંચનારને પ્રતીતિ આવી શકે છે. શ્રીમદ્દે સ્વીકારેલો આદર્શ ઊંડાણથી જોઈએ તો તેમાં શ્રી તીર્થંકરપ્રભુનો જ આદર્શ જણાશે. આમ છતાં શ્રીમદ્‌ની સાચી મહત્તા તો તેમણે પોતાના આદર્શને કેટલી કુશળતાથી નિરૂપ્યો છે, તેમાં છે. બાહ્ય તેમ જ આંતર ગ્રંથિ છૂટવાથી આવતી જીવની નિર્ગ્રંથદશા, તે દશામાં જીવને પ્રવર્તતી ઉદાસીનતા, મન, વચન અને કાયાના યોગની અવિચળ આત્મસ્થિરતા વગેરે એટલાં ક્રમસર અપાયેલાં છે કે એક પણ સ્થિતિ વિશે એવું નથી લાગતું કે તે અયોગ્ય સ્થાને છે.

આ પ્રત્યેક પરિસ્થિતિને યોગ્ય રીતે વ્યક્ત કરતા શબ્દો પણ તેમણે યોજ્યા છે. ભાષાની મુશ્કેલી તેમને ક્યાંયે નડતી હોય તેવું આ કૃતિમાં લાગતું નથી. આ કાવ્યની દશમી કડીમાં "સમભાવ" અર્થ વ્યક્ત કરતાં એમણે "સમદર્શિતા", "સ્વભાવ નહિ ન્યૂનાધિકતા", "શુદ્ધ સ્વભાવ", એમ ચાર જુદા જુદા શબ્દો યોગ્ય સંદર્ભમાં રજૂ કર્યા છે. તે શબ્દોનો સૂક્ષ્મ અર્થ તેમના લક્ષ બહાર નહોતો, અર્થાત્ અહીં પ્રત્યેક શબ્દ સૂક્ષ્મ અર્થમાં પણ યોગ્ય નીવડ્યો છે. જૈન પરિપાટી અનુસાર રચાયેલા આ કાવ્યમાં શ્રીમદ્દે જૈન પારિભાષિક શબ્દોનો છૂટથી ઉપયોગ કર્યો છે. તે પારિભાષિક શબ્દોની સમજણવાળાને તો આ કાવ્ય વિશેષ આસ્વાદ્ય બને તેવું છે; અલબત્ત, એ પૂરતા અધિકારની તેમાં જરૂર છે ખરી. નિર્ગ્રંથ, સંયમ, દર્શનમોહ, ચારિત્રમોહ, પરિષહ, ઉપસર્ગ, પ્રતિબંધ, ક્ષીણમોહ, ગુણસ્થાન, અપૂર્વકરણ આદિ અનેક જૈન ધર્મના પારિભાષિક શબ્દોનો આ કાવ્યમાં ઉપયોગ થયો છે. અને તેનો અર્થ સમજવાથી આ કાવ્યનો સાચો આનંદ માણી શકાય છે. અને યોગ્ય અધિકારી તો તેમાંથી અનેક અર્થ તારવી શકે તેવી ક્ષમતા ધરાવતું આ અપૂર્વ કાવ્ય શ્રીમદ્દે એક જ બેઠકે લખ્યું છે, તે હકીકત તેમની આધ્યાત્મિક ઉચ્ચ કક્ષા માટે આશ્ચર્ય ઉપજાવે છે. ગૃહસ્થાવસ્થામાં રહીને, સંસારની બધી જવાબદારીઓ અદા કરતાં કરતાં, અંતરંગમાં આટલી ઉચ્ચ શ્રેણી રાખવી તે કોઈ અસામાન્ય વ્યક્તિનું જ કામ છે. આ કાર્ય શ્રીમદ્દે સફળતાપૂર્વક પાર પાડ્યું હતું. તેમની એ અંતરંગ શ્રેણી પ્રત્યે કોઈ પણ સમજુ માનવી માનથી મસ્તક નમાવે!

અંતમાં, ટૂંકામાં કહી શકાય કે શ્રીમદ્‌નું બીજું સાહિત્ય ન હોય તોપણ માત્ર "અપૂર્વ-અવસર" એ એક જ કાવ્ય પણ શ્રીમદ્‌ના કવિત્વની અને ઝળહળતા વૈરાગ્યની પૂરી સાક્ષી આપી શકે તેમ છે. આ કાવ્ય વિશે પંડિત સુખલાલજીએ અભિપ્રાય આપ્યો છે કે :—

> "આ પદ્યનો વિષય જૈન પ્રક્રિયા પ્રમાણે ગુણશ્રેણી છે. એમાં પ્રક્રિયાનું જ્ઞાન અને ભાવતાદાત્મ્ય સ્પષ્ટ છે. તે એવા આત્મિક ઉલ્લાસમાંથી લખાયેલ છે કે, વાંચનારને પણ તે શાંતિ આપે છે. જૈન પ્રક્રિયા હોવાથી ભાવની સર્વગમ્યતા આવવી શકય જ નથી... "અપૂર્વ અવસર" એ ભજનમાંની ભાવનાવાળો આર્હત્ સાધક — એકાંત આધ્યાત્મિક એકાંતની ઊંડી ગુહામાં સેવ્યસેવકનો ભાવ ભૂલી, સમાહિત થઈ જવાની તાલાવેલીવાળો દેખાય છે."[103]

---

૧૦૩ "શ્રીમદ્ રાજચંદ્ર – એક સમાલોચના", "શ્રી રાજચંદ્રનાં વિચારરત્નો", પૃ. ૧૭૦.

## પ્રકરણ ૭

# પ્રકીર્ણ પદ્ય-રચનાઓ

"આત્મસિદ્ધિ" તથા "અપૂર્વ અવસર" ઉપરાંત લગભગ ૧૮ જેટલી પદ્યરચનાઓ શ્રીમદ્‌ની વીસ વર્ષની વય પછીથી રચાયેલી ઉપલબ્ધ થાય છે. તે રચનાઓનું તરત જ નજરે ચડે તેવું લક્ષણ, તેમાં નિરૂપિત થયેલ વિષય છે. આ બધી રચનાઓ ધર્મ કે આત્માને લગતી તત્ત્વવિચારણાથી ભરપૂર છે. વીસ વર્ષની વય પછીથી શ્રીમદ્દે મોક્ષપ્રાપ્તિ માટે જે પ્રબળ પુરુષાર્થ ઉપાડયો હતો, તેનું તથા તે વિશેની વિચારણાનું પ્રતિબિંબ આપણે આ રચનાઓમાં જોઈ શકીએ છીએ.

આ રચનાઓ ધર્મ કે આત્માને લગતી તત્ત્વવિચારણાથી ભરપૂર હોવા છતાં, તેના કેટલાક વિભાગ કરી શકાય છે. "બિના નયન", "યમનિયમ", "મારગ સાચા મિલ ગયા", તથા "હોત આસવા પરિસવા" એ ૪ રચનાઓ હિંદી ભાષામાં છે, જે શ્રીમદ્‌નું હિંદી ભાષા પરનું પ્રભુત્વ દર્શાવે છે. "લઘુવયથી અદ્‌ભુત થયો તત્ત્વજ્ઞાનનો બોધ", "ધન્ય રે દિવસ આ અહો", અને "આજ મને ઉછરંગ અનુપમ" એ ૩ કૃતિઓ શ્રીમદ્‌ની આંતરિક પરિસ્થિતિ તથા પ્રસંગો વર્ણવે છે. "મૂળમાર્ગ રહસ્ય", "પંથ પરમપદ બોધ્યો" અને "આતમ ભાવના......" એ રચનાઓમાં શ્રીમદ્દે મોક્ષમાર્ગનું નિરૂપણ કર્યું છે: અને "દૃષ્ટિભેદથી ભિન્ન ભિન્ન મતદર્શન" તથા "લોકસ્વરૂપ રહસ્ય"માં મોક્ષમાર્ગના નિરૂપણ સાથે અનુક્રમે ગુરુમાહાત્મ્ય તથા સૃષ્ટિનું સ્વરૂપ વર્ણવ્યાં છે. આમ મોક્ષમાર્ગને ચીંધતી ૫ રચનાઓ મળે છે. જડ અને ચેતન એ બે તત્ત્વ વચ્ચેનો ભેદ શ્રીમદ્દે "જડ ભાવે જડ પરિણમે" તથા "જડ ને ચૈતન્ય બંને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન" એ બે કૃતિઓમાં બતાવ્યો છે. જૈન દર્શન અનુસાર સાચું જ્ઞાન કયું તે, "જિનવર કહે છે જ્ઞાન તેને" એ કાવ્યમાં કહ્યું છે. તેવી જાતનું જ્ઞાન થયા પછી, સાધકને પોતાની અલ્પતાનું ભાન થાય છે ત્યારે, કેવા ભાવ ઊઠે છે તે શ્રીમદ્દે "પ્રભુ પ્રત્યે દીનત્વ" નામના ૨૦ દોહરામાં આલેખેલ છે. "અંતિમ સંદેશો" એ શ્રીમદ્દે પોતાના અંતિમ દિવસોમાં યોગીજનની અભિલાષા વર્ણવતું પદ રચ્યું હતું તે રજૂ કરે છે. આ ઉપરાંત ગુરુમાહાત્મ્ય બતાવતા કેટલાક દોહરા અને "બ્રહ્મરસ"ના વર્ણનની કેટલીક પંક્તિઓ ઉપલબ્ધ થાય છે.

આ બધી રચનાઓમાં જૈન દર્શન અનુસાર તત્ત્વવિચારણા જોવા મળે છે. તેમણે મોક્ષમાર્ગ પણ જૈન દર્શન અનુસાર વર્ણવ્યો છે. જોકે તેઓ કોઈ મતના આગ્રહી ન હતા. પણ જૈન તત્ત્વવિચારણા તેમને ઉત્તમ જણાઈ હતી, તેથી તે અનુસાર રચના થાય તે સ્વાભાવિક છે. મોક્ષમાર્ગમાં સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન અને સમ્યક્‌ચારિત્રની એકતાને મુખ્ય ગણાવેલ છે.

અને એ ત્રણમાંથી કોઈ ને કોઈ તત્ત્વની વિચારણા આ પ્રત્યેક કાવ્યમાં જોવા મળે છે; તો "મૂળમાર્ગ રહસ્ય", "પંથ પરમપદ બોધ્યો" આદિમાં આ ત્રણે તત્ત્વોની વિચારણા સંક્ષેપમાં રજૂ થઈ છે. અને વીતરાગપ્રણીત માર્ગ જ શ્રેષ્ઠ છે તેવો શ્રીમદ્‌નો અભિપ્રાય લગભગ બધાં કાવ્યોમાં નજરે ચડે છે.

આ રચનાઓમાં નજરે ચડે તેવું બીજું લક્ષણ તે "ગુરુ-માહાત્મ્ય." જ્ઞાની ગુરુની કૃપા વિના મોક્ષમાર્ગ પમાય નહિ, તે હકીકતનો નિર્દેશ ઘણાં કાવ્યોમાં તેમણે કર્યો છે. સદ્‌ગુરુનું માહાત્મ્ય કેવું છે તે તેમણે "યમનિયમ", "બિના નયન", "લોકસ્વરૂપ રહસ્ય", "મૂળમાર્ગ રહસ્ય", "અંતિમ સંદેશો" વગેરે રચનાઓમાં બતાવ્યું છે.

"ગુરુમાહાત્મ્ય" ઉપરાંત ભક્તિ, નવ તત્ત્વ, આદિ વિશેની મોક્ષમાર્ગને લગતી વિચારણા આ રચનાઓમાં જોવા મળે છે. આમ શ્રીમદ્‌ની વીસ વર્ષ પછીની તમામ પદ્યરચનાઓ આત્મા, ધર્મ, મોક્ષમાર્ગ વગેરેને લગતી વિચારણાઓથી ભરપૂર છે.

કદની દૃષ્ટિએ જોઈએ તો આ રચનાઓમાં "આતમભાવના..." જેવી એકાદ પંક્તિની રચનાથી શરૂ કરી "પ્રભુ પ્રત્યે દીનત્વ" નામની ૪૦ પંક્તિઓ સુધીની રચના જોવા મળે છે. ૮૪ પંક્તિનું "અપૂર્વ અવસર" અને ૨૮૪ પંક્તિની "આત્મસિદ્ધિ" જેવી દીર્ઘ રચનાઓ પણ મળે છે. લગભગ ૧૦ જેટલી રચનાઓ તો ૧૯ થી ૩૦ પંક્તિની મર્યાદામાં રહેલી જોવા મળે છે. "ધન્ય રે દિવસ આ અહો" જેટલી ટૂંકી પંક્તિવાળી રચના સાથે "જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો" જેવી લાંબી પંક્તિઓની રચના પણ અહીં મળે છે. ટૂંકમાં કહીએ તો, શ્રીમદે પોતાનાં ભાવ તથા વિચારણાને અનુકૂળ પ્રત્યેક કાવ્યનું કદ રાખ્યું છે.

આ બધી રચનાઓમાં અક્ષરમેળ છંદનો ઉપયોગ ભાગ્યે જ થયેલો છે. મુખ્યત્વે દોહરાનો અને ગૌણપણે અન્ય માત્રામેળ છંદો તથા દેશીનો ઉપયોગ કર્યો છે. બધી રચનાઓ ગેય છે. આમ ગેયત્વ એ આ રચનાઓનું એક લક્ષણ છે.

અલંકારોની કે ભાષાની ભભક આ રચનાઓમાં નથી, પણ ઊંડી તત્ત્વવિચારણા, તેને વ્યક્ત કરતા અનુરૂપ શબ્દોની ગોઠવણી, તેમના કાવ્યત્વના ચમકારા વગેરે આ રચનાઓને સારી કક્ષાની બનાવે છે. આ રચનામાં સામાન્ય રીતે અંત્યાનુપ્રાસનો ઉપયોગ થયેલો જોવા મળે છે. સાથે સાથે ઉપમા, રૂપક આદિ કેટલાક અલંકારો ક્યારેક ક્યારેક ઉપયોગમાં લેવાયેલા છે. પણ આ રચનાઓની ખરી ખૂબી અલંકારાદિ બાહ્ય ગુણોમાં નથી, પરંતુ સરળ ભાષામાં વ્યક્ત થતી ઊંડી તત્ત્વવિચારણામાં છે.

આ બધી કૃતિઓમાંની કેટલીક કૃતિઓ અખંડિત દશામાં મળતી નથી. કેટલીક રચનાઓની અમુક પંક્તિઓ લુપ્ત થઈ ગયેલી છે. કોઈકમાં અડધું ચરણ તો કોઈકમાં ત્રણ-ચાર પંક્તિઓ મળતી નથી, અને તેટલા પ્રમાણમાં તે કૃતિઓ ખંડિત લાગે છે, અને એનો કાવ્યરસ માણવામાં ખામી રહે છે.

## શ્રીમદ્‌ની હિંદી રચનાઓ

શાળામાં વ્યવસ્થિત અભ્યાસ કરીને શ્રીમદે હિંદી ભાષાનું જ્ઞાન મેળવ્યું ન હતું. તેમ છતાં પૂર્વના બળવાન ક્ષયોપશમથી આ ભવના થોડા પ્રયત્ને તેમને હિંદી ભાષા પર પ્રભુત્વ પ્રાપ્ત થયું હતું. નાની વયે હિંદીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરવા જેવાં કાર્યો તેમણે કર્યાં હતાં, પણ પછીથી તો તેમણે સીધેસીધી હિંદી ભાષામાં પદ્યકૃતિઓ પણ રચી હતી. એવી "બિના નયન", "યમનિયમ" આદિ ચાર પદ્યકૃતિઓ આજે ઉપલબ્ધ થાય છે, તેમાંની બે તેમની "હસ્તનોંધ"માંથી પ્રાપ્ત થયેલી છે.

આ ચારે કૃતિઓ તેમની ૨૩ વર્ષની વય પછીથી રચાયેલી છે, તેમાં ગુરુમાહાત્મ્ય, જ્ઞાનપ્રાપ્તિ પહેલાં જીવે કરેલાં અનેક સાધનો, મૂળમાર્ગ વગેરે વિશેની શ્રીમદ્‌ની વિચારણા રજૂ થયેલ છે. એ ચારે કૃતિઓ શ્રીમદ્‌નું હિંદી ભાષા પરનું પ્રભુત્વ દર્શાવે છે.

**"બિના નયન"[૧]**

વિ. સં. ૧૯૪૭ના અષાડ માસમાં, એટલે કે ૨૪મા વર્ષે શ્રીમદે આ હિંદી કાવ્ય રચીને પોતાના પરમ સ્નેહી શ્રી સોભાગભાઈને વાંચન તથા મનન અર્થે મોકલ્યું હતું. શ્રીમદ્‌ની આ પ્રથમ હિંદી રચના સૌને ઉપયોગી થાય તેવી છે.

આત્માએ પોતાનું કલ્યાણ કરવું હોય તો શું કરવું જોઈએ તેની સૂચના અહીં છ દોહરા – બાર પંક્તિમાં અપાઈ છે. પ્રત્યેક દોહરો સ્વતંત્ર રચના ન રહેતાં, એકબીજા સાથે જોડાયેલા છે.

આ કાવ્યની પહેલી જ પંક્તિ "બિના નયન પાવે નહિ, બિના નયનકી બાત" વિશે શ્રીમદે વિ. સં. ૧૯૫૫ના અષાડ માસમાં મનસુખભાઈ છગનભાઈને લખ્યું હતું કે :—

> "એ વાક્યનો હેતુ મુખ્ય આત્મદૃષ્ટિ પરત્વે છે. સ્વાભાવિક ઉત્કર્ષાર્થે એ વાક્ય છે. સમાગમના યોગે સ્પષ્ટાર્થ સમજાવા યોગ્ય છે."[૨] આ દૃષ્ટિ, આખું કાવ્ય સમજવા માટે પણ ઉપયોગી છે.

પહેલી પંક્તિ આત્મદૃષ્ટિથી જોઈએ તો આ પ્રમાણે સમજાય છે : નયન એટલે તત્ત્વરૂપી લોચન. "બિના નયન" એટલે તત્ત્વરૂપી લોચન વિના, "બિના નયનકી" — નયન વગરનાની અર્થાત્ આત્માની વાત સમજાતી નથી. આત્મા જાણવો તે ચર્મચક્ષુની નહીં પણ આંતરચક્ષુની બાબત છે, તેથી આત્મા એ સ્થૂળ નયનથી પર છે. તેથી તે "બિના નયનકી બાત" કહેવાય છે. "તત્ત્વલોચન વિના, અંતર્મુખ દૃષ્ટિ ઊઘડ્યા વિના, આત્માને જાણી શકાતો નથી" — એવો આત્મદૃષ્ટિથી વિચારતાં પ્રથમ પંક્તિનો અર્થ થાય છે.

---

૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૯૨, આંક ૨૫૮.

૨. એજન, પૃ. ૨૩૬, આંક ૮૮૩.

આ દૃષ્ટિથી ન વિચારીએ અને વાક્યાર્થ જ લેવા જઈએ તો તેમાં વિરોધાભાસ આવશે. તે પંક્તિનો વાક્યાર્થ આ પ્રમાણે થાય; "નયન વિના, નયન વગરનાની વાત સમજાય નહિ." એટલે કે અંધ મનુષ્યને સમજવા માટે આંખો હોવી જોઈએ, તે અસંગત લાગે છે. ખરેખર તો એમ હોય કે, જેને આંખ ન હોય તે જ આંખ વિનાનાનું દુઃખ સમજી શકે. ત્યારે અહીં તો આંખ વગરનાનું દુઃખ જોવા આંખની આવશ્યકતા બતાવી છે, તેથી વિરોધ લાગે છે. આ દેખાતો વિરોધાભાસ, આત્મદૃષ્ટિથી વિચારતાં ટળી જાય છે તે ઉપર જોયું. આમ અનાયાસે ખૂબીવાળી પંક્તિ શ્રીમદે અહીં રચી છે.

બિના નયનની વાતરૂપે જણાવેલ આત્માને જાણવા માટે સદ્‌ગુરુની અગત્ય બતાવતાં શ્રીમદે બીજી પંક્તિમાં લખ્યું છે કે, "સેવે સદ્‌ગુરુ કે ચરણ, સો પાવે સાક્ષાત્" સદ્‌ગુરુનાં ચરણ સેવવાથી, તેમની આજ્ઞા યથાતથ્ય પાળવાથી, આત્મા સાક્ષાત્ – પ્રત્યક્ષ થાય છે. આવા આત્મજ્ઞાન આપનાર ગુરુની અનિવાર્યતા બતાવતા બીજા બે દોહરામાં શ્રીમદે લખ્યું છે કે :—

"બુઝી ચહત જો પ્યાસકો, હૈ બુઝનકી રીત,
પાવે નહિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત, ૨
એહિ નહિ હૈ કલ્પના, એહિ નહિ વિભંગ,
કઈ નર પંચમકાળમેં, દેખી વસ્તુ અભંગ." ૩

આત્માને જાણવાની લગની – તરસ જો જીવને લાગી હોય તો તે તરસ છિપાવવાનો માર્ગ પણ છે. એ ઉપાય તે ગુરુની કૃપા. આ ઉપાય અનાદિ કાળથી જ્ઞાનીઓએ બતાવ્યો છે. ગુરુની આજ્ઞા યથાર્થ પાળવી, તેમણે કહેલા માર્ગે જ ચાલવું એ આત્મા પામવાનો સાચો ઉપાય છે. આ રસ્તે ચાલીને અનેક જીવો મુક્તિ પામ્યા છે, તેથી તે માર્ગ આત્મકલ્યાણ સાધવા માટે કલ્પિત નથી, તેમ જ ભૂલભરેલો – વિભંગ – પણ નથી, સત્ય જ છે. આથી આ પંચમકાળમાં પણ આ માર્ગે જવાથી ઘણા જીવો આત્મજ્ઞાનને પામ્યા છે. આમ શ્રીમદે ગુરુમાહાત્મ્ય ગાયું છે.

આત્મજ્ઞાન પામવા માટે તથા ગુરુની આજ્ઞા પાળવા માટે જીવમાં કયા કયા લક્ષણો હોવાં જોઈએ તેની સમજ પાછળના ત્રણ દોહરામાં આપી શ્રીમદે આ કાવ્ય પૂર્ણ કર્યું છે. એ વિશે સૌ પ્રથમ હિતવચન કહ્યું છે કે "નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ", જ્ઞાનીના સમાગમ કે ઉપદેશથી જે કંઈ જ્ઞાનવૃદ્ધિ થાય તેનો ઉપયોગ બીજાને બોધવામાં નહિ પણ પોતાના આચારમાં ઉતારવા કરવો. આ પંક્તિ સમજાવતાં શ્રી રાવજીભાઈ દેસાઈ લખે છે કે :—

"જે કંઈ સત્શ્રુતનું પઠન, પાઠન, મનન, ચિંતવન થાય તે માત્ર સ્વાધ્યાય અર્થે, પોતાના આત્માને જિજ્ઞાસા, વિચાર, જ્ઞાન, ધ્યાન, સમાધિ આદિ ઉત્તરોત્તર ઉત્તમ ભૂમિકા પ્રાપ્ત થાય, અંતર-ચક્ષુ પ્રગટે અને આત્માનંદરૂપે અમૃતરસની પ્રાપ્તિ થાય, જેથી પોતાનો આત્મા કર્મબંધનથી મુક્ત થાય તે લક્ષે જ ઉપદેશ ગ્રહણ થાય તે કર્તવ્ય છે."[3]

૩. "શ્રીમદ્ રાજચંદ્ર : કાવ્ય-અમૃત-ઝરણાં", આવૃત્તિ ૧, પૃ. ૫૮.

બીજાને ઉપદેશ આપવા જતાં આત્મહિત ભુલાઈ જાય છે, કારણ કે તે માટેની સાચી દશા પ્રાપ્ત ન થઈ હોવાથી જીવ ખોટા માનમાં તણાઈ જાય છે. જ્ઞાનીની દશા અને ભૂમિકા ન્યારાં હોવાથી તેઓ માનમાં તણાઈ જતાં નથી, પણ સામાન્ય જીવને તેમાં તણાતાં વાર લાગતી નથી.

"સબસે ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ" એ પંક્તિમાં બતાવેલી સ્થિતિનો ખ્યાલ આપતાં કેટલાંક વચનો શ્રીમદ્દનાં લખાણમાં મળે છે: "અમે દેહધારી છીએ કે કેમ? તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ."[૪] "હું કોઈ ગચ્છમાં નથી, પણ આત્મામાં છું, એ ભૂલશો નહિ."[૫] આમ જ્ઞાનીનો નિવાસ અસંગ અને અપ્રતિબદ્ધ આત્મામાં હોવાને લીધે તેમનો દેશ અગમ અને સહુથી ન્યારો ગણાય છે.

જપ, તપ, વ્રત વગેરે યમનિયમને જ આત્મજ્ઞાન પામવાના સાધનરૂપ માની જેઓ ક્રિયાજડ બની જાય છે તેઓ તો મિથ્યાત્વનું દૃઢીકરણ કરે છે, પણ જ્ઞાનીપુરુષની આજ્ઞાથી એ બધું કરવામાં આવે તો તે આત્મજ્ઞાન પામવા માટે સહાયક થાય છે, અર્થાત્ સંતની કૃપા ન થઈ હોય ત્યાં સુધી જપ, તપ વગેરે ભ્રમરૂપ — સંસાર પરિભ્રમણ વધારનાર છે, અને સંતની કૃપા થતાં તે જ વ્રતો મુક્તિદાતા બને છે, તે સ્થિતિ શ્રીમદ્દે પાંચમા દોહરામાં બતાવી છે. તેથી સર્વ સમપર્ણભાવથી સદ્ગુરુનાં ચરણમાં વર્તવાનો બોધ કરતાં અંતિમ દોહરામાં શ્રીમદ્ કહે છે કે :—

"પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ;
પીછે લાગ સત્પુરુષકે, તો સબ બંધન તોડ." ૬

અહીં બતાવ્યા પ્રમાણે સૌથી મૂળભૂત વાત તો એ છે કે સ્વચ્છંદ છોડવો જરૂરી છે. જીવ પોતાના છંદે ચાલે તો કલ્યાણ ન થાય, પણ સ્વચ્છંદ છોડીને સત્પુરુષની આજ્ઞા પ્રમાણે પ્રત્યેક ક્ષણ વ્યતીત થાય તો જીવનાં સર્વ બંધનો છૂટી જાય. સદ્ગુરુની આજ્ઞાનું આવું માહાત્મ્ય શ્રીમદ્દનાં નીચેનાં વચનો પણ બતાવે છે :—

"બીજું કંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે."[૬]

આમ ૧૨ પંક્તિના આ નાના કાવ્યમાં શ્રીમદ્દે ગુરુમાહાત્મ્ય અને ગુરુની આજ્ઞાએ ચાલવાથી મળતું ફળ દર્શાવ્યાં છે. કાવ્યની ભાષા હિંદી હોવા છતાં શબ્દોની ગોઠવણી સરળ અને પરસ્પર અનુરૂપ છે. શબ્દોનો ફેરફાર કરતાં અર્થનું ગૌરવ ઓછું થતું જણાય છે. આમ અહીં શ્રીમદ્દે આત્મજ્ઞાન પામવા માટેનો સરળ તથા સચોટ માર્ગ બતાવ્યો છે.

૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૯૦.

૫. એજન, પૃ. ૧૭૦.

૬. એજન, પૃ. ૧૯૪.

"યમનિયમ "[7]

વિ. સં. ૧૯૪૭ના ભાદરવા માસમાં શ્રીમદ્ નિવૃત્તિ અર્થે પર્યુષણના દિવસોમાં રાળજ (ખંભાત પાસે) રહ્યા હતા. તે વખતે તેમણે આ કાવ્યની રચના કરી હતી. આ પણ તેમનું હિંદીમાં રચાયેલું પદ્ય છે. તેમાં શ્રીમદ્દે અનંત ભવથી શું શું કરવા છતાં આત્મજ્ઞાન મેળવ્યું નથી તે વર્ણવી શું કરવાથી આત્મજ્ઞાન થાય તેનો બોધ કર્યો છે. સદ્‌ગુરુની પ્રાપ્તિ વિના કરેલાં સર્વ સાધનો બંધનરૂપ થયાં હતાં, કારણ કે તે સાધનો કોઈ રીતે દોષિત હતાં, અને તે દોષ ટાળવા માટે ગુરુની અગત્ય કેટલી છે તે ૩૨ પંક્તિના આ લાંબા કાવ્યમાં શ્રીમદ્દે બતાવ્યું છે. તોટક છંદમાં રચાયેલા આ કાવ્યના બે ભાગ પડી જાય છે.

ચાર ચાર લીટીની એક કડી, એવી પહેલી ચાર કડીઓમાં જીવે જ્ઞાન મેળવવા શું શું કર્યું છે તેનું વર્ણન આપ્યું છે. અને એ બધા પ્રયત્નો કરવા છતાં જ્ઞાન શા માટે ન પ્રગટ્યું, તેમાં કઈ ખામી રહી ગઈ હતી તે, તથા શું કરતાં આત્મજ્ઞાન થાય તે, પાછળની ચાર કડીઓમાં શ્રીમદ્દે બતાવ્યું છે.

જ્ઞાનપ્રાપ્તિની ઇચ્છાથી જીવે કેવા કેવા પ્રયત્નો કર્યા છે, તેના વર્ણનમાં જૈનધર્મના પારિભાષિક શબ્દોનો શ્રીમદ્દે છૂટથી ઉપયોગ કર્યો છે. તેથી તે શબ્દો ન જાણનારા માટે આ રચના સમજવામાં કઠિન લાગવા સંભવ છે. જીવે કરેલા પ્રયત્નો —

"યમનિયમ સંયમ આપ કિયો, પુનિત્યાગ વિરાગ અથાગ લહ્યો,
વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો,
મનપૌન નિરોધ સ્વબોધ કિયો, હઠ જોગ પ્રયોગ સુતાર ભયો,
જપ ભેદ જપે તપ ત્યૌંહી તપે, ઉરસેંહિ ઉદાસી લહી સબપેં.
સબ શાસ્ત્રન કે નય ધારી હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો."

યમ, નિયમ, સંયમનું પાલન, ત્યાગી દશાનું પાલન, મૌન વ્રત લેવું, વનવાસ લેવો, દૃઢ પદ્માસનમાં સ્થિર રહેવું, જપતપ કરવાં, શાસ્ત્રો મુખે કરવાં, ઇત્યાદિ સાધનો અનંત વાર કર્યાં છતાં આત્મા પ્રાપ્ત થયો નહિ એ અહીં શ્રીમદ્દે બતાવ્યું છે. યમ એટલે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતનું જીવનભર પાલન. નિયમ એટલે અમુક સમય માટે અમુક ત્યાગ, ઉપવાસ કરવા તે. સંયમ એટલે પાંચ ઇન્દ્રિય તેમ જ મનનો નિગ્રહ અને છકાય — પૃથ્વી, અપ, તેજ, વાયુ, વનસ્પતિ, ત્રસ — જીવની રક્ષા કરવી. જ્ઞાનીઓના જણાવ્યા પ્રમાણે જીવે પોતાના સ્વચ્છંદથી યમ, નિયમ, સંયમ વગેરેનું પાલન કર્યું છે, વળી, સ્ત્રી, પુત્ર, ગૃહ આદિનો ત્યાગ કે તેમાં ઓછી આસક્તિ રાખી તે વિશે અથાગ વૈરાગ્ય પણ કેળવ્યો છે, બાહ્ય ત્યાગી થઈ વનવાસ સ્વીકાર્યો છે, મુખથી મૌનવાણીનો સંયમ ધારણ કરેલ છે. પ્રાણાયામ, શ્વાસનિરોધ વગેરે હઠયોગના પ્રયોગોમાં

૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૯૬. આંક ૨૬૫.

સ્થિરતા કરી જ્ઞાન મેળવવા પ્રયત્ન કર્યો છે, જાપ કર્યા છે, અનેક જાતની ઉગ્ર તપશ્ચર્યા પણ કરી છે, બાહ્ય પદાર્થો પ્રતિ હૃદયથી અણગમો ધાર્યો છે, સર્વ દર્શનનાં સર્વ શાસ્ત્રો ભણી, તેનો વિવાદ કરી અનેક મતોનું ખંડનમંડન કરવાનું કાર્ય પણ અનેક વખત કર્યું છે; આમ અનેક પ્રકારના વ્રત, તપ આદિ દ્વારા જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કર્યો છે. "તદપિ કછુ હાથ હજુ ન પર્યો" તોપણ આત્મજ્ઞાન પ્રાપ્ત થયું નથી, આત્મસાક્ષાત્કાર થયો નથી.

આમ થવાનું કારણ શું? આટઆટલું કરવા છતાં હે જીવ! તને જ્ઞાન શા માટે ન મળ્યું? યમ, નિયમાદિના પાલનમાં એવી તે કઈ ખોટ રહી ગઈ કે આત્મા પ્રાપ્ત ન થયો? તે વિશેના પ્રશ્નો શ્રીમદે ચોથી તથા પાંચમી કડીમાં મૂકી જણાવ્યું છે કે સદ્‌ગુરુની આજ્ઞાએ આ બધું નહોતું કર્યું તેથી તે નિષ્ફળ ગયેલ છે. જો જ્ઞાનીની આજ્ઞાએ આ સર્વ કરવામાં આવે તો એક જ પળમાં આત્મા પ્રગટ થાય, એમ જણાવતાં શ્રીમદ્ આ કાવ્યમાં લખે છે કે :—

"પલમેં પ્રગટે મુખ આગલસેં, જબ સદ્‌ગુરુચર્ન સુપ્રેમ બસે;
તનસેં મનસેં ધનસેં સબસેં, ગુરુદેવકી આન સ્વઆત્મ બસે.
તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહી પ્રેમ ઘનો;
વહ સત્યસુધા દરશાવહિંગે, ચતુરાંગલ હૈ દગસે મિલહે.
રસ દેવ નિરંજન કો પિવહી, ગહિ જોગ જુગોજુગ સો જીવહિ,
પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે; નિજકો અનુભૌ બતલાઈ દિયે."

અહીં જણાવ્યા પ્રમાણે જો સદ્‌ગુરુનાં ચરણ પાસે પ્રેમથી બેસી, તન, મન અને ધનથી તેમની આજ્ઞાનું પાલન કરે, એટલે કે મોહાદિનો નાશ કરે, તો જીવને પલકમાં – ક્ષણમાં આત્મજ્ઞાન થાય અને સ્વાનુભવરૂપ અમૃતરસનું પાન કરવાનો જીવને લાભ મળે. જીવ અહં, મમતા, સર્વ છોડી સત્પુરુષને આશ્રયે વર્તે તો તેને "બીજજ્ઞાન"ની સહેલાઈથી પ્રાપ્તિ થાય.

સદ્‌ગુરુ અને તેમની આજ્ઞા પ્રત્યેનાં ભક્તિ, પ્રીતિ વગેરે જીવને આત્માનંદના અમૃતરસનું પાન કરાવે છે. ગુરુકૃપાથી જીવની બાહ્યદૃષ્ટિ છૂટી જાય છે, અને આંતરદૃષ્ટિ ખીલે છે. તે અનુભવની પ્રાપ્તિ વિશે શ્રીમદ્ "ચતુરાંગુલ હૈ દગસેં મિલહે" એ પંક્તિ લખે છે. આ પંક્તિમાં ગૂઢાર્થ છે. શ્રી લલ્લુજી મહારાજે આ પંક્તિનો અર્થ શ્રીમદ્‌ને પૂછ્યો હતો ત્યારે તેમણે એ વિશે એવો ઉત્તર લખ્યો હતો કે, "એ આગળ પર સમજાશે."[૮] એટલે કે જ્ઞાનની એટલી ઊંચી કક્ષા થશે ત્યારે આપોઆપ તે સમજાઈ જશે, આમ આ પંક્તિ અનુભવગમ્ય કહેવાઈ છે.

આ પંક્તિનો એક અર્થ યોજી શકાય છે, પણ શ્રીમદ્‌ને તે અર્થ અભિપ્રેત હશે કે કેમ તે વિશે શંકા છે. જ્ઞાન પામવા માટે ધ્યાનઅવસ્થા પણ એક સાધન છે, ધ્યાન ધરતી વખતે જો આંખો બંધ કર્યા પછી તે દૃષ્ટિ-દગને અંદરની બાજુ, કપાળનાં મધ્યબિંદુની સીધી લીટીમાં ચાર આંગળ અંદર – ચતુરાંગુલ – સ્થિર કરી શકીએ (મિલહે) તો આત્મજ્ઞાન થાય.

૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ ૬૪૬, આંક ૭૧૭

શ્રી બ્રહ્મચારી ગોવર્ધનદાસજી આ પંક્તિ વિશે લખે છે કે:—

"એ લીટીનો અર્થ પ્રભુશ્રીજી ઘણાને પૂછતા પણ પોતે કહેતા નહિ, તેમણે કૃપાળુદેવને અર્થ પૂછેલો ત્યારે કૃપાળુદેવે કહ્યું હતું કે, 'જ્યારે અનુભવ થશે ત્યારે તે સમજાશે.' એક રીતે એવો અર્થ નીકળે છે કે ચતુરપુરુષને આંગળી કરીને બતાવે છે ત્યારે તે દગ એટલે સમ્યક્‌દર્શનને જ્ઞાનીના સંકેતને અનુસરતાં પ્રાપ્ત કરે છે. મિલહિ– મળે છે, પ્રાપ્ત કરે છે."[૯]

આ જ પંક્તિ વિશે શ્રી રાવજીભાઈ દેસાઈ લખે છે કે:—

"એ ચરણનો યથાર્થ પરમાર્થ તો માત્ર અનુભવ રસાસ્વાદી જ્ઞાનીઓના હૃદયમાં જ રહ્યો છે, જે ત્યાંથી જ ગુરુગમે પ્રાપ્ત થવા યોગ્ય છે."[૧૦]

તેમનો આ અભિપ્રાય માન્ય કરવા યોગ્ય છે, કારણ કે આ કાવ્યમાં શ્રીમદે ગુરુમાહાત્મ્ય જ ગાયું છે.

આત્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી, કર્મરૂપ અંજન, મેશ, મલિનતાથી રહિત પોતાના આત્મામાં જ રહેતા કર્મમુક્ત સહજાત્મા જેવા નિરંજન દેવનો રસ, એટલે કે આત્માનુભૂતિ રૂપ રસ, જેણે પીધો છે તેવા જ્ઞાનીના સમાગમમાં આવવાથી તે જુગોજુગ માટેનું– અનંતકાળ માટેનું – મોક્ષપદ પામે છે, જગતની સર્વશ્રેષ્ઠ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. તે સાતમી કડીમાં બતાવ્યું છે.

આત્મજ્ઞાની પ્રત્યેના પ્રેમનો પ્રવાહ અનન્ય બને તો તેમના જેવું પોતાને પણ આત્મદર્શન થાય, આત્માનુભવ થાય. એટલે સર્વ શાસ્ત્રોનો આત્મજ્ઞાન આપવાનો ઉદ્દેશ પાર પડે, અર્થાત્ બધાં શાસ્ત્રોનો મર્મ સમજાઈ જાય; આ બીજરૂપ જ્ઞાન કેવળજ્ઞાનમાં પરિણમે છે. આથી "પર પ્રેમ પ્રવાહ"ને તથા શાસ્ત્રમર્મને જ જ્ઞાનીઓ કેવળજ્ઞાનનું બીજ ગણે છે.

આમ આ કાવ્યમાં બતાવ્યા પ્રમાણે જો મોક્ષસુખ જોઈતું હોય તો સાચી ગુરુની પ્રાપ્તિ થવી જોઈએ. નહિતર યમ, નિયમ, સંયમ, શાસ્ત્રપઠન, મૌન, હઠયોગ આદિ સાધનો નિષ્ફળ જાય છે. અહીં ગુરુનું અનન્ય માહાત્મ્ય શ્રીમદે બતાવ્યું છે.

"બિના નયન" અને "યમનિયમ" એ બંને કાવ્યો એ રીતે જોતાં ગુરુના મહત્ત્વને બતાવનારાં છે. પહેલામાં ટૂંકાણમાં જણાવ્યું છે કે વ્રત, જપ, આદિ ગુરુઆજ્ઞા વિના કરવાથી નિષ્ફળ જાય છે, અને તે વસ્તુ "યમનિયમ"માં થોડા વિસ્તાર સાથે રજૂ કરેલ છે. માત્ર બે માસને આંતરે રચાયેલાં આ કાવ્યોમાં કેન્દ્રવર્તી વિચાર કે તત્ત્વવિચારણામાં કશો ફેર નથી, છતાં રચના એવા પ્રકારની છે કે બંનેનો સ્વતંત્ર રીતે આસ્વાદ મળે છે.

---

૯. "નિત્યનિયમાદિ પાઠ", પૃ. ૨૬.

૧૦. "શ્રીમદ્ રાજચંદ્ર : કાવ્ય–અમૃત–ઝરણાં", પૃ. ૫૪.

"બિના નયન"માં પારિભાષિક શબ્દો ઓછા છે, અને તેટલા પ્રમાણમાં તે વિશેષ સરળ છે. "યમનિયમ"ના ઉત્તરાર્ધમાં પણ એ સરળતા જોવા મળે છે.

**"મારગ સાચા મિલ ગયા"[૧૧]**

પોતાને સાચો માર્ગ મળી ગયો છે તે બાબતનો ઉલ્લાસ વ્યક્ત કરતું આ કાવ્ય શ્રીમદ્‌ની હાથનોંધ-૧માંથી પ્રાપ્ત થાય છે. શ્રીમદ્દે પોતાની હાથનોંધો અંગત ઉપયોગ માટે જ મિતિ વિના લખી છે, તેથી આ કાવ્ય ખરેખર કયા સમયે રચાયું હશે તે વિશે ચોક્કસ મિતિ પ્રાપ્ત થતી નથી. પણ તે વિશે થોડું અનુમાન થઈ શકે છે. વિ. સં. ૧૯૪૭માં શ્રીમદ્‌ને શુદ્ધ સમ્યગ્જ્ઞાન પ્રકાશ્યું હતું અને તે અરસામાં તેમને સાચો માર્ગ મળવા વિશે નિઃશંકતા આવી હોય તે સ્વાભાવિક છે. તે પરથી આ પદ વિ. સં. ૧૯૪૭ પછીથી રચાયું હશે તેમ અનુમાન કરી શકાય.

આ કાવ્યમાં દોહરાની ૧૬ પંક્તિઓ મળે છે, પણ તેમાં બધી પૂર્ણ થયેલી નથી. ચોથી તથા અંતિમ પંક્તિનાં તો અડધાં જ ચરણ મળે છે, ત્યારે છઠ્ઠી પંક્તિમાં માત્ર ચાર માત્રાવાળો એક શબ્દ ખૂટે છે, તે સિવાયની બધી પંક્તિઓ પૂર્ણ છે, તેથી કાવ્ય સમજવામાં કશી મુશ્કેલી નડતી નથી.

મોક્ષમાર્ગની પ્રાપ્તિની નિઃશંકતા બતાવતું, હિંદીમાં રચાયેલું શ્રીમદ્‌નું આ એક જ કાવ્ય છે. તે માર્ગ પ્રાપ્ત થવાથી શું થયું તે વિશે પહેલો દોહરો રચ્યો છે કે —

> "મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ;
> હોતા સો તો જલ ગયા, ભિન્ન કિયા નિજ દેહ."

આત્મસ્વરૂપના અનુભવરૂપ મોક્ષનો સાચો માર્ગ પ્રાપ્ત થયો, તેથી સર્વ સંદેહની નિવૃત્તિ થઈ, અર્થાત્ નિઃશંકતા પ્રાપ્ત થઈ. આથી મિથ્યાત્વ વગેરેને લીધે જે કર્મબંધ થયા કરતો હતો તે બળીને ભસ્મ થયો, અને પોતાનો ચૈતન્યપ્રદેશાત્મક જ્ઞાનસ્વરૂપ – દિવ્ય જ્ઞાનદેહવાળો – આત્મા દેહથી ભિન્નપણે અનુભવ્યો.

આત્માનું ભિન્ન સ્વરૂપ સમજાયા પછી અનુભવવું સરળ છે, પણ તે સમજાવું જ અતિ મુશ્કેલ છે. આ મુશ્કેલી કેવી છે તેનું વર્ણન આપતી પંક્તિ લુપ્ત થયેલી છે. આત્માનું સ્વરૂપ કઈ રીતે પામી શકાય તેની વિચારણા તે પછીની પંક્તિઓમાં આપી છે —

> "ખોજ પિંડ બ્રહ્માંડકા, પત્તા તો લગ જાય,
> યેહિ બ્રહ્માંડિ વાસના, જબ જાવે તબ..."

પોતાના દેહમાં શાશ્વત દેવની ખોજ કર તો તેનો પત્તો લાગી જશે. અને એ ખોજ કરવાની ઝંખના ક્યારે જાગે તે બતાવતાં શ્રીમદ્ કહે છે કે "બ્રહ્માંડિ વાસના જબ જાવે તબ..."

---

૧૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૭૯૬.

અર્થાત્ પુદ્ગલાદિમાં માયા મમતા ઓછાં થાય ત્યારે તે ઝંખના જાગે. અહીં બીજી પંક્તિમાં ચાર માત્રાનો એક શબ્દ ખૂટે છે જે વિશે કોઈ પાઠાંતર કે અનુમાન મળતાં નથી.

આ ઝંખના હવે પોતાને જાગી છે તે તો શ્રીમદે શરૂઆતમાં જ જણાવ્યું હતું. પણ તે પૂર્વે જીવે શું કર્યું હતું તે ત્રીજા દોહરામાં બતાવતાં તેમણે લખ્યું છે કે —

"આપ આપકું ભૂલ ગયા, ઇનસેં ક્યા અંધેર?
સમર સમર અબ હસત હૈં, નહિ ભૂલેંગે ફેર."

આત્મા પોતે જ પોતાને અત્યાર સુધી ભૂલી ગયો હતો, તેના જેવું બીજું કયું અંધેર હોઈ શકે? પોતાનો આત્મા પ્રાપ્ત થતાં આ સાચી વસ્તુનો ખ્યાલ આવ્યો, અને તે ખ્યાલ આવતાં સ્વને બદલે પરને પોતાનો માનતા હતા તે હકીકતનું સ્મરણ થતાં, થયેલી ભૂલ માટે હસવું આવે છે. પણ હવે આત્મા પ્રાપ્ત થતાં આવી ભૂલ ફરીથી ન કરવાનો નિશ્ચય વર્તે છે. આ જ પ્રકારના ભાવ વ્યક્ત કરતો એક દોહરો "આત્મસિદ્ધિ"માં પણ મળે છે —

"આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ."૫૮

જગતમાં પ્રવર્તતાં બધાં દુઃખના કારણરૂપ "ઇચ્છા" જ છે તેવો નિશ્ચય શ્રીમદ્ આ પદમાં વ્યક્ત કરે છે. તેથી તો કલ્પના આદિ ઇચ્છાથી નિવર્તવાથી સુખ પ્રાપ્ત થાય છે તેમ જણાવે છે. "ઇચ્છા" કરવાની ભૂલ જીવ અનાદિકાળથી કરતો આવ્યો છે તેથી તે વિશે શ્રીમદ્ પોતાને ઉદ્દેશી લખે છે કે :—

"હે જીવ! ક્યા ઇચ્છત હવે? હૈ ઇચ્છા દુઃખ મૂલ,
જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ."

પછી તેઓ પોતે જ પોતાને પ્રશ્ન પૂછે છે કે :—

"ઐસી કહાઁસે મતિ ભઈ, આપ આપ હૈ નાહિં;
આપનકું જબ ભૂલ ગયે, અવર કહાઁસે લાઈ!"

અર્થાત્ તું પોતે જ "પોતે" નથી એવી મતિ તને ક્યાંથી થઈ? તું તારી જાતને— આત્માને—જ આત્મારૂપે ભૂલી ગયો તે તો ઠીક, પણ દેહ આદિ પરવસ્તુ તારા છે તેમ માનવાનું તું ક્યાંથી લઈ આવ્યો?

પોતાને થયેલા આ પ્રશ્નના સમાધાનરૂપે શ્રીમદ્ અંતિમ પંક્તિઓમાં જણાવે છે કે, "આપ"ની શોધ ચલાવવાથી અર્થાત્ અંતર્મુખ દૃષ્ટિ કરવાથી "આપ"—આત્મા પ્રાપ્ત થાય છે. અહીં છેલ્લી પંક્તિ અપૂર્ણ રહેલી છે.

૧૬ પંક્તિમાં રચાયેલું આ કાવ્ય શ્રીમદ્‌ને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું હતું તે હકીકતનું સમર્થન કરે છે. જો તેમને જ્ઞાન ન હોય તો તેઓ તે માર્ગની નિઃશંકતા કઈ રીતે બતાવી શકે? અને તે વિશેનો પોતાનો ઉલ્લાસ શા માટે ગાય? વળી, આ અંગત હાથનોંધમાં લખાયેલું હોવાથી તેના પર આપણે વિશેષ આધાર રાખી શકીએ.

અહીં સરળ ભાષામાં રચના હોવા છતાં, તેમની તત્ત્વની સમજ અછાની રહેતી નથી. કેટલીક પંક્તિઓ અપૂર્ણ મળે છે, છતાં આશય સમજવામાં મુશ્કેલી નડતી નથી. શ્રીમદ્‌નું આ "અંગત" કહી શકાય તેવું કાવ્ય છે.

**"હોત આસવા પરિસવા"**[૧૨]

હિંદી ભાષામાં તથા દોહરામાં રચાયેલા શ્રીમદ્‌ના આ કાવ્યમાં જ્ઞાનીની દશા, જૈનધર્મની ઉત્તમતા, તે ધર્મમાં બતાવેલ મુખ્ય તત્ત્વ આદિ વિશેની વિચારણા અપાયેલી છે. આમાં સાત દોહરામાં જુદા જુદા વિષય પરત્વેની વિચારણા અપાયેલી છે, અને તે પ્રત્યેક દોહરો સ્વતંત્ર રીતે આસ્વાદી શકાય તેવો છે. "બ્રહ્મચર્ય વિશે સુભાષિત"માં[૧૩] જેમ શ્રીમદ્‌ે બ્રહ્મચર્ય વિશે સ્વતંત્ર દોહરા રચ્યા છે તેમ અહીં જ્ઞાની વિશે, જૈન ધર્મ વિશે એમ જુદા જુદા વિષય વિશે સ્વતંત્ર દોહરાઓ રચાયા છે. પહેલો જ દોહરો છે કે —

"હોત આસવા પરિસવા, નહિ ઇનમેં સંદેહ;
માત્ર દૃષ્ટિકી ભૂલ હૈ, ભૂલ ગયે ગત એહિ."

સામાન્ય જનને રાગદ્વેષનાં પરિણામ પ્રવર્તતાં જ હોય છે, તેથી કર્મબંધ ચાલુ થયા કરતો હોય છે. અને એનું કારણ જીવ પોતાનું સાચું સ્વરૂપ સમજતો નથી તે છે, તેની દૃષ્ટિમાં ભૂલ છે. તે ભૂલ જાય, અર્થાત્ દૃષ્ટિ પલટાઈ જાય, બાહ્યભાવને બદલે આંતરભાવમાં દૃષ્ટિ જાય તો આશ્રવ પરિશ્રવરૂપ એટલે કે સંવરરૂપ થાય છે, તે વિશેની નિઃશંકતા શ્રીમદ્‌ે આ દોહરામાં વ્યક્ત કરી છે. દૃષ્ટિ પલટાતાં, સમભાવ આવે ત્યારે, નવાં કર્મો આવતાં અટકી જાય છે, અને જૂનાં કર્મોની નિર્જરા થાય છે. તેથી પહેલી પંક્તિમાં શ્રીમદ્ યોગ્ય જ કહે છે કે જ્ઞાનીને આશ્રવનાં દ્વાર સંવર અને નિર્જરારૂપ છે.

આ પછીના ત્રણ દોહરામાં જૈનધર્મની ઉત્તમતા તથા તેના મુખ્ય તત્ત્વની વિચારણા બતાવી છે. બીજા દોહરામાં જિનનો ઉપદેશ એ ત્રણે કાળમાં ઉત્તમ છે, તથા તે દર્શનમાં બધા જ મત સમાઈ જાય તેવું તે વિશાળ છે, એ બતાવ્યા પછી ત્રીજા દોહરામાં તેનું કારણ બતાવતાં તેઓ કહે છે કે —

"જિન સો હી હૈ આતમા, અન્ય હોઈ સો કર્મ,
કર્મ કટે સો જિન વચન, તત્ત્વજ્ઞાનીકો મર્મ."

---

૧૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૭૯૬.

૧૩. એજન, પૃ. ૮૨, "મોક્ષમાળા", પાઠ ૩૪.

અંતરંગ શત્રુઓને જીતનાર જિન તે આત્મા છે, અને આત્મા સિવાયનાં સર્વ કર્મ છે, જેનાથી તે કર્મનો નાશ થાય છે તે જિનનાં વચનો છે એમ તત્ત્વજ્ઞાનીઓએ રહસ્ય બતાવ્યું છે. આ દોહરામાં "જિન" સાંપ્રદાયિક અર્થમાં નહિ, પણ તેના સાચા અર્થમાં પ્રયોજાયેલ છે. અને આ જિનનાં વચનો આત્માને કર્મથી મુક્ત કરાવવામાં સૌથી બળવાન ઉપકારી સાધન છે, તે અહીં વિશદતાથી દર્શાવ્યું છે. અને આખા જૈનદર્શનના સારરૂપ ચોથો દોહરો રચ્યો છે કે:—

"જબ જાન્યો નિજરૂપકો, તબ જાન્યો સબ લોક;
નહિ જાન્યો નિજરૂપકો, સબ જાન્યો સો ફોક."

જેણે પોતાનું સ્વરૂપ જાણ્યું, તેણે સર્વ જાણ્યું; અને જેણે પોતાનું સ્વરૂપ જાણ્યું નહિ તેણે સર્વ જાણેલું નકામું છે, કારણ કે તેનાથી આત્મા કર્મમુક્ત થતો નથી. પોતાનું સ્વરૂપ જાણવું એટલે આત્માને જાણવો, અને જ્ઞાન થાય ત્યારે વધુમાં વધુ ૧૫ ભવે જીવની મુક્તિ થઈ જાય છે. તો તે જ્ઞાન વિના નવ પૂર્વનું જ્ઞાન પણ જીવને કર્મથી મુક્ત કરવા સમર્થ નથી. પોતાના સ્વરૂપને જાણવાનો આવો મહિમા હોવાથી તેનું ગૌરવ શ્રીમદ્દે આ દોહરામાં કર્યું છે. આમાં "આચારાંગ-સૂત્ર"ની નીચેની ગાથાનો અર્થ જોઈ શકાશે —

'जे एगं जाणई से सव्वं जाणई ।
जे सव्वं जाणई से एगं जाणई ॥" १४

જેણે આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું, અને જેણે સર્વ જાણ્યું તેણે આત્માને જાણ્યો એ "આચારાંગ સૂત્ર"ના વચનની છાયા ઉપરના દોહરામાં જોઈ શકાશે. હસ્તનોંધની મૂળ પ્રતમાં આ દોહરાની બીજી પંક્તિનું પહેલું ચરણ છે અને બીજું ચરણ નથી. તે ચરણ "હોત ન્યૂનસે ન્યૂનતા.." એ પ્રમાણે છે. પણ પાછળથી શ્રીમદ્દે કોઈ ભાઈને ઉપર આપ્યું છે તે પ્રમાણે ચરણ લખાવ્યું હતું. અને ત્યારથી તે ચરણ પ્રસિદ્ધિમાં આવ્યું છે.૧૫

પોતાનું સ્વરૂપ ન જાણવાનું કારણ જીવની દિશામૂઢતા અને જિન પ્રતિનો અભાવ છે. અનાદિકાળથી અવળે રસ્તે ચાલતો જીવ દિશામૂઢ થઈ ગયો હોવાથી તેને જિનપ્રભુમાં ઉલ્લાસ આવતો નથી. અને તે ભાવ વિના જીવની મુક્તિ નથી તે પાંચમા દોહરામાં જણાવી, છઠ્ઠા દોહરામાં શ્રીમદ્ કહે છે કે વ્યવહારનયથી જિન ભગવાન એ સત્દેવ છે, અને નિશ્ચયનયથી આત્મા પોતે જ સત્દેવ છે. જિનેશ્વરપ્રણીત ધર્મનો અચિંત્ય મહિમા આ વચનથી સમજવા યોગ્ય છે, તેમ શ્રીમદ્ જણાવે છે, જુઓ —

"વ્યવહારસેં દેવ જિન, નિહચેસેં હૈ આપ;
એહિ બચનસે સમજ લે, જિનપ્રવચનકી છાપ."

---

૧૪. "આચારાંગ-સૂત્ર", અધ્ય. ૧, ઉ. ૩, ગાથા ૪.
૧૫. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૪, પૃ. ૧૯૫.

અને અત્યાર સુધીમાં પોતે જે કંઈ જણાવ્યું છે તે કલ્પનારૂપ કે ભૂલભરેલું નથી તેમ નિશ્ચયપૂર્વક શ્રીમદ્ અંતમાં જણાવે છે. આમ અહીં આત્મા પામવાનો માર્ગ બતાવવાની સાથે શ્રીમદ્દે જીવની વર્તમાન સ્થિતિ પણ પ્રત્યક્ષ કરાવી છે. જૈનધર્મ પર, તેના તાત્ત્વિક અર્થમાં, શ્રીમદ્દને કેટલી શ્રદ્ધા હતી તેનો ખ્યાલ આપણને આ દોહરાઓમાં આવી શકે છે, તે તેની વિશેષતા છે. હાથનોંધમાં મળતા આ કાવ્યનો રચનાસમય નિર્ણીત કરી શકાતો નથી.

આ પ્રમાણે આપણને શ્રીમદ્દની ૪ હિંદી રચનાઓ પ્રાપ્ત થાય છે. જેમાં ત્રણ તત્ત્વવિચારણાને લગતી છે અને એક અંગત ઉલ્લાસને વ્યક્ત કરતી છે. ચારમાંથી ત્રણ રચનાઓ દોહરામાં છે અને "યમનિયમ" તોટકમાં છે. આ ચારે રચનાઓ શ્રીમદ્દનું હિંદી ભાષા પરનું પ્રભુત્વ દર્શાવે છે.

## અંગત સ્થિતિસૂચક રચનાઓ

શ્રીમદ્દે પોતાને થયેલા આધ્યાત્મિક અનુભવોને અનુલક્ષીને કેટલાંક કાવ્યો રચ્યાં છે. તેમને થયેલાં જાતિસ્મરણજ્ઞાન, સમ્યગ્જ્ઞાન. આદિનો નિર્દેશ કરતી ચાર રચનાઓ હાલમાં ઉપલબ્ધ છે. તેમાંની એક "મારગ સાચા મિલ ગયા" હિંદીમાં હોવાને લીધે તેને તે વિભાગમાં સ્થાન આપ્યું છે. આ ઉપરાંત "લઘુવયથી અદ્ભુત થયો તત્ત્વજ્ઞાનનો બોધ", "ધન્ય રે દિવસ આ અહો" તથા "આજ મને ઉછરંગ અનુપમ" એ ત્રણ રચનાઓ મળે છે.

**"લઘુવયથી અદ્ભુત થયો તત્ત્વજ્ઞાનનો બોધ"**[૧૬]

પોતાની અંગત વાતો જણાવતું, ૨૨મે વર્ષે લખાયેલું, શ્રીમદ્દનું આ લઘુ કાવ્ય છે. શરૂઆતમાં અધ્યાત્મનો સાચો રાહ બતાવતા એક દોહરા પછી બાકીના પાંચ દોહરામાં પોતાને થયેલા જાતિસ્મરણજ્ઞાનનો નિર્દેશ તથા પૂર્વજન્મ અને પુનર્જન્મની ખાતરી કરાવતાં વચનોનો નિર્દેશ છે. આમ માત્ર દસ જ પંક્તિમાં દોહરામાં રચાયેલું આ એમનું અંગત સ્થિતિસૂચક કાવ્ય છે.

આરંભમાં અધ્યાત્મનો સાચો રાહ બતાવતો સુંદર દોહરો આ પ્રમાણે છે —

> "સુખકી સહેલી હૈ, અકેલી ઉદાસીનતા;
> અધ્યાત્મની જનની તે ઉદાસીનતા."

પહેલા દોહરા પછીના દોહરાઓ પૂર્વજન્મ અને પુનર્જન્મની શ્રદ્ધા કરાવનારા છે. બાળવયમાં જ તત્ત્વજ્ઞાનનો બોધ થાય તે એ જ સૂચવે છે, જુઓ —

> "લઘુવયથી અદ્ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ;
> એ જ સૂચવે એમ કે ગતિ આગતિ કાં શોધ ?"

---

૧૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૯૫, આંક ૭૭.

બાળવયમાં જ પોતાને જ્ઞાનદશારૂપ અંતર્જાગૃતિ પ્રગટી હતી તે જ બતાવે છે કે ગતિ અર્થાત્ અન્ય ગતિમાં જવા રૂપ ગમન – પુનર્જન્મ અને આગતિ અર્થાત્ અન્ય ગતિમાંથી જન્મવારૂપ આગમન – પૂર્વજન્મ છે કે નહિ તેનો વિકલ્પ કરવાનો રહેતો નથી. પૂર્વજન્મના સંસ્કારથી જ આવી અપૂર્વ જાગૃતિ બાલ્યકાળમાં આવી શકે. અને જેને પૂર્વજન્મ છે તેને પુનર્જન્મ પણ હોય, તેથી સંસાર સંબંધી વિકલ્પને સ્થાન નથી.

આ આત્મલક્ષી પંક્તિઓમાં શ્રીમદ્દે પોતાનો અનુભવ જ વર્ણવ્યો છે. આમ આ સ્વલક્ષી કાવ્ય હોવાથી તેમની દૃષ્ટિએ પણ વિચારી શકાય. પૂર્વે કોઈ પ્રસંગે "પુનર્જન્મ નથી, પાપપુણ્ય નથી..." આદિ વિચારણા ઊઠી હોય અને તેના નિવારણરૂપે પણ આ પંક્તિઓ રચાઈ હોય. નાની વયમાં જ તત્ત્વજ્ઞાનનો બોધ થયો છે, તે જ સૂચવે છે કે ગતિ-આગતિ છે. પૂર્વના સંસ્કાર વિના આમ થવું બને નહિ. તેથી પૂર્વજન્મ અને પુનર્જન્મ વિશે પોતે પોતાને બોધ કર્યો હોય તેમ પણ બન્યું હોય.

આ પછીના ચાર દોહરામાં પોતાની માન્યતાને સમર્થન આપતી તાત્ત્વિક વિચારણા શ્રીમદ્દે રજૂ કરી છે, જુઓ —

"જે સંસ્કાર થવો ઘટે, અતિ અભ્યાસે કાંય;
વિના પરિશ્રમ તે થયો, ભવશંકા શી ત્યાંય?"

જે સંસ્કાર, જે જ્ઞાન ઘણા અભ્યાસને અંતે થાય તેવું હોય તે અલ્પ પ્રયાસે થઈ જાય તે પૂર્વના સંસ્કાર સૂચવે છે. પૂર્વે તેનો અભ્યાસ કરી રાખ્યો હોય તે સંસ્કાર પછીના ભવમાં ઉદયમાં આવે ત્યારે જીવ ત્યાંથી આગળ વધે છે. આમ ઘણા પરિશ્રમને અંતે થાય તેવું જ્ઞાન વિના પરિશ્રમે થાય તો તે પૂર્વનો પુરુષાર્થ સૂચવે છે. તેથી ભવ હોવાની શંકા કરવા જેવું ક્યાં રહે છે?

જેને મતિની અલ્પતા છે, મોહનું પ્રબળપણું છે, તેવા અપાત્ર જીવને અંતરમાં અજ્ઞાનની અધિકતા હોવાથી ભવ વિશે શંકા રહે છે, અને તેવા અજ્ઞાની જીવો આત્મા આદિ નથી તેવા નાસ્તિકતાના વિચારો કરે છે, પણ તે વિચાર કરનાર આત્મા છે એવું આત્માના અસ્તિપણાનું સૂચન તેમાંથી જ થાય છે. અને તેના અસ્તિપણાનો નિર્ધાર તે જ ખરો નિર્ધાર છે, તેવો નિશ્ચય શ્રીમદ્દે પછીના દોહરામાં વ્યક્ત કર્યો છે. અંતમાં તેઓ લખે છે કે :—

"આ ભવ વણ ભવ છે નહીં, એ જ તર્ક અનુકૂળ;
વિચારતાં પામી ગયા, આત્મધર્મનું મૂળ."

જો આ ભવ હોય તો તે પહેલાંનો ભવ પણ હોવો જ જોઈએ, એ તર્કથી વિચાર કરવામાં આવે તો આત્મધર્મનું મૂળ અર્થાત્ આત્મજ્ઞાન પામી જવાય. આમ આત્મજ્ઞાન મેળવવાનો માર્ગ પણ અહીં બતાવ્યો છે. અહીં પુનર્જન્મ અને પૂર્વજન્મ વિશે ભારપૂર્વક જણાવવાની સાથે મોક્ષમાર્ગ પણ બતાવ્યો છે. વળી તેમની અંગત ભૂમિકા જાણવા માટે તે અગત્યનું બની રહે છે.

"ધન્ય રે દિવસ આ અહો!"[૧૭]

શ્રીમદ્‌ની અંગત સ્થિતિને વિશેષ સ્પષ્ટતાથી સૂચવતું આ નાનું કાવ્ય તેમની હાથનોંધમાં મળે છે. એને તેમાં આપેલા પ્રસંગોના નિર્દેશ અનુસાર તે લગભગ વિ. સં. ૧૯૫૨ પછી લખાયું હોય તેવું અનુમાન થઈ શકે છે.

આઠ કડીના આ કાવ્યમાં તેમણે પોતાને થયેલા અનુભવોની સાલ જણાવી છે, અને તે શુભ અનુભવોથી પોતાને પ્રાપ્ત થયેલી ધન્યતા ગાઈ છે —

"ધન્ય રે દિવસ આ અહો, જાગી રે શાંતિ અપૂર્વ રે;"

પૂર્વે નહોતી મળી તેવી શાંતિ જે દિવસે મળી, તે દિવસને તેમણે ધન્ય કહ્યો છે. આવા ધન્ય દિવસ કયા, તે તેમણે પછીની કડીઓમાં જણાવ્યું છે —

"ઓગણીસસેં ને એકત્રીસે, આવ્યો અપૂર્વ અનુસાર રે;
ઓગણીસસેં ને બેતાલીસે, અદ્‌ભુત વૈરાગ્ય ધાર રે." ધન્ય૦

વિ. સં. ૧૯૩૧માં એટલે કે સાત વર્ષની વયે તેમને "અપૂર્વ અનુસાર" આવ્યો, તે સમયે પૂર્વે નહીં અનુભવેલ એવો કોઈ અનુભવ થયો. આપણે જાણીએ છીએ કે એ વયે તેમને જાતિસ્મરણજ્ઞાનની શરૂઆત થઈ હતી. કદાચ તે સંદર્ભમાં આ જણાવ્યું હોય તે બને. અને તે પછી વિ. સં. ૧૯૪૨ માં અદ્‌ભુત વૈરાગ્યની ધારા પ્રગટી. તેમને તે અરસામાં ઘણો વૈરાગ્ય પ્રવર્તતો હતો. "યોગવાસિષ્ઠ"ના "વૈરાગ્ય પ્રકરણ"માં શ્રી રામને પ્રગટેલા વૈરાગ્યનું વર્ણન છે, તે પ્રકારનો વૈરાગ્ય તેમને વર્તતો હતો. અને આ સમય દરમ્યાન "ભાવનાબોધ"ની રચના થઈ હોવાથી તેમાં તે વૈરાગ્યની છાપ આપણને જોવા મળે છે. પછી વિ. સં. ૧૯૪૭માં તેમને પ્રગટેલા શુદ્ધ સમકિત વિશે લખ્યું છે કે —

"ઓગણીસસેં ને સુડતાલીસે, સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;
શ્રુત અનુભવ વધતી દશા, નિજ સ્વરૂપ અવભાસ્યું રે." ધન્ય૦

શુદ્ધ અનુભવસ્વરૂપ સમકિત વિ. સં. ૧૯૪૭માં પ્રગટ્યા પછી શ્રુતજ્ઞાન અને અનુભવદશા નિરંતર વધતાં ચાલ્યાં, જેથી આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર વૃદ્ધિગત થતો ગયો. આ જ્ઞાન વિશે વિ. સં. ૧૯૪૭માં શ્રીમદ્ શ્રી સોભાગભાઈને લખે છે કે :—

"આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે, ગ્રંથિભેદ થયો તે ત્રણે કાળમાં સત્ય વાત છે."[૧૮]

આમ તેમણે વર્ણવેલા પ્રસંગો વિશેનો નિર્દેશ આપણને તેમના બીજા સાહિત્યમાંથી પણ મળે છે. વિ. સં. ૧૯૪૭ પછીની સ્થિતિ બતાવતાં લખ્યું છે કે :—

૧૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૮૦૧.
૧૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૪૯.

"ત્યાં આવ્યો રે ઉદય કારમો, પરિગ્રહ કાર્ય પ્રપંચ રે;
જેમ જેમ તે હડસેલીએ, તેમ વધે ન ઘટે રંચ રે." ધન્ય૦

જ્ઞાન થયું, તેનો આનંદ માણ્યો, અને ત્યાં જ કર્મનો પ્રબળ ઉદય આવ્યો, પરિણામે ઘણી ઘણી અનિચ્છા હોવા છતાં કેટલાંયે વેપાર, સંસાર આદિનાં અણગમતાં કાર્યો કરવાં પડ્યાં. અને જેમ જેમ તેનાથી છૂટવા મથતા હતા, તેમ તેમ તેઓ તેમાં વિશેષ ગૂંચવાતા જતા હતા. પોતાને વર્તતો પ્રબળ કર્મોદય જણાવતાં શ્રીમદ્‌નાં કેટલાંયે વચનો વિ. સં. ૧૯૪૭થી વિ. સં. ૧૯૫૨ સુધીમાં મળે છે તેમાંથી થોડાં વચનો જોઈએ —

"જોકે ઉપાધિસંયુક્ત કાળ ઘણો જાય છે. ઈશ્વરેચ્છા પ્રમાણે વર્તવું શ્રેયસ્કર છે, અને યોગ્ય છે. એટલે જેમ ચાલે છે તેમ ઉપાધિ હો તો ભલે, ન હો તોપણ ભલે, જે હોય તે સમાન જ છે."[૧૯] — ચૈત્ર વદ ૭, ૧૯૪૭.

"સાંસારિક ઉપાધિ અમને પણ ઓછી નથી, તથાપિ તેમાં સ્વપણું રહ્યું નહિ હોવાથી તેથી ગભરાટ ઉત્પન્ન થતો નથી. તે ઉપાધિના ઉદયકાળને લીધે હાલ તો સમાધિ ગૌણભાવે વર્તે છે; અને તે માટેનો શોચ રહ્યા કરે છે."[૨૦]

— માહા વદ, ૧૯૮૪.

"ઉપાધિનો જોગ વિશેષ રહે છે. જેમ જેમ નિવૃત્તિના જોગની વિશેષ ઇચ્છા થઈ આવે છે, તેમ તેમ ઉપાધિની પ્રાપ્તિનો જોગ વિશેષ દેખાય છે. ચારે બાજુથી ઉપાધિનો ભીડો છે."[૨૧] — ચૈત્ર સુદ ૬, ૧૯૪૯.

"ચિત્તમાં ઉપાધિના પ્રસંગ માટે વારંવાર ખેદ થાય છે જે, આવો ઉદય જો આ દેહમાં ઘણા વખત સુધી વર્ત્યા કરે તો સમાધિદશાએ જે લક્ષ છે તે લક્ષ એમ ને એમ અપ્રધાનપણે રાખવો પડે, અને જેમાં અપ્રમાદયોગ ઘટે છે, તેમાં પ્રમાદયોગ જેવું થાય."[૨૨] — જેઠ સુદ ૧૪, ૧૯૫૦.

"આ દેહનું આયુષ્ય પ્રત્યક્ષ ઉપાધિયોગે વ્યતીત થતું જાય છે, એ માટે અત્યંત શોક થાય છે અને તેનો અલ્પકાળમાં જો ઉપાય ન કર્યો તો અમ જેવા અવિચારી બહુ પણ થોડા સમજવા."[૨૩] — વૈશાખ સુદ ૧૫, ૧૯૫૧.

આમ લગભગ વિ. સં. ૧૯૫૨ સુધી શ્રીમદ્‌ને વર્તતો પ્રબળ ઉપાધિયોગ ઘણા પત્રોમાં વ્યક્ત થયો છે. વિ. સં. ૧૯૪૮થી વિ. સં. ૧૯૫૧ સુધીનો ગાળો તેમને માટે ઘણો ખરાબ ગયો હતો. તે અરસામાં કોઈ પદ્યકૃતિની રચના થયેલી જોવા મળતી નથી. તે બધા સંજોગો લક્ષમાં લઈને તેને "કારમા ઉદય" તરીકે શ્રીમદ્‌ે અહીં ગણાવેલ છે. આ કાવ્ય લખાયું તે વખતે તે ઉદય નબળો પડવા માંડ્યો હતો, તેનો નિર્દેશ પાંચમી કડીમાં મળે છે —

---

૧૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૮૨.
૨૦. એજન, પૃ. ૩૧૭. ૨૧. એજન, પૃ. ૩૬૯.
૨૨. એજન, પૃ. ૪૦૯. ૨૩. એજન, પૃ. ૪૬૨.

"વધતું એમ જ ચાલિયું, હવે દીસે ક્ષીણ કાંઈ રે;
ક્રમે કરીને રે તે જશે, એમ ભાસે મનમાંહિ રે."

વિ. સં. ૧૯૫૨ આસપાસ તેમનો કર્મોદય નરમ પડવા લાગ્યો હતો, તે આપણે તેમના તે સમયના પત્રો પરથી જાણી શકીએ છીએ. વિ. સં. ૧૯૫૨ના આસો માસમાં આપણને "આત્મસિદ્ધિ" જેવી કૃતિ પણ મળે છે, જે શુભ કર્મનો ઉદય સૂચવે છે. આમ આ પરથી આપણે અનુમાન કરી શકીએ કે વિ. સં. ૧૯૫૨ પછી આ પદની રચના થઈ હશે.[૨૪] પહેલી ૫ કડીમાં વપરાયેલો ભૂતકાળ અને પાછળની ત્રણ કડીમાં વપરાયેલો ભવિષ્યકાળ પણ એનું જ સૂચન કરે છે.

આ સમય દરમ્યાન તેમના આત્માની શુદ્ધિ એટલી બધી વધી ગઈ હતી કે પોતાનું ભાવિ શું છે તે પણ તેઓ જાણી શકયા હતા, અને તે વિશે તેમણે છેલ્લી બે કડીમાં લખ્યું છે કે :—

"આવી અપૂર્વ વૃત્તિ અહો, થશે અપ્રમત્ત યોગ રે;
કેવળ લગભગ ભૂમિકા, સ્પર્શીને દેહ વિયોગ રે.
અવશ્ય કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે."

પોતાના વર્તમાન દેહના અંતસમયે અપૂર્વ ભાવો વર્તતા હશે, અને તે વખતે "કેવળ લગભગ ભૂમિકા" અર્થાત્ શ્રેણી માંડવાની તૈયારી સુધી આત્મા પહોંચી ગયો હશે, એટલે કે ઉચ્ચ સાતમા ગુણસ્થાન સુધી તે પહોંચી જશે. જે કર્મો ભોગવવાનાં બાકી રહ્યાં છે તે સર્વ ભોગવવા માટે એક દેહ ધારણ કર્યા પછી "સ્વરૂપ સ્વદેશ" – મોક્ષમાં જઈશ. આ ભવ પછી એક જ દેહ હોવાની તેમને ખાતરી છે; તે પછી તો જીવનમુક્ત દશા પામવાની છે. દેહ-વિયોગ પહેલાંની તેમની સ્થિતિ અહીં વર્ણવી છે તેવી જ હતી.[૨૫] તેથી આપણે અનુમાન કરી શકીએ કે જો અહીંની સ્થિતિ માટે જણાવેલો ભવિષ્યકાળ સત્ય હોય, તો તે પછીનો પણ સત્ય હોઈ શકે.

આમ આ પદ્ય શ્રીમદ્‌ના આંતરિક પ્રસંગો વિશે ઘણો સારો પ્રકાશ પાડે છે. આમાં તત્ત્વવિચારણા કે કાવ્યત્વ ઝાઝું નથી, પણ તેમનો આત્મિક વિકાસ જાણવા માટે આ કાવ્ય ઘણું જ અગત્યનું કહી શકાય.

---

૨૪. આ અનુમાનને શ્રીમદ્‌ના ભાઈ મનસુખભાઈના વચનથી પણ સમર્થન મળે છે. તેમણે વિ. સં. ૧૯૬૪માં પ્રગટ કરેલી "આત્મસિદ્ધિ"ની પ્રસ્તાવનામાં એ વિશે લખ્યું છે કે, "એ કાવ્ય કર્તાપુરુષે પોતાના દેહોત્સર્ગ પહેલાં ચાર વર્ષ અગાઉ (સં. ૧૯૫૩માં) લખ્યું હતું." – પ્ર. પૃ. ૪૭.

૨૫. જુઓ પ્રકરણ ૧૨.

**"આજ મને ઉછરંગ અનુપમ"[26]**

આત્મકલ્યાણ પ્રાપ્ત કરવા માટેનો કોઈ માર્ગ સ્પષ્ટ થતાં, તેનાથી ઉદ્‌ભવતા આનંદનું આલેખન શ્રીમદ્દે વિ. સં. ૧૯૪૬ના વૈશાખ વદમાં પોતાની રોજનીશીમાં નીચેની બે પંક્તિઓમાં કર્યું છે :—

"આજ મને ઉછરંગ અનુપમ, જન્મકૃતાર્થ જોગ જણાયો;
વાસ્તવ્ય વસ્તુ વિવેક-વિવેચક, તે ક્રમ સ્પષ્ટ સુમાર્ગ જણાયો."

શ્રીમદ્‌ની અંગત સ્થિતિનું સૂચન કરતી આ બે પંક્તિઓ તેમને મોક્ષમાર્ગમાં નિઃશંકતા થઈ હતી તે બતાવે છે. આપણે જાણીએ છીએ કે છ મહિને, વિ. સં. ૧૯૪૭ની કાર્તકી પૂનમ પહેલાં, શ્રીમદ્‌ને શુદ્ધ સમકિત પ્રકાશ્યું હતું. આ બે પંક્તિઓ તેની ભૂમિકા બતાવે છે.

વાસ્તવ્ય વસ્તુ એટલે વાસ્તવિક પદાર્થ, એટલે કે આત્મા. તેના ઉત્પત્તિ, બંધન, છૂટવાપણું વગેરે વિશે વિવેકપૂર્વક એટલે કે સ્વપરના ભેદજ્ઞાન સાથે વિચારે તે વિવેક-વિવેચક કહેવાય. આત્માનો સાચો વિચાર કરનાર તો ગુરુ હોય છે, તેથી તેમણે બતાવેલા માર્ગે ચાલવું તે જ નિશ્ચયપણે સાચો અને સારો માર્ગ છે. આમ અહીં ગુરુની શ્રેષ્ઠતા બતાવી છે. અને પોતાને ગુરુની શ્રેષ્ઠતાની શ્રદ્ધા થઈ તે જન્મકૃતાર્થ થઈ જાય તેવો યોગ જણાવાથી ન વર્ણવી શકાય તેવો તેમને આનંદ થયો છે તેનું આલેખન, માત્ર એક પંક્તિમાં આત્મા માટે કલ્યાણનો માર્ગ સઘન રીતે બતાવીને, કર્યું છે.

આમ આપણને શ્રીમદ્‌નો આત્મવિકાસ જાણવામાં ઉપયોગી થાય તેવી, તેમને થયેલા જ્ઞાનનો નિર્દેશ કરતી, ત્રણ પદ્યરચનાઓ મળે છે.

## મોક્ષમાર્ગનું નિરૂપણ કરતી રચનાઓ

શ્રીમદ્‌ને આત્મજ્ઞાન થયા પછી, મોક્ષમાર્ગ વિશે નિઃશંકતા થઈ હતી. પોતાને સ્પષ્ટ જણાયેલો માર્ગ બીજા પણ જાણે, અને પોતાના આત્માનું કલ્યાણ કરે તેવો કરુણાભાવ જ્ઞાનીઓનું સ્વાભાવિક લક્ષણ છે. તે વખતે મોક્ષમાર્ગનું નિરૂપણ કરતી કેટલીક રચનાઓ તેમનાથી થઈ હતી. તેમાં "આત્મસિદ્ધિ", "મૂળમાર્ગ-રહસ્ય" અને "પંથ પરમપદ બોધ્યો" એ મુખ્ય છે. આ ઉપરાંત "દૃષ્ટિભેદથી ભિન્ન ભિન્ન મતદર્શન" અને "લોકસ્વરૂપરહસ્ય"માં બીજા વિષય સાથે મોક્ષમાર્ગનું નિરૂપણ થયેલું છે. એક જ પંક્તિમાં મોક્ષમાર્ગ બતાવતી રચના પણ છે. આ બધામાં "આત્મસિદ્ધિ" વિશે આપણે સ્વતંત્ર પ્રકરણમાં જોયું.

**"મૂળમાર્ગ-રહસ્ય"[27]**

વિ. સં. ૧૯૫૨ના આસો સુદ એકમે, એટલે કે "આત્મસિદ્ધિ" રચાયા પહેલાં ૧૫ દિવસે, આણંદમાં "મૂળમાર્ગરહસ્ય" એ કાવ્યની શ્રીમદ્દે રચના કરી હતી. તેમાં મોક્ષમાર્ગનું રહસ્ય "सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः" એ સૂત્રાનુસાર શ્રીમદ્દે બતાવ્યું છે.

---

૨૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ પૃ. ૨૩૩.

૨૭. એજન, આંક ૭૧૫, પૃ. ૫૨૩,

બાવીસ પંક્તિનું આ કાવ્ય " આત્મસિદ્ધિ " ની ભૂમિકારૂપ ગણી શકાય. આ કાવ્યમાં દર્શાવેલો મોક્ષમાર્ગ " આત્મસિદ્ધિમાં" વિસ્તૃત રીતે દર્શાવેલો છે; અને તે એના રચના સમય વચ્ચેનો ઘણો ઓછો ગાળો પણ સૂચક ગણી શકાય.

આ કાવ્યના આરંભમાં શ્રીમદે જિનેશ્વરપ્રણીત મૂળમાર્ગ-મોક્ષમાર્ગ એકચિત્તે સાંભળવાની પ્રેરણા કરી છે. અને સાથે સાથે બાહ્ય વૈભવનો મોહ, કે જન્મમરણના ફેરાનું વહાલ અંતરમાં ન હોવું જોઈએ, તે મૂળમાર્ગ જાણવાના સાધનરૂપે છે, તે તેમણે બીજી પંક્તિમાં સ્પષ્ટ કર્યું છે. આ રચનાનો હેતુ ચોથી પંક્તિમાં જણાવતાં લખ્યું છે કે, "માત્ર કહેવું પરમારથ હેતુથી રે, કોઈ પામે મુમુક્ષુ વાત." આમ આ માર્ગ બતાવવાનો હેતુ પારમાર્થિક, નિષ્કારણ કરુણા-શીલતાનો છે. કોઈ લૌકિક હેતુ કે કંઈ પ્રાપ્તિની તેમાં વાંછા રહેલી નથી. તેનું સત્યત્વ બતાવવા તેઓ જિનસિદ્ધાંત સાથે આ વચનોને સરખાવી જોવાની ભલામણ ત્રીજી પંક્તિમાં કરે છે. આમ જિનેશ્વરપ્રણીત મોક્ષમાર્ગ દર્શાવવા માટે શ્રીમદ્ ચાર પંક્તિમાં યોગ્ય ભૂમિકા બાંધી, મોક્ષમાર્ગનું નિરૂપણ શરૂ કરે છે. सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः એ જૈન સિદ્ધાંત અનુસાર તેઓ પાંચમી પંક્તિમાં લખે છે,

" જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા રે, એકપણે અને અવિરુદ્ધ. "

જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ આત્માનો સ્વભાવ છે. તે ત્રણે એકબીજાનાં સમાન બની, એક આત્મસ્વભાવરૂપ બની અભેદપણે આત્મારૂપે પરિણમે તો આત્મા કર્મમુક્ત થઈ, મોક્ષને પામે. જ્ઞાનીઓએ સિદ્ધાંતશાસ્ત્રોમાં પરમાર્થ હેતુથી આ જ માર્ગ જણાવ્યો છે, એમ છઠ્ઠી પંક્તિમાં કર્તાએ સ્પષ્ટ કર્યું છે.

જ્ઞાન, દર્શન અને ચારિત્રની શુદ્ધતાથી મળતા મોક્ષમાર્ગમાં બાહ્યદૃષ્ટિથી કેટલીક વખત ભેદ-ભિન્નતા દેખાય છે. મુનિઓનાં આચાર, મહાવ્રત, વેશ આદિમાં દેખાતો ભેદ તે સર્વ દેશ, કાળ આદિની પરિસ્થિતિ અનુસાર છે.

" પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે, તે તો ત્રણે કાળે અભેદ."

સમ્યક્દર્શન જ્ઞાન અને ચારિત્રની શુદ્ધતાથી મળતું મોક્ષસ્વરૂપ તે તો ભૂત, વર્તમાન અને ભાવિ, એ ત્રણે કાળમાં એકરૂપે જ છે. તેમાં કોઈ કાળે ભિન્નતા આવી નથી. અને આવશે નહિ, એવું સર્વ જ્ઞાનીઓનું વચન છે.[૨૮]

આમ સાચા જિનમાર્ગની ઓળખ આપી તેઓ જ્ઞાન, દર્શન અને ચારિત્રનો વિશેષાર્થ સમજાવે છે, જે ઊંડાણથી વિચારતાં ઉત્તમ આત્માર્થ સમજાશે. તેમ તેઓ દસમી પંક્તિમાં જણાવે છે.

જ્ઞાન એટલે શું તે જણાવતાં તેમણે લખ્યું છે —

૨૮. આત્મસિદ્ધિશાસ્ત્રમાં પણ, આપણે જોઈ ગયા તેમ, તેમણે આ જ વસ્તુ ૩૬મા દોહરામાં ભારપૂર્વક જણાવી છે.

"છે દેહાદિથી ભિન્ન આત્મા રે, ઉપયોગી સદા અવિનાશ,
એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ."

આ પંક્તિઓ સમજાવતાં શ્રી રાવજીભાઈ દેસાઈ લખે છે કે :—

"દેહાદિથી ભિન્ન, સદાય ઉપયોગ લક્ષવાળો, ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો આત્મા પોતે છે એમ જ્ઞાની ગુરુના ઉપદેશથી જાણે તેને ખાસ — યથાર્થ જ્ઞાન કહ્યું છે.૨૯"

આ બે પંક્તિઓમાં જણાવેલા આત્માના ગુણોને ગુરુના ઉપદેશથી જાણીને શ્રદ્ધે તો તેને સમ્યગ્જ્ઞાન થાય, તેમ શ્રીમદ્‌ જણાવે છે. આ આત્માનું સૌથી પહેલું લક્ષણ દેહાદિ પુદ્‌ગલથી આત્માની ભિન્નતા છે. શરીરમાં રહેલો હોવા છતાં આત્મા ઇન્દ્રિય, મન આદિથી પર છે, અને પોતે સર્વનો જ્ઞાતાદ્રષ્ટા છે, એટલે કે તે બધાને જાણનારો એવો ઉપયોગ લક્ષણવાળો આત્મા છે. વળી દેહાદિ નાશવંત છે. આત્મા શાશ્વત છે તે ત્રણે કાળમાં આત્મારૂપે ટકી રહે છે. તેનો જ્ઞાતાદ્રષ્ટા રહેવાનો સ્વભાવ – ઉપયોગ લક્ષણ – હંમેશ તેની સાથે જ રહે છે. આત્માનાં આવાં વિશિષ્ટ લક્ષણો, જેણે આત્મા અનુભવ્યો છે તેવા સદ્‌ગુરુ પાસેથી જાણ્યાં, તે સાચું "જ્ઞાન" છે. આ આત્મજ્ઞાન વિનાનું સર્વ જ્ઞાન નકામું – અયથાર્થ છે. આમ આત્માના યથાર્થ સ્વરૂપના જ્ઞાનને સાચું "જ્ઞાન" જણાવવાની સાથે સદ્‌ગુરુનું મહત્ત્વ પણ બતાવ્યું છે. જ્ઞાન પછી "દર્શન" નો પરમાર્થ તેઓ સમજાવે છે કે :—

"જે જ્ઞાને કરીને જાણીયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત;
કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકિત."

આત્માનાં વિવિધ લક્ષણોનું જ્ઞાન ગુરુ પાસે મેળવ્યું હોય; તે વિશે સાચી શ્રદ્ધા હોય, એટલે કે ગુરુએ જણાવ્યું છે તે યથાર્થ છે, તે વિશે સાનુભવ, અચલ શ્રદ્ધા આવે તેને જિનેશ્વર ભગવાને "સમ્યગ્દર્શન" – "સમકિત" કહ્યું છે. આમ ખૂબ સંક્ષેપમાં શ્રીમદે "સમકિત" એટલે શું, તે વિશદતાથી અહીં સમજાવ્યું છે. તે પછી જેની સૌથી વિશેષ અગત્ય છે તે "સમ્યક્‌ચારિત્ર" વિશે શ્રીમદ્‌ લખે છે કે :—

"જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ;
તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ."

આત્મા સર્વથી ભિન્ન અને અસંગ છે તેની પ્રતીતિ જ્ઞાન અને દર્શનથી આવી, અને જ્યારે તે ગુણો આત્મામાં પ્રગટવા લાગે છે ત્યારે આત્માનો "ચારિત્ર" ગુણ પ્રગટે છે. જ્ઞાન, દર્શનની પ્રાપ્તિ થતાં, તેના પ્રભાવથી આત્મા બાહ્યભાવમાં રહેતો અટકી પોતાના સ્વભાવમાં રહેવા લાગે છે. પોતાના સ્વભાવમાં રહેવું તે જ "સમ્યક્‌ચારિત્ર." આ ચારિત્રને લિંગ નથી, તે ભાવચારિત્ર છે. "ભાવલિંગ" હોવાથી તે "અણલિંગ" કહેવાય છે.

---

૨૯. "શ્રીમદ્‌ રાજચંદ્ર કાવ્ય-અમૃત-ઝરણાં", પૃ. ૧૨૫.

આત્માના જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણે ગુણ આત્માથી જુદા નથી. નિશ્ચયનયથી તે ત્રણે આત્મારૂપ છે. આ ત્રણે અભેદપણે – એકરૂપ થઈને વર્તે ત્યારે આત્મસ્વરૂપ પ્રગટે છે. અને એ જ જિનપ્રભુએ પ્રરૂપેલો મોક્ષમાર્ગ છે.

આમ ફક્ત આઠ જ પંક્તિમાં શ્રીમદ્ મોક્ષમાર્ગનું સ્વરૂપ દર્શાવે છે. તે પછીથી બે પંક્તિમાં મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા માટે કયા અધિકારની જરૂર છે તે તથા આ માર્ગ પામવાનો હેતુ તેમણે વર્ણવ્યાં છે કે :—

"એવાં મૂળ જ્ઞાનાદિ પામવા રે, અને જવા અનાદિ બંધ;
ઉપદેશ સદ્‌ગુરુનો પામવા રે, ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ."

આગળ વર્ણવેલાં જ્ઞાન, દર્શન તથા ચારિત્ર પામવા તથા તે દ્વારા અનાદિ કાળથી ચાલ્યા આવતા બંધનને તોડવા માટે મૂળમાર્ગ બતાવ્યો છે. આ કર્મબંધ ટાળવામાં સદ્‌ગુરુનો ઉપદેશ મુખ્ય સાધન છે. તે ઉપદેશ તો જ પરિણમે, જો જીવ પોતાનો સ્વચ્છંદ (–પોતે સમજે તે જ સાચું એવો મતાગ્રહ –) અને પ્રતિબંધ (– લોકસંબંધી, કુટુંબ, દેહાભિમાનરૂપ, સંકલ્પવિકલ્પરૂપ બંધન એ ચાર મોટા પ્રતિબંધ કહ્યા છે.) ત્યાગીને સદ્‌ગુરુના શરણમાં સર્વસમર્પણ-ભાવે જાય. આમ અહીં પણ શ્રીમદે ગુરુમાહાત્મ્ય બતાવ્યું છે, અને સદ્‌ગુરુને મોક્ષપ્રાપ્તિ માટે અનિવાર્ય તત્ત્વ ગણાવ્યું છે.

અંતિમ બે પંક્તિઓમાં શ્રીમદ્ સ્પષ્ટ કરે છે કે આ કાવ્યમાં દર્શાવેલો મોક્ષમાર્ગ જિનપ્રભુએ વર્ણવ્યો છે તેમ જ કહ્યો છે, અને તેનો હેતુ છે —

"ભવ્ય જનોના હિતને કારણે રે, સંક્ષેપે કહ્યું સ્વરૂપ."

આમ એક નાના કાવ્યમાં શ્રીમદે મોક્ષમાર્ગનું રહસ્ય ખુલ્લું કરવા સાથે તત્ત્વજ્ઞાનનો ઘણો સંભાર આપ્યો છે. તે વિશે શ્રી ઉમેદચંદ બરોડિયા લખે છે કે, "તત્ત્વદ્રષ્ટા શ્રીમદ્‌જીની અપૂર્વ કૃતિની અદ્‌ભુત શૈલીથી જીવનના મૂળ તરફ જ લક્ષ થાય છે, વૈજ્ઞાનિક દૃષ્ટિ મળે છે, અને સર્વધર્મ-દર્શન સામેનો વિરોધ શાંત થાય છે."[30]

**"પંથ પરમપદ બોધ્યો"[31]**

"મૂળમાર્ગ-રહસ્ય"ની જેમ આ કાવ્યમાં પણ મોક્ષમાર્ગનું સ્વરૂપ નિરૂપાયું છે. ૧૬ પંક્તિના આ કાવ્યમાં ગીતિ છંદ વપરાયો છે.

વિ. સં. ૧૯૫૩ના કારતક માસમાં વવાણિયા ક્ષેત્રે રચાયેલું આ કાવ્ય સંપૂર્ણ મળતું નથી. "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં તે વિશે આ પ્રમાણે નોંધ જોવા મળે છે —

---

૩૦. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૩૫.
૩૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ પૃ. ૫૬૦, આંક ૭૨૪.

"શ્રીમદ્‌ના દેહોત્સર્ગ પછી તેઓનાં વચનોનો સંગ્રહ કરવામાં આવ્યો ત્યારે આ વિષયની ૩૬ કે ૫૦ ગીતિ હતી, પણ પાછળથી સંભાળપૂર્વક નહીં રહ્યાથી બાકીની ગુમ થઈ છે."[૩૨]

હાલમાં માત્ર ૮ ગીતિ ઉપલબ્ધ થાય છે.

આ કાવ્યમાં सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः" એ સૂત્ર અનુસાર, સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનાં કેટલાંક લક્ષણો બતાવી, તે ત્રણે અભેદ પરિણામથી વર્તે ત્યારે મોક્ષમાર્ગ મળે છે, તેનું નિરૂપણ થયેલું છે. આમ તત્ત્વની દૃષ્ટિએ જોઈએ તો, "મૂળમાર્ગ-રહસ્ય" કરતાં આમાં ખાસ કંઈ વિશેષ મળતું નથી. પણ અપૂર્ણ અવસ્થામાં મળતા આ કાવ્ય વિશે આપણે ઊંડાણથી અભિપ્રાય આપી શકીએ નહિ. આઠ ગીતિમાં વિશેષ ન મળે તે બને, પણ બાકીની ૨૮ કે ૪૬ ગીતિમાં તો નવ તત્ત્વનું નિરૂપણ હશે એમ આપણે અનુમાન કરી શકીએ. આરંભમાં જ શ્રીમદ્ લખે છે કે :—

"પંથ પરમપદ બોધ્યો, જેહ પ્રમાણે પરમ વીતરાગે;
તે અનુસરી કહીશું, પ્રણમીને તે પ્રભુ ભક્તિ રાગે."

વીતરાગ પ્રભુએ જે પ્રમાણે મોક્ષમાર્ગ દર્શાવ્યો છે, તે જ પ્રમાણે તે દર્શાવવાની શ્રીમદ્‌ની અભિલાષા અહીં જોઈ શકાય છે. આરંભમાં વીતરાગ પ્રભુને વંદન કર્યા પછી, શ્રીમદ્દે સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રની એકતાથી મોક્ષમાર્ગ પમાય છે તે જણાવ્યું છે. અને એક એક ગીતિમાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રનાં લક્ષણ બતાવ્યાં છે. તે ત્રણે અભેદરૂપે વર્તે ત્યારે મોક્ષ પમાય તે જણાવતાં તેઓ લખે છે કે :—

"ત્રણે અભિન્ન સ્વભાવે, પરિણમી આત્મસ્વરૂપ જ્યાં થાય;
પૂર્ણ પરમપદ પ્રાપ્તિ, નિશ્ચયથી ત્યાં અનન્ય સુખદાય."

આ જ વસ્તુ શ્રીમદ્દે "મૂળમાર્ગ-રહસ્ય"માં આ પ્રમાણે બતાવી છે :—

"તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ;
તેહ મારગ જિનનો પામીઓ રે, કિંવા પામ્યો તે નિજસ્વરૂપ."

આમ અહીં સુધી "મૂળમાર્ગ-રહસ્ય" પ્રમાણે જ મોક્ષમાર્ગનું સ્વરૂપ વર્ણવ્યા પછી શ્રીમદ્ નવ તત્ત્વની વિચારણા ઉપર આવે છે. તેમાં નવે તત્ત્વનાં નામોનો ઉલ્લેખ કર્યો છે, અને જીવ તથા અજીવ એ બે તત્ત્વમાં નવે તત્ત્વોનો સમાવેશ થાય છે, તેમ કહ્યું છે, ત્યાં આઠમી ગીતિ પૂર્ણ થાય છે. અને એ બે તત્ત્વમાં નવ તત્ત્વ કઈ રીતે સમાય છે તે વિશેનું નિરૂપણ લુપ્ત થયેલું છે, તેથી આ કાવ્યની વિશેષતા અનુભવી શકાતી નથી.

ભાષાની રીતે જોઈએ તો આ કાવ્યની રચના "મૂળમાર્ગ" જેટલી સરળ નથી, તેમ છતાં સામાન્ય રીતે સમજી શકાય તેવી તો છે જ. આ કાવ્ય "મૂળમાર્ગરહસ્ય" જેટલું

૩૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ પૃ. ૫૬૦, આંક ૭૨૪.

લોકપ્રિય નથી, તેમ થવામાં આ કાવ્યની કઠિન ભાષા તથા પહેલામાં આપેલા તત્ત્વની પુનરુક્તિ અને આ કાવ્યની અપૂર્ણતા કારણભૂત હોય તેમ લાગે છે.

**"આતમ ભાવના..."**[૩૩]

કેવળજ્ઞાન-પ્રાપ્તિનો ઉપાય સૂચવતી એક કાવ્યમય પંક્તિ શ્રીમદ્દે વિ. સં. ૧૯૪૯ના આસો વદમાં શ્રી સોભાગભાઈને લખી હતી. આ પંક્તિ છે —

"આતમ ભાવના ભાવતાં, જીવ લહે કેવળજ્ઞાન રે."

પોતાના આત્મામાં જ રહેતો, આત્માની ભાવના જ ભાવ્યા કરતો જીવ પોતાના સ્વરૂપની શુદ્ધતા મેળવતો મેળવતો અંતમાં કેવળજ્ઞાન મેળવે છે. પોતાના સ્વરૂપમાં જ રહેવું તે મોક્ષ મેળવવાનો ઉત્તમ ઉપાય છે તેમ અહીં જણાવ્યું છે. આ પંક્તિનું વારંવાર રટણ કરવાથી ઘણો લાભ થાય અને તેમાં મંત્ર જેવી શક્તિ છે એમ શ્રી લલ્લુજી મહારાજ ઘણી વખત કહેતા હતા.

**"દૃષ્ટિભેદ ભિન્ન ભિન્ન મતદર્શન"**[૩૪]

બાવીસ વર્ષની વયે લખેલા બાર પંક્તિના આ કાવ્યમાં શ્રીમદ્દે જગતમાં પ્રવર્તતા જુદા જુદા મતભેદો દૃષ્ટિભેદને લીધે થયા છે તે બતાવ્યું છે. દોહરામાં રચાયેલું કાવ્ય બાર પંક્તિ પછીથી અપૂર્ણ રહેલ છે.

આ કાવ્યમાં ભિન્ન ભિન્ન મતો જણાવી, આત્મકલ્યાણ કરવા શું કરવું જોઈએ તે જણાવતો મૂળમાર્ગ પણ બતાવ્યો છે. તેમાં શ્રીમદ્દે લખ્યું છે કે :—

"પ્રથમ આત્મસિદ્ધિ થવા, કરીએ જ્ઞાન વિચાર;
અનુભવી ગુરુને સેવીએ, બુધજનનો નિર્ધાર."

આમ મૂળમાર્ગ પામવા માટે અનુભવી ગુરુનો બોધ આવશ્યક ગણાવ્યો છે. તે ગુરુનાં લક્ષણ બતાવતાં શ્રીમદ્ લખે છે કે :—

"ક્ષણ ક્ષણ જે અસ્થિરતા, અને વિભાવિક મોહ;
તે જેનામાંથી ગયા, તે અનુભવી ગુરુ જોય."

જેને મોહનો નાશ થયો હોય અને આત્મસ્થિરતા આવી હોય તેને તેમણે અનુભવી ગુરુનાં લક્ષણ ગણાવ્યાં છે. આ ઉપરાંત મિથ્યાત્વની ગ્રંથિ છૂટી ગઈ હોય, પરિગ્રહાદિથી રહિત હોય તેવાં લક્ષણો પણ અહીં બતાવ્યાં છે. સદ્ગુરુનાં આવાં લક્ષણો "આત્મસિદ્ધિ"ના દસમા દોહરામાં પણ બતાવ્યાં છે. જુઓ —

૩૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ પૃ. ૩૮૭, આંક ૪૭૪.
૩૪. એજન પૃ. ૧૯૬, આંક ૭૯.

"આત્મજ્ઞાન, સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વ વાણી, પરમશ્રુત, સદ્દગુરુ લક્ષણ યોગ્ય."

આ રચનામાં જગતના મતભેદોની વિચારણાથી શરૂ કરી, શ્રીમદ્ આત્મશ્રેય અને મોક્ષમાર્ગની વાત પર આવે છે. તેમાં મોક્ષમાર્ગનાં અનિવાર્ય તત્ત્વ સદ્દગુરુનાં લક્ષણો આપવાં શરૂ કર્યાં છે, પણ ત્યાંથી આ કાવ્ય અપૂર્ણ રહેલ છે. તેમ છતાં આ કાવ્યની મળતી અગિયાર પંક્તિઓ પરથી શ્રીમદે કરવા ધારેલી તર્કબદ્ધ ગૂંથણીનો આપણને ખ્યાલ આવે છે.

**"લોકસ્વરૂપ રહસ્ય"**[૩૫]

લોકનું સ્વરૂપ સમજાવતું "લોકસ્વરૂપ રહસ્ય" નામનું કાવ્ય જુદા જુદા પાંચ વિભાગમાં શ્રીમદે ૨૩ મે વર્ષે રચ્યું છે. સવૈયામાં રચાયેલા આ કાવ્યમાં સૃષ્ટિ કયા પ્રકારે છે, જીવ શા કારણથી સુખી કે દુઃખી થાય છે, એ તત્ત્વવિચારણાના પ્રશ્નો રજૂ કરી, તેનું સમાધાન પણ આપ્યું છે.

પહેલો વિભાગ ચાર પંક્તિનો, બીજો બે પંક્તિનો, ત્રીજો ચાર પંક્તિનો, ચોથો બાર અને પાંચમો ચાર પંક્તિનો એમ કુલ ૨૬ પંક્તિનું આ કાવ્ય છે.

બે પગ પહોળા કરીને કમરે હાથ રાખીને ઊભેલા પુરુષ જેવો આ લોક લાગે છે, એમ પુરુષાકાર લોકનું વર્ણન શાસ્ત્રમાં આવે છે. આ ઉપમા શા માટે આપી છે, તેનું સાચું રહસ્ય શું છે તે વિશે શ્રીમદે પહેલા ભાગમાં પ્રશ્ન કર્યો છે અને પછી બે પંક્તિમાં જ્ઞાન, દર્શન તથા શરીરની દૃષ્ટિએ એમ જ છે એવું સમાધાન પણ કર્યું છે. શરીરની આકૃતિ જેવો આ લોક હોવાથી શરીર જેવો કહ્યો, અને આત્માના ગુણ જ્ઞાનદર્શન છે, તેમાં આલોક ઝળકે છે તેથી અધ્યાત્મ રીતે પણ આલોક પુરુષાકાર કહેવાય. જુઓ તેમની પંક્તિઓ —

"શરીર પરથી એ ઉપદેશ, જ્ઞાન દર્શન કે ઉદ્દેશ;
જેમ જણાવો સુણીએ તેમ, કાં તો લઈએ દઈએ ક્ષેમ."

આમ પુરુષાકાર લોક છે તેમ બાહ્ય તેમ જ આંતર-દૃષ્ટિથી સમજાવી આત્મિક સુખ મેળવવાની ભાવના જણાવી છે.

લોકનું સ્વરૂપ જાણવા પહેલાં શું કરવાથી પોતે સુખી કે દુઃખી થાય છે, પોતે કોણ છે, એ વગેરે વિશેની વિચારણા જરૂરી છે, તેમ બીજા ભાગમાં જણાવ્યું છે.

"શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?
પોતે શું? ક્યાંથી છે આપ? એનો માગો શીઘ્ર જવાપ."

---

૩૫. શ્રીમદ્ રાજચંદ્ર અગાસ આવૃત્તિ પૃ. ૨૧૧, આંક ૧૦૭.

આની સાથે "મોક્ષમાળા" ના "અમૂલ્ય તત્ત્વવિચાર"ની નીચેની પંક્તિઓ સરખાવો :

"હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરિહરું ?"

આ પ્રશ્નોના જો સમાધાનકારક ઉત્તર ન મળે તો શંકા અને સંતાપ વેઠવાં પડે છે. જ્ઞાન થાય ત્યારે જ શંકા જાય છે. આ જ્ઞાન મેળવવા "પ્રભુભક્તિ" ને ઉત્તમ સાધન ગણાવતાં ત્રીજા વિભાગમાં કહે છે કે :—

"પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન."

અહીં જણાવ્યા પ્રમાણે ગુરુની પ્રાપ્તિ થવી તે પણ પ્રભુ મેળવવા માટેનું ઉત્તમ નિમિત્ત છે. ગુરુ મેળવવા હોય તો સાચો વૈરાગ્ય કેળવવો જોઈએ, અને આ વૈરાગ્ય તો પૂર્વનું ભાગ્ય હોય, કે સત્સંગ હોય કે સાંસારિક દુઃખો હોય તો જ આવે છે. આમ તર્કબદ્ધ રીતે પૂર્ણમાર્ગ પામવા માટે ગુરુની તથા વૈરાગ્યની આવશ્યકતા શ્રીમદ્દે બતાવી છે.

વળી, મૂળ પ્રશ્નો ભૂમિકારૂપે પહેલા ત્રણ વિભાગમાં રજૂ કરી તેનું સમાધાન તથા સમજણ પછીના બે વિભાગમાં શ્રીમદ્દે રજૂ કર્યાં છે. અને તે એટલા સંક્ષેપમાં છે કે તે સમજવા માટે ઊંડી વિચારણાની જરૂર પડે છે.

ચોથા વિભાગની શરૂઆતમાં તેઓ જણાવે છે કે સર્વ દર્શનોએ પોતપોતાની રીતે પરમાત્મતત્ત્વને જ ગાયું છે, સાથે સાથે સંસારત્યાગ તથા પ્રભુભક્તિ સમજાવ્યાં પણ છે. તેમાંની સ્યાદ્વાદશૈલી – જૈન દર્શન – ઉત્તમ છે. તે માટે શ્રીમદ્ લખે છે કે :—

"મૂળ સ્થિતિ જો પૂછો મને, તો સોંપી દઉં યોગી કને;
પ્રથમ અંત ને મધ્યે એક, લોકરૂપ અલોકે દેખ."

અહીં શ્રીમદ્ કહે છે કે "મૂળ સ્થિતિ" એટલે કે લોકના સ્વરૂપ વિશે મને જો પૂછવામાં આવે તો હું એમ જ કહું કે જે યોગીએ — આત્મસ્વભાવનું યુંજન થયું છે તેવા જ્ઞાનીપુરુષે — પોતાના જ્ઞાનમાં જોયું છે તેમ જ છે. તે સર્વજ્ઞપુરુષે એ પ્રમાણે જોયું છે કે :—

"અનંતાનંત અલોકાકાશ કે જેમાં એકલું આકાશદ્રવ્ય વ્યાપ્ત છે, તેની મધ્યમાં જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ છ દ્રવ્યના સમૂહરૂપ લોક પુરુષાકારે રહ્યો છે. અને તે આદિ, મધ્ય અને અંતમાં એટલે કે ત્રણે કાળમાં એ જ રૂપે રહેવાનો છે."[૩૬]

આમ ઉપરની પંક્તિ સમજાવતાં શ્રી રાવજીભાઈ દેસાઈ લખે છે.

---

૩૬. "શ્રીમદ્ રાજચંદ્ર" કાવ્ય-અમૃત-ઝરણાં, પૃ. ૯૪.

લોકસ્વરૂપનું શાસ્ત્રમાં મળતું આ વર્ણન જાણવાથી જીવ, અજીવ, વગેરેની સાચી સ્થિતિ સમજાતાં તેની જિજ્ઞાસા મટી જાય છે, અને તેને લીધે બીજા અનેક પ્રશ્નોનું પણ સમાધાન થઈ જાય છે.

લોકનું સ્વરૂપ જાણવાની શક્તિ આત્મજ્ઞાન થાય ત્યારે જ આવે છે તે આ વિભાગની ચોથી કડીમાં શ્રીમદ્દે બતાવ્યું છે. જ્ઞાન થતાં સાચી ઉદાસીનતા આવવાથી તે સુખ પામે છે અને તેનો શોક ટળે છે. પણ જે જીવ બંધનયુક્ત હોય છે તેને કર્મની વર્ગણા હોય છે, અને તે કર્મ દુઃખ આપે છે. આથી દુઃખથી છૂટવા માટે કર્મનું સ્વરૂપ-પુદ્‌ગલનું સ્વરૂપ જાણવાની આવશ્યક્તા અહીં બતાવાઈ છે.

"બંધ યુક્ત જીવ કર્મ સહિત, પુદ્‌ગલ રચના કર્મ ખચીત;
પુદ્‌ગલજ્ઞાન પ્રથમ લે જાણ, નર દેહે પછી પામે ધ્યાન."

કર્મ કઈ રીતે બંધાય છે, વેદાય છે અને છૂટે છે એ આદિનું જ્ઞાન આવે તો જ જીવ તેનાથી છૂટવા માટેનો ઉપાય વિચારી શકે અને અમલમાં મૂકી શકે. આમ મોક્ષમાર્ગ પામવા માટે પુદ્‌ગલનું જ્ઞાન કઈ રીતે આવશ્યક છે તે અહીં બતાવ્યું છે. અને કર્મથી છૂટવાનો માર્ગ પાંચમા વિભાગમાં બતાવાયો છે.

"જહાં રાગ ને વળી દ્વેષ, તહાં સર્વદા માનો ક્લેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ, સકળ દુઃખનો છે ત્યાં નાશ."

કર્મ બાંધવાના મૂળ કારણમાં અહીં બતાવેલા રાગદ્વેષને એ જ રીતે શ્રીમદ્દે અન્ય ઘણી જગ્યાએ સંસારપરિભ્રમણના હેતુ રૂપે ગણાવ્યા છે —

"જન્મ, જરા ને મૃત્યુ, મુખ્ય દુઃખના હેતુ;
કારણ તેનાં બે કહ્યાં, રાગદ્વેષ અણહેતુ."[37]
"રાગદ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ."[38] વગેરે.

આ રાગદ્વેષનો સંપૂર્ણ નાશ થાય ત્યારે પરમ ઉદાસીનતા અને પરમ સુખ મળે છે. તેથી તો શ્રીમદ્ "સુખકી સહેલી હૈ અકેલી ઉદાસીનતા" એમ કહે છે. વળી, ઉદાસીનતાને તો તેમણે મોક્ષમાર્ગ માટેનું મહત્ત્વનું લક્ષણ "આત્મસિદ્ધિ", "અપૂર્વ અવસર" આદિ રચનાઓમાં ગણાવ્યું છે. સંપૂર્ણ ઉદાસીનતા આવે ત્યારે કર્મનો સંપૂર્ણ નાશ થાય છે અને ત્યારે નિર્વાણ થાય છે.

આમ પાંચમા વિભાગમાં શ્રીમદ્દે મોક્ષમાર્ગ બતાવ્યો છે, આ સર્વ વિચારણા શ્રીમદ્દે જૈન દર્શન અનુસાર જ રજૂ કરી છે. અહીં જીવ પોતે પોતાના વિશે વિચારવાનું શરૂ

૩૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૩૧.
૩૮. એજન, આત્મસિદ્ધિ, ગાથા ૧૦૦. પૃ. ૫૫૧,

કરે ત્યારથી તેની અંતિમ કક્ષા સુધીનું વર્ણન ખૂબ સંક્ષેપમાં કર્યું છે. સાથે સાથે લોકનું સ્વરૂપ જાણવાની અગત્ય પણ બતાવી છે. આથી તેની પ્રત્યેક પંક્તિ વિશે શાંતિથી વિચારીએ ત્યારે જ યથાર્થ સમજાય છે. બીજાં કાવ્યો જેવી ભાવની સરળતા અહીં જોવા મળતી નથી. ભાષા પણ વિશેષ પારિભાષિક શબ્દોવાળી છે. આથી કાવ્ય સમજવા માટે થોડી ધીરજ અને જૈન ધર્મનું પ્રાથમિક જ્ઞાન આવશ્યક બને છે. સંસ્કૃત ગ્રંથોમાં જેમ મૂળ શ્લોકો સમજાવવા માટે ટીકાની જરૂર પડે છે તેવું જ કંઈક આ કાવ્ય વિશે પણ છે. સૂત્રાત્મક શૈલીમાં સંક્ષેપમાં આખી રચના થઈ હોવાથી સામાન્યથી ઉચ્ચ કક્ષાના મુમુક્ષુઓ માટે આ કાવ્ય રચાયું લાગે છે.

મોક્ષમાર્ગને સમજાવતી આમ પાંચ રચનાઓ શ્રીમદ્‌ના સાહિત્યમાં મળે છે. તે સર્વમાં "મૂળમાર્ગ-રહસ્ય"ને શ્રેષ્ઠ કહી શકીએ. ભાષાની સરળતા સાથે જે અર્થગાંભીર્ય તેમાં જોવા મળે છે તે જ તેમની શક્તિનો આદર્શ નમૂનો છે.

"પંથ પરમપદ બોધ્યો" કે "દૃષ્ટિભેદથી ભિન્ન ભિન્ન મતદર્શન" એ અપૂર્ણ રહેલી રચનાઓ છે; ત્યારે "લોકસ્વરૂપરહસ્ય" કઠિન ભાષામાં તાર્કિક રીતે રજૂ થયેલી રચના છે. "આતમ ભાવના .." તો એક જ પંક્તિમાં અપાઈ હોવાને લીધે વિશેષ ગણતરીમાં આવી શકે તેમ નથી.

## જડ-ચેતનનો ભેદ બતાવતી રચનાઓ

જીવ, અજીવ આદિ નવ તત્ત્વમાં જીવ-ચેતન અને અજીવ-જડ એ બે વિરોધી ગુણોવાળાં તત્ત્વ મહત્ત્વનાં છે. તે બંને કોઈ પણ ઉપાયે એકબીજાનું સ્વરૂપ પામી શકતા નથી. તેઓ બંને વચ્ચેનો ભેદ બતાવતી બે રચનાઓ શ્રીમદ્દે કરી છે, "જડ ભાવે જડ પરિણમે" અને "જડ ને ચૈતન્ય બંને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન" એ બે કૃતિઓ મળે છે.

### "જડ ભાવે જડ પરિણમે"[૩૯]

વિ. સં. ૧૯૪૭ના ભાદરવા માસમાં શ્રીમદ્ રાળજ રહ્યા હતા ત્યારે એક જ દિવસે તેમણે ચાર પદ — "વીસ દોહરા", "યમ નિયમ", "જડ ભાવે જડ પરિણમે" અને "જિનવર કહે છે જ્ઞાન તેને"ની રચના કરી હતી. તેમાં "જડ ભાવે જડ પરિણમે" તે કાવ્ય બાવીસ પંક્તિમાં દોહરા છંદમાં રચ્યું હતું. અને તેમાં જડ તથા ચેતન વચ્ચેનો ભેદ દર્શાવ્યો છે.

આરંભમાં જડ તથા ચેતનનો સ્વભાવ ભિન્ન છે અને તેઓ પોતાનો સ્વભાવ પલટાવી શકતાં નથી, અને તે બંનેને અનુભવી શકાય છે, તેમ જણાવી તેમણે પ્રશ્ન કર્યો છે કે આમ હોવા છતાં પણ તે બંનેના ભિન્ન સ્વભાવ હોવા વિશે શંકા કેમ થાય છે ? જડ અને ચેતનના ભિન્ન સ્વભાવ વિશે શ્રીમદ્દે "આત્મસિદ્ધિ"માં ભારપૂર્વક જણાવ્યું છે કે :—

૩૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૯૭, આંક ૨૧૯.

"જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ,
એકપણું પામે નહિ, ત્રણે કાળ દ્વયભાવ."[40]

જડ અને ચેતન વચ્ચે જો આવી જ ભિન્નતા વર્તતી હોય તો સામાન્ય જનને થવા યોગ્ય એક શંકા શ્રીમદ્દે આ કાવ્યના ત્રીજા દોહરામાં મૂકી છે —

"જો જડ છે ત્રણ કાળમાં, ચેતન ચેતન હોય;
બંધ મોક્ષ તો નહિ ઘટે, નિવૃત્તિ પ્રવૃત્તિ ન્હોય."

અહીં જણાવ્યા પ્રમાણે, જો જડ અને ચેતન ત્રણે કાળમાં ભિન્ન હોય તો પછી આત્મા બંધાયેલો છે, તેને મુક્ત કરવાનો છે, એ આદિ વાતો કરવી અયોગ્ય જ છે. કારણ કે જે આત્મા જડથી ભિન્ન છે; તેને બંધન ક્યાંથી હોય ? અને બંધન ન હોય તેને મુક્તિ શાની ?

આ શંકાનું સમાધાન શ્રીમદ્દે બાકીના સાત દોહરામાં ખૂબ સરસ રીતે કર્યું છે. આત્મા જ્યાં સુધી વિભ્રમદશામાં વર્તે છે, ત્યાં સુધી જડ કર્મના પરમાણુઓને ગ્રહણ કરે છે. અને બંધન સ્વીકારે છે; પણ તેનાથી છૂટી સ્વભાવદશામાં આવે તો તે કર્મમુક્ત થાય છે. જીવ બંધનમાં આવે છે તે વખતે પણ તે પોતાનો સ્વભાવ ત્યજતો નથી, એટલે કે પોતાનાં ચેતનત્વ, ઉપયોગ આદિને ગુમાવતો નથી, એમ જિનપ્રભુપ્રણીત વચનો પ્રમાણે શ્રીમદ્દે અહીં કહ્યું છે. તેની વિશેષ સ્પષ્ટતા કરતાં શ્રીમદ્ પાંચમા દોહરામાં લખે છે કે :—

"વર્તે બંધ પ્રસંગમાં, તે નિજપદ અજ્ઞાન;
પણ જડતા નહિ આત્મને, એ સિદ્ધાંત પ્રમાણ."

પોતાને પોતાનું અજ્ઞાન હોવાને લીધે આત્મા બંધનમાં પડે છે, પણ તેથી તેનામાં જડતા આવી જતી નથી, તેનું ચેતનત્વ કાયમ જ રહે છે, એ "જડ તથા ચેતન ભિન્ન છે" તે સિદ્ધાંત માટેનું પ્રમાણ છે. આત્મા પોતે અરૂપી હોવા છતાં રૂપી એવા જડને ગ્રહણ કરે છે, અને છતાં આત્માને તેનું ભાન નથી હોતું, તે પરમ આશ્ચર્યની વાતને જિનેશ્વરે પોતાના જ્ઞાનમાં જાણી છે. આને શ્રીમદ્દે કેટલી સુંદર રીતે રજૂ કરેલ છે તે જુઓ —

"ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત;
જીવ બંધન જાણે નહીં, કેવો જિન સિદ્ધાંત."

આમ આ આશ્ચર્યની વાત રજૂ કર્યા પછી શ્રીમદ્દે આત્માની દૃષ્ટિ પલટતાં કેવો ફેરફાર થઈ જાય છે તે એક દોહરામાં બતાવી, જડ ચેતનનો સંબંધ અનાદિ અનંત છે તેમ પછીના દોહરામાં બતાવ્યું છે. આ સંબંધ ક્યારે બંધાયો તે જાણ્યામાં નથી, અને તેનો તે સંબંધ સમષ્ટિની અપેક્ષાએ ક્યારેય પૂરો થવાનો પણ નથી, તેથી જિનપ્રભુએ તેને "અનાદિ અનંત" ગણાવેલ છે. આ સંબંધ બાંધનાર કોઈ કર્તા નથી, તે પણ તેમણે અહીં સ્પષ્ટ કર્યું છે.

---

૪૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૪૦, દો. ૫૭.

આમ જડ અને ચેતનની ભિન્નતા બતાવ્યા પછી તેનું નિત્યત્વ બતાવતાં શ્રીમદ્ દસમા દોહરામાં લખે છે કે :—

"હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય;
એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય."

કોઈ પણ વસ્તુનો સંપૂર્ણ નાશ નથી થતો, માત્ર સ્વરૂપાંતર જ થાય છે, એ વિજ્ઞાનનો સિદ્ધાંત અહીં આત્માદિ દ્રવ્યની બાબતમાં નિરૂપેલો જણાશે.

આમ જૈનધર્મની તત્ત્વવિચારણા અનુસાર જ "જડ અને ચેતન"ની ભિન્નતા પોતે દર્શાવે છે તે બતાવી શ્રીમદ્ અંતમાં આ જ્ઞાન આપનાર જ્ઞાની ગુરુને વંદન કરે છે —

"પરમપુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમજ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ."

શ્રીમદ્દે સુંદર શૈલીથી માત્ર બાવીસ પંક્તિઓમાં જડ તથા ચેતનની ભિન્નતા તાર્કિક રીતે સરળ ભાષામાં બતાવી છે. પ્રત્યેક વચન જિનપ્રભુના પ્રમાણ સાથે તેમણે જણાવ્યાં છે.

**"જડ અને ચૈતન્ય બંને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન"**[૪૧]

વિ. સં. ૧૯૫૬ના કારતક માસમાં શ્રીમદ્દે આ નાના કાવ્યની રચના મુંબઈમાં કરી હતી. મુંબઈમાં તત્ત્વજ્ઞાનવાળી રચના થઈ હોય તેવું બહુ ઓછું બન્યું છે. આ કાવ્ય તેવું છે.

સોરઠાની સોળ પંક્તિઓમાં શ્રીમદ્દે જડ અને ચેતન એ બે દ્રવ્યની ભિન્નતા દર્શાવી છે. પણ તે દર્શાવવાની શૈલી "જડ ભાવે જડ પરિણમે" કૃતિ કરતાં જુદા પ્રકારની છે.

અહીં આઠ આઠ પંક્તિની બે કડીઓ રચાઈ છે. પહેલી કડીની અંતિમ પંક્તિમાં મોક્ષમાર્ગ પામવાનું ઉત્તમ સાધન બતાવતાં કહ્યું છે કે :—

"નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે."

આમ જિનેશ્વર-પ્રણીત માર્ગને મોક્ષ મેળવવાનું સાધન કહ્યું છે. અને આ પહેલાંની સાતે પંક્તિઓમાં તે માર્ગમાં જડ-ચેતનનું જેવું સ્વરૂપ બતાવ્યું છે તે, જિનમાર્ગના ગુણ રૂપે વર્ણવ્યું છે. જૈન માર્ગમાં જડ અને ચૈતન્ય બંને દ્રવ્યનો ભિન્ન સ્વભાવ પ્રતીતિપૂર્વક સમજાય છે, પોતાનું સ્વરૂપ ચેતનમય છે અને જડનો તો માત્ર સંબંધ જ થયેલો છે, અને તે જાણનાર એવો આત્મા પરદ્રવ્યમાં કર્મબંધનને લીધે પુરાયો છે, એ આદિ વસ્તુનું જ્ઞાન થાય છે. સરળ, સ્પષ્ટ ભાષામાં શ્રીમદ્દે આ બધું જણાવ્યું છે. અને એ બધાના સારરૂપ સાતમી-આઠમી પંક્તિ રચી છે કે :—

૪૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૪૨, આંક ૯૦૨.

"કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે."

દેહ આદિમાં મારાપણું છોડીને જેઓ પોતાના આત્મસ્વરૂપમાં લીન થયા છે, એવા નિર્ગ્રંથ જ્ઞાનીએ દર્શાવેલો માર્ગ જ ભવઅંત કરવાનો સાચો ઉપાય છે, એમ શ્રીમદ્‌ે અહીં ભારપૂર્વક જણાવ્યું છે.

આમ નિર્ગ્રંથમાર્ગની શ્રેષ્ઠતા બતાવવાની સાથે જડ અને ચેતનમાં પ્રવર્તતી ભિન્નતા શ્રીમદ્‌ે પહેલી કડીમાં બતાવી છે. અને બીજી કડીમાં સામાન્ય રીતે જડ અને ચેતન એકરૂપ કયા કારણને લઈને લાગે છે તે સમજાવ્યું છે.

દેહ અર્થાત્ જડ અને આત્મા એકરૂપ ભાસવાનું મુખ્ય કારણ શ્રીમદ્ અજ્ઞાનને ગણાવે છે. આ અજ્ઞાનને લીધે જીવની પ્રવૃત્તિ તે પ્રમાણે થવાથી દેહની ઉત્પત્તિ, તેને થતા રોગ, શોક, મૃત્યુ આદિ આત્માને થતાં જણાય છે. દેહને માટે થતી પ્રવૃત્તિ આત્માની જણાય તે મિથ્યાત્વભાવ છે. આ મિથ્યાત્વભાવ અનાદિકાળથી ચાલ્યો આવે છે, પણ જ્ઞાનીનાં વચન પ્રાપ્ત થતાં તે તત્કાળ દૂર થઈ જાય છે, પરિણામે દેહ અને આત્માનું ભિન્ન સ્વરૂપ સ્પષ્ટ જણાય છે, અને બંને દ્રવ્યો પોતપોતાનું સાચું સ્વરૂપ પામે છે. તે નિરૂપતાં શ્રીમદ્ વર્ણવે છે કે:—

"એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ,
જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે;
ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,
બંને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે."

પોતપોતાના સ્વરૂપમાં સ્થિર થવું એટલે કે મોક્ષ થવો એવું અંતિમ લક્ષ શ્રીમદ્‌ે આ કાવ્યમાં બતાવ્યું છે. આમ જડ અને ચેતનના સ્વરૂપને સમજવાને મોક્ષમાર્ગ પામવામાં ઉપયોગી સાધન કહ્યું છે. તે જાણવા માટે જ્ઞાનીનાં વચન ઉપકારી હોવાથી ગુરુમાહાત્મ્ય પણ અહીં તેમણે બતાવ્યું છે.

આમ પહેલા કાવ્ય પછી નવ વર્ષે લખાયેલું આ કાવ્ય એક જ તત્ત્વનું જુદી રીતે નિરૂપણ કરે છે. વિ. સં. ૧૯૪૭ની સાલના શ્રીમદ્ કરતાં વિ. સં. ૧૯૫૬ની સાલના શ્રીમદ્‌માં જ્ઞાનનો ઘણો વધારો થયો હતો, અને તે અહીં જોઈ શકાશે, શ્રીમદ્‌ને નિર્ગ્રંથ માર્ગમાં ત્યારે કેટલી નિઃશંકતા પ્રવર્તતી હતી તેનો ખ્યાલ આ રચનાઓ જોતાં આવી શકે છે. આમ જડ અને ચેતન વચ્ચેનો ભેદ બતાવતી આ બે રચનાઓમાં જૈન ધર્મની શ્રીમદ્‌ે વિચારેલી ઊંડી તત્ત્વવિચારણા જોવા મળે છે.

**"જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો"[૪૨]**

લગભગ બત્રીસ પંક્તિના આ કાવ્યમાં જિનેશ્વર પ્રભુએ સાચું જ્ઞાન કોને કહ્યું છે તેનું નિરૂપણ શ્રીમદ્‌ે વિ. સં. ૧૯૪૭ના ભાદરવા માસમાં રાળજ ક્ષેત્રે કર્યું હતું. "સમ્મતિતર્ક",

૪૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૯૭, આંક ૨૬૭.

"નંદિસૂત્ર", "ઠાણાંગસૂત્ર" આદિ ગ્રંથોના નિર્દેશ સાથે શ્રીમદે આ કાવ્યમાં જ્ઞાનમીમાંસા રજૂ કરી છે. આ રચનાની લગભગ ત્રણચાર પંક્તિઓ મળતી નથી, તેથી તેમાં તેટલી અપૂર્ણતા લાગે છે, પણ ભાષા એટલી સરળ છે કે કાવ્ય સમજવામાં કશી મુશ્કેલી રહેતી નથી.

કાવ્યના આરંભમાં જ્ઞાન શું નથી તે જણાવ્યું છે અને પછી સાચું જ્ઞાન કયું તેનું નિરૂપણ કર્યું છે. જો આત્માને જાણ્યા વિના નવ પૂર્વનું[૪૩] જ્ઞાન મેળવ્યું હોય તો તે પણ અજ્ઞાન છે, એમ આગમને સાક્ષીરૂપે રાખી શ્રીમદે આ કાવ્યના આરંભમાં જણાવ્યું છે. આ પૂર્વ કહેવાનો હેતુ છે :—

"એ પૂર્વ સર્વ કહ્યાં વિશેષે, જીવ કરવા નિર્મળો."

અર્થાત્ જીવને નિર્મળ કરવાનો. જો આત્મા શુદ્ધ ન થાય તો પૂર્વોનું જ્ઞાન નકામું છે.

ગ્રંથમાં જ્ઞાન નથી, જ્ઞાન એ કવિચાતુરી પણ નથી, મંત્ર, તંત્ર આદિ પણ જ્ઞાન નથી, ભાષા એ પણ જ્ઞાન નથી કે બીજા કોઈ સ્થાનને પણ જ્ઞાન કહ્યું નથી, આમ નેતિ નેતિથી "જ્ઞાન"ને જણાવી શ્રીમદ્ બીજી કડીમાં કહે છે કે, "જ્ઞાન જ્ઞાનીમાં કળો" એટલે કે જ્ઞાન એ કોઈ બાહ્ય જડ પદાર્થમાં રહેલું નથી, પણ જ્ઞાનીના અંતરમાં રહેલું છે, અને એને જ જિનવરે સાચું જ્ઞાન કહ્યું છે.

ત્રીજી કડીમાં જ્ઞાન શું છે તે સમજાવતાં, "ભગવતીસૂત્ર"નો આધાર લઈને શ્રીમદે જણાવ્યું છે કે :—

"આ જીવ ને આ દેહ એવો, ભેદ જો ભાસ્યો નહીં,
પચખાણ કીધાં ત્યાં સુધી, મોક્ષાર્થ તે ભાખ્યાં નહીં;
એ પાંચમે અંગે કહ્યો, ઉપદેશ કેવળ નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો."

જીવ અને દેહ અર્થાત્ જડ અને ચેતન વચ્ચેનો જો સ્પષ્ટ ભેદ જણાયો ન હોય તો વ્રત, નિયમ આદિનાં પચખાણ લીધાં હોય તો તે બધાં મોક્ષ મેળવવામાં મદદરૂપ નથી થતાં, માત્ર તે પુણ્ય ઉપાર્જન કરે છે. આવો નિર્મળ ઉપદેશ પાંચમા અંગમાં – "ભગવતી-સૂત્ર"માં – કરવામાં આવ્યો તે હું કહું છું. હે સર્વ ભવ્યો ! જિનવર કોને જ્ઞાન કહે છે તે તમે અહીં સાંભળો. અહીં શ્રીમદે જણાવ્યું છે તે પ્રમાણે જડ-ચેતન-વિવેક ઊગ્યો હોય તો જ વ્રતાદિ મોક્ષમાર્ગના સાધનરૂપ થાય છે. એટલે જડ-ચેતન-વિવેક થવો – ભેદજ્ઞાન થવું – તે જ સાચું જ્ઞાન છે, તેમ જિનવાણી કહે છે.

પંચમહાવ્રતનું પાલન બાહ્યથી કરવામાં આવે તો તે જ્ઞાન નથી, પણ આત્માની પૂર્ણરૂપે જેનાથી શુદ્ધતા થાય તે સાચું જ્ઞાન છે એમ ચોથી કડીમાં શ્રીમદે બતાવ્યું છે.

૪૩. શ્રી તીર્થંકર ભગવાને પોતાને થયેલા જ્ઞાનને જે પ્રમાણે વર્ણવ્યું હતું તે પ્રમાણે ગણધરોએ શાસ્ત્રમાં ઉતાર્યું હતું, તેના થયેલા ૧૪ વિભાગ ૧૪ પૂર્વ કહેવાય છે.

પણ આ કડીમાંની દોઢ પંક્તિ મળતી નથી. માત્ર પહેલી અડધી અને બાકીની બે એમ અઢી જ પંક્તિ મળે છે. શ્રીમદ્દે અહીં ક્રિયાની વાત કહી છે: શુષ્ક ક્રિયાથી આત્મજ્ઞાન પ્રાપ્ત નથી થતું.

આ પછીની કડીમાં "સમ્મતિતર્ક" આદિનો આધાર લઈને સાચું જ્ઞાન કયું તે જણાવ્યું છે :—

"શાસ્ત્રો વિશેષ સહિત પણ જો, જાણિયું નિજ રૂપને,
કાં તેહવો આશ્રય કરજો, ભાવથી સાચા મને;"
તો જ્ઞાન તેને ભાખિયું, જો સમ્મતિ આદિ સ્થળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.

શાસ્ત્રોના વિસ્તૃત જ્ઞાનસહિત અર્થાત્ તેમાં જે અનેક પ્રકારના ભેદથી આત્મા જણાવ્યો છે તે પ્રમાણે જેણે પોતાને જાણ્યો તે જ સાચું જ્ઞાન છે. અથવા જેવો છે તેવો જ આત્મા શાસ્ત્રમાં વર્ણવ્યો છે, એવી સાચા ભાવથી શ્રદ્ધા કરવી તે જ્ઞાન છે. અને આ માટે શ્રીમદ્દે "સમ્મતિતર્ક" આદિની સાખ આપી છે.

તે જ પ્રમાણે, જ્ઞાનીએ જણાવેલ પરમાર્થ પ્રમાણે, માત્ર આઠ સમિતિ, જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે બોલવું, ચાલવું, રહેવું ઇત્યાદિ સમજાય તો તે જ્ઞાન છે. અને પોતાની કલ્પના પ્રમાણે સમજેલાં કરોડો શાસ્ત્રો એ "માત્ર મનનો આમળો" છે. મનને સંકલ્પ-વિકલ્પમાં ગૂંચવનાર વળ છે, એમ શ્રીમદ્દે છઠ્ઠી કડીમાં બતાવ્યું છે.

તે પછી શ્રીમદ્ જ્ઞાની અને અજ્ઞાનીનો ભેદ "નંદિસૂત્ર" આદિના સમર્થન સાથે સુંદર રીતે બતાવે છે. જે અજ્ઞાનીનાં મિથ્યાત્વનાં શાસ્ત્રો છે તે શાસ્ત્રો પણ જો જ્ઞાનીના હાથમાં જાય તો તે તેમને જ્ઞાનરૂપે જ પરિણમે છે, કારણ કે તેમની દૃષ્ટિ પલટાઈ ગઈ હોય છે. જ્ઞાન મેળવવા માટે વ્રત, પચખાણ આદિની જરૂર નથી તે બતાવતાં તેમણે લખ્યું છે કે :—

"વ્રત નહિ, પચખાણ નહિ, નહિ ત્યાગ વસ્તુ કોઈનો,
મહાપદ્મ તીર્થંકર થશે, શ્રેણિક ઠાણાંગ જોઈ લો."

શ્રેણિક રાજાને કોઈ વ્રત, પચખાણ કે ત્યાગ નહોતાં, પણ આંતરિક ભાવ એટલા ઊંચા હતા કે તેઓ આવતી ચોવીસીમાં "મહાપદ્મ" નામના પહેલા તીર્થંકર થવાના છે એમ "શ્રી ઠાણાંગસૂત્રમાં" કહ્યું છે.

શ્રીમદ્દે આ કાવ્યમાં જ્ઞાન થવા માટે આંતરિક ભાવો પર મૂકેલો ભાર જોઈ શકાય છે; અને પોતે સ્વતંત્ર રીતે નહિ, પણ જૈન આગમસૂત્રો અનુસાર ઉપદેશ કરે છે તે જણાવવા "ભગવતી", "ઠાણાંગ", "નંદિ" વગેરે સૂત્રોની સાખ આપે છે.

આ કાવ્યની અંતિમ બે પંક્તિઓ મળતી નથી. વચ્ચેની પણ દોઢ-બે પંક્તિઓ મળતી નથી. અહીં ભાષા સરળ અને ઉપદેશાત્મક છે. વળી, ઊંડી તત્ત્વવિચારણા નહિ પણ સૂત્રમાં બતાવેલા સિદ્ધાંતો શ્રીમદ્દે રજૂ કર્યા છે, અને તેથી "જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો" એ ધ્રુવપંક્તિ પ્રત્યેક કડીને અંતે પુનરાવર્તન પામે છે, તે યોગ્ય પણ લાગે છે, કારણ કે તે દ્વારા શ્રીમદ્ એમ જણાવે છે કે અહીં જે કંઈ જણાવ્યું છે તે જિનમાર્ગ અનુસાર જ છે, તે વિશે કોઈએ પણ અશ્રદ્ધા રાખવી જોઈએ નહિ. જેમાં એકીસાથે ઘણા શાસ્ત્રગ્રંથોનો ઉલ્લેખ આવતો હોય તેવી આ એક જ કૃતિ શ્રીમદ્દે રચી છે.

**"પ્રભુ પ્રત્યે દીનત્વ"**[૪૪]

વિ. સં. ૧૯૪૭ના ભાદરવા માસમાં રાળજમાં રચેલા આ કાવ્યના હાર્દ વિશે શ્રીમદ્દે પોતે વિ. સં. ૧૯૫૧ના કાર્તિક સુદ ત્રીજના પત્રમાં લખેલું કે :—

"આ જીવ અત્યંત માયાના આવરણે દિશામૂઢ થયો છે, અને તે યોગે કરી તેની પરમાર્થદૃષ્ટિ ઉદય પ્રકાશતી નથી. અપરમાર્થને વિશે પરમાર્થનો દૃઢાગ્રહ થયો છે અને તેથી બોધ પ્રાપ્ત થવાના યોગે પણ તેમાં બોધ પ્રવેશ થાય એવો ભાવ સ્ફુરતો નથી, એ આદિ જીવની વિષમ દશા કહી, પ્રભુ પ્રત્યે દીનત્વ કહ્યું છે કે, 'હે નાથ! હવે મારી કોઈ ગતિ (માર્ગ) મને દેખાતી નથી, કેમ કે સર્વસ્વ લૂંટાયા જેવો યોગ મેં કર્યો છે અને સહજ ઐશ્વર્ય છતાં, પ્રયત્ન કર્યે છતે, તે ઐશ્વર્યથી વિપરીત એવા જ માર્ગ મેં આચર્યા છે; તે તે યોગથી મારી નિવૃત્તિ કર, અને તે નિવૃત્તિનો સર્વોત્તમ સદુપાય એવો જે સદ્ગુરુ પ્રત્યેનો શરણભાવ તે ઉત્પન્ન થાય, એવી કૃપા કર.' એવા ભાવના વીસ દોહરા, કે જેમાં પ્રથમ વાક્ય 'હે પ્રભુ! હે પ્રભુ! શું કહું? દીનાનાથ દયાળ' છે, તે દોહરાની વિશેષ અનુપ્રેક્ષા થાય તેમ કરશો તો વિશેષ ગુણાવૃત્તિનો હેતુ છે."[૪૫]

શ્રીમદ્દના અહીં જણાવ્યા પ્રમાણે આ પ્રાર્થનામાં પ્રભુ પાસે આધ્યાત્મિક દીનતા વ્યક્ત કરી પોતાને તેના શરણે લેવાની વિનંતી કરી છે. પ્રભુ પાસે ભક્તને કેવા ભાવ ઊઠવા જોઈએ તેનો ખ્યાલ અહીં આવે છે.

શ્રીમદ્દે આ કાવ્યની રચના કરી ત્યારે પહેલી પંક્તિ "હે હરિ! હે હરિ! શું કહું……" હતી, પણ પછીથી શ્રીમદ્દે "હરિ"ની જગ્યાએ "પ્રભુ" શબ્દ મૂકી પાઠાંતરવાળી પંક્તિ રચી હતી, જે હાલમાં પ્રચલિત છે. તેમ થવાના કારણનો ઉલ્લેખ કરતાં શ્રી લલ્લુજી મહારાજ જણાવે છે કે :—

"'હે હરિ! હે હરિ! શું કહું, દીનાનાથ દયાળ' તેને બદલે 'હે પ્રભુ! હે પ્રભુ!' બોલવાની આજ્ઞા થયેલી. પછી તે પ્રમાણે કહ્યું ન કરે તો સ્વચ્છંદ ગણાય."[૪૬]

---

૪૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૯૫, આંક ૨૬૪.

૪૫. એજન પૃ. ૪૩૩ આંક ૫૩૪.

૪૬. "ઉપદેશામૃત", ઉપદેશસંગ્રહ—૨. પૃ. ૨૬૯, તા. ૧૮-૬-૧૯૨૩.

આ વચનો પરથી જણાય છે કે "હરિ"ને બદલે "પ્રભુ" શબ્દ મૂકવાની આજ્ઞા શ્રીમદે જ કરી હતી.

વીસ દોહરાના આ કાવ્યમાં સાચા ગુરુની પ્રાપ્તિ વિના જીવની કેવી દશા થાય છે, તથા તેવા જીવમાં કેવા કેવા દોષો રહી જાય છે તેનું વર્ણન શ્રીમદે કર્યું છે.

શુદ્ધ ભાવ, નમ્રતા, પ્રભુ પ્રત્યેનો દૃઢ વિશ્વાસ, સત્સંગ આદિ અનેક શુભ ગુણ ન હોવાથી તથા બાહ્ય પદાર્થ પરનો રાગ, અહંભાવ આદિ દુર્ગુણો હોવાથી શી દશા થઈ છે તે ૧૫ થી ૧૭ એ ત્રણ દોહરામાં શ્રીમદે બતાવ્યું છે. જુઓ —

"અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન.
સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામીઓ, ઊગ્યો ન અંશ વિવેક.
સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહીં; ત્યાં બંધન શું જાય?"

અહીં દર્શાવ્યા પ્રમાણે સંતનો આશ્રય લીધા વિના અભિમાનથી અનેક પ્રવૃત્તિઓ કરી, પણ તે સર્વ ભવભ્રમણ કરાવનાર બંધનરૂપ નીવડી. બધા દોષને દોષરૂપે ન જોવાથી સાચું સાધન સમજાયું નહિ, તેથી બંધનમુક્તિ તો ક્યાંથી જ થાય?

આ બધા દોષોથી મુક્તિ મેળવવા, કેવળ કરુણામૂર્તિ પ્રભુને પોતાનો હાથ ગ્રહી, સર્વ દોષ માફ કરવા તથા ભવપાર ઉતારવાની પ્રાર્થના કરતાં તેઓ વીનવે છે કે:—

"પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ."

આ કાવ્યમાં શ્રીમદે પ્રભુ પ્રત્યેનો સર્વસમર્પણભાવ દર્શાવ્યો છે. એ ભાવ ન હતો ત્યાં સુધી કેવા કેવા દોષો પ્રવર્તતા હતા તેનું આલેખન શરૂઆતમાં કર્યું છે, અને તેની સામે મધ્યભાગમાં પ્રભુના ગુણો મૂક્યા છે. અંતમાં પ્રભુ જેવા ગુણો મેળવવા માટેનો સર્વ-સમર્પણભાવ આપવાની વિનંતિ કરાઈ છે. નરસિંહ મહેતા કે મીરાંબાઈનાં પદોમાં જોવા મળતો સમર્પણભાવ અહીં વ્યક્ત થયો છે. અહીં પ્રેમલક્ષણા ભક્તિ નથી, પણ ભગવાન પાસે ભક્તનું દીનત્વ પ્રગટ થયું છે; સર્વશક્તિમાન પાસે સ્વદોષ દર્શાવી તેનું પ્રાયશ્ચિત્ત કર્યું છે.

આ કાવ્યની ભાષા ખૂબ સરળ અને ભાવવાહી છે. તે દોહરા બોલતી વખતે બોલનારને પણ પોતાના દોષ પ્રત્યક્ષ થાય અને થયેલા દોષ માટે પશ્ચાત્તાપ થાય તેવા અસરકારક તે છે. શબ્દો એટલી સરળતાથી ભાવ વ્યક્ત કરે છે કે આ કાવ્યના ભાવ સાથે ઓતપ્રોત બની જવું સુગમ છે. "મોક્ષમાળા"ના "ક્ષમાપના"ના પાઠ જેવું જ મનનયોગ્ય આ કાવ્ય છે. અને તેથી ઘણી જગ્યાએ નિત્યનિયમમાં આ કાવ્ય બોલાય છે.

આ કાવ્યનું બીજી દૃષ્ટિએ પણ ઘણું મહત્ત્વ છે. તેનું પઠન અને મનન સાચા દિલથી કરવામાં આવે તો અનેક લબ્ધિ અને સિદ્ધિ પ્રગટે તેવું સામર્થ્ય તેમાં છે, તેમ શ્રી લલ્લુજી મહારાજ અનેક વખત કહેતા. તેમાં જણાવેલ ભાવો પ્રગટે તો જન્મમરણના ફેરા ટળી જાય, આત્માની વિશુદ્ધિ થાય, મોક્ષમાર્ગ મળે અને અન્ય અનેક લાભો થાય. આમ મોક્ષમાર્ગ મેળવવાના પાયારૂપે આ કાવ્ય ગણી શકાય, અને તેથી જ તેનું મહત્ત્વ જેટલું આંકીએ તેટલું ઓછું છે. તેની અમૂલ્યતા પ્રભુશ્રીને સમજાઈ હતી, અને તેથી જ જે કોઈ મુમુક્ષુ કલ્યાણની ઇચ્છાથી તેમની પાસે આવતો તેને આ કાવ્યના વાચન-મનનની ભલામણ તેઓ કરતા, અને એવા ભાવો પ્રગટાવવા પુરુષાર્થી થવા જણાવતા. અને તે ભલામણ જેઓ અંતરમાં ઉતારે તેમના કર્મની ક્રોડ ખપે છે તેવી તેમને પ્રતીતિ હતી. આમ આ કાવ્યનું મૂલ્ય આધ્યાત્મિક દૃષ્ટિએ આંકી શકાય તેમ નથી.

### "અંતિમ સંદેશો"[૪૭]

વિ. સં. ૧૯૫૭ના ચૈત્ર સુદ ૯ના રોજ, એટલે કે પોતાના અવસાન પહેલાં માત્ર દસ દિવસે, શ્રીમદે આ કાવ્ય લખાવ્યું હતું. તે વખતે તેમને એટલી બધી અશક્તિ પ્રવર્તતી હતી કે જાતે લખી શકે તેવી સ્થિતિ ન હતી.

આ કાવ્યમાં યોગીની ઇચ્છા – મોક્ષપદની ઇચ્છા – બતાવી છે. તે મોક્ષપદ કેવું છે, તેની પ્રાપ્તિ કઈ રીતે થાય અને તે માટે આત્માની કેવી યોગ્યતા હોવી જોઈએ તે અહીં શ્રીમદે બતાવ્યું છે. જિનસ્વરૂપ એટલે કે આત્માની પૂર્ણ શુદ્ધતા યોગીજન ઇચ્છે છે. અગમ્ય જણાતો તે આત્મસ્વભાવ જૈનધર્મમાં બતાવ્યો છે તે પ્રમાણે —

> "જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;
> લક્ષ થવાને તેહનો કહ્યાં શાસ્ત્ર સુખદાઈ."

શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિએ જોતાં જિનનો કે અન્ય કોઈનો આત્મા એકસરખો જ છે. અને તે સમજાવવા માટે જ શાસ્ત્રોની રચના થઈ છે. આ શાસ્ત્રો ગમે તે વાંચે તો જલદી સમજી શકાય તેવાં નથી, પણ સદ્ગુરુ પાસે વિનયપૂર્વક સમજતાં તે સુગમ અને સુખની ખાણ સમાન છે. આમ શ્રીમદ્ સદ્ગુરુ-માહાત્મ્ય બતાવ્યા પછી જિનચરણની અતિશય ભક્તિ કરવાથી થતા લાભ છઠ્ઠા દોહરામાં કહે છે કે :—

> "ગુણ પ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
> પ્રાપ્તિ શ્રી સદ્ગુરુ વડે, જિન દર્શન અનુયોગ."

આ કાવ્યમાં સદ્ગુરુપ્રાપ્તિ તથા જિનભક્તિ ઉપરાંત જીવની પાત્રતાને વિશેષ જરૂરી તત્ત્વ ગણાવ્યું છે. આરંભમાં પહેલાં એનું મહત્ત્વ બતાવ્યું છે, અને પછી પાત્રતા અંગે જીવના ઉત્તમ, મધ્યમ અને પ્રાથમિક એ ત્રણ ભાગ પાડી પ્રત્યેકનાં લક્ષણ ત્રણ દોહરામાં સમાવ્યાં છે. પહેલાં પ્રાથમિકનાં, પછી મધ્યમનાં અને અંતમાં ઉત્તમ પાત્રનાં લક્ષણો

---

૪૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૫૯, આંક ૯૫૪.

આપ્યાં છે. આ વિભાગો તેમણે આંતરિક સ્થિતિ અનુસાર બતાવ્યાં છે. તે સાથે અપાત્ર જીવનાં લક્ષણો પણ એક દોહરામાં આપ્યાં છે.

જેને પરિણામની વિષમતા હોય, સવિશેષ કષાય પ્રવર્તતા હોય, તેને સદ્‌ગુરુ અને સદ્‌ધર્મનો યોગ કે અયોગ સમાન જ છે, તેમ આઠમા દોહરામાં શ્રીમદે કહ્યું છે. જેના કષાય મંદ થયા હોય તથા સરળતા, સુવિચાર, કરુણા, કોમળતા અને આજ્ઞાપાલનની ઇચ્છા હોય તે પ્રાથમિક કક્ષાનો પાત્ર જીવ છે. જેણે વિષયને રૂંધ્યા છે, જે સંયમ પાળે છે, અને જેને આત્માથી કોઈ પણ પદાર્થ ચડિયાતો નથી લાગતો તે મધ્યમ પ્રકારનો પાત્ર જીવ છે. પણ ઉત્તમ જીવ તો તે જ છે જેને —

"નહિ તૃષ્ણા જીવ્યા તણી, મરણ યોગ નહીં ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ."

આવા ઉત્તમ જીવને "જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા" હોય છે. જે કક્ષાનો જીવ, તેવો ઉપદેશ તેને પરિણમે. તેથી શ્રીમદે પાત્રતા પર ઘણો ભાર મૂક્યો છે.

આમ પહેલા અગિયાર દોહરામાં શ્રીમદ્ મોક્ષમાર્ગ પામવા માટેનાં ત્રણ અનિવાર્ય તત્ત્વ સમજાવે છે: સદ્‌ધર્મ, સદ્‌ગુરુ અને જીવની પાત્રતા આમાંથી એક પણ તત્ત્વ ઊણું હોય તો મોક્ષપ્રાપ્તિ થતી નથી.

પછીના બે દોહરામાં મોક્ષપ્રાપ્તિ તથા સંસારની ઘટમાળ બતાવે છે. મન પોતામાં જ રમમાણ રહે તો મુક્તિ જલદી થાય છે, તે દર્શાવવા સૂર્યનું દૃષ્ટાંત આપે છે. મધ્યાહ્નના સૂર્યમાં છાયા વ્યક્તિમાં સમાઈ જાય છે તેમ જીવ પોતામાં મગ્ન રહે તો તે રાગદ્વેષરહિત દશા પામે છે. સંસારનું સ્વરૂપ સમજાવતાં તેઓ લખે છે —

"ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર."

મોહથી ઉત્પન્ન થતા વિકલ્પને લીધે આખો સંસાર રચાય છે, તે છોડતાં, આંતરદૃષ્ટિ કરતાં તેનો લય પણ તેમ જ થઈ જાય છે.

આ કાવ્યના અંતમાં, જે અનંત સુખને સત્પુરુષો ચાહે છે તે અનંત સુધામય પદને શ્રીમદે અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા છે.

માત્ર ચૌદ દોહરામાં તત્ત્વજ્ઞાનનું આવી સરળતાથી થયેલું નિરૂપણ બીજે ખાસ જોવા મળતું નથી. આ કાવ્ય વાંચતાં શ્રીમદ્‌ની આત્મિક ઉચ્ચ દશાનો ખ્યાલ આવે છે. સંસાર ઉત્પત્તિનાં અને લય વિશે માત્ર બે જ પંક્તિમાં સહજ રીતે કહી દેવું તે શું આત્માની ઉચ્ચ અવસ્થા વિના સંભવી શકે ખરું? અનુપમ સંદેશો આપનાર આ અંતિમ કાવ્યના પ્રત્યેક દોહરા એકબીજા સાથે સંધાયેલા હોવા છતાં સ્વતંત્ર રીતે પણ આસ્વાદ્ય બની શકે તેવા છે, તે જ તેની ખૂબી છે.

આ બધી રચનાઓ ઉપરાંત ત્રણ છૂટક દોહરા[48] વિ. સં. ૧૯૪૯ની સાલમાં રચાયેલા મળે છે. તેમાં સત્સંગ અને ગુરુનું માહાત્મ્ય બતાવાયું છે. પણ તે ખાસ વિશેષતાવાળા નથી. એ જ પ્રમાણે હાથનોંધ ૧ માં "કોઈ બ્રહ્મરસના ભોગી"[49] એ વિશે ત્રણ-ચાર પંક્તિઓ મળે છે, તેમાં પણ કોઈ ઊંડી તત્ત્વવિચારણા કે રહસ્ય જોવા મળતાં નથી. સામાન્ય પ્રકારની આ રચનાનું વિશેષ મહત્ત્વ ગણાય નહીં. પણ આ પંક્તિઓ વાંચીએ ત્યારે ખ્યાલ આવે છે કે ભાવની અમુક વિશિષ્ટ પળોએ આ પંક્તિઓ લખાઈ છે. આ પંક્તિઓ તેની ભાવનામયતાને લીધે નોંધપાત્ર બને છે.

વીસ વર્ષની વય પછી રચાયેલાં શ્રીમદ્‌નાં બધાં જ કાવ્યો વાંચતાં આપણા મન પર શ્રીમદ્‌ની એક પ્રખર તત્ત્વજ્ઞાની તરીકેની છાપ પડે છે. તેમણે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓનો ખ્યાલ આપતાં બેત્રણ અંગત કાવ્યો બાદ કરતાં બધે જ તત્ત્વની સમર્થ વિચારણા નજરે પડે છે, જેના મૂળમાં ધર્મ રહેલો છે.

આ બધાં જ કાવ્યોમાં નજરે તરી આવતું સૌપહેલું તત્ત્વ છે તેમણે દર્શાવેલું સદ્‌ગુરુનું માહાત્મ્ય. આત્મકલ્યાણ માટે સદ્‌ગુરુના ચરણમાં સર્વસમર્પણ ભાવથી વર્તવું જોઈએ, સ્વચ્છંદથી વર્તવાથી અકલ્યાણ થાય છે. "ગુરુ વિના જ્ઞાન ન મળે" એ તેમનો પ્રધાન સૂર "બિના નયન", "યમ નિયમ", "પ્રભુ પ્રત્યે દીનત્વ", "મૂળમાર્ગ રહસ્ય" આદિ લગભગ બધાં જ કાવ્યોમાં મળે છે. જુઓ —

"પલમેં પ્રગટે મુખ આગલસેં,
જબ સદ્‌ગુરુચર્ણ સુપ્રેમ બસેં" — "યમ નિયમ."
"સેવે સદ્‌ગુરુકે ચરન સો પાવે સાક્ષાત્" — "બિના નયન."
વગેરે.

આ સદ્‌ગુરુનાં લક્ષણો પણ શ્રીમદ્દે "મૂળમાર્ગ રહસ્ય", "પંથ પરમપદ બોધ્યો" વગેરે કાવ્યોમાં બતાવ્યાં છે. જેમ કે, સદ્‌ગુરુને પુદ્‌ગલનો મોહ ન હોય, ગ્રંથિભેદ થયો હોય, રાગદ્વેષનો અભાવ હોય વગેરે. આ બધાં લક્ષણો તેમણે "આત્મસિદ્ધિશાસ્ત્ર"માં પણ બતાવ્યાં છે.

બીજું મહત્ત્વનું લક્ષણ તે "આત્મા"ને ઓળખવાની તેમણે કરેલી ભલામણ. આત્મા દેહાદિ પદાર્થથી ભિન્ન છે, ચેતનરૂપ છે, આનંદસ્વરૂપ છે, અવિનાશી છે, વગેરે આત્માનાં લક્ષણો આ કાવ્યોમાં ઘણી જગ્યાએ બતાવ્યાં છે. સાથે સાથે લગભગ બધાં કાવ્યોમાં આત્માને કેંદ્રસ્થાને રાખીને તે અન્ય પદાર્થોથી કયા લક્ષણોથી ભિન્ન છે તે પણ બતાવ્યું છે.

જીવે પોતાનું શ્રેય કરવા માટે કોઈ પણ જાતના મતમતાંતરમાં ન પડતાં શું કરવું જોઈએ તે આ બધાં કાવ્યો દ્વારા શ્રીમદ્દે સ્પષ્ટ કર્યું છે. આત્માને ઓળખી, સમ્યગ્દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રની એકતા પ્રાપ્ત કરી, તે માર્ગે ચાલ્યા જવાથી કલ્યાણ થાય છે,

---

૪૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૩૧, આંક ૧૫૪.
૪૯. એજન, પૃ. ૭૯૮. હાથ નોંધ આંક ૨૦

તે ખૂબ સ્પષ્ટતાથી સમજાવ્યું છે. અને એ બધું ગુરુની આજ્ઞામાં રહીને પોતાનાં સ્વચ્છંદ, મત, આગ્રહ છોડીને કરવાનું છે તેમણે કરેલા માર્ગદર્શનમાં સર્વ જીવનું કલ્યાણ ઇચ્છવાની બુદ્ધિ, ધર્મ વિશે અપક્ષપાતપણું, નિરભિમાનપણું વગેરે તેમના ગુણોનું દર્શન થાય છે.

આ કાવ્યોમાં તત્ત્વજ્ઞાનનો જ સંભાર ભર્યો હોવા છતાં તે શુષ્ક બની જતાં નથી. શબ્દોની સરળ ભાવવાહી રચના, ગેય છંદો — તેમાં મુખ્યત્વે દોહરા અને ઉચ્ચ કાવ્યત્વની કક્ષાએ પહોંચતી પંક્તિઓ આ આધ્યાત્મિક ગુણવાળાં પદોને સાહિત્યિક દૃષ્ટિએ પણ ઉચ્ચ કક્ષાનાં બનાવે છે. ભાવની ઉત્કટતાવાળી આ પંક્તિઓ જુઓ —

"પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ."

"પ્રભુ પ્રત્યે દીનત્વ"ની આ પંક્તિઓ કરતાં પણ તેમની શક્તિનો સાચો પરિચય તો તત્ત્વની ગૂઢ વાતોને સરળ છતાં સંક્ષેપવાળી વાણીમાં ઉતારતી તેમની આ પંક્તિઓમાં થાય છે. જુઓ —

"જહાં રાગ ને વળી દ્વેષ, તહાં સર્વદા માનો ક્લેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ, સકળ દુઃખનો છે ત્યાં નાશ."
—"લોકસ્વરૂપ રહસ્ય".

"ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર."
—"અંતિમ સંદેશો".

"જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;"
—"અંતિમ સંદેશો" વગેરે.

આમ આ કાવ્યોમાં સારા પ્રમાણમાં કવિત્વના ચમત્કારો જોવા મળે છે. તેમના વિશાળ વાચનનો અને અનુભવના અમૃતનો લાભ આપતાં આ કાવ્યો વિશે સંતબાલજી યોગ્ય જ લખે છે કે :—

"रसात्मकं वाक्यं काव्यम्" કે "ध्वन्यात्मकं काव्यं" ગમે તે કાવ્યલક્ષણ લઈએ પણ તેઓ હાડોહાડ કવિ હતા. ગદ્ય અને પદ્ય બંનેમાં રસઝરણી નિરંતર વહેતી.[૫૦]

---

૫૦. "સિદ્ધિનાં સોપાન", પ્રસ્તાવના, પૃ. ૧૨.

# વિભાગ ચોથો

## શ્રીમદ્‌ની કિશોરાવસ્થા પછીની

### તત્ત્વવિચારણા – ગદ્યમાં

# શ્રીમદ્‌ની તત્ત્વવિચારણા – ગદ્યમાં

## ચોથા વિભાગની પૂર્વભૂમિકા

વીસ વર્ષની વય પહેલાં શ્રીમદ્દે ગદ્ય લખાણ ઠીક ઠીક કર્યું હતું. તેમાં સૌથી મહત્ત્વનાં "ભાવનાબોધ" અને "મોક્ષમાળા" એ બે પુસ્તકો હતાં. તે ઉપરાંત કેટલાક અપૂર્ણ લેખો, અપૂર્ણ ભાષાંતરો તથા ટીકાઓ પણ આપણને પ્રાપ્ત થાય છે. આ બધામાં તેમનું ગદ્ય સરળ, ભાવવાહી તથા દૃષ્ટાંતોથી ભરપૂર છે. તેમણે "ભાવનાબોધ"માં બારે ભાવનાઓ દૃષ્ટાંતોથી જ સમજાવેલી છે. અને "મોક્ષમાળા"માં પણ લગભગ પાંચમા ભાગના પાઠોમાં દૃષ્ટાંતો આપેલાં છે. "મુનિસમાગમ" આદિ લેખોમાં પણ કથાતત્ત્વ જોવા મળે છે. આ બધા ઉપરાંત શ્રીમદ્દે ગદ્ય-સાહિત્યમાં ધર્મને લગતી વિચારણા જ આપી હતી. તેમણે પદ્યની જેમ ગદ્યમાં ધર્મેતર સાહિત્યની કરેલી રચના હાલમાં મળતી નથી. ઇનામી નિબંધો આદિ હરીફાઈમાં તેમણે ગદ્ય-નિબંધો લખ્યા હતા, જે ધર્મેતર હતા, પણ તે કોઈ આજે મળતા નથી.

શ્રીમદ્‌નું ગદ્ય-લખાણ વીસ વર્ષની વય પછી પણ ચાલુ રહ્યું હતું. અને તે સર્વમાં તેમણે ધર્મને લગતી વિચારણા જ વ્યક્ત કરેલી જોવા મળે છે. જોકે શ્રીમદ્દે વીસ વર્ષની વય પછીથી ધર્મેતર સાહિત્ય રચ્યું જ ન હતું, અને જે કંઈ તેમણે લખ્યું હતું તે આત્મલક્ષી જ હતું. પરંતુ તેમણે લખેલા ધર્મને લગતા ગદ્યમાં પણ ઠીક ઠીક વિવિધતા જોવા મળે છે. શ્રીમદ્દે સોભાગભાઈ, અંબાલાલભાઈ, લલ્લુજી મહારાજ, જૂઠાભાઈ, મનઃસુખરામ સૂર્યરામ, ત્રિભોવનભાઈ વગેરે મુમુક્ષુઓ પર પોતાની તત્ત્વવિચારણા રજૂ કરતા લગભગ ૮૦૦ જેટલા લખેલા પત્રો પ્રસિદ્ધ થયા છે. શ્રીમદ્‌ના ગદ્ય-સાહિત્યમાં પત્રોનો જથ્થો સૌથી મોટો છે. એ ઉપરાંત પોતાની નોંધપોથી તરીકે ત્રણચાર ડાયરી લખેલી પણ મળે છે, જે પણ મુખ્યત્વે ગદ્યમાં લખાયેલી છે. આ ઉપરાંત બાવીસમા વર્ષની આસપાસથી વિવિધ લેખો અપૂર્ણ મળે છે.

બાવીસમા વર્ષની આસપાસ "પ્રતિમાસિદ્ધિ" નામનો લખેલો લઘુ ગ્રંથ અપૂર્ણ હાલતમાં મળે છે. તે પછી "સંયતિધર્મ" નામે "દશવૈકાલિકસૂત્ર"ના બે અધ્યયનનો અનુવાદ એ જ વર્ષમાં મળે છે. તેવીસમે વર્ષે તેમણે લખેલી "સમુચ્ચયવયચર્યા", "રોજનીશી" તથા તેમની એક "ડાયરી"નાં કેટલાંક પાનાં લખાયેલાં મળે છે. તે પછી છવ્વીસમા વર્ષે "સમયસાર નાટક"ની કેટલીક પંક્તિઓ પરનું વિવેચન મળે છે. સત્તાવીસમા વર્ષે "સૂયગડાંગ" આદિની ગાથાની સમજણ ઉપરાંત "છ પદ"નો પત્ર મળે છે. તે પછી આનંદઘનજી આદિનાં પદોનું વિવેચન, "મોક્ષસિદ્ધાંત" વિશેનો લેખ, "દ્રવ્યપ્રકાશ" નામનો લેખ, "છ કાય"ના જીવનું વર્ણન કરતો લેખ, "જૈન માર્ગ વિવેક", "સુવચનો"

વગેરે મળે છે. આમાંથી લગભગ બધા જ લેખો અપૂર્ણ રહેલા છે. વળી, તે બધામાં તત્ત્વની દૃષ્ટિએ ગંભીર વિચારણા કરેલી છે; તેમાં કથાતત્ત્વ આદિ જોવા મળતાં નથી. શ્રીમદ્દની પ્રકૃતિ જેમ જેમ ગંભીર થતી ગઈ હતી તથા તેમની ઉદાસીનતા જેમ જેમ વધતી ગઈ હતી, તેમ તેમ તેમના લખાણમાંથી કથા આદિ તત્ત્વ લુપ્ત થતાં ગયાં હતાં, અને લેખ આદિ વિશેષ અપૂર્ણ રહેવા લાગ્યા હતા. કોઈ સમયે ચાલુ કરેલો લેખ ઉદાસીનતા વધતાં છોડી દેવાતો અને પછી કદી પૂરો થતો નહિ. વળી બીજો વિકલ્પ આવે ત્યારે બીજો લેખ ચાલુ થાય, તેવું કેટલીક વાર બનતું. તેથી ઘણી કૃતિઓ અપૂર્ણ જ ઉપલબ્ધ થાય છે. એટલે ગદ્યમાં તેમની તત્ત્વવિચારણા જાણવાનું સૌથી મહત્ત્વનું સાધન પત્રો છે.

આ ઉપરાંત તેઓ નિવૃત્તિ માટે વસતા હોય ત્યારે મુમુક્ષુઓને ઉપદેશ આપતા કે તેમની સાથે તત્ત્વવિચારણા કરતા. તે વખતે તેમણે આપેલા ઉપદેશની કે તેમણે વ્યક્ત કરેલી તત્ત્વવિચારણાની નોંધ આ મુમુક્ષુઓ લખી લેતા, અને શ્રીમદ્દનો પ્રત્યક્ષ સમાગમ ન હોય ત્યારે તેનું વાંચન કરી, તેના પર વિચારણા કરતા. તેમના ઉપદેશની આ રીતે લેવાયેલી નોંધ પણ "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં સમાવેશ પામી છે. અને તે પણ તેમની તત્ત્વવિચારણા જાણવામાં ઉપયોગી છે.

અહીં શ્રીમદ્દના ગદ્ય-સાહિત્યના ચાર વિભાગ કર્યા છે. પહેલા વિભાગમાં પત્રોમાં વ્યક્ત થયેલી તત્ત્વવિચારણા, બીજા વિભાગમાં રોજનીશી – ડાયરી આદિનું લખાણ, ત્રીજામાં તે સિવાયની પૂર્ણ કે અપૂર્ણ કૃતિઓ, અને ચોથા વિભાગમાં તેમણે આપેલા ઉપદેશની નોંધનો સમાવેશ કર્યો છે. આ ચારે માટે સ્વતંત્ર પ્રકરણ-યોજના વધુ યોગ્ય ધારી છે.

## પ્રકરણ ૮

# શ્રીમદ્‌ની તત્ત્વવિચારણા – પત્રોમાં

વિ. સં. ૧૯૪૩થી શરૂ કરી વિ. સં. ૧૯૫૭ સુધીના તેર વર્ષના ગાળામાં શ્રીમદ્ દ્વારા મુમુક્ષુઓને લખાયેલા લગભગ ૮૦૦ જેટલા પત્રોનો જથ્થો આજે ઉપલબ્ધ છે. તે બધા પત્રોમાં સંસારની, વ્યવહારની, વેપારની, તત્કાલીન બનાવોની કે એવી બીજી કોઈ વાતો નથી, પણ તેમાં આત્મા, ધર્મ, વૈરાગ્ય, મોક્ષમાર્ગ વગેરે પરમાર્થને લગતી તત્ત્વ-વિચારણાને જ મુખ્ય સ્થાન અપાયું છે. શ્રીમદ્‌નું વલણ બાળવયથી જ આધ્યાત્મિક હતું, તેથી તેમના પરિચિત વર્તુળમાં પણ જેમને આધ્યાત્મિક માર્ગમાં રસ હોય તે જ રહી શકતા. આવા મુમુક્ષુઓએ લખેલા પત્રો, પૂછાવેલા પ્રશ્નો વગેરેના ઉત્તર શ્રીમદ્દે આધ્યાત્મિક શ્રેણીમાં જ આપ્યા હતા. તે બધા પત્રોનો સંગ્રહ "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં પ્રગટ થયો છે.

૮૦૦ પત્રોમાંથી લગભગ ૨૫૦ જેટલા પત્રો તો શ્રીમદ્‌ના પરમાર્થ સખા શ્રી સોભાગભાઈ ઉપર લખાયેલા છે; ૧૨૫ જેટલા પત્રો શ્રીમદ્‌ના મંત્રી જેવા અંબાલાલભાઈ ઉપર લખાયેલા છે; ૧૦૦ જેટલા પત્રો મુનિ શ્રી લલ્લુજી મહારાજ ઉપર લખાયેલા છે. આમ અડધા ઉપરના પત્રો તો આ ત્રણ વ્યક્તિઓ પર જ લખાયેલા છે. વળી, આ પત્રો પ્રમાણમાં લાંબા પણ છે. બાકીના ૩૨૫ જેટલા પત્રો શ્રી જૂઠાભાઈ, ગાંધીજી, મનઃસુખરામ સૂર્યરામ, મનસુખલાલ કીરતચંદ, ખીમજી દેવજી, ત્રિભોવન માણેકચંદ, ચત્રભુજ બેચર વગેરે મળી અન્ય ૪૦ જેટલી વ્યક્તિઓ પર લખાયેલા છે.

આ બધા પત્રોમાં સંબોધન તથા દસ્કતમાં પણ શ્રીમદ્‌ની આધ્યાત્મિકતા જણાયા વિના રહેતી નથી. જોકે તેમણે સંબોધનો કે દસ્કતો ઘણા ઓછા પત્રોમાં કર્યા છે, પણ જ્યાં મળે છે ત્યાં તે ધર્માનુરાગીને શોભે તેવા જ છે. ઉદાહરણ તરીકે —

| સંબોધન | આંક | સંબોધન | આંક |
|---|---|---|---|
| આત્મહિતાભિલાષી આજ્ઞાંકિત | ૫૨ | ધર્મ ઇચ્છક ભાઈશ્રી | ૧૧૫ |
| મુમુક્ષુ ભાઈઓ | ૧૩૯ | ધર્મજિજ્ઞાસુ ભાઈ ત્રિભુવન | ૧૪૨ |
| સત્ જિજ્ઞાસુ માર્ગાનુસારી મતિ | ૧૭૨ | મહાભાગ્ય જીવનમુક્ત | ૧૯૧ |

| દસ્કત | | દસ્કત | |
|---|---|---|---|
| ત્યાગીના યથાયોગ્ય | ૨૭ | શ્રી બોધસ્વરૂપ | ૩૧૮ |
| સત્સ્વરૂપપૂર્વક નમસ્કાર | ૩૬૫ | | |
| ધર્મોપજીવનના ઇચ્છક રાયચંદ રવજીભાઈના યથાવિધિ પ્રમાણ | | | ૬૬ |

શ્રીમદ્દે પોતે મુમુક્ષુઓને લખેલા પત્રોમાં મુખ્યત્વે ધર્મને લગતી તત્ત્વવિચારણા કરી છે અને કેટલીક વખત મુમુક્ષુઓએ પૂછાવેલા તત્ત્વના પ્રશ્નોના ઉત્તરો આપ્યા છે તે આપણે જોયું. આ વિચારણા જુદા જુદા મુમુક્ષુઓને અને જુદે જુદે સમયે લખાયેલા પત્રોરૂપે છે, તેથી એક પત્રમાં જુદા જુદા મુદ્દાઓની, અને એક મુદ્દાની જુદા જુદા પત્રોમાં ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી થયેલી વિચારણા જોવા મળે તે સ્વાભાવિક છે. આથી કેટલીક વાર એકના એક મુદ્દાનું કે વિચાર વસ્તુનું પુનરાવર્તન પણ તેમાં જોવા મળે તે સહજ છે. કેટલીક વાર એક વિષય પરત્વે વધુ વિચારણા તો અન્ય વિષય પરત્વે ઓછી વિચારણા થયેલી છે, કારણ કે આ સમગ્ર વિચારણા મુમુક્ષુઓને ઉત્તરરૂપે લખાયેલી છે. આ જ કારણે તેમના અન્ય સાહિત્યની જેમ અહીં તે વિચારણા સુસંકલિત સ્વરૂપમાં આપણને મળતી નથી. તેમ છતાં શ્રીમદ્દે લખેલા પત્રોમાં પૂર્વાપરવિરોધવાળાં વચનો જોવા મળતાં નથી. વળી, તેમાંથી શ્રીમદ્દનું પોતાનું દૃષ્ટિબિંદુ જાણવાનો લાભ મળે છે. આમ આ પત્રો શ્રીમદ્દનું તત્ત્વચિંતન જાણવા માટે ઘણા ઉપયોગી છે. તેમના એ તત્ત્વજ્ઞાન વિશે પંડિત સુખલાલજી લખે છે કે:—

> "શ્રીમદ્દનું પોતાનું જ કહી શકાય એવું કંઈ પણ તત્ત્વજ્ઞાન તેમનાં લખાણોમાં નથી. તેમના જીવનમાં ભારતીય ઋષિઓએ ચિંતવેલું જ તત્ત્વજ્ઞાન સંક્રમે છે. તેમાંય તેમના પ્રાથમિક જીવનમાં જે થોડાક વૈદિક કે વૈષ્ણવ તત્ત્વજ્ઞાનના સંસ્કારો હતા, તે ક્રમે સમૂળગા ખરી જઈ, તેનું સ્થાન જૈન તત્ત્વજ્ઞાન લે છે, અને એ એમના વિચાર તેમ જ જીવનમાં એટલું બધું ઓતપ્રોત થઈ જાય છે કે, તેમની વાણી અને વ્યવહાર જૈન તત્ત્વજ્ઞાનનાં દર્પણ બની જાય છે."[1]

પંડિત સુખલાલજીએ આપેલો તેમના તત્ત્વજ્ઞાન વિશેનો આ અભિપ્રાય તેમના પત્રો વાંચતાં સંમત થવાયોગ્ય લાગે છે. શ્રીમદ્દે અનેક સ્થળોએ કહ્યું છે કે, તેઓ સર્વજ્ઞ તીર્થંકર પ્રભુએ જે કહ્યું છે તે જ જણાવે છે, તેનાથી કંઈ વિશેષ કહેવાની પોતાની શક્તિ નથી, સર્વ જ્ઞાનીઓએ આ જ વસ્તુ જણાવી છે. આમ તેમણે ભારતીય જ્ઞાનીઓએ બતાવેલું ચિંતન જ રજૂ કર્યું છે, પણ તે તેમણે પોતાની ચિંતનશક્તિ અને આત્મિકશક્તિથી મેળવ્યું હતું તેમ આપણે કહી શકીએ.

શ્રીમદ્દે તેમના પત્રોમાં જીવ, અજીવ, મોક્ષ, તેનો ઉપાય, સંસાર, સુખદુઃખ, કર્મ, કર્મનાં વિવિધ સ્વરૂપ, જગતનું એકંદર સ્વરૂપ, ઈશ્વર, જીવનું એકત્વ, અનેકત્વ, સદ્દગુરુ, સત્સંગ, ભક્તિ, જ્ઞાન વગેરે તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં આવતા અનેક મુદ્દાઓને અનેક વાર ચર્ચ્યા છે. તે બધા મુદ્દા વિશે પંડિત સુખલાલજી લખે છે કે :—

> "તેમણે એ બધા મુદ્દા પરત્વે ઊંડી અને વેધક ચર્ચા કરી છે, પણ તે માત્ર જૈનદૃષ્ટિને અવલંબીને અને જૈનદૃષ્ટિનું પોષણ થાય એ રીતે જ. કોઈ એક જૈન ધર્મગુરુ કરે તેમ. ફેર એટલો અવશ્ય છે કે ક્રમે ક્રમે તેમના ચિંતન અને વાચનના પ્રમાણમાં એ ચર્ચાઓ કોઈ એક જૈન વાડાગત શાસ્ત્રમાં પરિમિત ન રહેતાં, સમગ્ર જૈનશાસ્ત્રને સ્પર્શીને ચાલે છે."[2]

---

૧. "શ્રીમદ્ રાજચંદ્ર – એક સમાલોચના", "શ્રી રાજચંદ્રનાં વિચારરત્નો", પૃ. ૧૪૩.
૨. એજન પૃ, ૧૪૪.

આ જ અભિપ્રાયને થોડો વિસ્તારી આપણે શ્રીમદ્‌ માટે કહી શકીએ કે તેઓ ક્રમે ક્રમે કોઈ પણ ધર્મનો આગ્રહ રાખવામાંથી મુક્ત થઈ ગયા હતા. શ્રીમદ્દે કરેલી આ વિચારણા વાંચ્યા પછી સૌ કોઈ મોહનલાલ દલીચંદ દેસાઈની જેમ કહેવા પ્રેરાય કે :—

> "પોતે કવિ તરીકે ઓળખાયા પણ ખરી રીતે પ્રધાનપણે કવિ નહિ, પણ ફિલસૂફ હતા."[3]

શ્રીમદ્દે કરેલી વિચારણા જાણવી સુગમ પડે એ હેતુથી એક એક વિષય લઈને તેના વિશેના શ્રીમદ્‌ના વિચારો અહીં એકત્ર કર્યા છે. એક એક પત્રની વિચારણા તપાસતાં તેનો ખ્યાલ આવી શકે તેમ ન હોવાથી, ઉપરની યોજના વિશેષ અનુકૂળ લાગે છે.[4] તેમણે વિચારેલા જુદા જુદા વિષયો જોઈએ.

## દુઃષમકાળ[5]

હાલમાં વર્તતો કાળ તે દુઃષમ છે એમ શ્રીમદ્દે અનેક પત્રોમાં જણાવ્યું છે. મહાવીર પ્રભુએ આ કાળને "પંચમકાળ" તરીકે અને વ્યાસ મુનિએ "કળિયુગ" તરીકે ઓળખાવેલ છે. આ ઉપરાંત બીજા અનેક જ્ઞાનીઓએ પણ હાલમાં વર્તતા કાળને અનિષ્ટ કાળ ગણાવ્યો છે. મહાવીર પ્રભુ, વ્યાસ મુનિ તથા અન્ય જ્ઞાનીઓએ આ કાળને અનિષ્ટ શા માટે કહ્યો છે તે બતાવવા તે કાળનાં કેટલાંક લક્ષણો પણ શ્રીમદ્દે બતાવ્યાં છે, અને આ કાળને દુઃષમ કહ્યો છે.

જૈનદર્શન અનુસાર, અવસર્પિણી અને ઉત્સર્પિણી એમ બે વિભાગથી એક કાળચક્ર થાય છે. અવસર્પિણીમાં ધીરે ધીરે અનિષ્ટતા વધતી જાય છે, અને ઉત્સર્પિણીમાં તે અનિષ્ટતા ઘટતી જાય છે. હાલમાં અવસર્પિણી કાળ ચાલે છે. અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં છ આરા હોય છે. અવસર્પિણીમાં પ્રત્યેક આરાનું કાળપ્રમાણ નાનું થતું જાય છે અને ઉત્સર્પિણીમાં તે મોટું થતું જાય છે. અવસર્પિણીમાં પહેલો આરો ચાર કોડાકોડિ સાગરનો, બીજો ત્રણનો, ત્રીજો બેનો, ચોથો ૧ કોડાકોડિ સાગરમાં ૪૨૦૦૦ વર્ષ ઓછાનો, પમો ૨૧૦૦૦ વર્ષનો અને છઠ્ઠો પણ ૨૧૦૦૦ વર્ષનો હોય છે. ઉત્સર્પિણીમાં આથી બરાબર ઊલટું કાળપ્રમાણ હોય છે. પહેલો છઠ્ઠા પ્રમાણે, બીજો પાંચમા પ્રમાણે, વગેરે. હાલમાં અવસર્પિણીનો પાંચમો આરો ચાલે છે. અને તેનાં લક્ષણો મહાવીર પ્રભુએ તથા અનેક આચાર્યોએ જણાવ્યાં છે. એ જ પ્રમાણે વેદાંતમાં સત્યુગ, દ્વાપરયુગ, ત્રેતાયુગ અને કલિયુગ એમ ચાર વિભાગ છે. તેમાં પણ એક એક યુગે સદ્‌ગુણોનો લોપ થતો જાય છે. તેના પ્રમાણે હાલમાં કળિયુગ ચાલે છે, અને તેનાં લક્ષણો પંચમકાળનાં બતાવેલાં લક્ષણોને ઘણાં મળતાં આવે છે.

૩. "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ", પૃ. ૭૧૧.

૪. આ વિચારણામાં તેમના સ્વતંત્ર લેખો, કાવ્યો કે અન્ય કૃતિઓમાં આવતી વિચારણા, જે અન્ય સ્થળે જોવાઈ ગયેલ હોય તેનો સમાવેશ થતો નથી. તેમ છતાં વિશાળ દૃષ્ટિએ જોતાં તેમની સાહિત્યિક કૃતિઓમાં જે તત્ત્વદર્શન છે તે જ આ પત્રોમાં અન્યરૂપે મુકાયેલું જોઈ શકાશે.

૫. "શ્રીમદ્‌ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પત્રાંક : ૧૨૬, ૧૭૬, ૨૩૮, ૩૯૮, ૪૨૨ વગેરે.

આ કાળનાં વિવિધ લક્ષણો શ્રીમદ્દે જુદા જુદા પત્રોમાં વ્યક્ત કર્યાં છે. તેમાં આત્માર્થતા, ભક્તિ, સત્સંગ, નીતિ, સરળતા, નમ્રતા વગેરે સદ્‌ગુણો ક્રમે ક્રમે ક્ષીણ થતા જશે, અને સંસારાર્થ, કુસંગ, અનીતિ, કપટપણું, વિષયકષાયભાવ, અભિમાન વગેરે દુર્ગુણો વધતા જશે, એટલે કે સાત્ત્વિક વૃત્તિનું સ્થાન રાજસી અને તામસી વૃત્તિ લેશે, આ કાળમાં એથી સદ્ધર્મ, સત્સંગ, મુમુક્ષુતા વગેરેનો લોપ થતો જશે તે શ્રીમદ્દે વારંવાર ખેદ સાથે જણાવ્યું છે.

આ બધાને લીધે તેમણે આ કાળને દુઃષમ કહીને વર્ણવ્યો છે, તેને માટે પાંચ કારણો તેમણે એક પત્રમાં ( આંક ૪૨૨ ) વર્ણવ્યાં છે. પૂર્વના આરાધક જીવો આ કાળમાં જન્મતા નથી તે પહેલું કારણ છે. પૂર્વે જેમણે મોક્ષમાર્ગનું આરાધન કર્યું નથી તેવા જ મોટાભાગના જીવો આ કાળમાં મનુષ્યપણું પામ્યા છે, તે બીજું કારણ છે. આવા જન્મેલા મનુષ્યોને મોક્ષમાર્ગ આરાધવાનું સૂઝતું નહિ હોવાથી સત્સંગની અતિ દુર્લભતા થઈ પડી છે, તે ત્રીજું કારણ છે. આવા જીવને જો કોઈ સંજોગોમાં સત્પુરુષનો યોગ થાય તો તેને ઓળખી શકતા નથી અને પોતાના મતાગ્રહમાં જ તણાઈ જાય છે તે ચોથું કારણ છે. અને કવચિત્ તો સત્સમાગમનો યોગ બને, જ્ઞાનીની ઓળખ થાય તોપણ પ્રબળ પુરુષાર્થ ઉપાડી શકે તેટલું વીર્ય કે શક્તિ આ કાળમાં નથી તે આ કાળને દુઃષમ કહેવાનું પાંચમું કારણ છે.

આ દુઃષમ કાળમાં મોક્ષમાર્ગ મળવો બહુ દુર્લભ છે. અને તે દુર્લભતા બતાવી વિશેષ પ્રબળ પુરુષાર્થ ઉપાડવાની ભલામણ શ્રીમદ્દે ઠેકઠેકાણે કરી છે. દુઃષમકાળ જોઈને નિરાશ થવાને બદલે વિશેષ જોરથી પ્રબળ પુરુષાર્થ કરવાનું કર્તવ્ય શ્રીમદ્દે મુમુક્ષુને બતાવ્યું છે. અને કોનો ક્યારે કેટલો સંગ રાખવો તે વિશે બહુ વિચારપૂર્વક વર્તવાની ભલામણ કરી છે. આ દુઃષમકાળમાં સાચો સદ્‌ભાગી કોણ તે બતાવતાં એક પત્રમાં તેમણે લખ્યું છે કેઃ—

> "દુઃષમકાળને વિશે વિહ્‌વળપણું જેને પરમાર્થ વિશે નથી થયું, ચિત્ત વિક્ષેપ પામ્યું નથી, સંગે કરી પ્રવર્તનભેદ પામ્યું નથી, બીજી પ્રીતિના પ્રસંગે જેનું ચિત્ત આવૃત થયું નથી, બીજાં જે કારણો તેને વિશે જેનો વિશ્વાસ વર્તતો નથી, એવો જો કોઈ હોય તો તે આ કાળને વિશે બીજો શ્રી રામ છે." [૬]

આવા સત્પુરુષને શ્રીમદ્ "મૂર્તિમાન મોક્ષ" તરીકે ગણાવે છે.

## સંસાર [૭]

શુભ કે અશુભ કર્મના ફળરૂપે જીવ ચારે ગતિમાં જુદા જુદા દેહ ધારણ કરી છોડતો આવ્યો છે, અને જ્યાં જ્યાં જાય ત્યાં મારાપણું કરતો આવ્યો છે. આ મોહનીયના પ્રબળ ઉદયથી તેનું ચારે ગતિમાં પરિભ્રમણ તે સંસાર છે. આ સંસારને શ્રીમદ્ સહિત સર્વ

૬. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ, ૫, ખંડ ૧, પૃ. ૧૪૭.

૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, ૧, પત્રાંક : ૩૭, ૮૨૪, ૧૦૩, ૩૩૧, ૩૮૩, ૭૮૩, વગેરે.

જ્ઞાનીઓએ એકાંતે દુઃખકર્તા ગણાવ્યો છે. સંસારમાં લેશ પણ સુખ નથી, જે કંઈ સુખ દેખાય છે તે માત્ર કલ્પનાથી છે, વાસ્તવિક નથી, તેવો સર્વ જ્ઞાનીઓનો અભિપ્રાય છે.

જ્યાં, દેખાતા પ્રત્યેક સુખની પાછળ દુઃખ રહેલું છે તે સંસારનો અંત આણવા માટેનો બોધ પ્રત્યેક જ્ઞાનીએ કર્યો છે. દેહ, કુટુંબ, લક્ષ્મી, વૈભવ, વિલાસ આદિના મમત્વમાં સુખ માનનાર જીવ તે બધાનું ગ્રહણ અને ત્યાગ તેના કર્માનુસાર કરતો આવ્યો છે. પણ તે બધામાંથી મારાપણું છોડવાથી જ સંસારક્ષય થાય છે. તેથી શ્રીમદ્‌ એવા નિશ્ચય પર આવ્યા હતા કે કુટુંબરૂપી કાજળની કોટડીમાં રહેવાથી સંસારની વૃદ્ધિ થાય છે અને તેના ત્યાગથી જેટલો સંસારક્ષય થાય છે તેના સોમા હિસ્સે પણ કુટુંબવાસથી સંસારક્ષય નથી થતો. વળી, સંસારની ધનિકાવસ્થા, નિર્ધનાવસ્થા, વૈભવ, પ્રભુતા, બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા આદિમાંથી કોઈ પણ અવસ્થા તેમને સુખકર લાગતી નથી. આથી એ સર્વમાંથી મોહ ઓછો કરી, આત્મજ્ઞાન પામવા માટેનો પુરુષાર્થ કરવાનો તેમનો ઉપદેશ છે.

સંસારમાં કોઈ પણ વ્યક્તિ એવી નથી કે જેને કોઈ ને કોઈ પ્રકારનું દુઃખ ન હોય, તેથી અવ્યાબાધ સુખ મેળવવા, તેમણે તેનો ક્ષય જ ઇચ્છ્યો છે, પણ સંસારમાં થોડોક પણ પ્રેમ હોય તો જીવને સાચો પરમાર્થ સમજાતો નથી, અને કોઈ જ્ઞાનીની તેનાથી અવજ્ઞા થઈ જાય તો તેનો અનંત સંસાર વધી પડે છે. આત્મસ્વરૂપના અજ્ઞાનને લીધે, વર્તમાન દેહ આદિ બાહ્ય પદાર્થોમાં લીનતાને લીધે સંસારમાં જીવને મારાપણું લાગે છે, સુખ લાગે છે, પણ વાસ્તવિક રીતે જોઈએ તો તેમાં દુઃખ જ રહેલું છે.

સંસારમાં આવતી પ્રત્યેક મુશ્કેલી જીવને પરમાર્થ દૃષ્ટિથી વિચારતાં સંસાર તરવા માટેનું ઉત્તમ નિમિત્ત છે. પ્રતિકૂળ સંજોગો ઊભા થાય તો સંસારની અસારતા વિચારવાનું જીવને વિશેષ બને છે, અને તેમાં સમભાવ રાખી વર્તવામાં આવે તો સંસારક્ષય ઘણી ત્વરાથી થાય છે. તેથી તો શ્રીમદ્દે એક પત્રમાં લખ્યું છે કે :—

> "ગમે તેટલી વિપત્તિઓ આવી પડે તથાપિ જ્ઞાની દ્વારા સાંસારિક ફળની ઇચ્છા કરવી યોગ્ય નથી."[૮]

જો સાંસારિક ફળની ઇચ્છામાં પડી જવાય તો પરમાર્થ ચૂકી જવાય છે. શ્રીમદ્દે સોભાગભાઈને સાંસારિક મુશ્કેલીઓ સમભાવે વેદવાનો ઉપદેશ કરતા જે પત્રો લખ્યા હતા તેમાં શ્રીમદ્‌ની સંસાર વિશેની વિચારણા જાણવા મળે છે. તેવા એક પત્રમાં શ્રીમદ્દે સંસારનું સ્વરૂપ વર્ણવતાં લખ્યું હતું કે :—

> "જ્ઞાનીપુરુષ પણ અત્યંત નિશ્ચય ઉપયોગે વર્તતાં વર્તતાં ક્વચિત્ પણ મંદ પરિણામ પામી જાય એવી આ સંસારની રચના છે."[૯]

---

૮. "શ્રીમદ્‌ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૨, પૃ. ૧૪૬.

૯. એજન, પૃ. ૧૭૭.

આથી શ્રીમદ્ સંસારથી ખૂબ કંટાળેલા હતા, અને તેનાથી નિવૃત્તિ ઇચ્છતા હતા. આમ છતાં સંસારમાં રહેવા માટે એક સ્થિતિ તેમને અનુકૂળ લાગી હતી, તે વિશે તેમણે લખ્યું છે કે :—

> "જગત આત્મરૂપ માનવામાં આવે, જે થાય તે યોગ્ય જ માનવામાં આવે, પરના દોષ જોવામાં ન આવે, પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે, તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે, બીજી રીતે નહિ."[૧૦]

આ રીતે રહેવું કેટલું કઠિન છે?

## સુખદુઃખ[૧૧]

સર્વ જ્ઞાનીઓએ સંસારને દુઃખમય અને આત્માના અનુભવોને સુખમય ગણાવ્યા છે. આ જ જાતનો અભિપ્રાય શ્રીમદ્દે પણ તેમના પત્રોમાં વારંવાર વ્યક્ત કરેલો જણાય છે; સંસારના સ્વરૂપની કે અન્ય વિચારણા કરતી વખતે આ અભિપ્રાય આપેલો જણાય છે.

પ્રત્યેક જીવ જન્મ, જરા, મરણ વગેરેના દુઃખ સાથે બીજાં અનેક દુઃખ પણ ભોગવે છે. કોઈને શરીરનો વ્યાધિ હોય છે, કોઈને ધનનું, કોઈને મનનું, કોઈને કુટુંબનું, કોઈને સ્નેહીનું એમ કોઈ ને કોઈ પ્રકારનું દુઃખ હોય જ છે, કોઈ જ જાતનું દુઃખ ન હોય તેવો કોઈ જીવ સંસારમાં છે જ નહિ. દરેક જીવ સુખને ઇચ્છે છે, છતાં આમ કોઈ ને કોઈ જાતનું દુઃખ તે શા માટે ભોગવે છે? એ પ્રશ્નનો વિચાર શ્રીમદ્દે બહુ ઊંડાણપૂર્વક કરવા જણાવ્યું છે. જીવ સાચા સુખને સમજ્યા વિના સુખ મેળવવા ફાંફાં મારે છે તેથી દુઃખ પામે છે; માટે પરમાર્થ-માર્ગે જવાની શ્રીમદ્ ભલામણ કરે છે, કારણ કે ત્યાં જ સાચું સુખ છે.

પરમાર્થ-માર્ગ તરફ વળ્યા પછી, જ્ઞાન થયા પછી નવાં કર્મ બહુ ઓછાં ઉપાર્જન થાય છે. પણ જ્ઞાન થયા પહેલાં જે કર્મ ઉપાર્જન કર્યાં હોય તેને પરિણામે જ્ઞાન થયા પછી પણ દુઃખ, અશાતા, વેદનાનો ઉદય આવે છે, જે ઉદય બાહ્યથી અજ્ઞાની જેવો જ દેખાય છે. પણ તે બંનેના ભોગવવામાં ફેર હોય છે. જ્ઞાનીને સુખ અને દુઃખ બંનેમાં સમભાવ હોય છે; સાતા વેદનીથી હર્ષ અને અસાતા વેદનીથી તેને શોક થતો નથી; ત્યારે અજ્ઞાનીને તે બંને થાય છે, અને તેમાંથી નવાં કર્મ બાંધે છે. તે ભોગવતી વખતે જ્ઞાનીને જૂનાં કર્મની નિર્જરા થાય છે અને અજ્ઞાનીને જૂનાં કર્મની નિર્જરા સાથે નવાં કર્મનો બંધ થાય છે. આ સુખદુઃખની અવસ્થામાં જ્ઞાનીનું વર્તન કેવું હોય તે જણાવતાં શ્રીમદ્દે એક પત્રમાં લખ્યું છે કે :—

---

૧૦. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ, ૫, ખંડ ૨, પૃ. ૩૭.

૧૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પત્રાંક : ૧૯૪, ૪૮૭, ૫૬૨, ૬૦૩, ૯૧૬ વગેરે.

"જ્ઞાની પુરુષને જે સુખ વર્તે છે તે નિજસ્વભાવમાં સ્થિતિનું વર્તે છે. અન્ય બાહ્યપદાર્થોમાં તેને સુખબુદ્ધિ નથી, માટે તે તે પદાર્થથી જ્ઞાનીને સુખદુઃખ આદિનું વિશેષ ઓછાપણું કહી શકાતું નથી, જોકે સામાન્યપણે શરીરનાં સ્વાસ્થ્યાદિથી શાતા, જ્વરાદિથી અશાતા જ્ઞાની અને અજ્ઞાની બંનેને થાય છે, તથાપિ જ્ઞાનીને તે તે પ્રસંગે હર્ષ-વિષાદનો હેતુ નથી અથવા જ્ઞાનના તારતમ્યમાં ન્યૂનપણું હોય તો કંઈક હર્ષ-વિષાદ તેથી થાય છે, તથાપિ કેવળ અજાગ્રતતાને પામવા યોગ્ય એવા હર્ષ-વિષાદ થતા નથી. ઉદયબળે કંઈક તેવાં પરિણામ થાય છે. તોપણ વિચારજાગૃતિને લીધે તે ઉદય ક્ષીણ કરવા પ્રત્યે જ્ઞાની પુરુષના પરિણામ વર્તે છે."[૧૨]

સુખદુઃખ પ્રત્યે જ્ઞાનીની આવી વિશિષ્ટ દૃષ્ટિ હોવાને લીધે તેમને આશ્રયે જો સમગ્ર જીવન વિતાવવામાં આવે તો જીવના જન્મમરણના ફેરા ટળી જાય છે, દુઃખ મટી જાય છે અને આત્માનું અનંત સુખ પ્રાપ્ત થાય છે. પ્રત્યેક દુઃખ ટાળવા માટે જ્ઞાનીની આજ્ઞા પ્રમાદરહિત થઈ પાળવી, એ જ શ્રેષ્ઠ ઉપાય છે. શ્રેયનો, સુખનો આવો માર્ગ તો વિરલા પુરુષો જ જાણે છે. તે વિશે શ્રીમદે લખ્યું છે કે :—

"સર્વ સુખને ઇચ્છે છે, પણ કોઈક વિરલા પુરુષ તે સુખનું યથાર્થ સ્વરૂપ જાણે છે."[૧૩]

જ્યાં સુધી દુઃખનું મૂળ કારણ યથાર્થપણે જોવામાં ન આવ્યું હોય ત્યાં સુધી તે ટાળવાનો ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે તોપણ દુઃખનો ક્ષય થઈ શકે નહિ, અને ગમે તેટલી અરુચિ, અપ્રીતિ કે અભાવ એ દુઃખ પ્રત્યે આવે છતાં તેને અનુભવ્યા કરવું પડે. વાસ્તવિક ઉપાયથી તે મટાડવાનો પ્રયત્ન કરવામાં આવે અને છતાં તે ન મટે તેથી અનેક જાતના વિકલ્પ થયા કરે કે આ દુઃખ શા માટે મટતું નથી? તેનો જો યથાર્થ વિચાર કરવામાં આવે તો સમજાય કે જ્ઞાનીને આશ્રયે, સર્વસમર્પણભાવથી વર્તવાથી આ દુઃખનો નાશ થાય તેમ છે.

### મનુષ્યદેહ – શરીર[૧૪]

સંસારમાં પરિભ્રમણ કરતા જીવને મનુષ્ય, દેવ, તિર્યંચ કે નરક એ ચાર ગતિમાંની કોઈ પણ એક ગતિનો દેહ કર્મના ભોગવટા માટે પ્રાપ્ત થાય છે. આ ચારમાંથી કોઈ પણ દેહ નિત્ય નથી, આત્મા મૂળ અશરીરી છે, પણ કર્મના ફળરૂપે તેને દેહ મળે છે.

આ ચાર પ્રકારના દેહમાંથી મનુષ્યદેહ ઉત્તમ ગણાય છે. ભૌતિક રીતે દેવનો દેહ સાતાવેદની આપે છે, પણ મુક્તિ મેળવવાનો પ્રબળ પુરુષાર્થ કરવો હોય તો તે મનુષ્યદેહ

૧૨. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૨, પૃ. ૨૮૪. અગાસ આવૃત્તિ પૃ. ૪૬૭ આંક : ૬૦૩

૧૩. એજન, ખંડ ૨, પૃ. ૨૯૭.

૧૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પત્રાંક : ૫૯૨, ૬૮૯, ૬૯૨, ૯૨૭, વગેરે.

દ્વારા જ થઈ શકે છે, અને જીવ મુક્તિ પણ એ દેહ દ્વારા જ પામે છે. તેથી જ્ઞાનીઓ આ દેહનું મહત્ત્વ ઘણું વિશેષ માને છે. અલબત્ત, એ દેહ પણ અનિત્ય છે, તેમાં કેટલાંયે દુઃખ રહેલાં છે, તે અપેક્ષાએ દેહ દુઃખદાયક પણ છે.

સામાન્ય જીવ દેહની અનિત્યતા આદિ ભૂલીને વર્તમાનદેહમાં અતિ લીનતાથી વર્તે છે. આ પૂર્વે અનેક દેહ ભોગવ્યા છે, અને સાચી સમજણ ન આવે તો આ પછી પણ અનેક દેહ ભોગવવાના છે તે ભૂલીને વર્તમાનદેહમાં મારાપણું કરી, તે દેહ કોઈ કાળે નાશ પામવાનો ન હોય તેવા મમત્વથી વર્તે છે. અને તે મમત્વ એટલી હદ સુધી પ્રવર્તેલુ હોય છે કે દેહમાં કોઈ પીડા કે રોગ ઉત્પન્ન થાય તો તે પોતાને – આત્માને જ થાય છે એમ માની ક્લેશિત થઈ વર્તે છે.

પણ જ્ઞાનીઓની દેહ પ્રતિ દૃષ્ટિ જુદા પ્રકારની હોય છે. તેઓ તેમાં મારાપણું કરતા નથી, અને કર્મના ભોગવટા રૂપે તે મળ્યો છે તેમ માની તેના પ્રતિ નિઃસ્પૃહ થઈ વર્તે છે. તે શરીરમાં વેદના ઉત્પન્ન થાય તો તે લેવા ઇંદ્ર, નાગેંદ્ર કે જિનેંદ્ર પણ સમર્થ નથી, તે કર્મના ફળરૂપે ઉત્પન્ન થયેલી છે તેમ જાણી તેને સમતાથી વેદે છે, અને આત્માને જરા પણ ક્લેશિત થવા દેતા નથી. તેઓ દેહ પ્રતિ મમત્વ કર્યા વિના, દેહને આત્માને પૂરવાનું પિંજર માની, તે દેહથી આત્માનો છુટકારો થાય તેવો પ્રયત્ન કરવામાં જ મગ્ન હોય છે. તેઓ ઉદયમાં આવેલાં કર્મને ભોગવી, નવાં ન બંધાય, અને જે બંધાયેલાં હોય તે પૂર્ણ થતાં સર્વકર્મમુક્ત થઈ જવાય તેવી પ્રવૃત્તિ વર્તમાન મનુષ્યદેહમાં જ કરી લેવા ખૂબ આતુર હોય છે; કારણ કે એ માટેની પ્રવૃત્તિ મનુષ્યદેહ દ્વારા જેટલી ઉત્કટતાથી થઈ શકે છે, તેટલી ઉત્કટતાથી બીજા કોઈ પણ દેહથી થતી નથી. આમ જ્ઞાનીને મન મનુષ્યદેહનું ઘણું મહત્ત્વ હોય છે.

આ મહત્ત્વના દેહમાં પણ જ્ઞાની માયા – મમતા કરતા નથી, અને પોતાને યોગ્ય જીવન-મુક્તિ મેળવવાનો પુરુષાર્થ કરવામાં જ તેઓ રત રહે છે. અજ્ઞાની દેહમાં પીડા થતાં પોતાના આત્માને ક્લેશિત કરે છે, અને તે આર્તધ્યાનમાં નવાં કર્મ ઉપાર્જન કરી વિશેષ પીડા નોતરે છે. જ્ઞાની એવા પ્રસંગે સમતા રાખી નવાં કર્મ બાંધતા નથી અને જૂનાં કર્મની નિર્જરા કરી નાખે છે. મળેલા મનુષ્યદેહમાં જીવે કરવા યોગ્ય કર્તવ્ય બતાવતાં શ્રીમદે એક પત્રમાં લખ્યું છે કે:—

> "આ દેહે કરવા યોગ્ય કાર્ય તો એક જ છે કે કોઈ પ્રત્યે રાગ અથવા કોઈ પ્રત્યે કિંચિત્માત્ર દ્વેષ ન રહે, સર્વત્ર સમદશા વર્તે, એ જ કલ્યાણનો મુખ્ય નિશ્ચય છે."[15]

> "જ્ઞાનીઓએ મનુષ્યપણું ચિંતામણિરત્નતુલ્ય કહ્યું છે, તે વિચારો તો પ્રત્યક્ષ જણાય તેવું છે, વિશેષ વિચારતાં તો તે મનુષ્યપણાનો એક સમયમાત્ર ચિંતામણિરત્નથી પરમ માહાત્મ્યવાન અને મૂલ્યવાન દેખાય છે. અને જો દેહાર્થમાં જ તે મનુષ્યપણું વ્યતીત થયું તો તો એક ફૂટી બદામની કિંમતનું નથી, એમ નિઃસંદેહ દેખાય છે."[16]

---

૧૫. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૧, પૃ. ૫૬. અગાસ આવૃત્તિ આંક ૭૮૦.
૧૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૨, પૃ. ૫૬૧, આંક : ૭૨૫.

કર્મ[૧૭]

જીવ શુભ કે અશુભ ભાવ કરી પુદ્‌ગલ પરમાણુઓને પોતાના આત્મપ્રદેશ તરફ આકર્ષે છે અને કર્મબંધ કરે છે. જો શુભ કર્મ હોય તો શુભ ફળ મળે છે, અને અશુભ કર્મ હોય તો અશુભ ફળ મળે છે.

કર્મ અનંત પ્રકારનાં છે, તેમાં ૧૫૬ મહત્ત્વનાં છે; તેમાં પણ ૮ મુખ્ય છે. આ આઠ કર્મ તે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય. તેમાં પહેલાં ચાર ઘાતી અને બીજાં ચાર અઘાતી કહેવાય છે. પહેલાં ચાર આત્માના ગુણનો ઘાત કરતાં હોવાથી ઘાતી કહેવાય છે; તેને સીધો આત્મા સાથે સંબંધ છે, બાકીનાં ચાર આત્માના ગુણનો ઘાત કરતાં ન હોવાથી અઘાતી કહેવાય છે, અને તેને શરીર સાથે સંબંધ છે.

ચાર ઘાતી કર્મમાં જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ આત્માના જ્ઞાન અને દર્શન ગુણનો ઘાત કરે છે. અંતરાય કર્મ આત્માના ભોગને આવરે છે, તેને ભોગ લેવા દેતું નથી. અને મોહનીય કર્મ આત્માને પરવસ્તુમાં મોહ – મમત્વ કરાવે છે, આત્માના સાચા સ્વરૂપનો ખ્યાલ આવવા દેતું નથી. આમ આ ચારે કર્મ આત્માના કોઈ ને કોઈ સ્વરૂપની રુકાવટ કરે છે. આ બધાં કર્મનો ચિંતન, મનન, ધ્યાન આદિ સાધનોથી નાશ કરી શકાય છે.

અઘાતી કર્મની સ્થિતિ જુદા પ્રકારની છે. તેઓ આત્માના ગુણનો ઘાત કરતા નથી, પણ બીજી રીતે નડતરરૂપ થાય છે. આયુષ્ય તે દેહનું હોય છે, કર્માનુસાર આત્માને દેહનાં કદ, વાણી, વર્ણ, નીરોગિતા આદિ મળે છે. એવું જ શુભ કે અશુભ નામ, ઉચ્ચ કે નીચ ગોત્ર માટે છે. અને વેદનીય તો શાતા કે અશાતા આપે છે. કેવળજ્ઞાન થાય તો આ ચારમાંથી એક પણ કર્મ આત્માને નડતરરૂપ થઈ શકતું નથી, તેની સમર્થતા ચાલી જાય છે, એટલે તેનું મહત્ત્વ ઘાતી કરતાં ઓછું છે. પણ તેનો નાશ સહેલાઈથી થતો નથી. ઘાતી કર્મો ચિંતન, મનન આદિથી નાશ પામે છે, પણ અઘાતી કર્મની નિવૃત્તિ તો તે ભોગવ્યાથી જ થાય છે. આયુષ્ય, નામ, ગોત્ર કે વેદનીય કર્મ જે પ્રકારનાં અને જે સ્થિતિનાં બાંધ્યાં હોય તે પ્રમાણે તે ભોગવ્યા વિના નિવૃત્ત થઈ શકતાં નથી. તીર્થંકરાદિને પણ કેવળજ્ઞાન પ્રગટ્યા પછી દેહ, નામ, ગોત્ર, શાતા-અશાતાવેદની ભોગવવાં પડે છે; તેઓ પણ તે ભોગવ્યા વિના મુક્ત થઈ શકતા નથી.

ઘાતી કર્મોની બાબતમાં આથી જુદું છે. તે કર્મો આત્માના ગુણોનો ઘાત કરે છે, પણ તે જેટલી સ્થિતિનું બાંધ્યું હોય તેટલી જ સ્થિતિએ ભોગવાઈ રહે તેવું નથી. મનન, ચિંતન, ધ્યાન, પશ્ચાત્તાપ, ભક્તિ આદિ સાધનો દ્વારા તેને અલ્પ કાળમાં પણ ભોગવી શકાય છે. પણ સંસારથી જીવને ન છૂટવા દેવામાં આ કર્મો જ ભાગ ભજવે છે.

ચાર ઘાતી કર્મોમાં સૌથી પ્રબળ મોહનીય છે. તેના બે પ્રકાર છે : દર્શનમોહ અને ચારિત્રમોહ. જે કર્મ આત્માના દર્શનગુણનો ઘાત કરે છે તે દર્શનમોહ, અને ચારિત્રગુણનો

૧૭. "શ્રીમદ્ રાજચંદ્ર" અગાસ આવૃત્તિ, આંક : ૪૦૭, ૪૬૪, ૫૪૮, ૭૭૩, ૯૧૫ વગેરે.

ઘાત કરે છે તે ચારિત્રમોહ. આ કર્મની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડિ સાગરોપમની છે, એટલે કે જીવ એકસાથે વધુમાં વધુ તે કાળ સુધી ચાલે તેટલી સ્થિતિનું મોહનીય કર્મ બાંધી શકે છે. તેની સ્થિતિ ઘટાડતાં ઘટાડતાં ૧ કોડાકોડિ સાગરોપમથી ઓછી થાય ત્યારે જીવને સમકિત પ્રાપ્ત થાય છે. અને તે પછી તે કર્મનો ધીરે ધીરે સંપૂર્ણ નાશ થાય છે. જ્ઞાન ન થયું હોય તો એક કર્મની સ્થિતિ પૂરી થાય તે પહેલાં જીવ બીજું કર્મ બાંધે છે, અને એ રીતે મોહનીયનો કર્મબંધ વધાર્યા કરે છે. આ કર્મ બધાં કર્મોમાં સૌથી બળવાન છે. તેનો નાશ થાય તો બીજાં કર્મો જલદી કાબૂમાં આવી જાય છે. સત્પુરુષની આજ્ઞાએ પ્રવર્તન કરવાથી આ કર્મનો ઝડપથી નાશ થાય છે.

જ્ઞાન અને દર્શનને આવરણ કરનાર કર્મ પણ જ્ઞાનીના આશ્રયથી નાશ પામે છે અને તેની ઉત્કૃષ્ટ સ્થિતિ લગભગ ૨૦ કોડાકોડિ સાગરોપમની છે. જ્ઞાનાવરણીય કર્મ તે અજ્ઞાન નથી, મિથ્યાત્વ સહિતનું જ્ઞાન તે અજ્ઞાન છે. અને કોઈ પણ જ્ઞાનને આવરણ કરનાર કર્મ તે જ્ઞાનાવરણીય. એ જ રીતે આત્માના દ્રષ્ટાપણાના ગુણને આવરણ કરનાર કર્મ તે દર્શનાવરણીય.

અંતરાય કર્મ તે જીવને દાન, લાભ, વીર્ય, ભોગ કે ઉપભોગ કરવામાં અંતરાય કરે તે. જે કરવાની ઇચ્છા હોય તે કરવા ન દે, લાભ લેવા ન દે, તે અંતરાય કર્મ. આ કર્મ પણ મોહનીયના નાશથી શિથિલ થઈ જાય છે. પ્રભુના શરણે જવાથી અંતરાય જલદીથી તૂટે છે.

વેદનીય કર્મ બે પ્રકારે છે: શાતા અને અશાતા. શરીરમાં રોગાદિ વેદના ઉત્પન્ન થાય તે અશાતા વેદનીય. અને તેથી રહિત સ્થિતિ તે શાતા વેદનીય. આમાં જેવું કર્મ ઉપાર્જન કર્યું હોય તે પ્રમાણે ભોગવવું જ પડે છે. ઔષધ આદિ રોગનો નાશ કરતાં દેખાય છે, પણ ખરી રીતે એથી કંઈ કર્મનો નાશ થતો નથી, ત્યાં ઔષધાદિ સેવન કરતાં કરતાં કર્મની સ્થિતિ પૂર્ણ થાય એટલે રોગમુક્તિ થાય તેમ સમજવાનું છે. તેમાં જો હિંસાદિથી બનાવેલાં ઔષધનો ઉપયોગ કરાયો હોય તો તેમાં બંધાયેલાં પાપને પાછો કર્મોદય આવે ત્યારે ભોગવવાં પડે છે.

આમ જે કર્મનો જે પ્રકારે બંધ થયો હોય તે કર્મ તે પ્રકારે ફળ આપે તે નિઃસંદેહ છે. માત્ર તેનો ઉદય વહેલો કે મોડો આવે તો તેમાં કર્મબંધની સ્થિતિ પર આધાર રહે છે. કર્મ અમુક પ્રકારનું, અમુક સ્થિતિનું અને અમુક સમય પછી ઉદયમાં આવે તેવી રીતનું જીવના ભાવાનુસાર બંધાય છે. તેથી ઘણી વખત શુભ કર્મ કરનાર દુઃખી અને અશુભ કર્મ કરનાર સુખી જણાય છે. તેવી સ્થિતિમાં એવું હોય છે કે પૂર્વે ઉપાર્જન કરેલ અશુભ કર્મ વર્તમાનમાં ઉદયમાં હોય તેથી શુભ પ્રવૃત્તિ કરતો જીવ દુઃખી જણાય છે. અને પૂર્વે ઉપાર્જન કરેલ શુભ કર્મ વર્તમાનમાં ઉદયમાં હોય, તેવો અશુભ પ્રવૃત્તિ કરતો જીવ સુખી જણાય છે. આમ બધું કર્મનો બંધ કયા પ્રકારે છે તેના પર આધારિત છે. પણ જે જીવે જે જે કર્મ જેવે જેવે રસે બાંધ્યાં છે, તે તે કર્મ તેવે તેવે રસે ભોગવ્યા વિના છૂટકો નથી, એ તો કર્મનો અચળ સિદ્ધાંત છે — માત્ર બાંધેલા કર્મનું વહેલામોડું ફળ મળે છે તેટલું જ.

આ બધાં કર્મો જીવને અનાદિકાળથી લાગેલાં છે. અને તેની નિર્જરા થતી હોવા છતાં, તે વધતાં રહ્યાં છે, કારણ કે જીવ સાચું સમજ્યો નથી. જીવ જો આત્મસ્વરૂપ પામે, અને રાગદ્વેષરહિત સ્થિતિ રાખી સર્વ સમભાવે વેદે તો તેને નવાં કર્મ બંધાતાં નથી. પરિણામે જૂનાં કર્મોની નિર્જરા થઈ જતાં તે કર્મમુક્ત બને છે, અર્થાત્ કેવળજ્ઞાન પ્રગટ કરી સ્વભાવરૂપ મોક્ષને પામે છે. સામાન્ય રીતે જીવ શુભ કે અશુભ કર્મ બાંધ્યા જ કરે છે, અને તે પ્રમાણે ફળ પણ ભોગવ્યા કરે છે. પણ જ્યારે તે શુભાશુભ કર્મથી નિવૃત્ત થાય ત્યારે મોક્ષ પામે છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને મન, વચન, કાયાના યોગ એ કર્મબંધ થવાનાં પાંચ કારણો છે. તે કારણો જાય ત્યારે કર્મનો નાશ થાય.

જ્ઞાન થયા પછી જીવને કર્મના કોઈ પણ પ્રકારના ઉદયમાં હર્ષ-શોક કે રાગ-દ્વેષ થતાં નથી, જે કંઈ ઉદયમાં આવે તે સર્વને એ સમભાવે વેદે છે. અને પરિણામે તે કર્મથી મુક્તિ મેળવે છે. જ્ઞાનીના આશ્રયે ચાલવાથી કર્મક્ષય થાય છે.

જીવને સંસારમાં પરિભ્રમણ કરાવનાર તત્ત્વ તે કર્મ છે. સંસારથી છૂટવાની તાલાવેલી ધરાવતા શ્રીમદ્‌ના પત્રોમાં તેની સૌથી વિશેષ વિચારણા આવે તે સહજ છે. કર્મ શું છે, તેના કેટલા પ્રકાર છે, તે કેવી રીતે બંધાય છે, તેના બંધાવાનાં કારણો, તે ભોગવ્યા વિના છુટાય કેમ, તેનું ફળ ક્યારે મળે, કેવું મળે વગેરે વિશેની વિચારણા વિવિધ જગ્યાએ વિવિધરૂપે મળે છે. કર્મ એ તત્ત્વજ્ઞાનનું એવું સ્વરૂપ છે કે જેમાં અનેક પ્રકારની જટિલતા છે. તેના માટે અનેક સ્વતંત્ર ગ્રંથો રચાયા છે, પરંતુ કર્મનાં વિશાળતા અને ઊંડાણ એટલાં બધાં છે કે તે સમજવા માટે પણ ઘણી પાત્રતા જોઈએ. શ્રીમદે તો અહીં પત્રોના ઉત્તરરૂપે તેને અનુલક્ષીને મુખ્ય મુદ્દાઓની અને અગત્યની ગણાય તેટલી વિચારણા કરી છે. પણ તેમણે જેટલું સમજાવ્યું છે તે સ્પષ્ટ છે, જલદી સમજાઈ જાય તેવું છે. આમાંની કેટલીક વિચારણા તો મુમુક્ષુઓના પ્રશ્નોના ઉત્તરરૂપે પણ અપાયેલી છે. લગભગ સો જેટલા પત્રોમાં આ વિચારણા જોવા મળે છે.

### કષાય[૧૮]

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર પ્રકારના કષાય છે. આ પ્રત્યેક કષાયના પણ ચાર વિભાગ છે: અનંતાનુબંધી, અપ્રત્યાખાની, પ્રત્યાખાની અને સંજ્વલન. આમ કષાયની કુલ ૧૬ પ્રકૃતિ છે, તેમાં શ્રીમદે સૌથી વિશેષ અનંતાનુબંધીની ચર્ચા કરી છે. આ કષાય સમજાવતાં શ્રીમદે લખ્યું છે કે :—

> "જે કષાય પરિણામથી અનંત-સંસારનો સંબંધ થાય તે કષાય પરિણામને જિનપ્રવચનમાં 'અનંતાનુબંધી' સંજ્ઞા કહી છે. જે કષાયમાં તન્મયપણે અપ્રશસ્તભાવે, તીવ્રોપયોગે આત્માની પ્રવૃત્તિ છે, ત્યાં અનંતાનુબંધીનો સંભવ છે. મુખ્ય કરીને અહીં કહ્યાં છે તે સ્થાનકે તે કષાયનો સંભવ છે. સત્‌દેવ, સત્‌ગુરુ અને સત્‌ધર્મનો

૧૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૨, પત્રાંક : ૪૫૯, ૫૨૨, ૬૧૩, ૬૨૧ વગેરે.

જે પ્રકારે દ્રોહ થાય, અવજ્ઞા થાય, તથા વિમુખભાવ થાય એ આદિ પ્રવૃત્તિથી તેમ જ અસત્‌દેવ, અસદ્‌ગુરુ તથા અસત્‌ધર્મનો જે પ્રકારે આગ્રહ થાય, તે સંબંધી કૃતકૃત્યતા માન્ય થાય, એ આદિ પ્રવૃત્તિથી પ્રવર્તતાં 'અનંતાનુબંધી–કષાય' સંભવે છે. અથવા જ્ઞાનીનાં વચનમાં સ્ત્રીપુત્રાદિ ભાવોને જે મર્યાદા પછી ઇચ્છતાં નિર્ધ્વંસ પરિણામ કહ્યાં છે તે પરિણામે પ્રવર્તતાં પણ 'અનંતાનુબંધી' હોવા યોગ્ય છે.૧૯

જે કષાયથી અનંત-સંસાર વધી જાય તે અનંતાનુબંધી કષાય. અને એ અનંત-સંસાર કઈ રીતે વધે તે શ્રીમદ્દે ઉપરના અવતરણમાં સ્પષ્ટ બતાવ્યું છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થાય ત્યારે જ સમકિત થાય છે. સમકિત થાય ત્યારે અનંતાનુબંધી કષાય ઉદયમાં નથી હોતો, પણ તે ચારેની પ્રત્યાખાની, અપ્રત્યાખાની અને સંજ્વલન એ ત્રણ પ્રકૃતિ બાકી હોય છે. આ ચારેની તરતમતા અનુસાર આ વિભાગ કરવામાં આવ્યા છે. સૌથી વધુ તીવ્ર કષાય તે અનંતાનુબંધી અને સૌથી મૃદુ કષાય તે સંજ્વલન. સંજ્વલનમાં સૂક્ષ્મ પ્રકારનાં ક્રોધ, માન, માયા અને લોભ હોય છે.

આ કષાય હોવાથી જીવને કર્મબંધન થયા કરે છે. વળી, રાગ અને દ્વેષ એ કષાયનું જ એક રૂપ છે. ઇષ્ટની પ્રાપ્તિ કે અનિષ્ટના વિયોગથી રાગ અને અનિષ્ટની પ્રાપ્તિ તથા ઇષ્ટના વિયોગથી દ્વેષભાવ થાય છે, તે કષાય છે. કષાય હોવાથી જીવ સાચું સુખ મેળવી શકતો નથી, એટલું જ નહિ તેનું સંસારમાં પરિભ્રમણ પણ વધી જાય છે. આથી કષાય એ ઘણી અનિષ્ટ વસ્તુ છે.

આ કષાયનું સ્વરૂપ સમજાવી શ્રીમદ્દે તેનાથી નિવૃત્ત થવાનો બોધ અનેક જગ્યાએ કર્યો છે. રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, વગેરેથી છૂટવાનો બોધ શ્રીમદ્દે અને બીજા જ્ઞાનીઓએ કર્યો છે. આ કષાયની મંદતા જીવને સદ્‌ગુરુની આજ્ઞાએ પ્રવર્તતાં ઝડપથી થાય છે. ગૃહસ્થાવાસમાં પણ ન્યાયસંપન્ન આજીવિકા આદિ વ્યવહાર કરવામાં આવે તો કષાયની મંદતા આવે છે, અને સાથે સાથે જ્ઞાનીનો માર્ગ આત્મપરિણામી થાય તો તેથી પણ કષાયની વિશેષ મંદતા થાય છે. દીક્ષા લીધી હોય તો ત્યાં પણ કષાયની મંદતા કરવી તે લક્ષ હોવું જોઈએ. કષાયની મંદતા આવે ત્યારે જ દીક્ષાપણું સફળ થાય છે, કારણ કે અનંતાનુબંધી કષાયની ચોકડી તૂટે ત્યારે જ સમકિત – આત્માનુભવ થાય છે. અને સંપૂર્ણ કષાયરહિત સ્થિતિ તે મોક્ષ, તે પણ ક્રમે કરીને મળે છે.

સદેહે પણ સંપૂર્ણ કષાયરહિત થઈ શકાય છે. પણ તેવા જીવો તો વિરલા જ હોય છે. પૂર્વોપાર્જિત કર્મને લીધે દેહ હોય છે, પણ કષાયરહિત થતાં ચારે કષાયની ચારે પ્રકૃતિ નાશ પામ્યા પછી પણ દેહાદિ રહે છે, અને તે સ્થિતિમાં જીવની કષાયરહિત સ્થિતિ હોય છે. તે કષાયરહિત સ્થિતિ અંદરની વસ્તુ હોવાથી કેટલીક વાર અન્ય જીવોના ખ્યાલમાં પણ ન આવે, કારણ કે સંજ્વલન પ્રકૃતિ એટલી બધી સૂક્ષ્મ છે કે તે સમજવા સામા જીવની પણ એટલી જ પાત્રતા જોઈએ.

---

૧૯. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૨, પૃ. ૨૩૭. અગાસ આવૃત્તિ આંક ૬૧૩.

## જીવના દોષ[૨૦]

જીવને મોક્ષમાર્ગ ન મળવા માટે મુખ્યત્વે ચાર કારણો છે: સ્વચ્છંદ, અજ્ઞાન, અભિનિવેશ અને અભિમાન. આ ચારે કારણો વિશે શ્રીમદ્દે પોતે લખેલા પત્રોમાં વારંવાર ચર્ચા કરી છે, તે વિશે અભિપ્રાય પણ આપેલ છે.

સ્વચ્છંદ એટલે કે પોતાને રુચે તે અનુસાર ચાલવાની વૃત્તિ; બીજા કોઈ કહે તેમ નહિ, જ્ઞાનીની આજ્ઞાએ નહિ, પણ પોતાની રુચિ અનુસાર ચાલવું તે સ્વચ્છંદ છે. અનાદિ કાળથી જીવ સ્વચ્છંદથી જ વર્તતો આવ્યો છે, એટલે તેને માર્ગની પ્રાપ્તિ થઈ નથી. માર્ગ ન મળવાનું સૌથી બળવાન કારણ સ્વચ્છંદ છે. તે જાય તો જીવના અન્ય દોષો પણ જાય છે. જીવમાં સ્વચ્છંદ હોય તો તેને જ્ઞાનીની ઓળખાણ થતી નથી, અને ઓળખાણ થાય તો તેની આજ્ઞા અનુસાર વર્તી શકતો નથી, પરિણામે જીવનું સંસાર-પરિભ્રમણ થયા જ કરે છે. જો સંસારના દુઃખથી અને પરિભ્રમણથી છૂટવું હોય તો સ્વચ્છંદનો ત્યાગ કરવો જોઈએ. સ્વચ્છંદ, જ્ઞાનીની ઓળખ કરી તેની આજ્ઞા પ્રમાણે ચાલવાથી મટે છે. સ્વચ્છંદ જતાં માર્ગ મળે છે, મુમુક્ષુતા આવે છે, જ્ઞાની માટે અહોભાવ જાગે છે, ભવભ્રમણ જાય છે, વગેરે લાભ થાય છે. આમ શ્રીમદ્દે સ્વચ્છંદ છોડવા ખૂબ ભારપૂર્વક જણાવ્યું છે.

જીવનો આવો બીજો મોટો દોષ છે તે અજ્ઞાન છે. અજ્ઞાન એટલે જ્ઞાનરહિત દશા નહિ, પણ મિથ્યાત્વ સહિતનું જ્ઞાન. જો મિથ્યાત્વ જાય તો જીવને સમ્યગ્જ્ઞાન થાય અને તેનું અજ્ઞાન મટે. આ અજ્ઞાનને લીધે, જીવનું સંસારમાં પરિભ્રમણ થયા કરે છે. તેથી અજ્ઞાન એ કલ્યાણના માર્ગમાં અંતરાયરૂપ છે. સરળપણું, ક્ષમા, પોતાના દોષનું જોવું, અલ્પારંભ, અલ્પ પરિગ્રહ, જ્ઞાની પુરુષની અત્યંત ભક્તિ – એ બધાં સાધનો જ્ઞાનીની આજ્ઞાએ કરવાથી અજ્ઞાનથી નિવૃત્તિ થાય છે, તે વિશે શ્રીમદ્દે લખ્યું છે કે:—

> "જ્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઇચ્છાએ એટલે આજ્ઞાએ નહિ વર્તાય ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી."[૨૧]

આ જ કારણે વિચારવાન જીવને અજ્ઞાન સિવાય બીજા કોઈનો ભય હોય નહિ, અને તે અજ્ઞાન-પરિષહની નિવૃત્તિ કરવાનો પ્રબળ પુરુષાર્થ હોય. સત્સંગ, સત્પુરુષનો યોગ વગેરે અજ્ઞાન ટાળવાનાં બળવાન નિમિત્તો છે.

જીવને માર્ગ ન મળવામાં આવું ત્રીજું કારણ છે અભિનિવેશ. અભિનિવેશ એટલે આસક્તિ. જીવ આત્મા સિવાયના દેહ, પુદ્ગલ, ધન, વૈભવ, સ્ત્રી, પુત્ર, કુટુંબ, સત્તા, અન્ય માન્યતા વગેરેને વિશે આસક્તિ રાખે છે તે અભિનિવેશ છે. અભિનિવેશ બે પ્રકારે છે: લૌકિક અને શાસ્ત્રીય. બાહ્ય પદાર્થો, દેહ ઇત્યાદિમાં આસક્તિ હોવી તે લૌકિક અભિનિવેશ છે. આ સર્વમાં આસક્તિ ઓછી કરી, મમતા ઘટાડી વર્તવાથી ગુણોનો ઉદય થાય છે.

---

૨૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પત્રાંક : ૬૯૬, ૨૫૪, ૪૪૯, ૫૨૨, ૫૯૭, ૬૫૮ વગેરે.

૨૧. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૨, પૃ. ૩૪.

પણ જ્યાં સુધી દ્રવ્યાદિનો લોભ, તૃષ્ણા, દૈહિકમાન, કુળજાતિ સંબંધી મોહ, સ્વચ્છંદથી અમુક ગચ્છનો આગ્રહ રાખવો વગેરે લૌકિક અભિનિવેશ હોય ત્યાં સુધી કલ્યાણ થતું નથી.

શાસ્ત્રીય અભિનિવેશ અંગે શ્રીમદે કહ્યું છે કે :—

"આત્માર્થ સિવાય શાસ્ત્રની જે જે પ્રકારે જીવે માન્યતા કરી કૃતાર્થતા માની છે, તે સર્વ શાસ્ત્રીય અભિનિવેશ છે."[૨૨]

સ્વચ્છંદ ટાળ્યા વિના શાસ્ત્રોની કોઈ ને કોઈ વાતને ખોટું મહત્ત્વ આપવું તે શાસ્ત્રીય અભિનિવેશ છે, તેનાથી જીવને ગુણ પ્રગટાવવામાં અંતરાય થાય છે, તેથી તે હેય છે. પણ સ્વચ્છંદરહિત પુરુષને આત્મા સમજવા માટે શાસ્ત્રો ઉપકારી છે એ લક્ષ રાખીને સત્શાસ્ત્ર વિચારવામાં આવે તો તે શાસ્ત્રીય અભિનિવેશ ગણાય નહિ. આમ જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાથી આ બંને પ્રકારના અભિનિવેશ ત્યાગી શકાય છે તેમ શ્રીમદે જણાવ્યું છે.

જીવનો માનભાવ – અભિમાન એ પણ મોટો દોષ છે. તેમાં મમતા ભળતાં તે દોષો વિશેષ વધે છે. જીવને કુળનું, દેહનું, રૂપનું, સત્તાનું, ધનનું – એમ અનેક પ્રકારનું અભિમાન હોય છે. એ જ રીતે અન્ય પદાર્થો પ્રતિ આસક્તિ પણ જોવામાં આવે છે. આ અભિમાન અને મમતા જીવના દોષો છે. તેનાથી જીવનું અકલ્યાણ થાય છે, કારણ કે તેમાંથી રાગદ્વેષ જન્મતાં કર્મબંધ ઘણો વધી પડે છે. તેથી આ દોષોનો જેમ બને તેમ ત્વરાથી ક્ષય કરવાની ભલામણ શ્રીમદે કરી છે. આ અભિમાન ટાળવા માટે સદ્‌ગુરુના તથા પ્રભુના ગુણો વિચારવા યોગ્ય છે. તેમના ગુણો વિચારતાં પોતાના અલ્પત્વનું ભાન થાય છે અને અભિમાન ટળે છે. બીજી બાજુ પોતાના નાનામાં નાના દોષને માટે સતત જાગ્રત રહેવાથી અભિમાન ટળે છે. આ અહંભાવ ક્યારે અને કેવા પ્રકારે મટે તે જણાવતાં શ્રીમદે એક પત્રમાં લખ્યું હતું કે :—

"તે અહંભાવને જો આગળથી ઝેર જેવો પ્રતીત કર્યો હોય, તો પૂર્વાપર તેનો સંભવ ઓછો થાય. કંઈક અંતરમાં ચાતુર્યાદિ ભાવે મીઠાશ સૂક્ષ્મપરિણતિએ પણ રાખી હોય, તો તે પૂર્વાપર વિશેષતા પામે છે, પણ ઝેર જ છે, નિશ્ચય ઝેર જ છે, પ્રગટ 'કાળકૂટ' ઝેર છે; એમાં કોઈ રીતે સંશય નથી અને સંશય થાય, તો તે માનવો નથી; તે સંશયને અજ્ઞાન જ જાણવું છે; એવી તીવ્ર ખારાશ કરી મૂકી હોય તો તે અહંભાવ ઘણું કરી બળ કરી શકતો નથી."[૨૩]

મમતાને ટાળવા માટે સર્વનું અનિત્ય સ્વરૂપ વિચારવાની ભલામણ શ્રીમદે કરી છે. અનેક પદાર્થોને આ કાળ સુધીમાં છોડ્યા છે, અને મમતા હોવા છતાં તે છૂટતા જાય છે. જો તેઓ પોતાના થતા નથી તો પોતે તેના શા માટે થવું ? તેમાં શા માટે મારાપણું કરવું ? – એવા વિચારો કરવાથી મમતા છૂટે છે.

૨૨. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૨, પૃ. ૨૪૮.; અગાસ આવૃત્તિ આંક ૬૬૧
૨૩. એજન, પૃ. ૨૭૬. એજન આંક ૭૧૬

આમ શ્રીમદ્દે જીવમાં પ્રવર્તતા સ્વચ્છંદ, અજ્ઞાન, અભિનિવેશ, અભિમાન, મમતા આદિ દોષો પ્રત્યક્ષ કરાવી તે કઈ રીતે અનિષ્ટ છે તે પણ જણાવેલ છે, અને સાથે સાથે તે દોષો ટાળવાનો ઉપાય પણ બતાવ્યો છે.

## પરિગ્રહ[૨૪]

પરિગ્રહની મર્યાદા કરવી તે પણ કલ્યાણ માટે શ્રીમદ્દે આવશ્યક અંગ ગણ્યું છે. પરિગ્રહની મૂર્છાને તેઓ પાપનું મૂળ ગણાવે છે, તેથી જેને પરિગ્રહની મર્યાદા નથી હોતી, તેમને સુખ મળતું નથી. પરિગ્રહ વધારવાની તૃષ્ણામાં જે કંઈ મળેલ હોય છે તે સુખ પણ તેઓ માણી શકતા નથી, એ અપેક્ષાએ તેમને દુઃખી ગણેલ છે આથી પરિગ્રહને અવૈરાગ્યના મૂળ તરીકે શ્રીમદ્ ઓળખાવે છે.

પરિગ્રહ વધારવાની વૃત્તિવાળાનાં મન ચળવિચળ રહ્યા કરે છે, તેથી પરિગ્રહનો ત્યાગ આવશ્યક છે. પરિગ્રહનો સંપૂર્ણપણે ત્યાગ તો મુનીશ્વરો, જેઓ સર્વસંગપરિત્યાગી હોય છે, તેઓ જ કરી શકે છે. પણ ગૃહસ્થ પરિગ્રહની મર્યાદા તો કરી જ શકે છે. પરિગ્રહની મર્યાદા થવાથી તે ઉપરાંતની પરિગ્રહબુદ્ધિ ચાલી જાય છે. તેથી જે હોય તેમાં જીવ સુખ અને સંતોષ મેળવી શકે છે.

ધર્મ સંબંધી અમુક જ્ઞાન હોય, ધર્મની દૃઢતા હોય, પણ પરિગ્રહની મર્યાદા થઈ ન હોય તો તે જીવ પરિગ્રહના પાસમાં ફસાઈ જાય છે. તેની વૃત્તિ મર્યાદિત થઈ શકતી નથી, અને તેથી તેને આત્મસુખ મળતું નથી. આથી આરંભ, પરિગ્રહનો જેમ બને તેમ ત્યાગ કરવો જોઈએ. જેમ જેમ તેનો મોહ ઘટતો જાય છે, તેમ તેમ તેમાંથી પોતાપણાનું માન ઘટે છે, અને તેમ તેમ મુમુક્ષુતા વર્ધમાન થાય છે. આમ મુમુક્ષુતાની વર્ધમાનતા અર્થે સર્વ જ્ઞાનીઓ પરિગ્રહબુદ્ધિ, મમતા આદિ ઘટાડવાનો ઉપદેશ કરે છે.

સંયમના રક્ષણ માટે જે કંઈ સાધનો રાખવાં પડે તે પરિગ્રહ નથી, પણ તે રાખવાની મૂર્છા થાય તો તે પરિગ્રહ છે, તેથી તે મૂર્છાને છોડી, પરિગ્રહનો ત્યાગ કરવો તે મુમુક્ષુ જીવ માટે કલ્યાણ માટેનું ઉપયોગી સાધન છે. આ જ કારણે શ્રીમદ્ પણ સર્વસંગપરિત્યાગી થવા બહુ ઉત્સુક હતા.

## પ્રમાદ-અપ્રમાદ[૨૫]

ધર્મનો અનાદર, ઉન્માદ, આળસ, કષાય એ સર્વ પ્રમાદનાં લક્ષણો છે. એટલે કે ધર્મના કાર્યમાં નિરુત્સાહ એ પ્રમાદ છે. આવો પ્રમાદ સેવવાથી જીવનું અકલ્યાણ થાય છે.

---

૨૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, આંક: ૩૩૨, ૭૬૨, ૭૩૭ વગેરે.

૨૫. એજન, આંક: ૩૯૯, ૪૨૩, ૪૮૬, ૯૪૪ વગેરે.

શ્રી મહાવીર પ્રભુએ ગૌતમસ્વામીને તથા અન્ય સર્વ ભવ્યોને વારંવાર એક પળનો પણ પ્રમાદ ન કરવાનો બોધ આપ્યો છે. કારણ કે એક પળ જેટલા પ્રમાદના સેવનથી એક ભવ હારી જવા જેવું થાય છે.

પ્રમાદરહિત જીવ આત્મકલ્યાણમાં પ્રવૃત્ત રહે છે, તે મોક્ષમાર્ગમાં સ્થિર થાય છે, અને તેના ફળરૂપે મોક્ષ પામે છે. આમ સર્વ જ્ઞાનીઓની દૃષ્ટિએ અપ્રમાદ એ કર્તવ્ય છે. પ્રમાદને તીર્થંકરદેવ કર્મ કહે છે. અને અપ્રમાદને તેઓ આત્મસ્વરૂપ કહે છે. જ્યાં અપ્રમત્તદશા હોય ત્યાં આત્મભાવ સિવાય બીજા કોઈ પણ ભાવનો અવકાશ નથી વર્તતો, તેથી તે કલ્યાણરૂપ છે. પ્રમાદના કારણથી જ ઘણી વાર ભવભ્રમણ થાય છે. અસાર અને ક્લેશરૂપ આરંભ – પરિગ્રહના કાર્યમાં જીવ પ્રમાદવશ થઈને રહે તો ઘણાં વર્ષોનો ઉપાસેલો વૈરાગ્ય પણ નિષ્ફળ જાય છે. તેથી જીવે પ્રત્યેક કાર્યમાં અને પ્રત્યેક ક્ષણે જાગૃતિ રાખવી આવશ્યક છે, નહિતર મુમુક્ષુતા રહેવી કઠણ છે.

જેમ સામાન્ય જીવને માટે પ્રમાદત્યાગ કર્તવ્ય છે, તેમ જ્ઞાનીને માટે પણ તે આવશ્યક છે. પ્રમાદના સેવનથી તેને પણ ભવભ્રમણ વધી જવાનો ઘણો સંભવ રહે છે. જેને માર્ગ-પ્રાપ્તિ થઈ છે તેવા પુરુષને પણ પ્રમાદને લીધે ભવભ્રમણ કરવું પડ્યું છે, તો પછી જેનો માર્ગાનુસારી અવસ્થામાં પ્રવેશ પણ નથી તેવા જીવને માટે તો સર્વવ્યવસાયથી નિવૃત્તિભાવ રાખવો અને વિચારજાગૃતિ રાખવી તે સવિશેષ આવશ્યક છે.

આવા પ્રમાદનો ત્યાગ કરવાથી દુઃખનો ક્ષય થાય છે. પ્રમાદત્યાગથી અંતર્મુખ થવાય છે. વળી —

> "કેવળ અંતર્મુખ થવાનો સત્પુરુષોનો માર્ગ સર્વ દુઃખક્ષયનો ઉપાય છે, પણ તે કોઈક જીવને સમજાય છે. મહત્ પુણ્યના યોગથી, વિશુદ્ધમતિથી, તીવ્ર વૈરાગ્યથી અને સત્પુરુષના સમાગમથી તે ઉપાય સમજાવા યોગ્ય છે. તે સમજાવાનો અવસર એકમાત્ર આ મનુષ્યદેહ છે, તે પણ અનિયમિત કાળના ભયથી ગૃહીત છે; ત્યાં પ્રમાદ થાય છે, એ ખેદ અને આશ્ચર્ય છે." – ૨૬

આમ શ્રીમદ્દે પ્રમાદત્યાગનું ઘણું મહત્ત્વ બતાવ્યું છે.

## વ્યવહારશુદ્ધિ[૨૭]

આગળ જોયા તેવા દોષોથી જીવે નિવર્તવું જોઈએ, અને જ્યાં સુધી તે જીવ ગૃહસ્થાવાસમાં હોય ત્યાં સુધી નીતિથી જીવન જીવવું જોઈએ. એટલે કે વ્યવહારની શુદ્ધિ સાચવવી જોઈએ. જે સંસારપ્રવૃત્તિ આ લોકમાં અને પરલોકમાં સુખનું કારણ થાય તેનું નામ વ્યવહારશુદ્ધિ. આ શુદ્ધિ સાચવવા માટેના કેટલાક નિયમો શ્રીમદ્દે વિચાર્યા હતા.

૨૬. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૨, પૃ. ૭૦૩. અગાસ આવૃત્તિ. આંક ૮૧૬.
૨૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, આંક : ૪૮, ૪૯૧, ૮૭૨ વગેરે.

જેને આજીવિકા પ્રાપ્ત કરવાની આવશ્યકતા ન હોય તેણે તો ધર્મમય જીવન જ ગાળવું જોઈએ, અને જેને તેવી આવશ્યકતા હોય તેણે તો અમુક નિયમોથી પોતાનું જીવન નિભાવવું જોઈએ. આજીવિકા પ્રાપ્ત કરવા માટે કોઈ પણ પ્રકારના અનાચારથી લક્ષ્મી ન મેળવવી જોઈએ. અને એ ઉપરાંત કોઈથી વિશ્વાસઘાત, કોઈની થાપણ ઓળવવી, વ્યસનનું સેવવું, મિથ્યા આળ મૂકવું, ખોટા લેખ કરવા, જુલમી ભાવ કહેવા, ન્યૂનાધિક તોલી આપવું, એકને બદલે બીજું આપવું – એમાંથી કોઈ પણ રસ્તે લક્ષ્મી મેળવવામાં આવે તો વ્યવહારશુદ્ધિ સચવાતી નથી.

નીતિ એ તો વ્યવહારશુદ્ધિનો મુખ્ય પાયો છે. દ્રવ્યાદિ ઉત્પન્ન કરવામાં સાંગોપાંગ ન્યાયસંપન્ન રહેવું તે નીતિ છે. આવી નીતિ વ્યવહારશુદ્ધિ માટે આવશ્યક છે. એ નીતિ મૂકતાં પ્રાણ જાય એવી દશા આવે ત્યારે ત્યાગ અને વૈરાગ્ય સાચા સ્વરૂપમાં પ્રગટ થાય છે. દેશ કાળ આદિની દૃષ્ટિએ આવી નીતિ જાળવવી તે ઘણું કઠિન છે, પણ તેવી નીતિ સાચવે તો તેને માટે કલ્યાણ સુલભ છે. જેને સત્પુરુષનો નિશ્ચય થયો છે, તે એવી નીતિ ન પાળે તો પછી તે સત્પુરુષની વંચના જ કરે છે એમ કહેવાય; એથી એવી વ્યવહારશુદ્ધિ સાચવવાનો શ્રીમદ્દનો ઉપદેશ છે. ગમે તેવી કઠણાઈ હોય પણ નીતિ, વ્યવહારશુદ્ધિનો ત્યાગ ન થવો જોઈએ; તે હોય તો જ સત્સંગનું સાચું ફળ મળે છે.

## આત્મા[૨૮]

જેને પામવા માટે અસંખ્ય શાસ્ત્રો અને અનેક ધર્મો રચાયાં છે, તે આત્મા જલદી ન પામી શકાય તેવું તત્ત્વ છે. જગતમાં પ્રવર્તતાં બે મુખ્ય તત્ત્વમાં આત્મા – જીવ અને જડ – પુદ્‌ગલ છે. આ આત્મા કોણ છે, કેવો છે, ક્યાંથી થયો, તેનું સ્વરૂપ શું ? તે વગેરે જાણવા માટે અનેક જ્ઞાનીઓએ પ્રબળ પુરુષાર્થ કર્યો છે. અને પોતાને આત્મા સમજાયા પછી તે જગતના જીવોને જણાવવા તથા તેઓનું કલ્યાણ કરવા અસંખ્ય શાસ્ત્રો રચ્યાં છે, છતાં સર્વ આત્માને પામી શક્યા નથી એ જ મહાખેદની વાત છે.

સર્વ જ્ઞાનીઓના જણાવવા પ્રમાણે આત્મા શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંપ્રકાશિત, અનંતસુખનો ભોક્તા, અરૂપી, નિરંજન, નિરાકાર વગેરે ગુણોવાળો છે. આ બધા ગુણો તેના શુદ્ધ સ્વરૂપમાં પ્રગટે છે, પણ આત્મા જ્યારે કર્મમલથી લેપાયેલો હોય છે, ત્યારે તેના તે ગુણો દબાયેલા હોય છે. તેમ છતાં તેનાં બે લક્ષણ તો ગમે તે પરિસ્થિતિમાં જણાયા વિના રહેતાં નથી; તે લક્ષણો છે: તેનું ચેતનત્વ અને ઉપયોગ. જીવમાં ચેતનશક્તિ છે તેથી તે સર્વ પદાર્થોનો જ્ઞાતા – જાણનાર અને દ્રષ્ટા – જોનાર પણ છે.

અનાદિકાળથી તે કર્મમાં બંધાયેલો છે. તેથી તેના અનંત વીર્ય, અનંત સુખ, રાગદ્વેષરહિતપણું વગેરે ગુણો જાણમાં આવ્યા નથી. વળી, તે અરૂપી હોવાથી જોઈ શકાતો નથી, એટલે તેને જ્ઞાનીઓ "નેતિ નેતિ"થી ઓળખાવે છે. આ નહિ, આ નહિ, એમ સર્વ નાશવંત વસ્તુને બાદ કરતાં કરતાં જે અવ્યાબાધ સ્વરૂપ રહે તે આત્મા છે.

૨૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, આંક: ૧૩૦, ૪૨૫, ૪૩૨, ૫૩૦, ૫૭૦ વગેરે.

આ અવ્યાબાધ સ્વરૂપવાળો આત્મા નિત્ય છે. જગતના સર્વ પદાર્થો અનિત્ય છે, પણ આત્મા અવિનાશી છે. તે અનંતજ્ઞાનનો ધણી હોવા છતાં જ્ઞાનાવરણીય આદિ કર્મના બંધને લીધે તેનું જ્ઞાન અવરાયેલું પડ્યું છે; અને તેથી તે પોતાનું સ્વરૂપ પામી શકતો નથી.

પોતાનું સ્વરૂપ પામવા માટે જ્ઞાનીઓએ આત્મા છે, તે નિત્ય છે, તે કર્તા છે એ આદિ છ પદની અનન્ય શ્રદ્ધા આવશ્યક ગણી છે. કર્મથી લેપાયેલા આત્માનું શુદ્ધ સ્વરૂપ મોક્ષપદ છે. તે પદ મેળવવાનો ઉપાય પણ છે, તેની શ્રદ્ધા થયા વિના તે મોક્ષપદ પામી શકાતું નથી.

આત્માનું સાચું સ્વરૂપ સમજાવવા તથા તેનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરાવવા માટે જ જ્ઞાનીઓએ આખા જગતના પદાર્થોની વિચારણા કરી છે, અને તેમાં કર્મનું કાર્ય, નવ તત્ત્વ, છ દ્રવ્ય, જીવના દોષ, આત્માનું શુદ્ધ સ્વરૂપ, તેનું વર્તમાન સ્વરૂપ, સંસારનું સ્વરૂપ, જ્ઞાનના પાંચ પ્રકાર વગેરે વિષયોનું વિસ્તારથી નિરૂપણ કર્યું છે.

જેઓ આત્માને પામ્યા છે તેઓ અનંતસુખના ધણી થયા છે. આ આત્માની સમજણ પામવા માટે, જેઓ આત્માને પામ્યાં છે તેવા જ્ઞાની પુરુષોનો આશ્રય બહુ જ મહત્ત્વનો ગણાવ્યો છે. તે જ્ઞાની પુરુષ કેવો હોય, તેનાં કેવાં લક્ષણો હોય, તેની કેવી વર્તના હોય, તેમનો કેવો ઉપદેશ હોય, તેમની ભક્તિ કરવાથી શું ફળ મળે, અવજ્ઞા કરવાથી શું ફળ મળે વગેરે વિશે શ્રીમદે ઘણી જગ્યાએ લખ્યું છે. તેમના એ પત્રોમાં પ્રધાનસૂર આત્માનો છે. અને સર્વ જ્ઞાનીની જેમ તેમણે પણ બાકીનાં સર્વ તત્ત્વો તેના અનુસંધાનમાં સમજાવ્યાં છે.

આત્માને પામવાનો બોધ શ્રીમદે કર્યો છે. જે માર્ગે આત્મા પમાય તે માર્ગે જવાનો બોધ છે. તે માર્ગ પામવાનાં સાધનો, લક્ષણો વગેરે પણ તેમણે બતાવેલ છે. આત્માની કર્મરહિત સ્થિતિને તેમણે આવકારી છે. એ માટે તેમણે વિવિધ દૃષ્ટિબિંદુથી આત્મા વિશે વિચાર કર્યો છે. અનંતાનુબંધી ઉદયવાળો, અભવ્ય, આત્માર્થી, એકેંદ્રિયથી પંચેન્દ્રિય, ક્રિયાજડ, ક્ષાયિક સમકિતી, દુર્ભવ્ય, દેહધારી, દેહરહિત, ભવ્ય, માર્ગાનુસારી, મુમુક્ષુ, વર્તમાન, વિચારમાન, સંસારી, સિદ્ધ વગેરે સ્થિતિ ભોગવતા આત્માને વિશે તેમણે જુદા જુદા પત્રોમાં પોતાનો અભિપ્રાય જણાવ્યો છે.

## આત્મા એક કે અનેક ?

અવિનાશી, ચૈતન્યસ્વરૂપ, શુદ્ધ, બુદ્ધ, જ્ઞાતાદ્રષ્ટા એવો આત્મા જગતમાં એક છે કે અનેક તે વિશે શ્રીમદે વિચારણા કરી છે. વેદાંતાદિ દર્શનો એક પરમાત્માના સર્વ અંશ માની, આત્માને એક જ માને છે. પણ શ્રીમદ્ જૈન દર્શન અનુસાર આત્માને અનેક માને છે.

જૈનદર્શન અનેકાંતિક છે, તેથી તેમાં જુદી જુદી અપેક્ષાથી આત્માને એક-અનેક માનેલા છે, જે શ્રીમદ્‌ને પણ માન્ય છે. શક્તિ, ચેતનત્વ, જ્ઞાન વગેરેની દૃષ્ટિએ સર્વ આત્મા સરખા છે, તે અપેક્ષાએ આત્મા એક છે, પણ સંખ્યાની દૃષ્ટિએ પ્રત્યેક આત્મા ભિન્ન ભિન્ન માની અનંત આત્મા કહેલ છે. તે સર્વ કર્મથી લેપાયેલા છે, અને જ્યારે શુદ્ધ થશે ત્યારે તેઓની સંખ્યા તે જ રહેવા છતાં શક્તિની અપેક્ષાથી, અન્ય અપેક્ષાથી તે સમાન થશે.

## ધર્મ[૨૯]

જગતમાં અધોગતિમાં પડતા જીવને ધારી રાખનાર, ટકાવી રાખનાર તત્ત્વ તે ધર્મ છે : શ્રીમદ્ ધર્મને આવા વિશાળ અર્થમાં સમજતા હતા. જે પરમ શાંતિ આપે તે ધર્મ, એવું પ્રતિપાદન કરતાં શ્રીમદે શ્રી જૂઠાભાઈને લખ્યું હતું કે :—

> "પરમશાંતિપદને ઇચ્છિયે એ જ આપણો સર્વસમ્મત ધર્મ છે, અને એ જ ઇચ્છામાં ને ઇચ્છામાં તે મળી જશે."[૩૦]

આમ જે, આત્માને પરમ શાંતિ આપે, તેને અધોગતિમાં પડતો બચાવી લે, સંસારનો ક્ષય કરવામાં સહાય કરે, પરમ વૈરાગ્ય આપે વગેરે આધ્યાત્મિક સહાય આપે તે ધર્મ, એમ શ્રીમદે ઘણી જગ્યાએ સમજાવ્યું છે. જગતમાં જાતજાતના ધર્મ પ્રવર્તે છે, તેમાં સાચો ધર્મ કયો ? તે કઈ રીતે જાણવું ? તે જાણવાની રીત બતાવતાં શ્રીમદે કહ્યું છે કે, જે ધર્મથી વૈરાગ્ય આવે, સંસાર ક્ષીણ થાય અને આત્માને પરમ શાંતિ મળે તે સાચો ધર્મ. તેનાથી ક્રોધ, માન, માયા લોભાદિ કષાયોનો પણ નાશ થવો જોઈએ.

શ્રીમદે પોતાની આ કસોટીથી ઘણા ધર્મો તપાસ્યા હતા, અને તેમને અનેક રીતે ચકાસી જોતાં જૈનધર્મની ઉત્તમતા જણાઈ હતી. જૈનના સેવનથી, તીર્થંકરની આજ્ઞાએ ચાલવાથી આત્મ પમાય છે, સંસારક્ષય થાય છે, તેવી તેમને ખાતરી થઈ હતી. અને તેથી તેમનું વલણ તે ધર્મ પ્રતિ વિશેષ જોવામાં આવે છે; તેની ઉત્તમતા બતાવતાં ઘણાં વચનો પણ તેમના પત્રોમાં જોવામાં આવે છે. આમ છતાં અન્ય ધર્મ પ્રતિ તેમને દ્વેષ નહોતો. તેઓ પ્રત્યેક ધર્મમાંથી સાચાં તત્ત્વો લેવા સદાય તત્પર રહેતા હતા. વેદાંત, બૌદ્ધ, સાંખ્ય, વૈષ્ણવ સંપ્રદાય વગેરેમાંથી જે જે તત્ત્વો યોગ્ય લાગ્યાં હતાં તે સર્વનો તેમણે સ્વીકાર કર્યો હતો. મોક્ષ પામવા માટે જૈન દર્શનનું સેવન એક ઉત્તમ સાધન છે, તેમ તેઓ વારંવાર જણાવે છે. પણ તે સિવાય મોક્ષ જ ન થઈ શકે તેવું એકાંતિક વલણ તેમનું ન હતું. તેઓ સર્વ ધર્મ પ્રતિ સમાન દૃષ્ટિ રાખવાવાળા હતા. જે ધર્મથી આત્મા પમાય તે જ શ્રેષ્ઠ ધર્મ અને તે જ સ્વીકારવો તેવો તેમનો અભિપ્રાય હતો.

ધર્મમાં દેખાતાં અનેક મતમતાંતરોથી દૂર રહેવાનો બોધ તેમણે મુમુક્ષુઓને કર્યો છે. એ મતમતાંતરોમાં ગૂંચવાયા સિવાય આત્માનું કલ્યાણ કઈ રીતે થાય તે જ વિચારવાનો અનુરોધ તેમણે સદાય કર્યો હોય તેમ તેમના પત્રો જોતાં જણાય છે. ક્યારેય મતભેદ વધારવા પ્રતિ તેમનું વલણ જોવામાં આવતું નથી. તેમનું વલણ તો આ મતભેદો મટી સર્વ જીવો કઈ રીતે કલ્યાણના માર્ગ પર આવે તે તરફ જ જોવામાં આવે છે. દાખલા તરીકે —

> "ગમે તે વાટે અને ગમે તે દર્શનથી કલ્યાણ થતું હોય, ત્યાં પછી મતાંતરની કંઈ અપેક્ષા શોધવી યોગ્ય નથી. આત્મત્વ જે અનુપ્રેક્ષાથી, જે દર્શનથી કે જે જ્ઞાનથી પ્રાપ્ત થાય, તે અનુપ્રેક્ષા, તે દર્શન કે તે જ્ઞાન સર્વોપરી છે."[૩૧]

---

૨૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, આંક : ૩૭, ૯૭, ૨૬૬, ૪૦૩, ૪૮૬; ૫૩૦ વગેરે.
૩૦. એજન, પૃ. ૧૭૦, આંક ૩૭. ૩૧. એજન, પૃ. ૧૯૩, આંક : ૭૧.

આમ જે જે પ્રકારે આત્મા આત્મભાવ પામે તે તે પ્રકાર સદ્ધર્મના છે. અને જેનાથી આત્મા અન્યભાવ પામે તે ધર્મના પ્રકાર નથી. તેથી જેઓ ધર્મ પામ્યા છે, તેમની પાસેથી જ સાચો ધર્મ પામવો જોઈએ.

### કલ્યાણ[૩૨]

જે વડે સંસારથી મુક્તિ થાય, આત્મ પમાય અર્થાત્ આત્માનાં દુઃખો જાય તેને શ્રીમદ્ કલ્યાણ તરીકે ઓળખાવે છે. ભૌતિક સુખો કે વૈભવની પ્રાપ્તિને તેઓ કલ્યાણ કહેતા નથી. જુદી જુદી જગ્યાએ નાના નાના ફકરાઓમાં શ્રીમદે આ કલ્યાણનો માર્ગ બતાવ્યો છે.

આ બધાં લખાણોમાં શબ્દો જુદા જુદા છે, પણ ભાવાર્થ તો એક જ છે કે જ્ઞાનીની આજ્ઞાએ, સર્વસમર્પણભાવથી જીવ વર્તે તો તેનું આત્મકલ્યાણ થાય. અન્ય કોઈ પણ ઇચ્છાથી નહિ પણ આત્માનું કલ્યાણ કરવાની ઇચ્છાથી જ જો જ્ઞાનીપુરુષની આજ્ઞા પાળવામાં આવે તો તે કલ્યાણ થવા માટેનું બળવાન નિમિત્ત છે. તેમાં જીવને સત્પુરુષની પ્રતીત આવવી જોઈએ. તે સાથે વૈરાગ્ય, શમ, વિવેક આદિ ગુણો પણ આવવા જોઈએ. તે બધાની આત્માર્થે સાધન કરવામાં ન આવે તો તે સંસારાર્થ થઈ જાય છે, અને તેનું ફળ સંસારનું મળે છે. એવી જાતની સાધના તો પૂર્વે અનેક વાર કરી છે, પણ તેથી જીવનું કલ્યાણ થયું નથી, માટે આત્માનું કલ્યાણ થાય તે હેતુએ એ સર્વ ગુણો વિકાસવવા યોગ્ય છે. અને એ માટે જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાનો સર્વોત્તમ ઉપાય બતાવતાં શ્રીમદે લખ્યું છે કે :—

> "જ્ઞાનીને ઓળખો; ઓળખી એઓની આજ્ઞા આરાધો. જ્ઞાનીની એક આજ્ઞા આરાધતાં અનેકવિધ કલ્યાણ છે."[૩૩]

આરંભ, પરિગ્રહ, અસત્સંગ એ આદિ કારણો જીવનું કલ્યાણ થવામાં આડે આવતા બળવાન પ્રતિબંધ છે. તેથી તેનાથી છૂટવાનો, અને જેમ બને તેમ અલ્પપરિચય રાખવાનો બોધ શ્રીમદે કર્યો છે. શ્રીમદે લખ્યું છે કે :—

> "જ્ઞાની પુરુષ પ્રત્યે અભિન્ન બુદ્ધિ થાય, એ કલ્યાણ વિશેનો મોટો નિશ્ચય છે, એવો સર્વ મહાત્મા પુરુષોનો અભિપ્રાય જણાય છે."[૩૪]

આમ કલ્યાણ કરવા માટે જ્ઞાની પુરુષની આજ્ઞાએ પ્રવર્તન કરવું એ સર્વ જ્ઞાનીઓને મતે સચોટ ઉપાય છે.

### ત્યાગ – સર્વસંગપરિત્યાગ[૩૫]

શ્રીમદે ત્યાગનો અર્થ સમજાવતાં એક પત્રમાં કહ્યું છે કે :—

૩૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, આંક : ૪૩૦, ૪૪૮, ૪૬૬, ૯૧૩ વગેરે,
૩૩. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૧, પૃ. ૬૪.
૩૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૩૮૪.
૩૫. એજન, આંક : ૭૧, ૫૬૯, ૬૫૭, ૬૬૩થી ૬૬૫ વગેરે.

"આત્મપરિણામથી જેટલો અન્ય પદાર્થોનો તાદાત્મ્ય – અધ્યાસ નિવૃત્તવો તેને શ્રી જિન 'ત્યાગ' કહે છે."[૩૬]

સંસારમાં રહીને સંસારનો ક્ષય થઈ શકતો નથી, તેનો ત્યાગ એ મહત્ત્વનો છે. સર્વ શાસ્ત્રોના બોધનું, ક્રિયાનું, જ્ઞાનનું, ભક્તિનું અને યોગનું પ્રયોજન સ્વરૂપપ્રાપ્તિ માટે છે, એટલે કે સંસારનો ક્ષય કરવા માટે છે. પણ એ વસ્તુઓ પ્રાપ્ત કરવા માટે સર્વસંગપરિત્યાગની આવશ્યકતા છે. પાણી સ્વભાવે શીતળ છે, છતાં તેને અગ્નિ પર કોઈ વાસણમાં નાખી તપાવવાથી તેણે ઉષ્ણ થવું પડે છે, તેમ ગૃહવાસમાં રહેનારને પણ સંસારની મોહિનીથી થતા ઉષ્ણપણાથી છૂટવા મુનિત્વ ગ્રહણ કરવું આવશ્યક છે. મહાવીરસ્વામી, જેઓ ગૃહવાસમાં અભોગી જેવા હતા, નિઃસ્પૃહ હતા અને સહજ સ્વભાવે મુનિ જેવા હતા, તેઓ પણ સર્વમાં અસારપણું જાણીને ત્યાગી બન્યા હતા. આમ સંસારનો ક્ષય કરવા માટે તેનો ત્યાગ તે મહત્ત્વનો છે. આમ સર્વસંગત્યાગનું ઘણું મહત્ત્વ જ્ઞાની પુરુષોએ બતાવ્યું છે.

આ ત્યાગ તે આત્માના કલ્યાણને અર્થે કરવાનો છે અને તે જ્ઞાનનું ફળ છે. જેને આત્મજ્ઞાન થાય છે તેની વૃત્તિ સંસારત્યાગ તરફ જાય છે, કારણ કે તેને પર, એવા સંસારમાં મારાપણું રહ્યું નથી. તે ત્યાગની શરૂઆત "આરંભ-પરિગ્રહ"ના ત્યાગથી થાય છે. અને આરંભ-પરિગ્રહનો ત્યાગ સત્શાસ્ત્રના પરિચયથી થાય છે. શુભેચ્છા, વિચાર, જ્ઞાન એ આદિ સર્વ ભૂમિકાને વિશે સર્વસંગપરિત્યાગ બળવાન ઉપકારી છે, એમ જ્ઞાની પુરુષોએ અણગારત્વ નિરૂપણ કર્યું છે. જોકે પરમાર્થથી સર્વસંગપરિત્યાગ તો યથાર્થ બોધ ઉત્પન્ન થાય ત્યારે જ આવે છે, એ જાણવા છતાં સત્સંગમાં રહેવાથી યથાર્થ બોધ ઉત્પન્ન થવાનો યોગ બાહ્યથી સર્વસંગપરિત્યાગ હોય તો વહેલો આવે છે, એમ જાણી જ્ઞાનીઓએ બાહ્યથી પણ ત્યાગનું મહત્ત્વ બતાવ્યું છે. જીવ નિવૃત્તિના સમયમાં સત્સંગ, સદ્‌ગુરુ, સદ્ધર્મની યથાયોગ્ય ઉપાસના કરી તે યથાર્થ બોધ જલદી પામી શકે છે, જેમ થવું સંસારમાં દુર્લભ છે. આમ આત્મજ્ઞાન હોય કે ન હોય, મુક્ત થવાની ઇચ્છાથી સર્વસંગપરિત્યાગ ઉપાસવામાં આવે તો કલ્યાણ થાય છે, એમ શ્રીમદ્‌ે જણાવ્યું છે.

સર્વસંગપરિત્યાગ કરીને ચાલી નીકળવાથી પણ જીવ ઉપાધિરહિત થતો નથી, કેમ કે જ્યાં સુધી અંતર્પરિણામ પર દૃષ્ટિ ન થાય, અને તથારૂપ માર્ગે ન પ્રવર્તાય ત્યાં સુધી તે ત્યાગ નામ માત્ર છે. તેવા અવસરે પણ અંતર્દૃષ્ટિ આવવી કઠણ છે, તો પછી ગૃહસ્થાવસ્થામાં રહેનાર જીવને અંતર્દૃષ્ટિ થવી વિશેષ કઠિન હોય તેમાં શી નવાઈ?

તેમ છતાં ગૃહસ્થવેશમાં આત્મજ્ઞાન ન થાય કે આત્મજ્ઞાન હોય તેને ગૃહસ્થાદિ વ્યવહાર ન હોય તેવો નિયમ નથી. પણ ત્યાગને તો સર્વ જ્ઞાનીઓએ વખાણેલ છે, તે વિશે શ્રીમદ્‌ે લખ્યું છે કે :—

"જ્ઞાનીને પણ ત્યાગ વ્યવહારની ભલામણ પરમપુરુષોએ કરી છે. કેમ કે ત્યાગ ઐશ્વર્યને સ્પષ્ટ વ્યક્ત કરે છે.....સ્વસ્વરૂપને વિશે સ્થિતિ તેને પરમાર્થસંયમ કહ્યો છે.

૩૬. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૧, ખંડ ૨, પૃ. ૨૩૪. અગાસ આવૃત્તિ. આંક ૫૬૯.

તે સંયમને કારણભૂત એવાં અન્ય નિમિત્તોના ગ્રહણને વ્યવહારસંયમ કહ્યો છે. કોઈ જ્ઞાની પુરુષોએ તે સંયમનો પણ નિષેધ કર્યો નથી."[37]

આથી જ શ્રીમદ્દે સર્વસંગપરિત્યાગની મહેચ્છા ઘણી નાની વયથી સેવી હતી. તેઓ અંતરથી એક પછી એક વસ્તુનો ત્યાગ કરતા ગયા હતા, પણ બાહ્યથી સર્વસંગપરિત્યાગ છેવટ સુધી કરી શક્યા ન હતા, તે જ તેની કઠિનતા બતાવે છે.

### તપશ્ચર્યા[38]

બાંધેલા કર્મસમૂહને બાળવા માટે તપ એ ઉત્તમ સાધન છે. તપના બે પ્રકાર છે: બાહ્ય તપ અને આભ્યંતર તપ, અનશન, ઉણોદરી, રસપરિત્યાગ, વૃત્તિસંક્ષેપ, કાયક્લેશ અને સંલીનતા એ છ પ્રકારનાં બાહ્ય તપ છે. અને પ્રાયશ્ચિત્ત, વિનય, શાસ્ત્રપઠન, ધ્યાન, વૈયાવચ્ચ, અને કાયોત્સર્ગ એ છ પ્રકારનાં આભ્યંતર તપ છે.

મુમુક્ષુએ આ સર્વ પ્રકારથી તપ કરીને કર્મ સમૂહને બાળવા પડે છે. અને તે દ્વારા જ સ્વરૂપ પમાય છે. સર્વસમર્પણભાવથી ભગવાનને સેવવામાં આવે તો સ્વરૂપપ્રાપ્તિ જલદી થાય છે. તપ વિશે શ્રીમદ્દે એક પત્રમાં લખ્યું છે કે:—

> "ગમે તે ક્રિયા, જપ, તપ કે શાસ્ત્રવાંચન કરીને પણ એક જ કાર્ય સિદ્ધ કરવાનું છે. તે એ કે જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું. એ એક જ લક્ષ ઉપર પ્રવૃત્તિ કરવાથી જીવને પોતાને શું કરવું યોગ્ય છે અને શું કરવું અયોગ્ય છે તે સમજાય છે – સમજાતું જાય છે. એ લક્ષ અચળ થયા વિના જપ, તપ, ધ્યાન કે દાન કોઈની યથાયોગ્ય સિદ્ધિ નથી, અને ત્યાં સુધી ધ્યાનાદિક નહિ જેવા કામના છે."[39]

આમ શ્રીમદ્‌ની દૃષ્ટિએ તપ અગત્યનું છે, પણ તે સર્વ આત્માર્થે થવાં જોઈએ. જો તેમાં ભૌતિક સુખની લાલસા કે અન્ય કોઈ ભાવ હોય તો તેનું કંઈ મહત્ત્વ નથી. આ જ કારણે શ્રીમદ્દે તેમના પત્રોમાં બાહ્ય તપ કરતાં આભ્યંતર તપ, અને તે કરતાં પણ સાચી સમજણ વિશે ખૂબ ભાર મૂક્યો છે.

### ઇંદ્રિયજય[39અ]

જીવનું કલ્યાણ થવા માટે મોહાદિનો ત્યાગ થવો જરૂરી છે. અને મનને કાબૂમાં લેવું પણ એટલું જ આવશ્યક છે. પાંચે ઇંદ્રિયમાં લોલુપતા થવાથી જીવ પ્રમાદમાં અટકી પડે છે, તેથી તેના જયને શ્રીમદ્દે આવશ્યક માનેલ છે.

---

૩૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૪૯૦.

૩૮. એજન, પત્રાંક: ૭૧, ૨૯૯ વગેરે.

૩૯. "શ્રી રાજચંદ્રનાં વિચારરત્નો", પૃ, ૪૯.

૩૯અ. "શ્રીમદ્ રાજચંદ્ર" અગાસ આ. ૧, અંક: ૧૬૬, ૫૦૬, ૭૦૬ વગેરે.

કોઈ એમ વિચારે કે વિષયાદિ ઇચ્છિત પદાર્થ ભોગવ્યા પછી નિવૃત્તિ લેવી, પણ તેમ થવું કઠણ છે, કારણ કે જ્ઞાનદશા વિના વિષયનું નિર્બળપણું સંભવે નહિ. વિષયથી તો કર્મબંધ થાય છે, એટલે જેને જ્ઞાન છે તેવા પુરુષો પણ પહેલાં વિષય ભોગવ્યા પછી વિરક્ત થવું એમ વિચારતા નથી; તેઓ તેમ વિચારે તો તેમને પણ આવરણ આવે. માત્ર પ્રારબ્ધ સંબંધી ઉદય હોય અને તેમાંથી છૂટી શકાય તેવું ન હોય, તો જ જ્ઞાની પુરુષો ભોગપ્રવૃત્તિ કરે છે, અને તેમ કરવામાં તેમને સતત પશ્ચાત્તાપ તો વર્તતો જ હોય છે. સામાન્ય જનને તો વિષય આરાધવા જતાં ઘણું કરી વિશેષ બંધ થાય છે. કારણ કે જ્ઞાનીપુરુષો પણ તે પ્રસંગો માંડ માંડ જીતી શકયા છે, તો જેને માત્ર પ્રાથમિક દશા હોય તેને માટે વિષય ભોગવતાં ઇંદ્રિયજય કરવો શકય નથી.

આથી દરેક જીવે પાંચે ઇંદ્રિયના વિષયમાં જાગ્રત રહેવું આવશ્યક છે. વૃત્તિઓની પ્રબળતા એવી હોય છે કે તે દરેક પ્રકારે જીવને છેતરે છે. જ્ઞાની જીવને કહે કે "આ પદાર્થનો ત્યાગ કરો" ત્યારે તેને વૃત્તિ ભુલાવે છે કે "હું બે દિવસ પછી ત્યાગીશ", અને એ બે દિવસ લંબાતા જ જાય છે; વૃત્તિ જીતે છે. આમ જીવને શિથિલ કરનાર વૃત્તિઓ જ છે. તેથી જે કંઈ ત્યાગવામાં આવે તેમાં શિથિલતા ન આવે તેનો ખાસ ખ્યાલ રાખવો જોઈએ. ત્યાગ કરતી વખતે એવી સગવડતા રહેવા ન દેવી કે જ્યારે તેનો જે અર્થ કરવો હોય તે થઈ શકે.

પાંચે ઇંદ્રિયોને વશ કરવા માટે વસ્તુઓની અનિત્યતા વિચારવી, તેમાંથી મળતાં સુખ પાછળ દુઃખ છે તે વિચારવું, આમ વસ્તુઓ માટે તુચ્છભાવ લાવવાથી ઇંદ્રિયો વશ થાય છે. બાહ્ય ઇંદ્રિયો વશ થાય તો સત્પુરુષના આશ્રયથી તે અંતરલક્ષી થઈ શકે છે. બાહ્ય ઇંદ્રિયો વશ થયા પછી જો સત્પુરુષનો આશ્રય ન રહે તો તેને લૌકિકભાવમાં જવાનો સંભવ રહે છે. એથી ઇંદ્રિયજય આવશ્યક છે, પણ તે સત્પુરુષના આશ્રયે રહીને.

### વૈરાગ[૪૦]

સંસારનું સ્વરૂપ વિચારવામાં આવે, તેમાં રહેલાં ભય અને દુઃખ વિચારવામાં આવે તો જીવને તેનાથી નિવૃત્ત થવાનો વિચાર આવ્યા વિના ન રહે. જીવને સંસારથી છૂટવાની થયેલી પ્રાથમિક ઇચ્છા તે વૈરાગ.

સંસારનું સ્વરૂપ વિચારવાથી જેમ વૈરાગ્ય આવે છે તેમ સત્શાસ્ત્ર, સદ્ધર્મ, સદ્ગુરુના સેવનથી વૈરાગ્યની વૃદ્ધિ થાય છે. અને આ વૈરાગ્ય સત્પુરુષના સાનિધ્યમાં વિશેષ બળવાન થાય છે. તે વૈરાગ્ય વર્તતો હોય તો ભોગાદિમાં અનાસક્તિ આવે છે, તૃષ્ણા ઘટે છે અને તે દ્વારા જીવનું કલ્યાણ થાય છે. આરંભ અને પરિગ્રહ એ અવૈરાગ્યનાં મૂળ છે. તેનો ત્યાગ કરવાનો ઉપદેશ જ્ઞાનીઓએ આપ્યો છે. વર્ષો સુધી વૈરાગ્ય કેળવ્યા પછી પણ જો

૪૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, આંક: ૫૦૬, ૫૧૯ વગેરે.

અજાગૃતિ રાખવામાં આવે તો મોહનીય કર્મ ઉદયમાં આવી વૈરાગ્યને નિષ્ફળ કરે છે. આથી તેને સાચવવા માટે સતત જાગૃતિની આવશ્યકતા છે. વૈરાગ્ય ત્યાગને લાવે છે.

### અસંગતા[૪૧]

આત્માને કોઈના પણ સંગની ઇચ્છા ન રહે તે અસંગદશા. સંપૂર્ણ અસંગદશા તો કેવળજ્ઞાન થયા પછી આવે છે, પણ તેનો પરિચય, બાહ્યથી તેમજ અંતરથી, વધારતા જવો તે આત્માનું કલ્યાણ કરવાનો એક મહત્ત્વનો ઉપાય છે. જેમ જેમ અસંગતા વધે તેમ તેમ સંસારક્ષય થાય છે.

આ અસંગતા વધારવા માટે જગતના અન્ય પદાર્થોની સ્પૃહા ઘટાડવી, સત્શાસ્ત્રાદિ સત્શ્રુતનો પરિચય કરવો, જ્ઞાનીના આશ્રયે રહી તેમની આજ્ઞાએ ચાલવું વગેરે ઉપાયો શ્રીમદ્દે બતાવ્યા છે. અસંગતા આવતાં આત્મભાવની વૃદ્ધિ થાય છે. અને આત્મા સંપૂર્ણ શુદ્ધ થતાં પૂર્ણ અસંગતા આવે છે.

### ધ્યાન[૪૨]

ધ્યાનના ચાર પ્રકાર છે : આર્ત, રૌદ્ર, ધર્મ અને શુકલ. તેમાંથી શ્રીમદ્દે આર્ત અને રૌદ્ર એ બે ધ્યાનનો તો સર્વથા ત્યાગવાનો જ ઉપદેશ કર્યો છે, કેમ કે તેનાથી કર્મબંધ વિશેષ થાય છે. શુકલધ્યાન તો બહુ ઉચ્ચ શ્રેણીમાં આવે છે. તેથી આ કાળમાં શુકલધ્યાનની મુખ્યતાનો અનુભવ ભારતમાં તેમણે અસંભવિત ગણ્યો છે. અને મોક્ષમાર્ગનો ધોરી રસ્તો ધર્મધ્યાનથી મળે છે તેની વિચારણા તેમણે કરેલી જણાય છે.

ચોથે ગુણસ્થાને આવેલો પુરુષ પાત્રતા પામ્યો કહેવાય છે, ત્યાં ધર્મધ્યાનની ગૌણતા છે. પાંચમે ગુણસ્થાને મધ્યમ ગૌણતા છે. છઠ્ઠે મુખ્યત્વે પણ મધ્યમ છે. સાતમે મુખ્યતા છે. આ ધ્યાન કેવી રીતે કરવું તે વિશે માર્ગદર્શન આપતાં શ્રીમદ્દે લખ્યું હતું કે:—

> "જો પદ્માસન વાળીને કિંવા સ્થિર આસનથી બેસી શકાતું હોય, સુઈ શકાતું હોય તોપણ ચાલે, પણ સ્થિરતા જોઈએ, ચળવિચળ દેહ ન થતો હોય તો આંખો વીંચી જઈ નાભિના ભાગ પર દૃષ્ટિ પહોંચાડી, પછી છાતીના મધ્યભાગમાં આણી, કપાળના મધ્યભાગમાં તે દૃષ્ટિ ઠેઠ લાવી, સર્વ જગત શૂન્ય ભાસરૂપ ચિંતવી, પોતાના દેહમાં સર્વ સ્થળે એક તેજ વ્યાપ્યું છે એવો ભાસ લઈ જે રૂપે પાર્શ્વનાથાદિક અર્હંતની પ્રતિમા સ્થિર ધવળ દેખાય છે, તેવો ખ્યાલ છાતીના મધ્યભાગમાં કરો. તેટલામાંથી કંઈ થઈ ન શકતું હોય તો...સવારના ચાર વાગે કે પાંચ વાગે જાગૃતિ પામી, સોડ તાણી એકાગ્રતા ચિંતવી, અર્હંત્ સ્વરૂપનું ચિંતવન બને તો

૪૧. "શ્રીમદ્ રાજચંદ્ર અગાસ આવૃત્તિ ૧, આંક : ૨૦૧, ૪૩૦, ૫૮૫ વગેરે.
૪૨. એજન, આંક : ૫૯, ૬૨. ૪૧૬ વગેરે.

કરવું. નહિ તો કંઈ પણ નહિ ચિંતવતાં સમાધિ કે બોધિ એ શબ્દો જ ચિંતવવા ...ઓછામાં ઓછી બાર પળ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સ્થિતિ રાખવી."[૪૩]

અહીં જણાવ્યા પ્રમાણે ધ્યાન કરવાથી પરમ કલ્યાણ થાય છે તેમ શ્રીમદ્‌ે કહ્યું છે. પણ સત્સંગ વિનાનું ધ્યાન તરંગરૂપ થઈ જાય છે, તેથી સત્સંગ તો ચાલુ હોવો જ જોઈએ.

આ ઉપરાંત ધ્યાન કરવાનો લગભગ અહીં જણાવ્યા પ્રમાણેનો બીજો ઉપાય પણ તેમણે કોઈને જણાવેલો છે. તેમાં પણ ભગવાનના દિવ્ય સ્વરૂપની ચિંતવના કરવાનો ઉપદેશ કર્યો છે. જ્ઞાનીની આજ્ઞાએ ધ્યાન કરવાથી આત્મપ્રદેશની સ્થિરતા થાય છે, અને પરિણામ પણ સ્થિર થાય છે. "લક્ષણથી, ગુણથી અને વેદનથી જેણે આત્મસ્વરૂપ જાણ્યું નથી એવા મુમુક્ષુને જ્ઞાનીપુરુષે બતાવેલું જો આ જ્ઞાન હોય તો તેને અનુક્રમે લક્ષણાદિનો બોધ સુગમપણે થાય છે." વળી, ધ્યાનથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે અને જ્ઞાન થાય છે. ધ્યાનના આવા વિવિધ લાભ તથા તે કરવાની રીત શ્રીમદ્‌ે મુમુક્ષુઓને પત્ર દ્વારા જણાવ્યાં હતાં.

## સત્શ્રુત – સત્શાસ્ત્ર[૪૪]

સંપૂર્ણ નિર્વિકલ્પજ્ઞાન ઉત્પન્ન થવા માટે છેવટ સુધી શ્રુતજ્ઞાનનું અવલંબન આવશ્યક છે. પ્રથમથી તેનો કોઈ જીવ ત્યાગ કરે તો તે કેવળજ્ઞાન પામે નહિ. કેવળજ્ઞાન સુધી દશા પામવાનો હેતુ શ્રુતજ્ઞાનથી થાય છે. જે શ્રુતથી અસંગતા ઉલ્લસે તે શ્રુતનો પરિચય કર્તવ્ય છે, કારણ કે જેમણે જગતના સુખની સ્પૃહા છોડી જ્ઞાનીના માર્ગનો આશ્રય ગ્રહણ કર્યો છે, તે અવશ્ય તે અસંગ ઉપયોગને પામે છે. આ અસંગ ઉપયોગ તે નિર્વિકલ્પ દશા મેળવવાનું મુખ્ય સાધન છે. આથી ઉત્કૃષ્ટ ભૂમિકા સુધી, બારમા ગુણસ્થાન સુધી, શ્રુતજ્ઞાનનું અવલંબન લેવાનું જ્ઞાની પુરુષોએ જણાવ્યું છે. અને જેઓ તેના અવલંબનથી આગળ વધે છે, તેમને તે ઉત્કૃષ્ટ ભૂમિકા પ્રાપ્ત કરવી કઠણ નથી. આ સત્શ્રુત એટલે —

> "શાંતરસનું જેમાં મુખ્યપણું છે, શાંતરસના હેતુએ જેના સમસ્ત ઉપદેશ છે, સર્વ રસગર્ભિત જેમાં વર્ણવ્યા છે, એવાં શાસ્ત્રનો પરિચય તે સત્શ્રુતનો પરિચય છે."[૪૫]

આમ સત્શ્રુતનો પરિચય એટલે સત્શાસ્ત્રનો પરિચય. પણ તે પરિચય શાસ્ત્રના મર્મ જાણવાથી કરવો જોઈએ. કારણ કે —

> "શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, મર્મ કહ્યો નથી, મર્મ તો સત્પુરુષના અંતરાત્મામાં રહ્યો છે."[૪૬]

---

૪૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, આંક : ૫૯, પૃ. ૧૮૪.
૪૪. એજન, આંક : ૫૮, ૧૩૯, ૮૨૪, ૮૨૫, ૯૧૩ વગેરે.
૪૫. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૨, પૃ. ૩૦૮.
૪૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૧૮૪.

જેમાંથી આત્માના વૈરાગ આદિને પોષણ મળે તે સત્શાસ્ત્ર છે. પણ તે શાસ્ત્રો મુખપાઠે હોય તેથી જ બસ નથી થઈ જતું. તે પર પ્રૌઢ અને વિવેકપૂર્વક વિચાર કરી, શાસ્ત્ર જેટલું જ્ઞાન હૃદયગત કરેલ હોય, તો જ શાસ્ત્ર યોગ્ય રીતે વાંચ્યાં કહેવાય. શ્રીમદ્‌ લખે છે તેમ —

> "શાસ્ત્રોનાં પાનાં ઉપાડવાં અને ભણવાં તેમાં કાંઈ અંતર નથી – જો તત્ત્વ ન મળ્યું તો, કારણ કે બેયે બોજો જ ઉપાડ્યો. પાનાં ઉપાડ્યાં તેણે કાયાએ બોજો ઉપાડ્યો, ભણી ગયા હતા તેણે મને બોજો ઉપાડ્યો ..શાસ્ત્રાભ્યાસનો નિષેધ કરવાનો હેતુ નથી,... પણ મૂળ વસ્તુથી દૂર જવાય એવા શાસ્ત્રાભ્યાસનો નિષેધ કરીએ છીએ."[૪૭]

આમ શાસ્ત્રોને સાચા અર્થમાં સમજીને, તેને હૃદયગત કરીને તેનો પરિચય ઠેઠ બારમા ગુણસ્થાન સુધી અવલંબનરૂપ છે તેમ શ્રીમદે અનેક જગ્યાએ કહ્યું છે.

## મુમુક્ષુ – મુમુક્ષુતા[૪૮]

મોક્ષનો ઇચ્છક તે મુમુક્ષુ. તેનામાં શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા હોય છે, અને તેથી જ તો —

> "જગતમાં રૂડું દેખાડવા માટે મુમુક્ષુ કંઈ આચરે નહિ, પણ રૂડું હોય તે જ આચરે."[૪૯]

આમ મુમુક્ષુ જીવની વર્તના સામાન્ય જનથી જુદા પ્રકારની હોય છે.

મુમુક્ષુને સંસારમાં મારાપણું હોય નહિ; જેને સંસારનું સ્વરૂપ વારંવાર, ક્ષણેક્ષણે, કારાગૃહ જેવું ભાસ્યા કરે તે મુમુક્ષુતાનું મુખ્ય લક્ષણ છે. આવો મુમુક્ષુ સંસારથી મુક્ત થવા ઇચ્છા કરે છે. અને તેથી સંસારમાં, આરંભ, પરિગ્રહ, વૈભવ વગેરેથી જેમ બને તેમ દૂર રહે છે. સત્સમાગમ અને સત્શાસ્ત્રના લાભને ઇચ્છતા એવા મુમુક્ષુઓને આરંભ, પરિગ્રહ અને રસાસ્વાદ આદિ પ્રતિબંધ સંક્ષેપ કરવા યોગ્ય છે, એમ શ્રી જિનાદિ મહાપુરુષોએ કહ્યું છે. આરંભ-પરિગ્રહનો જેમ જેમ મોહ મટે છે, જેમ જેમ તેને વિશે પોતાપણાનું અભિમાન મંદ થાય છે, તેમ તેમ મુમુક્ષુતા વર્ધમાન થાય છે. અનંતકાળના પરિચયવાળું એ અભિમાન એકદમ નિવૃત્ત થઈ જતું નથી, તેથી તન, મન, ધનાદિ જે કંઈ પોતાપણે વર્તતાં હોય છે તેને જ્ઞાનીને અર્પણ કરવામાં આવે છે, અને તે દ્વારા જીવ પોતાનું પોતાપણું ઘટાડવા માટેનો પ્રયત્ન કરે છે. આવા મુમુક્ષુ જ્યાં આરંભ-પરિગ્રહની ઉપાધિ અલ્પ હોય તેવા ક્ષેત્રમાં આજીવિકા માટે વસવાનું પસંદ કરે છે. અને તેનું સમગ્ર વર્તન આત્માના હિત માટે જ થતું હોય છે.

---

૪૭. "શ્રીમદ્‌ રાજચંદ્રનાં વિચારરત્નો", પૃ. ૨૨.

૪૮. "શ્રીમદ્‌ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, આંક : ૧૯૪, ૨૫૪, ૪૨૨, ૪૯૫ વગેરે.

૪૯. એજન – આંક ૨૭૪; અને "શ્રીમદ્‌ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૧, પૃ. ૩૬.

જ્ઞાનીને ઉપાસવાથી મુમુક્ષુતા જલદી આવે છે, મુમુક્ષુમાં જ્ઞાની પ્રત્યે યોગ્ય વિનય અને ભક્તિ બહુ અગત્યનાં છે. તેને સત્સંગમાં શીતળતા પ્રાપ્ત થાય છે. સત્સંગમાં જીવની મુમુક્ષુતા પણ વધે છે.

આવા મુમુક્ષુઓએ પણ ખૂબ જાગૃતિ રાખવાની હોય છે. આજીવિકા ન હોય, અન્ય દુઃખ હોય તોપણ તે સર્વને કર્મના ફળરૂપે માની આત્મહિતનો માર્ગ સાચવી રાખવાનો હોય છે. તેથી દુઃખની ચિંતા કરવી તે કર્તવ્ય નથી, ચિંતા તો આત્મગુણ રોધક છે. તેનું આ દુષમકાળમાં કર્તવ્ય તો એ છે કે, સત્સંગની સમીપતા રાખવી, અસત્સંગથી નિવૃત્તિ રાખવી અને આત્મસાધના ઇચ્છવી.

આવું મુમુક્ષુપણું સર્વને સુલભ નથી. આરંભ, પરિગ્રહ, રસ, વૈભવ આદિનો મોહ મુમુક્ષુપણું પ્રગટવા દેતો નથી. આ મુમુક્ષુતાને અટકાવનાર મુખ્ય સ્વચ્છંદ છે. ઘણું કરીને મનુષ્યાત્મા કોઈ ને કોઈ ધર્મમતમાં હોય છે, અને તેથી તે ધર્મમત પ્રમાણે પ્રવર્તવાનું તે કરે છે, તેમ તે માને છે. પણ તેનું નામ મુમુક્ષુતા નથી.

> "મુમુક્ષુતા તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મૂંઝાઈ એક 'મોક્ષને' વિષે જ યત્ન કરવો અને તીવ્ર મુમુક્ષુતા એ છે કે અનન્ય પ્રેમે મોક્ષના માર્ગમાં ક્ષણે ક્ષણે પ્રવર્તવું."[૫૦]

આ મુમુક્ષુતા ઉત્પન્ન થવાનું લક્ષણ પોતામાં દોષ જોવામાં અપક્ષપાતતા એ છે, અને તેનાથી સ્વચ્છંદનો નાશ થાય છે.

સ્વચ્છંદ જ્યાં થોડી અથવા ઘણી હાનિ પામ્યો છે, ત્યાં તેટલી બોધબીજયોગ્ય ભૂમિકા આવે છે. સ્વચ્છંદ રોકાય ત્યારે માર્ગપ્રાપ્તિ ન થવામાં મુખ્યત્વે ત્રણ કારણ હોય છે; આ લોકની અલ્પ પણ સુખેચ્છા, પરમ વિનયની ઓછપ અને પદાર્થના અનિર્ણય.

તીવ્ર મુમુક્ષુતા આવ્યા પહેલાં આ લોકની અલ્પ સુખેચ્છા હોય છે, મુમુક્ષુતામાં બાહ્ય આનંદ અનુભવવાથી તેમાં શાતા લાગે છે કે બાહ્ય શાતામાં પણ સુખેચ્છા રહ્યા કરે છે, તેથી જીવની યોગ્યતા રોકાઈ જાય છે. સત્પુરુષમાં પરમેશ્વર બુદ્ધિ રાખી તેમની આજ્ઞાએ વર્તવું તે પરમ વિનય છે. આવો વિનય ન આવે ત્યાં સુધી જીવની યોગ્યતા વધતી નથી. અને કદાચ આ બે ગુણ આવ્યા હોય, પણ આત્માનો યથાર્થ નિર્ધાર ન થયો હોય તોપણ તે યોગ્યતા રોકાઈ જાય છે. આ ત્રણમાં "પરમ વિનય" એ મુમુક્ષુતા મેળવવાનું, મોક્ષમાર્ગ મેળવવાનું મુખ્ય કારણ છે. આથી મુમુક્ષુને વિનયભક્તિ હોવી તે આવશ્યક અંગ છે એમ શ્રીમદે ઘણી વાર જણાવ્યું છે.

શ્રીમદે જણાવેલાં મુમુક્ષુનાં લક્ષણો તપાસીએ તો તે આત્માર્થી જીવનાં લક્ષણોને ઘણાં મળતાં જણાય છે, બંને લગભગ એક જ છે એમ કહી શકાય.

---

૫૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૮૮, આંક ૨૫૪.

## સદ્‌ગુરુની આવશ્યકતા[51]

આ સંસારમાં સર્વ જીવ કોઈ ને કોઈ પ્રકારનું દુઃખ ભોગવે છે. સર્વ જીવ તે દુઃખથી છૂટવા માટે ઇચ્છે છે, પણ તેમ થતું નથી. આ દુઃખની નિવૃત્તિ દુઃખ જેમાંથી જન્મ પામે છે એવા રાગદ્વેષ અને અજ્ઞાનાદિ દોષોની નિવૃત્તિ થયા વિના સંભવતી નથી. આ રાગદ્વેષની નિવૃત્તિ આત્મજ્ઞાન પામ્યા સિવાય ભૂતકાળમાં થઈ નથી, વર્તમાનમાં થતી નથી અને ભવિષ્યકાળમાં થશે નહિ. તેથી દુઃખથી મુક્તિ મેળવવા આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું આવશ્યક છે. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે સદ્‌ગુરુએ કહેલાં વચનો વાંચવાં, વિચારવાં એ જ સર્વશ્રેષ્ઠ અને સર્વજ્ઞાનીઓએ જણાવેલો ઉપાય છે. પ્રત્યક્ષ સદ્‌ગુરુ વિના જીવના અજ્ઞાનાદિ દોષ કોઈ નિવૃત્ત કરાવી શકતા નથી, તેથી કલ્યાણનો માર્ગ પામવામાં સદ્‌ગુરુની ખૂબ જ આવશ્યકતા છે. સ્વચ્છંદે કલ્યાણનો માર્ગ સાધવામાં "હું આત્માર્થ સાધું છું" એવી જાતનો અહંભાવ જીવને થાય છે, જે સંસાર થવાનો મુખ્ય હેતુ છે અને સંસાર તો છોડવાનો છે. તે છોડવા માટે સત્ સમજાવનાર, જણાવનાર અને પમાડનાર એ સદ્‌ગુરુ જ છે. આવા સદ્‌ગુરુનું માહાત્મ્ય તો જેટલું ગાઈએ તેટલું ઓછું છે. આથી શ્રીમદે સદ્‌ગુરુ અને સત્પુરુષનું માહાત્મ્ય તથા તેની આવશ્યકતા પત્રે પત્રે જણાવી છે.

## સત્પુરુષ – જ્ઞાની કોણ ?[52]

જેના આશ્રયમાં જવાથી જીવનું કલ્યાણ થાય તે સત્પુરુષ. તે સત્પુરુષ કેવા હોય તેનાં લક્ષણો શ્રીમદે અનેક પત્રોમાં બતાવ્યાં છે, અને તેમની આજ્ઞાએ વર્તવાનો ખૂબ જ અનુરોધ કર્યો છે. સત્પુરુષે આત્માને ઓળખ્યો હોય છે; તેમને નિશદિન આત્માનો ઉપયોગ હોય છે. શાસ્ત્રમાં નથી કે સાંભળ્યામાં નથી છતાં અનુભવમાં આવે એવું જેનું કથન છે, અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે, ધર્મ જ જેનાં અસ્થિ, મજ્જા, ઇન્દ્રિય, હલન-ચલન, શયન, જાગૃતિ, આહાર, વિહાર, નિહાર, સંકલ્પ, વિકલ્પ છે, ટૂંકામાં કહીએ તો ધર્મ જ જેનું સર્વસ્વ છે, એવો પુરુષ તે સત્પુરુષ છે. તેમને સમભાવ, રાગદ્વેષરહિતપણું, ઇંદ્રિયજય વગેરે ઘણા ઘણા ગુણો હોય છે. તેવા જ્ઞાનીની વર્તના પણ કર્મના ઉદય પ્રમાણે થતી હોય છે, અને ક્યાંયે હર્ષ કે શોક ન થતાં સમભાવ રહેતો હોય છે. વળી તેમને સંયમ હોય છે, માર્ગપ્રાપ્તિ હોય છે અને આત્મા અનુભવ્યો હોય છે : આવાં બધાં લક્ષણો જેનામાં હોય તે સત્પુરુષ છે.

આવા સત્પુરુષની વાણી કેવી હોય તે બતાવતાં શ્રીમદે લખ્યું છે કે :—

---

૫૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, આંક : ૫૪, ૧૬૬, ૨૪૯, ૩૭૨, ૩૭૫, ૩૯૭, ૪૪૯, ૪૯૩, ૪૯૭, ૫૨૨, ૫૨૮, ૬૪૭, ૮૩૭ વગેરે.

૫૨. એજન, આંક : ૫૪, ૧૬૬, ૨૪૯, ૩૭૨, ૩૭૫, ૩૯૬, ૪૩૯, ૪૯૩, ૫૨૨, ૫૨૮, ૬૪૭, ૮૩૭ વગેરે.

"જ્ઞાનીની વાણી પૂર્વાપર અવિરુદ્ધ, આત્માર્થ ઉપદેશક તથા અપૂર્વ અર્થનું નિરૂપણ કરનાર હોય છે, અને અનુભવસહિતપણું હોવાથી આત્માને સતત જાગ્રત કરનાર હોય છે. શુષ્કજ્ઞાનીની વાણીમાં તથારૂપ ગુણ હોતા નથી."[૫૩]

આ બધાં લક્ષણો શ્રીમદ્દે ઘણા પત્રોમાં વિસ્તારથી બતાવ્યાં છે, અને ત્યાં સત્પુરુષનું માહાત્મ્ય પણ તેટલું જ બતાવ્યું છે.

## સત્પુરુષને ઓળખે કોણ ?

સત્પુરુષ આગળ જોયા તે બધા ગુણો ધરાવે છે. પણ તે આંતરિક છે. જ્ઞાનદશા અથવા વીતરાગદશા તે મુખ્યપણે દૈહિક સ્વરૂપ તથા દૈહિક ચેષ્ટાનો વિષય નથી, તે અંતરાત્માનો ગુણ છે, અને અંતરાત્મપણું બાહ્ય જીવોના અનુભવનો વિષય ન હોવાથી, તથા તેવા જીવોને ઓળખવાનો લોકોને પરિચય ન હોવાથી તેઓ જ્ઞાની કે સત્પુરુષને ઓળખી શકતા નથી. વળી, "હું જાણું છું", "હું સમજું છું" એવો માનભાવ, પરિગ્રહ, ભોગાદિમાં આસક્તિ તથા લોકભય એ કારણોને લીધે પણ લોકોને સત્પુરુષને ઓળખવામાં ઘણી મુશ્કેલી નડે છે. તે બધા ઉપરાંત સ્વચ્છંદનો દોષ તો મહાભયંકર છે.

આથી સત્પુરુષને ઓળખવા માટે આ બધી વસ્તુઓનો ત્યાગ થવો જોઈએ. જીવના સ્વચ્છંદ, માનભાવ, પરિગ્રહબુદ્ધિ, લોકભય આદિ દોષોનો નાશ થવો જોઈએ. જેનામાં દૃઢ મુમુક્ષુતા પ્રગટે, જે સત્સમાગમમાં થયેલો ઉપદેશ આચરણમાં ઉતારે, તેને અંતરમાં પરિણમાવે, તેવો જીવ જ્ઞાની કે વીતરાગને ઓળખી શકે. જેના વચનબળથી નિર્વાણમાર્ગ મળે છે, એવી સજીવનમૂર્તિનો પૂર્વે અનેક વેળા યોગ થયો હતો, પણ જીવને તેનું ઓળખાણ થયું ન હતું. તે વખતે તેનું મન બાહ્ય રિદ્ધિસિદ્ધિ આદિ મેળવવાની કામનાથી મલિન થયેલું હતું, તેથી તેને ઓળખાણ થયું ન હતું. પણ જો એક વખત ઓળખાણ થઈ જાય તો તે જીવને સત્પુરુષ માટે અપૂર્વ પ્રેમ આવે છે.

આમ જોઈએ તો જે જીવ સાચો મુમુક્ષુ હોય, જેને આત્મજ્ઞાન પામવાની તાલાવેલી લાગી હોય, તે જીવ સત્પુરુષને ઓળખી શકે.

## સત્સંગમાં આવશ્યક વસ્તુઓ[૫૪]

"આત્માને સત્ય રંગ ચડાવે તે સત્સંગ." મોટા પુરુષના સંગમાં નિવાસ તે સત્સંગ છે. તેના જેવું કોઈ હિતસ્વી સાધન નથી. જેનાથી આત્મસિદ્ધિ થાય તે સત્સંગ. આવો સત્સંગ મેળવવા માટે કેટલાંક લક્ષણો હોવાં આવશ્યક છે, જે હોય તો જ સત્સંગનું ફળ મળે છે.

---

૫૩. "શ્રી રાજચંદ્રનાં વિચારરત્નો", પૃ. ૮.

૫૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, આંક : ૧૯૮, ૨૦૭, ૨૩૮, ૩૯૯, ૫૨૮, વગેરે.

દ્રવ્યાદિ ઉત્પન્ન કરવામાં સાંગોપાંગ ન્યાયસંપન્ન રહેવારૂપ નીતિ તે મુખ્ય લક્ષણ છે. આવી નીતિ ન હોય તો તેને સત્પુરુષના સમાગમનો સાચો લાભ મળતો નથી. બીજું લક્ષણ છે તન, મન અને ધનથી બાહ્ય વસ્તુ પરની આસક્તિનો ત્યાગ કરી સત્પુરુષની ભક્તિમાં જોડાવું. જોકે સત્પુરુષ ભક્તિને ઇચ્છતા નથી. પણ મોક્ષાભિલાષીને તે વિના ઉપદેશ પરિણમતો નથી. સત્પુરુષમાં, તેનાં વચનમાં, તેના વચનના આશયમાં પ્રીતિ-ભક્તિ થવી તે સત્સંગ માટેનું ત્રીજું લક્ષણ છે. એ લક્ષણ ન હોય ત્યાં સુધી જીવને આત્મવિચાર ઉદયમાં આવતો નથી. આરંભ, પરિગ્રહ, રસાસ્વાદ આદિનો પ્રતિબંધ સંક્ષેપવો તે સત્સંગ મેળવવા માટેનું ચોથું લક્ષણ છે. તે સંક્ષેપવાને માર્ગે ન જવાય ત્યાં સુધી સત્પુરુષનો કહેલો માર્ગ પરિણમતો નથી. સંસારમાં ઉદાસીનતા, પરના અલ્પ ગુણમાં પ્રીતિ, પોતાના અલ્પ દોષને વિશે અત્યંત ક્લેશ એ સત્સંગમાં અખંડ એક શરણાગતપણે ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

મુમુક્ષુને જો કોઈ સત્પુરુષનો આશ્રય પ્રાપ્ત થયો હોય તો તેની પાસે જ્ઞાનની યાચના કરવી ન ઘટે, પણ માત્ર તથારૂપ વૈરાગ્ય અને ઉપશમ આદિ પ્રાપ્ત કરવાનો ઉપાય કરવો ઘટે. તે યોગ્ય પ્રકારે સિદ્ધ થાય તો જ્ઞાનીનો ઉપદેશ જલદીથી પરિણમે છે. તેથી શ્રીમદ્દે એક પત્રમાં તેથી વિરુદ્ધ સ્થિતિ વિશે લખ્યું છે કે :—

> "જ્ઞાનીપુરુષને મળીને જે આત્મભાવે, સ્વચ્છંદપણે કામનાએ કરી, રસે કરી સંસારને ભજે છે, તેને તીર્થંકર પોતાના માર્ગથી બહાર કહે છે."૫૫

આત્મહિત માટે સત્સંગ જેવું બળવાન નિમિત્ત બીજું કોઈ નથી, છતાં તે સત્સંગ પણ જે જીવ લૌકિકભાવથી અવકાશ લેતો નથી તેને નિષ્ફળ જાય છે. પરવસ્તુમાં મમત્વ કરે, આરંભપરિગ્રહમાં નિજબુદ્ધિ ન છોડે, તો તેને સત્સંગ ફળરૂપ થતો નથી. ટૂંકામાં, પાંચ ઇંદ્રિયવિષયોમાં ઉદાસીનતા રાખવી, સરળપણું, ક્ષમા, પોતાના દોષનું જોવું, અલ્પારંભ, અલ્પપરિગ્રહ અને જ્ઞાનીપુરુષની ભક્તિ એ સર્વ સત્સંગ માટે આવશ્યક છે, એમ શ્રીમદ્દે અનેક પત્રોમાં જુદે જુદે રૂપે સમજાવ્યું છે.

## સત્પુરુષની – જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાનું ફળ

સત્પુરુષને ઓળખીને તેની આજ્ઞાએ ચાલવામાં આવે તો અનેકવિધ લાભ થાય છે. તે સર્વ શ્રીમદ્દે એક એક કરી જુદા જુદા પત્રોમાં જણાવ્યા છે. અને સર્વ જગ્યાએ સત્પુરુષનું માહાત્મ્ય પણ બતાવ્યું છે. તેમના પત્રોમાં સૌથી વિશેષ જો કંઈ લખાયું હોય તો તે જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાની આવશ્યકતા વિશે છે.

સત્પુરુષનો યોગ થવો એ જ આ પંચમકાળમાં અત્યંત દુર્લભ વસ્તુ છે. અને તે મળે તો જીવને તેમનામાં શ્રદ્ધા થવી કે તેની આજ્ઞાએ ચાલવું તે પણ એટલું જ કઠિન લાગે છે, પણ જો તેમ કરવામાં આવે તો ઘણો લાભ થાય.

---

૫૫. "શ્રી રાજચંદ્રનાં વિચારરત્નો", પૃ. ૧૩.

સત્પુરુષનું ઓળખાણ થાય અને તેમાં શ્રદ્ધા આવે એટલે મોક્ષમાર્ગ બહુ નિકટ છે તેમ સમજાય છે, કારણ કે મોક્ષમાર્ગ પામવા માટેનું ઉત્તમ સાધન સત્પુરુષ છે. આમ સત્પુરુષની પ્રતીતિ આવતાં જીવનું કલ્યાણ થવાનો આરંભ થાય છે. શ્રીમદ્દે લખ્યું છે કે :—

"પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમમાં અને તે આશ્રયમાં વિચરતા મુમુક્ષુઓને મોક્ષસંબંધી બધાં સાધનો અલ્પપ્રયાસે અને અલ્પકાળે પ્રાયે સિદ્ધ થાય છે; પણ તે સમાગમનો યોગ પામવો બહુ દુર્લભ છે."[૫૬]

સત્પુરુષની આજ્ઞાએ ચાલવાથી સૌથી મહત્ત્વનું ફળ મળે છે તે સંસારક્ષય અને મોક્ષમાર્ગની પ્રાપ્તિ. જીવને જો મુક્તિ મેળવવી હોય, સંસારનો ક્ષય કરવો હોય, તો તેણે સત્પુરુષની આજ્ઞાએ ચાલવું જોઈએ. આમ કરવાથી તેના કષાય મંદ થાય છે, તેનું અજ્ઞાન ટળે છે, સ્વચ્છંદ જાય છે, આરંભપરિગ્રહની બુદ્ધિ ઘટે છે, અનેક દોષોનો નાશ થાય છે. વળી, સત્પુરુષની આજ્ઞાએ ચાલવાથી સમપણું આવે છે, આત્મજ્ઞાન થાય છે, આત્માના બીજા અનેક ગુણો–જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, બળ, દાન આદિ પ્રગટ થાય છે. આમ સત્પુરુષના યોગે સર્વ કલ્યાણમય થાય છે, અને અયોગે અકલ્યાણમય થાય છે. શ્રીમદ્દે આ જ વસ્તુ તેમના લગભગ બધા જ પત્રોમાં જુદી જુદી રીતે, જુદા જુદા રૂપે વ્યક્ત કરી છે. તેમને સત્પુરુષની આજ્ઞાએ ચાલવાનું મહત્ત્વ કેટલું હતું તે જુઓ —

"આત્મા વિનયી (થઈ), સરળ અને લઘુત્વભાવ પામી સદૈવ સત્પુરુષના ચરણકમળ પ્રતિ રહ્યો, તો જે મહાત્માઓને નમસ્કાર કર્યા છે, તે મહાત્માઓની જે જાતિની ઋદ્ધિ છે, તે જાતિની ઋદ્ધિ સંપ્રાપ્ય કરી શકાય. અનંતકાળમાં કાં તો સત્પાત્રતા થઈ નથી, અને કાં તો સત્પુરુષ મળ્યા નથી; નહિ તો નિશ્ચય છે, કે મોક્ષ હથેળીમાં છે."[૫૭]

"આ લોક ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે. ઝાંઝવાનાં પાણીને લેવા દોડી તૃષા છીપાવવા ઇચ્છે છે, એવો દીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે–સમયે અતુલ ખેદ, જ્વરાદિક રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુઃખને અનુભવે છે; એવી અશરણતાવાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે, સત્પુરુષની વાણી વિના એ તાપ અને તૃષા કોઈ છેદી શકે નહિ એમ નિશ્ચય છે."[૫૮]

આમ અનેક જગ્યાએ શ્રીમદ્દે વિવિધ રીતે સત્સંગનું ફળ બતાવ્યું છે. જેમાં સત્સંગથી કલ્યાણ થાય છે, પાત્રતા આવે છે, પરમાર્થની દૃઢતા થાય છે, કામજય થાય છે, આત્મવિસ્મરણ નિવારાય છે, સંસારભાવની નિવૃત્તિ થાય છે, તીવ્ર જ્ઞાનદશા આવે છે, રત્નત્રયની પ્રાપ્તિ થાય છે, ત્રિવિધ તાપ ટળે છે, આત્માની નિર્મળતા થાય છે, અસંગતા આવે છે, દૃઢ મુમુક્ષુતા આવે છે વગેરે લાભો શ્રીમદ્દે બતાવ્યા છે.

---

૫૬. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૨, પૃ. ૨૯૭.

૫૭. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૨, પૃ. ૧૦૪; અગાસ આવૃત્તિ, આંક ૫૫.

૫૮. એજન પૃ. ૧૨૫.

## જ્ઞાનીની અવજ્ઞાનું ફળ

જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાથી જીવના સ્વચ્છંદ, અભિમાન, કષાય, રાગદ્વેષ, મિથ્યાત્વ, અજ્ઞાન, અભિનિવેશ આદિ દોષો જાય છે, અને સમ્યગ્દર્શન થાય છે. તીવ્ર મુમુક્ષુતા, તીવ્ર જ્ઞાનદશા, માર્ગપ્રાપ્તિ, આત્મબોધ, પરાભક્તિ, આત્મસ્થિરતા વગેરે ગુણો મળે છે. એટલે કે જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાનું ફળ અવર્ણનીય છે.

જ્ઞાનીની આટલી મહત્તા હોવાને લીધે તેની જો અવજ્ઞા કરવામાં આવે તો એટલું જ નુકસાન થાય તે સ્વાભાવિક છે. જોકે જ્ઞાની પોતે તો પોતાને મળતાં માન-અપમાન, લાભાલાભ, સુખદુઃખ આદિ વિશે સમભાવી હોય છે. પણ તેમને દુઃખ આપનાર, અપમાન કરનાર, અવજ્ઞા કરનારને ઘણા મોટા પ્રમાણમાં એટલે કે અનંતાનુબંધી કર્મ બંધાય છે. જ્ઞાનીને તો એવી કરુણા વર્તતી હોય છે કે પોતાને દુઃખ આપી કર્મબંધ કરનારની પણ મુક્તિ તેઓ ઇચ્છે, તે જલદી સાચે માર્ગે આવે એવી ભાવના તેઓ ભાવતા હોય છે. આમ જ્ઞાની પોતાની આજ્ઞા-અવજ્ઞા માટે નિર્લેપ હોય છે. તેમ છતાં અવજ્ઞા કરનારને ફળ તો મળે જ.

જ્ઞાનીની અવજ્ઞા કરવામાં આવે તો અનંતસંસાર વધી જાય છે, દર્શનમોહનીયનો અનંતાનુબંધી બંધ પડે છે, એમ શ્રી તીર્થંકર પ્રભુ કહે છે. જેમ જ્ઞાનીની આજ્ઞાએ વર્તવું તે અનંતસંસારના નાશનું કારણ છે, તેમ જ્ઞાનીની અવજ્ઞા કરવી તે અનંતસંસારની વૃદ્ધિનું કારણ છે. તે અવજ્ઞાથી અજ્ઞાન, મિથ્યાત્વ, મોહ, માન, માયા, કષાય, રાગદ્વેષ, સ્વચ્છંદ આદિ દોષો જોર કરી જાય છે, અને જીવને સાચે રસ્તે આવવામાં પ્રબળ અંતરાય ઊભો કરે છે. તેથી જ્ઞાનીની અવજ્ઞાનું ફળ એ જીવનું સૌથી મોટું અકલ્યાણ કરનાર છે; તેને જ્ઞાન, મુમુક્ષુતા, માર્ગપ્રાપ્તિ, આત્મસ્થિરતા આદિ થવા દેતાં નથી. ટૂંકામાં કહીએ તો, જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાથી જેટલું ફળ મળે છે, તેટલું ફળ, તેનાથી ઊલટા પ્રકારનું, જ્ઞાનીની અવજ્ઞાથી મળે છે.

## સત્સંગની દુર્લભતા, તેના વિયોગે જીવનું કર્તવ્ય

સત્સંગથી કલ્યાણ થાય છે, તેથી તેનું માહાત્મ્ય જ્ઞાની પુરુષોએ બહુ બતાવ્યું છે; અને તેથી તેને રત્નથી અધિક માહાત્મ્યવાળો ગણ્યો છે. પરંતુ તેની સુલભતા નથી; સર્વ કાળને વિશે તેનું દુર્લભપણું ગણાયું છે. અને આ વિષમ કાળમાં તો સત્સંગની અત્યંત ખામી છે. પરમાર્થ-માર્ગમાં આગળ વધારી શકે તેવા સત્સંગની બહુ દુર્લભતા થઈ પડી છે. તેનો ખેદ પણ શ્રીમદે વારંવાર વ્યક્ત કર્યો છે. અને તે સંગની ખામીને લીધે તો તેઓ પોતાને એક સમયે દુઃખિયા મનુષ્યોના શિરોભાગમાં ગણાતા હતા. સત્સંગની આટલી બધી ખામી જણાવાનું મુખ્ય કારણ એ હતું કે તેમણે સત્સંગનું માહાત્મ્ય પૂર્વે અનુભવ્યું હતું.

આવા દુઃષમકાળમાં સત્સંગનો વિયોગ રહે તે સ્વાભાવિક છે, તેવે સમયે જીવનું શું કર્તવ્ય છે તે વિશે શ્રીમદ્દે વિચાર કર્યો હતો અને તે વિચારો તેમણે મુમુક્ષુઓને લખેલા પત્રોમાં પણ વ્યક્ત કર્યા હતા.

જ્ઞાનીપુરુષના સમાગમનો અંતરાય રહેતો હોય તે વખતે તેની દશા, ચેષ્ટા તથા વચનો સંભારવાં અને તેવા ગુણો પોતાનામાં પ્રગટાવવાનો પુરુષાર્થ કરવો. તે વિશે શ્રીમદ્દે લખ્યું છે કે :—

> "સત્સંગનું સેવન જે નિરંતરપણે ઇચ્છે છે, એવા મુમુક્ષુ જીવને જ્યાં સુધી તે તે જોગનો વિરહ રહે, ત્યાં સુધી દૃઢભાવે તે ભાવના ઇચ્છી, પ્રત્યેક કાર્ય કરતાં વિચારથી વર્તી, પોતાને વિશે લઘુપણું માન્ય કરી, પોતાના જોવામાં આવે તે દોષ પ્રત્યે નિવૃત્તિ ઇચ્છી, સરળપણે વર્ત્યા કરવું અને જે કાર્ય કરી તે ભાવનાની ઉત્પત્તિ થાય, એવી જ્ઞાનવાર્તા કે જ્ઞાનલેખ કે ગ્રંથનું કંઈ કંઈ વિચારવું રાખવું."[૫૯]

> "સત્સમાગમના અભાવ પ્રસંગમાં તો વિશેષે કરી આરંભ-પરિગ્રહ પ્રત્યેથી વૃત્તિ સંક્ષેપવાનો અભ્યાસ રાખી, જેને વિશે ત્યાગ–વૈરાગ્યાદિ પરમાર્થ સાધનો ઉપદેશ્યાં છે, તેવા ગ્રંથો વાંચવાનો પરિચય કર્તવ્ય છે, અને અપ્રમત્તપણે પોતાના દોષ વારંવાર જોવા યોગ્ય છે."[૬૦]

આ ઉપરાંત સત્સંગના વિયોગમાં, વીતરાગશ્રુતની અનુપ્રેક્ષા, આરંભ-પરિગ્રહની વૃત્તિ છોડવી, વગેરે કર્તવ્ય બતાવ્યાં છે. એ વખતે એ ખ્યાલ રાખવાનો છે કે સમાગમનું બળ ઘટતાં અન્ય વસ્તુમાં વૃત્તિ ચાલી ન જાય. અન્ય ભાવોમાં જીવ જતાં તેનો અનાદિનો અભ્યાસ હોવાથી પ્રતિબંધમાં પડી જવાનો સંભવ રહે છે.

## ભક્તિ[૬૧]

ભક્તિનું માહાત્મ્ય દર્શાવતાં શ્રીમદ્દે કહ્યું છે કે :—

> "ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દૃઢ નિશ્ચય છે કે, ભક્તિ એ સર્વોપરી માર્ગ છે. અને તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે."[૬૨]

જ્ઞાનીની, પ્રભુની, તીર્થંકરની, સદ્ગુરુની, સર્વની ભક્તિ કલ્યાણ કરવામાં ઉપકારી છે. મોક્ષ મેળવવા માટે ભક્તિ એ ધુરંધર માર્ગ છે. શુદ્ધ, સચ્ચિદાનંદસ્વરૂપ, સર્વ દૂષણરહિત,

૫૯. "શ્રી રાજચંદ્રનાં વિચારરત્નો", પૃ. ૧૭.

૬૦. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૧, પૃ. ૫૩; અગાસ આવૃત્તિ, આંક ૬૮૩.

૬૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક : ૨૨૩, ૨૮૩, ૩૩૫, ૫૩૦, ૫૭૨, ૬૯૩ વગેરે.

૬૨. એજન, આંક ૨૦૧, પૃ. ૨૬૪.

સર્વ ભયરહિત, સર્વજ્ઞ, સર્વદર્શી, જિનેશ્વર ભગવાનની ભક્તિથી આત્મશક્તિ પ્રકાશ પામે છે, મનની સ્થિરતા આવે છે, આત્મા વિકારથી વિરક્ત થાય છે, શાંતિ મળે છે અને કર્મની નિર્જરા થાય છે. અભિમાન, અહંકાર, માયા, લોભ આદિ દુર્ગુણો ભક્તિથી નાશ પામે છે, કારણ કે ભક્તિમાં તો સર્વસમર્પણભાવ હોવાથી – સદ્‌ગુરુને બધું સોંપી દીધું હોવાથી – કંઈ પોતાનું રહેતું નથી, કે જેમાં જીવ માયા, મમતા કે અભિમાન કરે. આથી ક્રિયામાર્ગમાં કે જ્ઞાનમાર્ગમાં જે અભિમાન, વ્યવહાર, આગ્રહ કે સિદ્ધિમોહ, પૂજાસત્કારાદિનો મોહ વગેરેની સંભાવના રહે છે, તેની, ભક્તિમાં સંભાવના નથી રહેતી. આ કારણથી કોઈક મહાત્માને બાદ કરતાં ઘણા વિચારવાન જીવોએ ભક્તિમાર્ગનો આશ્રય કર્યો છે. અને તે માર્ગને શ્રેષ્ઠ ગણ્યો છે. પરમાત્મા અને આત્માનું એકરૂપ થઈ જવું તે પરાભક્તિની છેવટની હદ છે. પરમાત્માની જ લય રહેવી તે પરાભક્તિ છે. આ ભક્તિ જીવનું ઘણી ત્વરાથી કલ્યાણ કરે છે.

ગુરુગમથી જેણે ભક્તિ જાણી નથી, તેની ભક્તિમાં અકાળ અને અશુચિદોષ આવે છે. એકાંતે પ્રભાતે પ્રથમ પ્રહર એ સેવ્ય ભક્તિને માટે યોગ્ય કાળ છે. સ્વરૂપચિંતન-ભક્તિ તે સર્વકાળે સેવ્ય છે. વ્યવસ્થિત મન એ સર્વ શુચિનું કારણ છે. બાહ્ય મળ આદિથી રહિત તન અને શુદ્ધ સ્પષ્ટ વાણી એ શુચિ છે. આવી શુદ્ધતા ગુરુના આશ્રયે ભક્તિ કરવાથી આવે છે. ભક્તિની પૂર્ણતા ક્યારે પમાય તે વિશે શ્રીમદ્દે એક પત્રમાં લખ્યું છે કે :—

> "ભક્તિની પૂર્ણતા પામવાને યોગ્ય ત્યારે થાય છે કે એક તૃણ માત્ર પણ હરિ પ્રત્યે યાચવું નહિ. સર્વ દશામાં ભક્તિમય જ રહેવું...સર્વત્ર હરીચ્છા બળવાન છે એ કરવા માટે હરિએ આમ કર્યું છે, એમ નિઃશંકપણે સમજવું."[૬૩]

પરમાત્માની ભક્તિ જ જેને પરમ પ્રિય છે એવા પુરુષને સંસાર સંબંધી કઠણાઈ ન હોય તો સમજવું કે તેને ખરી ભક્તિ જ નથી, કારણ કે સંસાર સંબંધી કઠણાઈ તે પરમાર્થ માર્ગની સરળતા છે. તે કઠણાઈ તો માયાથી આવે છે, ભગવદ્‌ભક્તને તો શાતા અને અશાતા બંને સરખાં જ છે. મહાત્મા કબીર, નરસિંહ મહેતા, મીરાંબાઈ આદિની ભક્તિ અનન્ય, અલૌકિક, અદ્‌ભુત અને સર્વોત્કૃષ્ટ હતી. તેઓ એવી દુઃખી સ્થિતિમાં પણ પ્રભુ પાસે લેશ પણ નહોતાં યાચતાં કે નહોતાં દીન થતાં. પરમાત્માએ એમના પરચા પૂરા કર્યા છે તે તો ભક્તોની ઇચ્છાની ઉપરવટ થઈને. જો ભક્તોની એવી ઇચ્છા હોય તો તો તેમને રહસ્ય ભક્તિની પ્રાપ્તિ જ ન હોય. તેથી જ્ઞાની પ્રત્યે નિઃસ્પૃહ ભક્તિ સેવવા માટે ભાર મૂકતાં શ્રીમદ્દે લખ્યું છે કે :—

> "જ્ઞાની પ્રત્યે જેને કેવળ નિઃસ્પૃહ ભક્તિ છે, પોતાની ઇચ્છા તે થકી પૂર્ણ થતી ન દેખીને પણ જેને દોષ આવતો નથી, એવા જે જીવ છે, તેને જ્ઞાનીને આશ્રયે ધીરજથી વર્તતાં આપત્તિનો નાશ હોય છે; અથવા ઘણું મંદપણું થઈ જાય છે, એમ જાણીએ છીએ. તથાપિ તેવી ધીરજ રહેવી આ કાળને વિશે બહુ વિકટ છે અને તેથી ઉપર જણાવ્યું છે, એવું પરિણામ ઘણી વાર આવતું અટકી જાય છે."[૬૪]

૬૩. "શ્રી રાજચંદ્રનાં વિચારરત્નો", પૃ. ૬૪.

૬૪. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૨, પૃ. ૧૪૬; અગાસ આવૃત્તિ, આંક ૩૬૮.

આમ શ્રીમદ્ શુદ્ધ, સમર્પણભાવવાળી ભક્તિનું ઘણું માહાત્મ્ય તેમના પત્રોમાં ઠેકઠેકાણે વ્યક્ત કરે છે.

જ્ઞાનીની આજ્ઞાએ આ ભક્તિ કરવામાં આવે તો જીવનું કલ્યાણ થાય છે, બંધથી મુક્તિ થાય છે, જ્ઞાન થાય છે, અને છેવટે મોક્ષ પણ થાય છે. પણ એ ભક્તિ માત્ર આત્મજ્ઞાનને અર્થે જ થતી હોવી જોઈએ. નહિતર તેનું પણ સંસાર અર્થે જ ફળ મળે છે. આથી તો જ્ઞાની પાસે આત્માને મૂકીને સંસારની ઇચ્છા ન કરવાનો અનુરોધ શ્રીમદ્દે વારંવાર કર્યો છે.

ભક્તિનું આટલું માહાત્મ્ય હોવા છતાં તે ભક્તિનો વર્તમાન કાળમાં લોપ થયેલો જોઈને શ્રીમદ્‌ને ઘણો ખેદ થતો હતો. અને તે ખેદ તેમણે કેટલીક વાર વ્યક્ત પણ કર્યો હતો. ભક્તિ અને સત્સંગ વિદેશ ગયા હોય તેવી સ્થિતિમાં તે માર્ગ પ્રકાશી શકે એવા પુરુષની દુર્લભતા થઈ પડી હોય તે સ્વાભાવિક છે. તે માર્ગ કોણ પ્રકાશે તે વિશે શ્રીમદ્દે લખ્યું છે કે :—

> "યોગબળ સહિત, એટલે જેમનો ઉપદેશ ઘણા જીવોને થોડા પ્રયાસે મોક્ષસાધનરૂપ થઈ શકે એવા અતિશય સહિત જે સત્પુરુષ હોય તે જ્યારે યથાપ્રારબ્ધ ઉપદેશ-વ્યવહારનો ઉદય પ્રાપ્ત થાય ત્યારે મુખ્યપણે ઘણું કરીને તે ભક્તિરૂપ પ્રત્યક્ષ આશ્રયમાર્ગ પ્રકાશે છે, પણ તેવા ઉદયયોગ વિના ઘણું કરી પ્રકાશતા નથી.[૬૫]

આમ શ્રીમદ્દે ભક્તિ, તેનું સ્વરૂપ, તેનું માહાત્મ્ય, તેની શ્રેષ્ઠતા, તે માર્ગના પ્રકાશનની યોગ્યતા વગેરે મુદ્દાઓ વિશેની વિચારણા પત્રોમાં પ્રગટ કરી છે, જેમાં તેમણે ભક્તિનું અપૂર્વ માહાત્મ્ય અનેક વખત બતાવ્યું છે. તે સાથે કેવી ભક્તિ જોઈએ, તેની કેવી ખુમારી ચડવી જોઈએ તે ગોપાંગનાઓ વ્યાસ મુનિ, નરસિંહ, કબીર આદિનાં ઉદાહરણો દ્વારા તેમણે પ્રસંગોપાત સમજાવ્યું છે.

## સમ્યગ્દર્શન[૬૬]

આત્મા જેવો છે તેવો જેને અનુભવાય તેને સમ્યગ્દર્શન થયું કહેવાય. સમ્યગ્દર્શનના ત્રણ પ્રકાર કહેલ છે : આપ્તપુરુષના વચનની પ્રતીતિરૂપ, આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ, સ્વચ્છંદ નિરોધપણે આપ્તપુરુષની ભક્તિરૂપ એ, એ પ્રથમ સમકિત છે. પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તે સમકિતનો બીજો પ્રકાર છે. નિર્વિકલ્પ પરમાર્થ અનુભવ તે સમકિતનો ત્રીજો પ્રકાર છે.

---

૬૫. "શ્રીમદ્ રાજચંદ્ર" આવૃત્તિ ૫, ખંડ ૨, પૃ. ૩૬૧.

૬૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, જુઓ આંક : ૧૦૫, ૧૩૫, ૧૪૩, ૩૯૭ ૪૩૧, ૪૫૦, ૪૫૯, ૪૯૩, ૫૭૦, ૭૬૯, ૭૭૧ વગેરે.

વિશાળ બુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા અને જિતેન્દ્રિયપણું — આ ગુણો જેનામાં હોય તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે. કર્મમુક્ત થવાની જેને સાચી ઇચ્છા હોય તે સમ્યગ્દર્શન મેળવવાને પાત્ર છે.

મનુષ્યત્વ, આર્યદેશ, ઉત્તમ કુળ, શારીરિક સંપત્તિ એ બધાં અપેક્ષિત સાધનો છે.

૧ સત્પુરુષના ચરણનો ઇચ્છક, ૨ સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી,
૩ ગુણ પર પ્રશસ્તભાવ રાખનાર, ૪ બ્રહ્મવ્રતમાં પ્રીતીમાન,
૫ જ્યારે સ્વદોષ દેખાય ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર,
૬ ઉપયોગથી એક પળ પણ ભરનાર, ૭ એકાંતવાસને વખાણનાર,
૮ તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી, ૯ આહાર વિહાર નિહારનો નિયમી,
૧૦ પોતાની ગુરુતા દબાવનાર

એવા અંતરંગ ગુણો ધરાવનાર કોઈ પણ પુરુષ સમ્યગ્દશાને પાત્ર છે.

આ બધા મુમુક્ષુતાના ગુણો ઉત્પન્ન થવાનું મુખ્ય લક્ષણ પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા રાખવી એ છે, તેનાથી સ્વચ્છંદનો નાશ થાય છે, અને તેથી બોધબીજને યોગ્ય ભૂમિકા તે આત્મામાં બંધાય છે. પણ જ્યાં સુધી સંસારમાં સુખ લાગે છે, ત્યાં સુધી સાચી મુમુક્ષુતા પ્રાપ્ત થતી નથી, તેથી સંસારનો નિર્વેદ, કષાયની મંદતા, મોક્ષની અભિલાષા, સત્પુરુષનું માહાત્મ્ય જીવને લાગે ત્યારે જ જીવ સમ્યગ્દશાને પાત્ર થાય છે. આથી આ સર્વ ગુણો મેળવવા પુરુષાર્થી થવું અગત્યનું છે.

૧. આત્મા છે, ૨. આત્મા નિત્ય છે, ૩. આત્મા કર્તા છે, ૪. આત્મા ભોક્તા છે, ૫. મોક્ષ છે અને ૬. મોક્ષનો ઉપાય છે, એ છ પદમાં અત્યંત સંદેહરહિત શ્રદ્ધા થાય ત્યારે જ્ઞાનીપુરુષો તેને સમ્યગ્દર્શન થયું ગણે છે. અનિત્ય પદાર્થમાં મોહબુદ્ધિ હોવાને લીધે આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ આદિ ધ્યાનમાં આવતાં નથી, પણ તે મોહગ્રંથિનું છેદન જ્યારે થાય ત્યારે સમકિત થાય છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયની અનંતાનુબંધી ચોકડીનો ક્ષયોપશમ થાય ત્યારે સમકિત થાય છે. એ વખતે તીર્થંકરના માર્ગની પ્રતીતિ પણ જીવને આવી જાય છે.

સમ્યગ્દશાવાળા જીવમાં પાંચ લક્ષણો હોય છે : શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા.

૧. ક્રોધાદિ કષાયોનું સમાઈ જવું, ઉદય આવેલા કષાયોની મંદતા થવી. અનાદિકાળની વૃત્તિઓ સમાઈ જવી, તે શમ.
૨. મુક્ત થવા સિવાય બીજા કોઈ પ્રકારની અભિલાષા ન હોય તે સંવેગ.
૩. સંસારથી વૈરાગ્ય તે નિર્વેદ.
૪. વીતરાગપ્રણીત માર્ગમાં, જેનાં વચનોનું બહુ મૂલ્ય છે તે નિઃસ્પૃહી મહાત્માનાં વચનોમાં શ્રદ્ધા તે આસ્થા,
૫. અને સર્વ જીવોમાં પોતાના આત્મા જેવી જ દૃષ્ટિ, સર્વ પ્રતિ કરુણાભાવ તે અનુકંપા. સમ્યગ્દૃષ્ટિ જીવમાં આ પાંચ લક્ષણો અવશ્ય હોય છે.

અનંતાનુબંધી, ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા અને અનંતાનુબંધી લોભ એ ચારે તથા મિથ્યાત્વમોહની, મિશ્રમોહની અને સમ્યક્‌ત્વમોહની એ ત્રણ, એમ સાત પ્રકૃતિનો જ્યાં સુધી ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષય થતો નથી, ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિપણું સંભવતું નથી. એ સાત પ્રકૃતિ જેમ જેમ મંદતાને પામે, તેમ તેમ સમ્યક્‌ત્વનો ઉદય થાય છે. તે પ્રકૃતિઓની ગ્રંથિ છેદવી પરમ દુર્લભ છે. સદ્‌ગુરુના ઉપદેશ વિના અને સત્પાત્રતા વિના તે ગ્રંથિ છેદાતી નથી. પણ એક વખત જો તે ગ્રંથિ છેદાઈ ગઈ તો સમ્યગ્દર્શન થાય છે.

જીવને જો એક વખત સમ્યગ્દર્શન થાય તો તેનો વધુમાં વધુ પંદર ભવે મોક્ષ થાય છે. સમકિતી જીવ જો પ્રબળ પુરુષાર્થ ઉપાડે તો તેને તે ભવે પણ મુક્તિ મળી શકે છે. પણ જો થયેલા સમકિતને વમી નાખવામાં આવે તો જીવનું સંસારપરિભ્રમણ ઘણું વધી જાય છે. આપ્તપુરુષના વચનની પ્રતીતિરૂપ જે પ્રથમ પ્રકારનું સમકિત થયું હોય છે, તેને સત્સંગાદિ સાધનોથી બળ ન મળે તો જીવને થયેલ શ્રદ્ધા ચલિત થવાનો સંભવ વધી જાય છે. આવી શ્રદ્ધા જો ચલિત થઈ જાય તો તે જીવની પંદર ભવમાં મુક્તિ નિશ્ચિત કહેવાતી નથી; પછી તો તેના પુરુષાર્થ પર આધાર રાખે છે. ઉપશમરૂપ સમકિત જેને થયું હોય તેને પણ જો આગળ જતાં તે ક્ષાયોપશમિક કે ક્ષાયિક સમકિતમાં ન પરિણમે તો તે જીવનું અગિયારમે ગુણસ્થાનેથી પતન થાય છે. અને તેવા જીવને પણ ફરીથી પુરુષાર્થ કરવાનો રહે છે. ક્ષાયિક સમકિતવાળાને આત્યંતિક પતનનો ભય રહેતો નથી, કેમ કે તેણે અનંતાનુબંધી કર્મપ્રકૃતિઓનો ક્ષય કર્યો હોવાથી તે પ્રકૃતિઓ ફરીથી ઉદયમાં આવી શકતી નથી.

આવા પતન પામેલા જીવની મુક્તિ મેળવવા માટેની કાળમર્યાદા જ્ઞાની પુરુષોએ બતાવી છે. સમકિત વમેલા જીવની પણ "અર્ધપુદ્‌ગલ પરાવર્તન" જેટલા સમયમાં મુક્તિ નિશ્ચિત થઈ જાય છે. આ તેની વધુમાં વધુ સમયની મર્યાદા છે; તે પહેલાં તે મુક્તિ મેળવી શકે છે, પણ તેનાથી વધુ સમય તો તેને લાગતો જ નથી. પણ આ કાળમર્યાદા ઘણી મોટી છે. જગતમાં જેટલા પુદ્‌ગલ પરમાણુ છે, તે એકેએકને ભોગવી લેતાં જેટલો સમય લાગે તેને તીર્થંકર પ્રભુએ પુદ્‌ગલ પરાવર્તન કાળ કહ્યો છે. તેનાથી અડધો સમય તે "અર્ધપુદ્‌ગલ પરાવર્તન કાળ". તેમાં અસંખ્ય કાળચક્રો ફરી જાય છે.

સમકિતી જીવ અભક્ષ્ય આહાર કરે ? એવો કોઈ મુમુક્ષુએ શ્રીમદ્‌ને પ્રશ્ન પૂછ્યો હતો. તેના ઉત્તરમાં શ્રીમદ્દે આ વિશે જણાવ્યું હતું. શ્રેણિક મહારાજા સંબંધી કોઈ એક ગ્રંથમાં એવું જણાવવામાં આવ્યું છે કે તેમણે અભક્ષ્ય આહાર કર્યો હતો. તે માટે શ્રીમદ્દે જણાવેલું કે આવું વાંચી કોઈએ તે પ્રવૃત્તિ કરવા જેવી નથી. સમકિત થયા પહેલાં પણ અભક્ષ્યનો નિષેધ છે, તો પછી સમકિત થયા પછી તો જીવ અભક્ષ્ય આહાર ન કરે તે સહજ છે. સત્પુરુષની વાણી વિષય અને કષાયના અનુમોદનથી અથવા રાગદ્વેષના પોષણથી રહિત હોય છે, અને તે જ દૃષ્ટિએ સર્વનો અર્થ કરવો યોગ્ય છે.

## ક્ષાયિક સમકિત આ કાળે સંભવે?[૬૭]

શ્રીમદ્દના જણાવ્યા પ્રમાણે ક્ષાયિક સમકિતની વ્યાખ્યા આગમોમાં સમજાવેલી નથી, તેનાં સ્પષ્ટ લક્ષણો હાલ કોઈના જાણવામાં નથી, પણ એટલું જાણી શકાય છે કે જે જીવને ક્ષાયિક સમકિત પ્રગટ્યું હોય તે જીવને કદાચ નવકારશી જેટલું પણ વ્રત ન હોય, છતાં પણ તે જીવ વધુમાં વધુ ત્રણ ભવ અને નહિ તો તે જ ભવે મુક્તિ પામે છે, એવી આશ્ચર્યકારક ક્ષાયિક સમકિતીની વ્યાખ્યા તેમાં બતાવી છે, જેનું આવું માહાત્મ્ય છે, તે ક્ષાયિક સમકિતીની દશા કેવી સમજવી? આ દશા આગમોમાં જણાવાઈ નથી.

કોઈ મુમુક્ષુએ, આ કાળમાં ક્ષાયિક સમકિત ન હોય, તેવા જિનાગમના વચન વિશે અભિપ્રાય પુછાવ્યો હતો. તેના ઉત્તરમાં શ્રીમદ્દે જણાવ્યું હતું કે, જિનાગમમાં આવું વચન હોય તોપણ ક્ષાયિક સમકિતની દશા બતાવેલ નથી, તેથી તે વિષે નિર્ણય કરવો કઠિન છે કે એ દશા સંભવે કે નહિ. પણ એવું વચન જિનાગમમાં નથી, તે બતાવતાં તેમણે લખ્યું હતું કે :—

> "હાલ જેને જિનસૂત્રોને નામે ઓળખવામાં આવે છે, તેમાં 'ક્ષાયિક સમકિત નથી' એવું સ્પષ્ટ લખેલું નથી અને પરંપરાગત તથા બીજા કેટલાક ગ્રંથોમાં એ વાત ચાલી આવે છે, એમ વાંચેલું છે, સાંભળેલું છે. અને તે વાક્ય મિથ્યા છે કે મૃષા છે એમ અમારો અભિપ્રાય નથી, તેમ તે વાક્ય જે પ્રકારે લખ્યું છે તે એકાંત અભિપ્રાયે જ લખ્યું છે એમ અમને લાગતું નથી."[૬૮]

આ પછી તેના આનુષંગી બીજા મુદ્દાઓ વિશે જણાવીને શ્રીમદ્દે ક્ષાયિક સમકિત વિશે કોઈ સ્પષ્ટ અભિપ્રાય આપ્યો નથી. માત્ર પોતાની યથાર્થ દશા વિચારવાનો તેમણે બોધ કર્યો છે.

આમ શ્રીમદ્દ વર્તમાન કાળમાં ક્ષાયિક સમકિતી જીવ હોય કે ન હોય તે વિશે કશો સ્પષ્ટ અભિપ્રાય આપતા નથી.

## સમ્યગ્દષ્ટિને સિદ્ધિઓ સાથેનો સંબંધ

સમ્યગ્દૃષ્ટિ આત્મા, જે ચોથે ગુણસ્થાને હોય છે, તેને ક્વચિત્ સિદ્ધિ હોય છે અને ક્વચિત્ સિદ્ધિ નથી હોતી. જેને સિદ્ધિ હોય છે તેને તેની ઇચ્છા નથી હોતી, જો ઇચ્છા થાય તો તે પ્રમાદથી થાય છે અને જેને એવી ઇચ્છા થાય તેનું પતન થાય છે, તેથી પ્રમાદરહિત દશાથી સિદ્ધિની ઇચ્છા કે ઉપયોગ ન કરવાં હિતાવહ છે. પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનથી તે સિદ્ધિઓ વધતી જાય છે. ત્યાં પણ પ્રમાદ આવે તો અનિષ્ટ થાય છે. સાતમા ગુણસ્થાને સિદ્ધિઓ વધે છે, પણ ત્યાં પ્રમાદને ઓછો અવકાશ છે. અગિયારમે લોભનો પ્રબળ ઉદય આવવાથી જીવનું પતન થાય છે, પણ તે સિવાયનાં "જેટલાં સમ્યક્ત્વનાં

---

૬૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક : ૩૯૭.

૬૮. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૨, પૃ. ૧૫૦; અગાસ આવૃત્તિ, આંક ૩૯૭.

સ્થાનક છે અને જ્યાં સુધી સમ્યક્‌પરિણામી આત્મા છે ત્યાં સુધી, તે એકે જોગને વિશે જીવને પ્રવૃત્તિ ત્રિકાળે સંભવતી નથી."[૬૯]

સમ્યગ્જ્ઞાની પુરુષોના જે ચમત્કારો જે લોકોએ જાણ્યા છે તે તે જ્ઞાનીપુરુષોએ કરેલા સંભવતા નથી, સ્વભાવે કરી સિદ્ધિજોગ પામ્યા હોય છે.

## મિથ્યાદૃષ્ટિ

આત્મા અને દેહનું જેને સ્પષ્ટ ભિન્નપણું ભાસ્યું નથી, દેહમાં આત્મા માનવારૂપ બુદ્ધિ રહ્યા કરે છે, અનુભવસ્વરૂપ આત્મા અનુભવ્યો નથી, આત્માનાં અસ્તિત્વાદિ છ પદનું નિઃશંકત્વ જેને પ્રાપ્ત થયું નથી, તે મિથ્યાદૃષ્ટિ છે. અને તેને જે જ્ઞાન હોય તે મિથ્યાજ્ઞાન છે.

મિથ્યાદૃષ્ટિને કર્મની બળવત્તરતા હોય છે. તેના ક્રોધ, માન, માયા અને લોભની અનંતાનુબંધી ચોકડીનો નાશ થયો હોતો નથી, અને તેથી તે બાહ્ય સુખની શોધમાં અનંત સંસારનું પરિભ્રમણ કર્યા કરે છે. વળી, આત્મા સમપરિણામી થયો ન હોવાને લીધે, આત્માને જાણ્યો ન હોવાને લીધે, તેની કોઈ પણ પ્રવૃત્તિ સફળ એટલે કે આત્માર્થે થતી નથી. તેની વૃત્તિઓ પણ સંક્ષેપાઈ ન હોવાને લીધે તેને તીવ્ર રાગદ્વેષ થયા કરે છે, તેથી તે જે જે તપ, જપ આદિ ક્રિયા કરે છે તેનું ફળ તેને સંસારાર્થે મળે છે. એટલે કે તેને ભૌતિક સુખની પ્રાપ્તિ થાય છે, પણ આત્મા જાગૃત થતો નથી.

તેનાં સ્વચ્છંદ અજ્ઞાન, માન વગેરે મટ્યાં ન હોવાને લીધે તેને જ્ઞાની પુરુષમાં શ્રદ્ધા થતી નથી, અને તેથી તેનું મિથ્યાત્વ જતું નથી. શાસ્ત્રમાં અભિગ્રહિક, અનાભિગ્રહિક અભિનિવેશિક, સાંશયિક અને અણાભોગિક વગેરે મળી મિથ્યાત્વના પાંચ પ્રકાર કહ્યા છે, તે પાંચે તેને પ્રવર્તતા હોય છે.

ટૂંકામાં કહીએ તો, તેની પ્રત્યેક પ્રવૃત્તિ સમ્યગ્દૃષ્ટિ જીવથી ઊલટા પ્રકારે થતી હોય છે. અને તેથી તેના ભવનો અંત આવતો નથી. પણ તેવો જીવ સત્પુરુષને ચરણે જઈ, પરમ ભક્તિથી તેની આજ્ઞા આરાધે તો તે સમ્યગ્દૃષ્ટિ થઈ મોક્ષમાર્ગને પામે છે, અને મુક્તિનું અનંત આત્મસુખ પામે છે.

## સમ્યગ્દર્શનનું માહાત્મ્ય

આગળ જોઈ તેવી સમર્થતા સમકિતની હોવાથી શ્રીમદ્દે તેનું બહુમાન કરેલું છે. સર્વ જ્ઞાનીઓએ સમકિતને મોક્ષમાર્ગનું પ્રથમ પગથિયું ગણેલ છે. તે વિશેનાં શ્રીમદ્‌નાં ઉલ્લાસપૂર્વક લખાયેલાં વચનો જુઓ —[૬૯]

૬૯. "શ્રીમદ્ રાજચંદ્ર" આવૃત્તિ ૫ ખંડ ૨ પૃ. ૧૭૨/અગાસ આવૃત્તિ, આંક ૪૫૦.

"હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યક્‌દર્શન! તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો. આ અનાદિ અનંત સંસારમાં અનંત અનંત જીવો તારા આશ્રય વિના અનંત અનંત દુઃખને અનુભવે છે."૭૦

"અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું, તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યાંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યક્‌દર્શનને નમસ્કાર."૭૧

આ સમ્યગ્દર્શન પામેલો જીવ દશા વધતાં જ્ઞાની અને સત્પુરુષ થાય છે.

## જ્ઞાનીની દશા – સ્વરૂપ

**આત્મજ્ઞાન થયા પછી જીવની કેવી દશા થાય છે કે જેથી તેનું આટલું બધું માહાત્મ્ય શ્રીમદે બતાવ્યું છે? આત્મજ્ઞાનીની દશા કેવી હોય તેનું છૂટક છૂટક નિરૂપણ શ્રીમદે કરેલ છે, જે પરથી આપણને જ્ઞાનીની દશા સમજાય છે.**

આ જ્ઞાનીઓ મનોજયી હોય છે. તેમને મૌન રહેવું કે અમૌન રહેવું બંને સુલભ હોય છે, અનુકૂળ-પ્રતિકૂળ દિવસ સરખા હોય છે, લાભ-હાનિ સરખી હોય છે, તેમને માત્ર સમભાવ જ વર્તતો હોય છે. આવા મનોજયી જ્ઞાનીની સમર્થતા બતાવતાં શ્રીમદે લખ્યું છે કે:

"એક કલ્પનાનો જય એક કલ્પે થવો દુર્લભ, તેવી તેમણે અનંત કલ્પનાઓ કલ્પના અનંતમા ભાગે શમાવી દીધી!"૭૨

આવા જ્ઞાનીને ધર્મ એ જ અસ્થિ, મજ્જા, ઇન્દ્રિય આદિ હોય છે, એટલે કે ધર્મ એ જ તેમનું સર્વસ્વ હોય છે. આવા જ્ઞાનીઓ મનુષ્યદેહે પરમાત્મા જ છે, કારણ કે તેમનું હલનચલન, વાચા, કાર્ય આદિ પ્રત્યેક વસ્તુ ધર્મને અર્થે થતી હોય છે.

તેઓ શાસ્ત્રમર્મના જ્ઞાતા હોય છે, સર્વમાં ઉદાસીનતા કે વીતરાગતા વર્તતી હોય છે, પોતાના સ્વરૂપમાં જ મગ્ન રહે છે, અને મગ્નતા રહે નહિ ત્યારે શાસ્ત્રવાચન, ભક્તિ આદિ શુભ પ્રવૃત્તિઓમાં રહે છે. એટલે કે તેમને કષાયજય હોવાથી તેઓ શુદ્ધભાવમાં કે શુભભાવમાં રહે છે.

આવા જ્ઞાનીને વિશે કોઈ જો ધનાદિ ભૌતિક વસ્તુ મેળવવાની ઇચ્છા રાખે તો તેવા જીવને દર્શનાવરણીય કર્મ બંધાય છે. પરંતુ ઘણું કરીને તેવો પ્રતિબંધ કોઈને ન થાય તે રીતે જ્ઞાની વર્તે છે. જ્ઞાનીઓ પ્રારબ્ધના ઉદય પ્રમાણે વર્તે છે, અને જે સ્થિતિ પ્રાપ્ત થાય તેમાં હર્ષશોક કે રાગદ્વેષ કરતા નથી. આમ જ્ઞાનીની પ્રવૃત્તિ, પ્રવૃત્તિ જેવી જ નથી હોતી. ઊના પાણીને માટે જેમ ઉષ્ણપણું તે મુખ્ય ગુણ નથી, તેવું જ જ્ઞાનીની પ્રવૃત્તિ

---

૭૦. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૨, પૃ. ૪૪૩. અગાસ આવૃત્તિ હાથ નોંધ ૨/૨૦ આંક : ૮૩૯

૭૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ પૃ. ૨૬૫.

૭૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ પૃ. ૧૧૦.

માટે પણ છે. તેમ છતાં પણ આત્મસ્થિરતાને વધારવા માટે જ્ઞાની નિવૃત્તિની ઇચ્છા રાખ્યા કરે છે, અને સત્સંગને સેવ્યા કરે છે. તેઓ ઉદય પ્રમાણે પ્રવૃત્તિ કરતા હોવા છતાં તેમની એક પણ પ્રવૃત્તિ એવી નથી હોતી કે જેથી પરમાર્થને વિશે ભ્રાંતિ થાય. જ્ઞાનીને દેહ પરનું મમત્વ પણ ટળી ગયું હોય છે, તેથી તેને સુખી કે દુઃખી અવસ્થા પણ સ્પર્શી શકતી નથી.

આમ જ્ઞાનીની અવસ્થા સામાન્ય જનના કરતાં એટલી જુદા પ્રકારની હોય છે કે તેનું વર્ણન કરતાં અનેક ગ્રંથો પણ લખાયા છે.

## જ્ઞાની-અજ્ઞાની વચ્ચેનો ભેદ

જ્ઞાની અને અજ્ઞાનીની ચેષ્ટા બાહ્યથી જોતાં ઘણી સામ્યવાળી લાગતી હોવા છતાં, તેમાં આંતરિક રીતે ઘણો તફાવત હોય છે. અનાદિકાળથી વિપર્યાસ બુદ્ધિ હોવાથી અને જ્ઞાની પુરુષની કેટલીક ચેષ્ટાઓ અજ્ઞાની પુરુષના જેવી જ હોવાથી જ્ઞાની સામાન્ય દૃષ્ટિથી ઓળખાતા નથી. જ્ઞાનીને વિવિધ પ્રવૃત્તિઓ હોય છે, શાતા-અશાતા હોય છે, વાણી-વિચાર હોય છે, અને બીજાં પણ ઘણાં એવાં લક્ષણ હોય છે કે જે અજ્ઞાનીને પણ સંભવે. એટલે કે તેઓ બંને વચ્ચેનો ભેદ બાહ્ય નહિ પણ આંતરિક છે. બાહ્યથી કોઈ એવાં સ્પષ્ટ લક્ષણો જણાતાં નથી કે જીવને જ્ઞાનીનો તરત જ નિશ્ચય થઈ જાય. તેથી તો ઘણા જીવો યોગમાં આવ્યા છતાં તેમને ઓળખી શકતા નથી અને વિભ્રમમાં જ રહ્યા કરે છે. માટે જ્ઞાનીને ઓળખવા માટે બળવાન પાત્રતાની આવશ્યકતા છે.

પૂર્વે ઉપાર્જન કરેલાં કર્મો જ્ઞાની તેમ જ અજ્ઞાની બંનેને ભોગવવાં પડે છે. તે કર્મના ફળરૂપે શાતા પણ આવે, અને અશાતા પણ આવે, પ્રવૃત્તિ પણ આવે અને નિવૃત્તિ પણ આવે, સુખ પણ આવે અને દુઃખ પણ આવે, રોગ પણ આવે અને નીરોગીપણું પણ આવે, લાભ પણ થાય અને નુકસાન પણ થાય; એટલે કે પૂર્વે જેવાં કર્મ બાંધ્યાં હોય તેનું ફળ તો જ્ઞાની અને અજ્ઞાની બંનેને સરખું જ મળે છે. પણ આમાં જે કંઈ ભેદ છે તે ફળને સ્વીકારવાની રીતિમાં જોવા મળે છે. અજ્ઞાની જીવને શાતા આવે, લાભ થાય વગેરે શુભ કર્મનો ઉદય થાય ત્યારે આનંદ થાય છે, અને તેમાં તે રાગ કરે છે, તો એથી ઊલટું જો અશાતા આવે, રોગ આવે, નુકસાન થાય વગેરે અશુભ કર્મનો ઉદય આવે તો તેને બહુ શોક થાય છે, તેનાથી છૂટવા તે પ્રયત્ન કરે છે, અને તેમાંથી કયારેક તે આર્તધ્યાનમાં પણ ઊતરી પડે છે. એટલે કે અજ્ઞાની જીવ તીવ્રપણે રાગ કે દ્વેષ અનુભવે છે. પણ જ્ઞાનીની વર્તના અજ્ઞાની કરતાં જુદા પ્રકારની હોય છે. તેમને શાતા આવે, સુખ આવે, ઇષ્ટ ચીજની પ્રાપ્તિ થાય કે તેનો વિયોગ થાય, અનિષ્ટ ચીજનો યોગ થાય કે તેનાથી છૂટકારો મળે, દુઃખ મળે, અશાતા આવે — એમ કોઈ પણ શુભ કે અશુભ કર્મનો ઉદય થાય તે વખતે તેઓ સમભાવે રહે છે. એટલે કે શુભ કર્મના ઉદયથી હર્ષિત થતા નથી, અશુભ કર્મના ઉદયથી તેઓ શોકથી આકુળ બનતા નથી, તેમને રાગ કે દ્વેષ વર્તતા નથી. આમ તેઓ અનુકૂળ કે પ્રતિકૂળ સંજોગોમાં સમભાવે જ રહે છે.

આમ સુખદુઃખ, અનુકૂળ-પ્રતિકૂળ સંજોગો, લાભાલાભ, નફો-નુકસાન વગેરે બાબતમાં જ્ઞાની સમચિત્ત રહે છે, ત્યારે અજ્ઞાની રાગદ્વેષ કરે છે, એટલે કે તેમના મનના પરિણામમાં

તફાવત હોય છે. તેને પરિણામે અજ્ઞાનીને કર્મના ભોગવટો ભવિષ્યના સંસારનો હેતુ થાય છે, ત્યારે જ્ઞાનીને તે કર્મનિર્જરાનો હેતુ થાય છે. આમ જ્ઞાની-અજ્ઞાનીની કર્મ પ્રત્યેની દૃષ્ટિમાં ઘણો તફાવત હોય છે.

જ્ઞાની-અજ્ઞાનીની વાણીમાં પણ ભેદ હોય છે. માત્ર શાસ્ત્રો વાંચી પોતાને જ્ઞાની માનનારની વાણીમાં અને જેને અનુભવસ્વરૂપ જ્ઞાન થયું છે તેની વાણીમાં એવો તફાવત હોય છે કે દૃઢ મુમુક્ષુ કે આત્માર્થી જીવ તે તરત સમજી જાય છે. આ ભેદ એવો સૂક્ષ્મ હોય છે કે સામાન્ય જીવ જ્ઞાની-અજ્ઞાનીની વાણીનો ભેદ સમજી શકતો નથી, અને તેથી કેટલીકવાર અજ્ઞાનીને જ્ઞાની માની, તેની ઉપાસના કરી, વધુ કર્મબંધ કરે છે. આ બંનેની વાણીનો ભેદ બતાવતાં શ્રીમદ્દે લખ્યું છે કે :—

> "જ્ઞાનીની વાણી પૂર્વાપર અવિરુદ્ધ, આત્માર્થ ઉપદેશક, અપૂર્વ અર્થનું નિરૂપણ કરનાર હોય છે. અને અનુભવસહિતપણું હોવાથી આત્માને સતત જાગૃત કરનાર હોય છે. શુષ્કજ્ઞાનીની વાણીમાં તથારૂપ ગુણો હોતા નથી. સર્વથી ઉત્કૃષ્ટ જે પૂર્વાપર અવિરોધપણું તે શુષ્કજ્ઞાનીની વાણીને વિશે વર્તવા યોગ્ય નથી, કેમ કે યથાસ્થિત પદાર્થદર્શન તેને હોતું નથી, અને તેથી ઠામ-ઠામ કલ્પનાથી યુક્ત તેની વાણી હોય છે, એ આદિ નાના પ્રકારના ભેદથી જ્ઞાની અને શુષ્કજ્ઞાનીની વાણીનું ઓળખાણ ઉત્કૃષ્ટ મુમુક્ષુને થવા યોગ્ય છે. જ્ઞાનીપુરુષને તો સહજ સ્વભાવે તેનું ઓળખાણ છે, કેમકે પોતે ભાનસહિત છે, અને ભાનસહિત પુરુષ વિના આ પ્રકારનો આશય ઉપદેશી શકાય નહીં, એમ સહેજે તે જાણે છે."[૭૩]

પણ જ્ઞાની-અજ્ઞાની વચ્ચેના ભેદની ખબર સામાન્ય જીવને પડતી નથી તે આપણે ઉપર જોયું. તેથી તો શ્રીમદ્દે લખ્યું છે કે :—

> "જ્ઞાનીનાં વચનોની પરીક્ષા સર્વ-જીવને સુલભ હોત તો નિર્વાણ પણ સુલભ જ હોત."[૭૪]

આ ઉપરાંત જ્ઞાનીની સર્વ વર્તના પ્રારબ્ધના ઉદય પ્રમાણે હોય છે. તેમની ઇચ્છા કે અનિચ્છા હોતી નથી, ત્યારે અજ્ઞાની જીવને પ્રવૃત્તિમાં મારાપણું હોય છે, અને પ્રારબ્ધ સાથે તેને ઘણી વાર વિરોધ હોય છે. આમ જ્ઞાની તથા અજ્ઞાની વચ્ચે વાણી, વર્તન, આદિમાં ઘણો ભેદ હોય છે.

## જ્ઞાન અને તેના પ્રકાર[૭૫]

જિનાગમમાં જ્ઞાનના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ એ પાંચ પ્રકાર કહ્યા છે. તે જ્ઞાનના પ્રકાર સાચા છે, ઉપમાવાચક નથી.

---

૭૩. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૨, પૃ. ૨૫૪; અગાસ આવૃત્તિ, આંક ૬૭૯.
૭૪. એજન, પૃ. ૨૫૫;
૭૫. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક : ૫૯૭, ૬૭૯, ૭૧૪, ૭૬૯ વગેરે.

મુખ્ય એવા જ્ઞાનીઓનાં વચનોનો આશય વાંચવો, વિચારવો તે શ્રુતજ્ઞાન છે. આ જ્ઞાન કેવળજ્ઞાનની અપેક્ષાએ વિકલ્પજ્ઞાન કહી શકાય, પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા માટે તે સાધનરૂપ છે. તે જ્ઞાન બારમે ગુણસ્થાને વર્તતા એવા જીવને પણ અવલંબનરૂપ છે, જ્યારે કેવળજ્ઞાન પ્રગટે ત્યારે જ તેનું અવલંબન છોડવાનું જિનાગમમાં જણાવાયું છે, તે શ્રીમદ્‌ે પણ ભારપૂર્વક જણાવ્યું છે. આમ શ્રુતજ્ઞાનનાં ઉપકાર તથા માહાત્મ્ય ઘણાં છે.

મતિ અને શ્રુતજ્ઞાન લગભગ સાથે સાથે જ જાય છે; શ્રુતથી મેળવેલું જ્ઞાન સ્મૃતિમાં રહી જાય એટલે તે મતિજ્ઞાન થઈ જાય છે. આથી મતિ અને શ્રુતજ્ઞાન બંનેનું મહત્ત્વ સરખું જ છે.

અવધિજ્ઞાન એટલે સ્થળ, કાળ આદિમાં અમુક હદ સુધીનું જ્ઞાન. આ જ્ઞાન મનુષ્ય-જીવોને ચારિત્રપર્યાયની વિશુદ્ધતાના તારતમ્યથી ઊપજે છે. વર્તમાન કાળમાં તે વિશુદ્ધતા પ્રાપ્ત થવી દુર્લભ છે, કેમ કે કાળનું પ્રત્યક્ષ સ્વરૂપ ચારિત્રમોહનીય આદિ પ્રકૃતિના વિશેષ બળ સહિત વર્તતું જોવામાં આવે છે. સામાન્ય આત્મચારિત્ર પણ કોઈક જીવને વિશે વર્તવા યોગ્ય છે. તેવા કાળમાં તે જ્ઞાનની લબ્ધિ વ્યવચ્છેદ જેવી હોય તેમાં કંઈ આશ્ચર્ય નથી. આત્મસ્વરૂપે વિચરતાં તે જ્ઞાનનું અસંભવિતપણું નથી. પરમાર્થથી તે જ્ઞાનનો સંભવ છે.

મનઃપર્યવજ્ઞાન એટલે સામાના મનનાં પરિણામ જાણવાં. આ જ્ઞાનની પણ વર્તમાન-કાળમાં અવધિજ્ઞાન જેવી જ સ્થિતિ છે તે શ્રીમદ્‌ે બતાવ્યું છે. આ બંને જ્ઞાનની જિનાગમમાં બતાવેલી વ્યાખ્યાઓ વર્તમાન જીવો યથાર્થ ન સમજે અને તેનો આશય જાણ્યા વિના તેની જે વ્યાખ્યા તેઓ કરે તે મુખ્ય વ્યાખ્યાથી વિરોધવાળી હોય તે સંભવિત છે. પણ તેથી આ જ્ઞાન ન હોઈ શકે તેમ નથી, તે જ્ઞાન થવા યોગ્ય છે, તે આત્મદષ્ટિએ જોતાં નિઃસંદેહ છે. આ જ્ઞાન કઈ રીતે પ્રગટ થાય તે પ્રશ્નના ઉત્તરમાં શ્રીમદ્‌ે કોઈ મુમુક્ષુને લખ્યું હતું કે :—

> "સાધારણપણે દરેક જીવને મતિજ્ઞાન હોય છે, તેને આશ્રયે રહેલા શ્રુતજ્ઞાનમાં વધારો થવાથી તે મતિજ્ઞાનનું બળ વધે છે, એમ અનુક્રમે મતિજ્ઞાન નિર્મળ થવાથી આત્માનું અસંયમપણું ટળી સંયમપણું થાય છે, ને તેથી મનઃપર્યવજ્ઞાન પ્રગટે છે. તેને યોગે આત્મા બીજાના અભિપ્રાય જાણી શકે છે. લિંગ-દેખાવ ઉપરથી બીજાના ક્રોધ-હર્ષાદિ ભાવ જાણી શકાય છે, તે મતિજ્ઞાનનો વિષય છે. તેવા દેખાવના અભાવે જે ભાવ જાણી શકાય તે મનઃપર્યવ જ્ઞાનનો વિષય છે."[૭૬]

### કેવળજ્ઞાન[૭૭]

શ્રીમદ્‌ે કેવળજ્ઞાન વિશે વધુ વિચારણા કરેલી જણાય છે. કેવળજ્ઞાનનો સામાન્ય અર્થ લોકોમાં એવો થાય છે કે સમયે સમયનું ત્રણે કાળનું અને ત્રણે લોકનું જ્ઞાન. આ જ્ઞાન આ કાળમાં, આ ક્ષેત્રે, સંભવે નહિ તેવો જિનાગમનો અભિપ્રાય છે.

---

૭૬. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૨, પૃ. ૩૨૬.

૭૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, આંક : ૫૮૭, ૬૨૯, ૬૭૯, ૬૯૪ વગેરે.

કેવળજ્ઞાનમાં ત્રણે કાળનું જ્ઞાન કેવી રીતે સંભવે તે વિશે શ્રીમદે વિચાર કર્યો હતો. વર્તમાનકાળના પદાર્થો જે પ્રમાણે વર્તમાનકાળમાં દેખાય છે, તેમ ભૂતકાળના પદાર્થો ભૂતકાળમાં જે સ્વરૂપે હતા તે સ્વરૂપે વર્તમાનકાળમાં દેખાય છે, અને ભવિષ્યકાળમાં પદાર્થો જે સ્વરૂપ પામવાના છે તે સ્વરૂપે વર્તમાનકાળમાં દેખાય છે; આમ ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાળના પદાર્થોનું જ્ઞાન કેવળજ્ઞાનમાં જ્ઞાનની વિશેષતાને લીધે હોય છે.

કેવળજ્ઞાનમાં સમયે સમયનું જ્ઞાન હોય છે, તે વિશે પણ શ્રીમદે કેટલોક વિચાર કર્યો છે. કાળનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાગ એ "સમય" છે. પદાર્થનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગ તે પરમાણુ છે, અને અરૂપી પદાર્થનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાગ તે પ્રદેશ છે. તે ત્રણે એટલા બધા સૂક્ષ્મ છે કે અનંત નિર્મળ જ્ઞાન ન થાય ત્યાં સુધી તેના સ્વરૂપને ગ્રહણ કરી શકાય નહિ. સામાન્ય સંસારી જીવોનો ઉપયોગ અસંખ્યાત સમયવર્તી હોય છે, પણ સંપૂર્ણ કષાયરહિત દશામાં એક સમયવર્તી ઉપયોગ આવી શકે છે. તેથી —

> "એક સમયનું, એક પરમાણુનું અને એક પ્રદેશનું જેને જ્ઞાન થાય તેને કેવળજ્ઞાન પ્રગટે એમ કહ્યું છે તે સત્ય છે. કષાયરહિતપણા વિના કેવળજ્ઞાનનો સંભવ નથી."[૭૮]

— આમ સંપૂર્ણ કષાયરહિત સ્થિતિને તેઓ કેવળજ્ઞાન કહે છે.

ભૂત, વર્તમાન અને ભવિષ્યનું જ્ઞાન થાય તે જ કેવળજ્ઞાન એવી શાસ્ત્રકારોએ કેવળ-જ્ઞાનની મુખ્યપણે વ્યાખ્યા કરી નથી. જ્ઞાનીપુરુષોએ તો જ્ઞાનનું અત્યંત શુદ્ધ થવું તેને કેવળજ્ઞાન કહ્યું છે, અને તે જ્ઞાનમાં મુખ્ય તો આત્મસ્થિતિ અને આત્મસાધન કહ્યાં છે. જગતનું જ્ઞાન થવું એ વગેરે જે કહેલ છે તે અપૂર્વ વિષયનું ગ્રહણ સામાન્ય જીવોથી થવું અશક્ય જાણીને કહ્યું છે. કેમ કે જગતના જ્ઞાન પર વિચાર કરતાં કરતાં આત્મ-સામર્થ્ય જણાય.

આત્મા જ્યારે શુદ્ધ જ્ઞાનસ્થિતિને ભજે, તેનું નામ કેવળજ્ઞાન મુખ્યપણે છે. સર્વ પ્રકારના રાગદ્વેષનો અભાવ થાય ત્યારે અત્યંત શુદ્ધ જ્ઞાનસ્થિતિ પ્રગટે છે. લોકો જે હાલમાં કેવળજ્ઞાનની વ્યાખ્યા કરે છે, તે વ્યાખ્યા વિરોધવાળી દેખાય છે. સર્વદેશકાળાદિનું જ્ઞાન કેવળજ્ઞાનીને હોય એમ જિનાગમનો હાલ રૂઢ અર્થ છે. બીજાં દર્શનમાં એવો મુખ્ય અર્થ નથી, અને જિનાગમથી તેવો અર્થ લોકોમાં પ્રચલિત છે, તે જ કેવળજ્ઞાનનો અર્થ હોય તો તેમાં કેટલોક વિરોધ દેખાય છે.

સયોગી કેવળીને મન, વચન અને કાયાના સૂક્ષ્મ યોગ છે, કારણ કે તેમની કાયાસહિત સ્થિતિ હોય છે. તે સ્થિતિ હોવાથી આહારાદિ અર્થે પ્રવૃત્તિ થતાં ઉપયોગાંતર થાય. તે વખતે કેવળીને કેવળજ્ઞાનમાં ઉપયોગ ન વર્તે, અને જો એમ બને તો કેવળજ્ઞાનને અપ્રતિહત કહેલ છે, તે પ્રતિહત થાય. વળી, જો કેવળજ્ઞાનમાં આરસીની જેમ જ્ઞાન પ્રતિબિંબિત થાય છે એવું સમાધાન કરવામાં આવે તોપણ પ્રશ્ન થાય તેવું છે. આરસીમાં પ્રતિબિંબિત

૭૮. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૫, ખંડ ૨, પૃ. ૨૫૬; અગાસ આવૃત્તિ, આંક : ૬૭૯.

થતા પદાર્થનું જ્ઞાન આરસીને નથી, ત્યારે કેવળીને તે જ્ઞાન હોય છે. આમ સયોગી કેવળી માટે વિચારતાં કેવળજ્ઞાનનો રૂઢ અર્થ બંધબેસતો લાગતો નથી.

આથી સર્વ દેશકાળાદિનું જ્ઞાન કેવળીને હોય તે સિદ્ધ કેવળીને સંભવી શકે, કેમ કે તેમને યોગધારીપણું નથી. આમાં પણ પ્રશ્ન થઈ શકે તેવું છે. જિનાગમ પ્રમાણે તો દેહધારી કેવળી અને સિદ્ધને વિશે કેવળજ્ઞાનનો ભેદ થતો નથી, બંનેને સર્વ દેશકાળાદિનું સંપૂર્ણ જ્ઞાન હોય તેમ રૂઢ અર્થ છે.

કેવળજ્ઞાનનો રૂઢ અર્થ લેતાં તેમાં કેટલોક વિરોધ આવે છે, તે શ્રીમદ્દે બતાવ્યું છે. તેથી તેને જ્ઞાનીગમ્ય રાખવા ભલામણ કરી છે. અને જ્ઞાનનું અત્યંત શુદ્ધપણું, સંપૂર્ણ રાગદ્વેષરહિતપણું, સંપૂર્ણ કર્મરહિત સ્થિતિ વગેરે અપેક્ષાએ કેવળજ્ઞાનનું સ્વરૂપ સમજવાનું તેમણે જણાવ્યું છે.

## જ્ઞાન - વિવેકજ્ઞાન[૭૯]

જે વડે વસ્તુનુ સ્વરૂપ જણાય તે જ્ઞાન, અને મિથ્યાત્વ સહિતનું જ્ઞાન તે અજ્ઞાન. આમ જ્ઞાનરહિત સ્થિતિ તે અજ્ઞાન નથી.

જીવ અનાદિકાળથી નરકાદિ સ્થળોમાં પુનઃ પુનઃ દુઃખનો અનુભવ કરતો આવ્યો છે. તેનું કારણ તેને સાચું જ્ઞાન નથી તે છે. આ અજ્ઞાનાદિ ટાળવા માટે જ્ઞાનની પરિપૂર્ણ આવશ્યકતા છે. જ્ઞાન મેળવવા માટે પદાર્થોનું સ્વરૂપ જાણવું જોઈએ.

જ્ઞાન પ્રાપ્ત થવામાં વિચાર એ મુખ્ય સાધન છે. અને તે વિચારને માટે વૈરાગ્ય તથા ઉપશમ એ બે મુખ્ય આધાર છે. સત્પુરુષના વચનના યથાર્થ ગ્રહણ વિના ઘણું કરીને વિચાર ઉદ્‌ભવતો નથી. અને સત્પુરુષનાં વચનોનું યથાર્થ ગ્રહણ અનન્ય આશ્રયભક્તિ પરિણામ પામે ત્યારે થાય છે. આમ જ્ઞાન માટે ભક્તિ એ મુખ્ય પાયો છે.

સત્પુરુષના આશ્રયથી સત્યનું જ્ઞાન થાય છે. અને તેથી જીવની મિથ્યા પ્રવૃત્તિ ટળે છે. કેમ કે જેટલે અંશે સત્યનું જ્ઞાન થાય તેટલે અંશે મિથ્યા પ્રવૃત્તિ જાય તેવો જિનનો નિશ્ચય છે. આમ સત્પુરુષના યોગથી આવેલું સત્-અસત્ જાણવાનું વિવેકજ્ઞાન એ અંધારામાં પડેલા આત્માને ઓળખવાનો દીવો છે. એ વિવેકથી ધર્મ ટકે છે.

આત્માનાં છ પદને વિવેકજ્ઞાનથી સિદ્ધ કરે તેને શ્રી જિને સમ્યગ્દર્શન કહેલ છે. પૂર્વના વિશેષ અભ્યાસબળથી કે સત્સંગના આશ્રયથી તે છ પદને વિશે વિચાર ઉત્પન્ન થાય છે. અને તેમાં વિવેકજ્ઞાનનો ઉપયોગ રાખતાં અનિત્ય પદાર્થ પ્રત્યેની મોહબુદ્ધિ ટળે છે. સત્સંગ, સત્શાસ્ત્ર અને પોતામાં સરળ વિચારદશા કરવાથી વિશેષ વિવેકજ્ઞાનનો ઉદય થાય છે.

તે વિશે સંશય ઉત્પન્ન થાય તો ધીરજથી વિચારતાં તે શાંત થાય છે. પણ અધીરજ લાવતાં જીવને પાછા ફરવાનો વખત આવે છે, અને સંસાર પરિભ્રમણનો યોગ થાય છે

૭૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક : ૫૬૯, ૫૭૦ વગેરે.

તેની મોહબુદ્ધિમાં જીવને અનાદિથી એવું એકાગ્રપણું ચાલતું આવ્યું છે, અને મોહગ્રંથિ છેદવાનો વખત આવ્યા પહેલાં થોડુંઘણું આવેલ વિવેકજ્ઞાન છૂટી જાય તેવું પણ ઘણી વાર બનેલ છે. આથી દૃઢ નિશ્ચય કરી તે વિવેકજ્ઞાનને વિકસાવવાનો, પ્રાપ્ત કરવાનો અનુરોધ શ્રીમદ્દે કર્યો છે. સારાસારનું વિવેકજ્ઞાન સૌથી વિશેષ મનુષ્યભવમાં સંભવિત છે. તેથી તે દેહ સફળ કરવા માટે પણ વિવેકજ્ઞાન ખીલવવું જરૂરી છે. તે દેહ ગયા પછી એવું જ્ઞાન મેળવવામાં ઘણો સમય પસાર થઈ જાય છે.

## જાતિસ્મરણજ્ઞાન પુનર્જન્મ[૮૦]

આત્મા છે અને તે નિત્ય છે તેવો જ્ઞાનીઓનો અભિપ્રાય છે, જ્યાં સુધી જીવ જીવનમુક્ત દશા ન પામે ત્યાં સુધી તે, પોતાના કર્મ અનુસાર, એક પછી એક દેહ ધારણ કર્યા કરે છે, અને છોડયા કરે છે. આ ભવ હોય તો તે પહેલાંનો ભવ પણ હોવો જોઈએ, અને આ ભવ છે તો તે પછીનો ભવ પણ છે, એ દૃષ્ટિએ પૂર્વજન્મ અને પુનર્જન્મ સિદ્ધ થાય છે.

કબૂતર આદિ જાતિમાં નિર્દિંસકપણું, સર્પ આદિમાં ક્રોધ, કૂતરામાં વફાદારી, એમ જુદાં જુદાં લક્ષણોની વિશેષતા દેખાય છે તે જ પૂર્વજન્મની સાક્ષીરૂપ છે. ગતભવમાં રહી ગયેલા સંસ્કારો આ ભવમાં દેખાય છે. સર્વ પોતાના કર્માનુસાર સુખદુઃખ આદિ મેળવે છે, એથી જ તો ક્રોધી માતાપિતાનાં સંતાનો શાંત, નીતિવાળાનાં અનીતિવાળાં, વિષયીનાં યોગી, વગેરે વિરોધવાળાં સંતાનો જોવા મળે છે. અને એ જ પૂર્વજન્મ હોવાની ખાતરી આપે છે. આ પહેલાંનો ભવ હોય તો આ પછીનો ભવ પણ હોય જ, તે દૃષ્ટિએ જોતાં પુનર્જન્મની પણ ખાતરી થાય છે.

આ પૂર્વના ભવોનું જ્ઞાન થવું તેને જાતિસ્મરણજ્ઞાન કહે છે. પૂર્વે આ જીવે શું શું ભોગવ્યું છે, શું શું કર્યું છે તેનું જ્ઞાન તે જાતિસ્મરણજ્ઞાન. આ જ્ઞાન આત્માની નિર્મળતા થયે થાય છે, તેથી સર્વ જીવને તે જ્ઞાન સંભવતું નથી. જ્ઞાનની તરતમતા અનુસાર વધતા-ઓછા ભવ જાણી શકાય છે.

## મોક્ષ[૮૧]

જીવની સંપૂર્ણ કર્મરહિત સ્થિતિ તે મોક્ષ. સર્વ અન્યભાવથી આત્મા રહિત છે. સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી જેને અસંગપણું વર્તે છે, જેને આત્મભાવમાં જ સતત રહેવું થાય છે, અને કોઈ પણ પુદ્‌ગલ પરમાણુનો જેને સંગ નથી, તેવી આત્મદશાને મોક્ષ કહેલ છે.

મોક્ષમાં અનંતસુખ, અનંતદર્શન અને અનંતજ્ઞાન આત્માને હોય છે. તેથી તે દશા પ્રાપ્ત કરવી તે કર્તવ્ય છે. તે દશા મેળવવા જે માર્ગે ચાલવું જોઈએ તે માર્ગ એક જ છે,

૮૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક : ૬૪, ૬૨૯ વગેરે.
આ વિશે વધુ માહિતી માટે જુઓ પ્રકરણ ૧, "જાતિસ્મરણજ્ઞાન".

૮૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક : ૨૪૯, ૪૭૨, ૫૩૦, ૬૦૯, ૫૬૯, ૮૧૭ વગેરે

બે નથી. જગતમાં અનેક મત પ્રવર્તે છે, પણ તે તો દેશ, કાળ આદિની ભિન્નતાને લઈને છે. ભૂતકાળમાં જે માર્ગે જ્ઞાનીઓ મોક્ષ પામ્યા, વર્તમાનકાળે જે માર્ગે મોક્ષ પામે છે અને ભવિષ્યકાળે જે માર્ગે મોક્ષ પામશે તે જ્ઞાન, દર્શન અને ચારિત્રની શુદ્ધતારૂપ મોક્ષમાર્ગ એક જ છે. તેમાં જાતિ, વેશ આદિનો ભેદ નથી. તેથી તો શ્રીમદ્દે કહ્યું છે કે જે વાટેથી શ્રી મહાવીર તર્યા છે તે જ વાટેથી કૃષ્ણ તરશે, અને જે વાટેથી કૃષ્ણ તરવાના છે તે જ વાટેથી શ્રી મહાવીર તર્યા છે, એટલે કે માર્ગભેદ નથી.

જ્ઞાન, દર્શન અને ચારિત્રની શુદ્ધતારૂપ માર્ગ મળવો એટલો સુલભ નથી, કારણ કે તે માર્ગ જ્ઞાનીને આશ્રયે રહીને આરાધવામાં આવે તો જ સફળ થાય છે. જ્ઞાનીપુરુષે જે રસ્તો બતાવ્યો છે તે રસ્તે ચાલવામાં આવે તો જ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. આથી જ્ઞાનીપુરુષ મળ્યા પછી અને તેમનામાં શ્રદ્ધા થયા પછી માર્ગપ્રાપ્તિ સુલભ છે. પણ જ્ઞાનીપુરુષ મળવા કે તેમનામાં શ્રદ્ધા થવી તે અતિ દુર્લભ છે. મિથ્યાત્વ, અજ્ઞાન, સ્વચ્છંદ, કષાય આદિ અવગુણો જીવમાં એવા પ્રવર્તતા હોય છે કે જીવને તે જ્ઞાનીપુરુષની ઓળખાણ થવા દેતા નથી, અને તેથી માર્ગપ્રાપ્તિ બહુ દુર્લભ બની જાય છે. તેથી તો જીવ અનાદિકાળથી આ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે, પણ મોક્ષમાર્ગ પ્રાપ્ત કરી શકતો નથી; અજ્ઞાનાદિને લીધે ભૌતિક સુખમાં જ લોભાઈ આત્માના સાચા સુખનો પરિચય પામી શકતો નથી.

આમ જો જ્ઞાનીનો યોગ થાય તો મોક્ષમાર્ગ મળવો બહુ સુલભ છે, અને તેથી જ્ઞાનીપુરુષ મળ્યે મોક્ષ હથેળીમાં છે તેમ શ્રીમદ્દે એક પત્રમાં જણાવ્યું છે. અને એ જ કારણે શ્રીમદ્દે સત્પુરુષને "મૂર્તિમાન મોક્ષ" તરીકે પણ ગણાવેલ છે. જ્ઞાની મળ્યા પછી પણ જ્ઞાન કે ક્રિયામાર્ગે જવાથી મોક્ષ જલદીથી મળતો નથી, કારણ કે તેમાં "હું મોક્ષમાર્ગ આરાધું છું" વગેરે રૂપે અહંકાર આવવાનો ઘણો સંભવ રહે છે. તેથી ભક્તિમાર્ગ એ મોક્ષ મેળવવા માટે ઉત્તમ ઉપાય છે. ભક્તિમાં સદ્ગુરુને ચરણે સર્વ સમર્પી દેવાનું છે, ભક્તનું પોતાનું કશું રહેતું નથી, તેથી અહંકાર, મમતા આદિ અવગુણોને આવવાનો અવકાશ રહેતો નથી. વળી, તેનાથી નમ્રતા, વિવેક આદિ ગુણો પણ ખીલે છે, તેથી ભક્તિમાર્ગે જવાથી સહેલાઈથી મોક્ષ મળે તેમ શ્રીમદ્દનું જણાવવું છે.

બંધન અને મુક્તિ એ જીવના મનના પરિણામ ઉપર આધાર રાખે છે. જેનાં રાગદ્વેષ ગયાં, અને જેની સહજસ્વરૂપ સ્થિતિ થઈ તેને મોક્ષ હાથવેંતમાં છે. અને જેને રાગદ્વેષ, અજ્ઞાન આદિ છે તેને કર્મબંધ વધતાં સંસારવૃદ્ધિ થાય છે. આમ બાહ્ય સ્થિતિ કરતાં આંતર પરિણામ ઉપર જ મોક્ષનો આધાર છે.

આમ મોક્ષ એટલે શું ? તે કેવી રીતે મળે ? તે ક્યારે મળ્યો કહેવાય ? વગેરે વિશે શ્રીમદ્દે જુદી જુદી જગ્યાએ પોતાના વિચારો દર્શાવ્યા છે. આ મોક્ષ મેળવવા માટે મનુષ્યદેહની આવશ્યકતા છે, તેથી તેનું માહાત્મ્ય પણ શ્રીમદ્દે ઘણી વાર બતાવ્યું છે. ચારે ગતિમાં એક મનુષ્ય ગતિ જ એવી છે કે જ્યાં મોક્ષ મેળવવાનો પુરુષાર્થ કરી શકાય છે. મનુષ્ય દેહમાં જ વિવેકશક્તિ અને પુરુષાર્થ કરવાની શક્તિ મળે છે, તેથી અન્ય કોઈ દેહે મુક્તિ મળતી નથી, અર્થાત્ દરેક મુક્તાત્માનો છેલ્લો દેહ મનુષ્યદેહ હોય છે.

## પંચમહાવ્રત

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ — એ મુનિઓએ પાળવાયોગ્ય પાંચ મહાવ્રત જૈન તથા કેટલાંક અન્ય દર્શનોમાં પણ જણાવાયાં છે. તે દરેકનું માહાત્મ્ય ઘણું છે.

આત્માના કલ્યાણ માટે સર્વ પ્રકારના પ્રાણાતિપાત, સર્વ પ્રકારના મૃષાવાદ, સર્વ પ્રકારનાં અદત્તાદાન, સર્વપ્રકારનાં મૈથુન તથા સર્વ પ્રકારના પરિગ્રહથી નિવર્તવાની મુનિને આજ્ઞા છે. આ સર્વવિરતિની ભૂમિકાનાં લક્ષણો છે. આમાંથી ચાર પ્રકારનાં મહાવ્રતમાં, મૈથુન સિવાયમાં, ભગવાને અપવાદ પણ નિરૂપ્યા છે, જે પ્રત્યક્ષ તો મહાવ્રતને બાધાકારી લાગે, તોપણ જ્ઞાનદૃષ્ટિથી જોતાં તે રક્ષણકારી છે.

આ અપવાદો કઈ રીતે રક્ષણકારી છે, તે શ્રીમદ્દે લલ્લુજી મહારાજને જણાવ્યું હતું. તે પરથી શ્રીમદ્‌ની વિચારણા જાણી શકાય છે. હિંસાથી ઘણો પાપબંધ થાય છે, તેથી હિંસાથી નિવર્તવાની આજ્ઞા ભગવાને કરી છે, તેમ છતાં નદી ઊતરવા જેવા પ્રાણાતિપાતના પ્રસંગની આજ્ઞા કરી છે. નદીમાં ચાલે ત્યારે પાણીના જીવ હણાય અને હિંસા થાય, તેમ છતાં ભગવાને આજ્ઞા આપી છે. તેનો હેતુ એવો છે કે હિંસાથી નિવર્તવાની આજ્ઞા પાળતાં લોકસમુદાયનો વિશેષ સમાગમ થાય તેથી પંચમહાવ્રત નિર્મૂળ થવાનો વખત આવે એમ જાણીને નદી ઊતરવાનું ભગવાને કહેલ છે. તેમાં પંચમહાવ્રતની રક્ષાનો હેતુ એવું જે કારણ તે પ્રાણાતિપાતની નિવૃત્તિનો પણ હેતુ જ છે. આમ આ પ્રાણાતિપાતની આજ્ઞા, વિચાર કરતાં, પહેલા વ્રતની દૃઢતાને અર્થે જ છે.

આવું જ બીજાં વ્રતો માટે છે. પરિગ્રહથી સર્વથા નિવર્તું છું, એવું વ્રત હોય છતાં વસ્ત્ર, પાત્ર, પુસ્તક વગેરે અલ્પ પ્રમાણમાં રાખવાની આજ્ઞા અપાયેલી છે, મૂર્છારહિતપણે નિત્ય આત્મદશા વધવા માટે પુસ્તક રાખવાની આજ્ઞા અપાઈ છે, તથા શરીરના બંધારણ આદિનું હીનપણું જોઈ ચિત્તસ્થિતિ સમપણે રાખવાના અર્થે વસ્ત્ર, પાત્ર પણ મૂર્છારહિત ભાવે રાખવાની ભગવાનની આજ્ઞા છે.

આમ આ ચાર પ્રકારનાં વ્રતોમાં, તે વ્રતોના પાલન અર્થે, થોડી થોડી છૂટ ભગવાને આપી છે. પણ ચોથા બ્રહ્મચર્યવ્રતમાં તેવી કોઈ છૂટ અપાઈ નથી. તે વ્રતનો ભંગ રાગદ્વેષ વિના થઈ શકતો ન હોવાથી તેમાં છૂટનો સર્વથા નિષેધ કરવામાં આવ્યો છે. આ વ્રતને અનપવાદ વ્રત કહેલ છે. પુસ્તક, પાત્ર, વસ્ત્ર આદિ પરિગ્રહ કે નદી પાર ઊતરવી વગેરે રાગદ્વેષ વિના કરી શકાય છે. એટલે કે તે અપવાદોમાં વ્રતમાં અમુક છૂટ લેવાતી હોવા છતાં રાગદ્વેષ-રહિતપણું રાખી શકાય છે, પણ મૈથુનમાં તેમ થઈ શકતું ન હોવાથી તેમાં અપવાદ નથી.[૮૨]

## મુનિના આચાર

મુનિને પાંચ મહાવ્રતનું પાલન થાય તેવા આચારથી વર્તવાનું જિનાગમમાં જણાવાયું છે. અને તે સંયમના હેતુથી પત્ર લખવાનું કે સમાચારાદિ કહેવાનું પણ નિષિદ્ધ કરેલ

૮૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક : ૫૦૧, ૫૦૩ વગેરે.

છે. તેનાથી લોકસમાગમ વધે, પ્રીતિ-અપ્રીતિનાં કારણો વધે અને સંયમમાં ઢીલાશ આવે. વળી, તેનાથી, વિના કારણ પરિગ્રહ પણ વધે, તેથી પત્રાદિનો નિષેધ છે. પણ તેમાં અપવાદ છે.

કોઈ જ્ઞાની પુરુષનું દૂર રહેવું થતું હોય, તેમનો સમાગમ થવો મુશ્કેલ હોય અને પત્ર-સમાચાર સિવાય બીજો ઉપાય ન હોય તો, આત્મહિત સિવાય બીજા સર્વ પ્રકારની બુદ્ધિનો ત્યાગ કરી, જ્ઞાની પુરુષની આજ્ઞાએ કે મુમુક્ષુની આજ્ઞાએ પત્રાદિ લખવાનો નિષેધ નથી. પત્રાદિ લખવાથી જ્યાં આત્મહિતનો નાશ થતો હોય ત્યાં તેની ના કહી છે. પણ જ્યાં આત્મહિતને પોષણ મળતું હોય ત્યાં તેવી ના કહી નથી. આમાં મૂળ સંયમના હેતુને પોષણ થાય તેવો આચાર મુનિએ પાળવો જોઈએ, તેવો જિનાગમનો અભિપ્રાય શ્રીમદ્‌ે જણાવ્યો છે.

## ષડ્‌દર્શનની મીમાંસા[૮૩]

બૌદ્ધ, નૈયાયિક, સાંખ્ય, જૈન અને મીમાંસા – પૂર્વ તથા ઉત્તર – એ પાંચ દર્શન ઉપરાંત ચાર્વાક સહિત છ દર્શન શ્રીમદ્‌ે ગણાવ્યાં છે. પહેલાં પાંચ દર્શન આસ્તિક એટલે આત્મા, બંધ, મોક્ષ આદિનો સ્વીકાર કરનારાં છે. નૈયાયિકના જેવો અભિપ્રાય વૈશેષિકનો છે, અને સાંખ્ય જેવો યોગનો અભિપ્રાય છે, તેમાં સહજ ભેદ છે તેથી તે દર્શનો જુદાં ગણેલ નથી. પૂર્વ અને ઉત્તર એમ મીમાંસા દર્શનના બે ભેદ છે, તેમાં વિચારનો પણ તફાવત છે, છતાં મીમાંસાથી બંનેનું ઓળખાણ થતું હોવાથી બંનેને શ્રીમદ્‌ે એકમાં ગણાવેલ છે: પૂર્વમીમાંસા "જૈમિની" તરીકે અને ઉત્તર મીમાંસા "વેદાંત" તરીકે પ્રસિદ્ધ છે.

બૌદ્ધ અને જૈન સિવાયનાં બાકીનાં દર્શનો વેદને મુખ્ય રાખી પ્રવર્તે છે. તેથી તે વેદાશ્રિત દર્શનો છે; બૌદ્ધ અને જૈન સ્વતંત્ર દર્શનો છે.

દરેક દર્શન જગતને અનાદિ માને છે. બૌદ્ધાદિ જગત્કર્તા ઈશ્વરને માનતા નથી. નૈયાયિકના મતે તટસ્થપણે ઈશ્વર કર્તા છે, વેદાંતે ઈશ્વરને કલ્પિતપણે સ્વીકાર્યો છે, યોગના મતથી ઈશ્વર નિયંતાપણે છે. આમ દરેક દર્શનનો જગત પ્રત્યેનો અભિપ્રાય શ્રીમદ્‌ે વિચાર્યો છે.

બૌદ્ધદર્શન આત્માને ક્ષણિક માને છે, નૈયાયિક આત્માને અનેક માને છે, સાંખ્યને મતે અસંખ્ય આત્મા નિત્યપણે છે, જૈનના મતે આત્મા અનંત દ્રવ્ય, પરિણામી અને અસંખ્યાતપ્રદેશી છે, વગેરે સર્વ દર્શનનો આત્મા વિશેનો અભિપ્રાય પણ તેમણે વિચાર્યો છે.

આ બધાં દર્શનો આત્માનું નિરૂપણ કરતાં હોવા છતાં તેમાં ભેદ જણાય છે, તેના કારણરૂપે નજીવી બાબતનો આગ્રહ, પ્રવર્તક જીવોનું અજ્ઞાન વગેરે જણાવેલ છે. અને આ છયે દર્શનમાં શ્રીમદ્‌ે જૈનધર્મને તેની વિચારણા, ન્યાય, સર્વજ્ઞતા, પવિત્રતા, દયા આદિને લીધે શ્રેષ્ઠ ગણાવ્યો છે, પણ તેની શ્રેષ્ઠતા તેમણે સર્વધર્મની વિચારણા કર્યા પછી જ સ્વીકારી હતી.

૮૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક : ૭૧૧, ૭૧૩ વગેરે.

## જૈનધર્મ

આત્માને સાચી રીતે ઓળખનાર તથા ઓળખાવનાર તે જૈન ધર્મ છે. તેમાં દયાનો સૂક્ષ્મ બોધ છે. તેના સિદ્ધાંતો પવિત્ર છે. અને તેનો આશય પ્રત્યેક જીવનું કલ્યાણ કરવાનો છે. તેના જેવી તત્ત્વની સમજ સૂક્ષ્મતાથી બીજા કોઈ ધર્મે આપી નથી, એ વગેરે કારણોને લીધે શ્રીમદ્‌ને જૈન ધર્મ ઉત્તમ જણાયો હતો. તેમાં જે ગૃહસ્થના, મુનિના આચારવિચાર બતાવાયા છે, તેવા કલ્યાણકારી અન્ય કોઈ ધર્મમાં નથી. તેના જેવું ત્યાગનું નિરૂપણ, સત્ય, અહિંસા આદિનું નિરૂપણ બીજા કોઈ ધર્મમાં એવી ઝીણવટથી થયેલ નથી. વળી, જૈનનાં આત્માર્થી, મતાર્થી, સદ્‌ગુરુ, અસદ્‌ગુરુ, મુનિ, પંચમહાવ્રત, નવ તત્ત્વ, છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય વગેરેનું એટલી સારી રીતે નિરૂપણ થયેલ છે કે તેથી ઉત્તમતા જણાયા વિના ન રહે. આમ અનેક કારણો જુદી જુદી જગ્યાએ દર્શાવી શ્રીમદે જૈનધર્મની ઉત્તમતા બતાવી છે.

## જૈન માર્ગ પ્રગટ કહેવાને યોગ્ય કોણ?[૮૪]

જૈન માર્ગ સમજવો તથા સમજાવવો કઠણ છે તેથી તે પ્રવર્તાવનારની ઘણી વિશેષ યોગ્યતા હોવી જોઈએ. જે માર્ગ સર્વજ્ઞ તીર્થંકર પ્રભુએ પ્રવર્તાવ્યો છે, તે માર્ગ પ્રવર્તાવવા માટે તેમના જેટલા નહિ, તોપણ અન્ય ધર્મી કરતાં ઘણા વિશેષ ગુણ તે પ્રવર્તાવનારમાં હોવા જોઈએ.

શ્રીમદે જેમને જ્ઞાનીપુરુષ ગણ્યા છે તે જ્ઞાનીનાં સર્વ લક્ષણો ધરાવનાર તથા સર્વસંગ-પરિત્યાગી હોય તે જ તેમની દૃષ્ટિએ આ માર્ગ પ્રવર્તાવવાને યોગ્ય છે. આવા પુરુષને વિશે સહજસ્વરૂપ આત્મજ્ઞાન હોય, કષાયની મંદતા હોય, રાગદ્વેષનું અતિ અલ્પત્વ હોય, કોઈમાં પણ મમત્વ કે અહંભાવ ન હોય, દેહપ્રતિ પણ મમત્વ ન હોય, વિશુદ્ધ પરિત્યાગ હોય, પંચમહાવ્રતનું પાલન હોય, પરિષહ કે ઉપસર્ગમાં પણ સમતા હોય; એવાં અનેક ગુણો અને લક્ષણો ધરાવનાર આ માર્ગ પ્રગટ કહેવાને યોગ્ય શ્રીમદે ગણેલ છે. એટલે કે તેરમે ગુણસ્થાને વર્તતા એવા સયોગી કેવળી માર્ગ ઉપદેશવા માટે શ્રેષ્ઠ છે અને તેમની ગેરહાજરીમાં છઠ્ઠે કે સાતમે ગુણસ્થાને વર્તતા એવા નિર્ગ્રંથ મુનિને તેમણે માર્ગ પ્રવર્તાવવાને યોગ્ય ગણ્યા છે.

તે દૃષ્ટિએ જોતાં પોતાને સર્વસંગપરિત્યાગ થયો ન હતો તેથી તેઓ પોતાને માર્ગ પ્રવર્તાવવાને અયોગ્ય ગણતા હતા, અને તે ત્યાગ થયા પછી જ માર્ગ પ્રકાશવાનો તેમણે નિર્ણય લીધો હતો. પણ જો વેદોક્ત માર્ગ પ્રકાશવો હોય તો તેમને પોતાની યથાયોગ્યતા લાગતી હતી.

## શ્રીમદ્‌ની દૃષ્ટિએ જૈનધર્મની વર્તમાન સ્થિતિ[૮૫]

શ્રીમદ્‌ને તીર્થંકર પ્રભુએ પ્રવર્તાવેલા માર્ગની વર્તમાન સ્થિતિ ઘણી ખેદજનક લાગતી હતી. એ માર્ગમાં દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી, લોંકાગચ્છ, તપાગચ્છ, ઢુંઢિયા આદિ અનેક ફાંટા પડી ગયા છે, અને તેઓ બધા એકબીજાનું ખંડનમંડન કરવામાં જ સમય

૮૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક : ૧૭૦, ૫૪૮, ૭૦૮, ૮૩૭ વગેરે.
૮૫. એજન, આંક : ૪૦, ૧૬૯, ૨૦૭, ૪૦૩ વગેરે.

પસાર કરે છે. કોનામાં શું દોષ છે તે શોધવામાં અને તેના ઉપર પ્રહાર કરવામાં જ લોકો લુબ્ધ બન્યા છે; વળી, પોતે જે કરે છે તે ઉત્તમ જ છે, તેવી માન્યતા પણ તેઓ ધરાવે છે, પરિણામે આત્મકલ્યાણનો સાચો માર્ગ તેઓ અપનાવી શકતા નથી.

આ માર્ગમાં પણ યથાર્થ માર્ગ પામેલા, તેને સાચી રીતે સમજેલા, આત્મજ્ઞાન પામેલા પુરુષો આંગળીને વેઢે ગણી શકાય તેટલા પણ રહેલ નથી. આનો ખેદ તેમને વારંવાર થઈ આવતો હતો. માત્ર મતાગ્રહમાં પડેલા લોકોને જોઈ, તેમની આત્માર્થતા ઘટતી જોઈ તેમને બહુ દુઃખ થતું. લોકો તરવાના કામી જણાતા હતા, પણ સાચા માર્ગની અપ્રાપ્તિને લીધે તેઓ આવી ખોટી રીતે વર્તતા હતા તેવો શ્રીમદ્‌નો અભિપ્રાય હતો.

મુનિઓના આચારવિચાર પણ તીર્થંકર પ્રભુએ જણાવ્યા હતા તે પ્રમાણે ન રહ્યા હોવાથી, તેમાં ઘણી શિથિલતા દેખાતી હોવાથી, તેમણે એક વખત લખ્યું હતું કે આધુનિક મુનિઓનો સૂત્રાર્થ શ્રવણને યોગ્ય પણ રહેલ નથી. અલબત્ત, તેમાં અપવાદ તો જરૂર હોય, પણ મોટા ભાગના મુનિઓ પોતે જ માર્ગને પામેલા ન હોય ત્યાં લોકોને શી રીતે માર્ગ પમાડે? મુનિના આચારમાં શિથિલતા વધવાનું કારણ તેમણે યથાયોગ્યતા વિના દીક્ષા ગ્રહણ કરવી તે માન્યું છે. આમ સાચો માર્ગ પામ્યા વિના માર્ગ પ્રવર્તાવવામાં આવે તો મતમતાંતર વધે તે દેખીતું જ છે.

## શ્રીમદ્‌ની મતમતાંતર વિશેની દૃષ્ટિ

ધર્મમાં પ્રવર્તતા અનેક મતમતાંતર અને વાડાઓ જોઈને શ્રીમદ્‌નું દિલ બહુ દુભાતું હતું. તેઓ આ સર્વ મતમતાંતરની વિરુદ્ધ હતા. તેઓ હંમેશાં મુમુક્ષુઓને એક જ બોધ આપતા કે મતાંતરથી દૂર રહેવું, અને આત્માનું કલ્યાણ કરવામાં જ લક્ષ પરોવવું. મતમતાંતરથી કોઈનું ક્યારેય પણ કલ્યાણ થતું નથી.

વર્તમાન સ્થિતિમાં વર્તતા કર્મને લીધે કંઈ ન સમજાય તેવું બને, તેથી જુદા જુદા મત બાંધીને બેસી જવામાં કલ્યાણ નથી. જેમ અજ્ઞાન વધારે તેમ મતાંતર વધારે. કારણ કે, શ્રીમદે જણાવ્યું છે તેમ, કોટિ જ્ઞાનીનો એક અભિપ્રાય છે અને એક અજ્ઞાનીના કોટિ અભિપ્રાય છે, જ્યાં જ્ઞાન છે ત્યાં મતાંતરને અવકાશ જ નથી, કારણ કે મોક્ષના માર્ગ બે નથી. આથી જ્ઞાન મેળવવાનો જ પ્રયત્ન કરવો. જ્ઞાન થશે એટલે બધાં મતાંતરોનો આપોઆપ ખુલાસો થઈ જશે. નાનાં નાનાં મતાંતરો પાછળ લોકોને જિંદગી વેડફતા જોઈને તેમને બહુ કરુણા આવતી. અજ્ઞાનને લીધે સાચો ખુલાસો મળે નહિ, અને ખોટે રસ્તે જ આખી જિંદગી વ્યતીત થઈ જાય, એ જોઈને તેમનું હૃદય કરુણાથી ભરાઈ જતું.

આવી સ્થિતિ જોયા પછી, તેઓ સર્વ મુમુક્ષુઓને આવાં મતાંતરોથી દૂર રહેવાની જ ભલામણ કરતા. કોઈ કંઈ પુછાવે તોપણ તેમાં ન પડવાની અને આત્માને ઓળખવાનો પુરુષાર્થ કરવાની સલાહ તેઓ આપતા. આત્મા ઓળખાયા પછી આવા મતભેદોને અવકાશ રહેતો નથી, તેમ તેમનું માનવું હતું. તેથી કોઈ વસ્તુ ન સમજાય તોપણ ત્યાં અટકવાને

બદલે તેઓ આગળ વધવાની સૂચના મુમુક્ષુઓને આપતા હતા. તેમનું લક્ષ એક જ હતું કે લોકો સાચો માર્ગ પામે તો સારું, કે જેથી તેમના આત્માનું કલ્યાણ થાય. આથી તેમના લખાણમાં પણ મતભેદો મટે તેવા પ્રકારનું જ લખાણ જોવામાં આવે છે.

## જગતનું સ્વરૂપ

જગત એ ચેતન અને જડનું બનેલું છે. જેમ ચેતનમાં અમુક પ્રકારની શક્તિ છે, તેમ જડમાં પણ અમુક પ્રકારની શક્તિ છે. જ્યાં જડ અને ચેતન સાથે રહે છે તેને લોક કહે છે: અને જ્યાં એકલું અચેતન આકાશ છે તેને અલોક કહે છે. જગતમાં મુખ્ય બે તત્ત્વ છે: જડ અને ચેતન. તેની સાથે બીજાં સાત તત્ત્વો પણ છે : પાપ, પુણ્ય, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. આ સાતે તત્ત્વો આત્માની સ્થિતિ અનુસાર બતાવાયાં છે.

પદાર્થની રીતે જોઈએ તો જગત છ દ્રવ્યનું બનેલું છે. ૧. જીવાસ્તિકાય, ૨. પુદ્ગલાસ્તિકાય, ૩. ધર્માસ્તિકાય, ૪. અધર્માસ્તિકાય, ૫. આકાશાસ્તિકાય અને ૬. કાળ. તેમાં પહેલાં પાંચ અસ્તિકાય આવે છે. આ પાંચે અસ્તિકાય અનાદિથી છે, અને અનાદિ કાળથી હોવા છતાં અનંત કાળ સુધી રહેવાનાં છે.

આમ જડ અને ચેતન ઉભયથી બનેલા આ જગતને શ્રીમદ્દે, તીર્થંકર પ્રભુના જણાવ્યા પ્રમાણે, અનાદિ-અનંત કહેલ છે. આ જગતની શરૂઆત ક્યારે થઈ તે કોઈથી જાણી શકાયું નથી. જોકે કેવળજ્ઞાનમાં તે દૃશ્ય હોવા છતાં તે કહી શકાયું નથી, તે અપેક્ષાએ જગતને અનાદિ ગણેલ છે. ભૂતકાળમાં અનંત જીવો મુક્તિમાં ગયા છે, વર્તમાનમાં જાય છે અને ભવિષ્યકાળમાં અનંત જીવો મુક્તિમાં જવાના છે, તેમ છતાં આ જગતનો અંત આવવાનો જ નથી. સંસાર તો જે પ્રમાણે ચાલે છે તે પ્રમાણે ચાલ્યા જ કરવાનો છે. અનાદિ કાળથી જીવ મુક્તિ પામતા આવ્યા છે, છતાં જગતનો અંત આવ્યો નથી, તેમ અનંત કાળ પછી પણ તે જગત તો રહેવાનું જ છે. એ અપેક્ષાએ જગતને તેમણે અનંત ગણાવેલ છે. એક જીવની અપેક્ષાએ જગત અનાદિ-સાંત છે, કારણ કે તે જીવના સંસારની શરૂઆતને આદિ નથી, પણ તેની મુક્તિ થતાં તેના સંસારનો અંત આવી જવાનો છે, માટે તે સાંત છે. પણ જ્ઞાનીઓના જણાવ્યા પ્રમાણે એવો કોઈ સમય આવવાનો નથી, કે જ્યારે સર્વ જીવો મુક્તિમાં ચાલ્યા જાય અને જગતમાં માત્ર જડ પદાર્થોનું જ અસ્તિત્વ રહે.

અનાદિ-અનંત જણાતા જગતના કર્તા કોણ ? — એ પ્રશ્ન ઘણા તત્ત્વજ્ઞાનીઓએ વિચાર્યો છે. કેટલાકને મતે ઈશ્વર એ જગતનો કર્તા છે. તેણે આ જગત બનાવ્યું છે. તે વિશે શ્રીમદ્દે પણ કેટલોક વિચાર કરેલ છે. તેમને જગતકર્તા તરીકે ઈશ્વર માન્ય નથી; શ્રી તીર્થંકર પ્રભુએ એમ જણાવેલ છે અને શ્રીમદ્દે તે માન્ય કરેલ છે. આત્માની સર્વકર્મરહિત સ્થિતિ તે ઈશ્વરપણું છે. જ્ઞાન આદિ ઐશ્વર્ય જેનામાં હોય તે ઈશ્વર કહેવાય. તેને કોઈ પણ જાતનાં કર્મ હોતાં નથી. પુદ્ગલાદિ પદાર્થો નિત્ય છે અને તે કોઈ પણ વસ્તુમાંથી બનવા યોગ્ય નથી, તેમ આત્મા પણ નિત્ય છે. તે સર્વને ઈશ્વરે બનાવ્યા છે, તેમ માનવું યોગ્ય લાગતું

નથી, કારણ કે ઈશ્વરને ચેતનપણે માનીએ તો તેમાંથી પરમાણુ, આકાશ વગેરે અચેતન પદાર્થ ઉત્પન્ન ન થઈ શકે. જો ઈશ્વરને જડ માનવામાં આવે તો તે અનૈશ્વર્યવાન ઠરે. તેથી ઈશ્વરને જડ-ચેતન ઉભયરૂપ ગણીએ તો પછી જડચેતનરૂપ જગતને ઈશ્વર કહી સંતોષ રાખી લેવા જેવું થાય. જો પરમાણુ આકાશ આદિને નિત્ય ગણીએ અને ઈશ્વરને કર્માદિનો ફળ આપનાર ગણીએ તોપણ તે યોગ્ય લાગતું નથી, તેમાં પણ દોષ આવે છે. એમ જણાવી શ્રીમદ્દે ઈશ્વરને જગતનો અકર્તા ઠરાવ્યો છે; અને કર્મનો કર્તા તથા ભોક્તા આત્મા જ છે તેમ જણાવ્યું છે.

આમ જડ અને ચેતન પદાર્થથી બનેલું એવું આ જગત છે. તેનો કર્તા કોઈ નથી. તે અનાદિ અનંત છે. અને તેમાં ચાર જાતની ગતિ છે: દેવ ગતિ, મનુષ્ય ગતિ, તિર્યંચ ગતિ, અને નરક ગતિ. જીવ પોતાના કર્માનુસાર આ ચારમાંથી કોઈ પણ એક ગતિમાં વારાફરતી પરિભ્રમણ કર્યા કરે છે. દેવ ગતિમાં શાતા વેદની છે, મનુષ્ય ગતિમાં શાતા–અશાતા છે, તિર્યંચમાં થોડી શાતા, વિશેષ અશાતા છે, અને નરકમાં અશાતા વેદની જ છે, ત્યાં લેશ પણ શાતા નથી.

બાહ્યથી જોતાં પુરુષાકારે લોક છે. તેમાં અસંખ્ય દ્વીપસમુદ્ર આવેલા છે. નીચેના ભાગમાં સાત નરક છે, મધ્યમાં પૃથ્વી છે, ઉપરના ભાગમાં બાર દેવલોક છે, અને સૌથી ઉપર સિદ્ધશિલા આવેલી છે. આ ચૌદ રાજલોક પ્રમાણના લોકમાં જીવ મુક્ત ન થાય ત્યાં સુધી પરિભ્રમણ કર્યા કરે છે.

આમ શ્રીમદ્દે જગતનું સ્વરૂપ જૈનધર્માનુસાર બતાવેલ છે. અને તે વિશે તેમને વિશેષ શ્રદ્ધા હતી. કર્મનું સ્વરૂપ, જગતનું સ્વરૂપ વગેરે વિચારવાથી જીવની તત્ત્વની સમજ વધે છે, જે તેના કલ્યાણમાં ઉપયોગી છે, તે જાણીને શ્રીમદ્દે આ વિશે થોડી થોડી, છૂટી છૂટી વિચારણા કરેલી જોવા મળે છે. તેમાં પણ તેમણે સર્વ જગ્યાએ આત્માને ઓળખવા પર તો ખૂબ જ ભાર દીધેલો જણાય છે. એટલે કે સર્વ પ્રકારની વિચારણા કરતી વખતે પણ શ્રીમદ્‌નું લક્ષ તો આત્માનું કલ્યાણ કેમ થાય તે પરત્વે જ રહેતું હતું.

### ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધ[૮૬]

શાસ્ત્રમાં જે જ્ઞાન પ્રગટ થયું છે તે જ્ઞાન બે પ્રકારમાં વિચારવા યોગ્ય છે. એક પ્રકાર ઉપદેશનો અને બીજો પ્રકાર સિદ્ધાંતનો છે.

જન્મમરણાદિ ક્લેશવાળા આ સંસારને ત્યાગવો જોઈએ, અનિત્ય એવા પદાર્થમાં વિવેકી પુરુષે રુચિ કરવી નહિ, પરિગ્રહ, આરંભ, સંગ, વગેરે અનર્થના હેતુ છે—ઇત્યાદિ જે શિક્ષા અપાયેલ છે તે ઉપદેશજ્ઞાન છે. અને આત્માનું હોવાપણું, નિત્યપણું, એકપણું, અનેકપણું, બંધાદિ ભાવ, મોક્ષ, પદાર્થજ્ઞાન વગેરે જે પ્રકારે સિદ્ધ કર્યા હોય તે સિદ્ધાંતજ્ઞાન

૮૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક: ૫૦૦, ૫૦૬ વગેરે.

છે. આ સિદ્ધાંતજ્ઞાન તો અત્યંત ઉજ્જવળ ક્ષયોપશમ અને સદ્દગુરુના વચનની આરાધનાથી જીવને ઉદ્દભવે છે. સિદ્ધાંતજ્ઞાન થવાનું કારણ ઉપદેશબોધ છે.

જેને વૈરાગ્ય, ઉપશમ સંબંધી ઉપદેશબોધ નથી થયો હોતો તેને બુદ્ધિનું વિપર્યાસપણું વર્ત્યા કરે છે. અને જ્યાં સુધી બુદ્ધિનું વિપર્યાસપણું હોય ત્યાં સુધી સિદ્ધાંત પણ વિપર્યાસપણે જ વિચારાય. કારણ કે, જેમ આંખમાં જેટલી ઝાંખપ હોય તેટલો ઝાંખો પદાર્થ દેખાય છે, તેમ જેટલી બુદ્ધિ વિપરીત તેટલું જ્ઞાન પણ વિપરીત હોય. કુટુંબ, પરિગ્રહ, પ્રાપ્તિ, અપ્રાપ્તિ આદિમાં જેને રાગદ્વેષ આદિ કષાય છે તે વિપર્યાસબુદ્ધિ છે. તે સર્વમાં અનાસક્તિ થાય તે જ વૈરાગ્ય. આ કષાયાદિનું ઉપશમપણું થવું તે ઉપશમ છે, અર્થાત્ કષાયાદિની મંદતા થવી તે ઉપશમ છે. આ વૈરાગ્ય અને ઉપશમ વિપર્યાસબુદ્ધિને સદ્દબુદ્ધિ કરે છે. તે સદ્દબુદ્ધિ જીવાજીવ પદાર્થની વ્યવસ્થાના સિદ્ધાંતની વિચારણા કરવા યોગ્ય થાય છે. વિપર્યાસબુદ્ધિ ટાળવા માટે અને સિદ્ધાંતબોધ સમજવા માટે ઉપદેશબોધ પ્રથમ આવશ્યક છે. આમ ઉપદેશબોધ એ સિદ્ધાંતબોધ સમજવા માટેનું કારણ છે, તેમ શ્રીમદ્દ જણાવે છે.

આમ શ્રીમદ્દે તેમના પત્રોમાં દુઃષમકાળ, સંસાર, સુખદુઃખ, આત્મા, જ્ઞાન, જ્ઞાની સત્પુરુષ, સત્શાસ્ત્ર, તેની આજ્ઞાનું ફળ, જીવના દોષ, મિથ્યાત્વી, કર્મ, તેનું સ્વરૂપ, કષાય, ભક્તિ, મોક્ષ વગેરે અનેક મુદ્દાઓની વિવિધ દૃષ્ટિબિંદુથી વિચારણા કરી છે. જેમાંથી યોગ્ય જીવને મોક્ષમાર્ગ મળવો સુલભ છે. આ બધા ઉપરાંત તેમણે એકેંદ્રિયનું સ્વરૂપ,[૮૭] આર્ય આચારવિચાર, આઠ રુચકપ્રદેશ, ચૌદ પૂર્વધારી નિગોદમાં કેમ, પર્યાય, પરિષહ, પ્રવૃત્તિ, સુધારસ, યોગ, વૃત્તિ, આ કાળમાં મોક્ષ મળે, ભવાંતરનું જ્ઞાન થાય, તીર્થંકર અને સુવર્ણવૃષ્ટિ, જ્ઞાની અને સિદ્ધિઓ, શાસ્ત્રના વિધિનિષેધો, સિદ્ધની ભક્તિ, સંન્યાસ અને વંશવૃદ્ધિ, જ્ઞાન અને વિભાવ, પદાર્થોની અભક્ષ્યતાનું કારણ, ઔષધોપચાર અને કર્મ વગેરે વિશે મુમુક્ષુઓએ પુછાવેલા પ્રશ્નોના ઉત્તરો આપતી વખતે સંક્ષેપમાં લખેલું છે. તેની સાથે તેઓએ અધિષ્ઠાન, પ્રદેશબંધ, અવગાહના, શ્રમણ, ભિક્ખુ, વાંચ્છા, ઇચ્છા, લેશ્યા વગેરે અનેક શબ્દોના અર્થ અને સમજણ પણ આપેલ છે, જે સર્વ વાંચતાં તેમના ઊંડા જ્ઞાનનો, તલસ્પર્શી વિચારણાનો આપણને ખ્યાલ આવે છે. તેમના પત્રોનો જુદી જુદી રીતે અને જુદા જુદા દૃષ્ટિબિંદુથી તેની તત્ત્વસભરતાને લીધે અભ્યાસ કરી શકાય તેમ છે. તેમની આ બધી વિચારણા અને પુરુષાર્થ જોઈને પંડિત સુખલાલજીએ "શ્રીમદ્દ રાજચંદ્ર – એક સમાલોચના"માં લખ્યું છે કે:—

> "જ્યારે તેમની માત્ર આપબળે વિદ્યા મેળવવાની, શાસ્ત્રો વાંચવાની, તત્ત્વચિંતન કરવાની અને તે ઉપર સ્પષ્ટ તેમજ પ્રવાહબદ્ધ લખવાની — અને તે પણ ઘરાંગણે રમતા કુમારની ઉંમરથી તેમજ વ્યાપાર ધંધા આદિની વિવિધ પ્રવૃત્તિઓ વચ્ચે — ત્યારે શ્રીમદ્દ જેવી વ્યક્તિ ઉત્પન્ન કરવા વાસ્તે માત્ર જૈન સંસ્કૃતિ પ્રત્યે જ નહિ પણ ગુજરાતની સંસ્કૃતિ પ્રત્યે માથું આપમેળે નમી જાય છે."[૮૮]

---

૮૭. "શ્રીમદ્દ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ આંક: ૧૩૯, ૨૧૨, ૪૭૨, ૫૪૬, ૬૧૩, ૬૭૯, ૭૫૨ વગેરે.

૮૮. "શ્રી રાજચંદ્રનાં વિચારરત્નો", આવૃત્તિ ૧, પૃ. ૧૭૭.

પંડિતજીએ બતાવેલી શ્રીમદ્દની આ સર્વ શક્તિઓ વિશે ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા અહોભાવભરી વાણીમાં લખે છે કે :—

"એમની પ્રતિભા કેટલી અસાધારણ હતી અને એમની પ્રખર શ્રુતશક્તિવાળી બુદ્ધિમત્તા કેવી કુશાગ્ર હતી, એ તો એમને સ્વસમય પરસમયની સૂક્ષ્મ વિવેકમય તીક્ષ્ણ પર્યાલોચના પરથી જણાઈ આવે છે, અને આપણને તાર્કિક શિરોમણિ કવિકુલગુરુ સિદ્ધસેન દિવાકરનું ને સમંતભદ્રસ્વામીનું સહજ સ્મરણ કરાવે છે. એમની દૃષ્ટિવિશાળતા ને હૃદયની સરલતા કેટલી બધી અદ્ભુત હતી અને સર્વ દર્શન પ્રત્યેની એમની નિરાગ્રહી માધ્યસ્થવૃત્તિ કેવી અપૂર્વ હતી, તે તો સર્વદર્શનોની તલસ્પર્શી નિષ્પક્ષપાત મીમાંસા પરથી પ્રતીત થાય છે, અને આપણને ષડ્દર્શનવેત્તા મહર્ષિ હરિભદ્રસૂરિની કે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીની યાદ તાજી કરાવે છે. અધ્યાત્મયોગ વિષયનો એમનો અનુભવ-અભ્યાસ કેટલો બધો ઊંડો હતો અને આત્મજ્ઞાન ધ્યાનની એમની અનુભૂતિ કેવી વિશિષ્ટ હતી, તે તો એમનાં અનુભવ રસનિધાન વચનામૃતો પરથી સ્વયં સિદ્ધ થાય છે. અને આપણને મહર્ષિ કુંદકુંદાચાર્યજીનું ને યોગીરાજ આનંદઘનજીનું સ્મરણ પમાડે છે. એમની આત્મભાવના કેવી અનન્ય હતી અને એમનું ભાવિતાત્મપણું કેવું અતિશયવંત હતું, તે તો આત્માની મહાગીતારૂપ એમના વચનામૃતમાં અખંડપણે પ્રવહતી એક આત્મધારા પરથી વ્યંજિત થાય છે, અને આપણને મહર્ષિ અમૃતચંદ્રાચાર્યજીની અને પૂજ્યપાદસ્વામી આદિની યાદ આપે છે. આમ આ મહા-પ્રભાવક શ્રીમદ્દમાં તે તે સર્વ મહાસંતોના ગુણોનું અનુપમ સંગમસ્થાન પ્રાપ્ત થયું હોયની! એવો સહજ ભાસ સહૃદય તત્ત્વગવેષકોને થાય છે!"[૮૯]

ઉપરના અવતરણમાં ડૉ. ભગવાનદાસ મહેતાએ શ્રીમદ્દના કેટલાક વિશિષ્ટ ગુણોનો પરિચય આપણને કરાવ્યો છે. આ બધા ગુણોનો પરિચય આ પ્રકરણમાં મર્યાદિત ક્ષેત્રમાં કર્યો. પણ તેનો સાચો પરિચય પામવા માટે તો તેમના સાહિત્યનું પરિશીલન કરવું એ જ ઉત્તમ ઉપાય છે. તેમાંથી જ તેમને અભિપ્રેત તત્ત્વ અને તેમનું સાચું વ્યક્તિત્વ પામી શકાય તેમ છે.

---

૮૯. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૨૬.

પ્રકરણ ૯

# રોજનીશી, નોંધપોથી ઇત્યાદિ

શ્રીમદે પોતાના અંગત ઉપયોગ માટે કરેલી કેટલીક નોંધ હાલ પ્રાપ્ત થાય છે. તેમાં પોતાની તત્કાલીન સમયની વિચારણા, પોતાની ભવિષ્ય વિશેની ઇચ્છા, તત્ત્વની કેટલીક ગૂઢ વાતો, પોતે લખવા ધારેલા ગ્રંથ આદિ વિશેની વિચારણા, કેટલાંક પદો વગેરેનો સમાવેશ થાય છે. આ બધું જુદી જુદી પાંચ ડાયરીઓમાં જોવા મળે છે, અને તે જુદા જુદા શીર્ષક નીચે "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં પ્રસિદ્ધ થયેલ છે. આ ઉપરાંત તેમણે ૨૩મી વર્ષગાંઠે લખેલો "સમુચ્ચયવયચર્યા" નામનો લેખ પણ અંગત નોંધ જેવો જ છે.

આ બધું લખાણ માત્ર અંગત ઉપયોગ માટે હોઈને બહુ વ્યવસ્થિત નથી. વળી, એ જ કારણે તે જુદા જુદા મુદ્દાના ટાંચણરૂપ પણ બનેલ છે. કેટલીક વખત તો શબ્દસમૂહ કે નાનાં વાક્યો દ્વારા જ શ્રીમદે પોતાની વિચારણા તેમાં ઉતારી છે. તેથી તે વાચક પાસે જાય તો અસ્પષ્ટ જ રહે છે. એથી આ નોંધમાંથી શ્રીમદ્‌ના કેટલાક વિચારો જાણવા સિવાય તેમના વિશે વધુ પ્રકાશ પાડવા માટે આ નોંધ વિશેષ ઉપયોગી થતી નથી. બીજાને જણાવવા માટે જે વ્યવસ્થિત લખાણ થવું જોઈએ તેનો તો અહીં સદંતર અભાવ છે. આથી "મહાદેવભાઈની ડાયરી" કે એવી અન્ય ડાયરીઓની સરખાણીમાં આ નોંધોનું મહત્ત્વ ઘણું જ અલ્પ છે. આમ થવાનું મુખ્ય કારણ કર્તાની દૃષ્ટિ જ છે. શ્રીમદ્‌ને કશું સાહિત્ય પ્રગટ કરવાની ઇચ્છા ન હતી તો પછી પોતાની અંગત નોંધ પ્રગટ થાય કે કોઈ વાંચે તેવી વાંછના તેમને ન જ હોય તે સાવ સ્વાભાવિક છે. અને એથી એમની જ દૃષ્ટિએ આપણે આ નોંધો તપાસવાની રહે છે.

"શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં "શ્રીમદ્‌ના હસ્તાક્ષરની નોંધ" — આંક ૧૬૦, "રોજનીશી" — આંક ૧૫૭, તથા "આભ્યંતરપરિણામ અવલોકન" આંક ૯૬૦ નીચે ઉપલબ્ધ થતી ત્રણ હસ્તનોંધ મળી કુલ પાંચ ડાયરી મળે છે. આ ઉપરાંત વીતેલાં ૨૨ વર્ષનું આંતરિક સરવૈયું કાઢતો એક લેખ શ્રીમદે વિ. સં. ૧૯૪૬ના કાર્તકી પૂનમે લખ્યો હતો, જે આંક ૮૯ નીચે પ્રગટ થયેલ છે. આ ડાયરીઓમાં કેટલીક જગ્યાએ મિતિ ટાંકેલી જોવા મળે છે, તો કેટલીક જગ્યાએ મિતિ વિનાનું લખાણ જોવા મળે છે. લખાણનો ક્રમ સમજાતો નથી. વળી, ડાયરીમાં ગમે ત્યારે ગમે તે પાને લખાણ થયું હોય એવું પણ જોવા મળે છે. વચ્ચે વચ્ચે કોરાં પાનાં પણ છોડી દીધાં છે, આ બધી અવ્યવસ્થાને લીધે તેમની આ નોંધોનું મૂલ્ય ઘણું ઓછું અંકાય છે.

## સમુચ્ચયવયચર્યા

"શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં પોતાનાં વીતેલાં ૨૨ વર્ષનું આંતરિક અવલોકન કરતો, ૨૩મી વર્ષગાંઠે શ્રીમદે લખેલો એક લઘુ લેખ ૮૯ આંક નીચે છપાયો છે. વિ. સં. ૧૯૪૫ના કારતક માસની પૂનમે લખાયેલા બેત્રણ પાનાંના આ લેખમાં તેમણે બાળપણથી શરૂ કરી લગભગ પંદર-સત્તર વર્ષ સુધીની પોતાની આંતરિક ચર્યા તપાસી છે. આ વિચારણા ખૂબ જ ક્રમિક અને વ્યવસ્થિત રીતે મુકાયેલી છે.

આ લેખમાં આરંભમાં તેમણે ૨૨ વર્ષની વય સુધીમાં કરેલા જાતજાતના વિચારો – સમર્થ વૈભવી કે રાજેશ્વર થવાના વિચારોથી શરૂ કરીને તે નિઃસ્પૃહી મહાત્મા થવા સુધીના વિચારોનો નિર્દેશ કર્યો છે. અને તે પછી ક્રમિક વર્ષવાર – આંતરિક મનોરાજ્ય તપાસ્યું છે.

સાત વર્ષની વય સુધી સેવેલી એકાંત બાળવયની રમતગમત અને જાતજાતની કલ્પનાઓનું આલેખન કર્યા પછી તેમણે જણાવ્યું છે કે એ વયે પણ પોતાની ખાવા-પીવાની, પહેરવા-ઓઢવાની, સૂવા-બેસવાની વગેરે બાબતમાં વિદેહી દશા હતી. ૭થી ૧૧ વર્ષની વય સુધીનો ગાળો કેળવણી લેવામાં પસાર કર્યો હતો. સ્મૃતિની બળવત્તરતાને લીધે અભ્યાસ ઘણો ઝડપી કર્યો હતો.

બાળપણમાં પિતામહ પાસેથી કૃષ્ણકીર્તન અને ભક્તિનાં પદો સાંભળીને, તથા અવતારોના ચમત્કારો સાંભળીને તેમને વૈષ્ણવ સંપ્રદાયમાં પ્રીતિ થઈ હતી, જે લગભગ ૧૪ વર્ષની ઉંમર સુધી ટકી હતી. આ વર્ષોમાં પુસ્તકોનું વાચન ઘણા સારા પ્રમાણમાં તેમણે કર્યું હતું, અને કાવ્યરચનાની પણ શરૂઆત કરી હતી. આ બધી માહિતી આપણને માત્ર આ લેખ પરથી જ મળે છે.

તે પછી વવાણિયાના જૈનોનો સંપર્ક વધતાં તેમના દ્વારા પ્રાપ્ત થયેલાં પ્રતિક્રમણ, સામાયિક આદિ સૂત્રો વાંચવામાં આવતાં તેમને જૈન ધર્મ ઉપર પ્રીતિ થવાની શરૂઆત થઈ હતી. તેર વર્ષની વયથી તેઓ પિતાની દુકાને બેસતા હતા અને ત્યાં ખૂબ જ પ્રામાણિકતાથી તેઓ કામ કરતા હતા, તેમ તેમણે આ લેખમાં જણાવ્યું છે.

અહીં જોઈ તે બધી વિગત આપણને માત્ર આ લેખ દ્વારા જ મળે છે. તેથી આ લેખનું આપણે મન ઘણું મૂલ્ય છે, કારણ કે આ સિવાય તેમના એ સમયનું આંતરિક જીવન જાણવા માટે ભાગ્યે જ બીજું કોઈ સાધન છે.

બીજી દૃષ્ટિએ જોતાં પણ આ લેખ મૂલ્યવાન છે. આ લેખમાં તેમની સત્યપ્રિયતા, નિખાલસતા, સ્વાભાવિકતા આદિ ખૂબ જ પ્રગટ રીતે જોવા મળે છે. અને તેમાંથી તેમના સાચા વ્યક્તિત્વની છાપ ઊઠી આવે છે. તેમણે વાપરેલી ભાષા સચોટ, સરળ અને સઘન છે. વળી, તેની સુસંગતતા પણ ધ્યાન ખેંચે તેવું તત્ત્વ છે. આમાં તેમણે પોતાની અંગત માહિતી એટલી વિગતથી અને ક્રમસર લખી છે કે તેમના બીજા કોઈ અંગત લખાણમાં આવી

રીતિ જોવા મળતી નથી. આ લેખથી આપણે તેમનો લગભગ ૧૫ વર્ષ સુધીનો આત્મિક વિકાસ જાણી શકીએ છીએ એ દૃષ્ટિએ જોતાં તેમનું આ ઘણું જ મહત્ત્વનું લખાણ ગણી શકાય.

## શ્રીમદ્‌ના સ્વહસ્તાક્ષરની નોંધબુક

કોઈ મુમુક્ષુભાઈ પાસેથી પ્રાપ્ત થયેલ શ્રીમદ્‌ના સ્વહસ્તાક્ષરની એક નોંધબુક "શ્રીમદ્‌ રાજચંદ્ર" ગ્રંથમાં આંક ૧૯૦ નીચે છપાઈ છે. આ નોંધબુકમાં માત્ર ૩૧ પાનાં જ લખાયેલાં છે. અને તેમાં પણ કેટલેક પાને તો માત્ર એકાદ વાક્ય જ છે. ત્રણ-ચાર પાનાં જ એવાં છે કે જેમાં વધારે લખાણ હોય.

આ નોંધબુક લખવાની કોઈ મિતિ આપેલી નથી. અને શ્રીમદ્‌ને "શુદ્ધજ્ઞાન" થયું તે પૂર્વેનું આ લખાણ ગણી, આ ગ્રંથના સંપાદકોએ તેને શુદ્ધ સમકિત થયા પહેલાંના વર્ષે, એટલે કે ૨૩મા વર્ષે મૂકેલ છે. શ્રીમદ્‌ને તેમના પોતાના જણાવ્યા પ્રમાણે ૨૪મે વર્ષે શુદ્ધ સમકિત થયું હતું.

આ નોંધબુકમાં શ્રીમદ્‌ના વ્યક્તિત્વની કે જૈન દર્શનની કોઈ છાપ નથી, પણ મુખ્યત્વે વેદાંતને લગતી વાતો છે. ચૈતન્ય, આત્મા, પરમાત્મા વગેરેને લગતાં છૂટક છૂટક વચનો અહીં મળે છે. તેમાં ભક્તિનું માહાત્મ્ય અને "હરિ" શબ્દનો પ્રયોગ વારંવાર જોવા મળે છે. જે ત્રણ-ચાર પાનાં લંબાણથી લખાયેલાં જોવા મળે છે તે વેદાંતના કોઈ ગ્રંથના અનુવાદરૂપે લખેલાં હોય એમ લાગે છે. અને એ પરથી લાગે છે કે અહીં અપાયેલાં વચનો તેમની વિચારણાના પરિણામરૂપ નહિ પણ કોઈ ગ્રંથના ઉતારારૂપ છે. કાળ, કર્મ, નામ, જ્ઞાન, ધ્યાન, જપ, તપ, ગંધ, આકાશ, પૃથ્વી, વાયુ, અગ્નિ, દેવ, બ્રાહ્મણ, મનુષ્ય સર્વને અહીં બ્રહ્મ કહેલ છે, અને એ લખાણની શૈલી કોઈ અનુવાદ જેવી છે.

શ્રીમદે લખેલાં આ પૃષ્ઠો તેમની ૨૩ વર્ષની વયે નહિ પણ ૧૬-૧૭ વર્ષની વય પહેલાં લખાયેલાં હોય તેમ વિશેષ લાગે છે. આ નોંધબુક શ્રીમદ્‌ના હસ્તાક્ષરમાં જ છે. વળી તેઓ વેદાંતમાં નહોતા માનતા તેમ પણ નથી, માત્ર તેમને જૈનધર્મ પ્રતિ પક્ષપાત હતો તેટલું જ. તેઓ વેદાંતનાં ઘણાં પુસ્તકો વાંચતા અને કેટલાક સારા ગ્રંથો અન્યને પણ વાંચવા ભલામણ કરતા. તે પરથી સ્પષ્ટ થાય છે કે વેદાંતના સિદ્ધાંત વિશે તેમણે લખ્યું હોય તે સંભવિત છે. અહીં અપાયેલાં પાનાંમાં માત્ર વેદાંતની જ વાતો છે, જૈનમાર્ગનો કશો ઉલ્લેખ નથી, તેથી તે લખાણ કયા સમયે થયું હશે, તે વિશે પ્રશ્ન જરૂર સંભવે છે.

વિ. સં. ૧૯૪૭માં એટલે કે ૨૪મે વર્ષે શ્રીમદ્‌ને શુદ્ધ સમકિત થયું હતું, અને તે પછીથી તેઓ જૈનદર્શન તરફ જ વળી ગયા હતા. એથી શુદ્ધ વેદાંતનાં વચનો તેઓ વિ. સં. ૧૯૪૭ પછીથી ન લખે તે સ્વાભાવિક છે. આથી આ પાનાં તેમણે કયા સમય સુધીમાં લખ્યાં હશે તે વિચારતાં એ સ્પષ્ટ જ છે કે આ વચનો વિ. સં. ૧૯૪૭ પહેલાં લખાયેલાં છે.

વિશેષ વિચારતાં આ નોંધ તેમણે તેમની ૧૫-૧૬ વર્ષની ઉંમરે કરી હોય તેમ કેટલાંક કારણથી સમજી શકાય છે.[૧] તે કારણો નીચે પ્રમાણે છે —

૨૩ વર્ષ આસપાસ તો શ્રીમદ્દનું વ્યક્તિત્વ ઘડાઈ ગયું હતું, અને આ લખાણમાં તેમના વ્યક્તિત્વની છાપ ઉપસાવે તેવું કોઈ તત્ત્વ નથી. આથી જે વખતે ચોક્કસ વ્યક્તિત્વ બંધાયું ન હોય તે વખતનું આ લખાણ સંભવે છે.

આપણે જાણીએ છીએ તે પ્રમાણે ૧૫-૧૬ વર્ષની આસપાસનો ગાળો શ્રીમદ્દનો ધર્મમંથનનો કાળ હતો. તે સમયમાં તેઓ જૈન તથા અન્ય ધર્મોના ગ્રંથો અવલોકી રહ્યા હતા. અને તે બધાના સારરૂપ તેઓ જૈનદર્શન તરફ વળ્યા હતા. તેમના ધર્મમંથનના પરિપાકરૂપે આપણને તેમના તરફથી "મોક્ષમાળા" અને "ભાવનાબોધ" જેવાં પુસ્તકો તેમના ૧૭મા અને ૧૯મા વર્ષે મળે છે. આ બંને પુસ્તકોમાં તેમનો જૈનદર્શન તરફનો ઝોક તથા તે જ ધર્મ શ્રેષ્ઠ છે એવી તેમની માન્યતા સ્પષ્ટ જોવા મળે છે. ઉદાહરણ તરીકે "મોક્ષમાળા"ના પાઠ ૮૫, ૮૬, ૮૭, ૯૪, ૯૫ વગેરે. એ જ રીતે "ભાવનાબોધ" કે "મોક્ષમાળા"માં તેમણે આપેલાં દૃષ્ટાંતો, તત્ત્વવિચારણા વગેરે પણ જૈન ગ્રંથોમાંથી જ લેવાયેલ છે. તે પણ તેમનો જૈનધર્મ પ્રતિનો રાગ સ્પષ્ટ કરે છે.

આમ ૧૭મા વર્ષ આસપાસ સ્પષ્ટ રીતે જૈનધર્મ તરફ વળ્યા પછી શ્રીમદ્દ વેદાંત તરફ જાય તે સંભવિત નથી. અને તેવું તેમના જીવનમાં બન્યું હોય તેવો કશો ઉલ્લેખ પણ નથી મળતો.

શ્રીમદ્દે ૨૩મી વર્ષગાંઠે પોતાની "સમુચ્ચયવયચર્યા" લખી છે. એ વાંચીએ છીએ ત્યારે તેઓ જૈનધર્મમાં વધુ ને વધુ સ્થિર થતા જતા હતા, તેવી છાપ તેમાંથી ઊઠે છે.

આ નોંધબુક સિવાય તેમણે લખેલું ૨૩મા વર્ષનું લખાણ તપાસીએ તોપણ તેમની જૈનધર્મની દૃઢતા સ્પષ્ટ થાય છે. તેમણે તેમની રોજનીશી પણ ૨૩મા વર્ષે લખી છે, તેમાં પણ જૈનધર્મના સિદ્ધાંતો દૃષ્ટિગોચર થાય છે, એટલું જ નહિ પણ તેમાં વેદાંતની વાતો જ નથી. વળી, ૨૩મા વર્ષે લખાયેલા પત્રો વાંચીએ છીએ ત્યારે પણ ઉપર મુજબનું જ જોવા મળે છે. આ પત્રોમાં "ભગવતીસૂત્ર", "આચારાંગસૂત્ર" આદિ જૈન સૂત્રો કે ગ્રંથોનાં ઉદાહરણો જોવા મળે છે. એ પ્રમાણે વેદાંતના "યોગવાસિષ્ઠ" જેવા કોઈ કોઈ ગ્રંથો વાંચવાનો ઉલ્લેખ પણ જોવા મળે છે, પણ તે જગ્યાએ પોતાને કોઈ ધર્મ વિશે પક્ષપાત નથી એમ તેઓ સ્પષ્ટ કરે છે.

એ જ પ્રમાણે આ પત્રોમાં જૈન માર્ગના સિદ્ધાંતોની – નિયમોની – વાત જોવા મળે છે, તો વેદાંત વિશે એવી કોઈ વિચારણા જોવા મળતી નથી. તીર્થંકરે પ્રરૂપેલો ધર્મ બે પ્રકારે છે,

૧. આ નોંધના સમય બાબત "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથના સંપાદકોને પુછાવતાં તેમણે લખેલું કે તે લખાણને ૨૪મા વર્ષ પહેલાં મૂકવું ધારી, ૨૩મા વર્ષમાં મૂકેલ છે. તે પાછળ ઊંડી તત્ત્વવિચારણા નથી.

તેના પેટાવિભાગ કઈ રીતે આવે છે તે વગેરે વિશેની વિચારણા તેમણે કોઈ ગ્રંથના સાંકળિયારૂપે કરી હોય તેવું લખાણ પણ મળે છે. જૈનધર્મમાં આવતી આઠ રુચક પ્રદેશની વાત, ચૌદપૂર્વધારી કંઈક જ્ઞાને ઊણા હોય તે પણ ક્યારેક નિગોદમાં જાય વગેરેનો ખુલાસો તેમણે પત્રમાં કરેલો જોવા મળે છે. જોકે આ બધું મુમુક્ષુના પત્રોના ઉત્તરરૂપે આવે છે, છતાં તેમાંથી તેમનો જૈનધર્મ તરફનો ઝોક દેખાયા વિના રહેતો નથી. તેઓ એક પત્રમાં લખે છે કે:—

> "જૈનના આગ્રહથી જ મોક્ષ થાય છે, એમ આત્મા ઘણા વખત થયાં માનવું ભૂલી ગયો છે. મુક્તભાવમાં મોક્ષ છે એમ ધારણા છે, એટલે વાતચીત વેળા આપ કંઈ અધિક કહેતાં નહિ સ્થંભો એમ વિજ્ઞાપન છે."[૨]

આ વચન શ્રીમદ્દે વેદાંતી મનઃસુખરામ સૂર્યરામ ઉપર વિ. સં. ૧૯૪૬ના અષાડ વદિ અમાસના દિવસે લખેલ છે. તે પરથી સ્પષ્ટ થાય છે કે લોકોમાં તેમનો જૈનધર્મ પ્રતિનો ઝોક સ્પષ્ટ હોવો જોઈએ, નહિતર આ વચન લખવાનો તેમને કોઈ હેતુ ન હતો. શ્રીમદ્દની અંતરંગ કક્ષા એવી હતી કે તેમને કોઈ ધર્મ પ્રતિ દ્વેષ ન હતો.

આમ, આ બધી રીતે તપાસતાં, આ લખાણ શ્રીમદ્દે ૨૩મે વર્ષે લખ્યું હોય તેમ સંભવતું નથી. પણ તે લખાણ તેમણે સોળ વર્ષની વચે કે તે પહેલાં, પોતાના ધર્મમંથનના કાળમાં, લખ્યું હોય તે વિશેષ સંભવિત છે.

## રોજનીશી

વિ. સં. ૧૯૪૬ના વર્ષ દરમ્યાન શ્રીમદ્દે પોતાના અંગત વિચારો રજૂ કરતું કેટલુંક લખાણ મિતિસહિત કર્યું છે, જે "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં આંક ૧૫૭ નીચે પ્રગટ થયું છે. આ રોજનીશીના અમુક અમુક મિતિએ થયેલા લખાણનાં લગભગ ૧૮ જેટલાં પાનાં પ્રાપ્ત થાય છે. એ ઉપરાંતનાં કેટલાંક પાનાં એમાંથી કોઈએ ફાડી લીધાં હોય તેવા અનુમાનની નોંધ "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં જોવા મળે છે. રોજનીશીમાંથી ફડાયેલાં પાનાંમાં શ્રીમદ્દનું લખાણ હતું કે નહિ, તે પાનાં શ્રીમદ્દે જ ફાડેલાં કે અન્ય કોઈ કારણસર ફાડી લીધેલાં, તે સમજી શકાતું નથી, કારણ કે આ લખાણ પૂર્ણ અનુસંધાનવાળું ન હોવાને લીધે તે પરથી કોઈ પણ અનુમાન કરવું મુશ્કેલ બન્યું છે. તેમ છતાં અન્ય ડાયરી વગેરે જોતાં એમ લાગે છે કે શ્રીમદ્દે પોતે તો એ પાનાં ફાડ્યાં નહિ હોય, કારણ કે તેમને કશું પ્રસિદ્ધ કરવાની ઇચ્છા નહોતી. વળી, કોઈ વસ્તુ બને કે ન બને તે વિશે નિઃસ્પૃહ રહેવા જેટલો વૈરાગ્ય પણ તેમનામાં હતો. અને તેમના તે વૈરાગ્યની છાપ આ રોજનીશીના પ્રત્યેક પાનામાંથી ઊઠે છે.

રોજનીશીનો લગભગ બધો જ ભાગ મુંબઈમાં લખાયેલો જોવા મળે છે. આસો માસનાં બેત્રણ લખાણ જ વવાણિયા થયેલાં છે. વિ. સં. ૧૯૪૬માં શ્રીમદ્દે લખેલા પત્રો

૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૨૧૮.

તપાસીએ છીએ તો જણાય છે કે એ વર્ષના અષાડ માસ સુધીના પત્રો મુંબઈથી લખાયેલા છે. અને તે પછીના વવાણિયાથી લખાયેલા છે. આમ તેઓ ત્રણ કે ચાર મહિના વવાણિયા રહ્યા હતા તેવું અનુમાન થઈ શકે છે.

રોજનીશીનું બધું લખાણ ગદ્યમાં છે, અને તે લખાણમાં ખાસ વિસ્તાર પણ જોવા મળતો નથી. આમ છતાં જે વિષય પરત્વે લખાણ હોય, તે અપૂર્ણ છે કે ટાંચણ જેવું છે એવી છાપ આપણા પર તે વાંચતાં પડતી નથી. તેને બદલે પોતાને ઉપયોગી લાગતાં વચનો, નિયમો વગેરેનું નિરૂપણ થયેલું આપણને અહીં જોવા મળે છે.

રોજનીશીનાં પ્રાપ્ત થતાં અઢાર પાનામાં વિવિધ પ્રકારનું લખાણ જોવા મળે છે. મોહનીય કર્મની અનિષ્ટતા, સાચું સુખ કયું, પ્રત્યેક અવસ્થામાં જીવને રહેતો ભય, પોતાની જાતને મોહથી છૂટવા અપાયેલો બોધ વગેરે વિશેનું લખાણ છે. "ભગવતીસૂત્ર"ના ત્રીજા શતકના બીજા ઉદ્દેશમાંથી થોડો અનુવાદ પણ છે. એ ફકરો મહાવીર પ્રભુ, પોતે છદ્મસ્થ અવસ્થામાં હતા તે વખતે, કઈ રીતે વિચરતા હતા તે વિશે ગૌતમસ્વામીને જણાવેલું, તેને લગતો છે.

આ ઉપરાંત લોકો સાથે વાતચીત દરમ્યાન કઈ રીતે વર્તવું, તેના પોતે જાળવવા ધારેલા નિયમો પોષ સુદ ૩, વિ. સં. ૧૯૪૬ના રોજ વિચારેલા છે. એ જ રીતે પોતે પોતાના ભાગીદારો તથા ધર્મપત્ની સાથે કઈ રીતે વર્તવું તે વિશે પોતે વિચારેલા નિયમો એ જ વર્ષના અષાડ સુદ પાંચમના રોજ રોજનીશીમાં લખેલ છે. તેમાં પોતે દુઃખ સહીને પણ અન્યને શાંતિ આપવાની ભાવના રાખેલી છે. તેમ છતાં પોતે સ્વીકારેલી નિર્ગ્રંથશ્રેણીને સંપૂર્ણપણે જાળવવાની મક્કમતા પણ છે. માત્ર એ એક શ્રેણી સાચવવા બીજું બધું જ જતું કરવાની તેમની તૈયારી આ નિયમોમાં જોઈ શકાય છે. શ્રીમદ્દે સ્વીકારેલા આ નિયમો બહુ મનનયોગ્ય છે.

રોજનીશીમાં શ્રીમદ્દે તેમનાં ધર્મપત્નીને ઉદ્દેશીને એક પત્ર લખ્યો છે. તેમાં તેમણે પોતાનાં પત્નીને ધર્મમૂર્તિ બનાવવાનો અનુરોધ કર્યો છે. સંસારના સર્વ ભાવો ત્યાગી માત્ર ધર્મની આરાધના કરવાની તેમની ભાવના આ પત્રમાં સ્પષ્ટ જોઈ શકાય છે. વીતરાગ-ભક્તિમાં જ પરમ પ્રસન્નતા છે, એમ તેમણે નક્કી કરેલું જણાય છે. આ બધા ઉપરાંત પોતાની રોજિંદી પ્રવૃત્તિનો ઉલ્લેખ પણ આ રોજનીશીમાં જોવા મળે છે. એમાં પણ મુખ્યત્વે કયો સમય પરમાર્થમાર્ગમાં વીત્યો કે કયો સમય સમાધિયુક્ત ગયો તે વિશેનો ઉલ્લેખ મળે છે.

પોતાને આવેલા કોઈ અદ્ભુત સ્વપ્નની નોંધ આમાં શ્રીમદ્દે બહુ ટૂંકાણમાં લીધી છે. અને તે સંબંધી વિશેષ પોતે પછીથી લખશે એમ તેમણે તેમાં નોંધ્યું છે. પણ રોજનીશીમાં એવા કોઈ સ્વપ્નનો ચિતાર આપેલ નથી. સ્વપ્ન વિશે શ્રીમદ્દે જેઠ વદ ૧૨ના રોજ રોજનીશીમાં લખ્યું છે કે :—

"ગઈ કાલે રાતે એક અદ્ભુત સ્વપ્ન આવ્યું હતું. જેમાં બેએક પુરુષોની સમીપે આ જગતની રચનાનું સ્વરૂપ વર્ણવ્યું હતું, પ્રથમ સર્વ ભુલાવી પછી જગતનું દર્શન કરાવ્યું હતું. સ્વપ્નમાં મહાવીરદેવની શિક્ષા સપ્રમાણ થઈ હતી. એ સ્વપ્નનું વર્ણન ઘણું સુંદર અને ચમત્કારિક હોવાથી પરમાનંદ થયો હતો. હવે પછી તે સંબંધી અધિક."[3]

આ સ્વપ્ન કયું હશે, અને શ્રીમદ્દે તે ક્યાં ઉતાર્યું હશે તે વિશે વિચારતાં શ્રીમદ્દની "આભ્યંતર અવલોકન"ની હાથનોંધ–૧ પર નજર ઠરે છે. એનાં પાનાં ૯ થી ૧૫ સુધીમાં કોઈ સ્વપ્નનું વર્ણન હોય તેવું લખાણ જોવા મળે છે. તેમાં જગતમાં કોણ સુખી અને કોણ દુઃખી એ જોવાની ઇચ્છા તેમને થાય છે. તે જિજ્ઞાસા પૂરી કરવા ઘણા આત્માઓ તેમની પાસે આવે છે. તેમ છતાં એકેંદ્રિય, બેઇન્દ્રિયાદિ જીવો તેમની પાસે આવતા નથી. તેમ થવાનું કારણ તેમને નેપથ્યમાંથી સમજાય છે કે તેઓ બધા બહુ દુઃખી હોવાથી તેમની પાસે આવી શકતા નથી. પછી દિવ્યદૃષ્ટિથી એ બધા જીવોનું પરાધીનપણું, કંપ ઇત્યાદિ તેઓ પ્રત્યક્ષ જુએ છે. અને એ જ દૃષ્ટિથી આખું જગત જોતાં કોઈ પણ જીવ તેમને સુખી દેખાયો નહિ. ચક્રવર્તી, દેવ આદિના દુઃખ માટે શંકા થઈ તો તેના સમાધાન માટે તેઓ તેના અંતઃકરણમાં પ્રવેશી એ દુઃખ પ્રત્યક્ષ કરે છે. આમ સર્વ જીવ તેમને કોઈ ને કોઈ પ્રકારે દુઃખી જણાયા. આથી સુખી કોણ તે જાણવાની તેમને તીવ્ર અભિલાષા થઈ.

પછી કોઈ દિવ્ય અંજન આંજી તેઓ સિદ્ધ લોકમાં ગયા. ત્યાં સર્વ આત્માઓ પરમ આનંદમાં વિરાજતા હતા. આ પદ કઈ રીતે પમાય, તે સમજાવવા તેમની પાસે ચોથાથી શરૂ કરી બારમા ગુણસ્થાને (૧૧મા સિવાય) વર્તતી વ્યક્તિઓ તેમની પાસે આવી. અને અનુક્રમે તેમણે પોતાની સ્થિતિ દર્શાવી. પછી એક વૃદ્ધ, પણ દિવ્ય પુરુષની સહાયથી તે બધાના અંતઃકરણમાં પ્રવેશી તેમની સ્થિતિ તપાસી તો બધામાં એક એકથી ચડતી સુખની લહેરો વહેતી હતી. એ માર્ગને જ પોતાના કલ્યાણમાર્ગ તરીકે તેમણે સ્વીકારી લીધો.

આ આખો વિભાગ તેમના સ્વપ્નનો જ ચિતાર દેખાય છે. વળી, જગતના સુખી કે દુઃખી જીવોના અંતઃકરણની વાત જાણવી તે એક અદ્ભુત રચના – જીવની સુખી-દુઃખી સ્થિતિ – તથા સિદ્ધનાં સુખોને પ્રત્યક્ષ કરાવ્યાં છે, જે તેમનાં "જેમાં બે એક પુરુષોની સમીપે આ જગતની રચનાનું સ્વરૂપ વર્ણવ્યું હતું." એ વચનને સમજવાની ચાવી બની રહે છે. વળી, મહાવીરદેવે આખો લોક દુઃખે કરીને આર્ત છે, માત્ર સિદ્ધગતિમાં જ સુખ છે, એમ જે શિક્ષા આપી છે તે પણ અહીં સપ્રમાણ થતી દેખાય છે. આમ અનેક રીતે વિચારતાં લાગે છે કે, શ્રીમદ્દે જે સ્વપ્નની નોંધ રોજનીશીમાં લીધી છે, તે સ્વપ્ન તે હાથનોંધમાં આપેલ સ્વપ્ન હોવું જોઈએ. વળી, શ્રીમદ્દને તો જ્યારે જે પાનું ખૂલે તે પાને પોતાના વિચારો, અનુભવો વગેરે લખી લેવાની ટેવ હતી, તેથી એક વસ્તુ વિશે લખાણ બે જુદી જુદી ડાયરીમાં કેમ સંભવે તેવી શંકા થવાનું કારણ રહેતું નથી. આ ઉપરાંત જે ડાયરીમાં આ સ્વપ્નની નોંધ જોવા મળે છે તે પણ ઈ. સ. ૧૮૯૦ની અર્થાત્ વિ. સં. ૧૯૪૬ની છે. આમ એ રીતે પણ એક જ વર્ષ આવે છે, જે ઉપરની માન્યતાનું સમર્થન કરે છે.

૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૩૫.

શ્રીમદ્દની રોજનીશીમાં એક પાનું આ પ્રમાણે છે:—

"જ્ઞાની રત્નાકર

૧ ૩

\+ આ બધી નિયતિઓ કોણે કહી?

૨ ૪

અમે જ્ઞાન વડે જોઈ પછી યોગ્ય લાગી તેમ વ્યાખ્યા કરી.

ભ ગ વા ન મ હા વી ર દે વ

૧૦, ૯, ૮, ૭, ૬, ૪, ૩, ૨, ૧."[૪]

શ્રીમદ્દે આ કઈ રીતે ગોઠવ્યું છે તે વિચારતાં નીચેની વસ્તુઓનો સંભવ લાગે છે:—

૧ + ૪ = ૫

૨ + ૩ = ૫

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય એ ચાર મળે તો પાંચમું અનંત સુખ – કેવળજ્ઞાન પ્રાપ્ત થાય.

ચાર જ્ઞાન – મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એ મળે પછી પાંચમું કેવળજ્ઞાન મળે.

૧ + ૨ + ૩ + ૪ નો સરવાળો ૧૦ થાય. "ભગવાન મહાવીરદેવ"માં ૧૦ અક્ષરો છે. અને તેની નીચે પાંચના આંક સિવાય ૧૦ સુધીના આંક મૂક્યા છે તે પરથી એમ સમજાય છે કે, પહેલા ચાર આંક તે ચાર કષાય, ચાર ગતિ કે ચાર જ્ઞાનને ઉદ્દેશી લખાયાં છે. પાંચમો આંક તે કષાયરહિત સ્થિતિ, ગતિરહિત સ્થિતિ અર્થાત્ પંચમગતિ, અને પંચમજ્ઞાન એટલે કે કેવળજ્ઞાન માટે ગણ્યો છે. તે હજુ પ્રાપ્ત કરવાનું છે, તેથી અધ્યાહાર રાખેલ છે. અને ૬ થી ૧૦ના આંક તે ૫ પ્રકારનાં શરીર – તૈજસ, કાર્મણ, વૈક્રિય, આહારક અને ઔદારિક, કે ૫ તત્ત્વ – અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા અને બંધને અનુલક્ષીને લખાયાં લાગે છે. મોક્ષ થાય ત્યારે પાંચે પ્રકારનાં શરીર લુપ્ત થાય છે. તેમ જ સાતમાંનાં બે તત્ત્વ આત્મા અને મોક્ષ મળે છે. આમ એ રીતે જોતાં પણ પાંચનો આંક "મોક્ષપ્રાપ્તિ" અધ્યાહાર રાખ્યો હોય એમ લાગે છે.

આમ જોઈએ તો સમજી ન શકાય એવી આંકડાની રમત પણ અહીં જોવા મળે છે. "આમ કદાચ હશે" એવી કલ્પના એ લખાણ પરથી કરી શકાય છે, પણ "આમ જ છે" એ સ્પષ્ટ કહી શકાતું નથી. આવાં બધાં લખાણો પરથી સ્પષ્ટ થાય છે કે તેમણે રોજનીશી પણ પોતાના અંગત ઉપયોગ માટે જ લખી હતી.

---

૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ ૨૩૬.

## આભ્યંતર પરિણામ અવલોકન

શ્રીમદ્‌ે પોતાનું આભ્યંતર પરિણામ અવલોકન ત્રણ પૃથક્ પૃથક્ ડાયરીમાં લખેલું જોવા મળે છે. તે ત્રણ હસ્તનોંધમાંથી બે વિલાયતના બાંધાની છે, તેમાંથી એકના પૂંઠા પર ઈ. સ. ૧૮૯૦નું અને બીજીના પૂંઠા પર ઈ. સ. ૧૮૯૬નું કેલેંડર છે; ત્રીજી દેશી બાંધાની છે અને તેમાં કોઈ વર્ષનું કેલેંડર નથી. આ ત્રણે હસ્તનોંધમાં પૃષ્ઠસંખ્યા પણ જુદી જુદી છે. ૧૮૯૦ની સાલવાળીમાં ૧૦૦ પૃષ્ઠ, ૧૮૯૬ની સાલવાળીમાં ૧૧૬ પૃષ્ઠ અને અહીંની હસ્તનોંધમાં ફક્ત ૬૦ પૃષ્ઠ છે. વિલાયતના બાંધાની બંને નોંધબુક ૭"×૪½"ના કદની છે, અને અહીંની નોંધબુક ૬¾"×૪"ના કદની છે.

આ ત્રણેમાં કેટલાંક પાનાં લખાયેલાં છે, અને કેટલાંક કોરાં રહેલાં છે. વળી, એ ત્રણમાંથી કોઈ પણ બુકમાં મિતિવાર લેખ નથી; કેટલાંક લખાણ પર મિતિ છે, તો કેટલાંક પર મિતિ જ નથી. વળી મિતિ જોવા મળે છે તે પણ ક્રમમાં નથી. ઉદાહરણ તરીકે — ઈ. સ. ૧૮૯૦ના કેલેંડરવાળી નોંધબુકમાં ૫૧મા પાના ઉપર વિ. સં. ૧૯૫૧ના પોષ વદનો લેખ છે, અને ૬૨મા પાના પર વિ. સં. ૧૯૫૩ના ફાગણ વદનો લેખ છે, તો ૯૭મા પાના ઉપર ફરીથી વિ. સં. ૧૯૫૧ના મહા સુદ ૭નો લેખ છે. વળી, એક બુક પૂરી થયા પછી બીજી ચાલુ કરી હોય તેમ પણ નથી. ઈ. સ. ૧૮૯૦ પછી ૧૮૯૬ની બુક છે, તે પરથી અનુમાન કરી શકાય કે તે સાલમાં શ્રીમદ્‌ે તે બુક ચાલુ કરી હશે. પણ ઈ. સ. ૧૮૯૬ એટલે કે વિ. સં. ૧૯૫૨ પછીનું લખાણ આપણને વિ. સં. ૧૯૪૬ - ઈ. સ. ૧૮૯૦-ની ડાયરીમાં જોવા મળે છે. વળી, એ બે પૂરી થતાં અહીંના બાંધાવાળી નોંધપોથી તેમણે લીધી હોય તેમ પણ લાગતું નથી, કારણ કે ઈ. સ. ૧૮૯૬ વાળીમાં માત્ર ૨૭ પાનાં વાપરેલાં છે, અને બાકીનાં તમામ કોરાં પડ્યાં છે. આ ઉપરાંત વિ. સં. ૧૯૫૪નું લખાણ કે વિ. સં. ૧૯૫૩નું લખાણ બધી હસ્તનોંધોમાં જોવા મળે છે. આ બધા પરથી એક જ અનુમાન થાય છે કે શ્રીમદ્ આ બધી નોંધપોથી પોતાની પાસે રાખતા હશે, અને જ્યારે કંઈ લખવા યોગ્ય જણાય ત્યારે તેમાંથી કોઈ પણ નોંધપોથી ઉપાડી ગમે તે પાનું ખોલી તેમાં તે ઉતારી લેતા હશે.

### હસ્તનોંધ ૧

આ હાથનોંધ પર ઈ. સ. ૧૮૯૦ – વિ. સં. ૧૯૪૬ – નું કેલેંડર છે, અને તેમાં સો પાનાં છે. "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં આ હાથનોંધમાં જેટલાં પાનાં લખાયેલાં છે તેટલાં છપાયેલાં છે. તેમાં હાથનોંધનાં પૃષ્ઠોના અંક જોઈએ છીએ તો ખ્યાલ આવે છે કે તેમાં વચ્ચે વચ્ચે ઘણાં પાનાં કોરાં પડેલાં છે, અને માત્ર ૧૦૨ જેટલી બાજુઓ લખાયેલી છે. તેમાં કોઈ જગ્યાએ આખા પાનામાં ચાર–છ વાક્યો જ છે, તો કેટલીક જગ્યાએ આખું પાનું પણ જોવા મળે છે.

અગાસથી પ્રગટ થયેલી "શ્રીમદ્ રાજચંદ્ર"ની પહેલી આવૃત્તિમાંની પાદનોંધમાં "શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત તત્ત્વજ્ઞાન"માંથી જે હસ્તનોંધ પ્રાપ્ત થઈ હતી તે આપી છે. તેની મૂળ હસ્તાક્ષરની નોંધ મળતી નથી, તેથી તેને પાદનોંધમાં આપેલ છે. એમાં તત્ત્વની વાતો અપાયેલી છે. એ વિશે "પરમશ્રુત પ્રભાવક મંડળ" તરફથી પ્રગટ થયેલી વિ. સં. ૧૯૬૧ની પહેલી આવૃત્તિ અને તે પછીની આવૃત્તિઓ જોતાં ખ્યાલ આવે છે કે ફૂટનોટ જેવું કોઈ લખાણ તેમાં નથી. તેમાં તો આ હાથનોંધ જેવું લખાણ અપાયેલ છે, તે પરથી અનુમાન થાય છે કે એ કદાચ કોઈનું ઉપજાવી કાઢેલું પણ હોય.

હસ્તનોંધ ૧માં અપાયેલું લખાણ અંગત વિચારો કે પરિસ્થિતિ દર્શાવતું લખાણ છે. તેમાં "મારગ સાચા મિલ ગયા", "હોત આસવા પરિસવા" તથા "ધન્ય રે દિવસ આ અહો" એ ત્રણ તેમનાં કાવ્યો પણ છે. પહેલું કાવ્ય જ્ઞાન થયા પછીનો હર્ષ વ્યક્ત કરતું છે, અને બીજું પદ જિનપદ તથા નિજપદની એકતાનો સાક્ષાત્કાર કરાવતું છે. ત્રીજા પદમાં પોતાના જીવનમાં આવેલા અગત્યના આધ્યાત્મિક પ્રસંગોની નોંધ તથા પોતાના ભાવિની આગાહી મુકાયેલી છે. અને તેમાં મુકાયેલી સંવત તથા સ્થિતિ જોતાં તે કાવ્ય લગભગ વિ. સં. ૧૯૫૩માં લખાયેલું હોય તેમ કહી શકાય. એ ત્રણે પદના વિષય જોતાં તે વિ. સં. ૧૯૪૭ પછી રચાયાં હોય તે નિશ્ચિત લાગે છે, કારણ કે તે વર્ષમાં તેમને શુદ્ધ સમ્યગ્જ્ઞાન થયું હતું, અને એ જ્ઞાન થયા પછીની જ આ રચનાઓ છે.

આ ઉપરાંત આ નોંધમાં પોતાને બોધરૂપ થાય તેવાં વચનો, પોતાની અંતરંગ પરિસ્થિતિ દર્શાવતાં વચનો, પોતે જેના પર વિશેષપણે વિચાર કરવા ધાર્યો હોય તેવા પ્રશ્નો, પોતાની ભાવિ યોજના વિશેની વિચારણા, તત્ત્વની વાતો વગેરે છે. ત્રણ પદ્ય સિવાયનું બધું લખાણ ગદ્યમાં છે.

આ લખાણમાં પોતાને લાગતું આત્માનાં છ પદનું નિઃશંકત્વ બતાવ્યું છે. વળી એમાં જીવ સંબંધી વિચારણા, જગતના સ્વરૂપનું વર્ણન, આત્મસાધના, સંતપણાની દુર્લભતા, ષડ્દર્શનમાં આત્માનું નિરૂપણ, શાસ્ત્રમાં દર્શાવેલી વાતોની વિચારણા જેમ કે વ્યવહારત્યાગ, તે શા માટે જરૂરી, વિભાવયોગના બે પ્રકાર, જ્ઞાની પુરુષની વૃત્તિ વગેરે પણ ટૂંકા ટાંચણરૂપે મુકાયાં છે. આ બધું ટાંચણ પોતાના અંગત ઉપયોગ માટે જ થયેલું હોય તેમ લાગે છે. તે કયા કારણથી કર્યું હશે તે વિશે માત્ર અનુમાન જ થઈ શકે છે. અહીં ઘણી જગ્યાએ ટૂંકાં વાક્યો કે વાક્યખંડો જ રચાયેલાં જોવા મળે છે. અને તેમાં પણ પુછાયેલા પ્રશ્નોનું પ્રાધાન્ય વિશેષ છે. વિધેયાત્મક વચનો કરતાં પ્રશ્નાત્મક વચનો વિશેષ છે. ક્યારેક અનુભવસિદ્ધ વચનો પણ મળે છે. દાખલા તરીકે "સુખને ઇચ્છતો ન હોય તે નાસ્તિક, કાં સિદ્ધ, કાં જડ."[૫] "દૃષ્ટિવિષ ગયા પછી ગમે તે શાસ્ત્ર, ગમે તે અક્ષર, ગમે તે કથન, ગમે તે વચન, ગમે તે સ્થળ, પ્રાયે અહિતનું કારણ થતું નથી."[૬] પોતાની અંગત સ્થિતિ બતાવતાં વચનો આમાં વિશેષ પ્રમાણમાં છે. જુઓ "આ કાળમાં મારું જન્મવું માનું તો દુઃખદાયક છે; અને માનું તો સુખદાયક પણ છે."[૭] પણ કઈ અપેક્ષાથી તે

૫-૬-૭. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ ૧, પૃ. ૭૯૫.

સુખદાયક અને કઈ અપેક્ષાથી તે દુઃખદાયક છે તે તેમણે સ્પષ્ટ કર્યું નથી. માત્ર એટલું અનુમાન થઈ શકે છે કે ઉત્કૃષ્ટ આત્માવસ્થા મેળવવા આ કાળ વિશેષ વિષમ હોવાથી જન્મવું દુઃખદાયક છે; પણ આ કાળ તેની વિષમતાને લીધે સંસારથી ઉદાસીનતા લાવવાનું ઉત્તમ સાધન છે, એ હેતુએ તેમનું જન્મવું સુખદાયક છે. આ ઉપરાંત "વૈશ્યવેષે અને નિર્ગ્રંથભાવે વસતાં કોટી કોટી વિચાર થયા કરે છે."[૮] "તે વ્યવહાર ત્યાગ્યા વિના અથવા અત્યંત અલ્પ કર્યા વિના નિર્ગ્રંથતા યથાર્થ રહે નહિ, અને ઉદયરૂપ હોવાથી વ્યવહાર ત્યાગ્યો જતો નથી."[૯] વગેરે સંસારનો થાક જણાવતાં વચનો પણ જોવા મળે છે. તે સર્વમાં વિશેષ ધ્યાન ખેંચે તેવું વચન છે તે, "માહ સુદ ૭, શનિવાર, – વિક્રમ સંવત ૧૯૫૧, ત્યાર પછી દોઢ વર્ષથી વધારે સ્થિતિ નહીં."[૧૦] મહા સુદ સાતમ પછીના દોઢ વર્ષમાં તેમણે સર્વસંગપરિત્યાગ કરવાનો નિશ્ચય કરી લીધો હતો, તેમ આ વચન પરથી લાગે છે. તે નક્કી કર્યા પ્રમાણે તેમણે તેમના ભાગીદારો પાસે વિ. સં. ૧૯૫૨ના અંતભાગમાં છૂટા થવાની માગણી પણ કરી હતી. છતાં તેઓ પોતાના ભાગીદારોના આગ્રહને લઈને સંપૂર્ણપણે નિવૃત્ત થઈ શકયા ન હતા.

જ્યાં સુધી પોતે વ્યવહારમાં હોય ત્યાં સુધી કેમ વર્તવું, તે વિશે પોતાને થતા પ્રશ્નો, તત્ત્વની બાબતમાં થતા પ્રશ્નો વગેરે મોટા પ્રમાણમાં આ હસ્તનોંધમાં જોવા મળે છે. તેઓ હસ્તનોંધના ૯૩મા પૃષ્ઠ પર નોંધે છે કે :—

> "કોનદશા ધારણ કરવી? વ્યવહારનો ઉદય એવો છે કે તે ધારણ કરેલી દશા લોકોને કષાયનું નિમિત્ત થાય, તેમ વ્યવહારની પ્રવૃત્તિ બને નહીં."
>
> "ત્યારે તે વ્યવહાર નિવૃત્ત કરવો? તે પણ વિચારતાં બનવું કઠણ લાગે છે, કેમ કે તેવી કંઈક સ્થિતિ વેદવાનું ચિત્ત રહ્યા કરે છે...તે વ્યવહાર કેવા પ્રકારે સંક્ષેપ થઈ શકશે?"[૧૧] વગેરે.

અહીં પ્રશ્ન અને તેની વિચારણા બંને જોવા મળે છે, પણ કેટલીક વાર તો હસ્તનોંધમાં પ્રશ્નોની હારમાળા જ જોવા મળે છે; જેમ કે — હસ્તનોંધનું પૃ. ૧૫૨ :—

> "ગુણાતિશયતા શું? તે કેમ આરાધાય? કેવળજ્ઞાનમાં અતિશયતા શું? તીર્થંકરમાં અતિશયતા શું? વિશેષ હેતુ શો? જો જિનસમ્મત કેવળજ્ઞાન લોકાલોકજ્ઞાયક માનીએ તો તે કેવળજ્ઞાનમાં આહાર, નિહાર, વિહાર આદિ ક્રિયા શી રીતે સંભવે? વર્તમાનકાળમાં તેની આ ક્ષેત્રે અપ્રાપ્તિ તેનો હેતુ શો?"[૧૨] વગેરે.

આ બધા પરથી લાગે છે કે શ્રીમદ્ પોતાની વિચારણામાં હજુ એકદમ સ્થિર થયા નહિ હોય. અને જેમ જેમ નિશ્ચિતતા આવતી ગઈ હશે તેમ તેમ વિધેયાત્મક વચનોનું

---

૮–૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૮૦૩. આંક : ૩૮

૧૦. એજન, પૃ. ૮૦૫. આંક : ૪૧

૧૧. એજન, પૃ, ૮૦૪. આંક : ૩૯

૧૨. એજન, પૃ. ૮૧૧. આંક : ૬૮

પ્રમાણ વધ્યું હશે. પણ આ બધાં વચનોનો તેમને અભિપ્રેત અર્થ સમજવો બહુ મુશ્કેલ છે, કારણ કે તેમાં મિતિ કે અર્થસ્પષ્ટતા આપેલ નથી. અર્થસ્પષ્ટતા ન હોવાને લીધે તેમણે રચેલી આકૃતિઓ પણ સમજાતી નથી. આ હસ્તનોંધનો ગાળો વિ. સં. ૧૯૪૬થી વિ. સં. ૧૯૫૭ સુધીનો ગણી શકાય, કારણ કે આ નોંધ પર અંગ્રેજી વર્ષ ૧૮૯૦નું કેલેંડર છે, તે પહેલાં તો તેમાં તે લખાણ થયું જ ન હોય તે સ્વાભાવિક છે.

## હસ્તનોંધ ૨

આ હસ્તનોંધ પણ કઈ સાલથી લખાવી શરૂ થઈ, તથા કઈ સાલ સુધી લખાઈ તે વિશે માહિતી મળતી નથી. આ હસ્તનોંધ પર અંગ્રેજી વર્ષ ૧૮૯૬નું કેલેંડર છે, તે પરથી એમ અનુમાન કરી શકાય કે વિ. સં. ૧૯૫૨ પછી તે લખાવી શરૂ થઈ હોવી જોઈએ. અને તે પણ વિ. સં. ૧૯૫૭ અર્થાત્ શ્રીમદ્‌ના દેહાંત સુધી લખાઈ હોય એમ ગણી શકાય.

આ હસ્તનોંધમાં ૧૧૬ પાનાં છે, પણ તેમાંનાં મોટાભાગનાં પાનાં પણ કોરાં પડેલાં છે. વળી, આ લખાણ જોઈએ તો મુખ્યત્વે એક જ બાજુ – જમણી બાજુ થયું છે, એટલે કે પૃષ્ઠ ૩, ૫, ૭, ૯, ૧૧, ૧૩ વગેરે એકી અંકની બાજુએ લખાણ થયું છે. વચ્ચે વચ્ચે એકી અંકનાં પાનાંઓ કોરાં પડયાં છે, જ્યારે આગળના પાનાનું અનુસંધાન હોય ત્યારે જ ડાબી બાજુ થોડુંઘણું લખાણ થયેલું જોવા મળે છે, પણ આવાં બહુ ઓછાં પાનાં જોવા મળે છે. દાખલા તરીકે પૃ. ૩૦, ૩૨, ૩૪ એ ત્રણ જ પાનાં પર થોડું લખાણ થયેલું છે.

જથ્થાની રીતે જોઈએ તો પહેલી હસ્તનોંધના પ્રમાણમાં અહીં લખાણ ઘણું ઓછું થયું છે. વળી પદ્યમાં લખાણ તો જોવા જ મળતું નથી. પ્રશ્નાર્થ વાક્યો પણ સામાન્ય રીતે દેખાતાં નથી. અહીં વિશેષ સ્પષ્ટ વક્તવ્ય જોવા મળે છે, નમસ્કારાદિ વચનો પણ મળે છે, પણ એ બધાં સંક્ષેપમાં છે. કેટલીક જગ્યાએ શાસ્ત્રો કે અન્ય ગ્રંથોમાંથી લેવાયેલાં અવતરણો પણ મળે છે.

શ્રીમદે પોતે વિચારેલી વસ્તુઓ અહીં એટલી બધી ટૂંકાણમાં મૂકેલી છે કે કેટલીક વખત તો તેનો અર્થ સ્પષ્ટ થતો નથી; જેમ કે :—

> "આશ્ચર્યકારક ભેદ પડી ગયા છે. ખંડિત છે. સંપૂર્ણ કરવાનું સાધન દુર્ગમ્ય છે. તે પ્રભાવને વિશે મહત્ અંતરાય છે. દેશકાળાદિ ઘણા પ્રતિકૂળ છે." વગેરે.૧૩

જૈન ધર્મની વર્તમાન સ્થિતિને લગતું આ લખાણ છે એ સમજાતું હોવા છતાં કઈ અપેક્ષાથી, કઈ રીતે શ્રીમદ્ વિશેષપણે સમજાવવા માગે છે તે જાણવું મુશ્કેલ છે. પણ આવું ઓછું છે, મુખ્યત્વે તો પોતાને બોધદાયક, સ્વરૂપચિંતનાત્મક, ધર્મબોધક, નાનાં નાનાં સુવચનો જ વિશેષ જોવા મળે છે, જેમ કે :—

---

૧૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૮૨૨.
આ વચનો સમજાવવાનો પ્રયત્ન કરતો એક લેખ રા. સુશીલે "રાજચંદ્રના જગત અત્યેના સંદેશાઓ" નામે લખ્યો છે, તે લેખ "શ્રી રાજજયંતી વ્યાખ્યાનો"માં પ્રગટ થયેલ છે.

"સર્વજ્ઞપદનું ધ્યાન કરો."[૧૪]

"હે જીવ! સ્થિર દૃષ્ટિથી કરીને તું અંતરંગમાં જો, તો સર્વ પરદ્રવ્યથી મુક્ત એવું તારું સ્વરૂપ તને પરમ પ્રસિદ્ધ અનુભવાશે."[૧૫] વગેરે.

આ ઉપરાંત નમસ્કાર વચનો પણ ઘણાં જોવા મળે છે; જુઓ :—

"હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યક્‌દર્શન! તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો!"[૧૬]

"હે જિન વીતરાગ! તમને અત્યંત ભક્તિથી નમસ્કાર કરું છું. તમે આ પામર પ્રત્યે અનંત અનંત ઉપકાર કર્યો છે."[૧૭]

આમ પોતાના પર ઉપકાર કરનાર જીવોને તથા વસ્તુઓને યાદ કરીને શ્રીમદે નમસ્કાર કર્યા છે. પોતે મેળવવા ધારેલી ચારિત્રદશાનો જય (હસ્તનોંધ પૃ. ૩૦), જિનશાસ્ત્રોક્ત સપ્તનયપૂર્વકની દશાની ઇચ્છા (હસ્તનોંધ પૃ. ૩૫) વગેરેમાં શ્રીમદ્‌ની આધ્યાત્મિક ઉચ્ચ કક્ષા મેળવવાની અભિલાષ સ્પષ્ટપણે જોઈ શકાય છે.

વળી, પોતે ધારેલા કોઈ ગ્રંથની રચનાનું પ્રાથમિક વિચારણારૂપ ટાંચણ અહીં જોવા મળે છે. હસ્તનોંધનાં પૃ. ૩૧, ૩૨ તેનાં ઉદાહરણ ગણી શકાય. આમ આ નાની હસ્તનોંધમાં કોઈ વ્યવસ્થિતિ લખાણ નથી, પણ જુદે જુદે સમયે પોતાને સ્ફુરેલાં વિચારો, અભિલાષાઓ, આચરવા યોગ્ય નિયમો, સુવાક્યો, વગેરેનું ટૂંકું ટાંચણ છે, જે શ્રીમદ્‌ને પોતાના ઉપયોગ માટે જ વિશેષ ઉપયોગી થાય તેમ હતું. અન્યને તેની પાછળની વિચારણા સ્પષ્ટ ન હોય તેથી એટલું ઉપયોગી ન લાગે તે સ્વાભાવિક છે.

## હસ્તનોંધ ૩

ત્રીજી હસ્તનોંધ એ દેશી બાંધાની છે, અને તેમાં કોઈ મિતિ કે કૅલેંડર આપેલ નથી. તેથી તે ક્યારથી લખાવી શરૂ થઈ, અને કયા વર્ષ સુધી તેમાં લખાણ થયું, તે નક્કી કરવું વિકટ છે. આથી સામાન્યપણે એમ કહી શકીએ કે શ્રીમદ્‌ના ૨૨મા વર્ષથી,— અધ્યાત્મમાં રસ ઊંડો બન્યા પછી – મુંબઈ આવ્યા ત્યારથી તે તેમના અંતકાળ સુધીમાં જુદે જુદે સમયે લખાઈ હોવી જોઈએ.

આ હસ્તનોંધમાં સૌથી ઓછાં પાનાં લખાયેલાં છે. અને તેમાં પણ મુખ્યત્વે જમણી બાજુનાં જ પાનાંઓ પર લખાણ થયેલું છે. જ્યારે જરૂર પડે ત્યારે જ ડાબી બાજુનાં પાનાંઓનો ઉપયોગ તેમણે કરેલો દેખાય છે.

૧૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૮૧૭. આંક : ૨

૧૫. એજન, પૃ. ૮૧૯. આંક : ૭

૧૬–૧૭. એજન, પૃ. ૮૨૪. આંક : ૨૦

આ હસ્તનોંધમાં લગભગ ૩૨ જેટલાં પાનાંઓ લખાયેલાં છે. પણ તેમાં કેટલાંક પાનાં પર તો માત્ર બેચાર વચનો જ લખાયેલાં છે. અહીં મુખ્યત્વે વિધેયાત્મક તથા નિશ્ચયાત્મક વચનો છે; જેમ કે :—

"રાગદ્વેષનો આત્યંતિક ક્ષય થઈ શકે છે. જ્ઞાનને પ્રતિબંધક રાગદ્વેષ છે. જ્ઞાન જીવનો સ્વત્વભૂત ધર્મ છે."[૧૮] વગેરે

અને તેમાં પણ જૈનધર્મનાં તત્ત્વને લગતાં, આચારને લગતાં વચનો મુખ્યત્વે છે, જેમાં વિશ્વની સ્થિતિ, જીવોની ઇચ્છા, જીવનું સ્વરૂપ, કેવળજ્ઞાનનું સ્વરૂપ વગેરે વિશેની પોતાની વિચારણા શ્રીમદે આપેલી છે. એ વિશે પોતે પોતાને બોધ પણ આપ્યો છે. દાખલા તરીકે :—

"સ્વપર ઉપકારનું મહત્ કાર્ય હવે કરી લે! ત્વરાથી કરી લે!

"અપ્રમત્ત થા! અપ્રમત્ત થા!

"શું કાળનો ક્ષણવારનો પણ ભરુંસો આર્ય પુરુષોએ કર્યો છે?

"હે પ્રમાદ! હવે તું જા, જા.

"હે બ્રહ્મચર્ય! હવે તું પ્રસન્ન થા, પ્રસન્ન થા.

"હે વ્યવહારોદય! હવે પ્રબળથી ઉદય આવીને પણ તું શાંત થા, શાંત થા."[૧૯] વગેરે.

અહીં પોતે શું કરવાનું છે તે વિશેનો ઉપદેશ પોતાને નડતાં તત્ત્વોને ઉદ્દેશીને જવાનું તથા પોતાને સહાયરૂપ તત્ત્વોને ઉદ્દેશીને આવવાનું જણાવ્યું છે. આ શ્રીમદ્‌ની શૈલીનો વિશિષ્ટ નમૂનો ગણી શકાય. આ હસ્તનોંધમાં અવતરણો, આકૃતિઓ વગેરેનો પણ સમાવેશ થતો જોવા મળે છે.

આમ આપણે શ્રીમદ્‌ની રોજનીશી, હસ્તનોંધનાં પાનાં તથા આ ત્રણ હસ્તનોંધ જોઈએ છીએ ત્યારે તેમાંથી એક વિશિષ્ટ લક્ષણ નજરે તરી આવે છે. તેમાં આપણે મુખ્યત્વે આત્મચિંતનને જ સ્થાન અપાયેલું જોઈએ છીએ. સંયમ તથા વૈરાગ્યમાં પોતાના ચિત્તને સવિશેષ દૃઢ કરવા તેમણે વેપાર કે ગૃહસ્થાશ્રમ કે અન્ય એવી કોઈ વાતને હસ્તનોંધમાં સ્થાન ન આપતાં તેમણે માત્ર આત્મચિંતનને જ સ્થાન આપ્યું છે. અને તે વાંચતાં તેમની અહોરાત્ર ધર્મપ્રીતિ વધતી જતી હતી તેની પ્રતીતિ થાય છે.

આ આત્મચિંતનની ગૂઢ વાતો તેમણે એટલી ટૂંકાણમાં લખી છે કે તે અન્યને સમજાવવી પણ મુશ્કેલ બને. વળી તેમની આત્મા વિશેની સર્વ વિચારણાનો પરિચય આપણને તેમના પત્રો તથા અન્ય સાહિત્યમાંથી થાય છે, એ કારણે પણ આ હસ્તનોંધોનું મૂલ્ય ઓછું અંકાય છે. શ્રીમદ્‌નું અંતરંગ સૌથી વિશેષ સોભાગભાઈના પત્રોમાં ખૂલતું દેખાય છે, તેથી તેમનો આત્મિક વિકાસ જાણવા માટે આ ડાયરી કરતાં પણ તે પત્રોનું મૂલ્ય ઘણું વિશેષ રહે છે. આમ શ્રીમદ્‌ના સમગ્ર સાહિત્યની દૃષ્ટિએ જોતાં તેમની હસ્તનોંધોનું મહત્ત્વ આપણા માટે બહુ રહેતું નથી.

૧૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૮૨૫.

૧૯. એજન, પૃ. ૮૩૧.

# પ્રકરણ ૧૦

## પ્રકીર્ણ ગદ્યરચનાઓ

શ્રીમદે તેમની વીસ વર્ષની વય પછીથી સાહિત્યની દૃષ્ટિએ ગદ્યરચનાઓ ભાગ્યે જ કરેલી જોવા મળે છે. તેમણે ગદ્યલખાણ ઘણું કર્યું છે, પણ તે બધું તત્ત્વવિચારણાની દૃષ્ટિએ. તે લખાણનો સૌથી મોટો જથ્થો પત્રો રૂપે છે. એ ઉપરાંત રોજનીશી, ડાયરી વગેરેમાં ગદ્યલખાણ જોવા મળે છે, પણ સ્વતંત્ર પુસ્તક, નિબંધ, વિવેચન વગેરેમાંથી કોઈ પ્રકારના રૂપમાં લખવાનું તેમણે વિચાર્યું હોય તેવું ખાસ જણાતું નથી. તેથી જ તો “ભાવનાબોધ” કે “મોક્ષમાળા” જેવું એક પણ પુસ્તક તે પછી આપણને મળતું નથી. અને જો ક્યારેક તેવું લખાણ કરવાના પ્રયાસો તેમણે શરૂ કર્યા છે તો તે અપૂર્ણ છોડી દેવાયા છે. આથી આજે એક પણ ગદ્યકૃતિ એવી નથી મળતી કે જે સંપૂર્ણ હોય અને તેમની વીસ વર્ષની વય પછીથી રચાયેલી હોય. તેથી જે કંઈ અપૂર્ણ સ્થિતિમાં કૃતિઓ મળે છે તેનો સમાવેશ આ પ્રકરણમાં કર્યો છે.

આ કૃતિઓમાં સૌપ્રથમ “પ્રતિમાસિદ્ધિ” વિશેનો લઘુગ્રંથ છે. તેના આદિ અને અંતભાગ મળે છે, મહત્ત્વનો મધ્યનો ભાગ અપ્રાપ્ય છે. “દશવૈકાલિક સૂત્ર”ના બે અધ્યયનનું, “દ્રવ્યસંગ્રહ”ની કેટલીક ગાથાઓનું તથા “પંચાસ્તિકાય”નું તેમણે કરેલું ભાષાંતર પણ વીસ વર્ષની વય પછીની ગદ્યકૃતિ તરીકે પ્રાપ્ત થાય છે. આત્માનાં છ પદને સમજાવતો તથા સત્પુરુષનું માહાત્મ્ય જણાવતો એક પત્ર શ્રીમદે લલ્લુજી મહારાજ પર લખ્યો હતો, તે પણ તેમની ગદ્યશૈલીના નમૂના જેવો હોવાથી અહીં લીધો છે. આ ઉપરાંત આનંદઘનજીની સ્તવનાવલિ વિશે તેમણે અપૂર્ણ રહેવા દીધેલા વિવેચનનો, “સમયસાર નાટક”, “આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય” આદિમાંથી લીધેલી પંક્તિઓની તેમણે આપેલી સમજૂતીનો પણ અહીં સમાવેશ કર્યો છે. વળી, “મોક્ષસિદ્ધાંત”, “દ્રવ્યપ્રકાશ” આદિ કેટલાક લેખો નામ સાથે તથા બીજા કેટલાક લેખો નામ વિના લખવાની શરૂઆત તેમણે કરી હતી, તેમાંના કોઈ પૂર્ણ થયેલ નથી. તે સર્વનું અવલોકન પણ અહીં કર્યું છે. અને અંતમાં તેમણે મુમુક્ષુઓને પત્રમાં ફક્ત સુવચનો લખ્યાં હોય તેવા પત્રો વિશે પણ વિચાર કર્યો છે.

આમ જોઈએ તો “પંચાસ્તિકાય”ના અનુવાદ સિવાયની એક પણ કૃતિ પૂર્ણ સ્વરૂપમાં મળતી નથી — જોકે “પંચાસ્તિકાયની” પણ જુદી જુદી લગભગ ૧૭ ગાથાનો અનુવાદ નથી. જો આ હકીકત ધ્યાનમાં લઈએ તો તેમની એક પણ કૃતિ સંપૂર્ણ છે તેમ કહી શકાય નહિ. વળી, અન્ય લેખ આદિમાં પણ એટલા નાના ભાગ મળે છે કે તેમાંથી શ્રીમદના કોઈ પણ જાતના વ્યક્તિત્વનો ખ્યાલ નથી આવતો, એટલું જ નહિ સાહિત્યિક દૃષ્ટિએ તેનું મૂલ્યાંકન કરવું પણ નિરર્થક બની જાય છે.

આ બધી કૃતિઓનું એક લક્ષણ એ ધ્યાનમાં આવે છે કે તેમણે જે કંઈ લખાણ કર્યું છે તે જૈન દર્શન અનુસાર છે. અને તેમાં તેમણે મુખ્યત્વે જૈન દર્શનના સિદ્ધાંતોની સમજણ આપવાનો પ્રયત્ન કર્યો છે. ક્યારેક સિદ્ધાંતો ક્રમસર મૂક્યા હોય તેવું પણ છે. અને તે બધામાં અન્ય દર્શન વિશેની વિચારણા તો ભાગ્યે જ જોવા મળે છે. અને જ્યાં એ આવે છે ત્યાં પણ તેનાં સારાં લક્ષણોને ગ્રહણ કરવાનો ઉલ્લેખ હોય છે, તેનું ખંડન કરવાની વિચારણા જોવા મળતી નથી. આટલા સામાન્ય અવલોકન પછી આપણે તેમની પ્રાપ્ત થતી ગદ્યકૃતિઓ વિશે જોઈએ.

## "પ્રતિમાસિદ્ધિ"[1]

પ્રતિમાનું પૂજન કરવું હિતકારક બને છે એ દર્શાવતો એક લઘુગ્રંથ શ્રીમદ્દે ૨૨ મે વર્ષે લખ્યો હતો. તે ગ્રંથ આપણને અપૂર્ણ મળે છે. તેના આદિ તથા અંતભાગ મળે છે, પણ ગ્રંથનો વચ્ચેનો મુખ્ય ભાગ મળતો નથી. તેમાં શરૂઆતમાં શ્રીમદ્દે માર્ગ પામવા માટે તથા માર્ગ ઉપદેશવા માટે કઈ વ્યક્તિ ઉત્તમ કહેવાય તેનો નિર્દેશ કર્યો છે. તે પછીથી શ્રીમદ્દે વીતરાગપ્રણીત ધર્મમાં અનેક મતભેદો ઊભા થવાનાં આઠ કારણો ટૂંકામાં જણાવી તેને થોડા વિસ્તારથી બતાવવાનો પ્રયત્ન કર્યો છે.

આ સામાન્ય ચર્ચા કર્યા પછી તેઓ મુખ્ય વાત પર આવે છે કે આ બધા વિવાદોમાં મુખ્ય વિવાદ પ્રતિમા વિશેનો છે. કેટલાક લોકો પ્રતિમાની સિદ્ધિ કરે છે, તો કેટલાક તેને ઉત્થાપે છે. તો આ બેમાં સાચું શું?

તેઓ પોતે જણાવે છે તે મુજબ પહેલાં તેઓ પ્રતિમાને માનતા નહોતા, પણ કેટલાક અનુભવથી પ્રતિમાની સિદ્ધિની તેમને ખાતરી થઈ, તે માટે તેઓ લખે છે:—

> "જિન પ્રતિમા અને તેનું પૂજન શાસ્ત્રોક્ત, પ્રમાણોક્ત, અનુભવોક્ત અને અનુભવમાં લેવા યોગ્ય છે. મને તે પદાર્થોનો જે રૂપે બોધ થયો અથવા તે વિષય સંબંધી મને જે અલ્પ શંકા હતી તે નીકળી ગઈ. તે વસ્તુનું કંઈ પણ પ્રતિપાદન કરવાથી કોઈ પણ આત્મા તે સંબંધી વિચાર કરી શકશે; અને તે વસ્તુની સિદ્ધિ જણાય તો તે સંબંધી મતભેદ ટળી જાય; તે સુલભબોધિપણાનું કાર્ય થાય એમ ગણી, ટૂંકામાં કેટલાક વિચારો પ્રતિમાસિદ્ધિ માટે દર્શાવું છું."[2]

આ સિદ્ધિ તેમણે પાંચ પ્રમાણથી કરેલી છે: ૧. આગમપ્રમાણ, ૨. ઇતિહાસપ્રમાણ, ૩. પરંપરાપ્રમાણ, ૪. અનુભવપ્રમાણ અને ૫. પ્રમાણપ્રમાણ.

૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ પૃ. ૧૭૩, આંક ૪૦.

૨. એજન, પૃ. ૧૭૩. આંક ૪૦.

આ પાંચ પ્રકારનાં પ્રમાણથી પ્રતિમાની સિદ્ધિ કરતાં પહેલાં, શ્રીમદ્દે "આગમ એટલે શું?" તે સમજાવ્યું છે, અને તે પછી વાચક માટે કેટલાક નિયમો રજૂ કર્યા છે. આ નિયમો પ્રત્યેક વ્યક્તિને ઘણી જગ્યાએ ઉપયોગી થઈ શકે તેવા પ્રકારના છે; જેમ કે:—

"કોઈ પણ વાત જ્યાં સુધી યોગ્ય રીતે ન સમજાય ત્યાં સુધી સમજવી; તે સંબંધી કંઈ કહેતાં મૌન રાખવું."[૩]

"અમુક વાત સિદ્ધ થાય તો જ ઠીક એમ ન ઇચ્છવું, પણ સત્ય સત્ય થાય તેમ ઇચ્છવું."[૪] વગેરે.

આ તથા બીજા નિયમો વાંચતાં એક વાત સ્પષ્ટ સમજાય છે કે તેમણે પોતાનો મત ખૂબ જ નમ્રતાપૂર્વક રજૂ કર્યો છે. તથા કોઈ પણ બાજુ જરા પણ પક્ષપાતી વલણ ન રાખતાં, તટસ્થ રીતે જે યોગ્ય હોય તે જ સ્વીકારવાની તેમણે આ ગ્રંથમાં ભલામણ કરી છે. આ વસ્તુ તેમનાં નીચેનાં વચનો જોતાં જણાશે —

"જો તમે પ્રતિમાને માનનાર હો તો તેનાથી જે હેતુ પાર પાડવા પરમાત્માની આજ્ઞા છે તે પાર પાડી લેવા અને જો તમે પ્રતિમાના ઉત્થાપક હો તો આ પ્રમાણોને યોગ્ય રીતે વિચારી જોજો. બંનેએ મને શત્રુ કે મિત્ર કંઈ માનવો નહિ, ગમે તે કહેનાર છે, એમ ગણી ગ્રંથ વાંચી જવો."[૫]

"ટૂંકામાં કહેવાનું એ કે જેમ કલ્યાણ થાય તેમ પ્રવર્તવા સંબંધી મારું કહેવું અયોગ્ય લાગતું હોય તો, તે માટે યથાર્થ વિચાર કરી પછી જેમ હોય તેમ માન્ય કરવું."[૬] વગેરે.

આ બધા નિયમો વાંચતાં તેમાંથી એ જ છાપ ઊઠે છે કે શ્રીમદ્દે આ લખાણ પોતાનો મત ખરો કરવા જ લખ્યું નથી, પણ પોતાને જે સત્ય જણાયું તેને બીજાઓ, સત્ય રૂપે જાણ્યા પછી જ, સ્વીકારે તેવી ભાવનાથી આ બધું થયેલું લાગે છે.

પણ દુર્ભાગ્યની વાત એ છે કે આ પછીનો, પ્રતિમાની સિદ્ધિ કરતાં પ્રમાણો આપતો આખો વિભાગ અપ્રાપ્ય છે. આ વિશે બે જાતની માન્યતા પ્રવર્તે છે. શ્રીમદ્દે એ આખો વિભાગ લખ્યો હોય, પણ કોઈ કારણસર તે લુપ્ત થયો હોય તેવો એક મત છે. અને બીજો મત એવો છે કે શ્રીમદ્દે એ ભાગ લખ્યો જ નથી. આ બંનેમાં કયા મતની શક્યતા વિશેષ છે તે આપણે જોઈએ.

વાચકે ધ્યાનમાં રાખવા યોગ્ય કેટલાક વિચારો રજૂ કર્યા પછીનો પ્રતિમાસિદ્ધિ કરતો વિભાગ નથી મળતો, પણ તે પછીનો "છેવટની ભલામણ" નામનો તે લઘુ ગ્રંથનો અંતભાગ આજે પણ મળે છે. તેમાં શ્રીમદ્દે લખ્યું છે કે:—

---

૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ પૃ. ૧૭૪. આંક ૪૦.

૪–૫–૬. એજન, પૃ. ૧૭૪. આંક ૪૦.

"પ્રતિમાથી એકાંત ધર્મ છે, એમ કહેવા માટે અથવા પ્રતિમાના પૂજનનો જ ભાગ સિદ્ધ કરવા માટે મેં આ લઘુ ગ્રંથમાં કલમ ચલાવી નથી. પ્રતિમા માટે મને જે જે પ્રમાણો જણાયાં હતાં તે ટૂંકામાં જણાવી દીધાં. તેમાં વાજબી ગેરવાજબીપણું, શાસ્ત્રવિચક્ષણ અને ન્યાયસંપન્ન પુરુષે જોવાનું છે, અને પછી જેમ સપ્રમાણ લાગે તેમ પ્રવર્તવું કે પ્રરૂપવું એ તેમના આત્મા પર આધાર રાખે છે. આ પુસ્તકને હું પ્રસિદ્ધ કરત નહિ; કારણ કે જે મનુષ્યે એક વાર પ્રતિમા પૂજનથી પ્રતિકૂળતા બતાવી હોય, તે જ મનુષ્ય જ્યારે તેની અનુકૂળતા બતાવે; ત્યારે પ્રથમ પક્ષવાળાને તે માટે બહુ ખેદ અને કટાક્ષ આવે છે. આપ પણ હું ધારું છું કે મારા ભણી થોડા વખત પહેલાં એવી સ્થિતિમાં આવી ગયા હતા, તે વેળા જો આ પુસ્તકને મેં પ્રસિદ્ધિ આપી હોત તો આપનાં અંતઃકરણો વધારે દુભાત અને દુભાવવાનું નિમિત્ત હું થાત; એટલા માટે મેં તેમ કર્યું નહીં. કેટલોક વખત વીત્યા પછી મારા અંતઃકરણમાં એક એવા વિચારે જન્મ લીધો કે તારા માટે તે ભાઈઓને સંક્લેશ વિચારો આવતા રહેશે; તેં જે પ્રમાણથી માન્યું છે, તે પણ માત્ર એક તારા હૃદયમાં રહી જશે; માટે તેને સત્યતાપૂર્વક જરૂર પ્રસિદ્ધિ આપવી. એ વિચારને મેં ઝીલી લીધો. ત્યારે તેમાંથી ઘણા નિર્મળ વિચારની પ્રેરણા થઈ; તે સંક્ષેપમાં જણાવી દઉં છું. પ્રતિમા માનો એ આગ્રહ માટે આ પુસ્તક કરવાનો કંઈ હેતુ નથી..."[7]

"છેવટની ભલામણ"માં શ્રીમદ્દે લખેલાં વચનો પરથી આપણે જાણી શકીએ છીએ કે તેમણે આ ગ્રંથ પૂરો કર્યો હતો. અને કોઈના દિલને દુઃખ થાય એ હેતુથી અમુક વખત સુધી તે ગ્રંથ પ્રગટ કર્યો ન હતો. પણ થોડા વખત પછી બીજો વિચાર ઉદ્ભવતાં તે ગ્રંથ પ્રસિદ્ધ કરવાનો તેમણે નિર્ણય લીધો અને આ ગ્રંથનો અંતભાગ "છેવટની ભલામણ" તેમણે લખ્યો, પણ તે ગ્રંથ કદી પુસ્તક રૂપે પ્રગટ થયાની વિગત મળતી નથી. એટલે જે બધું મળે છે તે માત્ર હસ્તલખાણમાં જ છે, અને તે પણ અપૂર્ણ દશામાં મળે છે.

શ્રીમદ્દના પોતાના જ જણાવ્યા મુજબ, તેઓ પહેલાં પ્રતિમામાં માનતા નહોતા. પણ પાછળથી તેમને પ્રતિમામાં શ્રદ્ધા થઈ. તેથી જેઓ પ્રતિમા વિશે અશ્રદ્ધાળુ હતા તેમને શ્રીમદ્ પ્રતિ ઇતરાજી થઈ. આવી વ્યક્તિઓ પણ સાચું સમજી શકે અને સત્ય પામી શકે એ હેતુથી પ્રમાણ સાથે પ્રતિમાનું સમર્થન કરતો આ ગ્રંથ તેમણે લખ્યો. પરંતુ દુર્ભાગ્યે એમ થવું તો બાજુએ રહ્યું, પણ પ્રતિમાની સિદ્ધિ કરતો મૂળ ભાગ જ અપ્રાપ્ય બની ગયો! કેટલીક રીતે વિચારતાં એમ બંધબેસતું લાગે છે કે, કોઈ વિરોધીએ એ ગ્રંથનાં આ અગત્યનાં પાનાંઓ લુપ્ત કર્યાં હશે અને તે વ્યક્તિ તેમ કરવા સમર્થ થઈ હશે, કારણ કે શ્રીમદ્ પોતાના લખાણ વગેરેની બાબતમાં ખૂબ જ નિઃસ્પૃહ હતા. પોતાની કૃતિઓ પ્રગટ કરવા તરફ કે કીર્તિ મેળવવા તરફ તેમનું લક્ષ જ નહોતું. એ પરથી એવું અનુમાન થઈ શકે છે કે શ્રીમદ્દે "છેવટની ભલામણ"માં જણાવ્યા મુજબ આ ગ્રંથમાં પ્રતિમાની સિદ્ધિ વિશેનાં પ્રમાણો જરૂર આપ્યાં હશે.

---

૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ પૃ. ૧૭૫.

બીજી બાજુ શ્રીમદ્દે આ વિભાગ લખ્યો જ ન હતો તેવું માનનાર વર્ગ એ માટે કોઈ સબળ પુરાવા આપતા નથી. તેઓ તો આજે મળતું નથી, માટે તેમણે લખ્યું જ નથી, એવો તર્ક દોડાવી શ્રીમદ્દ વિશે જાતજાતના આક્ષેપો કરે છે. તેમ કરનારાઓમાં મુનિ હર્ષચંદ્રજી મુખ્ય છે. તેઓ લખે છે કે :—

> "પાંચ પ્રમાણ વિશે તેમણે લખ્યું છે. પણ એક પણ પ્રમાણ તેમણે આપ્યું નથી. શા માટે તેઓએ લખવું મૂકી દીધું છે?...જો એક પણ પ્રમાણ આપવાનું હતું નહિ, તો શા માટે એક ગ્રંથ લખ્યો હોય તેમ મોટો ઘટાટોપ કર્યો હશે? પ્રતિમા તરફ રુચિ તેમને થઈ, તો તેમની મરજી, તેમના પાસે જો પ્રમાણ નથી તો પછી પ્રમાણ છે એમ કહેવાથી શું એ વાર્તા સિદ્ધ થઈ હશે?"[૮]

વળી, "છેવટની ભલામણ"ના ભાગ ઉપર ટીકા લખતાં તેઓ લખે છે કે :—

> "આમાં કયાં એકે પ્રમાણ જણાવ્યું છે? છતાં તેઓ કહે છે કે પ્રમાણો હતાં તે બધાં જણાવી દીધાં, એમાં કેટલું સત્ય છે? પુસ્તકમાં ઉપરનાં વાક્યોની ઉપર પાંચ ફૂદડીઓ છાપી છે તો શું તે પાંચ પ્રમાણની મૂકી હશે? એ જગ્યાએ પાંચ પ્રમાણો મૂકવાં જોઈએ પણ એકે પ્રમાણ બતાવી નહિ શકવાથી તે જગ્યાએ નિશાની મૂકી એ વિષયને પૂર્ણ કર્યો હશે એમ સમજવું પડે છે. આને બુદ્ધિ સમજવી કે તર્ક કરવાની પદ્ધતિ સમજવી?"[૯]

મુનિશ્રીનાં આ વચનો ખોટા આક્ષેપકારી જણાયા વિના રહેતાં નથી. પુસ્તકમાં અપૂર્ણ કે અપ્રાપ્ય જણાવવા આવી ફૂદડી મુકાય છે, તેને સત્ય રીતે ન સમજતાં આક્ષેપ કરવાના ઉપયોગમાં તે વસ્તુ લેવી તે યોગ્ય લાગતું નથી. વળી આને શ્રીમદ્દે નહિ, પણ તેમના અવસાન બાદ તેમના ભાઈએ "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં પ્રસિદ્ધિ આપી હતી, તે હકીકત પણ ભૂલવા જેવી નથી. ગમે તે કારણસર પ્રતિમાની સિદ્ધિ કરતાં પ્રમાણો આપતો વિભાગ આ ગ્રંથમાંથી લુપ્ત થયો છે તે સત્ય હકીકત છે. પણ શ્રીમદ્દે તે ભાગ લખ્યો જ નહિ હોય, અને ખોટી બડાઈ હાંકવા છેવટની ભલામણ લખી નાખી હશે એવી કલ્પના તો, શ્રીમદ્દનું લખાણ જોતાં, સંભવતી નથી. આ ગ્રંથનો જેટલો ભાગ મળે છે તેમાંથી તેમની સત્યપ્રિયતાની, નમ્રતાની, નિષ્પક્ષપાતીપણાની જ છાપ ઊઠે છે. વળી, આ સિવાયનાં બીજાં લખાણોમાંથી પણ એ જ છાપ ઊઠે છે, એથી શ્રીમદ્દ બનાવટ કરે એ શક્ય લાગતું નથી.

શ્રીમદ્દે તો પોતાને જે સાચું લાગ્યું તે વાચક વાંચી-વિચારીને યોગ્ય લાગે તો જ સ્વીકારે તેવી ભાવના સેવી હતી. વળી, આ ગ્રંથમાં તેમની સત્યપ્રિયતા, જૈનધર્મની શ્રેષ્ઠતાની શ્રદ્ધા વગેરે જોવા મળે છે. વસ્તુની રજૂઆત પણ તેમણે ખૂબ તર્કબદ્ધ અને સ્પષ્ટ રીતે કરી છે. તેથી આ આખો ગ્રંથ આજે મળતો હોત તો અનેક મતમતાંતર મટી જાત એમ લાગ્યા સિવાય રહેતું નથી. ૨૨ વર્ષની નાની વયે લખાયેલો આ પ્રૌઢ ગ્રંથ શ્રીમદ્દની શક્તિનો સાનંદાશ્ચર્ય ઉપજાવે તેવો પરિચય કરાવે છે.

---

૮. "શ્રી રાજચંદ્ર વિચાર નિરીક્ષણ", પૃ. ૧૦.

૯. એજન, પૃ. ૧૩.

"સંયતિધર્મ" [10]

શ્રીમદે વિ. સં. ૧૯૪૫ના વૈશાખ માસમાં, તેમના ૨૨મા વર્ષે, "દશવૈકાલિક સૂત્ર"ના ચોથા અને છઠ્ઠા અધ્યયનના કેટલાક ભાગનું ભાષાંતર કર્યું હતું. "દશવૈકાલિક સૂત્ર"માં જૈનધર્મનાં સૂત્રો, મુનિને પાળવાના નિયમો, આહારશુદ્ધિ, ગુરુભક્તિ, આદર્શ સાધુ વગેરે વિશે લખાયેલું છે. આ સૂત્રમાં ગદ્ય તેમ જ પદ્ય બંનેનો ઉપયોગ થયેલો છે. સૂત્રના ચોથા અધ્યયનમાં બે વિભાગ છે: પહેલો ગદ્ય વિભાગ અને પછીનો પદ્ય વિભાગ. પદ્ય વિભાગમાં ૨૯ ગાથાઓ આપેલી છે. આ ગાથાઓમાં ક્રિયાઓ કઈ રીતે કરવી જોઈએ કે જેથી પાપનો બંધ ન પડે, અહિંસા અને સંયમમાં વિવેકની આવશ્યકતા છે, જ્ઞાનથી શરૂ કરી મુક્તિ-પ્રાપ્તિ સુધીના ક્રમપૂર્વક બધી ભૂમિકાએ કયા સાધકની સદ્‌ગતિ અને કયા સાધકની અસદ્‌ગતિ થાય તેનું વર્ણન કરેલું છે. શ્રીમદે ૧ થી ૨૪ ગાથાઓનું કે મુક્તિ-પ્રાપ્તિ સુધીની ભૂમિકાના વર્ણન સુધીની ગાથાઓનું ભાષાંતર કરેલ છે.

છઠ્ઠા અધ્યયનમાં મોક્ષના ઇચ્છુકે પાળવાના નિયમો, શ્રમણજીવનના અતિ ઉપયોગી ૧૯ નિયમો, અહિંસા શા માટે, સત્ય અને અસત્ય વ્રતની ઉપયોગિતા કેવી અને કેટલી, મૈથુનથી કેટલા દોષ આવે, બ્રહ્મચર્ય અને અપરિગ્રહની શી આવશ્યકતા છે, રાત્રિભોજન શા માટે વર્જ્ય છે, ભિક્ષુઓને કયા કયા પદાર્થો અકલ્પ્ય છે વગેરેનું વર્ણન આપેલું છે. આ અધ્યયનમાં કુલ ૬૯ ગાથાઓ છે; તેમાંથી શ્રીમદે ૯ થી ૩૬ ગાથાઓ સુધીનું ભાષાંતર કર્યું છે, એટલે કે લગભગ અડધા અધ્યયનનું જ ભાષાંતર કર્યું છે.

આ બંને અધ્યયનનાં ભાષાંતરો તેમણે "સંયતિધર્મ" એ શીર્ષક નીચે સંકલિત કર્યાં છે. એમાં મુનિએ કયા ધર્મ પાળવા આવશ્યક છે તેનું વર્ણન તથા છ કાયના જીવની રક્ષાર્થે કયા નિયમોનું પાલન મુનિ કરે તેનું વર્ણન છે. આ અનુવાદ અગ્નિકાયના જીવના રક્ષણ માટે મુનિ શું કરે ત્યાં સુધી કરેલો છે. વાયુકાયના જીવ, વનસ્પતિકાયના જીવ અને અન્ય ત્રસકાયના જીવનું રક્ષણ કરે તે વગેરે વિશેના વર્ણનનો અનુવાદ શ્રીમદે કરેલ નથી.

શ્રીમદે અનુવાદ લગભગ શબ્દશઃ અને છતાં મૂળ ભાવ જાળવીને કર્યો છે. એ અનુવાદમાં તેમણે ભાગ્યે જ શબ્દો વધાર્યા છે. એમની અનુવાદક તરીકેની શક્તિનો અહીં પરિચય થાય છે. અર્ધમાગધી ભાષા તેઓ શીખ્યા ન હતા, છતાં સારી રીતે સમજી શકતા એટલું જ નહિ, એનો અનુવાદ પણ તેમણે ચોકસાઈથી કર્યો છે. માત્ર બે જ અધ્યયન – અને તે પણ અપૂર્ણ – નો તેમણે કરેલો આ અનુવાદ જોતાં એમ લાગ્યા સિવાય નથી રહેતું કે જો તેમણે આખા સૂત્રગ્રંથનો અનુવાદ કર્યો હોત તો ઉત્તમ કાર્ય થયું ગણાત. શ્રીમદે કરેલા અનુવાદના એકબે નમૂના જોઈએ:—

जयं चरे जय चिट्ठे जयमासे जयं सए ।
जयं भुंजंतो भासंतो, पावं कम्म न बंध ॥[11]

[10] "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૧૮૫, આંક ૬૦.

[11] "દશવૈકાલિકસૂત્ર", અ. ૪, ગાથા ૮.

૧. " યત્નાથી ચાલે; ૨. યત્નાથી ઊભો રહે; ૩. યત્નાથી બેસે; ૪. યત્નાથી શયન કરે; ૫. યત્નાથી આહાર લે; ૬. યત્નાથી બોલે; તો ૭. પાપ કર્મ ન બાંધે. "[૧૨]

" सव्वे जीवावि इच्छंति, जीविउं न मरिज्जिउं ।
तम्हा पाणिवहं घोरं, निग्गंथा वज्जयंतिणं ॥"[૧૩]

" સર્વ જીવો જીવિતને ઇચ્છે છે, મરણને ઇચ્છતા નથી;
એ કારણથી પ્રાણીનો ભયંકર વધ નિર્ગ્રંથે તજવો. "[૧૪]

આ નમૂનાઓ પરથી આપણે જાણી શકીએ છીએ કે સામાન્ય રીતે શબ્દોમાં વધારો કે ઘટાડો કર્યા સિવાય મૂળ ગાથાના ભાવને તેઓ કેટલી સચોટતાથી ઉતારી શક્યા છે ! આ સંગ્રહ છૂટક ગાથાઓના સંગ્રહરૂપ હોવા છતાં મૂળ અર્ધ માગધીમાં જે રહસ્ય છે તેને ટૂંકમાં સરળ ભાષામાં એવી રીતે ગુજરાતીમાં આણ્યું છે કે તે એક સ્વતંત્ર પ્રબંધ જ લાગે.

## " પંચાસ્તિકાય "[૧૫]

શ્રી "જિનાગમ"માં જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશ એ પાંચ દ્રવ્યને અસ્તિકાય કહેલાં છે. તે પાંચે અસ્તિકાયનું સ્વરૂપ સંક્ષેપમાં સમજાવતાં બેત્રણ પત્રો શ્રીમદ્દે વિ. સં. ૧૯૫૨ના શ્રાવણ માસમાં લખ્યા હતા. આ પત્રો ચોક્કસ કોના પર લખાયા છે તે જાણી શકાતું નથી, પણ કોઈ મુમુક્ષુએ એ વિશે પ્રશ્ન પુછાવેલ તેના ઉત્તરમાં આ પત્રો લખાયા હોવાનું જણાય છે. તે પ્રશ્ન પૂછનારની રીત, તે પૂછનારની યોગ્યતા, શ્રીમદ્દે આપેલા ઉત્તરની શૈલી વગેરે જોતાં તે પત્રો શ્રી સોભાગભાઈ ઉપર લખાયા હોય તેવું અનુમાન થાય છે. તે પત્રમાં આ અસ્તિકાય સમજાવતાં શ્રીમદ્દે લખ્યું છે કે :—

" જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશ એ પાંચ અસ્તિકાય કહેવાય છે. અસ્તિકાય એટલે પ્રદેશસમૂહાત્મક વસ્તુ. એક પરમાણુ પ્રમાણે અમૂર્ત વસ્તુના ભાગને 'પ્રદેશ' એવી સંજ્ઞા છે. અનેક પ્રદેશાત્મક જે વસ્તુ હોય તે 'અસ્તિકાય' કહેવાય. એક જીવ અસંખ્યાતપ્રદેશપ્રમાણ છે. પુદ્‌ગલ પરમાણુ જો કે એકપ્રદેશાત્મક છે, પણ બે પરમાણુથી માંડીને અસંખ્યાત, અનંત પરમાણુઓ એકત્ર થઈ શકે છે. એમ અરસપરસ મળવાની શક્તિ તેમાં રહેલી હોવાથી અનેક પ્રદેશાત્મકપણું તે પામી શકે છે; જેથી તે પણ અસ્તિકાય કહેવા યોગ્ય છે. 'ધર્મદ્રવ્ય' અસંખ્યાતપ્રદેશપ્રમાણ, 'અધર્મદ્રવ્ય' અસંખ્યાતપ્રદેશપ્રમાણ, 'આકાશદ્રવ્ય' અનંતપ્રદેશપ્રમાણ હોવાથી તે

૧૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૧૮૫.
૧૩. "દશવૈકાલિકસૂત્ર", અ. ૪, ગાથા ૧૧.
૧૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૧૮૬. આંક ૬૦.
૧૫. એજન, પૃ. ૫૮૬, આંક ૭૬૬.

પણ અસ્તિકાય છે. એમ પાંચ અસ્તિકાય છે. જે પાંચ અસ્તિકાયના એકમેકાત્મકપણાથી આ 'લોક'ની ઉત્પત્તિ છે, અર્થાત્ 'લોક' એ પાંચ અસ્તિકાયમય છે."[૧૬]

આ પાંચ દ્રવ્ય સાથે છઠ્ઠા કાળદ્રવ્યને શા માટે અસ્તિકાય ગણાવેલ નથી તે સમજાવતાં શ્રીમદ્દે લખ્યું છે કે :—

"જિનાગમની એવી પ્રરૂપણા છે કે કાળ ઉપચારિક દ્રવ્ય છે, સ્વાભાવિક દ્રવ્ય નથી.

જે પાંચ અસ્તિકાય કહ્યાં છે, તેની વર્તનાનું નામ મુખ્યપણે કાળ છે. તે વર્તનાનું બીજું નામ પર્યાય પણ છે. જેમ ધર્માસ્તિકાય એક સમયે અસંખ્યાત પ્રદેશના સમૂહરૂપે જણાય છે, તેમ કાળ સમૂહરૂપે જણાતો નથી. એક સમય વર્તી લય પામે ત્યાર પછી બીજો સમય ઉત્પન્ન થાય છે. તે સમય દ્રવ્યની વર્તનાનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાગ છે...તેથી કાળને અસ્તિકાયપણે ગણ્યો નથી."[૧૭]

આમ છ દ્રવ્યમાંથી પાંચ દ્રવ્યને અસ્તિકાય કહેલાં છે. તે પાંચેનું સ્વરૂપ શ્રી કુંદકુંદાચાર્યે તેમના "પંચાસ્તિકાય" નામના અર્ધમાગધી ગ્રંથમાં સમજાવ્યું છે. તેના બંને અધ્યાયનો ગુજરાતી અનુવાદ શ્રીમદ્દે વિ. સં. ૧૯૫૩માં કર્યો હતો.

પ્રથમ અધ્યાયમાં ૧૦૪ ગાથા છે અને દ્વિતીય અધ્યાયમાં ૬૯ ગાથા છે, આમ પંચાસ્તિકાયની કુલ ૧૭૩ ગાથાનો અનુવાદ શ્રીમદ્દે કર્યો છે. તેમાંથી ૫૭, ૫૮, ૫૯, ૮૯, ૧૨૩, ૧૪૭ થી ૧૫૧, ૧૬૫, ૧૬૮ વગેરે મળી કુલ ૧૭ ગાથાનો અનુવાદ મળતો નથી, બાકીની ગાથાઓનો અનુવાદ મળે છે.

પહેલા અધ્યાયમાં પાંચે અસ્તિકાયનું સ્વરૂપ સમજાવેલું છે. તેમાં આરંભમાં શ્રી સર્વજ્ઞદેવને કુંદકુંદાચાર્યે નમસ્કાર કર્યા છે, તથા "પંચાસ્તિકાય"નું સામાન્ય સ્વરૂપ વર્ણવ્યું છે. તે પછી જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ એ પાંચનું સ્વરૂપ વર્ણવ્યું છે. પૂર્વપીઠિકાની ૨૬ ગાથા પછી લગભગ ૫૦ જેટલી, એટલે કે સૌથી વધુ ગાથા જીવ માટે રચાયેલી છે. દશેક જેટલી ગાથા પુદ્ગલ માટે, ૭, ૮ ગાથા ધર્મ અને અધર્મ માટે અને સાતેક ગાથા આકાશ માટે રચાયેલી છે. અને બાકીની આઠેક ગાથા તે સર્વ સંબંધી છે. આમ પહેલા અધ્યાયમાં કુલ ૧૦૪ ગાથા છે.

શ્રીમદ્દે આ બધી ગાથાઓનો લગભગ શબ્દશઃ અને કેટલીક વાર મુક્ત અનુવાદ કર્યો છે. અને સાથે સાથે મૂળ ગાથાનો ભાવાર્થ પણ સરળતાથી ઉતાર્યો છે. આમ છતાં અનુવાદમાં ક્લિષ્ટતા કે દુર્બોધતા આવતી નથી. માત્ર અનુવાદ વાંચીએ તોપણ બધું સરળતાથી સમજી શકાય છે, અને મૂળ કૃતિ વાંચતા હોઈએ એવી છાપ આપણા પર પડે છે. "પંચાસ્તિકાય"ની પહેલી જ ગાથા છે કે :—

---

૧૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ પૃ. ૫૦૮, આંક ૬૯૯.

૧૭. એજન, પૃ. ૫૦૭, આંક ૬૯૮.

" इंदसदवंदियाणं तिहुअणहिदमधुरविसदवक्काणं ।
अंतातीदगुणाणं णमो जिणाणं जिदभवाणं ॥ "[18]

તેનો અનુવાદ શ્રીમદે આ પ્રમાણે કર્યો છે :

"સો ઇન્દ્રોએ વંદનિક, ત્રણ લોકને કલ્યાણકારી, મધુર અને નિર્મળ જેનાં વાકચ છે, અનંત જેના ગુણો છે, જેમણે સંસારનો પરાજય કર્યો છે એવા ભગવાન સર્વજ્ઞ વીતરાગને નમસ્કાર."[19]

આ અનુવાદ કરતી વખતે ક્યારેક એક વાકચ બે ગાથા સુધી ચાલતું હોય તો તે બંને ગાથાનો તેમણે સાથે અનુવાદ આપ્યો છે. દાખલા તરીકે, પાંચ અસ્તિકાય અને તેના સ્વરૂપ વિશેની ચોથી-પાંચમી ગાથાનો અનુવાદ તેમણે સાથે કર્યો છે. એ જ પ્રમાણે ૭૧–૭૨ ગાથા પણ તેમણે સાથે લીધી છે. જુઓ :

" एको चेव महप्पा सो दुवियप्पो त्तिलक्खणो होदि ।
चदु चंकमणो भणिदो पंचग्गगुणप्पधाणो य ॥ ગા. ૭૧ "

" छक्कप्पक्कमजुत्तो उवउत्तो सत्तभंगसब्भावो ।
अट्ठासओ णवत्थो जीवो दसट्ठाणगो भणिदो ॥ ગા. ૭૨ "[20]

આ બંને ગાથાઓનો અનુવાદ શ્રીમદે આ પ્રમાણે કર્યો છે :

"એક પ્રકારથી, બે પ્રકારથી, ત્રણ પ્રકારથી, ચાર ગતિના પ્રકારથી, પાંચ ગુણોની મુખ્યતાથી, છ કાયના પ્રકારથી સાત ભંગના ઉપયોગપણાથી, આઠ ગુણ અથવા આઠ કર્મરૂપ ભેદથી, નવ તત્ત્વથી અને દશ સ્થાનકથી જીવનું નિરૂપણ છે."[21]

મૂળ "પંચાસ્તિકાય"ની ભાષા પણ સામાન્યપણે સરળ કહી શકાય તેવી છે, તેથી અનુવાદમાં ઓછી મુશ્કેલી નડે તેવું છે. જે કંઈ મુશ્કેલી નડે તેવું છે, તે છે તત્ત્વ વિશે. એમાં છ દ્રવ્યના સ્વરૂપની વાતોનું નિરૂપણ થયેલું હોવાથી તત્ત્વ ન સમજનારને તેમાં તકલીફ પડે, પણ શ્રીમદ્‌ને તો એ તત્ત્વ સમજવામાં કશી મુશ્કેલી નડે તેમ નહોતી, કારણ કે તેમનું પોતાનું જ જ્ઞાન એટલું વિશાળ હતું કે તત્ત્વની સમજ તેમને માટે નવી ન હતી. આ અનુવાદ કર્યા પહેલાં એક વર્ષે તેમણે સંક્ષેપમાં "પંચાસ્તિકાય"નું સ્વરૂપ લખી જણાવ્યું હતું, તે પત્રો જોતાં આ વાતની ખાતરી થશે.[22] આથી મૂળ ગ્રંથ જેને આત્મસાત્ હોય તેણે કરેલો અનુવાદ પણ મૂળકૃતિ જેવો સફળ બને તો શી નવાઈ?

૧૮. "પંચાસ્તિકાય", અધ્યાય ગાથા ૧, પૃ. ૪.
૧૯. "શ્રીમદ્‌ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૫૮૬, આંક ૭૬૬.
૨૦. "પંચાસ્તિકાય", અ. ૧, ગા. ૭૧–૭૨, પૃ. ૧૧૬.
૨૧. "શ્રીમદ્‌ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ પૃ. ૫૯૦, આંક ૭૬૬.
૨૨. એજન, આંક : ૬૯૯, ૭૦૦, ૭૦૧ ઈ.

આ જ વસ્તુ "પંચાસ્તિકાય"ના બીજા અધ્યાયના શ્રીમદ્દે કરેલા અનુવાદ માટે પણ એટલી જ સાચી છે. તેમાં મોક્ષમાર્ગનું વર્ણન કરેલું છે. અને તે બતાવતી વખતે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વનું સ્વરૂપ પણ સંક્ષેપમાં બતાવ્યું છે. તે નવે તત્ત્વ સમજાવતાં સમજાવતાં જ શ્રી કુંદકુંદાચાર્યે મોક્ષમાર્ગનું નિરૂપણ કર્યું છે, અને તે સર્વને શ્રીમદ્દે ગુજરાતી ભાષામાં ઉતાર્યા છે. એકેન્દ્રિયથી શરૂ કરી પંચેન્દ્રિય સુધીના કાયાવાળા જીવનું વર્ણન, આકાશ, ધર્મ, અધર્મ, પુદ્ગલ આદિમાં જીવ નથી તેથી તે અજીવ કહેવાય છે, તેનું વર્ણન, જીવે બાંધેલાં શુભ કર્મ તે પુણ્ય અને અશુભ કર્મ તે પાપનું વર્ણન, પાપને પ્રવેશવાનાં સ્થાનકો તે આશ્રવનું વર્ણન, તે સ્થાનકોમાંથી પાપને આવતાં રોકવાં તે સંવરનું વર્ણન, પૂર્વે બાંધેલાં કર્મનો ભોગવટો તે નિર્જરાના સ્વરૂપનું વર્ણન, જીવને થયેલા બંધના સ્વરૂપનું વર્ણન અને જીવની શુદ્ધદશા તે મોક્ષનું વર્ણન આ અધ્યાયમાં કરેલ છે. આ નવે તત્ત્વની સમજ શ્રીમદ્‌ને ઘણી સારી હતી તેથી તેનો અનુવાદ કરવામાં તેમને તેવી જ સરળતા રહે તે સ્વાભાવિક છે. તેમ છતાં ક્યારેક કોઈ શબ્દનો અનુવાદ ન કર્યો હોય તેમ પણ જણાય છે. જુઓ ૧૧૨મી ગાથા :—

> "एदे जीवणिकाया पंचविहा पुढविकाइयादीया ।
> मणपरिणामविरहिदा जीव एगेंदिया भणिया ॥"[२३]

એનો અર્થ સમજાવતાં શ્રીમદ્દે લખ્યું છે કે "એ પાંચ પ્રકારનો જીવસમૂહ મનપરિણામથી રહિત અને એકેન્દ્રિય છે, એમ સર્વજ્ઞે કહ્યું છે"[૨૪]

આ અનુવાદ જોતાં ખ્યાલ આવશે કે "पुढविकाइयादीया" શબ્દનો "પૃથ્વીકાયાદિ" એ અનુવાદ લીધો નથી અને "એમ સર્વજ્ઞે કહ્યું છે" તે શબ્દસમૂહ, જે મૂળમાં નથી તે ઉમેર્યો છે.

પરંતુ સામાન્ય રીતે તો મૂળનો અનુવાદ સરળ ભાષામાં કરેલો જણાય છે. અને તે સરળતા આણવા કેટલીક વાર અધ્યાહાર રહેલો શબ્દ પણ સ્પષ્ટ કરેલો છે. જુઓ ૧૩૯મી ગાથા :—

> "चरिया पमादबहुला कालुस्सं लोलदा य विसयेसु ।
> परपरितावापवादो पावस्स य आसवं कुणदि ॥"[२५]

તેનો અનુવાદ કરતાં શ્રીમદ્દે લખ્યું છે કે, "ઘણા પ્રમાદવાળી ક્રિયા, ચિત્તની મલિનતા, ઇન્દ્રિયવિષયમાં લુબ્ધતા, બીજા જીવોને દુઃખ દેવું, તેનો અપવાદ બોલવો એ આદિ વર્તનથી જીવ પાપઆશ્રવ કરે છે.[૨૬]

---

૨૩. "પંચાસ્તિકાય", પૃ. ૧૭૨.

૨૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ પૃ. ૫૯૩, આંક ૭૬૬.

૨૫. "પંચાસ્તિકાય", પૃ. ૨૦૩.

૨૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ પૃ. ૫૯૪, આંક ૭૬૬.

કેટલીક વાર શ્રીમદ્ વાક્યરચનાનું સ્વરૂપ પણ ફેરવતા જણાય છે, ઉદાહરણ તરીકે જુઓ ૧૩૮મી ગાથા :—

"कोधो व जदा माणो माया लाभो व चित्तमासेज्ज ।
जीवस्स कुणदि खोहं कलुसो त्ति य तं बुधा वेंति ॥"२७

શ્રીમદ્દે આનો અનુવાદ આમ કર્યો છે : "ક્રોધ, માન, માયા અને લોભની મીઠાશ જીવને ક્ષોભ પમાડે છે અને પાપભાવની ઉત્પત્તિ કરે છે."૨૮

અહીં મૂળ શ્લોકમાં એ પ્રમાણે છે કે જ્યારે ક્રોધ, માન, માયા અને લોભ ચિત્તનો આશ્રય પામીને જીવને ક્ષોભ કરે છે, ત્યારે તેને જ્ઞાનીઓ 'કલુષતા' કહે છે. શ્રીમદ્ જ્ઞાનીઓ કહે છે, તે વાત ઉડાડી દીધી છે; એ ઉપરાંત ક્રોધાદિ ચિત્તના આશ્રયે જીવને ક્ષોભ પમાડે છે તે બતાવવાને બદલે "ક્રોધાદિની મીઠાશ" એમ જ કહ્યું છે. આમ જોઈએ તો આ ગાથાનો આ ભાવાનુવાદ છે.

આમ શ્રીમદ્દે કરેલા આ અનુવાદનો જ્યારે ઝીણવટથી અભ્યાસ કરીએ છીએ ત્યારે તે શબ્દશઃ અનુવાદ નથી તેનો ખ્યાલ આવે છે. ક્યારેક મૂળનો ભાવાર્થ જ ઉતારેલો છે, એટલે કે અનુવાદ વાંચનક્ષમ બનાવવાની તેમની નેમ હતી તે જણાય છે. આ અનુવાદ તેમણે "અનુવાદ કરવાની" દૃષ્ટિએ નહોતો કર્યો, પણ અર્ધમાગધી ન જાણનારા મુમુક્ષુઓને "પંચાસ્તિકાય"ના વાંચન-વિચારણાર્થે કર્યો હતો. તેમ છતાં મૂળના આશયમાં ક્યાંયે ફેરફાર થયો હોય તેમ થયું નથી.

વિ. સં. ૧૯૫૫ના ચૈત્ર માસમાં તેમણે ધારશીભાઈ કુશળચંદ સંઘવી ઉપરના એક પત્રમાં લખ્યું હતું કે :—

"કોઈ મહત્પુરુષના મનનને અર્થે પંચાસ્તિકાયનું સંક્ષિપ્ત સ્વરૂપ લખ્યું હતું, તે મનન અર્થે આ સાથે મોકલ્યું છે."૨૯

આ વચન પરથી ઘણા એવો અર્થ તારવે છે કે "પંચાસ્તિકાયનું સંક્ષિપ્ત સ્વરૂપ" એટલે તેમણે કરેલો "પંચાસ્તિકાયનો અનુવાદ." "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં પણ એ જ રીતે જ નોંધાયું છે.૩૦ વળી, કેટલાક તરફથી એવું અનુમાન પણ કરાયું છે કે શ્રીમદ્દે જણાવેલા મહત્ પુરુષ તે મનસુખભાઈ કિ. મહેતા. પણ જરા ઊંડાણથી વિચાર કરતાં આમાંનું કોઈ વિધાન સાચું લાગતું નથી.

---

૨૭. "પંચાસ્તિકાય", પૃ. ૨૦૨.
૨૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ પૃ. ૫૯૪.
૨૯–૩૦. એજન, આંક ૮૬૬ની, પૃ. ૬૩૨.

શ્રીમદ્દે જે "પંચાસ્તિકાય"નો અનુવાદ કર્યો છે તેને "પંચાસ્તિકાયનું સંક્ષિપ્ત સ્વરૂપ" કહી શકાય નહિ, અને શ્રીમદ્દને પણ તે અનુવાદ અભિપ્રેત હોય તેમ લાગતું નથી. "પંચાસ્તિકાય"ના સંક્ષિપ્ત સ્વરૂપના સંદર્ભમાં તેમણે વિ. સં. ૧૯૫૨માં પત્રો લખ્યા હતા તે હોય તેમ જણાય છે. "શ્રીમદ્ રાજચંદ્ર"માં ૬૯૯ આંક નીચે શ્રીમદ્દનું જે લખાણ છપાયું છે તેની શરૂઆત આ પ્રમાણે છે, "પંચાસ્તિકાયનું સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું છે :" અને તે પછી તે પાંચે અસ્તિકાયનું સ્વરૂપ ખરેખર ટૂંકાણમાં સમજાવાયેલું છે. અને એના જ વિશે ૬૯૮ આંક નીચેનું લખાણ પણ છે. તેમાં "કાળ" માટે અસ્તિકાય નથી કહેવાતો તે વિશેના પ્રશ્નનો ઉત્તર શ્રીમદ્દે આપ્યો છે. આ બંને લખાણ વાંચીએ ત્યારે ખ્યાલ આવે છે કે તેમાં "પંચાસ્તિકાય"નું સ્વરૂપ જણાવવામાં આવ્યું છે. આ પરથી આપણે કહી શકીએ કે શ્રીમદ્દે ધારશીભાઈ ઉપરના પત્રમાં "પંચાસ્તિકાયના સંક્ષિપ્ત સ્વરૂપ'નો જે ઉલ્લેખ કર્યો છે તે ૬૯૮ થી ૭૦૧ સુધીના આંક નીચેનું લખાણ છે, અને નહિ કે શ્રીમદ્દે કરેલો "પંચાસ્તિકાય"નો અનુવાદ. અનુવાદને સંક્ષિપ્ત સ્વરૂપ ન કહેવાય.

એ જ રીતે શ્રીમદ્દે ઉલ્લેખેલ "મહત્પુરુષ" મનસુખભાઈ નહિ પણ સોભાગભાઈ જણાય છે. અંબાલાલભાઈ, મનસુખભાઈ વગેરે તો અર્ધમાગધી ભાષા સમજી શકે અને વાંચી શકે તેવું ભાષાજ્ઞાન ધરાવતા હતા. મનસુખભાઈ અને અંબાલાલભાઈને તો તેવા ગ્રંથોની નકલ કરવાનું કે ભાષાંતર કરવાનું કામ પણ શ્રીમદ્ સોંપતા હતા; એટલે તેમને માટે તેઓ અનુવાદ કરે કે સંક્ષેપમાં સ્વરૂપ લખે તે માની શકાય તેવી વાત નથી. તેથી લલ્લુજી મહારાજ અને સોભાગભાઈ એ બેમાંથી કોના માટે હોઈ શકે તે વિચારવાનું રહે છે, કારણ કે શ્રીમદ્દના નિકટવર્તી વર્તુળમાંથી તે વખતે જૂઠાભાઈની ગેરહાજરી હતી, ગાંધીજીને તે સમયે આ બાબત સાથે સંબંધ નહોતો અને અંબાલાલભાઈ તથા મનસુખભાઈને માટે આપણે ઉપર જોયું તેમ, એની જરૂર નહોતી. આથી સોભાગભાઈ અને લલ્લુજી મહારાજ વચ્ચે વિચારવાનું રહે છે.

લલ્લુજી મહારાજ પરના શ્રીમદ્દના લખેલા પત્રો જોઈએ તો તેમાં મુખ્યત્વે આત્મા વિશેની વાતો જ જોવા મળે છે. વળી, આ મુનિ બહુ પ્રશ્નો પુછાવતા હોય તેવું જોવા મળતું નથી, કારણ કે જિનદીક્ષા લીધી હોવાથી તેમણે સૂત્રો અને શાસ્ત્રોનું જ્ઞાન મેળવ્યું હતું; ત્યારે સોભાગભાઈની બાબતમાં સ્થિતિ જુદી હતી. તેમની શ્રદ્ધા વેદાંતમાંથી ખસીને જૈન તરફ થઈ હતી; વળી, એમને સૂત્રો કે શાસ્ત્રો વગેરેનો અભ્યાસ પણ ઘણો ન હતો, તેથી તેમને વારંવાર પ્રશ્નો પુછાવવાની જરૂર પડતી. અને એવા એક પ્રશ્નના ઉત્તરમાં આ પત્રો લખાયેલા જોવા મળે છે. તેથી લાગે છે કે તે પત્રો શ્રી સોભાગભાઈ ઉપર લખાયેલા હોવા જોઈએ, અને શ્રીમદ્દની દૃષ્ટિમાં શ્રી સોભાગભાઈ "મહત્પુરુષ" હતા તે સુવિદિત છે.

આમ શ્રીમદ્દે ધારશીભાઈને લખેલા વચન વિશે કહી શકીએ કે શ્રીમદ્દે સૂચવેલ "સંક્ષિપ્ત સ્વરૂપ" તે આ પત્રોના સંદર્ભમાં છે અને શ્રીમદ્દે ઉલ્લેખેલ મહત્ પુરુષ તે શ્રી સોભાગભાઈ છે.

## "દ્રવ્યસંગ્રહ"ની ગાથાઓનો અનુવાદ[31]

વિ. સં. ૧૯૫૩માં શ્રીમદ્દે નેમિચંદ્ર મુનિના "દ્રવ્યસંગ્રહ"ની ૫૮ ગાથામાંથી ૩૧ થી ૪૯ સુધીની ૧૯ ગાથાનો અનુવાદ કર્યો હતો. આ ગાથાઓમાં દ્રવ્ય અને ભાવથી આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, મોક્ષ, પાપ, પુણ્ય કોને કહેવાય તેનું, અને તે પછી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.

શ્રીમદ્દે આ અનુવાદ સરળ, ભાવવાહી, સ્વાભાવિક ભાષામાં મૂળનો આશય જાળવીને કર્યો છે. તે શ્રીમદ્દની અનુવાદક તરીકેની શક્તિઓનો આપણને પરિચય કરાવે છે. આ ગાથાઓમાંથી એક-બેના અનુવાદો જોઈએ. "દ્રવ્યસંગ્રહ"ની ૩૧મી ગાથા આ પ્રમાણે છે :—

"णाणावरणादीणं जोग्गं जं पुग्गलं समासवदि ।
दव्वासवो स णेओ अणेयभेओ जिणक्खादो ॥ ગા. ૩૧"

"જ્ઞાનાવરણીયાદિ કર્મને યોગ્ય જે પુદ્ગલ ગ્રહણ થાય છે તે 'દ્રવ્યાસ્રવ' જાણવો. જિનભગવાને તે અનેક ભેદથી કહ્યો છે."[32]

"रयणत्तयं ण वट्टइ अप्पाणं मुयत्तु अण्णदवियम्हि ।
तम्हा तत्तियमइओ होदि हु मोक्खस्स करणं आदा ॥ ગા. ૪૦"

"આત્માને છોડીને એ ત્રણે રત્નો બીજા કોઈ પણ દ્રવ્યમાં વર્તતાં નથી. તેટલા માટે આત્મા એ ત્રણેમય છે; અને તેથી મોક્ષકારણ પણ આત્મા જ છે."[33]

આમ અહીં જોઈ શકાય છે કે તેમણે ગાથાઓનો શબ્દશઃ અનુવાદ કર્યો હોવા છતાં તેમાં તેઓ કેટલી સ્વાભાવિકતા આણી શક્યા છે.

આ ત્રણે અનુવાદમાં આપણને શ્રીમદ્દની અનુવાદશક્તિનો પરિચય થાય છે. આ બધા સાથે તેમણે તેમની વીસ વર્ષની વય પહેલાં કરેલ "રત્નકરંડશ્રાવકાચાર"ની બાર ભાવનાનો અનુવાદ તથા "ઉત્તરાધ્યયનસૂત્ર"ના ૩૬મા અધ્યયનનો અનુવાદ પણ ઉમેરી શકાય. અને એ બધા અનુવાદો સમગ્રપણે જોતાં આપણને જણાય છે કે શ્રીમદ્દે જૈન શાસ્ત્રો અને સૂત્રોમાંથી જ અનુવાદ કર્યો છે. વળી, થોડાઘણા ફેરફાર સાથે અનુવાદ કર્યો હોવા છતાં મૂળ કૃતિ વાંચતા હોઈએ એવી સ્વાભાવિકતા પણ તેઓ લાવી શક્યા હતા. તેમ છતાં "પંચાસ્તિકાય" સિવાયનો એક પણ અનુવાદ પૂર્ણ મળતો નથી, તેથી તેમણે જેટલો ભાગ વિશેષ ઉપયોગી જણાય તેટલાનો જ અનુવાદ કર્યો હશે, તેમ જણાય છે.

## છ પદનો પત્ર[34]

શ્રી લલ્લુજી મહારાજને દરેક મહિનાથી તાવ આવતો હતો, તેથી તેમને દેહ છૂટી જવાનો ભય લાગ્યો, એટલે તેમણે મનુષ્યભવની સાર્થકતા થાય તેવું કંઈક કરવાની માગણી

૩૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૫૮૪, આંક ૭૬૧.

૩૨–૩૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ પૃ. ૫૮૪. આંક ૭૬૧

૩૪. એજન, પૃ. ૩૯૪, આંક ૪૯૩.

શ્રીમદ્ પાસે કરી. તેના ઉત્તરમાં શ્રીમદ્દે વિ. સં. ૧૯૫૦ના ફાગણ માસમાં "છ પદનો પત્ર" તેમને લખ્યો. તે પત્રમાં સૂત્રાત્મક શૈલીમાં "આત્મા" નામક તત્ત્વની યથાર્થ ઓળખાણ આપવામાં આવી છે.

સ્વતંત્ર પ્રકરણગ્રંથ જેવા આ પત્રના આરંભમાં "અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર" કર્યા છે, અને શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાની પુરુષોએ આત્માનાં જે છ પદને સમ્યગ્દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે તેને સમજાવ્યાં છે. આ છ પદ તે ૧. આત્મા છે, ૨. તે નિત્ય છે, ૩. તે કર્તા છે, ૪. તે ભોક્તા છે, ૫. મોક્ષ છે અને ૬. મોક્ષનો ઉપાય છે, એ. આ પ્રત્યેક પદનું અસ્તિત્વ કયા કારણથી સમજાય છે, તે આ પત્રમાં સૂત્રાત્મક શૈલીમાં શ્રીમદ્દે બતાવ્યું છે.

તે પછી આ છ પદને વિચારવાથી જીવ કઈ રીતે સમ્યગ્દર્શન પામી શકે તે એક ફકરામાં સમજાવ્યું છે. તેમાં શ્રીમદ્દે એકેએક શબ્દ એવો તોલીને મૂક્યો છે કે તે યથાર્થ સમજવા માટે પ્રત્યેક વાક્ય વિશે ધીરજથી વિચારણા કરવાની જરૂર પડે છે. સઘન અને અસંદિગ્ધ ભાષામાં અને સંક્ષેપમાં તેઓ કેટલું બધું તત્ત્વ સમાવી શકે છે, સમજાવી શકે છે, અને તે પણ દુર્બોધતા લાવ્યા સિવાય, તે અહીં જોવા મળે છે. તેમની પ્રબળ ગદ્યલેખનશક્તિનો આ સુંદર નમૂનો જુઓ:—

> "શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યક્દર્શનનાં મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે. સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવા યોગ્ય છે, પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે, તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવા યોગ્ય છે. આ છ પદ અત્યંત સંદેહરહિત છે, એમ પરમપુરુષે નિરૂપણ કર્યું છે. એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે; અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ, નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જીવ જો પરિણામ કરે, તો સહજમાત્રમાં તે જાગ્રત થઈ સમ્યક્દર્શનને પ્રાપ્ત થાય, સમ્યક્દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે. કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ, ઉત્પન્ન ન થાય. તે વિચારે સ્વસ્વરૂપને વિશે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે. સર્વ વિભાવપર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે, તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે, એમ સ્પષ્ટ—પ્રત્યક્ષ—અત્યંત પ્રત્યક્ષ—અપરોક્ષ તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઇષ્ટ અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી. જન્મ, જરા, મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી, વેદી તે કૃતાર્થ થાય છે. જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવાં પરમ પુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે; આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વ સંગથી રહિત થયા છે, થાય છે, અને ભાવિકાળમાં પણ તેમજ થશે."[૩૫]

૩૫. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૪૯૩, પૃ. ૩૯૫.

આ એક જ ફકરામાં સમ્યગ્દર્શન એટલે શું, તે કોને પ્રાપ્ત થાય, ક્યારે થાય, તે થાય ત્યારે શું થાય, તે પછી શું થાય વગેરે વિશે તેમણે જણાવી દીધું છે. તેથી જ તો આ લખાણ તેમની સઘન શૈલીનો એક ઉત્તમ નમૂનો બની રહે છે.

તે પછી સત્પુરુષના ગુણો એવી જ સઘન શૈલીમાં જણાવી, તેમને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર કર્યા છે, અને એ દ્વારા સત્પુરુષનું માહાત્મ્ય, તેમનો ઉપકાર આદિ પ્રત્યક્ષ કરાવી દીધાં છે. આ સત્પુરુષ જન્મ, જરા, મરણનો નાશ કરે તેવા ઉપદેશના દાતા છે, સમ્યગ્દર્શનને આપે તેવાં છ પદને પ્રકાશિત કરનારા છે, માત્ર પરમાર્થ હેતુએ જ માર્ગદર્શન કરનારા અને કોઈમાં પણ પ્રીતિ કે માન ધરાવનાર નથી, એવા વિવિધ ગુણો શ્રીમદ્દે બતાવ્યા છે. તેવું એક વચન જુઓ :—

"જે સત્પુરુષોએ સદ્દગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્દગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિ અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો !"[36]

અહીં શ્રીમદ્દે સદ્દગુરુનું તથા તેમણે પ્રણીત કરેલી ભક્તિનું માહાત્મ્ય અને તેનું ફળ એકસાથે જણાવી દીધાં છે. આ આખા પત્ર પર ઊંડાણથી વિચાર કરવામાં આવે તો સમજાશે કે એમાં સમ્યગ્દર્શન પ્રગટ થાય તેવી વિચારણા મૂકી છે. આમ આત્માનાં છ પદ, મોક્ષમાર્ગ, સદ્દગુરુનું માહાત્મ્ય બતાવી આ પત્ર તેમણે પૂર્ણ કર્યો છે. જે કોઈ મુમુક્ષુ વાંચે તેને પરમાર્થમાર્ગમાં સહાયરૂપ થાય એવો આ પત્ર છે. આ પત્રની શ્રી લલ્લુજી મહારાજ પર કેવી અસર થઈ હતી, તે વિશે તેમણે જણાવ્યું હતું કે :—

"એ પત્ર અમારી અનેક પ્રકારની વિપરીત માન્યતાઓ દૂર કરાવનાર છે, ન ઊભા રહેવા દીધા ઢુંઢીયામાં, ન રાખ્યા તપ્પામાં, ન વેદાંતમાં પેસવા દીધા. કોઈ પણ મતમતાંતરમાં ન પ્રવેશ કરાવતાં માત્ર, એક આત્મા ઉપર ઊભા રાખ્યા. એ ચમત્કારી પત્ર છે. જીવની યોગ્યતા હોય તો સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તેવી વિચારણા ઉત્પન્ન કરાવે તેવો એ અદ્દભુત પત્ર છે."[37]

## "આનંદઘનજીની સ્તવનાવલિ" - વિવેચન[38]

શ્રીમદ્ રાજચંદ્રની પહેલાં બસો વર્ષે થઈ ગયેલા યોગીશ્રી આનંદઘનજીએ ચોવીસ તીર્થંકરની સ્તુતિ કરતાં ૨૪ કાવ્યો લખ્યાં છે, જે "આનંદચોવીશી" કે "આનંદઘનજીની સ્તવનાવલિ"ના નામે જાણીતાં છે. પ્રત્યેક સ્તવનમાં એક એક તીર્થંકરના ગુણાનુવાદ છે.

૩૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૪૯૩, પૃ. ૩૯૫.
૩૭. "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા", આવૃત્તિ, ૪, પૃ. ૧૫૧.
૩૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૫૭૦, આંક ૭૫૩.

પહેલા સ્તવનમાં આદિ તીર્થંકર ઋષભદેવની, બીજામાં શ્રી અજિતનાથની, ત્રીજામાં શ્રી સંભવનાથની એ પ્રમાણે ચોવીસ સ્તવનમાં શ્રી મહાવીરસ્વામી સુધીના ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરવામાં આવી છે. આ ચોવીસે સ્તવન ઊંડાં જ્ઞાનગર્ભિત છે, તેથી તે આખી સ્તવનાવલિ શ્રીમદ્‌ને ખૂબ જ પ્રિય હતી. અને તેમાં રહેલાં રહસ્યો અન્ય મુમુક્ષુઓને સમજાય એ હેતુથી તેની વિસ્તારથી સમજણ આપવાની વિચારણા શ્રીમદ્‌ને ઊગી હશે, તે અનુસાર તેમણે તે વિશે લખવાની શરૂઆત વિ. સં. ૧૯૫૩માં કરી હતી.

શ્રીમદ્‌ે આરંભમાં જીવનું છદ્મસ્થ સ્વરૂપ બતાવી, શુદ્ધ સ્વરૂપ પામનાર સિદ્ધની ઉપાસના કર્તવ્યરૂપે બતાવેલ છે. તેના અનુસંધાનમાં 'સિદ્ધ'નું સ્વરૂપ, તે પદનો મહિમા અને તીર્થંકરનો ઉપકાર વગેરે જણાવેલ છે. તે પછી શ્રી આનંદઘનજીએ ચોવીશી રચી તેનો હેતુ બતાવતાં લખ્યું છે કે, "સિદ્ધ ભગવાન કેવળ અમૂર્તપદે સ્થિત હોવાથી તેમનું સ્વરૂપ સામાન્યતાથી ચિંતવવું દુર્ગમ્ય છે. અર્હંત ભગવાનનું સ્વરૂપ મૂળદૃષ્ટિથી ચિંતવવું તો તેવું જ દુર્ગમ્ય છે, પણ સયોગીપદના અવલંબનપૂર્વક ચિંતવતા સામાન્ય જીવોને પણ વૃત્તિ સ્થિર થવાને કંઈક સુગમ ઉપાય છે, જેથી અર્હંત ભગવાનની સ્તવનાથી સિદ્ધપદની સ્તવના થયા છતાં, આટલો વિશેષ ઉપકાર જાણી શ્રી આનંદઘનજીએ આ ચોવીશી ચોવીશ તીર્થંકરની સ્તવનારૂપે રચી છે."[૩૯]

આમ અર્હંતપ્રભુના ઉપકારના કારણે આ સ્તવનાવલિ શ્રી આનંદઘનજીએ રચી છે તેમ શ્રીમદ્‌ે દર્શાવ્યું છે, અને અર્હંતપ્રભુનો ઉપકાર વિશેષ છે તે જણાવવા "સિદ્ધપ્રાભૃત"ની એક ગાથાની સાખ પણ આપી છે, પણ તે પછીથી આ પ્રાસ્તવિક ભાગ અધૂરો રહેલો જણાય છે. તેનું છેલ્લું અપૂર્ણ રહેલું વાક્ય આ પ્રમાણે છે, "જ્યાં અર્હંતાદિના સ્વરૂપધ્યાનાલંબન વગર વૃત્તિ આત્માકારતા ભજે છે, ત્યાં..." અહીંથી વાક્ય અધૂરું રહેલ છે.

આ પ્રાસ્તવિક લખાણ પછીથી પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવનું સ્તવન "વીતરાગ સ્તવના" એ શીર્ષક નીચે સમજાવવામાં આવ્યું છે. શ્રી આનંદઘનજીનું આખું સ્તવન અહીં સમજાવાયેલું છે, પણ તેમાં બીજી કડીની સમજૂતી જોવા મળતી નથી. "પોતાની શ્રદ્ધા નામની સખીને આનંદઘનજીની ચૈતન્યવૃત્તિ કહે છે કે..." એમ જણાવી આખું સ્તવન બે સખીઓના સંવાદરૂપે જણાવ્યું છે. તેમાં "ચૈતન્યવૃત્તિ" વક્તા છે અને "શ્રદ્ધા" શ્રોતા છે. પરસ્પર વાર્તાલાપ થતો નથી. આનંદઘનજીએ જેવી યોજના મૂળમાં રાખી છે તેવી જ યોજના શ્રીમદ્‌ે પણ સ્વીકારી છે. અને પ્રત્યેક કડી માટે તેમણે ૧૫ થી ૨૦ પંક્તિની સમજૂતી આપેલી જોઈ શકાય છે. ઋષભદેવ પ્રભુ એ જ સાચા પતિ છે, અને તેને પતિ માનવાથી શું ફળ મળે છે, તથા તેને પતિ ન માનતાં સંસારના અન્ય જીવોને પતિ માનનાર વ્યક્તિઓ કેવા કેવા પ્રયત્નો કરે છે, તેનું બયાન આ સ્તવનમાં કરવામાં આવ્યું છે. ઋષભદેવને પતિ માનીને, કપટરહિતતાથી પૂજવાથી "ચિત્તની પ્રસન્નતા"નું ફળ મળે છે તે અંતભાગમાં સમજાવાયું છે. આ સંસારના રૂપકમાં કેવો આત્માર્થ સમાયેલો છે, તે શ્રીમદ્‌ે સરળ ભાષામાં સ્ફુટ કરી બતાવ્યો છે, અને પહેલા સ્તવનનું રહસ્ય વાચક સમક્ષ પ્રગટ કર્યું છે. પણ આ સ્તવનની છ કડીઓમાંથી બીજી કડી :—

૩૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૫૭૦. ૫૭૧.

"પ્રીત સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન કોઈ;
પ્રીત સગાઈ રે નિરૂપાધિક કરી રે, સોપાધિક ધન ખોય."

આનું વિવેચન કે સમજૂતી અપાયેલ નથી. શ્રીમદ્‌ના લક્ષ બહાર આ કડી રહી ગઈ હશે કે તે લખાણ લુપ્ત થયું હશે તે સમજી શકાતું નથી.

પહેલા સ્તવન પછી તેમણે બીજા શ્રી અજિતનાથ સ્વામીના સ્તવનનું રહસ્ય બતાવવાનું ચાલુ કરેલ છે. બીજા સ્તવનમાં કઈ વસ્તુનું નિરૂપણ છે તે બતાવતાં શ્રીમદ્‌ે લખ્યું છે કે :—

"પ્રથમ સ્તવનમાં ભગવાનમાં વૃત્તિ લીન થવા રૂપ હર્ષ બતાવ્યો, પણ તે વૃત્તિ અખંડ અને પૂર્ણપણે લીન થાય તો જ આનંદઘનપદની પ્રાપ્તિ થાય, જેથી તે વૃત્તિના પૂર્ણપણાની ઇચ્છા કરતાં છતાં આનંદઘન બીજા તીર્થંકર શ્રી અજિતનાથની સ્તવના કરે છે. જે પૂર્ણપણાની ઇચ્છા છે, તે પ્રાપ્ત થવામાં જે જે વિઘ્ન દીઠાં તે સંક્ષેપે ભગવાનને આનંદઘનજી આ બીજા સ્તવનમાં નિવેદન કરે છે; અને પોતાનું પુરુષત્વ મંદ દેખી ખેદખિન્ન થાય છે એમ જણાવી પુરુષત્વ જાગ્રત રહે એવી ભાવના ચિંતવે છે."[૪૦]

આ બીજા પદની બે કડીની સમજણ આપ્યા પછી, આ આખી સ્તવનાવલિ વિશેની સમજણ અપૂર્ણ રહેલી છે. બીજા સ્તવનની માત્ર બે કડી સમજાવી છે, તેમાં શ્રી અજિતનાથ ભગવાનના નામનો અર્થ વિસ્તારથી સમજાવ્યો છે, અને મોક્ષમાર્ગ પામવા માટે કેવા દિવ્ય નેત્રની જરૂરિયાત છે તે બીજી કડીમાં દર્શાવ્યું છે.

આ સમજૂતીની ભાષા ઘણી સરળ છે, અને સાથે સાથે તેમાં તે પદનું રહસ્ય પણ તેમણે બતાવ્યું છે. આ સમજૂતીમાં નમ્ર, ભાવવાહી ભાષા, પોતાનું અલ્પત્વ, પ્રભુની મહાનતા આદિ સારી રીતે સ્ફુટ થયેલાં છે, જે મૂળ સ્તવનમાં પણ પ્રગટ છે. આટલું અધૂરું લખાણ વાંચતાં પણ શ્રીમદ્‌ વસ્તુને કેટલી સરળ અને સચોટ રીતે સમજાવી શકે છે તેનો આપણને ખ્યાલ આવે છે.

આ ઉપરાંત શ્રીમદ્‌ે લખેલા પત્રોમાં "આનંદઘનચોવીશી"માંથી અનેક અવતરણો લેવાયેલાં જોવા મળે છે. "મુનિસુવ્રતજિન સ્તવન", "મલ્લિનાથજિન સ્તવન", "અનંતજિનસ્તવન", "સંભવનાથજિન સ્તવન", "નમિનાથજિન સ્તવન", "અજિતનાથજિન સ્તવન", "વાસુપૂજ્યજિન સ્તવન", "શ્રેયાંસનાથજિન સ્તવન" આદિ સ્તવનોમાંથી કેટલીક પંક્તિઓ વાચન-મનન અર્થે શ્રીમદ્‌ે મુમુક્ષુઓને કેટલાક પત્રોમાં લખી જણાવી છે. ક્યારેક તે પંક્તિઓની ટૂંકામાં સમજણ પણ આપેલી છે. એ સર્વ શ્રીમદ્‌ને "આનંદઘનચોવીશી" કેટલી પ્રિય હતી તે બતાવે છે. એટલે શ્રીમદ્‌ પાસેથી તેની પૂરી સમજૂતી આપણને મળી હોત તો એક યોગ્ય અધિકારી વ્યક્તિને હાથે લખાયેલ બહુમૂલ્ય ગ્રંથ પ્રાપ્ત કરવાને આપણે સદ્‌ભાગી બનત.

---

૪૦. "શ્રીમદ્‌ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૫૭૫. આંક ૭૫૩.

## "સમયસાર નાટક"ની ગાથાની સમજણ[૪૧]

શ્રી બનારસીદાસજીના "સમયસાર નાટક"ના કર્તાકર્મક્રિયાદ્વારમાંથી એક કડી શ્રીમદ્દે શ્રી સોભાગભાઈને વિ. સં. ૧૯૪૮ના પોષ વદમાં લખી હતી, અને તે પછીના પત્રમાં તેને વિસ્તારથી સમજાવી હતી. તેમાં જડ અને ચેતન જુદાં છે, તેઓ એકબીજાનું રૂપ પામી શકતાં નથી, એક જ તત્ત્વ બે તત્ત્વની ક્રિયા કરી શકે નહિ વગેરે વિસ્તારથી શ્રીમદ્દે સમજાવ્યું છે.

કોઈ પણ વસ્તુ સારી રીતે સમજાવવાની શ્રીમદ્‌ની શક્તિનો આપણને અહીં પણ પરિચય થાય છે. તેઓ એક વસ્તુ જુદા જુદા દૃષ્ટિકોણથી તથા દૃષ્ટાંતથી ઘણી સ્પષ્ટ કરી આપે છે; જેમ કે "એક પરિનામકે ન કરત દરવ કોઈ" એ પંક્તિ સમજાવતાં શ્રીમદ્દે લખ્યું છે કે :—

> "વસ્તુ પોતાના સ્વરૂપમાં જ પરિણમે એવો નિયમ છે. જીવ જીવરૂપે પરિણમ્યા કરે છે, અને જડ જડરૂપે પરિણમ્યા કરે છે. જીવનું મુખ્ય પરિણમવું તે ચેતન (જ્ઞાન) સ્વરૂપ છે, અને જડનું મુખ્ય પરિણમવું તે જડત્વસ્વરૂપ છે. જીવનું જે ચેતન-પરિણામ તે કોઈ પ્રકારે જડ થઈને પરિણમે નહીં, અને જડનું જડત્વ પરિણામ તે કોઈ દિવસ ચેતનપરિણામે પરિણમે નહીં, એવી વસ્તુની મર્યાદા છે. અને ચેતન, અચેતન એ બે પ્રકારનાં પરિણામ તો અનુભવસિદ્ધ છે. તેમાંનું એક પરિણામ બે દ્રવ્ય મળીને કરી શકે નહીં, અર્થાત્ જીવ અને જડ મળી કેવળ ચેતનપરિણામે પરિણમી શકે નહીં, અથવા કેવળ અચેતનપરિણામે પરિણમી શકે નહીં. જીવ ચેતનપરિણામે પરિણમે અને જડ અચેતનપરિણામે પરિણમે, એમ વસ્તુસ્થિતિ છે; માટે જિન કહે છે કે, એક પરિણામ બે દ્રવ્ય કરી શકે નહીં."[૪૨]

અહીં શ્રીમદ્દે એક પંક્તિને માટે દશ પંક્તિ લખીને સારી રીતે ભાવાર્થ સમજાવ્યો છે, તે પરથી પોતે કેટલી સ્પષ્ટતાથી સમજતા હશે, તથા તેમની ગ્રહણશક્તિ ને તેમનું જ્ઞાન કેટલાં ઊંડાં હશે તેનો આપણને ખ્યાલ આવે છે.

આ ઉપરાંત બનારસીદાસજીકૃત "સમયસાર નાટક"ની ઉત્થાનિકાની નીચેની બે પંક્તિઓને વિસ્તારથી સમજાવતો એક પત્ર[૪૩] શ્રીમદ્દે સોભાગભાઈ ઉપર લખ્યો હતો :—

> "સમતા રમતા ઊરધતા, જ્ઞાયકતા સુખ ભાસ;
> વેદકતા ચૈતન્યતા એ સબ જીવ વિલાસ."

---

૪૧. ૪૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ પૃ. ૩૧૧. ૩૧૨, આંક ૩૧૬. ૩૧૭.
૪૩. એજન, પૃ. ૩૬૭, આંક ૪૩૮.

આ બે પંક્તિઓ સમજાવતી વખતે જીવના સમભાવ, રમણીયપણું, ઊર્ધ્વગમનતા, જાણવાપણું, સુખભાસ, વેદન કરવાની શક્તિ, ચેતનપણું એ સર્વ ગુણો વિસ્તારથી, સરળ ભાષામાં, શ્રીમદ્દે સમજાવ્યા છે. અને આ બધા ગુણોની વિસ્તારથી સમજણ આપ્યા પછી શ્રીમદ્દે અંતમાં લખ્યું છે કે :—

> "એ જે લક્ષણો કહ્યાં તે ફરી ફરી વિચારી જીવ નિરાબાધપણે જાણ્યો જાય છે, જે જાણવાથી જીવ જાણ્યો છે તે લક્ષણો એ પ્રકારે તીર્થંકરાદિએ કહ્યાં છે."[૪૪]

આ બંને સમજણ ઉપરાંત "સમયસાર નાટક"ના

૧. "જીવદ્વાર", ૨. "બંધદ્વાર", ૩. "નિર્જરાદ્વાર",

૪. "સર્વવિશુદ્ધિદ્વાર", ૫. "સાધ્યસાધકદ્વાર", ૬. "મોક્ષદ્વાર"

આદિમાંથી અવતરણો શ્રી સોભાગભાઈ વગેરે મુમુક્ષુઓને વાંચવા-વિચારવા અર્થે શ્રીમદ્દે લખી મોકલ્યાં હતાં. આ "સમયસાર નાટક" માટેની શ્રીમદ્‌ની પ્રીતિ બતાવે છે.

### "યોગદૃષ્ટિની સજ્ઝાય"ની કડીની સમજણ[૪૫]

શ્રી યશોવિજયજીની "આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય"માંની છઠ્ઠી દૃષ્ટિની સજ્ઝાયમાંથી નીચેની બે પંક્તિની શ્રીમદ્દે વિસ્તારથી સમજણ આપેલી છે :—

> "મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજાં કામ કરંત;
> તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત."

વિ. સં. ૧૯૪૮ના શ્રાવણ માસમાં આ બે પંક્તિને વિસ્તારથી સમજાવતા ત્રણેક પત્રો શ્રીમદ્દે શ્રી સોભાગભાઈ ઉપર લખ્યા હતા. તેમાં ભક્તિપ્રધાન દશાએ વર્તવાના લાભ શ્રીમદ્દે વિસ્તારથી બતાવ્યા છે. શ્રી યશોવિજયજીએ પ્રભુભક્તિ કેવી દૃઢ હોવી જોઈએ તેનું ઉદાહરણ સંસારમાંથી લઈને બતાવ્યું છે, અને તેનો ગૂઢાર્થ શ્રીમદ્દે સોભાગભાઈને જણાવ્યો હતો. એ વાંચતાં એક જ વસ્તુ શ્રીમદ્ કેટલી વિવિધ રીતે વિસ્તારથી સમજાવી શકે છે, તેનો આપણને પરિચય થાય છે. આ ઉપરાંત અન્ય દૃષ્ટિઓમાંથી પણ શ્રીમદ્દે અવતરણો મુમુક્ષુઓને લખી જણાવ્યાં છે.

આમ જોઈએ તો "આનંદઘનચોવીશી", "સમયસાર નાટક" અને "આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય"માંથી જુદી જુદી પંક્તિઓને, પદોને વિસ્તારથી સમજાવતાં લખાણો શ્રીમદ્દે લખ્યાં છે, અને તે સર્વ વાંચતાં તેમાં વસ્તુને ઊંડાણથી સમજવાની તથા સમજાવવાની તેમની શક્તિનો આપણને પરિચય થાય છે. કર્તાએ જે ગૂઢ રહસ્ય મૂક્યું હોય તેને સ્ફુટ કરતા પણ આપણે તેમને જોઈએ છીએ. તેમાં તેઓએ ભાષા ઘણી સરળ વાપરી છે.

૪૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૩૬૯, આંક ૪૩૮.

૪૫. એજન, પૃ. ૩૩૯. આંક : ૩૯૪–૫–૬.

"આનંદઘનચોવીશી"નાં બે પદની સમજણ સિવાયની સર્વ સમજણ તેમણે શ્રી સોભાગભાઈને પત્રમાં લખી જણાવી હતી, તેથી એમાં કોઈ સાહિત્યિક રચના કરવાનો હેતુ ન હતો, છતાં તેનાં ઘણાં લક્ષણો આપણે તેમાં આવી ગયેલાં જોઈએ છીએ: શ્રીમદ્દનાં આ પ્રકારનાં લખાણોની આ બીજી વિશેષતા છે. અને એ જ કારણે એને આ પ્રકરણમાં સ્થાન આપ્યું છે.

## "મોક્ષસિદ્ધાંત"[46]

વિ. સં. ૧૯૫૩માં મોક્ષને લગતા કેટલાક વિચારો શ્રીમદ્દે "મોક્ષસિદ્ધાંત" એ શીર્ષક નીચે લખ્યાં હતાં. તેમાં શરૂઆતમાં ભગવાનને, વીતરાગ પ્રવચનને, પાંચ પરમેષ્ઠિ – અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ – ને, ઋષભદેવથી મહાવીર પર્યંતના ૨૪ તીર્થંકરને નમસ્કાર કર્યા છે. અને તે પછી મહાવીરસ્વામીપ્રણીત ધર્મની વર્તમાન પરિસ્થિતિ વિશે વિચાર કર્યો છે. અને એ પછી સાચા મોક્ષમાર્ગ – મહાવીરપ્રભુપ્રણીત માર્ગ – વિશે લખવાની તેમની ઇચ્છા હશે તેમ જણાય છે. પણ ધર્મની વર્તમાન પરિસ્થિતિને લગતી વિચારણાથી આ લેખ અપૂર્ણ મુકાયેલો છે.

અહીં આપેલાં વચનો એકબીજામાંથી સ્ફુટ થતાં હોય એ રીતે અપાયેલાં નથી; જુદે જુદે સમયે તેમને જુદા જુદા વિચાર આવ્યા હોય અને તે એકત્ર કરીને મૂકી દીધા હોય તેવું લાગે છે. તેમાં કોઈ જાતની વ્યવસ્થા કે તર્કબદ્ધતા જોવા મળતી નથી. આથી લાગે છે કે કદાચ જુદી જુદી જગ્યાએથી અમુક અવતરણો શ્રીમદ્દે ઉતાર્યાં હોય અને તેને એક-સાથે સંગ્રહમાં મૂકીને પ્રકાશકોએ છાપી દીધાં હોય, કારણ તે વિના આ લેખમાં પ્રવર્તતી સ્વતંત્રતા સમજી શકાય તેવી નથી. જે શ્રીમદ્ પંદર-સોળ વર્ષની વયે "ભાવનાબોધ" કે "મોક્ષમાળા" જેવાં સુસંકલિત પુસ્તકો રચી શકે તે ત્રીસ વર્ષની વયે, "આત્મસિદ્ધિ" અને "અપૂર્વ અવસર" જેવી કૃતિઓની રચના પછી, પોતાના લખાણમાં સુસંગતતા ન રાખી શકે તે સમજી શકાય તેમ નથી.

## "દ્રવ્યપ્રકાશ"[47]

નવ તત્ત્વ, છ દ્રવ્ય, ષડ્દર્શન વગેરેના સારરૂપ કોઈ સ્વતંત્ર ગ્રંથરચના કરવી હોય તેની વિચારણારૂપ મુદ્દાઓ શ્રીમદ્દે "દ્રવ્યપ્રકાશ" શીર્ષક નીચે લખ્યા હોય તેમ લાગે છે. આરંભમાં "દ્રવ્યસંગ્રહ"માં થતા ત્રણ વિભાગનું દિગ્દર્શન ટૂંકાણમાં લખ્યું છે, તે પછી "ષડ્દર્શન સમુચ્ચય"ના સારરૂપ છ દર્શન વિશે સંક્ષેપમાં લખ્યું છે અને તે પછી "પંચાસ્તિકાય"ની ટૂંકાણમાં વિચારણા લખી છે. આમ માત્ર પંદરથી વીસ પંક્તિમાં તેમણે ત્રણ મહત્ત્વના ગ્રંથોના મુદ્દાઓ ઉતાર્યા છે, જે કોઈ સ્વતંત્ર ગ્રંથરચનાની વિચારણા માટે હોય તેવું અનુમાન થાય છે, જેનું શીર્ષક તેમણે "દ્રવ્યપ્રકાશ" રાખવું ધાર્યું હોય.

---

૪૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૫૮૦, આંક ૭૫૭.

૪૭. એજન, પૃ. ૫૮૨, આંક ૭૫૮.

## જૈનમાર્ગવિવેક[૪૮]

પોતાને જૈનમાર્ગ યથાશક્તિ સમજાયો છે, તેનું નિરૂપણ પોતાના જ સમાધાન અર્થે કરવાની ઇચ્છાથી "જૈનદર્શન"ની તત્ત્વવિચારણા રજૂ કરતો લેખ લખવો શ્રીમદ્‌ે વિ. સં. ૧૯૫૩માં ચાલુ કર્યો હતો. ૮–૧૦ પંક્તિઓ લખાયા પછી તેમણે તે અપૂર્ણ છોડી દીધો હતો. તેમાં જીવ અને અજીવ એ બે તત્ત્વ સ્પષ્ટ હોવાપણે છે, તે જણાવ્યા પછી તે બંનેના સ્વરૂપના વિચાર કરવાની શરૂઆત કરી છે. પહેલાં જીવતત્ત્વ વિશેની વિચારણા ચાલુ કરી છે. અને તે પણ અપૂર્ણ રહેલ છે. આટલા ટૂંકા લખાણ વિશે કોઈ જાતનો અભિપ્રાય બાંધી શકાય તેમ નથી; તે કારણે તેની ખાસ અગત્ય પણ રહેતી નથી.

## શીર્ષક વિનાના અપૂર્ણ લેખો

"શ્રીમદ્‌ રાજચંદ્ર" ગ્રંથમાં ૭૫૫ આંક નીચે કોઈ લેખનો અપૂર્ણ ભાગ છપાયેલો છે, જેનું શીર્ષક યોજાયેલું નથી. શરૂઆતમાં પ્રસ્તાવનારૂપે સંસારમાં જીવો કેવા દુઃખી છે, તે દુઃખી શા માટે છે, તેનાથી છૂટવા શું કરવું જોઈએ વગેરે વિશે લખાણ છે. આ દુઃખથી છૂટવા શ્રીમદ્‌ વીતરાગપ્રણીત માર્ગનું આરાધન કરવા તેમાં જણાવે છે, અને તેના અનુસંધાનમાં મોક્ષમાર્ગનું આલેખન કરવાનો તેમનો અભિલાષ હોય તેમ જણાય છે. મોક્ષમાર્ગના પહેલા પગથિયારૂપે સમ્યગ્દર્શનને જણાવેલ છે. તે પછી તેનું માહાત્મ્ય બતાવનાર તથા માર્ગના જાણનાર મહત્પુરુષોની દુર્લભતા બતાવી છે. જ્ઞાનીપુરુષનો યોગ ન હોય ત્યારે વીતરાગપુરુષપ્રણીત ધર્મનાં વચનો જે આગમોમાં સંગ્રહાયેલાં છે, તે આગમગ્રંથોને ઉપકારી સાધન તરીકે તેમણે બતાવેલ છે. અને તે પછી આગમનાં બાર અંગસૂત્રોનાં નામ, અને તેના વિશે થોડું પ્રસ્તાવનારૂપ લખાણ થયા પછી આ લેખ અપૂર્ણ રહેલ છે. આ આખો વિભાગ "મોક્ષમાર્ગ" નિરૂપતા ગ્રંથની પ્રસ્તાવનારૂપે લખાયો હોય તેમ લાગે છે, કારણ કે અંતભાગમાં એવું વચન મળે છે કે, "હવે આ પ્રસ્તાવના અત્રે સંક્ષેપીએ છીએ."[૪૯] આ લખાણમાં ઘણાં વાક્યો તૂટક છે, સંબંધ પણ બરાબર મળતો હોય તેમ લાગતું નથી, તેથી લાગે છે કે શ્રીમદ્‌ે જે લખાણ લખ્યું હશે તેમાંનો વચમાંનો ભાગ ગુમ થઈ ગયેલો છે, અને તેથી આ લેખનું સાચું મૂલ્યાંકન થઈ શકે તેવું નથી.

આ જ પ્રમાણે "શ્રીમદ્‌ રાજચંદ્ર" ગ્રંથમાં ૭૫૬ આંક નીચે પણ ચારે ગતિનાં દુઃખ વર્ણવતો એક ગ્રંથ લખવાની શરૂઆત શ્રીમદ્‌ે કરી હોય તેમ જણાય છે. તેમાં પ્રાણીમાત્ર દુઃખી છે, પણ દુઃખનું સ્વરૂપ યથાર્થ ન સમજવાથી તેઓનું તે દુઃખ ટળતું નથી, તેમ જણાવી તે દુઃખનું યથાર્થ સ્વરૂપ વર્ણવવાની તેમણે શરૂઆત કરી છે. એકેન્દ્રિયથી શરૂ કરી પંચેન્દ્રિય સુધીના જીવોનાં દુઃખોનું વર્ણન કરવાની તેમની ધારણા લાગે છે. પણ તે દુઃખોનું વર્ણન શરૂ થયા પહેલાં તો આ ગ્રંથ અપૂર્ણ રહેલ છે. જેની માત્ર પંદરેક લીટી જ લખાઈ છે, તેવું આ લખાણ કોઈ ગ્રંથના જ એક ભાગ છે તેમ તેમના આ

---

૪૮. "શ્રીમદ્‌ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૫૮૦, આંક ૭૫૬.

૪૯. એજન, પૃ. ૫૭૯. આંક ૭૫૫

વચનથી જણાય છે : "એકેન્દ્રિય જીવમાં વનસ્પતિમાં જીવત્વ સુપ્રસિદ્ધ પ્રસિદ્ધ છે, છતાં તેનાં પ્રમાણો આ ગ્રંથમાં અનુક્રમે આવશે."[૫૦]

એ જ પ્રમાણે "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં આંક ૭૬૦, ૭૬૪, ૭૬૫ વગેરે નીચે કોઈ ગ્રંથ વિશેના શ્રીમદ્‌લિખિત અતિ સંક્ષિપ્ત મુદ્દાઓ પ્રગટ થયા છે, તે જોતાં પણ "મોક્ષમાર્ગ"નું સ્વરૂપ, નવ તત્ત્વ, છ દ્રવ્ય આદિનું નિરૂપણ કરતો વિશાળ ગ્રંથ લખવાની તેમની યોજના હોય તેમ જણાય છે. આમ આપણે જોઈએ તો કોઈ મહાન ગ્રંથ લખવાના પ્રયાસરૂપ મુદ્દા, પ્રારંભિક લખાણ વગેરે ૧૯૫૩ની સાલમાં ગદ્યમાં લખાયેલ જોઈએ છીએ, પણ તે બધા પ્રયાસો અપૂર્ણ જ રહેલા છે; તે પછી કોઈ એવો ગ્રંથ રચાયો કે પ્રગટ થઈ શક્યો નથી. તેમ થવામાં તેમની ઉદાસીનતા, બાહ્યપ્રવૃત્તિ વગેરે કારણભૂત બન્યાં હશે તેવું અનુમાન થઈ શકે.

## સુવચનો

વિ. સં. ૧૯૪૫ પછી શ્રીમદ્દે માત્ર સુવચનો જ લખ્યાં હોય તેવા ત્રણ આંક "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં જોવા મળે છે. ૨૦૦મો આંક શ્રી મણિલાલ સોભાગભાઈ ઉપર લખાયેલ છે, ૪૬૬મો આંક શ્રી લલ્લુજી મહારાજ ઉપર લખાયો છે અને ૬૦૯મો આંક કોને લખાયો છે તે જાણી શકાતું નથી.

આત્મા દુઃખી શા માટે થાય છે ત્યાંથી શરૂ કરી તે દુઃખમુક્ત કઈ રીતે થાય તે વિશેની ક્રમસર વિચારણા શ્રીમદ્દે વિ. સં. ૧૯૪૭ના માહ સુદમાં કરી છે, જે આંક ૨૦૦ નીચે પ્રગટ થયેલ છે. તેમાં ૧૪ વચનોનો સમાવેશ થાય છે. જીવ પોતાને ભૂલી ગયો છે તેથી, અજ્ઞાનથી, તે દુઃખી છે. એ અજ્ઞાન ટળે તો સુખ થાય. જ્ઞાનીની ઉપાસના કરી, તેની આજ્ઞાએ વર્તે તો તેનું અજ્ઞાન ટળે. જ્ઞાનીને કોઈ પોતાની ભક્તિ કરે તેવી ઇચ્છા હોતી નથી, પણ જીવને પોતાનું અજ્ઞાન ટાળવાનો, સ્વચ્છંદ મટાડવાનો, "જ્ઞાનીની ભક્તિ અને તેની આજ્ઞાએ વર્તન" એ જ એક સચોટ ઉપાય છે. તેમાં પણ પ્રત્યક્ષ જ્ઞાનીનો તો ઘણો ઉપકાર છે, તેની આજ્ઞા જીવ યથાયોગ્ય પાળે તો અંતરમુહૂર્તમાં તો તે કેવળજ્ઞાન પ્રગટાવી શકે એટલી બધી સમર્થતા જીવમાં તથા જ્ઞાનીની આજ્ઞાના પાલનમાં રહેલી છે. આમ જ્ઞાનમાર્ગની શ્રેણી શ્રીમદ્દે આ વચનાવલીમાં ક્રમબદ્ધ રીતે રજૂ કરી છે. એમાં ટૂંકાં સચોટ વાક્યો છે, અને શ્રીમદ્દે થોડામાં ઘણું જણાવી દીધું છે. વીસ વર્ષની ઉંમર પહેલાં શ્રીમદ્દે લખેલાં સુવચનોને મળતાં આ વચનો છે. પણ આ વચનોની વિશેષતા એ છે કે બધાં વચનો સ્વતંત્ર રીતે વાંચતાં સમજી શકાય એવાં હોવાની સાથોસાથ એ વચનો વચ્ચેનો ક્રમિક સંબંધ પણ સ્પષ્ટતાથી જોઈ શકાય છે; ઉદાહરણ તરીકે :

"જ્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઇચ્છાએ, એટલે આજ્ઞાએ નહીં વર્તાય ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ સંભવતી નથી."

---

૫૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૫૮૩. આંક ૭૫૯

"જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે કરી શકે કે જે એકનિષ્ઠાએ, તન, મન, ધનની આસક્તિનો ત્યાગ કરી ભક્તિમાં જોડાય."[૫૧]

એ વચનની સાથે સંબંધ ધરાવે છે; અને તે વચન પણ તે પછીનાં વચન સાથે સંબંધ ધરાવે છે. આમ પ્રત્યેક વચનને સાંધતો તાર આ વચનાવલીમાં જોઈ શકાય છે.

વિ. સં. ૧૯૪૯ના ભાદરવા માસમાં શ્રીમદે શ્રી લલ્લુજી મહારાજને વિચારવા અર્થે કેટલાંક વચનો એક પત્રમાં લખી મોકલ્યાં હતાં.[૫૨] તેમાં ધર્મમાં શ્રદ્ધા કરવી, ધર્મ આપનારનો ઉપકાર ગણવો, એ ધર્મ આપનાર જ્ઞાની છે કે નહિ તેની પૂરી ખાતરી કરવી, પ્રત્યક્ષ ગુરુનો કેવો ઉપકાર છે વગેરે સામાન્ય રીતે ઉપયોગી થાય તેવાં વચનો લખ્યાં હતાં. પણ આ વચનો વાંચતાં એટલી ખાતરી તો થાય જ છે કે, આ બધાં વચનો અનુભવમૂલક છે; જેમ કે :—

"જ્ઞાનીપુરુષે કહેવું બાકી નથી રાખ્યું; પણ જીવે કરવું બાકી રાખ્યું છે."

"જીવે મુખ્યમાં મુખ્ય આ વાત વિશેષ ધ્યાન આપવા જેવી છે કે સત્સંગ થયો હોય તો સત્સંગમાં સાંભળેલ શિક્ષાબોધ પરિણામ પામી, સહેજે જીવમાં ઉત્પન્ન થયેલ કદાગ્રહાદિ દોષો તો છૂટી જવા જોઈએ, કે જેથી સત્સંગનું અવર્ણવાદપણું બોલવાનો પ્રસંગ બીજા જીવોને આવે નહિ."[૫૨]

આ ઉપરાંત આંક ૬૦૯ નીચે "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં કોઈ મુમુક્ષુને મોક્ષમાર્ગનું સ્વરૂપ સમજાવતાં કેટલાંક વચનો લખાયેલાં ઉપલબ્ધ થાય છે. તેમાં મોક્ષ એટલે શું? તે કઈ રીતે મળે? તે મેળવવા માટે સત્સંગની જરૂર, સત્સંગનું માહાત્મ્ય, જીવમાં કેવા કેવા દોષો પ્રવર્તે છે વગેરે વિશેની વિચારણા અહીં આપી છે. આ બધાં વચનો વિશે શ્રીમદે અંતમાં લખ્યું છે કે :—

"સંક્ષેપમાં લખાયેલા જ્ઞાનીના માર્ગના આશ્રયને ઉપદેશનારાં આ વાક્યો મુમુક્ષુજીવે પોતાના આત્માને વિશે નિરંતર પરિણામી કરવા યોગ્ય છે; જે પોતાના આત્મગુણને વિશેષ વિચારવા શબ્દરૂપે અમે લખ્યાં છે."[૫૩]

આ બધા ઉપરાંત તેમના પત્રોમાં તેમ જ તેમની અન્ય કૃતિઓમાં ઠેકઠેકાણે સુવચનો મળે છે. પણ તે બધાંનો અહીં સમાવેશ કર્યો નથી.

તેમણે લખેલાં આ બધાં વચનોની વિશેષતા એ છે કે તે બધાં વચનો સૂત્રાત્મક શૈલીમાં નહિ, પણ ઉપદેશાત્મક શૈલીમાં લખાયેલાં છે; જ્યારે વીસ વર્ષની વય પહેલાં તેમણે રચેલાં નીતિવચનો સૂત્રાત્મક છે. આ વચનોનું બીજું લક્ષણ એ જોવામાં આવે છે કે તે બધાં

---

૫૧. "શ્રીમદ્ રાજચંદ્ર" અગાસ આવૃત્તિ, પૃ. ૨૬૨, આંક ૨૦૦

૫૨. એજન, પૃ. ૩૮૨, આંક ૪૬૬.

૫૩. એજન, પૃ. ૪૭૦, આંક ૬૦૯.

વચનો મુખ્યત્વે મોક્ષમાર્ગનું નિરૂપણ કરે છે, વ્યવહારનીતિ આદિનું કે બીજા સિદ્ધાંતોનું તેમાં નિરૂપણ નથી. શ્રીમદે વીસ વર્ષની વય પહેલાં લખેલાં વચનો મોટે ભાગે પોતાને સંબોધીને લખેલાં છે, અને વળી નીતિ, વ્યવહાર, ધર્મ વગેરે અનેક વિષયને તથા સ્ત્રી, પુરુષ, મુનિ, ગૃહસ્થ, કુમારી, વિધવા, બ્રહ્મચારી આદિ ભિન્ન ભિન્ન અવસ્થાને અનુલક્ષીને લખાયેલાં છે તેવું કંઈ આ વચનોમાં નથી. આ વચનો કોઈ પણ વિવેકી આત્માને મોક્ષમાર્ગ મેળવવા માટે ઉપયોગી થાય તેવાં છે; જાતિ કે વેશના ભેદને લીધે તેનું ઉપયોગીપણું ટળે તેમ નથી.

આપણે જોઈ શકીશું કે શ્રીમદે વીસ વર્ષની વય પછી ગદ્ય લખાણ ઘણું કર્યું હોવા છતાં સુસંકલિત, પૂર્ણ અને સાહિત્યિક મૂલ્યવત્તાવાળું ગદ્ય લખાણ બહુ જ અલ્પ મળે છે. પત્રો તો તેમણે ઘણા લખ્યા છે, પણ તે બધા આત્માર્થે લખાયેલા છે. ડાયરી આદિ પણ વિચારોના ટાંચણરૂપે છે, અને અન્ય ગ્રંથો, લેખો કે અનુવાદો લખવા તેમણે ચાલુ કર્યા હતા, તેમાંથી એક પણ પૂર્ણ થઈ શકેલ નથી. તેમ છતાં જે કંઈ લખાણ મળે છે તે કેવળ ગદ્યશૈલીની દૃષ્ટિએ તપાસીએ તોપણ જણાશે કે તેમનું ગદ્ય સરળ, સબળ, વિશદ, પ્રાસાદિક અને ભાવવાહી છે. અર્થની દુર્બોધતા આવતી હોય, વિચારોની ક્લિષ્ટતા જણાતી હોય, તેવું ક્યારેય બનતું નથી. ઊલટાનું સરળ, સચોટ, ચિત્તને વિચાર કરતું કરી મૂકે તેવી પ્રેરકશક્તિવાળું તેમનું ગદ્ય છે. તેમની વાણી સમર્થ, વેગવંતી, મિષ્ટ–મધુર અને કર્ણપ્રિય હતી, તેમ તેમના સમાગમમાં આવનાર દરેક જણાવે છે. એ જ રીતે તેમનું ગદ્ય પણ સમર્થ, વેગવંતુ, મિષ્ટ–મધુર અને હૃદયપ્રિય છે એમ તેનો વાચક જરૂર કહી શકે. આ બધા સાથે લાઘવનો ગુણ પણ તેમાં જોવા મળે છે. તેમને જે કહેવાનું છે તે તેઓ મોટે ભાગે સંક્ષેપમાં છતાં વિશદતાથી જણાવી દે છે. એટલે કે તેમના ગદ્યલખાણમાં ખોટો વિસ્તાર સધાયો હોય તેવું જણાતું નથી. એક-બે ઉદાહરણ જોઈએ —:

> "જ્ઞાનીઓએ મનુષ્યપણું ચિંતામણિરત્નતુલ્ય કહ્યું છે, તે વિચારો તો પ્રત્યક્ષ જણાય તેવું છે. વિશેષ વિચારતાં તો તે મનુષ્યપણાનો એક સમય પણ ચિંતામણિરત્નથી પરમ માહાત્મ્યવાન અને મૂલ્યવાન દેખાય છે અને જો દેહાર્થમાં જ તે મનુષ્યપણું વ્યતીત થયું તો તો એક ફૂટી બદામની કિંમતનું નથી, એમ નિસંદેહ દેખાય છે."[૫૪]

> "પંચમકાળને નામે જૈન ગ્રંથો આ કાળને ઓળખે છે; અને કળિકાળને નામે પુરાણ ગ્રંથો ઓળખે છે, એમ આ કાળને કઠિન કાળ કહ્યો છે. તેનો હેતુ જીવને 'સત્સંગ અને સત્શાસ્ત્ર'નો જોગ થવો આ કાળમાં દુર્લભ છે, અને તેટલા જ માટે આ કાળને એવું ઉપનામ આપ્યું છે."[૫૫]

આવાં અનેક ઉદાહરણોમાં શ્રીમદ્‌ના ગદ્યનો લાઘવ અને વિશદતાનો ગુણ નજરે પડે છે. પણ તેમના લખાણમાં ઘણી વખત પુનરુચ્ચારણ-દોષ પણ જોવા મળે છે. તેમણે જે

૫૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ આંક ૭૨૫, પૃ. ૫૬૧.
૫૫. એજન, પૃ. ૨૭૫. આંક ૨૨૨

દૃષ્ટિએ અને જે હેતુથી આ બધી રચનાઓ કરી હતી તે જોતાં આ દોષ સ્વાભાવિક બની જાય છે. તેમણે લગભગ ૪૦ જેટલી જુદી જુદી વ્યક્તિઓને જુદે જુદે સમયે આત્માની તત્ત્વવિચારણાને લગતા પત્રો લખ્યા હતા. વિવિધ વ્યક્તિઓને — અને તે પણ વિવિધ સમયે — લખાયેલી વિચારણામાં પુનરુક્તિ આવે તો નવાઈ ન જ કહેવાય. તેમની હસ્તનોંધ, ડાયરી વગેરેમાં પણ વિ. સં. ૧૯૪૬ થી વિ. સં. ૧૯૫૭ સુધીનાં વર્ષો દરમ્યાનના તેમના વિચારોનું પ્રતિબિંબ ઝિલાયેલું છે. એના ગદ્યનું સ્વરૂપ પણ એવું છે કે જેમાં પુનરુક્તિને અવકાશ છે. તેમાંય શ્રીમદ્દે તો તે વિચારો પોતાના અંગત ઉપયોગ માટે જ ઝિલેલા, એટલે પછી જેનું મહત્ત્વ વધારે તેની પુનરુક્તિ વધારે — એ સ્વાભાવિક ગણાય. આ ઉપરાંત તેમની જે કૃતિઓ અપૂર્ણ મળે છે, તેમાંની મોટાભાગની કૃતિઓ કોઈ મહાન ગ્રંથના પ્રયોગાત્મક કે પ્રારંભિક સ્વરૂપો જેવી છે, તેથી તે પણ આવા જ પ્રકારની બને તે સહજ છે. આમ છતાં તેમના લખાણની પ્રાસાદિકતા એવી છે કે તેમાં પુનરુચ્ચારણ દોષરૂપે લાગતું નથી; અને દરેક વખતે તેમાંથી કંઈ ને કંઈ નવીનતા મળતી હોય તેમ જણાય છે.

શ્રીમદ્‌ના ગદ્યમાં કેટલીક ભાષાકીય લાક્ષણિકતા પણ જોવા મળે છે. તેમની તત્ત્વવિચારણા મુખ્યત્વે જૈન દર્શનને અવલંબીને થયેલી હતી, તેથી તેમાં જૈન પારિભાષિક શબ્દોનો છૂટથી ઉપયોગ થયેલો જોવા મળે છે. તેમના પત્રો પણ તેનાથી ભરપૂર છે. વીતરાગ, સમકિત, ગુણસ્થાન, અપૂર્વકરણ, સામાયિક, વ્યામોહ, વગેરે જૈન સંપ્રદાયમાં વિશિષ્ટ અર્થમાં વપરાતા સંખ્યાબંધ શબ્દોનો ઉપયોગ તેમના ગદ્યમાં છૂટથી થયેલો જોવા મળે છે. આ વાતની વિશેષ ખાતરી તેમની "મોક્ષમાળા", "ભાવનાબોધ", "સંયતિધર્મ", "પ્રતિમા-સિદ્ધિ" વગેરે કૃતિઓ જોતાં થાય છે. ઘણી વખત આવા વિશિષ્ટ — પારિભાષિક શબ્દો — જેમ કે કેવળજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, અજ્ઞાન, સત્સંગ વગેરે — ને શ્રીમદ્દે તેમના પત્રોમાં અર્થ સાથે સમજાવેલા છે.

તેમના પત્રાદિ સાહિત્યમાં સંસ્કૃત તત્સમ શબ્દોનો ઉપયોગ પણ જોવા મળે છે; જેમ કે — અદર્શન, સત્પુરુષ, અદત્તાદાન, અનપવર્તન, અનાગાર, ઉત્સર્ગ, કૈવલ્ય, ચતુર્ગતિ વગેરે. તેમ છતાં તેમની ભાષા શુદ્ધ ગુજરાતી કહી શકાય તેવી છે. અને તે નર્મદ, દલપત, નંદશંકરના યુગની હોવાથી ઘડાયેલી પણ છે. તેમ છતાં શ્રીમદ્‌ની ભાષામાં આધુનિક યુગમાં ન વપરાતી હોય તેવી જોડણી, તેવાં રૂપો, તેવા પ્રયોગો પણ કેટલીક વખત જોવા મળે છે. "છું"ને બદલે "છઉં" ઘણી જગ્યાએ જોવા મળે છે; જેમ કે — માનું છઉં, કરું છઉં, ક્ષમાવું છઉં, શકું છઉં, વગેરે. અત્યારે ન વપરાતાં હોય તેવાં ભાવવાચક નામનાં રૂપનો ઉપયોગ પણ જોવા મળે છે. ઉદાહરણ તરીકે — આત્માકારતા, વિસ્મયતા, ઉણાઈ, દુઃખમતા, વ્યતીતતા, સહનતા, અશોભ્ય, અશોભ્યતા, વગેરે. એ જ રીતે વિશેષણનાં પણ એવાં કેટલાંક રૂપો મળે છે; જેમ કે — વાસ્તવ્ય, દ્રવ્યાકાર વગેરે. વળી, ક્યારેક જાતિફેરે વપરાતા શબ્દો મળે છે; જેવા કે–પ્રયત્ન કરવું, પુરુષાર્થ કરવું, વગેરે. આ ઉપરાંત સૂચવન (સૂચન), તું આ ભવને વિશે ઉત્તમ છું, નિર્મમત્વતા (નિર્મમ), તાદૃશ્ય (તાદૃશ), આકળો (આકરો), અહિયાસવા (અભ્યાસવા), ઉપાધિગ્રાહ્ય (ગ્રસ્ત), પ્રત્યતી (સંબંધી), કંઇ (કઈ), વગેરે અપ્રચલિત રૂપો પણ તેમાં મળે છે. કેટલીક વખત શ્રીમદ્દે ભારપૂર્વક જણાવવા

શબ્દમાં અક્ષરો બેવડાવેલા પણ જોવા મળે છે; જેમ કે — અડગ્ગપણે, બચ્ચારાં, એક્કે, સાહાય્યકપણું, યથોચ્ચિત વગેરે. આધુનિક જમાનામાં ઉપયોગમાં ન હોય તેવાં શબ્દરૂપો પણ તેમના પત્રાદિ સાહિત્યમાં જોવા મળે છે. દાખલા તરીકે, બચારાં, પરમાર્થિ, મેળવ્યા રહો, વર્તના, મનુષ્ય (ન.), ઇચ્છના, જોગ્યતા, તિમિરતા, પૂર્વિત, ઘટારત, પર્યંત (સંબંધી), ચિંતિત રહેવું, એકપ્રાય ધોરણ, સચોડી, કઠણાઈ, સરળાઈ, સાતું નથી, સ્હેવું રહે છે, સમાપ્તતા, પ્રવર્ધના, પ્રત્યેના, ભણીમાં, વિનય સંપન્નતા, ચ્રજવું, જથાજોગ, દુઃખમતા, પાનારો, પ્રારંભતા, આવર્ણિક દૃષ્ટિથી, દૈન્યતા, વૃદ્ધતા, વ્યતીતતા, મળતું નથી ('ભળતું નથી'ના અર્થમાં), નિત્ય પ્રત્યે ('હંમેશ'ના અર્થમાં), ચિંતના વર્તિયે છૈયે, મધ્યમા વાચા, કહેતા હવા, સન્નીપાતી, પોચે ('પહોંચે'ના અર્થમાં), વ્હાલપ, ગયા કરે છે, સહનતા, જાત્યાંતર, જાતિફેર, સહજાકાર, પર્યાયિક, શ્રવણવું, સ્મરણવું, વિરોધવું, અવિવેકતા, શ્રદ્ધાગ્રાહ્ય, મેળવ્યા રહો—વગેરે વિશિષ્ટ શબ્દોનો કે શબ્દસમૂહનો ઉપયોગ તે શ્રીમદ્‌ની ભાષાની એક વિશિષ્ટ લાક્ષણિકતા ગણી શકાય. આ બધાં શબ્દોનાં ઉપયોગવાળાં વચનો વ્યાકરણની દૃષ્ટિએ દોષિત બનેલાં છે, પણ તેમ છતાં તે શબ્દોના અર્થ કે વાક્યો સમજવામાં કશી મુશ્કેલી આવતી નથી. આ પ્રકારના શબ્દોનો પ્રયોગ તેમના ગદ્ય સાહિત્યની જેમ પદ્ય-સાહિત્યમાં પણ જોવા મળે છે.

શબ્દોના પ્રયોગની દૃષ્ટિએ કેટલીક વિશેષતા શ્રીમદ્‌ના લખાણમાં જોવા મળે છે, પણ ઘણી વખત તો તે તેમનાં ગદ્યના વિશદતા, પ્રાસાદિકતા, પ્રતીતિકરતા વગેરે ગુણોને ખીલવવામાં પણ મદદ કરે છે, અને એથી તે તેમના ગદ્યની પ્રવાહિતાને લય પણ આપે છે. આવું બીજા બહુ ઓછા લેખકોમાં જોવા મળે છે. શ્રીમદ્‌ની શૈલી વિશે શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈએ લખ્યું છે કે:—

"આચાર્ય આનંદશંકરના શબ્દોમાં 'ગાંધીજી......એક સાદા પત્રકાર છે. પણ પત્રકાર તરીકે એમણે ગુજરાતી ભાષામાં સાદી, સીધી અને સચોટ, છતાં તળપદી નહિ કિંતુ આત્મસંસ્કારની સાદી શોભા ધરાવતી એવી, કોઈક અવર્ણનીય શૈલી દાખલ કરી છે, જે વિદ્વાન અને અવિદ્વાન સર્વને સરખી રીતે મુગ્ધ કરી મૂકે છે.' એવી ગાંધીજીની શૈલી કરતાં રાયચંદભાઈની શૈલી વધુ પ્રૌઢ, સંસ્કૃત, મિત અને સચોટ – અનુભવના અમૃતમય છે – કોઈ અપૂર્વ શૈલી છે."[૫૬]

૫૬. "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ", પૃ. ૭૨૨.

## પ્રકરણ ૧૧

# શ્રીમદ્‌ના ઉપદેશની લેવાયેલી નોંધો

શ્રીમદ્ રાજચંદ્રનું લગભગ બધું જ સાહિત્ય – લખાણ મુદ્રિત થયેલું છે. અને થોડાક ધર્મેતર વિષયોની ગદ્યરચનાઓ સિવાયનું બધું જ સાહિત્ય "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં સંગ્રહીત કરી લેવામાં આવ્યું છે. આ ઉપરાંત શ્રીમદ્‌ના સાહિત્માં તેમણે પ્રસંગોપાત્ત આપેલા સદ્‌ઉપદેશની નોંધ કેટલાક મુમુક્ષુએ ઉતારી લીધેલી, તેના આધારે "ઉપદેશનોંધ", "ઉપદેશછાયા" અને "વ્યાખ્યાનસાર-૧ અને ૨" નામના વિભાગો પણ આ ગ્રંથમાં આપવામાં આવ્યા છે, તે વિશે આપણે અહીં જોઈશું.

આ ચારે વિભાગોમાંનું લખાણ મૂળ શ્રીમદ્‌ના હસ્તાક્ષરનું નથી, પરંતુ તેમના સમાગમમાં આવનાર મુમુક્ષુઓએ શ્રીમદ્ તરફથી થયેલા બોધને પોતાની સ્મૃતિના આધારે ઉતારી લીધેલ, તેની નોંધો છે. સ્મૃતિના આધારે ઉતારી લેવાયેલાં આ લખાણોની ભાષા શ્રીમદ્‌નાં લખાણોની ભાષા સાથે સરખાવતાં તેમાં ખાસ કંઈ ફેર જોવા મળતો નથી. લગભગ શ્રીમદ્‌ની જ કહી શકાય એવી આ ભાષા છે શ્રીમદ્‌ના અંતેવાસી કેટલાક મુમુક્ષુઓને શ્રીમદ્ તરફ એટલો બધો પૂજ્યભાવ હતો અને તેમનાં વચનોમાં એટલી બધી શ્રદ્ધા હતી કે શ્રીમદ્ જે કંઈ બોલતા તે તેઓ ખૂબ ચીવટપૂર્વક અક્ષરશઃ પોતાની સ્મૃતિમાં ધારણા કરી લેતા અને તરત જ ભાષામાં તે ઉતારી લેતા. ક્યારેક આવી ઉતારી લીધેલી નોંધ તેઓ શ્રીમદ્‌ને બતાવી પણ જોતા, અને શ્રીમદ્ તેમાં ક્યારેક આવશ્યક સુધારા પણ કરી આપતા. આમ આ બધાં લખાણોમાં વિચારો શ્રીમદ્‌ના જ છે એટલું જ નહિ, બીજાને હાથે સ્મૃતિના આધારે ઉતારાઈ લેવાયેલાં તે વચનોની ભાષા પણ લગભગ શ્રીમદ્‌ની જ છે એમ કહી શકાય.

શ્રીમદ્‌નાં વચનોની આવી રીતે લેવાયેલી નોંધમાં વહેલામાં વહેલી નોંધ આપણને વિ. સં. ૧૯૫૦ની મળે છે. અને આવી નોંધ મોડામાં મોડી વિ. સં. ૧૯૫૭ સુધીની એટલે કે શ્રીમદ્‌ના અંતસમય સુધીની મળે છે. આમ આ નોંધનો ગાળો ૭ વર્ષ જેટલો લાંબો થવા જાય છે પરંતુ તે વચનો વાંચતાં શ્રીમદ્‌ના વિચારોમાં કોઈ જાતનું પરિવર્તન થયું હોય તેમ જોવા મળતું નથી; તેમણે જે વિચારો પહેલાં પ્રદર્શિત કર્યા હતા તે છેવટ સુધી કાયમ જ રહ્યા હતા. આ બીના શ્રીમદ્‌ના વિચારોની પરિપક્વતા તથા કોઈ પણ અભિપ્રાય પૂરેપૂરો વિચાર કર્યા પછી, બરાબર તોલીજોખીને જ વ્યક્ત કરવાની તેમની પદ્ધતિનો ખ્યાલ આપે છે.

આ નોંધોમાં અંગત બાબતો, ગ્રંથ વિશેની બાબતો, પ્રશ્નોત્તરી, કેટલાક સિદ્ધાંતોની વાતો, વગેરેનો સમાવેશ થતો હોવાથી તેમાં વિષયવૈવિધ્ય પણ સારા પ્રમાણમાં રહેલું છે.

## "ઉપદેશનોંધ"

શ્રીમદ્‌ના પરિચયમાં આવનાર શ્રી મનસુખભાઈ કીરતચંદ, શ્રી ત્રિભોવનભાઈ, અંબાલાલભાઈ વગેરેએ પોતાને શ્રીમદ્ તરફથી સાંભળવા મળેલાં વચનો નોંધી લીધાં હતાં, જે પાછળથી "ઉપદેશનોંધ" તરીકે પ્રગટ થયેલ છે.

વર્ષના અમુક મહિના શ્રીમદ્ મુંબઈની બહાર આણંદ, વડવા, ખંભાત, કાવિઠા, મોરબી વવાણિયા, વઢવાણ, નડિયાદ, સાયલા, ખેડા વગેરે સ્થળોએ નિવૃત્તિ અર્થે રહેતા. તે વખતે તેઓ તેમના સમાગમ માટે આવનાર વ્યક્તિઓ સાથે વાર્તાલાપ કરતા કે બોધ આપતા. આમાંથી આવી વ્યક્તિઓએ પોતાની સ્મૃતિના આધારે ઉતારી લીધેલો બોધ તે "ઉપદેશનોંધ" તરીકે સચવાયેલ છે.

"ઉપદેશનોંધ"ના ૪૧ વિભાગ કરવામાં આવ્યા છે.[૧] તેમાં જુદીજુદી વ્યક્તિઓને થયેલા શ્રીમદ્‌ના પરિચય અંગેની તથા ઉપદેશની નોંધ જોવા મળે છે. વળી, સમયની દૃષ્ટિએ જોઈએ તો તે વિ. સં. ૧૯૫૦થી ૧૯૫૭ સુધીનો સાત વર્ષ જેટલો લાંબો ગાળો છે. એટલે કે શ્રીમદ્‌નાં અંતિમ વર્ષોમાં અપાયેલો આ બોધ છે.

અનેક વિષયો પરત્વેના શ્રીમદ્‌ના વિચારો આમાં વ્યક્ત થયા છે. તેમાં તત્કાલીન પ્રસંગો વિશેનાં, ગ્રંથો વિશેનાં, વ્યક્તિ વિશેનાં, પદો, સ્તવનો કે શ્લોકોની સમજણ આપતાં દૃષ્ટાંતો આપતાં, એમ વિવિધ વિષયો પરત્વેનાં તેમનાં વચનોનો સમાવેશ થયેલો છે. કેટલીક વખત કબીર, નરસિંહ, અખાજી આદિની પદ્યપંક્તિઓ પણ તેમાં ટાંકેલી જોવા મળે છે.

શ્રી મનસુખભાઈએ કરેલી[૨] નોંધમાં વિવિધતા પણ છે. તેમાં તેમની અંગત બાબતો, તત્કાલીન પ્રસંગો, ગ્રંથ વિશેના અભિપ્રાયો વગેરેનો સમાવેશ થાય છે. શ્રીમદે તેમના મનનું સમાધાન કરવા માટે કહેલાં વચનો પણ અહીં જોવા મળે છે; જેમ કે "**વિશેષ થઈ શકે તો સારું. જ્ઞાનીઓને પણ સદાચરણ પ્રિય છે. વિકલ્પ કર્તવ્ય નથી.**" "**તિથિ પાળવી.**"[૩] વગેરે.

---

૧. પહેલા ૨૬ ભાગ મનસુખભાઈની નોંધમાંથી, ૨૭થી ૩૧ આંકના વિભાગ ત્રિભોવનભાઈની નોંધમાંથી, ૩૨થી ૩૭ના આંક ખંભાતના જુદા જુદા મુમુક્ષુઓની નોંધમાંથી, ૩૯–૪૦ આંક મોરબીના મુમુક્ષુની નોંધમાંથી, ૪૧મો આંક અંબાલાલભાઈની નોંધમાંથી ઉતારેલ છે; અને ૩૮મા આંકમાં ખેડાના એક વેદાંતી વકીલ સાથેનો પ્રસંગ નોંધ્યો છે.

૨. શ્રી મનસુખભાઈએ કરેલી શ્રીમદ્‌ના ઉપદેશની નોંધ "શ્રીમદ્ રાજચંદ્રની જીવનરેખા"માં "શ્રીમદ્‌નો સાક્ષાત્ સમાગમ" એ શીર્ષક નીચે પ્રગટ થઈ છે. તેમાં તે નોંધોનો આશરે સમય આપાયેલો છે. આમાંનો ઘણોખરો ભાગ "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં લેવામાં આવ્યો છે. આ ગ્રંથમાં લેવાયેલી પ્રત્યેક નોંધ વિશે નિશ્ચિત તિથિ આપેલી છે.

૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૬૨.

શ્રી મનસુખભાઈને "ષડ્‌દર્શન સમુચ્ચય", "તત્ત્વાર્થસૂત્ર", "યોગદૃષ્ટિ સમુચ્ચય", "ગોમ્મટસાર" આદિ ગ્રંથો વાંચવાની ભલામણ કરતાં વચનો પણ અહીં મળે છે. સાથેસાથે "શાંતસુધારસ", "આપ્તમીમાંસા", "યોગબિંદુ" વગેરે ગ્રંથોનું વિવેચનપૂર્ણ ભાષાંતર કરવાની ભલામણ શ્રીમદ્દે તેમને કરી હતી તે પણ અહીં જાણવા મળે છે. જુઓ એ વચનો: "શ્રી 'શાંતસુધારસ' નું પણ ફરી વિવેચનરૂપ ભાષાંતર કરવા યોગ્ય છે, તે કરશો."[૪] "ષડ્‌દર્શન સમુચ્ચયનું ભાષાંતર થયેલ છે, પણ સુધારી ફરી કરવા યોગ્ય છે. ધીમે ધીમે થશે, કરશો. આનંદઘનજી – ચોવીશીના અર્થ પણ વિવેચન સાથે લખશો."[૫] આમ ગ્રંથનું ભાષાંતર કે વિવેચન કરવા જણાવતાં શ્રીમદ્‌નાં ઘણાં વચનો અહીં જોવા મળે છે. તે બતાવે છે કે શાસ્ત્રના કાર્યની બાબતમાં શ્રીમદ્‌ને મનસુખભાઈ પર ઘણી શ્રદ્ધા હશે. અને તેને લીધે અધ્યયનયોગ્ય ગ્રંથોની સૂચિ મનસુખભાઈ પાસે હોય તે સ્વભાવિક છે.

શ્રી મનસુખભાઈ પ્રતિની શ્રીમદ્‌ની શ્રદ્ધા તો "મોક્ષમાળા"ની બીજી આવૃત્તિ માટે જે વચનો તેમણે મનસુખભાઈને લખ્યાં હતાં તેમાં જોવા મળે છે.[૬] શ્રીમદ્ પોતાના ગ્રંથ વિશે પણ તેઓને માહિતી આપે છે. "મોક્ષમાળા" ક્યારે, કેટલા દિવસમાં રચી હતી તે વગેરે વિશેની માહિતી પણ શ્રી મનસુખભાઈની નોંધમાં જોવા મળે છે; તે સાથે અન્ય ગ્રંથો વિશે શ્રીમદ્દે પોતાના અભિપ્રાયો વ્યક્ત કરેલા જોવા મળે છે.

"ભગવદ્‌ગીતા"નું મણિલાલ નભુભાઈએ કરેલું ભાષાંતર, "સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા" વગેરે વિશે પણ તેમને અભિપ્રાય આપ્યો છે. ઉદાહરણ તરીકે —

> "ભગવદ્‌ગીતામાં પૂર્વાપર વિરોધ છે, તે અવલોકવા તે આપેલ છે, પૂર્વાપર શું વિરોધ છે તે અવલોકનથી જણાઈ આવશે. પૂર્વાપર અવિરોધ એવું દર્શન, એવાં વચન તે વીતરાગનાં છે."

> "મણિભાઈ કહે છે (ષડ્‌દર્શન સમુચ્ચયની પ્રસ્તાવનામાં) કે હરિભદ્રસૂરિને વેદાંતની ખબર ન હતી, વેદાંતની ખબર હોત તો એવી કુશાગ્રબુદ્ધિના હરિભદ્રસૂરિ જૈન તરફથી પોતાનું વલણ ફેરવી વેદાંતમાં ભળત. ગાઢ મતાભિનિવેશથી મણિભાઈનું આ વચન નીકળ્યું છે. હરિભદ્રસૂરિને વેદાંતની ખબર હતી કે નહીં એ મણિભાઈએ હરિભદ્રસૂરિનો 'ધર્મસંગહણી' જોયો હોત તો ખબર પડત. હરિભદ્રસૂરિને વેદાંતાદિ બધાં દર્શનોની ખબર હતી. તો બધાં દર્શનોની પર્યાલોચનાપૂર્વક તેમણે જૈનદર્શનને પૂર્વાપર અવિરોધ પ્રતીત કર્યું હતું. અવલોકનથી જણાશે. 'ષડ્‌દર્શનસમુચ્ચય'ના ભાષાંતરમાં દોષ છતાં મણિભાઈએ ભાષાંતર ઠીક કર્યું છે. બીજા એવું પણ ન કરી શકે. એ સુધારી શકાશે."[૭]

---

૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૭૨.

૫. એજન, પૃ. ૬૭૧.

૬. એજન, પૃ. ૬૭૨. જુઓ, આ પુસ્તકનું પ્રકરણ ૩ અને ૧૩.

૭. એજન, પૃ. ૬૭૦.

આ વચનોમાં શ્રીમદ્‌ની નિષ્પક્ષતા તથા સત્યનો પ્રેમ જોવા મળે છે. મણિભાઈની ભૂલ અહીં વ્યક્ત કરી છે, છતાં તેમાં અંગત રાગ કે દ્વેષ કશું જોવા મળતું નથી. તેઓ તો સહજ રીતે જ અભિપ્રાય આપે છે.

"ઉપદેશનોંધ"માં શ્રીમદ્દે આનંદઘનજીના "અજિતનાથ સ્તવન"ની "તરતમ યોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર–પંથડો." એ પંક્તિ સુંદર રીતે સમજાવેલી છે.[૮] એ સમજાવ્યા પછી તેમણે મનસુખભાઈને ભલામણ કરી છે કે, "આનંદઘનજીની ચોવીશી મુખપાઠ કરવા યોગ્ય છે. તેના અર્થ વિવેચનપૂર્વક લખવા યોગ્ય છે, તેમ કરશો."[૯] આ ઉપરાંત શ્રી હેમચંદ્રાચાર્યના "યોગશાસ્ત્ર"ના મંગલાચરણનો શ્લોક, શ્રી સમંતભદ્રાચાર્યના "દેવાગમસ્તોત્ર"નું પ્રથમ પદ, "ગંધહસ્તી મહાભાષ્ય"નું પ્રથમ સ્તોત્ર વગેરેની સાર્થ સમજણ તેમણે આપેલી છે.

આમ શ્રી મનસુખભાઈએ લખેલી નોંધ જોઈએ તો તેનો મોટો ભાગ અધ્યયન યોગ્ય ગ્રંથોની સૂચિ, કેટલાક ગ્રંથો વિશેના શ્રીમદ્‌ના અભિપ્રાય, કે કેટલાંક શ્લોકો ને પદોની સમજણ વગેરે ગ્રંથોને લગતી જ માહિતી આપવામાં રોકાયેલો છે.

તેમ છતાં તેમાં તત્કાલીન પ્રસંગો વિશેના તેમના કેટલાક અભિપ્રાય પણ જોવા મળે છે; જેમ કે :—

> "વર્તમાનકાળમાં ક્ષયરોગ વિશેષ વૃદ્ધિ પામ્યો છે, અને પામતો જાય છે. એનું મુખ્ય કારણ બ્રહ્મચર્યની ખામી, આળસ અને વિષયાદિની આસક્તિ છે. ક્ષયરોગનો મુખ્ય ઉપાય બ્રહ્મચર્ય સેવન, શુદ્ધ સાત્ત્વિક આહારપાન અને નિયમિત વર્તન છે."[૧૦]

> "'ઇનોક્યુલેશન'—મરકીની રસી. રસીના નામે દાક્તરોએ આ ધતિંગ ઊભું કર્યું છે. બિચારાં નિરપરાધી અશ્વ આદિને રસીના બહાને રિબાવી મારી નાખે છે. હિંસા કરી પાપને પોષે છે, પાપ ઉપાર્જે છે. પૂર્વ પાપાનુબંધી પુણ્ય ઉપાર્જ્યું છે, તે યોગે વર્તમાનમાં તે પુણ્ય ભોગવે છે, પણ પરિણામે પાપ વહોરે છે; તે બિચારા દાક્તરોને ખબર નથી. રસીથી દરદ દૂર થાય ત્યારની વાત ત્યારે, પણ અત્યારે હિંસા તો પ્રગટ છે. રસીથી એક કાઢતાં બીજું દરદ પણ ઊભું થાય."[૧૧]

શ્રીમદ્ આધ્યાત્મિક દૃષ્ટિથી રસીની ખૂબ વિરુદ્ધ હતા તે ઉપરનાં અવતરણથી જોઈ શકાય છે.

આ ઉપરાંત આત્મારામજી,[૧૨] ચંદ્રસૂરિ,[૧૩] આનંદઘનજી,[૧૪] હેમચંદ્રાચાર્ય[૧૫] વગેરે વ્યક્તિઓ વિશે પણ લખ્યું છે. તેમાં પણ આનંદઘનજી અને હેમચંદ્રાચાર્યની આત્માર્થતા બાબતમાં તો લગભગ નાના લેખ જેવું વ્યવસ્થિત લખાણ "ઉપદેશનોંધ"માં જોવા મળે છે. તે બંનેએ લોકો પર કઈ રીતે કયા પ્રકારનો ઉપકાર કર્યો છે તે સવિગત જણાવેલ છે.

---

૮. ૯. "શ્રીમદ્ રાજચંદ્ર" અગાસ, આવૃત્તિ ૧, પૃ. ૬૬૪.

૧૦. એજન, પૃ. ૬૭૦.

૧૧. એજન, પૃ. ૬૬૯–૭૦.

૧૨. ૧૩. ૧૪. ૧૫. એજન, પૃ. ૬૬૪ થી ૬૬૭.

શ્રી મહીપતરામ રૂપરામ જૈનધર્મને લોકોની અધોગતિ કરાવનાર ગણાવતા હતા, તેમની પાસે એક પ્રસંગે વાર્તાલાપ દ્વારા શ્રીમદ્દે જૈનધર્મને લોકોની ઉન્નતિ કરાવનાર કબૂલ કરાવ્યો હતો, તે સમયનો રસિક વાર્તાલાપ પણ મનસુખભાઈની નોંધમાં છે.[૧૬] તેમાંથી તેઓ બંનેની સરળતા તથા સત્ય જલદી સ્વીકારી લેવાનો ગુણ તરત નજરે તરી આવે છે.

સારી વસ્તુ સર્વ ઠેકાણેથી ગ્રહણ કરવાનો ગુણ તથા મતમતાંતરમાં ન પડવાની શ્રીમદ્દની રીતિ કબીર, નરસિંહ આદિનાં પદોમાંથી તેમણે આપેલાં અવતરણો પરથી જોઈ શકાય છે. તેઓ માત્ર જૈનધર્મને જ ગ્રહીને એકાંતવાદી બન્યા હોત તો તેઓ સર્વનું સારું સ્વીકારી શકત નહિ. તેઓ જાતિવેશના ભેદમાં માનતા ન હતા. તેમનાં વાણી, વર્તન સર્વ એકરૂપ હતાં. તેમની આ નીતિને પરિણામે તેઓ પ્રતિમાને પણ માનતા, પ્રતિમાની પૂજા કરતા, અને બીજાને તેમ કરવા ભલામણ પણ કરતા.[૧૭] એ બધું આપણે અહીં જાણી શકીએ છીએ.

શ્રી ત્રિભુવનભાઈએ મનઃપર્યવજ્ઞાન, પાંચ ઇંદ્રિયોના વિષયનો ત્યાગ, વ્રત, મોહકષાય તથા મોક્ષમાર્ગની આસ્થા અને શ્રદ્ધા વિશેના વિચારો ઉતારી લીધા છે. જેમ જેમ મતિજ્ઞાનની નિર્મળતા વધતી જાય તેમ તેમ આત્માનું સંયમપણું આવે છે. અને તેથી મનઃપર્યવજ્ઞાન પ્રગટે છે, તેમાં પારકાના મનના ભાવ જાણી શકાય છે. પાંચ ઇંદ્રિયોના વિષયોને સતત મોળા પાડવા પ્રયત્ન કરતા રહેવા અહીં ભલામણ કરાઈ છે, કારણ કે તેમ કરવામાં ન આવે તો યોગ્ય સમયે કષાયનો ત્યાગ થઈ શકતો નથી. અને એ ન થાય તો આત્મામાં સંયમપણું આવી શકતું નથી. કષાયનો ત્યાગ કરવા વ્રત ઉપયોગી છે. પણ તે જ્ઞાનીની આજ્ઞાએ કરવાં, નહિતર તેમાં મોળા પડી જવાય છે. વ્રતનો ભંગ થાય છે, તેવી સમજણ અહીં અપાયેલી છે. આ પછી મોહકષાયના સંબંધમાં ક્રોધ, માન, માયા અને લોભ એ ક્રમ કઈ અપેક્ષાથી રખાયો છે તે તેમણે સમજાવ્યું છે. અને તે પછી જ્ઞાનીઓએ બતાવેલા મોક્ષમાર્ગમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખવા ભલામણ તેમણે કરી છે. આમ શ્રી ત્રિભોવનભાઈની નોંધમાંથી શ્રીમદ્દનાં કેટલાંક મંતવ્યો જાણવા મળે છે.

"ઉપદેશનોંધ"ના ૩૨મા વિભાગમાં "સૂયગડાંગસૂત્ર"ના ૮મા અધ્યયનની બે ગાથાના અર્થ વિશે કોઈને શંકા થતાં, તે વિશેનું સમાધાન આપેલું છે. કઈ અપેક્ષાથી કયો અર્થ લેવાનો છે તેની સાચી સમજણ અહીં મળે છે.

તે પછી માણસે નિત્યક્રમ તરીકે શું શું કરવું જોઈએ તેની યાદી આપેલી છે. તેમાં સવારે અને રાત્રે એમ બે વખત થયેલા દોષોની ક્ષમા માગવી, અર્થાત્ પ્રતિક્રમણ કરવું, ૪ ઘડી સુધી સત્શાસ્ત્રનું અધ્યયન કરવું કે સત્પુરુષના સમાગમમાં રહેવું, એક ઘડી "પરમગુરુ" અને "સર્વજ્ઞદેવ"ની પાંચ પાંચ માળા ઉપરાંત સત્પુરુષોનાં વચનોનું રટણ કરવું, સાત વ્યસનોનો ત્યાગ કરવો, રાત્રિભોજનનો ત્યાગ કરવો, રસનેન્દ્રિય પર કાબૂ રાખવો, પરિગ્રહનું નિયમન કરવું, બ્રહ્મચર્ય પાળવું વગેરે નિયમો બતાવ્યા છે. તેમાંથી જેટલે અંશે પાળી શકાય તેટલે અંશે લાભ થાય. અહીં શ્રાવકને યોગ્ય આચારો જણાવાયા છે, સાધુ માટે તેથી પણ કડક નિયમો જૈનધર્મમાં દર્શાવાયા છે.

૧૬–૧૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૬૪ થી ૬૬૭.

લગભગ આ જ જાતની નોંધ આપણને ૩૬ મા વિભાગમાં જોવા મળે છે. તે પણ શ્રીમદ્‌ના ઉપદેશમાંથી જ કોઈ મુમુક્ષુએ તારવેલી છે. અને તેની શરૂઆતમાં સંન્યાસી, ગોસાંઈ અને યતિ વિશે સુંદર વ્યાખ્યા આપેલી છે; જુઓ —

> "સર્વ વાસનાનો ક્ષય કરે તે સંન્યાસી, ઇન્દ્રિયોને કાબૂમાં રાખે તે ગોસાંઈ, સંસારને પાર પામે તે યતિ (જતિ)."[૧૮]

૩૪ મા વિભાગમાં સત્ય વિશે લઘુલેખ અપાયો છે. તેમાં સત્ય એટલે શું? સત્યના પ્રકાર, તે પ્રકારની યથાર્થતા સમજાવતાં દૃષ્ટાંતો, કષાયો મોહનીયના અંગભૂત છે, તેના ક્ષયથી જ જ્ઞાનાવરણાદિનો ક્ષય થાય છે, અને તે પછી જ પરમાર્થ સત્ય બોલી શકાય છે. કષાયોનો ક્ષય કરવાના ઉપાય, સાચો મુનિ કોણ? વગેરે બાબતોની સમજણ અહીં અપાયેલી છે. તેમાં સત્યના પરમાર્થ અને વ્યવહાર એમ બે પ્રકાર બતાવ્યા છે. વ્યવહાર-સત્યના પણ બે વિભાગ કર્યા છે: સર્વથા પ્રકારે અને દેશથી. એ બધાનાં દૃષ્ટાંતો પણ અહીં અપાયાં છે. અને અંતભાગમાં ગૃહસ્થે દેશથી સત્ય વચન બોલવું જોઈએ તે કયા પ્રકારે તે વિશે લખ્યું છે કે:—

> "કન્યાલીક, મનુષ્યસંબંધી અસત્ય; ગોવાલીક, પશુસંબંધી અસત્ય; ભૌમાલીક, ભૂમિસંબંધી અસત્ય; ખોટી સાક્ષી, અને થાપણમૃષા એટલે વિશ્વાસથી રાખવા આપેલા દ્રવ્યાદિ પદાર્થ તે પાછા માગતાં તે સંબંધી ઇનકાર જવું તે. આ પાંચ સ્થૂળ પ્રકાર છે. આ સંબંધમાં વચન બોલતાં પરમાર્થ સત્ય ઉપર ધ્યાન રાખી, યથાસ્થિત એટલે જેવા પ્રકારે વસ્તુઓનાં સમ્યક્ સ્વરૂપ હોય તેવા પ્રકારે જ કહેવાનો નિયમ તેને દેશથી વ્રત ધારણ કરનારે અવશ્ય કરવા યોગ્ય છે."[૧૯]

છ દર્શનોમાં જૈનધર્મ શા માટે ઉત્તમ છે અને તેમ હોવા છતાં લોકો અન્ય દર્શન પ્રત્યે શા માટે આકર્ષાય છે, તે દર્શાવવા તેમણે વૈદનું દૃષ્ટાંત આપ્યું છે. જુદી જુદી કક્ષાના છ વૈદો છે, તેમાંથી એકની ચિકિત્સા કરવાની શક્તિ અદ્‌ભુત છે, સાથે સાથે ઔષધો પણ એવાં જ અસરકારક છે, તેથી તેની પાસે જનાર રોગી એકદમ તંદુરસ્ત થઈને આવે છે. પણ તેની ફી ભારે છે. બીજા વૈદો પાસે થોડીઘણી ચિકિત્સાશક્તિ અને અમુક પ્રમાણમાં સારાં ઔષધો છે. તેથી તેની પાસે જનાર રોગી સંપૂર્ણ તંદુરસ્ત ન થતાં જેટલા પ્રમાણમાં ઔષધો સારાં તેટલા પ્રમાણમાં નીરોગી બને છે. પણ આ વૈદોની ફી પહેલાના પ્રમાણમાં ઘણી ઓછી છે તેથી લોકો એના તરફ વધુ આકર્ષાય છે. એવું જ ષડ્‌દર્શનની બાબતમાં છે. વીતરાગદર્શન એ સંપૂર્ણ દર્શન છે, પણ તેમાં પાળવાના નિયમો ઘણા કડક છે, તેથી લોકોને આકરું લાગે છે — જેમ કડવું ઔષધ પીવું આકરું લાગે તેમ. તેથી તેઓ સંપૂર્ણ નીરોગી થવાનો લોભ છોડી દે છે. બીજાં દર્શનોમાં અમુક સાચું અને અમુક કલ્પિત આવે છે, પણ ત્યાંના નિયમોની શિથિલતાને લીધે અમુક લોકોને સારું લાગે છે. આ બધું સુંદર રીતે સમજાવાયેલ છે.[૨૦]

---

૧૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૭૮

૧૯. એજન, પૃ. ૬૭૭. ૨૦. એજન, પૃ. ૬૭૭-૭૮.

ખેડાના એક વિદ્વાન વકીલ ભટ્ટ પુંજાભાઈ સોમેશ્વર સાથેનો શ્રીમદ્‌નો વાર્તાલાપ પણ કેટલીક બાબતો વિશે સારી માહિતી આપે છે. વકીલ વેદાંતી હતા, તેથી તેમણે તેમના દૃષ્ટિબિંદુથી પ્રશ્નો પૂછ્યા છે, અને શ્રીમદે તેમના પોતાના અનુભવ પ્રમાણે ઉત્તરો આપ્યા છે. આ પ્રશ્નો મુખ્યત્વે આત્માને લગતા છે, તે આત્માના અસ્તિત્વ, નિત્યત્વ વગેરે વિશે તથા કર્મ વગેરે વિશે પુછાયા છે. તેના ઉત્તરમાં શ્રીમદે આત્મા છે, જીવ અનેક છે, કર્મ છે, પુનર્જન્મ છે વગેરે પોતાના અનુભવની શ્રદ્ધા સાથે જણાવ્યું છે. આ પ્રશ્નોત્તરી શ્રીમદ્‌ની આત્મા અને તેનાં છ પદની અચળ શ્રદ્ધા વ્યક્ત કરે છે.[૨૧]

અહીં બે સંસ્કૃત શ્લોકોની સમજણ પણ આપેલી જોવા મળે છે. તેમાં એક સદ્‌ગુરુનું માહાત્મ્ય બતાવતો "ગુરુગીતા"નો શ્લોક છે અને બીજો સમંતભદ્રાચાર્ય રચિત "દેવાગમસ્તોત્ર"ના મંગલાચરણનો શ્લોક છે. તેમાં તેમણે પરમ આપ્ત પુરુષને વંદન કર્યું છે અને એ શ્લોક તેમણે વિસ્તારથી સમજાવ્યો છે.[૨૨]

"ઉપદેશનોંધ"માં આઠ કર્મની સમજણ પણ જોવા મળે છે. તેમાંનાં ચાર ઘાતી અને ચાર અઘાતી શા કારણથી કહેવાય છે તે સમજાવાયું છે. સાથે સાથે જ્ઞાની અને અજ્ઞાનીની વર્તનાનો ભેદ પણ તેમાં દર્શાવાયો છે.[૨૩]

"ઉપદેશનોંધ"ના અંતભાગમાં જીવના ચાર પ્રકારના ભેદ ચાર પ્રકારના ગોળાનાં દૃષ્ટાંતે થઈ શકે છે તે બતાવ્યું છે. આ ભાગ ખંભાતના શ્રી અંબાલાલભાઈની નોંધમાંથી લીધેલ છે. મીણ, લાખ, લાકડું અને માટી એ ચાર વસ્તુના જુદા જુદા ગોળા અગ્નિ પાસે જુદી જુદી રીતે વર્તે છે, તે પ્રમાણે એ ચાર જાતના જીવો સદ્‌ગુરુરૂપી અગ્નિ પાસે જુદી જુદી રીતે વર્તે છે, તે તેમાં વિસ્તારથી સમજાવાયું છે.[૨૪] આ ભાગ "મોક્ષમાળા"ના ૧૧મા "સદ્‌ગુરુ તત્ત્વ ભાગ ૨" નામના પાઠની યાદ આપી જાય છે. તે પાઠમાં કાષ્ઠસ્વરૂપ, કાગળસ્વરૂપ અને પથ્થરસ્વરૂપ એ ત્રણ પ્રકારના ગુરુનું વર્ણન છે, તો અહીં મીણસ્વરૂપ, લાખસ્વરૂપ, લાકડાસ્વરૂપ અને માટીસ્વરૂપ એ ચાર પ્રકારના મુમુક્ષુઓનું વર્ણન છે. આ બંનેની ભાષાશૈલી પણ ખૂબ મળતી છે, તેથી તે વાંચતી વખતે એમાં શ્રીમદ્‌ના જ શબ્દો લગભગ ઉતારાયા હોય તેમ લાગે છે.

## "ઉપદેશછાયા"

વિ. સં. ૧૯૫૨ના શ્રાવણ તથા ભાદરવા માસમાં શ્રીમદ્ કાવિઠા, રાળજ, વડવા આદિ સ્થળોએ નિવૃત્તિ માટે રહ્યા હતા. તે સમયે ઘણા મુમુક્ષુઓ તેમના સત્સમાગમ માટે આવતા. તે વખતે શ્રીમદે જે ઉપદેશ આપ્યો હતો કે વાતચીત દરમ્યાન જે વિચારો વ્યક્ત કર્યા

૨૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ પૃ. ૬૮૦.

૨૨. એજન, પૃ. ૬૭૯.

૨૩. એજન, પૃ. ૬૮૦–૮૧.

૨૪. એજન, પૃ. ૬૮૧. ૮૨.

હતા, તે તેમના એક સમીપવાસી ભાઈ શ્રી અંબાલાલ લાલચંદે પોતાની સ્મૃતિના આધારે સંક્ષિપ્તપણે ઉતારી લીધેલા. એમાં ઉપદેશની છાયા ઝીલી લેવામાં આવેલ છે માટે તે વચનોના સંગ્રહને "ઉપદેશછાયા" નામ અપાયું છે. "શ્રીમદ્દ રાજચંદ્ર" ગ્રંથમાં નોંધ્યું છે તેમ કોઈ મુમુક્ષુ ભાઈનું એમ કહેવું છે કે તે વચનો તેમણે શ્રીમદ્દને બતાવ્યાં હતાં, અને શ્રીમદ્દે તેમાં કોઈક ઠેકાણે સુધારો પણ કર્યો હતો.[૨૫] શ્રી અંબાલાલભાઈની સ્મૃતિ ઘણી તીવ્ર હતી. તેઓ ઘણા દિવસ પછી પણ યાદ રાખવા ધારેલી વાતચીત શબ્દશઃ કહી આપતા. તેમની સ્મૃતિ માટે શ્રીમદ્દે જ કહ્યું હતું કે :—

> "અંબાલાલની વૃત્તિ અને દશા, પ્રથમ ભક્તિ અને વૈરાગ્યાદિના કારણે લબ્ધિ પ્રગટાવે તેવી હતી, તે એવી કે અમે ત્રણચાર કલાક બોધ કર્યો હોય તો બીજે દિવસે કે ત્રીજે દિવસે તેને લખી બતાવવા કહીએ તો તે બધું અમારા શબ્દોમાં જ લખી લાવતા."[૨૬]

શ્રી અંબાલાલભાઈએ "ઉપદેશછાયા"ના ૧૪ વિભાગ કર્યા છે. ક્યારેક સાથે સાથે અને ક્યારેક થોડા દિવસને અંતરે અપાયેલા શ્રીમદ્દના ઉપદેશ માટે પ્રત્યેક દિવસનો એક વિભાગ એમ કુલ ૧૪ વિભાગ કરી આ "ઉપદેશછાયા" લખી લેવામાં આવી છે.

"ઉપદેશછાયા" એ પ્રાસંગિક બોધનો સંગ્રહ છે. તેમાં કોઈની શંકાનું સમાધાન, કોઈના પ્રશ્નોના ઉત્તર અને તેના પરથી ફલિત થતાં અન્ય વચનોનો પણ સમાવેશ થાય છે. આથી આ વચનો વાંચીએ ત્યારે તેમાં સળંગસૂત્રતા જોવા મળતી નથી. તેમાં જુદા જુદા વિષયો પરત્વે શ્રીમદ્દે દિવસ દરમ્યાન વ્યક્ત કરેલા વિચારો વચનરૂપે ઉતારી લેવામાં આવ્યા છે. એટલે આ વચનો એકબીજામાંથી આપોઆપ ફલિત થતાં હોય એવું ન બને તે દેખીતું છે. વળી, તેમાં વિચારોનું પુનરાવર્તન જોવા મળે તે પણ સ્વાભાવિક છે.

"ઉપદેશછાયા" વાંચીએ ત્યારે સૌથી પહેલું ધ્યાન ખેંચે તેવું તત્ત્વ છે, તેમણે દર્શાવેલું સદ્ગુરુ અને સત્પુરુષનું માહાત્મ્ય. તેમાં સદ્ગુરુના ઉપદેશને અને સત્પુરુષના સમાગમને જીવનું કલ્યાણ થવા માટે સૌથી મોટું બાહ્ય સાધન કહેલું છે. જીવની પોતાની યોગ્યતા હોય તો સદ્ગુરુ કે સત્પુરુષ જેવું બીજું કોઈ ઉપકારી નથી, એ તેમનો નિશ્ચય છે. લગભગ પ્રત્યેક પાને જુદી જુદી રીતે તેમણે સત્પુરુષની ગુણગાથા કરી છે. તેમાંથી બેત્રણ નમૂના જોઈએ —

> "જેમ એક વરસાદથી ઘણી વનસ્પતિ ઊગી નીકળે છે, તેમ જ્ઞાનીની એક પણ આજ્ઞા આરાધતાં ઘણા ગુણો પ્રગટે છે."[૨૭]

> "જગતને બતાવવા જે કંઈ કરતો નથી તેને જ સત્સંગ ફળીભૂત થાય છે. સત્સંગ અને સત્પુરુષ વિના ત્રણે કાળને વિશે કલ્યાણ થાય જ નહિ."[૨૮]

---

૨૫. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૬૮૩.

૨૬. "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા", આવૃત્તિ ૪, પૃ. ૨૧૧.

૨૭ – ૨૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૬૬૬.

"સત્પુરુષો ઉપકાર અર્થે જ ઉપદેશ કરે છે તે શ્રવણ કરે, ને વિચારે તો જીવના દોષો અવશ્ય ઘટે, પારસમણિનો સંગ થયો, ને લોઢાનું સુવર્ણ ન થયું તો કાં તો પારસમણિ નહિ, અને કાં તો ખરું લોઢું નહિ. તેવી જ રીતે જે ઉપદેશથી સુવર્ણમય આત્મા ન થાય તે ઉપદેશ કાં તો સત્પુરુષ નહિ, અને કાં તો સામો માણસ યોગ્ય જીવ નહિ. યોગ્ય જીવ અને ખરા સત્પુરુષ હોય તો ગુણો પ્રગટ્યા વિના રહે નહિ."૨૯

યોગ્ય જીવને સૌથી ઉપકારી સાધન સત્પુરુષ છે એમ તેઓ દર્શાવે છે. સાથે સાથે પ્રત્યેક જીવ માટે સત્પુરુષની આજ્ઞા માનવી, જ્ઞાનીની આજ્ઞા પૂર્ણપણે પાળવા પ્રયત્ની થવું તે કલ્યાણકારી છે, એ પણ વારંવાર તેમણે સમજાવ્યું છે. જ્ઞાનીની આજ્ઞાના આરાધન વખતે પણ માયા, લોભ આદિ જીવને કેવી રીતે છેતરે છે, ભુલાવામાં નાખે છે, તે પણ દૃષ્ટાંતો સાથે તેમણે જુદી જુદી જગ્યાએ બતાવ્યું છે. જીવ જો સવળો થઈને મોહનીય આદિના ઉદયને પચાવી જાય તો તેનું કલ્યાણ થયા વિના રહે નહિ તેવો શ્રીમદ્દનો નિશ્ચય અહીં જોવા મળે છે. એ સુંદર પરિણામ મેળવવા માટે જીવની કેવી યોગ્યતા જોઈએ, એ યોગ્યતા મેળવવા કેવા સત્પુરુષ જોઈએ, તે સત્પુરુષનાં લક્ષણો કેવાં હોય તે તેમણે જુદી જુદી જગ્યાએ ઉપદેશેલું છે.

"ઉપદેશછાયા"માં આવું જ બીજું તત્ત્વ જોવા મળે છે, તે છે ધર્મનાં અને બીજાં મતમતાંતરોથી દૂર રહેવાનો ઉપદેશ. જૈનધર્મમાં વર્તમાન સમયમાં અનેક ફાંટા પડી ગયા છે: દિગંબર, શ્વેતાંબર, મૂર્તિપૂજક, તપા, ઢુંઢિયા, લોંકાગચ્છ વગેરે અનેક ભેદ છે. આ બંધાઈ ગયેલા જુદા જુદા વાડામાંથી કોઈ પણ એક સાથે બંધાઈ ન રહેતાં, તે બધાથી પર રહી, શ્રી તીર્થંકરપ્રભુએ દર્શાવ્યો છે તે માર્ગે જઈ આત્માનું કલ્યાણ કરવાનો ઉપદેશ તેમણે આપ્યો છે. આત્મા કેવો છે, તેના કયા કયા ગુણ છે, તે કઈ રીતે પ્રગટે એ મુખ્યપણે જાણી, તે પ્રગટાવવા પ્રયત્ન કરવો. અને તે ગુણો આવશે એટલે જ્ઞાન થતાં આપોઆપ આ સર્વ મતભેદોના દોષોનું નિરાકરણ થશે, તથા ઊઠતી શંકાઓનું પણ સમાધાન થશે. પરંતુ જો યોગ્યતા વિના તે બધાનું નિરાકરણ કરવા જીવ પ્રયત્ન કરે તો તેમાંથી મતમતાંતરનું પ્રમાણ વધશે અને દુરાગ્રહ વધશે. આથી આ બધા મતભેદોથી દૂર રહી તેમણે આત્મકલ્યાણ સાધવા ઉપદેશ્યું છે. આવા મતભેદોમાં ન રાચવાનું જણાવતાં તેઓ ઉપદેશે છે:—

"આત્માપેક્ષાએ કણબી, વાણિયો, મુસલમાન નથી. તેનો જેને ભેદ મટી ગયો છે તે જ શુદ્ધ, ભેદ ભાસે તે જ અનાદિની ભૂલ છે. કુળાચાર પ્રમાણે જે સાચું માન્યું તે જ કષાય છે."૩૦

"સાચો માર્ગ એક જ છે; માટે આગ્રહ રાખવો નહિ. હું ઢુંઢિયો છું, હું તપો છું, એવી કલ્પના રાખવી નહિ. દયા, સત્ય, આદિ સદાચરણ મુક્તિના રસ્તા છે, માટે સદાચરણ સેવવાં."૩૧

---

૨૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ પૃ. ૭૧૦.

૩૦. એજન, પૃ. ૭૧૧.

૩૧. એજન, પૃ. ૭૨૯.

"વાડામાં કલ્યાણ નથી; અજ્ઞાનીના વાડા હોય. ઢુંઢિયા શું ? તપા શું ? મૂર્તિ માને નહિ ને મુમતિ બાંધે તે ઢુંઢિયા; મૂર્તિ માને ને મુમતિ ન બાંધે તે તપા; એમ તે કાંઈ ધર્મ હોય! એ તો લોઢું પોતે તરે નહિ, અને બીજાને તારે નહિ તેમ. વીતરાગનો માર્ગ અનાદિનો છે. જેનાં રાગ, દ્વેષ અને અજ્ઞાન ગયાં તેનું કલ્યાણ; બાકી અજ્ઞાની કહે કે મારા ધર્મથી કલ્યાણ છે તો તે માનવું નહિ, એમ કલ્યાણ હોય નહિ. ઢુંઢિયાપણું કે તપાપણું માન્યું તો કષાય ચઢે...મુમતિ આદિનો આગ્રહ મૂકી દેવો."[32]

આમ મતમતાંતરથી દૂર રહેવા જણાવી તેઓ સત્પુરુષની આજ્ઞા સાચી રીતે પાળવા ઉપદેશે છે. સદાચરણ પણ જ્ઞાનીની આજ્ઞાએ પાળવું, તેમાં સ્વચ્છંદ, અભિમાન, બીજાને જણાવવાની વૃત્તિ આદિનો લોપ હોવો જોઈએ. નહિતર તેનું ફળ આત્માર્થે મળતું નથી. આ બધું જણાવવા સાથે "ઉપદેશછાયા"માં સમકિતનો મહિમા, સદ્દગુરુનાં લક્ષણ, અધમ પુરુષનાં લક્ષણ, આત્માનું સ્વરૂપ, સાચું જ્ઞાન, મુનિનો આચાર, પંચમહાવ્રત-મહિમા, જીવના દોષ કઈ રીતે દૂર થાય, સાચો તરવાનો કામી કોણ, કષાય કઈ રીતે મોળા પડે, સત્સંગ, આદિ અનેક વિષય પરત્વે સમજણ અપાઈ છે. અલબત્ત, તે બધાંની ગોઠવણી વ્યવસ્થિત નથી, કારણ કે આ લખાણ વ્યવસ્થિત વિચારણાથી થયેલું નથી, પણ વાતચીત દરમ્યાન કે પ્રશ્નોત્તરી દરમિયાન જે જે મુદ્દાઓની વિચારણા થઈ હોય તેનું સંકલન છે. એટલે એમાં આપણે વ્યવસ્થાની અપેક્ષા રાખી ન શકીએ.

હવે અહીં આપેલ પ્રત્યેક વિભાગ શ્રીમદ્દની વિચારણાની દૃષ્ટિએ જોઈએ. પહેલો વિભાગ શ્રાવણ વદ બીજના રોજ કાવિઠામાં આપેલા ઉપદેશનો છે. આ વિભાગ ઘણો નાનો છે. તેમાં મુનિને અસંગ દશા સૌથી શ્રેયકારી છે તે વિશે મહાવીરપ્રભુના દૃષ્ટાંત દ્વારા ભારપૂર્વક જણાવ્યું છે. મુનિ સંગદશા રાખે તો ક્યારેક મોહનીયના ઉદયથી પતનનો ભય આવે. આથી મુનિએ ઠીક-અઠીકના વિકલ્પમાં પડ્યા સિવાય અસંગપણે વિચરવું જોઈએ તેમ જણાવ્યું છે. શ્રીમદ્દ પોતે તે વખતે ઝાઝા લોકસમૂહમાં આવવા ઈચ્છતા ન હતા, તેથી લોકોને પોતાના આવ્યાની જાણ કરવાની બધાને ના કહેતા. તેમ છતાં લોકોને જૂઠું કહીને સત્સંગ માટે મુમુક્ષુઓએ સદ્દગુરુ પાસે આવે એ વાતની એમણે સાફ ના કહી હતી તે વિશેની આ વિભાગમાં તેમણે કરેલી સ્પષ્ટતા અને લોકોને એ બાબતમાં કઈ રીતે સમજાવવા તે વિશે તેમણે આપેલી સમજ તે તેમની સત્યપ્રિયતા તથા સૂક્ષ્મ વિચારકની શક્તિ દર્શાવે છે.

બીજા વિભાગમાં, શ્રાવણ વદ ત્રીજના ઉપદેશમાં કેવળી પ્રરૂપિત સિદ્ધાંતો સ્વઉપયોગ વખતે રચાયા હતા કે પરઉપયોગ વખતે, તે સિદ્ધાંતોનો બાંધો કયા પ્રકારનો છે, તેમાં હાલ જે ભેદ દેખાય છે તે શાને આભારી છે, ગુરુઆજ્ઞાએ પ્રવર્તતા અને ન પ્રવર્તતા જીવ વચ્ચે શો ભેદ પડે છે વગેરે વિશેની વિચારણા થયેલી છે. આ બધી વિચારણા તેઓશ્રીએ કોઈ મુમુક્ષુના "કેવળી સિદ્ધાંત પ્રરૂપે તે સ્વઉપયોગ કે પરઉપયોગ?" એ પ્રશ્નના ઉત્તરમાં જણાવી હતી. કેવળીને ઉપદેશ આપતી વખતે રતિ, અરતિ, હર્ષ, અહંકાર

---

૩૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ પૃ. ૭૩૦.

આદિ થતાં નથી તેથી તેઓ ક્યારેય પરઉપયોગમાં વર્તતા નથી; જો તેમ થાય તો તે પરઉપયોગ કહેવાય. એટલે કે કેવળી સ્વઉપયોગમાં હોય છે.

વળી, તેમણે એ પણ યોગ્ય જ જણાવ્યું છે કે કોઈ સિદ્ધાંત ન સમજાય તો તેને ખોટો ન માનતાં, કેવળીનાં વચનો પર શ્રદ્ધા રાખવી; જીવની યોગ્યતા આવતાં આપોઆપ તે સિદ્ધાંત સમજાશે. એ સત્ય જ હોય, કારણ કે તેના પ્રરૂપનાર અને લખનાર બંને જ્ઞાની હતા. આ બધા સિદ્ધાંતો જે સ્વરૂપે આજે મળે છે તે જ રૂપે તીર્થંકરે કહ્યું હોય તેમ નથી, કારણ કે તેમણે તો ગણધરના પ્રશ્નોના ઉત્તરરૂપે જ બધું જણાવ્યું હોય. અને ગણધરોએ તે પછી સર્વ ગોઠવીને લખ્યું હોય, તેનો બાંધો બાંધ્યો હોય. આથી આજે મળતાં વચનોમાં તીર્થંકરે કહેલા સિદ્ધાંતોનો ભાવ છે, પણ શબ્દો બદલાયા હોય તો ના ન કહેવાય. આ સિદ્ધાંતો સખત હોવાથી હાલના ઘણા મુનિઓ તે આચાર પાળી શકતા નથી. પણ ત્યાં વાણીનો દોષ નહિ, પણ જીવની સમજણશક્તિનો દોષ છે. આમ જ્ઞાનીના જ્ઞાનનો ખ્યાલ આપ્યા પછી તેઓ જ્ઞાનીની આજ્ઞાએ વર્તતા જીવને પતનનો ભય કઈ રીતે નથી, અને સ્વચ્છંદે વર્તતા જીવનું કેવી રીતે પતન થાય છે, તે સમજાવતાં ગુરુનું માહાત્મ્ય પણ બતાવે છે. અંતમાં સદ્‌ગુરુની દુર્લભતા અને અસદ્‌ગુરુની ભ્રમણામાં પડેલા જીવને થતી હાનિ શ્રીમદે દર્શાવી છે. આમ જુદા જુદા વિષય વિશેના તેમના ઉચ્ચ વિચારો આપણને અહીં સંક્ષેપમાં જાણવા મળે છે. તે પરથી તેમણે વિચારેલા વિવિધ વિષયોનો આપણને ખ્યાલ આવે છે.

ત્રીજા વિભાગમાં જ્ઞાની પુરુષની દુર્લભતા, તેના પ્રકાર, સત્પુરુષને ઓળખવાની જરૂર, સદાચારનું સેવન, દોષરહિત વ્રતાદિનું સેવન, સૂત્રવાચન, સમકિત કોને કહેવાય, દ્વેષરહિત આચરણ, સત્સંગનું ફળ વગેરે વિશે સંક્ષેપમાં જણાવાયું છે. પહેલાંના કાળમાં સત્પુરુષની ઓળખાણ જલદી થાય એવી સરળતા લોકોમાં હતી, ત્યારે આજે તેવી સરળતા રહી નથી, તેથી સત્પુરુષની ઓળખાણ થતી નથી, તે બતાવીને તેમણે લોકો ઊંધે રસ્તે કેવી રીતે ચાલ્યા જાય છે તેનું તથા સત્પુરુષની ઓળખાણ શા માટે જરૂરી છે તેનું નિરૂપણ કરેલું છે. તે પછી સદાચારસેવન અને વ્રતસેવનની અગત્ય સમજાવી, તે બધું નિર્દંભપણે, નિરહંકારપણે અને નિષ્કામપણે કરવા ભલામણ કરી છે. તે બધાથી તથા સત્સંગથી થતા લાભ અંતભાગમાં તેમણે બતાવ્યા છે.

ચોથા વિભાગમાં મુમુક્ષુએ કરેલા કેટલાક પ્રશ્નોના ઉત્તરરૂપે આત્માનુભવ કોને હોય, સમકિતની દશા કેવી હોય, સમભાવ કઈ રીતે આવે, ઇન્દ્રિયો વશ કઈ રીતે થાય વગેરે વિશે જણાવ્યું છે. તે ઉપરાંત જીવનું પતન થવાનાં કારણો, માયા વગેરેથી જીવ કઈ રીતે છેતરાય છે, તે સમજાવ્યું છે. સાથે સાથે કેટલા પ્રકારના જીવ હોય તે સમજાવતું કઠિયારાનું દૃષ્ટાંત, સમતા વિશે મહાવીરસ્વામીનું દૃષ્ટાંત, સરળતા તથા નિરહંકારપણું દર્શાવવા કેશીસ્વામી અને ગૌતમસ્વામીનાં દૃષ્ટાંતો, સદ્‌ગુરુ-અસદ્‌ગુરુનો ભેદ જણાવતું ઝવેરીનું દૃષ્ટાંત વગેરે અનેક દૃષ્ટાંતો પણ અહીં અપાયેલાં છે. આમ અહીં દૃષ્ટાંતોથી બોધ અપાયેલો હોવાથી તે શ્રોતાસમુદાયમાં રોચક બન્યો હશે. એ જ કારણે કદાચ તે અંબાલાલભાઈની સ્મૃતિમાં

વધુ સારી રીતે સચવાયેલ હશે. અહીં આપવામાં આવેલાં ઘણાંખરાં દૃષ્ટાંતો શાસ્ત્રોક્ત અને અબુધ જીવોને ઉપકારક થાય તેવાં છે.

આ વિભાગમાં જ્ઞાનીની દશા કેવી હોય તેનું વર્ણન પણ આવે છે, તેને કેવા કેવા સંજોગોમાં હર્ષ કે શોક થતા નથી, અને સમભાવ હોય છે, તે પણ જણાવવામાં આવ્યું છે. દુરાગ્રહ ન હોય, આચાર શુદ્ધ હોય, ભૌતિક સુખનો મોહ ન હોય વગેરે બાબતો જ્ઞાનીની સ્થિતિ બતાવે છે. એ પછી વસ્તુઓ પર કયા પ્રકારે તુચ્છભાવ લાવવાથી ઇન્દ્રિયો વશ થાય છે તે વિશે તેમણે જણાવ્યું છે. વૃત્તિઓનો ક્ષય કરવાથી કલ્યાણ થાય. વૃત્તિને ક્ષય કરવાનું કારણ બતાવતાં તેઓ જણાવે છે કે ઉપશમ રહેલી વૃત્તિઓ ઉદયમાં આવી જીવનું પતન નોતરે છે, એ જ કારણે ૧૧ મે ગુણસ્થાનેથી જીવ લથડે છે, પણ વૃત્તિનો ક્ષય કર્યો હોય તો તે ઉદયમાં આવી શકતી નથી. વળી, વૃત્તિ જીવને કેવી રીતે છેતરે છે તે પણ અહીં વિસ્તારથી સમજાવ્યું છે. આમ ઇન્દ્રિય વશ કઈ રીતે થાય તેના ઉત્તરમાં તે વશ થવાના ઉપાય, કયા સંજોગોમાં તે વશ ન થાય, જીવ ઊંચે ચડ્યા પછી શા માટે નીચો પડે છે વગેરે વિશે પણ જણાવ્યું છે. આમ અહીં આપણને ખ્યાલ આવે છે કે તેઓ એકસાથે ચારે બાજુનો વિચાર કરીને શ્રોતાને બધું જણાવી દે છે, જેથી તેને એક વખત સમજાવ્યા પછી તે વિશે મુશ્કેલી રહે નહિ.

"ઉપદેશછાયા"માં તેઓ સદ્ગુરુનું માહાત્મ્ય બતાવતાં કહે છે કે:—

"સદ્ગુરુ, સત્દેવ, કેવળીનો પ્રરૂપેલો ધર્મ તેને સમ્યક્ત્વ કહ્યું, પણ સત્દેવ અને કેવળી એ બે સદ્ગુરુમાં સમાઈ ગયા."[33]

આ વચન વિશે ટીકા કરતાં મુનિ શ્રી હર્ષચંદ્રજીએ લખ્યું છે કે:—

"તેઓ સત્દેવ ને કેવળી બંનેને સદ્ગુરુમાં સમાવી દે છે. જોકે ત્રણ તત્ત્વને તેઓ પ્રથમ ભિન્ન સમજાવે છે, પણ પછી સત્ગુરુમાં કેવળી ને સત્દેવ એમ બે સમાઈ જાય છે એમ કહે છે અને સત્ગુરુનો મહિમા બહુ વધારે છે. દેવ ને કેવળી તે પણ સદ્ગુરુ સમજે. સદ્ગુરુ કરતાં કોઈ અધિક નથી, ને તે સદ્ગુરુ વર્તમાનકાળમાં આખા ભરતક્ષેત્રમાં જો કોઈ હોય તો તે એક જ પોતે છે? એટલે સત્ગુરુ થઈને દેવ ને કેવળીનો અધિકાર પણ પોતે ખેંચી લે છે!"[34]

મુનિ શ્રી હર્ષચંદ્રજીનાં આ વચનો વાંચીએ છીએ ત્યારે તેમણે તે વચનો પૂર્વગ્રહથી લખ્યાં હોય એવું લાગ્યા વિના રહેતું નથી.

કેવળી ને સત્દેવ સદ્ગુરુમાં સમાઈ ગયા, તે લખ્યું છે તે સાચું, પણ તે કઈ અપેક્ષાએ શ્રીમદે લખ્યું છે તે વિચારવું જોઈએ. સદ્ગુરુની ઓળખાણ વિના સત્દેવ કે કેવળીની

૩૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ પૃ. ૬૯૩.

૩૪. "શ્રીમદ્ રાજચંદ્ર વિચાર નિરીક્ષણ", આવૃત્તિ, ૨, પૃ. ૧૩૯.

ઓળખાણ થતી નથી, એથી જો સદ્ગુરુની ઓળખાણ થાય તો તે કેવળી તથા સત્દેવ બંનેની ઓળખાણ કરાવે. આ અપેક્ષાએ જોઈએ તો સદ્ગુરુમાં જ કેવળી અને સત્દેવ તત્ત્વ આવી જાય છે. કબીરજીનો એક દુહો છે જે આ જ ભાવ વ્યક્ત કરે છે.[૩૫] આ રીતે વિચારતાં મુનિશ્રીએ કહ્યું તેવો કેવળી કે સત્દેવનો અધિકાર છીનવી લેવાનો પ્રયત્ન શ્રીમદ્દે કર્યો હોય એમ લાગતું નથી. શ્રીમદ્દ પોતે જાહેરમાં આવવા ઇચ્છતા નહોતા, તેમને ખ્યાતિ પણ જોઈતી ન હતી, તે તો તેમણે વીસ વર્ષની વયે જાહેર ક્ષેત્રનો ત્યાગ કર્યો હતો તે જ બતાવે છે. આવી જ જાતના, ટીકાત્મક ઉદ્‌ગારો મુનિએ "ઉપદેશછાયા"નાં વચનો જેવાં કે, "નિર્ગ્રંથ ગુરુ એટલે પૈસારહિત ગુરુ નહિ, પણ જેની ગ્રંથિ છેદાઈ છે એવા ગુરુ. સદ્ગુરુની ઓળખાણ થાય ત્યારે વ્યવહારથી ગ્રંથિ છેદવાનો ઉપાય છે."[૩૬] વગેરે વિશે કાઢ્યાં છે, જે બિનપાયાદાર અને મતાગ્રહી લાગે છે.

આ પછી ભાદરવા સુદ છઠના રોજ રાળજમાં અપાયેલો બોધ પાંચમા વિભાગમાં વાંચવા મળે છે. તેમાં શ્રીમદ્દે સ્વચ્છંદ, અહંકાર, લોકલાજ, કુળધર્મ વગેરે કારણથી નહિ પણ સમતાભાવ કેળવવા માટે તપશ્ચર્યા કરવાની ભલામણ કરી છે. જ્ઞાનીની આજ્ઞા પાળવી, જ્ઞાનીને યથાર્થ ઓળખવા, બાહ્ય વસ્તુના રાગ ઘટાડવો, વૃત્તિઓ સંક્ષેપવી, આંતરક્રિયા તરફ વળવું, જૈનધર્મની ઉત્તમતા વગેરે વિશે સામાન્ય માણસે આગળ વધવા શું કરવું જોઈએ તે લક્ષ રાખીને આ ઉપદેશ અપાયો છે. આથી એવું અનુમાન થઈ શકે કે તે વખતનો તેમનો શ્રોતાવર્ગ આધ્યાત્મિક રીતે બહુ આગળ વધેલો નહિ હોય.

છઠ્ઠા વિભાગમાં મિથ્યાત્વનો ત્યાગ કઈ રીતે થાય, રાત્રિભોજનના ગેરફાયદા, જ્ઞાનીનું વર્તન, ઇન્દ્રિયસંયમ, મુનિના આચાર, સંસારત્યાગનું મહત્ત્વ વગેરે વિશેની સમજણ; મુમુક્ષુ તરફથી થયેલા કેટલાક પ્રશ્નોના ઉત્તર, તથા સત્સંગના રંગની વિશેષતા માટે મીરાંબાઈનું દૃષ્ટાંત, પંચમકાળના ગુરુનાં લક્ષણ દર્શાવતું દૃષ્ટાંત વગેરેનો સમાવેશ થયો છે. આ તથા અન્ય વિભાગો વાંચતાં એ ખ્યાલ આવે છે કે અન્ય મુમુક્ષુઓ સાથે શ્રીમદ્દ વાર્તાલાપ કરતા હોય તે વખતે સામાન્ય વાતચીત કરતા હોય તે જ રીતે દૃષ્ટાંતો, બોધ-વચનો વગેરે તેમના મુખમાંથી અનાયાસે નીકળતાં હશે, કારણ કે વ્યાખ્યાન કે ઉપદેશ આપવાનો કોઈ ચોક્કસ સમય તેમણે રાખ્યો ન હતો, એટલું જ નહિ એવા ઉદ્દેશથી તેઓ બોલતા હોય તો વિષયવિચારણા ક્રમબદ્ધ આવે, એવું અહીં નથી, તેથી એમ જણાય છે કે જેમ જેમ પ્રસંગ ઊભો થયો હશે તેમ તેમ શ્રીમદ્દના મુખમાંથી વચનો નીકળતાં હશે.

આ જ પ્રમાણે સાતમા વિભાગમાં પણ તેઓએ સંકલ્પવિકલ્પ મૂકવા, માયાથી બચવું, ત્યાગ ઉપર લક્ષ રાખવું, નિષ્કામ ભક્તિ કરવી, મતમતાંતરથી દૂર રહેવું વગેરે

૩૫. કબીરજીનો દુહો બહુ પ્રચલિત છે :

"ગુરુ ગોવિંદ દોનો ખડે, કાકે લાગું પાય?
બલિહારી ગુરુ આપકી, જીન ગોવિંદ દીયા દાખાઈ."

૩૬. "શ્રીમદ્દ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૬૯૩.

જુદા જુદા વિષયો વિષે ટૂંકાણમાં સમજાવ્યું છે. અહીં સુધીનાં તથા આ પછીનાં "ઉપદેશછાયા"નાં વચનો વાંચતાં એ પ્રતીતિ થતી જાય છે કે તેમનાં વચનો અનુભવીનાં છે અને એમાં શ્રદ્ધાનો રણકો છે.

આમ અનેકાનેક વિષયો વિશે શ્રીમદે ઉપદેશ આપ્યો છે. તે બધામાં વિષયનું પુનરાવર્તન પણ જોવા મળે છે. "ઉપદેશછાયા"ના ૮થી ૧૪ સુધીના ભાગ પણ એ જ પ્રમાણે રચાયેલા છે. તેમાં પ્રશ્નોના ઉત્તર, દૃષ્ટાંત વગેરે આવે છે. આ બધા વિભાગોમાં મુખ્યત્વે આત્માનું સ્વરૂપ, જ્ઞાનીપુરુષની સમતા, જ્ઞાનીઅજ્ઞાની વચ્ચેનો ભેદ, સમભાવ, સમકિતની પ્રાપ્તિનો ઉપાય, ભક્તિનું માહાત્મ્ય, સત્પુરુષનો ઉપકાર, મોક્ષ એટલે શું, બ્રહ્મચર્યનો મહિમા, વૈરાગ્યનું મહત્ત્વ, જૈન ધર્મ કેવો છે, જીવની શક્તિ વગેરે વિશે સમજાવ્યું છે. આમાં સત્પુરુષની મહત્તા વગેરે વિશે વારંવાર ભારપૂર્વક કહેવામાં આવ્યું છે.

આ બધાં વચનો વાંચીએ ત્યારે શ્રીમદની જ્ઞાની અને અનુભવી તરીકેની છાપ આપણા પર પડયા વગેરે રહેતી નથી. મુખ્યત્વે તીર્થંકર પ્રભુએ કઈ રીતે સમજાવ્યું છે, તે જ તેઓ જણાવે છે. પોતે તેમના માર્ગથી કંઈ સ્વતંત્ર રીતે કહેતા નથી, એમ તેઓ વારંવાર જણાવે છે, જેમાં તેમનું નિરભિમાનીપણું જોવા મળે છે. આમ છમાં તીર્થંકરની, જૈનમાર્ગની પોતે ઓળખાણ કરાવી શકે તેટલું જ્ઞાન તેમની પાસે છે એવી મતલબનાં કેટલાંક વચનો અહીં જોવા મળે છે. તે વિશે મુનિ હર્ષચંદ્રજી એવો આક્ષેપ કરે છે કે શ્રીમદ બહુ અભિમાની, અજ્ઞાની હોવા છતાં પોતાને જ સર્વશ્રેષ્ઠ ગણાવનાર તથા તેવા અન્ય દોષોવાળા છે. પણ શ્રીમદનાં આ વચનો વાંચીએ છીએ ત્યારે તેઓ અજ્ઞાની, અભિમાની કે શ્રેષ્ઠ ગણાવાની વૃત્તિવાળા હોય તેવી છાપ પડતી નથી. મુનિની આવી ટીકા અંગેનું એકાદ ઉદાહરણ જોઈએ. "ઉપદેશછાયા"માં "વ્રત નિયમ કરવાં કે નહિ?" એવા એક પ્રશ્નના ઉત્તરમાં એવું વચન આવે છે કે, "વ્રતનિયમ કરવાનાં છે. તેની સાથે કજિયા, કંકાસ, છૈયાંછોકરાં અને ઘરમાં મારાપણું કરવું નહિ."[37]

આ વચન વિશે મુનિ હર્ષચંદ્રજી લખે છે:—

> "આ ઉત્તર વાંચી આપણને એમ થાય છે કે તેઓ એમ માનતા લાગે છે કે આપણે બોલીએ તે શાસ્ત્ર છે. આ સ્થળે તેઓ આગળ કહી ગયા છે તે સાંભરે છે કે 'અજ્ઞાનીના રાગી બાળાભોળા જીવો અજ્ઞાનીએ કહ્યા પ્રમાણે ચાલે છે.' એ કથન તેમણે પોતાના મંડળમાં સાચું પાડયું છે. જેમ તેઓ બીજાઓના મંડળમાં બાળાભોળા કહે છે, તેમ જ તેઓના મંડળમાં તેવા અજ્ઞાની જીવો ન હોય તો તેઓની હા એ હા, ને ના એ ના, કેમ કહે? તેઓ કહે છે કે વ્રતનિયમ કરવાં પણ છૈયાંછોકરાંમાં ઘરમાં મારાપણું ન કરવું. ધારો કે તેમાં મારાપણું લોકો કરે, એટલે તેઓનાં વ્રતનિયમો શું જતાં રહ્યાં? ગૃહવાસમાં શ્રાવકો શું મારાપણું નથી કરતા? જો કરે છે તો તેઓને શું વ્રતનિયમો નથી હોતાં? તેઓ આ કઈ જાતની રમતમાં લોકોને રમાડવા

૩૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૭૧૭.

માગે છે? આનંદ, કામદેવ આદિ શ્રાવકો ઘરમાં રહ્યા છતાં વ્રતનિયમવાળા હતા કે નહિ? શું તેઓને જમીન, મકાનમાં મમત્વભાવ નહિ હતો? શું તેઓને કજીઓ કંકાસ થતો નહિ હતો કે? જો થતો હોય તો તેઓ શ્રાવકો ખરા કે નહિ? જૈન શાસ્ત્રમાં કે મનુષ્યના વ્યવહારમાં જે પ્રવૃત્તિ ચાલતી હોય છે, તેથી બીજી રીતે બોલવું, તે તેઓની અપૂર્વ વાણી છે કે શું? તેઓ કહે છે કે સદ્દગુરુની અપૂર્વ વાણી હોવી જોઈએ, એટલે તેઓ શાસ્ત્રમાં જેમ કહ્યું તેમ કરે તો તેમાં અપૂર્વતા જણાતી નથી. તેઓ જ્યારે શાસ્ત્રથી કાંઈ જુદું જ બતાવે છે, ત્યારે તેઓમાં લોકો અધિકતા જુએ છે, સંયોગ જોઈ કોઈ વ્યક્તિ એક વસ્તુ – હકીકત પ્રચલિત હોય તેને ફેરફાર કરી બીજા રૂપમાં કરે, ત્યારે લોકોને તે વસ્તુની નૂતનતા લાગે છે, અથવા રસિકતા લાગે છે, પણ તે વસ્તુ સત્ય છે, કે ઈમીટેશન – બનાવટી છે, તે વાર્તાનો ખ્યાલ કરવા સમાજને થોભવું આજે થોડું પણ ગમતું નથી."[૩૮]

વ્રતનિયમ કરવાની સાથે કજિયો, કંકાસ, છૈયાંછોકરાં કે ઘરમાં મારાપણું ન કરવાનો બોધ આપવામાં શ્રીમદ્દનો એવો આશય રહેલો જણાય છે કે જો જીવની આંતરિક કક્ષા ઊંચી ન હોય તો વ્રતનિયમથી જે પરિષહ આવે છે તેને કારણે માણસમાં કષાયભાવ વધી જાય છે. આ કષાયભાવ ન વધે તેનો ખ્યાલ રાખવા શ્રીમદ્દે અહીં ગર્ભિત રીતે જણાવ્યું છે. ઉપરાંત વ્રત, નિયમ, જપ, તપ, આદિ રાગ અને દ્વેષ ઘટાડવા માટે કરવાનાં છે, તો તેનાથી ઘર, બાળક આદિમાંથી મારાપણું ઓછું થવું જોઈએ. જો રાગ વધુ હોય તો દ્વેષ આવે જ. અહીં રાગદ્વેષથી બચવાનું પણ સૂચન મુકાયેલું છે. જો વ્રતાદિ કરવાથી કષાયાદિ ભાવ વધે તો વ્રતનું આત્માર્થે નહિવત્ ફળ મળે છે, પુણ્યોપાર્જન ઓછું થાય છે, ત્યારે બીજી બાજુ કષાય આદિ ભાવના પરિણામરૂપ મોહનીય, અંતરાય આદિનો મોટો કર્મબંધ પડે છે, તેથી પરિણામે લાભ કરતાં હાનિ વિશેષ થાય છે. આ દૃષ્ટિથી વિચારતાં શ્રીમદ્દના આ વચનમાં યથાર્થતા રહેલી જણાશે. મારાપણું કરવાથી વ્રતનિયમ જતાં નથી રહેતાં, પણ તેનું જેટલું ફળ મળવું જોઈએ તેટલું બીજા કર્મબંધને લીધે મળતું નથી.

શ્રાવક હોવા છતાં ગૃહવાસમાં પણ આત્માર્થી જીવ મારાપણું કરતો નથી. તે સમજે છે કે આ બધી અનિત્ય વસ્તુ છે, એ બધાનો પોતે એક વખત ત્યાગ કરવાનો છે, પોતે સર્વથી ભિન્ન છે તેની પ્રતીતિ તેના અંતરમાં સદૈવ પડી હોય છે. તેથી અજ્ઞાનીને અન્ય વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે જેવો મોહ હોય છે તેવો જ્ઞાનીને હોતો જ નથી. તેઓ સંસારમાં રહે છે છતાં તેમાં મારાપણું માનતા નથી. અને એ કારણે જ તેઓ જ્ઞાની કહેવાય છે. તેઓના કષાય ઘણા મોળા પડી ગયા હોય છે. આનંદ કે કામદેવ એવા શ્રાવક હતા. તેઓને વ્રતનિયમ હતાં અને જે જે ભૌતિક સુખો હતાં તેને તેઓ કર્મના ફળરૂપે તથા પર માનતા હતા, તેથી તેને વ્રત કે નિયમ દ્વારા ત્યાગતા હતા. તે ચીજોમાં અંતરથી લોભ અને બાહ્યથી ત્યાગ એવી બેવડી સ્થિતિ તેમની ન હતી. જેમને ક્રોધ, માન, માયા અને લોભની અનંતાનુબંધી કષાયની ચોકડીનો ક્ષય કે ઉપશમ થાય તેમને જ આત્મદર્શન થાય. આનંદ અને કામદેવ શ્રાવક જ્ઞાની હતા તેમ તો મુનિશ્રી પોતે જ કહે છે. તે સાબિત કરે છે કે તેમના કષાયો

૩૮. "શ્રીમદ્ રાજચંદ્ર વિચાર નિરીક્ષણ", આવૃત્તિ ૨, પૃ. ૧૪૭.

મોળા પડી ગયા હતા. જેના કષાય મોળા પડી ગયા હોય તેને કજિયો કે કંકાસ થાય એ સંભવિત છે ખરું ?

આ બધા ઉપરાંત એક બીજી વસ્તુ પણ ખ્યાલમાં રાખવા જેવી છે. શ્રીમદ્દે આ ઉત્તર કઈ વ્યક્તિને આપ્યો છે તે આપણે જાણતા નથી. સંભવિત છે કે એ વ્યક્તિનાં આંતરિક પરિણામો કષાયભાવથી ભરેલાં હોય, અને શ્રીમદ્‌ને લાગ્યું હોય કે માત્ર બાહ્ય વ્રતાદિમાં તે વ્યક્તિ પડી જાય તો તેને વિશેષ નુકસાન થવા સંભવ છે. તો તે સ્થિતિ ન આવે તેની ચેતવણી આપવા પણ આ પ્રકારનું વચન ઉચ્ચારાયું હોય. વ્રતનિયમ કરવાની તો હા જ કહી છે. પણ સાથે આંતરિક ક્રિયા પર પણ એટલો જ ભાર મૂકવા તેમણે જણાવ્યું છે. જૈનધર્મ એકાંતિક નથી, પણ બાહ્ય તેમજ આંતર બંને વૃત્તિ પર ભાર મૂકનાર છે, તેથી તે વસ્તુ યથાર્થ છે. વળી, આંતરવૃત્તિ છૂટે તો બાહ્યવૃત્તિ આપોઆપ છૂટતી જાય છે, પછી એ માટે લાંબો પ્રયત્ન પણ કરવો પડતો નથી. એથી એમ કહી શકાય કે શ્રીમદ્દે અહીં બંને વસ્તુ પર સાથોસાથ ભાર મૂકી જણાવ્યું છે. અને એની સાક્ષી તે પછીનું વચન આપી શકે છે. તે વચન છે: “ઊંચી દશાએ જવા વ્રતનિયમ કરવાં.” આ વચન સૂચવે છે કે ભૌતિક સુખની લાલસાથી નહિ પણ આત્માર્થ માટે વ્રતાદિ કરવાં. અને તેમ થવા માટે કજિયો, કંકાસ આદિ છૂટવાં જોઈએ.

મુનિ હર્ષચંદ્રજીએ “શ્રીમદ્ રાજચંદ્ર વિચાર નિરીક્ષણ”માં “ઉપદેશછાયા”નાં બીજાં કેટલાંક વચનો વિશે પણ જુદો મત દર્શાવ્યો છે. શ્રીમદ્દે પારમાર્થિક અને અપારમાર્થિક ગુરુનો ભેદ દર્શાવ્યો છે, તે વિશે મુનિશ્રી પોતાની કલ્પનાને બળે લખે છે કે એ બંને પ્રકારના ગુરુ વચ્ચે મોટો ભેદ હોય, તે સામાન્ય વાત તેમને ઉચ્ચારવાની એટલા માટે જરૂર પડી કે તેમની પાસે કોઈ વ્યક્તિ બોધ સાંભળવા એક વખત આવી હશે, ત્યાર પછી તે ફરીથી આવી નહિ હોય, તેથી પોતા જેવા સદ્‌ગુરુથી તે સહન નહિ થયું હોય તેથી એ વાત નીકળી ગઈ હશે. આમ સદ્‌ગુરુ-અસદ્‌ગુરુ વચ્ચેના શ્રીમદ્દે બતાવેલા ભેદમાં મુનિશ્રી શ્રીમદ્‌ની પોતાને એકાંતે સદ્‌ગુરુ ગણવાની યુક્તિ જુએ છે. શ્રીમદ્‌નું બાહ્ય તપ કરતાં આંતરિક તપ પર ભાર મૂકવા સંબંધી વચન વિશે મુનિ એમ લખે છે કે તેમ કરવામાં તેઓનો સ્વચ્છંદ છે, તેઓ શાસ્ત્રો ફેરવવા માટે, અને પોતાની ખરી સ્થિતિ છુપાવવા જ્ઞાનીની આજ્ઞા બહાર બોલે છે. શ્રીમદ્દે સત્પુરુષનાં આંતરલક્ષણો જેવાં કે પૂર્વાપર અવિરોધ વાણી તથા ક્રોધ, માન, માયા, લોભ આદિનો ત્યાગ, બતાવ્યાં છે, તે વિશે મુનિ એવો આક્ષેપ કરે છે કે તેમણે બતાવેલા ગુણોમાંનો એક પણ ગુણ શ્રીમદ્‌માં ન હતો, તો પછી તેમણે આ બોધ કરવો જ જોઈતો ન હતો; તેઓ જ લોકોને ખોટે રસ્તે ચડાવતા હતા. ચોથા ગુણસ્થાને ક્ષાયિક કે ઉપશમ બેમાંથી કોઈ પણ પ્રકારનું સમકિત જીવને હોઈ શકે એવા શ્રીમદ્‌ના વચન વિશે લખતાં મુનિશ્રી જણાવે છે કે તે કથન સિદ્ધાંતને આધારે નથી, ગ્રંથને આધારે છે. અને તેઓ તે સિદ્ધાંત ગણે છે. શ્રીમદ્ શાસ્ત્રના ફાવે તેવા અર્થ કરે છે વગેરે. વળી, સમકિતને કઈ અપેક્ષાથી કેવળજ્ઞાન કહેવાય છે તે સમજાવતાં શ્રીમદ્‌નાં વચનો માટે મુનિશ્રી એમ કહે છે કે શાસ્ત્રમાં દર્શાવેલી વાતોને શ્રીમદ્ પોતાને ફાવે તેવો —

પોતાને ગુરુ ગણાવી શકાય તેવો — અર્થ કરે છે. આ બધાં તથા તે ઉપરાંતનાં શ્રીમદ્દનાં બીજાં વચનો વિશેનો મુનિ હર્ષચંદ્રજીનો અભિપ્રાય વાંચીએ ત્યારે સહેજે એવી પ્રતીતિ થાય છે કે મુનિશ્રીનાં વચનો તટસ્થ દૃષ્ટિથી નહીં પણ દ્વેષથી પ્રેરાયેલાં અને પૂર્વગ્રહ સહિતનાં હોવાથી અંગત આક્ષેપો કરનારાં છે.

"ઉપદેશછાયા"માં ઘણા ઘણા વિષયો વિશે ટૂંકાણમાં સ્પષ્ટતાથી સમજાવેલું છે. તેમાં શ્રીમદ્દના જ્ઞાનનો તથા અનુભવનો ઘણો લાભ વાચકવર્ગને મળી શકે તેમ છે. કેટલાક શબ્દોના સાચા અર્થ, કેટલીક શંકાઓનું સમાધાન, ઘણા પ્રશ્નોના ઉત્તર વગેરે એમાં મળે છે. અને વચ્ચે વચ્ચે આવતાં કથારૂપ દૃષ્ટાંતોથી વાચનનો રસ જળવાઈ રહે છે, તેમજ સિદ્ધાંતો સમજવા સહેલા થઈ પડે છે.

"ઉપદેશછાયા"માં રજૂ થયેલા વિચારો શ્રીમદ્દની અન્ય લખાણમાં પણ જોવા મળે છે. તેમના પત્રો, "આત્મસિદ્ધિ", "મોક્ષમાળા" વગેરે કૃતિઓમાં તે મળી આવે છે. એ બધું સાહિત્ય વ્યવસ્થિત છે, પણ આ વચનો તો સત્સંગ વખતે પ્રાસંગિક રીતે નીકળેલાં એટલે એ પ્રમાણમાં ઓછાં વ્યવસ્થિત છે. તેમ છતાં આ વાંચતી વખતે કોઈ વસ્તુ કે પ્રસંગ અપૂર્ણ રહી ગયેલ હોય તેવી છાપ પડતી નથી; પણ વિષય ઝડપથી ફરે છે તે જોઈ શકાય છે. તેમના આ જ્ઞાનનો લાભ તેમના અન્ય સાહિત્યમાંથી પણ લઈ શકાય છે. એ દૃષ્ટિએ "ઉપદેશછાયા"ની કિંમત આજે ઓછી લાગે એ બનવાજોગ છે, પણ આ નોંધ અંબાલાલભાઈ માટે તો ખૂબ જ ઉપયોગી નીવડી હશે, કારણ કે તે સમયે શ્રીમદ્દનું સાહિત્ય ઉપલબ્ધ ન હતું, વળી, તેમના સમાગમ વખતે પોતે જ એ વચનો ઉતાર્યાં હોય એટલે તેમને સમજણ પણ વિશેષ પડે, ને શ્રીમદ્દનો સત્સંગ ન હોય ત્યારે એના વાચન-મનનથી તે ખોટ પણ કેટલેક અંશે પૂરી થાય, એ સમજી શકાય છે.

શ્રીમદ્દના સમાગમમાં આવતી વ્યક્તિઓને કઈ કઈ જાતના પ્રશ્નો ઊઠતા હતા, અને શ્રીમદ્ તેનું સમાધાન કઈ રીતે કરતા હતા, તે પણ આપણે "ઉપદેશછાયા" આદિ દ્વારા જાણી શકીએ છીએ.

## "વ્યાખ્યાનસાર – ૧"

"ઉપદેશનોંધ" અને "ઉપદેશછાયા"ની માફક "વ્યાખ્યાનસાર – ૧" એ પણ શ્રીમદે આપેલા ઉપદેશની નોંધ જ છે. વિ. સં. ૧૯૫૪ ૫૫માં માહ માસથી ચૈત્ર માસ સુધીના અરસામાં શ્રીમદ્ મોરબી રહ્યા હતા, તે વખતે તેમણે કરેલાં વ્યાખ્યાનોની નોંધ કોઈ શ્રોતાએ કરી લીધેલી, તે નોંધ "વ્યાખ્યાનસાર – ૧" નીચે "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં પ્રગટ થઈ છે.

અહીં શ્રીમદ્દના ઉપદેશના સંગ્રાહકે ૨૨૨ ફકરાઓ પાડ્યા છે. તેમાં મુખ્યત્વે તત્ત્વવિચારણા વિશેનો જ ઉપદેશ સંગ્રહાયો છે. આત્મા, ધર્મ, સમ્યક્ત્વ, કેવળજ્ઞાન, ગુણસ્થાનક, કષાય, કર્મબંધ, નિર્જરા, મોક્ષ, ક્રિયા આદિ અનેક તાત્ત્વિક બાબતો પરના શ્રીમદ્દના વિચારો અહીં રજૂ થયેલા છે. એમાં મુમુક્ષુઓ સમક્ષ આપેલા ઉપદેશનો સાર હોવાને

લીધે, મુખ્ય મુખ્ય મુદ્દાઓ વિશેનાં ટાંચણ જ એમાં જોવા મળે છે, પણ વિષયવાર કે વિષયક્રમમાં વ્યવસ્થિત રીતે થયેલું લખાણ જોવા મળતું નથી. કેટલીક વાર એક જ વિષય પર જુદી જુદી જગ્યાએ નિરૂપણ થયેલું જોવા મળે છે, તો કેટલીક વાર પુનરુક્તિ પણ જોવા મળે છે. આમ થવાનું મુખ્ય કારણ એ છે કે જુદા જુદા દિવસે એક જ વસ્તુ પર શ્રીમદ્દે કહ્યું હોય તો તે વિશેનું લખાણ જુદી જુદી જગ્યાએ આવે તે સ્વાભાવિક છે. વળી શ્રીમદ્ પોતે પણ પ્રસંગોપાત ચર્ચા કરતા હતા, તેથી વિચારણાનો ક્રમ વ્યવસ્થિત ન હોય તે સમજી શકાય તેવું છે.

"વ્યાખ્યાનસાર–૧"માં મુખ્યત્વે આત્મા વિશેની માહિતી મળે છે. જીવ આધ્યાત્મિક રીતે આગળ વધવું હોય તો શું કરવું જોઈએ તે અહીં દર્શાવવામાં આવ્યું છે. જીવની કક્ષા અનુસાર ૧૪ ગુણસ્થાનો જૈનધર્મમાં પાડેલાં છે, તેમાં મિથ્યાત્વથી શરૂ કરી કેવળજ્ઞાન સુધીની ભૂમિકાના વિભાગ કરેલા છે. પહેલે ગુણસ્થાને ગ્રંથિ છે. એ ગ્રંથિનો ભેદ કરવો તે મોક્ષમાર્ગમાં સૌથી અગત્યની બાબત શ્રીમદ્દે ગણાવી છે. જીવ અકામ નિર્જરા કરતો કરતો આ ગ્રંથિ છેદવા સુધી તો પહોંચી જાય છે. પણ ત્યાં ગ્રંથિનું અને મોહનીય કર્મનું એટલું બધું પ્રબળપણું હોય છે કે ગ્રંથિભેદ કર્યા વિના જ જીવ પાછો ફરી જાય છે, તેનું પતન થાય છે. એમ કરતાં કરતાં કોઈ વખતે જો જીવ ખૂબ પ્રબળ બની, ગ્રંથિને છેદીને તેને ઓળંગી જાય છે, તો તે ચોથે ગુણસ્થાને આવે છે.

ચોથે ગુણસ્થાને પહોંચ્યા પછી જીવ ધીરે ધીરે આગળ વધતો વધતો અને કર્મનો ક્ષય કરતો કરતો જ્યારે સંપૂર્ણ કર્મક્ષયની સ્થિતિએ પહોંચે ત્યારે મોક્ષ પામે છે. આથી મોક્ષ મેળવવા માટેનું સૌથી અગત્યનું અને પ્રથમ સાધન સમકિત છે. જેટલે અંશે આત્માની શુદ્ધતા પ્રગટે તેટલે અંશે મોક્ષ પ્રાપ્ત થયો ગણાય.

ચોથે ગુણસ્થાને પહોંચ્યા પછી મોક્ષ થાય ત્યાં સુધીમાં આત્માનો અનુભવ એકસરખો જ થાય છે. તેમાં જ્ઞાનાવરણીય કર્મની તરતમતા અનુસાર જ્ઞાનની વિશુદ્ધતા ઓછી-અદકી હોય છે. આ જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થાય તે જ કેવળજ્ઞાન છે, એ જ મોક્ષ છે; તે અનુભવગમ્ય છે, બુદ્ધિનો વિષય નથી, બુદ્ધિથી નક્કી થયેલી વસ્તુ હોય તો પછીથી ફરે છે, પણ અનુભવગમ્ય વસ્તુ ત્રિકાળમાં તે જ સ્વરૂપે રહે છે. મોક્ષ ત્રણે કાળમાં સમાન જ રહે છે.

આ કર્મથી છૂટવા માટે ઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય થવો જોઈએ. વ્યાખ્યાનસારમાં શાસ્ત્ર પ્રમાણે કર્મના ભેદ શ્રીમદ્દે જણાવ્યા છે. કર્મ અનંત પ્રકારનાં છે, તેમાં મહત્ત્વનાં ૧૫૮ છે, તેમાં મુખ્ય ૮ છે; અને એમાં પણ સૌથી પ્રબળ મોહનીય કર્મ છે. મોહનીય હણાય તો બીજાં કર્મો આપોઆપ શિથિલ થઈ જાય છે. આ કર્મોથી જ્યારે જીવનો છુટકારો થાય ત્યારે તેના જન્મ તથા મરણના ફેરા બંધ થાય છે, અને તે પંચમ ગતિ એટલે કે મોક્ષ પામે છે.

અહીં જોયું તે પ્રમાણે મોક્ષ મેળવવા કર્મની નિર્જરા કરવી જોઈએ. રાગસહિત પ્રવૃત્તિ તે કર્મ, અને રાગરહિત અધ્યવસાય તે નિર્જરા. કર્મની નિર્જરાના બે પ્રકાર છે: સકામ

અને અકામ. સકામ નિર્જરાથી કર્મ છૂટે છે, અને આત્મા પ્રગટ થાય છે, ને નવાં કર્મ બંધાતાં નથી. અકામ નિર્જરામાં જૂનાં કર્મ છૂટે છે, પણ સાથે સાથે રાગદ્વેષ થતાં હોવાને લીધે નવાં કર્મ બંધાતાં જાય છે. આમ ઉદય પ્રમાણે નિર્જરા થતી હોવાને લીધે તેવી નિર્જરાને ઔદયિક નિર્જરા પણ કહેવાય છે. આવી ઔદયિક નિર્જરા જીવે અનંત વાર કરી છે, પણ તેથી તેનું પારમાર્થિક કલ્યાણ થયું નથી; સકામ નિર્જરા કરે ત્યારે જ કલ્યાણ થાય.

સકામ નિર્જરા સમકિત આવે પછી જ થાય છે. તે પહેલાં તો ઔદયિક ભાવે જ નિર્જરા થયા કરતી હોય છે, અને તેથી કોઈ પણ કર્મપ્રકૃતિનો ક્ષય થયો હોતો નથી, એટલે કે જીવને અનંતાનુબંધી કર્મ હોય છે. આ અનંતાનુબંધી કર્મ એટલે શું? તે વિશે "વ્યાખ્યાનસાર – ૧"માં આ પ્રમાણે જણાવ્યું છે કે :—

> "સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેની ઐક્યતા તે મોક્ષ. તે સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્ર એટલે વીતરાગ જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. તેનાથી જ અનંત સંસારથી મુક્તપણું પમાય છે. આ વીતરાગજ્ઞાન કર્મના અબંધનો હેતુ છે. વીતરાગના માર્ગે ચાલવું અથવા તેમની આજ્ઞા પ્રમાણે ચાલવું એ પણ અબંધક છે. તે પ્રત્યે જે ક્રોધાદિ કષાય હોય તેથી વિમુક્ત થવું તે જ અનંત સંસારથી અત્યંતપણે મુક્ત થવું છે, અર્થાત્ મોક્ષ છે. મોક્ષથી વિપરીત એવો જે અનંત સંસાર તેની વૃદ્ધિ જેનાથી થાય છે તેને અનંતાનુબંધી કહેવામાં આવે છે; અને છે પણ તેમ જ. વીતરાગના માર્ગે અને તેમની આજ્ઞાએ ચાલનારનું કલ્યાણ થાય છે. આવો જે ઘણા જીવોને કલ્યાણકારી માર્ગ તે પ્રત્યે ક્રોધાદિભાવ તે જ અનંતાનુબંધી કષાય છે."૩૯

આમ અનંતાનુબંધી કષાય વિશે સમજાવવા સાથે તેમાં એ પણ સમજાવ્યું છે કે ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાય પણ અનંત સંસાર વધારનાર છે. એ રીતે જોતાં અનંત સંસાર ભોગવ્યા વિના જીવની નિવૃત્તિ ન થાય. પણ આપણે જાણીએ છીએ કે તેવા જીવો ઘણી વખત તે જ ભવમાં મોક્ષ પામ્યાના પણ દાખલા છે. તેથી એમ જણાય છે કે ઉગ્ર તપશ્ચર્યા આદિથી એ કર્મની નિવૃત્તિ થાય છે, માટે સાચા અર્થમાં તે કર્મ અનંતાનુબંધી નથી. પણ વીતરાગભાવ પ્રતિના ક્રોધાદિ ભાવ તે જ અનંતાનુબંધી કર્મ છે.

આ અનંતાનુબંધી કષાયનો નાશ થાય ત્યારે જ સમકિત આવે છે. તે આવે એટલે કર્મની પ્રકૃતિઓનો એક પછી એક ક્ષય થવા માંડે છે, એ તેનો મહિમા છે. અને તે ક્ષય એટલી ઝડપથી થાય છે કે સમકિતી જીવનો વધુમાં વધુ ૧૫ ભવે મોક્ષ થાય છે; અને જો તેને વમી નાખવામાં આવે તોપણ તે જીવનો વધુમાં વધુ અર્ધપુદ્‌ગલપરાવર્તનના સમયમાં મોક્ષ થાય છે. સમકિતનું આટલું બધું સામર્થ્ય હોવાને લીધે તે જેમ બને તેમ જલદી પ્રાપ્ત કરવાની શ્રીમદ્દે ભલામણ કરી છે.

---

૩૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૭૩૮.

સમકિત મેળવવાનો પુરુષાર્થ કરતી વખતે પ્રાપ્ત થયેલા માર્ગમાં જો કંઈ ન સમજાય, કંઈ શંકા જેવું લાગે, તો ત્યાં જ અટકી ન રહેતાં આગળ વધવું, કારણ કે જ્ઞાનની શુદ્ધતા થતાં તે શંકા આપોઆપ ટળી જાય છે, તેમ શ્રીમદે જણાવ્યું છે. આ માટે તેઓએ એક વ્યાવહારિક ઉદાહરણ આપ્યું છે. જેમ કોઈ ગામ જતી વખતે માર્ગમાં કાંટામાં ફાળિયું ભરાઈ જાય, અને તે પુરુષાર્થથી જલદી નીકળી ન જાય તો ફાળિયા માટે ત્યાં બેસી રહેવા કરતાં ફાળિયું છોડી ચાલતા થવું વધુ હિતકારી છે, તેમ કોઈ નાની શંકાના સમાધાન માટે ત્યાં જ અટકી રહેવા કરતાં આગળ વધવું વધુ હિતકારી છે, તેમ શ્રીમદે માર્ગદર્શન આપ્યું છે.

મોક્ષમાર્ગમાં પ્રવર્તવું એ મોટા ભાગ્યની વાત છે. પણ જીવ જે જે પુરુષાર્થ કરે છે તેનું ઉત્તમ ફળ મેળવવું હોય તો તેની સર્વ ક્રિયા જ્ઞાનીની આજ્ઞા અનુસાર થવી જોઈએ. પોતાના સ્વચ્છંદથી થયેલી ક્રિયાનો કંઈ પણ લાભ થતો નથી, ઊલટાનો ગેરલાભ થાય છે. સ્વચ્છંદનો દોષ મટાડવા માટે જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાનું છે, અને તેમ કરવા માટે પ્રથમ ઉપદેશ લેવાનો છે, કોઈને ઉપદેશ આપવાનો નથી. આમ કરવામાં નથી આવતું તો, સ્વચ્છંદથી ચાલતાં જીવની વૃત્તિઓ શાંત થવાને બદલે ઉન્માદી થઈ જાય છે અને વિશેષ કર્મબંધ થાય છે, પણ જીવ જો જ્ઞાનીની આજ્ઞાએ ચાલે તો તેના કર્મની નિર્જરા થાય છે. જ્ઞાનીના આ માહાત્મ્ય ઉપર શ્રીમદે ઠેકઠેકાણે ભાર મૂક્યો છે.

પ્રવૃત્તિ કરતાં બીજી કોઈ પણ બાબતમાં શંકા થાય તો થવા દેવી, પણ આત્માનાં છ પદમાં તો કદી શંકા કરવી જ નહિ, અને તે વિશે તો જ્ઞાનીએ જેમ જાણ્યું છે તેમ જ છે, તેવી શ્રદ્ધા રાખવી. આ શ્રદ્ધાના બે પ્રકાર છે : ઓઘશ્રદ્ધા અને વિચારપૂર્વકની શ્રદ્ધા.

સાચી વિચારપૂર્વકની શ્રદ્ધા આવતાં સમકિત થાય છે. સમકિત વર્ધમાન થતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. કેવળજ્ઞાન આત્માથી પ્રગટે છે; તે દેહથી નિપજાવી શકાતું નથી. જેને મતિ કે શ્રુત જ્ઞાન ન હોય તેને કેવળજ્ઞાનનું સ્વરૂપ સમજાતું નથી. પણ તે જ્ઞાન મળતાં, જીવની કક્ષા ધીરે ધીરે આગળ વધતાં, કેવળજ્ઞાનનું સ્વરૂપ સમજાય છે. અને પછી તો એક સમય એવો આવે છે કે જ્યારે જીવ પોતે જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

આમ આત્મા, સમકિત, કેવળજ્ઞાન, મોક્ષમાર્ગ, કર્મ વગેરે મુખ્ય મુદ્દાઓની વિચારણા ઉપરાંત શ્રોતા સમુદાયને થતી કેટલીક શંકાઓનું સમાધાન પણ "વ્યાખ્યાનસાર – ૧"માં જોવા મળે છે; જેમ કે — નિગોદમાં તથા કંદમૂળમાં અનંત જીવ કઈ રીતે હોઈ શકે? પુદ્ગલનું અચિંત્ય સામર્થ્ય કઈ રીતે સમજાય? ગુણ અને ગુણી વચ્ચે શો ભેદ છે? નયભેદ કઈ રીતે છે? — વગેરે શંકાઓનું સમાધાન કરતી સમજણ અહીં અપાયેલી છે. આ ઉપરાંત કર્મનું સ્વરૂપ, કાળ, ક્રિયા, જાતિસ્મરણજ્ઞાન, કષાય આદિ વિશેની શ્રોતાયોગ્ય માહિતી એમાં અપાયેલી છે.

"વ્યાખ્યાનસાર – ૧"માં તત્ત્વના ઘણા ઘણા વિષયો પર શ્રીમદની શાસ્ત્રોક્ત વિચારણા જોવા મળે છે, એ પરથી તેમના બહોળા શાસ્ત્રજ્ઞાનનો તથા તેમના આત્માનુભવનો આપણને

ખ્યાલ આવે છે. આમ આ લખાણમાં શ્રોતાએ શ્રીમદ્‌ના વ્યાખ્યાનમાંથી પોતાને જે ઠીક લાગ્યું હોય તે જ ઉતાર્યું હોવાને લીધે તેમાં શ્રીમદ્‌નું સર્વાંગીણ પાસું જોવા મળતું નથી, એ જ કારણે "ઉપદેશનોંધ" અને "ઉપદેશછાયા"માં ગ્રંથ કે ગ્રંથકાર વિશેના અભિપ્રાય, અંગત અને વ્યક્તિગત પ્રસંગો, તત્કાલીન બનાવો વગેરે વિશેની નોંધ જોવા મળે છે, તેનો અહીં અભાવ દેખાય છે. આ ઉતારનાર શ્રોતાએ માત્ર તત્ત્વની વાતો તથા તે વિશેના અભિપ્રાયને જ લક્ષમાં રાખીને નોંધ કરી છે.

### "વ્યાખ્યાનસાર – ૨"

વિ. સં. ૧૯૫૬ના અષાડ-શ્રાવણ માસમાં શ્રીમદ્ મોરબી હતા તે વખતના તેમના ઉપદેશની, તથા તેમને પુછાયેલા પ્રશ્નોના ઉત્તરોની નોંધ બીજા કોઈ મુમુક્ષુ ભાઈએ કરેલી તે "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં "વ્યાખ્યાનસાર – ૨" નામે આપવામાં આવી છે.

"વ્યાખ્યાનસાર – ૨"માં મિતિ પ્રમાણે સાર ઉતારાયેલો છે. વળી, તેમાં તત્ત્વની સમજણ, શબ્દોના અર્થો, સુવાક્યો વગેરે નાના ટાંચણરૂપે મળે છે. આમ "ઉપદેશછાયા"ની જેમ "વ્યાખ્યાનસાર – ૨"ની નોંધ પણ વ્યવસ્થિત રીતે થયેલી છે. આ નોંધ ત્રીસ દિવસ સુધી અપાયેલા બોધની છે, તેથી તેના ૩૦ વિભાગ પાડવામાં આવ્યા છે, પ્રત્યેક દિવસનો એક વિભાગ રાખવામાં આવ્યો છે.

આ વિભાગમાં મુખ્યત્વે સુભાષિત જેવાં વાક્યો, તાત્ત્વિક બાબતની ટૂંકાણમાં સમજણ, સૂત્રની ગાથાની સમજણ, અન્ય ગ્રંથોમાંથી પદ્ય અવતરણ, કોઈ કોઈ ગ્રંથ અને ગ્રંથકાર વિશેની સમજણ, શબ્દોના અર્થ વગેરેનો સમાવેશ થયેલો છે. પણ આ બધું ખૂબ ટૂંકાણમાં ઉતારી લેવાયેલું છે; વિસ્તાર તો બહુ થોડા મુદ્દા વિશે જ જોવા મળે છે, તેથી પ્રત્યેક વસ્તુ એકબીજાથી સ્વતંત્ર હોય એવી છાપ આપણા મન ઉપર પડે છે.

જીવના પ્રકાર, જાતિસ્મરણજ્ઞાન, આત્માના અસ્તિત્વ અને નિત્યત્વના પ્રમાણ, મોક્ષમાર્ગની સરળતા અને અગમ્યતા, દેહ અને આત્માની ભિન્નતા, "દેવાગમસ્તોત્ર" અને "તત્ત્વાર્થસૂત્ર"ની ટીકા "સર્વાર્થસિદ્ધિ"ની પહેલી ગાથાની સમજણ આદિ વિશે થોડી વિસ્તારથી સમજણ અપાયેલી છે; બાકી તો પ્રત્યેક મુદ્દા વિશે બેચાર વાક્યથી વધારે લંબાણ નથી. આમ જોઈએ તો "વ્યાખ્યાનસાર – ૨"માં પણ પ્રકીર્ણ વિષયો વિશે શ્રીમદ્‌ના વિચારો જ જોવા મળે છે. અને એમાં અમુક મુદ્દા વિશે વ્યવસ્થિત વિચારણા રજૂ થઈ હોય એવું જોવા મળતું નથી.

જીવના શ્રીમદે બે પ્રકાર બતાવ્યા છે : સિદ્ધ અને સંસારી. શાસ્ત્રના આધારે સિદ્ધ જીવના તેમણે તીર્થ, અતીર્થ, તીર્થંકર, અતીર્થંકર, સ્વયંબુદ્ધ, પ્રત્યેકબુદ્ધ વગેરે મળી કુલ ૧૫ ભેદનાં નામ જણાવ્યાં છે; ત્યારે સંસારીના એક પ્રકારે, બે પ્રકારે, ત્રણ પ્રકારે એમ વધતાં વધતાં અનેક પ્રકારે ભેદ ગણાવ્યા છે. તેમાં તેમણે ઉપયોગ લક્ષણે એક પ્રકારે, ત્રસ અને સ્થાવર એમ બે પ્રકારે, લિંગ અપેક્ષાએ ત્રણ પ્રકારે, ગતિ અપેક્ષાએ ચાર પ્રકારે

ઈત્યાદિ ૧૪ ગુણસ્થાનની અપેક્ષાએ ૧૪ પ્રકારે જીવના ભેદ થાય ત્યાં સુધી વર્ણવ્યું છે. અને એ રીતે વધતાં વધતાં અનેક પ્રકારે જીવ ગણી શકાય એમ જણાવ્યું છે. "ઉત્તરાધ્યનસૂત્ર"ના ૩૬મા અધ્યયનમાં જીવના પ્રકાર આ પ્રમાણે વર્ણવેલા છે. તેનો અનુવાદ કરવાનું શ્રીમદ્દે ચાલુ કરેલું, જે અપૂર્ણ રહેલ છે. તે થોડું આગળ વધારી ટૂંકાણમાં જણાવાયું છે.

પોતાના પૂર્વભવોનું જ્ઞાન તે જાતિસ્મરણજ્ઞાન. પોતાના પૂર્વભવો યાદ કરવાનાં પૂરતાં સાધન ન હોવાને લીધે, તથા પૂર્વપર્યાય છોડતાં મૃત્યુ આદિ વેદનાના કારણને લઈને, નવો દેહ ધારણ કરતાં ગર્ભવાસને લઈને વર્તમાન દેહમાં અતિલીનતાને લઈને જીવને પૂર્વભવનું જ્ઞાન થતું નથી. પણ જેમ બાલ્યકાળના પ્રસંગો મોટપણે કેટલાકને યાદ નથી રહેતા, તેથી બાલપણું ન હતું તેમ કહી શકાય નહિ, તેમ અમુક કારણસર પૂર્વભવનું જ્ઞાન ન થાય તો પૂર્વભવ નથી એમ કહી શકાય નહિ. આમ દૃષ્ટાંત દ્વારા શ્રીમદ્દે જાતિસ્મરણજ્ઞાન કોને થાય, કઈ રીતે થાય, તે સમજાવ્યું છે. અને એના અનુસંધાનમાં તેમણે આત્માના અસ્તિત્વ અને નિત્યત્વનાં પ્રમાણો આપેલાં છે. એ જ પ્રમાણે વિભાવદશાને લીધે મતભેદ પડવાથી મોક્ષમાર્ગ અગમ્ય બન્યો છે, અને મતભેદની કડાકૂટ જવા દઈ આત્મા અને પુદ્ગલ વચ્ચે વહેંચણી કરી, શાંતપણે આત્મા અનુભવવામાં આવે તો મોક્ષમાર્ગ સરળ પણ છે, એ પ્રમાણે બતાવી મોક્ષમાર્ગનું અગમ્યપણું તથા સરળપણું કઈ અપેક્ષાથી છે તે તેમણે સમજાવ્યું છે.

"વ્યાખ્યાનસાર – ૨"માં સમંતભદ્રાચાર્યના "દેવાગમસ્તોત્ર"નો પહેલો શ્લોક "તત્ત્વાર્થસૂત્ર"ની "સર્વાર્થસિદ્ધિ" નામે ટીકાની પહેલી ગાથા, "દશવૈકાલિકસૂત્ર"ની પહેલી ગાથા તથા "આચારાંગસૂત્ર"ના સાતમા અધ્યયનની નવમી ગાથાની ટૂંકાણમાં સમજણ આપેલી છે. આ ઉપરાંત તેમાં આનંદઘનજી, બનારસીદાસજીનાં પદોમાંથી તથા "સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા"માંથી લીધેલાં પદ્યાવતરણો પણ જોવા મળે છે. ક્યારેક તેનાં ભાવાર્થ કે સમજણ પણ અપાયેલ છે.

આમાં કેટલીક વખત નાનાં નાનાં સુવાક્યો જેવાં કે, "જ્ઞાન વૈરાગ્ય સાથે અને વૈરાગ્ય જ્ઞાન સાથે હોય છે. એકલાં ન હોય."[૪૦] "શાંતપણું પ્રાપ્ત કરવામાં જ્ઞાન વધે છે."[૪૧] વગેરે મળે છે. પણ આવાં વચનો કરતાં આમાં જૈન પરંપરામાં બનેલા બનાવો, જૈનમાર્ગની સમજણ આપતી ક્રિયા વગેરે વિશેનાં વચનોનો સંગ્રહ વધુ જોવા મળે છે. તદુપરાંત તીર્થંકર પ્રભુપ્રણીત માર્ગ, કર્મ અને તેના પ્રકાર, ક્ષાયિક ચારિત્રનાં લક્ષણ, આયુષ્યપ્રકૃતિ, ગતિ જાતિ આદિના ભોગવટાના પ્રમાણનો આધાર, જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાથી થતા લાભ વગેરે અનેક તત્ત્વો વિશે ઉતારાયેલી બબ્બે પંક્તિની કંડિકાઓનો પણ આમાં સમાવેશ થાય છે; ઉદાહરણ તરીકે — "આશરે બે હજાર વર્ષ ઉપર જૈન યતિ શેખરસૂરિ આચાર્યે વૈશ્યને ક્ષત્રિય સાથે મેળવ્યા."[૪૨] "સનાતન આત્મધર્મ તે શાંત થવું, વિરામ

૪૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૭૬૨.

૪૧. એજન, પૃ. ૭૬૪.     ૪૨. એજન, પૃ. ૭૬૩.

થવું તે છે; આખી દ્વાદશાંગીનો સાર પણ તે જ છે. તે ષડ્દર્શનમાં સમાય છે, અને તે ષડ્દર્શન જૈનમાં સમાય છે."[૪૩] જેવાં અનેક વચનો જેમાં ગંભીર વિષયોની કે પ્રાસંગિક બાબતોની માહિતી આપવામાં આવી હોય, તે "વ્યાખ્યાનસાર – ૨"માં સંગ્રહાયેલા જોવા મળે છે,

આ વચનોમાં ઘણી વખત મહાન આચાર્યો, તેમની કૃતિઓ વગેરે વિશેનું લખાણ પણ જોવા મળે છે. હેમચંદ્રાચાર્યની જાતિ, વૃત્તિ, તેમના ગુરુ વિશેની માહિતી પણ અહીં મળે છે. એ જ પ્રમાણે યશોવિજયજીએ "યોગદૃષ્ટિ" ગ્રંથમાં બતાવેલ જુદી જુદી દૃષ્ટિનું મહત્ત્વ વગેરેની માહિતી પણ આમાં જોવા મળે છે. "ભગવતી આરાધના", "પરમાત્મ-પ્રકાશ" જેવા ગ્રંથોના વાચન માટેની ભલામણ, તેની છૂટક છૂટક ટૂંકાણમાં સમજણ, તે વિશે શ્રીમદ્દનો અભિપ્રાય વગેરે અહીં અપાયેલ છે; જે આપણે "પરમશાંત રસમય 'ભગવતી આરાધના' જેવા એક જ શાસ્ત્રનું સારી રીતે પરિણમન થયું હોય તો બસ છે, કારણ કે આ આરા(કાળ)માં તે સહેલું છે, સરલ છે."[૪૪] જેવાં વાક્યોમાં જોઈ શકીએ છીએ. કુંદકુંદાચાર્યરચિત પ્રાભૃતો વિશે પણ તેમાં કેટલીક માહિતી આપી છે. આમ અહીં ગ્રંથ, ગ્રંથકાર, તેમની સ્થિતિ, તેમની કક્ષા વગેરે વિશેનાં વચનો પણ સંગ્રહાયેલાં છે.

છદ્મસ્થ, શૈલેશીકરણ, સોપક્રમ, નિરૂપક્રમ, અનપવર્તન, અસમંજસતા આર્ય, ભયંત્રાણ, અનાગાર, અણગાર સમિતિ, સત્તાગત, અનુપપન્ન, સ્થવિરકલ્પ, જિનકલ્પ, સાધુ, મુનિ, યતિ વગેરે મળી લગભગ ૮૦ જેટલા પારિભાષિક શબ્દોના અર્થ આમાંથી મળે છે. આ પરથી અનુમાન થઈ શકે કે શ્રીમદ્ પોતે પોતાના વ્યાખ્યાનમાં આવતા અનેક શબ્દોના અર્થ પણ પ્રસંગોપાત્ત સમજાવતા જતા હોવા જોઈએ.

શ્રીમદ્દના અન્ય સાહિત્યની જેમ આ "વ્યાખ્યાનસાર – ૨"માં પણ તેમની સર્વ પ્રતિ આદરવાળી દૃષ્ટિ નજરે ચડે છે. તેઓ ષડ્દર્શનની સમજણ આપી જૈનધર્મની ઉત્તમતા બતાવે છે, તેમ છતાં અન્ય ધર્મો વિશે પણ તેમનું વલણ ઉદાર જ જોવા મળે છે. એ જ રીતે તેમણે જૈનધર્મમાં પડી ગયેલા દિગંબર અને શ્વેતાંબર જેવા ફાંટાઓનો ઉલ્લેખ કર્યો છે, પણ તેમાં ક્યાંય તેમનો રાગ કે દ્વેષ દેખાતો નથી; એટલું જ નહિ, તેમની અભિલાષા તો એવી હતી કે લોકોમાં પ્રવર્તતા મતભેદ ઓછા થાય; જેમ કે :—

> "જૈનધર્મનો આશય, દિગંબર તેમજ શ્વેતાંબર આચાર્યોનો આશય, ને દ્વાદશાંગીનો આશય માત્ર આત્માનો સનાતન ધર્મ પમાડવાનો છે, અને તે જ સારરૂપ છે. આ વાતમાં કોઈ પ્રકારે જ્ઞાનીઓનો વિકલ્પ નથી, તે જ ત્રણે કાળના જ્ઞાનીઓનું કહેવું છે, હતું અને થશે. પણ તે નથી સમજાતું તે જ મોટી આંટી છે."[૮૫]

આવાં વચનોમાં તેઓ વસ્તુનો સમન્વય કેવી રીતે કરતા હતા, મતમતાંતર મિટાવવા કેવો પ્રયત્ન કરતા હતા તે જોઈ શકાય છે. અને આ બધાના સારા અંશોના સમન્વયરૂપ મોક્ષમાર્ગમાં તેમને કેટલી શ્રદ્ધા હતી તે માટે જુઓ —

૪૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૭૬૫.
૪૪. એજન, પૃ. ૭૭૧. ૪૫. એજન, પૃ. ૭૬૫.

"અમારી આજ્ઞાએ વર્તતાં જો પાપ લાગે તો તે અમે અમારે શિર ઓઢી લઈએ છીએ, કારણ કે જેમ રસ્તા ઉપર કાંટા પડ્યા હોય તે કોઈને વાગશે એમ જાણી માર્ગે ચાલતાં ત્યાંથી ઉપાડી લઈ કોઈને જ્યાં ન લાગે તેવી બીજી એકાંત જગોએ કોઈ મૂકે તો કાંઈ તેણે રાજ્યનો ગુનો કર્યો કહેવાય નહિ, તેમ રાજા તેનો દંડ કરે નહિ. તેમ મોક્ષનો શાંત માર્ગ બતાવવામાં પાપ કેમ સંભવે?"[૪૬]

"વ્યાખ્યાનસાર – ૨"માં ઉપર જોયાં તે કરતાં પણ ઘણા વધુ વિષયો જેમ કે – કર્મના ઉદયમાં ફેરફાર ન થઈ શકે, પ્રદેશબંધ કઈ રીતે થાય, કરણાનુયોગ એટલે શું છે, અભવ્ય જીવ, હિંદના લોકોની વૃત્તિ, જૈનધર્મ સિવાયના અન્ય ધર્મોમાં અહિંસાની દૃષ્ટિએ બૌદ્ધ ધર્મનું ચડિયાતાપણું વગેરે વિશેનું લખાણ પણ જોવા મળે છે. અહીં નાના-મોટા અનેક વિષયો પરત્વેનું લખાણ હોવાથી વિષયવૈવિધ્ય ઘણા પ્રમાણમાં છે. આને લીધે કોઈ એક વિષય વિશે ક્રમવાર લખાણ, કે કોઈ વિષય અંગે સવિસ્તર લખાણ મળતું નથી, પણ જુદા જુદા વિષયો પરત્વે છૂટક છૂટક લખાણ જોવા મળે છે. આ બધા વિચારો આપણને શ્રીમદ્ના અન્ય સાહિત્યમાં એક અથવા બીજા રૂપે જોવા મળે છે. એ મહત્ત્વના સાહિત્યની સરખામણીમાં "વ્યાખ્યાનસાર"ની બહુ અગત્ય નથી, પણ જે શ્રોતાએ આ ઉતાર્યું હશે, તેને માટે તે ઘણું ઉપયોગી નીવડ્યું હશે એમાં શંકા નથી. કારણ કે તે વખતે શ્રીમદ્નું બીજું સાહિત્ય બહુ ઓછા પ્રમાણમાં ઉપલબ્ધ હતું. આ વિભાગ વિશે પંડિત સુખલાલજીએ લખ્યું છે કે :—

"'વ્યાખ્યાનસાર' આખો જૈન તત્ત્વજ્ઞાનની રુચિવાળા બધાએ વાંચવા જેવો છે. એ વાંચતાં એમ લાગે છે કે, એમણે સમ્યક્ત્વ પાકું અનુભવ્યું ન હોય તો એ વિશે આટલી સ્પષ્ટતાથી વારંવાર કહી ન શકે. તેઓ જ્યારે એ વિશે કહે છે, ત્યારે માત્ર સ્થૂલ સ્વરૂપ નથી કહેતા. એમના એ સારમાં ઘણા પ્રસિદ્ધ દાખલાઓ આકર્ષક રીતે આવે છે."[૪૭]

પંડિતજીએ આપેલો આ અભિપ્રાય સર્વ ઉપદેશનોંધને લાગુ પડી શકે તેવો છે.

"ઉપદેશનોંધ", "ઉપદેશછાયા" તથા "વ્યાખ્યાનસાર – ૧ અને ૨" એ ચારે વિભાગ, આપણે જોયું તેમ, લગભગ એક જ પ્રકારના છે. તેમાં શ્રીમદ્ દ્વારા અપાયેલા ઉપદેશની જુદાજુદા મુમુક્ષુઓએ ઉતારેલી નોંધ આપેલ છે. આ ઉપરાંત આ મુમુક્ષુઓની પ્રવૃત્તિ પણ સારી હોવાને લીધે તથા શ્રીમદ્ પ્રતિ તેમને ખૂબ જ પૂજ્યભાવ હોવાને લીધે તેઓએ બને ત્યાં સુધી શ્રીમદ્ની જ ભાષા જાળવી રાખી છે, તે આ ચારે વિભાગની ભાષાને શ્રીમદ્ના અન્ય સાહિત્ય સાથે સરખાવતાં જણાય છે.

શ્રીમદ્ના અન્ય લખાણ જેટલું આ ચારે વિભાગનું લખાણ મહત્ત્વનું નથી, પણ તેમનાં તમામ લખાણોનો અભ્યાસ કરનારાઓ માટે તે અવશ્ય ઉપયોગી છે. શ્રીમદ્ને મુખેથી વહેલી વાણીમાંથી કેટલાંક વચનો અહીં એવાં જોવા મળશે કે અન્યત્ર એ જ રૂપે ન પણ હોય.

૪૬. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ, પૃ. ૭૭૧.

૪૭. "શ્રીમદ્ રાજચંદ્ર – એક સમાલોચના", "શ્રી રાજચંદ્રનાં વિચારરત્નો", પૃ. ૧૭૫.

# વિભાગ પાંચમો

## સ્વ-પર આત્મવિકાસમાં શ્રીમદ્‌નો ફાળો

## પ્રકરણ ૧૨

# શ્રીમદ્‌નો ક્રમિક આત્મવિકાસ

બાળવયથી જ શ્રીમદ્‌માં કેટલાક આત્મિક ગુણોનો આવિર્ભાવ જોવા મળતો હતો. અને વય વધવા સાથે તે ઉપરાંતના બીજા ગુણો પણ તેમનામાં ખીલતા ગયા હતા. તેમનું ધ્યેય મોક્ષ મેળવવાનું હતું, અને તે માટે તેમણે પ્રબળ પુરુષાર્થ પણ ઉપાડ્યો હતો. આ પુરુષાર્થના પરિણામમાં તેમણે આત્માની નિર્મળતા અને સિદ્ધિઓ ઉત્તરોત્તર પ્રાપ્ત કરી હતી. અને તેમના આત્માની વિશુદ્ધિમાં ઘણો ઝડપથી વધારો થતો ગયો હતો, તે આપણે તેમના સમગ્ર સાહિત્ય તથા અન્ય ઉપલબ્ધ માહિતીના આધારે જાણી શકીએ છીએ. સામાન્ય વ્યક્તિ તો એ ઝડપથી વિકાસ સાધી શકે કે કેમ તે પણ પ્રશ્ન જ છે. અલબત્ત, શ્રીમદ્‌ને એ વિકાસ સાધવામાં કેટલાંયે વિઘ્નો આવ્યાં હતાં, અને તેઓ એ બધાંને ઓળંગીને કઈ રીતે આગળ વધ્યા હતા, તેનો ઇતિહાસ એ જ તેમના આત્માનો ક્રમિક વિકાસ. આત્મા આદિના અસ્તિત્વની અશ્રદ્ધાથી શરૂ કરી, તેમાં શ્રદ્ધા કેળવી "કેવળ લગભગ ભૂમિકા"ને સ્પર્શ કરવા સુધીનો વિકાસ તેમણે માત્ર ૩૩ વર્ષના આયુષ્યમાં સાધ્યો હતો.

શ્રીમદ્દે સાધેલા આત્મિક વિકાસને સમજવા માટે તેમના જીવનને ચાર વિભાગમાં વહેંચવું યોગ્ય છે. તેમાં સૌપ્રથમ તબક્કો વિ. સં. ૧૯૪૧ સુધીનો ગણી શકાય. વિ. સં. ૧૯૪૧ સુધીનો કાળ તેમનો મંથનકાળ હતો. જગતમાં પ્રવર્તતા અનેક ધર્મોમાં કયો ધર્મ શ્રેષ્ઠ, તેનું પરીક્ષણ તથા સત્યશોધન કરવામાં, તથા આત્માદિનાં અસ્તિત્વની વિચારણા કરવા માટે તેમણે વિ. સં. ૧૯૪૧ સુધીનાં વર્ષો ગાળ્યાં હતાં.

વિ. સં. ૧૯૪૨થી વિ. સં. ૧૯૪૬ સુધીનો સમય એ શ્રીમદ્‌ના વિકાસક્રમનો બીજો તબક્કો છે. વિ. સં. ૧૯૪૧ સુધીમાં અનુભવેલા આત્મમંથનના પરિણામે તેમને વિ. સં. ૧૯૪૨માં અપૂર્વ વૈરાગ્ય જાગ્યો અને સંસાર તરફનો નિર્વેદ ઘણો વધી ગયો. આ ગાળામાં તેમણે આત્માનો નિર્ધાર કર્યો અને તેના અસ્તિત્વ આદિની અવ્યક્ત પ્રતીતિ પણ અનુભવી. વેદાંતાદિ દર્શનોના મંથનમાં વીતરાગમાર્ગ પ્રતિનું વલણ શરૂ થયું, અને અસંગદશાની ઇચ્છાની શરૂઆત થઈ.

વિ. સં. ૧૯૪૭થી ૧૯૫૧ સુધીનો સમય ત્રીજો તબક્કો ગણી શકાય. તેમાં તેમણે આત્મા હોવાનો સ્પષ્ટ નિર્ધાર કર્યો. વિ. સં. ૧૯૪૭માં તેમને શુદ્ધ સમકિત પ્રગટ્યું, એટલે કે અનુભવસ્વરૂપ આત્મજ્ઞાન પ્રગટ્યું. અને વીતરાગમાર્ગ પ્રતિનું વલણ વધ્યું. એ અરસામાં પ્રવૃત્તિઓનો તથા સાંસારિક જવાબદારીઓનો ઘણો વધારો થયો, જે તેમની અસંગદશાની ઇચ્છા કરતાં સાવ વિરુદ્ધ પ્રકારનો હતો. તેથી આત્મશુદ્ધિ કરવા તેમને ઘણો પ્રબળ પુરુષાર્થ કરવો પડ્યો, અને ક્ષાયિક ચારિત્ર પામવાની, નિરાવરણ જ્ઞાન મેળવવાની આકાંક્ષા વિશેષ તીવ્ર બની.

છેલ્લો અને ચોથો તબક્કો તે વિ. સં. ૧૯૫૨થી વિ. સં. ૧૯૫૭ સુધીનો એટલે કે તેમનો દેહાંત થયો ત્યાં સુધીનો સમય. આ સમયમાં પ્રવૃત્તિથી આવતાં વિઘ્નો હળવાં બન્યાં. આત્માનો અફર નિર્ણય થયો. વીતરાગમાર્ગની સંપૂર્ણ ખાતરી અને તે જ માર્ગ શ્રેષ્ઠ છે તેવો નિર્ધાર થયો. વીતરાગતાની વિશેષ તીવ્રતા તેમનામાં આવી, પરિણામે "કેવળ લગભગ"ની ભૂમિકા સુધી પહોંચ્યા પછી તેમનો દેહવિલય થયો. શ્રીમદ્‌ના ક્રમિક આત્મવિકાસના આ ચાર તબક્કા આપણે સવિગત જોઈએ.

## તબક્કો પહેલો : મંથનકાળ

વિ. સં. ૧૯૨૪માં શ્રીમદ્‌નો જન્મ થયો. તેઓ ત્રણ-ચાર વર્ષના થયા ત્યારથી તેમના કેટલાક ગુણોનો તેમ જ તેમને વરેલી તીવ્ર સ્મરણશક્તિનો આછો પરિચય તેમના કુટુંબીજનોને તથા આડોશીપાડોશીઓને થવા લાગ્યો. આ ઉપરાંત શાંતિવાળી રમતગમત પ્રત્યેની રુચિ, તોફાન તરફનો અણગમો અને વસ્ત્રાદિ વિશેની નિઃસ્પૃહતા તેમનામાં એ વયે પણ જોવા મળતાં હતાં. તેઓ સાત વર્ષના થયા ત્યાં સુધીનો સમય બાળસુલભ રમતોમાં તેમણે વિતાવ્યો હતો. એ રમતોમાં તેમને વિજય મેળવવાની તથા રાજરાજેશ્વર જેવી ઊંચી પદવી મેળવવાની તીવ્ર ઇચ્છા રહેતી. પણ ખાવાપીવાની, સૂવાબેસવાની, સારાં વસ્ત્ર પહેરવાની કે તેને સ્વચ્છ રાખવાની વગેરે બાબતમાં તેમની દશા વિદેહી જેવી હતી તેમ તેમણે પોતે જ "સમુચ્ચયવયચર્યા"માં જણાવ્યું છે. એટલે કે સાંસારિક સુખોમાં રાચવાને બદલે એ વયે પણ તેઓ કલ્પનામાં રાચતા હતા. તેમનું હૈયું પહેલેથી ઘણું કોમળ હતું; કોઈને દુઃખી કરવાની તેમને ઇચ્છા થતી નહિ.

સાત વર્ષની વયે એટલે કે વિ. સં. ૧૯૩૧માં તેમને જાતિસ્મરણજ્ઞાનની શરૂઆત થઈ. તેમણે પોતે જ એક કાવ્યમાં એ વિશે લખ્યું છે કે, "ઓગણીસસેં ને એકત્રીસે, આવ્યો અપૂર્વ અનુસાર રે."[1] શ્રી અમીચંદભાઈના અવસાનના નિમિત્તથી આ જ્ઞાનની તેમને શરૂઆત થઈ, પરિણામે બાળવયથી જ વૈરાગ્યની વૃદ્ધિ થવા લાગી. આ જ વર્ષથી તેમણે અભ્યાસની પણ શરૂઆત કરી, અને તેમાં, તેમની સ્મૃતિની બળવત્તરતાને લીધે, માત્ર બે વર્ષના ગાળામાં જ એમણે ગુજરાતી સાતે ચોપડીનો અભ્યાસ પૂર્ણ કર્યો; અને પછી બીજાં બે વર્ષ સુધી જુદી જુદી તાલીમ લીધી. આમ સાતથી ૧૧ વર્ષ સુધીનો ગાળો તેમણે કેળવણી લેવામાં ગાળ્યો. આ સમય સુધીમાં તેમનાથી બહુ ભદ્રિકપણું સેવાયું હતું, અને તેઓ માણસજાતના ખૂબ જ વિશ્વાસુ હતા. વળી, તેઓ વાતડાહ્યા, રમતિયાળ અને આનંદી પણ હતા. તે વખતની પોતાની આત્મદશા વિશે શ્રીમદ્ લખે છે કે :—

> "તે વેળા પ્રીતિ – સરળવાત્સલ્યતા – મારામાં બહુ હતી; સર્વથી એકત્વ ઇચ્છતો; સર્વમાં ભ્રાતૃભાવ હોય તો જ સુખ, એ મને સ્વાભાવિક આવડ્યું હતું. લોકોમાં કોઈ પણ પ્રકારથી જુદાઈના અંકુરો જોતો કે મારું અંતઃકરણ રડી પડતું."[2]

---

૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ ૮૦૧.

૨. એજન, પૃ. ૨૦૪, આંક ૮૯.

બાળવયથી સાંપડેલી હૈયાની આવી કોમળતામાં જાતિસ્મરણજ્ઞાને વધારો કર્યો હતો.

બીજી બાજુ તેમના પિતામહ પાસેથી તેમને કૃષ્ણકીર્તનનાં પદો તથા તેના અવતારોની ચમત્કારી વાતો સાંભળવા મળી હતી. બાળવયમાં જ એ રીતે વૈષ્ણવ સંપ્રદાયના સંસ્કાર તેમના પર પડ્યા હતા. તેથી તેઓ નિત્ય કૃષ્ણનાં દર્શન કરવા જતા. એ ચમત્કારોમાં પ્રીતિ થવાથી તે જોવાની અભિલાષા પણ તેમને થતી હતી. એ ચમત્કારો જાણીને તેમને ત્યાગી થવાની ઇચ્છા થતી, તો કોઈ વૈભવીની વાતો સાંભળી સમર્થ વૈભવી થવાની ઇચ્છા પણ થતી. આમ બાળસુલભ રીતે તેઓ જેવા વાતાવરણમાં આવતા તેને અનુકૂળ કલ્પના કરતા.

વૈષ્ણવ સંપ્રદાયના સંસ્કાર મળવાને લીધે જૈન પ્રતિ તેમને જુગુપ્સા હતી. જગતનો કર્તા ઈશ્વર છે તે અંગે તેમને ખાતરી હતી, અને તેથી જૈનલોકો જગતના કર્તા તરીકે ઈશ્વરને માનતા નથી માટે તેઓ ખોટા છે, એવો તેમનો અભિપ્રાય બંધાઈ ગયો હતો. પણ વવાણિયામાં તેમને જૈન લોકોનો વિશેષ સમાગમ થવાથી જૈનનાં સામાયિક, પ્રતિક્રમણ આદિ સૂત્રો તેમના વાંચવામાં આવ્યાં. તે સૂત્રોમાં જગતના સર્વ જીવો સાથે મૈત્રી સાધવાની ભાવના જોઈને શ્રીમદ્દને એના ઉપર ઘણો ભાવ થયો, કારણ કે તેઓ પણ સર્વ જગત સાથે મૈત્રીભાવ બાળવયથી ઇચ્છતા હતા. તેમ છતાં આ સમય આસપાસ, એટલે કે તેમની વય બાર-તેર વર્ષની થઈ તે અરસામાં તેઓ જગતનો કર્તા ઈશ્વર છે, એવી શ્રદ્ધા ધરાવતા હતા. અને આચારવિચારની દૃષ્ટિએ તો વૈષ્ણવ સંપ્રદાય તેમને વિશેષ પ્રિય હતો.

આમ તેમના મંથનકાળની શરૂઆત લગભગ વિ. સં. ૧૯૩૭થી થઈ. જૈનસૂત્રો વાંચતાં, તેના સિદ્ધાંતો અનુકૂળ લાગતાં, તે વિશે વધારે જ્ઞાન મેળવવાની જિજ્ઞાસા તેમને પ્રગટી, અને તેમાંથી સર્વ દર્શન વિશે જાણી સત્યમાર્ગનું શોધન કરવાની અભિલાષા તેર-ચૌદ વર્ષની લઘુ વયે તીવ્ર બની. તેના પરિણામમાં જેટલા ધર્મગ્રંથો મળ્યા તેટલા વાંચી નાખવાનો તેમણે પ્રયત્ન કર્યો. જે વયે સામાન્ય જ્ઞાન પણ માંડ મેળવી શકાય, તે વયે શ્રીમદ્દે, મહાન પંડિતોને યોગ્ય, ઉપાડેલું તત્ત્વશોધનનું કામ પાર પાડવા પૂરા પ્રયત્નો શરૂ કર્યા.

આ બધું વાચન ચાલતું હતું તે અરસામાં તેમના આત્માએ એક પલટો લીધો, તેમાં તેમની ધર્મની શ્રદ્ધા ચલિત થઈ ગઈ. તે વિશે શ્રીમદ્ લખે છે કે :—

> "મોટી કલ્પના તે આ બધું શું છે, તેની હતી. તે કલ્પનાનું એક વાર એવું રૂપ દીઠું કે, પુનર્જન્મ નથી, પાપ નથી, પુણ્ય નથી, સુખે રહેવું અને સંસાર ભોગવવો એ જ કૃતકૃત્યતા છે. એનાથી બીજી પંચાતમાં નહિ પડતાં, ધર્મની વાસનાઓ કાઢી નાખી. કોઈ ધર્મ માટે ન્યુનાધિક કે શ્રદ્ધાભાવપણું રહ્યું નહિ."[3]

પણ આ ભાવ લાંબો વખત ટક્યો નહિ. થોડો વખત પસાર થતાં તેમાંથી નવી જ શ્રદ્ધા જન્મી. તેમાં તેમનું જાતિસ્મરણજ્ઞાન, ધર્મગ્રંથોનું વાચન આદિ મદદે આવ્યાં. ધર્મગ્રંથોના વાચને વિશેષ જોર પકડ્યું. તેમાંથી તેઓ એવા નિર્ણય પર આવ્યા કે

૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૧૯૭.

વીતરાગપ્રણીત માર્ગ જ શ્રેષ્ઠ છે. તેમાંથી વૈરાગ્યની શરૂઆત થઈ. વિ. સં. ૧૯૪૦ પહેલાં જગત્કર્તાનો બોધ કરતી "સ્ત્રીનીતિબોધક"ની ગરબી તથા અન્ય કાવ્યો રચાયાં હતાં, તે વિશે તેઓ ઉદાસીન બન્યા.

આ અરસામાં તેઓ અવધાની, જ્યોતિષી તથા કવિ તરીકેની ખ્યાતિ પામી ચૂકયા હતા. શતાવધાન સુધીના સફળ પ્રયોગો તેમણે મુંબઈમાં જાહેર સભાઓમાં અનેક વખત કરી બતાવ્યા હતા. અને એ રીતે તેઓ કીર્તિની ટોચ પર હતા. પણ વિ. સં. ૧૯૪૧માં વૈરાગ્યનો ઉદય આવતાં તેમના જીવનમાં પલટો થયો.

## બીજો તબક્કો : વીતરાગમાર્ગ પ્રતિનું વલણ

વિ. સં. ૧૯૪૦ આસપાસ ધર્મ પ્રતિની અશ્રદ્ધાનો તથા સંસારસુખની અભિલાષાનો કાળ પૂરો થયો. ધર્મપુસ્તકના વાચન તથા મનનથી તેમને વિ. સં. ૧૯૪૧માં વૈરાગ્યનો ઉદય આવ્યો. તે વિશે તેમણે લખ્યું છે કે, "ઓગણીસસેં ને એકતાલીસે અદ્‌ભુત વૈરાગ્ય-ધાર રે."૪ આ વૈરાગ્યની ધારામાં તેમણે જાહેરજીવન તથા પ્રવૃત્તિઓનો ત્યાગ કર્યો. સ્મરણશક્તિના પરચા આપવા, વર્તમાનપત્રો કે માસિકોમાં લેખો કે કાવ્યો મોકલવાં, અવધાનના પ્રયોગો કરવા વગેરેનો વિ. સં. ૧૯૪૩ સુધીમાં સંપૂર્ણ ત્યાગ કર્યો, અને માત્ર આત્માની ખોજમાં જ તેઓ ચાલ્યા ગયા. વિ. સં. ૧૯૪૦-૪૨માં તેમણે "ભાવનાબોધ" તથા "મોક્ષમાળા"ની રચના કરી. તેમાં તેમનો વૈરાગ્ય તથા તેમને આવેલી વીતરાગમાર્ગની શ્રદ્ધા જોઈ શકાય છે. આ ઉપરાંત "પુષ્પમાળા", "બોધવચન" આદિ નીતિવચનોમાં તથા "મુનિસમાગમ", "દ્વાદશાનુપ્રેક્ષા" આદિમાં તેમનો વૈરાગ્ય જોઈ શકાય છે, એ સર્વની રચના લગભગ વિ. સં. ૧૯૪૨ આસપાસ થઈ હતી.

વિ. સં. ૧૯૪૧માં શરૂ થયેલી વૈરાગ્યની ધારાએ સમય જતાં વેગ પકડયો. વિ. સં. ૧૯૪૩માં તેઓ અવધાનથી મળેલી કીર્તિની ટોચે હતા, છતાં તે સાલથી તેમણે તે પ્રયોગો બંધ કર્યા, અને ધર્મેતર સાહિત્યની રચના પણ બંધ કરી. એ સાલમાં કેટલાક લેખો લખવાની શરૂઆત કરી હતી, પણ તે અપૂર્ણ રહ્યા હતા. "ઉત્તરાધ્યયન" આદિ જૈન સૂત્રોમાંથી અનુવાદ કરવાની શરૂઆત પણ કરી હતી, તે પણ વર્તતા વૈરાગ્યને લીધે પૂર્ણ લઈ શકયા ન હતા. આ સમય દરમ્યાન વીતરાગમાર્ગની શ્રદ્ધા આવતાં, તે માર્ગ પ્રવર્તાવવાની અભિલાષાનો જન્મ પણ આ સાલમાં થયેલો જોઈ શકાય છે.

વિ. સં. ૧૯૪૩માં રચાયેલું તેમનું સાહિત્ય માત્ર ધર્મને લગતું જ છે. તેમાં મુખ્યત્વે નીતિનિયમો દર્શાવનારાં વચનો જોવા મળે છે. અને એ ઉપરાંત જૈન ગ્રંથો પરની ટીકા કે અનુવાદ મળે છે. તેમને પ્રવર્તતી ઉદાસીનતાને લીધે સંસારી સંબંધોમાં તેઓ સારી રીતે પ્રવર્તી શકતા ન હતા, તે વિશે પણ ઉલ્લેખ મળે છે. તેમણે તેમના બનેવીને આ સાલમાં લખ્યું હતું કે :—

૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પૃ. ૮૦૧.

"પત્રનો ઉત્તર નથી લખી શક્યો. તમામ મનની વિચિત્ર દશાને લીધે છે. રોષ કે માન એ બેમાંનું કાંઈ નથી. કાંઈક સંસારભાવની ગમગીની તો ખરી. એ ઉપરથી આપે કંટાળી જવું ન જોઈએ. ..."[૫]

સંસારથી કંટાળ્યાનો તથા વૈરાગ્યનો ઉદય થયાનો ઉલ્લેખ તેમના આ પત્રમાં જોઈ શકાશે —

"વૈરાગ્યને લીધે જોઈતા ખુલાસા લખી શકતો નથી. હું કેવળ હૃદયત્યાગી છું, થોડી મુદતમાં કંઈક અદ્ભુત કરવાને તત્પર છું. સંસારથી કંટાળ્યો છું.

હું બીજો મહાવીર છું, એમ મને આત્મિક શક્તિ વડે જણાયું છે. વૈરાગ્યમાં ઝીલું છું.

સત્ય સુખ અને સત્ય આનંદ તે આમાં નથી. તે સ્થાપન થવા એક ખરો ધર્મ ચલાવવા માટે આત્માએ ઝંપલાવ્યું છે. જે ધર્મ પ્રવર્તાવીશ જ.

અત્રે એ ધર્મના શિષ્યો કર્યા છે. અત્રે એ ધર્મની સભા સ્થાપન કરી લીધી છે.

સાતસેં મહાનીતિ હમણાં એ ધર્મના શિષ્યોને માટે એક દિવસ તૈયાર કરી છે.

આખી સૃષ્ટિમાં પર્યટન કરીને પણ એ ધર્મ પ્રવર્તાવીશું.

ધર્મના સિદ્ધાંતો દૃઢ કરી, હું સંસાર ત્યાગી, તેઓને ત્યાગાવીશ."[૬]

શ્રીમદ્દે પોતાના બનેવીને વિ. સં. ૧૯૪૩માં લખેલા આ પત્ર પરથી જાણી શકાય છે કે વીતરાગમાર્ગની શ્રદ્ધા થવાથી શ્રીમદ્દને તે માર્ગ પ્રવર્તાવવાનો ઉલ્લાસ ઘણો વ્યાપ્યો છે. તેઓ નિશ્ચયપૂર્વક જૈનધર્મ પ્રવર્તાવવા ઇચ્છે છે. અને તે માટેના પ્રયત્નો પણ તેમણે શરૂ કરી દીધા છે. "નીતિવચનો"ની રચના કરી છે, ઉપરાંત કેટલાક ચમત્કારો વિશેનો ઉલ્લેખ પણ તે પછીના પત્રમાં મળે છે.

"પંચમકાળમાં પ્રવર્તન કરવામાં જે જે ચમત્કારો જોઈએ તે એકત્ર છે અને થતાં જાય છે."[૭]

આમ શ્રીમદ્દને જૈનમાર્ગ પ્રવર્તાવવાની તીવ્ર અભિલાષા જાગી હતી. એક બાજુ તેમના વૈરાગ્યની વૃદ્ધિ થાય છે, અને બીજુ બાજુ તેમને ગૃહસ્થાશ્રમી બનાવવાની પ્રવૃત્તિ શરૂ થાય છે. લક્ષ્મી, સંસાર આદિ પ્રતિ તેમને વૈરાગ્ય વર્તતો હતો, છતાં તેના સંપૂર્ણ ત્યાગનો નિર્ણય લેવાય તે પહેલાં તત્કાલીન સંજોગો અનુસાર તેમણે વિ. સં. ૧૯૪૪ના માહ સુદ ૧૨ના રોજ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો. તે પછીથી પણ તેમનું લક્ષ આત્મા તરફથી ખસ્યું ન હતું. તેમને કેટલાક ચમત્કારી અનુભવો પણ થતા હતા, તેમાંનો એક જોઈએ. વિ. સં. ૧૯૪૪ના અષાડ વદમાં તેમણે લખ્યું હતું કે: —

"આ એક અદ્ભુત વાત છે કે ડાબી આંખમાંથી ચાર–પાંચ દિવસ થયાં એક નાના ચક્ર જેવો વીજળી સમાન ઝબકારો થયા કરે છે. જે આંખથી જરા દૂર જઈ ઓલવાય

૫-૬-૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, આંક ૨૬; આંક ૨૭; આંક ૨૮;

છે. લગભગ પાંચ મિનિટ થાય છે, કે દેખાવ દે છે. મારી દૃષ્ટિમાં તે વારંવાર જોવામાં આવે છે. એ બાતે કોઈ પ્રકારની ભ્રમણા નથી...પ્રકાશ અને દિવ્યતા વિશેષ રહે છે.
અંતઃકરણમાં બહુ પ્રકાશ રહે છે, શક્તિ બહુ તેજ મારે છે. ધ્યાન સમાધિસ્થ રહે છે."[૮]

આ બધા અનુભવોને કારણે અન્ય જગ્યાએ લક્ષ જવાને બદલે તેમનું લક્ષ સત્સંગ પ્રતિ જ વધારે રહેતું થયું હતું. અને તે મેળવવા તેઓ પુરુષાર્થી હતા. આ અરસામાં તેઓ પ્રતિમાને માનતા થયા હતા. એટલે કે "જિનપ્રતિમા"નું પૂજન કરવું તે પણ મોક્ષમાર્ગ પામવા માટે એક સારું અવલંબન છે તેવો તેનો મત થયો હતો. આ સમય પહેલાં તેઓ જિનમાર્ગને સ્વીકારતા હતા, પણ તેમને પ્રતિમાપૂજનમાં શ્રદ્ધા ન હતી. પણ કેટલાક ગ્રંથોનાં વાચન અને અનુભવોથી તેમને "પ્રતિમાની સ્થાપના તો શ્રી મહાવીર પ્રભુના સમયથી ચાલી આવે છે" તેવી શ્રદ્ધા થઈ. તેમના એ વિચારોનો ફેલાવો થતાં સ્થાનકવાસી સંપ્રદાયના લોકો તેમની વિરુદ્ધ થયા. તેમને સમજાવવા માટે શ્રીમદે પ્રતિમાની સિદ્ધિ કરતો એક લઘુ ગ્રંથ લખ્યો, પણ કેટલાંક કારણોસર તે પ્રસિદ્ધ ન કર્યો. સત્ય અપનાવ્યા પછી, તેને માટે વર્તતા વિરોધ પ્રતિ શ્રીમદ્ ઉદાસીન હતા, તે વિશે તેમણે શ્રી જૂઠાભાઈ પર લખેલા પત્રો સારો પ્રકાશ પાડે છે. તેમના કષાયભાવો કેટલા મોળા પડ્યા હતા તે, તથા આત્મા પામવાની જિજ્ઞાસા કેટલી તીવ્ર હતી તે તેમનાં વિ. સં. ૧૯૪૪ના આસો વદ બીજના એક પત્રમાં લખાયેલાં વચનો વાંચતાં જણાશે. તેમાં લખ્યું છે કે :—

"જગતને રૂડું દેખાડવા અનંત વાર પ્રયત્ન કર્યું, તેથી રૂડું થયું નથી; કેમ કે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંતભવનું સાટું વળી રહેશે, એમ હું લઘુત્વભાવે સમજ્યો છું. અને તેમ કરવામાં જ મારી પ્રવૃત્તિ છે. આ મહાબંધનથી રહિત થવામાં જે જે સાધન, પદાર્થ શ્રેષ્ઠ લાગે, તે ગ્રહવા એ જ માન્યતા છે, તો પછી જગતની અનુકૂળતા–પ્રતિકૂળતા શું જોવી? તે ગમે તેમ બોલે પણ આત્મા જો બંધન રહિત થતો હોય, સમાધિમય દશા પામતો હોય તો તેમ કરી લેવું.

મારે માટે કોઈ કંઈ કહે તે સાંભળી મૌન રહેજો, તેઓને માટે કંઈ શોક-હર્ષ કરશો નહીં.

આ તમારા માનેલા 'મુરબ્બી' માટે કોઈ પણ પ્રકારે હર્ષ–શોક કરશો નહિ; તેની ઇચ્છા માત્ર સંકલ્પ-વિકલ્પથી રહિત થવાની જ છે; તેને અને આ વિચિત્ર જગતને કંઈ લાગતુંવળગતું કે લેવાદેવા નથી. એટલે તેમાંથી તેને માટે ગમે તે વિચારો બંધાય કે બોલાય, તે ભણી હવે જવા ઇચ્છા નથી. જગતમાંથી જે પરમાણુ પૂર્વકાળે ભેળાં કર્યાં છે તે હળવે હળવે તેને આપી દઈ ઋણમુક્ત થવું એ જ તેની સદા સઉપયોગી, વહાલી, શ્રેષ્ઠ અને પરમ જિજ્ઞાસા છે.

પૂર્વકર્મના આધારે તેનું સઘળું વિચરવું છે, એમ સમજી પરમ સંતોષ રાખજો;
જ્યાં ત્યાંથી રાગદ્વેષરહિત થવું એ જ મારો ધર્મ છે;

---

૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૩૨

હું કોઈ ગચ્છમાં નથી; પણ આત્મામાં છું; એ ભૂલશો નહિ.”૯

શ્રીમદ્‌ની આત્મિક સ્થિતિ જાણવા બહુ ઉપયોગી થાય તેવા આ પત્ર પરથી આપણે જાણી શકીએ છીએ કે તેમણે કીર્તિ-અપકીર્તિના રાગ-દ્વેષથી છૂટવાનો પ્રબળ પુરુષાર્થ ઉપાડચો હતો. અને પોતાનું સમગ્ર લક્ષ તેમણે આત્મા પામવા ઉપર જ કેંદ્રિત કર્યું હતું. સંકલ્પ-વિકલ્પ અને રાગદ્વેષ રહિત થવાની તેમની આકાંક્ષા તેમણે અહીં સ્પષ્ટ શબ્દોમાં દર્શાવી છે. પ્રતિમાની શ્રદ્ધા થયા પછી લોકોમાં તમને માટે જે વિરોધ થયો હતો, તેના સંદર્ભમાં આ આખો પત્ર જૂઠાભાઈ ઉપર લખાયેલો છે, જે તેમની વીતરાગમાર્ગની શ્રદ્ધા, તે માર્ગે ચાલવાનો નિર્ણય અને રાગ – દ્વેષથી મુક્ત થવાનો નિશ્ચય બતાવે છે. તેમનો આ નિર્ણય ધીરે ધીરે દૃઢ બનતો ગયો હતો.

વિ. સં. ૧૯૪૫માં આત્મતત્ત્વ પામવા માટેની તેમની ખોજ ચાલુ હતી. તે માટેના પુરુષાર્થથી પ્રગટતા કેટલાક ગુણો વિશે અન્ય વ્યક્તિ પ્રશંસા કરે તોપણ તે તેઓ વિશે ઉદાસીન હતા, અને આત્મા પ્રાપ્ત કરવાના પુરુષાર્થમાં જ મગ્ન હતા. આમ તેમની અંતરંગશ્રેણી નિર્ગ્રંથ માર્ગ ભણી વહેતી હતી, અને બહારથી ગૃહસ્થ શ્રેણી હતી. તે બંને વચ્ચેનો વિરોધ તેમને ખેદ આપતો હતો. જુઓ —

> “ઉદય આવેલાં પ્રાચીન કર્મો ભોગવવાં; નૂતન ન બંધાય એમાં જ આપણું આત્મહિત છે, એ શ્રેણીમાં વર્તન કરવા મારી પ્રપૂર્ણ આકાંક્ષા છે; પણ તે જ્ઞાનીગમ્ય હોવાથી બાહ્ય પ્રવૃત્તિ હજુ તેનો એક અંશ પણ થઈ શકતી નથી.
>
> આંતરપ્રવૃત્તિ ગમે તેટલી નિરાગશ્રેણી ભણી વળતી હોય, પણ બાહ્યને આધીન હજી બહુ વર્તવું પડે તે દેખીતું છે, બોલતાં, ચાલતાં, બેસતાં, ઊઠતાં અને કંઈ પણ કામ કરતાં લૌકિક શ્રેણીને અનુસરીને ચાલવું પડે; જો એમ ન થઈ શકે તો લોક કુતર્કમાં જાય, એમ મને સંભવે છે.”૧૦

આમ શ્રીમદ્‌ના જીવનના બે સ્પષ્ટ પ્રવાહોની શરૂઆત વિ. સં. ૧૯૪૫માં થઈ. તેમણે બાહ્યથી ગૃહસ્થાશ્રમ અને વ્યાપાર સ્વીકાર્યો હતા અને અંતરંગ ઇચ્છા નિરાગશ્રેણીમાં હતી, તે બંનેના વિરોધથી શ્રીમદ્‌ની કસોટીની શરૂઆત થયેલી દેખાય છે.

આ વિરોધને સહી શકે એટલું આત્મબળ તેમણે આ સમયે મેળવી લીધું હતું. તેમણે મોક્ષમાર્ગની એકતા હોવાનો નિર્ધાર કરી લીધો હતો, અને સાથે સાથે ધર્મના મતભેદોમાં ન પડવાનો નિર્ણય પણ લઈ લીધો હતો. તેમણે વિ. સં. ૧૯૪૫ના ફાગણ સુદ ૯ના એક પત્રમાં લખ્યું છે કે:—

> “મોક્ષના માર્ગ બે નથી. જે જે પુરુષો મોક્ષરૂપ પરમશાંતિને ભૂતકાળે પામ્યા, તે તે સઘળા સત્પુરુષો એક જ માર્ગથી પામ્યા છે, વર્તમાનકાળે પણ તેથી જ પામે છે અને ભવિષ્યકાળે પણ તેથી જ પામશે……

૯. “શ્રીમદ્ રાજચંદ્ર”, અગાસ આવૃત્તિ, આંક ૩૭

૧૦. એજન, આંક ૫૦

સર્વકાળે તે માર્ગનું હોવાપણું છે

મતભેદ રાખી કોઈ મોક્ષ પામ્યા નથી, વિચારીને જેણે મતભેદને ટાળ્યો, તે અંતવૃત્તિને પામી ક્રમે કરી શાશ્વત મોક્ષને પામ્યા છે, પામે છે અને પામશે."[11]

આમ આ વર્ષમાં માર્ગની નિઃશંકતા, આત્માનાં અસ્તિત્વ આદિની શ્રદ્ધા તેમને થઈ ગઈ હતી. અને આંતર તથા બાહ્ય પ્રવૃત્તિ વચ્ચે વધેલો વિરોધ તેમને દુઃખદાયક બન્યો હતો. તે વિશે તેમણે લખ્યું છે કે :—

"દુઃખિયાં મનુષ્યોનું પ્રદર્શન કરવામાં આવ્યું હોય તો ખચીત તેના શિરોભાગમાં હું આવી શકું

મહારંભ, મહાપરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ કે એવું તેવું જગતમાં કંઈ જ નથી, એમ વિસ્મરણધ્યાન કરવાથી પરમાનંદ રહે છે. તેને ઉપરનાં કારણોથી જોવાં પડે છે, એ મહા ખેદ છે. અંતરંગચર્યા પણ કોઈ સ્થળે ખોલી શકાતી નથી. એવાં પાત્રોની દુર્લભતા મને થઈ પડી એ જ મહા દુઃખમતા કહો."[12]

આમ આ વિરોધી શ્રેણીથી તેમને દુઃખ અનુભવવું પડતું હતું, તેમ છતાં આત્માની કોઈ એવી અનુભૂતિ તેમને થઈ હતી કે તેઓ એ દુઃખમાં પણ સમતા રાખી શકતા હતા. જે નિર્ગ્રંથ માર્ગ તેમણે સ્વીકાર્યો હતો, તેને પોષણ આપવારૂપ સત્સંગનો અભાવ હોવાથી ખેદ રહેતો હતો, પણ તે માર્ગની શ્રદ્ધા થઈ હોવાથી જે શાંતિ વેદાતી હતી તે વિશે તેમણે લખ્યું છે કે :—

"તોપણ તે ક્રમનું બીજ હૃદયમાં અવશ્ય રોપાયું છે, અને એ જ સુખકર થયું છે. સૃષ્ટિના રાજથી જે સુખ મળવા આશા નહોતી, તેમ જ કોઈ પણ રીતે ગમે તેવા ઔષધથી, સાધનથી, સ્ત્રીથી, પુત્રથી, મિત્રથી કે બીજા અનેક ઉપચારથી જે અંતર્‌શાંતિ થવાની નહોતી તે થઈ છે. નિરંતરની – ભવિષ્યકાળની – ભીતિ ગઈ છે અને એક સાધારણ ઉપજીવનમાં પ્રવર્તતો એવો આ તમારો મિત્ર એને જ લઈને જીવે છે."[13]

આપણે જોઈ શકીએ છીએ કે શ્રીમદ્‌ વિ. સં. ૧૯૪૫ આસપાસ વીતરાગમાર્ગ પ્રતિ શ્રદ્ધાવાન થયા હતા. અને શુદ્ધ અનુભવસ્વરૂપ સમકિત પ્રાપ્ત કરવાની પૂર્વતૈયારીરૂપ શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા – આદિ ગુણો તેમનામાં પ્રગટવા લાગ્યા હતા, જેની વિશેષતા વિ. સં. ૧૯૪૬ની સાલમાં જોવા મળે છે.

વિ. સં. ૧૯૪૬માં આત્મા વિશેની વિચારણા વિશેષ જોર પકડે છે. તેને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવાનો ઉલ્લેખ ઠેકઠેકાણે મળે છે. એક પત્રમાં તેમણે લખ્યું છે કે :—

---

૧૧. "શ્રીમદ્‌ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૫૪

૧૨. એજન, આંક ૮૨ ૧૩. એજન આંક ૮૩

"આત્માને ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું, પરવસ્તુના ત્યાગી થવું."[14]

એ જ રીતે કોઈ પણ ધર્મ વિશેનો આગ્રહ તેમને આ વર્ષમાં છૂટી ગયો હતો. તેમની એવી માન્યતા થઈ હતી કે જે માર્ગે આત્મા પમાય તે જ ઉત્તમ ધર્મ. આથી મતમતાંતરનો ત્યાગ કરવાની ભલામણ કરતાં વચનો પણ તેમના આ સાલમાં લખાયેલા પત્રો જોતાં મળે છે. વિ. સં. ૧૯૪૬ના કારતક સુદ સાતમના રોજ શ્રી મનસુખરામ સૂર્યરામને તેમણે લખેલું કે :—

"જૈન સંબંધી આપને કંઈ પણ મારો આગ્રહ દર્શાવતો નથી. તેમ આત્મા જે રૂપે હો તે રૂપે ગમે તેથી થાઓ એ સિવાય બીજી મારી અંતરંગ જિજ્ઞાસા નથી; એ કંઈ કારણથી કહી જઈ જૈન પણ એક પવિત્ર દર્શન છે, એમ કહેવાની આજ્ઞા લઉં છું. તે માત્ર જે વસ્તુ જે રૂપે સ્વાનુભવમાં આવી હોય તે રૂપે કહેવી એમ સમજીને."[15]

એ જ વર્ષના અષાડી અમાસના રોજ શ્રીમદ્દે શ્રી મનસુખરામ સૂર્યરામને ફરીથી લખ્યું હતું કે :—

"જૈનના આગ્રહથી જ મોક્ષ છે, એમ આત્મા ઘણા વખત થયાં માનવું ભૂલી ગયો છે. મુક્તભાવમાં મોક્ષ છે એમ ધારણા છે."[16]

ઉપર જોયાં તેવાં અવતરણો પરથી આપણે સમજી શકીએ છીએ કે તેમને જૈનધર્મની શ્રેષ્ઠતા જણાઈ હોવા છતાં, તે વિશે કોઈ જાતનો પક્ષપાત રહ્યો ન હતો, અને તેમની વૃત્તિ એકમાત્ર આત્મા પ્રાપ્ત કરવા તરફ જ વળી હતી. પરિણામે તેમને શ્રદ્ધારૂપ સમકિત પ્રાપ્ત થયું હતું :—

"આપ્તપુરુષના વચનની પ્રતીતિરૂપ, આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ, સ્વચ્છંદનિરોધપણે આપ્તપુરુષની ભક્તિરૂપ એ પ્રથમ સમકિત કહ્યું છે."[17]

આમ અનુભવસ્વરૂપ શુદ્ધ આત્મા પ્રગટ થયા પહેલાં આત્મા વિશે જે દૃઢતા આવે છે તે વિ. સં. ૧૯૪૬માં તેમને આવી ગઈ હતી. અને તેથી તો તેમને માર્ગની નિઃશંકતા લાગતી હતી. શ્રીમદ્દને આવેલી તે દૃઢતા તેમનાં વિ. સં. ૧૯૪૬ના કારતક સુદમાં લખાયેલાં નીચેનાં વચનોમાં જોઈ શકાશે :—

"તે પવિત્ર દર્શન થયા પછી ગમે તે વર્તન હો, પરંતુ તેને તીવ્ર બંધન નથી, અનંત સંસાર નથી, સોળ ભવ નથી, અભ્યંતર દુઃખ નથી, શંકાનું નિમિત્ત નથી, અંતરંગ મોહિની નથી, સત્ સત્ નિરૂપમ, સર્વોત્તમ, શુક્લ, શીતળ, અમૃતમય દર્શનજ્ઞાન, સમ્યક્જ્યોતિર્મય, ચિરકાળ આનંદપ્રાપ્તિ, અદ્‌ભુત સત્સ્વરૂપદર્શિતાની બલિહારી છે!"[18]

---

૧૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૮૫

૧૫. એજન, આંક ૮૭. ૧૬–૧૭. એજન, આંક ૧૨૦ આંક ૭૫૧

૧૮. એજન, આંક ૯૧

સમ્યગ્દર્શન થયા પછી શું નથી, અને શું છે તેનું નિર્ણયપૂર્વકનું આલેખન આ વચનોમાં જોઈ શકાય છે. અનુભૂતિ વિના આ વચનો શું નીકળી શકે ખરાં? આ વચનો બતાવે છે કે તેમને સમકિત પ્રગટ્યું હતું.

આ શ્રદ્ધાનરૂપ સમકિતના પરિણામમાં જે ગુણો ખીલવા જોઈએ તે પણ તેમના જીવનમાં ખીલેલા જોઈ શકાય છે. તેનું સૌથી પહેલું લક્ષણ છે સંસાર તરફની અરુચિ. આ અરુચિ થવાની શરૂઆત શ્રીમદ્દને લગભગ વિ. સં. ૧૯૪૧થી થઈ હતી. પણ વિ. સં. ૧૯૪૬માં તો તેમને નિર્ણય થઈ જાય છે કે :—

> "કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે. ગમે તેટલી તેની સુધારણા કરશો તોપણ એકાંતથી જેટલો સંસારક્ષય થવાનો છે, તેનો સોમો હિસ્સો પણ તે કાજળગૃહમાં રહેવાથી થવાનો નથી. કષાયનું તે નિમિત્ત છે, મોહને રહેવાનો અનાદિકાળનો પર્વત છે."[૧૯]

અને સંસાર આટલો અકારો લાગતો હોવા છતાં તેમને તેમાં રહેવું પડ્યું હતું, તે જ તેમને માટે વિષમ પરિસ્થિતિ હતી. સંસારથી છૂટવાનો વિચાર પણ તેમણે કર્યો હતો, પણ કાળના અનિષ્ટપણાની બળવત્તરતા આગળ તે વિચારને તેમને મહાખેદની સાથે ગૌણ કરવો પડ્યો હતો. જુઓ —

> "જે વિવેકને મહાખેદની સાથે ગૌણ કરવો પડ્યો છે, તે વિવેકમાં જ ચિત્તવૃત્તિ પ્રસન્ન રહી જાય છે, બાહ્ય તેની પ્રાધાન્યતા નથી રાખી શકાતી એ માટે અકથ્ય ખેદ થાય છે. તથાપિ જ્યાં નિરૂપાયતા છે, ત્યાં સહનતા સુખદાયક છે, એમ માન્યતા હોવાથી મૌનતા છે."[૨૦]

આમ આંતરિક નિર્ગ્રંથમાર્ગ ભણી જતી શ્રેણીને તેઓ બાહ્યથી પ્રધાનતા આપી નહોતા શકતા. તેનાથી થતા દુઃખને સમભાવે વેઠી લેવાની દૃઢતા, સહનશીલતા તેમણે મેળવી લીધી હતી, તે આપણે ઉપરના પત્રથી જાણી શકીએ છીએ.

આમ વિ. સં. ૧૯૪૬ માં સંસાર તરફથી અરુચિને લીધે થતો ખેદ શ્રીમદ્દ સમભાવે વેઠી લેવા તત્પર બને છે તે આપણે જોઈ શકીએ છીએ. તેમ કરવામાં તેઓનો વિચાર એવો હતો કે જે કર્મો પછીથી ભોગવતાં લાંબો કાળ માગે તેને થોડા કાળમાં તીવ્રપણે ભોગવી લેવાં. જેથી કર્મનિવૃત્તિ જલદી થાય. આ પરિસ્થિતિમાં તેઓ પોતાને બોધ આપતા હોય તેવાં વચનો પણ જોવા મળે છે, જેમાં તેઓ પોતાને રાગદ્વેષ છોડવાનો, અંતરમાં જ સુખને શોધવાનો ઉપદેશ કરે છે.[૨૧]

બીજી બાજુ તેઓ શ્રી રેવાશંકર જગજીવન સાથે ઝવેરાતના ધંધામાં ભાગીદાર તરીકે જોડાય છે. અને એ રીતે સાંસારિક ઉપાધિનો વધારો થાય છે. તે ઉપાધિ ગ્રહણ કરવાનો હેતુ શ્રીમદ્દે પોતાની રોજનીશીમાં આ પ્રમાણે લખ્યો છે —

૧૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૧૦૩

૨૦. એજન, આંક ૧૧૩ ૨૧. એજન, પૃ. ૨૧૨.

> "ભવિષ્યકાળે જે ઉપાધિ ઘણો વખત રોકશે, તે ઉપાધિ વધારે દુઃખદાયક થાય તોપણ થોડા વખતમાં ભોગવી લેવી એ વધારે શ્રેયસ્કર છે."[૨૧અ]

અને એ ઉપાધિ કેટલાક હેતુથી સમાધિરૂપ થશે તેમ તેમણે માન્યું હતું. તેમાં તેમણે નિયમ કર્યો હતો કે કોઈના દોષ જોવા નહિ, પોતાના જ દોષ જોવા. સ્વપ્રશંસા કરવી નહિ. સર્વને પ્રિય થાય તેવી જ વર્તણૂક રાખવા પ્રયત્ન કરવો. હંમેશાં સત્ય બોલવું, ભૂલ માટે પશ્ચાતાપી થવું, અને પોતાની પરમાર્થશ્રેણી સાચવવા પૂરા પ્રયત્ની રહેવું. આ પ્રમાણે વર્તીને તે વ્યવહારોપાધિ ગ્રહણ કરવાનો તેમણે નિર્ણય કર્યો હતો. આમ તેમની બાહ્ય અને આંતર શ્રેણી વચ્ચેનો વિરોધ આ વર્ષમાં વધવામાં તેમનો વધતો વૈરાગ્ય પણ નિમિત્ત હતો.

વિ. સં. ૧૯૪૬ની સાલમાં શ્રીમદ્ શ્રી સોભાગભાઈ, અંબાલાલભાઈ તથા લલ્લુજી મહારાજના પરિચયમાં આવ્યા હતા. અને તેઓ બધા શ્રીમદ્‌ના ગુણોથી આકર્ષાઈ તેમને સત્પુરુષ માનતા થયા હતા, તે જ બતાવે છે કે બાહ્ય ગૃહસ્થશ્રેણી હોવા છતાં શ્રીમદ્‌ની અંતરંગ શ્રેણી કેટલી નિરાગી થઈ હશે. વળી, આ વર્ષમાં તેમને શ્રી જૂઠાભાઈનો વિયોગ થયો, તે દુઃખ પણ ખમવું પડયું હતું. તેમના અવસાન વિશે શ્રીમદે ત્રણ માસ પહેલાં નોંધ લીધી હતી તે તેમના આત્માની વિ. સં. ૧૯૪૬ સુધીમાં થયેલી નિર્મળતા સૂચવે છે.

સંસાર તરફનો વૈરાગ્ય એક બાજુ વધતો જાય છે, અને બીજી બાજુ સાંસારિક ઉપાધિઓ પણ વધતી જાય છે, તે સાથે "ભવિષ્યજ્ઞાનની જેમાં અવશ્ય છે તે વાત પર"નું લક્ષ ઘટતું જાય છે. તેમણે પ્રાપ્ત કરેલ જ્યોતિષ આદિ જ્ઞાન વિશે તેમનો રસ ઘટવા લાગ્યો હતો. એમની અંતરંગચર્યા કેવી હતી તે વિશે તેમણે શ્રી સોભાગભાઈને વિ. સં. ૧૯૪૬ના ભાદરવા સુદ બીજના પત્રમાં જણાવ્યું હતું કે:—

> "રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે. આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે, સ્વપ્ન પણ એ જ છે, ભય પણ એ જ છે, ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે, ચલન પણ એ જ છે, આસન પણ એ જ છે તેને લીધે નથી કંઈ જોવું ગમતું, નથી કંઈ સૂંઘવું ગમતું, નથી કંઈ સાંભળવું ગમતું, નથી કંઈ ચાખવું ગમતું કે નથી કંઈ સ્પર્શવું ગમતું, નથી બોલવું ગમતું કે નથી મૌન રહેવું ગમતું, નથી બેસવું ગમતું કે નથી ઊઠવું ગમતું, નથી સૂવું ગમતું કે જાગવું ગમતું, નથી ખાવું ગમતું કે નથી ભૂખ્યું રહેવું ગમતું, નથી અસંગ ગમતો કે નથી સંગ ગમતો, નથી લક્ષ્મી ગમતી કે નથી અલક્ષ્મી ગમતી એમ છે; તથાપિ તે પ્રત્યે આશા નિરાશા કંઈ જ ઊગતું જણાતું નથી. તથાપિ બહારથી ગૃહસ્થપણાની પ્રવૃત્તિ નથી થઈ શકતી, દેહભાવ દેખાડવો પાલવતો નથી, આત્મભાવથી પ્રવૃત્તિ બાહ્યથી કરવાને કેટલોક અંતરાય છે."[૨૨]

---

૨૧અ. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ. આંક ૧૫૭ (૧૩)

૨૨. એજન આંક ૧૩૩.

આવી વિદેહી દશા વર્તતી હોવાથી તેમને પ્રવૃત્તિ કરવી કેટલી મુશ્કેલ પડતી હશે તેનો કંઈક અંદાજ આ અવતરણ પરથી આવી શકશે. આવી પરિસ્થિતિને લીધે થયેલા જન્મ માટે થતો ખેદ તેમણે આ વચનોથી દર્શાવ્યો છે:—

"આ ક્ષેત્રમાં આ કાળે આ દેહધારીનો જન્મ થવો યોગ્ય નહોતો. જોકે સર્વ ક્ષેત્રે જન્મવાની તેણે ઇચ્છા રૂંધી જ છે, તથાપિ થયેલા જન્મ માટે શોક દર્શાવવા આમ રુદનવાક્ય લખ્યું છે."[૨૩]

વિ. સં. ૧૯૪૬માં શ્રીમદ્‌ની આત્મસાક્ષાત્કાર કરવાની જિજ્ઞાસા વધે છે, સંસાર અને વ્યાપારને લગતી ઉપાધિઓ પણ વધે છે, તે વિશેના તેમના વૈરાગ્યની પણ વૃદ્ધિ થાય છે, પરિણામે એ બે વિરોધી માર્ગને સમભાવે સહી લેવાનો પ્રબળ નિશ્ચય તેમના આત્મામાં પ્રવર્તે છે. તેનું વેદન કરવામાં તેમની પરમાર્થ પ્રકાશવાની અભિલાષા ગૌણ બની જાય છે, અને અહીં તેમના આત્મિક વિકાસનો બીજો તબક્કો પૂર્ણ થાય છે.

## તબક્કો ત્રીજો : સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ

વિ. સં. ૧૯૪૬ સુધી ભોગવેલા આત્મમંથનના પરિણામરૂપે વિ. સં. ૧૯૪૭માં શ્રીમદ્‌ને શુદ્ધ સમકિતની પ્રાપ્તિ થાય છે. તે સાથે બીજી કેટલીક સિદ્ધિઓની તથા આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આમ તેમનો આત્મા પારમાર્થિક સુખનો ભોક્તા બને છે, કર્મક્ષય કરી મોક્ષસુખ પામવા ઉતાવળો થાય છે. પણ બીજી બાજુ ઉપાધિરૂપ કર્મોનો પ્રબળ ઉદય આવે છે. જેમ જેમ વ્યવહાર, વેપારાદિથી છૂટવા શ્રીમદ્ પ્રયત્નો કરે છે તેમ તેમ તેઓ વધુને વધુ ખૂંચતા જાય છે, અને તેથી અંતરંગ શ્રેણી અને બાહ્યશ્રેણી વચ્ચેનો વિરોધ ઉગ્ર સ્વરૂપ પકડે છે, તે એટલે સુધી કે સર્વ સમભાવે વેદી લેવાની ઇચ્છાવાળા શ્રીમદ્ પણ અકળાઈ ઊઠે એવી પરિસ્થિતિઓ આવે છે. છતાં તેઓ ભાગ્યે જ ધીરજ ગુમાવે છે, અને પરમાર્થમાર્ગને પ્રકાશવાની ઇચ્છા ગૌણ કરી ઉદયમાં આવેલાં કર્મોને ભોગવવામાં જ તેમનો વિ. સં. ૧૯૫૨ સુધીનો સમય પસાર થઈ જાય છે. આ ઉદય એટલો બધો પ્રબળ હતો કે આ ગાળામાં સાહિત્યને લગતી રચનાઓ પણ બહુ ઓછી થઈ છે, પણ આવેલી સર્વ મુશ્કેલીઓને ઓળંગીને શ્રીમદે કઈ રીતે આત્મવિકાસ સાધ્યો હતો તે જાણવા માટે આ તબક્કો તેમના જીવનમાં સૌથી અગત્યનો ગણી શકાય.

વિ. સં. ૧૯૪૭ની સાલની શરૂઆતમાં શુદ્ધ સમકિત પ્રગટ્યા પછી આખા વર્ષ સુધી તેનાથી પ્રગટ થતો ઉલ્લાસ નજરે ચડે છે. વિ. સં. ૧૯૪૬માં આવેલી સમજણની વૃદ્ધિ દિનપ્રતિદિન થતી ગઈ હતી. તે વિશે શ્રીમદે સોભાગભાઈને લખ્યું હતું કે:—

"એ જ્ઞાનની દિનપ્રતિદિન આ આત્માને પણ વિશેષતા થતી જાય છે... નિઃશંકપણાની, નિર્ભયપણાની, નિર્મુંઝનપણાની અને નિસ્પૃહપણાની જરૂર હતી,

૨૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૧૩૪

તે ઘણે અંશે પ્રાપ્ત થઈ જણાય છે.. જગતને, જગતની લીલાને બેઠાં બેઠાં મફતમાં જોઈએ છીએ. "[૨૪]

આ પછી થોડા દિવસોમાં શુદ્ધ સમકિત પ્રગટ્યાની ખાતરી આપતાં શ્રીમદ્‌નાં વચનો મળે છે. કારતક સુદ બારસના રોજ પોતાને જ્ઞાન પ્રાપ્ત થયું હોય તેવી મતલબનો એક પત્ર તેઓ અંબાલાલભાઈને લખે છે. અને તે પછી કારતક સુદ ૧૪ના રોજ તે વિશેનાં સ્પષ્ટ વચનો શ્રી સોભાગભાઈને લખ્યાં છે કે :—

"આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે; ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે. સર્વ જ્ઞાનીઓએ પણ એ વાત સ્વીકારી છે. હવે છેવટની નિર્વિકલ્પ સમાધિ આપણને પામવી બાકી છે, જે સુલભ છે...માટે દૃઢ નિશ્ચય કર્યો છે કે એ દશાને પામી પછી પ્રગટ માર્ગ કહેવો — પરમાર્થ પ્રકાશવો — ત્યાં સુધી નહીં. અને એ દશાને હવે કંઈ ઝાઝો વખત પણ નથી. પંદર અંશે તો પહોંચી જવાયું છે. નિર્વિકલ્પતા તો છે જ પરંતુ નિવૃત્તિ નથી, નિવૃત્તિ હોય તો બીજાના પરમાર્થ માટે શું કરવું તે વિચારી શકાય...આટલા માટે હમણાં તો કેવળ ગુપ્ત થઈ જવું જ યોગ્ય છે. એક અક્ષરે એ વિષયે વાત કરવા ઇચ્છા થતી નથી. "[૨૫]

શ્રીમદ્દે પોતાને થયેલા ગ્રંથિભેદ વિશે, હસ્તનોંધમાં એક અંગત કાવ્યમાં પણ લખ્યું છે કે :—

"ઓગણીસસેં ને સુડતાલીસે, સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;
શ્રુત અનુભવ વધતી દશા, નિજ સ્વરૂપ અવભાસ્યું રે. "[૨૬]

આમ ગ્રંથિભેદ થવાથી શ્રીમદ્દે એવો નિર્ણય કરેલો જણાય છે કે ત્યાગી થયા વિના પરમાર્થમાર્ગ પ્રકાશવો નહિ. એ અભિલાષા અને એ જ્ઞાનને ત્યાં સુધી અંતરમાં જ શમાવી દેવાં. ત્યાગી થવા માટેનો નિર્ણય પણ ત્યારે લીધો હતો, પણ એ અભિલાષ પૂરો થાય તે પહેલાં તો તેમને અનેક સંકટો વચ્ચેથી પસાર થવું પડ્યું હતું.

વિ. સં. ૧૯૪૭ની શરૂઆતમાં જ તેમને જ્ઞાન પ્રગટ્યા પછી તેમની અંતરંગ અવસ્થા વર્ણવતા ઘણા પત્રો મળે છે, જેમાં તેમની અવસ્થા, અભિલાષા ઇત્યાદિ વિશે આલેખન થયેલું જોવા મળે છે. આ વર્ષ એવું છે કે જેમાં શ્રીમદ્દે પોતાની અંતરંગચર્યા સૌથી વિશેષ લખી છે.

શ્રીમદ્દે પોતાને થયેલા જ્ઞાનનો ઉલ્લેખ જુદી જુદી વ્યક્તિઓ પરના વિ. સં. ૧૯૪૭ના પત્રોમાં કરેલો જોવા મળે છે, જેમાંના મોટા ભાગના પત્રો સોભાગભાઈ ઉપર લખાયેલા છે. તેમાંનાં કેટલાંક વચનો જોઈએ —

૨૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૧૬૫
૨૫ એજન, આંક ૧૭૦
૨૬. એજન, હાથ નોંધ ૧-૩૨

"એક બાજુથી પરમાર્થમાર્ગ ત્વરાથી પ્રકાશવા ઇચ્છા છે, અને એક બાજુથી અલખ 'લે' માં સમાઈ જવું એમ રહે છે. અલખ 'લે' માં આત્માએ કરી સમાવેશ થયો છે, યોગે કરીને કરવો એ એક રટણ છે."[27]

"છેવટનું સ્વરૂપ સમજાયામાં, અનુભવાયામાં અલ્પ પણ ન્યૂનતા રહી નથી. જેમ છે તેમ સર્વ પ્રકારનો એક દેશ બાદ કરતાં બાકી સર્વ અનુભવાયું છે."[28]

"તે માર્ગ જો તમારી યોગ્યતા હશે તો આપવાની સમર્થતાવાળો પુરુષ બીજો તમારે શોધવો નહિ પડે."[29]

"આ માર્ગ સર્વજ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે. અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે, અને અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે."[30]

"પણ સુધાની ધારા પછીનાં કેટલાંક દર્શન થયાં છે, અને જો અસંગતાની સાથે આપનો સત્સંગ હોય તો છેવટનું પરિપૂર્ણ પ્રકાશે તેમ છે; કારણ કે તે ઘણું કરીને સર્વ પ્રકારે જાણ્યું છે."[31]

શ્રીમદે વિ. સં. ૧૯૪૭માં લખેલાં આ વચનો પરથી આપણે જાણી શકીએ છીએ કે તેમને જ્ઞાનપ્રાપ્તિ અવશ્ય થઈ હતી તેમાં તેમને સુખ, આનંદ, શાંતિ આદિ આત્માના ઉત્કૃષ્ટ ગુણોનો આંશિક અનુભવ થયો હતો. અને પરિણામે વૈરાગ્યમાં વધારો થયો હતો. તેને લીધે અસંગદશા અને સત્સંગ પ્રાપ્ત કરવાની એમની અભિલાષા તીવ્ર બની હતી. અસંગદશા મેળવવા માટેની તીવ્રતા આ વર્ષથી શરૂ થયેલી જોઈ શકાય છે. બાહ્ય ત્યાગી ન થઈ શક્યા તોપણ આંતરિક અસંગદશાનું મહત્ત્વ તેમને જ્ઞાન થયા પછી વિશેષ લક્ષમાં આવ્યું હતું. તેથી એ દશા મેળવવાનો અભિલાષ તેમણે ઘણી જગ્યાએ વ્યક્ત કર્યો હતો. જેમ કે:—

"અસંગવૃત્તિ હોવાથી સમુદાયમાં રહેવું બહુ વિકટ છે સત્સંગની અત્ર ખામી છે; અને વિકટ વાસમાં નિવાસ છે પરમાનંદ છે, પણ અસત્સંગ છે."[32]

"અત્ર પરમાનંદવૃત્તિ છે પણ હજુ અમારી પ્રસન્નતા મારા ઉપર થતી નથી; કારણ કે જેવી જોઈએ તેવી અસંગદશાથી વર્તાતું નથી, અને મિથ્યા પ્રતિબંધમાં વાસ છે. માટે અમે અસંગતાને ઇચ્છીએ છીએ, કાં તમારા સંગને ઇચ્છીએ."[33]

---

૨૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૧૭૬.
૨૮. એજન, આંક ૧૮૭. ૨૯. એજન, આંક ૧૭૩.
૩૦. એજન, આંક ૧૯૪. ૩૧. એજન, આંક ૧૯૭.
૩૨. એજન, આંક ૨૦૧. ૩૩. એજન, આંક ૨૦૪, ૨૦૫.

"અમે તો કંઈ તેવું જ્ઞાન ધરાવતા નથી કે જેથી ત્રણે કાળ સર્વ પ્રકારે જણાય, અને અમને એવા જ્ઞાનનો કંઈ વિશેષ લક્ષ નથી; અમને તો વાસ્તવિક એવું જે સ્વરૂપ તેની ભક્તિ અને અસંગતા, એ પ્રિય છે."૩૪

આમ શ્રીમદ્ કેવળ અસંગતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન વિ. સં. ૧૯૪૭થી પ્રબળ પુરુષાર્થથી આરાધે છે, અને તેમાં તેઓ કેટલેક અંશે સફળ પણ થાય છે. તેમની ચિત્તવૃત્તિ બાહ્ય પ્રસંગોમાં પ્રવર્તતી અટકીને અંતરમાં પ્રવર્તવા માંડે છે. અને તેમને અસંગદશા સ્વાભાવિક રીતે આવતી જાય છે. તેનો ઉલ્લેખ પણ આપણને વિ. સં. ૧૯૪૭ના ફાગણ માસથી મળે છે —

"આ જગત પ્રત્યે અમારો પરમ ઉદાસીન ભાવ વર્તે છે; તે સાવ સોનાનું થાય તોપણ અમને તૃણવત્ છે, અને પરમાત્માની વિભૂતિરૂપે અમારું ભક્તિધામ છે."૩૫

"અમારું ચિત્ત નિઃસ્પૃહ અતિશય છે; અને જગતમાં સસ્પૃહ તરીકે વર્તીએ છીએ, એ કળિયુગની કૃપા છે."૩૬

"પોતાનું અથવા પારકું જેને કંઈ રહ્યું નથી એવી કોઈ દશા તેની પ્રાપ્તિ હવે સમીપ જ છે, (આ દેહે છે); અને તેને લીધે પરેચ્છાથી વર્તીએ છીએ."૩૭

"અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી; કંઈ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી; વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી; જગત શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી; કોઈ શત્રુ-મિત્રમાં ભેદભાવ રહ્યો નથી; કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે, એની ખબર રખાતી નથી; અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ...પોતાની ઇચ્છાએ થોડી જ પ્રવૃત્તિ કરવામાં આવે છે; જેમ હરિએ ઇચ્છેલો ક્રમ દોરે તેમ દોરાઈએ છીએ ..આટલું બધું છતાં મનમાનતી ઉદાસીનતા નથી, એમ માનીએ છીએ."૩૮

સંસાર ચલાવતાં, વેપાર કરતાં કરતાં શ્રીમદ્ કેટલી અસંગતા પ્રાપ્ત કરી શક્યા હતા તે આપણ તેમનાં ઉપરનાં વચનોથી જાણી શકીએ છીએ. તેમની દેહાત્મબુદ્ધિ કેટલી બધી ટળી ગઈ હતી તેનો ખ્યાલ પણ એમાંથી આવી શકે છે. અને એ પરિસ્થિતિમાં જ્યોતિષ, સાહિત્ય, અવધાન આદિની પણ અરુચિ વધે તે સ્વાભાવિક છે. આથી તો તેવી કોઈ બાબત વિશેની વિચારણા તેમણે લખેલા પત્રોમાં જોવા મળતી નથી, એટલું જ નહિ, તે વિશે કોઈ પુછાવે તો તેઓ "તેનો ઉત્તર મળી શકે તેમ નથી" તેવા અભિપ્રાયનો જવાબ લખતા. આટલી બધી અસંગ – ત્યાગી થવાની ઇચ્છા હોવા છતાં વ્યવહાર ચલાવવો પડતો હતો, અને સર્વને કર્મોદય ગણી તેઓ વેદતા હતા. તેમાં વારંવાર વનવાસ લેવાની ઇચ્છા પણ થઈ જતી. એક પત્રમાં તેઓ લખે છે કે :—

---

૩૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૨૧૩
૩૫. એજન, આંક ૨૧૪. ૩૬. એજન, આંક ૨૨૨.
૩૭. એજન, આંક ૨૩૪. ૩૮. અજન, આંક ૨૫૫.

"સરળ વાટ મળ્યા છતાં ઉપાધિના કારણથી તન્મયભક્તિ રહેતી નથી, અને એકતાર સ્નેહ ઊભરાતો નથી. આથી ખેદ રહ્યા કરે છે અને વારંવાર વનવાસની ઇચ્છા થયા કરે છે. જોકે વૈરાગ્ય તો એવો રહે છે કે ઘર અને વનમાં ઘણું કરીને આત્માને ભેદ રહ્યો નથી."[૩૯]

અને આવા વૈરાગ્યને લીધે તેમનો અહમ્ કેટલો ગળી ગયો હતો તે તેમના "તણખલાના બે કટકા કરવાની સત્તા પણ અમે ધરાવતા નથી."[૪૦] એ એક વચનથી સમજી શકાય તેમ છે. આમ તેમના ચિત્તમાંથી કર્તૃત્વભાવ ઘણે અંશે ચાલ્યો ગયો હતો. આથી જ હરિઇચ્છાથી જીવવાની અને પરેચ્છાથી ચાલવાની ભાવના તેઓ આરાધી શક્યા હતા.

આમ વિ. સં. ૧૯૪૭નું વર્ષ શ્રીમદ્દના જીવનમાં ઘણું જ અગત્યનું હતું. તે વર્ષમાં, અનાદિકાળના તેમના જીવનમાં નહોતો બન્યો તેવો અપૂર્વ પ્રસંગ બન્યો હતો. કેટલાયે ભવની સાધના પછી તેમને વિ. સં. ૧૯૪૭માં શુદ્ધ સમકિત પ્રકાશ્યું હતું, અર્થાત્ અનુભવસ્વરૂપ આત્માનું જ્ઞાન થયું હતું. જૈનદર્શન અનુસાર આત્મિક વિકાસશ્રેણીમાં સ્વસંવેદનરૂપ અનુભવ એ ચોથું ગુણસ્થાન છે, અને ત્યાગ પછી મોક્ષ કંઈ દૂર નથી. આત્મદર્શન થયા પછી તે ટકી રહે તો, વધુમાં વધુ પંદર ભવમાં આત્માની મુક્તિ નિશ્ચિત થઈ જાય છે, એમ શાસ્ત્રો કહે છે. એ રીતે શ્રીમદ્દની ભવસંખ્યા નિશ્ચિત થઈ ગઈ હતી. વળી, તેના કેટલાક આનુષંગિક ગુણો પણ તેમનામાં આવ્યા હતા. તેઓ સંસારમાં બેઠા હતા, છતાં સાવ નિઃસ્પૃહ તરીકે વર્તી શકે તેવો વૈરાગ્ય ધરાવતા હતા. સંગ છોડવાની વૃત્તિ ઘણી તીવ્ર બની ગઈ હતી. કોઈ પણ કાર્ય કરવાની કતૃત્વબુદ્ધિનો લોપ થવા માંડ્યો હતો. અને સ્વાત્મમાં જ મગ્ન રહેવાની વૃત્તિએ જોર પકડયું હતું. અને એ પરિસ્થિતિમાં "પ્રભુ પ્રત્યે દીનત્વ", "યમ નિયમ", "જિનવર કહે છે જ્ઞાન તેને", "જડ ભાવે જડ પરિણમે" આદિ તત્ત્વસભર અને અનુભવમૂલક કાવ્યોની તેમના દ્વારા રચના થઈ.

આ જાતની પરિસ્થિતિ જો ચાલુ રહી હોત તો તેમની બાહ્ય તેમ જ આંતર બંને પ્રકારની દશા કોઈ ઓર જ હોત તેમાં શંકા નથી. પણ વિ. સં. ૧૯૪૮થી તેમનાં કર્મોએ નવું સ્વરૂપ લીધું. જેમ જેમ તેઓ સંસારના બંધનથી છૂટવાના પ્રયત્નો કરતા ગયા, તેમ તેમ તેઓને વધુ ને વધુ ઉપાધિઓ આવતી ગઈ; અને તે એટલે સુધી કે ક્યારેક તો તેમને આત્માર્થ છૂટી જવાનો ડર પણ લાગી જતો. આવી પરિસ્થિતિ લગભગ વિ. સં. ૧૯૫૨ સુધી ચાલી. પણ તેઓ આવેલાં સઘળાં સંકટોનો સામનો સફળતાપૂર્વક કરીને પાર ઊતર્યા, અને કર્મોને પરાજય આપ્યો. તેમની કર્મો સામેની આ લડત તે તેમના આત્મવિકાસનો ત્રીજો તબક્કો. આ તબક્કામાં તેઓ બાહ્ય ગૃહસ્થશ્રેણી અને આંતરિક નિર્ગ્રંથશ્રેણીનાં દ્વન્દ્વમાં એવા તો અટવાઈ ગયા હતા કે તેમને પરમાર્થમાર્ગ પ્રકાશવાની ઇચ્છા સાવ ગૌણ કરી નાખવી પડી હતી, એટલું જ નહિ પરિચિત વર્તુળોથી બને ત્યાં સુધી ગુપ્ત રહેવાના તેઓ કામી બન્યા હતા. કારણ કે, નહિતર લોકોને ભ્રાંતિના હેતુ થાય તેવું હતું. પરિણામે તત્ત્વજ્ઞાનને લગતી કે તેમના જ્ઞાનનો અનુભવ આપતી કૃતિઓ આ સમય દરમ્યાન ભાગ્યે જ રચાઈ છે.

૩૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૨૧૭.
૪૦. એજન, આંક ૨૩૦.

વિ. સં. ૧૯૪૮થી આ ઉપાધિયોગની શરૂઆત થઈ. આ વર્ષમાં તેમનો વેપાર ઘણો વધ્યો હતો તેથી તેમાં સમય વિશેષ પસાર થતો હતો. બીજી બાજુ સત્સંગની વાતો કરી શકે તેવાં પાત્રોની દુર્લભતા પણ તેમને અકળાવતી હતી, તેમ છતાં તેમના આત્મવિકાસમાં કોઈ રુકાવટ આ વર્ષમાં આવી હોય તેવું લાગતું નથી. ઉપાધિ તો હતી. પણ તે એટલી તીવ્ર ન હતી કે તેમના આત્માર્થને હાનિ પહોંચાડે. આથી તો તેઓ પોતાની અંતરંગ શ્રેણી જાળવી શક્યા હતા. માત્ર તેમણે ઇચ્છેલો સર્વસંગત્યાગ કરી શક્યા ન હતા, તે મોટો અવરોધ હતો. તેમની અસંગતા કેટલી આગળ વધી હતી તે જણાવતાં વિ. સં. ૧૯૪૮માં લખાયેલાં તેમનાં નીચેનાં વચનો જુઓ :—

"અત્ર સમાધિ છે...અસંગવૃત્તિ હોવાથી અણુમાત્ર ઉપાધિ સહન થઈ શકે તેવી દશા નથી, તોય સહન કરીએ છીએ...સુધાને વિશે અમને સંદેહ નથી...."[41]

"અપૂર્વ વીતરાગતા છતાં વેપાર સંબંધી કંઈક પ્રવર્તન કરી શકીએ છીએ."[42]

"અમને જે નિર્વિકલ્પ નામની સમાધિ છે, તે તો આત્માની સ્વરૂપપરિણતિ વર્તતી હોવાને લીધે છે...વન અને ઘર એ બંને કોઈ પ્રકારે અમને સમાન છે, તથાપિ વનમાં પૂર્ણ વીતરાગભાવને અર્થે રહેવું વધારે રુચિકર લાગે છે, સુખની ઇચ્છા નથી પણ વીતરાગપણાની ઇચ્છા છે."[43]

"એક અવિકલ્પ સમાધિ સિવાય બીજું ખરી રીતે સ્મરણ રહેતું નથી, ચિંતન રહેતું નથી, રુચિ રહેતી નથી, અથવા કંઈ કામ કરાતું નથી."[44]

"અમારે વિશે વર્તતા પરમ વૈરાગ્ય વ્યવહારને વિશે ક્યારેક મન મળવા દેતો નથી...અમે તો પાંચ માસ થયાં જગત, ઈશ્વર અને અન્ય ભાવ એ સર્વને વિશે ઉદાસીનપણે વર્તીએ છીએ...અમારું જે ચિત્ત તે આત્મા સિવાય અન્ય સ્થળે પ્રતિબદ્ધતા પામતું નથી."[45]

આવું મુક્તપણું તેમને માગશર સુદ ૬, વિ. સં. ૧૯૪૮થી એકધારું પ્રવર્તતું આવ્યું છે તેવો ઉલ્લેખ તેમણે તે જ સાલના શ્રાવણ વદના એક પત્રમાં કર્યો છે.[46] આવું અસંગપણું વર્તતું હોવાથી તેમની જ્યોતિષ, સિદ્ધિ આદિ વિશેની આસક્તિ સાવ લુપ્ત થઈ ગઈ હતી. તેથી તો સોભાગભાઈને તેમણે લખ્યું હતું કે :—

"જ્યારથી યથાર્થ બોધની ઉત્પત્તિ થઈ છે, ત્યારથી કોઈ પણ પ્રકારના સિદ્ધિયોગે કે વિદ્યાના યોગે સાંસારિક સાધન પોતાસંબંધી કે પરસંબંધી કરવાની પ્રતિજ્ઞા છે;

૪૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૩૦૮.
૪૨. એજન, આંક ૩૧૩. ૪૩. એજન, આંક ૩૧૨.
૪૪. એજન, આંક ૩૨૯. ૪૫. એજન, આંક ૩૬૮.
૪૬. એજન, આંક ૪૦૦.

અને એ પ્રતિજ્ઞામાં એક પળ પણ મંદપણું આવ્યું હોય એમ હજુ સુધીમાં થયું છે એમ સાંભરતું નથી."[૪૭]

શ્રીમદ્‌નાં આ વચનોથી જાણી શકાય છે કે તેમણે જ્ઞાન પ્રગટ્યા પછી પોતાને વરેલી સિદ્ધિઓનો લેશ પણ ઉપયોગ કર્યો ન હતો. લોકો તે માટે કહેતા હોય છતાં આત્માર્થને કારણે તેનો ઉપયોગ ન કરવામાં કેવી પ્રબળ નિશ્ચયશક્તિ જોઈએ તે તો સર્વવિદિત છે. શ્રીમદે એ શક્તિ મેળવી હતી. આવું નિશ્ચયબળ તેમનામાં ત્રીજા તબક્કાથી પ્રગટ થયેલું જોઈ શકાય છે.

તેમનું મન સંસારમાંથી ઊઠી ગયું હતું. તેમનું ચિત્ત કુટુંબ, ધન, પુત્ર, આદિથી મુક્ત અને ક્રોધ, માન, માયા, લોભ આદિથી અપ્રતિબંધ જેવું થઈ ગયું હતું. એ ચિત્તમાં સત્સંગની તથા અસંગતાની ઇચ્છા પ્રબળ બનતી જતી હતી. આમ સંસારની વચ્ચે અસંગભાવને લીધે તેમને જાતજાતની મુશ્કેલીઓ નડતી હતી. ચિત્ત ઉદાસ હોય એટલે વ્યવહારમાં યથાયોગ્ય પ્રવર્તન કરી શકે નહિ, અને તે જાતનું પ્રવર્તન ન થાય તો સંબંધમાં આવનારનું ચિત્ત દુભાય. તેમ કરવાની તેમની ઇચ્છા નહોતી, એટલે સર્વને શાંતિ ઊપજે તેવું વર્તન કરવા જતાં પોતાના ચિત્તમાં ઉપાધિ વેદવાનો પ્રસંગ શ્રીમદ્‌ને આવતો હતો, જે તેઓ બને તેટલી શાંતિથી વેદતા હતા. કોઈ પણ પ્રત્યે કોઈ પણ પ્રકારનો અલ્પ પણ દોષ કરવો ઉચિત નથી તેવો ઉત્કૃષ્ટપણે નિર્ધાર તેમણે આ વર્ષમાં કરી લીધો હતો, અને તે પ્રમાણે વર્તતાં તેમણે મનને ઘણું વશ કરી લીધું હતું. તેમને વર્તતા વૈરાગ્યને સ્ફુટ કરતાં તેમનાં નીચેનાં વચનો જુઓ —

"જો ઉપેક્ષા કરીએ તો ગૃહસ્થપણે પણ વનવાસીપણે ભજાય એવો આકરો વૈરાગ્ય વર્તે છે."[૪૮] "કોઈ પણ જાતના અમારા આત્મિક બંધનને લઈને અમે સંસારમાં રહ્યા નથી. સ્ત્રી જે છે તેનાથી પૂર્વે બંધાયેલું ભોગકર્મ નિવૃત્ત કરવું છે. કુટુંબ છે તેનું પૂર્વેનું કરેલું કરજ આપી નિવૃત્ત થવા અર્થે રહ્યા છીએ."[૪૯]

આવો વૈરાગ હોવાથી તેઓ પૂર્વ કર્મના ઉદયને લઈને સંસારમાં રહીને તે ઉદાસીનપણે વેદતા હતા, તે અહીં જણાય છે. પણ તેમાં સત્સંગની ખામી તેમને વારંવાર જણાઈ આવતી હતી. અને તે માટે પણ ઉપાધિ વેદતા હતા. આમ શ્રીમદ્‌ની બાહ્ય તેમ જ આંતર શ્રેણીએ પોતાનો ભિન્ન ભિન્ન પ્રભાવ તેમના પર પાડવો ચાલુ કર્યો હતો, તે વિ. સં. ૧૯૪૯માં જોર પકડે છે.

વિ. સં. ૧૯૪૯માં વ્યાપાર તથા સંસારની પ્રવૃત્તિ વધી હતી, તેથી એ વર્ષમાં લખાયેલા પત્રો વાંચીએ છીએ તો, ઉપાધિયોગના બળવાનપણાનો ઉલ્લેખ વારંવાર મળે છે. તેમાં તેમનો આત્મા ક્લેશિત થતો હતો તેવું દેખાતું નથી, પણ ધારી નિવૃત્તિ મળતી નહોતી તેનો ખેદ જણાય છે. વ્યાવહારિક રીતે જોઈએ તો તેમની મુશ્કેલીઓ એવી કઠિન

---

૪૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૩૨૨
૪૮. એજન, આંક ૪૧૪. ૪૯. એજન, આંક ૪૧૫

નહોતી કે તેમને તેમના પત્રોમાં વ્યક્ત થાય છે તેવું દુઃખ વેઠવું પડે. પણ તેમની સાચી ઉપાધિ એ જ હતી કે તેમની નિવૃત્તિ લેવાની ઇચ્છા જેમ જેમ વધતી જતી હતી, તેમ તેમ નિવૃત્તિ તેમનાથી દૂર ભાગતી હતી. આ ઇચ્છા વિરુદ્ધ સંસારમાં કરવું પડતું પ્રવર્તન તે જ તેમની સૌથી મોટી ઉપાધિ હતી. આ ઉપાધિને વ્યક્ત કરતાં ઘણાં વચનો આ વર્ષના પત્રોમાં જોવા મળે છે. તત્ત્વબોધને લગતા પત્રોમાં પણ વચ્ચે વચ્ચે તેમનો ઉપાધિયોગ આવી જાય છે, કારણ કે ઉપાધિને લીધે લખવાનું બની શકતું નથી, અન્ય પારમાર્થિક પ્રવૃત્તિઓ થઈ શકતી નથી, તેવા ઉલ્લેખો તેમાં આવેલા છે. વિ. સં. ૧૯૪૯ના આરંભમાં જ તેમણે સોભાગભાઈને લખ્યું હતું કે :—

"ઉપાધિને વેદવા માટે જોઈતું કઠિનપણું મારામાં નથી, એટલે ઉપાધિથી અત્યંત નિવૃત્તિની ઇચ્છા રહ્યા કરે, તથાપિ ઉદયરૂપ જાણી તે યથાશક્તિ સહન થાય છે."[૫૦]

આ ઉપરાંત જુઓ તેમનાં અન્ય વચનો :—

"પરમાર્થનું દુઃખ મટયા છતાં સંસારનું પ્રાસંગિક દુઃખ રહ્યા કરે છે, અને તે દુઃખ પોતાની ઇચ્છાદિના કારણનું નથી."[૫૧]

"કાળ સંબંધી તીર્થંકરવાણી સત્ય કરવાને અર્થે 'આવો' ઉદય અમને વર્તે છે, અને તે સમાધિરૂપે વેદવા યોગ્ય છે."[૫૨]

"ઉપાધિનો જોગ વિશેષ રહે છે. જેમ જેમ નિવૃત્તિના જોગની વિશેષ ઇચ્છા થઈ આવે છે, તેમ તેમ ઉપાધિની પ્રાપ્તિનો જોગ વિશેષ દેખાય છે. ચારે બાજુથી ઉપાધિનો ભીડો છે. કોઈ એવી બાજુ અત્યારે જણાતી નથી કે અત્યારે જ એમાંથી છૂટી ચાલ્યા જવું હોય તો કોઈનો અપરાધ કર્યો ન ગણાય."[૫૩]

"જે પ્રવૃત્તિ અત્ર ઉદયમાં છે, તે બીજે દ્વારેથી ચાલ્યા જતાં પણ ન છોડી શકાય એવી છે, વેદવાયોગ્ય છે માટે તેને અનુસરીએ છીએ; તથાપિ અવ્યાબાધ સ્થિતિને વિશે જેવું ને તેવું સ્વાસ્થ્ય છે."[૫૪]

"ગઈ સાલના માર્ગશીર્ષ માસમાં અત્રે આવવું થયું ત્યારથી ઉત્તરોત્તર ઉપાધિયોગ વિશેષાકાર થતો આવ્યો છે."[૫૫]

આમ વારંવાર જેનો ઉલ્લેખ કરવો પડે તેટલો પ્રબળ ઉપાધિયોગ વેઠતા હોવા છતાં, ત્યાગી થવાનો અભિલાષ બાજુએ મૂકવો પડ્યો હોવા છતાં, શ્રીમદ્ આત્માની સમતા ઘણી જાળવી રાખતા હતા. દેહનું પણ મમત્વ તેમને છૂટી ગયું હતું. દેહનો ઉપયોગ તેમને માત્ર આત્માર્થે જ જણાતો હતો. તેથી એક પત્રમાં તેમણે લખ્યું હતું કે —

---

૫૦-૫૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૪૨૫.

૫૨. એજન, આંક ૪૩૩. ૫૩. એજન, આંક ૪૩૯.

૫૪. એજન, આંક ૪૪૯. ૫૫. એજન, આંક ૪૫૩.

"અમારો અભિપ્રાય કંઈ પણ દેહ પ્રત્યે હોય તો તે માત્ર એક આત્માર્થે જ છે, અન્ય અર્થે નહીં, પણ આત્માર્થે છે."૫૬

આ આત્માર્થ માટે તેમને સર્વસંગપરિત્યાગની ઇચ્છા રહ્યા કરતી હતી. અને તે પાર પાડવામાં ઘણાં વિઘ્નો દેખાતાં હોવાથી તેમને મૂંઝવણ પણ થતી હતી. તેમણે આ ત્યાગ વિશે આ વર્ષમાં લખ્યું હતું કે:—

"ઘણું કરીને આત્મામાં એક જ રહ્યા કરે છે કે જ્યાં સુધી આ વેપારપ્રસંગે કામકાજ કરવું રહ્યા કરે, ત્યાં સુધી ધર્મકથાદિ પ્રસંગે અને ધર્મના જાણનારરૂપે કોઈ પ્રકારે પ્રગટમાં ન અવાય એ યથાયોગ્ય પ્રકારે છે."૫૭

આ બધી મુશ્કેલીઓમાં તેમણે જે વિકાસ આ વર્ષમાં સાધ્યો હતો તે તેમનાં નીચેનાં વચનો જણાવે છે—

"જેવી દૃષ્ટિ આ આત્મા પ્રત્યે છે, તેવી દૃષ્ટિ જગતના સર્વ આત્માને વિશે છે. જેવો આ સ્નેહ આત્મા પ્રત્યે છે, તેવો સ્નેહ સર્વ આત્મા પ્રત્યે વર્તે છે. જેવી આ આત્માની સહજાનંદ સ્થિતિ ઇચ્છીએ છીએ, તેવી જ સર્વ આત્મા પ્રત્યે ઇચ્છીએ છીએ. જે જે આ આત્મા માટે ઇચ્છીએ છીએ, તે તે સર્વ આત્મા માટે ઇચ્છીએ છીએ. જેવો આ દેહ પ્રત્યે ભાવ રાખીએ છીએ, તેવો જ સર્વ દેહ પ્રત્યે ભાવ રાખીએ છીએ... આ દેહમાં વિશેષ બુદ્ધિ અને બીજા દેહ પ્રત્યે વિષમ બુદ્ધિ ઘણું કરીને ક્યારેય થઈ શકતી નથી."૫૮

રાગ-દ્વેષનું ઘણું અલ્પત્વ એ તેમના આત્માએ સાધેલો આ વર્ષનો વિકાસ ગણી શકાય. આ વર્ષમાં તેમનો ખ્યાલ હતો કે જે ઉપાધિયોગ શરૂ થયો છે, તેની જલદી પૂર્ણતા આવે તેમ નથી. એટલે એક પત્રમાં લખ્યું હતું કે:—

"મનમાં એમ ને એમ રહ્યા કરે છે કે અલ્પ કાળમાં આ ઉપાધિયોગ મટી બાહ્યાભ્યંતર નિર્ગ્રંથતા પ્રાપ્ત થાય તો વધારે યોગ્ય છે, તથાપિ તે વાત અલ્પ કાળમાં બને એવું સૂઝતું નથી, અને જ્યાં સુધી તેમ ન થાય ત્યાં સુધી તે ચિંતના મટવી સંભવતી નથી."૫૯

શ્રીમદ્દે સેવેલી આ દહેશત સાચી પડી હતી, તે વિ. સં. ૧૯૫૦માં તેમણે લખેલા પત્રો જોતાં જણાય છે.

વિ. સં. ૧૯૫૦ની શરૂઆતમાં આ ઉપાધિ વધી હતી, અને તેથી બાહ્યથી ક્યારેક ચિત્તની અવસ્થા પણ આવી જતી હતી, તેથી લાંબા વખત સુધી તેઓ મુમુક્ષુઓને પત્ર પણ લખી શકતા નહોતા. અને ઘણી વાર તો એવું બનતું કે થોડો કાગળ લખ્યા પછી

૫૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૪૩૧

૫૭. એજન, આંક ૪૬૩. ૫૮. એજન, આંક ૪૬૯.

૫૯. એજન, આંક ૪૫૩.

વૈરાગ્ય આવતાં તે અધૂરો જ મૂકી દેતા; વળી, બીજે સમયે લખવા પ્રવૃત્ત થતા. આમ આ ઉપાધિએ તેમણે ઘણા મૂંઝવણમાં મૂકયા હતા. જુઓ —

"ઉપાધિના યોગથી ઉદયાધીનપણે બાહ્ય ચિત્તની કવચિત્ અવ્યવસ્થાને લીધે તમ મુમુક્ષુ પ્રત્યે જેમ વર્તવું જોઈએ તેમ અમારાથી વર્તી શકાતું નથી."[60]

"મનનો, વચનનો તથા કાયાનો વ્યવસાય ધારીએ તે કરતાં હમણાં વિશેષ વર્ત્યા કરે છે, અને એ જ કારણથી તમને પત્રાદિ લખવાનું બની શકતું નથી."[61]

"એક એક કાગળ લખતાં દશદશ, પાંચપાંચ વખત બબ્બે–ચચ્ચાર લીટી લખી તે કાગળ અધૂરા મૂકવાનું ચિત્તની સ્થિતિને લીધે બને છે. ક્રિયા વિષે રુચિ નહીં, તેમ પ્રારબ્ધબળ પણ તે ક્રિયામાં હાલ વિશેષ ઉદયમાન નહીં હોવાથી તમને તેમ જ બીજા મુમુક્ષુઓને વિશેષપણે કંઈ જ્ઞાનચર્ચા લખી શકાતી નથી."[62]

આવા ઉપાધિયોગમાં અન્ય સામાન્ય જીવનું તો વીર્ય જ પરવશ બની જાય, પણ શ્રીમદ્દે તો તેમાંથી પણ માર્ગ કર્યો હતો અને પોતાનું આત્મબળ વધાર્યું હતું. વિ. સં. ૧૯૪૯માં તેઓ તેનાથી થાકતા હોય તેવો અનુભવ થતો હતો, તેવી વૃત્તિ અહીં જોવા મળતી નથી. ગમે તે સંજોગોનો હિંમતપૂર્વક સામનો કરી લેવાનો તેમને નિર્ણય થઈ ગયો હતો. અને તેથી જ તેઓ "આત્મસમાધિ"માં લેશ પણ ન્યૂનતા આવવા દીધા વિના, તેની સ્થિરતામાં વધારો કરી શકયા હતા. જુઓ, તેમનાં નીચેનાં વચનો —

"અત્રેના ઉપાધિપ્રસંગમાં કંઈક વિશેષ સહનતાથી વર્તવું પડે એવી મોસમ હોવાથી આત્માને વિષે ગુણનું વિશેષ સ્પષ્ટપણું વર્તે છે."[63]

"અત્રે ઉપાધિરૂપ વ્યવહાર વર્તે છે. ઘણું કરી આત્મસમાધિની સ્થિતિ રહે છે, તોપણ તે વ્યવહારના પ્રતિબંધથી છૂટવાનું વારંવાર સ્મૃતિમાં આવ્યા કરે છે, તે પ્રારબ્ધની નિવૃત્તિ થતાં સુધી તો વ્યવહારનો પ્રતિબંધ રહેવો ઘટે છે, માટે સમચિત્ત થઈ સ્થિતિ રહે છે."[64]

"આમ હોવાથી દિન દિન પ્રત્યે, પ્રસંગે પ્રસંગે, ઘણી વાર ક્ષણે ક્ષણે સત્સંગ આરાધવાની જ ઇચ્છા વર્ધમાન થયા કરે છે."[65]

અને એ આંતરિક સ્થિરતા વિશેષ મેળવી હોવાથી તેમનો સર્વસંગત્યાગી થવાનો અભિલાષ પણ ફરીથી આ વર્ષથી ખીલવા લાગ્યો હતો. ત્યાગી થવાની ભાવનાનો — માર્ગ

૬૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક, ૪૭૮
૬૧. એજન, આંક, ૫૦૪ ૬૨. એજન, આંક, ૫૨૦
૬૩. એજન, આંક, ૪૮૪ ૬૪. એજન, આંક, ૫૦૦
૬૫. એજન, આંક, ૫૨૫

પ્રકાશવાની ભાવનાનો — ઉલ્લેખ આ વર્ષના પત્રોમાં વિશેષ જોવા મળે છે. અને એ અભિલાષ ટૂંક સમયમાં પૂરો નહિ થાય તેવો અંદેશો પણ તેમને રહેતો હતો, અને તે વિશે ખેદ પણ રહેતો હતો. વળી, વ્યાવહારિક કામોમાં ભાગ લેવાનું કે સલાહ આપવાનું પણ તેમણે બંધ કર્યું હતું. વિ. સં. ૧૯૫૦ના ભાદરવા વદ ૧૨ ના રોજ સોભાગભાઈને લખ્યું હતું કે :—

"વ્યાવહારિક જંજાળમાં અમે ઉત્તર આપવા યોગ્ય નહીં હોવાથી રેવાશંકરભાઈને આ પ્રસંગનું લખ્યું છે."[૬૬]

આમ તેમણે જેમ બને તેમ વ્યાવહારિક સંબંધમાં પ્રવર્તવાનું ઓછું કરી નાખ્યું હતું.

ચિત્તની વિશેષ નિર્મળતા તથા સ્વસ્થતાને કારણે તત્ત્વજ્ઞાનને લગતા પત્રો વિશેષ લખાયેલા જોવા મળે છે. શ્રી લલ્લુજી મહારાજ આદિને જૈનદર્શન અનુસાર સમજણ આપતા પત્રો પણ ઠીક ઠીક લખાયા છે. કેટલાક પત્રોમાં તેમણે જૈન તથા વેદાંત દર્શનની સરખામણી કરેલી પણ જોવા મળે છે, જેમાં જૈનદર્શન શા કારણથી વધુ યોગ્ય છે તે પણ તેમણે સમજાવેલું છે. જૈનદર્શનના સિદ્ધાંતો સમજાવતાં પણ ઘણા પત્રો લખાયેલા છે, જે બધામાં "છ પદ"નો પત્ર સર્વોત્તમ છે. તેમાં આત્માનાં છ પદની સમજણ તેમણે આપી છે.

આમ આ વર્ષમાં તેમણે વિશેષ આત્મબળ મેળવ્યું જણાય છે. આ ઉપરાંત વીતરાગમાર્ગ પ્રતિનું વલણ પણ વિશેષ જોવા મળે છે. અને ક્ષાયિક ચારિત્રી થવાની, અશરીરિ થવાની આકાંક્ષા પણ પ્રબળ બનતી જણાય છે.

આ બધી વસ્તુની વિશેષતા વિ. સં. ૧૯૫૧ની સાલમાં આવે છે, અને તેમની નિવૃત્તિની ઇચ્છા પ્રબળ બને છે. આ વર્ષથી વ્યાપારથી નિવૃત્ત થઈ, સઘળો ભાર તથા પૈસો તેઓએ તેમના ભાઈ શ્રી મનસુખભાઈને સોંપવાનો નિર્ણય કર્યો હતો. તે પાર પાડવા તેઓ તેમના ભાગીદારોને કહે છે. પણ શ્રીમદ્‌ની વ્યાપાર આદિની કુશળતાને કારણે તેઓ તેમને પેઢીના સલાહકાર તરીકે ચાલુ રહેવા વીનવે છે, જે શ્રીમદ્ માન્ય કરે છે, પણ તેમનું વ્યાપારાદિમાં ચિત્ત ઘણું ઊઠી ગયું હતું. અને તેનાથી નિવૃત્ત થવાનો માર્ગ જ તેઓ શોધ્યા કરતા હતા. તે વિશેનાં શ્રીમદ્‌નાં વિ. સં. ૧૯૫૧ માં લખાયેલાં નીચેનાં વચનો જુઓ :—

"આડતનો વ્યવસાય ઉત્પન્ન થયો તેમાં કંઈક ઇચ્છાબળ અને કંઈક ઉદયબળ હતું. પણ મોતીનો વ્યવસાય ઉત્પન્ન થવામાં તો મુખ્ય ઉદયબળ હતું. બાકી વ્યવસાયનો હાલ ઉદય જણાતો નથી. અને વ્યવસાયની ઇચ્છા થવી તે તો અસંભવ જેવી છે."[૬૭]

"હાલ વ્યવસાય વિશેષ છે, ઓછો કરવાનો અભિપ્રાય ચિત્તમાંથી ખસતો નથી અને વધારે થયા કરે છે."[૬૮]

---

૬૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક, ૫૨૭

૬૭. એજન, આંક, ૫૪૦ ૬૮. એજન, આંક, ૫૪૫

"મોતીના વેપાર વગેરેની પ્રવૃત્તિ વધારે ન કરવા સંબંધીનું બને તો સારું, એમ લખ્યું તે યથાયોગ્ય છે; અને ચિત્તની નિત્ય ઇચ્છા એમ રહ્યા કરે છે. લોભહેતુથી તે પ્રવૃત્તિ થાય છે કે કેમ? એમ વિચારતાં લોભનું નિદાન જણાતું નથી. વિષયાદિની ઇચ્છાએ પ્રવૃત્તિ થાય છે, એમ પણ જણાતું નથી; તથાપિ પ્રવૃત્તિ થાય છે, એમાં સંદેહ નથી. જગત કંઈ લેવાને માટે પ્રવૃત્તિ કરે છે, આ પ્રવૃત્તિ દેવાને માટે થતી હશે એમ લાગે છે."૬૯

આમ વેપારાદિમાંથી નિવૃત્તિ લેવાની તેમની ઇચ્છા વધી ગઈ હતી. અને તેમ કરવા માટે કોઈ રસ્તો હોય તો તે જણાવવા તેમણે સોભાગભાઈને કેટલીક વખત લખ્યું હતું. અન્ય વ્યાવહારિક કાર્યોમાં તો તેઓ ન છૂટકે ભાગ લેતા હતા. એવા એક પ્રસંગે તેમણે આ વર્ષમાં સોભાગભાઈને લખ્યું હતું કે :—

"આપે લખ્યું કે વિવાહના કામમાં આગળથી આપ પધાર્યા હો તો કેટલાક વિચાર થઈ શકે, તે સંબંધમાં એમ છે કે એવાં કાર્યોમાં મારું ચિત્ત અપ્રવેશક હોવાથી – અને તેમ તેવાં કાર્યનું માહાત્મ્ય કંઈ છે નહીં એમ ધ્યાન ઠર્યું હોવાથી મારું અગાઉથી આવવું કંઈ તેવું ઉપયોગી નથી."૭૦

વળી, તે જ વર્ષમાં શ્રીમદ્‌નાં બહેનનાં પણ લગ્ન થવાનાં હતાં. તમાં પણ ભાગ લેવાની તેમની ઇચ્છા નહોતી. પણ માતાપિતાને દુઃખ ન પહોંચે તે ભાવથી લગ્નમાં જવાનો તેમણે વિચાર રાખ્યો હતો. તે વિશે શ્રી સોભાગભાઈને ઉપરના જ પત્રમાં લખ્યું હતું કે —

"તે પ્રસંગ પર આવવું કે ન આવવું એ વિચાર પર ચોક્કસ હાલ ચિત્ત આવી શકશે નહિ કેમકે તેને ઘણો વખત છે અને અત્યારથી તે માટે વિચાર સૂઝી આવે તેમ બનવું કઠણ છે. ત્રણ વર્ષ થયાં તે તરફ જવાયું નથી તેથી શ્રી રવજીભાઈના ચિત્તમાં તથા માતુશ્રીના ચિત્તમાં, ન જવાય તો વધારે ખેદ રહે, એ મુખ્ય કારણ તે તરફ આવવા વિષેમાં છે. તેમ અમારું ન આવવું થાય તો ભાઈબહેનોને પણ ખેદ રહે, એ બીજું કારણ પણ આવવા તરફના વિચારને બળવાન કરે છે."૭૧

આમ તેઓ વ્યાવહારિક પ્રસંગોમાં ભાગ લેવાનું બંધ કરવાના વિચાર ઉપર આવી ગયા હતા, અને સર્વસંગપરિત્યાગની ઇચ્છા વિશેષ બળવાન બની હતી. તે વિશેના ઉલ્લેખો પણ આ સાલમાં વારંવાર જોવા મળે છે. જુઓ —

"સર્વ વ્યવહારથી નિવૃત્ત થયા વિના ચિત્ત ઠેકાણે બેસે નહીં એવો અપ્રતિબંધ અસંગભાવ ચિત્તે બહુ વિચાર્યો હોવાથી તે જ પ્રવાહમાં રહેવું થાય છે."૭૨

આમ તેઓ ત્યાગી થવાની ભાવના ભાવતાં ભાવતાં પણ સંસારનો નિભાવ કરતા હતા. તેમ તેઓ શા માટે કરતા હતા તે સમજાવતાં શ્રીમદ્દે જે વચનો શ્રી સોભાગભાઈને

૬૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ આંક ૫૭૬
૭૦–૭૧. એજન, આંક ૫૪૦ ૭૨. એજન, આંક ૫૪૭

લખ્યાં છે તે બહુ મનનયોગ્ય છે. અને તેમની આંતરિક સ્થિતિ જાણવામાં પણ તેટલાં જ ઉપયોગી છે —

"જ્ઞાનીપુરુષને આત્મપ્રતિબંધપણે સંસારસેવા હોય નહિ, પણ પ્રારબ્ધપ્રતિબંધપણે હોય, એમ છતાં પણ તેથી નિવર્તવારૂપ પરિણામને પામે એમ જ્ઞાનીની રીત હોય છે; જે રીતનો આશ્રય કરતાં હાલ ત્રણ વર્ષ થયાં વિશેષ તેમ કર્યું છે અને તેમાં જરૂર આત્મદશાને ભુલાવે એવો સંભવ રહે તેવો ઉદય પણ જેટલો બન્યો તેટલો સમપરિણામે વેદ્યો છે; જોકે તે વેદવાના કાળને વિષે સર્વસંગનિવૃત્તિ કોઈ રીતે થાય તો સારું એમ સૂઝયાં કર્યું છે; તોપણ સર્વસંગનિવૃત્તિએ જે દશા રહેવી જોઈએ તે દશા ઉદયમાં રહે, તો અલ્પ કાળમાં વિશેષ કર્મની નિવૃત્તિ થાય એમ જાણી જેટલું બન્યું તેટલું તે પ્રકારે કર્યું છે; પણ મનમાં હવે એમ રહે છે કે આ પ્રસંગથી એટલે સકલ ગૃહવાસથી દૂર થવાય તેમ ન હોય તોપણ વ્યાપારાદિ પ્રસંગથી નિવૃત્ત, દૂર થવાય તો સારું, કેમકે આત્મભાવે પરિણામ પામવાને વિષે જે દશા જ્ઞાનીને જોઈએ તે દશા આ વ્યાપાર વ્યવહારથી મુમુક્ષુજીવને દેખાતી નથી."૭૩

વિ. સં. ૧૯૪૮ આસપાસથી શરૂ થયેલો પ્રબળ ઉપાધિયોગ તેમણે સમપણે ત્રણ ત્રણ વર્ષ સુધી વેદ્યો તેનો ઉલ્લેખ ઉપરના અવતરણમાં જોઈ શકાય છે. સાથે સાથે માર્ગ ઉપદેશવા માટે જોઈતી જ્ઞાનદશા તેમણે પ્રાપ્ત કરી લીધી હતી, તે પણ અહીં જાણી શકાય છે. તેમાં માત્ર ત્યાગની ખામી છે, એથી એ પ્રાપ્ત કરવાની અભિલાષા વધી હોય તે સ્વાભાવિક છે. તેમ છતાં પોતાની જ્ઞાનદશા વિશે બીજાને પ્રશંસાપૂર્વક કહેવા તરફ તેમને અરુચિ હતી; તેમણે લખ્યું હતું કે :—

"અમારું કલ્પિત માહાત્મ્ય ક્યાંય દેખાય એમ કરવું, કરાવવું કે અનુમોદવું અમને અત્યંત અપ્રિય છે."૭૪

વિ. સં. ૧૯૫૧ના વર્ષમાં પોતાની આત્મદશા કેવી વર્તતી હતી તે વિશે એક પત્ર તેમણે સોભાગભાઈને લખ્યો હતો. તે ઉપરાંત ઠેકઠેકાણે એ વિશેના ઉલ્લેખો પણ આવે છે તે પરથી આપણે જાણી શકીએ છીએ કે તેમને અસંગપણાની વિશેષતા થઈ હતી. તેમણે કરેલું પોતાની અસંગતાનું વર્ણન તેમના જ શબ્દમાં જોઈએ :—

"એક આત્મપરિણતિ સિવાયના બીજા જે વિષયો તેને વિષે ચિત્ત અવ્યવસ્થિતપણે વર્તે છે; અને તેવું અવ્યવસ્થિતપણું લોકવ્યવહારથી પ્રતિકૂળ હોવાથી લોકવ્યવહાર ભજવો ગમતો નથી, અને તજવો બનતો નથી; એ વેદના ઘણું કરીને દિવસના આખા ભાગમાં વેદવામાં આવ્યા કરે છે."

ખાવાને વિષે, પીવાને વિષે, બોલવાને વિષે, શયનને વિષે, લખવાને વિષે કે બીજાં વ્યાવહારિક કાર્યોને વિષે જેવા જોઈએ તેવા ભાનથી પ્રવર્તાતું નથી, અને તે

૭૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૫૬૦

૭૪. એજન, આંક ૫૫૪

પ્રસંગો રહ્યા હોવાથી આત્મપરિણતિને સ્વતંત્ર પ્રગટપણે અનુસરવામાં વિપત્તિ આવ્યા કરે છે; અને તે વિપેનું ક્ષણે ક્ષણે દુઃખ રહ્યા કરે છે."૭૫

"આ જ ભવને વિષે અને થોડા જ વખત પહેલાં વ્યવહારને વિષે પણ સ્મૃતિ તીવ્ર હતી. તે સ્મૃતિ હવે વ્યવહારને વિષે કવચિત જ, મંદપણે પ્રવર્તે છે. થોડા જ વખત પહેલાં, એટલે થોડાં વર્ષો પહેલાં વાણી ઘણું બોલી શકતી, વક્તાપણે કુશળતાથી પ્રવર્તી શકતી, તે હવે મંદપણે અવ્યવસ્થાથી પ્રવર્તે છે. થોડાં વર્ષ પહેલાં, થોડા વખત પહેલાં લેખનશક્તિ અતિ ઉગ્ર હતી; આજે શું લખવું તે સૂઝતાં સૂઝતાં દિવસના દિવસ વ્યતીત થઈ જાય છે; અને પછી પણ જે કંઈ લખાય છે, તે ઇચ્છેલું અથવા યોગ્ય વ્યવસ્થાવાળું લખાતું નથી; અર્થાત્ એક આત્મપરિણામ સિવાય સર્વ બીજાં પરિણામને વિષે ઉદાસીનપણું વર્તે છે; અને જે કંઈ કરાય છે તે જેવા જોઈએ તેવા ભાનના સોમા અંશથી પણ નથી થતું. જેમ તેમ અને જે તે કરાય છે."૭૫-અ

"વનને વિષે અથવા એકાંતને વિષે સહજસ્વરૂપને અનુભવતો એવો આત્મા નિર્વિષય કેવળ પ્રવર્તે એમ કરવામાં સર્વ ઇચ્છા રોકાણી છે."૭૬

આમ ભરપૂર પ્રવૃત્તિમાં પણ શ્રીમદ્ લગભગ અસંગદશા પ્રાપ્ત કરી શક્યા હતા, તે આપણે ઉપરનાં અવતરણોમાં જોઈ શકીએ છીએ. આ વર્ષમાં તેમના આત્મવિકાસનો ત્રીજો તબક્કો પૂર્ણ થાય છે. આ તબક્કા વિષે શ્રીમદ્દે એક કાવ્યમાં લખ્યું છે કે :—

"ત્યાં આવ્યો રે ઉદય કારમો, પરિગ્રહ કાર્ય પ્રપંચ રે;
જેમ જેમ તે હડસેલીએ, તેમ વધે ન ઘટે એક રંચ રે."૭૭

વ્યાપારને લગતી અને સાંસારિક જવાબદારીઓ નિઃસ્પૃહ રહીને અદા કરવાનો ભાર તેમણે આ વર્ષોમાં ઉઠાવ્યો હતો. અને જેમ જેમ પ્રવૃત્તિ વધતી ગઈ, તેમ તેમ તેમનો અસંગતાનો રંગ પણ વધવા લાગ્યો. પરિણામે સંસારાર્થ અને પરમાર્થ બંને સાચવવા માટે તેમને પ્રબળ પરિશ્રમ ઉઠાવવો પડયો. આથી આ વર્ષોમાં તેમની અંગત પરિસ્થિતિ જણાવતા ઘણા પત્રો મળે છે, તો બીજી બાજુ સાહિત્યિક રચનાઓ કહી શકીએ તેવી કૃતિઓ ભાગ્યે જ જોવા મળે છે. વળી, તેમણે ઊંડા મંથનની વિચારણાનું કેટલુંક ટાંચણ તેમની હસ્તનોંધમાં પણ જોવા મળે છે. દાખલા તરીકે, "વૈશ્યવેષે અને નિર્ગ્રંથભાવે વસતાં કોટી કોટી વિચાર થયા કરે છે."૭૮ પણ તેમાં મિતિ મળતી ન હોવાથી આત્મવિકાસ જાણવા માટે તે નોંધો બહુ ઉપયોગી થતી નથી.

---

૭૫-૭૫અ. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૫૮૩.
૭૬. એજન, આંક ૫૯૨
૭૭. એજન, હાથનોંધ-૧ (૩૨), પૃ. ૮૦૧
૭૮. એજન, હાથનોંધ-૧ (૩૮). પૃ. ૮૦૩

આ ઉપરાંત આ તબક્કામાં એક બીજો ફેરફાર પણ જોવા મળે છે. વિ. સં. ૧૯૪૬ સુધી શ્રીમદ્‌ જે પત્રો લખતા હતા તેમાં તેઓ દસ્કતની જગ્યાએ મુખ્યત્વે પોતાનું નામ લખી પ્રણામ લખતા હતા; જેમ કે – "વિ. રાયચંદના સત્પુરુષને નમસ્કાર સહિત પ્રણામ" – આંક ૫૦. "વિ. આપના માધ્યસ્થ વિચારોના અભિલાષી રાયચંદ રવજીભાઈના પંચાંગી પ્રશસ્તભાવે નમસ્કાર" – આંક ૬૧. "ધર્મોપજીવન ઇચ્છક રાયચંદના વિનયયુક્ત પ્રણામ" – આંક ૬૮. "પ્રારબ્ધથી જીવતા રાયચંદના યથાયોગ્ય" – આંક ૧૪૩. વગેરે.

પણ સમય જતાં જેમ જેમ તેમના આત્માની દશા ઉચ્ચ થતી ગઈ તેમ તેમની દસ્કત કરવાની રીતમાં પણ ફેરફાર થતો ગયો હતો. આ તબક્કામાં તેઓ ભાગ્યે જ પોતાનું નામ દસ્કતની જગ્યાએ લખતા જણાય છે. તેઓ નામને બદલે આત્માની દશા બતાવતાં વિશેષણોનો ઉપયોગ વધારે કરતા જણાય છે; જેમ કે – "લિ. બોધબીજ" – ૩૪૨. "શ્રી સ્વરૂપના યથાયોગ્ય" – ૩૭૧. "બોધસ્વરૂપના યથાયોગ્ય" – ૩૧૨. "આત્મ પ્રણામ" – ૪૪૨. "વિપરિત કાળમાં એકાકી હોવાથી ઉદાસ" – ૪૬૬. "અભિન્ન બોધમયના પ્રણામ પહોંચે" – ૩૩૪. વગેરે. આ બંને પ્રકારના દસ્કતોના નમૂના જોતાં ખ્યાલ આવે છે કે તેમના આત્માની દશામાં થયેલા ફેરફારનો નિર્દેશ દસ્કતોમાં પણ જોવા મળે છે.

## ચોથો તબક્કો : કેવળ લગભગ ભૂમિકા

વિ. સં. ૧૯૪૮થી વિ. સં. ૧૯૫૧ સુધીનાં ત્રણ વર્ષના ગાળામાં શ્રીમદ્‌ે પ્રવૃત્તિનો પ્રબળ ઉદય વેદ્યો હતો. અને તે ઉદયકાળમાં પોતાની આત્માર્થતા ચૂકી ન જવાય તે માટે તેમને સતત કાળજી રાખવી પડી હતી. આ ઉદય વિ. સં. ૧૯૫૨થી નબળો પડવા લાગ્યો, અને શ્રીમદ્‌ે તે વિશે રાહત પણ અનુભવી. આ વર્ષનો મોટો ભાગ તો તેઓ આત્મસાધના અર્થે મુંબઈની બહાર નિવૃત્તિક્ષેત્રોમાં રહ્યા હતા. અને વિ. સં. ૧૯૫૧માં પ્રવૃત્તિથી લાગેલી પછડાટને વિશ્રાંતિ આપવાનો પણ પ્રયત્ન તેમણે કર્યો હતો.

વિ. સં. ૧૯૫૨માં તેઓ રાળજ, કાવિઠા, વસો વગેરે જગ્યાએ રહ્યા હતા. તેમાં સામાન્ય નહિ પણ ત્યાગીનું જીવન તેઓ જીવતા હતા.૭૯ આંતરિક અસંગતા સાથે બાહ્ય અસંગતા પ્રાપ્ત કરવાના પ્રયત્નો તેમણે ચાલુ કરી દીધા હતા. સૂવા માટે તેઓ ગાદલું રાખતા નહિ; ડાંસ, મચ્છર આદિના ઉપદ્રવો શાંતિથી સહન કરતા અને બીજા પણ કુદરતી પરિષહો સહેતા હતા. અર્ધરાત્રિએ ઊઠીને જંગલમાં જઈ ત્યાં ધ્યાનમાં બેસતા. ખોરાકમાં પણ ઘણી સાદાઈ રાખતા. અમુક વખતે માત્ર બાફેલાં શાકભાજી લેતા, તો અમુક સમય બે રૂપિયાભાર લોટની રોટલી અને થોડું દૂધ એટલું જ આખા દિવસના ખોરાક તરીકે ઉપયોગમાં લેતા; બીજી વખત દૂધ કે કશું લેતા નહિ. અમુક વખત માત્ર ઘી અને દૂધમાં બનાવેલી રસોઈનો દિવસમાં એક જ વખત ઉપયોગ કરતા. આમ બાહ્યથી પૂરા સંયમી બનવાના દૃઢ પ્રયાસો તેમણે આ વર્ષમાં આદર્યા.

૭૯. શ્રીમદ્‌ના આ ત્યાગી જીવનના અનેક મુમુક્ષુઓ સાક્ષી હતા. આ મુમુક્ષુઓએ પોતાને થયેલો શ્રીમદ્‌નો ત્યાગી તરીકેનો પરિચય "અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ"માં તથા "શ્રીમદ્‌ રાજચંદ્ર – જીવનકળા"માં વર્ણવ્યો છે.

દિવસનો ઘણોખરો ભાગ ગ્રંથવાચન તથા મનનમાં પસાર થતો. અને કેટલોક સમય અંબાલાલભાઈ, સોભાગભાઈ, લલ્લુજી મહારાજ આદિ મુનિઓ તથા મુમુક્ષુઓ સાથેના સત્સંગમાં પસાર થતો. તે સમયે તે સર્વને શ્રીમદ્ તરફથી અપૂર્વ બોધ થતો તેવા ઉલ્લેખો મળે છે. એક વખત શ્રીમદ્ એકાંતમાં બેસીને કંઈ બોલતા હતા, તેઓ શું બોલે છે તે જાણવાની જિજ્ઞાસા મુનિ દેવકરણજીને થઈ, કારણ કે તેમને તે વખતે શ્રીમદ્દની મુખમુદ્રા તદ્દન કષાયરહિત તથા શાંત દેખાતી હતી. અને મુખ પર પ્રસન્નતાના ભાવો છવાયેલા હતા. તેમણે સાંભળ્યું તો શ્રીમદ્ પોતાને કહી રહ્યા હતા કે :—

> "અડતાલીસની સાલમાં રાળજ બિરાજ્યા હતા તે મહાત્મા શાંત અને શીતળ હતા. હાલ સાલમાં વસો ક્ષેત્રે વર્તતા મહાત્મા પરમ અદ્ભુત યોગીંદ્ર પરમ સમાધિમાં રહેતા હતા, અને આ વનક્ષેત્રે વર્તતા પરમાત્મા પણ અદ્ભુત યોગીંદ્ર પરમ શાંત બિરાજે છે."[૮૦]

આ વચનો શ્રી દેવકરણજીએ લલ્લુજી મહારાજને ઉલ્લાસપૂર્વક લખી જણાવ્યાં હતાં, અને તે પછી શ્રીમદ્ તરફથી થયેલા બોધથી પોતાને પ્રગટેલો ઉલ્લાસ પણ તેમાં વર્ણવ્યો હતો.

આમ સર્વસંગત્યાગની પૂર્વતૈયારીરૂપ કડક સંયમ પાળવાની શરૂઆત શ્રીમદ્દે વિ. સં. ૧૯૫૨માં કરી હતી. તે તેમનું પરમાર્થમાર્ગમાં ભરેલું એક નવું પગલું હતું. આ સમયે તેમની પત્રધારા પણ ઠીક ઠીક વહી હતી એમ દેખાય છે. અને તેમાં પણ જ્ઞાનચર્ચા વિશેષ જોવા મળે છે. સોભાગભાઈએ પુછાવેલા જ્ઞાનપ્રશ્નોના ઉત્તરો તેમણે વિગતે આપ્યા હતા. તે વાંચતાં શ્રીમદ્દને વીતરાગમાર્ગમાં પ્રગટેલી અનન્ય શ્રદ્ધાનો આપણને ખ્યાલ આવે છે. આ વર્ષના પત્રોમાં અંગત પરિસ્થિતિનો ઉલ્લેખ ક્યારેક જ જોવા મળે છે. તેવા એક પત્રમાં તેમણે લખ્યું છે કે :—

> "જૈન દર્શનની રીતિએ જોતાં સમ્યગ્દર્શન, અને વેદાંતની રીતિએ જોતાં કેવળજ્ઞાન અમને સંભવે છે...જૈન પ્રસંગમાં અમારો વધારે નિવાસ થયો છે તો કોઈ પણ પ્રકારે તે માર્ગનો ઉદ્ધાર અમ જેવાને દ્વારે વિશેષ કરીને થઈ શકે...હાલ બે વર્ષ સુધી તો તે યોગસાધન વિશેષ કરી ઉદયમાં આવે તેમ દેખાતું નથી. તેથી ત્યાર પછીની કલ્પના કરાય છે, અને ૩ થી ૪ વર્ષ તે માર્ગમાં ગાળવામાં આવ્યાં હોય તો ૩૬મે વર્ષે સર્વસંગપરિત્યાગી ઉપદેશકનો વખત આવે...નાની વયે માર્ગનો ઉદ્ધાર કરવા સંબંધી જિજ્ઞાસા વર્તતી હતી, ત્યાર પછી જ્ઞાનદશા આવ્યે ક્રમે કરીને તે ઉપશમ જેવી થઈ; પણ કોઈ કોઈ લોકો પરિચયમાં આવેલા, તેમને કેટલીક વિશેષતા ભાસવાથી કંઈક મૂળમાર્ગ પર લક્ષ આવેલો...ઉપદેશક પુરુષનો જોગ બને તો ઘણા જીવ મૂળમાર્ગ પામે તેવું છે...એમ દેખાવાથી કંઈક ચિત્તમાં આવે છે કે આ કાર્ય કોઈ કરે તો ઘણું સારું, પણ દૃષ્ટિ કરતાં તેવો પુરુષ ધ્યાનમાં આવતો નથી, એટલે કંઈક લખનાર પ્રત્યે જ દૃષ્ટિ આવે છે, પણ લખનારનો જન્મથી લક્ષ એવો

૮૦. "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા", આવૃત્તિ ૪, પૃ. ૭૬૨

છે કે એ જેવું એકે જોખમવાળું પદ નથી, અને પોતાની તે કાર્યની યથાયોગ્યતા જ્યાં સુધી ન વર્તે ત્યાં સુધી તેની ઇચ્છામાત્ર પણ ન કરવી, અને ઘણું કરીને હજુ સુધી તેમ વર્તવામાં આવ્યું છે...કહેવાનો હેતુ એવો છે કે સર્વસંગપરિત્યાગ થયે તે કાર્યની પ્રવૃત્તિ સહજસ્વભાવે ઉદયમાં આવે તો કરવી એવી માત્ર કલ્પના છે. તેનો ખરેખરો આગ્રહ નથી...અમારા સંગમાં ત્યાગ કરવાને ઘણા જીવને વૃત્તિ થાય એવો અંગમાં ત્યાગ છે. ધર્મ સ્થાપવાનું માન મોટું છે; તેની સ્પૃહાથી પણ વખતે આવી વૃત્તિ રહે, પણ આત્માને ઘણી વાર તાવી જોતાં તે સંભવ હવેની દશામાં ઓછો જ દેખાય છે, અને કંઈક સત્તાગત રહ્યો હશે તો તે ક્ષીણ થશે એમ અવશ્ય ભાસે છે, કેમકે યથાયોગ્યતા વિના, દેહ છૂટી જાય તેવી દૃઢ કલ્પના હોય તોપણ, માર્ગ ઉપદેશવો નહિ, એમ આત્મનિશ્ચય નિત્ય વર્તે છે. એક એ બળવાન કારણથી પરિગ્રહાદિ ત્યાગ કરવાનો વિચાર રહ્યા કરે છે. મારા મનમાં એમ રહે છે કે વેદોક્ત ધર્મ પ્રકાશવો અથવા સ્થાપવો હોય તો મારી દશા યથાયોગ્ય છે. પણ જિનોક્ત ધર્મ સ્થાપવો હોય તો હજુ તેટલી યોગ્યતા નથી, તોપણ વિશેષ યોગ્યતા છે, એમ લાગે છે."[૮૧]

શ્રીમદ્દે લખેલા પત્રમાંથી લીધેલા ઉપરના દીર્ઘ અવતરણ પરથી તેમની સમગ્ર પરિસ્થિતિ આપણને સમજાઈ જાય છે. તેઓ કેટલે અંશે નીરાગી બન્યા હતા, વીતરાગમાર્ગ પ્રકાશવાની તેમની કેવી મહેચ્છા હતી, તે માટે તેમનામાં કેવી યોગ્યતા હતી એ વગેરે વિશેનું પૃથક્કરણ તેમણે આ પત્રમાં આપ્યું છે, અને એથી એમનો આત્મવિકાસ જાણવા માટે આપણને એ ખૂબ ઉપયોગી છે. પરમાર્થમાર્ગ પ્રકાશવા માટે સર્વસંગત્યાગી બનવાની તેમની ઇચ્છા હતી; તે માટે તેમણે પ્રયત્નો પણ શરૂ કર્યા હતા. અને છતાં તેમ કરવા પાછળ તેમનો કોઈ માન-ભાવ નહોતો, તે તેમની આત્મિક ઉચ્ચ દશા બતાવે છે. આ વર્ષના અંતભાગમાં "આત્મસિદ્ધિ" અને "મૂળમાર્ગરહસ્ય" જેવી કૃતિઓની રચના કરી હતી, તે પણ તેમના જ્ઞાનની ઉચ્ચદશાનો સબળ પુરાવો છે. જો ઉપર જોઈ તેવી અદ્‌ભુત દશા તેમની ન હોત તો સરળ ભાષામાં, ટૂંકાણમાં આવી તત્ત્વસભર રચનાઓ તેઓ આપી શક્યા ન હોત.

વિ. સં. ૧૯૫૩માં તેમની પત્રધારાનો પ્રવાહ ઘણો ઘટી જાય છે. પરંતુ કેટલીક સાહિત્યિક કૃતિઓના સર્જન તરફ તેમનું વલણ વિશેષ રહે છે. પત્રો ઓછા લખાયા છે, પણ જે લખાયા છે તે મુખ્યત્વે જૈનદર્શનની તત્ત્વવિચારણાને લગતા જ પત્રો છે. અને કૃતિઓના સર્જનમાં પણ જૈનદર્શનને મહત્ત્વ અપાતું જોઈ શકાય છે. જે મોક્ષમાર્ગ પ્રકાશવાની તેમણે ઇચ્છા સેવી હતી, તેની વિચારણા જુદી જુદી રીતે કરીને ટપકાવી લીધેલી, અને તેમાંથી "જૈનમાર્ગ વિવેક", "મોક્ષસિદ્ધાંત", "દ્રવ્યપ્રકાશ", "આનંદઘનચોવીશી"નું વિવેચન, "પંચાસ્તિકાય"નો અનુવાદ વગેરે કૃતિઓની પૂર્ણ કે અપૂર્ણ સ્વરૂપમાં આપણને પ્રાપ્તિ થાય છે. આ ઉપરાંત "પંથ પરમપદ બોધ્યો" અને "અપૂર્વ અવસર" જેવી કૃતિની રચના પણ આ વર્ષમાં થયેલી જણાય છે.

---

૮૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૭૦૮

"અપૂર્વ અવસર" એ તેમની અંગત પરિસ્થિતિ તથા અભિલાષા સૂચવતું જૈન પરિપાટી અનુસાર રચાયેલું શ્રીમદ્‌નું અનુપમ કાવ્ય છે. તેમાં બાહ્યાંતર નિર્ગ્રંથ થઈ, સર્વ પરિષહ અને ઉપસર્ગ સમભાવે સહીને "મોક્ષપદ" પામવાનો તેમનો અભિલાષ વ્યક્ત થયો છે, જીવ એક પછી એક ગુણસ્થાન કેવી રીતે ચડતો જાય છે તેનું ક્રમિક વર્ણન તેમાં આપેલું છે. અને તેમાં પોતાનું ગુણસ્થાન ભાવથી જોતાં સાતમું છે તેનો પણ નિર્દેશ કરેલો છે. આમ વિ. સં. ૧૯૫૩માં તેઓ ભાવથી સાતમા ઉત્કૃષ્ટ ગુણસ્થાને આવી ગયા હતા તે આપણે જાણી શકીએ છીએ.

તેમની એ કક્ષા હોવાની સાક્ષી પૂરે એવો એક પ્રસંગ પણ વિ. સં. ૧૯૫૩માં બન્યો હતો. વિ. સં. ૧૯૫૩ના જેઠ વદ ૧૦ના રોજ તેમના પરમાર્થ સખા અને પરમ વિશ્રામરૂપ સોભાગભાઈએ દેહ છોડચો. તે સમાચાર જાણ્યા પછીથી પણ તેમણે જે ધીરજ રાખી હતી, અને અન્ય મુમુક્ષુઓને જે બોધ આપ્યો હતો, તે જ તેમની આત્મિક ઉચ્ચ દશા બતાવે છે. તેમનો આત્મા એટલી ઉચ્ચ કક્ષાએ વિરાજતો હતો, અને એવા પ્રકારની અસંગદશા પામ્યો હતો કે આ દુઃખને પણ તેઓ ખૂબ જ સહેલાઈથી પચાવી ગયા હતા. જૂઠાભાઈના અવસાન વખતે પોતાને થતા ખેદના જેવા ઉદ્‌ગારો શ્રીમદ્દે કાઢયા હતા, તેમાંનું કંઈ પણ સોભાગભાઈ વિશે તેમણે લખેલું જણાતું નથી. સોભાગભાઈના ગુણોને સંભાર્યા છે, પણ તેમના વિયોગથી થતો ખેદ દર્શાવ્યો નથી. અને ખરી રીતે જોઈએ તો, તેમને જૂઠાભાઈ કરતાં સોભાગભાઈ સાથે ઘણો વિશેષ અને લાંબા ગાળાનો સંબંધ હતો; તેમ છતાં બંનેના અવસાનથી થયેલી અસરમાં જે ફેર દેખાય છે તે તેમની આત્મિક સ્થિતિને આભારી હતું તેમ આપણે કહી શકીએ.

વિ. સં. ૧૯૫૪માં પણ તેમણે પરમાર્થમાર્ગમાં આગળ વધવાની જ પ્રવૃત્તિ રાખી હતી. તે વર્ષમાં અન્ય મુમુક્ષુઓને પરમાર્થે માર્ગદર્શન આપતા પત્રો વિશેષ જોવા મળે છે; સાથે સાથે પોતાની આંતરિક ઉચ્ચ દશાને વ્યક્ત કરતી તત્ત્વવિચારણા પણ તેમાં અપાયેલી છે. તેમનું ચિંતન ગૂઢ અને નિશ્ચયાત્મક બનતું જાય છે. બીજી બાજુ પત્રનું લખાણ વિશેષ ઘટી જાય છે. વિ. સં. ૧૯૫૨ની સાલથી નિવૃત્તિક્ષેત્રમાં રહેવાનો સમય પણ તેમણે વધારી દીધો હતો, અને એ ક્ષેત્રોમાં કડક ત્યાગીનું જીવન તેઓ જીવતા હતા. આ વર્ષમાં કોઈ વિશિષ્ટ દશા જાણવા મળતી નથી. તેમણે પોતાની અભિલાષા વિશે વિ. સં. ૧૯૫૪ના આસો માસમાં લખ્યું હતું કે:—

> "મારું ચિત્ત, મારી ચિત્તવૃત્તિઓ એટલી શાંત થઈ જાઓ કે કોઈ મૃગ પણ આ શરીરને જોઈ જ રહે, ભય પામી નાસી ન જાય!
>
> મારી ચિત્તવૃત્તિ એટલી શાંત થઈ જાઓ કે કોઈ વૃદ્ધ મૃગ જેના માથામાં ખૂજલી આવતી હોય તે, આ શરીરને જડપદાર્થ જાણી પોતાનું માથું ખૂજલી મટાડવા આ શરીરને ઘસે!"[૮૨]

વિ. સં. ૧૯૫૫માં શ્રીમદ્દે ધારેલી નિવૃત્તિ મેળવી. તેઓ વેપારમાંથી સર્વથા નિવૃત્ત થયા, અને એક સભામાં લક્ષ્મી તથા સ્ત્રીનો ત્યાગ કર્યો. અને એ વ્રત તેઓ સંપૂર્ણપણે

---

૮૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૮૫૦

પાળતા હતા. તે એટલે સુધી કે રેલગાડીમાં મુસાફરી કરતી વખતે ટિકિટ જેવી વસ્તુ પણ પોતાની પાસે રાખતા નહિ. ઘરમાં રહીને પાંચ મહાવ્રતનું પાલન ચાલુ કર્યું. અને મુનિ થવાની ફરી એક વખત તેમણે પોતાની માતા પાસે આજ્ઞા માગી. તેમણે થોડા કાળ પછી એ આજ્ઞા આપવા જણાવ્યું. દરમ્યાન તેઓ જુદે જુદે ક્ષેત્રે આત્મજ્ઞાનમાં મગ્ન રહેવા લાગ્યા. આ સમય દરમ્યાન તેઓ સંપૂર્ણ ઉદયાધીનપણે પ્રવર્તતા હતા, એથી એ વર્ષમાં લખાયેલા માત્ર ચાલીસેક જેટલા જ પત્રો મળે છે, અને તેમાં પણ ભાગ્યે જ કોઈ પત્ર આઠદશ લીટીથી લાંબો છે. તેમાં ગ્રંથો વિશેના અભિપ્રાયો, મોક્ષમાર્ગ વિશેનો નિર્દેશ આદિ પરમાર્થમાર્ગ વિશેની વિચારણા જોવા મળે છે. આમ તેમણે ધારેલી અસંગદશા પ્રાપ્ત કરી, અને મુનિ થવા માટે માતા રજા આપે તેની રાહ જોવા લાગ્યા.

અને એ જ જાતનું તેમનું જીવન વિ. સં. ૧૯૫૬માં પણ ચાલુ રહ્યું. તે વર્ષમાં પણ ભાગ્યે જ ચાલીસ જેટલા પત્રો લખાયેલા મળે છે. પણ તે બધામાં તેમની આત્મિક ઉચ્ચ દશાનો આપણને ખ્યાલ આવે છે. પરિગ્રહાદિથી તેઓએ નિવૃત્તિ સ્વીકારી લીધી હતી, તેથી ઘણોખરો સમય અંબાલાલભાઈ, સાત મુનિઓ આદિ સાથેના સત્સંગમાં પસાર થયો હતો. મુનિઓને તો તેમના તરફથી સૂત્રગ્રંથોની સમજણ પણ અપાઈ હતી. આ અરસામાં તેમનું જ્ઞાન કેટલે અંશે ખીલ્યું હતું તે બતાવતું એક વચન શ્રી લલ્લુજી મહારાજને તેમણે લખ્યું હતું કે:—

> "એક શ્લોક વાંચતાં અમને હજારો શાસ્ત્રનું ભાન થઈ તેમાં ઉપયોગ ફરી વળે છે."[૮૩]

કેટલું જ્ઞાન હોય ત્યારે આ પરિસ્થિતિ આવે!

તેઓ સર્વસંગપરિત્યાગી બનીને તેમના અગાધ જ્ઞાનનો લાભ લોકોને આપે તે પહેલાં તો એક વિઘ્ન ઊભું થયું: વિ. સં. ૧૯૫૬થી તેમની દેહતંદુરસ્તી ઘણી ખરાબ થઈ ગઈ, અને ત્યાગી થવાય તેવી દશા રહી નહિ. દિવસે દિવસે માંદગી વધતી ગઈ, શરીર ઘસાતું ગયું, અને છેવટે તો માત્ર ૪૫ રતલ જેટલા વજનની તેમની કાયા થઈ ગઈ, તોપણ તેમની ચિત્તપ્રસન્નતા કે અંતરાનંદમાં લેશ પણ ફેર પડ્યો ન હતો.

વિ. સં. ૧૯૫૭માં સારવાર અર્થે તેમને મુંબઈ, વઢવાણ, અમદાવાદ, રાજકોટ વગેરે સ્થળોએ રાખવામાં આવ્યા હતા, પણ કોઈ જગ્યાએ સુધારો થયો નહીં. દેહની એટલી ખરાબ પરિસ્થિતિ હોવા છતાં તેમને તે વિશે લેશ પણ દરકાર ન હતી. દેહને તો તેઓ પિંજર માનતા હતા, અને માત્ર આત્મામાં જ આનંદ માનતા હતા. એ આત્માનંદ લેવા માટે તેમને કોઈ વિઘ્ન કરી શકે તેમ નહોતા. સૂત્રગ્રંથો આદિનું તેમનું વાચન, મનન, ધ્યાન વગેરે તો ચાલુ જ હતાં. અને તેનાથી મળતા આનંદની છાયા તેમના મુખ પર નિરંતર છવાયેલી રહેતી. તેઓ વીતરાગી બન્યા હતા. વિ. સં. ૧૯૫૭માં તેઓ અમદાવાદ આવ્યા તે વખતે મુનિઓ પણ ચોમાસું પૂરું કરી ત્યાં આવ્યા હતા. તે વખતે

૮૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૯૧૭

શ્રી લલ્લુજી મહારાજ અને શ્રી દેવકરણજી મુનિને બોલાવીને તેમણે કહ્યું કે, "અમારામાં અને વીતરાગમાં ભેદ ગણશો નહિ."૮૪ એ જાણીને બંને મુનિઓને ખૂબ જ આનંદ થયો હતો.

શ્રીમદ્દની આ વીતરાગતાની છાયા તેમણે લખેલા પત્રોમાં જે જાતના દસ્કતો કરેલા છે, તેમાં પણ જોવા મળે છે. આ તબક્કામાં તેમની દસ્કત લખવાની શૈલીમાં ફેરફાર દેખાય છે. આ વર્ષોમાં પોતાનું નામ તો તેઓ ભાગ્યે જ લખતા જણાય છે. વળી, આત્મગુણ દર્શાવતાં વિશેષણોનો ઉપયોગ પણ ઓછો થયેલો છે. અને શાંતિવાચક શબ્દો દસ્કતની જગ્યાએ છેવટનાં વર્ષોમાં જોવા મળે છે; જેમ કે —

"આત્મસ્વરૂપે પ્રણામ" – આંક ૪૮૫, "સહજાત્મસ્વરૂપ" – આંક ૩૬૪,
"ૐ શાંતિ, શાંતિ, શાંતિ" – આંક ૯૧૫, "શમમ્" – આંક ૯૪૫,
"નિર્વિકલ્પ" – આંક ૮૪૩, "સહજાત્મસ્વરૂપે પ્રણામ" – આંક ૬૪૪,
"શાંતિ" – આંક ૯૩૪.

વગેરે. આ બધા દસ્કતો વાંચતાં એ ખ્યાલ આવે છે કે તેઓ કેટલા નિર્મમ બન્યા હતા!

વિ. સં. ૧૯૫૭ના ચૈત્ર વદ પાંચમના દિવસે રાજકોટમાં શ્રીમદ્દનો દેહવિલય થયો. તેમના દેહવિલયના સમયની પરિસ્થિતિ તેમના ભાઈ મનસુખભાઈએ વિગતથી લખી છે, જે અગાઉ આપણે જોઈ ગયા છીએ.૮૫ આમ આપણે જોયું કે અંત સમય આવતાં સુધીમાં શ્રીમદ્દની આંતરિક દશા ઘણી ઉચ્ચ બની હતી. પણ તે કઈ કક્ષા સુધીની હતી તે માપવું ગજા બહારની વાત છે, તેમણે તે વિશે લખ્યું હતું કે:—

"આવી અપૂર્વ વૃત્તિ અહો, થશે અપ્રમત્ત યોગ રે;
કેવળ લગભગ ભૂમિકા, સ્પર્શીને દેહવિયોગ રે."૮૬

"કેવળ લગભગ ભૂમિકા"ને સ્પર્શ્યા પછી પોતાનો દેહવિલય થશે તેવો નિર્દેશ તેમણે ઉપરની બે પંક્તિઓમાં આપ્યો છે. જૈન દર્શન અનુસાર જ્ઞાનના પાંચ ભાગ પાડેલા છે: મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ. શાસ્ત્રો અને સિદ્ધાંતોના વાચનથી તથા સ્મરણથી જ્ઞાન થાય તે શ્રુત અને મતિ જ્ઞાન. આ બંને પ્રકારનાં જ્ઞાન ઘણા મોટા પ્રમાણમાં તેમને હતાં તે અગાઉ આપણે જોયું છે.૮૭ સ્થળ તેમ જ કાળની અમુક હદ સુધીનું જ્ઞાન હોવું તે અવધિજ્ઞાન. અને સામાના મનના ભાવ જાણવા તે મનઃપર્યવ જ્ઞાન. આ બંને જ્ઞાન પણ શ્રીમદ્દમાં હતાં તે પણ આપણે અગાઉ જોયું છે.૮૮ અને કેવળજ્ઞાન એટલે આત્માનું નિરાવરણજ્ઞાન. આત્મા સંપૂર્ણ રીતે કર્મથી મુક્ત થાય ત્યારે આ જ્ઞાન પ્રગટે છે.

૮૪. "શ્રીમદ્ રાજચંદ્ર–જીવનકળા", આવૃત્તિ ૫, પૃ. ૨૧૬.
૮૫. જુઓ પ્રકરણ ૧, "તેમનું અંતિમ વર્ષ" પૃ. ૮૮
૮૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, હાથનોંધ–૧ (૩૨)
૮૭. જુઓ પ્રકરણ ૧, "તેમનું ભાષાજ્ઞાન તથા શાસ્ત્રજ્ઞાન" પૃ. ૪૬
૮૮. જુઓ પ્રકરણ ૧, "શ્રીમદ્દને પ્રગટેલાં અવધિજ્ઞાન તથા લબ્ધિઓ" પૃ. ૪૨

અહીં શ્રીમદ્દે કેવળજ્ઞાનની નહિ, પણ "કેવળ લગભગ ભૂમિકા"ની વાત કહી છે. 'કેવળ લગભગ ભૂમિકા' એટલે શ્રુતકેવળી જેવી દશા. તેમાં તેને કેવળી જેટલું જ, પણ સાંભળેલું જ્ઞાન હોય, અર્થાત્ અનુભવસ્વરૂપ નહિ, પણ શ્રવણ કરેલું કેવળજ્ઞાન સુધીનું જ્ઞાન. શ્રીમદ્દના જણાવ્યા પ્રમાણે તેમને ત્યાં સુધી જ્ઞાન પ્રકાશિત થયું હતું. પણ તેમના એ જ્ઞાનને પામવું કે માપવું એ કોઈ તેમના જેવી જ્ઞાની વ્યક્તિનું જ કામ છે, બીજાનું તો તે ગજું પણ નથી. અલબત્ત, એટલું નિશ્ચિતપણે કહી શકાય કે તેઓ આત્માની કોઈ ઉચ્ચ, અલૌકિક દશાએ વિરાજતા હતા.

ગૃહસ્થદશામાં રહીને આત્મશ્રેય કરનારા વિરલા જ હોય છે. શ્રીમદ્દ આવા વિરલા પુરુષોમાંના એક વિરલા પુરુષ હતા. તેમણે સમ્યગ્જ્ઞાન પ્રગટાવવાના પુરુષાર્થથી શરૂ કરીને કેવળજ્ઞાન પ્રગટાવવા સુધીનો પુરુષાર્થ ઉપાડ્યો હતો. અને તેની સફળતા મેળવવા માટે માત્ર ૩૩ વર્ષનું જ આયુષ્ય તેમને મળ્યું હતું. એટલા ટૂંકા ગાળામાં ભરતક્ષેત્રમાં પંચમકાળે વધુમાં વધુ જેટલું જ્ઞાન મેળવી શકાય તેટલું જ્ઞાન તેમણે મેળવી લીધું હતું. અને આથી તો આ ભવ પછી મુક્ત થવા માટે એક જ ભવ બાકી છે તેવી ખાતરી પણ તેમને થઈ ગઈ હતી; જુઓ —

"અવશ્ય કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે."૮૯

---

૮૯. "શ્રીમદ્ રાજચંદ્ર" અગાસ આવૃત્તિ, હાથનોંધ-૧ (૩૨) પૃ. ૮૦૧

## પ્રકરણ ૧૩

# શ્રીમદ્‌નો અન્ય વ્યક્તિઓ પર પડેલો પ્રભાવ

શ્રીમદ્‌નું જીવન એ એમ ત્યાગીનું જીવન હતું. બાળવયથી જ તેમનામાં વૈરાગ્યવૃત્તિ ખીલવા લાગી હતી, અને સમયના વહેવા સાથે તેની વૃદ્ધિ થતી ગઈ હતી. ૨૪મે વર્ષે શુદ્ધ સમકિત પ્રકાશ્યા પછી તેમનો એ વૈરાગ્ય સવિશેષ ઘેરો બનતો ગયો હતો. તે પહેલાં તેઓ સ્મરણશક્તિ, અવધાનશક્તિ, કવિત્વશક્તિ, જ્યોતિષની શક્તિ વગેરે શક્તિઓને લીધે ઠીક ઠીક ખ્યાતિ પામી ચૂક્યા હતા. આ ઉપરાંત કરુણાભાવ, સર્વનું ભલું કરવાની વૃત્તિ, સર્વની સાથે મૈત્રીભાવ, ઇત્યાદિ આંતરિક ગુણો પણ તેમનામાં સારા પ્રમાણમાં ખીલ્યા હતા. અને તે સર્વની સાથે સરળ, મિષ્ટ વાણીને લીધે શ્રીમદ્‌ના એક જ વખત પરિચયમાં આવનાર વ્યક્તિ પણ તેમની પ્રશંસક બની જતી. તેમની સાથે વિવાદ કરવાની ઇચ્છાથી આવનાર અનેક વ્યક્તિઓ, તેમની સાથેના વાર્તાલાપ પછીથી તેમની પ્રશંસક બનીને જતી તેવા પણ ઘણા દાખલાઓ નોંધાયેલા જોવા મળે છે. અને આવી વ્યક્તિઓ શ્રીમદ્‌ના જ્ઞાનથી ઘણી પ્રભાવિત થઈ જતી.

આ તો કોઈ કોઈ વખત શ્રીમદ્‌ના સમાગમમાં આવનાર વ્યક્તિઓની વાત થઈ. પરંતુ કેટલીક વ્યક્તિઓ તો તેમના સમાગમમાં અનેક વખત આવી હતી. તેમના આંતરિક ગુણોથી આકર્ષાયેલી એવી વ્યક્તિઓનું એક એવું વર્તુળ રચાયું હતું કે જે શ્રીમદ્‌નો નિરંતરનો સહવાસ ઇચ્છતું. તેઓમાંના ઘણા તો શ્રીમદ્‌મય જ બની ગયા હતા, અને શ્રીમદ્‌ના માર્ગદર્શન અનુસાર જ વર્તવાની ચીવટ રાખતા, તથા તેમાં જ પોતાનું કલ્યાણ પણ માનતા. શ્રીમદ્‌ને તેઓ જ્ઞાની ગુરુ તરીકેનું માન આપતા, અને તેમની આજ્ઞાનુસાર વર્તવાથી કેટલાકે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું હતું, અને બીજાઓએ પણ યથાયોગ્ય મુમુક્ષુદશા પ્રાપ્ત કરી હતી.

બીજી બાજુ શ્રીમદ્‌ની આંતરિક શ્રેણી નિર્ગ્રંથમાર્ગમાં હતી, અને બાહ્ય શ્રેણી ગૃહસ્થની હતી, તેથી તેઓ બને ત્યાં સુધી ગુપ્ત જ રહેવાની અને આંતરિક શ્રેણીથી ન ઓળખાવાની ઇચ્છા રાખતા હતા, કારણ કે તેમના પૂરા પરિચયમાં ન આવનારાઓ તેમનો બાહ્ય ગૃહસ્થવેશ જોઈ વિકલ્પમાં પડી કર્મબંધ કરે તે ઇષ્ટ ન હતું. આથી જેમને જેમને શ્રીમદ્‌ની સાચે સ્વરૂપે ઓળખ થઈ હતી, તે સર્વને તેઓ પોતાના વિશે ક્યાંય ન જણાવવા વારંવાર ભલામણ કરતા. આથી તેમને યથાર્થ ઓળખનારાઓનું વર્તુળ તેમની હયાતીમાં નાનું જ હતું. આ વર્તુળ નાનું હોવાનું બીજું કારણ એ પણ હતું કે શ્રીમદ્‌ે પોતાની તત્ત્વજ્ઞાનસભર કૃતિઓને પ્રસિદ્ધિ આપી ન હતી, કે જે દ્વારા લોકો તેમને જાણી શકે. આમ શ્રીમદ્‌ લોકસમૂહથી ઇરાદાપૂર્વક દૂર રહ્યા હતા.

આ બધાનું પરિણામ એ આવ્યું કે જેમને જેમને શ્રીમદ્‌ની ખરી ઓળખ થઈ તેઓ શ્રીમદ્‌ના વૈરાગ્યાદિ ગુણોથી રંગાઈ ગયા, અને શ્રીમદ્‌મય બની તેમના વિશેષ લાભ લેવા ભાગ્યશાળી થયા. આવા ભાગ્યશાળી મુમુક્ષુઓ તે શ્રી જૂઠાભાઈ ઉજમશી, મનસુખભાઈ કી. મહેતા, મહાત્મા ગાંધીજી, અંબાલાલ લાલચંદ, સોભાગભાઈ લલ્લુભાઈ અને શ્રી લલ્લુજી મહારાજ હતા. એ બધાના જીવન ઉપર શ્રીમદ્‌નો ઘણો પ્રભાવ પડેલો જોવા મળે છે. બીજી બાજુ તે બધાના ગુણોની અસર શ્રીમદ્ પર પણ થયેલી. આ બધા મુમુક્ષુઓને જીવનમાં કોઈ પ્રકારની મુશ્કેલી આવતી તો તે વિશે તેઓ શ્રીમદ્ પાસે જ માર્ગદર્શન ઇચ્છતા, અને શ્રીમદ્ તેમને આધ્યાત્મિક રીતે યોગ્ય માર્ગદર્શન આપતા પણ ખરા; તેથી આ બધાના ગૃહસ્થ જીવનમાં અને તેથી વિશેષ આધ્યાત્મિક જીવનમાં, શ્રીમદ્‌નો ઘણો અને પ્રબળ પ્રભાવ જોઈ શકાય છે.

આ બધા ઉપરાંત, શ્રી ખીમજી દેવજી, ત્રિભોવન માણેકચંદ, રેવાશંકર જગજીવન, માણેકલાલ ઘેલાભાઈ, ધારશીભાઈ કુશળચંદ, ડુંગરશીભાઈ, છોટાલાલ માણેકચંદ, છોટાલાલ રેવાશંકર, પદમશી ઠાકરશી, મોતીચંદ ગિરધર કાપડિયા, ઝવેરભાઈ, શંકરભાઈ, વજભાઈ, લહેરચંદભાઈ, જેસંગભાઈ ઉજમશી, મુનિ દેવકરણજી, મુનિ ચતુરલાલજી, મુનિ મોહનલાલજી વગેરે અનેક વ્યક્તિઓ જુદા જુદા નિમિત્તે શ્રીમદ્‌ના પરિચયમાં આવી હતી. અને એ બધા પર પણ શ્રીમદ્‌ની વધતે-ઓછે અંશે અસર પડી હતી. તેમ છતાં એ અસર એવી ગાઢ ન હતી કે જેથી તે વ્યક્તિનું જીવનવહેણ જ બદલાઈ જાય.

આ પ્રકરણમાં જીવનવહેણ બદલાવી નાખે તેટલી ઘેરી અસર જેમના પર થઈ હતી, તથા જેમણે મુશ્કેલીના સમયમાં શ્રીમદ્‌નું માર્ગદર્શન ઇચ્છયું હતું, તેવી જૂઠાભાઈ, મનસુખભાઈ, ગાંધીજી, અંબાલાલભાઈ, લલ્લુજી મહારાજ અને સોભાગભાઈ એ છ વ્યક્તિઓ સાથેનો શ્રીમદ્‌નો સંબંધ વિચાર્યો છે. આ છમાંથી જૂઠાભાઈ, અંબાલાલભાઈ, લલ્લુજી મહારાજ અને સોભાગભાઈ, એ ચાર જણાને તો, શ્રીમદ્‌ના પોતાના જણાવ્યા પ્રમાણે શ્રીમદ્‌ની હયાતીમાં જ સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું હતું, અને મનસુખભાઈ તથા ગાંધીજીએ દૃઢ મુમુક્ષુતા પ્રાપ્ત કરી હતી. આવી ઉચ્ચ આત્મદશા પ્રાપ્ત કરનાર વ્યક્તિઓ, શ્રીમદ્‌ની શક્ય તેટલી ગુપ્ત રહેવાની ઇચ્છાને કારણે, ગણીગાંઠી હોય તે સ્વાભાવિક છે.

## શ્રીમદ્ અને જૂઠાભાઈ

વિ. સં. ૧૯૪૩માં મુંબઈથી વવાણિયા જતાં શ્રીમદ્ અમદાવાદમાં શેઠ પાનાચંદ અંબરચંદને ત્યાં ઊતર્યા હતા. તે વખતે શેઠના એક માણસ સાથે શ્રીમદ્ મલ્લિચંદ જેચંદની પેઢી પર ગયા હતા. ત્યાં તેમને જેસંગભાઈ તથા લહેરાભાઈ અને રંગજીભાઈ સાથે ઓળખાણ થઈ. શ્રીમદ્દે, તેમની માગણીથી, તેમને પોતાના કાવ્યની થોડી પ્રસાદી આપી, જેનાથી બધા ખૂબ આનંદ પામ્યા. એ રીતે જૂઠાભાઈના મોટાભાઈ જેસંગભાઈ સાથે શ્રીમદ્‌ને પહેલો પરિચય થયો.

વિ. સં. ૧૯૪૪માં શ્રીમદ્ "મોક્ષમાળા" છપાવવા માટે ફરીથી અમદાવાદ આવ્યા. તે વખતે તેઓ, મોરબીના રહીશ વિનયચંદ પોપટભાઈ દફ્તરી તરફથી, શેઠ જેસંગભાઈ ઉપર "મોક્ષમાળા"ની છપાઈ વિશે ભલામણપત્ર લઈને આવ્યા હતા. તે પત્ર અનુસાર શ્રી જેસંગભાઈએ શ્રીમદ્‌ને અમુક મદદ પણ કરી હતી, તે સમયે શ્રીમદ્ બેથી અઢી માસ અમદાવાદ રોકાયા હતા. જેસંગભાઈ શ્રીમદ્ પાસે વારંવાર તેમના ઉતારે જતા, ત્યારે શ્રીમદ્ રમૂજ ખાતર તેમના મનની વાતો જાણીને પ્રગટ કહેતા, અને તેથી જેસંગભાઈ શ્રીમદ્‌ને વિદ્વાન તરીકે જાણતા. પરંતુ કામકાજને અંગે જેસંગભાઈને વારંવાર બહારગામ જવાનું થતું, તેથી તેઓ શ્રીમદ્ પાસે નિયમિત જઈ શકતા નહિ. આથી તેઓ પોતાના નાના ભાઈ જૂઠાભાઈને શ્રીમદ્ પાસે મોકલતા. તેમ કરતાં જૂઠાભાઈનો શ્રીમદ્ સાથેનો પરિચય વધ્યો. અને તેમને શ્રીમદ્‌ની જ્ઞાની તરીકેની ઓળખાણ થઈ.

શ્રી જૂઠાભાઈ સાથેનો સંબંધ ગાઢ થયા પછી શ્રીમદ્ જ્યારે જ્યારે અમદાવાદ જતા ત્યારે તેમને ત્યાં જ ઊતરતા. આ ઉપરાંત શ્રીમદ્ સાથે જૂઠાભાઈ દોઢથી બે માસ મોરબીમાં રહ્યા હતા. અને થોડા દિવસ ભરૂચ પણ ગયા હતા. વળી, પ્રત્યક્ષ સમાગમ ન હોય ત્યારે બંને વચ્ચે ધર્મનિમિત્તે પત્રવ્યવહાર પણ નિયમિતપણે ચાલતો.

શ્રી જૂઠાભાઈનો જન્મ વિ. સં. ૧૯૨૩ના કારતક સુદ બીજના રોજ થયો હતો. એ હિસાબે તેઓ શ્રીમદ્ કરતાં એક વર્ષે મોટા એટલે કે લગભગ સમવયસ્ક જેવા હતા. તેમના પિતાનું નામ ઉજમશીભાઈ અને માતાનું નામ જમનાબાઈ હતું. તેમનો અભ્યાસ અંગ્રેજી ચોથા ધોરણ સુધીનો હતો. તેઓ બુદ્ધિશાળી તથા ભક્તિ-ભાવવાળા હતા. શરૂઆતમાં તેઓ વૈષ્ણવ સંપ્રદાયની ભક્તિમાં જતા હતા. પણ શ્રીમદ્‌ના મેળાપ પછીથી તેમનો એ સંગ છૂટી ગયો હતો, એમની ભક્તિમાં ઘણો વેગ આવ્યો હતો અને એમણે ઉચ્ચ દશા પ્રાપ્ત કરી હતી.

વિ. સં. ૧૯૪૪ના ભાદરવા વદ પછીથી શ્રી જૂઠાભાઈ ઉપર શ્રીમદે લખેલ લગભગ વીસ જેટલા પત્રો "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં પ્રસિદ્ધ થયેલા જોવા મળે છે.[1] આ પત્રોમાંના ઘણાખરા પત્રો ટૂંકા છે. માત્ર ત્રણ-ચાર પત્રો જ લાંબા છે. છતાં તે બધામાંથી શ્રીમદ્‌ની જૂઠાભાઈ પ્રતિની પ્રીતિ સ્પષ્ટ જણાય છે.

વિ. સં. ૧૯૪૫ આસપાસથી શ્રી જૂઠાભાઈની તબિયત નરમ રહેવા લાગી હતી, એથી તેમને શ્રીમદ્‌નો વિયોગ બહુ આકુળ કરી મૂકતો હતો. જૂઠાભાઈ પોતાની આકુળતા પત્રોમાં વ્યક્ત કરતા. તેના ઉત્તરમાં શ્રીમદ્ વારંવાર જણાવતા કે મારા પ્રતિ કે બીજા કોઈ પ્રતિ એવો રાગ ન કરવો જોઈએ કે જેથી શરીરને હાનિ પહોંચે. વિ. સં. ૧૯૪૫માં શ્રીમદે લખ્યું હતું કે :—

> "મારાથી દૂર રહેવામાં તમારી આરોગ્યતા હાનિ પામે તેમ થવું ન જોઈએ. સર્વ આનંદમય થશે."[2]

---

૧. ટૂંકા ગાળે લખાયેલા આ પત્રોની ધારા, જૂઠાભાઈના અલ્પાયુને કારણે, લાંબો સમય ચાલી નહોતી.
૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૪૬

તે જ વર્ષના ચૈત્ર સુદમાં શ્રીમદે લખ્યું હતું કે :—

"તમે દેહ માટે સંભાળ રાખશો. દેહ હોય તો ધર્મ થઈ શકે છે. માટે તેવાં સાધનની સંભાળ રાખવા ભગવાનનો પણ બોધ છે."[3]

એ જ વર્ષના વૈશાખ સુદમાં પોતાને જૂઠાભાઈ પર શા માટે રાગ રહે છે, તે જણાવતાં શ્રીમદ્‌ે લખ્યું છે કે :—

"મારા પર અતિશય ભાવના રાખી વર્તવાની તમારી ઇચ્છાને હું રોકી શકતો નથી; પણ તેવી ભાવના ભાવતાં તમારા દેહને યત્કિંચિત્ હાનિ થાય તેમ ન કરો. મારા પર તમારો રાગ રહે છે, તેને લીધે તમારા પર રાગ રાખવા મારી ઇચ્છા નથી; પરંતુ તમે એક ધર્મપાત્ર જીવ છો અને મને ધર્મપાત્ર પર કંઈ વિશેષ અનુરાગ ઉપજાવનારી પરમ ઇચ્છના છે, તેને લીધે કોઈ પણ રીતે તમારા પર ઇચ્છના કંઈ અંશે પણ વર્તે છે."[4]

આમ શ્રીમદ્ વારંવાર જૂઠાભાઈને શું કરવા યોગ્ય છે તે બોધતા.

નરમ તબિયતને લીધે જૂઠાભાઈને કેટલીક વખત એવી આશંકા થતી કે મૃત્યુ બહુ નજીક હશે તો આત્માનું શ્રેય કઈ રીતે કરીશ? આ શંકા તેમણે શ્રીમદ્‌ને પણ જણાવી હતી, જે બાબત હૈયાધારણ આપતાં શ્રીમદ્‌ે તેમને વિ. સં. ૧૯૪૫ના વૈશાખ સુદમાં લખ્યું હતું કે :—

"સમીપ જ છું', એમ ગણી શોક ઘટાડો, જરૂર ઘટાડો. આરોગ્યતા વધશે; જિંદગીની સંભાળ રાખો; હમણાં દેહત્યાગનો ભય ન સમજો, એવો વખત હશે તો અને જ્ઞાનીદૃશ્ય હશે તો જરૂર આગળથી કોઈ જણાવશે કે પહોંચી વળશે. હમણાં તો તેમ નથી."[5]

શ્રીમદ્‌ે આપેલું આ હૈયાધારણ ખોટું ન હતું. તેમણે જૂઠાભાઈના આયુષ્ય સંબંધી આગાહી પણ કરી હતી. વિ. સં. ૧૯૪૬ના વૈશાખ સુદ ત્રીજે શ્રીમદ્‌ે લખ્યું હતું કે :—

"આ ઉપાધિમાં પડ્યા પછી જો મારું લિંગદેહજન્યજ્ઞાન-દર્શન તેવું જ રહ્યું હોય,—યથાર્થ જ રહ્યું હોય, તો જૂઠાભાઈ અષાડ સુદિ ૯ ગુરુની રાત્રે સમાધિશીત થઈ આ ક્ષણિક જીવનનો ત્યાગ કરી જશે, એમ તે જ્ઞાન સૂચવે છે."[6]

અવસાનનાં તિથિ તેમજ સમય તેમણે ત્રણ માસ અગાઉ નોંધી રાખ્યાં હતાં, અને તે બાબત જૂઠાભાઈને જણાવવા તેમણે છગનલાલ બેચરલાલને અગાઉથી લખ્યું હતું. શ્રીમદ્‌ે

૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૫૬

૪-૫. એજન, આંક ૫૯ ૬. એજન, આંક ૧૧૬ (દૈનિક નોંધ)

કરેલી જૂઠાભાઈની અવસાનની નોંધ માત્ર થોડા કલાકના ફેર સાથે સાચી પડી હતી. વિ. સં. ૧૯૪૬ના અષાડ સુદ ૧૦મે શ્રીમદ્દે એ વિશે નોંધ્યું હતું કે :—

"લિંગદેહજન્યજ્ઞાનમાં ઉપાધિને લીધે યત્કિંચિત્ ફેર થયો જણાયો. પવિત્રાત્મા જૂઠાભાઈ ઉપરની તિથિએ પણ દિવસે સ્વર્ગવાસી થયાના આજે ખબર મળ્યા."[૭]

જૂઠાભાઈ માટે શ્રીમદ્‌ને કેટલું માન હતું તે આપણને શ્રીમદ્‌ના અષાડ સુદ ૧૦ના લખેલા પત્રમાં જોવા મળે છે, તેમાં તેમણે લખ્યું હતું કે :—

એ પાવન આત્માના ગુણોનું શું સ્મરણ કરવું? જ્યાં વિસ્મૃતિને અવકાશ નથી, ત્યાં સ્મૃતિ થઈ ગણાય જ કેમ?

એનું લૌકિક નામ જ દેહધારી દાખલ સત્ય હતું,—એ આત્મદશારૂપે ખરો વૈરાગ્ય હતો.

મિથ્યાવાસના જેની બહુ ક્ષીણ થઈ હતી, વીતરાગનો પરમરાગી હતો, સંસારનો પરમજુગુપ્સિત હતો, ભક્તિનું પ્રાધાન્ય જેના અંતરમાં સદાય પ્રકાશિત હતું, સમ્યક્‌ભાવથી વેદનીય કર્મ વેદવાની જેની અદ્‌ભુત સમતા હતી, મોહનીય કર્મનું પ્રબળ જેના અંતરમાં બહુ શૂન્ય થયું હતું, મુમુક્ષુતા જેનામાં ઉત્તમ પ્રકારે દીપી નીકળી હતી, એવો એ જૂઠાભાઈનો પવિત્રાત્મા આજે જગતનો, આ ભાગનો ત્યાગ કરીને ચાલ્યો ગયો. આ સહચારીઓથી મુક્ત થયો. ધર્મના પૂર્ણાહ્‌લાદમાં આયુષ્ય અચિંતુ પૂર્ણ કર્યું.

અરેરે! એવા ધર્માત્માનું ટૂંકું જીવન આ કાળમાં હોય એ કંઈ વધારે આશ્ચર્યકારક નથી. એવા પવિત્રાત્માની આ કાળમાં ક્યાંથી સ્થિતિ હોય? બીજા સંગીઓનાં એવાં ભાગ્ય ક્યાંથી હોય કે આવા પવિત્રાત્માનાં દર્શનનો લાભ અધિક કાળ તેમને થાય? મોક્ષમાર્ગને દે એવું જે સમ્યક્‌ત્વ જેના અંતરમાં પ્રકાશ્યું હતું, એવા પવિત્રાત્મા જૂઠાભાઈને નમસ્કાર હો! નમસ્કાર હો!"[૮]

આ પત્રમાં શ્રીમદ્દે જૂઠાભાઈના નામનો પરમાર્થ કેટલી સુંદર રીતે સમજાવ્યો છે! દેહ પરની પ્રીતિથી જોતાં તેઓ જૂઠા હતા તે "એનું લૌકિક નામ જ દેહધારી દાખલ સત્ય હતું." એ વાક્ય દ્વારા સમજાવ્યું છે. અને પરમાર્થથી જોતાં દેહનો મોહ વૈરાગ્યને લીધે છૂટી ગયો હતો તે શ્રીમદ્દે "અને આત્મદશા રૂપે ખરો વૈરાગ હતો." તે શબ્દો દ્વારા સમજાવ્યું છે. આમ તેમના લૌકિક નામમાંથી શ્રીમદ્દે તેનો પરમાર્થ સ્ફૂટ કરી બતાવ્યો છે.

ઉપરનો પત્ર લખ્યા પછી પાંચ દિવસે એટલે કે અષાડી પૂનમે શ્રીમદ્દે તેમના વિશે લખ્યું હતું કે :—

૭–૮. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૧૧૭

"ચિ૦ સત્યપરાયણના સ્વર્ગવાસસૂચક શબ્દો ભયંકર છે. એવાં રત્નોનું લાંબું જીવન પરંતુ કાળને પોષાતું નથી. ધર્મેચ્છકનો એવો અનન્ય સહાયક માયાદેવીને રહેવા દેવો યોગ્ય ન લાગ્યો.

આ આત્માનો, આ જીવનનો, રાહસ્યિક વિશ્રામ કાળની પ્રબળ દૃષ્ટિએ ખેંચી લીધો. જ્ઞાનદૃષ્ટિથી શોકનો અવકાશ નથી મનાતો; તથાપિ તેના ઉત્તમોત્તમ ગુણો તેમ કરવાની આજ્ઞા કરે છે, બહુ સ્મરણ થાય છે; વધારે નથી લખી શકતો."[૯]

અહીં પણ શ્રીમદ્‌ જૂઠાભાઈના આંતરિક ગુણોને લક્ષમાં લઈને તેમને માટે "સત્યપરાયણ" જેવું વિશેષણ નામરૂપે યોજે છે, તે સૂચક છે.

શ્રી જૂઠાભાઈની સાચી ઓળખાણ તેમના કુટુંબીજનોને થઈ નહોતી. માત્ર ૨૩ વર્ષની વયે સ્વર્ગવાસી થનાર જૂઠાભાઈનું આયુષ્ય જો લાંબું હોત તો તેમના સમાગમમાં આવનાર પ્રત્યેક વ્યક્તિને લાભ થાત તે નિઃશંક છે.

અહીં શ્રીમદ્‌ તથા જૂઠાભાઈ વચ્ચે પારમાર્થિક અનુરાગ કેવો હતો તે જાણવા મળે છે. શ્રીમદ્‌ના સમાગમમાં આવ્યા પછી જ શ્રી જૂઠાભાઈએ આત્મા વિશેનું શ્રદ્ધાન દૃઢ કર્યું હતું, અને ક્રમે ક્રમે ઉચ્ચ આત્મિકદશા નાની વયમાં પ્રાપ્ત કરી હતી, અને તેમ થવામાં શ્રીમદ્‌નો ફાળો નાનોસૂનો ન હતો તે આપણે અહીં જોયું. શ્રીમદ્‌ તરફથી થયેલા અમૂલ્ય માર્ગદર્શન વિના જૂઠાભાઈ કદાચ આટલો આત્મવિકાસ સાધી ન શકત. બીજી બાજુ જૂઠાભાઈના સમાગમથી શ્રીમદ્‌ને પણ એટલો જ લાભ થયો હતો. જે સમયે શ્રીમદ્‌ને પરમાર્થમાર્ગમાં બીજા કોઈનો સહારો ન હતો, તે વખતે જૂઠાભાઈ જ તેમના સાચા પરમાર્થસખા રહ્યા હતા. અને તે અરસામાં આત્મવિકાસમાં જૂઠાભાઈ ઘણો ફાળો આપી રહ્યા હતા. શ્રીમદ્‌ના સૌપ્રથમ પરમાર્થસખા જૂઠાભાઈ હતા!

## શ્રીમદ્‌ અને મનસુખભાઈ

શ્રીમદ્‌ એક જ્ઞાની સત્પુરુષ છે એવા ભાવથી મોરબીના રહીશ શ્રી મનસુખભાઈ કિરતચંદ મહેતા વિ. સં. ૧૯૫૫ના ચૈત્ર માસમાં શ્રીમદ્‌ના પરિચયમાં આવ્યા હતા. તે પહેલાં પણ તેઓ બંને વચ્ચે પરિચય તો હતો, પણ તે સામાન્ય પ્રકારનો હતો. વિ. સં. ૧૯૫૫થી તે પરિચય અનોખા પ્રકારનો બન્યો; અને વિ. સં. ૧૯૫૭ના ચૈત્ર માસ સુધી એટલે કે શ્રીમદ્‌ના અવસાન સુધી તે તેવો જ ચાલુ રહ્યો હતો. આમ લગભગ બે વર્ષ સુધી તેઓ બંને વચ્ચે ગાઢ પરિચય રહ્યો હતો.

શ્રી મનસુખભાઈ શ્રીમદ્‌ કરતાં લગભગ આઠદશ વર્ષે નાના હતા. શ્રીમદ્‌ સાથેના તેમના પરિચયની શરૂઆત લગભગ વિ. સં. ૧૯૫૦થી, એટલે કે તેમણે મેટ્રિકની પરીક્ષા આપી ત્યારથી થઈ હતી. પરંતુ વિ. સં. ૧૯૫૦થી ૧૯૫૫ સુધીમાં તેમનો પરિચય મર્યાદિત

૯. "શ્રીમદ્‌ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૧૧૮

હતો; ત્યાં સુધીમાં તેમને શ્રીમદ્‌નો સમાગમ મોરબી, મુંબઈ વગેરે સ્થળે ત્રણચાર વખત થયો હતો, પણ તેઓ શ્રીમદ્‌ને જ્ઞાની તરીકે ઓળખી શક્યા ન હતા. શ્રીમદ્‌ની એવી ઓળખાણ તેમને વિ. સં. ૧૯૫૫માં થઈ. તે વર્ષના ચૈત્ર માસમાં મનસુખભાઈને શ્રીમદ્‌ને મળવાની ઇચ્છા થઈ, પણ હાલમાં તેઓ કોઈને મળતા નથી, તથા પત્રવ્યવહાર કરતા નથી, તેવા સમાચાર સાંભળીને તે ઇચ્છા દબાઈ ગઈ. તે પછી થોડા દિવસ વીત્યા, અને શ્રીમદ્ વવાણિયાથી મોરબી આવ્યા. શ્રીમદે કોઈ પણ પ્રસંગ વિના, પોતાના આવ્યાનો સંદેશો મનસુખભાઈને પહોંચાડ્યો. મનસુખભાઈ શ્રીમદ્‌ને મળવા ગયા. તે વખતે તેમને મનમાં વિકલ્પ થયા કરતો હતો કે શ્રીમદ્ સાથે મારાથી બોલાશે કે કેમ? કેવી રીતે વાત કરાશે? વગેરે. પણ ત્યાં પહોંચ્યા ત્યારે શ્રીમદે જ તેમને સામેથી બોલાવી તેમનો સંકોચ દૂર કર્યો. તેમની સાથેની વાતથી મનસુખભાઈને ખૂબ સંતોષ તથા આનંદ થયો; અને સાથે સાથે એમને એ વાતનો ખેદ પણ થયો કે "આવા ઉત્તમ પુરુષની હાજરીમાં હું આવો વિષયકષાયથી ભરપૂર કેમ?" બીજે દિવસે તે ખેદ સાથે મનસુખભાઈ શ્રીમદ્‌ને મળવા ગયા ત્યારે તેમના કંઈ કહ્યા વિના શ્રીમદે સૌપ્રથમ શબ્દો ઉચ્ચાર્યા તે આ હતા; "મનસુખ, વિશેષ થઈ શકે તો સારું, જ્ઞાનીઓને સદાચરણ પણ પ્રિય છે, ખેદ કર્તવ્ય નથી." આમ વિ. સં. ૧૯૫૫ના ચૈત્ર માસમાં મનસુખભાઈને કેટલાક એવા અનુભવો થયા કે જે પરથી તેમને શ્રીમદ્ જ્ઞાની હોવાની ખાતરી થઈ.[૧૦]

આ પછી શ્રીમદ્‌નાં "મોક્ષમાળા" આદિ પુસ્તકો મનસુખભાઈના વાંચવામાં આવ્યાં. સાથે સાથે તેમની સાથેનો પરિચય પણ વધતો ગયો; અને તે બધાને પરિણામે મનસુખભાઈનો શ્રીમદ્ પ્રત્યેનો પૂજ્યભાવ વધતો ગયો હતો. શ્રીમદ્‌ના પરિચયમાં પોતાને થયેલો તેમની શક્તિઓનો અનુભવ તેમણે "શ્રીમદ્ રાજચંદ્ર જીવનરેખા"માં જણાવ્યો છે.

શ્રીમદે વિ. સં. ૧૯૫૬ની સાલમાં પડેલા દુકાળની આગાહી કરી હતી, તે વિશે આપણે શ્રી મનસુખભાઈની નોંધમાંથી જ જાણી શકીએ છીએ. વિ. સં ૧૯૫૫ના ચૈત્ર સુદ આઠમે બપોરના ચાર થયા, તે વખતે મનસુખભાઈ શ્રીમદ્ પાસે બેઠા હતા ત્યારે પૂર્વ દિશામાં આકાશમાં કાળું શ્યામવર્ણું વાદળું જોઈને શ્રીમદે કહ્યું કે, "ઋતુને સન્નિપાત થયો છે." એ વરસનું ચોમાસું કોરું ગયું, અને ભયંકર છપ્પનિયો દુકાળ પડ્યો.[૧૧]

વળી "સંગીતકલાધર" જેવા સંગીતને લગતા ગ્રંથોનું વાચન પણ શ્રીમદ્ કરતા હતા, તે આપણે મનસુખભાઈની નોંધમાંથી જ જાણી શકીએ છીએ. એક વખત સોનેરી કિનારવાળું, સુશોભિત પૂંઠાવાળું, સ્વચ્છ મુદ્રણ અને કાગળવાળું સુંદર પુસ્તક જોઈને મનસુખભાઈએ શ્રીમદ્‌ને તે વિશે પૂછ્યું. શ્રીમદે તે વિશે ઉત્તર આપ્યો કે :—

> "એ 'સંગીતકલાધર' છે. ભાવનગર રાજ્યના કોઈ આશ્રિતે તે બનાવેલ છે. સંગીતકલાનો ઠીક ખ્યાલ આપ્યો છે. પણ એ કલા જો આત્માર્થે કે ભક્તિ નિમિત્તે ન હોય તો કલ્પિત છે... કાવ્યકળા આદિ બીજી કળાઓ માટે પણ સમજવાનું છે. આત્માર્થ કે ભક્તિપ્રયોજનરૂપ એ ન હોય તો કલ્પિત છે."[૧૨]

---

૧૦. આ બધા પ્રસંગો મનસુખભાઈએ "શ્રીમદ્ રાજચંદ્રની જીવનરેખ"માં નોંધ્યા છે.
૧૧. એજન, પૃ. ૧૪૩–૪૪. ૧૨. એજન, પૃ. ૧૩૪.

શ્રી મહીપતરામ રૂપરામ જૈનધર્મને દેશની અધોગતિ કરનાર માનતા હતા. તે વિશે તેમને એક વખત શ્રીમદ્ સાથે વાતચીત થઈ. શ્રીમદ્દે તર્કપૂર્ણ દલીલથી, જૈનધર્મ દેશની બરબાદી નહિ પણ આબાદી કરનાર છે તે સાબિત કરી બતાવ્યું, અને મહીપતરામે તે કબૂલ પણ કર્યું. એ રસિક પ્રસંગ વિશે પણ આપણે મનસુખભાઈની નોંધમાંથી જ જાણી શકીએ છીએ.

આ બધા ઉપરાંત બીજા કેટલાક પ્રસંગોની નોંધ પણ મનસુખભાઈએ કરી છે, જેમાંથી આપણને શ્રીમદ્‌ની વિશિષ્ટ શક્તિઓનો પરિચય થાય છે, અને સાથે સાથે મનસુખભાઈમાં શ્રીમદ્ માટે રહેલી ભક્તિ પણ જોવા મળે છે.

મનસુખભાઈની ચીવટ આદિને લીધે શ્રીમદ્‌ને તેમના પર સારો વિશ્વાસ હતો. તેથી ઘણી વખત શ્રીમદ્ કોઈ ગ્રંથનું ભાષાંતર આદિ કાર્ય કરવાનું પણ તેમને સોંપતા. શ્રીમદ્ તેમને કહેતા :—

> "ષડ્દર્શનસમુચ્ચય, યોગદૃષ્ટિસમુચ્ચયનાં ભાષાંતર કરવા યોગ્ય છે. તે કરશો... આનંદઘનચોવીશીના અર્થ વિવેચન સાથે લખશો."[13]
>
> "શાંતસુધારસ વાંચ્યું ? તેનું પણ ફરી વિવેચનરૂપ ભાષાંતર કરવા યોગ્ય છે; તે કરશો."[14]
>
> "આપ્તમીમાંસા, યોગબિંદુ, ઉપમિતિભવપ્રપંચ કથાનું ગુજરાતી ભાષાંતર કરશો. યોગબિંદુનું ભાષાંતર થયેલ છે, ઉપમિતિભવપ્રપંચનું થાય છે, પણ તે બન્ને ફરી કરવા યોગ્ય છે, તે કરશો. ધીમે ધીમે થશે."[15]

આમ ઘણા ગ્રંથોનું ભાષાંતર, વિવેચન આદિ કરવાનું શ્રીમદ્દે તેમને સોંપ્યું હતું, તે શ્રીમદ્‌નો તેમના પરનો વિશ્વાસ બતાવે છે. પરંતુ આ બધામાંથી માત્ર "શાંતસુધારસ"નું જ ભાષાંતર મનસુખભાઈએ કર્યું છે, બાકીનાં તેઓ કરી શક્યા ન હતા.

શ્રીમદ્‌ને મનસુખભાઈ પર કેવો વિશ્વાસ હતો તે તો આપણને તેમણે તેમને સોંપેલા "મોક્ષમાળા"ના બીજી આવૃત્તિના પ્રકાશનના કાર્યમાં જોવા મળે છે. જ્યારે "મોક્ષમાળા"ની બીજી આવૃત્તિ પ્રગટ કરવાની હતી ત્યારે તે વિશેનો સર્વ ભાર પૂર્ણ વિશ્વાસ સાથ શ્રીમદ્દે મનસુખભાઈને સોંપ્યો હતો. એ પ્રસંગે શ્રીમદ્દે તેમને લખ્યું હતું કે :—

> "'મોક્ષમાળા'માં શબ્દાંતર અથવા પ્રસંગવિશેષમાં કોઈ વાક્યાંતર કરવાની વૃત્તિ થાય તો કરશો. ઉપોદ્‌ઘાત આદિ લખવાની વૃત્તિ હોય તે લખશો. જીવનચરિત્રની વૃત્તિ ઉપશાંત કરશો."[16]
>
> "મોક્ષમાળા વિશે જેમ તમને સુખ ઊપજે તેમ પ્રવર્તો."[17]

---

૧૩. "શ્રીમદ્ રાજચંદ્રની જીવનરેખા" પૃ. ૧૫૬.

૧૪. એજન, પૃ. ૧૫૯. ૧૫. એજન, પૃ. ૧૬૧–૬૨.

૧૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૬૨૧.

૧૭. એજન, આંક ૬૩૪

શ્રીમદ્દના આ લખાણ ઉપરથી જોઈ શકાય છે કે શ્રીમદે શબ્દાંતર અને વાક્યાંતર કરવા જેવી છૂટ પણ મનસુખભાઈને આપી હતી.

શ્રીમદ્દના અંતકાળ સમયનો એક પ્રસંગ પણ જાણવા જેવો છે, જે શ્રી મનસુખભાઈએ પોતાનાં સંસ્મરણોમાં નોંધ્યો છે. શ્રીમદ્દના અવસાનના થોડા દિવસ પહેલાં મનસુખભાઈ શ્રીમદ્દને જોવા રાજકોટ ગયા હતા. ત્યાં અમુક દિવસ સુધી તેમને રાજકોટમાં રોકાવા માટે શ્રીમદે શ્રી પુંજાભાઈને કહ્યું હતું. પણ પુંજાભાઈ મનસુખભાઈને એ કહેવાનું ભૂલી ગયા. દરમ્યાન તેમને મોરબી જવાનો વિકલ્પ આવ્યો. એ વિકલ્પ તેમણે ધારશીભાઈને જણાવ્યો, જે ધારશીભાઈને યોગ્ય લાગ્યો. તેથી તેઓ શ્રીમદ્દ પાસે બંને માટે રજા લેવા ગયા – ચૈત્ર વદ ૪ની સવારે. શ્રીમદે તેમને ત્રણ વખત પૂછ્યું કે, "કેમ ઉતાવળ છે?" છતાં ધારશીભાઈએ રજા માગી, ત્યારે "જેવી ઇચ્છા" કહી શ્રીમદે ધારશીભાઈને રજા આપી. મનસુખભાઈ માટે તો તેઓ પૂછતાં જ ભૂલી ગયા, અને બહાર આવી તેમને કહ્યું કે, "ગાડીનો વખત થઈ ગયો છે માટે જલદી ચાલો." મનસુખભાઈએ પૂછ્યું, "મારા માટે આજ્ઞા લીધી છે?" ઉતાવળમાં ધારશીભાઈએ હા કહી કહ્યું કે આપણે ગાડીમાં વાત કરીશું. ગાડીમાં બેઠા પછી ધારશીભાઈએ બધી વાત કરી. તે વખતે મનસુખભાઈએ કહેલું; "આપણા બંનેની ભૂલ થઈ છે. આપને ત્રણ વાર "ઉતાવળ છે?" એમ કહ્યું, છતાં આપ સમજ્યા નહિ,... અને મારા માટે તો આજ્ઞા જ માગી નથી." ધારશીભાઈએ કહ્યું, "હશે, હવે ચાલો, ફરી વાત."[૧૮] પણ વળતે જ દિવસે, વદ ૫ના રોજ તો શ્રીમદ્દનો દેહવિલય થયો!

પોતાના અંતકાળ સમયે મનસુખભાઈ હાજર હોય તો સારું તેવો શ્રીમદ્દનો ભાવ ઉપરના પ્રસંગમાં જોવા મળે છે.

શ્રીમદ્દનો પ્રભાવ પણ મનસુખભાઈ ઉપર ઘણો પડ્યો હતો. તેમને શ્રીમદ્દમાં જ્ઞાની પુરુષની શ્રદ્ધા હતી. પરંતુ તેઓ બંને વચ્ચેનો સંબંધ બે જ વર્ષ સુધી ચાલુ રહ્યો હતો. વળી, મનસુખભાઈની વય પણ તે વખતે નાની હતી, તેથી આત્મિક દૃષ્ટિએ મનસુખભાઈની કક્ષા શ્રી અંબાલાલભાઈ, સોભાગભાઈ આદિ જેટલી ઉચ્ચ થઈ નહોતી. તેમ છતાં સરળતા, કરુણા વગેરે ગુણો તેમનામાં વિકસિત થયા હતા.

શ્રીમદ્દના અવસાન પછી તેમના સાહિત્યના સંશોધનનું કામ પણ મનસુખભાઈએ પરિશ્રમપૂર્વક કર્યું હતું. તે વખતે તે સાહિત્યના વાંચનથી તેમના પ્રતિની માનવૃત્તિમાં વધારો થયો હતો. અને તેમાંથી તેમને શ્રીમદ્દનું જીવનચરિત્ર લખવાની વૃત્તિ પણ થઈ હતી, અને તે માટે તેમણે મુદ્દાઓ ભેગા કરવા પણ ચાલુ કર્યા હતા. પરંતુ તે બધું પૂર્ણ થાય તે પહેલાં તો મનસુખભાઈનું અવસાન થયું, અને તે કાર્ય અપૂર્ણ રહ્યું! પરંતુ જે જે મુદ્દાઓ એકઠા થયા હતા, મનસુખભાઈ શ્રીમદ્દના પ્રત્યક્ષ સમાગમનો જે અનુભવ તથા તેમનો જે પરિચય થયો હતો, તેના નિરૂપણની નોંધ "શ્રીમદ્ રાજચંદ્રની જીવનરેખા"માં પ્રગટ થયેલ છે. આ ઉપરાંત મનસુખભાઈનો શ્રીમદ્ પ્રત્યેનો અહોભાવ તેમણે લખેલ "મોક્ષમાળા"ના ઉપોદ્ઘાતમાં તથા તેમણે શ્રીમદ્ રાજજયંતી નિમિત્તે આપેલા વ્યાખ્યાનમાં પણ જોઈ શકાય છે.

૧૮. શ્રીમદ્ રાજચંદ્રની જીવનરેખા", પૃ. ૧૬૩-૬૪.

આ બધું હોવા છતાં શ્રીમદ્ અને મનસુખભાઈ વચ્ચે તત્ત્વવિચારણાને લગતો પત્રવ્યવહાર ભાગ્યે જ જોવા મળે છે. જે આઠદશ પત્રો શ્રીમદે મનસુખભાઈ પર લખ્યા હતા, તેમાં બહુ ટૂંકાણ છે, અને ભાગ્યે જ બેચાર મુદ્દાઓની વિચારણા જોવા મળે છે. ત્રણેક પત્રો તો "મોક્ષમાળા"ના પ્રકાશન અંગે જ લખાયેલા છે. તે પરથી લાગે છે કે શ્રીમદ્‌ના રંગથી મનસુખભાઈ, શ્રીમદ્‌ના અવસાન પછી જ વિશેષપણે રંગાયા હશે. આમ શ્રીમદે તેમની હયાતીમાં તેમના આચરણ દ્વારા અને હયાતી બાદ તેમના સાહિત્ય દ્વારા મનસુખભાઈ પર પ્રભાવ પાડચો હતો, એમ જોઈ શકાય છે.

## શ્રીમદ્ અને ગાંધીજી

મહાત્મા ગાંધીજીનો જન્મ વિ. સં. ૧૯૨૫ના ભાદરવા વદ ૧૨ના રોજ પોરબંદરમાં થયો હતો. તેઓ શ્રીમદ્‌થી લગભગ પોણાબે વર્ષ નાના હતા. તેમના પિતામહ, પિતાશ્રી અને મોટાભાઈ ત્રણે પોરબંદરમાં અનુક્રમે દીવાન થયેલા અને પાછલી વયમાં તેમના પિતાશ્રી રાજકોટ સ્ટેટના દીવાન હતા. ગાંધીજી તેમના પિતાના સૌથી નાના પુત્ર હોવાથી તેમનું બાળપણ સામાન્ય રીતે રાજકોટમાં જ વીતેલું, અને એમનો અભ્યાસ પણ ત્યાં જ થયેલો. શ્રીમદ્‌નો બાલ્યકાળ મુખ્યત્વે વવાણિયામાં જ પસાર થયેલો, અને તેમણે શાળાનો અભ્યાસ તો બહુ થોડી મુદતમાં છોડી દીધેલો, તેથી વવાણિયા બહાર રહેવાનો તેમને નાની વયમાં ઝાઝો પ્રસંગ પડેલો નહિ.

વિ. સં. ૧૯૪૩માં ગાંધીજી મૅટ્રિક પાસ થયા; તે પછી કાયદાના અભ્યાસ માટે એમને વિલાયત મોકલવામાં આવ્યા. ત્યાં જતાં પહેલાં તેમનાં માતુશ્રીએ તેમને પરસ્ત્રી, દારૂ અને માંસાહાર એ ત્રણના ત્યાગની પ્રતિજ્ઞા એક જૈન મુનિ પાસે લેવડાવી હતી, જે તેમણે પૂરેપૂરી પાળી હતી.

વિ. સં. ૧૯૪૦ આસપાસ શ્રીમદ્‌ની અવધાની તરીકેની ખ્યાતી થવા લાગી હતી. વિ. સં. ૧૯૪૩થી તેઓ વેપારાર્થે મુંબઈ આવ્યા. ત્યાં તેમણે અવધાનના અનેક પ્રયોગો કર્યા અને વિશેષ ખ્યાતિ પ્રાપ્ત કરી. આ સમય સુધીમાં શ્રીમદ્ તથા ગાંધીજીનો મેળાપ થયો ન હતો. તેઓની સૌપ્રથમ મુલાકાત વિ. સં. ૧૯૪૭માં ગાંધીજી વિલાયતથી હિંદ પાછા ફર્યા તે જ દિવસે મુંબઈમાં થઈ.

ગાંધીજીને વિલાયતમાં શ્રી રેવાશંકર જગજીવનના ભાઈ ડૉ. પ્રાણજીવનદાસ મહેતા સાથે ગાઢ પરિચય થયો હતો. તેથી વિ. સં. ૧૯૪૭ના જેઠ માસમાં ગાંધીજી અભ્યાસ પૂર્ણ કરી હિંદ આવ્યા ત્યારે શ્રી પ્રાણજીવનદાસ મહેતાએ તેમને પોતાને ઘેર ઉતારો આપ્યો હતો. તે જ દિવસે ગાંધીજીને તેમનાં માતુશ્રીના અવસાનના ખબર આપવામાં આવ્યા. વિલાયતમાં એકલા રહેતા ગાંધીજી એ સમાચાર જીરવી નહિ શકે એમ ગણી તેમના મોટાભાઈએ એ ખબર તેમનાથી છુપાવ્યા હતા. માતાના અવસાનનો ઘા ગાંધીજી ખમી ગયા.

તે જ દિવસે શ્રીમદ્ ડૉ. પ્રાણજીવનદાસ મહેતાને ત્યાં ગયા હતા. તે વખતે તેમની ગાંધીજી સાથે ઓળખાણ થઈ. ગાંધીજીને શ્રીમદ્દની ઓળખાણ ડૉ. પ્રાણજીવનદાસના મોટા ભાઈ પોપટભાઈના જમાઈ તથા કવિ અને અવધાની તરીકે કરાવવામાં આવી. શ્રીમદ્દની શક્તિનો થોડો પરિચય ગાંધીજીને તે વખતે થયો, અને થોડી વાતચીતમાં જ ગાંધીજી શ્રીમદ્ પ્રતિ આકર્ષાયા. પહેલી જ મુલાકાતમાં શ્રીમદ્દની પોતાના પર કેવી છાપ પડી હતી તેનું સુંદર વર્ણન કરતાં ગાંધીજીએ "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથની પ્રસ્તાવનામાં લખ્યું છે કે :—

"દાક્તરે રાયચંદભાઈને કવિ કહીને ઓળખાવ્યા, અને મને કહ્યું, 'કવિ છતાંયે અમારી સાથે વેપારમાં છે. તેઓ જ્ઞાની છે, શતાવધાની છે.'"

"કોઈએ સૂચના કરી કે, મારે કેટલાક શબ્દો તેમને સંભળાવવા ને તેઓ તે શબ્દો ગમે તે ભાષાના હશે તોપણ જે ક્રમમાં હું બોલ્યો હોઈશ તે જ ક્રમમાં પાછા કહી જશે."

"મને આ સાંભળીને આશ્ચર્ય થયું. હું તો જુવાનિયો, વિલાયતથી આવેલો, મારા ભાષાજ્ઞાનનો પણ ડોળ, મને વિલાયતનો પવન ત્યારે કંઈ ઓછો ન હતો. વિલાયતથી આવ્યા એટલે ઊંચેથી ઊતર્યા."

"મેં મારું બધું જ્ઞાન ઠાલવ્યું અને જુદી જુદી ભાષાના શબ્દો પ્રથમ મેં લખી કાઢ્યા – કેમ કે મને ક્રમ ક્યાં યાદ રહેવાનો હતો ? અને પછી તે શબ્દો હું વાંચી ગયો. તે જ ક્રમમાં રાયચંદભાઈએ હળવેથી એક પછી એક બધા શબ્દો કહી દીધા. હું રાજી થયો, ચકિત થયો અને કવિની સ્મરણશક્તિ વિશે મારો ઊંચો અભિપ્રાય બંધાયો; વિલાયતનો પવન હળવો પાડવા સારુ આ અનુભવ સરસ થયો ગણાય."

"કવિને અંગ્રેજી જ્ઞાન મુદ્દલ ન હતું. તેમની ઉંમર તે વખતે પચીસથી ઉપર ન હતી. ગુજરાતી નિશાળમાં પણ થોડો જ અભ્યાસ કરેલો. છતાં આટલી સ્મરણશક્તિ, આટલું જ્ઞાન અને આટલું તેમની આસપાસનાઓ તરફથી માન. આથી હું મોહાયો."

"સ્મરણશક્તિ નિશાળમાં નથી વેચાતી, જ્ઞાન પણ નિશાળની બહાર જો ઇચ્છા થાય – જિજ્ઞાસા હોય – તો મળે, અને માન પામવાને સારુ વિલાયત કે ક્યાંયે જવું નથી પડતું, પણ ગુણને માન જોઈએ તો મળી રહે છે, એ પદાર્થપાઠ મને મુંબઈ ઊતરતાં જ મળ્યો."

"કવિની સાથેનો આ પરિચય બહુ આગળ ચાલ્યો. સ્મરણશક્તિ ઘણાની તીવ્ર હોય, તેથી અંજાવાની કશી જરૂર નથી. શાસ્ત્રજ્ઞાન પણ ઘણાને જોવામાં આવે છે. પણ જો તે સંસ્કારી ન હોય, તો તેમની પાસેથી ફૂટી બદામ પણ નથી મળતી. સંસ્કાર સારો હોય ત્યાં જ સ્મરણશક્તિ અને શાસ્ત્રજ્ઞાનનો મેળાપ શોભે અને જગતને શોભાવે. કવિ સંસ્કારી અને જ્ઞાની હતા."[૧૯]

---

૧૯. "શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી" પૃ. ૪૪. આ જ પ્રસંગ ગાંધીજીએ પોતાની "આત્મકથા"ના બીજા ભાગના પહેલા પ્રકરણમાં પણ આલેખ્યો છે.

આમ પહેલી જ મુલાકાતથી ગાંધીજી શ્રીમદ્ પ્રત્યે આકર્ષાયા, તેમનો વિલાયતનો પવન હળવો પડ્યો, અને જ્ઞાન મેળવવા વિલાયત જવું પડે તે તેમની માન્યતા શ્રીમદ્‌ના મેળાપથી દૂર થઈ.

તે પછીથી ગાંધીજી વકીલાતની શરૂઆત કરવા મુંબઈમાં જ રોકાયા. તે દરમ્યાન તેઓ શ્રીમદ્‌ને વારંવાર તેમની પેઢી પર મળતા. તે વખતે તેમનામાં ધર્મજિજ્ઞાસા બહુ ન હતી, પણ સામાન્ય જીવનમાંથી ઊઠતા અનેક પ્રશ્નોનું ધર્મની દૃષ્ટિએ નિરાકરણ શ્રીમદ્ બહુ સારી રીતે કરતા, એટલે ગાંધીજીને તેમનું માર્ગદર્શન બહુ મદદરૂપ થતું. વળી, શ્રીમદ્‌ના મેળાપ વખતે તેમની રહેણીકરણીનું બારીકાઈથી અવલોકન કરતા. અને તેમાં શ્રીમદ્‌ના ગુણો જોઈ તેમના પ્રત્યેનો ગાંધીજીનો આદર ઉત્તરોત્તર વધતો ગયો. તે ગુણોને પોતાનામાં ઉતારવા ગાંધીજી મથતા. આથી તો પત્ર લખતી વખતે શ્રીમદ્ તેમને "ગુણગ્રાહી" એવું સાર્થક સંબોધન કરતા. એ અવલોકન દ્વારા પોતાના પર શ્રીમદ્‌ની કેવી છાપ પડી હતી, તેનું વર્ણન કરતાં ગાંધીજીએ લખ્યું છે કે:—

> "બાહ્યાડંબરથી મનુષ્ય વીતરાગી નથી થઈ શકતો. વીતરાગતા એ આત્માની પ્રસાદી છે. અનેક જન્મના પ્રયત્ને મળી શકે છે એમ હરકોઈ માણસ અનુભવી શકે છે. રાગોને કાઢવાનો પ્રયત્ન કરનાર જાણે છે કે રાગરહિત થવું કેવું કઠિન છે, એ રાગરહિત દશા કવિને સ્વાભાવિક હતી એમ મારી ઉપર છાપ પડી હતી."[૨૦]
>
> "પોતે હજારોનો વેપાર ખેડતા, હીરામોતીની પારખ કરતા, વેપારના કોયડા ઉકેલતા. પણ એ વસ્તુ તેમનો વિષય નહોતી. તેમનો વિષય — તેમનો પુરુષાર્થ — તો આત્મઓળખ — હરિદર્શનનો હતો. પોતાની પેઢી ઉપર બીજી વસ્તુ હોય યા ન હોય, પણ કોઈ ને કોઈ ધર્મપુસ્તક અને રોજનીશી હોય જ. વેપારની વાત પૂરી થઈ કે ધર્મપુસ્તક ઊઘડે અથવા પેલી નોંધપોથી ઊઘડે..."
>
> "જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઈને તુરત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય તેની જાત વેપારીની નહિ, પણ શુદ્ધ જ્ઞાનીની છે. તેમનો આવી જાતનો અનુભવ મને એક વેળા નહિ પણ અનેક વેળા થયેલો. મેં તેમને કદી મૂર્છિત સ્થિતિમાં નથી જોયા. મારી જોડે તેમને કશો સ્વાર્થ નહોતો."
>
> "તેમના અતિ નિકટ સંબંધમાં હું રહ્યો છું. હું તે વેળા ભિખારી બારિસ્ટર હતો. પણ જ્યારે હું તેમની દુકાને પહોંચું ત્યારે મારી સાથે ધર્મવાર્તા સિવાય બીજી વાર્તા ન જ કરે. આ વેળા મેં મારી દિશા જોઈ નહોતી, મને સામાન્ય રીતે ધર્મવાર્તામાં રસ હતો એમ પણ ન કહી શકાય, છતાં રાયચંદભાઈની ધર્મવાર્તામાં મને રસ આવતો.

૨૦. ગાંધીજીની પ્રસ્તાવના : "શ્રીમદ્ અને ગાંધીજી" પૃ. ૪૮.

"ઘણા ધર્માચાર્યોના પ્રસંગમાં હું ત્યાર પછી આવ્યો છું. દરેક ધર્મના આચાર્યોને મળવાનો પ્રયત્ન મેં કર્યો છે, પણ જે છાપ મારા ઉપર રાયચંદભાઈએ પાડી તે બીજા કોઈ નથી પાડી શક્યા. તેમનાં ઘણાં વચનો મને સોંસરા ઊતરી જતાં. તેમની બુદ્ધિને વિષે મને માન હતું. તેમની પ્રામાણિકતા વિષે તેટલું જ હતું. ને તેથી હું જાણતો હતો કે તેઓ મને ઈરાદાપૂર્વક આડે રસ્તે નહિ દોરે ને પોતાના મનમાં હશે એવું જ કહેશે. આથી મારી આધ્યાત્મિક ભીડમાં હું તેમનો આશ્રય લેતો."[૨૧]

ગાંધીજી જેવી મહાન વ્યક્તિ પર આટલી ઘેરી છાપ પાડનાર શ્રીમદ્‌ની મહત્તા કેવી હશે! શ્રીમદ્ તથા ગાંધીજીનો પરિચય આ રીતે વિકસતો જતો હતો, તે વખતે પોરબંદરના અબ્દુલા શેઠ નામના એક મુસ્લિમ વેપારીએ પોતાની દક્ષિણ આફ્રિકાની પેઢીના વ્યાપારી કેસ અંગે, એક વર્ષ માટે પગારદાર વકીલ તરીકે આફ્રિકા આવવાની ગાંધીજી પાસે માગણી કરી. મુંબઈની કોર્ટમાં એક વખત નિષ્ફળ ગયેલા ગાંધીજીએ એ વાત સ્વીકારી લીધી, અને વિ. સં. ૧૯૪૯ના ઉનાળામાં તેઓ એકલા આફ્રિકા ગયા. ત્યાં બંને પક્ષ વચ્ચે સમજૂતી કરાવી ગાંધીજીએ હાથમાં લીધેલું કામ એક વર્ષમાં સફળતાથી પૂરું કર્યું.

મળેલી સફળતાથી ગાંધીજીની પ્રતિષ્ઠા જામી, અને તેમની લોકપ્રિયતા વધવા લાગી. તેથી સૌ મિત્રોએ પોતાના ધર્મની ખૂબીઓ ગાંધીજી સમક્ષ મૂકી, તેમની પાસે પોતાનો જ ધર્મ શ્રેષ્ઠ છે, એવું પ્રતિપાદન કરવા લાગ્યા અને પોતાનો ધર્મ સ્વીકારવા ગાંધીજીને લલચાવવા લાગ્યા. તે વખતે ગાંધીજી ખ્રિસ્તી મિત્રોના કેટલાક ગુણોને લીધે તેમના પ્રતિ વિશેષ આકર્ષાયા હતા. વળી, હિંદુધર્મનાં કેટલાંક અનિષ્ટો તેમની નજર સમક્ષ હતાં, એટલે તે ધર્મની અપૂર્ણતા પણ તેમને ખૂંચતી હતી, તેથી તેઓ ધર્મપરિવર્તન કરવાની ઇચ્છાવાળા બની ગયા હતા; જેથી તેમના મુસ્લિમ અને ખ્રિસ્તી મિત્રો તેમના ધર્મ બાબત ચિંતા કરવા લાગ્યા. પરંતુ તેમણે એવો નિશ્ચય કરેલો કે જ્યાં સુધી હિંદુધર્મ પૂરેપૂરો સમજાય નહિ, જ્યાં સુધી હિંદુધર્મના દેખાતા દોષો અને અનિષ્ટોની ખાતરી થાય નહિ, ત્યાં સુધી ધર્મપરિવર્તન ન કરવું. આમ તેમના જીવનમાં ધર્મમંથનનો કાળ શરૂ થયો. આ સમયે તેમણે હિંદના અગ્રગણ્ય ધર્માચાર્યો સાથે ધર્મની બાબતમાં પત્રવ્યવહાર કર્યો. પોતાની મુસીબતો તેમની સમક્ષ રજૂ કરી, અને માર્ગદર્શન માંગ્યું. તે બધામાં શ્રીમદ્‌નું સ્થાન મુખ્ય હતું. ગાંધીજીએ તેમને ૨૭ પ્રશ્નો પૂછ્યા હતા, જેના ઉત્તરો સરળ, સમાધાનકારક ભાષામાં શ્રીમદે આપ્યા હતા. આજે પણ એ પ્રશ્નોત્તર વાંચતાં ઘણા ખુલાસા થાય તેમ છે. આ ઉત્તરો મોકલવાની સાથે શ્રીમદે "ષડ્દર્શનસમુચ્ચય", "મણિરત્નમાલા", "મોક્ષમાળા" વગેરે ગ્રંથો વાંચવાની ભલામણ પણ ગાંધીજીને કરી હતી. ગાંધીજીએ એ સર્વનું મનન કર્યું અને તેમના મનનું તેથી ઘણે અંશે સમાધાન થયું. તે વિશે ગાંધીજીએ લખ્યું છે કે :—

"તેનું પરિણામ એ આવ્યું કે હું શાંતિ પામ્યો. હિંદુધર્મમાં મને જે જોઈએ તે મળે એમ છે, એવો મનને વિશ્વાસ આવ્યો. આ સ્થિતિને સારુ રાયચંદભાઈ

૨૧. "આત્મકથા", ભાગ ૨, પ્રકરણ ૧, "શ્રીમદ્ અને ગાંધીજી", પૃ. ૬૦.

જવાબદાર થયા, એટલે મારું માન તેમના પ્રત્યે કેટલું વધ્યું હોવું જોઈએ તેનો ખ્યાલ વાંચનારને કંઈક આવશે."૨૨

આ જ પ્રસંગ વિશે ગાંધીજીએ પોતાની આત્મકથામાં વિસ્તારથી લખ્યું છે કે:—

"ઈસુને એક ત્યાગી, મહાત્મા, દૈવી શિક્ષક તરીકે હું સ્વીકારી શકતો હતો, પણ તેને અદ્વિતીય પુરુષ રૂપે નહોતો સ્વીકારી શકતો. ઈસુના મૃત્યુથી જગતને ભારે દૃષ્ટાંત મળ્યું, પણ તેના મૃત્યુમાં કાંઈ ગુહ્ય ચમત્કારી અસર હતી એમ મારું હૃદય સ્વીકારી નહોતું શકતું. ખ્રિસ્તીઓના પવિત્ર જીવનમાંથી મને એવું ન મળ્યું કે જે બીજા ધર્મીઓના જીવનમાંથી નહોતું મળતું. તેમનાં પરિવર્તન જેવાં જ પરિવર્તન બીજાના જીવનમાં થતાં મેં જોયાં હતાં. સિદ્ધાંતની દૃષ્ટિએ ખ્રિસ્તી સિદ્ધાંતોમાં મેં અલૌકિકતા ન ભાળી. ત્યાગની દૃષ્ટિએ હિંદુ ધર્મીઓનો ત્યાગ મને ચડતો જણાયો. ખ્રિસ્તી ધર્મને હું સંપૂર્ણ અથવા સર્વોપરી ધર્મ તરીકે ન સ્વીકારી શક્યો."

"આ હૃદયમંથન મેં પ્રસંગો આવતાં ખ્રિસ્તી મિત્રોની પાસે મૂક્યું. તેનો જવાબ તેઓ મને સંતોષે તેવો ન આપી શક્યા."

"પણ હું જેમ ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર ન કરી શક્યો, તેમ હિંદુ ધર્મની સંપૂર્ણતા વિષે અથવા તેના સર્વોપરિપણા વિષે પણ હું ત્યારે નિશ્ચય ન કરી શક્યો. હિંદુ ધર્મની ત્રુટીઓ મારી નજર આગળ તર્યા કરતી હતી. અસ્પૃશ્યતા જો હિંદુ ધર્મનું અંગ હોય, તો તે સડેલું ને વધારાનું અંગ જાણ્યું. અનેક સંપ્રદાયો, અનેક નાતજાતોની હસ્તી હું સમજી ન શક્યો. વેદ જ ઈશ્વરપ્રણીત એટલે શું? વેદ ઈશ્વરપ્રણીત તો બાઈબલ અને કુરાન કાં નહિ?"

"જેમ ખ્રિસ્તી મિત્રો મારા ઉપર અસર કરવા મથી રહ્યા હતા, તેમ મુસલમાન મિત્રોનો પણ પ્રયત્ન હતો. અબ્દુલા શેઠ મને ઇસલામનો અભ્યાસ કરવા લલચાવી રહ્યા હતા. તેની ખૂબીઓની ચર્ચા તો કર્યા જ કરે."

"મેં મારી મુસીબતો રાયચંદભાઈ આગળ મૂકી. હિંદુસ્તાનના બીજા ધર્મશાસ્ત્રીઓ સાથે પણ પત્રવ્યવહાર ચલાવ્યો. તેમના જવાબ ફરી વળ્યા. રાયચંદભાઈના પત્રથી મને કંઈક શાંતિ થઈ. તેમણે મને ધીરજ રાખવા ને હિંદુ ધર્મનો ઊંડો અભ્યાસ કરવા ભલામણ કરી...તેમણે કેટલાંક પુસ્તકો મોકલ્યાં, તે પણ મેં વાંચ્યાં. તેમાં પંચીકરણ, મણિરત્નમાળા, યોગવાશિષ્ઠનું મુમુક્ષુ પ્રકરણ, હરિભદ્રસૂરિનું ષડ્દર્શનસમુચ્ચય ઇત્યાદિ હતાં..."

"ખ્રિસ્તી ભાઈઓએ મારી જિજ્ઞાસા બહુ તીવ્ર કરી મૂકી હતી. તે કેમે શમે તેમ નહોતી...તેમના સંબંધે મને જાગ્રત રાખ્યો. જે કંઈ વખત બચતો તેનો ઉપયોગ હું ધાર્મિક વાંચનમાં કરતો. મારો પત્રવ્યવહાર જારી રહ્યો હતો. રાયચંદભાઈ મને

૨૨. ગાંધીજીએ લખેલી પ્રસ્તાવના. "શ્રીમદ્ અને ગાંધીજી", પૃ. ૪૩.

દોરી રહ્યા હતા...મારો હિંદુ ધર્મ પ્રત્યેનો આદર વધ્યો. તેની ખૂબી હું સમજવા લાગ્યો."[૨૩]

શ્રીમદે લખેલા ઉત્તરો વાંચીને ગાંધીજીના મનનું કેટલું સમાધાન થયું હતું તે આ અવતરણ બતાવે છે. ગાંધીજીએ શ્રીમદ્દને પૂછેલા પ્રશ્નો તાત્ત્વિક તેમજ વ્યાવહારિક એમ બંને પ્રકારના છે. પ્રશ્નો પૂછવામાં ગાંધીજીની વિચક્ષણતા જોઈ શકાય છે. આરંભમાં "આત્મા શું છે?" એ પ્રશ્નથી શરૂઆત કરી, તેને લગતા અન્ય પ્રશ્નો જેવા કે "તે શું કરે છે? કર્મ શું છે?" વગેરે પ્રશ્નો મૂક્યા છે. તે પછી તેઓએ ઈશ્વર, તેનું જગતકર્તાપણું, મોક્ષ, કર્માનુસાર ગતિ વગેરે વિષે જાણવાની જિજ્ઞાસા બતાવી છે. તે પછી ગાંધીજીએ અમુક ચોક્કસ ધર્મ વિશેના પ્રશ્નો મૂક્યા છે; જેમ કે,—આર્યધર્મ તે શું? વેદ કોણે કર્યા? ગીતા કોણે બનાવી? વગેરે. આ પછી ગાંધીજી પોતાના મંથનપ્રશ્નો પર આવે છે. તેમાં તેમણે શ્રીમદ્દને ખ્રિસ્તીધર્મ બાબત અને તેના કેટલાક પ્રચલિત મતો બાબત અભિપ્રાય આપવા જણાવ્યું છે. અને છેલ્લે ગાંધીજી શ્રીમદ્દને કેટલાક વ્યવહારુ પ્રશ્નો, ધાર્મિક દૃષ્ટિએ પૂછે છે. દાખલા તરીકે—અનીતિમાંથી સુનીતિ થશે ખરી? સર્પ કરડવા આવે ત્યારે તેને કરડવા દેવો કે મારી નાખવો? વગેરે. આમ જોઈએ તો ગાંધીજીએ પૂછેલા પ્રશ્નોમાં વ્યવસ્થિતપણું, વકીલ તરીકેની ચોકસાઈ વગેરે જોવા મળે છે.

ગાંધીજીએ શ્રીમદ્દમાં જે વિશ્વાસ મૂકીને તેમનો અભિપ્રાય ઇચ્છ્યો હતો, તે વિશ્વાસને સાર્થક કરે તેવા ઉત્તરો શ્રીમદે આપ્યા હતા. તે ઉત્તરો વાંચીને હિંદુ ધર્મની શ્રદ્ધા વધતાં, ગાંધીજી ખ્રિસ્તી ધર્મ અપનાવતા અટકી ગયા હતા. શ્રીમદ્દની કેવી અદ્દભુત અસર!

શ્રીમદે ગાંધીજીના પ્રશ્નોના ઉત્તરો, વ્યવસ્થિત રીતે આપ્યા છે. તેમાં કોઈ જગ્યાએ પરસ્પર વિરોધી કે ક્યાંય પણ તેમની માન્યતા વિશે સંદેહ ઊભો કરે એવું એક પણ વિધાન આવતું નથી; તેમના વ્યવસ્થિત વિચારોમાં વિશદતા પણ એટલી જ રહેલી છે.

આત્મા વિષેના ઉત્તરોમાં શ્રીમદે આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, અને મોક્ષ એ પાંચ પદ સરળ, સચોટ તથા મિષ્ટ ભાષામાં સમજાવ્યાં છે. જીવ કઈ અપેક્ષાથી ઈશ્વર કહેવાય તથા ઈશ્વરને જગતકર્તા કહેવાથી કયા કયા દોષો તેમાં આવે છે તે વિશે તર્કબદ્ધતાથી તેમણે બીજા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે. કર્મરહિત સ્થિતિ તે મોક્ષ, અને જેમ જેમ કર્મ છૂટતાં જાય તેમ તેમ જીવને તેનો ખ્યાલ આવતાં, તેનો મોક્ષ થશે કે કેમ તે પણ કહી શકાય તે બાબત જૈન ધર્મના પારિભાષિક શબ્દોના ઉપયોગ વિના ગાંધીજીને ત્રીજા તથા ચોથા પ્રશ્નના ઉત્તરમાં શ્રીમદે સમજાવ્યું છે. જીવની કર્માનુસાર ગતિ કઈ રીતે થાય છે તે પછીના ત્રણ પ્રશ્નોના ઉત્તરમાં શ્રીમદે જણાવ્યું છે. અહીં સુધીની આત્માને લગતી બાબતો વિષે શ્રીમદે જૈન ધર્મના સિદ્ધાંત અનુસાર, છતાં કોઈને પણ ગળે ઊતરે તેવી પ્રતીતિકર ભાષામાં લખ્યું છે.

---

૨૩. "આત્મકથા", ભાગ ૨, પ્રકરણ ૧૫, "શ્રીમદ્ અને ગાંધીજી", પૃ. ૬૪.

તે પછી જગતમાં પ્રવર્તતા જુદા જુદા ધર્મો વિષેના કેટલાક પ્રશ્નોના ઉત્તરો શ્રીમદ્દે આપ્યા છે. આર્યધર્મ, વેદની ઉત્પત્તિ, ગીતા કે વેદ ઈશ્વરકૃત કઈ રીતે ન હોઈ શકે, પશુ આદિના યજ્ઞથી પુણ્ય ન મળે વગેરેની વિચારણા શ્રીમદ્દે જણાવી છે. એ જ રીતે જૈન, બૌદ્ધ, વેદાંત વગેરે પૌર્વાત્ય ધર્મની સ્થિતિ શ્રીમદ્દે કેટલાક પ્રશ્નના ઉત્તરમાં જણાવી છે. રામાવતાર કે કૃષ્ણાવતારને ઈશ્વર ગણવાથી કેવા દોષ આવે, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને-પુરાણના સ્વરૂપે સ્વીકારતાં કેવા ગૂંચવાડા ઊભા થાય, તે સર્વની છણાવટ શ્રીમદ્દે તાર્કિક રીતે કરી છે. અને આ બધા સાથે ખ્રિસ્તીધર્મ એ સર્વોપરી ધર્મ નથી, તેમાં પણ ઘણા દોષ પ્રવર્તે છે, તેવો પોતાનો અભિપ્રાય શ્રીમદ્દે દષ્ટાંતો દ્વારા સમજાવ્યો છે, જે પ્રતીતિકર છે.

ગાંધીજીએ પૂછેલા પ્રશ્નોના શ્રીમદ્દે આપેલા ઉત્તરો આપણે વાંચીએ ત્યારે તેમાં તેમની સત્યપ્રિયતા તરત જ નજરે ચડે છે. સર્વધર્મને પોતાના જ્ઞાન તથા અનુભવની કસોટીએ ચડાવ્યા પછી જ તેમણે જૈન ધર્મને શ્રેષ્ઠ ગણ્યો હતો. તેમ છતાં બીજા કોઈ પણ ધર્મ પ્રત્યે તેમણે અનાદર સેવ્યો ન હતો. પ્રત્યેક ધર્મના સારા અંશો સ્વીકાર્યા પછી, તેના દોષ દર્શાવવા તેઓ એટલી નમ્ર અને સચોટ ભાષા વાપરતા કે તેમનું લખાણ વાચકને તે વિષે વિચારતો કરી મૂકે. વળી, શ્રીમદ્‌ પોતાનાં લખાણોમાં ક્યાંય અસંદિગ્ધતા રહેવા દેતા નહિ; એટલું જ નહિ તેઓ શંકાનું સમાધાન કરતી વખતે, જીવ પોતે વિચાર કરીને યોગ્ય નિર્ણય પર આવી શકે એ રીતે આંગળી ચીંધીને ખસી જવાનું કાર્ય પણ કરતા. શ્રીમદ્દે આપેલો, "સર્વ ધર્મની ઉત્પત્તિ વેદમાંથી છે?" એ પ્રશ્ન કે "સર્પ કરડવા આવે ત્યારે તેને મારી નાખવો કે જીવ જતો કરવો?" એ પ્રશ્ન કે એવા બીજા પ્રશ્નના ઉત્તરો આનાં સુંદર ઉદાહરણો છે. સર્પ વિશેના પ્રશ્નમાં સ્પષ્ટ અભિપ્રાય ન આપતાં શ્રીમદ્‌ જીવની યોગ્યતાના પ્રમાણમાં અહિંસા પાળવાનું ઉદ્‌બોધન કરે છે. દેહ પરનું મમત્વ ટળી ગયું હોય તો, દેહ જતો કરવાની ભલામણ કરે છે. અને મમત્વ ન ટળ્યું હોય તો તે મમત્વભાવ પોષતાં કેવું હાનિકારક પરિણામ આવે છે તેનું ચિત્ર બતાવે છે, જેથી જીવ પોતે જ યોગ્ય માર્ગ પસંદ કરી લે. તેમને માટે ગાંધીજી "શ્રીમદ્‌ રાજચંદ્ર"ની પ્રસ્તાવનામાં લખે છે કે :—

> "રાયચંદભાઈને બીજા ધર્મ પ્રત્યે અનાદર નહોતો...મારી સાથે ચર્ચા કરતાં મને કોઈ દિવસે તેમણે એવું તો કહ્યું જ નહિ કે મારે મોક્ષ મેળવવા સારુ અમુક ધર્મને અવલંબવો જોઈએ. મારો આચાર વિચારવાનું જ તેમણે મને કહ્યું."[૨૪]

શ્રીમદ્‌ માટે ગાંધીજીએ દર્શાવેલો આ અભિપ્રાય, શ્રીમદ્દે આપેલા ઉત્તરો વાંચતાં, સાર્થક થતો જણાય છે.

શ્રીમદ્દે ગાંધીજી ઉપર લખેલા આ લાંબા પત્ર ઉપરાંત બીજા બે પત્રો મળે છે. તેમાંના એક પત્રમાં શ્રીમદ્દે આત્માનાં છ પદ સમજવાની અગત્ય બતાવી છે, અને બીજામાં જ્ઞાતિ-વ્યવહારની આવશ્યકતાનો પ્રશ્ન જુદા જુદા દૃષ્ટિબિંદુથી ચર્ચ્યો છે. પોતાના ખ્રિસ્તી તેમ

૨૪. પ્રસ્તાવના, પ્રકરણ ૫, "શ્રીમદ્‌ અને ગાંધીજી", પૃ. ૫૬.

જ મુસ્લિમ મિત્રોને ત્યાં ભોજન લેવું તે ધર્મની દૃષ્ટિએ યોગ્ય ગણાય કે કેમ તે બાબત ગાંધીજીને આફ્રિકામાં પ્રશ્ન થયો હતો. તે વિષે શ્રીમદ્ પાસે માર્ગદર્શન માગતાં, તેના ઉત્તરરૂપે શ્રીમદ્દે આ પત્રમાં આર્ય આચારવિચાર, આર્ય-અનાર્ય ક્ષેત્ર, ભક્ષ્યાભક્ષ્ય વિવેક, વર્ણાશ્રમ ધર્મની અગત્ય, વ્યવહારધર્મ વગેરે વિષે ખુલાસાપૂર્વક લખ્યું છે.

આમ આ ત્રણે પત્રોમાં આપણને આધ્યાત્મિક તથા વ્યાવહારિક એમ બંને પ્રકારની ચર્ચા જોવા મળે છે. શ્રીમદ્‌ના અન્ય મુમુક્ષુઓને લખાયેલા પત્રોમાં મુખ્યત્વે આત્મા, સત્સંગ, સમકિત આદિ વિશેનું ચિંતનાત્મક લખાણ જ જોવા મળે છે. પણ શ્રીમદ્‌ને ગાંધીજીએ વ્યવહારુ પ્રશ્નો ધર્મની દૃષ્ટિએ પૂછ્યા હોવાથી તેના ઉત્તરમાં વ્યવહારુ ચર્ચા પણ મળે છે, તે આ પત્રોની વિશેષતા છે. વ્યક્તિગત રીતે લખાયા હોવા છતાં સર્વને ઉપયોગી થાય તેવા આ પત્રો છે.

શ્રીમદ્ સાથેના પત્રવ્યવહારથી ગાંધીજી હિંદુ ધર્મના રંગથી રંગાયા. એ અરસામાં રશિયાના વિખ્યાત તત્ત્વજ્ઞાની ટૉલ્સટૉય સાથેના પત્રવ્યવહારથી તથા તેના પુસ્તક-પરિચયથી ગાંધીજી પ્રત્યેક જીવ પ્રતિ ભ્રાતૃભાવ રાખવાનું શીખ્યા હતા. વળી, સાથે સાથે રસ્કિનનાં પુસ્તકોની અસર નીચે પણ તેઓ આવ્યા.

અબ્દુલા શેઠનું કામકાજ પૂરું કર્યા પછી ગાંધીજીએ આફ્રિકામાં ખાનગી વકીલાત શરૂ કરી. સરકાર તરફથી ત્યાંના હિંદીઓને થતો અન્યાય તેમનાથી ન સહેવાયો. પરિણામે હિંદીઓને તે ત્રાસમાંથી છોડાવવા પોતાની વકીલ તરીકેની સેવાઓ તેમણે મફત આપવા માંડી. તેથી ગોરી પ્રજા તેમની વિરુદ્ધ થઈ ગઈ, અને તેમના પર જીવલેણ હુમલો થયો. તેમાંથી તેમને હિંદીઓના આગેવાન તરીકે વિશેષ પ્રતિષ્ઠા મળી. આમ શરૂ થયેલી લડતને વ્યવસ્થિત રીતે ચલાવવાની જરૂર જણાતાં તેઓ હિંદીઓનો સહારો મેળવવા વિ. સં. ૧૯૫૨ના ઉનાળામાં હિંદ આવ્યા.

હિંદ આવ્યા પછી ગાંધીજી, સ્વેચ્છાપૂર્વક સ્વીકારેલી જવાબદારીને અદા કરવાની તૈયારીમાં ગૂંથાઈ ગયા. ભાષણો કરવાં, પત્રિકાઓ લખવી, દેશનેતાઓ સાથે સંતલસ કરવી વગેરે કાર્યોમાં તેમનો સમય વિશેષપણે પસાર થવા લાગ્યો. આ રીતે સતત કાર્યભાર નીચે છ માસ પસાર થયા, ત્યાં તો તાકીદે પાછા આવવા તેમને ડરબનથી તાર મળ્યો. તેથી વિ. સં. ૧૯૫૩ના શિયાળામાં તેઓ ફરીથી આફ્રિકા ગયા. તેઓ હિંદમાં હતા તે વખતે શ્રીમદ્ તો ગુજરાતમાં નિવૃત્તિ અર્થે વસતા હતા, તેથી તેઓનો મેળાપ થઈ શક્યો નહોતો.

આફ્રિકાથી ગાંધીજીનો શ્રીમદ્ સાથેનો પત્રવ્યવહાર ચાલતો હતો. વિ. સં. ૧૯૫૫માં બોઅર લડાઈ ચાલુ થઈ. તેમાં ગાંધીજીએ હિંદીઓ સહિત અંગ્રેજોને મદદ કરી. અંગ્રેજો જીત્યા. હવે હિંદીઓને જરૂર ન્યાય મળશે તેવી ગણતરીથી પોતાનું કામ પૂરું થયું ગણી, ગાંધીજી વિ. સં. ૧૯૫૭ના ઉનાળામાં હિંદ આવ્યા. તે પહેલાં શ્રીમદ્‌ના દેહાંતના સમાચાર તેમને મળી ચૂક્યા હતા. હિંદમાં તેઓ શ્રીમદ્‌ના કુટુંબીઓને મળ્યા, તેમાં શ્રીમદ્‌ના ભાઈ મનસુખભાઈ સાથે ગાંધીજીને મિત્રતા થઈ.

મુંબઈમાં વકીલાત ચાલુ કરવાના ઇરાદાથી ગાંધીજીએ ચર્ચગેટ પર ઑફિસ લીધી. અને સાંતાક્રુઝમાં ઘર રાખ્યું. પણ આફ્રિકામાં કંઈ સુધારો ન થયો હોવાથી, તે સુધારો કરાવવા તાકીદે આવવા ગાંધીજીને આફ્રિકાથી તાર મળ્યો. તેથી વિ. સં. ૧૯૫૮માં ગાંધીજી આફ્રિકા ગયા. શ્રીમદ્‌નાં કેટલાંક પદ તથા "આત્મસિદ્ધિ" તેઓ સાથે લેતા ગયા.

આફ્રિકામાં તેમણે અસહકાર ચાલુ કર્યો. વિ. સં. ૧૯૬૦માં ડરબન નજીક ફિનિક્ષનો આશ્રમ સ્થાપ્યો, અને ત્યાં કુટુંબસહિત તેઓ રહ્યા. વિ. સં. ૧૯૫૬થી ગાંધીજીએ બ્રહ્મચર્યપાલનની શરૂઆત કરી હતી, અને વિ. સં. ૧૯૬૨માં તેમણે પત્નીસહિત આજીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું. આ વ્રત અંગીકાર કરવામાં મુખ્યત્વે શ્રીમદ્‌ની અસર હતી, તે જણાવતું એક પ્રકરણ ગાંધીજીએ પોતાની "આત્મકથા"માં લખ્યું છે. તેમાં તેમણે લખ્યું છે કે:—

> "સ્વસ્ત્રી પ્રત્યે પણ બ્રહ્મચર્યનું પાલન કરવું એ મને દક્ષિણ આફ્રિકામાં સ્પષ્ટ સમજાયું. કયા પ્રસંગથી અથવા કયા પુસ્તકના પ્રભાવથી એ વિચાર મને ઉદ્ભવ્યોએ અત્યારે મને ચોખ્ખું નથી યાદ આવતું. એટલું સ્મરણ છે કે એમાં રાયચંદભાઈની અસરનું પ્રાધાન્ય હતું."[૨૫]

અને એ વ્રતની પોતાના પર પડેલી છાપ વર્ણવતાં ગાંધીજીએ લખ્યું છે કે:—

> "સ્વપત્નીની સાથે વિકારી સંબંધનો ત્યાગ એ નવાઈની વાત લાગતી હતી. છતાં એ જ મારું કર્તવ્ય હતું...મારી દાનત શુદ્ધ હતી. શક્તિ ઈશ્વર આપી રહેશે એમ વિચારી મેં ઝંપલાવ્યું...આજે વીશ વર્ષ પછી તે વ્રતનું સ્મરણ થતાં મને સાનંદાશ્ચાર્ય થાય છે. સંયમ પાળવાની વૃત્તિ તો ૧૯૦૧થી પ્રબળ હતી, ને હું પાળી રહ્યો હતો, પણ જે સ્વતંત્રતા અને આનંદ હું હવે ભોગવવા લાગ્યો તે સન ૧૯૦૬ પહેલાં ભોગવ્યાનું મને સ્મરણ નથી. કેમ કે તે વખતે હું વાસનાબદ્ધ હતો, ગમે ત્યારે તેને વશ થઈ શકતો. હવે વાસના મારા ઉપર સવારી કરવા અસમર્થ થઈ."[૨૬]

વિ. સં. ૧૯૬૨માં દક્ષિણ આફ્રિકાના હિંદીઓની મુશ્કેલી રજૂ કરવા ગાંધીજીને લંડન મોકલવામાં આવ્યા. તે વખતે તેમના પર શ્રીમદ્દે લખેલા પત્રો અને તેમણે કરેલું "આત્મસિદ્ધિશાસ્ત્ર"નું અંગ્રેજી ભાષાંતર એક બસમાં ભુલાઈ જતાં ગુમાઈ ગયાં, જે પછીથી મળ્યાં જ નહિ.[૨૭]

તે પછીથી દક્ષિણ આફ્રિકામાં હિંદીઓનો વિજય થયો ત્યાં સુધી ગાંધીજી ત્યાં રહ્યા. અને વિ. સં. ૧૯૭૨માં હિંદ આવ્યા પછી તેમણે ત્રીશ વર્ષ સુધી અંગ્રેજ સરકાર સામે અહિંસક લડત ચલાવી, સાથે સાથે સત્યાગ્રહ, ખાદી, અસ્પૃશ્યતાનિવારણ વગેરે પ્રવૃત્તિઓ

૨૫. "આત્મકથા", ભાગ ૩, પ્રકરણ ૭–૮; "શ્રીમદ્ અને ગાંધીજી", પૃ. ૬૪.

૨૬. "આત્મકથા", પ્રકરણ ૭–૮; 'શ્રીમદ્ અને ગાંધીજી', પૃ. ૬૫.

૨૭. જુઓ "શ્રીમદ્ રાજચંદ્ર: અર્ધશતાબ્દી સ્મારક ગ્રંથ", પૃ. ૭૩.

ઉપાડી, અને અન્યાયો સામે જીત મેળવવા દેશને જાગ્રત કર્યો. તે અરસામાં ઊજવાતી "શ્રીમદ્ રાજચંદ્રની જયંતી" નિમિત્તે તેમણે ભાષણો પણ કરેલાં, જેમાં તેમણે પોતાના પર શ્રીમદ્દે કરેલા ઉપકારનો ઉલ્લેખ કરી, તેમનું ઋણ જાહેરમાં સ્વીકાર્યું હતું.

ધર્મ, સમાજસેવા અને રાજકારણમાં ગાંધીજીએ દર્શાવેલા અને આચરણમાં મૂકેલા સત્ય અને અહિંસાના સિદ્ધાંતોની પ્રેરણાનું મૂળ શ્રીમદ્‌ના તેમના પર પડેલા પ્રભાવમાં જોઈ શકાય છે. તે વિશે ગાંધીજીએ લખ્યું છે કે :—

> "ઘણી વાર કહીને લખી ગયો છું કે, મેં ઘણાના જીવનમાંથી લીધું છે, પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી મેં ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રીના જીવનમાંથી છે. દયાધર્મ પણ હું તેમના જીવનમાંથી શીખ્યો છું."[૨૮]
>
> "... આ ઉપરાંત, એમના જીવનમાંથી શીખવાની બે મોટી વાતો તે સત્ય અને અહિંસા. પોતે જે સાચું માનતા તે કહેતા અને આચરતા. અને અહિંસા તો તે જૈન હતા એટલે અને એમના સ્વભાવથી એમની પાસે જ હતી."[૨૯]

આમ જોઈએ તો સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય વગેરે અનેક બાબતમાં શ્રીમદ્‌ની ગાંધીજી ઉપર ઘણી ઊંડી અસર હતી. તેઓ બંને પાંચ મહાવ્રતના હિમાયતી હતા. અંગત સ્વાર્થ જોવાની વૃત્તિ તેઓ બેમાંથી કોઈનામાં પણ નહોતી. અને તેથી જ તેઓ બંને પરસ્પરના અત્યંત નિકટ પરિચયમાં ખૂબ સ્વાભાવિકતાથી આવી શકયા હતા.

આમ છતાં બંનેનાં કાર્યક્ષેત્ર અલગ અલગ હતાં. શ્રીમદ્‌નું કાર્યક્ષેત્ર "આત્મા" હતું. જેમ બને તેમ ત્વરાથી જન્મમરણના ફેરામાંથી છૂટવાનું તેમનું ધ્યેય હતું. અલબત્ત, તેઓ માથે પડેલી સાંસારિક જવાબદારીઓ પૂરી કરતા હતા, પણ તેમાં ક્યાંયે તેમનું ચિત્ત આસક્ત નહોતું. પોતામાં પ્રગટેલી ચમત્કારિક શક્તિઓને પણ શ્રીમદ્દે અંતરમાં જ શમાવી દીધી હતી. અને તેઓ આત્મામાં જ મગ્ન બન્યા હતા; ત્યારે ગાંધીજી સમગ્ર માનવજાતના કલ્યાણ અર્થે કામ કરતા હતા. અને તે કાર્ય કરવાની લાયકાત મેળવવા તેઓ પૂરા પ્રયત્ની હતા. તેમ કરવામાં તેઓ સફળ પણ થયા હતા. તેમણે ધર્મ એ તો મનુષ્યના પ્રત્યેક અંગમાં રહેલો હોવો જોઈએ, તે ભાવનાને શ્રીમદ્ પાસેથી જાણીને, તેનો સંદેશો આખા જગતને પહોંચાડયો. અને પોતાનું પ્રત્યેક કાર્ય પણ ધર્માનુસાર કરવાની ચીવટ રાખતા હતા. અને તેમના ગુણોને લીધે ગાંધીજી દુનિયાભરમાં પ્રખ્યાત થયા.

ગાંધીજીએ બતાવ્યું છે તે પ્રમાણે શ્રીમદ્દે વ્યાપારમાં પણ ધર્મપાલન સંપૂર્ણ રીતે થઈ શકે છે તે સાબિત કરી બતાવ્યું હતું. એ જ પ્રમાણે આપણે ગાંધીજી માટે કહી શકીએ કે રાજકારણમાં પણ સંપૂર્ણપણે ધર્મપાલન થઈ શકે છે તે તેમણે સાબિત કરી બતાવ્યું. બંને મહાવિભૂતિઓએ એક એક એવા ક્ષેત્રમાં ધર્મનું સ્થાન બતાવ્યું કે જેમાં આજ સુધી દુનિયા એમ જ માનતી હતી કે તેમાં તો ધર્મને સ્થાન જ ન હોઈ શકે. બંનેમાં

૨૮. વિ. સં. ૧૯૭૮ની કાર્તકી પૂનમે ગાંધીજીએ આપેલું વ્યાખ્યાન. "શ્રીમદ્ અને ગાંધીજી", પૃ. ૭૨.
૨૯. વિ. સં. ૧૯૯૨માં કાર્તકી પૂનમે ગાંધીજીએ આપેલું વ્યાખ્યાન, પૃ. ૯૦.

આમ ઘણા અંશે ધર્મ ઓતપ્રોત થઈ ગયો હોવાને લીધે તેમનાં સર્વ આચરણ, લખાણ વગેરે સત્યથી ભરેલાં, નિખાલસ, નિરાડંબર, સરળ અને હૃદયસ્પર્શી બન્યાં હતાં.

આમ છતાં બંનેમાં એક મુખ્ય તફાવત હતો, તે બતાવતાં ગાંધીજી પોતે જ લખે છે કે:—

"આપણે સંસારી જીવો છીએ, ત્યારે શ્રીમદ્ અસંસારી હતા. આપણને અનેક યોનિઓમાં ભટકવું પડશે, ત્યારે શ્રીમદ્‌ને કદાચ એક જન્મ બસ થાઓ. આપણે કદાચ મોક્ષથી દૂર ભાગતા હોઈશું, ત્યારે શ્રીમદ્ વાયુવેગે મોક્ષ તરફ ધસી રહ્યા હતા. આ થોડો પુરુષાર્થ નથી."[૩૦]

આમ થવાનું મુખ્ય કારણ બંનેના ધ્યેયનો ભેદ હતો. શ્રીમદે આત્મકલ્યાણને પોતાનું ધ્યેય બનાવ્યું હતું. ગાંધીજીએ સામાજિક કલ્યાણને પોતાના ધ્યેય તરીકે સ્વીકાર્યું હતું. આથી, આત્મકલ્યાણના દૃષ્ટિબિંદુથી વિચારીએ તો, શ્રીમદ્‌ની કક્ષા ગાંધીજી કરતાં ઘણી ઊંચી હતી. જેને ગાંધીજી જેવી મહાન વ્યક્તિ પણ મહાન ગણે છે, તે શ્રીમદ્ આપણા માટે ઘણી ઘણી મહાન વ્યક્તિ બની રહે તે સ્વાભાવિક છે.

## શ્રીમદ્ અને અંબાલાલભાઈ

શ્રી અંબાલાલભાઈ શ્રીમદ્ કરતાં ઉંમરમાં બે વર્ષ નાના હતા. તેમના પિતાશ્રીનું નામ મગનલાલ હતું, પણ તેમના માતામહ લાલચંદભાઈને પુત્ર ન હોવાથી તેમણે અંબાલાલભાઈને દત્તક લીધા હતા. આથી અંબાલાલભાઈ ખંભાતમાં શ્રી લાલચંદભાઈને ત્યાં ઊછર્યા હતા અને તેઓ અંબાલાલ લાલચંદને નામે ઓળખાતા હતા. તેમની ન્યાતના શ્રી માણેકલાલભાઈના પુત્રો છોટાલાલ, સુંદરલાલ અને ત્રિભોવનભાઈ સાથે અંબાલાલભાઈને મિત્રતા હતી. તેમને લીધે તેઓ ત્રણ પણ શ્રીમદ્‌ના સમાગમમાં આવ્યા હતા.

વિ. સં. ૧૯૪૫ના વૈશાખ માસમાં શ્રી અંબાલાલભાઈ તથા શ્રી છોટાલાલભાઈ કોઈ લગ્નપ્રસંગે અમદાવાદ ગયા હતા. ત્યાં તેઓ લગભગ તેમની જ ઉંમરના શ્રી જૂઠાભાઈના પરિચયમાં પણ આવ્યા હતા, તેથી તેઓ તેમને ત્યાં ઘણી વખત જતા. જ્યારે વરઘોડો નીકળવાનો હતો ત્યારે અંબાલાલભાઈ તથા અન્ય ભાઈઓ જૂઠાભાઈને વરઘોડામાં જવા બોલાવવા આવ્યા. નાની વયમાં જ વૈરાગ્યવંત બનેલા જૂઠાભાઈ એ વખતે શ્રીમદ્‌ના આવેલા પત્રોનું વાચન કરતા હતા, તેથી તેમના વિષે કંઈક કહેવાની સ્વાભાવિક ઊર્મિ જૂઠાભાઈને થઈ આવી. પણ મનને પાછું ખેંચતાં તેઓ એટલું જ બોલ્યા કે "ક્યાં પ્રતિબંધ કરું ?", અસંબદ્ધ રીતે ઉચ્ચારાયેલું આ પ્રશ્નાર્થ વાક્ય અંબાલાલભાઈ આદિથી સમજી શકાયું નહિ. તેથી તેનો ખુલાસો તેમણે જૂઠાભાઈને આગ્રહપૂર્વક પૂછ્યો. તેના ઉત્તરમાં જૂઠાભાઈએ શ્રીમદ્‌ના વિષે વાત કરી અને શ્રીમદ્‌ના આવેલા કેટલાક પત્રો વાંચવા આપ્યા. તે વાંચતાં

૩૦. ગાંધીજીની પ્રસ્તાવના, "શ્રીમદ્ અને ગાંધીજી", પૃ. ૩૯.

અંબાલાલભાઈ ને તથા બીજા ભાઈઓને પણ શ્રીમદ્ પ્રતિ શ્રદ્ધા થઈ. અને શ્રીમદ્‌નો સમાગમ સત્વર થાય તેમ તેઓ ઇચ્છવા લાગ્યા. આમ લગ્નનિમિત્તે અમદાવાદ આવેલા હોવા છતાં શ્રી અંબાલાલભાઈ જૂઠાભાઈના નિમિત્તે ધર્મની લગની લઈ ખંભાત ગયા. સાથે તેઓ જૂઠાભાઈ પર શ્રીમદ્‌ના લખાયેલા પત્રોની નકલ પણ પોતાના ઉપયોગ માટે લેતા ગયા.

ખંભાત ગયા પછી તેમણે શ્રીમદ્‌ને ખંભાત પધારવાની વિનંતિ કરતા ઉપરાઉપર પત્રો લખ્યા. અને સાથે સાથે તેમાં એવી વિનંતિ પણ કરી કે જો શ્રીમદ્ સંજોગવશાત્ ખંભાત આવી શકે તેમ ન હોય તો તેમના સમાગમ માટે વવાણિયા કે મુંબઈ આવવાની અનુમતિ મોકલવી. છેવટે અનુકૂળતાએ ખંભાત આવવાનું બનશે તેવો પત્ર શ્રીમદ્ તરફથી મળતાં તેમને સંતોષ થયો હતો.

અંબાલાલભાઈ આદિ ભાઈઓ સ્થાનકવાસી સંપ્રદાયના હતા, તેથી નિયમિતપણે ઉપાશ્રયે જતા. પરંતુ જૂઠાભાઈનો સમાગમ થયા પછી તેઓ ત્યાં વ્યાખ્યાનમાં બેસવાને બદલે કોઈ એકાંત જગ્યાએ બેસી શ્રીમદ્‌ના પત્રો ઉતારી લાવ્યા હતા તે વાંચતા તથા વિચારતા. તેમની આવી વર્તણુક જોઈને તે વખતે તે ઉપાશ્રયમાં રહેલા શ્રી લલ્લુજી મહારાજે ધર્મસ્નેહથી તે બાબત તેમને પૂછ્યું. અંબાલાલભાઈએ જવાબમાં તેમને શ્રીમદ્‌ની વાત કહી સંભળાવી કે તેઓ સર્વ આગમના જ્ઞાતા છે, અને આપણી બધી શંકાઓનું સમાધાન કરી આપે છે. આ સાંભળી લલ્લુજી મહારાજને શ્રીમદ્‌ને મળવાની ખૂબ ઉત્કંઠા થઈ, કારણ કે કેટલાક પ્રશ્નોની બાબતમાં તેમના ગુરુ પણ તેમને સંતોષકારક પ્રત્યુત્તર આપી શક્યા નહોતા. આથી તેમણે અંબાલાલભાઈને એ પુરુષનો મેળાપ કરાવી આપવા વિનંતિ કરી, જે અંબાલાલભાઈએ માન્ય કરી.

વિ. સં. ૧૯૪૬માં શ્રીમદ્ અંબાલાલભાઈના આગ્રહને માન આપી ખંભાત આવ્યા અને તેમને ત્યાં જ ઊતર્યા. એ વખતે અંબાલાલભાઈ શ્રીમદ્‌ને સ્થાનકવાસી ઉપાશ્રયે લઈ ગયા. ત્યાં શ્રીમદ્ અને લલ્લુજી મહારાજનો મેળાપ થયો. તેમની પાસે મહારાજની ઘણી મુશ્કેલીઓ દૂર થઈ, તેથી તેમને માટે મહારાજને એટલો બધો પૂજ્યભાવ થયો કે તેમણે શ્રીમદ્‌ને ત્રણ દંડવત્ નમસ્કાર કર્યા. તે પછીથી તેમનો શ્રીમદ્ માટેનો પૂજ્યભાવ દિવસે દિવસે વધતો ગયો. અને તેને લીધે તેમનો અંબાલાલભાઈ સાથેનો સંબંધ પણ ગાઢ બન્યો, કારણ કે મુનિ પોતાને થતો કોઈ પણ પ્રશ્ન શ્રીમદ્‌ને અંબાલાલભાઈ મારફત જ પુછાવતા.

વિ. સં. ૧૯૪૬ના શ્રીમદ્‌ના સમાગમ પછી અંબાલાલભાઈનું જીવન શ્રીમદ્‌મય જ બન્યું હતું. તેઓ પૂર્વના સંસ્કારી, ઉત્તમ ક્ષયોપશમવાળા, સેવાભાવી અને એકનિષ્ઠ ભક્તિવાળા હતા. શ્રીમદ્ જ્યારે જ્યારે ચરોતરમાં આવતા ત્યારે તેઓ શ્રીમદ્‌ની પાસે રહી તેમને માટે બધી જાતની સગવડ કરતા. વળી, જે કોઈ મુમુક્ષુઓ આવે તેની તેઓ તન, મન અને ધનથી સેવા કરતા. આમ તેમનું જીવન વિશેષ વૈરાગ્યમય બનતું ગયું હતું. એના પરિણામે કેટલીક વખત એવું પણ બનતું કે તેઓ શ્રીમદ્‌ની સેવામાં એવા રત બની જતા કે પોતાનાં પત્ની કે માતાપિતા સાથે પણ કશો સંબંધ રાખતા નહિ. તેમની આવી

વર્તણૂકને લીધે તેમનાં માતા-પિતાને ખૂબ દુઃખ થતું. તે વાત ફરતી ફરતી એક વખત શ્રીમદ્ પાસે આવી. તે જાણીને શ્રીમદ્દે અંબાલાલભાઈને પોતાની સેવામાંથી જવા આજ્ઞા કરી કહ્યું કે :—

> "તેમના મનને સંતોષો. ગમે તે રીતે સામાને સમજાવીને, રાજી રાખીને ધર્મ સાધવો; દુભવણી ન કરવી."૩૧

શ્રીમદ્દે કરેલી આ આજ્ઞામાંથી સાચો ધર્મ શો છે તે સ્પષ્ટ સમજાય છે. વ્યક્તિએ જે જવાબદારી ઉપાડી હોય તેને પોતાનું દિલ ગમે તેટલું દુભાય તોપણ, તે પૂરેપૂરી રીતે, સામાનું મન સંતોષાય તે રીતે, અદા કરવી જોઈએ. પોતાના નિમિત્તે અન્ય જીવને ક્લેશ ન થવો જોઈએ, છતાં આવી પડેલી પ્રવૃત્તિઓમાં એકરૂપ ન બનતાં પોતે તેનાથી ભિન્ન છે, તેવું ભેદજ્ઞાન પણ સતત રહેવું જોઈએ. પરમાર્થમાર્ગના પ્રેમને લીધે જરાક પણ બેદરકારી આવતાં, શ્રીમદ્દે અંબાલાલભાઈને ચેતવ્યા હતા, અને સાચું માર્ગદર્શન કર્યું હતું. તે પછીથી આવી ચૂક તેમનાથી કદી થઈ નહોતી.

અંબાલાલભાઈની સ્મૃતિ ઘણી તીવ્ર હતી. તેઓ યાદ રાખવા ધારેલી વાતચીત બેત્રણ દિવસે પણ અક્ષરશઃ કહી શકતા. તેમની આવી સ્મરણશક્તિ શ્રીમદ્દે પણ વખાણી હતી. વિ. સં. ૧૯૫૫માં શ્રીમદ્દે ઈડરના પહાડ ઉપર સાતે મુનિઓને કહેલું કે :—

> "મુનિઓ ! જીવની વૃત્તિ તીવ્રપણામાંથી પણ નરમ પડી જાય છે. અંબાલાલની વૃત્તિ અને દશા, પ્રથમ ભક્તિ અને વૈરાગ્યાદિને કારણે લબ્ધિ પ્રગટાવે એવી હતી, તે એવી કે અમે ત્રણચાર કલાક બોધ કર્યો હોય તે બીજે દિવસે કે ત્રીજે દિવસે તેને લખી લાવવા કહીએ તો તે બધું અમારા શબ્દોમાં જ લખી લાવતા. હાલ પ્રમાદ લોભાદિના કારણથી વૃત્તિ શિથિલ થઈ છે, અને તે દોષ તેમનામાં પ્રગટ થશે એમ અમે બાર માસ થયાં પહેલાં જાણતા હતા."૩૨

અહીં શ્રીમદ્દે અંબાલાલભાઈની સ્મૃતિ કેવી તીવ્ર હતી તેનો પરિચય આપવા સાથે વિ. સં. ૧૯૫૫માં તે થોડી શિથિલપણાને પામી હતી તે પણ જણાવ્યું છે. પણ દોષ દૂર થતાં તેમની એ સ્મૃતિ ફરી પાછી એવી જ બળવત્તર થવાની હતી, તે પણ તેમણે તે વખતે જણાવ્યું હતું. અને તેમ બન્યું પણ હતું. તેમની આટલી તીવ્ર સ્મૃતિ હતી તે કારણે અન્ય મુમુક્ષુભાઈઓને શ્રીમદ્દનાં વચનોની નકલો મોકલવી, શ્રીમદ્દનાં વચનો ઉતારવાં, અન્ય ગ્રંથોની નકલો કરવી વગેરે કાર્યો શ્રી અંબાલાલભાઈને શ્રીમદ્દે સોંપ્યાં હતાં. મોતીના દાણા જેવા સુંદર અક્ષર પણ તેમના કાર્યમાં એટલા જ મદદરૂપ હતા. સામાયિકમાં તેઓ આવું બધું કામ એકચિત્તે કરતા.

વિ. સં. ૧૯૫૨ના ચૈત્ર માસમાં શ્રીમદ્દે, અંબાલાલભાઈને સુવચનો મોકલવા વિશે માર્ગદર્શન આપતાં લખ્યું હતું કે :—

---

૩૧. "ઉપદેશામૃત", આવૃત્તિ ૧, પૃ. ૨૭૮.

૩૨. "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા", આવૃત્તિ ૪, પૃ. ૨૧૧.

"શ્રી કુંવરજીએ અત્રે ઉપદેશવચનો તમારી પાસે લખેલાં છે, તે વાંચવા મળવા માટે વિજ્ઞાપના કરી હતી. તે વચનો વાંચવા મળવા માટે સ્થંભતીર્થ લખશો અને અત્રે તેઓ લખશે તો પ્રસંગયોગ્ય લખીશું, એમ કલોલ લખ્યું હતું. જો બને તો તેમને વર્તમાનમાં વિશેષ ઉપકારભૂત થાય એવાં કેટલાંક વચનો તેમાંથી લખી મોકલશો. સમ્યક્‌દર્શનનાં લક્ષણાદિવાળા પત્રો તેમને વિશેષ ઉપકારભૂત થઈ શકવા યોગ્ય છે.

વિરમગામથી શ્રી સુખલાલ જો શ્રી કુંવરજીની પેઠ પત્રોની માગણી કરે તો તેમના સંબંધમાં પણ ઉપર પ્રમાણે કરવા યોગ્ય છે."[33]

વળી, અંબાલાલભાઈ નકલ કરતા તે વિષે શ્રીમદ્ ચોકસાઈ તથા કાળજી પણ ઘણી રાખતા. એના નમૂનારૂપ વિ. સં. ૧૯૫૨ના વૈશાખ સુદ ૬નો શ્રીમદ્‌નો પત્ર જુઓ —

"પત્ર મળ્યું છે, તથા વચનોની પ્રત મળી છે. પ્રતમાં કોઈ કોઈ સ્થળે અક્ષરાંતર તથા શબ્દાંતર થયેલ છે, પણ ઘણું કરી અર્થાંતર થયેલી નથી. તેથી તેવી પ્રતો શ્રી સુખલાલ તથા શ્રી કુંવરજીને મોકલવામાં અડચણ જેવું નથી, પાછળથી પણ તે અક્ષર તથા શબ્દની શુદ્ધિ થઈ શકવા યોગ્ય છે."[34]

અહીં અક્ષરનો કે શબ્દનો થોડો ફેરફાર પણ શ્રીમદ્‌ની નજરમાં આવી જતો તે જોઈ શકાય છે. તેમની આટલી કાળજીને પહોંચી વળવા અંબાલાલભાઈને કેટલી સાવચેતી રાખવી પડતી હશે! શ્રીમદ્‌ની કસોટીમાંથી આ બાબતમાં પાર ઊતરનાર તેઓ એક જ હતા, તે જ તેમની યોગ્યતા પુરવાર કરે છે. તેઓ શ્રીમદ્‌ના પત્રોની નકલો શ્રી સોભાગભાઈ, લલ્લુજી મહારાજ વગેરેને મોકલતા અને એ રીતે શ્રીમદ્‌ના કોઈ એક વ્યક્તિને લખાયેલા પારમાર્થિક પત્રના ભોક્તા અન્ય યોગ્ય મુમુક્ષુઓને બનાવવાનું પુણ્યકાર્ય શ્રી અંબાલાલભાઈ કરતા.

અંબાલાલભાઈને શ્રીમદ્ પ્રત્યે એટલો બધો પૂજ્યભાવ હતો કે તેઓ જ્યારે જ્યારે તક મળે ત્યારે ત્યારે શ્રીમદ્‌નાં ઉપદેશવચનો ઉતારી લેતા. તેમણે કરેલા આ પ્રકારના સંગ્રહને પરિણામે આપણને "ઉપદેશછાયા" મળી છે.

આ ઉપરાંત એક બીજું સદ્‌ભાગ્ય પણ અંબાલાલભાઈને પ્રાપ્ત થયું હતું. વિ. સં. ૧૯૫૨ના આસો માસમાં શ્રીમદ્ નડિયાદમાં રહ્યા હતા, તે વખતે અંબાલાલભાઈ પણ શ્રીમદ્‌ની સાથે જ હતા. આસો વદ એકમે સાંજના બંને ફરીને આવ્યા. તે પછી શ્રીમદ્દે તેમની પાસે લેખનસામગ્રી માગી, તેમણે આપી. અને એક ઢાળિયા પાસે બેસીને શ્રીમદ્દે લખવાનું ચાલુ કર્યું. તે વખતે શ્રીમદ્‌ને પૂરતો પ્રકાશ પહોંચે તે માટે અંબાલાલભાઈ તેમની પાસે ફાનસ ધરી ઊભા રહ્યા. દોઢ બે કલાક સુધી શ્રીમદ્‌નું લખવાનું ચાલ્યું ત્યાં સુધી તેઓ તે જ સ્થિતિમાં ઊભા રહ્યા. આ સમયે "આત્મસિદ્ધિ"ની રચના થઈ હતી. આમ "આત્મસિદ્ધિ"નું અવતરણ થવામાં અંબાલાલભાઈનો પણ ફાળો હતો. તેની ચાર નકલમાંથી એક શ્રીમદ્દે અંબાલાલભાઈને પણ આપી હતી. અંબાલાલભાઈ તે વાંચીને

૩૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૬૮૫

૩૪. એજન, આંક ૬૮૮

તેમાંથી ખૂબ આનંદ મેળવતા. તે ઉપરાંત તેમણે "આત્મસિદ્ધિ"નો ગદ્યાનુવાદ પણ કર્યો હતો, જે શ્રીમદ્દની નજર તળેથી નીકળી ગયો હતો. આ ગદ્યાર્થ "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં "આત્મસિદ્ધિ"ની ગાથાઓ સાથે પ્રસિદ્ધ થયેલ છે.

શ્રીમદ્દના સમાગમથી અંબાલાલભાઈની દશા પણ ધીરે ધીરે ઉચ્ચ થતી જતી હતી, તેનો નિર્દેશ આપણને શ્રીમદ્દે લખેલા પત્રોમાંથી મળે છે. વિ. સં. ૧૯૫૩ના માહ વદ ચોથે શ્રીમદ્દે તેમને લખ્યું હતું કે :—

"જે પ્રકારે બીજા મુમુક્ષુ જીવોનાં ચિત્તમાં તથા અંગમાં નિર્મળતા ભાવની વૃદ્ધિ થાય, તે તે પ્રકારે પ્રવર્તવું કર્તવ્ય છે. નિયમિત શ્રવણ કરાવાય તથા આરંભ પરિગ્રહનાં સ્વરૂપ સમ્યક્ પ્રકારે જોતાં નિવૃત્તિને અને નિર્મળતાને કેટલા પ્રતિબંધક છે તે વાત ચિત્તમાં દૃઢ થાય તેમ અરસપરસ જ્ઞાનકથા થાય તેમ કર્તવ્ય છે."૩૫

અહીં શ્રીમદ્દે અંબાલાલભાઈને અન્ય મુમુક્ષુઓના હિતાર્થે વર્તવાની ભલામણ કરી છે. આ પહેલાંના મોટા ભાગના પત્રોમાં શ્રીમદ્દે સર્વને સહાયક થાય તેવી રીતે વર્તવાની ભલામણ કરી છે, ત્યારે અહીં અંબાલાલભાઈની ઉચ્ચ કક્ષા જાણી અન્યને પણ તે કક્ષાએ લાવવા પ્રયત્નશીલ બનવા ભલામણ કરી છે. વળી, ક્યારેક વૃત્તિઓની શિથિલતા થતાં આધ્યાત્મિક વિશેષ ઉચ્ચ કક્ષા પ્રાપ્ત થશે કે કેમ તેવી શંકાના સમાધાનરૂપે શ્રીમદ્દે તેમને લખ્યું છે કે :—

"ઉપરની ભૂમિકાઓમાં પણ અવકાશ પ્રાપ્ત થયે અનાદિ વાસનાનું સંક્રમણ થઈ આવે છે, અને આત્માને વારંવાર આકુળવ્યાકુળ કરી દે છે; વારંવાર એમ થયા કરે છે કે હવે ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ થવી દુર્લભ જ છે, અને વર્તમાન ભૂમિકામાં સ્થિતિ પણ ફરી થવી દુર્લભ છે. એવા અસંખ્ય અંતરાયપરિણામ ઉપરની ભૂમિકામાં પણ બને છે, તો પછી શુભેચ્છાદિ ભૂમિકાએ તેમ બને એ કાંઈ આશ્ચર્યકારક નથી. તેવા અંતરાયથી ખેદ નહિ પામતાં આત્માર્થી જીવે પુરુષાર્થદૃષ્ટિ કરવી અને શૂરવીરપણું રાખવું, હિતકારી દ્રવ્ય ક્ષેત્રાદિ યોગનું અનુસંધાન કરવું, સત્શાસ્ત્રનો વિશેષ પરિચય રાખી વારંવાર હઠ કરીને પણ મનને સદ્વિચારમાં પ્રવેશિત કરવું, અને મનના દુરાત્મ્યપણાથી આકુળવ્યાકુળતા નહીં પામતાં ધૈર્યથી સદ્વિચારપંથે જવાનો ઉદ્યમ કરતાં જય થઈ ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ થાય છે, અને અવિક્ષેપપણું પ્રાપ્ત થાય છે."૩૬

જીવને શિથિલતા આવે તે વખતે વિશેષ પુરુષાર્થ કરવો ઘટે તે શ્રીમદ્દે અહીં બતાવ્યું છે. આગળની ભૂમિકાએ પણ શિથિલતા આવે છે તે જણાવી શ્રીમદ્દે અંબાલાલભાઈને તે વિશે સાવચેત રહેવા જણાવ્યું છે. તેમને શ્રીમદ્દના સમાગમ પછી આત્મજ્ઞાન પણ થયું હતું, એમ શ્રીમદ્દે જ જણાવ્યું હતું. અંબાલાલભાઈ શ્રીમદ્દને સાક્ષાત્ પ્રભુ જેવા જ ગણતા હતા, આથી જ્યારે વિ. સં. ૧૯૫૭ના ચૈત્ર માસમાં શ્રીમદ્દનો દેહાંત થયો ત્યારે અંબાલાલભાઈને ઘણો આઘાત લાગ્યો હતો. તે બાબતમાં તેમણે પોતાનું હૃદય નીચેના પત્ર મુજબ પ્રગટ કર્યું હતું —

---

૩૫. "શ્રીમદ્ રાજચંદ્ર", આવૃત્તિ, આંક ૭૪૨.

૩૬. એજન, આંક ૮૧૩.

"વિશાળ અરણ્ય વિશે અતિ સુંદર અને શાંતિ આપનારું એવું એક જ વૃક્ષ હોય, તે વૃક્ષમાં નિઃશંકતાથી શાંતપણે કોમળપણે સુખાનંદમાં પક્ષીગણ મલકતાં હોય, તે વૃક્ષ એકાએક દાવાગ્નિથી પ્રજ્વલિત થયું હોય તે વખતે વૃક્ષથી આનંદ પામનારાં પક્ષીઓને કેટલું દુઃખ પ્રાપ્ત થાય? જેને ક્ષણ એક પણ શાંતિ ન હોય! અહાહા! તે વખતના દુઃખનું મોટા કવીશ્વરો પણ વર્ણન કરવાને અસમર્થ છે. તેવું જ અપાર દુઃખ અઘોર અટવીને વિષે આ પામર જીવોને આપી હે પ્રભુ! તમે ક્યાં ગયા?

"હે! ભારતભૂમિ, શું આવા, દેહ છતાં વિદેહપણે વિચરતા પ્રભુનો ભાર તારાથી વહન ન થયો? જો તેમજ હોય તો આ પામરનો જ ભાર તારે હળવો કરવો હતો, કે નાહક તેં તારી પૃથ્વી ઉપર બોજારૂપ કરી નાખ્યો.

"હે! મહાવિકરાળ કાળ, તને જરા પણ દયા ન આવી? છપ્પનિયાના મહાદુષ્કાળ વખતે લાખો મનુષ્યોનો તેં ભોગ લીધો. તોપણ તું તૃપ્ત થયો નહિ! અને તેથી પણ તારી તૃપ્તિ નહોતી થઈ, તો આ દેહનો જ પ્રથમ ભક્ષ તારે કરવો હતો કે આવા પરમ શાંત પ્રભુનો તેં જન્માન્તરનો વિયોગ કરાવ્યો! તારી નિર્દયતા અને કઠોરતા મારા પ્રત્યે વાપરવી હતી! શું તું હસમુખો થઈ મારા સામું જુએ છે?

"હે શાસનદેવી! તમારું પરિબળ આ વખતે કાળના મુખ આગળ ક્યાં ગયું? તમારે શાસનની ઉન્નતિની સેવા બજાવવામાં અગ્રેસર તરીકે સાધનભૂત એવા પ્રભુ હતા, જેને તમે ત્રિકરણ યોગે નમસ્કાર કરી સેવામાં હાજર રહેતા તે આ વખતે કયા સુખમાં નિમગ્ન થઈ ગયા કે મહાકાળે શું કરવા માંડ્યું છે તેનો વિચાર જ ન કર્યો?"

"હે પ્રભુ! તમારા વિના અમે કોની પાસે ફરિયાદ કરીશું? તમે જ જ્યારે નિર્દયતા વાપરી ત્યાં હવે બીજો દયાળુ થાય જ કોણ? હે પ્રભુ! તમારી પરમ કૃપા, અનંત દયા, કરુણામય હૃદય, કોમળ વાણી, ચિત્તહરણ શક્તિ, વૈરાગ્યની તીવ્રતા, બોધબીજનું અપૂર્વપણું, સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌દર્શન અને સમ્યક્‌ચારિત્રનું સંપૂર્ણ ઉજમાળપણું, પરમાર્થલીલા, અપાર શાંતિ, નિષ્કારણ કરુણા, નિસ્વાર્થ બોધ, સત્સંગની અપૂર્વતા, એ આદિ ઉત્તમોત્તમ ગુણોનું હું શું સ્મરણ કરું? વિદ્વાન, કવિઓ અને રાજેંદ્ર દેવો આપનાં ગુણસ્તવન કરવાને અસમર્થ છે તો આ કલમમાં અલ્પ પણ સમર્થતા ક્યાંથી આવે? આપના પરમોત્કૃષ્ટ ગુણોનું સ્મરણ થવાથી મારા શુદ્ધ અંતઃકરણથી ત્રિકરણયોગે હું આપના પવિત્ર ચરણારવિંદમાં અભિવંદન કરું છું. આપનું યોગબળ, આપે પ્રકાશિત કરેલાં વચનો અને આપેલું બોધબીજ મારું રક્ષણ કરો. એ જ સદૈવ ઇચ્છું છું. આપે સદૈવ માટે વિયોગની આ સ્મરણમાળા આપી તે હવે હું વિસ્મૃત નહિ કરું."

"ખેદ, ખેદ અને ખેદ, એ વિના બીજું કંઈ સૂઝતું નથી. રાત્રિદિવસ રડી રડીને કાઢું છું, કંઈ સૂઝ પડતી નથી."[૩૭]

---

૩૭. "શ્રીમદ્ રાજચંદ્ર-જીવનકળા", આવૃત્તિ ૪, પૃ. ૨૩૦.

આ પત્ર પરથી આપણે જાણી શકીએ છીએ કે શ્રી અંબાલાલભાઈને શ્રીમદ્દના દેહાંતથી ઘણો શોક થયો હતો, કારણ કે પરમાર્થમાર્ગમાં આગળ વધારનાર ગુરુ તેમણે ગુમાવ્યા હતા. વળી, તેઓ વારંવાર શ્રીમદ્દના સમાગમમાં તથા સેવામાં રહેતા હતા એ દૃષ્ટિએ પણ તેમને વિશેષ આઘાત લાગે એ સ્વાભાવિક છે. અંબાલાલભાઈએ તે પછીથી પોતાનું જીવન વિશેષ ધર્મમય બનાવ્યું હતું, અને ધર્મારાધન માટે પોતાના દેહનો ત્યાગ પણ તેમને સહજ બન્યો હતો. તેમને તે જાતનું નિમિત્ત પણ મળી આવ્યું હતું, જે આ પ્રમાણે છે :—

"ફેણાવના શા. છોટાલાલ કપૂરચંદ, અંબાલાલભાઈના સત્સંગી હતા. તેમને "મોક્ષમાળા"ના ૬૭મા પાઠ તરીકે મુકાયેલું "બહુ પુણ્ય કેરા પુંજથી" એ કાવ્ય, અને તેમાંયે તેની પહેલી બે પંક્તિ ખૂબ જ પ્રિય હતાં. તેથી પહેલી કડીનું રટણ સતત ચાલુ જ રાખતા. એનાથી તેમના મતિજ્ઞાનની નિર્મળતા થઈ, અને તેમને પોતાના મરણ સંબંધી કંઈક આગાહી થઈ. તે પછી એક દિવસે તેઓ અંબાલાલભાઈ વગેરે પાસે આવીને સર્વને નમસ્કાર કરવા લાગ્યા. તેમણે અચાનક કરેલી આવી વર્તણૂક ન સમજાતાં અંબાલાલભાઈએ તેનું કારણ પૂછ્યું તો તેમણે જણાવ્યું કે "મારે તમારી પાસેથી કંઈક વચન લેવું છે." અંબાલાલભાઈએ કહ્યું કે શું વચન લેવું છે તે જણાવો. છોટાભાઈ કહે, પહેલાં વચન આપો પછી જણાવું. અંબાલાલભાઈએ વચન આપતાં છોટાભાઈએ તેમની પાસે માગણી કરી કે, "મારા મરણ વખતે હાજર રહી, મરણ સુધારવા અને સ્મરણ આપવાની કૃપા કરવી." આ પ્રમાણે તેમણે અંબાલાલભાઈ અને તેમની પાસે બેઠેલા નગીનભાઈ પાસે કબૂલ કરાવ્યું. એકાદ અઠવાડિયા પછી છોટાલાલભાઈને પ્લેગની ગાંઠ નીકળી. એથી વ્યાવહારિક ઉપકારને લઈને, તથા આપેલા વચન મુજબ અંબાલાલભાઈ ત્રણ દિવસ તેમની પાસે રહેલા અને વાંચન, ભક્તિ, બોધ વગેરેથી છોટાભાઈનો ઉપયોગ આત્મામાં જ જોડાઈ રહે તેમ પ્રવર્ત્યા હતા. તેમના કાર્યમાં સાથ આપવા નગીનભાઈ તથા અંબાલાલભાઈના ભત્રીજા પોપટભાઈ પણ છોટાભાઈની સેવામાં રહ્યા હતા. અને ત્રણેએ સાથે મળીને છોટાભાઈનું મરણ સુધાર્યું. તે પછી તરત જ તે ત્રણેય ભાઈઓને પણ ચેપ લાગુ પડતાં પ્લેગની ગાંઠ નીકળી, અને ત્રણેનાં મરણ સાથે થયાં. આ પ્રસંગ વિ. સં. ૧૯૬૧માં બન્યો. અંબાલાલભાઈએ છોટાભાઈને સમાધિમરણ કરાવવા પોતાના દેહનો પણ સમાધિપૂર્વક ત્યાગ કર્યો. ધન્ય છે, તેમના દેહ પ્રત્યેના અમમત્વને !"[૩૮]

શ્રીમદ્દના અવસાન પછી તેમનું સાહિત્ય તથા પત્રો બહાર પાડવા વિષે પણ અંબાલાલભાઈએ શ્રી મનસુખભાઈને ઘણા સારા પ્રમાણમાં સહાય કરી હતી. તેઓએ જ્યાં જ્યાંથી બને ત્યાં ત્યાંથી શ્રીમદ્દના પત્રો મેળવી, નકલો એકઠી કરી આપી હતી. એ રીતે "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથની પહેલી આવૃત્તિ બહાર પાડવામાં પણ તેમનો ફાળો કંઈ નાનોસૂનો ન ગણાય.

---

૩૮. આ આખો પ્રસંગ લલ્લુજી મહારાજે જણાવ્યો છે. જુઓ, "ઉપદેશામૃત", પૃ. ૨૮૫.

"શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં આજે લગભગ ૧૨૭ જેટલા પત્રો અંબાલાલભાઈ પર લખાયેલા જોવા મળે છે. તેમાં શ્રીમદ્‌ની તેમના પ્રતિની શ્રદ્ધા, તેમને કરેલું માર્ગદર્શન, સૂત્રગ્રંથોના પાઠોની સમજણ, અન્ય ગ્રંથોનાં અવતરણો વગેરેનો સમાવેશ થાય છે. આ બધા પત્રોમાંના ઘણાખરા પત્રો પ્રમાણમાં ટૂંકા છે. પણ પંદર-વીસ જેટલા પત્રો સુદીર્ઘ કહી શકાય તેવા છે, જેમાં તેમણે ગંભીર વિષયની સમજાવટ કરી છે. અથવા તો કોઈ પ્રશ્નનું નિરાકરણ કર્યું છે, અથવા તો બીજા કોઈ નિમિત્તથી લંબાણ કર્યું છે. બાકીના પત્રોમાં ચાર વાક્યથી ચાલે તો પાંચ વાક્યો ન લખવાં એવું શ્રીમદ્‌નું વલણ દેખાય છે. તેમ છતાં તેમણે કહેવાનું અપૂર્ણ રહી જતું હોય, વક્તવ્ય સ્પષ્ટ થતું ન હોય, એવું ક્યારેય બનતું હોય તેમ લાગતું નથી.

શ્રીમદે જણાવેલાં સૂત્રોની પ્રતોની નકલ, તેમનાં વચનોની નકલ કે તેનો સંગ્રહ વગેરે અંબાલાલભાઈ તેમની સૂચના અનુસાર કરતા. અને જ્યારે નકલ કરતી વખતે કોઈ પાઠની અચોકસાઈ લાગે કે અર્થની અસ્પષ્ટતા લાગે ત્યારે તે બાબત તેઓ શ્રીમદ્‌ને પુછાવી જોતા. શ્રીમદ્ તેનું યોગ્ય ખુલાસા સાથે સમાધાન કરતા. આવું સમાધાન કે કોઈ જાતનો અન્ય ખુલાસો જણાવતા કેટલાક પત્રો મળે છે. તેમાં "ભગવતીસૂત્ર", "આચારાંગસૂત્ર", "ઠાણાંગસૂત્ર", "સમયસાર" વગેરેના પાઠો, આશયોની કેટલીક સમજણ પણ આપેલી છે.[૩૯]

એ પરથી ખ્યાલ આવે છે કે શ્રીમદ્‌ને આવાં સૂત્રનું વાંચન તથા મનન સતત રહેતું હશે.

જૈન સૂત્રો ઉપરાંત બીજા અનેક ગ્રંથોનું વિશાળ વાંચન પણ શ્રીમદે કર્યું હતું. તેથી અંબાલાલભાઈની યોગ્યતા વધે તેવા ગ્રંથો વાંચવા તેઓ ભલામણ કરતા; જેમાં મુખ્યત્વે પ્રબોધશતક, વિચારસાગર, શિક્ષાપત્ર, યોગવાશિષ્ઠનું વૈરાગ્ય પ્રકરણ, સુંદરદાસજીના ગ્રંથો, આત્મસિદ્ધિ, પંચાસ્તિકાય, મોક્ષમાર્ગપ્રકાશક, પદ્મનંદીશાસ્ત્ર, સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા, ગોમ્મટસાર, કર્મગ્રંથ, સમયસાર, યોગશાસ્ત્ર વગેરે જૈન તેમજ જૈનેતર ગ્રંથોનો સમાવેશ થાય છે. આ ગ્રંથો કઈ દૃષ્ટિએ અને ક્યારે વાંચવા તે વિષે પણ કેટલીક વાર તેઓ ભલામણ કરતા, ઉદાહરણ તરીકે —

> "શ્રી 'પદ્મનંદીશાસ્ત્ર'ની એક પ્રત કોઈ સારા સાથ યોગે વસો ક્ષેત્રે મુનિશ્રીને સંપ્રાપ્ત થાય તેમ કરશો. બળવાન નિવૃત્તિવાળા દ્રવ્યક્ષેત્રાદિ યોગમાં તે સત્ શાસ્ત્ર તમે વારંવાર મનન અને નિદિધ્યાસન કરશો. પ્રવૃત્તિવાળાં દ્રવ્યક્ષેત્રાદિમાં તે શાસ્ત્ર વાંચવું યોગ્ય નથી." વગેરે.[૪૦]

કેટલાંક અવતરણો કબીર, સુંદરદાસ, આનંદઘનજી આદિનાં પદોમાંથી અપાયેલાં પણ જોવા મળે છે, તો કેટલાક પત્રોમાં સુવાક્યો તરીકે ઉપયોગ કરી શકાય તેવાં વચનો કે સત્પુરુષનું માહાત્મ્ય બતાવતાં નમસ્કાર-વચનો પણ જોવા મળે છે. જેમ કે —

૩૯. જુઓ, "શ્રીમદ્ રાજચંદ્ર", પત્રાંક ૧૧૫, ૧૧૮, ૧૩૧, વગેરે.
૪૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૮૮૬.

"ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી."[૪૧]

"ભુજાએ કરી જે સ્વયંભૂરમણસમુદ્ર તરી ગયા છે, તરે છે, અને તરશે તે સત્પુરુષોને નિષ્કામ ભક્તિથી નમસ્કાર."[૪૨] વગેરે.

શ્રીમદ્‌નાં આવાં વચનોમાં તેમની તત્ત્વદૃષ્ટિ તથા ભક્તિ સ્પષ્ટ જોવા મળે છે. અને પત્રોમાં લખાયેલાં આવાં વચનોને લીધે તે માત્ર વ્યક્તિગત ન બનતાં સર્વ જિજ્ઞાસુને માટે ઉપયોગી બની જાય છે.

આમ હોવા છતાં તેમના પત્રોમાં અંગત બાબતો આવતી જ નથી તેમ નથી. અંબાલાલભાઈ ઉપર લખાયેલા પત્રોમાં કેટલીક જગ્યાએ તેમને માર્ગદર્શન અપાયું છે, તો કેટલીક જગ્યાએ શ્રીમદ્દે પોતાની આંતરિક સ્થિતિ કે બાહ્ય પ્રવૃત્તિનો ઉપાધિયોગ સંક્ષેપમાં જણાવ્યો છે. તે સ્થળે આપણે શ્રીમદ્‌ની વિચારસરણીથી વિશેષ વાકેફ થઈએ છીએ. બળવાન વ્યાવહારિક ઉપાધિયોગ છે, તેવો ભાવાર્થ આંક ૧૭૮, ૨૨૫, ૨૪૦, ૨૪૫, ૩૯૧, ૪૨૮, ૪૫૪, ૪૭૫, ૪૭૮ વગેરે નીચે અપાયેલા પત્રોમાં મળે છે. એ જ રીતે નિવૃત્તિક્ષેત્રે એકાંતમાં જવાની ઇચ્છા પણ તેમણે પત્રોમાં વ્યક્ત કરી છે.[૪૩]

પોતાના ચિત્તની ઉદાસીનતા, પરમાર્થમાર્ગે મૌન રહેવાની ઇચ્છા વગેરે પણ તેમણે પત્રમાં વ્યક્ત કરી છે.[૪૪]

આમ, તેમની કેટલીક અંગત બાબતો વિશે પણ આ પત્રોમાંથી જાણવા મળે છે, તો બીજી બાજુ વ્યવહારમાર્ગમાં તેમણે અંબાલાલભાઈને કરેલું માર્ગદર્શન પણ આ પત્રોમાં જોવા મળે છે. ગૃહસ્થપણામાં રહેલા શ્રીમદ્‌ને ગુરુ તરીકે માનવાથી સ્થાનકવાસી સંપ્રદાયમાં અંબાલાલભાઈ વિષે કેટલોક વિરોધ થયો હતો. તે વિષમ પરિસ્થિતિમાં અંબાલાલભાઈની સ્વસ્થતા તથા પરમાર્થશ્રેણી બરાબર જળવાઈ રહે તેવો બોધ શ્રીમદ્દે તેમને કર્યો હતો. અંબાલાલભાઈને ક્ષમા, ધીરજ તથા સત્યની પકડ ન છોડવાનો અનુરોધ એ પત્રોમાં થયેલો જોવા મળે છે.[૪૫] વળી, એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કરવો તેવો બોધ તેમણે ઠેકઠેકાણે કર્યો છે. સત્સંગનું માહાત્મ્ય પણ એટલી જ વાર સમજાવ્યું છે.

પ્રત્યેક સંવત્સરીને દિવસે ગતકાળમાં થયેલી ભૂલોની ક્ષમાયાચના કરવાનું શ્રીમદ્ ભૂલ્યા નથી. તેમણે સર્વ પરમાર્થ સ્નેહીઓને ક્ષમાપનાના કાગળો તે દિવસે લખેલા જોવા મળે છે.

આ બધા ઉપરાંત અંબાલાલભાઈ ઉપરાંત શ્રીમદ્દે લખેલા પત્રોનો મુખ્ય ભાગ રોકે છે તે "મોક્ષમાર્ગ" સંબંધીનું માર્ગદર્શન, જીવનું કર્તવ્ય વર્ણવતાં વચનો તથા આત્મા, સત્સંગ, જ્ઞાની પુરુષની આજ્ઞા, કર્મદોષ, કર્મની વિચિત્રતા, પંચમકાળ, શ્રદ્ધાનું બળ, સત્‌દેવ, સતગુરુ, મુમુક્ષુનાં લક્ષણો, પ્રમાદ, રાગદ્વેષની નિવૃત્તિ, જ્ઞાનદશા વગેરે વિષેની

૪૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૧૨૮.

૪૨. એજન, આંક ૬૬૬.

૪૩. એજન, આંક : ૨૬૧, ૩૦૦ વગેરે

૪૪. એજન, આંક : ૨૪૬, ૩૦૩ વગેરે.

૪૫. એજન, આંક : ૧૯૦, ૨૪૨ વગેરે.

તત્ત્વવિચારણા. આ બધાં વિશે શ્રીમદ્દે અંબાલાલભાઈને માર્ગદર્શન આપ્યું હતું, તે તેમની ઉચ્ચદશા બતાવે છે.

કેટલાક પત્રોમાં આઠ રુચકપ્રદેશ, એકદેશેઉણા ચૌદપૂર્વધારી નિગોદમાં કઈ રીતે જાય, મુમુક્ષુતા ન જાગવાનાં કારણો, પંચમહાવ્રતની મહત્તા, સત્સંગનું માહાત્મ્ય, પરિષહની સહનશીલતા વગેરે વિશે શ્રીમદ્દે વિસ્તારથી સમજણ આપી છે.[૪૬]

અન્ય બાબતો સંક્ષેપે જણાવી છે.

ધર્મમાં રુચિ ધરાવનાર અંબાલાલભાઈને યોગ્ય માર્ગદર્શન આપી ઉચ્ચ આત્મદશાએ પહોંચાડનાર શ્રીમદ્ હતા. તેઓ બંને વચ્ચેનો પત્રવ્યવહાર જોતાં પણ સમજાય તેવું છે કે શ્રીમદ્દે તેમના આત્મવિકાસમાં કેટલો ફાળો આપ્યો હતો. શ્રીમદ્ તેમના સદ્ગુરુ જ હતા. અને સદ્ગુરુનું માહાત્મ્ય કેવું છે તે શ્રીમદ્દે ઠેકઠેકાણે બતાવ્યું છે. બીજી બાજુ અંબાલાલભાઈ પણ શ્રીમદ્દને પરમાર્થમાર્ગમાં આગળ વધવા સહાયરૂપ થયા. તેમના સંપર્કમાં શ્રીમદ્ સત્સંગ માણી શકતા હતા. વળી, હસ્તપ્રતોની નકલ કરવી, શ્રીમદ્દનાં વચનોની નકલ કરવી વગેરે કાર્યમાં શ્રીમદ્દના મંત્રી જેવા જ હતા. શ્રીમદ્ નિવૃત્તિ માટે ગુજરાતમાં વસતા ત્યારે તેમની સગવડનો બધો જ ભાર અંબાલાલભાઈ ઉપર રહેતો. આમ આ બંને ગૃહસ્થ વેશમાં છતાં સાચા અર્થમાં ગુરુશિષ્ય હતા.

## શ્રીમદ્ અને લઘુરાજસ્વામી

ભાલ પ્રદેશના વટામણ ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના ભાવસાર કુટુંબમાં કૃષ્ણદાસ ગોપાલજી નામના વ્યવહારકુશળ અને અગ્રગણ્ય પુરુષ રહેતા હતા. તેઓ ચાર વખત પરણેલા પણ સંતાન થયું નહોતું. તેમના આયુષ્યના અંતિમ વર્ષે કુશલા (કસલી) બાઈને ગર્ભ રહ્યો. એ અરસામાં કૉલેરાનો રોગ ફાટી નીકળતાં કૃષ્ણદાસભાઈ તે રોગથી મૃત્યુ પામ્યા. તેમના અવસાન પછી થોડા સમયમાં, વિ. સં. ૧૯૧૦માં, કસલીબાઈએ પુત્રનો જન્મ આપ્યો. એ પુત્રને ઉછેરવામાં ચારે માતાઓનું વૈધવ્યદુઃખ વિસારે પડવા લાગ્યું. પુત્રનું નામ લલ્લુભાઈ રાખવામાં આવ્યું.

લલ્લુભાઈને યોગ્ય ઉંમરે ગામઠી શાળામાં મોકલવામાં આવ્યા, પણ તેમને બીજા બાળકોના પ્રમાણમાં ઘણું ઓછું યાદ રહેતું હતું. તેથી તેમને ગણિત જેવા વિષયો કાંકરાની ઢગલી કરીને, એટલે કે પ્રત્યક્ષ અનુભવરૂપે શીખવવામાં આવ્યા હતા. થોડુંઘણું લખતાં-વાંચતાં આવડ્યું એટલે તેમણે દુકાને બેસવાનું ચાલુ કર્યું. તેઓ દુકાનની દેખરેખ રાખતા, બાકીનું લેવડદેવડ આદિનું કામકાજ મુનિમ મારફત ચાલતું.

૪૬. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક: ૨૪૨, ૨૫૪, ૨૮૫, ૨૯૧, ૩૭૬, ૩૯૯, ૪૫૪, ૫૦૩, ૫૩૭, ૫૭૨, ૬૧૬, ૬૨૧, ૭૦૮ વગેરે.

ગામના લોકોમાં તેમની આબરૂ સારી હતી, કારણ કે સર્વને પ્રસન્ન કરવાની આવડત તેમનામાં બાળપણથી જ આવી હતી. પુખ્ત ઉંમરે તેમનાં લગ્ન થયાં. થોડા વખત પછી *સગર્ભાવસ્થામાં તેમનાં પત્નીનો દેહ છૂટી ગયો. તે પછી વરતેજ ગામના ભાવસારની પુત્રી* નાથીબાઈ સાથે તેમનાં બીજી વારનાં લગ્ન થયાં. આમ ૨૭ વર્ષ સુધીનું જીવન સાંસારિક સુખમાં વીત્યું. તેમની વૃત્તિ ઉદાર હોવાને લીધે તેઓ ઘણાને પૈસા ધીરતા, અને લોકો પણ પોતપોતાની પ્રામાણિકતા અનુસાર તેમને પૈસા પાછા આપી જતા. પરંતુ લલ્લુભાઈ કદી પૈસા ઉઘરાવવા ગયા ન હતા.

વિ. સં. ૧૯૩૭માં તેમને પીતપાંડુ નામનો રોગ થયો. અનેક પ્રકારના ઉપચારો કરવા છતાં રોગ મટયો નહિ. અને એક વર્ષમાં તેમનું શરીર બહુ ક્ષીણ થઈ ગયું. પોતાનો દેહ હવે નહિ જ બચે એમ લાગવાથી તેઓ જે કોઈ આવે તેમની પાસે ક્ષમાપના લેતા. પુણ્યના યોગથી આ ભવનો વૈભવ મળ્યો હતો, તેમ ભવિષ્યમાં પણ સુખની ઇચ્છા હોય તો આ ભવે ધર્મની આરાધના કરી લેવી જોઈએ તેમ તેમને લાગતું હતું, તેથી જો આ માંદગીમાંથી ઉઠાય તો સંસારત્યાગ કરી સાધુ થવાનો તેમણે વિચાર કર્યો. સાધુ થવું હોય તો સાથે કોઈ ઉપદેશ – વ્યાખ્યાન કરી શકે તેવો સાધુ પણ જોઈએ એમ તેમણે વિચાર્યું. તેથી પોતાના પાડોશી અને મિત્ર જેવા ભાવસાર દેવકરણ, જે તીક્ષ્ણ બુદ્ધિના હતા, તેઓ પણ સાધુ થાય તો સારું, એમ તેમણે ઇચ્છયું. તેઓ બંને દરરોજ ઉપાશ્રયે સામાયિક કરવા જતા. તેમાં એક વખત લલ્લુભાઈએ દેવકરણને પૂછયું કે, "હું સાધુ થાઉં તો તમે મારી સાથે સાધુ થાઓ ખરા?" આવા સુખી કુટુંબનો એકનો એક છોકરો સાધુ થાય તે બનવાજોગ નથી, એમ વિચારી દેવકરણે સંમતિ આપતાં કહ્યું કે, "હા, તમે સાધુ થાઓ તો હું સાધુ થઈ તમારો શિષ્ય થાઉં." જો આ પ્રમાણે બને તો દેવકરણ પર થયેલું દેવું પતાવી દેવાની લલ્લુભાઈએ તૈયારી બતાવી, આથી દેવકરણને ઘણો આનંદ થયો.

લલ્લુભાઈને કોઈ ઠાકર પાસેથી દવાનાં પડીકાં લાવી આપતાં આરામ થયો, અને તેથી તેમણે દેવકરણ સાથે કરેલો સંકલ્પ પાર પાડવાના પ્રયત્નો શરૂ કર્યા. તેઓ બંને કોઈ સગાને ત્યાં મળવા જવાનું બહાનું કાઢી, ખંભાત સંઘાડાના ગુરુ હરખચંદજી મહારાજ, જેઓ તે સમયે સુરત હતા, તેમની પાસે ગયા. ત્યાં પોતાને દીક્ષા આપવા બંનેએ વિનંતી કરી. મહારાજે માતાપિતાની સંમતિ વિના દીક્ષા આપવા ના જણાવી. એવામાં લલ્લુભાઈની દીક્ષાના સમાચાર વટામણ પહોંચતાં તેમનાં માતુશ્રી રોતાં-કકળતાં હરખચંદજી મહારાજ પાસે સુરત આવ્યાં. ત્યાં બધી પરિસ્થિતિ જાણ્યા પછી લલ્લુભાઈનાં માતાએ જણાવ્યું કે, લલ્લુભાઈ હજી બે વર્ષ સંસારમાં રહે, અને પછી જો વૈરાગ્ય ટકે તો દીક્ષા લે, તે પછી પોતે તેને રોકશે નહિ. આમ કોઈ પણ જાતનો રસ્તો ન રહેતાં લલ્લુભાઈ તથા દેવકરણજી પાછા આવ્યા, અને બે વર્ષ સુધી સંસારમાં પરવશપણે રહ્યા.

વિ. સં. ૧૯૪૦માં લલ્લુભાઈને ત્યાં પુત્રજન્મ થયો. પુત્ર મોહન સવામાસનો થતાં તેમણે દીક્ષા લેવા માટેનાં ચક્રો ફરીથી ગતિમાન કર્યાં. તેઓ તથા દેવકરણજી ગુરુને વાંદવા ગોધરા ગયા. ત્યાં તેમણે ગુરુને પોતાને દીક્ષા આપવા ફરીથી વિનંતી કરી. ગુરુએ વૈરાગ્યની વૃદ્ધિ થાય તેવો બોધ કર્યો, પણ માતાની રજા વગર દીક્ષા આપવાની ના કહી. આથી

ગુરુને વટામણમાં પધારવાની વિનંતિ કરી તેઓ બંને પાછા આવ્યા. હરખચંદજી મહારાજ વિહાર કરી થોડા દિવસમાં વટામણ આવ્યા અને ત્યાં એમણે એક માસની સ્થિરતા કરી. તે સમયે લલ્લુભાઈનાં માતાજીને વૈરાગ્યનો બોધ સાંભળવાનો તથા ગુરુસેવાનો લાભ મળ્યો. અને તેમણે આ બંનેને દીક્ષા લેવા માટે સંમતિ આપી. વિ. સં. ૧૯૪૦ના જેઠ વદ ત્રીજે લલ્લુભાઈ તથા દેવકરણજીને ખંભાતમાં હરખચંદજી મહારાજે માતાજી આદિ સંઘ સમક્ષ દીક્ષા આપી, અને દેવકરણજી મુનિને લલ્લુજીસ્વામીના ચેલા સ્થાપ્યા. તેમની દીક્ષા પછી, તે સંપ્રદાયમાં બીજા પણ કેટલાકે દીક્ષા લીધી તેથી તેઓ બંને બહુ સારાં પગલાંના ગણાયા.

તેઓ બંને શાસ્ત્રો, સ્તવનો, સજ્ઝાયાદિ ભણી કુશળ થયા. તેમાં શ્રી દેવકરણજી વ્યાખ્યાનમાં બહુ કુશળ હોવાથી લોકપ્રિય થયા, અને સરળતા, ગુરુભક્તિ તથા પુણ્યપ્રભાવને લઈને લલ્લુજી મહારાજ પણ સર્વના સન્માન્ય બન્યા. દીક્ષા લીધા પછી લલ્લુજી મહારાજે પાંચ વર્ષ સુધી એકાંતરા ઉપવાસ કર્યા હતા. આમ તેઓ બાહ્ય તપ કરતા હતા, તે સાથે તેઓ આંતરિક તપ, કાયોત્સર્ગ આદિ પણ કરતા હતા. પરંતુ ઘણા ઘણા પ્રયત્નો કરવા છતાં તેમની કામવાસના સંપૂર્ણ નિર્મૂળ થઈ નહોતી. તે વિશે તેમણે પોતાના ગુરુને પણ ઘણી વાર પૂછ્યું હતું. પણ ગુરુએ આપેલા ઉત્તરોથી તેમના મનનું સમાધાન થયું નહોતું.

વિ. સં. ૧૯૪૬માં લલ્લુજી મહારાજ ખંભાતમાં હતા. એક વખત તેઓ મુમુક્ષુઓ સાથે "ભગવતીસૂત્ર"નાં પાનાં વાંચતા હતા, અને ઉપાશ્રયના મેડા પર તેમના ગુરુ વ્યાખ્યાન કરતા હતા. સૂત્રનાં પાનાં વાંચતી વખતે "ભવસ્થિતિ પાકચા વિના કોઈનો મોક્ષ ન થાય" એવા ભાવાર્થનો અધિકાર તેમના વાંચવામાં આવ્યો. જો એમ જ હોય તો સાધુપણું, કાયક્લેશ આદિની શી જરૂર છે? — એ વિષે તેમને પ્રશ્ન થયો. તે વખતે મુમુક્ષુઓ સાથે એ અંગે ચર્ચા તો થઈ, પણ કંઈ સમાધાન મળ્યું નહિ. તેથી તે વિષે તેમણે પોતાના ગુરુને પૂછવાનું વિચાર્યું. તે અરસામાં તેમની નજર અંબાલાલભાઈ વગેરે બેત્રણ ભાઈઓ પર પડી. તે ભાઈઓ એકાંતમાં બેસીને કંઈક વાંચતા હતા. તેથી લલ્લુજી મહારાજે તેમને ધર્મસ્નેહથી કહ્યું કે, "વ્યાખ્યાનમાં કેમ જતા નથી? ઉપર જાઓ કે અહીં આવીને બેસો." આથી તે ભાઈઓ ઉપર જવાને બદલે લલ્લુજી મહારાજ પાસે આવીને બેઠા, અને એમણે ચાલતી ચર્ચામાં ભાગ લીધો. તે પછી અંબાલાલભાઈએ મુનિને જણાવ્યું કે, આવા પ્રશ્નો તો શું, પણ અનેક આગમો જેને હસ્તામલકવત્ છે એવા પુરુષ શ્રીમદ્ રાજચંદ્ર છે. તેમના પત્રો અમે વાંચતા હતા. તેઓ અહીં ખંભાત પણ પધારવાના છે. એ વાત સાંભળીને તથા શ્રીમદ્‌ના પત્રો વાંચીને લલ્લુજી મહારાજને શ્રીમદ્‌નો સમાગમ કરવાની તીવ્ર અભિલાષા જાગી, અને તેથી શ્રીમદ્ ખંભાત પધારે ત્યારે તેમને ઉપાશ્રયમાં તેડી લાવવા વિનંતિ પણ કરી. અંબાલાલભાઈએ સંમતિ આપી.

વિ. સં. ૧૯૪૬ના દિવાળીના દિવસોમાં શ્રીમદ્ ખંભાત પધાર્યા, અને અંબાલાલભાઈ વગેરેના આગ્રહથી ઉપાશ્રયમાં પણ ગયા. ત્યાં હરખચંદજી મહારાજના આગ્રહને માન આપી શ્રીમદે અવધાનના બંધ કરેલા પ્રયોગોને ઉપાશ્રયમાં હિતકારણ જાણી કરી બતાવ્યા. મહારાજે શ્રીમદ્ સાથે થોડી શાસ્ત્ર સંબંધી વાતચીત કરી તે પરથી તેમણે શ્રીમદ્‌ની ઘણી

પ્રશંસા કરી. આથી શ્રીમદ્ પાસેથી શાસ્ત્રના મર્મ જાણવા લલ્લુજી મહારાજે ગુરુ પાસે આજ્ઞા માગી. ગુરુએ આજ્ઞા આપી. મુનિ તથા શ્રીમદ્ ઉપાશ્રયના મેડા ઉપર ગયા. અને ત્યાં મુનિએ પોતાનાથી ૧૪ વર્ષે નાના, અને ગૃહસ્થવેષી શ્રીમદ્‌ને પોતાના પૂજ્ય માની ત્રણ દંડવત્ નમસ્કાર કર્યા. તે પછી શ્રીમદ્દે મુનિને તેમની ઇચ્છા બાબત પૂછ્યું. ? તો મુનિએ સમકિત અને બ્રહ્મચર્યની દૃઢતાની માગણી કરી. થોડી વાર મૌન રહ્યા પછી શ્રીમદ્દે જણાવ્યું, “ઠીક છે.” પછી તેઓ નીચે ગયા; અને ઘેર જતાં રસ્તામાં તેમણે અંબાલાલભાઈને જણાવ્યું કે શ્રી લલ્લુજી પૂર્વના સંસ્કારી પુરુષ છે.

બીજે દિવસે લલ્લુજી મહારાજ અંબાલાલભાઈને ત્યાં શ્રીમદ્‌ના સમાગમ માટે ગયા. ત્યાં એકાંતમાં શ્રીમદ્દે તેમને પૂછ્યું, “તમે શા માટે અમને માન આપો છો?” તેના ઉત્તરમાં મુનિએ તેમને જણાવ્યું કે, “તમને જોઈને તમારા પ્રતિ ઘણો પૂજ્યભાવ થતો હતો, અને હર્ષ થતો હતો. વળી, પૂર્વભવના પિતા હો તેવો ભાવ આવતો હતો અને આત્મામાં નિર્ભયતા આવતી હતી, એટલે તમને માન આપીએ છીએ.” તે પછી શ્રીમદ્દે મુનિને પૂછ્યું કે, “તમે અમને શાથી ઓળખ્યા?” મુનિએ સત્ય વસ્તુ જણાવી કે, “અંબાલાલભાઈના કહેવાથી.”

તે પછી શ્રીમદ્દે “સૂયગડાંગ” સૂત્રમાંથી થોડું વિવેચન કર્યું. એનાથી મુનિ ખૂબ આનંદ પામ્યા. શ્રીમદ્ જેટલા દિવસ ખંભાત રહ્યા તેટલા દિવસ મુનિ તેમની પાસે સત્સંગ અર્થે જતા. અને તેમાંથી પૂજ્યભાવ વધતાં મુનિ તેમને ગુરુ તરીકે ગણવા લાગ્યા. આમ હવે મુનિએ ગુરુ તરીકે ગૃહસ્થને સ્વીકાર્યા. હિંદના ઇતિહાસમાં મુનિને ગૃહસ્થ ગુરુ હોય તેવા દાખલા ભાગ્યે જ જોવા મળે છે. આ પહેલાં આવાં બે ઉદાહરણો જાણીતાં છે: સ્વામી વિવેકાનંદના ગુરુ રામકૃષ્ણ પરમહંસ ગૃહસ્થ હતા; અને સ્વામી પ્રકાશાનંદજીના ગુરુ શ્રી લલ્લુભાઈ ગોરધનદાસ પણ ગૃહસ્થ હતા. અને મુનિ લલ્લુજીના ગુરુ ગૃહસ્થ શ્રીમદ્ બન્યા. એ બતાવે છે કે શ્રીમદ્‌નું જીવન ત્યાગીને પણ બોધરૂપ થાય તેવું હતું.

શ્રીમદ્‌ના મુંબઈ જવા પછી લલ્લુજી મહારાજ, અંબાલાલભાઈ મારફત, શ્રીમદ્ સાથે પત્રવ્યવહાર કરી જ્ઞાનવાર્તાનો લાભ મેળવતા હતા. મુનિએ વિ. સં. ૧૯૪૭માં વટામણમાં ચોમાસું કર્યું; વિ. સં. ૧૯૪૮માં સાણંદ ચોમાસું કર્યું, અને વિ. સં. ૧૯૪૯માં મુંબઈ ચોમાસું કરવાનું નક્કી કર્યું. મુંબઈ ચોમાસુ કરવામાં મુનિની ઇચ્છા શ્રીમદ્‌ના સમાગમનો લાભ મળે તે પણ હતી, તેથી શ્રીમદ્દે જ્યારે તેમને મુંબઈ જેવા અનાર્ય દેશમાં ચોમાસું કરવાનું કારણ પૂછ્યું ત્યારે તેમણે જણાવેલું કે, “આપના દર્શન-સમાગમની ભાવનાને લીધે અહીં ચાતુર્માસ કર્યું છે.” એ જાણ્યા પછી શ્રીમદ્દે મુનિને, કોઈની આડખીલી ન હોય તો, પોતાની પેઢી પર રોજ એક કલાક સત્સમાગમ માટે આવવા જણાવ્યું હતું. એ પ્રમાણે મુનિ રોજ ત્યાં જતા, અને શ્રીમદ્ વ્યાપારાદિનું કામકાજ છોડી પાસેની ઓરડીમાં મુનિની સાથે એકાંતમાં સત્સંગ કરતા. તે વખતે શ્રીમદ્ મુનિને અનેક શાસ્ત્રોના ભાગ વાંચી સંભળાવતા અને સમજાવતા.

એક દિવસ મુનિએ શ્રીમદ્ પાસે ચિત્રપટની માગણી કરી. શ્રીમદે તે વિશે કંઈ ધ્યાન આપ્યું નહિ. પણ જ્યારે મુનિએ ફરી ફરી આગ્રહ કર્યો, ત્યારે તેમણે તેમને નીચેની ગાથા એક કાગળ પર લખી આપી.

> " संबुज्झह जंतवो माणुसत्तं, दट्ठुं भयं बालिसेणं अलंभो ।
> एगंतदुक्खे जरिए व लोए, सकम्मुणा विप्परियासुवेइ ॥ "
> १–७–११ ॥

"સૂયડાંગસૂત્ર"ની ઉપરની ગાથાનો અર્થ આવો થાય છે: "હે જીવો, તમે બોધ પામો, બોધ પામો, મનુષ્યપણું મળવું ઘણું દુર્લભ છે, એમ સમજો; અજ્ઞાનીને સદ્‌વિવેક પામવો દુર્લભ છે, એમ સમજો; આખો લોક કેવળ દુઃખથી બળ્યા કરે છે, એમ જાણો. અને પોતપોતાનાં ઉપાર્જિત કર્મો વડે ઇચ્છા નથી છતાં પણ જન્મ-મરણાદિ દુઃખોનો અનુભવ કર્યા કરે છે, તેનો વિચાર કરો."

થોડા દિવસ પછી "સમાધિશતક"ની પહેલી ૧૭ ગાથા સુધી શ્રીમદે વાંચી સંભળાવ્યું. અને પછીનો બધો ભાગ વાંચવા તથા વિચારવા તે પુસ્તક મુનિને આપ્યું. મુનિ પુસ્તક લઈને દાદર સુધી પહોંચ્યા ત્યાં તેમને પાછા બોલાવી, તે પુસ્તકના પહેલા પાના પર, "આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે" એ અપૂર્વ લીટી લખી આપી.

શ્રીમદ્ ઘણી વાર મુનિને મૌન રહેવાના બોધ આપતા, તેથી વિ. સં. ૧૯૪૯નું ચોમાસું પૂરું થયા પછી મુનિએ ત્રણ વર્ષ માટે મૌન ધારણ કર્યું. તેમાં માત્ર સાધુઓ સાથે જરૂર પૂરતું બોલવાની તથા શ્રીમદ્ સાથે પરમાર્થ કારણે પ્રશ્નાદિ કરવાની છૂટ રાખેલી. એ અરસામાં "સમાધિશતક"નું વાંચન પણ ચાલતું હતું.

વિ. સં. ૧૯૫૦–૫૧ બંને વર્ષનાં ચોમાસાં સુરતમાં થયાં હતાં. સુરતમાં તેમને તથા મુનિ દેવકરણજીને કેટલાક વેદાંતના ગ્રંથોનો અને કેટલાક વેદાંતીઓનો પરિચય થયેલો. એમાંથી મુનિ દેવકરણજી પોતાને પરમાત્મા માનવા લાગ્યા હતા, એટલું જ નહિ તેમ કહી બતાવતા પણ હતા. એ બાબત લલ્લુજી મુનિએ શ્રીમદ્‌ને લખી જણાવ્યું. પ્રત્યુત્તરમાં શ્રીમદે દેવકરણજી મુનિને યોગ્ય બોધ થાય તેવો પત્ર લખ્યો, જે વાંચી દેવકરણજી સાચા રાહ પર આવ્યા.

તે પછી શ્રીમદ્ એક વખત સુરત એક દિવસ માટે ઊતરેલા, ત્યારે તેમણે દેવકરણજીના મનનું સમાધાન કર્યું હતું. સુરતમાં લલ્લુજી મુનિને દસ–બાર માસથી તાવ આવતો હતો. તેથી લલ્લુજી મહારાજને દેહ છૂટી જવાનો ભય લાગ્યો. આથી તેમણે પોતાના કૃપાળુ શ્રીમદ્‌ને ઉપરાઉપર પત્રો લખી વિનંતિ કરી કે:—

> "હે નાથ! હવે આ દેહ બચે તેમ નથી. અને હું સમકિત વિના જઈશ તો મારો મનુષ્યભવ વૃથા જશે. કૃપા કરી હવે મને સમકિત આપો."[૪૭]

૪૭, શ્રીમદ્ પરનો પત્ર, "ઉપદેશામૃત", પૃ. ૯.

મુનિનાં આ વચનો શ્રીમદ્ પ્રતિની અનન્ય શ્રદ્ધા વ્યક્ત કરે છે. આ વિનંતિને માન આપી શ્રીમદે તેમને "છ પદ"નો પત્ર વિ. સં. ૧૯૫૦માં લખ્યો, અને સાથે જણાવ્યું કે દેહ છૂટવાનો ભય કર્તવ્ય નથી. વળી, શ્રીમદ્ તે પછી સુરત આવ્યા ત્યારે એનો વિશેષ પરમાર્થ મુનિને સમજાવ્યો. આ પત્રનું મુનિને ઘણું મહત્ત્વ હતું, અને તેને તેઓ ચમત્કારી પત્ર તરીકે જ ઓળખાવતા હતા.

વિ. સં. ૧૯૫૨નું ચોમાસું મુનિએ ખંભાતમાં કર્યું. તેઓ શ્રીમદ્‌ને – એક ગૃહસ્થને – ગુરુ માનવા લાગ્યા હતા તેથી સંઘની તેમના પરની પ્રીતિ ઓછી થઈ ગઈ હતી. વળી, અંબાલાલભાઈ તથા અન્ય મુમુક્ષુઓ દર પૂર્ણિમાએ રાત્રિદિવસ ગુરુભક્તિ કરતા; એક વખત મુનિ તેમની સાથે રહ્યા હતા. કોઈને કહ્યા વિના તેઓ આમ બહાર રહ્યા તેથી શ્રાવક-શ્રાવિકાના સંઘને પણ એ વાત બહુ ગમી નહિ, અને લોકોનો લલ્લુજી પ્રત્યેનો સદ્‌ભાવ વિશેષ ઊતરી ગયો. પણ તે કંઈ ગણકાર્યા વિના મુનિ પોતાના કાર્યમાં મગ્ન રહ્યા.

વિ. સં. ૧૯૫૨માં પર્યુષણ પર નિવૃત્તિ લઈને શ્રીમદ્ ચરોતરમાં પધાર્યા હતા, ત્યારે તે સમાચાર મુનિને પણ મળ્યા. તેમને શ્રીમદ્‌નાં દર્શનની ઇચ્છા તીવ્ર બનતાં, તેઓ સવારે રાળજ સુધી દર્શન કરવા જવા નીકળ્યા. રાળજની ભાગોળે જઈ, શ્રીમદ્‌ની સેવામાં રહેલા અંબાલાલભાઈને પોતાનો સંદેશો મોકલ્યો. અંબાલાલભાઈએ તેમને આજ્ઞા નથી અને કેમ આવ્યા છો એવો પ્રશ્ન કર્યો. મુનિએ જણાવ્યું કે, "આજ્ઞા મંગાવવા તો આટલે દૂર રહ્યો છું, સર્વ મુમુક્ષુને લાભ મળે અને મારે વિરહ વેઠવો એ ન સહેવાતાં અહીં આવ્યો છું. આજ્ઞા ન હોય તો પાછો જાઉં." અંબાલાલભાઈ શ્રીમદ્‌ની આજ્ઞા મેળવવા પાછા ગયા. શ્રીમદે તેમની સાથે મુનિને સંદેશો કહેવડાવ્યો કે, "મુનિશ્રીના ચિત્તમાં અસંતોષ રહેતો હોય તો હું તે તરફ નીકળીને સમાગમ કરાવું અને તેમના ચિત્તને વિશે શાંતિ રહે તો ભલે ચાલ્યા જાય."[૪૮] મુનિ આજ્ઞાપાલન માટે, વિરહવેદના અને આશાભંગથી વહેતાં આંસુ લઈને ખંભાત પાછા આવ્યા. સાથે એવી શ્રદ્ધા પણ દૃઢ કરી કે ગુરુની આજ્ઞા માનવામાં જ કલ્યાણ છે. બીજી સવારે તેમને સમાચાર કહેવામાં આવ્યા કે, શ્રીમદ્ શ્રી સોભાગભાઈ, અંબાલાલભાઈ તથા ડુંગરશીભાઈને સત્સંગ કરાવવા મુનિ પાસે મોકલ્યા છે. સોભાગભાઈએ તેમને શ્રીમદે મોકલેલો સંદેશો જણાવ્યો, અને વિશેષમાં જણાવ્યું કે પાંચ માળા ફેરવવા આજ્ઞા કરી છે, અને થોડા વખત પછી શ્રીમદ્ જાતે જ ખંભાત પધારી સત્સંગ કરાવશે, જે સાંભળી મુનિને ઘણો પ્રમોદ ભાવ થયો.

થોડા દિવસ પછી શ્રીમદ્ ખંભાત નજીક વડવા આવ્યા. અને ત્યાં, લલ્લુજી મહારાજ સહિત, સાતે મુનિઓ તેમને એકાંતમાં મળ્યા. એ વખતે લલ્લુજી મહારાજને શ્રીમદ્‌ની વિરહવેદના અસહ્ય થઈ પડી હતી, અને તેનું કારણ મુનિવેશ લાગતું હતું તેથી મુહપત્તિ કાઢીને, આવેશમાં આવી તેમણે કહ્યું કે :—

> "હે નાથ, આપના ચરણકમળમાં મને નિશદિન રાખો. આ મુહપત્તિ મારે જોઈતી નથી...મારાથી સમાગમનો વિયોગ સહેવાતો નથી." આટલું કહેતાં તેમની

૪૮. શ્રીમદ્ પરનો પત્ર, "ઉપદેશામૃત", પૃ. ૧૦.

આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. તે જોઈ શ્રીમદ્‌ની આંખમાંથી પણ આંસુ વહેવા લાગ્યાં. થોડી વાર પછી શ્રીમદે દેવકરણજીને કહ્યું કે :—

"આ મુહપત્તિ મુનિશ્રીને આપો અને જણાવો કે હજી પહેરવાની જરૂર છે."[૫૦]

શ્રીમદ્ અઠવાડિયા સુધી — વડવા રોકાયા ત્યાં સુધી — સર્વ મુનિઓને લાભ આપતા રહ્યા અને તેમાંથી મુનિ મોહનલાલજી તથા અન્ય મુનિઓને પણ તેમનામાં શ્રદ્ધા આવી.

વડવાથી શ્રીમદ્ સંવત ૧૯૫૨ ના આસો માસમાં નડિયાદ ગયા. ત્યાં આસો વદ ૧ ને ગુરૂવારે "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની રચના થઈ. તેની એક નકલ શ્રીમદે લલ્લુજી મહારાજને પણ મોકલી આપી. મુનિ વનમાં જઈ એકાંતમાં તે વાંચતા, અને તેનો અધ્યાત્મરસ માણતા. તેના વાંચનથી તેમને બહુ ઉલ્લાસ રહેતો, અને અન્ય સર્વ બાબતોમાંથી વૃત્તિ ખસી જતી.

વિ. સં ૧૯૫૩નું ચોમાસું મુનિએ ખેડામાં કર્યું. ત્યાં સ્વાધ્યાય કરવા માટે શ્રીમદે તેમને "મોક્ષમાર્ગ પ્રકાશક" નામનું પુસ્તક મોકલ્યું હતું. તે પુસ્તકને મતમતાંતરથી દૂર રહી વાંચવાની ભલામણ શ્રીમદે કરી હતી. વિ. સં. ૧૯૫૪નું ચોમાસું મુનિએ વસોમાં કર્યું; તે વખતે શ્રીમદ્‌ના પૂછવાથી મુનિએ એક માસ માટે પોતાને સત્સંગ કરાવવાની માગણી શ્રીમદ્ પાસે કરી. શ્રીમદે તે સ્વીકારી. મુનિ વહોરવા માટે ગામમાં જતા ત્યારે અમીન તથા બીજા પાટીદારોને શ્રીમદ્ વિશે વાત કરતા હતા. પરિણામે તેઓ બધા પણ શ્રીમદ્‌ના સમાગમ માટે આવવા લાગ્યા. શ્રીમદે મુનિઓને આજ્ઞા કરી કે લોકો આવે ત્યારે તમારે ન આવવું. તેથી મુનિને ઘણો અફસોસ થયો કે એ રીતે તો એક માસના સમાગમમાં મોટો અંતરાય થશે. પણ શ્રીમદ્ વનમાં જતા ત્યારે મુનિઓને તેમના સમાગમનો પૂરતો લાભ મળતો હતો.

તે અરસામાં શ્રીમદે મુનિને મુમુક્ષુઓને આત્મહિત માટે ઉપયોગી સાધનો જણાવ્યાં. તેમાં સાત વ્યસન, કંદમૂળ, રાત્રિભોજન વગેરેનો ત્યાગ, તથા ક્ષમાપનાનો પાઠ, વીસ દોહરા, માળા ફેરવવી વગેરેનો સમાવેશ થતો હતો.

શ્રીમદે પોતાની નોંધનાં અમુક પાનાં મુનિને ઉપયોગી બને તેમ હોવાથી તેમને ઉતારવા આપ્યાં. પરંતુ આજ્ઞા આપી હતી તે પાનાં ઉપરાંતનાં બીજાં પાનાં પણ ઉપયોગી ગણી મુનિએ ઉતાર્યાં, અને બીજે દિવસે મુનિએ તે વાત શ્રીમદ્‌ને કરી. પરંતુ શ્રીમદ્‌ને એ ન ગમ્યું. શ્રીમદે બધાં પાનાં લઈ લીધાં અને આજ્ઞા વિરુદ્ધ ન કરવા જણાવ્યું. પછી અંબાલાલભાઈ દ્વારા મુનિએ આજ્ઞા મુજબનાં પાનાં મેળવવા વિનંતી કરી. અંતે શ્રીમદે તે પાનાં અંબાલાલભાઈ પાસે લખાવી મુનિને આપ્યાં. આવા નાના પ્રસંગ દ્વારા પણ શ્રીમદ્ આચાર માટે કેટલા કડક નિયમ પાળનાર હશે તેનો ખ્યાલ આપણને આવે છે.

વસોમાં છેલ્લે દિવસે શ્રી લલ્લુજી મુનિને શ્રીમદે એક કલાક બોધ આપ્યો અને તેમની રાગદૃષ્ટિ પલટાવી આત્મદૃષ્ટિ કરાવી, અર્થાત્ તે દિવસે મુનિને સમ્યગ્જ્ઞાન થયું હતું, એમ કહેવાય છે.

---

૫૦. શ્રીમદ્ પરનો પત્ર, "ઉપદેશામૃત", પૃ. ૨૬૮.

વસોમાં એક માસ રહ્યા પછી દેવકરણ મુનિને ખેડામાં ૨૩ દિવસ સુધી શ્રીમદ્દે સત્સંગ કરાવ્યો. ચાતુર્માસ પૂરો થતાં સાતે મુનિઓ નડિયાદમાં મળ્યા. અને લગભગ દોઢ માસ સુધી અલ્પ આહાર, નિહાર, નિદ્રા વગેરેનું પાલન કરી રહ્યા. તે સમયે દિવસનો મોટો ભાગ શાસ્ત્રવાચનમાં તથા શ્રીમદ્ તરફથી થયેલા બોધની આપ-લે, ભક્તિ, મનન વગેરેમાં ગાળતા હતા.

નડિયાદથી લલ્લુજી મુનિ ખંભાત તરફ જવાના હતા, અને દેવકરણજી મુનિ આદિ અમદાવાદ જવાના હતા. તેવામાં શ્રીમદ્‌ના મુંબઈથી ઇડર જવાના ખબર મળ્યા. તેથી અન્યત્ર વિહાર બંધ રાખી બધા મુનિઓ ઇડર તરફ ગયા. લલ્લુજી મુનિ તથા બીજા બે મુનિ વહેલા પહોંચ્યા, અને બીજા ચાર પાછળથી પહોંચ્યા. તેમને આવેલા જાણી શ્રીમદ્દે સહજ ખિજાઈને કહ્યું કે તમે શા માટે પાછળ પડયા છો? જે જણાવવાનું હતું તે જણાવી દીધું છે, માટે કાલે વિહાર કરી પાછા જાઓ. લલ્લુજી મુનિએ હા કહી, પછી વિનંતી કરી કે દેવકરણજી સાથેના બે મુનિઓને આપનાં દર્શન થયાં નથી, તો તેમને દર્શનની આજ્ઞા આપો, પછી અમે ચાલ્યા જઈશું. શ્રીમદ્દે આજ્ઞા આપી. ઇડરમાં મુનિઓને સાત દિન સુધી પહાડો અને વનમાં સમાગમ કરાવ્યો. એ સમયે મુખ્યત્વે "દ્રવ્યસંગ્રહ"ની ગાથાઓ સમજાવતા હતા, અને વૈરાગ્યની સવિશેષ વૃદ્ધિ થાય તેવો બોધ આપતા હતા.[૫૧]

ત્યાંથી નીકળી લલ્લુજી મુનિ એ અઢી માસ સુધી ઇડરની આજુબાજુના પ્રદેશમાં વિચર્યા. અને ત્યાંથી નડિયાદ આવી વિ. સં. ૧૯૫૫નું ચોમાસું ત્યાં જ કર્યું. મુંબઈમાં શ્રીમદ્ સાથે મુનિને સમાગમ થયો, તે પછી શ્રીમદ્ સાથેનો તેમનો પત્રવ્યવહાર વધી ગયો. પરિણામે તે ખુલ્લી ચર્ચાનો વિષય બન્યો. અને એ વાત શ્રીમદ્ પાસે પહોંચી. તે વિશે યોગ્ય બોધ આપતો એક પત્ર શ્રીમદ્દે વિ. સં. ૧૯૫૦ના વૈશાખ વદ સાતમના રોજ મુંબઈથી લખ્યો હતો.[૫૨] તેમાં પત્રાદિ લખવાની મુનિને શા માટે શાસ્ત્રમાં આજ્ઞા નથી આપી તે વિશે તેમણે સમજાવ્યું છે. અને મુનિએ કરેલા કાર્ય માટે, જોકે એ અયોગ્ય ન હોવા છતાં બીજા ખોટો માર્ગ ન અપનાવે તે હેતુથી, સંઘ પ્રાયશ્ચિત્ત આપે તો તે લઈ લેવા શ્રીમદ્દે મુનિને અનુરોધ કર્યો છે. મુનિને જે ભાવાર્થનો પત્ર લખ્યો હતો, તે વિશે તેમણે શ્રી અંબાલાલભાઈને પણ થોડા દિવસ પછી જણાવ્યું હતું. આ બંને પત્રો વાંચતાં મુનિના આચાર વિશેની શ્રીમદ્‌ની ઝીણવટભરી દૃષ્ટિનો આપણને ખ્યાલ આવે છે. સાધુપણું ગ્રહણ કરનાર વ્યક્તિ પણ કેટલીક વાર ન સમજે તેટલી સમજ તેમનામાં હતી, તે આ પત્રો વાંચતાં આપણને સમજાય છે.

વિ. સં. ૧૯૫૨માં શ્રીમદ્‌ના સમાગમ માટે મુનિઓ જતા, તેથી સંઘમાં તેમના વિશે વિશેષ ચર્ચા ચાલી; અને લોકો તરફથી તેમને ખૂબ ત્રાસ આપવામાં આવ્યો. આ પરિસ્થિતિમાં બધા મુનિઓ કેવા સમભાવથી વર્તતા હતા તે વિશે અંબાલાલભાઈએ વિ. સં. ૧૯૫૩ના ફાગણ માસમાં શ્રીમદ્‌ને લખ્યું હતું કે :—

---

૫૧. આ દિવસોનું વિગતવાર વર્ણન "ઉપદેશામૃત"ની પ્રસ્તાવનામાં,
તથા "શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા"માં મળે છે.

૫૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૫૦૧.

"મુનિશ્રી ભાણજી રખજીએ તેડાવવાથી કુલ સાધુ ૨૦ એકઠા થયા છે. મુનિશ્રી લલ્લુજી આદિ ઠાણાં ૬ આજ્ઞાનુસાર વર્તે છે, તે લોકો વિશેષ ચેષ્ટામાં, નિંદામાં આવી ગયા છે. અત્રેના સૌ મુમુક્ષુઓ આજ્ઞાનુસાર વર્તે છે. હવે તો તે લોકોએ હદપાર પ્રરૂપણા અને નિંદા કરવા માંડી છે. તે પ્રસંગે જો જરા કહેવા જાય છે કે મુનિનો માર્ગ કેવો હોવો જોઈએ, વગેરે સહજ કહે છે તો તે પણ તે લોકોને અવળું ભાસે છે...અનેક પ્રકારે અન્યાયથી પ્રરૂપે છે, ત્યાં મુનિ વગેરે સૌ અત્યારે તો સમપણે રહ્યાં છે, કોઈ કાંઈ બોલતું નથી. જરા વાત કરવા જઈએ તો અન્યાયપણે જ બોલવું, ત્યાં આ જીવનો શો આશરો? હવે તો હે પ્રભુ! આપનું શરણ એક આધારભૂત છે, જે સાધુ સન્માર્ગની ઇચ્છાવાળા છે તેમાંથી એક્કે એક્કને બોલાવી વિશેષ પ્રકારે દબાવે છે. માર્ગથી પાડવાનું પ્રયત્ન કરે છે. અને લોકસમુદાય વખતે અન્ય અન્ય પ્રકારે હાસ્યાદિક ચેષ્ટા કરે છે. તેઓ છ મુનિઓ તો સમપણે રહ્યા છે, મુનિ દેવકરણજીને સાચી વાતમાં શૂરવીરપણું આવી જાય છે. પણ મન દબાવી બેસી રહ્યા છે. હવે તો તે લોકોને વિશેષ આગ્રહ થઈ પડચો છે. ત્યાં વગર પૂછયે આ સાધુઓને સંઘાડા બહાર મૂકી દે ત્યાં આ છ મુનિઓને શી રીતે વર્તવું? કદાપિ સંઘાડા બહાર ન મૂકે અને એકેકને જુદા પાડીને પોતાના સંઘમાં રાખીને વિષમપણે દબાવે અથવા પાડવાનો પ્રયત્ન કરે ત્યાં આ મુનિઓએ શી રીતે વર્તવું? કેટલાક થતી જિજ્ઞાસાવાળા મુનિઓને તો આ પ્રસંગે વિશેષ દૃઢ થયું છે, અને થાય છે તોપણ હવે ડરે છે કે આ સંગ ભૂંડો છે, અને તેમાં રહેવું થશે તો કેમ કરવું? એ વિશે ખુલાસો ઇચ્છે છે. પત્રથી વિશેષ લખવાનું બન્યું નથી. પણ અદ્વેષ પરિણામે જ વર્તવાનું રાખ્યું છે. તોપણ અગ્નિઆળ આગળ રહેવાથી ઉષ્ણપણું થયા વિના રહેતું નથી. છતાં દાબી દાબીને રાખી રહ્યા છે. હવે તો આપ પરમ કૃપાળુદેવશ્રીની પરમ કૃપાથી જગતનું કલ્યાણ થાઓ. આ સંસર્ગથી ગમે તેટલું હોય તોપણ ચિત્ત વિક્ષેપ પામી જાય છે. હવે તો તે મુનિઓને ઊઠવા દે તેમ લાગતું નથી. તેમ તે લોકો અમારા સાથે તો કંઈ વાત જ કરતા નથી... અત્યંત દૃઢ પરિણામે રહી શકવા જેટલી મારી સ્થિતિ નથી એટલે સત્યની વાતમાં શૂરવીરપણું આવી જાય છે, અને સાચી વાત કરીએ છીએ તેને હાસ્યમાં અન્યાયપણે કાઢી નાખે છે. એ વળી ફરી પાછી અનુકંપા આવી જાય છે."[૫૩]

શ્રીમદ્‌ની સંપીને, અદ્વેષ પરિણામથી રહેવાની સૂચનાને અનુસરીને મુનિઓ વિષમ પરિસ્થિતિમાં પણ કેટલા સમભાવથી રહ્યા હતા તે આપણે ઉપરના પત્રમાં જોઈ શકીએ છીએ. અને મુનિશ્રી લલ્લુજી આદિએ રાખેલી સમતાનો પ્રભાવ લોકો પર પડચા વિના રહ્યો નહોતો. નિંદક વર્ગમાંની વ્યક્તિઓનો પલટો પણ થયો હતો. વળી, આ મુનિઓ તેમનામાં મોટા ગણાતા સાધુની આજ્ઞા વિરુદ્ધ સહેજ પણ ચાલ્યા નહોતા. વિ. સં. ૧૯૫૫ના ચૈત્ર સુદ પાંચમના પત્રમાં લલ્લુજી મહારાજ શ્રીમદ્‌ને લખે છે કે:—

૫૩. "ઉપદેશામૃત", પ્રસ્તાવના, પૃ, ૨૦.

"ચોમાસું મુનિ છગનનું ખંભાત થાય તેમ સમજાય છે. પણ મુનિ દેવકરણજી-કચ્છથી – આવે તો ફેરફાર કરવું હશે તો તે સવડ બને તેમ છે. કોઈ વિષમ બને તેમ નથી આજ મુનિ ભાણજી રખજીનો પત્ર આવશે."[૫૪]

તે પછી લલ્લુજી મહારાજે નડિયાદ અને મુનિ દેવકરણજીએ વસોમાં ચોમાસું કર્યું હતું.

વિ. સં. ૧૯૫૫ના ચોમાસા પછી લલ્લુજી મહારાજ સહિત સાતે મુનિઓને ખંભાતના સંઘાડા બહાર મૂકવામાં આવ્યા હતા. આમ છતાં સામા પક્ષ સાથે કોઈ પણ જાતનો દ્વેષભાવ થયો જ ન હોય, તેવી જાતનો વર્તાવ તેમણે રાખ્યો હતો. વળી, જે વખતે સંઘાડામાં ભાગ થયા ત્યારે પણ પુસ્તક કે અન્ય કોઈ ચીજ માટે આ મુનિઓએ કોઈ પણ જાતની માગણી કે તકરાર કરી ન હતી, એ તેમની ઉદારતા તથા નિઃસ્પૃહતાની છાપ બધા સાધુઓ ઉપર પડેલી. કષાયની વૃદ્ધિ થાય તેવા પ્રસંગોમાં પણ આ સાધુઓ સમતાભાવે રહી, આત્મહિતમાં જ મશગૂલ રહ્યા હતા. આ સ્થિતિ વિશે શ્રીમદ્‌ને જણાવતાં અંબાલાલભાઈએ લખ્યું હતું કે :—

"આવા લૌકિક ઉદયથી મનને સંકોચ નહિ કરતા, મહા મુનિઓ આનંદમાં રહે છે. અને નીચે પ્રમાણે પરમાર્થ વિચારે છે."

"અસત્સંગ દૂર થશે, મારાપણું આખા જગતથી છોડયું હતું અને તેમાં આ લપિયા સંઘાડાને લઈને કંઈ વળગ્યું હતું તે સહેજે છૂટયું, એ પરમ કૃપા શ્રી સદ્‌ગુરુની છે. હવે તો હે જીવ! તારો ગચ્છ, તારો મત, તારો સંઘાડો ઘણો મોટો થયો – ચૌદ રાજલોક જેવડો થયો. ષડ્‌દર્શન ઉપર સમભાવ અને મૈત્રી રાખી નિર્મમત્વભાવે, વીતરાગભાવે આત્મસાધનને બહોળો અવકાશ મળ્યો."

"... જીવ અજ્ઞાન, મિથ્યાત્વભાવમાં જ્યાં સુધી છે ત્યાં સુધી મિથ્યાત્વમાં ને ગચ્છમાં જ્ઞાની તેને ગણે છે. મિથ્યાત્વ ગયા પછી સમકિત પ્રાપ્ત થતાં તેને તે નાત, જાત, ટોળી, મત–ગચ્છમાં ગણ્યો; અને તેરમે ગુણઠાણે ગયો કે ચૌદમે છે તોપણ દેહધારીના ગચ્છમાં ગણાણો; પણ શુદ્ધ, નિર્મળ, શુદ્ધ સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ પ્રગટયું ત્યારે તે કૃતાર્થ થયો, સર્વથી ભિન્ન નિર્મળ થયો..."[૫૫]

આ તથા બીજા કેટલાક પત્રોમાં મુનિઓની આંતરિક ઉચ્ચ પરિસ્થિતિનું આપણને દર્શન થાય છે. તેમાં આપણે મુનિઓને, નરસિંહ મહેતાની જેમ કહેતાં સાંભળીએ છીએ કે :—

"ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ."

નડિયાદનું ચોમાસું પૂરું થયા પછી મુનિ વીરમગામ જવા નીકળ્યા. બધા સાધુઓ ત્યાં મળીને ભક્તિ વગેરેમાં પોતાનો સમય પસાર કરવા લાગ્યા. ત્યાં પણ શ્રીમદે તેમને સત્સંગ કરાવ્યો હતો. પછી શ્રીમદ્ વવાણિયા જઈને વળતાં અમદાવાદ આવ્યા, તે વખતે મુનિઓ પણ અમદાવાદ પહોંચ્યા હતા. અને ત્યાં પણ એ રીતે તેઓનો મેળાપ થયેલો.

૫૪–૫૫. "ઉપદેશામૃત", પ્રસ્તાવના, પૃ. ૨૧.

શ્રી લલ્લુજી વગેરે મુનિઓ શ્રીમદ્દના જ્યાં જ્યાં જવાના સમાચાર મળે ત્યાં ત્યાં વિહાર કરીને બને ત્યાં સુધી પહોંચતા, અને તેમની સાથે સત્સંગ કરવાનો લાભ મેળવતા.

વિ. સં. ૧૯૫૫માં શ્રીમદ્ મુનિઓ પાસે નરોડા આવ્યા હતા. ત્યાં એક દિવસ બપોરે શ્રીમદ્દે મુનિઓને સત્સંગ કરાવવા વનમાં બોલાવ્યા હતા. ગામ બહાર બધા મળ્યા, તે વખતે મુનિઓના પગ દાઝતા હશે, એમ વિચારી શ્રીમદ્દે પોતાના પગમાંથી જોડા કાઢીને ખુલ્લા પગે ખૂબ જ ધીમી ચાલથી ચાલવા માંડ્યું હતું. તાપ સખત હતો, છતાં તેની કશી પણ પરવા કર્યા વિના તેઓ નિયત સ્થળે પહોંચ્યા. તેમના પગનાં કૂણાં તળિયાં તો એકદમ લાલ થઈ ગયાં હતાં, અને ફોલ્લા પણ ઊપડ્યા હતા, છતાં વડ નીચે બેઠા પછી પણ તેમણે ત્યાં હાથ સુદ્ધાં ફેરવ્યો નહોતો. તેઓએ શ્રી દેવકરણજી મુનિ સામે જોઈને જણાવ્યું કે :—

> "હવે અમે તદ્દન અસંગ થવા ઇચ્છીએ છીએ. કોઈના પરિચયમાં આવવું ગમતું નથી. એવી સંયમશ્રેણીમાં આત્મા રહેવા ઇચ્છે છે."
>
> તેથી દેવકરણજી મુનિએ એ પૂછ્યું, "તો અનંતી દયા જ્ઞાની પુરુષની છે તે ક્યાં જશે ?"
>
> શ્રીમદ્દે જવાબ આપ્યો, "અંતે એ પણ મૂકવાની છે."

તે પછી શ્રીમદ્દે મુનિઓને બોધ આપ્યો હતો. વિ. સં. ૧૯૫૬માં લલ્લુજી મુનિએ સોજિત્રામાં સોનીની ધર્મશાળામાં ચોમાસું કર્યું હતું, તે પૂરું થયું ત્યારે ખબર મળ્યા કે શ્રીમદ્ અમદાવાદ આવ્યા છે, તેથી તેઓ પણ વિહાર કરી ત્યાં પહોંચ્યા. બીજા બધા મુનિઓ પણ ત્યાં આવ્યા. તે વખતે શ્રીમદ્દે લલ્લુજી મુનિને "કાર્તિકેયાનુપ્રેક્ષા" વારંવાર વિચારવાની ભલામણ કરી હતી. શ્રીમદ્ જ્યારે અમદાવાદથી વઢવાણ જવાના હતા તેની આગલી રાતે શ્રીમદ્દે લલ્લુજી મુનિને કહ્યું કે :—

> "તમે જ અમારી પાછળ પડ્યા છો, અમે જ્યાં જઈએ છીએ ત્યાં દોડ્યા આવો છો, અમારો કેડો મૂકતા નથી."[૫૬]

આ ઠપકો સાંભળી, ધ્યાનમાં લઈ લલ્લુજી મુનિએ નિર્ણય કર્યો કે હવે તેઓ તેડાવશે ત્યારે તેમના ચરણમાં જઈશ, ત્યાં સુધી દૂર રહીને તેમની ભક્તિ કર્યા કરીશ. ત્યાં તો બીજા જ દિવસે શ્રીમદ્દે તેમને તથા શ્રી દેવકરણજી મુનિને પોતાને ઉતારે તેડાવી પોતાની દશા વિષે જણાવ્યું કે :—

> "હવે એક વીતરાગતા સિવાય અમને બીજું કાંઈ વેદન નથી. અમારામાં અને વીતરાગમાં ભેદ ગણશો નહિ."[૫૭]

બંને મુનિઓને તેવી શ્રદ્ધા હતી, અને આ વચનો તેમના સ્વમુખે સાંભળતાં બંનેને પરમ ઉલ્લાસ થયો. શ્રીમદ્ અમદાવાદથી વઢવાણ ગયા, ત્યાંથી કેટલોક કાળ રહી રાજકોટ ગયા અને ત્યાં ૧૯૫૭ના ચૈત્ર વદ ૫ના શ્રીમદ્દનો દેહોત્સર્ગ થયો.

---

૫૬. "ઉપદેશામૃત", પ્રસ્તાવના, પૃ. ૨૫.

૫૭. એજન, પ્રસ્તાવના, પૃ. ૨૫.

તે વખતે લલ્લુજી મુનિ કાવિઠામાં હતા, આ સમાચાર શેઠ ઝવેરચંદ ભગવાનદાસને સરનામે જણાવવામાં આવ્યા. મુનિને પાંચમનો ઉપવાસ હતો, તેથી છઠ્ઠને દિવસે તેઓ જંગલમાંથી ગામમાં આવ્યા ત્યારે તેમને આ સમાચાર મળ્યા. ઝવેરચંદભાઈની ઇચ્છા આ સમાચાર પારણું થઈ જાય પછી જણાવવાની હતી, પણ મુનિના આગ્રહને લીધે વહેલા કહેવાઈ ગયા. આ સમાચાર સાંભળીને તેઓ પાછા જંગલમાં ચાલ્યા ગયા અને તે દિવસે તેમણે નિર્જળો ઉપવાસ કર્યો. ચૈત્રમાસની ગરમીનો તે દિવસ તેમણે પોતાની વિરહની વ્યથાને લીધે કાયોત્સર્ગ, ભક્તિ વગેરેમાં એકાંતમાં જ ગાળ્યો. ત્યાંથી મુનિ વસો તરફ ગયા. તે પછીથી મુનિને અંબાલાલભાઈનો સત્સંગ આશ્વાસક અને ઉત્સાહપ્રેરક બન્યો. વિ. સં. ૧૯૫૭નું ચોમાસું મુનિએ વસો ક્ષેત્રે કર્યું, વિ. સં. ૧૯૫૮માં મુનિ દેવકરણજીનો દેહ પણ છૂટી ગયો. અને તે રીતે સત્સંગયોગ્ય વધુ એક વ્યક્તિથી મુનિશ્રી વિખૂટા બન્યા. પણ તે બધું જ તેઓ પોતામાં પચાવી ગયા. વિ. સં. ૧૯૫૮નું ચોમાસું તેમણે દૂર દક્ષિણમાં કરમાળામાં કર્યું. એ દરમ્યાન તેમનો અંબાલાલભાઈ સાથેનો પત્રવ્યવહાર ચાલુ જ હતો. આચાર્ય પદવી કે એવી બીજી કોઈ પદવી લેવાનો મોહ પણ તેમણે છોડી દીધો હતો. શ્રી અંબાલાલભાઈએ એ બાબત કંઈ લખેલું તેના ઉત્તરમાં મુનિએ પોતાની અનિચ્છા જ વ્યક્ત કરેલી. મુનિએ રાખેલી આ અસંગ થવાની ઇચ્છાથી અંબાલાલભાઈએ ખૂબ પ્રસન્નતા પણ અનુભવી હતી.

તે ચોમાસમાં અંબાલાલભાઈને કરમાળા જવાનું થયું હતું અને ત્યાં શ્વેતાંબર, સ્થાનકવાસી અને દિગંબર એ ત્રણે સંપ્રદાયના છેલ્લાં ત્રીસ વર્ષથી ચાલતો ઝઘડો, શ્રી લલ્લુજી મુનિ આદિની સમજાવટ તથા સહાયથી સમાધાનનું સ્વરૂપ પામ્યો હતો. કરમાળાથી વિહાર કરી આજુબાજુનાં ગામોમાં લોકોને ધર્મલાભ આપી મુનિવરો નરોડા આવ્યા. અને વિ. સં. ૧૯૫૯નું ચોમાસું નરોડા જ કર્યું.

ત્યાંથી તેઓ રાણકપુર જવાના હતા. આ ખબર જાણી એક દ્વેષી સાધુએ ત્યાં જઈ ત્યાંના લોકોને આ મુનિ વિરુદ્ધ ઉશ્કેર્યા અને તેમને મદદ કરવાથી મિથ્યાત્વ લાગે એવું લોકોના મગજમાં ઠસાવી દીધું. મુનિઓ ત્યાં પહોંચ્યા ત્યારે લોકોએ આહાર તો શું, પાણી પણ વહોરાવ્યું નહિ. ગરમ પાણી પણ તેમને મળ્યું નહિ તેથી બીજા સાધુઓએ ત્યાંથી વિહાર કરવાની ઇચ્છા દર્શાવી, પણ લલ્લુજી મહારાજે કહ્યું કે પ્રાપ્ત પરિષહને જીતવા એ જ મુનિનું કર્તવ્ય છે. તેથી અહીંથી ચાલી જવું યોગ્ય નથી. આથી તેઓ બધા ત્યાં રહ્યા. એ રીતે તેમને ત્રણ નિર્જળા ઉપવાસ થયા. ચોથે દિવસે ખંભાતનો સંઘ યાત્રાએ નીકળેલો તે રાણકપુર આવી પહોંચ્યો. સંઘને કોઈ મુનિ હોય તો તેમને વહોરાવ્યા પછી ભોજન લેવાની ઇચ્છા હતી. તેથી ગામમાં તપાસ કરાવી તો આ મુનિઓની ખબર મળી. તેઓને બોલાવી સંઘે આદરપૂર્વક વહોરાવ્યું. અહીં પણ લલ્લુજી મુનિમાં રહેલી સાચી સાધુવૃત્તિનો આપણને પરિચય થાય છે. સમતાપૂર્વક પરિષહોને સહેનારના અંતરની શાંતિ કેવી હશે!

તે પછી મુનિઓ વિહાર કરતા કરતા પાલણપુર, પાલીતાણા આદિ સ્થળોએ જઈને જૂનાગઢ આવ્યા. ગિરનાર પર તેઓ બધા પાંચમી ટૂંક સુધી અન્ય મુમુક્ષુઓ સાથે ગયા. ત્યાંની એક ગુફા વિષે એવી કિંવદન્તી પ્રચલિત હતી કે જે કોઈ તેમાં રાત રહે તે સવાર સુધીમાં મૃત્યુ પામે. આ જાણી શ્રી લલ્લુજી મુનિએ ત્યાં રહેવાની ઇચ્છા કરી. મુમુક્ષુઓની ઘણી

ઘણી ના હોવા છતાં તેઓ અને મુનિ મોહનલાલજી ત્યાં રહ્યા. રાત્રે બંને સ્મરણમંત્રની માળા, ભક્તિ વગેરેમાં સમય પસાર કરવા લાગ્યા. થોડી વાર પછી વીજળીના કડાકાના જેવા ભયંકર અવાજો થવા લાગ્યા, પણ તે તરફ ધ્યાન ન આપતાં મુનિઓએ ભક્તિ ચાલુ રાખી. કેટલોક સમય પસાર થયા પછી એ ઉપદ્રવ શાંત થઈ ગયો. સવારે ગુફાની બહાર આવી એ અવાજ થવાનું કારણ તપાસ્યું તો કોઈ કારણ જણાયું નહિ. બીજી રાત પણ તેઓએ ત્યાં ગાળી. તે રાતે આગલી રાત કરતાં ઓછો ઉપદ્રવ થયો હતો.

પછી જૂનાગઢથી વિહાર કરી તેઓ ધંધૂકા આવ્યા, અને ત્યાં જ વિ. સં. ૧૯૬૦નું ચોમાસું કર્યું. ત્યાં અંબાલાલભાઈ વગેરે તેમના સત્સંગ માટે થોડા દિવસ આવ્યા હતા. તે પછી મુનિઓ ખંભાત પધાર્યા ત્યાં સર્વનો મેળાપ થતાં તેઓ શ્રીમદે આપેલા બોધ પર વિચાર કરવામાં સમય ગાળતા હતા. ત્યાંથી મુનિ આદિ વટામણ ગયા, અને પાછળથી શ્રી અંબાલાલભાઈ પ્લેગના રોગમાં નશ્વર દેહ છોડી ગયા. તે પછી થોડા જ વખતમાં વિ. સં. ૧૯૬૧માં – "પરમશ્રુત પ્રભાવક મંડળ" તરફથી "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથની પ્રથમ આવૃત્તિ પ્રગટ થઈ એથી શ્રી લલ્લુજી મુનિને ઘણો આનંદ થયો, કારણ કે અત્યાર સુધી તેમની પાસે શ્રીમદ્‌ના થોડા પત્રો જ વાંચવા-વિચારવા માટે હતા પણ હવે તેમનું ઘણું સાહિત્ય ઉપલબ્ધ બન્યું. તેમને માટે તે ઉપકારી પણ હતું.

વિ. સં. ૧૯૬૧નું ચોમાસું વડાલીમાં કર્યા પછી, વિ. સં. ૧૯૬૨નું ચોમાસું તેમણે ખેરાળુમાં કર્યું. તે પછી તેમના સમાગમમાં શ્રી રત્નરાજ મહારાજ નામે એક મુનિ આવ્યા. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ તે મુનિને લલ્લુજી મહારાજમાં વિશેષ શ્રદ્ધા થતી ગઈ. અને તેમનો મેળાપ પણ વારંવાર થવા લાગ્યો. લલ્લુજી મહારાજને તો સર્વને એક જ બોધ આપવાનો હતો કે, "શ્રીમદ્ એ સાચા ગુરુ છે, અને તેમને શ્રદ્ધવાથી જીવનો સંસારરોગ મટશે." જે તેમના પત્રો, ઉપદેશ, આચરણ વગેરેમાંથી પ્રત્યક્ષ થાય છે.

મુનિએ વિ. સં. ૧૯૬૩નું ચોમાસું વસોમાં, વિ. સં. ૧૯૬૪નું ચોમાસું બોરસદમાં, વિ. સં. ૧૯૬૬નું પાલીતાણામાં અને વિ. સં. ૧૯૬૭નું ખંભાતમાં કર્યું. આ બધાં વર્ષ તેમણે પોતાની ભક્તિ દૃઢ કરવામાં ગાળ્યાં. તેનો લાભ લોકોને પણ મળતો; તેમાંથી કેટલાકને તો જિંદગીભર ચાલે તેવો ભક્તિનો રંગ લાગ્યો.

શ્રીમદ્, દેવકરણજી મુનિ, અંબાલાલભાઈ વગેરેના વિયોગ થયા પછી લલ્લુજી મહારાજની સ્થિતિ વિકટ બની હતી. વળી, તેમની વૃદ્ધાવસ્થા વધતી જતી હતી, અનેક રોગોએ તેમના શરીરમાં દેખા દીધી હતી. તેમને સારણગાંઠ, હરસ વગેરે રોગોને લીધે બાહ્ય ચારિત્ર પાળવામાં ખૂબ મુશ્કેલી નડવા લાગી. તેમાં વળી વાના ઉપદ્રવથી બંને પગ ઝલાઈ ગયા, એટલે મુશ્કેલી વધી. અંતરંગ વલણ વીતરાગતા તરફ હોવાને લીધે આ જાતનું વિઘ્ન તેમનાથી સહેવાતું નહોતું, તેથી જંગલમાં એકાંતમાં ચાલ્યા જવાની ઇચ્છા રહેતી હતી, પણ બધું સમતાથી સહેતા હતા. જૈન લોકો તરફથી સતામણી પણ વિશેષ થતી હતી, પણ તેમના અંતરમાં સમતા અને ક્ષમા ભરી હોવાને લીધે, તેમણે તે વિષે કદી કોઈને કશું કહ્યું ન હતું. માત્ર તેમના પર આવેલા મુમુક્ષુઓના પત્રો પરથી કે મુમુક્ષુએ કરેલી વાતો પરથી થોડું થોડું જાણી શકાય છે.

શ્રી રત્નરાજજી, લલ્લુજી સ્વામીની સેવામાં રહેલા શ્રી રણછોડભાઈને લખે છે કે :—

"તમો ભાઈને પ્રસંગ પામી પ્રતિબોધ તરીકે નહિ, પણ પ્રેમ પ્રીતિભાવ તરીકે જણાવવાનું થાય છે કે, તેના ઉપર ખાસ ધ્યાન રાખી અપ્રમત્તેતીપણે વર્તી પ્રત્યક્ષ પુરુષની આજ્ઞા આરાધનરૂપ મહત્ કાર્ય કર્તવ્ય છે. તમો ભાઈ, જાતે વ્યવહારકુશળ અને વિચક્ષણ છો, પરંતુ તમારી જાતિ સરળસ્વભાવી છે. માટે આવા કટોકટીના વખતમાં સાવચેતી રાખી મન મક્કમ રાખવું. કારણ કે કહેવાતા મુમુક્ષુઓનું માપ મોટેભાગે વગર લીધે માપ આવી ગયું છે... ભાઈ હાલ તો મહાપ્રભુને સાચવવાનાં તમારાં સદ્‌ભાગ્ય છે."[૫૮]

મુનિ લલ્લુજી મહારાજને થતા પરિષહની વાત જાણી શ્રી રત્નરાજજી અકળાઈ ગયા હતા. તે વ્યથા વ્યક્ત કરતાં એક પત્રમાં તેઓ શ્રી ચતુરલાલજી મુનિ રત્નરાજજીને લખે છે કે :—

"...તમો ખરી કસોટીના વખતે પરમ પ્રભુશ્રીના ચરણમૂળમાં રહ્યા છો. સેવા કરી જન્મ સફળ કરો છો .. અમારી હાજરીની જરૂર જણાય તો બેશક તુરત લખી જણાવો... બનતી ત્વરાએ હાજર થઈશ ..હે મુનિ ! સુખે સમાધિની વાત હોત તો મને જણાવવાની જરૂર ન પડત, પણ આ અવસર સાંભળ્યા પ્રમાણે એવો આવી ચડ્યો છે કે મારા અંતરમાં એમ જ થાય છે કે હે પ્રભુ ! સહાય કરજો ! હે પરમકૃપાળ કૃપા કરજો ! ભરૂચમાં રહેવાની ઇચ્છા હતી. છતાં...વાતચીત...સાંભળતાં મારું ચિત્ત ઊપડી ગયું. તેમણે ઘણીએ મનુહાર કરી પણ એમ એકદમ ઊપડી ગયા...ભરૂચથી પાંચ દહાડામાં આવે શરીરે કાળા ઉનાળામાં અત્રે – વડોદરા – આવ્યો છું. હવે ફક્ત આપના અભિપ્રાયની વાટ જોઉં છું."[૫૯]

શ્રી લલ્લુજી મુનિ તબિયતના કારણે બે વર્ષ સુધી નડિયાદ રહ્યા તે વખતે તેમના પર કેટલી વીતી હશે, તેનો કંઈક ખ્યાલ શ્રી રત્નરાજજી મુનિનાં આગળ આપેલાં અવતરણો પરથી આવી શકે છે. આ પત્રવ્યવહાર અંગે, તથા લલ્લુજી મહારાજની તે વખતની સ્થિતિ વિષે બ્રહ્મચારી શ્રી ગોવર્ધનદાસજી જણાવે છે કે :—

"ઘણાખરા પત્રો અમુક અંગત માણસો સાથે મોકલેલા એવું તે પત્રો પરથી જણાય છે. અને પત્ર લાવનાર પાસેથી પત્રમાં ન લખવા યોગ્ય બાબત શ્રવણ કરવા અનેક પત્રોમાં ભલામણ છે, એટલે કોઈનાય દોષ પ્રસિદ્ધિમાં આવે તેવું તેમનું અંતઃકરણ ઇચ્છતું નહિ. કેટલાએક ઉદ્‌ગારો પત્રમાં નીકળી ગયા છે, તે તે પ્રસંગની પ્રબળતા સૂચવે છે. એટલે એ પ્રસંગો, આ પત્રો લાવનારનાં નામ આવે છે તેમની પાસેથી સાંભળ્યા છે. છતાં મહાપુરુષના સાધુચરિતને અવલોકતાં તેનો વિસ્તાર કરવાને ચિત્ત પ્રેરાતું નથી. તેમ છતાં તેનું કંઈ પણ દિગ્દર્શન ન થાય તો જે ચરિત્ર લખવાનું કાર્ય હાથમાં લીધું છે તેને અન્યાય પણ થાય છે, એટલે ખરી રીતે કસોટીના

૫૮. વિ. સં. ૧૯૭૧નો પત્ર; "ઉપદેશામૃત", પ્રસ્તાવના પૃ. ૫૦. ૫૯. એજન, પૃ. ૫૧.

વખતના વર્તનનો, સહનશીલતાનો સદ્ગુરુની અનન્ય દૃઢ ભક્તિનો એક આશ્રય ટકાવી રાખવાનો સિંહ સ્વભાવ જે શ્રી લઘુરાજજી સ્વામીમાં હતો તે આ પત્રોના ઉતારામાં દૃષ્ટિગોચર થતો નથી."[૬૦]

આ પરથી શ્રી લલ્લુજી મહારાજે કેટલી સહનશીલતા રાખી હશે તેનો કંઈક અંદાજ આવશે.

શ્રીમદ્દના અવસાનથી શરૂ કરી શ્રી લલ્લુજી સ્વામીના નડિયાદના નિવાસકાળના સમય સુધી મુમુક્ષુમંડળની બાહ્ય ધર્મપ્રવૃત્તિ વ્યવસ્થિત રહી. તે પછી તેઓમાં અંદરોઅંદર પૈસાની બાબતમાં ફાટફૂટ પડી. શ્રી લલ્લુજી મુનિ બંને પક્ષોને એક કરવા ઇચ્છતા હતા; પણ તે પક્ષપ્રેમીથી ન સહેવાયું; તે એટલે સુધી કે કેટલાકે તો શ્રી લલ્લુજી મુનિને એમ પણ સ્પષ્ટ જણાવી દીધું કે તમે ગમે તે એક પક્ષમાં રહો, નહિ તો નિરાધાર બનવું પડશે. પક્ષની આ પ્રમાણેની તીવ્ર લાગણી જાણ્યા પછી શ્રી લલ્લુજી મુનિ તે પક્ષને છોડીને સ્વતંત્ર રીતે નડિયાદમાં રહેવા લાગ્યા. પરિણામે તે પક્ષે મુનિ નિંદાનું કામ હાથ ધર્યું. લોકોમાં શ્રી લલ્લુજી મુનિનો આદર ઓછો કરાવવાની પ્રવૃત્તિએ મુખ્ય સ્થાન લીધું. પરિણામે ચરોતરમાં, જ્યાં શ્રીમદ્દને માનનાર મુમુક્ષુવર્ગ હતો ત્યાં, શ્રી લલ્લુજી મુનિને રહેવું પણ અશક્ય થઈ પડ્યું!

આથી વિ. સં. ૧૯૭૨ના કાર્તક વદમાં તેઓ કાણિસા ગામ આવ્યા. ત્યાં ગામ બહાર જંગલમાં કામનાથ મહાદેવના એકાંત સ્થાનમાં મુનિશ્રી રત્નરાજજી સાથે રહેવાનો તેમણે વિચાર કર્યો. ત્યાંના લોકોએ શ્રી લલ્લુજી મુનિ માટે જુદી સ્વતંત્ર ઓરડી પણ બંધાવી આપી. વળી, મુનિને તકલીફ ન પડે તેનો ખ્યાલ ત્યાંના સાધારણ સ્થિતિના ભાઈ રણછોડભાઈ રાખતા હતા. પણ પોતાના નિમિત્તે તેમના એકના ઉપર જ બધો બોજો ન પડે તે ઇરાદાથી શ્રી લલ્લુજી મુનિએ જંગલમાં ચાલ્યા જવાનું નક્કી કર્યું અને જૂનાગઢ તરફ વિહાર કરી, વિ. સં. ૧૯૭૨નું ચોમાસું જૂનાગઢમાં કર્યું.

તે પછી શ્રીલલ્લુજી મુનિએ બગસરા, તારાપુર, રાજકોટ, સીમરડા, સંદેશર આદિ સ્થળોએ વિહાર કરીને વિ. સં. ૧૯૭૬ સુધીનો સમય પસાર કર્યો. વિ. સં. ૧૯૭૬માં તેમની છત્રછાયા નીચે અગાસ સ્ટેશન પાસે એક આશ્રમની સ્થાપના થઈ. શરૂઆતમાં આ આશ્રમનું નામ તેમના નામે "શ્રી લઘુરાજ આશ્રમ" રાખેલું. તેઓ તેમના નમ્રતાના ગુણને લીધે, તથા પોતાની નાના રહેવાની માન્યતાને લીધે, લઘુરાજ તરીકે પણ જાણીતા હતા. આશ્રમ સાથે પોતાનું નામ જોડવામાં આવે એમ તેઓ મુદ્દલ ઇચ્છતા ન હતા, એટલું જ નહીં, આશ્રમમાં પોતાનું ચિત્રપટ રહે, એ પણ એમને પસંદ ન હતું. તેઓ આટલા બધા વિનમ્ર અને કીર્તિના અનાકાંક્ષી હતા. તેથી તેમણે જ સૂચવ્યું કે શ્રીમદ્ રાજચંદ્રથી લોકસમુદાયનું કલ્યાણ થયેલ છે, અને તેનો બદલો તો કોઈ રીતે વળી શકે તેમ નથી, માટે આ આશ્રમનું નામ તેમના સ્મરણરૂપે રાખવું. ત્યારથી એ આશ્રમનું નામ "શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ" રાખવામાં આવ્યું.

તે પછીનાં વિ. સં. ૧૯૭૭-૭૮-૭૯ એ ત્રણે ચોમાસાં તેમણે આશ્રમમાં કર્યાં. ઉપદેશ આપતી વખતે શ્રી લલ્લુજી મુનિ નાના, મોટા, રાય, રંક, સ્ત્રી, પુરુષ સર્વને તેમના

૬૦. વિ. સં. ૧૯૭૧નો પત્ર, "ઉપદેશામૃત", પ્રસ્તાવના, પૃ. ૫૨.

પરમાત્મસ્વરૂપને લક્ષમાં લઈ "પ્રભુ" તરીકે સંબોધતા, અને સર્વમાં પ્રભુભાવ જોતા. તે પરથી સૌ કોઈ તેમને પ્રભુશ્રી એવા માનાર્હ નામથી સંબોધવા લાગ્યા. વિ. સં. ૧૯૮૦માં તેઓ સમેતશિખરની જાત્રાએ ગયા, અને તે વર્ષનું ચોમાસું તેમણે પૂનામાં કર્યું. તે પછીનાં બધાં જ — એટલે કે વિ. સં. ૧૯૮૧થી ૧૯૯૧ સુધીનાં અગિયાર ચોમાસાં તેમણે આશ્રમમાં જ કર્યાં. આમ તેમણે કુલ ૧૪ ચોમાસાં અગાસ આશ્રમમાં કર્યાં.

આ આશ્રમની સ્થાપનામાં મુખ્ય ભાગ લેનાર, પ્રભુશ્રીની સેવા કરનાર તથા તેમના પરમપ્રેમી શ્રી રણછોડભાઈ નારના વતની હતા. રણછોડભાઈની સમજાવવાની અને લોકોને ધર્મપ્રેમી બનાવવાની શક્તિ ઘણી હતી, તેથી જ્ઞાનીની સમજ ન પામી શકે તેવા ઘણા લોકો "શ્રીમદ્"ને બદલે શ્રી "રણછોડભાઈ"ને જ પ્રભુ માનીને પૂજવા લાગ્યા હતા; તો વળી કેટલાક કોઈ બીજા ભાઈને પણ પૂજવા લાગ્યા હતા. લોકોની આ દૃષ્ટિ છોડાવવા પ્રભુશ્રીએ એક વખત ઈ. સં. ૧૯૨૪ના ૨૩મી જુને.ઉપદેશ આપ્યો હતો. તેમણે શ્રીમદ્દના ચિત્રપટને બતાવી શ્રી રણછોડભાઈને પૂછ્યું કે "તમને જ્ઞાન થયું છે?" શ્રી રણછોડભાઈએ ના કહી. તે પછી તેમણે જે ઉપદેશ આપ્યો તેમાં તેમની નિઃસ્પૃહતા જોવા મળે છે. જુઓ તે વચનો —

"નિષ્પક્ષપાતપણે એક આત્મહિતની ખાતર અમે એક વાત જણાવવા ઇચ્છીએ છીએ. તેમાં નથી અમારો સ્વાર્થ, નથી કોઈને આડો રસ્તો બતાવવો કે નથી પૂજાસત્કાર સ્વીકારવાની વાત. બધા સંઘની સાક્ષીએ એ વાત કહીએ છીએ. જે ભરી સભામાં સંઘ આગળ જૂઠું કે છેતરવાને બોલે તેનું શાસ્ત્રમાં મહાપાપ વર્ણવ્યું છે. તેવા બોબડા જન્મે છે, વાચા બંધ થઈ જાય છે, મૂઢ પણ થાય. અમે જે કહીએ છીએ તેના ઉપર જેને વિશ્વાસ હોય તે જ ઊભા થાય. અમે કહીએ તેમ કરવું હોય તો ઊભા થઈ કૃપાળુદેવના ચિત્રપટ આગળ હાથ મૂકે અને કહે કે સંતના કહેવાથી મારે કૃપાળુદેવની આજ્ઞા માન્ય છે. અમને તો ભલા એમ થયું કે જે વચન અમને આત્મહિતનું કારણ થયું તે વચન બીજા પણ સાંભળે, શ્રદ્ધે તો કલ્યાણ થાય. તેથી તેની આજ્ઞા, "સહજાત્મસ્વરૂપ પરમ ગુરુ' જે અમારી પાસે આવ્યા તેમને કૃપાળુની દૃષ્ટિએ કહી સંભળાવી."

"પણ અણસમજપણે કોઈક તો પોપટલાલને, કોઈક રત્નરાજને, કોઈક આ ભાઈશ્રીને – રણછોડભાઈને – અને અમને દેહદૃષ્ટિએ વળગી પડ્યા. ઝેર પીઓ છો ઝેર! મરી જશો. ન હોય એ રસ્તો. જ્ઞાની તો જે છે તે છે. એની દૃષ્ટિએ ઊભા રહો તો તરવાને કંઈક આરો છે. અમને માનવા હોય તો માનો, ન માનવા હોય તો ન માનો, પણ જેમ છે તેમ કહી દેવું છે.. ઠીક થયું, નહીં તો તમે કૃપાળુદેવની સાથે આ દેહની મૂર્તિ પણ દેરાસર થાત ત્યારે મૂકી દેત. એવું કરવાનું નથી. બારમા ગુણઠાણા સુધી સાધક, સાધક અને સાધક જ રહેવાનું છે. આડુંઅવળું જોયું તો મરી ગયા જાણજો."[૬૧] વગેરે.

૬૧. "ઉપદેશામૃત", પૃ. ૨૭૩.

આમ કડક છતાં તળપદી અને હળવી ભાષામાં પ્રભુશ્રીએ લોકોને સાચી દૃષ્ટિ સમજાવી છે, જેની અસર પણ એટલી જ સારી પડી હતી. આ વચનોમાં તેમની નિઃસ્પૃહતા પણ સ્પષ્ટ જોવા મળે છે.

પ્રભુશ્રી મુમુક્ષુઓના અંત સમયે તેમને બોધ આપવા, તથા કેવળ આત્મામાં જ રહેવાનો ઉપદેશ આપવા જતા, જેથી તે જીવનું સમાધિમરણ થાય. તેઓ ઘણી વખત મુમુક્ષુઓને કહેતા કે અમારા અંત સમયે તમો સર્વે હું જે જગ્યાએ હોઉં તે જગ્યાને "સહજાત્મસ્વરૂપ પરમગુરુ" એ મંત્રના ધ્વનિથી ભરી દેજો.

વિ. સં. ૧૯૮૮માં મુનિ શ્રી મોહનલાલજીનો પણ દેહાંત થયો.

પ્રભુશ્રી ચાતુર્માસ આશ્રમમાં કરતા, અને બાકીના સમયમાં કેટલોક વખત વિહાર કરતા. દેહતંદુરસ્તી સારી ન હોવા છતાં તે વિશે તેઓ બેફિકર રહેતા. તેમને સદાય શ્રીમદ્‌નું જ રટણ રહેતું. પોતાની આંતરિક સ્થિતિ વિશે તેમણે એક જ વાક્યમાં બતાવ્યું છે કે :—

> "મરણ આવો, અશાતા આવો, સુખ આવો, દુઃખ આવો, પણ તે મારો ધર્મ નથી. મારો ધર્મ તો જાણવું, દેખવું અને સ્થિર થવું એ છે. બીજું બધું પુદ્‌ગલ, પુદ્‌ગલ અને પુદ્‌ગલ. ચકરી ચઢે, બેભાન થઈ જવાય, અને શ્વાસ ચઢે એ બધું દેહથી જુદા થઈને બેઠા બેઠા જોવાની મજા પડે છે."[૬૨]

આમ નિઃસ્પૃહી થઈ તેઓ મરણની તૈયારી કરીને બેઠા હતા. વિ. સં. ૧૯૯૨ના વૈશાખ સુદ ૮ના રોજ તેમણે આ નશ્વર દેહ અગાસ આશ્રમમાં જ છોડ્યો. તેમના લાંબા આયુષ્યમાં તેમણે બીજા અનેક જીવોને શ્રીમદ્‌ની સાચી ઓળખ કરાવી હતી. તેમનો એ ઉપદેશ સાંભળનાર અનેક વ્યક્તિઓ આજે પણ અગાસ આશ્રમમાં રહી, તેમની આજ્ઞાએ ચાલી પોતાનું આત્મશ્રેય સાધી રહી છે.

પ્રભુશ્રીના પત્રો, ઉપદેશ વગેરે વાંચીએ છીએ ત્યારે જ આપણને ખ્યાલ આવે છે કે તેમના જીવનમાં શ્રીમદ્ કેટલે બધે અંશે વણાઈ ગયા હતા. ભાગ્યે જ કોઈ પત્ર એવો જોવા મળે છે કે જેમાં શ્રીમદ્‌નાં ગુણગાન ન હોય, કે એમના ઉપકારનો ઉલ્લેખ ન હોય. શ્રીમદ્ પ્રત્યેની અનન્ય ભક્તિને લીધે તેમનું ધ્યેય લોકોને શ્રીમદ્‌ની ઓળખાણ કરાવવાનું જ બની ગયું હતું. તેમની ગુરુભક્તિ બતાવતાં નીચેનાં વચનો જુઓ; વિ. સં. ૧૯૭૬ના એક પત્રમાં સનાવદથી તેમણે લખ્યું છે કે :—

> "ગુરુભક્તિમાં ગુરુના ગુણગ્રામથી કર્મની કોડ ખપે છે જી, તે કર્તવ્ય છે જી… હે ! પ્રભુ, અમે તો આ યથાતથ્ય સદ્‌ગુરુના ભક્તના દાસના દાસ છીએ અને તે

૬૨. "ઉપદેશામૃત" — ઉપદેશસંગ્રહ-૨, પૃ. ૨૫૮.

સદ્‌ગુરુ યથાતથ્યની ભક્તિ જે કરે છે તેને નમસ્કાર કરે છે જી. હે પ્રભુ ! આપ સર્વના જાણવામાં છે કે શ્રીમદ્ સદ્‌ગુરુ રાજચંદ્ર પ્રભુનો આ એક દીન શિષ્ય છે જી."[૬૩]

વિ. સં. ૧૯૭૭ના ચૈત્ર સુદના એક પત્રમાં તેમણે લખ્યું છે કે :—

"નરમગરમ શરીર પ્રકૃતિ સંજોગે, વૃદ્ધ અવસ્થાએ તથા ઉદયકર્મને લઈને રોગ, વ્યાધિ, વેદની આવે તે સમભાવે, દેવાધિદેવ પરમકૃપાળુ સદ્‌ગુરુદેવના શરણથી, ભોગવાય તેવી ઇચ્છાએ વર્તવું થાય છે જી...પરમકૃપાળુ શ્રી સદ્‌ગુરુ દેવાધિદેવ શ્રી પ્રભુની છબી હૃદયમંદિરમાં સ્થાપી, ખડી કરી, મનને ત્યાં જ પરોવી, પરમ શુદ્ધ ચૈતન્યનું નિવાસધામ એવો જે સદ્‌ગુરુદેવનો પવિત્ર દેહ તેનું વીતરાગભાવે ધ્યાન કરવાથી, સ્મરણ કરવાથી વારંવાર યાદ કરવાથી પણ જીવ પરમ શાંત દશાને પામે છે તે ભૂલવા યોગ્ય નથી. તે વિષેનો બોધ દેવાધિદેવ સદ્‌ગુરુના મુખમાંથી થયેલ તે હૃદયને વિષે ધારી રાખેલ છે, તે આજે પરમાર્થહેતુ જાણી, અંતરમાં કોઈ પ્રકારે સ્વાર્થ કે અન્ય ભાવના હેતુએ નહિ, એમ વિચારી આપને અત્રે પત્ર દ્વારા સરલ ભાવે જાહેર કર્યું છે જી."[૬૪]

આમ શ્રી લલ્લુજી મહારાજે શ્રીમદ્‌નો મહિમા ઘણી જગ્યાએ વર્ણવ્યો છે. તેમાં પણ તેમણે આપેલા મંત્ર "સહજાત્મસ્વરૂપ પરમગુરુ"નું માહાત્મ્ય તો ઘણું જ બતાવ્યું છે. તેના સ્મરણથી કરોડો કર્મ ખપી જાય છે તેમ તેમણે બતાવ્યું છે.

"જેમ બને તેમ શાંતિભાવે "સહજાત્મસ્વરૂપ પરમગુરુ" નામના મંત્રનો જાપ કરતા રહેવું."[૬૫]

એવી ભલામણ ઘણા પત્રોમાં આપણને જોવા મળે છે. શ્રીમદે મુનિને તે મંત્ર આપ્યો ત્યારે મુનિએ તે મંત્રની રાતદિવસ અખંડ ધૂન ચલાવેલી. પણ તેમાં તેમને વિકલ્પ આવતો કે — "હજુ કેમ કંઈ જણાતું નથી ? આત્મા હોય તો કંઈક દેખાય ને ?" પછી તેમણે એ વાત શ્રીમદ્‌ને કહી. શ્રીમદે કહ્યું, "કંઈ નહિ, હજી જારી રાખો." તે વચનમાં શ્રદ્ધા કરી, અને તે જારી રાખ્યો. પરિણામે સમય પાકતાં તેમને જ્ઞાન થયું. અને તે પછીથી એ મંત્રનું માહાત્મ્ય સર્વને બતાવ્યું.[૬૬]

પ્રભુશ્રીને કેટલીક લબ્ધિઓ પણ પ્રાપ્ત થઈ હતી. તે વિષે તેઓ વિ. સં. ૧૯૭૨ના ભાદરવા વદ ૮ના એક પત્રમાં લખે છે કે :—

"અનંત શક્તિ છે, સિદ્ધિઓ છે, પૂર્વભવ પણ જણાય છે, આનંદ આનંદ વર્તે છે, એક જ શ્રદ્ધાથી ! કહ્યું-લખ્યું જતું નથી. આપના ચિત્તને શાંતિ થવાનો હેતુ જાણી જણાવ્યું છે. કોઈને જણાવવાની જરૂર નથી."[૬૭]

તેમણે આ લબ્ધિનો ક્યારેય ઉપયોગ કર્યો ન હતો.

---

૬૩. "ઉપદેશામૃત", પત્રાવલી-૪૨

૬૪. એજન, પત્રાવલી–૬૦.

૬૫. એજન, પત્રાવલી–૭૬.

૬૬. એજન, ઉપદેશ સંગ્રહ–૨ પૃ. ૨૫૯.

૬૭. એજન, પત્રાવલી–૨૮.

આમ શ્રી લલ્લુજી મહારાજમાં શ્રીમદ્‌ના સમાગમથી કેટલાક આંતરિક ગુણો ખીલ્યા હતા. તેને લીધે તેઓ પ્રાપ્ત પરિષહ સામે સમતા રાખી શકતા, આત્મસ્વરૂપમાં રહેવા અસંગ બની શકતા તથા પૂર્ણ પ્રેમથી શ્રીમદ્‌ની ભક્તિ પણ કરતા. લોકોની કનડગત સામે પણ સાચે માર્ગે ચાલવાની દૃઢતા તેમણે કેળવી હતી. વળી, સર્વ જીવ શ્રીમદ્‌ને ઓળખે, પૂજે અને પોતાના આત્માનું કલ્યાણ કરે એવી કરુણાભાવના પણ તેમના હૃદયમાં સતત રહેતી હતી.

શ્રીમદ્‌ના સમાગમથી શ્રી લલ્લુજી મહારાજના વ્યક્તિત્વમાં એટલો બધો ફેરફાર થઈ ગયો હતો, તેઓ એટલા બધા શ્રીમદ્‌મય બની ગયા હતા કે તેમના વિના મુનિની કલ્પના પણ કરવી અઘરી બની જાય. એને લીધે મુનિનાં પત્રો, વચનો, ઉપદેશ વગેરેમાં શ્રીમદ્‌નાં લખાણની, વિચારની, ઉપદેશની છાપ આવે તે સ્વાભાવિક છે. તેવા બે-ત્રણ નમૂના જુઓ. વિ. સં. ૧૯૫૮માં મુનિ દેવકરણજીનો દેહોત્સર્ગ થયો તે વખતે શ્રી લક્ષ્મીચંદજી આદિ મુનિઓને શ્રી લલ્લુજી મહારાજે લખ્યું હતું કે :—

> "મુનિવર શ્રી દેવકીર્ણજી આત્માર્થી, મોક્ષઅભિલાષી હતા. તેમને આત્મસ્વરૂપનો લક્ષ લેવાની ઇચ્છા હતી, તે ગુરુગમથી મળી હતી. વળી, અશુભ વૃત્તિનો અભાવ કરી શુભ વૃત્તિ રાખવામાં પુરુષાર્થ કરવાની ઇચ્છાએ તે લક્ષમાં લેતા હતા. ધન્ય છે તેવા આત્માને! તે આત્મપરિણામી થઈ વર્તતા આત્મા પ્રત્યે નમસ્કાર હો! નમસ્કાર હો!" વગેરે.[૬૮]

આ આખો પત્ર તથા અન્ય પત્રો વાંચતાં શ્રીમદ્‌નાં લખાણની છાપ મુનિ પર હતી તે સ્પષ્ટ સમજાય છે. સાથે સાથે ઘણા પત્રોમાં શ્રીમદ્‌નાં વચનોનો ઉલ્લેખ પણ જોવા મળે છે. આ પત્રમાં જ શ્રીમદ્‌નાં બે વચનો મુનિએ ટાંક્યાં છે; જેમ કે :—

> "દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધ! સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે તે મહત્ પુરુષને જીવન અને મરણ બંને સમાન છે."[૬૯]

શ્રી લલ્લુજી મુનિના એક પત્રમાં નીચેનું વચન મળે છે :—

> "બીજું કંઈ શોધ મા. એક સત્પુરુષ પ્રત્યે એક નિષ્ઠાએ તેના વિજોગમાં પણ સર્વ યોગ અર્પણ કરી આત્મજાગૃતિમાં અખંડ રહ્યા છે, તેની આજ્ઞાએ યથાર્થ સ્વરૂપ જાણ્યું છે, શ્રદ્ધ્યું છે, વેદ્યું છે, વેદે છે, ત્રિકાળ તે જ છે, તે યથાતથ્ય સ્વરૂપ જાણનારની પ્રતીતિ કર્તવ્ય છે."[૭૦]

આ વચનમાં શ્રીમદ્‌ના નીચેના વચનની સ્પષ્ટ છાપ આપણને જોવા મળે છે :—

---

૬૮. "ઉપદેશામૃત", પૃ. ૫. પત્રાવલી-૧૦

૬૯. એજન, પૃ. ૭૦.

૭૦. એજન, પૃ. ૬. પત્રાવલી-૫

"બીજું કંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજો."[૭૧]

શ્રીમદ્‌ની મુનિ પર આટલી બધી અસર થવાનું મુખ્ય કારણ મુનિની શ્રીમદ્ પ્રત્યેની અનન્ય ભક્તિ હતી. વિ. સં. ૧૯૭૨માં પોતાની વિકટ પરિસ્થિતિમાં શ્રીમદ્‌ના શરણથી ઘણી શાંતિ હતી, તે જણાવતાં તેમણે લખ્યું હતું કે :—

"આપ અમારા વિશે ચિંતા કરશો નહિ. સદ્‌ગુરુ પરમકૃપાળુ યોગીન્દ્ર પ્રભુનું શરણું છે તેને કશી વાતની કમી નથી. સર્વ વસ્તુ તેને મળી આવી છે. સદ્‌ગુરુની કૃપાદૃષ્ટિ એ જ કલ્યાણ, સત્પુરુષની સર્વ ઇચ્છા પ્રશંસવામાં કલ્યાણ છે, એ જ અમને આનંદ છે! અત્યાનંદ છે!"[૭૨]

આમ આપણે જોઈએ તો મુનિશ્રી લલ્લુજીનું જીવન શ્રીમદ્‌ના સમાગમ પછી શ્રીમદ્‌મય બની ગયું હતું. અને શેષ જીવન તેમણે તેમની ભક્તિ કરવામાં જ ગાળ્યું હતું. આનો બીજે પક્ષે આપણને એ લાભ થયો કે તત્ત્વવિચારણાને લગતા, ચિંતનપ્રેરક તથા મુનિના આચાર દર્શાવતા ઘણા પત્રો શ્રીમદે મુનિને લખેલા, તે આપણને પ્રાપ્ત થાય છે.

શ્રીમદે મુનિ પર લખેલા લગભગ ૩૩ જેટલા પત્રો હાલ મળે છે. તેમાં મોટા ભાગના પત્રો વિસ્તારવાળા છે. આવા પત્રો સોભાગભાઈ અને મુનિ સિવાય કોઈને લખાયેલા જોવા મળતા નથી.

આ પત્રોમાં શ્રીમદે મુનિને સૂત્રકૃતાંગ, ઉત્તરાધ્યયન, યોગવાશિષ્ઠ, આચારાંગસૂત્ર, દાસબોધ, મોક્ષમાર્ગપ્રકાશક, શાંતસુધારસ, યોગદૃષ્ટિસમુચ્ચય, કર્મગ્રંથ, ગોમ્મટસાર, યોગપ્રદીપ, કાર્ત્તિકેયાનુપ્રેક્ષા, પદ્મનંદી પંચવિંશતિ વગેરે ગ્રંથો વાંચવાની ભલામણ વારંવાર કરી હતી. તેમાં પણ સૂત્રકૃતાંગ, ઉત્તરાધ્યયન વગેરે પર વિશેષ ભાર મૂક્યો હતો.

આ પત્રોમાં મુનિના આચાર વિષેની સૂક્ષ્મ શાસ્ત્રીય છણાવટ પણ કેટલીક વાર જોવા મળે છે. જે વખતે લોકો મુનિ વિરુદ્ધ થયા હતા, તે સંજોગોમાં મુનિએ કઈ રીતે વર્તવું તે જણાવવા આ પત્રો લખાયેલા છે. મુનિને પત્ર લખવાની છૂટ, પંચમહાવ્રતી અગત્ય, વ્યાખ્યાન કઈ રીતે કરવું વગેરે વિષે આ પત્રોમાં જણાવ્યું છે.[૭૩]

આમ મુનિશ્રી પર લખાયેલા પત્રોમાં ગ્રંથવાચન વિષે સમજણ, કેટલાક ગ્રંથો વિષેનો શ્રીમદ્‌નો અભિપ્રાય, મુનિના આચરણ વિષેનું માર્ગદર્શન, આનંદઘનજી, યશોવિજયજી આદિ કવિઓનાં પદોમાંથી અવતરણો, અન્ય ગ્રંથોમાંથી અવતરણો, શ્રીમદ્‌ની આંતરિક સ્થિતિનો પરિચય વગેરે જોવા મળે છે. પણ તેમાં જે વિષય સૌથી મહત્ત્વનો ભાગ રોકે છે, તે તો છે, આત્મા વિષેની તાત્ત્વિક વિચારણા.

૭૧. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક, ૭૬
૭૨. "ઉપદેશામૃત", પૃ. ૧૧. પત્રાવલી—૧૭
૭૩. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, જુઓ પત્રાંક : ૨૦૭, ૫૦૧, ૭૧૬ વગેરે.

જીવનું કર્તવ્ય, જ્ઞાનીના માર્ગ, તે માર્ગની સરળતા તથા દુર્લભતા, સત્સંગનું માહાત્મ્ય, માર્ગપ્રાપ્તિ, ગુરુભક્તિ, વૈરાગ્યની વૃદ્ધિ, આત્માના ગુણો, મુમુક્ષુનાં લક્ષણો, ત્યાગની અગત્ય વગેરે વિશેની સમજણ આ પત્રોના મહત્ત્વનો ભાગ રોકે છે. આ બધી સમજણ આપવાના તેમના હેતુઓમાં વૈરાગ્યની વૃદ્ધિ કરાવવી, રાગદ્વેષરહિત દશા અપાવવી, પંચમહાવ્રતની દૃઢતા કરાવવી, સ્વછંદ અને પ્રતિબંધ એ બે બંધન ટાળવાં, મતમતાંતરનો ત્યાગ કરાવવો, આત્મભાવ વધારવો, વગેરે હતા. તે આ પત્રો વાંચતાં જણાશે.

આવા સુંદર હેતુથી લખાયેલા પત્રોમાં આપણને વિવિધ પ્રકારનાં નમસ્કાર-વચનો, સુવાક્યો, બોધવચનો વગેરે જોવા મળે છે. ઉદાહરણ તરીકે :—

> "શ્રી જિન વીતરાગે દ્રવ્ય – ભાવ સંયોગથી ફરી ફરી છૂટવાની ભલામણ કહી છે, અને તે સંયોગનો વિશ્વાસ પરમજ્ઞાનીને પણ કર્તવ્ય નથી, એવો અખંડ માર્ગ કહ્યો છે, તે શ્રી જિન વીતરાગના ચરણકમળ પ્રત્યે અત્યંત ભક્તિથી નમસ્કાર."૭૪

> "અનંત વાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહ આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી, સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ, એકમાત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુજીવને અવશ્ય નિશ્ચય જોઈએ."૭૫

આમ શ્રીમદે પ્રત્યક્ષ તેમ જ પત્રાદિ દ્વારા પરોક્ષ બોધ આપીને શ્રી લલ્લુજી મહારાજને મૂળમાર્ગ પામવાનો યથાર્થ રસ્તો ચીંધ્યો હતો. અને મુનિએ પણ તેમની આજ્ઞા અનુસાર ચાલીને સમ્યગ્જ્ઞાન અને સંત – અવસ્થા જેવી દુર્લભ વસ્તુ પ્રાપ્ત કરી હતી. મુનિને આત્માનુભવ કરાવવામાં શ્રીમદ્દનો ફાળો કંઈ નાનોસૂનો ન હતો! તેના પરિણામે તેમનામાં શ્રીમદ્ પ્રતિની અનન્ય ભક્તિ જન્મી હતી. તેમનામાં ખીલતા જતા આ ગુણોને લીધે શ્રીમદ્દને તેમના માટે એટલો બધો પ્રમોદભાવ આવતો હતો કે તેઓ તેમને "ચોથા આરાની વાનગી" કે "ચોથા આરાના મુનિ" તરીકે ઓળખાવતા હતા!

## શ્રીમદ્ અને શ્રી સોભાગભાઈ

સાયલાનિવાસી શ્રી સોભાગભાઈના પિતા શ્રી લલ્લુભાઈ લીંબડીમાં કારભારું કરતા હતા. રાજખટપટ અંગે કારભારું જતાં શ્રી લલ્લુભાઈ સાયલા આવી વસ્યા. સાયલામાં તેમણે સારી આર્થિક સ્થિતિ પ્રાપ્ત કરી. પણ ચંચળ લક્ષ્મી ચાલી જતાં તેમને આર્થિક મુશ્કેલીઓનો સમય આવ્યો અને તે દૂર કરવાની ચિંતામાં તેઓ પડી ગયા.

એ અરસામાં મારવાડના સાધુઓ મંત્રવિદ્યામાં કુશળ ગણાતા હતા. તેવા કોઈ સાધુને પ્રસન્ન કરીને, લક્ષ્મી સંબંધી ચિંતા દૂર કરવાની ઇચ્છાથી શ્રી લલ્લુભાઈ મારવાડ ગયા. તેમને

૭૪. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક, ૫૮૮
૭૫. એજન, આંક, ૭૧૯

રતલામમાં એક પ્રખ્યાત સાધુનો પરિચય થયો. તે સાધુની ખૂબ સેવા કરી શ્રી લલ્લુભાઈએ તેમને પ્રસન્ન કર્યા. તે પછી યોગ્ય સમય જોઈ તેમણે સાધુ પાસે પોતાની આર્થિક સ્થિતિ સુધરે તે માટે કંઈક ઉપાય બતાવવાની વિનંતિ કરી. પણ તે અધ્યાત્મપ્રેમી સાધુએ શ્રી લલ્લુભાઈને ઠપકો આપ્યો કે એમના જેવા વિચક્ષણ પુરુષે ત્યાગી પાસે આત્માને બદલે માયાની વાત કરવી તે ઘણું જ અઘટિત ગણાય. સાધુનો અભિપ્રાય સમજી જઈ શ્રી લલ્લુભાઈએ પોતે કરેલી ભૂલ બદલ ક્ષમા માગી, અને આત્માર્થ માટે કંઈક આપવા જણાવ્યું. તેમના ઉપર કૃપા કરી તે સાધુએ તેમને "બીજજ્ઞાન"નો મંત્ર આપ્યો, અને વિશેષમાં જણાવ્યું કે કોઈ લાયક વ્યક્તિ જણાય તો તેને પણ એ મંત્ર બતાવવો.

સાયલા આવ્યા પછી શ્રી લલ્લુભાઈએ મંત્ર પોતાના પુત્ર શ્રી સોભાગભાઈને આપ્યો, અને તે મંત્ર બીજી કોઈ યોગ્ય વ્યક્તિને પણ આપવા જણાવ્યું. એ મંત્ર પામી શ્રી સોભાગભાઈ પ્રસન્ન થયા.

તે પછી થોડા સમયમાં શ્રી સોભાગભાઈને તેમના કામકાજ અંગે મોરબી જવાનું થયું. તે વખતે શ્રીમદ્ પણ મોરબી આવ્યા હતા, તે સમાચાર શ્રી સોભાગભાઈને મળ્યા. શ્રીમદ્‌ની કવિ તરીકેની, અવધાની તરીકેની તથા અદ્ભુત સ્મરણશક્તિ ધરાવનાર વ્યક્તિ તરીકેની ખ્યાતિ શ્રી સોભાગભાઈએ સાંભળી હતી. તેથી યોગ્ય વ્યક્તિ જાણી તેમને "બીજજ્ઞાન"નો મંત્ર આપવાની ઇચ્છા શ્રી સોભાગભાઈને થઈ. પોતાની ઇચ્છા બાબત તેમણે તેમના પિતાશ્રીની સંમતિ માગી, જે શ્રી લલ્લુભાઈએ સહર્ષ આપી. તે પછી વિ. સં. ૧૯૪૬ના પ્રથમ ભાદરવા માસમાં શ્રી સોભાગભાઈ મોરબી ગયા.

મોરબીમાં શ્રી સોભાગભાઈ "બીજજ્ઞાન"નો મંત્ર આપવા શ્રીમદ્‌ને મળવા ગયા. શ્રીમદ્દે તેમને અતિથિસત્કાર તરીકે નામ દઈ બોલાવ્યા. તેથી તેમને ખૂબ જ આશ્ચર્ય થયું કે, "જેમને હું પહેલાં મળ્યો નથી, જેમને મારા આવવાના સમાચાર મોકલાવ્યા નથી, તે મને નામ દઈ કઈ રીતે બોલાવી શકે?" એ આશ્ચર્યમાંથી શ્રી સોભાગભાઈ મુક્ત થાય તે પહેલાં તો શ્રીમદ્દે તેમને જણાવ્યું કે "આ ગલ્લામાં એક કાપલી છે તે કાઢીને વાંચો." શ્રી સોભાગભાઈએ કાપલી વાંચી ને એથી પણ વિશેષ આશ્ચર્ય અનુભવ્યું, કારણ કે એ કાપલીમાં શ્રી સોભાગભાઈએ આપવા ધારેલો બીજજ્ઞાનનો મંત્ર લખેલો હતો. એ અનુભવ પરથી તેમને શ્રીમદ્‌ની જ્ઞાની તરીકેની પ્રતીતિ થઈ. શ્રીમદ્‌ના જ્ઞાનની વિશેષ પરીક્ષા કરવા શ્રી સોભાગભાઈએ તેમને પ્રશ્ન કર્યો કે, "સાયલામાં અમારા ઘરનું બારણું કઈ દિશામાં છે?" શ્રીમદ્દે અંતર્જ્ઞાનથી યથાર્થ ઉત્તર આપ્યો, તેથી શ્રીમદ્ પ્રતિ પૂજ્યભાવ થવાથી શ્રી સોભાગભાઈએ તેમને ત્રણ વાર વંદન કર્યાં. એ વખતે શ્રીમદ્ અપૂર્વ સમાધિમાં લીન બન્યા હતા. તે પછી શ્રીમદ્દે તેમને "તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ" એ પદ સમજાવ્યું. આમ પહેલી જ મુલાકાતથી તેઓ બંને વચ્ચે પરસ્પર મૈત્રી પ્રગટી.

શ્રી સોભાગભાઈ શ્રીમદ્ કરતાં વયમાં ૪૪ વર્ષે મોટા હતા. એટલે કે વિ. સં. ૧૯૪૬માં, તેમના મેળાપ વખતે જ્યારે શ્રીમદ્‌ની ઉંમર ૨૩ વર્ષની હતી ત્યારે, શ્રી સોભાગભાઈની ઉંમર

૬૭ વર્ષની હતી. તેમ છતાં જ્ઞાનમાં પોતાનાથી આગળ વધેલા શ્રીમદ્ તરફ પૂજ્યભાવ રાખી નમસ્કાર કરવામાં શ્રી સોભાગભાઈને કદી આંચકો નહોતો આવ્યો, એટલી તેમની સરળતા હતી.

પ્રથમ સમાગમ પછી શ્રી સોભાગભાઈ સાયલા ગયા. થોડા દિવસ પછી તેમના પિતાશ્રીનો દેહ છૂટી ગયો, તેથી કુટુંબના નિર્વાહની ચિંતા તેમના શિરે આવી પડી. તે પછી પ્રથમ ભાદ્રપદ વદિ ૧૩ના રોજ "क्षणमपि सज्जनसंगतिरेका भवति भवार्णवतरणे नौका" એ શંકરાચાર્યના વચનને સમજાવતો પત્ર શ્રીમદ્ શ્રી સોભાગભાઈને લખે છે. અને તે પછી ત્રણ-ચાર દિવસે "આત્મવિવેકસંપન્ન ભાઈ શ્રી સોભાગભાઈ" એવું સંબોધન કરતો, પોતાની આંતરિક સ્થિતિ વર્ણવતો તથા બોધ આપતો એક લાંબો પત્ર શ્રીમદ્દે શ્રી સોભાગભાઈ ઉપર લખેલો. તે પછીથી તો તેમના પર લખાયેલી શ્રીમદ્‌ની એકધારી પત્રપરંપરા જોવા મળે છે.

"શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં વિ. સં. ૧૯૪૬ના ભાદરવા માસથી શરૂ કરી વિ. સં. ૧૯૫૩ના જેઠ માસ સુધીમાં, એટલે કે શ્રીમદ્ અને શ્રી સોભાગભાઈના પ્રથમ મેળાપથી શરૂ કરી શ્રી સોભાગભાઈના અવસાન સુધીના સાત વર્ષના ગાળામાં, શ્રીમદ્ દ્વારા શ્રી સોભાગભાઈ ઉપર લખાયેલા લગભગ ૨૬૦ જેટલા પત્રો છપાયેલા છે. આ ગ્રંથના પત્રોના કુલ જથ્થાનો આ જથ્થો લગભગ ત્રીજા ભાગનો થાય છે. વળી, આ પત્રોમાંના ઘણા પત્રો લંબાણપૂર્વક લખાયેલા છે, અને તેમાં શ્રીમદ્દે પોતાના અંતરની ઘણી ઘણી વાતો લખી છે. એ સર્વ વાંચતાં આપણને તેઓ બંને વચ્ચેના ઘનિષ્ઠ સંબંધનો ખ્યાલ આવે છે. અલબત્ત, આ ઘનિષ્ઠતા જેટલી પ્રત્યક્ષ મિલનથી થઈ હતી તેથી વિશેષ પત્ર દ્વારા થઈ હતી.

### શ્રીમદ્ તથા શ્રી સોભાગભાઈનો પ્રત્યક્ષ સમાગમ

વિ. સં. ૧૯૪૬ના પ્રથમ ભાદરવા માસમાં મોરબીમાં તેઓનો પહેલો મેળાપ થયો, તે પછીનાં વર્ષોમાં તેઓ બંને સામાન્ય રીતે વર્ષમાં એકાદ વખત મળતા. અને તેમાં પણ શ્રીમદ્ નિવૃત્તિ માટે ગુજરાતમાં જતા, ત્યારે તેમનો મેળાપ વિશેષ થતો. આ ઉપરાંત શ્રી સોભાગભાઈ બે-ત્રણ વખત મુંબઈ આવ્યા હોય તેવો ઉલ્લેખ પણ મળે છે. પરંતુ તેમના આ સમાગમનો સમય ક્યારેય પંદર દિવસથી લંબાયો હોય તેવું સામાન્ય રીતે જણાતું નથી.

કચ્છ નજીક અંજારમાં શ્રી સોભાગભાઈની દુકાન હતી, તેથી ત્યાં જતાં-આવતાં, જો શ્રીમદ્ એ અરસામાં મોરબી કે વવાણિયામાં હોય તો શ્રી સોભાગભાઈ તેમની પાસે બેત્રણ દિવસ રોકાતા, સત્સંગનો લાભ લેતા-દેતા. આ રીતે તેમણે વિ. સં. ૧૯૪૬, ૧૯૪૮ વગેરે વર્ષોમાં એકબીજાનો મેળાપ કર્યો હતો. એ જ રીતે વિ. સં. ૧૯૫૨માં શ્રી સોભાગભાઈ મુંબઈમાં શ્રીમદ્ પાસે હોવાનો ઉલ્લેખ મળે છે. આ સિવાય તો તેઓ બંને દિવાળી કે પર્યુષણ આસપાસ ગુજરાતનાં કોઈ ગામોમાં મળતા. તેમાં પણ વિ. સં. ૧૯૪૯થી વિ. સં. ૧૯૫૧ સુધીનાં ત્રણ વર્ષમાં બાહ્ય પ્રવૃત્તિની ઉપાધિને લઈને શ્રીમદ્ ધારી નિવૃત્તિ લઈ શક્યા ન હતા,

તેથી તે વર્ષોમાં તેમનો મેળાપ થયો હશે કે કેમ તે વિશે પ્રશ્ન થાય છે, કારણ કે એ સમયના પત્રોમાં વિયોગની વાતો ઘણી વાંચવા મળે છે.

આ બધા મેળાપોમાં વિ. સં. ૧૯૫૩ના માહ માસ પછી થયેલો તેમનો મેળાપ સૌથી અગત્યનો ગણી શકાય. આ અરસામાં શ્રીમદે તેમને તથા ડુંગરશીભાઈને પોતાની સાથે ઇડર આવવા આમંત્રણ આપ્યું હતું. તે અનુસાર સોભાગભાઈ શ્રીમદ્ સાથે વૈશાખ વદમાં ઇડર ગયા હતા. ત્યાં જેઠ સુદ બીજ સુધી તેઓ સાથે રહ્યા. અને એ અરસામાં "સમ્યક્‌જ્ઞાન"—"આત્મદશા" વર્ધમાન કરવાનો અમૂલ્ય લહાવો શ્રી સોભાગભાઈને મળ્યો. આ તેમનો છેલ્લો મેળાપ હતો, કારણ કે ઇડરથી આવ્યા પછી થોડા જ દિવસમાં, વિ. સં. ૧૯૫૩ના જેઠ વદ ૧૦ના રોજ સોભાગભાઈનો દેહાંત થયો. આમ તેઓ બંને વચ્ચેનો મિલનસમય બહુ અલ્પ હતો. તેથી તેઓ પત્ર દ્વારા જ સત્સંગ કરતા હતા.

## શ્રી ડુંગરશીભાઈની અસરમાંથી મુક્તિ

સાયલામાં પાડોશમાં જ રહેતા શ્રી ડુંગરશીભાઈ ગોશળિયા નામના એક ભાઈ નાની વયથી જ શ્રી સોભાગભાઈના મિત્ર હતા. તેઓ શ્રી સોભાગભાઈ કરતાં પણ વયમાં મોટા હતા

શ્રી ડુંગરશીભાઈ બુદ્ધિમાન તર્કવાદી હતા, ત્યારે શ્રી સોભાગભાઈ સરળ ભક્તિભાવી હતા. શ્રી ડુંગરશીભાઈએ યોગસાધના કરી કેટલાક ચમત્કારો સિદ્ધ કર્યા હતા. તે ચમત્કારો જોઈ શ્રી સોભાગભાઈને તેમના પ્રતિ શ્રદ્ધા થઈ હતી, તેથી તેઓ શ્રી ડુંગરશીભાઈની ઘણી અસર નીચે આવ્યા હતા.

વિ. સં. ૧૯૪૬માં શ્રીમદ્‌નો મેળાપ થયા પછી, શ્રી સોભાગભાઈને શ્રીમદ્‌ની જ્ઞાની તરીકેની ઓળખાણ થતી ગઈ અને તે પછીના સમાગમ તથા પત્રવ્યવહારથી તેમની શ્રદ્ધા શ્રીમદ્‌માં વિશેષ દૃઢ બનતી ગઈ. પરિણામે શ્રી ડુંગરશીભાઈ પ્રતિની જ્ઞાની તરીકેની તેમની શ્રદ્ધા ઘટતી ગઈ. પરંતુ તેઓ બંને વચ્ચેની મિત્રતા તો ચાલુ જ હતી. આથી શ્રીમદ્ તરફથી આવતા પત્રો તેઓ બંને સાથે બેસીને વાંચતા તથા વિચારતા. શ્રી સોભાગભાઈ એ (પત્રો) વાંચ્યા પછી શ્રી ડુંગરશીભાઈને શ્રીમદ્‌નું શરણું લેવા ઘણી વાર સમજાવતા. તે વખતે શ્રી ડુંગરશીભાઈ ઘણી વાર તર્કપૂર્ણ પ્રશ્નો ઉઠાવતા. કારણ કે તેમને વેદાંતમાં વિશેષ રસ અને શ્રદ્ધા હતાં. તેમ છતાં, તેઓ શ્રી સોભાગભાઈ સાથે શ્રીમદ્‌ના આવેલા પત્રો નિયમિત વાંચતા તથા વિચારતા, તેમ જ સંયોગ મળે ત્યારે, શ્રીમદ્‌ના પ્રત્યક્ષ સમાગમ વખતે, પોતાની આશંકા બાબત સમાધાન મેળવતા. તેમ જ કેટલીક વખત પત્રો દ્વારા પણ તેઓ સમાધાન મેળવી લેતા.

ધીરે ધીરે પ્રત્યક્ષ તેમ જ પત્ર દ્વારા શ્રીમદ્‌નો સમાગમ વધતાં શ્રી ડુંગરશીભાઈને પણ શ્રીમદ્ પ્રત્યે શ્રદ્ધા થઈ. અને તેઓ પણ તેમનું શરણું લેતા ગયા. આ બધું થવામાં મુખ્ય ફાળો શ્રી સોભાગભાઈનો હતો, કારણ કે આ બે વ્યક્તિઓને સાંધનાર કડીરૂપ તેઓ હતા.

શ્રી ડુંગરશીભાઈમાં આવતી જતી યોગ્યતાનો ખ્યાલ શ્રીમદ્દને પણ હતો. તેથી જ્યારે શ્રી સોભાગભાઈને શ્રીમદ્દે "આત્મસિદ્ધિ" વાંચવા તથા વિચારવા અર્થે મોકલી ત્યારે તે વાંચવાની તથા તેનો મુખપાઠ કરવાની અનુમતિ તેમણે શ્રી ડુંગરશીભાઈને પણ આપી હતી. એ વિષે શ્રીમદ્દ આસો વદિ અમાસ, ૧૯૫૨ના રોજ, "આત્મસિદ્ધિ" લખાયા પછી ચૌદ દિવસે શ્રી સોભાગભાઈને લખે છે કે :—

> "શ્રી ડુંગરને આત્મસિદ્ધિ મુખપાઠ કરવાની ઇચ્છા છે. તે માટે તે પ્રત તેમને આપવા વિશે પુછાવ્યું તો તેમ કરવામાં અડચણ નથી. શ્રી ડુંગરને એ શાસ્ત્ર મુખપાઠે કરવાની આજ્ઞા છે, પણ હાલ તેની બીજી પ્રત નહીં ઉતારતાં આ પ્રત છે તે ઉપરથી જ મુખપાઠે કરવા યોગ્ય છે, અને હાલ આ પ્રત તમે શ્રી ડુંગરને આપશો. તેમને જણાવશો કે મુખપાઠે કર્યા પછી પાછી આપશો, પણ બીજો ઉતારો કરશો નહિ."[૭૬]

શ્રી સોભાગભાઈ, શ્રી લલ્લુજી મહારાજ, શ્રી અંબાલાલભાઈ અને શ્રી માણેકલાલ ઘેલાભાઈ એ ચાર જ વ્યક્તિઓ માટે "આત્મસિદ્ધિ"ની નકલો કરવામાં આવી હતી. તઓને પણ એ શાસ્ત્ર વિષે કોઈને ન જણાવવા સૂચના હતી. તેમાં શ્રી ડુંગરશીભાઈ માટે શ્રીમદ્દ આટલી છૂટ આપે તે ડુંગરશીભાઈની આધ્યાત્મિક યોગ્યતા બતાવે છે; તે ઉપરાંત તેમનામાં કેટલું આંતરિક પરિવર્તન થયું હતું, તેનું પણ તે સૂચન કરે છે.

શ્રી ડુંગરશીભાઈ જેમ જેમ શ્રીમદ્દનું શરણું સ્વીકારતા ગયા, તેમ તેમ ખોટી સિદ્ધિના મોહમાંથી છૂટતા ગયા. અને શ્રી સોભાગભાઈ તો પછીથી એ ચમત્કારની અસરથી સાવ મુક્ત થઈ ગયા હતા. તેનો નિર્દેશ તેમણે વિ. સં. ૧૯૫૩ના જેઠ સુદ ૧૪ના રોજ શ્રીમદ્દ પર લખેલા એક પત્રમાં કર્યો છે —

> "ગોશળિયા વિશે જે કંઈ આસ્થા હતી તે બિલકુલ નીકળી ગઈ છે. તો હવે વખતોવખત બોધ આપવાના પત્રો આપની ઇચ્છા પ્રમાણે લખી મને મોટી પાયરીએ ચડાવશો."[૭૭]

શ્રી સોભાગભાઈને શ્રી ડુંગરશીભાઈની અસરમાંથી મુક્ત કરી સાચો માર્ગ બતાવનાર શ્રીમદ્દ હતા. તેમ છતાં શ્રીમદ્દે તેમને એવું ક્યારેય જણાવ્યું નહોતું કે શ્રી ડુંગરશીભાઈ ખોટા છે, તેમનો સંગ છોડી દો. તેમણે તો આ કારણથી આમ કરવા જેવું છે, અને એ વિષે વિચારી યોગ્ય લાગે તો સ્વીકારજો, એમ જણાવ્યું હતું. તેથી શ્રી સોભાગભાઈ પોતે જ વિચારપૂર્વક શ્રી ડુંગરશીભાઈની અસરમાંથી ધીરે ધીરે મુક્ત થતા ગયા. શ્રીમદ્દની એ નીતિનું પરિણામ એ આવ્યું કે શ્રી સોભાગભાઈ અને શ્રી ડુંગરશીભાઈની મૈત્રી અતૂટ રહી. બંનેની શ્રીમદ્દ પ્રતિની શ્રદ્ધા વધી, એટલું જ નહિ, તેઓ બંને પરમાર્થમાર્ગમાં પણ ઠીક ઠીક આગળ વધ્યા. આમ માત્ર સાચો માર્ગ ચીંધવાથી અને કોઈ પ્રત્યે દ્વેષભાવ ન આણવાથી ઘણી રીતે તેઓને લાભ થયો.

---

૭૬. "શ્રીમદ્દ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૭૨૧.

૭૭. "શ્રીમદ્દ રાજચંદ્ર – જીવનકળા", આવૃત્તિ ૫, પૃ. ૧૨૪.

## શ્રી સોભાગભાઈ ઉપર શ્રીમદ્‌ની અસર

વિ. સં. ૧૯૪૬માં "બીજજ્ઞાન"નો મંત્ર આપવા જનાર શ્રી સોભાગભાઈને શ્રીમદ્‌ની આંતરિક શક્તિનો અનુભવ થાય છે, અને પૂર્વના ઋણાનુબંધે તેઓ પ્રબળ આકર્ષણ અનુભવે છે. એ જ વર્ષમાં શ્રી સોભાગભાઈ ત્રણ-ચાર વખત શ્રીમદ્‌નો પ્રત્યક્ષ પરિચય કરવાનો લાભ મેળવી, તેમની આધ્યાત્મિક અસર નીચે આવે છે. અને શ્રીમદ્‌ દ્વારા સાચો પરમાર્થમાર્ગ સમજાતાં તેઓ શ્રી ડુંગરશીભાઈની સિદ્ધિ અને ચમત્કારની અસરથી મુક્ત થાય છે.

શ્રીમદ્‌ને જ્ઞાની તરીકે સ્વીકારી, તેના શરણે આવ્યા પછી શ્રી સોભાગભાઈની ધીરજની અને શ્રદ્ધાની કસોટી થાય તેવા કપરા સંજોગોમાંથી તેમને પસાર થવું પડે છે. વિ. સં. ૧૯૪૬માં શ્રી સોભાગભાઈના પિતાશ્રીનો દેહાંત થતાં કુટુંબનિર્વાહની જવાબદારી તેમના પર આવી પડી, અને તે પછી તેમની આર્થિક સ્થિતિ દિવસે દિવસે નબળી પડતી ગઈ. આથી એ ચિંતા પીડાકારક લાગતાં તેનો કંઈક ઉપાય સૂચવવા તેઓ શ્રીમદ્‌ને લખતા. જે જે કર્મનો ઉદય આવે તે તે સમતાભાવે વેદી લેવા શ્રીમદ્‌ તેમને બોધ આપતા. એ બોધ તથા તત્ત્વની વિચારણાથી તેમની ચિંતા થોડી ઉપશમતી, પણ વળી પાછું તેનું જોર વધતાં તેઓ શ્રીમદ્‌ને ચિંતામુક્ત કરવા જણાવતા. અને તેના ઉત્તરમાં શ્રીમદ્‌ પોતાની મુશ્કેલીઓનો, પોતાની અંતરંગ સ્થિતિ વગેરેનો ખ્યાલ આપી બધું સમતાભાવે સહન કરવાનો અનુરોધ કરતા. આવી જાતનો બોધ આપતાં શ્રીમદ્દે વિ. સં. ૧૯૪૭ના જેઠ સુદ પૂનમે તેમને લખ્યું હતું કે :—

> "વ્યવહારચિંતાથી અકળામણ આવતાં, સત્સંગના વિયોગથી કોઈ પ્રકારે શાંતિ નથી હોતી એમ આપે લખ્યું તે યોગ્ય જ છે. તથાપિ વ્યવહારચિંતાનું અકળામણ તો યોગ્ય નથી. સર્વત્ર હરિઇચ્છા બળવાન છે. એ દૃઢ કરાવવા માટે હરિએ આમ કર્યું છે, એમ આપે નિઃશંકપણે સમજવું."[૭૮]

વિ. સં. ૧૯૪૮ના એક પત્રમાં શ્રીમદ્દે શ્રી સોભાગભાઈને લખ્યું છે કે :—

> "સંસારસંબંધી તમને જે ચિંતા છે, તે જેમ ઉદયમાં આવે તેમ વેદવી, સહન કરવી. એ ચિંતા થવાનું કારણ એવું કોઈ કર્મ નથી કે જે ટાળવા માટે જ્ઞાની પુરુષને પ્રવૃત્તિ કરતાં બાધ ન આવે." —
>
> "પ્રાણીમાત્ર પ્રાયે આહાર, પાણી પામી રહે છે. તો તમ જેવા પ્રાણીના કુટુંબને માટે તેથી વિપર્યય પરિણામ આવે એવું જે ધારવું તે યોગ્ય જ નથી. કુટુંબની લાજ વારંવાર આડી આવી, જે આકુળતા આપે છે, તે ગમે તો રાખીએ અને ગમે તો ન રાખીએ તે બંને સરખું જ છે, કેમ કે જેમાં પોતાનું નિરુપાયપણું રહ્યું તેમાં તો જે થાય તે યોગ્ય જ માનવું એ દૃષ્ટિ સમ્યક્ છે."[૭૯]

---

૭૮. "શ્રીમદ્‌ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૨૫૦

૭૯. એજન, આંક ૩૨૨

શ્રીમદ્દે વારંવાર આપેલા બોધની અસર શ્રી સોભાગભાઈ પર કેવી થતી હતી તે વિશે શ્રીમદ્‌નો જ એક પત્ર પ્રકાશ પાડે છે. તેમાં શ્રીમદ્દે લખ્યું છે કે :—

> "'માગી ખાઈને ગુજરાન ચલાવશું, પણ ખેદ નહિ પામીએ; જ્ઞાનના અનંત આનંદ આગળ તે દુઃખ તૃણ માત્ર છે' આ ભાવાર્થનું જે વચન લખ્યું છે, તે વચનને અમારો નમસ્કાર હો ! એવું જે વચન તે ખરી જોગ્યતા વિના નીકળવું સંભવિત નથી."[૮૦]

શ્રી સોભાગભાઈએ શ્રીમદ્‌ના બોધથી ખેદ ન પામવાનો આત્મનિશ્ચય કર્યો, છતાં તેમને કર્મોદય એવા વિષમ પ્રકારનો હતો કે તેમને ખેદ વારંવાર થઈ જતો. અને શ્રીમદ્ તેમને એ જ બોધ ફરીથી કરતા. પરિણામે શ્રી સોભાગભાઈ ફરીથી આત્મલક્ષ ભણી વળતા. અને કેટલીક વાર તે વિશે શ્રીમદ્ કડક શબ્દોમાં પણ લખતા. – વિ. સં. ૧૯૪૮ના વૈશાખ માસમાં શ્રીમદ્દે તેમને લખ્યું હતું કે :—

> "ઉદય આવેલો અંતરાય સમપરિણામે વેદવા યોગ્ય છે, વિષમપરિણામે વેદવા યોગ્ય નથી.
>
> તમારી આજીવિકા સંબંધી સ્થિતિ ઘણા વખત થયાં જાણવામાં છે; એ પૂર્વકર્મનો યોગ છે...
>
> ધીરજ ન રહે એવા પ્રકારની તમારી સ્થિતિ છે એમ જાણીએ છીએ, તેમ છતાં ધીરજમાં એક અંશનું પણ ન્યૂનપણું ન થવા દેવું તે તમને કર્તવ્ય છે; અને એ યથાર્થ બોધ પામવાનો મુખ્ય માર્ગ છે...
>
> કોઈ પણ પ્રકારે ભવિષ્યનો સાંસારિક વિચાર છોડી વર્તમાનમાં સમપણે પ્રવર્તવાનો દૃઢ નિશ્ચય કરવો એ તમને યોગ્ય છે; ભવિષ્યમાં જે થવા યોગ્ય હશે, તે થશે, તે અનિવાર્ય છે, એમ ગણી પરમાર્થ–પુરુષાર્થ ભણી સન્મુખ થવું યોગ્ય છે...
>
> ઘણા વખત થયાં આજીવિકા અને લોકલજ્જાનો ખેદ તમને અંતરમાં ભેળો થયો છે. તે વિષે હવે તો નિર્ભયપણું જ અંગીકાર કરવું યોગ્ય છે. ફરી કહીએ છીએ કે તે જ કર્તવ્ય છે
>
> લજ્જા અને આજીવિકા મિથ્યા છે."[૮૧] વગેરે.

કર્મોદય સમપરિણામે વેદવાનો બોધ શ્રીમદ્ શ્રી સોભાગભાઈને કરતા, અને તે બોધ ધ્યાનમાં લઈ શ્રી સોભાગભાઈ પણ બને ત્યાં સુધી સમપરિણામ સાચવતા. કંઈક કરવા તેઓ શ્રીમદ્‌ને વીનવતા ખરા, પણ તેઓ જે સૂચવે તે જ શ્રી સોભાગભાઈ કરતા, તેથી કશું વિશેષ કરવા પ્રવૃત્ત થતા નહીં, એટલો દૃઢ વિશ્વાસ તેમણે શ્રીમદ્‌માં કેળવ્યો હતો. શ્રી ડુંગરશીભાઈના ચમત્કારનો કે બીજા કોઈના ચમત્કારનો તેમણે પોતાની વ્યાવહારિક મુશ્કેલી ઓછી કરવા માટે ઉપયોગ કર્યો ન હતો, એ જ શ્રીમદ્‌ની તેમના પરની પ્રબળ અસર સૂચવે છે.

---

૮૦. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૩૨૨

૮૧. એજન, આંક, ૩૭૪

ચારેક વર્ષ સુધી – લગભગ ૧૯૫૦ની સાલ સુધી – આવી તંગ પરિસ્થિતિ ભોગવ્યા પછી શ્રી સોભાગભાઈને કંઈક આર્થિક રાહત થઈ હતી. વિ. સં. ૧૯૫૦માં પણ શ્રી સોભાગભાઈને શ્રીમદ્દે જણાવ્યું હતું કે :—

> "આત્મામાં વિશેષ આકુળતા ન થાય તેમ રાખશો. જે થવા યોગ્ય હશે તે થઈ રહેશે. અને આકુળતા કરતાં પણ જે થવાયોગ્ય હશે તે થશે, તેની સાથે આત્મા પણ અપરાધી થશે."[૮૨]

પરંતુ આ સમય સુધીમાં શ્રી સોભાગભાઈના શ્રીમદ્‌ સાથેના પરિચય ગાઢ થયો હતો, તેમના પ્રતિની શ્રદ્ધા પણ વિશેષ દૃઢ થઈ હતી, આથી તો તેઓ પરમાર્થમાર્ગમાં વિશેષ સ્થિરતા પામ્યા હતા. વિ. સં. ૧૯૫૧ પછી શ્રીમદ્દે શ્રી સોભાગભાઈને લખેલા પત્રોમાં આવી મુશ્કેલીઓનો નિર્દેશ થયેલો જોવા મળતો નથી. વિ. સં. ૧૯૫૧ના માગશર માસમાં શ્રીમદ્દે શ્રી સોભાગભાઈને સકામ ભક્તિથી થતા ગેરલાભ જણાવતાં લખ્યું હતું કે :—

> "પૂર્વે જાણ્યું હતું અને સ્પષ્ટ પ્રતીતિ સ્વરૂપ હતું કે જ્ઞાનીપુરુષને સકામપણે ભજતાં આત્માને પ્રતિબંધ થાય છે, અને ઘણી વાર પરમાર્થ દૃષ્ટિ મટી સંસારાર્થ દૃષ્ટિ થઈ જાય છે. જ્ઞાની પ્રત્યે એવી દૃષ્ટિ થયે ફરી સુલભબોધીપણું પામવું કઠણ પડે છે; એમ જાણી કોઈ પણ જીવ સકામપણે સમાગમ ન કરે, એવા પ્રકારે વર્તવું થતું હતું. તમને તથા શ્રી ડુંગર વગેરેને આ માર્ગ સંબંધી અમે કહ્યું હતું, પણ અમારા બીજા ઉપદેશની પેઠે તત્કાળ તેનું ગ્રહવું કોઈ પ્રારબ્ધયોગથી ન થતું. અમે જ્યારે તે વિષે કંઈ જણાવતા ત્યારે પૂર્વના જ્ઞાનીઓએ આચર્યું છે, એવા પ્રકાર આદિથી પ્રત્યુત્તર કહેવા જેવું થતું હતું. અમને તેથી ચિત્તમાં મોટો ખેદ થતો હતો કે આ સકામવૃત્તિ દુષમકાળને લીધે આવા મુમુક્ષુપુરુષને વિષે વર્તે છે, નહીં તો તેનો સ્વપ્ને પણ સંભવ ન હોય. જોકે તે સકામવૃત્તિથી તમે પરમાર્થદૃષ્ટિપણું વિસરી જાઓ એવો સંશય થતો નહોતો. પણ પ્રસંગોપાત્ત પરમાર્થદૃષ્ટિને શિથિલપણાનો હેતુ થવાનો સંભવ દેખાતો હતો; પણ તે કરતાં મોટો ખેદ એ થતો હતો કે આ મુમુક્ષુના કુટુંબમાં સકામબુદ્ધિ વિશેષ થશે, અને પરમાર્થદૃષ્ટિ મટી જશે, અથવા ઉત્પન્ન થવાનો સંભવ ટળી જશે, અને તેને લીધે બીજા પણ ઘણા જીવોને તે સ્થિતિ પરમાર્થ અપ્રાપ્તિમાં હેતુભૂત થશે; વળી સકામપણે ભજનારની અમારાથી કંઈ વૃત્તિ શાંત કરવાનું બનવું કઠણ, તેથી સકામી જીવોને પૂર્વાપર વિરોધબુદ્ધિ થાય અથવા પરમાર્થ પૂજ્યભાવના ટળી જાય એવું જે જોયું હતું, તે વર્તમાનમાં ન થાય તે વિશેષ ઉપયોગ થવા સહેજ લખ્યું છે."[૮૩]

શ્રીમદ્દે સેવેલો ભય તથા ચિંતા આ પછી ટળી ગયાં; શ્રી સોભાગભાઈએ જ્ઞાની પાસેથી સાંસારિક ફળની ઇચ્છા મૂકી દીધી, અને માત્ર પરમાર્થદૃષ્ટિ જ રાખી શ્રીમદ્‌ને સેવ્યા. તેનું ઉત્તમ પરિણામ આવ્યું. વિ. સં. ૧૯૫૩ના વૈશાખ માસમાં શ્રી સોભાગભાઈએ લગભગ ૨૦

૮૨. "શ્રીમદ્‌ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૪૯૮.
૮૩. એજન, આંક ૫૫૨.

દિવસ શ્રીમદ્દ સાથે ગાળ્યા હતા. તેમાંના લગભગ ૧૦ દિવસ તેઓ ઇડરના પહાડોમાં વસ્યા હતા. ત્યાં શ્રીમદ્દે તેમને ઉત્તમ બોધ આપ્યો હતો, જે ફળદાયી થયો હતો. તે વિષે શ્રી સોભાગભાઈએ વિ. સં. ૧૯૫૩ના જેઠ સુદ ૧૪ના રોજ એક પત્રમાં શ્રીમદ્દને લખ્યું હતું કે :—

"આ કાગળ છેલ્લો લખી જણાવું છું......હવે આ પામર સેવક ઉપર બધી રીતે કૃપાદૃષ્ટિ રાખશો......દેહ ને આત્મા જુદા છે. દેહ જડ છે, આત્મા ચૈતન્ય છે. તે ચેતનનો ભાગ પ્રત્યક્ષ જુદો સમજમાં આવતો નહોતો, પણ દિન આઠ થયાં આપની કૃપાથી અનુભવગોચરથી એફાટ જુદા દેખાય છે. અને રાત – દિવસ આ ચૈતન્ય અને આ દેહ જુદા એમ આપની કૃપાદૃષ્ટિથી સહજ થઈ ગયું છે; એ આપને સહજ જણાવવા લખ્યું છે......વગર ભણ્યે, વગર શાસ્ત્ર વાંચ્યે, થોડા વખતમાં આપના બોધથી અર્થ વગેરેનો ઘણો ખુલાસો થઈ ગયો છે. જે ખુલાસો પચીસ વર્ષે થાય એવો નહોતો તે થોડા વખતમાં આપની કૃપાથી થયો છે."૮૪

ઉપરના પત્રથી સ્પષ્ટ થાય છે કે શ્રી સોભાગભાઈને સમ્યગ્દર્શન થયું હતું એટલું જ નહિ, આત્મદશા વિશેષ વર્ધમાન થઈ હતી. સમ્યગ્દર્શન થાય પછી વધુમાં વધુ પંદર ભવે મુક્તિ થાય છે, એવું શાસ્ત્રવચન છે. આમ શ્રી સોભાગભાઈના ભવકટિ થતાં તેઓ સમીપમુક્તિગામી બન્યા હતા. આ બધું થવામાં શ્રીમદ્દની અસર મુખ્ય કારણભૂત હતી, તેનો સ્પષ્ટ સ્વીકાર શ્રી સોભાગભાઈએ ઉપરના પત્રમાં કરેલો જણાશે. તે પછી શ્રીમદ્દે સમાધિમરણ કઈ રીતે થાય તે જણાવતા ત્રણ પત્રો વિ. સં. ૧૯૫૩ના જેઠ માસમાં શ્રી સોભાગભાઈને લખ્યા હતા, જે ત્રણે પત્રો કોઈ પણ મુમુક્ષુએ સમાધિમરણ માટે વિચારવા યોગ્ય છે.૮૫ તેમાં શ્રી બનારસીદાસજીના "સમયસાર નાટક"માંથી કેટલાંક અવતરણો લઈ સમજાવ્યાં છે; આ અવતરણો સ્વભાવજાગૃતિ, અનુભવઉત્સાહદશા, સ્થિતિદશા, પરમપુરુષદશાવર્ણન વગેરેને લગતાં છે. આ ઉપરાંત દેહની અનિત્યતા અને અગત્ય બતાવતાં જેઠ સુદ ૮ ના પત્રમાં શ્રીમદ્દે શ્રી સોભાગભાઈને લખ્યું છે કે :—

"પરમયોગી એવા શ્રી ઋષભદેવાદિ પુરુષો પણ જે દેહને રાખી શક્યા નથી, તે દેહમાં એક વિશેષપણું રહ્યું છે તે એ કે, તેનો સંબંધ વર્તે ત્યાં સુધીમાં જીવે અસંગપણું, નિર્મોહપણું કરી લઈ અબાધ્ય અનુભવસ્વરૂપ એવું નિજસ્વરૂપ જાણી, બીજા સર્વ ભાવ પ્રત્યેથી વ્યાવૃત્ત (છૂટા) થવું કે જેથી ફરી જન્મમરણનો ફેરો ન રહે. તે દેહ છોડતી વખતે જેટલા અંશે અસંગપણું, નિર્મોહપણું, યથાર્થ સમરસપણું રહે છે તેટલું મોક્ષપદ નજીક છે એમ પરમ જ્ઞાની પુરુષનો નિશ્ચય છે."૮૬

"કંઈ પણ મન, વચન, કાયાના યોગથી અપરાધ થયો હોય, જાણતાં અથવા અજાણતાં, તે સર્વ વિનયપૂર્વક ખમાવું છું. ઘણા નમ્ર ભાવથી ખમાવું છું."૮૭

૮૪. "શ્રીમદ્ રાજચંદ્ર–જીવનકળા", આવૃત્તિ ૫, પૃ. ૧૨૪.

૮૫. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, પત્રાંક : ૭૭૯, ૭૮૦ અને ૭૮૧

૮૬-૮૭. એજન, આંક ૭૮૦.

શ્રીમદ્દે પર્યુષણપર્વ સિવાય આ રીતે ક્ષમાપના યાચતો પત્ર લખ્યો હોય તેમ બન્યું નથી. આ પહેલો જ એવો પત્ર મળે છે કે જેમાં તેમણે પર્યુષણપર્વ સિવાયના સમયે ક્ષમાપના ઇચ્છી હોય. આ પરથી એવું અનુમાન થાય છે કે શ્રીમદ્દને શ્રી સોભાગભાઈના અંતસમયનો ખ્યાલ આવી ગયો હોવો જોઈએ. જો એમ ન હોય તો સમાધિમરણને લગતા તથા ક્ષમાપના ઇચ્છતા પત્રો લખવાનું કોઈ પ્રયોજન નહોતું. આ પત્ર લખાયા પછી થોડા જ દિવસમાં એટલે કે જેઠ વદ ૧૦ – ૧૯૫૩ના રોજ – શ્રી સોભાગભાઈનું સમાધિમરણ થયું એ પરથી ઉપરની માન્યતાને વિશેષ બળ મળે છે.

## શ્રીમદ્ પર સોભાગભાઈની અસર

શ્રીમદ્દને પણ પહેલી જ મુલાકાત વખતે શ્રી સોભાગભાઈ પ્રતિ રાગ ઊપજ્યો હતો. તેમના સરળતા આદિ ગુણો જોઈ તેમના પ્રતિ શ્રીમદ્ વિશેષ આકર્ષાયા હતા, અને શ્રીમદ્દનો તેમના પ્રત્યેનો એ રાગ દિવસે દિવસે વધતો ગયો હતો, — અલબત્ત, એ રાગ માત્ર પરમાર્થમાર્ગ પૂરતો મર્યાદિત હતો. પહેલા મેળાપ પછીના થોડા દિવસે લખાયેલા પત્રમાં જ તેમણે શ્રી સોભાગભાઈના સત્સંગની ઇચ્છા દર્શાવી છે, વિ. સં. ૧૯૪૬ના ભાદરવા સુદ બીજના પત્રમાં તેમણે લખ્યું છે કે :—

> "આપનો સમાગમ અધિક કરીને ઇચ્છું છું; ઉપાધિમાં એ એક સારી વિશ્રાંતિ છે."[૮૮]

અને તેમની આ ઇચ્છા પછીથી પણ ચાલુ જ રહેલી જોવા મળે છે. શ્રીમદ્દની ઇચ્છા તો એવી જ હતી કે શ્રી સોભાગભાઈનો સમાગમ નિરંતર મળ્યા કરે તો સારું. જુઓ તેમનાં આ વચનો —

> "સુધાની ધારા પછીનાં કેટલાંક દર્શન થયાં છે, અને જો અસંગતાની સાથે આપનો સત્સંગ હોય તો છેવટનું પરિપૂર્ણ પ્રકાશે તેમ છે; કારણ કે તે ઘણું કરીને સર્વ પ્રકારે જાણ્યું છે."[૮૯] — મહા સુદ ૯, ૧૯૪૭ના પત્રમાંથી.

> "ઉદાસીનતા ઓછી થવા આપે બે ત્રણ દિવસ અત્ર દર્શન દેવાની કૃપા બતાવી, પણ તે ઉદાસીનતા બે ત્રણ દિવસના દર્શનલાભે ટળે તેમ નથી. પરમાર્થ ઉદાસીનતા છે. ઈશ્વર નિરંતરનો દર્શનલાભ આપે તેમ કરો તો પધારવું નહીં તો હાલ નહીં."[૯૦] — ફાગણ વદ ૧, ૧૯૪૭ના પત્રમાંથી.

> "હરિકૃપાથી અમે પરમ પ્રસન્ન પદમાં છીએ. તમારો સત્સંગ નિરંતર ઇચ્છીએ છીએ."[૯૧] — અષાઢ સુદ ૧૩; ૧૯૪૭ના પત્રમાંથી.

---

૮૮–૮૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૧૩૩–૧૯૭

૯૦. એજન, આંક ૨૧૯. ૯૧. એજન, આંક ૨૫૫.

"સત્સંગ થવાનો પ્રસંગ ઇચ્છીએ છીએ, પણ ઉપાધિયોગનો જે ઉદય તે પણ વેદવા વિના ઉપાય નથી. ચિત્ત ઘણી વાર તમ પ્રત્યે રહ્યા કરે છે."૯૨

– ચૈત્ર વદ ૫, ૧૯૪૮ના પત્રમાંથી.

"તમારા સત્સંગને વિશે અત્યંત રુચિ રહે છે, તથાપિ તે પ્રસંગ થવા હાલ તો 'નિર્બળ' થઈ શ્રી 'હરિને' હાથ સોંપીએ છીએ."૯૩

– જેઠ વદ અમાસ, ૧૯૪૮ના પત્રમાંથી.

શ્રી સોભાગભાઈનો સમાગમ ઇચ્છતા શ્રીમદ્‌નાં આવાં અનેક વચનો તેમના પત્રોમાં લખાયેલાં જોવા મળે છે. શ્રી સોભાગભાઈ સિવાય કોઈ પણ મુમુક્ષુ વિશે આ જાતની સત્સંગની ઇચ્છા સેવી હોય એવું શ્રીમદ્‌ની બાબતમાં જણાયું નથી. અન્ય મુમુક્ષુઓની ઇચ્છાને માન આપી તેઓ તેમનો સંગ કરતા, ત્યારે અહીં બંને પક્ષે સરખી ઉત્કૃષ્ટતા હતી તે જોઈ શકાય છે. આથી સત્સંગનો લાભ આપવા બદલ ઘણી વાર શ્રીમદ્ તેમનો આભાર પણ માનતા.

વિ. સં. ૧૯૪૭ના ફાગણ સુદમાં શ્રીમદે સોભાગભાઈને લખ્યું હતું કે :—

"અમને તમારો મોટો ઓથ આ કાળમાં મળ્યો અને તેથી જ જિવાય છે."૯૪

એ જ વર્ષના શ્રાવણ સુદમાં શ્રીમદે લખ્યું છે કે :—

"તમે અમારે માટે જન્મ ધાર્યો હશે એમ લાગે છે. તમે અમારા અથાગ ઉપકારી છો. તમે અમને અમારી ઇચ્છાનું સુખ આપ્યું છે, તે માટે નમસ્કાર સિવાય બીજો શું બદલો વાળીએ?"૯૫

શ્રી સોભાગભાઈનો ઉપકાર શ્રીમદ્‌ના દિલમાં વસ્યો હતો તે વિષે તેમની હસ્તનોંધમાં પણ જાણી શકાય છે, જુઓ :—

"હે શ્રી સોભાગ! તારા સત્સમાગમના અનુગ્રહથી આત્મદશાનું સ્મરણ થયું તે અર્થે તને નમસ્કાર હો!"૯૬

શ્રીમદ્‌નાં ઉપર જોયાં તેવાં વચનો પરથી ખ્યાલ આવે છે કે તેમની આંતરિક સ્થિતિ ઉચ્ચ કક્ષાએ પહોંચાડવામાં શ્રી સોભાગભાઈનો ફાળો સૌથી વિશેષ હતો. તેમના યોગમાં શ્રીમદ્‌ને જાતિસ્મરણજ્ઞાનની વિશેષતા થઈ હતી. વળી, શ્રીમદ્‌નાં આ વચનો વાંચતાં ખ્યાલ આવે છે કે શ્રી સોભાગભાઈનો તેમના પરનો ઉપકાર ઘણો મોટો હોવો જોઈએ. પરંતુ આ ભવમાં એવો મોટો ઉપકાર કોઈ હોય તેવું જણાતું નથી. અને તે જ કારણે શ્રીમદ્‌ને તેમને માટે આવો અનુરાગ જન્મ્યો હશે. શ્રી સોભાગભાઈના અવસાન સંબંધે લખાયેલાં શ્રીમદ્‌નાં નીચેનાં વચનો વિચારવા યોગ્ય છે :—

---

૯૨. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૩૫૭.

૯૩. એજન, આંક ૩૭૯ ૯૪. એજન, આંક ૨૧૫

૯૫. એજન, આંક ૨૫૯ ૯૬. એજન, હાથ નોંધ ૨ આંક ૨૦.

"આ ક્ષેત્રે આ કાળમાં શ્રી સોભાગ જેવા વિરલા પુરુષ મળે એમ અમને વારંવાર ભાસે છે. શ્રી સોભાગની સરળતા, પરમાર્થ સંબંધી નિશ્ચય, મુમુક્ષુ પ્રત્યે ઉપકારકતા આદિ ગુણો વારંવાર વિચારવા યોગ્ય છે."[૯૭]

"આર્ય સોભાગની અંતરંગદશા અને દેહમુક્ત સમયની દશા, હે મુનિઓ! તમારે વારંવાર અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે."[૯૮] વગેરે.

આ બધાં વચનો શ્રી સોભાગભાઈની ઉચ્ચ અંતરંગદશાની સાક્ષી પૂરે છે. અને તે દશા માટે શ્રીમદ્‌ને ઘણું ઘણું માન હતું તે પણ અહીં જોઈ શકાય છે. આત્મકલ્યાણ કરવા માટે એવી અંતરંગદશા બહુ ઉપકારી નીવડે તેવી હોવાથી, મુનિદશામાં રહેલા શ્રી લલ્લુજી મહારાજ, શ્રી દેવકરણજી, શ્રી મોહનલાલજી આદિને પણ તે દશા વારંવાર વિચારવા યોગ્ય શ્રીમદ્દે કહી છે.

શ્રીમદ્‌ને શ્રી સોભાગભાઈની દશા વિશે ઘણું માન હતું, તે તેમના પત્રોમાં વ્યક્ત થાય છે, એટલું જ નહિ, તેમને કરેલાં સંબોધનોમાં પણ એ વિશેષતા નજરે ચડે છે. શ્રી સોભાગભાઈને સંબોધન કરવા માટે તેમણે જેટલી વિવિધતા દાખવી છે, તેટલી બીજા કોઈના પત્રોમાં નથી. ઘણાના પત્રો તો સંબોધન વિના જ લખાયેલા જોવા મળે છે. એ જ પ્રમાણે શ્રી સોભાગભાઈ પરના પત્રને અંતે શ્રીમદ્દે દસ્કત પણ એટલી જ વિવિધતાથી કરેલ છે, તેમાંના કેટલાક નમૂના પરથી ખ્યાલ આવશે કે શ્રીમદ્‌ના હૃદયમાં શ્રી સોભાગભાઈ માટે કેટલું બધું સ્થાન હતું. પત્ર લખવાની શરૂઆત થઈ તે વખતે શ્રીમદ્ તેમને અહોભાવયુક્ત સંબોધન

૧. "આત્મવિવેકસંપન્ન ભાઈ શ્રી સોભાગભાઈ" આંક ૧૩૩
૨. "જીવનમુક્ત સૌભાગ્યમૂર્તિ સોભાગભાઈ" ૧૭૬
૩. "મહાભાગ્ય જીવનમુક્ત" આંક ૧૯૧ ૪. "પરમ વિશ્રામ સુભાગ્ય" ૨૮૨
૫. "સ્મરણીય મૂર્તિ સુભાગ્ય" આંક ૩૦૧ ૬. "હૃદયરૂપ શ્રી સુભાગ પ્રત્યે" ૩૩૪

પછી સમય જતાં વિ. સં. ૧૯૪૭ આસપાસથી જેવાં પોતાના સાથેનો આંતરિક સંબંધ વિશેષપણે બતાવતાં સંબોધનો કરતા હતા. આ બધાં સંબોધનોમાં પોતાને શ્રી સોભાગભાઈ કેવા લાગતા હતા તે વિશેનો ખ્યાલ શ્રીમદ્દે આપ્યો છે; તેમાં શ્રી સોભાગભાઈને માત્ર "સુભાગ" તરીકે સંબોધે છે. એથી પણ આગળ જતાં, શ્રી સોભાગભાઈની આંતરિક દશા વિશેષ સારી થતાં, શ્રીમદ્દે લાંબાં, અનેક વિશેષણયુક્ત સંબોધનો શ્રી સોભાગભાઈને કર્યાં છે. જુઓ —

"સ્વસ્તિ શ્રી સાયલા ગ્રામ શુભસ્થાને સ્થિત, પરમાર્થના અખંડ નિશ્ચયી, નિષ્કામ સ્વરૂપ...ના વારંવાર સ્મરણરૂપ, મુમુક્ષુ પુરુષોને અનન્ય પ્રેમે સેવન કરવા યોગ્ય, પરમ સરળ અને શાંતમૂર્તિ એવા શ્રી 'સુભાગ્ય,' તેમના પ્રત્યે" – આંક ૩૬૮, "સ્વસ્તિ શ્રી સાયલા શુભસ્થાને સ્થિત, મુમુક્ષુ જનને પરમ હિતસ્વી, સર્વ જીવ પ્રત્યે પરમાર્થ કરુણાદૃષ્ટિ છે જેની એવા નિષ્કામ ભક્તિમાન શ્રી સુભાગ્ય પ્રત્યે" – આંક ૪૦૨. "ઉપકારશીલ શ્રી સોભાગ પ્રત્યે—" ૫૫૨. વગેરે.

---

૯૭. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ, આંક ૭૮૨.

૯૮. એજન, આંક. ૭૮૬.

આમ લગભગ ૬૦ જેટલા પ્રકારનાં વિશિષ્ટ સંબોધનો શ્રીમદ્‌ે શ્રી સોભાગભાઈ માટે યોજ્યાં છે.

પત્રની નીચે સહી કરતી વખતે શ્રીમદ્ મુખ્યત્વે શ્રી સોભાગભાઈને નમસ્કાર કરતા. બીજી વ્યક્તિઓ ઉપરના પત્રોમાં નમસ્કાર કે દસ્કત બહુ ઓછા પ્રમાણમાં જોવા મળે છે; ત્યારે શ્રી સોભાગભાઈ ઉપરના પત્રોમાં તે ન હોય તેવું ભાગ્યે જ જોવા મળે છે. તેઓ નમસ્કાર કરતા તેમાં પણ અનેક જાતની વિવિધતા રહેલી હતી. ઉદા.
"રાયચંદના પ્રણામ", "આજ્ઞાંકિત રાયચંદના દંડવત", "અભિન્ન બોધમયના પ્રણામ", "સત્સ્વરૂપ પૂર્વક નમસ્કાર", "આત્મપ્રદેશ સમસ્થિતિએ નમસ્કાર", "પ્રેમભક્તિએ નમસ્કાર" વગેરે વિવિધ પ્રકારનાં નમસ્કાર સહી કરવાની જગ્યાએ જોવા મળે છે; તો કેટલીક વખત "આત્મસ્વરૂપના યથાયોગ્ય", "શુદ્ધ સહજ આત્મસ્વરૂપ", "બોધસ્વરૂપના યથાયોગ્ય" જેવા આત્મસ્થિતિનો નિર્દેશ કરતાં દસ્કતો પણ જોવા મળે છે. આ પ્રકારની વિવિધતા બીજી વ્યક્તિઓ પરના પત્રોમાં ભાગ્યે જ જોવા મળે છે.

પોતાના હૃદયના ઉત્સાહથી શ્રીમદ્‌ે કરેલાં વિવિધ સંબોધનો અને દસ્કતોમાં તેઓ વચ્ચેના હૃદયરૂપ સંબંધનો ખ્યાલ આવવા સાથે શ્રીમદ્‌નો તેમના પ્રતિનો પૂજ્યભાવ પણ જોવા મળે છે. એ જ રીતે કોઈની પણ પાસે પોતાની આંતરિક અવસ્થા ભાગ્યે જ પ્રગટ કરનાર શ્રીમદ્ શ્રી સોભાગભાઈને ઘણા ખુલ્લા દિલથી પત્રો લખતા, અને તેમાં પોતાની પરમાર્થદશા બતાવવાની સાથે લંબાણથી તત્ત્વવિચારણા પણ કરતા; શ્રી સોભાગભાઈએ પૂછેલા પ્રશ્નોના ઉત્તરો વિસ્તારથી લખતા અને કોઈ વખત તે સત્સંગચર્ચા ઢીલમાં પડે તો શ્રીમદ્ તેને માટે શ્રી સોભાગભાઈને ઠપકો પણ લખતા.

વિ. સં. ૧૯૫૧ આસપાસ પોતાને મોકલાયેલા "છ પદ"ના ગદ્યપત્રની નકલ યાદ રાખવામાં શ્રી સોભાગભાઈને ઘણી મુશ્કેલી પડી, તેથી તેમણે તેનું સહેલાઈથી યાદ રહી જાય તેવું પદ્યસ્વરૂપ રચનાની માગણી શ્રીમદ્ પાસે કરી. શ્રીમદ્‌ે તે પત્રનો ભાવાર્થ સાચવતી "આત્મસિદ્ધિ"ની સરળ પદ્યમાં રચના વિ. સં. ૧૯૫૨માં કરી. અને તે રચના શ્રી સુભાગ્ય આદિ મુમુક્ષુ કાજે કરી હતી, તેવો ઉલ્લેખ પણ તેમાં કર્યો.૯૯ તે જ શ્રી સોભાગભાઈ માટેનું શ્રીમદ્‌નું માન બતાવે છે.

શ્રીમદ્ શ્રી સોભાગભાઈ પાસે પોતાનું અંતરંગ વિશેષતાથી ખોલતા, તે કેટલાક પ્રસંગોથી જણાય છે. પોતાને આત્મજ્ઞાન થયું તે બાબત તેમણે સૌપ્રથમ શ્રી સોભાગભાઈને જ જણાવ્યું હતું, એટલું જ નહિ, તે વિષે બીજાને જણાવવાની તેમની ઇચ્છા પણ નહોતી. શ્રીમદ્‌ે વિ. સં. ૧૯૪૭ના કારતક સુદ ૧૪ના રોજ શ્રી સોભાગભાઈને લખ્યું હતું કે:—

> "આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે; ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે...આટલા માટે હમણાં તો કેવળ ગુપ્ત થઈ જવું જ યોગ્ય છે. એક

૯૯. "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૫૫.

અક્ષરે એ વિષયે વાત કરવા ઇચ્છા થતી નથી. આપની ઇચ્છા જાળવવા ક્યારેક ક્યારેક પ્રવર્તન છે...બાકી સર્વ પ્રકારે ગુપ્તતા કરી છે."૧૦૦

આ પત્ર પરથી પોતાના જ્ઞાન વિષે બીજાને જણાવવાની ઇચ્છા શ્રીમદ્‌ને ન હતી, તે સ્પષ્ટ જણાય છે. વળી જુઓ :—

"બીજી તો કંઈ સ્પૃહા નથી, કોઈ પ્રારબ્ધરૂપ સ્પૃહા પણ નથી, સત્તારૂપ કોઈ પૂર્વે ઉપાર્જિત કરેલી ઉપાધિરૂપ સ્પૃહા તે તો અનુક્રમે સંવેદન કરવી છે. એક સત્સંગ–તમરૂપ સત્સંગની સ્પૃહા વર્તે છે. રુચિમાત્ર સમાધાન પામી છે, એ આશ્ચર્યરૂપ વાત ક્યાં કહેવી? આશ્ચર્ય થાય છે."૧૦૧

"જ્યારથી તમે અમને મળ્યા છો, ત્યારથી આ વાર્તા કે જે ઉપર અનુક્રમે લખી છે, તે જણાવવાની ઇચ્છા હતી, પણ તેનો ઉદય તે તે પ્રકારમાં હતો નહિ એટલે તેમ બન્યું નહિ; હમણાં તે ઉદય જણાવવા યોગ્ય થવાથી સંક્ષેપે જણાવ્યો છે...આ પત્રની વિગત જાણવાને બીજા જોગ જીવ હાલ તમારી પાસે નથી, આટલી વાત સ્મરણમાં રાખવા લખી છે."૧૦૨

આ તથા અન્ય પત્રો જોતાં જણાશે કે શ્રીમદ્‌ે પોતાનું અંતરંગ જેટલું શ્રી સોભાગભાઈ પાસે ખોલ્યું હતું તેટલું બીજા કોઈ પાસે ખોલ્યું જ નહોતું.

શ્રીમદ્‌ે શ્રી સોભાગભાઈ પર કેટલાંક પદ્યાવતરણો તથા તેની સમજૂતી પણ મોકલ્યાં હતાં. તેમાંનાં કેટલાંક અવતરણો મુક્તાનંદસ્વામીની ઉદ્ધવગીતા, નિષ્કુલાનંદના ધીરજાખ્યાન; શ્રીમદ્ ભાગવત, પંડિત ઉત્તમવિજયજીના પ્રકરણરત્નાકર, આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય, સમયસાર નાટક, આનંદઘનચોવીશી, દયારામનાં પદો, વિહારવૃંદાવન વગેરે જુદા જુદા સંપ્રદાયના ગ્રંથોમાંથી લેવાયેલ છે, તેમ છતાં તેમાં વિષય તરીકે તો આત્મા જ નિરૂપાયો છે.

આ ઉપરાંત શ્રી સોભાગભાઈના પત્રોમાં સૌથી વિશેષ તત્ત્વવિચારણા પણ લખાયેલી છે. તેમાં જીવને સંસારપરિભ્રમણ થવાનાં કારણો, સંસારનું સ્વરૂપ, સંસારથી છૂટવાનો માર્ગ, ભક્તિનું માહાત્મ્ય, જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાનું ફળ, કાળનું સ્વરૂપ, લૌકિક અને અલૌકિક દૃષ્ટિ વચ્ચેનો ભેદ, સત્સંગનું માહાત્મ્ય, આત્મસ્વરૂપની મહત્તા, કર્મના પ્રકાર, ગૃહસ્થનું કર્તવ્ય, જ્ઞાનીની વર્તના, જાતિસ્મરણજ્ઞાન ધરાવનાર પૂર્વભવ કઈ રીતે જુએ, સત્પુરુષનું દુર્લભપણું વગેરે પરમાર્થમાર્ગમાં ઉપયોગી થાય તેવા વિવિધ મુદ્દાઓ વિષેની વિચારણા, સુંદર બોધવચનો, સુવાક્યો, નમસ્કાર-વચનો ઇત્યાદિ સાથે આ પત્રોમાં જોવા મળે છે.

આમ શ્રીમદ્‌ે તેમના આચરણ અને સાહિત્ય દ્વારા મુમુક્ષુઓના આત્મવિકાસમાં મહત્ત્વનો ફાળો આપેલો જોઈ શકાય છે.

---

૧૦૦. "શ્રીમદ્ રાજચંદ્ર" અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૪૯.

૧૦૧. એજન, પૃ. ૩૩૭.

૧૦૨. એજન, પૃ. ૩૪૭. આ ઉપરાંત શ્રીમદ્‌ની આંતરિક સ્થિતિ વર્ણવતા પત્રો માટે જુઓ આંક : ૧૮૭, ૨૪૪, ૨૪૭, ૨૫૫, ૩૦૮, ૩૨૨, ૩૨૯, ૩૩૪, ૩૬૮, ૩૯૮, ૪૫૦. ૪૫૩, ૫૨૦, ૫૪૮, ૫૮૬, ૫૮૬ વગેરે.

## પ્રકરણ ૧૪

# વિહંગાવલોકન

વિ. સં. ૧૯૨૪માં દેહ ધારણ કરી, વિ. સં. ૧૯૫૭માં દેહ વિલય કરનાર શ્રીમદ્ રાજચંદ્રનું જીવન એક ગૃહસ્થ-યોગીનું જીવન હતું. તેમણે સંસારની જવાબદારીઓ અદા કરતાં કરતાં, આત્માનો ત્વરિત ગતિથી વિકાસ સાધ્યો હતો, અને તેમ કરતાં કરતાં, સાથે સાથે, તેમનામાં સ્મરણશક્તિ, કવિત્વશક્તિ, અવધાનશક્તિ, જ્યોતિષનું જ્ઞાન, જાતિસ્મરણ-જ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન વગેરે સહજ રીતે ખીલ્યાં હતાં.

બાળપણથી જ તેમની સ્મરણશક્તિ ઘણી તીવ્ર હતી, અને સમયના વહેવા સાથે તે શક્તિ વિશેષ ખીલતી હતી. તેમની ૧૯–૨૦ વર્ષની વય આસપાસ તેમના અવધાનના પ્રયોગો જોઈને કેટલાક વિદ્વાનોએ ગણતરી કરી હતી કે તેઓ એક કલાકમાં ૫૦૦ જેટલા નવા શ્લોકો સ્મરણમાં રાખી શકે તેટલી તીવ્ર સ્મરણશક્તિ ધરાવે છે. પોતાની ધારણારૂપ એ શક્તિના કારણે તેઓ, જ્યાં અષ્ટાવધાન કરવાં પણ અતિદુર્લભ ગણાય ત્યાં, શતાવધાન સુધીના પ્રયોગો જાહેર સભામાં સફળતાપૂર્વક કરી શક્યા હતા. અને તેથી તેઓ “શતા-વધાની રાયચંદભાઈ” તરીકે પણ ઓળખાતા હતા.

કવિત્વશક્તિ પણ તેમનામાં એકદમ બાળવયથી ખીલી હતી. પહેલી પદ્યરચના તેમણે ફક્ત આઠ વર્ષની ઉંમરે જ કરી હતી. તે પછીથી તે શક્તિ પણ ઉત્તરોત્તર ખીલતી ગઈ હતી; અને ચૌદ-પંદર વર્ષની ઉંમર આસપાસ તો તેઓ લોકોમાં “કવિ” તરીકે ઓળખાતા થઈ ગયા હતા. તત્ત્વસભર પદ્યરચના કરવી તે પણ તેમને મન રમતવાત હતી. “આત્મસિદ્ધિશાસ્ત્ર” કે “અપૂર્વ અવસર” જેવી ગૂઢતત્ત્વજ્ઞાનનું નિરૂપણ કરતી રચનાઓ પણ તેમણે માત્ર એક જ બેઠકે અને કોઈ પણ જાતના શાબ્દિક ફેરફાર વિના સર્જી હતી, તે જ તેમની કવિપ્રતિભાનો ઉત્તમ નમૂનો છે. વળી, શ્રીમદ્‌ની કૃતિઓની એ વિશેષતા છે કે તેમની કૃતિઓમાં જૈન તત્ત્વજ્ઞાન વિશેષ આવતું હોવા છતાં તે જૈન-જૈનેતર સર્વને ઉપયોગી થઈ શકે તેવી બની છે. તે વિશે દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ વિ. સં. ૧૯૯૬ની કાર્તકી પૂર્ણિમાએ “રાજ જયંતી” નિમિત્તે મુંબઈમાં પ્રમુખપદેથી બોલતાં જણાવ્યું હતું કે :—

> “કવિશ્રીના જીવનના ઉચ્ચ આશય, તેમના લેખમાંથી મળી આવતા ઉચ્ચ વિચારો, સ્વીકારવા લાયક શિખામણનાં વચનો અને સ્તુત્ય તથા ફિલસૂફીથી ભરપૂર સિદ્ધાંતો, એકલા જૈનસમૂહને ઉપયોગી છે તેમ નથી, પરંતુ તે સર્વમાન્ય છે. અને તે સર્વમાન્યતાને લીધે તે જેમ પ્રસિદ્ધિમાં આવે તેમ સારું.”[1]

---

૧. “શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ”, પૃ. ૮૨.

આ અવધાનશક્તિ અને કવિત્વશક્તિ સાથે તેમણે જ્યોતિષનું જ્ઞાન પણ ઘણા સારા પ્રમાણમાં મેળવ્યું હતું. તેમણે ભાખેલું ભવિષ્ય ભાગ્યે જ ખોટું પડતું. માત્ર બ્રાહ્મણોનું જ ધન ગણાય, તેમની અમૂલ્ય વિદ્યા ગણાય, તે નષ્ટ વિદ્યાનો પ્રયોગ પણ તેઓ કરી શકતા. તેમાં પણ તેમની તીવ્ર સ્મરણશક્તિ અને ગણિતના અટપટા કોયડા ત્વરાથી ઉકેલવાની શક્તિ મદદરૂપ થતી હતી.

આ બધાં બાહ્યક્ષેત્રમાં મેળવેલી સિદ્ધિઓની સાથે તેમણે કેટલીક આંતરિક શક્તિઓ પણ મેળવી હતી. એ બધી શક્તિઓ તેમને આત્માની નિર્મળતાના ફળ રૂપે પ્રાપ્ત થઈ હતી; તે મેળવવા તેમણે કોઈ વિશિષ્ટ પુરુષાર્થ કર્યો ન હતો. તેમ તે શક્તિઓનો તેમને કોઈ વિશેષ મોહ પણ ન હતો.

માત્ર સાત વર્ષની વયે, તેમના પર વહાલ રાખનાર શ્રી અમીચંદભાઈના અવસાન પ્રસંગે વવાણિયામાં બાવળના ઝાડ ઉપર તેમને જાતિસ્મરણજ્ઞાનની શરૂઆત થઈ હતી અને તે જ્ઞાન વધતાં વધતાં પૂર્વના અનેક ભવો સુધી વિકસ્યું હતું, પણ તે વિષે તેઓ કેવળ નિઃસ્પૃહી હતા!

તેમનાં મતિ અને શ્રુતજ્ઞાન પણ ઘણા સારા પ્રમાણમાં વિકસ્યાં હતાં, માત્ર ૩૩ વર્ષ જેટલા, અને તે પણ પ્રવૃત્તિમય જીવનમાં તેમણે અનેક ગ્રંથોનું અવલોકન કર્યું હતું, તે ગ્રંથોનો આશય પચાવ્યો હતો અને તેમાંથી મેળવેલ આદર્શ પોતાના જીવનમાં ઉતારવા મથામણ કરી હતી. આ આદર્શો પોતાના જીવનમાં ઉતારતી વખતે પોતાને થતા અનુભવો તેઓ પોતાના પરમાર્થ સખા અને પરમાર્થ સ્નેહીઓને વારંવાર જણાવતા રહેતા. તેમના એ વર્તન વિષે, શ્રી કાકાસાહેબ કાલેલકરે વિ. સં. ૧૯૮૮ની કાર્તકી પૂર્ણિમાએ "રાજ-જયંતી" નિમિત્તે અમદાવાદમાં બોલતાં જણાવ્યું હતું કે:—

> "શાસ્ત્રોમાં મૂળ મુદ્દાની વાતો લખી છે. તેનો પ્રયોગ અને અનુભવ કર્યા વગર રહેવાય જ નહિ, એ જાતનો આગ્રહ રાખનાર જે થોડાક પુરુષો છે તેઓ જ ખરું જોતાં ધર્મની બાબતમાં જીવતા લોકો કહેવાય. શ્રીમદ્ રાજચંદ્ર એ કોટિના ગણાય. એમનાં લખાણ પરથી સ્પષ્ટ થાય છે કે છેક નાનપણથી ધાર્મિક જીવનનો આગ્રહ તેમનામાં હતો, મનોમંથન અખંડ ચાલુ હતું. પ્રયોગવીર તરીકે પોતાના પ્રયોગોનો રિપોર્ટ વખતોવખત પોતાના મિત્રોને અને સહધર્મીઓને આપવાને પોતે બંધાયેલા છે એમ તેઓ માનતા. તેથી જ તેમના કાગળોમાં પોતાને વિષે અનેક વાર ઉલ્લેખો આવે છે...એમનું કવિપદ વિશાળ અર્થમાં સાર્થ થાય છે. કવિ એટલે અનુભવી, કવિ એટલે જીતેલો, કવિ એટલે ક્રાન્તદર્શી, જીવનના બધા મહત્ત્વના સવાલોનો ઉકેલ જેને હાથ લાગ્યો છે તે કવિ."[૨]

મતિ અને શ્રુતજ્ઞાનની સાથે તેમનામાં અવધિજ્ઞાન પણ તેમના આત્માની નિર્મળતાને લીધે ખીલ્યું હતું. તેઓ ભવિષ્યમાં બનનારા પ્રસંગોની આગાહી કરી શકતા, જે આપણે

૨. "શ્રીમદ્દની જીવનયાત્રા", પૃ. ૧૫૮, "નવજીવન", તા. ૨૯-૧૧-૧૯૩૧.

શ્રી જૂઠાભાઈના અવસાન આદિ બાબતમાં જોયું છે. તેઓ સામા માણસના મનના ભાવો પણ જાણી શકતા, પણ તેમણે તે જ્ઞાનનો ઉપયોગ ભાગ્યે જ કરેલો જણાય છે.

આમ તેઓમાં નાની વયથી જ આત્મિક શક્તિઓનો આવિર્ભાવ જોવા મળતો હતો. પણ તેઓ પોતે તે વિષે ક્યારેય સભાનપણે વર્ત્યા હોય કે તે વિષે અભિમાન ધર્યું હોય તેવું જોવા મળતું નથી. તેઓ તે સર્વ વિષે સદાય નિરભિમાની જ હતા, અને તેમનું ધ્યેય તેનાથી પણ વિશેષ પ્રાપ્ત કરવા તરફ હતું, અર્થાત્ આત્માને મુક્ત કરવાના પુરુષાર્થ પાછળ જ પોતાનું સમગ્ર જીવન વ્યતીત કરવાનો તેમણે નાની વયે જ નિર્ણય લઈ લીધો.

પરિણામે વીસ વર્ષની વયે તેમણે જાહેર ક્ષેત્રનો ત્યાગ કર્યો, અવધાન આદિના પ્રયોગો બંધ કર્યા, કાવ્યો કે લેખો માસિકોમાં મોકલવા બંધ કર્યા, પોતાની સ્મરણશક્તિના પરચા આપવા બંધ કર્યા, અને તે પછી જ્યોતિષના ઉપયોગ પણ સદંતર બંધ કરી દીધો. આમ કોઈ યોગવિભૂતિની પેઠે સિદ્ધિ અને પ્રસિદ્ધિના મોહ છોડી તેઓ સંસારમાં જળકમળવત્ રહેવા લાગ્યા. વિ. સં. ૧૯૪૪માં ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ્યા પછી પણ તેમનું તે ધ્યેય બદલાયું ન હતું. અને સંસાર, વ્યાપાર આદિની જવાબદારીઓ પૂરી કરતાં કરતાં તેમણે જે આત્મિક વિકાસ સાધ્યો હતો, તે કોઈને પણ આદર્શરૂપ બની જાય તેવો છે.

મુંબઈ જેવા શહેરમાં, ઝવેરાતના વેપારમાં ગૃહસ્થાશ્રમી શ્રીમદ્દનું બાહ્ય જીવન વ્યતીત થતું હતું. પણ તેમનું આંતરિક જીવન જુદા જ પ્રકારનું હતું. તે વિશે આપણે શ્રી નર્મદાશંકર મહેતાએ વિ. સં. ૧૯૭૨માં કાર્તકી પૂર્ણિમાએ "રાજ જયંતી" નિમિત્તે અમદાવાદમાં કહેલા શબ્દોમાં કહીએ તો :—

> "શ્રીમાન રાજચંદ્રના સંબંધમાં આપણને સ્પષ્ટ સમજાય છે કે તેઓ પરધર્મ પ્રતિ માનદૃષ્ટિવાળા છતાં નિશ્ચયબળથી ચુસ્ત જૈની હતા...ધર્મસિદ્ધિમાં વૈરાગ્યભાવના પ્રકર્ષ પામવી જ જોઈએ અને તેવો પ્રકર્ષ શ્રીમાન રાજચંદ્રમાં તે પામી વિલાસરૂપે તે ઝળકતી હતી. તેમનું સમગ્ર જીવન કોઈ પણ સાંસારિક સુખની અથવા કીર્તિ આદિની લાલસાથી રંગાયેલું ન હતું. અને તેથી શ્રી મહાવીરના જૈન શાસનને પોતાના સંબંધમાં આવનાર અધિકારીજનોને તે સચોટ પ્રબોધી શક્યા હતા. વૈરાગ્યભાવનાના પ્રકર્ષ વડે તેમની વિશાળ બુદ્ધિ, મધ્યસ્થતા સરળતા અને જીતેન્દ્રીયપણું તત્ત્વોદયમાં આવશ્યક ગુણો તેઓશ્રીએ માન્યા છે તે વધારે દીપ્તિવાળા થયા હતા."[૩]

આમ શ્રીમદ્દે સંસારમાં રહીને ધર્મસાધના કરી હતી, અને તેમાં તેમણે ઘણો આત્મવિકાસ સાધ્યો હતો. શ્રીમદ્ થોડીક પણ નિવૃત્તિ મળે એટલે ધર્મગ્રંથ વાંચવામાં કે ચિંતન કરવામાં તલ્લીન બની જતા – પછી તેઓ ઘરમાં હોય, પેઢી પર હોય કે અન્ય કોઈ જગ્યાએ હોય. ટૂંકમાં કહીએ તો તેમને સતત પરમાર્થનું જ ચિંતન રહેતું હતું, કર્મના ઉદયને લીધે જે કોઈ અન્ય પ્રવૃત્તિ કરવી પડે તે તેઓ કરતા, પણ તેમાં તેમને કદી આસક્તિ થતી નહિ. આપણે પણ મુનિશ્રી પુણ્યવિજયજીની જેમ કહી શકીએ કે :—

૩. "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ", પૃ. ૭૨૧.

"શ્રીમદ્દે મોહના ઘરમાં રહીને જ મોહને જર્જરિત કર્યો! એ તો એમના જેવા અપવાદરૂપ અસાધારણ ઓલિયા ધીર પુરુષો જ કરી શકે!"[૪]

આમ શ્રીમદ્‌નું જીવન સંસારી હોવા છતાં ધર્મસાધના પાછળ જ વ્યતીત થતું હતું. આથી તેમનું પરિચિત વર્તુળ પણ આધ્યાત્મિક બાબતોમાં રસ ધરાવનાર વ્યક્તિઓનું બનેલું હતું. સંસારના રસિયા જીવો તો તેમની પાસે ટકી પણ શકતા નહિ, કારણ કે તેમને તો કેવળ પરમાર્થની જ લગની લાગી હતી. અને તે લગની તેમના પત્રોમાં તથા અન્ય સાહિત્યમાં પણ જોઈ શકાય છે. તેઓ નિવૃત્તિ માટે મુંબઈની બહાર વસતા ત્યારે તેઓ પૂર્ણ સંયમી જીવન ગાળતા. કારણ કે તેમને મહાવીરનો ધર્મ પ્રકાશવાની ઘણી ઇચ્છા હતી, અને તે યથાયોગ્યતા વિના ન પ્રકાશવાનો તેમણે નિર્ણય કર્યો હતો. એટલે માર્ગપ્રકાશકને યોગ્ય ગુણો પોતામાં પૂર્ણપણે ખીલવવા માટે તેઓ સતત પ્રયત્ન કરતા હતા, જે માટે સંયમી જીવન એ પહેલી આવશ્યકતા હતી.

શ્રીમદ્દે પોતે સેવેલા આત્મમંથનને પરિણામે જે કેટલાંક સત્યોની શોધ કરી હતી, તે તેમણે અન્ય મુમુક્ષુઓ પાસે પણ મૂકી હતી. તેમાં સૌથી પહેલો તેમનો ઉપદેશ કોઈ પણ જાતના મતમતાંતરમાં ન પડવાનો હતો. નાના નાના ભેદોમાં પડી, ખંડનમંડનમાં ઊતરી લોકો પોતાનું કલ્યાણ કરવાને બદલે અકલ્યાણ જ કરે છે, તેવો તેમનો અભિપ્રાય હતો. સાચું જ્ઞાન પ્રાપ્ત ન થયું હોવાથી કેટલીક વસ્તુઓ ન સમજાતી હોય તો તે ખોટી જ છે, એવો આગ્રહ મૂકી દેવાનો શ્રીમદ્‌નો ઉપદેશ હતો. એવી જંજાળમાં પડ્યા સિવાય આત્માને કઈ રીતે પામી શકાય તેનો જ વિચાર કરવાનો ઉપદેશ શ્રીમદ્દે પોતાના પરિચિત વર્તુળમાંની પ્રત્યેક વ્યક્તિને આપ્યો હતો. અને તેઓ પોતે પણ તેવા મતભેદોના પ્રસંગોથી સદાય દૂર રહ્યા હતા. આ મતભેદનું મમત્વ છોડવાનો તેમનો ઉપદેશ એ તેમનું અગત્યનું વલણ ગણાય.

શ્રીમદ્દે જે સદ્‌ગુરુનું માહાત્મ્ય બતાવ્યું છે, તે પણ આધ્યાત્મિક ક્ષેત્રે તેમનો મહત્ત્વનો ફાળો ગણાય. સદ્‌ગુરુની શી આવશ્યકતા છે, તેમનાં લક્ષણ કેવાં હોય, તેમની આજ્ઞાએ ચાલવાથી શો લાભ થાય વગેરે વિશે શ્રીમદ્દે જે નિરૂપણ કર્યું છે, તે તેમના સમયમાં સામાન્ય રીતે કોઈ જણાવતું નહોતું. એ રીતે જોતાં વર્તમાનકાળમાં સાચો માર્ગ ચીંધનાર શ્રીમદ્ એક મહત્ત્વની વ્યક્તિ ગણી શકાય. એથી તો શ્રી ગોવિંદજી મૂળજી મેપાણીએ વિ. સં. ૧૯૯૬ માં "રાજ જયંતી" નિમિત્તે જણાવ્યું હતું કે :—

"હાલના સમયમાં એમના જેવા સમર્થ તત્ત્વજ્ઞાની કોઈ પણ થયા નથી. એટલે અધ્યાત્મવર્ગનું ખરું રહસ્ય સમજવા ઇચ્છનારને, પછી તે ગમે તે ધર્મને માનનાર હોય તેમણે, એમનાં લખાણો અવલોકવાની ખાસ આવશ્યકતા છે. ઉપશાંત તથા વીતરાગવૃત્તિના પુરુષોને પ્રભુભક્તિનો સત્ય રંગ ચઢાવવા માટે તે વિશેષ ઉપકારી થશે."[૫]

શ્રીમદ્‌ના આધ્યાત્મિક ક્ષેત્રમાં આવો જ મહત્ત્વનો બીજો ફાળો તે તેમણે બતાવેલા ભક્તિના માહાત્મ્યમાં છે. ઘણા લોકો, માત્ર જ્ઞાન કે માત્ર ક્રિયાને જ પ્રાધાન્ય આપી તેઓ

૪. "શ્રીમદ્ રાજચંદ્ર જીવનજ્યોતિ", પૃ. ૧૦.

૫. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૮૩.

શુષ્કજ્ઞાની કે ક્રિયાજડ થઈ જાય છે. એ બંને સામે લાલબત્તી ધરી શ્રીમદ્ ભક્તિમાર્ગનું પ્રાધાન્ય સમજાવે છે, અને પોતાને લાધેલા અનુભવને પરિણામે તેની શ્રેષ્ઠતા પણ બતાવે છે. પોતાના આધ્યાત્મિક મંથનના ફળરૂપે શ્રીમદ્‌ને આ સત્ય લાધ્યું હતું, અને તે તેમણે જગત સમક્ષ મૂક્યું.

આમ શ્રીમદ્દે વીસ વર્ષની વયે જાહેર ક્ષેત્રનો ત્યાગ કર્યો હતો, પણ તેથી કંઈ જગતનું હિત કરવાની તેમની બુદ્ધિ ઓછી નહોતી થઈ, બલ્કે વિશેષતા પામી હતી. તેમની હયાતી દરમ્યાન શ્રીમદ્દે બહુ ઓછી વ્યક્તિઓને પોતાના અંગત પરિચયમાં રાખી હતી, તેનું કારણ તેમની પરમાર્થ પ્રત્યેની પ્રીતિ અને વર્તતો કર્મોદય હતો. તેથી તે સમયે આ બધું કાર્ય કરવા છતાં, ધર્મનાં સાચાં મૂલ્યો જણાવવા છતાં, પ્રકાશમાં આવ્યા ન હતા. જોકે તેમને તેવી ખેવના પણ ન હતી! પણ જેઓ તેમના પરિચયમાં આવ્યા હતા, જેમને તેમની સાચી ઓળખાણ થઈ હતી, તેમને શ્રીમદ્‌ના કાર્યનું અને તેમની પ્રતિભાનું મૂલ્ય સમજાયું હતું. તેથી તેમની હયાતી બાદ જનતાને તેમની સાચી ઓળખ આપવાનું કાર્ય તે સર્વેએ ઉપાડી લીધું, તે કાર્ય વિવિધ રીતે શરૂ થયું.

શ્રીમદ્‌ના લઘુબંધુ શ્રી મનસુખભાઈ રવજીભાઈ મહેતાએ, શ્રી અંબાલાલભાઈ વગેરેની મદદ લઈ શ્રીમદ્‌નું સઘળું સાહિત્ય તથા પત્રો ઘણા પરિશ્રમથી એકઠાં કર્યાં. અને તે સર્વ વિ. સં. ૧૯૬૧માં, શ્રીમદ્‌ના અવસાન પછી ચાર વર્ષે, "પરમશ્રુત પ્રભાવક મંડળ" તરફથી "શ્રીમદ્ રાજચંદ્ર" નામના ગ્રંથમાં પ્રગટ કર્યું. આમ શ્રીમદ્‌નું સાહિત્ય પ્રકાશિત થતાં તેમની ઉચ્ચ ગુણવત્તાથી લોકો આકર્ષાયા અને તેમના જીવનનું તથા સાહિત્યનું મૂલ્ય સમજવા લાગ્યા. આ ગ્રંથ વિશે આચાર્ય આનંદશંકર ધ્રુવે, વિ. સં. ૧૯૭૩ની કાર્તકી પૂર્ણિમાએ, "રાજ જયંતી" નિમિત્તે વઢવાણ કૅમ્પમાં કહેલું કે:—

> "શ્રીમદ્ રાજચંદ્રના ગ્રંથને એક આદર્શરૂપે રાખવામાં આવે તો તેથી તેના ઉપાસકને અત્યંત લાભ થયા વિના રહે નહિ. એ ગ્રંથમાં તત્ત્વજ્ઞાનનાં ઝરણો વહ્યાં કરે છે. એ ગ્રંથ કોઈ ધર્મવિરોધી નથી, કારણ કે તેની શૈલી બહુ ગંભીર પ્રકારની છે."[૬]

અમદાવાદમાં પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રીમદ્ રાજચંદ્ર વિષે બોલતાં શ્રી રસિકલાલ પરીખે જણાવ્યું હતું કે:—

> "આ લખાણો એવા સ્વરૂપનાં છે કે જેમાં મેં અન્ય કોઈને વિષે જાણ્યાં જોયાં નથી. કોઈ દેહીની પોતાની આત્મસાધનાની આવી રોજનીશી, જેમાં આત્મજ્ઞાનની ધગશ, તે તરફ થતી પ્રગતિ, તેમાં આવતાં વિઘ્નો, ચમત્કાર સમા સાક્ષાત્કારો આવી સળંગ રીતે મળતા હોય, તેવી મારા જોવામાં નથી આવી! આત્મા છે કે નહિ, પુનર્જન્મ છે કે નહિ, મોક્ષનું સ્વરૂપ કેવું છે, આત્મા પૂર્ણ સ્વરૂપને પામે તે પહેલાં કયાં કયાં અવસ્થાન્તરો પામે — આ પ્રશ્નોનું અનુભવી શૈલીએ થતું વિવરણ 'શ્રીમદ્ રાજચંદ્ર'માં જોયું."[૭]

---

૬. "શ્રીમદ્‌ની જીવનયાત્રા", પૃ. ૧૫૩.

૭. "શ્રીમદ્ રાજચંદ્ર: અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૮૪.

વિ. સં. ૧૯૭૬માં "શ્રીમદ્દ રાજચંદ્ર આશ્રમ, અગાસ"ની સ્થાપના થઈ. શ્રીમદ્દના અતિ નિકટના પરિચયમાં આવનાર તથા તેમને યથાર્થ ઓળખનાર મુનિશ્રી લલ્લુજી મહારાજે ત્યાં રહીને ચૌદ વર્ષ સુધી શ્રીમદ્દના સાહિત્યનો તથા તત્ત્વવિચારણાનો લોકોને ઉપદેશ આપીને શ્રીમદ્દની યથાર્થ ઓળખાણ કરાવવાનો પ્રયત્ન કર્યો હતો. તેઓ પોતાના ઉપદેશમાં શ્રીમદ્દનું તથા તેમના સાહિત્યનું માહાત્મ્ય બતાવતા, અને પોતાની શ્રીમદ્દ પ્રતિની અનન્ય ભક્તિ પણ જણાવતા. તેઓ પણ શ્રી ભદ્રમુનિની જેમ માનતા હતા કે :—

> "વર્તમાન શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીરની સાધનાનું અન્ય તીર્થંકરવૃંદકૃત સાધનામાં જેમ અદ્વિતીયપણું છે, તેમ કલિયુગસાધકવૃંદમાં શ્રીમદ્દનું ખરે જ અદ્વિતીયપણું પ્રણામ કરવા યોગ્ય છે."[૮]

અને મુનિમાં ખીલેલા ગુણોથી આકર્ષાઈને તેમનામાં શ્રદ્ધા થવાથી ઘણા લોકો શ્રીમદ્દના ભક્ત થયા હતા.

શ્રીમદ્દના ગાઢ પરિચયમાં આવનાર પૂજ્ય ગાંધીજીએ પણ કેટલાંયે ભાષણોમાં તથા "આત્મકથા" આદિનાં લખાણોમાં અનેક વાર પોતાના પરનું શ્રીમદ્દનું ઋણ સ્વીકાર્યું હતું. એક પ્રસંગે ગાંધીજીએ જણાવ્યું હતું કે :—

> "यदि उनकी इच्छा होती तो उनमें ऐसी शक्ति थी कि वे एक अच्छे प्रतिभाशाली बेरिस्टर, जज या वाइसरोय हो सकते । यह अतिशयोक्ति नहि, किन्तु मेरे मन पर उनकी छाप है । उनकी विचक्षणता दूसरे पर अपनी छाप लगा देती थी ।"

> "આ પુરુષે ધાર્મિક બાબતમાં મારું હૃદય જીતી લીધું, અને હજુ સુધી કોઈ પણ માણસે મારા હૃદય પર તેવો પ્રભાવ પાડ્યો નથી, ઘણી બાબતમાં કવિનો નિર્ણય – તુલના, મારા અંતરાત્માને – મારી નૈતિક ભાવનાને – ખૂબ સમાધાનકારક થતો. કવિના સિદ્ધાંતનો મૂળ પાયો નિઃસંદેહ અહિંસા હતો. કવિની અહિંસાના ક્ષેત્રમાં ઝીણામાં ઝીણાં જંતુથી માંડીને આખી મનુષ્યજાતિનો સમાવેશ થતો હતો."[૯]

મહાત્મા ગાંધી જેવી જગતવંદ્ય વિભૂતિ પર આવી પ્રબળ અસર કરનાર વ્યક્તિની મહત્તા કેવી હશે, એ જિજ્ઞાસાથી પ્રેરાઈને ઘણા લોકો શ્રીમદ્દનાં જીવન તથા સાહિત્યનો અભ્યાસ કે પરિચય કરવા પ્રેરાયા હતા.

વળી, શ્રીમદ્દના અવસાન પછી લગભગ દર વર્ષે "શ્રીમદ્દ રાજચંદ્ર જયંતી" જુદે જુદે સ્થળે ઘણાં વર્ષો સુધી ઊજવાઈ. તેમાં પૂ. ગાંધીજી, આચાર્ય આનંદશંકર ધ્રુવ વગેરેએ પ્રમુખસ્થાનેથી તથા મનસુખભાઈ રવજીભાઈ, કાકા કાલેલકર, બળવંતરાય કલ્યાણરાય ઠાકોર, દી બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, રસિકલાલ પરીખ, ગોવિંદજી મૂલજી મેપાણી, મગનભાઈ દેસાઈ, માણેકલાલ ઘેલાભાઈ ઝવેરી, મનસુખભાઈ કીરતચંદ મહેતા, જીવાભાઈ અમીચંદ,

૮. "શ્રીમદ્ રાજચંદ્ર શતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૩૨.

૯. એજન, પૃ. ૯, મેડાર્ન રિવ્યુ", જૂન ૧૯૩૦.

અમરચંદ પી. પરમાર, મુનિશ્રી ચારિત્રવિજયજી વગેરે અનેક નામાંકિત વ્યક્તિઓએ વક્તા તરીકે "શ્રીમદ્ રાજચંદ્ર જયંતી" નિમિત્તે ભાષણો કર્યાં હતાં અને સૌએ પોતાનો શ્રીમદ્ પ્રતિનો અભિપ્રાય, અથવા તો શ્રીમદ્‌ની પોતા પરની અસર વ્યક્ત કરી હતી અને એ રીતે લોકો શ્રીમદ્‌ને ઓળખતા થયા હતા. વળી તેમના સાહિત્યનો પરિચય કરનાર અન્ય વ્યક્તિઓએ પણ તેમને માટે અભિપ્રાયો વ્યક્ત કર્યા હતા. આ બધાને લીધે પણ લોકોમાં શ્રીમદ્‌ની વિશેષ ઓળખ થવા પામી હતી. તેમનામાંથી કેટલીક વ્યક્તિઓનાં વચનો જોઈએ :—

શ્રીમદ્‌ની નીડરતા, આત્મા મેળવવાની ધગશ, અને તે માટે કરવી જોઈતી તપશ્ચર્યા માટેનો પ્રયત્ન કરવાનું જણાવતાં પૂ. ગાંધીજીએ વિ. સં. ૧૯૮૨ની કાર્તકી પૂર્ણિમાએ માંડવીમાં આપેલા વ્યાખ્યાનમાં કહ્યું હતું કે :—

"જે વસ્તુ આત્માને દૂધ જેવી દેખાય છે તેને જગતમાં કોઈનો પણ ડર રાખ્યા વિના પ્રગટ કરવાની શક્તિ આપણે એ પુરુષના સ્મરણમાંથી આજે મેળવીએ. ડર એક માત્ર ચૈતન્યનો રાખીએ, ચોવીસે કલાક, રખેને એ હંમેશાં ખબરદારી કરનારો દુભાશે તો નહિ એવી ચિંતા રાખીએ. રાજચંદ્રના જીવનમાંથી તેમની અનંત તપશ્ચર્યા શીખીએ, અને જે અનંત તપશ્ચર્યાને પરિણામે તેઓ ચૈતન્યની આરાધના કરતાં શીખ્યા તે સમજીએ, અને આપણી અલ્પતા વિચારી બકરી જેવાં રાંક બની, આપણામાં વિરાજતા ચૈતન્યને વિચારી સિંહ જેવા સમર્થ બનીએ તો જીવનનું સાર્થક્ય છે."[૧૦]

વિ. સં. ૧૯૬૬ની કાર્તકી પૂર્ણિમાએ શ્રી બળવંતરાય કલ્યાણરાય ઠાકોરે મુંબઈમાં શ્રીમદ્‌ને આજન્મ તપસ્વી ગણાવતાં કહ્યું હતું કે :—

"હું માનવાની હિંમત કરી શકું છું કે શ્રીયુત રાજચંદ્રજી જન્મના તપસ્વી (Born Ascetic) હતા, એ વાત સત્ય હોવી જોઈએ."[૧૧]

શ્રી મગનભાઈ પ્રભુભાઈ દેસાઈએ વિ. સં. ૧૯૯૧ની કાર્તકી પૂર્ણિમાએ અમદાવાદમાં "રાજ જયંતી" નિમિત્તે વાંચેલા વ્યાખ્યાનમાં શ્રીમદ્‌ને સાચા અર્થમાં ધર્મપુરુષ ગણાવતાં કહેલું કે :—

"શ્રીમદ્ સાચા અર્થમાં એક ધર્મપુરુષ હતા. જે પોતે માનતા ને સત્શાસ્ત્રના શુદ્ધ બોધ તરીકે સમજતા તેને જીવનમાં ઉતારવા મથતા અને આ મથામણે તેમના જીવનમાં કેવી ઘમસાણ મચાવી મૂકી હશે એ તો તેમના ટૂંકા આયુ પરથી અનુમાની શકાય. એમ જ લાગે છે કે જાણે અસત્ય સામે ઝૂઝતાં તેમણે શરીરને સાવ ઘસી નાખ્યું. એમની ચિત્તશક્તિ અને જિજ્ઞાસા તો દિનપ્રતિદિન સતેજ થતાં જતાં હતાં. પણ શરીર તેની સાથે ટકી ન શક્યું."[૧૨]

---

૧૦. "નવજીવન", તા. ૯-૧૧-૧૯૨૫, "શ્રીમદ્‌ની જીવનયાત્રા", પૃ. ૧૪૩.

૧૧. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૮૧.

૧૨. "શ્રીમદ્ જીવનયાત્રા", પૃ. ૧૭૮.

શ્રીમદ્દને વિવેકાનંદની કોટિમાં મૂકતાં "જૈન"ના અધિપતિએ તા. ૨૮-૧૧-૧૯૦૯ના રોજ લખ્યું હતું કે :—

> "વેદાંતના નવયુગ પ્રવર્તક તરીકે શ્રીયુત વિવેકાનંદે પોતાના વર્ગમાં જે કીર્તિ મેળવી છે, તે જ પ્રકારની કીર્તિ અમો જૈનોના વિષયમાં શ્રીમાન રાજચંદ્રને આપીએ તો તેમાં કોઈ જાતની અત્યુક્તિ નથી."[૧૩]

શ્રીમદ્ રાજચંદ્રના એક અભ્યાસી ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતાએ શ્રીમદ્ માટે અહોભાવભરી વાણીમાં એક જગ્યાએ લખ્યું છે કે :—

> "આ પુરુષરત્નને પામીને ન્યાય ન્યાયપણું પામ્યો, કાવ્ય કાવ્ય બન્યું, અલંકારને અલંકાર સાંપડ્યો, રસમાં સ-રસતા આવી, કરમાયેલી શ્રુતવલ્લરી નવપલ્લવિત થઈ, યોગ કલ્પતરુ ફૂલભારથી નમ્ર બન્યો, યુક્તિ આગ્રહમુક્ત થઈ, મુક્તિ જીવનમુક્તપણે પ્રત્યક્ષ થઈ, ભક્તિમાં શક્તિ આવી, ધર્મમાં પ્રાણ આવ્યો, સંવેગમાં વેગ આવ્યો, વૈરાગ્યમાં રંગ લાગ્યો, સાધુતાને સિદ્ધિ સાંપડી, શાસનનું શાસન ચાલવા લાગ્યું, કલિકાલનું આસન ડોલવા લાગ્યું, દર્શનને સ્વરૂપદર્શન થયું, સ્પર્શજ્ઞાનને અનુકૂળ સ્થાન મળ્યું, ચારિત્ર ચરિતાર્થ બન્યું, વચનને કસોટી માટે શ્રુતચિંતામણિ મળ્યો, અનુભવને મુખ જોવા દર્પણ મળ્યું, તત્ત્વમીમાંસા માંસલ બની, દર્શનવિવાદો દુર્બલ થયા, વાડાનાં બંધન તૂટ્યાં, અખંડ મોક્ષમાર્ગ વિશ્વમાં વ્યાપી રહ્યો, અંધશ્રદ્ધાની આંધી દૂર થઈ, દંભના પડદા ચિરાયા, કુગુરુઓના ડેરા-તંબૂ ઊપડ્યા, વેષવિડંબકોને વિડંબના થઈ, શુષ્કજ્ઞાનીઓની શુષ્કતા સુકાઈ, ક્રિયાજડોની જડતાની જડ ઊખડી અને ધર્મ તેના શુદ્ધ વસ્તુધર્મ સ્વરૂપે પ્રસિદ્ધ થયો."[૧૪]

આમ જૈન-જૈનેતર સૌ કોઈ શ્રીમદ્દની મહાનતાને તથા પોતાના પર પડેલા પ્રભાવને જુદી જુદી દૃષ્ટિએ નિહાળે છે અને જણાવે છે. કેટલીક વાર તેઓ શ્રીમદ્દને વિશિષ્ટ શબ્દ-પ્રયોગોથી બિરદાવે છે : કાકાસાહેબ કાલેલકર તેમને "પ્રયોગવીર" કહે છે, બળવંતરાય ઠાકોર "જન્મના તપસ્વી" કહે છે, ડૉ. ભગવાનદાસ મહેતા "ભારતનો જ્યોતિર્ધર" અને "યુગાવતાર" તરીકે ઓળખાવે છે, શ્રી રમણલાલ જોષી "આર્ષદ્રષ્ટા" તરીકે ઓળખાવે છે, બ્ર. ગોવર્ધનદાસજી "ધર્મમૂર્તિ" તરીકે જણાવે છે, વલ્લભજી ભાણજી "મચ્છુકાંઠાના મહાજન" તરીકે ઓળખાવે છે – આમ સૌ પોતપોતાને મહત્ત્વના લાગતા અંશને પ્રાધાન્ય આપી તે રીતે શ્રીમદ્દને ઓળખાવતા આવ્યા છે. પણ તે બધાનો સમગ્રપણે વિચાર કરીએ તો જ શ્રીમદ્દના વ્યક્તિત્વનો પૂરો પરિચય થઈ શકે છે.

આવા પ્રભાવક પુરુષ શ્રીમદ્દનો પ્રભાવ તેમની હયાતી દરમ્યાન તેમના પરિચિત વર્તુળોમાં પડ્યો હતો, એટલું જ નહિ તેમના દેહવિલય પછી પણ તેમના સાહિત્ય દ્વારા તેમનાં ઉપદેશ અને તત્ત્વવિચારણાનો પ્રભાવ લોકો ઉપર સતત પડતો રહ્યો છે. વળી,

---

૧૩. "શ્રીમદ્ રાજચંદ્ર : અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ" પૃ. ૮૨.

૧૪. એજન, પૃ. ૨૭.

કેટલાંક સ્થળે તો શ્રીમદ્દના અનુયાયીઓએ એમના નામથી મંદિર કે આશ્રમો પણ બંધાવ્યાં છે. શ્રીમદ્ જુદાં જુદાં જે સ્થળોએ રહેલા તથા વિચરેલા તેવાં કેટલાંક સ્થળોમાં અત્યાર સુધીમાં બંધાયેલાં મંદિરો કે આશ્રમો નીચે મુજબ છે.

આત્મહિતના નિમિત્તભૂત સત્શ્રુત પ્રાપ્તિની સંસ્થા તથા શ્રીમદ્ જ્યાં જ્યાં વિચરેલ ત્યાં બનેલ મંદિરો તથા આશ્રમો શ્રીમદ્ રાજચંદ્રના દેહાંત બાદ સ્મારક રૂપે છે.

| નામાવલી | સ્થળ | વિ. સં. |
|---|---|---|
| ૧. પરમશ્રુત પ્રભાવક મંડળ, ઝવેરી બજાર, (હાલ અગાસ) | મુંબઈ | ૧૯૫૬ |
| ૨. શ્રી સુબોધક પાઠશાળા, | ખંભાત | ૧૯૫૬ |
| ૩. શ્રી રાજમંદિર આશ્રમ, | રાજપુર | ૧૯૫૮ |
| ૪. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, | સુણાવ | ૧૯૬૯ |
| ૫. શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ, | વડવા | ૧૯૭૨ |
| ૬. શ્રી રાજનગર સુબોધ પુસ્તકાલય, | અમદાવાદ | ૧૯૭૫ |
| ૭. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, | અગાસ | ૧૯૭૬ |
| ૮. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, | સીમરડા | ૧૯૭૬ |
| ૯. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન ભંડાર, (ગુજરાત વિદ્યાપીઠ અંતર્ગત વિશેષ વિભાગ). | અમદાવાદ | ૧૯૭૭ |
| ૧૦. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, પંચભાઈની પોળ | અમદાવાદ | ૧૯૮૦ |
| ૧૧. શ્રી સુબોધ પુસ્તકાલય, | વસો | ૧૯૮૭ |
| ૧૨. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, | નાર | ૧૯૮૭ |
| ૧૩. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, (શ્રી સુબોધક પાઠશાળા) | કલોલ | ૧૯૮૮ |
| ૧૪. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, | આહોર | ૧૯૯૩ |
| ૧૫. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, | ભાદરણ | ૧૯૯૪ |
| ૧૬. શ્રીમદ્ રાજચંદ્ર સમાધિમંદિર, | રાજકોટ | ૧૯૯૫ |
| ૧૭. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, | સડોદરા | ૧૯૯૬ |
| ૧૮. શ્રીમદ્ રાજચંદ્ર વિહાર– ભવન, | ઈડર | ૧૯૯૬ |
| ૧૯. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, | નરોડા | ૧૯૯૮ |
| ૨૦. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, | ઇંદોર | ૧૯૯૮ |
| ૨૧. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, | ધામણ | ૧૯૯૮ |
| ૨૨. શ્રી રાજમંદિર, (હાલ સુરેન્દ્રનગર) | વઢવાણ કેમ્પ | ૧૯૯૮ |
| ૨૩. શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન, | વવાણિયા | ૨૦૦૦ |
| ૨૪. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, | બોરસદ | ૨૦૦૦ |
| ૨૫. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, | કાવિઠા | ૨૦૦૪ |
| ૨૬. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન પ્રકાશ મંદિર, | વવાણિયા | ૨૦૦૮ |
| ૨૭. રાજગૃહ વનક્ષેત્ર, | ઉત્તરસંડા | ૨૦૧૨ |
| ૨૮. શ્રી રાજચંદ્ર આશ્રમ, | હમ્પી | ૨૦૧૭ |

| | | |
|---|---|---|
| ૨૯. શ્રીમદ્ રાજચંદ્ર સ્વાધ્યાય મંદિર, | દેવલાલી | ૨૦૨૧ |
| ૩૦. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, | વટામણ | ૨૦૨૩ |
| ૩૧. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર, (ઘાટકોપર) | મુંબઈ | ૨૦૨૪ |
| ૩૨. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર, | બેંગલોર | ૨૦૨૪ |
| ૩૩. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, | સુરત | ૨૦૩૩ |
| ૩૪. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, ચોપાટી | મુંબઈ | ૨૦૩૫ |
| ૩૫. શ્રી. રાજ–સોભાગ સત્સંગમંડળ, | સાયલા | ૨૦૪૧ |
| ૩૬. શ્રી. રાજમંદિર, | ગઢ-શિવાણા | ૨૦૪૧ |
| ૩૭. શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, | કોબા | ૨૦૪૨ |
| ૩૮. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર, | યવતમાલ | ૨૦૪૨ |
| ૩૯. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર, | મદ્રાસ | ૨૦૪૨ |
| ૪૦. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, | રાજકોટ | ૨૦૪૩ |
| ૪૧. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર, | બાંધણી | ૨૦૪૪ |
| ૪૨. શ્રીમદ્ રાજચંદ્ર પાઠશાળા, | જયપુર | — |
| ૪૩. શ્રીમદ્ રાજચંદ્ર સ્મૃતિગૃહ મોમ્બાસા., (ઓફીસ) | મોમ્બાસા | — |

શ્રીમદ્ રાજચંદ્રના આત્માનુભવી સાહિત્ય અને સાધનાથી આકર્ષાતા ભક્તોનો સમુદાય દિન પ્રતિદિન વધતો જાય છે. તેમ તેમ ઉપાસના સાધનાનાં સ્થાનો મંદિરો, આશ્રમો સ્મારકરૂપે વધતા જાય છે.

"આવાં સ્થાનકો શ્રીમદ્ રાજચંદ્રજીના મૂળભૂત વિચારો, સ્વાનુભવો, યથાર્થ વીતરાગ માર્ગની શૈલીની પ્રરૂપણા અને સમ્યક્ આત્મ સ્વરૂપની પ્રાપ્તિના સાધનો અને કારણો બની રહી, આ જગતના ત્રાસિત જીવોને સાચા સુખનો માર્ગ બતાવવા સમર્થ થાઓ."

* શ્રીમદ્ પ્રત્યે ભક્તિવંત ભાઈઓએ પોતપોતાનાં ગામોમાં યા શહેરોમાં સત્સંગ ભક્તિના નિમિત્તે શ્રીમદ્ રાજચંદ્ર મંદિરો અને આશ્રમોની સ્થાપના કરી છે. એવા સ્મારકોની માહિતી પરિશિષ્ઠ ૧ ઉપર પ્રાપ્ત થયા પ્રમાણે આપી છે.

---

* શ્રીમદ્ રાજચંદ્ર જન્મ શતાબ્દી અંકના આધારે.

# પરિશિષ્ટ ૧

## શ્રીમદ્‌ના મંદિરો આશ્રમો તથા જ્ઞાન પ્રચારક મંડળો

### ૧. પરમશ્રુત પ્રભાવક મંડળ, ઝવેરી બજાર, મુંબઈ. વિ. સં. ૧૯૫૬

વિ. સં. ૧૯૫૬માં શ્રીમદ્ વઢવાણ કેમ્પમાં રહ્યા હતા તે વખતે તેમને એવો વિચાર આવ્યો હતો કે જ્ઞાનપ્રચારનું કંઈક કામ થઈ શકે તો સારું. તેમના ગુણાનુરાગી મુમુક્ષુઓએ એમની એ ઇચ્છાને વધાવી લીધી અને થોડા જ દિવસમાં લગભગ રૂા. ૯,૦૦૦/–નો ફાળો કરી તે રૂપિયા શ્રીમદ્‌ને અર્પણ કર્યા. બીજા થોડા દિવસ જતાં તે ફાળો રૂા. ૧૪૦૪૨/–નો થયો. શ્રીમદ્દે તે સર્વ શ્રી રેવાશંકર જગજીવનની પેઢી પર મોકલી આપ્યા. સંવત્ ૧૯૭૨ની આખરે તે ભંડોળ રૂ. ૨૫,૩૬૪નું થયું હતું. અને આ જ્ઞાનપ્રચારનું કામ કઈ રીતે કરવું તે વિષે યોજના ઘડાવા લાગી. આ સંસ્થાનું નામ શ્રીમદ્‌ની ઇચ્છાનુસાર "પરમશ્રુત પ્રભાવક મંડળ" રાખવામાં આવ્યું. લોક સમૂહમાં ઉત્કૃષ્ટ જ્ઞાનનો પ્રચાર ફેલાવો કરનાર એમ, એ નામનો ભાવાર્થ વિચારવામાં આવ્યો હતો.

પણ આ સંસ્થા વિષે કોઈ નક્કર યોજના ઘડાય, તે પહેલાં તો શ્રીમદ્‌ની લથડેલી તબિયત વિશેષ લથડી અને વિ. સં. ૧૯૫૭માં તેમનો દેહવિલય થયો. તે પછી જૈન ભંડારોનાં અસલ પુસ્તકો મેળવી ભાષાંતર કરવાનું કામ બની શકે તેમ નહિ હોવાથી શ્રી વીતરાગશ્રુતના સિદ્ધાંત પૈકી, ન્યાય અને તત્ત્વવિષયક ગ્રંથોની પ્રસિદ્ધિ હિંદી અનુવાદરૂપે દ્વિમાસિક દ્વારા શરૂ થઈ. પાછળથી દ્વિમાસિકને બદલે ગ્રંથશ્રેણી પ્રગટ કરવાનું શરૂ થયું. આ પ્રમાણે પ્રગટ થતાં પુસ્તકોની શ્રેણીને "રાજચંદ્ર જૈન શાસ્ત્રમાળા" એવું નામ આપવામાં આવ્યું હતું. આ શાસ્ત્રમાળામાં બીજાં અનેક પુસ્તકોની સાથે શ્રીમદ્‌ના સાહિત્ય તથા પત્રોનું પ્રકાશન વિ. સં. ૧૯૬૧માં "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં પ્રસિદ્ધ થયું. શરૂઆતમાં આ મંડળને શ્રી મનસુખભાઈ રવજીભાઈ મહેતા તરફથી ઘણી સહાય મળી હતી.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી તથા રેવાશંકરભાઈ જગજીવનદાસ એ બે આ મંડળના ટ્રસ્ટી હતા. બંનેની હયાતિ બાદ ભાઈશ્રી મણીલાલ રેવાશંકર ટ્રસ્ટી તરીકે વ્યવસ્થા સંભાળતા હતા. ત્યારબાદ સં. ૨૦૧૪ માં શ્રીમદ્‌જીનો ગુણાનુરાગી સંસ્થા વ્યવસ્થા સંભાળે તો યોગ્ય થાય, એવા વિચારથી સમગ્ર વ્યવસ્થા શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસને સોંપી. અને હાલમાં તેનો વહીવટ શ્રીમદ્ રાજચંદ્ર જૈન અગાસના ટ્રસ્ટીઓ કરે છે.

### ૨. શ્રીમદ્ રાજચંદ્ર શ્રી સુબોધક પાઠશાળા, ખંભાત. વિ. સં. ૧૯૫૬

વિ. સં. ૧૯૫૬માં શ્રીમદ્ ખંભાત આવ્યા હતા ત્યારે તેમની પ્રેરણાથી આ પુસ્તકાલયની સ્થાપના થઈ હતી. શરૂઆતમાં કુમારવાડામાં મકાન ભાડે રાખવામાં આવ્યું હતું. અને વિ. સં. ૧૯૬૮માં બીજું મકાન લોંકાપરીમાં બાંધી, ત્યાં આસો વદ પાંચમે પુસ્તકાલય લઈ

જવામાં આવ્યું હતું. ત્યાં શ્રીમદ્‌ના ચિત્રપટની સ્થાપના પણ છે. અને હાલમાં દરરોજ તેમાં સવારના નિયમિત સ્વાધ્યાય ભક્તિ પણ થાય છે.

### ૩. શ્રી રાજમંદિર આશ્રમ, રાજપુર. વિ. સં ૧૯૫૮

સ્થાનકવાસી સંપ્રદાયમાં જૈન દીક્ષા પામેલા શ્રી રત્નરાજ સ્વામી શ્રીમદ્‌ના જ્ઞાનની મહત્તા સાંભળી તેમને મળવા વિહાર કરતા કરતા વિ. સં. ૧૯૫૭માં મારવાડથી ગુજરાતમાં આવ્યા. પણ ત્યાં તો તેમને શ્રીમદ્‌ના દેહાંતના સમાચાર મળ્યા. આથી તેઓ શ્રી લલ્લુજી મહારાજના સમાગમમાં આવ્યા, અને તેમના ભક્ત બની ગયા. તેમને શ્રીમદ્‌નું સ્મારક કરાવવાની ઇચ્છા થતાં, શ્રી સિદ્ધપુર પાસેના રાજપુર ગામની નજીક "શ્રી રાજમંદિર આશ્રમ" નામની સંસ્થા સ્થપાવી, અને તેમના ત્યાં રહેવાથી તે સ્થળ ભક્તિ તથા સત્સંગનું ધામ બની ગયું હતું.

### ૪. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, સુણાવ. વિ. સં. ૧૯૬૯

વિ. સં. ૧૯૬૯માં પૂ. મુનિશ્રી લક્ષ્મીચંદજીના શુભ હસ્તે પેટલાદ પાસે આવેલા સુણાવ નામના ગામમાં આ મંદિરની પ્રતિષ્ઠા થઈ હતી. મકાનમાં મેડા ઉપર ઘરદેરાસર છે. તેમાં શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા છે, અને નીચે ઉપાશ્રયમાં શ્રીમદ્‌નું ચિત્રપટ છે.

### ૫. શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ, વડવા. વિ. સં. ૧૯૭૨

વિ. સં. ૧૯૭૨ના આસો સુદ પૂનમે શ્રી પોપટલાલ મહોકમચંદભાઈ કે જેઓ તેમના પરિચિત વર્તુળમાં 'ભાઈશ્રી'ના બહુમાન સૂચક નામથી ઓળખાય છે, તેઓની પ્રેરણાથી ખંભાત પાસે આવેલા 'વડવા' નામના સ્થળમાં, "શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ"ની રચના થઈ હતી. આ સ્થાનની સામે એક વાવ અને વડ આવેલા હતાં. વાવ હજુ પણ મોજૂદ છે. વડ થોડાં વર્ષોથી નથી. શ્રીમદ્ ત્યાં સં. ૧૯૫૨માં રહ્યા હતા. અને એમણે ઉપદેશ આપ્યો હતો. તેઓ જે સ્થળે રહ્યા હતા, ત્યાં વડ અને વાવ હોવાથી તે સ્થાનને વડવા – વડવાવ કહે છે. શ્રીમદ્‌નાં વિચાર-મનનને અર્થે ભક્તિધામ તરીકે સૌ પ્રથમ બંધાયેલ આ સ્થળ ગણી શકાય. મંડપના મુખ્ય દરવાજાની આજુબાજુ નિવાસસ્થાનો છે. મુખ્ય દરવાજા ઉપર પુસ્તકભંડાર છે. અંદર જતાં સ્વાધ્યાય મંડપ આવે છે. તેમાં ડાબા હાથે જિનમંદિરનું પ્રવેશદ્વાર છે, જેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૮૨માં થઈ હતી. જમણા હાથે ગુરુમંદિર છે, જ્યાં શ્રીમદ્‌ની પ્રતિમાની સં. ૨૦૧૧ માં સ્થાપના કરવામાં આવી છે. તેની બાજુમાં સ્વાધ્યાય-મંડપ છે. આજે પણ શ્રીમદ્‌ના આ તીર્થક્ષેત્રમાં અનેક મુમુક્ષુ ભાઈ-બહેનો પધારી સ્વાધ્યાય સત્સંગ ભક્તિનો લાભ લે છે. આ નિવૃત્તિ ક્ષેત્રના શાંત વાતાવરણમાં અનેક મુમુક્ષુઓ કૃપાળુદેવનાં દર્શન કરી સંતોષ અનુભવે છે. હાલમાં અહીં ભગવાન બાહુબલીની પ્રતિષ્ઠા પણ કરેલ છે.

### ૬. શ્રી રાજનગર સુબોધ પુસ્તકાલય, અમદાવાદ. વિ. સં. ૧૯૭૫

શેઠ શ્રી જેસંગભાઈ ઉજમશીભાઈએ અમદાવાદમાં દિલ્હી દરવાજા બહાર તેમના લઘુબંધુ શ્રી જૂઠાભાઈના સ્મરણાર્થે સત્સંગ ભક્તિભાવ માટે એક સ્થાન બનાવ્યું હતું, અને તેમાં શ્રીમદ્‌ના ચિત્રપટની સ્થાપના વિ. સં. ૧૯૭૫ના આસો સુદ ૨ ના રોજ કરી હતી.

## ૭. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ. વિ. સં. ૧૯૭૬

શ્રીમદ્‌ના એક પરમ અનન્ય ભક્ત મુનિશ્રી લઘુરાજ સ્વામી તેમની ઉત્તરાવસ્થામાં જો કોઈ એકાંત સ્થળે સત્સંગ અને ભક્તિના ધામરૂપ આશ્રમ જેવું કંઈક કરી નિવાસ કરીને રહે તો ઘણા મુમુક્ષુઓને તેમના સત્સંગ-સમાગમનો સારો અને સતત લાભ મળે, તેવા હેતુથી વિ. સં. ૧૯૭૬ના કારતક સુદ પૂનમે સંદેસર મુકામે એક ટીપ થઈ હતી. તેમાં રૂ. ૧૭,૪૦૨/- ભરાયા. તરત જ તેની પાડોશના જંગલમાં અને આણંદ ખંભાત રેલવે લાઇનમાં આવેલા ચરોતરના અગાસ સ્ટેશનની બાજુમાં આશરે પંદરેક વીઘાં જમીન ખરીદવામાં આવી હતી. જમીનમાં ત્રણેક ઓરડીની એક ધર્મશાળા બાંધવાનું નક્કી થયું હતું. આ રીતે આશ્રમની શરૂઆત થઈ હતી.

મુનિશ્રી લઘુરાજ સ્વામીની છત્રછાયા નીચે આ આશ્રમની ઉત્પત્તિ થઈ તેથી ભક્તજનોએ શરૂઆતમાં આ આશ્રમનું નામ "શ્રી લઘુરાજ આશ્રમ" રાખ્યું હતું. પણ પોતાનું નામ કે સ્થાપના સરખી પણ નહિ રાખવાની ઇચ્છાવાળા કેવળ નિઃસ્પૃહ અને ગુરુભક્ત મુનિએ સૂચવ્યું હતું કે જેમનાથી ઘણું કલ્યાણ થયું છે અને જે સાચા ગુરુ હતા, તેમના સ્મરણરૂપે આ આશ્રમનું નામ રાખવું જોઈએ. તેથી આ આશ્રમને "શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ" એવું નામ આપવામાં આવ્યું હતું. આ આશ્રમનો વહીવટ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવે છે.

આ આશ્રમમાં દાખલ થતાં ભવ્ય પ્રવેશદ્વાર છે, જેના પર મોટા અક્ષરે "ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે" તેમ લખેલું છે. અંદર પ્રવેશ કર્યા પછી જમણી બાજુ એક સુંદર દેરાસરવાળું ચોગાન છે, તેમાં નીચે શ્વેતાંબર અને ઉપર દિગંબર એમ બે જાતનાં દેરાસર છે. તથા ભોંયરામાં શ્રીમદ્‌ની આરસપહાણની પ્રતિમા છે, જે "ગુરુમંદિર" તરીકે ઓળખાય છે. દેરાસરની બાજુમાં વિશાળ સભામંડપ છે, જેમાં ભકિત, સત્સંગ, પૂજા, સત્શ્રવણ આદિ નિમિત્તે સેંકડો મુમુક્ષુઓ સાથે બેસીને આત્મધર્મની સાધના કરે છે. વળી, મુમુક્ષુની સંખ્યાબળ વધતી જવાથી હાલમાં છે તેની બાજુમાં નવો વિશાળ સ્વાધ્યાય હૉલ બંધાયો છે. તેની નીચે વિશાળ ભોંયરૂ પણ છે.

મુખ્ય પ્રવેશદ્વારની ઉપર બીજે માળે વિશાળ પુસ્તકાલય છે અને ત્રીજે મજલે ખુલ્લી અગાસીની વચમાં સુંદર આરસની દેરી મધ્યે શ્રીમદ્‌ની કાયોત્સર્ગની ધ્યાનમુદ્રાની પંચધાતુની પ્રતિમા છે.

ચોગાનમાં એક બાજુ બ્રહ્મચારી ભાઈઓ વસે છે, તેની બાજુમાં વ્યાખ્યાનમંદિરમાં શ્રીમદ્‌નું મોટું ચિત્રપટ સ્થાપન કરેલું છે. આ વ્યાખ્યાન—મંદિરની ઉપર "શાંતિસ્થાન" છે. તેમાં પણ સુંદર ચિત્રપટની સ્થાપના છે. ત્યાં નિત્ય પ્રતિક્રમણ થાય છે. ત્યાંથી પૂર્વમાં શ્રી લઘુરાજ સ્વામીનો નિવાસખંડ હતો, જ્યાં સં. ૧૯૯૨ના વૈશાખ સુદ ૮ના રોજ શ્રી લઘુરાજશ્રીનો દેહોત્સર્ગ થયો હતો. અને હવે ત્યાં તેમનું ચિત્રપટ મૂકવામાં આવ્યું છે.

આ બધાની પાછળના ભાગમાં ગૃહસ્થ મુમુક્ષુઓ માટે ધર્મશાળા તથા મકાનો છે, અને બહારગામથી આવતા મુમુક્ષુઓ માટે ભોજનાલય છે. આશ્રમથી થોડે દૂર શ્રી લઘુરાજ

મહારાજનું સમાધિમંદિર, દેરી છે. તથા ઉત્તમ દર્શન ગ્રંથોના સંગ્રહવાળુ એક સુંદર પુસ્તકાલય છે. આ આશ્રમ તરફથી ઘણા ઉત્તમ ગ્રંથોના ગુજરાતી અનુવાદ કરાવી પ્રકાશિત કરેલ છે. જે હાલમાં ઉપલબ્ધ છે.

આશ્રમમાં રહેતા તથા આવતાં-જતાં ભાઈ-બહેનો માટે બ્રહ્મચર્યપાલન, રાત્રિભોજન-ત્યાગ આદિ કેટલાક નિયમો તેમજ ભક્તિ, વાચન આદિ નિત્યક્રમ રાખેલો છે. આ કાર્યક્રમ સવારના પાંચથી શરૂ કરી રાતના દશ સુધી ચાલે છે. તેમાં મંત્રસ્મરણ, આલોચના, ભક્તિ, વચનામૃત-વાચન, આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય, આત્મસિદ્ધિ વગેરે સત્ક્રિયા થાય છે. ઘણા લોકો બહુ ઉલ્લાસપૂર્વક ભાગ લે છે. આ સ્થળે શ્રી લલ્લુજી ( લઘુરાજજી ) મહારાજે ચૌદ વર્ષનાં ચોમાસાં ગાળ્યાં હોવાથી તે એક તીર્થક્ષેત્ર બની ગયું છે.

### ૮. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, સીમરડા. વિ. સં. ૧૯૭૬

બોરસદ–પેટલાદને રસ્તે આવેલા સીમરડા નામના ગામમાં પૂ. શ્રી લઘુરાજ સ્વામીના શુભ હસ્તે વિ. સં. ૧૯૭૬ના કાર્તકી પૂનમે, શ્રી મોતીભાઈ ભગતજીના મકાનમાં શ્રીમદ્‌ના ચિત્રપટની સ્થાપના કરવામાં આવી હતી. મકાન મંદિર ખાતે ભેટ તરીકે સોંપી દેવામાં આવ્યું હતું. અને તેની વ્યવસ્થા માટે કમિટી નીમવામાં આવી હતી.

### ૯. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનભંડાર, અમદાવાદ વિ. સં ૧૯૭૭
### ( ગુજરાત વિદ્યાપીઠ અંતર્ગત વિશેષ વિભાગ )

આશ્રમરોડ, ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદમાં " શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનભંડાર " નામની સાહિત્ય પ્રકાશન માટેની સંસ્થાનો સમાવેશ સન ૧૯૨૧ માં ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત પુરાતત્ત્વ મંદિરમાં નિર્માણ કરવામાં આવેલ હતો પરંતુ કાળાંતરે એ પુરાતત્ત્વમંદિર બંધ થતાં હવે સન ૧૯૨૭ થી " શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન ભંડાર " ગુજરાત વિદ્યાપીઠ જ ચલાવે છે.

શ્રીમદ્ રાજચંદ્રના ભક્ત સ્વ. શ્રી પુંજાભાઈ હીરાચંદ શ્રી ગાંધીજીના મિત્ર હતા. તેમણે પૂ. મહાત્મા ગાંધીજીને – શ્રીમદ્ રાજચંદ્ર નિમિત્તે એક ગ્રંથમાલા પ્રકાશન કરવા સુચન કર્યું. તેથી જે ચાલતા જૈન પ્રકાશન પૈકી અલગ ગ્રંથાવલી શરૂ કરવા — ગુજરાત વિદ્યાપીઠે ઠરાવ કરી શ્રીમદ્ રાજચંદ્ર જયંતિમાળા ચાલુ કરી. તેમાં આજ સુધી તત્ત્વજ્ઞાનને તથા શ્રીમદ્‌ને લગતાં સાત મણકા ( પુસ્તીકા ) પ્રસિદ્ધ થયેલ છે. એમાં શ્રીમદ્ રાજચંદ્ર કૃત " આત્મસિદ્ધિશાસ્ત્ર " અને " શ્રીમદ્ રાજચંદ્રની દૃષ્ટાંત કથાઓ " આદિનો સમાવેશ થાય છે.

### ૧૦. શ્રીમદ્ રાજચંદ્ર પાઠશાળા, પંચભાઇની પોળ, અમદાવાદ વિ. સં. ૧૯૮૦

મુમુક્ષુ ભાઇઓની સંખ્યા વધતી જવાથી સ્વ. શ્રી પોપટલાલભાઈ મોકમચંદભાઈ ( ભાઈશ્રીએ ) આ જગ્યાએ પાઠશાળાની સ્થાપના કરી હતી અને શ્રી પોપટભાઈ અમદાવાદ હોય ત્યારે પોતાનું મકાન ઘાંચીની પોળમાં હતું છતાં પાઠશાળા – પંચભાઈ પોળે રહેતા જ સત્સંગ ભક્તિ થતી હતી. છેલ્લે શ્રી પોપટભાઈ ( ભાઇશ્રીએ ) ત્યાં જ સમાધિપૂર્વક છેલ્લા શ્વાસોશ્વાસ લીધાં હતાં. અને દેહ છોડયો હતો.

## ૧૧. શ્રી સુબોધ પુસ્તકાલય, વસો. વિ. સં. ૧૯૮૭

પેટલાદ પાસે વસોમાં શ્રીમદ્ના અનુયાયીઓએ મળીને એક મકાન વિ. સં. ૧૯૮૭માં રૂ. ૮૦૦/–ની કિંમતે ખરીદ્યું. એમાં સ્વ. ભાઈલાલ જગજીવનભાઈના શુભ હસ્તે શ્રીમદ્ની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે. શ્રીમદ્ રાજચંદ્રજી સં. ૧૯૫૪ માં અત્રે પધારેલ તેના સ્મારક રૂપે આ શ્રી સુબોધ પુસ્તકાલયનું નિર્માણ કરેલ હતું.

## ૧૨. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, નાર. વિ. સં. ૧૯૮૭

શ્રી લક્ષ્મીચંદજી, શ્રી ચતુરલાલજી તથા શ્રી નરસી રખજી આદિ મહારાજોના વતનમાં શ્રી લલ્લુજી મહારાજની પ્રેરણાથી આણંદ–ખંભાત રેલ્વેલાઇન પર આવેલા નાર નામના ગામમાં વિ. સં. ૧૯૭૪ના માહ સુદ બીજના રોજ મંદિર બાંધવાની શરૂઆત થઈ હતી. તે વર્ષનું તેમનું ચોમાસું નારમાં થયું હતું. વિ. સં. ૧૯૮૭ના વૈશાખ સુદ ત્રીજે તેમાં શ્રીમદ્ના ચિત્રપટની સ્થાપના શ્રી લઘુરાજજી મહારાજના શુભ હસ્તે થઈ હતી. મંદિર બંધાવવામાં મુખ્ય આર્થિક સહાયક શ્રી રણછોડભાઈ લખાભાઈના સુપુત્રો સર્વશ્રી મણીભાઈ તથા શ્રી રામજીભાઈ હતા.

## ૧૩. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર તથા શ્રી સુબોધક પાઠશાળા, કલોલ. વિ. સં ૧૯૮૮

પૂજ્ય પોપટલાલભાઈ મોહકમચંદ શાહ (ભાઈશ્રી)ની પ્રેરણાથી તેમના ધર્મી મિત્ર શ્રી માણેકલાલ પ્રેમચંદની સ્વદેશી મિલના એક અલાયદા હોલમાં કૃપાળુદેવના ચિત્રપટની સ્થાપના કરી હતી. ભાઈશ્રી અવારનવાર ત્યાં જતા હતા. સ્વાધ્યાય ભક્તિ થતી હતી. તેની માલીકીની મિલ તથા ચાલી વડવા આશ્રમને અર્પણ કરી હતી. તેનું વાર્ષિક ભાડું રૂ. ૮૦,૦૦૦ હાલમાં આવે છે. જેથી વડવા, ઈડર અમદાવાદની સંસ્થાને આર્થિક સહાય થઈ રહી છે.

## ૧૪. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, આહોર. વિ. સં. ૧૯૯૩

શ્રી લલ્લુજી મહારાજની ઉપસ્થિતિ દરમ્યાન અને પ્રેરણાથી વિ. સં. ૧૯૯૧માં સર્વ મુમુક્ષુભાઈઓએ રાજસ્થાનમાં આવેલા આહોરમાં મંદિર બંધાવવાનો નિર્ણય કર્યો. વિ. સં. ૧૯૯૧માં ચૈત્ર માસ પછી મકાન બાંધવાની શરૂઆત કરવામાં આવી અને વિ. સં. ૧૯૯૩ના જેઠ શુદ તેરસના રોજ શ્રી બ્રહ્મચારી ગોવર્ધનદાસજીના શુભ હસ્તે શ્રીમદ્ના ચિત્રપટની સ્થાપના કરવામાં આવી હતી. હાલમાં આ મંદિર ફરીથી બંધાયું છે, અને તેમાં શ્રીમદ્ની આરસની પ્રતિમાની સ્થાપના વિ. સં. ૨૦૨૦ માં થઈ હતી. તેનો ઉત્સવ વિ. સં. ૨૦૨૩માં ઊજવાયો હતો.

## ૧૫. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ભાદરણ. વિ. સં. ૧૯૯૪

વિ. સં. ૧૯૯૨ના કાર્તકી પૂનમે બોરસદ પાસે આવેલા ભાદરણમાં "શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ" બાંધવાનું નક્કી થયું. તેનું ખાતમુહૂર્ત વિ. સં. ૧૯૯૩ના પોષ માસમાં થયું,

અને તે મકાનનું બાંધકામ વિ. સં. ૧૯૯૪ના મહા માસમાં રૂ. ૧૫,૪૦૦/-ના ખર્ચે પૂર્ણ થયું. તેમાં વિ. સં. ૧૯૯૪ના માહ સુદ પાંચમના રોજ શ્રીમદ્‌ના ચિત્રપટની સ્થાપના શ્રી હીરાલાલ એમ. ઝવેરી તરફથી કરવામાં આવી હતી.

## ૧૬. શ્રીમદ્ રાજચંદ્ર સમાધિમંદિર, રાજકોટ. વિ. સં. ૧૯૯૫

વિ. સં. ૧૯૫૭ના ચૈત્ર વદ પાંચમ મંગળવાર તા. ૯–૪–૧૯૦૧ ના રોજ પરમ પૂ. શ્રીમદ્ રાજચંદ્રનો રાજકોટમાં દેહોત્સર્ગ થયો. તેમનો અગ્નિસંસ્કાર ડોસાના વડની પાસે સ્મશાનભૂમિની બાજુમાં આજી નદીને કિનારે કરવામાં આવ્યો હતો. તે સ્થળે સં. ૧૯૯૬ માં સમાધિમંદિર બાંધવાનો વિચાર થતાં પેથાપુરના શ્રી હીરાલાલ ઝવેરીની પ્રેરણાથી શ્રી જ્ઞાનચંદ નાહટાજીની સખાવતથી "શ્રીમદ્ રાજચંદ્ર સમાધિમંદિર" અસ્તિત્વમાં આવ્યું હતું. ત્યાંની જમીન ખરીદવાનો તથા મકાન બાંધકામનો ખર્ચ રૂ. ૪,૨૦૦/– થયેલો. તેની ઉદ્ઘાટનક્રિયા જસદણ દરબારના શુભ હસ્તે તા. ૩–૪–૧૯૩૯ના રોજ થઈ હતી. આ પછી આ મંદિરમાં એક પબાસણ ભાઈશ્રી રેવાશંકર ડાહ્યાભાઈ સંઘવી (શ્રીમદ્‌જીના જમાઈ) તરફથી બંધાવી આપવામાં આવ્યું હતું. તેની ઉપર શ્રીમદ્ રાજચંદ્રજીના ત્રણ અવસ્થા ત્રણ ચીત્રપટોની સ્થાપના, પૂ. શ્રી બ્રહ્મચારીજી ગોવર્ધનદાસજીના શુભ હસ્તે કરવામાં આવી હતી. તે મકાનની દેરીમાં શ્રીમદ્‌ની પાદુકાની સ્થાપના પૂ. શ્રીબ્રહ્મચારીજીના વરદ હસ્તે સં. ૧૯૯૬ ના માહ સુદ ૧૩ તા. ૨૦–૨–૧૯૪૦ ના રોજ કરવામાં આવી હતી. તે મકાનની ઊંચાઈ ઘણી ઓછી હોવાથી યોગ્ય સુધારા-વધારા કરવા માટે સંવત ૨૦૨૨ માં શ્રીમદ્‌જીના પરમ ભક્ત સ્વ. શ્રી ધારસીભાઈના પુત્રીના પુત્ર મોરબીના શ્રી રસીકલાલ તથા શ્રી જમનાદાસ પી. શેઠે આસરે રૂા. ૧૦,૦૦૦ આપેલ હતા. મકાનની સંગીનતા અને બીજી જરૂરીયાતો પણ કરવામાં આવી હતી.

જ્યાં સ્વાધ્યાય ભક્તિ–ભજન દેવવંદન આદિ ક્રમ ચાલુ છે

## ૧૭. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, સડોદરા. વિ. સં. ૧૯૯૬

શ્રી હીરાલાલ ઝવેરીએ વિ. સં. ૧૯૯૫માં સુરત જિલ્લામાં સડોદરા ગામમાં મુમુક્ષુઓ વતી આ મંદિરનું ખાતમુહૂર્ત કર્યું. વિ. સં. ૧૯૯૬ના વૈશાખ સુદ ત્રીજે શ્રી જ્ઞાનચંદ નાહટાજીના હસ્તે શ્રીમદ્‌ના ચિત્રપટની સ્થાપના કરવામાં આવી. આ મકાનના બાંધકામમાં થયેલા રૂ. ૮૦૦૦/–ના ખર્ચમાં મુખ્ય હિસ્સો શ્રી જ્ઞાનચંદ નાહટાજીનો હતો.

## ૧૮. શ્રીમદ્ રાજચંદ્ર વિહાર-ભવન, ઈડર. વિ. સં. ૧૯૯૬

ભૂતકાળે આ ક્ષેત્રે ઘણા સંત–મહાત્માઓ થઈ ગયા છે. તેઓ પૈકી આજથી ૮૭ વર્ષ પૂર્વે પણ આશ્ચર્યની પ્રતિમારૂપ 'યુગ પુરૂષ સજીવનમૂર્તિ એક અદ્વિતીય સત્પુરુષ થઈ ગયા, "શ્રીમદ્ રાજચંદ્રદેવ".

શ્રીમદ્ પોતાની હયાતીમાં ઈડરના ઘંટિયા પહાડ ઉપર વિચરેલા, ત્યાં હાલમાં એક સુંદર ધામ બનાવેલ છે, અને ત્યાં જાત્રાળુ મુમુક્ષુઓને રહેવાની સારી વ્યવસ્થા પણ છે.

પૂ. શ્રી લલ્લુજી મહારાજ તથા છોટાલાલ મલુકચંદ શાહની પ્રેરણાથી આજથી ૫૮ વર્ષ પૂર્વે વિ. સં. ૧૯૮૬ ના વૈશાખ વદ ૧ ના એક નિષ્ઠાવાન ભક્ત લીંબડી નિવાસી પૂ. શ્રી મનસુખભાઈ દેવસીના સુપુત્ર પૂ. શ્રી ગીરધરલાલભાઈની આર્થિક સહાયથી વિહારભવન, આવાસો, ભોજનાલય તથા ઓરડીઓ તૈયાર કરવામાં આવ્યા હતા. તેમજ "સિદ્ધ શિલા" પણ છે. જેની ઉપર શ્રીમદ્‌ની પાદુકાની સ્થાપના કરવામાં આવી છે. આ સ્થળને પૂ. વિનોબાજીએ પણ ખૂબ પસંદ કર્યું હતું.

આ પહાડ તે પાવનભૂમિ પૈકી એક હોઈ તે પણ એક તીર્થભૂમિ ધામ છે.

### ૧૯. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, નરોડા. વિ. સં. ૧૯૯૮

શ્રીમદ્ રાજચંદ્રજી આ સ્થળે મુનીઓ સાથે વિ. સં. ૧૯૫૫ માં પધારેલ તેના સ્મારક રૂપે શ્રી લલ્લુજી મહારાજની પ્રેરણાથી આ મંદિર માટે અમદાવાદ પાસે નરોડામાં જમીન ખરીદવામાં આવી હતી. અને બ્રહ્મચારીજીની સૂચનાથી મંદિર બંધાવવા માટેનો ફાળો એકઠો કર્યો હતો. મુખ્ય સહાયક શ્રી જૂઠાભાઈના મોટાભાઈ, શ્રી જેસંગભાઈ ઉજમશીભાઈ અને શ્રી જ્ઞાનચંદ નાહટાજી હતા. વિ. સં. ૧૯૯૮ના માગશર વદ ૬ના રોજ શ્રી નાહટાજીના શુભ હસ્તે ખાતમુહૂર્ત થયું હતું. અને તે જ વર્ષમાં મકાનનું બાંધકામ રૂ. ૯,૦૦૦/–ના ખર્ચે પૂરું થયું હતું. તેમાં શ્રીમદ્‌ના ચિત્રપટની સ્થાપના કરવામાં આવી છે.

### ૨૦. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, ઇંદોર. વિ. સં. ૧૯૯૮

વિ. સં. ૧૯૯૮ ના કારતક માસમાં શ્રી હીરાલાલ ઝવેરી તથા શ્રી જ્ઞાનચંદ નાહટાજીની પ્રેરણાથી મંદિર માટે એક મકાન ભાડે રાખવામાં આવ્યું હતું અને શ્રી બ્રહ્મચારી ગોવર્ધનદાસજી જ્યારે ઇન્દોર પધાર્યા ત્યારે સ. ૧૯૯૮ ફાગણ વદ ૨, ના રોજ તેમના શુભ હસ્તે શ્રીમદ્‌ના ચિત્રપટની ત્યાં સ્થાપના કરવામાં આવી હતી.

### ૨૧. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધામણ. વિ. સં. ૧૯૯૮

સુરત જિલ્લામાં નવસારી પાસે આવેલા ધામણના મુમુક્ષુજનો શ્રી લલ્લુજી મહારાજના સમાગમમાં વારંવાર આવતા હતા, તેથી તેમને શ્રીમદ્‌ની મહાનતા સમજાઈ હતી, અને એ મુમુક્ષુઓની સંખ્યા વધતાં, તેમને અગાસ જેવું ધામ ઊભું કરવાની ઇચ્છા થઈ હતી. ધામણના એવા એક મુમુક્ષુભાઈ શ્રી કાળાભાઈ ભગાભાઈની ઇચ્છા તીવ્ર બની. તેઓ અગાસ ગયા હતા, અને શ્રી લલ્લુજી મહારાજને આખા સંઘ સાથે ધામણ પધારી પોતાના સ્વતંત્ર મકાનમાં શ્રીમદ્‌ના ચિત્રપટની સ્થાપના પોતાના ખર્ચે કરી આપવા વિનંતિ કરી હતી. શ્રી લલ્લુજી મહારાજે તે સ્વીકારી હતી.

વિ. સં. ૧૯૮૯ના વૈશાખ સુદ ત્રીજે – અખાત્રીજે પૂ. શ્રી લલ્લુજી મહારાજ લગભગ ત્રણેક હજાર મુમુક્ષુઓ સાથે ધામણ પધાર્યા હતા, અને બે દિવસ સુધી વિશાળ મંડપમાં ભક્તિ કરાવી હતી. અને તેમણે ત્યાં ચિત્રપટની સ્થાપના કરી હતી. આ મકાનમાં પ્રત્યેક પૂર્ણિમાએ ભક્તિ

થતી હતી. અને અનેક મુમુક્ષુઓ એનો લાભ લેતા હતા. પરિણામે મુમુક્ષુઓને ત્યાં આશ્રમ બાંધવાની ઇચ્છા થઈ હતી.

વિ. સં. ૧૯૯૪થી એ માટે ફંડની શરૂઆત થઈ હતી, અને વિ. સં. ૧૯૯૭માં ત્યાં એક મંદિર બાંધવામાં આવ્યું હતુ. અને વિ. સં. ૧૯૯૮ના માગશર સુદ ૧૦ના રોજ ધામધૂમથી શ્રી બ્રહ્મચારીજીના શુભ હસ્તે શ્રીમદ્‌ના ચિત્રપટની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારથી વિવિધ કાર્યક્રમો ત્યાં યોજાતા રહે છે. આશ્રમમાં ધર્મશાળા, ગુરૂમંદિર, જિનમંદિર, સ્વાધ્યાય હોલ, ભોજનશાળા, પાઠશાળા, વી. સાધકો માટે સુવિધા છે. મુમુક્ષુઓ કાયમી રહી સ્વાધ્યાય ભક્તિ, સત્સંગનો સારો એવો લાભ લે છે. વલી તીર્થ સ્થાન પણ છે.

### ૨૨. શ્રી રાજમંદિર, (વઢવાણ કેમ્પ) સુરેન્દ્રનગર, વિ. સં. ૧૯૯૮

શ્રીમદ્ રાજચંદ્રજી અવારનવાર નિવૃત્તિ દરમ્યાન તેમના સત્સંગ અને ભક્તિના લાભ મળે તે નિમિત્તે સ્વ. શ્રી જેસંગભાઈ ઉજમશીએ પોતાના બંગલામાં વિ. સં. ૧૯૯૮ના માગશર સુદ ૮ ના રોજ વઢવાણ કેમ્પમાં શ્રીમદ્‌ના ચિત્રપટની સ્થાપના કરી હતી.

### ૨૩. શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન, વવાણિયા, વિ. સં. ૨૦૦૦

શ્રી રવજીભાઈ પંચાણભાઈની મૂળ જગ્યા તથા તેની આસપાસની ઘણી જગ્યા વવાણિયામાં વેચાતી લઈને શ્રીમદ્ રાજચંદ્રજીના જન્મસ્થળમાં, શ્રી રણછોડદાસભાઈના પુત્ર અને શ્રીમદ્‌ના જમાઈ શ્રી ભગવાનલાલ મોદીએ "શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન" નામનું આ આલિશાન મકાન બંધાવ્યું છે. એમ કરવામાં શ્રીમદ્‌નાં પુત્રી શ્રીમતિ જવલબહેનની પ્રેરણા મુખ્ય હતી. આ મકાનમાં જિનાલય, ગુરુમંદિર, વ્યાખ્યાનહોલ તથા ધર્મશાળાનો સમાવેશ થાય છે. આ સ્થાનનું શિલારોપણ વિ. સં. ૧૯૯૯ના આસો સુદ ૧૦ના રોજ થયેલ. અને એનું ઉદ્‌ઘાટન વિ. સં. ૨૦૦૦ના કારતક સુદ પૂનમે મોરબીના મહારાજા શ્રી લખધીરજી બાપુના શુભ હસ્તે થયેલું. ત્યારથી સ્વ. શ્રીમતિ જવલબહેન પ્રત્યેક વર્ષે કાર્તકી પૂર્ણિમાએ "શ્રીમદ્ રાજચંદ્ર જયંતી" ઊજવવા વવાણિયા જતા હતા. વિ. સં. ૨૦૧૬માં તેમના મોટા પુત્ર શ્રી બુદ્ધિધનભાઈનો નાની વયે, કારતકી પૂનમે વવાણિયામાં અચાનક દેહાંત થયેલો હતો, છતાં તેમણે તે ઉજવણું ચાલુ જ રાખ્યું છે. ધન્ય છે તેમની અડગ પિતૃભક્તિને.

આ સ્થળે મંદિર સામે જગ્યામાં મુમુક્ષુઓએ પોતાના ખર્ચે તથા સંસ્થાએ પણ ઓરડીઓ તથા ભોજનાલય બનાવેલ છે. કાર્તકી પૂર્ણીમાએ અત્રે ઉત્સવ થાય છે, આખું ગામ સંસ્થાના એક જ રસોડે જમે છે.

### ૨૪. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, બોરસદ, વિ. સં. ૨૦૦૦

આશરે ૪૫ વર્ષ ઉપર આ સંસ્થાનું નવું મકાન બજારની મધ્યમાં આશરે રૂપિયા પચીસેક હજારના ખર્ચે બાંધવામાં આવેલ હતુ. આ મકાનમાં શ્રીમદ્ રાજચંદ્રના ચિત્રપટની સ્થાપના કાવિઠાના શ્રી સોમાભાઈ પ્રભુદાસ પટેલના હસ્તે થઈ હતી. સવાર–સાંજ ભક્તિભાવ–સ્વાધ્યાય મુમુક્ષુઓ કરે છે.

## ૨૫. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, કાવિઠા. વિ. સં. ૨૦૦૪

મુનિ લલ્લુજી મહારાજની પ્રેરણાથી શ્રીમદ્ જ્યાં ત્રણ વખત રહેલા હતા, તે કાવિઠામાં મંદિર બંધાવવા માટે મુમુક્ષુ ભાઈઓએ વિ. સં. ૧૯૮૫માં જમીન ખરીદ કરી હતી. વિ. સં. ૧૯૯૩ના ચૈત્ર સુદ પાંચમે શ્રી હીરાલાલ ઝવેરીના શુભ હસ્તે ત્યાં ખાતમુહૂર્ત થયું હતું અને વિ. સં. ૧૯૯૮માં રૂ. ૫૧,૦૦૦/-ના ખર્ચે બાંધવામાં આવેલા મંદિરનું કામકાજ પૂરું થયું હતું. વિ. સં. ૨૦૦૪માં વૈશાખ સુદ ૧૩ના રોજ મંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

આ મંદિરમાં અ. સૌ. સદ્ગુણાબહેન નાહટાજીના શુભ હસ્તે શ્રીમદ્‌ની પ્રતિમાની સ્થાપના થઈ હતી. તે સાથે પ્રભુશ્રી – શ્રી લઘુરાજ સ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા શ્રી સોમાભાઈ પ્રભુદાસના શુભ હસ્તે થઈ હતી.

આ મંદિરમાં બીજે મજલે શ્રી સંભવનાથ, શ્રી શાંતિનાથ તથા શ્રી મલ્લિનાથ આદિ તીર્થંકરદેવની ત્રણ પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

## ૨૬. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન પ્રકાશ મંદિર, વવાણિયા. વિ. સં. ૨૦૦૮

શ્રીમદ્‌ને સાત વર્ષની ઉંમરે સ્મશાન ભૂમિનાં જે બાવળના ઝાડ ઉપર જાતિસ્મરણજ્ઞાન થયું હતું, તે જગ્યા રાજકોટના શ્રી રસિકલાલ ત્ર્યંબકલાલ મહેતાએ વેચાતી લઈ ત્યાં શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન પ્રકાશ મંદિર બંધાવ્યું છે. તેમાં વિ. સં. ૨૦૦૮માં કાર્તકી પૂનમે પાદુકાજીની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ વિ. સં. ૨૦૨૦ના આસો વદ ૮ થી શ્રીમદ્ રાજચંદ્રજીની કાયોત્સર્ગ મુદ્રાની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી હતી.

## ૨૭. રાજગૃહ વનક્ષેત્ર, ઉત્તરસંડા. વિ. સં. ૨૦૧૨

વિ. સં. ૧૯૫૪માં ઉત્તરસંડાના વનમાં શ્રીમદ્ થોડો વખત નિવૃત્તિ માટે શ્રી ધનવંતરીના બંગલામાં રહ્યા હતા. ને તે સ્થળનું નામ તેમણે વનક્ષેત્ર આપેલ હતું ત્યાં તેમના નામે એક સ્મારક ઊભું કરવાની ઇચ્છાથી નારના વતનીઓએ ત્યાં જગ્યા ખરીદી હતી. તે પછી બેંગલોરના મુમુક્ષુઓ તથા શ્રી જ્ઞાનચંદ નાહટાજી તથા શ્રી હીરાલાલ ઝવેરીએ મળીને ત્યાં મંદિર બંધાવ્યું હતુ, અને વિ. સં. ૨૦૧૨ની કાર્તકી પૂર્ણિમાએ ત્યાં શ્રીમદ્‌ના ચિત્રપટની સ્થાપના કરી હતી.

## ૨૮. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, હંપી ( દક્ષિણ ભારત ) વિ. સં. ૨૦૧૭

જૈનો, શૈવો અને વૈષ્ણવોનું પ્રાચીન તીર્થધામ આ હંપી, મૈસુર રાજ્યના બેલ્લારી જિલ્લામાં 'ગુંટકલ-હુબલી' રેલવે લાઈનના હોસ્પેટ સ્ટેશનથી સવા સાત માઈલ દૂર છે. આવવા જવા માટે એસ.ટી. બસ સર્વિસની પૂરતી સગવડ છે. હરિયાળો પ્રદેશ અને ઐતિહાસિક પુરાતત્ત્વ-સામગ્રી વિશ્વભરના યાત્રિકોને અહીં ખેંચી લાવે છે.

સને ૧૩૩૬ માં વિજયનગરનું નિર્માણકાર્ય પ્રારંભાયું તે પહેલાં અહીં હેમકૂટને અડીને ઉત્તરીય ખીણમાં હંપિગ્રામ અને દક્ષિણે કૃષ્ણાપુરમ્ ગ્રામ હતાં. તથા નદી પાર ભોટ જૈન તીર્થ હતું. અને આ પાર હેમકૂટ તથા ચક્રકૂટ નામનાં બે જૈન તીર્થો પણ હતાં. આ ત્રણે તીર્થો દિગમ્બર સમ્પ્રદાયના અધિકારમાં હતાં.

નગરને ઉત્તર કિનારે બારમાસી પ્રવાહવાળી તુંગભદ્રા નદી અસ્ખલિત પ્રવાહે પ્રવહે છે.

હેમકૂટની પૂર્વ દિશામાં સડકને અડીને ત્રીસેક એકરના વિસ્તારવાળું સાધારણ ઊંચાઈ ધરાવતું એક શિખર છે, જેને રત્નકૂટ કહે છે. તેના પૂર્વ છેડે માતંગ પર્વત આવેલ છે. રત્નકૂટ ઉપર લાંબી મોટી ગુફાઓ તથા કેટલીક નાની ગુફાઓ, પ્રાકૃતિક ચાર કુંડો, નાનાં ખેતરો અને બાકીનો પૃથ્વી શિલામય વિસ્તાર છે, જેના ઉપર વિ. સં. ૨૦૧૭ના અષાડ સુદિ એકાદશીએ "શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ"ની સ્થાપના ઘણા જ ઉલ્લાસપૂર્વક થઈ, જેમાં શ્રી ભદ્રમનિ (પૂ. શ્રી સહજાનંદઘન) મુખ્ય નિમિત્ત બન્યા હતા.

રત્નકૂટ ઉપર ગમનાગમન માટે અઢી ફર્લાંગ વ્યવસ્થિત પગ રસ્તો, બે મોટી ગુફાઓ, આઠેક નાની ગુફાઓ, એક મોટી ગુફામાં ચૈત્યાલય, જ્યાં શ્રી ચંદ્રપ્રભ સ્વામીની પાષાણ પ્રતિમાજી તથા શ્રી પાર્શ્વનાથજીની ધાતુની પ્રતિમાજી બિરાજમાન છે. શ્રી પરમકૃપાળુદેવની ૩૧ ઈંચની સુરમ્ય પાષાણ પ્રતિમાજી, ચરણચિહ્ન તથા તેમનાં ચિત્રપટો સ્થાપિત છે, જેમની સન્મુખ સત્સંગ–ભક્તિ નિયમિત બે વખત થાય છે. એની સાથે પરમકૃપાળુદેવના નામની સુગંધ દક્ષિણભારતમાં સર્વત્ર પ્રસરી ગઈ. ત્યાં આવનાર મુમુક્ષુ માટે એક વિશાળ જિનાલય યુક્ત સત્સંગ ભવન, આવાસગૃહો કેટલાક ભાવિકોએ પોતાના ખર્ચે બાંધેલા નિવાસ સ્થાનો ભોજનાલયની સગવડતા છે. જેમાં બે ટંક મફત ભોજન અપાય છે. ભાવિકોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે.

## ૨૯. શ્રીમદ્ રાજચંદ્ર સ્વાધ્યાય મંદિર, દેવલાલી. વિ. સં. ૨૦૨૧

શ્રી જયસિંહભાઈ નારણભાઈ લખપતવાળાએ ઈ.સ.૧૯૬૪માં લગભગ રૂ.૮૦,૦૦૦/–ના ખર્ચે શ્રીમદ્ રાજચંદ્રનું ભક્તિધામ દેવલાલીમાં બંધાવ્યું છે. દેવલાલીમાં પોતાની માલિકીની કેટલીક જમીન તેમણે મંદિરને અર્પણ કરી. ને ત્યાં વિ. સં. ૨૦૨૦ના ચૈત્ર વદ પાંચમના રોજ મંદિરનું ખાતમુહૂર્ત કૃપાળુદેવનાં પરમ ભક્ત અ. સૌ. નીલાબહેન શશીકાંત મહેતાના હસ્તે થયું તે પછી માત્ર છ માસમાં મંદિરનું કામકાજ પૂર્ણ કરી વિ. સં. ૨૦૨૧ની કાર્તકી પૂર્ણિમાએ અ. સૌ. નીલાબહેનના હસ્તે શ્રીમદ્‌ની પ્રતિમાની તથા ચિત્રપટની સ્થાપના કરવામાં આવી. તે ઉત્સવમાં લગભગ ૧૦૦૦ ઉપરાંત મુમુક્ષુઓએ ભાગ લીધો હતો.

મંદિરના ઉપરના ભાગમાં સ્વાધ્યાય-હોલ છે, જ્યાં શ્રીમદ્‌નું મોટું ચિત્રપટ રાખવામાં આવ્યું છે. અને નીચેના ભાગમાં, ઈડરના પહાડ પર જે શિલા પર બેસીને શ્રીમદ્ બોધ આપતા હતા તેવી શિલા ઉપર તેમની પ્રતિમા રાખવામાં આવી છે. આજુબાજુનો દેખાવ ગુફા જેવો રાખેલ છે. તેથી નીચેના ભાગમાં તો પર્વતની ગુફાનું જ વાતાવરણ ખડું થાય છે.

આ ઉપરાંત ત્યાં આશ્રમમાં મુમુક્ષુઓને રહેવાની સગવડ છે, અને નિયમિત રસોડું પણ ચાલે છે.

### ૩૦. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, વટામણ, વિ. સં. ૨૦૨૩

વટામણ ભાલ પ્રદેશમાં ધોળકા તાલુકામાં ૩૦૦૦ વસ્તીવાળું નાનકડું ગામ છે. તે ગામના વેલાણી કુટુંબમાં શ્રી લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી)નો જન્મ સંવત ૧૯૧૦ના અશ્વિન વદ ૧ના રોજ થયો હતો. તેઓ શ્રી દેવકરણજી સાથે સ્થાનકવાસી જૈન સંપ્રદાયમાં ખંભાત સંઘાડામાં સંવત ૧૯૪૦ દિક્ષિત થયા હતા.

પેથાપુરનિવાસી શ્રી હીરાલાલ એમ. ઝવેરીએ શ્રી લઘુરાજસ્વામીના સ્મારકરૂપે તેઓશ્રીની જન્મભૂમિ વટામણમાં શ્રીમદ્ રાજચંદ્ર મંદિર બંધાવવા સંકલ્પ કરેલો અને તે માટે સંવત ૨૦૦૦માં શ્રી ગુલાબચંદભાઈના હાથે ખાતમુહુર્ત કરાવી પાયા પૂરેલા. ત્યાર બાદ શ્રી નાર મુમુક્ષુ મંડળ તથા શ્રી કાવિઠાના કેટલાક મુમુક્ષુઓએ સારી એવી રકમ ખર્ચીને બે મજલાનું સુંદર આલીશાન મંદિર પૂ. ભાઈશ્રી મણિભાઈ રણછોડભાઈની પ્રેરણાથી તેમ જ તેમના માર્ગદર્શન પ્રમાણે બાંધ્યું છે. આ મંદિરમાં પ. કૃ. દેવ શ્રીમદ્ રાજચંદ્ર તથા શ્રી લઘુરાજસ્વામીનાં ચિત્રપટોની સ્થાપના સં. ૨૦૨૩ આસો વદ ૧ના રોજ કરી હતી.

### ૩૧. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, ઘાટકોપર, મુંબઈ વિ. સં. ૨૦૨૪

વિ. સં. ૨૦૨૪, ઈ. સ. ૧૯૬૭માં શ્રી પ્રેમચંદભાઈ કોઠારીના વિશેષ પ્રયત્નોથી અને અનેક મુમુક્ષુઓના સહકારથી આ વિશાળ, ભવ્ય, બહુજનોપયોગી અને સુંદર સંસ્થા અસ્તિત્વમાં આવી. કુલ લગભગ ૧૧૦૦ મુમુક્ષુઓ એકસાથે સ્વાધ્યાય-ભક્તિનો લાભ લઈ શકે તેવી વ્યવસ્થા છે. પરમકૃપાળુદેવનાં વિવિધ અવસ્થાનાં ચિત્રપટો, આત્મસિદ્ધિ તથા તે લખતી વખતનું મોટું ચિત્રપટ, તેમ જ શ્રીમદ્જીનાં ઘણાં સુવાક્યો ઉપરાંત લગભગ શ્રી મહાવીરસ્વામી તથા શ્રી લઘુરાજસ્વામીના ચિત્રપટોનું સ્થાપન કરવામાં આવેલ છે.

દરેક પૂનમ, રવિવાર તથા અન્ય પર્વના દિવસોમાં સ્વાધ્યાય-ભક્તિનો કાર્યક્રમ નિયમિત્તપણે ગોઠવવામાં આવે છે, જેનો અનેક મુમુક્ષુઓ લાભ લે છે.

સંસ્થાના વ્યવસ્થાપકોની ઉદાર દૃષ્ટિને લીધે છેલ્લાં દસ વર્ષમાં આ સંસ્થાઓ ઘણી પ્રગતિ સાધી છે, જે સૌને માટે ખરેખર આનંદનો વિષય છે.

### ૩૨. શ્રીમદ્ રાજચંદ્ર ગુરૂ મંદિર, બેંગલોર, વિ. સં. ૨૦૨૪.
### જૈન ટેમ્પલ સ્ટ્રીટ, વીશ્વેશ્વર પુરમ

મંદિર આજથી આસરે ૨૦ વર્ષ ઉપર શ્રી જ્ઞાનચંદ નાહટા સાહેબની પ્રેરણા તથા આર્થિક સહાયથી નિર્માણ થયેલ હતું તેમાં શ્રીમદ્ રાજચંદની પ્રદ્માસન મુદ્રાનું તથા શ્રી લઘુરાજજીનું ચિત્રપટ ઉતરાસંડાવાલા અ. સૌ. સુવર્ણાબહેન નાહાટાના શુભ હસ્તે સ્થાપના કરવામાં આવી હતી અહીં ભક્તિ વી. નીયમીત થાય છે.

### ૩૩. શ્રીમદ્‌ રાજચંદ્ર આશ્રમ સુરત. વિ. સં. ૨૦૩૩

આ આશ્રમ સુરતમાં શહેરની બહાર રેલ્વે ટ્રેક ઉપર શ્રી મનહરલાલ ગોવર્ધનદાસ કડીવાળાની પ્રેરણા તથા સહાયથી નિર્માણ થયું છે જગ્યા વિશાળ છે તેમાં દાખલ થતાં એક ગુરૂમંદિર બાજુમાં મુમુક્ષુભાઈઓ રહી શકે તેવી ધર્મશાળા, તથા ભોજનાલયની સગવડતા છે. શ્રી મનહરલાલ કડીવાળાનો બંગલો પણ અંદર છે અને તેઓ અંદર રહે છે. અને આ મંદિરની વ્યવસ્થા કરે છે. સ્વાધ્યાય તથા ભક્તિનો કાર્યક્રમ નિયમિત થાય છે.

### ૩૪. શ્રીમદ્‌ રાજચંદ્ર સ્વાધ્યાય હોલ. મુંબઈ. વિ. સં. ૨૦૩૫

સન ૧૯૭૯ માં મુંબઈ - ચોપાટી, વાલકેશ્વર – મહાલક્ષ્મી વિસ્તારમાં રહેતા. સ્વ હિતાર્થે મુમુક્ષુભાઈઓએ ધર્મ આરાધના થાય તેવા હેતુથી એક સ્થળ તે વીસ્તારમાં નિર્માણ થાય તેવું વિચાર્યું અને તેથી કેટલાક ભાઈઓએ ભક્તિને માટે ખાનગી પોતાના ઉપયોગ માટે એક બ્લોક સાગર વિહાર સાતમે માળે ૪૫, કુળપતિ મુન્શી માર્ગ ચોપાટી ખરીદી, એ સ્વપ્ન સિદ્ધ કર્યું. જ્યાં કૃપાળુદેવ ઉપરાંત શ્રી લઘુરાજજી તથા બ્રહ્મચારી શ્રી ગોવર્ધનદાસજીનું ચિત્રપટ મુકવામાં આવેલ છે. અને દરરોજ સવારે તે ખુલ્લે છે. દર્શનાર્થીઓ આવે છે. ભક્તિ, કરે છે. દર રવીવારે સવારે ૯ થી ૧૧ સ્વાધ્યાય ભક્તિ થાય છે.

### ૩૫. શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ-સાયલા, (સૌરાષ્ટ્ર) ૨૦૪૧

ઉપરોક્ત સંસ્થા દ્વારા શ્રી રાજ-સોભાગ આશ્રમનું ઉદ્‌ઘાટન વિ. સં. ૨૦૪૧ના આહ માસમાં તા. ૨૨–૨–૮૫ના રોજ આદરણીય શ્રી લાડકચંદભાઈ વોરાની પ્રેરણાથી અને મુંબઈ અને બીજા સમગ્ર મુમુક્ષુઓના આર્થીક સહકારથી થયેલ છે. પરમકૃપાળુદેવના પરમસખા શ્રી સોભાગભાઈના જન્મસ્થળમાં આકાર પામેલો આ આશ્રમ સૌને સાધનાની તથા રહેવા જમવાની સુંદર સગવડ પૂરી પાડે છે, તેવી આશા ઉદ્‌ઘાટન સમયના વાતાવરણને જોતાં સૌના દિલમાં ઊપજી છે.

આશ્રમમાં વિવિધ વિભાગો ઉપરાંત શ્રી જિનમંદિર અને સ્વાધ્યાય હોલ–બનાવેલ છે. જેમાં કૃપાળુદેવ, સોભાગભાઈ તથા શ્રી લઘુરાજસ્વામીનાં ત્રણ–મોટા ચિત્રપટોની સ્થાપના થયેલ છે. નૅશનલ હાઈવેનો તદ્દન નજીક આવેલ હોવાથી. અવરજવર કરતા અનેક મુમુક્ષુઓ આ સંસ્થાનો લાભ લેશે તેવી પ્રયોજકોની ભાવના છે.

સાયલા બહારના તથા પરદેશના મુમુક્ષુઓએ પોતાના ખર્ચે આવાસો બાંધી સંસ્થાને અર્પણ કરેલ છે જેથી બહારથી આવનાર બીજી મુમુક્ષુઓ તેનો સારો લાભ લે છે અને એ એક તીર્થ બની રહેલ છે.

### ૩૬. શ્રીરાજમંદિર, ગઢ શિવાણા, વિ. સં. ૨૦૪૧

આ ગામના વતનીઓએ દક્ષિણમાં વસવાટ કરેલ પણ અગાસમાં રહી આરાધના કરતા હતા તેવા ભાઈઓની ભાવનાથી આવું એક મંદિરનું નિર્માણ થયેલ છે. નીચે ભોંયરામાં મંદિર છે તેમાં તિર્થંકરોની આરસની પ્રતિમાઓ છે. ઉપર શ્રીમદ્‌નું ચિત્રપટ તથા સ્વાધ્યાય હોલ છે.

ભાવિક મુમુક્ષુ અત્રે આવી સ્વાધ્યાય ભક્તિ વી.ની આરાધના કરે છે આ સ્થળ બાડમેર (રાજસ્થાન) જિલ્લામાં નાકોડા પાર્શ્વનાથ તીર્થ પાસે આવેલ છે.

૩૭. શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર—કોબા. (જિ. ગાંધીનગર) વિ. સં ૨૦૪૨.

વૈષ્ણવ કુટુંબમાં જન્મેલા પણ સર્વ દર્શનના અને ખાસ કરી જૈન દર્શનના ઉંડા અભ્યાસી, તત્વચિંતક, તીવ્ર સાધના કર્મ અંતરંગ પ્રસન્ન દશાવાળા શ્રી ડૉ. મુકુંદભાઈ વીરજીભાઈ સોનેજી, હાલ પૂ. શ્રી આત્માનંદજીએ વિ. સં ૨૦૩૧ના વૈશાખ સુદ ૧૦ (શ્રી મહાવીર પ્રભુજીના કેવળજ્ઞાન પ્રાપ્તિ)ના તા. ૧૦–૫–૧૯૭૫ ના મંગળ દિવસે અમદાવાદ – મીઠાખળી – "પુષ્પવીલા" માં શ્રી "સત્શ્રુત સેવા સાધના કેન્દ્ર"ની સ્થાપના કરી હતી. જ્યાં અઠવાડીયે એક કલાકથી દોઢ કલાક શ્રીમદ્ રાજચંદ્રના પુસ્તકો કે સતશ્રુતના પુસ્તકો ઉપર વાંચન સ્વાધ્યાય અપાતો હતો સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિ:—પુસ્તકાલય; સત્ સાહિત્ય પ્રકાશન તથા તીર્થ યાત્રા કે ધર્મયાત્રાનું આયોજન પુરતી હતી. ત્યારબાદ વિ. સંવત ૨૦૩૨ માં સંસ્થાએ પોતાનું એક મુખપત્ર "દિવ્યધ્વની" ગુજરાતી આધ્યાત્મિક માસિક શરૂ કર્યું હતું જેનું પ્રકાશન નિયમિત ચાલુ છે.

વખત જતાં તથા આધ્યાત્મ પ્રવૃત્તિમાં લોકોનો રસ વધતાં તથા એકાંત નિવૃત્તિ સ્થળે રહી. વિશેષ સાધના થઈ શકે તે હેતુથી દાનવીર શ્રી રસીકલાલ અચરતલાલ શાહે ભેટ આપેલ ૬૫૦૦ ચોરસ વાર જમીન ઉપર; કોબા (જિલ્લો ગાંધીનગર) અમદાવાદ શહેરથી સાબરમતી ગાંધીનગર જતાં રસ્તે હાઈવે ઉપર ૧૬ કીલો મીટરના અંતરે — "આધ્યાત્મિક સાધના કેન્દ્ર"નું ઈ. સ. ૧૯૮૧ માં નિર્માણ થયું. જ્યાં ક્રમેક્રમે, સ્વાધ્યાય હોલ – સાધક નિવાસ; ભોજનાલય, મહિલા સાધના ભવન, સંતકુટિર, જિનાલય, પુસ્તકાલય આદિ અસ્તિત્વમાં આવેલ છે.

વિ. સં. ૨૦૪૩માં સમયના વહેણ સાથે અનુકુળ થઈ, આ સંસ્થાની ઉમદા, વિશાળ અને ઉદ્દાત વિચારધારા ધરાવતા ટ્રસ્ટીગણો તથા હિત ચિંતકોએ નિર્ણય કરી આ સંસ્થાના નામ સાથે શ્રીમદ્ રાજચંદ્ર નામ જોડી આ સંસ્થાનું તા. ૫–૧૦–૮૬ થી "શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર" એ નામકરણ વિધી સાદાઈથી કરી હતી.

આ સંસ્થા–આશ્રમમાં સ્થાનિક તથા દેશ–વિદેશના મુમુક્ષુઓ, સાધક દશામાં રહી સારો એવો સ્વાધ્યાય, ભક્તિ, સત્સંગ, સત્સમાગમ, ચિતનનો લાભ લે છે.

૩૮. શ્રી રાજચંદ્ર જ્ઞાન મંદિર, યવતમાલ. (મહારાષ્ટ્ર) વિ. સં ૨૦૪૨

આ ગામના મુમુક્ષુઓ અગાસ રહી આરાધના કરતા હતા. અને તેથી પોતાના વતનમાં એક મંદિર – આરાધના કેન્દ્ર નિર્માણ થાય તેવી શુભ ભાવના જાગી. તેના ફળરૂપે વિ. સં. ૧૯૪૨ માં અગાસના મુમુક્ષુભાઈઓની ઉપસ્થિતિમાં ત્યાંના સ્થાનિક મુમુક્ષુઓએ મંદિરની પ્રતિષ્ઠા કરી હતી.

૩૯. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર, મદ્રાસ, વિ. સ. ૨૦૪૨

મદ્રાસના ઘણા ભાવિક ભાઈઓ અગાસમાં અવારનવાર આવી, મહિના સુધી ધર્મ આરાધના કરતાં હતાં. અને તેથી પ્રેરાઇને પોતાનું આવું એક મંદિર – આરાધના કેન્દ્ર કરવા વિચાર્યું અને તેથી તેનું નિર્માણ, વિ. સં. ૨૦૪૨ માં કરવામાં આવ્યું હતું.

૪૦. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, રાજકોટ, વિ. સં. ૨૦૪૩

રાજકોટ તથા પાડોશમાં રહેતા અને મુંબઈ સ્થિત થયેલ ભાઈઓએ રાજકોટમાં શ્રીમદ્ રાજચંદ્રનો દેહાંત થયેલ હોવાથી એક મંદિર – અને સ્વાધ્યાય હોલ બનાવી આરાધના કરી શકાય તે ભાવના ભાવી. તેથી સ્વ. શ્રી અમૃતલાલ વીરચંદ જસાણીએ ઉદારભાવથી ખાલી પ્લોટ તથા આર્થિક સહકાર આપતાં તથા મુંબઈ તથા અગાસની સંસ્થાનો સહયોગ સાંપડતા આ મંદિર અસ્તિત્વમાં આવેલ છે. ત્યાં હવે ધર્મ આરાધના નિયમિત થાય છે. અને એક તીર્થક્ષેત્ર બની રહેલ છે.

૪૧. શ્રીદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર, બાંધણી. વિ. સં. ૨૦૪૪

પૂ. શ્રી બ્રહ્મચારીજી ગોવર્ધનદાસના જન્મ સ્થળ શ્રી બાંધણીમાં તેમના સ્મારકરૂપે શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર બાંધવાનું નક્કી કરેલ તેથી તે નિર્માણ થયેલ છે જેનું ઉદ્ઘાટન વિ. સં. ૨૦૪૪ના માહ સુદ ૧૪ ના કરવાનું અગાસના તેમના ગુણાનુરાગીએ જાહેર કરેલ છે. જેથી ત્યાં ધર્મ આરાધનાનું નવું ક્ષેત્ર ખુલેલ છે.

૪૨. શ્રીમદ્ રાજચંદ્ર સાધના મંદિર, જયપુર, (રાજસ્થાન)

શ્રીમદ્દના અનન્ય ભક્ત સ્વ. શ્રી અમરચંદજી નાહર ભક્તિભાવથી પ્રેરાઈ એક મંદિર બનાવવાનું સ્વપ્ન સેવેલ તેથી સોથલીવાલોકા રસ્તા; ચૌવરા. જયપુરમાં પોતાના નિવાસની બાજુમાં જ એક ભવ્ય સંપૂર્ણ આરસનું મંદિર પોતાના જ અંગત આર્થિક સહાયથી ત્રણ મજલાનું નિર્માણ કર્યું હતું. ત્યાં દરરોજ દર્શનાથી આવી ધર્મ આરાધના કરે છે. અને એક તીર્થ જેવું બનેલ છે.

૪૩. શ્રીમદ્ રાજચંદ્ર સ્મૃતિગૃહ, મોમ્બાસા.

એક સુંદર મકાનમાં આ સ્મૃતિગૃહ નિર્માણ થયેલ છે તેના પ્રવેશદ્વાર ઉપર ૐ શ્રી સદ્ગુરૂ દેવાય નમઃ લખેલ છે. બીજી વિશેષ માહિતી ઉપલબ્ધ નથી.

ૐ શાંતિ શાંતિ શાંતિ

# પરિશિષ્ટ ૨

## શ્રીમદ્દની જીવન-તવારીખ

| સંવત | ઘટના |
|---|---|
| ૧૯૨૪ | કાર્તિકી પૂર્ણિમા, રવિવારે રાત્રે બે વાગે વવાણિયામાં જન્મ. |
| ૧૯૨૮ | જન્મનું લક્ષ્મીનંદન નામ બદલીને રાયચંદ રાખ્યું. |
| ૧૯૩૧ | વવાણિયા ગામે સ્મશાનમાં બાવળ ઉપર જાતિસ્મરણજ્ઞાન. વવાણિયામાં અભ્યાસની શરૂઆત. |
| ૧૯૩૨ | પહેલું કાવ્ય રચ્યું, જે અપ્રાપ્ય રહ્યું છે. |
| ૧૯૩૫ | શાળાનો અભ્યાસ છોડ્યો. |
| ૧૯૪૦ | ચૈત્ર માસમાં "મોક્ષમાળા"ની રચના. મોરબીમાં અવધાનની શરૂઆત. |
| ૧૯૪૧ | બોટાદમાં ૫૨ અવધાન, લીંબડી વઢવાણમાં "સાક્ષાત્ સરસ્વતી"નું બિરુદ મળ્યું. |
| ૧૯૪૨ | મુંબઈમાં શતાવધાન, કીર્તિની ટોચે, વૈરાગ્યની અપૂર્વતા. |
| ૧૯૪૪ | મહા સુદ ૧૨, પોપટભાઈ મહેતાનાં પુત્રી ઝબકબહેન સાથે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ, અવધાન આદિ પ્રવૃત્તિ બંધ કરી; "મોક્ષમાળા"નું પ્રકાશન, અમદાવાદમાં શ્રી જૂઠાભાઈ ઉજમશી મળ્યા. પ્રકાશ અને દિવ્યતાનો અનુભવ થયો. |
| ૧૯૪૫ | મુંબઈમાં શ્રી રેવાશંકર જગજીવન સાથે ભાગીદારીમાં વેપારકાર્યની શરૂઆત. |
| ૧૯૪૬ | ભાદ્રપદ માસમાં મોરબીમાં શ્રી સોભાગભાઈ મળ્યા. દિવાળીમાં ખંભાત ગામે મુનિશ્રી લલ્લુજી, શ્રી અંબાલાલભાઈ આદિનો સમાગમ. |
| ૧૯૪૭ | શુદ્ધ સમકિત પ્રકાશ્યું, સુધાની ધારા પછીનાં કેટલાંક દર્શન અને નિરંતર અદ્ભુત દશાનો અનુભવ, જ્યોતિષનો ત્યાગ કર્યો, ગાંધીજી શ્રીમદ્દને મુંબઈમાં મળ્યા. |
| ૧૯૫૦ | શ્રી લલ્લુજી મુનિ અર્થે આત્માનાં છ પદનો પત્ર રચ્યો. મહાત્મા ગાંધીજીએ પુછાવેલા ૨૭ પ્રશ્નોના ઉત્તરો લખ્યા. |
| ૧૯૫૧ | વિ. સં. ૧૯૫૩થી સર્વસંગપરિત્યાગ કરવાનો સંકલ્પ કર્યો. |
| ૧૯૫૨ | નડિયાદમાં "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની રચના કરી, અપૂર્વ જ્ઞાનદશા. |
| ૧૯૫૩ | સાયલામાં તથા ઈડરના પહાડોમાં શ્રી સોભાગભાઈને બોધ કર્યો, પરિણામે તેમને આત્મ-વિશુદ્ધિનો લાભ. |
| ૧૯૫૪ | શ્રી લલ્લુજી મુનિને વસો ક્ષેત્રે આત્મદર્શન કરાવ્યું. |
| ૧૯૫૫ | સ્ત્રી, લક્ષ્મીનો ત્યાગ કર્યો. વેપારમાંથી સર્વથા નિવૃત્તિ. |
| ૧૯૫૬ | વઢવાણ કૅમ્પમાં સંવત્સરીને દિવસે "શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ" માટે ટીપ શરૂ થઈ. દેહ તંદુરસ્તી બહુ ખરાબ થઈ. |
| ૧૯૫૭ | ચૈત્ર વદી ૫, મંગળવાર, દિવસે બે વાગ્યે રાજકોટમાં દેહવિલય. |

# પરિશિષ્ટ ૩

## શ્રીમદ્‌નું સાહિત્ય

[ " શ્રીમદ્ રાજચંદ્ર " અગાસ આવૃત્તિ ૧માં આપવામાં આવેલ આંક અહીં સમજવા. ]

### વિ. સંવત ૧૯૪૧ પહેલાં

કાળ કોઈને નહિ મૂકે*[1] ...............૩
દોહરા.......................................૧૫
મોક્ષસુબોધ..................................૧
શાંતિનાથ ભગવાનની સ્તુતિ*...........૧૩
દ્વાદશાનુપ્રેક્ષા*..............................૧૦
મોક્ષમાળા, સં. ૧૯૪૦ ........... ૧૭
પ્રશ્નોત્તર......................................૯
મુનિસમાગમ*........................ .૧૧
સહજ પ્રકૃતિ...............................૮
છત્ર પ્રબંધસ્થ પ્રેમ પ્રાર્થના...........૧૪
ધર્મ વિશે....................................૪
સુબોધસંગ્રહ[2].......પ્રગટ વિ. સં. ૨૦૦૮
ઉપયોગ ત્યાં ધર્મ છે.......................૬
નિત્ય સ્મૃતિ..................................૭
પુષ્પમાળા.....................................૨
બોધવચનો....................................૫
સજ્જનતા.....................................૧૨

### વિ. સંવત ૧૯૪૨

ભાવનાબોધ.................................૧૬

### વિ. સંવત ૧૯૪૩

વચન સપ્તશતી.............................૧૯
સ્વરોદયજ્ઞાન પરની ટીકા*....... ...૨૨
જીવાજીવ વિભક્તિ–અનુવાદ*..........૨૪
વચનામૃત....................................૨૧
જીવતત્ત્વ સંબંધી વિચાર*..........૨૩

### વિ. સંવત ૧૯૪૪

પ્રતિમા સિદ્ધિ*............................૪૦

### વિ. સંવત ૧૯૪૫

ભિન્ન ભિન્ન મતદર્શન.................૭૯
સંયતિધર્મ અનુવાદ......................૬૦
લઘુવયથી અદ્ભુત થયો...................૭૭

---

૧. જે જે રચનાની પાસે * આવી ફૂદડી મૂકી છે, તે રચનાઓ અપૂર્ણ સમજવી.

૨. " સુબોધસંગ્રહ "માં " સ્ત્રીનીતિબોધક વિભાગ ૧ "ની ૪૦ ગરબીઓ, ૪૦ જેટલાં અવધાન કાવ્યો અને ૧૫ ધર્મેતર કાવ્યોનો સમાવેશ થાય છે. ૪ અપૂર્ણ કૃતિઓ.

### વિ. સંવત ૧૯૪૬

લોકસ્વરૂપ રહસ્ય......................૧૦૭
રોજનીશી ..........................૧૫૭
હસ્તલિખિત નોંધપોથી................૧૬૦
ત્રણ દોહરા..........................૧૫૪
સમુચ્ચયવયચર્યા.....................૮૯

### વિ. સંવત ૧૯૪૭

બિના નયન...........................૨૫૮
જિનવર કહે છે જ્ઞાન તેને............૨૬૭
યમ નિયમ...........................૨૬૫
જડભાવે જડ પરિણમે..............૨૬૬
પ્રભુ પ્રત્યે દીનત્વ....................૨૬૪
વચનાવલિ...........................૨૦૦

### વિ. સંવત ૧૯૪૮

સમયસારની ગાથાની સમજણ ................૩૧૭
યોગદૃષ્ટિની સજ્ઝાયમાંથી સમજણ .... ૩૯૪ થી ૩૯૬

### વિ. સંવત ૧૯૪૯

આતમ ભાવના ભાવતાં...............૪૭૪
સુવચનો.............................૪૬૬
સમયસાર નાટકની ગાથાની સમજણ..........૪૩૬ થી ૪૩૮

### વિ. સંવત ૧૯૫૦

છ પદનો પત્ર..........................૪૯૩

### વિ. સંવત ૧૯૫૨

આત્મસિદ્ધિશાસ્ત્ર.........................૭૧૮
પંચાસ્તિકાયનું સ્વરૂપ...૬૯૮, ૬૯૯, ૭૦૧
મૂળમાર્ગ રહસ્ય.......................૭૧૫

### વિ. સંવત ૧૯૫૩

અપૂર્વ અવસર.........................૭૩૮
પંથ પરમપદ બોધ્યો* ............ ૭૨૪
આનંદઘન ચોવીશી, વિવેચન – "વીતરાગ સ્તવના"*........................૭૫૩
મોક્ષમાર્ગની વિચારણા*.............. ૭૫૫
મોક્ષસિદ્ધાંત*........................ ૭૫૭
જૈનમાર્ગ વિવેક*......................૭૫૬
જીવનો સુખ માટે વિચાર*........ ૭૫૯
દ્રવ્ય પ્રકાશ*............................૭૫૮
પંચાસ્તિકાય, અનુવાદ............. ૭૬૬
દ્રવ્ય સંગ્રહ – અનુવાદ*..............૭૬૧

### વિ. સંવત ૧૯૫૬

જડ ને ચૈતન્ય વિવેક................. ૯૦૨

### વિ. સંવત ૧૯૫૭

અંતિમ સંદેશો........................૯૫૪

### અભ્યંતરપરિણામ અવલોકન

હસ્તનોંધ ૧, હસ્તનોંધ ૨, હસ્તનોંધ ૩,..................................૯૬૦

# પરિશિષ્ટ ૪

## શ્રીમદ્દે અવગાહેલા ગ્રંથોની યાદી[1]

અખાના પદો – અખાજી.
અધ્યાત્મગીતા – શ્રી દેવચંદ્રજી.
અધ્યાત્મસાર – શ્રી યશોવિજયજી.
અનાથદાસનાં પદો – શ્રી અનાથદાસ.
અનુભવપ્રકાશ.
અષ્ટ પ્રાભૃત – શ્રી કુંદકુંદાચાર્ય.
અધ્યાત્મકલ્પદ્રુમ – શ્રી મુનિસુંદરસૂરિ.
અધ્યાત્મ ભજનમાલા – શ્રી છોટમ.
અનંતજીનસ્તવન – શ્રી આનંદઘનજી.
અનુત્તરૌપપાતિકસૂત્ર.
અષ્ટક – હરિભદ્રાચાર્ય.
અંતકૃતદશાંગસૂત્ર.
આચારાંગસૂત્ર.
આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય – યશોવિજયજી.
આનંદઘનચોવીશી – શ્રી આનંદઘનજી.
આચારાંગસૂત્ર નિર્યુક્તિ.
આત્માનુશાસન – શ્રી ગુણભદ્રાચાર્ય.
આપ્તમીમાંસા – શ્રી સમંતભદ્રાચાર્ય.
ઇન્દ્રિયપરાજયશતક.
ઉત્તરાધ્યયનસૂત્ર.
ઉપદેશપદ – શ્રી હરિભદ્રાચાર્ય.
ઉપનિષદ.
ઉપાસકદશાંગસૂત્ર.
ઉત્તરપુરાણ.
ઉદ્ધવગીતા – શ્રી મુક્તાનંદસ્વામી.
ઉપદેશરહસ્ય – શ્રી યશોવિજયજી.
ઉપમિતિભવપ્રપંચ – શ્રી સિદ્ધર્ષિ.
કબીરનાં પદો – કબીર.
કાલજ્ઞાન.
કક્કામાં વવ્વા – શ્રી પ્રીતમસ્વામી.
કર્મગ્રંથ – દેવેન્દ્રસૂરિ.
ક્રિયાકોશ.
ક્ષપણાસાર – શ્રી નેમિચંદ્રાચાર્ય.
ક્ષેત્રસમાસ.
જ્ઞાતાધર્મકથાંગ.
ગીતા – વેદવ્યાસ.
ગોકુલચરિત્ર.
ગુરુગીતા.
ગોમ્મટસાર – શ્રી નેમિચંદ્રાચાર્ય.
ચારિત્રસાગર.
છજીવનિકાય અધ્યયન.
છોટમ્‌કૃત પદસંગ્રહ – શ્રી છોટમ.
જૂનો કરાર – બાઈબલ.
જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ.
ઠાણાંગસૂત્ર.
તત્ત્વાર્થસૂત્ર – શ્રી ઉમાસ્વાતી.
તત્ત્વસાર – શ્રી અમૃતચંદ્રાચાર્ય.
ત્રિલોકસાર – શ્રી નેમિચંદ્રાચાર્ય.
દશવૈકાલિકસૂત્ર.
દેવચંદ્રજીની ચોવીશી – શ્રી દેવચંદ્રજી.
દ્રવ્યસંગ્રહ – શ્રી નેમિચંદ્રાચાર્ય.
દાસબોધ – શ્રી રામદાસસ્વામી.

---

૧. શ્રીમદ્‌ના સાહિત્ય તથા કેટલીક માહિતીના આધારે આ યાદી તૈયાર કરીને કૃતિઓના અકારાદિ ક્રમ પ્રમાણે અહીં આપવામાં આવી છે. શ્રીમદ્દે આથી વધારે કૃતિઓનો અભ્યાસ કર્યો હોય એવો સંભવ વિશેષ છે. જ્યાં શક્ય બન્યું ત્યાં કૃતિ સાથે કર્તાનું નામ પણ આપ્યું છે.

દેવાગમસ્તોત્ર – શ્રી સમંતભદ્રાચાર્ય.
દગ-દશ્યવિવેક – શ્રી શંકરાચાર્ય.
ધર્મબિંદુ.
ધીરજાખ્યાન – શ્રી નિષ્કુલાનંદ.
નયરહસ્ય – શ્રી યશોવિજયજી.
નવ તત્ત્વ.
નારદભક્તિસૂત્ર – મહર્ષિ નારદ.
નરસિંહ મહેતાનાં પદો.
નંદીસૂત્ર.
નિરાંત કોળીનાં પદો.
પદ્મનંદી પંચવિંશતિ – શ્રી પદ્મનંદીસ્વામી.
પંચાસ્તિકાય – શ્રી કુંદકુંદાચાર્ય.
પ્રકરણરત્નાકર – પંડિત ઉત્તમવિજયજી.
પંચતંત્ર.
પંચીકરણ – અખાજી.
પ્રતિક્રમણસૂત્ર.
પાતંજલ યોગ – શ્રી પતંજલિ.
પુરુષાર્થસિદ્ધિઉપાય – શ્રી અમૃતચંદ્રાચાર્ય.
પાંડવપુરાણ.
પ્રજ્ઞાપનાસિદ્ધાંત.
પ્રબોધશતક.
પ્રવીણસાગર.
પ્રીતમનાં કાવ્યો – શ્રી પ્રીતમ.
પ્રદ્યુમ્નચરિત્ર.
પ્રવચનસાર – શ્રી કુંદકુંદાચાર્ય.
પ્રશ્નવ્યાકરણ.
પ્રાણવિનિમય – મેસ્મેરિઝમનું પુસ્તક.
બાઈબલ.
બૃહદ્કલ્પસૂત્ર – ભદ્રબાહુસ્વામી.
ભગવતીઆરાધના.
ભર્તૃહરિશતક – શ્રી ભર્તૃહરિ.
ભાવાર્થપ્રકાશ.
ભક્તિનીતિ કાવ્યસંગ્રહ – શ્રી દયારામ.
ભગવતીસૂત્ર.
ભદ્રબાહુસંહિતા – ભદ્રબાહુસ્વામી.
ભોજા ભગતનાં પદો.

મણિરત્નમાલા – મણિકાંત.
મનુસ્મૃતિ – મનુ મહારાજ.
માણેકદાસનાં પદો – શ્રી ધનપાળ કવિ.
મીરાંબાઈનાં પદો.
મોક્ષમાર્ગપ્રકાશક – પંડિત ટોડરમલજી.
મનહરપદ – શ્રી મનોહરદાસ.
મહાભારત – વેદવ્યાસ
મિતાક્ષરા.
મૂળપદ્ધતિકર્મગ્રંથ.
મોહમુદ્ગર – શ્રી શંકરાચાર્ય.
યોગકલ્પદ્રુમ.
યોગપ્રદીપ-હરિભદ્રાચાર્ય.
યોગવાશિષ્ઠ.
યોગદૃષ્ટિ સમુચ્ચય – શ્રી હરિભદ્રાચાર્ય.
યોગબિંદુ – શ્રી હરિભદ્રાચાર્ય.
યોગશાસ્ત્ર – શ્રી હેમચંદ્રાચાર્ય.
રઘુનાથદાસની ગરબીઓ.
રયણસાર – શ્રી કુંદકુંદાચાર્ય.
રત્નકરંડશ્રાવકાચાર – શ્રી સમંતભદ્રાચાર્ય.
રામાયણ – શ્રી વાલ્મિકી.
લબ્ધિસાર – શ્રી નેમિચંદ્રાચાર્ય.
લોકતત્ત્વનિર્ણય – શ્રી હરિભદ્રાચાર્ય.
વિચારમાળા.
વિપાકસૂત્ર.
વેદાંત ગ્રંથ – પ્રસ્તાવના.
વૃંદસતસૈ.
વિચારસાગર.
વેદ.
વૈરાગ્યશતક – શ્રી ભર્તૃહરિ.
શાંતિપ્રકાશક.
શ્રીપાળરાસ – શ્રીવિનયવિજય-યશોવિજયજી.
ષડ્દર્શન સમુચ્ચય – શ્રી હરિભદ્રાચાર્ય.
શાંતસુધારસ.
શિક્ષાપત્ર.
શ્રીમદ્ ભાગવત – શ્રી વ્યાસજી.
ષટ્પ્રાભૃતસંગ્રહ – શ્રી કુંદકુંદાચાર્ય.

સમયસાર નાટક – શ્રી બનારસીદાસજી.
સમ્મતિતર્ક પ્રકરણ – સિદ્ધસેન દિવાકર.
સિદ્ધપ્રાભૃત – કુંદકુંદાચાર્ય.
સુદૃષ્ટિતરંગિણી.
સમયસાર – શ્રી કુંદકુંદાચાર્ય.
સુંદરવિલાસ – સુંદરદાસ.
સ્વરોદયજ્ઞાન – શ્રી ચિદાનંદજી.
સંગીતકલાધર – સંગીતનો ગ્રંથ.
સમવાયાંગસૂત્ર.
સમાધિશતક – શ્રી યશોવિજયજી.
સિદ્ધાંત રહસ્ય – શ્રી યશોવિજયજી.
સંયમમણિસ્તવન – ઉત્તમવિજયજી.
સૂત્રકૃતાંગ.
સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા.

# પરિશિષ્ટ ૫

## શ્રીમદ્દની કાળાનુક્રમે ક્ષેત્રસ્થિત

| સંવત | સ્થાન |
|---|---|
| ૧૯૪૦ | જામનગર, મોરબી, વવાણિયા. |
| ૧૯૪૧ | જેતપુર, બોટાદ, મોરબી, રાજકોટ, વવાણિયા. |
| ૧૯૪૨ | અમદાવાદ, જેતપુર, વવાણિયા. |
| ૧૯૪૩ | અમદાવાદ, મુંબઈ, મોરબી, વવાણિયા. |
| ૧૯૪૪ | અમદાવાદ, જેતપુર, મુંબઈ, મોરબી, વવાણિયા. |
| ૧૯૪૫ | અમદાવાદ, ખજાણા, ભરૂચ, મુંબઈ, મોરબી, સુરત, વઢવાણ, વવાણિયા. |
| ૧૯૪૬ | ખંભાત, જેતપુર, મુંબઈ, મૂળી, મોરબી, સાયલા, વવાણિયા. |
| ૧૯૪૭ | આણંદ, ખંભાત, મુંબઈ, રાળજ, વવાણિયા, વીરસદ. |
| ૧૯૪૮ | આણંદ, ભરૂચ, મુંબઈ, મોરબી, રાળજ, વવાણિયા. |
| ૧૯૪૯ | ખંભાત, પેટલાદ, મુંબઈ, વડોદરા. |
| ૧૯૫૦ | મુંબઈ. |
| ૧૯૫૧ | ઉંદેલ, કઠોર, ખંભાત, ધર્મજ, બોટાદ, મુંબઈ, મોરબી, રાણપુર, લીંબડી, વડવા, વવાણિયા, વીરસદ, સાયલા, સુરત, હડમતાલા. |
| ૧૯૫૨ | આણંદ, કાવિઠા, ખંભાત, નડિયાદ, મુંબઈ, મોરબી, રાળજ, વડવા, વવાણિયા. |
| ૧૯૫૩ | ઈડર, મુંબઈ, મોરબી, વવાણિયા, વીરમગામ, સાયલા. |
| ૧૯૫૪ | આણંદ, ઉત્તરસંડા, કાવિઠા, ખેડા, મુંબઈ, મોરબી, વવાણિયા, વસો, સાયલા. |
| ૧૯૫૫ | અમદાવાદ, ઈડર, નરોડા, મદ્રાસ, મુંબઈ, મોરબી, વવાણિયા, વીરમગામ. |
| ૧૯૫૬ | અમદાવાદ, ધરમપુર, મુંબઈ, મોરબી, વઢવાણ, વવાણિયા, વીરમગામ. |
| ૧૯૫૭ | અમદાવાદ, તિથલ, નડિયાદ, મુંબઈ, મોરબી, રાજકોટ, વઢવાણ કેમ્પ.[૧] |

૧. શ્રીમદ્દના સાહિત્ય તથા અન્ય પ્રકીર્ણ માહિતીને આધારે, સ્થળોના અકરાદિ ક્રમ પ્રમાણે, આ યાદી તૈયાર કરવામાં આવી છે. તેમાં આથી પણ વિશેષ સ્થળો હોવાનો સંભવ છે.

**શ્રીમદ્ રાજચંદ્રનું વંશવૃક્ષ**




*૧ જવલબેનનો દેહ વિલય : તા. ૦૮-૦૩-૭૮ મહા વદ અમાસ વિ. સં. ૨૦૩૪ ( જુઓ પાનું. ૫૮ )

[illegible]

# પરિશિષ્ટ ૭

## શ્રીમદ્‌ની જીવનસિદ્ધિમાં ઉપયોગી થયેલા ગ્રંથોની યાદી


૧. આચારાંગ સૂત્ર (મૂળ સહિત) – પ્રયોજક અને પ્રવર્તક પ્રો. રવજીભાઈ દેવરાજ અને જૈન સ્કોલર્સ. આવૃત્તિ ૧, વિ. સં. ૧૯૫૮.

૨. આત્માનુશાસન – શ્રી ગુણભદ્રાચાર્ય, અનુ. સોમચંદ અમથાલાલ શાહ, શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ, વડવા. આવૃત્તિ ૧, વિ. સં. ૨૦૦૯.

૩. અધ્યાત્મસાર – શ્રી યશોવિજયજી, શેઠ નરોત્તમદાસ ભાણજી. (પ્રકા.) વિ. સં. ૧૯૭૨.

૪. ઉત્તરાધ્યયનસૂત્ર – સંપા. રતનલાલ દોશી. પ્રકા. શ્રી અ. ભા. સાધુમાર્ગી જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, સૈલાના. આવૃત્તિ ૨, સં. ૨૦૧૪.

૫. ઉત્તરાધ્યયન સૂત્ર (ગુજરાતી અનુવાદ) – અનુ. મુનિ સૌભાગ્યચંદજી સંતબાલજી. પ્રકા. મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, સાબરમતી. આવૃત્તિ ૧, વિ. સં. ૧૯૯૧.

૬. ઉપાસકદશાંગ સૂત્ર – નિયોજક, કનૈયાલાલ મહારાજ, પ્રકા. શ્રી અ. ભા. શ્વે. સ્થા. જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ. આવૃત્તિ ૨, વિ. સં. ૨૦૧૨.

૭. કર્મગ્રંથ ( સાર્થ ) – શ્રીમદ્ દેવેન્દ્રસૂરિ, પ્રકા. શ્રી જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા. આવૃત્તિ ૨, સં. ૧૯૮૭.

૮. ઠાણાંગ સૂત્ર.

૯. ત્રિષષ્ટિ શલાકાપુરુષચરિત્ર (પર્વ ૧ થી ૧૦) – શ્રી હેમચંદ્રાચાર્ય, પ્રકા. જૈન ધર્મ પ્રસારક સભા – ભાવનગર. આવૃત્તિ ૬, વિ. સં. ૨૦૦૮.

૧૦ દશવૈકાલિક સૂત્ર – સંપા. ઘેવરચંદજી બાંઠિયા, પ્રકા. શ્રી અ. ભા. સાધુમાર્ગી જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, સૈલાના. આવૃત્તિ ૧, વિ. સં. ૨૦૧૪.

૧૧. દશવૈકાલિક સૂત્ર (ગુજરાતી અનુવાદ) – અનુ. મુનિ સૌભાગ્યચંદજી સંતબાલજી, પ્રકા. મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, સાબરમતી. આવૃત્તિ ૧, વિ. સં. ૧૯૯૧.

૧૨. દ્રવ્યસંગ્રહ (નેમિચંદ્રાચાર્યવિરચિત) – વિવેચક શ્રી સરતચંદ ઘોશાલ, પ્રકા. ધી સેંટ્રલ જૈન પબ્લિશિંગ હાઉસ, આરા. આવૃત્તિ ૧, ઈ. સ. ૧૯૧૭

૧૩. પંચાસ્તિકાયસંગ્રહ (કુંદકુંદાચાર્યવિરચિત) – અનુ. હિંમતલાલ જેઠાલાલ શાહ, પ્રકા. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ. આ. ૧, સં. ૨૦૧૪.

૧૪. પ્રભાવકચરિત્ર – પ્રભાચંદ્રસૂરિ, પ્રકા. શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર. આ. ૧, વિ. સં. ૧૯૮૭.

૧૫. ભરતેશવૈભવ – રત્નાકર વર્ણી, અનુ. અમૃતલાલ માણેકલાલ ઝાટકિયા, પ્રકા. ચૂનીલાલ માણેકચંદ રવાણી, આંકડિયા. આ. ૧, વિ. સં. ૨૦૦૫.

૧૬. *રત્નકરંડશ્રાવકાચાર, સમંતભદ્રાચાર્યવિરચિત – ટીકાકાર. પં. સુખદાસજી કાશલીવાલ,* પ્રકા. અખિલ ભારતવર્ષીય કેન્દ્રીય શ્રી દિગંબર જૈન મહાસમિતિ, દિલ્હી. આ ૨, વિ. સં. ૨૦૦૭.

૧૭. લોકતત્ત્વનિર્ણય – શ્રી હરિભદ્રાચાર્ય.
૧૮. વસુદેવહિંડી (સંઘદાસવાચક ગણિ કૃત) – અનુ. ભોગીલાલ સાંડેસરા, પ્રકા. જૈન આત્માનંદ સભા, ભાવનગર. આ. ૧, વિ. સં. ૨૦૦૩.
૧૯. સ્વરોદયજ્ઞાન (શ્રી ચિદાનંદજી કૃત) – પ્રકા. શા. કુંવરજી આણંદજી, ભાવનગર. આ. ૧, વિ. સં. ૧૯૯૩.
૨૦. સમ્મતિતર્ક પ્રકરણ – આચાર્ય સિદ્ધસેન દિવાકર.
૨૧. સ્યાદ્વાદમંજરી – મલ્લિષેણસૂરિ પ્રણીત, સંપા. જગદીશચંદ્ર શાસ્ત્રી, પ્રકા. શ્રેષ્ઠી મણિલાલ રેવાશંકર જગજીવન ઝવેરી. વિ. સં. ૧૯૯૧.


## શ્રીમદ્ રાજચંદ્રને લગતાં પુસ્તકો


૨૨. અધ્યાત્મયોગી શ્રી કાનજીસ્વામીનાં શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પરનાં પ્રવચનો, પ્રકા. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ. આ. ૧, વિ. સં. ૧૯૯૯.
૨૩. આત્મસિદ્ધિ વિવેચન – પ્રકા. મનહરલાલ ગોરધનદાસ કડીવાલા, સુરત. આ. ૧, વિ. સં. ૧૯૯૯.
૨૪. "અપૂર્વ અવસર એવો ક્યારે આવેશ ?" કાવ્ય પર પ્રવચનો – શ્રી કાનજી સ્વામી, પ્રકા. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ. આ. ૨, વિ. સં. ૨૦૧૩.
૨૫. ઉપદેશામૃત – શ્રી લઘુરાજ સ્વામી, પ્રકા. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ. આ. ૧, વિ. સં. ૨૦૧૦.
૨૬. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ – મોહનલાલ દલીચંદ દેસાઈ, પ્રકા. જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ઑફિસ, મુંબઈ. આ. ૧, વિ. સં. ૧૯૮૯.
૨૭. દિવ્યદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્ર – સંગ્રા. જિજ્ઞાસુ મુનિ, પ્રકા. શ્રી જીગજીવનદાસ શિવલાલ દેસાઈ, સાયલા. આ. ૧, વિ સં. ૨૦૧૦.
૨૮. નિત્યનિયમાદિ પાઠ સાર્થ – બ્ર. ગોવર્ધનદાસજી, પ્રકા. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ. આ. ૨, વિ. સં. ૨૦૦૭.
૨૯. પરમપદ પ્રાપ્તિની ભાવના – શ્રી નગીનદાસ ગિ. શેઠ, પ્રકા. જૈન સિદ્ધાંત સભા, મુંબઈ. આ. ૧, વિ. સં. ૨૦૧૭.
૩૦. પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા – ડૉ. ભગવાનદાસ મ. મહેતા, પ્રકા. કંચનબહેન ભગવાનદાસ મહેતા, મુંબઈ. આ. ૧, વિ. સં. ૨૦૦૮.
૩૧. પ્રજ્ઞાવબોધ (મોક્ષમાળા) પુ. ૪ – બ્ર. ગોવર્ધનદાસજી, શ્રીમદ્ રાજચંદ્ર મુમુક્ષુ મંડળ, અગાસ. આ. ૧, વિ. સં. ૨૦૧૨.
૩૨. બોધામૃત (ભાગ ૧, ૨) – બ્ર. ગોવર્ધનદાસજી, શ્રીમદ્ રાજચંદ્ર મુમુક્ષુ મંડળ, અગાસ. આ. ૧, વિ. સં. ૨૦૧૬.
૩૩. સિદ્ધિનાં સોપાન, શ્રીમદ્‌ના અપૂર્વ અવસર પરનું વિવેચન – સંતબાલજી, પ્રકા. શ્રી મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, અમદાવાદ. આ. ૧, વિ. સં. ૨૦૦૭.

૩૪. સુબોધસંગ્રહ – શ્રીમદ્ રાજચંદ્ર રવજીભાઈ મહેતા, પ્રકા. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ. આ. ૧, વિ. સં. ૨૦૦૮.
૩૫. શ્રી ગુણસ્થાન ક્રમારોહણ અથવા શ્રી રાજચંદ્ર પ્રણીત "અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?" એ પદ પર વિવેચન – મુનિ જયવિજયજી, પ્રકા. શા. વાલજીભાઈ જેઠા, આ. ૧, વિ. સં. ૧૯૭૮.
૩૬. શ્રીમદ્‌ની જીવનયાત્રા – સંગ્રા. ગોપાળદાસ જીવાભાઈ પટેલ, પ્રકા. જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ, અમદાવાદ. આ. ૧, વિ. સં. ૧૯૯૧.
૩૭. શ્રીમદ્‌નો સંદેશો – શાહ શિવજી દેવસિંહ, પ્રકા. શિવસદન ગ્રંથમાળા કાર્યાલય, મઢડા. આ. ૧, વિ. સં. ૧૯૯૪.
૩૮. શ્રીમદ્ રાજચંદ્ર – શ્રીમદ્ રાજચંદ્ર, પ્રકા. પરમશ્રુત પ્રભાવક મંડળ, મુંબઈ. આ. ૧ (દેવનાગરીલિપિ), વિ. સં. ૧૯૬૧.
૩૯. શ્રીમદ્ રાજચંદ્ર (ગુજરાતી લિપિ) – શ્રીમદ્ રાજચંદ્ર, પરમશ્રુત પ્રભાવક મંડળ, મુંબઈ. આ. ૨, વિ. સં. ૧૯૭૦.
૪૦. શ્રીમદ્ રાજચંદ્ર (ગુજરાતી લિપિ) – શ્રીમદ્ રાજચંદ્ર, પ્રકા. પરમશ્રુત પ્રભાવક મંડળ, મુંબઈ. આ. ૩, વિ. સં. ૧૯૮૦.
૪૧. શ્રીમદ્ રાજચંદ્ર (દેવનાગરી લિપિ) – શ્રીમદ્ રાજચંદ્ર, સંશો. મનસુખભાઈ કીરતચંદ મહેતા, પ્રકા. પરમશ્રુત પ્રભાવક મંડળ, મુંબઈ. આ. ૨, કુલ આ. ૪, વિ. સં. ૧૯૮૨.
૪૨. શ્રીમદ્ રાજચંદ્ર (ગુજરાતી લિપિ) – શ્રીમદ્ રાજચંદ્ર, સંશો. હેમચંદ ટોકરશી મહેતા, પ્રકા. હેમચંદ ટો. મહેતા. મુંબઈ. આ. ૫, વિ. સં. ૧૯૯૧–૨.
૪૩. શ્રીમદ્ રાજચંદ્ર (ગુજરાતી લિપિ) – શ્રીમદ્ રાજચંદ્ર, સંશો. હેમચંદ ટો. મહેતા, પ્રકા. પરમશ્રુત પ્રભાવક મંડળ, મુંબઈ. આ. ૬, વિ. સં. ૧૯૯૭.
૪૪. શ્રીમદ્ રાજચંદ્ર (ગુજરાતી લિપિ) – સંપા. ગોવર્ધનદાસજી, પ્રકા. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ. આ. ૧, વિ. સં. ૨૦૦૭.
૪૫. શ્રીમદ્ રાજચંદ્ર (ગુજરાતી લિપિ) – સંપા. રાવજીભાઈ છ. દેસાઈ, પ્રકા. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ. આ. ૨, વિ. સં. ૨૦૨૦.
૪૬. શ્રીમદ્ રાજચંદ્ર અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ – પ્રકા. શ્રીમદ્ રાજચંદ્ર મુમુક્ષુ મંડળ, અગાસ. આ. ૧, વિ. સં. ૨૦૦૮.
૪૭. શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી – સંપા. મુકુલભાઈ કલાર્થી, પ્રકા. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. આ. ૧, ઈ. સ. ૧૯૬૪.
૪૮. શ્રીમદ્ રાજચંદ્ર કાવ્ય – અમૃત ઝરણું સંપા. તથા વિવેચક રાવજીભાઈ છ. દેસાઈ, પ્રકા. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન પ્રચારક સમિતિ, મુંબઈ. આ. ૧, વિ. સં. ૨૦૧૬.
૪૯. શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા – બ્ર. ગોવર્ધનદાસજી, પ્રકા. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ. આ. ૪, વિ. સં. ૨૦૧૨.
૫૦. શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા – બ્ર. ગોવર્ધનદાસજી, પ્રકા. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ. આ. ૫, વિ. સં. ૨૦૧૬.

૫૧. શ્રીમદ્ રાજચંદ્ર જીવનજ્યોતિ – લેખક અને સંગ્રા. મુનિશ્રી પુણ્યવિજયજી (જિજ્ઞાસુ), પ્રકા. જીવનમણિ સદ્દ્વાચનમાળા ટ્રસ્ટ, અમદાવાદ. આ. ૩, વિ. સં. ૨૦૧૯.
૫૨. શ્રીમદ્ રાજચંદ્ર જીવનપ્રભા – મુનિ પુણ્યવિજયજી (જિજ્ઞાસુ), પ્રકા. રતિલાલ નાગરદાસ શાહ, મુંબઈ. આ. ૧, વિ. સં. ૨૦૧૭.
૫૩. શ્રીમદ્ રાજચંદ્ર જીવનરેખા – મનસુખભાઈ કીરતચંદ મહેતા, સંપા. તથા પ્રકા. ડૉ. ભગવાનદાસ મ. મહેતા, મુંબઈ. આ. ૧, વિ. સં. ૨૦૦૫.
૫૪. શ્રીમદ્ રાજચંદ્ર ટૂંકી જીવનઝરમર – મુકુલભાઈ કલાર્થી, પ્રકા. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન પ્રચારક ટ્રસ્ટ, અમદાવાદ. આ. ૧, વિ. સં. ૨૦૧૧.
૫૫. શ્રીમદ્ રાજચંદ્રનું જન્મચરિત્ર – પ્રકા. શ્રીમદ્ રાજચંદ્ર વિહાર ભવન, ઈડર. આ. ૧, વિ. સં. ૨૦૧૬.
૫૬. શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિશાસ્ત્ર – સંપા. મુકુલભાઈ કલાર્થી, પ્રકા. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. આ. ૧, ઈ. સ. ૧૯૫૪.
૫૭. શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિશાસ્ત્ર – સંપા. અને પ્રકા. મનસુખભાઈ રવજીભાઈ મહેતા, મુંબઈ. આ. ૧, વિ. સં. ૧૯૬૪.
૫૮. શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિશાસ્ત્ર – વિ. ભોગીલાલ ગિ. શેઠ, પ્રકા. શ્રી જૈન સિદ્ધાંત સભા, મુંબઈ. આ. ૧, ઈ. સ. ૧૯૬૧.
૫૯. શ્રીમદ્ રાજચંદ્ર વિચાર નિરીક્ષણ – મુનિશ્રી હર્ષચંદ્રજી, પ્રકા. સ્થાનકવાસી જૈન કાર્યાલય, અમદાવાદ. આ. ૨, વિ. સં. ૧૯૯૨.
૬૦. શ્રી રાજચંદ્રનાં વિચારરત્નો – સંગ્રા. ગોપાળદાસ જીવાભાઈ પટેલ, પ્રકા. જૈન સાહિત્ય પ્રકાશન મંડળ, અમદાવાદ. આ. ૧, વિ. સં. ૧૯૯૨.
૬૧. શ્રી રાજચંદ્ર : જીવનયાત્રા તથા વિચારરત્નો – સંગ્રા. ગોપાળદાસ જીવાભાઈ પટેલ, પ્રકા. જૈન સાહિત્ય પ્રકાશન મંડળ, અમદાવાદ. આ. ૨, ઈ. સ. ૧૯૪૬.
૬૨. શ્રી રાજજયંતી વ્યાખ્યાનો – નવજીવન કાર્યાલય, અમદાવાદ. આ. ૧, ઈ. સ. ૧૯૧૩.
૬૩. સત્યના પ્રયોગો : આત્મકથા, મોહનદાસ કરમચંદ ગાંધી, નવજીવન કાર્યાલય, અમદાવાદ. આ. ૪.


## વર્તમાનપત્રો તથા સામયિકો


| | | | |
|---|---|---|---|
| ૬૪. ધર્મ-દર્પણ, | જેઠ, વિ. સં. ૧૯૪૧. | ૭૦. ટાઈમ્સ ઑફ ઇન્ડિયા | ૨૪–૦૧–૧૮૮૭. |
| ૬૫. ઇન્ડિયન સ્પેક્ટેટર | ૨૮–૧૧–૧૮૮૬. | ૭૧. મુંબઈસમાચાર | ૨૦–૦૧–૧૯૦૧. |
| ૬૬. મુંબઈ સમાચાર | ૩–૧૨–૧૮૮૬. | ૭૨. પાયોનિયર | ૨૨–૦૫–૧૯૦૧. |
| ૬૭. ,, ,, | ૪–૧૨–૧૮૮૬. | ૭૩. નવજીવન | ૨૪–૧૧–૧૯૨૧. |
| ૬૮. ગુજરાતી | ૨૩–૦૧–૧૮૮૭. | ૭૪. ,, | ૯–૧૧–૧૯૨૫. |
| ૬૯. જામે જમશેદ | ૨૪–૦૧–૧૮૮૭. | ૭૫. ,, | ૨૯–૧૧–૧૯૩૧. |

## "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાંથી સંકલન કરેલું સાહિત્ય

૭૬. અપૂર્વ સાધના – શ્રી સનાતન જૈન મંડળ, બેંગ્લોર સિટી. આ. ૧, વિ. સં. ૨૦૦૯.
૭૭. મહાત્મા ગાંધીજી અને શ્રીમદ્ રાજચંદ્ર – ઊંઝા ફાર્મસી લિ., ઊંઝા.
૭૮. મોક્ષમાળા – શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ, વડવા. આ. ૬, વિ. સં. ૧૯૯૩.
૭૯. રાજબોધ – લખમશી હીરજી મૈશેરી, મુંબઈ. આ. ૧, વિ. સં. ૧૯૯૫.
૮૦. રાજપ્રશ્ન – જીવનમણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ, અમદાવાદ. આ. ૨, વિ. સં. ૨૦૧૭.
૮૧. લઘુ સ્વાધ્યાય સંગ્રહ – શ્રી સનાતન જૈન મંડળ, બેંગ્લોર. આ. ૧, વિ. સં. ૧૯૯૮.
૮૨. સ્વાધ્યાય સંચય – શ્રીમદ્ રાજચંદ્ર સ્વાધ્યાય મંદિર, દેવલાલી. આ. ૧, વિ. સં. ૨૦૨૧.
૮૩. શ્રી આત્મજ્યોતિ – ઊંઝા ફાર્મસી લિ. ઊંઝા. આ. ૧, વિ. સં. ૧૯૯૩.
૮૪. શ્રીમદ્ ગુરુ રાજચંદ્ર વિહારભવન – શ્રી ગુરુ રાજચંદ્ર વિહારભવન ટ્રસ્ટ, ઈડર. આ. ૧, વિ. સં. ૨૦૨૦.
૮૫. શ્રીમદ્ રાજચંદ્ર આત્મકથા – હેમચંદ ટોકરશી મહેતા, મુંબઈ. આ. ૧, વિ. સં. ૧૯૯૩.
૮૬. શ્રીમદ્ રાજચંદ્ર આત્મકથા – શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનપ્રચારક ટ્રસ્ટ, અમદાવાદ. આ. ૨, વિ. સં. ૨૦૨૦.
૮૭. શ્રીમદ્ રાજચંદ્ર આત્મચર્યા – શ્રી જીવનમણિ સદ્‌વાંચનમાળા ટ્રસ્ટ, અમદાવાદ. આ. ૧, વિ. સં. ૨૦૨૦.
૮૮. શ્રીમદ્ રાજચંદ્ર ઈડરના પહાડ ઉપર શ્રી રાજચંદ્ર વિહાર ભવન ટ્રસ્ટ, ઈડર. આ. ૧, વિ. સં. ૨૦૧૯.
૮૯. શ્રીમદ્ રાજચંદ્ર તત્ત્વદીપિકા – કમળાબહેન મણિલાલ શાહ, મુંબઈ. આ. ૧, વિ. સં. ૨૦૧૬.
૯૦. શ્રીમદ્ રાજચંદ્ર દર્શિત કલ્યાણનો માર્ગ – હેમચંદ ટોકરશી મહેતા, મુંબઈ. આ. ૧, વિ. સં. ૧૯૯૭.
૯૧. શ્રીમદ્ રાજચંદ્રનાં બોધવચનો – શ્રી રાજચંદ્ર વિહાર ભવન ટ્રસ્ટ, ઈડર. આ. ૧, વિ. સં. ૨૦૧૯.
૯૨. શ્રીમદ્ રાજચંદ્રની દૃષ્ટાંતકથાઓ – મુકુલભાઈ કલાર્થી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. આ. ૧, ઈ. સ. ૧૯૫૯.
૯૩. શ્રીમદ્ રાજચંદ્રનું રાજપદ્ય – (સંપા. મનસુખભાઈ ૨. મહેતા), શાહ પુંજાભાઈ હીરાચંદ, અમદાવાદ. આ. ૧, વિ. સં. ૧૯૭૨.
૯૪. શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત પુષ્પમાળા – શ્રીમદ્ જ્ઞાન પ્રચારક ટ્રસ્ટ, અમદાવાદ. વિ. સં. ૨૦૧૯.
૯૫. શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત ભાવનાબોધ – મોક્ષમાળા – શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ. આ. ૬.
૯૬. શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત મોક્ષમાળા – શ્રી રાજનગર સુબોધ પુસ્તકાલય, આ. ૫, વિ. સં. ૧૯૮૬.
૯૭. શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત ભાવનાબોધ, મોક્ષમાળા અને આત્મસિદ્ધિશાસ્ત્ર, ગાંધીજીની પ્રસ્તાવના સાથે – પ્રકા. ઊંઝા ફાર્મસી લિ. આ. ૧, વિ. સં. ૨૦૦૫.

૯૮. શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત હસ્તલિખિત આત્મસિદ્ધિશાસ્ત્ર – શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનપ્રચારક ટ્રસ્ટ, અમદાવાદ. આ. ૧, વિ. સં. ૨૦૧૩.

૯૯. શ્રીમદ્ રાજચંદ્રમાંથી સંકલિત તત્ત્વજ્ઞાન – સંપા. મુનિશ્રી ભદ્રમુનિ, પ્રકા. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન પ્રચારક ટ્રસ્ટ, અમદાવાદ. આ. ૧, વિ. સં. ૨૦૧૯.

૧૦૦. શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત, પત્રશતક – શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ. પુનર્મુદ્રણ, વિ. સં. ૨૦૨૦.

૧૦૧. શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત સારસંગ્રહ – રામકૃષ્ણ સેવાસમિતિ, અમદાવાદ. આ. ૧, વિ. સં. ૨૦૦૫.

૧૦૨. શ્રી સદ્ગુરુ પ્રસાદ – શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ. વિ. સં. ૧૯૮૭.

૧૦૩. જ્ઞાનામૃત – ધનસુખલાલ અમૃતલાલ પારેખ, મુંબઈ. આ. ૧, વિ. સં. ૨૦૧૧.


## અન્ય ભાષાઓમાં અનુવાદો


૧૦૪. આત્મસિદ્ધિ, મરાઠી, અજ્ઞાત કવિ, પ્રકા. જૈન વાઙ્મય કુસુમમાલા, ઉસ્માનાબાદ. આ. ૧, ઈ. સ. ૧૯૨૭.

૧૦૫. આત્મસિદ્ધિ, પં. બેચરદાસ દોશી, સં. ૧૯૭૬, સંસ્કૃત Self Realisaiton સાથે પ્રગટ.

૧૦૬. શ્રીમદ્ રાજચંદ્ર, હિંદી, અનુ. જગદીશચંદ્ર શાસ્ત્રી, પરમશ્રુત પ્રભાવક મંડળ. આ. ૧, સં. ૧૯૯૪.

૧૦૭. Self Realisation : Atma Siddhi of Shreemad Rajchandra, by J. L Jaini, Pub. Shreemad Rajchandra Gyan Pracharak Trust, 2nd Ed. 1960 A. D.

૧૦૮. શ્રીમદ રાજચંદ્ર પ્રણીત પુષ્પમાળા, મોક્ષમાળા ઔર ભાવનાબોધ – પ્રકા. રાવજીભાઈ છ. દેસાઈ, અગાસ. આ. ૧, વિ. સં. ૨૦૧૪.


# સૂચિ

## ૧. વિશેષ નામો


અખો–૪૯, ૫૦, ૯૬, ૨૭૪, ૫૧૫
અચળ–૨૫૧
અજીતનાથ (તીર્થંકર)–૫૦૩, ૫૦૪, ૫૧૭
અનાથી મુનિ–૧૧૩, ૧૮૦, ૧૮૬, ૧૯૬, ૧૯૭, ૨૨૫
અનુપચંદ મલુકચંદ–૩૧, ૩૨
અબ્દુલ્લા શેઠ–૫૮૫, ૫૮૬, ૫૮૯
અભયકુમાર–૧૭૧, ૧૮૨
અભયારાણી–૧૮૨
અભિમન્યુ–૨૧૭
અમરચંદ પી. પરમાર–૬૩૮, ૬૪૧
અમીચંદભાઈ–૧૨, ૬૩૬
અમીન–૬૦૭
અમૃતચંદ્રાચાર્યજી–૪૭૩
અમૃતલાલ–૬૯
અર્જુન–૨૧૭
અર્હંત ભગવાન–૧૬૬, ૪૪૨, ૫૦૩
અંબાલાલભાઈ–૧૪, ૧૫, ૩૮, ૫૮, ૬૩, ૬૪, ૭૯, ૮૧, ૮૩, ૯૧, ૧૦૦, ૧૦૧, ૨૫૧ થી ૨૫૬ ૪૧૭, ૪૧૮, ૪૯૯, ૫૧૫ ૫૨૦, ૫૨૧, ૫૨૪, ૫૩૧, ૫૫ ૫૬૭, ૫૭૦, ૫૭૪, ૫૮૦, ૫૮ ૫૯૨, ૫૯૫ થી ૬૧૬, ૬૨૬ ૬૩૯, ૬૪૭
આત્મારામજી–૫૧૭
આનંદઘનજી–૪૦, ૩૦૮, ૩૧૯ ૪૧૭, ૪૭૩, ૪૭૪, ૪૮૮, ૫૦ ૫૦૩, ૫૦૪, ૫૧૬, ૫૧૭, ૫૫

આનંદશંકર આચાર્ય–૫૧૩, ૬૩૯
૬૪૦, ૬૪૧
અજ્ઞાત–૨૫૯
આરબથનટ લેયમ–૬૯
ઓધવજી–૨૦૦
ઓરંગઝેબ–૨૦૮
ઇન્દ્ર–૪૨૬
ઈશ્વર–૨૮૮
ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર–૪
ઈસુ ૫૮૬
ઉજમશીભાઈ–૫૭૫
ઉદયલાલ કશલીવાલ-૨૫૬, ૨૫૭,
રા. ઉદયન રાજા–૧૮૪
ઉમેદચંદ ખરોડિયા–૩૯૭
કચ્છ દરબાર–૧૦
કપિલમુનિ–૧૮૩, ૧૮૬, ૧૮૭,
૧૮૯, ૧૯૬, ૨૭૪
કબીર–૪૮, ૪૯, ૫૦, ૯૬, ૪૦૧,
૪૩૫, ૪૫૨, ૫૧૫, ૫૧૮, ૫૯૯
કુશલા (કસલી)બાઈ–૬૦૧
કાકા કાલેલકર-૬૩૬, ૬૪૦, ૬૪૨
કાનજી સ્વામી–૨૫૬, ૨૬૫, ૨૬૮,
૨૭૪, ૨૭૭, ૨૮૨, ૨૮૫, ૨૯૭,
૩૧૫, ૩૧૬, ૩૨૩, ૩૩૦, ૩૩૫,
૩૪૨, ૩૪૫, ૩૪૮, ૩૫૩, ૩૫૬,
૩૫૯, ૩૬૩, ૩૬૮, ૩૭૫
કામદેવ શ્રાવક–૧૮૧, ૧૯૬
કાશીબહેન–૫૮
કીરતચંદ–૧૦૦
કુંડરિક–૧૪૮, ૧૪૯
કુંદકુંદાચાર્ય–૪૦, ૧૧૨, ૧૨૮,
૪૭૩, ૪૯૫, ૪૯૬, ૫૩૬
કુમારપાળ–૫
કુંવરજી–૫૭૫
કૃષ્ણ–૯, ૯૨, ૯૪, ૯૬, ૧૧૬,
૧૮૨, ૨૦૯, ૨૧૫
કૃષ્ણદાસ–૧૩
કૃષ્ણદાસ ગોપાલજી–૬૦૧
કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી–૯૯,
૧૦૭, ૬૩૫, ૬૪૦, ૬૪૧
કેશી સ્વામી–૫૨૪
કૌરવો–૨૩, ૨૨૧
ખોદાવક્ષ શીરમહમદ–૨૬
ખીમજી દેવજી–૮૬, ૨૭૫, ૪૧૯,
૫૭૪
ખેતશી–૧૮૧
ગજસુકુમાર–૧૮૨, ૧૮૩, ૨૪૨,
૩૦૪
ગટુલાલજી–૧૭, ૨૭
ગરાશિયાબાપુ–૪૩, ૧૦૮
ગાંધીજી મ.–૫, ૩૮ થી ૪૨, ૪૬,
૫૯, ૭૧ થી ૭૬, ૭૯, ૮૩,
૮૬, ૧૦૦ ૧૦૧, ૧૫૪, ૧૭૬,
૨૪૦, ૨૫૮, ૩૧૭, ૩૭૫, ૪૧૮,
૪૯૯, ૫૧૩, ૫૭૪, ૫૮૨ થી
૫૯૨ ૬૪૦, ૬૪૧
ગિરધરભાઈ–૧૧૫
ગોપાલકૃષ્ણ ગોખલે–૫
ગોપાલદાસ બારૈયા–૧૧૬
ગોપીઓ–૯૬
બ્ર. ગોવર્ધનદાસજી–૧૨૭, ૧૫૫,
૧૯૮, ૨૧૧, ૨૧૮, ૨૪૦, ૨૪૯,
૨૫૬, ૨૫૭, ૨૫૮, ૨૬૩, ૨૯૧,
૩૮૪, ૬૧૪, ૬૪૨, ૬૪૬, ૬૪૮
ગોવિંદજી મૂળજી–૬૩૮, ૬૪૦
ગોશાલક–૩૪૯
ગૌતમસ્વામી–૧૭૩, ૧૮૨, ૧૮૩,
૧૮૬, ૧૯૬, ૩૦૧, ૩૪૫,
૪૩૪, ૪૭૯, ૫૨૪
ઘેલાભાઈ ઝવેરી–૬૪, ૫૫
ચત્રભુજ બેચર–૩૦, ૩૧, ૨૨૬,
૨૪૦, ૪૧૯
ચતુરભુજ–૨૨૨
ચતુરલાલજી–૧૧૭, ૫૭૪, ૬૧૪
ચંડ–૨૨૫
ચંદ્રસિંહ–૨૩૪
ચંદ્રસૂરિ–૫૧૭
સર ચાર્લ્સ સાર્જન્ટ–૨૯, ૩૦
ચારિત્રવિજયજી–૬૪૨
ચાર્વાક–૨૭૯, ૨૮૧
ચિદાનંદજી–૪૮, ૨૩૬
છગનલાલ (છગનશાસ્ત્રી)–૫૮
છગનલાલ બેચર–૫૭૬
મુનિ છગન–૬૧૦
છોટમ્–૪૯, ૫૦, ૯૬
છોટાલાલ કપૂરચંદ–૫૯૮
છોટાલાલ માણેકચંદ–૧૪, ૪૩,
૬૯, ૭૯, ૧૦૭ ૧૧૦,
૧૧૨, ૫૭૪, ૫૯૨
છોટાલાલ રેવાશંકર અંજારિયા–
૩૨, ૪૩, ૧૦૫, ૧૦૬,
૧૦૭, ૧૧૦, ૫૭૪
જગદીશચંદ્ર શાસ્ત્રી–૧૯૮, ૨૫૬
જનક–૨૧૫
જનાર્દન કાલીલકર–૨૬
જમનાબાઈ–૫૭૫
જમશેદજી તાતા–૪
જવલબહેન–૫૮, ૬૫૨
જયવિજયજી–૩૧૫, ૩૧૭, ૩૨૨,
૩૩૦
જિનદાસ ૧૪૯
જીજીબાઈ–૫
જિનેન્દ્ર–૪૨૬
જીવાભાઈ અમીચંદ–૬૪૦
જે. એલ. જૈની–૨૫૭, ૨૫૮
જેઠમલજી–૧૧૨
જેસંગભાઈ–૧૨૧, ૫૭૪, ૫૭૫, ૬૪૬
જૂઠાભાઈ (સત્ય પરાયણ)–૩૮,
૪૩, ૬૪, ૧૦૦, ૧૦૧, ૧૦૮,
૧૫૫, ૪૧૭, ૪૧૮, ૪૩૭, ૪૯૯,
૫૨૭, ૫૪૬, ૫૬૯, ૫૭૪ થી
૫૭૮, ૫૯૨, ૬૩૭, ૬૪૬
ઝબકબાઈ–૫, ૫૨, ૧૦૮
ઝવેરચંદ ભગવાનદાસ–૬૧૨

ઝવેરભાઈ–૭૮, ૧૧૫, ૫૭૪
દી. બા કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી ૯૯, ૧૯૭, ૬૪૭
મિ. ટર્નર–૨૯
ટોકરશી મહેતા–૪૪, ૧૧૦, ૧૧૧, ૧૧૯
ટોલ્સટોય–૫૮૯
ઠાકરશી લહેરચંદ–૪૩, ૧૧૪,
ડુંગરશીભાઈ (ગોસલિયા)–૧૦૭, ૧૧૪, ૨૧૮, ૨૫૨, ૨૫૩, ૫૭૪, ૬૦૬, ૬૨૪ થી ૬૨૬
જસ્ટિસ તેલંગ–૧૦૬
તાજમહાલ–૩૧૬
ત્ર્યંબકભાઈ–૧૧૧
ત્રિભુવનદાસ ભાણજી–૬૪, ૧૧૧ ૧૧૨, ૪૧૭
ત્રિભોવન માણેકચંદ (ત્રિભુવનભાઈ)–૩૮, ૧૧૧, ૧૧૨ ૪૧૭, ૪૧૯, ૫૧૫, ૫૧૮, ૫૭૪, ૫૯૨
દમયંતી–૨૦૭
દયાનંદ સરસ્વતી–૫
દયારામ–૪૯, ૫૦, ૯૬, ૨૭૪, ૬૩૪
દલપતભાઈ ભગુભાઈ–૩૩
દલપતરામ–૨૮, ૬૦, ૨૦૯, ૨૧૪ ૨૧૮, ૫૧૨
દલાલ–૨૬
દલીચંદભાઈ–૪૩, ૧૦૮, ૧૫૩
દાદાભાઈ–૪
પ્રો. દીનુભાઈ પટેલ–૨૫૬, ૩૧૧
દેવકરણજી–૧૧૬ થી ૧૧૮, ૨૫૨ ૫૪૧, ૫૬૭, ૫૭૧, ૫૭૪, ૬૦૨, ૬૦૪, ૬૦૯ થી ૬૧૩, ૬૩૧
દેવચંદભાઈ–૧૧૦, ૧૧૧
દેવબાઈ–૫, ૬, ૭, ૧૧૩
દેવસી–૧૮૧
દઢ પ્રહારી–૧૫૦
દ્રુપદ–૨૧૫
દ્રોણ–૨૧૫, ૨૧૬
દ્રૌપદી–૨૦૭
ધનસંચય–૧૩૩
ધર્મઘોષસૂરિ–૧૮૩
ધીરો–૪૯
ધારશીભાઈ–૪૨, ૮૦, ૯૧, ૧૦૩ થી ૧૦૬, ૪૯૮, ૪૯૯, ૫૭૪, ૫૮૧
નગીનદાસ શેઠ–૬૬, ૩૧૫, ૩૨૮, ૩૩૦, ૩૩૫, ૩૪૭, ૩૬૫, ૩૭૦, ૩૭૧
નગીનચંદ ઝવેરચંદ–૬૫, ૬૬, ૬૮, ૬૦૪
નર્મદાશંકર મહેતા (નર્મદ)– ૪, ૬૦, ૨૦૯, ૫૧૨, ૬૩૭
નરભેરામ–૯૦
નરસિંહ મહેતા–૪૯, ૫૦, ૯૬, ૧૫૯, ૧૮૮, ૪૧૦, ૪૫૨, ૪૫૩, ૫૧૫, ૫૧૮, ૬૧૦
નવલચંદભાઈ–૯૧
નમિરાજ–૧૨૬ થી ૧૨૮, ૧૩૬ થી ૧૪૦, ૨૨૯
નવલરામ–૫૯, ૨૧૧
નળ–૨૩, ૨૨૧
નિરાંત કોળી–૫૦, ૯૬
નિષ્કુલાનંદ–૫૦, ૬૩૪
નીલાબહેન શશીકાંત–૬૫૦, ૬૫૪
નાથીબાઈ– ૬૦૧
નાનચંદભાઈ–૧૧૩
નેમિચંદ્ર મુનિ–૫૦૦
નંદશંકર–૫૧૨
નાગેન્દ્ર–૪૨૬
પતંજલ–૨૧૫, ૨૧૬
પદમશીભાઈ ઠાકરશી–૧૨, ૪૪, ૧૧૧ થી ૧૧૬, ૧૨૦, ૫૭૪
પરશુરામ–૨૧૫, ૨૧૬
પંચાણભાઈ–૬
પાનાચંદ ઝવેરચંદ શેઠ–૫૭૪
ડૉ. પિટરસન–૨૮
પુણ્યવિજયજી મુનિશ્રી– ૬૩૭
પુંડરિક–૧૪૮, ૧૪૯
પુંજાભાઈ ભટ્ટ–૭૯, ૧૧૮, ૫૨૦ ૫૮૧, ૬૪૨
પૂજ્યપાદ સ્વામી–૧૧૯, ૪૭૩
પોપટભાઈ મનજી દેસાઈ–૪૮
પોપટલાલ મહોકમચંદ–૬૪૪થી૬૪૮
પોપટભાઈ–૫૨, ૫૮૩
પ્રકાશાનંદજી– ૬૦૪
પ્રભાચંદ્ર સૂરિ–૧૪૯
પ્રયોગવીર–૩૮
પ્રાગજીભાઈ–૧૧૪
ડૉ. પ્રાણજીવનદાસ–૭૯, ૮૯, ૧૧૦, ૧૧૯
પ્રીતમ–૪૯, ૫૦, ૯૬
પ્રેમચંદ મોતીચંદ–૧૧૯
પૃથુરાજ–૨૧૭
પૃથ્વીરાજ–૨૧૯
પાર્શ્વનાથ–૪૪૩
પુંજાભાઈ હીરાચંદ–૬૪૮
ફરામજી સન્સ–૬૭
બનારસીદાસજી–૪૮, ૩૨૫, ૫૦૪, ૫૩૫, ૬૨૯
બળવંતરાય કલ્યાણરાય ઠાકોર–૬૪૦ થી ૬૪૨
બાહુબળ–૧૮૦, ૧૮૬, ૧૯૬
બુદ્ધિધનભાઈ–૬૪૯
બેચરદાસ દોશી–૨૫૮, ૨૫૯
બ્રહ્મદત્ત ચક્રવર્તી–૧૭૬
બ્રહ્મા–૫૮૮
બ્રાહ્મી–૧૮૦
બૌદ્ધ–૨૮૩, ૪૬૭, ૫૮૮
ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ–૧૫૫, ૩૦૩, ૪૭૩, ૬૪૨, ૬૫૫
ભગવાનલાલ મોદી–૬૪૮
ભગીરથ–૨૧૭
ભદ્રબાહુસ્વામી–૩૧, ૧૪૦
ભદ્રમુનિ–૬૪૦
ભર્તૃહરિ–૪૭, ૧૨૯, ૧૩૦
ભરત ચક્રવર્તી–૧૪૦ થી ૧૪૩, ૧૮૦, ૧૮૬

ભાઈલાલ જગજીવન–૬૪૯
ભાણજી રખજી–૬૦૯, ૬૧૦
ડૉ. ભાંડારકર–૫
ભીમ–૨૧૭
ભીમજી વલભજી–૬૮, ૬૯
ભીષ્મ પિતા–૨૧૭
ભોગીલાલ શેઠ–૨૫૬, ૨૭૨, ૨૭૪
ભોજો ભગત–૫૦, ૯૬
મગનભાઈ દેસાઈ–૬૪૦, ૬૪૧
મગનલાલ (ખંભાત)–૫૯૨
મણિલાલ નભુભાઈ–૫૧૬
મણિલાલ સોભાગભાઈ–૫૦૯
મનસુખભાઈ કિરતચંદ–૩૮, ૪૩
૧૦૦, ૧૦૧, ૧૦૬, ૧૦૯, ૧૧૩, ૧૫૨, ૧૫૪, ૧૫૫, ૧૯૭, ૨૨૩, ૪૧૯, ૪૯૮, ૫૧૫થી૫૧૮, ૫૬૨, ૫૭૪, ૫૭૮ થી ૫૮૨, ૬૪૦
મનસુખભાઈ છગનભાઈ–૩૭૯
મનસુખભાઈ રવજીભાઈ–૫, ૩૮, ૫૭, ૫૮, ૫૯, ૬૬, ૬૯, ૭૦, ૯૦, ૧૦૧, ૧૦૮, ૧૦૯, ૧૮૯, ૨૪૭, ૨૪૯, ૨૫૫, ૨૫૬, ૨૬૦, ૨૬૬, ૩૦૮, ૩૦૯, ૩૧૪, ૫૬૨, ૫૭૧, ૬૩૯, ૬૪૦, ૬૪૬
મનઃસુખરામ સૂર્યરામ–૩૮, ૫૪, ૯૬, ૪૧૭, ૪૧૯, ૪૭૭, ૫૪૯
મનહરલાલ કડીવાલા–૨૫૬
મનુ મહારાજ–૨૧૬
મનોહરદાસ ૫૦
મલ્લિચંદ જેચંદ–૭૯, ૮૦
મલ્લિનાથ પ્રભુ–૬૫૦
મલ્હારરાવ–૨૨૧
મલુકચંદભાઈ–૭૯, ૮૦
મહાપ્રજ્ઞ–૪૦૮
મહાદેવ ગોવિંદ રાનડે–૫
મહીપતરામ રૂપરામ–૫૧૮
મહાવીરસ્વામી–૧૫, ૯૪, ૧૩૦, ૧૬૬, ૧૬૭, ૧૭૩, ૧૭૮, ૧૮૩, ૧૮૬, ૨૬૪, ૩૦૧, ૩૨૬, ૩૩૪, ૩૩૬, ૩૪૦, ૩૪૫, ૩૪૮, ૩૪૯, ૪૩૧, ૪૩૪, ૪૬૭, ૪૭૮, ૪૭૯, ૫૦૨, ૫૦૬, ૫૨૪, ૫૪૪, ૫૪૫, ૬૪૦
મહેશ–૫૮૮
માણેકલાલભાઈ ઘેલાભાઈ ઝવેરી–૬૪, ૬૯, ૭૨, ૮૬, ૮૯, ૧૧૦, ૨૫૧, ૨૫૪, ૫૭૪, ૬૨૪, ૬૪૦
માલશીભાઈ–૪૨, ૧૦૪
મીરાં–૪૯, ૯૬, ૧૫૯, ૪૧૦, ૪૫૧, ૫૨૫
મુક્તાનંદ–૪૯, ૫૦, ૬૩૪
મુકુલભાઈ કલાર્થી–૨૫૬, ૨૬૧, ૨૬૩, ૨૭૧, ૨૮૧, ૨૮૫, ૨૮૯, ૨૯૨, ૩૦૩, ૩૦૯, ૩૧૦, ૩૧૨
મેઘજી થોભણ–૧૦૬
મેનાબાઈ–૫
મોતીચંદભાઈ કાપડિયા–૬૧૭
મોતીભાઈ ભગતજી–૬૪૮
મોહનલાલ દલીચંદ–૨૫૮, ૪૨૦, ૪૬૧, ૫૦૮
મોહન લલ્લુભાઈ–૬૦૨
મોહનલાલજી મુનિ–૧૧૭, ૫૬૩, ૫૭૪, ૬૦૬, ૬૧૨, ૬૧૬, ૬૩૧
મોંઘીબાઈ (દેવીબાઈ)–૬
મૃગાપુત્ર–૧૪૫, ૧૪૬, ૧૪૭
યશોવિજયજી–૧૨૦, ૨૬૭, ૨૬૮, ૨૭૦, ૨૭૩, ૨૭૫, ૨૮૦, ૨૮૨, ૨૮૪, ૨૮૯, ૨૯૦, ૨૯૨, ૩૧૦, ૩૧૨, ૫૦૫, ૫૦૬, ૫૩૬, ૫૯૯
યુધિષ્ઠિર–૨૧૫
યોગવાશિષ્ઠ–૫૮૬, ૫૯૯
રણછોડભાઈ–૮૦
રત્નરાજ મુનિ–૬૧૪થી૬૧૬, ૬૪૬
રત્નાકર વર્ણી–૧૪૨
રમણલાલ જે. જોષી–૩૭૩, ૬૪૨
રમાબાઈ રાનડે–૪
રવજીભાઈ–૫૮૮
પ્રો. રવજીભાઈ દેવરાજભાઈ–૧૭, ૩૫, ૧૧૬
રસ્કિન–૫૮૮
રસિકલાલ ત્રંબકલાલ મહેતા–૬૫૦
રસિકલાલ પરીખ–૬૩૯, ૬૪૦
રહનેમિ–૨૪૨
રંગજીભાઈ–૫૭૪
રવજીભાઈ મહેતા–૫, ૧૦૮
રવીચિદેવી–૬
રાઘવજીભાઈ–૬
રાજેમતી–૨૪૧
રાજા રામમોહન રાય–૪
રામ–૯, ૧૦, ૧૨૬, ૨૧૧, ૨૧૫, ૨૧૭, ૪૨૨
રામદાસજી–૯, ૯૨
રામકૃષ્ણ પરમહંસ–૫
રાયશી–૧૮૧
રાવજીભાઈ દેસાઈ–૨૫૬, ૩૮૧, ૩૮૪, ૩૯૬, ૪૦૧
રુકિમણી–૧૪૯
રૂઠી રાણી–૭૮
રુસ્તમજી ( રુસ્તમજી )–૨૫, ૨૬
રેવાશંકર જ. ઝવેરી–૩૩, ૫૨, ૫૭, ૬૪, ૬૫, ૬૭, ૭૦, ૧૦૬, ૧૦૭, ૧૫૨
ઋષભદેવ–૧૪૨, ૧૫૨, ૧૮૦, ૨૨૩, ૨૬૭, ૫૦૨
ઋષિશ્વર ૩૨૬
ડૉ. રોય–૨૬
લખધીરજી બાપુ–૬૫૦
લલ્લુભાઈ ( બારૈયા )–૭૮
લલ્લુજી મહારાજ (લઘુરાજ સ્વામી) ૧૩, ૧૫, ૩૮, ૬૩, ૭૬, ૭૯, ૮૬, ૮૯, ૯૧, ૧૦૦, ૧૦૧, ૧૧૬, ૧૧૭, ૧૭૩, ૨૫૦થી૨૫૩, ૨૭૬, ૩૦૯, ૩૧૨, ૩૧૩, ૩૮૩, ૩૯૮, ૪૦૯, ૪૧૭, ૪૧૮, ૪૬૬, ૪૮૮, ૪૯૯થી૫૦૨, ૫૦૮, ૫૦૯, ૫૪૩, ૫૫૦, ૫૬૨, ૫૬૬, ૫૬૯

થી ૫૭૪, ૫૯૨ થી ૫૯૫ ૬૦૧ થી ૬૨૮, ૬૩૯, ૬૪૬ થી ૬૫૨
લલ્લુભાઈ ગોરધનદાસ–૬૦૪
લહેરચંદભાઈ–૫૭૪
લહેરાભાઈ–૧૦૭, ૫૭૪
લક્ષ્મીચંદજી મુનિશ્રી–૬૧૯, ૬૪૪
લક્ષ્મીનંદન ( જુઓ શ્રી. રા.)–૭
લક્ષ્મણ–૨૧૭
લાલચંદભાઈ–૧૪
પં. લાલન–૧૦૬, ૧૧૯
લોકમાન્ય તિલક–૫
લોર્ડ ડેલહાઉઝી–૫
વ્રજભાઈ ગંગાદાસ પટેલ–૧૦૭
વનમાળી–૧૧૪
વસુરાજા–૧૮૧, ૧૯૬
વશિષ્ટ–૨૧૫, ૨૧૬
વજ્રસ્વામી–૧૪૯
વ્યાસ મુનિ–૯૬, ૨૧૫, ૨૧૬, ૩૧૦
વાઈહાઉસ–૨૬
વાલ્મિકી–૨૧૫, ૨૧૬
વાસુદેવ–૯૬
વાત્સાયન–૩૧૦
વિક્ટોરિયા રાણી–૪
વિનયચંદ પોપટભાઈ–૩૬, ૧૨૬,
વિવેકાનંદ–૫, ૬૪૨
વિષ્ણુ–૫૮૬
વીરચંદ દેસાઈ–૪૩, ૧૦૮
વોલ્ટર સ્કોટ–૨૧૮
વલ્લભદાસ ભાણુજી–૬૪૨
શક્રેન્દ્ર દેવ–૧૩૬, ૧૩૮
શ્યામ–૨૦૦
શંકર–૧૮૯
શંકરભાઈ–૧૦૧, ૫૭૪
શ્રી શંકર પંચોળી–૩૦, ૩૧, ૩૨
શંકરાચાર્ય–૪૭, ૩૧૦
શામળભાઈ–૧૦૭, ૧૦૮
શાસ્ત્રી શંકરલાલ મહેશ્વર–૧૭
શાંતિનાથપ્રભુ–૧૧૨, ૨૨૫, ૬૪૪
શિવકુંવરબાઈ–૫
શેખરસૂરિ–૫૩૪
શ્રમણ ભગવંત–૧૩૦
શ્રેણિક–૧૩૩ થી ૧૩૬, ૧૭૧, ૧૮૨, ૪૦૮, ૪૫૫
સત્ય પરાયણ–૫૭૮
સદ્‌ગુણાબહેન–૬૪૯
સનત્‌કુમાર ચક્રવર્તી–૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૮૬, ૧૯૬, ૩૪૫
સમંતભદ્રાચાર્ય–૪૭, ૪૮, ૧૨૯, ૨૩૦, ૪૭૨, ૫૧૬, ૫૧૯, ૫૩૪
સયાજીરાવ ગાયકવાડ–૪, ૨૨૧
સહજાનંદ–૪૯
સાક્ષાત્‌ સરસ્વતી–૧૨૬
સંઘદાસ વાચક–૧૮૧
સંભવનાથ તીર્થંકર–૫૦૪, ૬૫૦
સંતબાલજી–૩૯, ૩૧૫, ૩૧૬, ૩૨૨, ૩૨૬, ૩૩૦ થી ૩૩૭ ૩૪૮, ૩૫૦, ૩૫૪, ૩૫૮, ૩૬૨, ૩૬૪, ૩૬૫, ૩૬૮, ૪૧૪
સિદ્ધસેન દિવાકર–૨૭૫, ૨૮૫, ૩૯૪, ૪૭૩
સિદ્ધાર્થ રાજા–૧૩૦
સીતા–૨૦૭, ૨૧૯
પંડિત સુખદાસજી–૨૩૦
સુખલાલ છગનલાલ–૫૯૫
પં. સુખલાલજી–૩૦, ૯૯, ૨૪૦, ૨૫૬, ૨૬૦, ૨૬૪, ૨૬૫, ૨૭૧, ૨૮૧, ૨૮૫, ૨૮૯, ૨૯૨, ૩૦૦, ૩૦૩, ૩૦૯, ૩૧૦, ૩૧૧, ૩૭૬, ૪૨૦, ૪૭૨, ૫૩૨
સુદર્શન શેઠ–૧૮૨, ૧૯૬, ૩૪૫
સુંદરદાસ–૪૯, ૬૦૨
સુંદરલાલ ( ખંભાત )–૫૯૨
સુંદરી–૧૮૦
સોમાભાઈ પ્રભુદાસ–૬૪૮
સોમાભાઈ મહાસુખરામ–૮૯
સુભુમ ચક્રવર્તી–૧૭૦, ૧૮૧, ૧૮૬
સોભાગભાઈ લલ્લુભાઈ–૧૧, ૧૪, ૧૫, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૩૯, ૪૨, ૪૩, ૫૧, ૫૬, ૫૭, ૬૩, ૭૧, ૭૬, ૭૯, ૮૧, ૮૩, ૮૪, ૯૬, ૧૦૦, ૧૦૨, ૧૦૫, ૧૦૭, ૧૧૧, ૧૧૪, ૨૫૧ થી ૨૫૪, ૩૫૮, ૩૭૯, ૩૯૧, ૩૯૯, ૪૧૭, ૪૧૮, ૪૨૩, ૫૬૨, ૫૬૩, ૫૬૪ ૫૬૭, ૫૬૯, ૫૭૪, ૫૮૧, ૬૩૩
સોમાભાઈ મહાસુખલાલ–૮૯
સોમાભાઈ પ્રભુદાસ–૬૪૮
સોમિલ–૧૮૨
હનુમાન–૨૧૧
હરખચંદજી મહારાજ–૬૦૨, ૬૦૩
હરિભદ્રાચાર્ય–૯૬, ૧૪૯, ૧૯૫, ૨૭૫, ૩૧૦,
હરિભદ્રસૂરિ–૨૪૯, ૩૦૯, ૪૭૨, ૫૧૬, ૫૮૬
પૂ. હર્ષચંદ્રજી–૧૯૪, ૩૧૭, ૪૯૨, ૫૨૫, ૫૨૭, ૫૨૯, ૫૩૦
હરિશ્ચંદ્ર–૨૧૫
હાહુલીરાવ–૨૧૯
હીરા–૧૦૮
હીરાલાલ ઝવેરી–૬૪૫ થી ૬૪૭
હેમચંદ ટોકરશી–૫૮, ૩૧૪
હેમચંદ્રાચાર્ય–૫, ૪૭, ૧૨૮, ૧૪૨, ૧૪૫, ૧૮૦, ૧૮૩, ૪૭૨, ૫૧૭ ૫૩૬
હેમરાજભાઈ–૪૨, ૧૦૪
ડૉ. હૅાપ્કી–૧૨૦
જ્ઞાનચંદ્ર નાહટાજી–૬૪૭, ૬૫૦
જ્ઞાતપુત્ર–૩૩૬

## ૨. ગ્રંથો

અખાનાં પદો (અખેગીતા)–૨૭૪
અધ્યાત્મ કલ્પદ્રુમ–૪૯
અધ્યાત્મ સાર–૨૬૭, ૨૬૯ થી ૨૭૮, ૨૮૩ થી ૨૮૮, ૩૩૭
અવધાન કાવ્યો–૨૨૦
અનંતજીન સ્તવન–૫૦૪

અષ્ટ પ્રાભૃત–૪૮
અંતકૃત દશાંગ સૂત્ર–૧૭૯
અજિતનાથ જિન સ્તવન–૫૦૪, ૫૧૪
આચારાંગ સૂત્ર–૪૭, ૪૯, ૨૭૬, ૩૦૯, ૩૩૬, ૩૪૦, ૩૪૮, ૩૬૩, ૩૭૨, ૩૭૫, ૩૮૭, ૪૭૬, ૫૩૪, ૫૯૯
આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય–૪૮૮, ૫૦૬
આત્મસિદ્ધિ–૩૮, ૩૯, ૪૦, ૪૨, ૬૧, ૬૨, ૬૩, ૮૨, ૮૩, ૮૭, ૮૮, ૯૫, ૨૪૯ થી ૨૭૫ ૩૦૩ થી ૩૧૨, ૩૭૭, ૩૭૮, ૩૯૩, ૩૯૪, ૩૯૫, ૪૦૧, ૪૦૨, ૪૦૩, ૪૧૨, ૪૪૭, ૫૦૭, ૫૬૭, ૫૯૫, ૫૯૯, ૬૦૬, ૬૩૨
આત્મસિદ્ધિ-સંપા. મુકુલ કલાર્થી–૨૬૧, ૨૬૫, ૨૬૭, ૨૮૧, ૨૮૫, ૨૯૯, ૩૦૩, ૩૦૯, ૩૧૦, ૩૧૨
આત્મસિદ્ધિ વિવેચન–સંપા. મનસુખભાઈ રવજીભાઈ મહેતા–૨૬૯, ૩૦૫, ૩૦૯
આત્મસિદ્ધિશાસ્ત્ર પરનાં પ્રવચનો અધ્યાત્મ યોગી શ્રી કાનજી સ્વામી–૨૬૪, ૨૬૬, ૨૭૬, ૨૮૩, ૨૮૭, ૨૯૭
આત્મસિદ્ધિશાસ્ત્ર વિવેચન–શ્રી ભોગીલાલ ગિરધરલાલ શેઠ–૨૭૨, ૩૦૨
આત્માનુશાસન–૪૮
આનંદઘન ચોવીશી (આનંદઘનજી સ્તવનાવલી, પદો)–૪૮, ૪૮૮, ૫૦૨ થી ૫૦૭, ૫૧૫, ૫૧૬, ૫૩૪, ૫૬૭, ૫૯૦, ૫૯૯
આપ્ત મીમાંસા–૪૬, ૨૭૨, ૫૮૦ ૫૯૯
અપૂર્વ અવસર–૪૦, ૪૨, ૯૫, ૩૧૫ થી ૩૧૯, ૩૫૩, ૩૭૨ થી ૩૭૮, ૪૦૨, ૫૦૭, ૫૬૭
"અપૂર્વ અવસર" પરનાં પ્રવચનો–૩૧૫, ૩૨૨, ૩૨૪, ૩૨૭, ૩૩૪, ૩૩૭, ૩૪૧, ૩૪૬, ૩૪૭, ૩૫૨, ૩૫૬, ૩૫૮, ૩૬૨, ૩૬૭, ૩૭૪
આશ્રમ ભજનાવલિ–૩૧૭
આવશ્યક નિર્યુક્તિ–૧૪૯, ૧૫૦
ઉત્તરાધ્યયન સૂત્ર–૪૨, ૪૬, ૪૭, ૪૯, ૭૮, ૧૨૫, ૧૩૧ થી ૧૩૮, ૧૪૫, ૧૪૬, ૧૫૦, ૧૬૨, ૧૭૬, ૨૩૩, ૨૬૮, ૩૧૧, ૩૨૨, ૩૨૫ થી ૩૨૮, ૩૩૨, ૩૪૬, ૩૫૦ થી ૩૭૫, ૩૮૯, ૫૩૪, ૫૫૦
ઉત્તરનિર્યુક્તિ–૧૪૦
ઉદ્ધવગીતા–૪૮
ઉપદેશામૃત–૩૧૦, ૩૧૨, ૪૦૯, ૫૯૨, ૫૯૮, ૬૦૫
ઉપદેશછાયા–૬૧, ૭૮, ૧૦૦, ૫૧૪, ૫૨૯ થી ૫૩૭, ૬૦૮, ૬૦૯, ૬૧૩, ૬૧૬, ૬૧૭, ૬૧૯
ઉપદેશ નોંધ–૮૦, ૧૦૦, ૩૪૨, ૫૧૪થી ૫૨૦, ૫૩૦, ૫૩૩, ૫૩૭
ઉપદેશ પ્રસાદ–૧૫૦
ઉપનિષદ–૩૭૧
ઉપમિતિ ભવપ્રપંચ–૫૮૦
ઉપાશકદશાંગ સૂત્ર–૧૮૦
કબીરનાં પદો–૪૭
કર્મગ્રંથ–૪૯, ૩૨૭, ૫૯૯
કરણાનુયોગ–૫૩૬
કાર્તિકેયાનુપ્રેક્ષા–૫૩૪
કાલજ્ઞાન–૨૩૬
કાવ્યમાળા–૩૬, ૧૨૫, ૧૨૭
કુરાન–૫૮૬
કુંદકુંદાચાર્ય રચિત પ્રાભૃતો–૫૩૬
ગંધહસ્તી મહાભાષ્ય–૫૧૭
ગીતા–૪૯, ૯૬, ૩૧૬, ૫૮૭, ૫૮૮
શ્રી ગુણસ્થાન ક્રમારોહણ–૩૧૬, ૩૧૭
ગુરુગીતા–૪૭
ગોમ્મટસાર–૪૯, ૧૧૬, ૫૧૬, ૫૯૯
ચિદાનંદજીનાં પદો–૪૭
છ દ્રવ્ય–૫૦૭, ૫૦૮
છોટમ્ પદો–૪૯
ક્ષમાપનાનો પાઠ–૬૦૮
જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ–૪૯
જિનેશ્વરની સ્તુતિ–૧૭૯, ૧૯૧, ૧૯૨, ૧૯૬, ૨૩૦
જિન વચન શાસ્ત્રો–૨૬૬
જીવન કળા–૧૨૬, ૨૧૧
જૈન ભૂગોળ–૩૫૮
જૈનદર્શન–૩૭૭, ૩૭૮, ૪૦૨, ૪૨૦, ૫૦૭
જૈન સૂત્રો–૩૧૫, ૩૧૬, ૩૨૨, ૩૭૫, ૪૭૭
જૈન માર્ગ વિવેક–(શ્રીમદ્ રાજચંદ્ર)–૪૧૭, ૫૦૭, ૫૬૭
જડ ચેતન વિવેક–૮૨, ૮૪, ૪૦૭
જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ–૨૬૨, ૪૨૧, ૫૧૩
ઠાણાંગ સૂત્ર–૪૮, ૪૯, ૩૭૫, ૪૦૬, ૪૦૮, ૫૯૮
તત્ત્વાર્થ સૂત્ર–૪૯, ૧૫૬, ૧૯૪, ૫૧૬, ૫૩૪, ૫૩૬
ત્રિષષ્ટી શલાકા પુરુષ ચરિત્ર–૧૪૨, ૧૪૫, ૧૫૧, ૧૮૦, ૧૮૧, ૧૮૩, ૧૮૪, ૧૮૬
દૃગદૃશ્ય વિવેક–(શંકરાચાર્ય)–૪૬
દયારામનાં પદો–૪૯
દશવૈકાલિક સૂત્ર–૪૦, ૪૮, ૪૯, ૭૮, ૨૬૭, ૩૨૬, ૩૪૩, ૩૭૫, ૪૧૭, ૪૮૮, ૪૯૨ ૪૯૩, ૫૩૪
દશપતિ ધર્મ–૭૮
દ્રવ્ય પ્રકાશ–૪૦, ૪૧૭, ૪૮૯, ૫૦૭, ૬૦૮
દ્રવ્ય સંગ્રહ–૪૦, ૪૮, ૪૮૮, ૪૯૯, ૫૦૦, ૫૦૭, ૬૦૮
દાસબોધ–૪૯
દ્વાદશાંગી–૪૦, ૧૬૬, ૧૬૭, ૧૯૨, ૫૦૫

દ્વાદશાનુપ્રેક્ષા–૧૨૫, ૧૯૯, ૨૩૦, ૨૩૧, ૫૪૪
દેવાગમ સ્તોત્ર–૪૯, ૫૧૭, ૫૧૯, ૫૩૪, ૫૩૭
દૈવજ્ઞ દર્પણ– ૨૦૦
ધર્મ સંગ્રહિણી–૫૧૬
ધીરો (પદો)–૪૯
નમિનાથ જીન સ્તવન–૫૦૫
નવતત્ત્વ પ્રકરણ–૧૨૬, ૧૬૪, ૧૬૭, ૧૯૯, ૨૩૭
નવતત્ત્વ–૩૮, ૧૫૪, ૨૩૭, ૫૦૮
નમિરાજ ગ્રંથ–૩૬, ૧૨૬
નંદી સૂત્ર–૪૮, ૪૯, ૪૦૬, ૪૦૮
નરસિંહનાં પદો–૪૮, ૪૯
નિત્યનિયમાદિ પાઠ–૩૭૭
નિરાંત કોળીનાં પદો–૪૮
નિષ્કુળાનંદનાં પદો–૪૯
નીતિ વચનો–૩૭, ૧૨૬, ૧૯૯, ૨૦૧, ૫૪૫
શ્રી પદ્મનંદી શાસ્ત્ર–૫૯૯
પદ્મનંદી પંચવિંશતિ–૪૯
પરમાત્મા પ્રકાશ–૫૩૬
પરમપદ પ્રાપ્તિની ભાવના–૩૧૬, ૩૨૪, ૩૩૫, ૩૪૩, ૩૪૮, ૩૫૧, ૩૫૪, ૩૬૫, ૩૬૮ થી ૩૮૦
પરમ શાંત રસમય–૫૩૬
પંચતંત્ર–૪૭
પંચાસ્તિકાય–૪૦, ૪૮, ૪૯, ૪૮૮ થી ૫૦૦, ૫૦૭, ૫૬૭, ૫૯૯
પંચીકરણ–૪૮, ૯૬, ૫૯૬
પાર્વતી કુંવરાખ્યાન–૨૦૧
પુરાણ–૩૧૨
પુષ્પમાળા–૩૭, ૧૨૬, ૧૭૪, ૧૯૯, ૨૩૭ થી ૨૪૩, ૫૪૪
પુષ્પીકા–૧૩૧, ૧૩૨
પુંડરિયણાય–૧૪૮
પ્રકરણ રત્નાકર–૪૮, ૬૩૪
પ્રજ્ઞાવબોધ–૧૫૪, ૧૫૫
પ્રતિક્રમણસૂત્ર–૯, ૪૬, ૯૩, ૧૫૩
પ્રતિમા સિદ્ધિ–૪૦, ૯૭, ૯૯, ૪૧૭, ૪૮૮ થી ૪૯૧, ૫૧૨
પ્રબોધશતક–૪૮, ૯૬, ૫૯૯
પ્રભાવક ચરિત્રો–૧૫૧
પ્રમાણ શિક્ષા–૧૩૧ થી ૧૪૭
પ્રવચન સાર–૪૬ થી ૪૯, ૩૧૦
પ્રવીણ સાગર–૯, ૪૬
પ્રશ્નોત્તર ચિંતામણિ–૬૦
પ્રીતમનાં કાવ્યો–૪૮
બનારસદાસજીનાં પદો–૫૩૪
બાઈબલ–૫૮૬
બાલાવબોધ–૧૪૭
બાલ–ગરબાવલી–૨૧૦
બોધવચનો–૩૭, ૧૨૬, ૧૯૯, ૨૪૨, ૫૧૭
બૌદ્ધ દર્શન–૨૬૬
ભગવદ્‌ગીતા–૫૧૭
ભગવતી આરાધના–૪૯, ૫૩૬
ભગવતી સૂત્ર–૪૬ થી ૪૯, ૪૦૭, ૪૦૮, ૪૦૯, ૪૭૬, ૪૭૮, ૫૯૮, ૬૦૨
ભરતેશવૈભવ (શ્રી રત્નાકરવર્ણી)–૧૪૨
ભદ્રબાહુ સંહિતા–૩૧, ૩૨
ભાગવત–૪૯, ૫૧, ૯૬, ૧૮૦, ૨૧૯, ૨૭૪
ભાવનાબોધ–૩૫ થી ૩૮, ૪૫, ૪૭, ૭૪, ૭૬, ૧૨૬ થી ૧૩૨, ૧૪૫, ૧૪૯ થી ૧૫૩, ૧૬૯, ૧૭૮, ૧૮૧ થી ૧૮૬, ૧૯૭, ૧૯૯, ૨૦૩, ૨૨૯, ૨૩૧, ૨૪૩ થી ૨૪૭, ૨૫૫, ૩૯૦, ૪૧૭, ૪૮૮, ૫૦૭, ૫૧૧, ૫૪૪,
ભૂતનિબંધ–૨૦૧
મનોહરદાસનાં પદો–૪૯
મણિરત્નમાળા–૪૯, ૯૬, ૫૮૫, ૫૮૬
મલ્લિનાથ જિન સ્તવન–૫૦૫
મહાભારત–૩૬, ૧૨૬, ૩૧૨
મીમાંસા–૪૦૭, ૪૭૨
મીરાંબાઈનાં પદો–૪૯
મુક્તાનંદ પદો–૪૮, ૪૯
મુનિસમાગમ–૩૮, ૧૨૫, ૧૫૨, ૧૯૯, ૨૩૪, ૪૧૭
મુણ્ડકોપનિષદ–૩૭૪
મુનિસુવ્રત જિન સ્તવન–૫૦૫
મોક્ષમાર્ગ પ્રકાશક–૫૯૯, ૬૦૬
મોક્ષમાળા–૩૬, ૩૭, ૩૮, ૪૭, ૭૪, ૮૬, ૯૩ થી ૯૭, ૧૨૬, થી ૧૩૨, ૧૫૨ થી ૧૬૧, ૧૭૮, ૧૭૯, ૧૮૬ થી ૨૦૩, ૨૨૯ થી ૨૩૭, ૨૪૪, ૨૪૭, ૨૫૫, ૨૯૧, ૩૪૧ થી ૩૪૬, ૩૬૪, ૪૦૧, ૪૦૩, ૪૧૧, ૪૧૫, ૪૧૯, ૪૭૬, ૪૮૮, ૫૦૭, ૫૧૨, ૫૧૬, ૫૧૭, ૫૨૦, ૫૪૪, ૫૭૪, ૫૭૯, ૫૮૦, ૫૮૨, ૫૮૬, ૫૯૮,
મોક્ષમાર્ગ સ્વરૂપ–૫૧૦
મોક્ષ સિદ્ધાંત–૪૦, ૯૯, ૪૧૭, ૪૮૯, ૫૦૬, ૫૬૭
મોક્ષ સુબોધ–૩૭, ૧૨૬, ૧૫૦, ૧૫૨, ૨૨૪, ૨૪૭
યોગદર્શન–૨૬૬
યોગદષ્ટિ–૫૩૬
યોગદષ્ટિ સજ્ઝાય ( આઠ )–૧૨૦, ૫૦૫, ૫૦૬, ૬૩૪
યોગદષ્ટિ સમુચ્ચય–૫૧૬, ૫૭૨
યોગબિંદુ–૫૧૬, ૫૭૨
યોગવાસિષ્ઠ–૪૯, ૯૬, ૩૯૦, ૪૭૬, ૫૮૬, ૫૯૯
યોગશાસ્ત્ર–( હેમચંદ્રાચાર્ય )–૪૧, ૪૭, ૪૯, ૫૯૯
રત્નકરંડ શ્રાવકાચાર ( સમંતભદ્રાચાર્ય )–૪૮, ૧૨૫, ૧૨૯, ૧૯૯, ૨૩૦, ૨૩૨, ૨૩૩, ૫૦૦
રસિક વલ્લભ ( દયારામ )–૨૭૪
રાજપદ્ય–૧૮૯, ૨૨૫

રામાયણ–૩૬, ૧૨૬
ઋષિમંડળ ( ધર્મઘોષસૂરિ કૃત )–૧૮૨
લોકતત્ત્વ નિર્ણય–૪૯, ૧૯૫
લોક સ્વરૂપ રહસ્ય–૩૯૪, ૪૦૦, ૪૦૩
વચનસપ્તશતી–૩૬, ૧૨૬, ૧૭૮, ૧૯૯, ૨૪૦, ૨૪૧
વસુદેવહિણ્ડિ (સંઘદાસવાચક કૃત)–૧૮૧
વ્યાખ્યાનસાર ( ૧–૨ ) (શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ)–૮૦, ૧૦૦, ૫૧૪, ૫૩૦ થી ૫૪૦
વાસુપૂજ્યજિન સ્તવન–૫૦૫
વિચારસાગર–૪૯, ૫૯૯
વેદ–૧૦૨, ૫૮૭, ૫૮૮
વેદાંત–૨૬૬, ૪૨૦
વૈરાગ્યશતક (ભર્તૃહરિ)–૪૭
શાસ્ત્રવાર્તા સમુચ્ચય (હરિભદ્રાચાર્ય)-૨૭૫, ૩૧૦
શાંત સુધારસ–૫૧૬, ૫૮૨
શિક્ષાપત્ર–૫૯૯
શ્રીપાળ રાસ–૪૯
શ્રીમદ્ ભાગવત–૪૭, ૬૩૪
શ્રીમદ્ રાજચંદ્ર નીચે જુઓ.
શ્રેયાંસનાથ જિન સ્તવન–૫૦૪
ષટ્દર્શન સમુચ્ચય–૨૫૦, ૨૭૯, ૩૦૩, ૩૦૯, ૫૦૭, ૫૧૫, ૫૧૬, ૫૧૯, ૫૩૨, ૫૩૩, ૫૭૨, ૫૮૫થી૫૮૬
ષટ્પ્રાભૂત સંગ્રહ–૪૮
સમકિત અધિકાર–૨૮૨
સમયસાર–૧૧૨, ૧૧૩, ૨૯૧, ૩૦૯, ૩૧૦, ૫૯૮ થી ૬૦૦
સમયસાર નાટક–૪૮, ૪૯, ૪૧૭, ૪૮૧, ૪૮૮, ૫૦૪, ૫૦૫ ૫૦૬, ૬૩૪
સમવાયાંગ સૂત્ર–૪૯
સમ્મતિ તર્ક પ્રકરણ–૨૭૫, ૨૮૫, ૪૦૬
સમાધિ શતક–૪૯, ૧૧૯, ૬૦૪
સર્વાર્થ સિદ્ધિ–૩૧૧, ૫૩૩થી૫૩૪
સંગીત કલાધર–૫૭૧
સંભવનાથ જિન સ્તવન–૫૦૪
સંયતિ ધર્મ (શ્રીમદ્ રાજચંદ્ર)–૪૧૭, ૪૯૫, ૫૧૨
સંસાર સુખ–૨૦૧
સામાયિક સૂત્ર–૯, ૪૬, ૯૩, ૧૫૩, ૫૪૩
સાર્વજનિક સાહિત્ય–૩૬, ૧૨૬
સાક્ષાત્ સરસ્વતી–૩૫, ૩૭, ૧૨૬
સિદ્ધ પ્રાભૃત–૪૮
સિદ્ધાંત રહસ્ય–
સિદ્ધિનાં સોપાન–૩૧૫, ૩૧૬, ૩૧૭, ૩૨૦, ૩૨૧, ૩૨૬, ૩૩૦-થી ૩૩૮, ૩૫૮, ૩૫૧, ૩૫૩, ૩૫૪, ૩૫૮, ૩૫૯, ૩૬૨, ૩૬૪, ૩૬૫, ૩૬૯ થી ૩૭૬, ૪૭૪
સિદ્ધાંત સાર–૨૭૯
સુંદરદાસજીના ગ્રંથો (પદો)–૫૯૯
સુંદર વિલાસ–૪૯
સુબોધ સંગ્રહ–૧૯૯, ૨૦૦, ૨૦૧, ૨૧૧, ૨૧૯, ૨૨૦


## શ્રીમદ્ રાજચંદ્ર અને શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત


અગાસ આવૃત્તિ ૧–૭થી૧૮, ૩૦, ૪૪, ૪૫, ૪૬, ૪૮ થી ૫૬, ૬૧, ૬૨, ૬૩, ૭૦થી૭૫, ૭૯થી૯૦, ૯૩, ૯૪, ૯૫, ૯૭, ૯૮, ૧૧૮, ૧૩૪ થી ૧૪૧, ૧૪૬ થી ૧૫૦, ૧૫૪, ૧૫૫, ૧૫૬, ૧૬૬, ૧૬૭, ૧૭૦, ૧૭૧, ૧૮૧થી ૧૮૪, ૧૯૩થી૧૯૮, ૨૨૪થી ૨૨૭, ૨૨૯ થી ૨૩૭, ૨૪૧, ૨૪૨, ૩૦૬, ૩૦૭, ૩૨૫, ૩૨૬, ૩૩૮, ૩૩૯, ૩૪૭, ૩૪૮, ૩૫૭ થી ૩૬૦, ૩૭૪, ૩૭૫, ૩૭૯ થી ૩૮૨, ૩૮૬, ૩૮૭થી ૩૮૯, ૩૯૭, ૩૯૮, ૪૦૧, ૪૦૨, ૪૦૯થી ૪૧૨, ૪૨૦ થી ૪૨૬, ૪૩૦ થી ૪૩૫, ૪૩૮, ૪૪૧ થી ૪૪૮, ૪૫૧, ૪૫૪ થી ૪૫૮, ૪૬૦, ૪૬૧, ૪૬૨, ૪૭૮ થી ૪૮૨, ૪૮૯, ૪૯૨ થી ૫૦૫, ૫૧૫, ૫૧૬, ૫૧૭, ૫૨૧, ૫૨૨, ૫૨૩, ૫૩૧, ૫૩૨, ૫૩૭, ૫૪૨, ૫૪૩, ૫૬૭ થી ૫૭૨, ૫૭૫, ૫૮૦, ૫૮૧, ૫૯૫, ૫૯૮, ૫૯૯, ૬૦૦, ૬૦૮, ૬૦૯, ૬૧૨, ૬૧૩, ૬૨૦, ૬૨૧
અગાસ આવૃત્તિ ૨–૪૨૬, ૪૨૭
આવૃત્તિ ૫–૫, ૬, ૨૩, ૨૪, ૨૫, ૬૬ થી ૭૦, ૧૫૩, ૧૫૪, ૧૯૭, ૧૯૮, ૩૮૭, ૪૮૮, ૪૧૦, ૪૧૧, ૪૨૨ થી ૪૩૧, ૪૩૮, ૪૪૨, ૪૪૩, ૪૪૪, ૪૪૦થી ૪૫૭, ૪૬૦થી૪૬૩
–ગ્રંથ–૪૧૭, ૪૧૮, ૪૭૪, થી ૪૭૬, ૪૮૧, ૫૦૮ થી ૫૧૨ ૫૧૪, ૫૧૫, ૫૩૩, ૫૩૪, ૫૮૨ ૫૯૬ થી ૫૯૯, ૬૩૭, થી૬૪
–કાવ્ય અમૃત ઝરણાં–૩૮૧, ૩૮૫, ૪૦૧
–અભ્યંતર પરિણામ અવલોકન–૪૭૪, ૪૭૫, ૪૭૯થી૪૮૧
–આત્મસિદ્ધિ શાસ્ત્ર (કાનજીસ્વામી)–૨૬૦
–આત્મસિદ્ધિ શાસ્ત્ર (ભોગીલાલ ગી. શેઠ)–૧૯૧, ૨૬૦
–આત્મસિદ્ધિ શાસ્ત્ર (મનસુખલાલ રવજીભાઈ) ૨૪૮, ૨૫૫, ૨૬૦
–આત્મસિદ્ધિ શાસ્ત્ર (સુકુલભાઈ કલાર્થી)–૨૫૦

– આત્મસિદ્ધિ શાસ્ત્ર–ગદ્ય ભાવાર્થ (મનહરલાલકડીવાલા)–૨૫૬
–આત્મસિદ્ધિ શાસ્ત્ર (ગોવર્ધનદાસજી બ્રહ્મચારી) (અંગ્રેજી અનુવાદ)–૨૫૦, ૨૫૧, ૨૫૨
–આત્મસિદ્ધિ શાસ્ત્ર (રાવજીભાઈ દેસાઈ)–
–આત્મસિદ્ધિ શાસ્ત્ર (અંગ્રેજી અનુવાદ) (જે. એલ. જૈની)–૨૫૦, ૨૫૧, ૨૫૨
–આત્મસિદ્ધિ શાસ્ત્ર–મરાઠી અનુવાદ (અજ્ઞાત)–૨૫૭, ૨૫૮
–આત્મસિદ્ધિ શાસ્ત્ર–સંસ્કૃત અનુવાદ (પંડિત બેચરલાલ દોશી)–૨૫૬, ૨૫૭
–આત્મસિદ્ધિ શાસ્ત્ર–હિંદી અનુવાદ (ઉદયલાલ કશલીવાલ)–૧૬૮, ૨૫૦ થી ૨૫૩
–અર્ધ શતાબ્દી સ્મારક ગ્રંથ–૬, ૭, ૧૫, ૩૩, ૪૨, ૭૭, થી ૮૧ ૧૯૬, ૧૯૭, ૨૫૭, ૨૯૧, ૨૯૨, ૩૦૩, ૩૦૪, ૩૨૨, ૩૧૩, ૩૭૪, ૩૭૫, ૩૯૭, ૩૯૮, ૪૭૨, ૪૭૩, ૫૭૧, ૫૯૦, ૫૯૧, ૬૩૬થી ૬૪૩
– અને ગાંધીજી–૩૭૪, ૩૭૫, ૫૮૩ થી ૫૯૮
–છેવટની ભલામણ–૪૯૧, ૪૯૩, ૪૯૪
–રાજ જયંતી વ્યાખ્યાનો–૧૭૨ ૧૦૧, ૧૦૨, ૪૮૪, ૪૮૫, ૫૮૧, ૫૮૨, ૬૩૫, ૬૩૬
–જીવનકળા–૧૬, ૧૭, ૬૫, ૬૬, ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૩, ૧૧૪, ૧૨૦, ૧૨૧, ૧૨૬, ૧૨૭, ૧૯૭, ૧૯૮, ૨૧૦, ૨૧૧, ૨૩૧, ૨૪૧, ૨૪૨, ૨૫૩, ૨૫૪, ૫૦૩, ૫૦૪, ૫૨૧, ૫૨૨, ૫૬૫, ૫૬૬, ૫૬૯, ૫૭૦, ૫૯૩, ૫૦૬, ૫૯૮, ૬૦૮
–જીવન જ્યોતિ–૬૩૬, ૬૩૭
–જીવનયાત્રા–૪૫, ૪૬, ૭૩, ૭૪, ૭૬ થી ૭૯, ૮૪, ૮૫, ૮૬ ૬૩૭ થી ૬૪૧
–જીવનરેખા–૨૮, ૩૦, ૩૧, ૪૨, ૪૩, ૬૩, ૬૪, ૧૦૪, ૧૦૫, ૧૧૦, ૧૧૧, ૧૧૫, ૧૧૬, ૧૫૦, ૧૫૧, ૫૧૫, ૫૧૬, ૫૭૦ થી ૫૭૫
–જૈન શાસ્ત્રમાળા ૫૮૭, ૫૮૮
–પ્રણીત તત્ત્વજ્ઞાન–૪૮૦, ૪૮૧
–વચનાવલી–૫૧૧, ૫૧૨
–વિચાર નિરીક્ષણ–૧૯૪, ૧૯૫, ૩૧૭, ૩૧૮, ૪૯૩, ૪૯૪, ૫૨૫ થી ૫૩૦
–વિચારરત્નો–૨૯, ૩૦, ૨૩૭, ૨૩૮, ૩૭૬, ૪૧૮, ૪૪૦, ૪૫૨, ૪૭૧, ૪૭૨, ૫૩૭
–શાસ્ત્રવાર્તા સમુચ્ચય–૨૭૫, ૨૭૬, ૩૧૦, ૩૧૧
–સમુચ્ચયવયચર્યા–૭૪, ૧૨૬, ૪૧૭ ૪૭૪, ૪૮૩ થી ૪૮૮
–હસ્તાક્ષર નોંધ (રોજનીશી)–૪૧૭, ૪૧૮, ૪૭૪, ૪૮૩ થી ૪૮૬,
**અનુસંધાન પા. ૬૭૯ થી**
સૂત્રકૃતાંગ–સૂયગડાંગ–૧૭, ૪૦, ૪૬, ૪૮, ૪૯, ૭૮, ૧૩૦, ૩૧૦, ૪૧૭, ૫૧૮, ૬૦૩, ૬૦૪
સ્મરણીય પ્રસંગ–૪૧
સ્ત્રી નીતિ ધર્મ–૨૦૧
સ્ત્રી નીતિ બોધક–૩૬, ૩૭, ૬૦, ૧૨૬, ૧૨૭, ૨૦૦, ૨૦૨, ૨૦૬ થી ૨૧૧, ૨૨૧, ૨૩૩, ૨૪૫, ૨૫૨, ૨૫૫, ૫૫૪
સ્યાદ્વાદ મંજરી–૨૭૯, ૨૯૩, ૩૦૪
સ્વરોદય જ્ઞાન–૩૬, ૩૮, ૪૬થી ૪૯, ૧૨૬, ૧૯૯, ૨૩૬
સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા–૫૧૬, ૫૩૨, ૫૯૯, ૬૦૫

## ૩. સામયિકો તથા વર્તમાનપત્રો

ધી ઇન્ડિયન સ્પેક્ટેટર (Indian Spector)–૧૮, ૨૪, ૨૭, ૯૧
ગુજરાતી–૨૮
ધી ટાઇમ્સ ઑફ ઇન્ડિયા–૧૮, ૨૪, ૨૭, ૨૯
જામે જમશેદ–૧૮, ૨૪, ૨૬, ૨૯, ૪૧, ૧૦૭
જૈન–૬૪૨
ધર્મ દર્પણ–૨૨૨
ધર્મ સદ્‌બોધ રત્ન–૨૨૨
બોમ્બે ગેઝેટ–૨૯
મુંબઈ સમાચાર–૧૮, ૧૯, ૨૩, ૨૪, ૨૭, ૯૧
પાયોનીયર (The Pioneer)–૯૧
વિજ્ઞાન વિલાસ–૩૭, ૨૧૧
સુબોધ પ્રકાશ–૩૭, ૨૧૮
સૌરાષ્ટ્ર દર્પણ–૨૧૧

## ૪. વિષયો

અજ્ઞાન–૪૩૧, ૪૩૩, ૪૫૦, ૪૫૭
અન્યત્વભાવના–૧૨૮, ૧૪૦
અનાથીપણું–૫૦, ૯૬, ૧૩૫
અનાનુપૂર્વી–૧૧૧
અનિત્ય ભાવના–૩૭, ૧૨૮, ૧૩૨, ૧૪૦
અપૂર્વ અવસર–નો રચનાસમય–૩૧૫, –ની સર્વપ્રિયતા–૩૧૭
અભયદાન !–૨૩૫
અભિનિવેશ–૮૭, ૪૩૧થી૪૩૨, ૪૩૩, ૪૫૦, ૪૫૭
અભિમાન–૪૩૧, ૪૩૨, ૪૩૩, ૪૫૦

અભ્યંતર પરિણામ–૪૮૦
અવધાન–૪, ૦શક્તિ–૧૬, ૦મતિજ્ઞાનનો પ્રકાર છે–૧૭, ૦શ્રીમદ્દે કરેલા અવધાનની વિગત ૧૭થી ૩૧, ૦શક્તિસ્વયંભૂ–૨૯
અવધિજ્ઞાન–૧૬, ૪૦, ૪૨, ૪૩, ૪૪ ૦ની પ્રસંગો–૧૦૩, ૧૦૫, ૧૦૮, ૧૦૯
અશુચિભાવના–૧૨૮, ૧૪૩, ૧૭૫, ૨૦૩ ૦નો સનત્ કુમારનો અનુભવ–૧૪૩
અશરણ ભાવના–૩૭, ૧૨૮, ૧૩૩, ૨૩૨
અસ્તિકાય–૪૯૫, ૪૯૬
અસંતોષ–૩
અંતર્લિંપિકા–૨૨૨
અંતરંગ શ્રેણી–૧૦, ૪૫૪
અંતરાય–૧૫૭, ૪૨૯
આત્મા–૨૭૮ થી ૨૯૦ અદ્‌ભુત આનંદમય–૬૦૧, ૫૨, ૦નાં ૭ પદ ૧૫૯–૨૬૧, ૨૭૫, ૫૩૧ ૦ની મહત્તા ૧૭૩, અસંગ ૨૮૬, ૩૬૧ ૦ના ગુણો ૨૯૭, ૨૯૯, ૪૩૬, ૦નું ઐક્ત્વ ૪૩૬
આત્માનું અસ્તિત્વ–૨૬૨, ૨૭૬, ૨૭૮, ૨૮૧, ૩૮૮, ૪૭૩, ૫૩૩
નિત્યત્વ–૨૬૨, ૨૭૬, ૩૯૦, ૫૩૩
કર્તાપણુ–૨૬૨, ૨૭૬, ૨૮૬, ૨૮૮
ભોક્તાપણું–૨૬૨, ૨૭૬, ૨૮૮
મોક્ષ–૨૬૨, ૨૭૭, ૨૯૦
મોક્ષનો ઉપાય–૨૬૨, ૨૭૭, ૨૯૨
આત્માર્થી–૨૬૩, ૦નાં લક્ષણો–૩૯, ૨૬૯, ૨૭૨, ૨૭૩, ૨૭૪ ૩૧૦ ૩૩૦ થી ૩૩૫ ૩૫૨, ૩૯૨
આત્મભ્રાંતિ–૩૦૧
આત્મસ્થિરતા–૩૩૨, ૩૯૯
આત્મવિકાસ–૩૯૩, ૩૯૪
આત્મસિદ્ધિ શાસ્ત્રની ગહનતા–૨૧૫, ૦દ્રવ્યાનુયોગનો ગ્રંથ ૨૪૫, ૦ના મનનનો અધિકારી વર્ગ–૨૫૧, ૦ના અધિકારી વર્ગ પર પડેલો પ્રભાવ ૨૫૨, ૦ની રચના વીતરાગ માર્ગ પ્રતિતી–૨૬૦, મતમતાંતર રહિત ૨૬૦, ૦માં સુસંગતતા–૨૬, ૦માં ૭ દર્શનનો સાર–૩૦૨, ૩૦૩, ૦ની મૌલિકતા ૩૦૯, ૦ની લોકભોગ્યતા
આશ્રવ ભાવના–૧૨૮, ૧૪૭, ૧૪૮
ઇંદ્રિયજય–૪૪૦, ૪૪૧, ૪૪૬
ઈશ્વરનું અકર્તાપણું–૬૧૧
ઉદાસીનભાવ–૩૭, ૩૨૪, ૩૩૫, ૫૮૬ ૬૩૩
૦શ્રીમદ્‌ની–
ઉદ્યમ–૬૦૫
ઉપદેશબોધ–૪૭૦
ઉપશમ શ્રેણી–૧૪, ૦માં જીવનું પતન–૧૪
ઉપસર્ગ–૩૨૮, ૦ના પ્રકાર–૩૩૨, ૩૩૩-૩૩૪
એકત્વ સર્વથી–૯, ૦ભાવના–૧૩૫, ૦ની નમિરાજેનસિદ્ધિ–૧૩૭
કટાક્ષ કાવ્ય–૨૨૯
કદાગ્રહમાં હિત નથી–૬૧
કર્મસિદ્ધાંત–૨૩૫, ૨૩૬, ૨૮૮, ૨૯૧, ૨૯૨, ૨૯૬, ૨૯૭ ૩૧૯ ૦ના પ્રકાર–૨૯૩, ૩૬૧, ૩૬૨ ૦નો નાશ ૨૯૦, ૨૯૪, ૫૨૯ ૦ઘાતી–૪૨૭, અઘાતી–૪૨૭
કલ્પના–૮
કલ્યાણ–૪૩૮, ૪૫૧
કવિત્વશક્તિ–૧૬૧
કષાય–૮૧, ૮૫, ૪૨૯ ૦ના પ્રકાર ૮૧, ૩૨૫, ૩૪૯, ૦ક્રોધ–૯૭, ૩૪૧, ૦માન–૩૪૧, માયા–૩૪૧, લોભ–૩૪૧, ૦અનંતાનુબંધી ૪૨૯, ૪૫૦, ૫૩૧
ક્રાંતિ–૩, ૫૮, ૦શ્રીમદના વિચારોમાં–૫૮, સમાજક્ષેત્રે–૫૯, ૦અધ્યાત્મક્ષેત્રે ૬૦
ક્રિયાજડ–૨૬૨
કેવળજ્ઞાન–૧૬, ૪૪, ૩૫૬, ૩૬૦, ૩૬૧, ૪૨૨, ૪૬૧
કેવળી–સયોગી–૩૭૨, ૦અયોગી–૩૭૩, ૦પ્રરૂપિત સિદ્ધાંતો–૫૨૩
ક્ષમા–૧૫૬, ૧૮૧
ક્ષપક શ્રેણી–૧૩, ૩૩૫, ૩૫૬
ક્ષીણમોહ–૩૫૯, ૩૬૦
ખાલસાનીતિ–૩
ગતિ–૧૬૦, ૪૨૫
ગરબી–૦૦૨ ૦પ્રાર્થના વિશે–૨૦૩, ૦ક્ષણભંગુરદેહ વિશે–૦ઉદ્યમ વિશે–૨૦૪, ૦જ્ઞાન વિશે–૨૦૪, ૦દોષનિવારણ અર્થે–૨૦૬, ૦નીતિ વિશે–૨૦૭
ગ્રંથાભ્યાસ–શ્રીમદ્‌નો–૪૫, ૦શ્રીમદ્ કઈ રીતે કરતા–૪૬, અનેક ધર્મ અને સંપ્રદાયને લગતો હતો–૪૭
ગુણસ્થાન–૩૧૫, ૩૯, ૨૬૮ ૩૫૬ થી ૩૫૯ ૩૬૧ ૯ના નામ–૩૧૫ થી ૩૧૮
ગુરુમાહાત્મ્ય–૩૭૯ થી ૩૮૩, ૩૯૭ ૪૪૩, ૪૪૮
ગૃહસ્થ ઉત્તમ–૧૭૩
ગૃહસ્થાશ્રમ–૧૦, ૫૧, ૦શ્રીમદ્‌ના પત્ની વિશેના ખ્યાલો–૫૫, ૦કેવો જોઈએ–૫૮, –મીનું કર્તવ્ય–૫૫, ૦માં પણ કલ્યાણ થઈ શકે–૫૮
ઘ્રાણેન્દ્રિયની વિશેષતા–૧૦૬
ચારિત્ર–દ્રવ્યથી અને ભાવથી–

૩૫૮, ૦આત્મચારિત્ર-૩૯૬
ચારિત્ર મોહ-૩૨૫, ૩૨૮, ૩૫૫ ૩૫૬
ચાર્વાક દર્શન-૩૦૩, ૩૦૪
ચેતન-૨૮૩ થી ૨૮૮ ૪૦૩થી ૪૦૭
છત્ર પ્રબંધ-૨૨૭, ૨૨૮
જગત-૩૧ ૦પ્રતિ ઉદાસીનતા-૩૨ ૦કર્તા-૨૦૩, ૦નું સ્વરૂપ ૪૨૪, ૪૬૮
જડ-૪૦૩ થી ૪૦૭
જ્યોતિષ ૧૦, ૦ગ્રહાચારના અવલોકન પરથી ઘડાયેલ શાસ્ત્ર ૩૦ થી ૩૬, ૦માં શ્રીમદ્દનું જ્ઞાન-૩૦થી૩૬ ૦માં નષ્ટવિદ્યાનું જ્ઞાન ૨૭, ૦તરફ શ્રીમદ્દને વૈરાગ્ય આવવાનું નિમિત્ત ૨૮, ૦કલ્પિત ૨૯, કલ્પિત કહેવાનો હેતુ-૨૯, ૦આધિક પદાર્થ-૨૯, ૦પરમાર્થ માર્ગમાં વિઘ્નરૂપ-૩૦ થી ૩૬
જાતિ સ્મરણજ્ઞાન-૧૦૪૬૩, ૫૩૩ ૦ક્યારે થાય-૧૨. ૦કેવી રીતે થાય-૨૧, ૧૨. ૧૫, ૦શ્રીમદ્દને
જિતેન્દ્રિયતા-૧૬૯
જિન આજ્ઞા-૨૬૭, ૩૩૫
જિન પ્રભુની વાણી-૪૦૭, ૪૧૨
જીવના પ્રકાર-૪૦૬, ૪૨૭, ૫૨૦, ૫૩૬
જૈન દર્શન ૩૯, ૪૬૪, ૪૬૬, ૫૦૭ ૦ની ઉત્તમતા ૩૯, ૧૯૪, ૩૦૭, ૩૧૭, ૩૭૭, ૩૮૭, ૫૧૯ ૦માં અનેકાંતવાદ ૩૦૭, ૪૧૨ ૦પ્રકાશવાની યોગ્યતા કોનામાં ? ૪૬૪, ૦ની વર્તમાન સ્થિતિ ૪૬૬
તત્ત્વવિચારણા-૪૦૯, ૪૧૭ ૪૧૮, ૪૧૯
તપ-૩૫૩, ૪૪૦
ત્યાગ-૪૩૮, ૪૩૮, ૪૩૯
તિર્યંચ ગતિ-૧૬૦
તીર્થંકર-૧૫, ૧૧૪, ૧૨૮, ૧૫૬ ૩૨૩, ૩૪૦, ૩૪૨, ૩૬૫, ૩૭૦, ૩૭૩, ૪૦૮, ૪૨૭, ૪૩૭, ૪૪૮, ૪૫૧, ૪૫૫
તૃષ્ણા ૦સંસ્કારી-૧૦, ૧૬૯, ૧૭૪ ૦નુ સ્વરૂપ ૧૮૯
દયા-૧૫૮, ૧૫૯, ૧૬૯, ૦ના પ્રકાર -૧૫૯, ૦ની અગત્ય ૧૫૯, ૦ધર્મનુ મૂળ ૧૭૦, ૧૭૧
દર્શનમોહ-૩૨૫, ૩૨૭
દર્શનાવરણીય-૧૫૬, ૪૨૭
દેવગતિ-૧૬૦, ૪૨૫
દેહ-૨૦૩, ૨૮૧, ૨૮૩, ૪૦૭, ૪૨૫, ૪૨૬ ૦ની ક્ષણભંગુરતા-૨૦૩
દ્રવ્ય-૪૯૫ થી ૪૯૮, ૦સંગ્રહ-૪૯૯ ૦પ્રકાશ-૫૦૭
દ્રવ્ય ચારિત્ર-૩૪૭
દ્રવ્યાનુયોગની વિશેષતા-૩૯, ૨૪૯
દુઃષમકાળ-૪૧૯, ૪૨૧, ૪૫૧
ધર્મ-૪, ૩૮૪, ૦માં ભેદો ૧૬૨, ૦માં મતમતાંતર ૧૬૫, ૪૩૭,
ધર્મમંથનકાળ-૯૩, ૦ધર્મોમાં જૈન ધર્મની શ્રેષ્ઠતા
ધ્યાન-૧૬૨, ૪૪૨, ૦ના-પ્રકાર ૧૬૨, ૪૪૦ ૦ના ભેદ ૧૬૨, ૦ના લક્ષણ-૧૬૨
નરકની વેદના-૧૪૫, ૦ની-ગતિ ૧૬૦, ૦ના દુઃખ-૨૩૩ થી ૨૩૫
નિગ્રંથ ૦થવાની ભાવના-૩૧૭થી ૩૨૯, ૩૫૬, ૩૮૭, ૦માં મહત્ પુરુષ-૩૨૨
નિર્જરાભાવના-૧૨૮, ૧૩૧, ૧૫૦, ૪૨૪
નિત્યક્રમ-૧૭૫
નિશ્ચય ધર્મ-૧૫૮
નિવૃત્તી બોધ-૧૪૬
નૈયાયિક-૧૦૧, ૧૬૨, ૩૦૩, ૩૦૬, ૪૩૫
પરમાત્મા-૩૨૧
પરમેશ્વર-૩૧, ૦નું પ્રભુત્વ-૨૦૨, ૨૦૩
પરિગ્રહની અનિષ્ટતા-૧૮૦, ૩૪૭ ૪૩૩, ૪૪૪
પરિભ્રમણ-૧૨ ૦શાથી થયું ?-૧૪
પરિષહ-૩૩૨, થી ૩૩૪ ૦ના પ્રકાર-
પૂર્વકર્મ-૫૩
પૂર્વજન્મ-૧૨, ૧૩, ૧૫
પૂર્વભવ-૧૨, ૧૫
પુદ્ગલ-૩૪૯, ૩૫૫, ૩૬૭
પુનર્જન્મ-૧૩
પંચમકાળ ને તેના લક્ષણો-૧૬૨, ૧૬૬, ૪૪૮
પંચમહાવ્રત-૪૦૮, ૪૬૬
પ્રતિક્રમણ-૯, ૪૬, ૯૩, ૧૫૩, ૧૭૩, ૧૭૬
પ્રતિબંધ-૩૩૮
પ્રતિમાસિદ્ધિ-૪૮૭
પ્રત્યાખ્યાન-૧૭૦, ૪૦૮
પ્રાર્થના-૨૦૨
પ્રમાદ અને તેના પ્રકાર-૧૬, ૧૭૩, ૩૩૮, ૪૩૩, ૪૩૪, ૧૭૩
બીજજ્ઞાન-૪૧, ૧૦૨, ૩૮૩
બ્રહ્મચર્ય અને તેનો મહિમા-૩૭ ૧૭૦, થી ૧૭૫, ૧૮૮
બ્રિટિશસત્તા-૩
બૌદ્ધદર્શન-૩૦૧, ૩૦૪
ભક્તિ-૧૫૮, ૪૦૯, ૪૫૨, ૦જિનેશ્વરની ૪૫૧, ૦ના લાભ-૧૫૯, ૦નો મહિમા-૨૪, ૧૫૮ ૧૫૯, ૪૦૯, ૪૫૧, ૪૫૨
ભક્તિમાર્ગની શ્રેષ્ઠતા-૧૨, ૯૫, ૯૬
ભાવનાબોધ-૧૨૮, ૦ની રચના-૧૨૯
ભાષાજ્ઞાન ૦શ્રીમદ્દનું-૪૪
ભેદત્યાગ-૯૫

મતમતાંતર-૩૯, ૨૬૨, ૪૩૭, ૪૬૭ ૫૨૧, ૫૩૩
મતાર્થી જીવ ૦નાં લક્ષણો-૩૯, ૨૬૭ થી ૨૭૧, ૩૧૦
મનઃપર્યવજ્ઞાન-૧૬, ૪૧ થી ૪૪
મનુષ્યગતિ-૧૬૦, ૦ના દુ:ખો-૪૨૫
મનુષ્ય દેહ-૪૨૫, ૦સર્વદેહોત્તમ-૧૪૫ ૦ની ઉપયોગિતા-૧૪૫
માનકષાય-૮૨, ૮૪, ૨૬૪, ૩૪૬
માયાકષાય-૮૨, ૮૪, ૩૪૬
મિથ્યાત્વ-૮૫
૦ તેના લક્ષણો-૮૭
૦ ના સ્થાનકો-૨૭૬
૦ ના ભાવ-૨૯૬
૦ દ્રષ્ટિ-૪૫૬
૧ અભિગ્રહિક-૮૭, ૮૮, ૪૫૭
૨ અનાભિગ્રહિક-૮૭, ૪૫૭
૩ અભિનિવેશિક-૮૭, ૪૩૧ થી ૪૩૩
૪ સાંશયિક-૮૭, ૪૫૭
૫ અણાભોગ-૮૭, ૮૮, ૪૫૭
મુક્તભાવમાં મોક્ષ-૯૪, ૩૧૧, ૪૩૩, ૪૪૩
મુમુક્ષુ-તા-૪૪૩, ૦ની જાગૃતિ-૪૪૪, ૦ના લક્ષણો-૪૪૫, ૪૪૬
મોક્ષપંથ-૨૯૬, ૩૭૧, ૩૭૭, ૪૦૬
મોક્ષમાર્ગની એકતા-૯૩, ૨૬૩, ૨૬૪, ૨૭૩, ૨૯૫, ૨૯૬, ૩૬૭, ૩૭૫, ૩૯૪, ૫૪૬, ૫૪૭ ૦પ્રાપ્તિ-૩૨૦
મોક્ષ-સુખ-૧૮૬, ૩૭૫, ૪૬૬, ૫૩૧, ૦ વર્ણન-૩૭૫, ૦માર્ગ-૩૯૪થી૩૯૮
મોહનીય-૧૫૭, ૨૯૪, ૩૬૦, ૩૬૧, ૩૬૨, ૪૨૦, ૪૨૭
યમનિયમ-૪૦, ૪૮, ૩૨૧, ૩૭૭, ૩૭૯, ૩૮૯, ૪૦૮
રાગદ્વેષ-૮૪, ૩૮૫, ૪૦૩, ૦નું અલ્પત્વ-૫૧૪
રાજકારણ-૩
રાત્રિભોજન-૧૬૯
રાષ્ટ્રજીવન-૩
રોજનીશી-૪૧, ૬૭૬, ૪૭૯
લબ્ધિ-૪૨, ૪૪, ૪૬ ૦નો ઉપયોગ ૪૬, ૪૭ ૦શ્રીમદ્‌ને પ્રગટી હતી-૪૬, ૪૭
લિંગદેહજન્ય જ્ઞાન-૫૭૫
લોકસ્વરૂપ ભાવના-૧૨૮, ૧૩૧, ૧૫૦, ૪૦૦
લોભકષાય-૮૪, ૩૪૬
વચનામૃત-૧૨૧, ૧૬૯, ૨૪૨
વ્યવહારધર્મ-૧૫૮, ૦શુદ્ધિ-૧૫૮, ૪૩૪
વ્યાપાર-શ્રીમદ્‌ વ્યાપારી-૬૨થી ૭૬
,, ૦માં શ્રીમદ્‌ની ચોકસાઈ-૬૨ થી૭૬
,, ૦માં નફા વિશેનો ખ્યાલ-૬૨ થી૭૬
,, ૦માં શ્રીમદ્‌ની પ્રામાણિકતા-૬૨થી૭૬
,, ૦માં ભાગીદારો સાથેનો વર્તાવ-૬૨થી૭૬
,, ૦માં શ્રીમદ્‌નું જળકમળવત્‌પણું-૬૨થી૭૬
,, ૦થી નિવૃત્તિ-૭૦
,, ૦માં નિવૃત્તિના સમયે ધર્મચિંતન-૭૧, ૭૨
,, ૦થી છૂટવાની વૃત્તિ-૬૨થી ૭૬
,, ૦માં પાળવા યોગ્ય નિયમો-શ્રીમદે વિચારેલા ૭૫, ૭૬
,, ૦માં ધર્મ-૭૬, ૭૭
વ્યાસજીની અદ્‌ભુત ભક્તિ-૮૬
વિદ્યા-૨૦૫, ૦ની અગત્ય-૨૦૫, ૨૦૭
વિનય ૧૮૦, ૦નું માહાત્મ્ય-૧૮૦, ૨૬૮, ૨૬૬
વિવેક- ૧૭૪, ૦જ્ઞાન-૪૬૭
વિષય-૧૮૮, ૩૩૮
વીતરાગતા-૩૨૪
વેદાંત-શ્રીમદ્‌ના વિચારો-૯૩થી ૧૦૦, ૧૬૨, ૪૨૧
વૈરાગ્ય-૧૨, ૩૩૭, ૩૯૩, ૫૪૫, ૫૫૭ ૦ની મહત્તા-૧૩૦, ૨૧૫, શ્રીમદ્‌નો-૩૨૩, ૪૪૧, ૪૪૪, ૫૫૭
શાંતિ-૧૬૦
શુષ્કજ્ઞાની-૨૬૫
શ્રીમદ્‌નું સાહિત્ય-૩૨
-રામાયણ મહાભારત પદ્યમાં-૩૩
-અપૂર્વ અવસર-૩૯
-આત્મસિદ્ધિ-૩૮
-કાવ્યકળાનો ઉત્તમ નમૂનો-૩૨
-ઘડિયાળ વિશે ૩૦૦ કડી-૩૩
-છૂટક લેખો તથા અન્ય ગાથાઓની સમજૂતી-૪૦
-જીવાજીવ વિભક્તિ-૩૬
-જીવતત્ત્વ સંબંધી વિચાર-૩૬
-નમિરાજ ગ્રંથ. સાર્વજનિક સા.નો ગ્રંથ-૩૩
-પત્રો-૩૮
-પંચાસ્તિકાયનો અનુવાદ-૪૦
-પ્રકીર્ણ કાવ્યો-૩૯
-ભાવનાબોધ-૩૩, ૧૨૮
-મુનિસમાગમ-૩૬
-મોક્ષમાળા-૩૩, ૧૫૦
-મોક્ષસુબોધ-૩૫
-રામાયણ-મહાભારત પદ્યમાં-૩૩
-રોજનીશી, હસ્તનોંધ-૪૧
-વિવેચનાત્મક લખાણ- ૪૦
-સ્ત્રીનીતિ બોધક-૩૩
-સ્વરોદય જ્ઞાન પરની ટીકા-૩૬
શ્રીમદ્‌ની આત્મદશા-૫૬૪, ૫૬૫

શ્રીમદ્‌નો આત્મવિકાસ–૫૪૧
શ્રીમદ્‌નું વ્યક્તિત્વ–૭૬થી૯૦
–અદ્‌ભુત કંઠમાધુર્ય–૭૮, ૭૯
–ગૃહસ્થ છતાં મુનિ–૭૯, ૮૦,
–જગતના વૈભવ અતિ અમોઘ–૭૮, ૭૮
–નિઃસ્પૃહ–૮૩, ૮૪
–ની સમાધિસ્થ દશા–૮૯, ૯૦
–વૈરાગ્ય પ્રત્યેક કાર્યમાં–૭૮, ૭૯
–સત્યાન્વેષક–
–સંયમી–૭૭, ૭૮, ૭૯
ષડ્‌દર્શન–૪૬૩, ૪૬૪
સત્‌દેવ–૧૫૭, ૦ના ગુણો–૧૫૮, ૧૬૨ ૦ના ઉપકાર–૨૫૩, ૨૬૧
સત્ધર્મ–૩૭, ૧૫૭, ૨૬૧, ૪૧૨
સદ્‌ગુરુનાં લક્ષણો–૧૫૯, ૨૬૫
–ની પ્રાપ્તિ–૪૧૨, ૪૧૫
–નું માહાત્મ્ય–૨૬૮, ૨૬૯, ૪૧૫, ૪૪૪
સત્પુરુષ–૬૨
–કોણ ?–૪૪૬
–કેમ ઓળખાય ?–૪૪૬
–ની આજ્ઞા આરાધનનું ફળ–૪૪૮
–ની અવજ્ઞાનું ફળ–૪૫૦
–નું માહાત્મ્ય–૬૨, ૫૨૨, ૫૨૫
–માં શ્રદ્ધા–૬૨
સત્ય–૧૭૮, ૧૮૧
સત્ શ્રુત–૪૪૨, ૪૪૩
સત્ સંગ–૧૨, ૪૨૦, ૪૪૨, ૪૪૭
–ની દુર્લભતા–૪૫૦
–નું માહાત્મ્ય–૧૨
–સમ્યગ્દર્શનનું સાધન–૧૬૦
સમપણું–૧૧૬
સમભાવ–૩૫૧, ૩૫૨, ૩૫૩
સમાધિમરણ–૮૯, ૯૧
સમ્યક્ચારિત્ર–૧૬, ૩૭, ૧૫૬, ૧૫૭, ૧૭૧ ૧૭૨, ૧૭૯, ૨૬૫, ૩૦૪
સમ્યગ્જ્ઞાન–૩૭, ૧૫૬, ૧૬૦, ૧૬૫, ૧૬૯, ૧૭૧ ૧૭૨, ૧૭૯, ૨૬૫ ૩૦૪
સમ્યગ્દર્શન–૩૭, ૭૬, ૧૫૬, ૧૫૭, ૧૬૯, ૧૭૦, ૧૭૨ ૧૭૯, ૧૯૭ ૪૫૩ થી ૪૫૭
–ક્ષાયિક–૪૫૬
–નાં આવશ્યક અંગો–૪૪૭
–નાં લક્ષણો–૮૦, ૮૪, ૫૪૯
–નું માહાત્મ્ય ૪૫૬, ૫૦૧
–ને સિદ્ધિ સાથે સંબંધ–૪૫૬
–નો પુરુષાર્થ–૫૩૨
સાક્ષાત્ સરસ્વતી–૧૨૬
–પામવા માટેનું મુખ્ય સાધન–૧૬૦
શ્રીમદ્‌ને–૭૭, ૭૮
સર્જન પ્રતિભા–૩૯
સર્વ સંગ પરિત્યાગ–૮૮, ૮૯, ૯૮ ૦માર્ગ ૪૩૮ થી ૪૪૦
પ્રકાશવામાં સૌથી અગત્યનો–૧૦૦
સંકલ્પ વિકલ્પ–૧૨
સંયતિધર્મ–૪૪૩, ૪૯૩
સંવરભાવના–૧૨૮, ૧૨૯, ૧૪૯
સંસાર–
–કેમ વધે ?–૫૫
–દુઃખમય–૧૪૬, ૧૦૫
–ની અસારતા–૩૧૪
–ની નિવૃત્તિ–૧૩૦
–ની પ્રવૃત્તિ પૂર્વકર્મના ભોગવટા અર્થે–૫૭
–નુ બંધન–૩૨૨
–નું સ્વરૂપ–૧૬૧, ૪૨૦
–નો ક્ષય કેમ થાય ?–૫૫, ૪૨૨૨, ૪૨૩, ૩૨૪, ૪૪૧
–નો ત્યાગ–૧૩૦
–નો શ્રીમદ્‌નો આવેલો કંટાળો–૫૫
–નો સુધારો–૨૦૦, ૨૦૧
સામાયિક–૧૬૮, ૧૬૯, ૧૭૩
સાંખ્ય–૧૦૧, ૧૬૨, ૩૦૩, ૩૦૮
સિદ્ધક્ષેત્ર–૧૫૦, ૩૬૮, ૩૭૦
સિદ્ધાંત બોધ–૪૭૦
સ્ત્રી કેળવણી–૫૬, ૨૦૧, ૨૦૨
સ્ત્રી વિષે વિચારો–૪૪, ૦ની સાથેનો વર્તાવ કેવો હોવો જોઈએ–૫૩, ૫૪
સ્પર્શેન્દ્રિયની અજબતા–૧૦૬
સ્મરણશક્તિ–૮, ૧૦, ૧૦૬
સ્યાદ્વાદશૈલી–૧૬૬, ૨૮૪, ૨૮૮, ૩૦૬, ૩૦૮
સ્વચ્છંદ–૨૬૪ ૨૬૭, ૩૨૨, ૩૮૦ ૩૮૧, ૪૦૯, ૪૩૧ થી ૪૩૩ ૪૫૦, ૪૫૭, ૫૩૨
સ્વાતંત્ર્ય સંગ્રામ–૩
સ્વયંભૂરમણ સમુદ્ર–૩૫૧, ૩૫૯
જ્ઞાન–૪૮, ૪૦૭
–દશા–૪૫૭
–ના પ્રકાર–૪૬૦
–ની નિર્મળતા–૪૯
–ની શ્રીમદ્‌ને પ્રાપ્તિ–
જ્ઞાનાવરણીય–૧૫૭, ૪૨૭
જ્ઞાની-અજ્ઞાનીનો ભેદ–૪૫૯
જ્ઞાનીની દુર્લભતા–૫૨૪
જ્ઞાનીની આજ્ઞા–૪૦૮, ૪૨૩ થી ૪૨૬, ૪૪૬, ૪૫૧, ૪૫૭
જ્ઞાનીની અવજ્ઞા–૪૫૦